ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૫૧

સોમવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૧૦
ફાલ્ગુન ૨૪, ૧૯૩૧ શાકે

થી

શુક્રવાર,તા.૧૯મી માર્ચ, ૨૦૧૦
ફાલ્ગુન ૨૮, ૧૯૩૧ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**છઠ્ઠું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

**અ નુ ક્ર મ ણિ કા**


| વિષય | પાના નંબર |
|---|---|
| **સોમવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૧૦ / ફાલ્ગુન ૨૪, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨ - ૪૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ) | ૪૫ - ૮૦ |
| **મંગળવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૧૦ / ફાલ્ગુન ૨૫, ૧૯૩૧ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૮૧ - ૧૩૨ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૩૩ - ૧૪૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૪૫ - ૧૯૮ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૧૯૯ - ૨૦૧ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૨૦૨ - ૨૦૩ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૨૦૪ - ૨૦૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૦૫ - ૨૩૨ |
| **ગુરૂવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૧૦ / ફાલ્ગુન ૨૭, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૩૩ - ૨૪૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૪૫ - ૩૦૨ |
| શોક દર્શક ઉલ્લેખો | ૩૦૩ - ૩૦૩ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ- ૧૧૬) | ૩૦૪ - ૩૦૬ |

**અ નુ ક્ર મ ણિ કા**


| વિષય | પાના નંબર |
|---|---|
| માગ ણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) | ૩૦૭ - ૩૧૩ |
| પોઈ ન્ટ ઓફ ઓર્ડર | ૩૧૪ - ૩૧૪ |
| માગ ણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) | ૩૧૫ - ૩૨૨ |
| બિન સરકારી વિધેયકો | ૩૨૩ - ૩૪૦ |

**શુક્રવાર, તા. ૧૯મી માર્ચ, ૨૦૧૦ / ફાલ્ગુન ૨૮, ૧૯૩૧ શાકે**

| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૩૪૧ - ૩૫૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૫૬ - ૪૩૧ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૪૩૨ - ૪૩૨ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૪૩૩ - ૪૩૫ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયલા કાગળો | ૪૩૫ - ૪૩૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૪૩૬ - ૪૬૩ |


***

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૧૦**
**ફાલ્ગુન ૨૪, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## ગાંધીનગર જિલ્લામાં મંજૂર કરેલ છાત્રાલયો

***૧૪૯૪૨ કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલાં ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યાં, અને

(૨) તે પૈકી કેટલા કુમાર અને કન્યા છાત્રાલયો મંજૂર થયેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૨ (બે).

(૨) બન્ને કુમાર છાત્રાલયો.

**શ્રી કલ્યાણસિંહ દેહરસિંહ ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગાંધીનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલાં છાત્રાલયો મંજૂર કરવામાં આવેલાં છે, અને આ મંજૂર કરાયેલા છાત્રાલયો પૈકીના કઈ કઈ સંસ્થાઓને આપવામાં આવ્યાં છે અને કેટલાં કુમાર અને કન્યા છાત્રાલયો આપવામાં આવેલ છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં કુલ ૨૬ કુમાર અને ૭ કન્યા એમ ૩૩ દરખાસ્તો આવી હતી એમાંથી બે છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યાં છે, એમણે કઈ સંસ્થાના નામ પૂછયા છે તો એક સંસ્થા છે ગાંધીનગર જિલ્લા પછાત વર્ગ સેવા સમાજ, ગાંધીનગર અને ભારતીય ગ્રામિણ વિકાસ લક્ષી સંઘ એ રીતે બે સંસ્થાઓને આપવામાં આવ્યાં છે, એમણે કહયું કે હાલમાં કેટલાં છાત્રાલયો ચાલે છે તો કુમારના ૩૬ અને કન્યાના ૧૦ એમ મળીને ૪૬ છાત્રાલયો હાલમાં ગ્રાન્ટ ઈન એઈડ ચાલે છે એમાં કુમાર ૧૦૦૬ અને કન્યા ૪૬૩ એમ ૧૪૬૯ વિદ્યાર્થીઓ એનો લાભ લઈ રહયા છે.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં વાર્ષિક કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે અને વિદ્યાર્થી દીઠ કેટલી રકમ ફાળવાય છે? મારો બીજો પ્રશ્ન છે કે, ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયમાં કયા કયા ધોરણના વિદ્યાર્થીઓને પ્રવેશ મળે છે અને તેમાં કોઈ ટકાવારી છે? પ્રવેશ માટેની કોઈ આવક મર્યાદા છે? અને મારો ત્રીજો પ્રશ્ન એ છે કે અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયમાં અન્ય જાતિના બાળકોને રાખી શકાય અને રાખી શકાય તો કેટલા?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીના ત્રણ પ્રશ્ન છે, પહેલો પ્રશ્ન એમનો એ છે કે, વાર્ષિક ગ્રાન્ટ કેટલી ચૂકવવામાં આવે છે? તો જયારે નવા છાત્રાલયો મંજૂર કરવામાં આવે ત્યારે પ્રથમ વર્ષે રૂપિયા ત્રણ હજાર એને પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવે છે અને એક વિદ્યાર્થી દીઠ જો વીસ વિદ્યાર્થી મંજૂર થયા હોય તો શરૂઆતમાં એક વિદ્યાર્થી દીઠ ૬૦૦ રૂપિયા એની નિભાવ ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે. બીજા વર્ષથી એને વેતન ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે જે વેતન ગ્રાન્ટ ૯૦ ટકા પ્રમાણે ચૂકવાય છે મકાન ભાડાની ગ્રાન્ટ વગેરે ચૂકવવામાં આવે છે આમ લગભગ દર વર્ષે ૧,૯૯,૬૦૦ની ગ્રાન્ટ રાજય સરકાર તરફથી ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોને ચૂકવવામાં આવે છે, એમનો પ્રશ્ન એ હતો કે વિદ્યાર્થી દીઠ કેટલી રકમ થાય તો લગભગ ગણીએ તો દશેક હજાર રૂપિયા વાર્ષિક એક વિદ્યાર્થી પાછળનો ખર્ચ થાય છે, એમનો બીજો પ્રશ્ન હતો કે કયા ધોરણના વિદ્યાર્થીઓને પ્રવેશ મળે છે તો ધોરણ પાંચ થી સાત એ ૩૦ ટકા પ્રવેશ આપવામાં આવે છે લગભગ, માધ્યમિકમાં ૩૫ ટકા અને ૧૧મા અને ૧૨મા ધોરણના ૩૫ ટકા એમ મળીને ૧૦૦ ટકાનો પ્રવેશ અપાય છે અને વિદ્યાર્થીના વાલીની આવક મર્યાદા વાર્ષિક ૧૧૦૦૦ રૂપિયા છે. એમણે ત્રીજો પ્રશ્ન એવો પૂછયો કે, અનુસૂચિત જાતિના અન્ય સમાજના કોઈ છાત્રોને પ્રવેશ મળે છે કે કેમ ? તો હા, એમાં જે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના, બક્ષીપંચ જેને કહીએ છીએ એના ૨૦ ટકા અને અનુસૂચિત જનજાતિ એટલે એસટીના ૧૦ ટકા વિદ્યાર્થીઓ રાખી શકાય છે આ વિદ્યાર્થીઓ ન મળે તો અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પણ રાખી શકાય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે છાત્રાલયોમાં જે વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છે, એમને માસિક એક વિદ્યાર્થી દીઠ કેટલી ગ્રાન્ટનું ધોરણ છે અને આ જે ધોરણ છે એ છેલ્લે કયા વર્ષમાં નકકી થયું હતું અને એમાં રાજય સરકાર કોઈ વધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ગ્રાન્ટના ધોરણ છે એ વિદ્યાર્થીદીઠ જે ગણાય છે એ ૬૦૦ રૂપિયા ભોજન ગ્રાન્ટ જેને આપણે નિભાવ ગ્રન્ટ કહીએ છીએ અને જે પ્રમાણે એમણે બીજો પ્રશ્ન કર્યો કે વિદ્યાર્થીદીઠ લગભગ કેટલો તો મેં અગાઉ કહ્યું તેમ બધો મળીને લગભગ ૧૦ હજાર રૂપિયા જેવો ખર્ચ રાજ્ય સરકારને થતો હોય છે. ત્રીજો જે એમનો પ્રશ્ન છે એ એમનું સૂચન છે અને માનનીય અધ્યક્ષશ્રી ૨૦૦૫માં આ ૬૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે.

**રાજકોટ જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ ચૂકવેલ સહાય**

***૧૪૯૫૦ શ્રી ભરતભાઈ ખો. બોઘરા(જસદણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

મફત તબીબી સહાય યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા કેન્સરના દર્દીઓને વર્ષ ૨૦૦૮-૨૦૦૯ અને વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાનતા.૩૧-૧૨-૦૯ સુધીમાં સહાય ચૂકવવામાં આવી છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :-**

૨૦૦૮-૦૯માં ૭૭ દર્દીઓને અને ૨૦૦૯-૧૦માં ૨૩ દર્દીઓને.

**શ્રી ભરતભાઈ ખોડાભાઈ બોઘરા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતી મફત તબીબી સહાય યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિના વર્ષ ૨૦૦૮-૦૯માં ૭૭ કેન્સરના દર્દીઓને સહાય ચૂકવાય અને વર્ષ ૨૦૦૯-૧૦માં ૨૩ દર્દીઓને સહાય ચૂકવાય તો હું એ જાણવા માગુ છું કે આ ચૂકવેલી રકમ કેટલી છે, અને આ સહાય ચૂકવવાના ધોરણો શા હોય છે, અને આ પૈકી કેટલા દર્દીઓ જસદણના હતા? મારો બીજો પ્રશ્ન એ છે કે, મફત તબીબી સહાય યોજના હેઠળ કેન્સર સિવાય અન્ય રોગોના અનુસૂચિત જાતિના દર્દીઓને સહાય ચૂકવવામાં આવે છે કે કેમ, અને જો ચૂકવવામાં આવતી હોય તો કેટલી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પહેલો પ્રશ્ન પૂછયો કે, ૨૦૦૮-૨૦૦૯માં ૭૭ દર્દીઓને સહાય ચૂકવાય તો એની રકમ કેટલી, અને ૨૩ દર્દીઓને કેટલી? તો જે ૭૭ દર્દીઓને ૨૦૦૮-૦૯માં રૂા.૧,૫૭,૭૫૦ અને ૨૩ દર્દીઓને રૂા. ૩૯,૭૨૫ તબીબી સહાય ચૂકવવામાં આવેલ છે. અને બીજો પ્રશ્ન એમનો એ હતો કે, જસદણમાં કેટલા તો એમાં પાંચ દર્દી જસદણના છે અને પાંચ દર્દીઓને ૯,૮૭૫ રૂપિયા સહાય પેટે ચૂકવાયા છે અને ત્રીજો પ્રશ્ન એમનો એ હતો કે, કેન્સર સિવાયના રોગ માટે પણ સહાય ચૂકવવામાં આવે છે કે કેમ? તો એમાં સામાન્ય રોગો માટે કેસ દીઠ ૧૫૦ રૂપિયા, ગંભીર પ્રકારના રોગો માટે કેસ દીઠ ૫૦૦ રૂપિયા, ટી.બી.ના રોગી હોય તો માસિક ૨૫૦ રૂપિયા ૧૨ માસ સુધી, કેન્સર માટે માસિક ૫૦૦ રૂપિયા દર્દ મટે નહીં ત્યાં સુધી અને રક્તપિત માટે પણ માસિક ૪૦૦ રૂપિયા દર્દ મટે નહીં ત્યાં સુધી આ રીતે સહાય ચૂકવવામાં આવે છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, રાજકોટ જિલ્લાના લોધીકા, કોટડા, મોરબી અને માળિયા વિસ્તારમાં અનુસૂચિત જાતિના કેટલા લોકોની કેન્સરની સહાયતા માટેની અરજીઓ આવી, કેટલી મંજૂર થઈ, અને કેટલી રકમ ચૂકવવામાં આવી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટમાં ૨૧ અરજીઓ મળી અને ૨૧ અરજીઓ મંજૂર થઈ, માળિયામાં ૩ અરજીઓ આવી ૩ અરજીઓ મંજૂર થઈ, લોધીકામાં ૨ અરજી આવી ૨ અરજી મંજૂર થઈ, રાજકોટમાં ૫૧,૦૦૦ રૂપિયા, મોરબીમાં ૧૩,૦૫૦ રૂપિયા, માળિયામાં ૪,૬૨૫ રૂપિયા અને લોધીમાં ૪,૭૨૫ રૂપિયા સહાય પેટે ચૂકવવામાં આવ્યા છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાના કારણે ગામડાના પિડિત લોકો, છેવાડાના લોકો છે એના માટે આશીર્વાદરૂપ આ મફત તબીબી સહાય યોજના છે ત્યારે ટંકારા અને પડધરી તાલુકામાં કેટલા લાભાર્થીઓએ અરજી કરી હતી, એમાંથી કેટલા લાભાર્થીઓની અરજી મંજૂર કરી હતી, અને એની પાછળ કેટલો ખર્ચ થયો?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ટંકારામાં ૧ અરજી આવી અને ૧ મંજૂર કરી છે અને રૂા.૩,૧૫૦ ચૂકવ્યા છે, પડધરી તાલુકામાં ૫ અરજી આવી પાંચ મંજૂર કરી અને રૂા.૯,૪૫૦ ચૂકવવામાં આવ્યા.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા એ જાણવા માગુ છું કે લોધીકામાં અને કોટડા સાંગાણીમાં જે અરજીઓ ના-મંજૂર કરવામાં આવી એની પાછળના કારણો શું છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે અરજીઓ ના-મંજૂર કરવામાં આવી છે એના કારણોમાં એ બી.પી.એલ. યાદીની અંદર ન હોય એવા કારણસર અને તબીબી અધિકારીનું જે પ્રમાણપત્ર જોઈએ એ ન મળવાના કારણે ના-મંજૂર કરવામાં આવી છે.

**શ્રી ભરતભાઈ ખોડાભાઈ બોઘરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે એ જાણવા માગું છું કે, આ મફત તબીબી સહાય યોજના છે તે યોજના હેઠળ સહાય ચૂકવવાના ધોરણો શું હોય છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, જે અસાધ્ય રોગ હોય ટી.બી. કેન્સર, રક્તપિત્ત એ માટેના અનુસૂચિત જાતિના જે દર્દીઓ હોય છે એમને મદદ કરવાનો એક ઈરાદો છે, એની પાત્રતા માટે દર્દીએ સિવિલ સર્જનનું અથવા તો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના અધિકારીનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. એની આવક મર્યાદા મેં કહ્યું તે પ્રમાણે, હું એમાં સુધારો કરીશ માફ કરજો માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં હું બોલ્યો હતો કે બી.પી.એલ. માટે પણ એમાં આવક મર્યાદા રૂા.૧૨,૦૦૦/- ની છે, પણ આવક મર્યાદા કરતાં વધારે આવક હોય તો નામંજૂરીના કારણોમાં એ આવશે અને સામાન્ય રોગમાં ૧૫૦ રૂપિયા, ગંભીર રોગમાં ૫૦૦ રૂપિયા, અગાઉ કહ્યું તે પ્રમાણે ટી.બી.માં ૨૫૦ રૂપિયા બાર મહિના માટે, રકતપિત્ત માટે રૂપિયા ૪૦૦ દર્દ માટે નહિ ત્યાંસુધી અને કેન્સર માટે રૂપિયા ૫૦૦ દર્દ મટે નહિ ત્યાંસુધીના સમય માટેની સહાય આપવામાં આવે છે.

### <SB/બનાસકાંઠા જિલ્લામાં વિદેશ અભ્યાસની લોન/સહાયની મળેલ અરજીઓ

***૧૩૫૩૧ શ્રી બાબુભાઈ જે. દેસાઈ(કાંકરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષમાં અનુસૂચિત જાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ માટેની વિદેશી અભ્યાસ માટે લોન/સહાય યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી સહાય મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે, તેનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ (અનુસૂચિત જાતિ) | મળેલ અરજીઓ (વિકસતી જાતિ) |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૦૪ | ૦૩ |
| ૨ | વડગામ | ૦૧ | ૦૨ |
| ૩ | દાંતા | - | ૦૧ |
| ૪ | ડીસા | ૦૧ | ૦૨ |
| | .. કુલ .. | ૦૬ | ૦૮ |

(૨) અનુસૂચિત જાતિની ચાર અરજીઓ મંજૂર કરી રુા.૪૦.૦૦ લાખની અને વિકસતી જાતિની બે અરજીઓ મંજૂર કરી રુા.૧૫.૦૦ લાખની લોન મંજૂર કરવામાં આવી છે.

(૩) એક પણ અરજી પડતર નથી.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ(કાંકરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોની વિદેશ અભ્યાસ માટે કેટલી અરજીઓ મળી છે, કેટલી અરજીઓ મંજૂર કરેલ છે અને મંજૂર કરેલ અરજીઓ પૈકીમાં કેટલી સહાય ચૂકવવામાં આવી છે, મારો બીજો પ્રશ્ન એ છે કે આ યોજના ક્યારથી શરૂ કરવામાં આવી છે અને કાંકરેજ તાલુકામાંથી આવી કોઈ અરજી મળી છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા :** કાંકરેજ તાલુકામાંથી એક પણ અરજી મળી નથી એટલા માટે મંજૂરી - નામંજૂરીનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ૨૦૦૮માં કુલ્લે અનુસૂચિત જાતિની એક અને બક્ષીપંચ એટલે કે વિકસતી જાતિની બે એમ મળીને ત્રણ અરજીઓ મળી હતી એમાં એક અનુસૂચિત જાતિની મંજૂર થઈ છે અને બે બક્ષીપંચની મંજૂર થઈ આમ કુલ ૩ મંજૂર થઈ છે અને એને ૧૦ લાખ રૂપિયા અને બક્ષીપંચને ૧૫ લાખ રૂપિયા એ રીતે કુલ ૨૫ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. ૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૦૯ સુધીમાં ૫ અનુસૂચિત જાતિની અને ૬ બક્ષીપંચની એમ મળીને કુલ ૧૧ અરજીઓ આવી એમાંથી ૩ અનુસૂચિત જાતિની અને ૦ બક્ષીપંચની એમ કરીને કુલ ૩ મંજૂર થઈ અને મંજૂર થયેલાને ૩૦ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે અને નામંજૂરી માટેના કારણો એમણે પુછ્યા એક તો વિદેશ ગયા પછી અરજી કરે તો એવી અરજીઓ પણ નામંજૂર કરવામાં આવે છે, ગ્રેજ્યુએશનમાં સારા માર્કસ સાથે પાસ થયા હોય એમને પ્રોત્સાહન આપવા માટેની આ યોજના છે, પરંતુ શૈક્ષણિક લાયકાત જો સામાન્ય હોય તો એવા લોકોની અરજી પણ નામંજૂર કરવામાં આવે છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત :** ડો. બાબાસાહેબ આંબેડકરની વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટેની જે લોન આપવામાં આવે છે એ કેટલી લોન આપવામાં આવે છે અને એનો વ્યાજનો દર શું હોય છે અને એ લોન પરત કરવા માટેની શું શરતો હોય છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા :**ડો. બાબાસાહેબ આંબેડકરની વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટેની રૂા.૧૦.૦૦ લાખ અને જવા માટેનો જે ખર્ચ થાય એ બેમાંથી જે ઓછું હોય તે આપવામાં આવે છે, વ્યાજનો દર ફકત ચાર ટકા રાખવામાં આવ્યો છે અને એનો અભ્યાસ પૂર્ણ થયાં પછી છ માસનો સમય જવા દઈને ૧૦ વર્ષના હપ્તામાં એ રકમ પરત લેવામાં આવે છે.

## સુરત જિલ્લામાં અપંગ સાધન સહાયની મળેલ અરજીઓ

***૧૪૮૯૦ શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) અપંગ સાધન સહાય યોજના અન્વયે સુરત જિલ્લામાં તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,
(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,
(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને
(૪) કેટલી અરજીઓ પડતર છે.

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**

(૧) અપંગ સાધન સહાય યોજના અન્વયે સુરત જિલ્લામાં તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ૧૪૦ અરજીઓ આવી,
(૨) તે પૈકી ૧૩૮ અરજીઓ મંજૂર કરવામાં આવી,
(૩) ૨ અરજીઓ નામંજૂર કરવામાં આવી.
(૪) પડતર અરજીઓ શૂન્ય છે.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા:** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં કુલ ૧૪૦ અરજીઓમાંથી ૧૩૮ અરજીઓ મંજૂર થઈ અને બે નામંજૂર થઈ તો એ નામંજૂર થવા માટેના કારણો શું છે અને બીજું આ ૧૪૦ અરજીઓ મળી છે એમાં મારા મત વિસ્તારમાં આવતા ઉમરપાડા તાલુકા તથા માંગરોળ તાલુકામાંથી કેટલી અરજીઓ મંજૂર થઈ અને આ બન્ને તાલુકામાં થઈને કુલ કેટલી સહાય રાજય સરકારે ચૂકવી છે. માંગરોળ તાલુકામાં કેટલી અરજીઓ મંજૂર થઈ અને આ બન્ને તાલુકામાં થઈને કુલ કેટલી સહાય આ રાજય સરકારે ચૂકવી છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા:** ૧૪૦ અરજીઓ આવી, એમાંથી ૧૩૮ મંજૂર થઈ અને ૨ અરજી નામંજૂર થઈ. એમાં એક અરજીમાં પાકી કેબિન બનાવવા માટેની માગણી કરી હતી, જે યોજનામાં આવતી ન હોવાથી નામંજૂર થઈ છે. બીજી જે ધંધા માટેની સામાન્ય તાલીમ લેવી જોઈએ, એ તાલીમ લીધી ન હોવાને કારણે બીજી અરજી નામંજૂર કરવામાં આવી છે. એમણે બે તાલુકાનો પ્રશ્ન પૂછયો છે, માંગરોળ તાલુકામાં ૧૧ અરજી આવી, એ અગિયારે અગિયાર અરજી મંજૂર થઈ છે. ઉમરપાડા તાલુકામાં ૨૨ અરજી આવી અને એ બાવીસે બાવીસ અરજી મંજૂર કરવામાં આવી છે. માંગરોળમાં ૨૨ હજાર રૂપિયાની ચૂકવણી થઈ છે. ઉમરપાડામાં ૪૬,૩૦૦ની ચૂકવણી કરવામાં આવી છે.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી જાણવા માગું છું કે અપંગ સાધન સહાય યોજના હેઠળ સુરત શહેરમાં કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા:** સુરત શહેરમાં કુલ ૭૦ અરજીઓ આવી હતી. એમાંથી ૬૯ મંજૂર થઈ અને એક નામંજૂર થઈ અને મેં અગાઉ કહ્યું તેમ પાકી કેબિનની માગણી માટેની હતી અને કુલ સહાય ચૂકવવાની રકમ અંગે તેમણે જે પૂછયું છે, તો ૧,૪૫,૯૦૦ રૂપિયાની સાધન સહાય ચૂકવવામાં આવી છે.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું જાણવા માગું છું કે અપંગ સહાય યોજનામાં સાધન સહાય મેળવવા માટેની પાત્રતા શું છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા:** જે આ અપંગ સહાય યોજના છે, એમાં ૪૦ ટકા વિકલાંગતા હોવી જોઈએ. કુટુંબની વાર્ષિક આવક ૨૫ હજાર હોવી જોઈએ, ઉંમર ૫ થી ૫૦ની હોવી જોઈએ અને આપણું રાજય કક્ષાનું વિકલાંગતા કાર્ડ એમણે પ્રાપ્ત કરેલ હોવું જોઈએ.

## જૂનાગઢ જિલ્લામાં રમતગમત પાછળ થયેલ ખર્ચ

*** ૧૩૫૪૭ શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર રમતગમત ક્ષેત્રે કુલ કેટલી સ્પર્ધાઓ યોજાઈ,
(૨) આ સ્પર્ધાઓ પાછળ તાલુકાવાર કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી,
(૩) ફાળવેલ ગ્રાન્ટમાંથી તાલુકાવાર કેટલી ગ્રાન્ટ વપરાયેલ, કેટલી ગ્રાન્ટ બાકી રહેલ, અને

(૪) ગ્રાન્ટ ન વપરાયેલ હોય તો તેના કારણો શાં છે?

**રમતગમત મંત્રીશ્રી:**

(૧), (૨) અને (૩) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર રમતગમત ક્ષેત્રે યોજવામાં આવેલ સ્પર્ધાઓ, ફાળવવામાં આવેલ ગ્રાન્ટ, વપરાયેલ ગ્રાન્ટ અને બાકી રહેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આ કોઠાની અંદર આંકડા સાથે ગ્રાન્ટ આપી છે, એમાં દાખલા તરીકે દરેક તાલુકા વાઈઝ ગ્રાન્ટ જે આપી છે, એમાં મંજૂર થયેલ અને ફાળવેલી ગ્રાન્ટ સરખી જ છે અને ખર્ચ પણ બધાનો સરખો થઈ ગયો છે. એટલે મંત્રીશ્રીને હું એટલું પૂછવા માગું છું કે કોડીનાર તાલુકામાં ૪૩૦૦૦ રૂપિયા રમતગમત સ્પર્ધાઓમાં ખર્ચ કરવામાં આવ્યો, તો એમાં કઈ શાળાને કેટલી રકમ સ્પર્ધાઓ પાછળ કઈ કઈ શાળાઓને કેટલો કેટલો ખર્ચ થયેલો છે, એ હું જાણવા માગું છું. બીજો પ્રશ્ન એ છે કે આ સ્પર્ધાઓથી બાળકોનો શારીરિક અને માનસિક રીતે પણ ઉત્કર્ષ થતો હોઈ આ રકમ મારી માન્યતા પ્રમાણે બહુ ઓછી છે. તો માનનીય મંત્રીશ્રી આ રકમ વધારવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા**: એમણે એમના કોડીનાર તાલુકાની વિગતો પૂછી છે. (અંતરાય) બધી વિગતો મારી પાસે છે. એક એક તાલુકાની વિગતો હોય તો સ્વાભાવિક છે કે લાંબી યાદી થાય. એટલે એની યાદી જે છે, કારણ કે પ્રશ્ન પણ એમણે ખૂબ ડિટેઈલ પૂછયો છે. માનનીય અધ્યક્ષશ્રી, કોડીનાર તાલકામાં ૨૦૦૮માં તાલુકા કક્ષાનો જે બાળ રમતોત્સવ થાય છે એના માટે ૨૦૦૦ રૂપિયા તાલુકા કક્ષાની શાળાકીય રમતો માટે ૨૦૦૦ રૂપિયા, જિલ્લા કક્ષાની રમતો માટે ૩,૯૦૦ રૂપિયા, જિલ્લા કક્ષાની ખો, ખો અને વોલીબોલ માટે ૩૪૮૦ રૂપિયા, જિલ્લા મહિલા રમતોત્સવ માટે ૨,૭૦૦ રૂપિયા અને ગ્રામીણ રમતોત્સવ માટે ૩,૪૦૦ રૂપિયા એમ ૧૭,૪૮૦ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. એ જ રીતે ૨૦૦૯ માં તાલુકા કક્ષાની બાળ રમતો માટે ૩ હજાર રૂપિયા, શાળાકીય રમતો માટે ૩ હજાર રૂપિયા, જિલ્લા કક્ષાના બાળ રમતોત્સવ માટે ૭૪૦૦ રૂપિયા, જિલ્લા કક્ષાની શાળાકીય રમતો માટે ૯૨૮૦ રૂપિયા, જિલ્લા કક્ષાની મહિલા રમતોત્સવ માટે ૧૯૦૦ રૂપિયા અને ગ્રામીણ રમતોત્સવ માટે ૨૯૦૦ રૂપિયા એમ કરીને કુલ ૨૬૩૬૦ રૂપિયાની રકમ ફાળવવામાં આવી છે.

બીજો એમનો પ્રશ્ન છે એ સૂચન છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવેલ છે કે વિસાવદર તાલુકામાં છેલ્લા ૨ વર્ષમાં ૨૮ સ્પર્ધાઓ યોજવામાં આવી છે. તો એમાં કુલ કેટલા ખેલાડીઓએ ભાગ લીધો અને એમાં કેટલા ભાઈઓ અને કેટલી બહેનો હતી? બીજો પ્રશ્ન છે કે જૂનાગઢ જિલ્લામાં આ ૨ વર્ષમાં કઈ કઈ રમતોમાં અને કેટલા ચંદ્રકો મળ્યા?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : વિસાવદર તાલુકામા છેલ્લા ૨ વર્ષમાં કુલ ૩૨ સ્પર્ધાઓ યોજવામાં આવી અને એમાં ૨૦૦૮ માં જે ભાગ લીધો છે એમાં ભાઈઓ ૩૩૯ અને બહેનો ૩૯૭ હતી, એજ રીતે ૨૦૦૯ માં કુલ જે ભાગ લીધો છે એમાં ૫૨ ખોખોમાંથી ૭૦૩ ભાઈઓ અને ૯૫૦ બહેનોએ એ રીતે ભાગ લીધો છે. બીજું તેમણે કહયું કે બે વર્ષ દમ્યાન જૂનાગઢ જિલ્લામાં રાષ્ટ્રીય કક્ષાએ કઈ કઈ રમતોમાં આપણા ખેલાડીઓને એવોર્ડ પ્રાપ્ત

થયા છે? તો જૂનાગઢ જિલ્લામાં કુલ ૨૦૦૭-૦૮ માં ૫ રમતવીરોને એના માટેના એવોર્ડ પ્રાપ્ત થયા છે એમાં યોગાસન અને વોલીબોલ એ બે રમતોનો એમાં સમાવેશ થાય છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : મારે જાણવું છે કે રમત ગમતમાં ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે કયા કયા એવોર્ડ આપવામાં આવે છે, કેટલી રકમના આપવામાં આવે છે અને જૂનાગઢ જિલ્લામાં બે વર્ષમાં કોઈને એવોર્ડ મળેલ છે કે કેમ અને મળ્યા છે તો કેટલા મળ્યા છે? બીજું કે જૂનાગઢ જિલ્લામાં આ વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય કક્ષાએ કઈ કઈ રમતોમાં કેટલા કેટલા ખેલાડીઓઓએ ભાગ લીધો અને તેમાં કેટલા ભાઈઓ હતા અને કેટલી બહેનો હતી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે પ્રોત્સાહનની વાત કરી છે તો ખેલાડીઓને પ્રોત્સહન આપવા માટે રાજય સરકાર તરફથી એકલવ્ય સિનિયર ૧ લાખ રૂપિયાનો એવોર્ડ આપવામાં આવે છે અને એકલવ્ય જૂનિયર ૫૦ હજાર રૂપિયાનો એવોર્ડ્ આપવામાં આવે છે. સરદાર પટેલ સિનિયર ૫૦ હજાર રૂપિયાનો અને સરદાર પટેલ જુનિયર ૨૫ હજાર રૂપિયાનો એવોર્ડ આપવામાં આવે છે, જયદિપસિંહજી સિનિયર ૨૦ હજાર રૂપિયાનો અને જયદિપસિંહજી જુનિયર ૧૦ હજાર રૂપિયાનો એવોર્ડ આપવામાં આવે છે. આ ઉપરાંત મોમેન્ટો, પ્રશસ્તિ પત્ર, બ્લેઝર કાપડ અને ક્રેસર એ રીતે એના માટે આપવામાં આવે છે.

તેમણે એમ કહ્યું કે જૂનાગઢ જિલ્લામાં કેટલા ખેલાડીઓને આના માટેના ચંદ્રકો પ્રાપ્ત થયા છે? તો ૨૦૦૮-૦૯ માં ૫૬ રમતવીરોને આ ચંદ્રકો પ્રાપ્ત થયા છે એમાં ભાઈઓ ૧૪ અને બહેનો ૪૨ છે. એજ રીતે ૨૦૦૯-૧૦ માં ૫૩ ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધો એમાં ભાઈઓ ૧૭ અને બહેનો ૩૬ છે.

**શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ** : હું આપશ્રી મારફતે જાણવા માગું છું કે રાજયમાં રમત ગમત ક્ષેત્રે ખેલાડીઓ માટેના કયા કયા એવોર્ડ આપવામાં આવે છે. આપે હમણાં જ જવાબ આપ્યો એ મેં સાંભળ્યો, પરંતુ આ એવોર્ડમાં કોઈ વધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધીરસિંહભાઈએ મંત્રીશ્રીને બે પ્રશ્નો પૂછયા હતા અને બેમાંથી એક પણ પ્રશ્નનો જવાબ એમને મળ્યો નહીં, એક એ પ્રશ્ન પૂછયો હતો કે કઈ કઈ શાળાને કેટલી રકમ ફાળવી, અને બીજો સવાલ એવો હતો કે આ રકમ ફાળવેલી છે તે અને વપરાયેલી છે તે બન્ને એકઝેટ સરખી આવે છે, તો આ રકમ વાપરીને ફાળવે છે કે ફાળવીને વાપરો છો?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રકમ તાલુકામાં ફળવાઈ જતી હોય છે અને તે પ્રમાણેનો જ ખર્ચ થાય છે. બીજં કે આપણે ત્યાં વાતાવરણ બન્યું છે લોક ભાગીદારીનું એમાં ત્યાંના સામાન્ય ખર્ચા ધારો કે વધારાના નાના મોટા ખર્ચ થાય તોત્યાંની સ્થાનિક સંસ્થાઓ મદદરૂપ થતી હોય છે અને સરકારી રાહે ખર્ચ કરવાનો હોય એટલો ખર્ચ થાય છે.

## વાણિજિયક વેરા ખાતામાં વેટ કાયદાના તાલીમાર્થીઓ

***૧૪૯૩૭ શ્રી કિરીટભાઈ ગં. પટેલ(ઓલપાડ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વાણિજિયક વેરા ખાતામાં કર્મચારી/અધિકારીઓને સઘન તાલીમ માટે કોઈ વ્યવસ્થા છે કે કેમ, અને

(૨) જો હા, તો વેટના અમલ બાદ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા કર્મચારીઓ/અધિકારીઓને કોમ્પ્યુટર અને વેટનાં કાયદા અંગેની તાલીમ આપવામાં આવેલ છે?

**નાણા મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) વેટના અમલ બાદ તા. ૧-૪-૨૦૦૬થી તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં વિભિન્ન તબક્કે વેટના કાયદા અંગેની ૩૯૦૧ અધિકારી/કર્મચારીઓને અને કોમ્પ્યુટર અંગેની ૧૭૧૮ અધિકારી/કર્મચારીઓને તાલીમ આપવામાં આવેલ છે.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વેટના કાયદાની અમલવારી અંગે અધિકારીઓ માટેની તાલીમમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે અને વેટના કાયદાની તાલીમનો સમય ગાળો કેટલો હોય છે?

**શ્રી વજુભાઈ વાળા** : વેટના કાયદા માટે બે પ્રકારની તાલીમ આપવામાં આવે છે. એક વહીવટી દ્રષ્ટિએ અને બીજી કોમ્પ્યુટરની દ્રષ્ટિએ, એમાં વહીવટી દ્રષ્ટિએ જે તાલીમ અપાઈ છે તેમાં કર્મચારી છે તેને જુદી તાલીમ અપાય છે અને અધિકારીઓને એ ઉપરાંત વિશેષ તાલીમ આપવામાં આવે છે, કર્મચારીઓને માટે જે તાલીમ અપાય છે એમાં નોંધણીની જોગવાઈ, પત્રકોની જોગવાઈ, આકારણીની જોગવાઈ, વસુલાતની જોગવાઈ, ફોર્મ્સ અને ફોર્મેટમાં ભરેલી વિગતોની ચકાસણી, આ કર્મચારીઓ માટે છે, આ ઉપરાંત અધિકારીઓ માટે અનુસૂચિનું અર્થઘ ટન, અન્વેસણ, બજાર કૌશલ્ય, કર વહીવટ, ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકેની તાલીમ, આ વધારાની ૪ તાલીમ અધિકારીઓને આપવામાં આવે છે. અને કોમ્પ્યુટર માટેની તાલીમમાં ઈ રજિસ્ટ્રેશન, ઈ રીટર્ન, ઈ પેમેન્ટ, એસેસમેન્ટ મોડયુલ્સ, લાઈન, ફોર્મ્સ, મેનેજમેન્ટ ઈન્ફોરમેશન સીસ્ટમ આટલી કોમ્પ્યુટર માટે તાલીમ અપાય છે,

એટલે કોમ્પ્યુટર માટેની તાલીમ અધિકારી અને કર્મચારીને બે દિવસની અપાય છે, અને વેરા વહીવટ માટેની તાલીમ અપાય છે તેમાં કર્મચારીઓને બે દિવસ માટે અને અધિકારીઓને ૩ દિવસ માટે અપાય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બે બાબતો જાણવા માગું છું, એક તો વેટના પૈસા બાકી હોય, તેવા ઘણા વેપારીઓ છે, આપણે ઈન્ટરનેન્ટ ઉપર સેલ્સટેક્સની સાઈટ ઉપર વેચાણવેરો આપણી દ્રષ્ટિએ, સરકારની દ્રષ્ટિએ કોની પાસે કેટલા લેવાના બાકી નીકળે છે મુદ્દતમાં ન ભર્યા હોય એ વર્ગ આખો નેટ ઉપર મૂકવામાં આવે કે જેથી સામાન્ય માણસ પણ એક્સેસ કરી શકે કે આની પાસે આટલો વેરો બાકી છે, અને જ ફોર્મ્સ છે તેના મુખ્ય સુત્રધાર કોણ છે, એટલે એને એમ થશે કે હું પ્રજાની નજરે આવી જઈશ એટલે ભરી દેવા જોઈએ અને તેનાથી રીકવરી વધશે. તો તે માટે કંઈ કરવા માગે છે કે કેમ? અને બીજુ વેટ માટે કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું છે તો તેના માટે કોઈ સોફ્ટવેર સ્પેશ્યલ ડેવલપ કર્યુ છે કે કેમ? જો કર્યુ હોય તો તે કોના મારફત કરવામાં આવ્યું છે?

**શ્રી વજુભાઈ વાળા** : વેટના સીસ્ટમના આધારે કેટલા બાકી છે તે નહીં પણ આ પ્રશ્ન તાલીમ માટેનો છે, અને તાલીમ માટે વહીવટ કેવી રીતે કરવો તેના માટે તમારે શું કરવાનું છે તેના માટેનો પ્રશ્ન છે, કોમ્પયુટરની પધ્ધતિથી ઘણું થાય છે વેબ સાઈટના કારણે ઘણું થાય છે પણ આમાં તે પ્રશ્ન આવતો નથી.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે સેલ્સટેક્સ ઓફિસર અને કર્મચારીઓ માટેની સઘન તાલીમની વ્યવસ્થા છે તો મારે એ જાણવું છે કે આ અંગે કુલ કેટલા તાલીમ કેમ્પ યોજાયા? કર્મચારીઓની અને અધિકારીઓની સંખ્યા છે, પણ કુલ કેટલા તાલીમ કેમ્પ યોજાયા તે મારે જાણવું છે અને આ કેમ્પ જિલ્લા કક્ષાએ થાય છે કે રાજય કક્ષાએ થાય છે?

**શ્રી વજુભાઈ વાળા** : આ તાલીમ કૅમ્પોને બદલે અમુક અમુક કર્મચારીઓને તાલીમ માટે બોલાવવામાં આવે છે. એમાં વર્ષ વાઈઝ બોલાવીએ છીએ. ૨૦૦૬-૦૭માં ૯૧૩ લોકોને તાલીમ આપી હતી. ૨૦૦૭-૦૮માં ૧૮૧૦ લોકોને તાલીમ આપી હતી. ૨૦૦૮-૦૯માં ૧૦૫૦ લોકોને તાલીમ આપી હતી. ૨૦૦૯-૧૦માં ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ૧૧૬ લોકોને તાલીમ આપી હતી. એટલે વેટના કાયદાની કુલ ૩૯૦૧ લોકોને તાલીમ આપવામાં આવી છે. એજ પ્રમાણે કૉમ્પ્યુટરની તાલીમ જોઈએ તો આપણા ઈન્સ્ટિટયુટ છે એના દ્વારા અને ટી.સી.એસ. લિમિટેડે આપી છે. એમાં ૨૦૦૬-૦૭માં અધિકારીઓ અને કર્મચારીઓ થઈને કુલ ૫૩૪ લોકોને તાલીમ આપવામાં આવી છે. ૨૦૦૭-૦૮માં ૨૬૮ લોકોને તાલીમ આપી છે. ૨૦૦૮-૦૯માં ૫૩૦ લોકોને તાલીમ આપી છે. ૨૦૦૯-૧૦ની અંદર ૩૬૪ લોકોને તાલીમ આપવામાં આવી છે. ઈ-ગવર્નસ શાખા દ્વારા ૨૨ લોકોને તાલીમ આપવામાં આવી છે. આવી રીતે કુલ ૧૭૧૮ લોકોને તાલીમ આપવામાં આવી છે. આ રીતે કર્મચારીઓ અને અધિકારીઓને વેટના કાયદા માટે ૩૯૦૧ અને કૉમ્પ્યુટરની ૧૭૧૮ લોકોને તાલીમ આપવામાં આવી છે.

### સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ થયેલ ચૂકવણી

***૧૪૮૯૯ શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત છેલ્લે કયા માસ સુધી સહાયનું ચૂકવણું થયેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

જાન્યુઆરી, ૨૦૧૦ સુધીની સહાય ચૂકવણું થયેલ છે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત વૃદ્ધોને માસિક કેટલું પેન્શન ચૂકવવામાં આવે છે, અને સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલા વૃદ્ધોને આ અંતર્ગત લાભ મળે છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત માસિક ૪૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૮-૨-૨૦૧૦ની સ્થિતિએ ૮૧૨૫ લાભાર્થીઓને રૂપિયા ૨ કરોડ ૩૪ લાખ ૭૧ હજાર ચૂકવવામાં આવ્યા છે.

**શ્રી ભરતભાઈ વ.ખોરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ દરમિયાન કેટલીઓ અરજીઓ મળી છે અને કેટલી મંજૂર કરવામાં આવી છે અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ પડતર છે, નામંજૂર થઈ એના કારણો શું છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ દરમિયાન ૭૩૮૯ અરજીઓ મળી એમાંથી ૫૪૮૩ અરજીઓ મંજૂર થઈ અને ૧૯૦૬ અરજીઓ નામંજૂર થઈ છે. એક પણ અરજી પડતર નથી. નામંજૂર કરી એના માટે બે જ કારણો હોય છે એક તો બી.પી.એલ.ની અંદર ઝીરોથી ૧૬માં ન આવતા હોય અને ઉંમર મર્યાદા ૬૫ વર્ષ ન થઈ હોય તેવા લોકોને આ યોજનાનો લાભ મળતો નથી. એના કારણે અરજીઓ નામંજૂર થાય છે.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી અને લખતર તાલુકામાં ગત વરસે કુલ કેટલી અરજીઓ મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ અને કેટલી પડતર છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં વર્ષ દરમિયાન ૧૮૦૬ અરજીઓ મળી એમાંથી ૧૧૫૪ અરજીઓ મંજૂર થઈ અને ૬૫૨ અરજીઓ નામંજૂર થઈ છે. એક પણ અરજી પડતર નથી. એ જ રીતે લખતર તાલુકામાં ૯૮૩ અરજીઓ મંજૂર થઈ અને ૩૧૪ અરજીઓ નામંજૂર થઈ છે એમાં પણ એક પણ અરજી પડતર નથી.

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા** : રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના નીચે માસિક કેટલી સહાય આપવામાં આવે છે. હળવદ અને મૂળી તાલુકામાંથી કેટલી અરજીઓ આવી હતી અને એમાંથી કેટલી મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ, જો નામંજૂર થઈ હોય તો એના કારણો શું?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તે પ્રમાણે રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનામાં ૪૦૦ રૂપિયા માસિક વૃદ્ધ પેન્શન આપવામાં આવે છે. તેમણે બે તાલુકાનો પ્રશ્ન કર્યો છે. હળવદ અને મૂળીનો. તો હળવદમાં ૫૭૫ અરજીઓ આવી, ૩૪૭ મંજૂર થઈ અને ૨૨૮ નામંજૂર થઈ. એ જ રીતે મૂળીમાં ૧૨૭ અરજીઓ આવી. ૭૪ મંજૂર થઈ, ૫૩ નામંજૂર થઈ અને નામંજૂર થવાના કારણો મુખ્યત્વે બે જ છે. એક, બી.પી.એલ.માં ૦થી ૧૬માં ન આવેલ હોય અને ૬૫ વર્ષની ઉંમરે ન પહોંચ્યા હોય તેને આ રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનાનો લાભ મળતો નથી.

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ મોંઘવારીમાં ૪૦૦ રૂપિયાનું પેન્શન સાવ ઓછી રકમ ગણાય તો એ વધારવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

## જામનગર જિલ્લામાં રૂપિયા એક કરોડથી વધુ વેટ બાકીની સિમેન્ટ કંપનીઓ

***૧૪૦૩૫ શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : **માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. જામનગર જિલ્લામાં તા. ૩૧મી ડિસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ એક કરોડ અને તેથી વધુ વેટ બાકી હોય તેવી કઈ કઈ સિમેન્ટ કંપનીઓ છે,
૨. કેટલો વેટ કેટલા સમયથી બાકી છે,
૩. તે વસૂલવા શા પ્રયાસો ઉચ્ચ કક્ષાએ થયા છે અને
૪. બાકી રહેલો વેટ કયાં સુધીમાં વસૂલ લેવાશે?

**નાણામંત્રીશ્રી:**

૧. એક પણ નથી.

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ વેટનો કાયદો ૨૦૦૫થી અમલમાં આવ્યો. તે પહેલાં સેલ્સ ટેક્સ અસ્તિત્વમાં હતો. તો જામનગર જિલ્લાની કઈ કઈ સિમેન્ટ કંપનીઓ પાસેથી સેલ્સ ટેક્સ સહિત વેટની રકમ બાકી છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા સવાલ તેમણે વેટ માટેનો પૂછયો હતો. હવે એમ કહે છે કે વેટ સિવાય સેલ્સ ટેક્સના વેરા કેટલા બાકી છે? માનનીય અધ્યક્ષશ્રી, તેમાં જે એક બીજી કંપની છે વેટ સિવાયની અંદર જેમાં સેલ્સ ટેક્સના બાકી છે. જયુપીટર સિમેન્ટ કંપની છે. તેની પાસે ૬.૫૮ કરોડ બાકી છે અને એ બાકી છે તે ૯૩-૯૧માં ૪૯,૪૭,૫૧૪ બાકી છે. ૧૯૯૪-૯૫માં ૧૩,૬૫,૯૩૦ બાકી છે. ૧૯૯૫-૯૬માં ૩૦,૪૪,૭૧૩ બાકી છે. ૧૯૯૬-૯૭માં ૩,૪૨,૭૧,૭૬૩ બાકી છે અને ૧૯૯૭-૯૮માં ૨,૧૬,૬૭,૭૮૩ બાકી છે. આ પ્રમાણે ૬,૫૭,૯૭,૭૦૩ કરોડ બાકી છે. પણ આ જયુપીટર કંપની પાસેથી એટલા માટે વસૂલ નથી થતા કે આ બી.આઈ.એફ.આર.માં ગયા છે અને બી.આઈ.એફ.આર.માં પણ ૧૯૯૪ની સાલમાં ગયા છે. તેનો કેસ નં. છે ૧૨૫/૯૪. એટલે બી.આઈ.એફ.આર.માં ગયા હોય એટલે આપણે એની પાસેથી વસૂલાત ન કરી શકીએ અને બીજું, આ કંપની છે એનો નોંધણી નંબર પણ આપણે ૧૬-૬-૨૦૦૦થી રદ કર્યો છે અને ૧૬-૬-૨૦૦૦થી આ ફૅક્ટરી પણ બંધ છે. બી.આઈ.એફ.આર. જે ડીસીશન આપશે એ શિરોમાન્ય કરી અને પછી આગળની કાર્યવાહી થશે. જે જજમૅન્ટ આપે એ પ્રમાણે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રીનું એક ધ્યાન દોરું છું. કે આ જયુપીટર સિમેન્ટ બી.આઈ.એફ.આર.માં ગઈ હતી. આજે એ લિક્વિડેટ થઈ ગઈ છે. બંધ થઈ ગઈ છે. એટલે આપની આ માહિતી સાચી નથી.

**શ્રી વજુભાઈ વાળા** : આજે એ કારખાનું બંધ છે. લિક્વિડેટરના કારણે ગયા હોય કે શેના કારણે પણ આજે એ બી.આઈ.એફ.આર.માં..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બી.આઈ.એફ.આર.માં નથી. આજે એ લિક્વિડેટ થઈ ગઈ છે. ફૅક્ટરી આખી વેચાઈ ગઈ છે. આપના ધ્યાનમાં ન હોય તો આપના ધ્યાનમાં મૂકું છું.

**શ્રી વજુભાઈ વાળા** : કંઈ વાંધો નહીં, આ જવાબ મને નહીં, રાઘવજીભાઈને સમજાવી દો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રમૂજપૂર્વક નિવેદનો કરતા હોય છે. વાંધો નથી. આ સરકારની તિજોરી પર આવક વધવાની બાબતમાં ગંભીરતાપૂર્વક જ્યારે મારા પક્ષના બન્ને સભ્યશ્રીઓએ ચિંતા વ્યક્ત કરી છે. જો બી.આઈ.એફ.આર.માંથી ફાયનલ થયું હોય અને કંપની વેચાણ તબક્કે પહોંચી હોય અથવા તો પ્રોપર્ટી વેચાણ થઈ હોય તો આપણો જે શેર નીકળતો હોય તેમાં આપણે ઉત્સુકતા નહીં રાખીએ અને પ્રોપર્ટી બી.આઈ.એફ.આર.માંથી વેચાઈ ગયા પછી બીજાં લેણદારો જો એને વસૂલ કરી લેવાના હોય અને આપણે ચિંતા નહીં રાખીએ તો આપણાં પૈસા પછી કોઈ સ્ટેજે વસૂલ નહીં કરી શકીએ. રમૂજ બરાબર છે પણ અમુક પ્રકારે ન લાવીએ તો સારું છે. આને ગંભીરતાથી આપ ચકાસીને જ્યારે સભ્યશ્રી રાજયની આવક વધે તેની ચિંતા કરે છે ત્યારે આ ચકાસીને હાલના કયા સ્ટેજે છે? બી.આઈ.એફ.આર.માં છે તો પણ એ કયા સ્ટેજ ઉપર છે અને ૧૯૯૪થી છે તો આટલો સમય થયો છે તો તેનું જલ્દી ડીસીશન આવે અને રાજયના પૈસા વસૂલ થાય તેના માટેની કોઈ ટાઈમ બાઉન્ડ પ્રવૃત્તિ આપણે કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, બીઆઈએફઆરમાં ઘણો સમય લાગે છે. એ જ્યારે નિર્ણય આવે ત્યારે કરી શકાય. એમને સૂચન કર્યું છે. બીઆઈએફઆરમાંથી વહેલા કેસનો નિકાલ થાય એના માટે રાજય સરકાર તરફથી ચોક્કસ પ્રયત્ન કરવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એ બીઆઈએફઆરમાં નથી. આ ફૅકટરી લીકવીડેટરમાં ગઈ છે. રાજય સરકારે ધ્યાન નથી આપ્યું એટલે વેચાઈ ગઈ છે. આ ફૅકટરી હતી એ તોડી નાખી છે અને ઓકસનની અંદર એ ફૅકટરીના માલિકે એને વેચી નાખી છે. આ વસ્તુ રાજય સરકારના ધ્યાનમાં ન લાવ્યા હોય તો આવા અધિકારીઓ સામે પગલાં લેવા માગો છો કે કેમ? બીઆઈએફઆરમાં નથી એનું ખંડન કરું છું.

**શ્રી વજુભાઈ વાળા** : આપે કહ્યું છે એની ચોક્કસ તપાસ કરાવીશું. જે હશે એ પૈસા વસૂલ કરવા માટે પૂરેપૂરા પ્રયત્નો કરીશું.

**વડોદરા જિલ્લામાં ડો. આંબેડકર આવાસ યોજનાની મળેલ અરજીઓ**

***૧૪૯૪૧ શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯માં ૫૫૬ અને વર્ષ ૨૦૦૯-૧૦માં ૧૩૪ મળીને કુલ ૬૯૦ અરજીઓ મળેલ છે.

(૨) ૫૧૩.

(૩) ૫૧૩.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, વડોદરા જિલ્લામાં ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ ૬૯૦ અરજીઓ મળી અને ૫૧૩ મંજૂર કરવામાં આવી, બાકીની અરજીઓ પડતર હોય તો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે? ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના સંખેડા તાલુકામાંથી કેટલી અરજીઓ મળી, કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી? પ્રશ્ન નં.૩ ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન સહાય કેટલી આપવામાં આવે છે અને કેન્દ્ર સરકારનો તેમાં કેટલો ફાળો છે? પ્રશ્ન નં.૪ વડોદરા જિલ્લામાં ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ ૫૧૩ અરજીઓ મંજૂર થઈ છે એ પૈકી કેટલા લાભાર્થીઓને પ્રથમ હપ્તો ચૂકવાયો અને બીજો હપ્તો કેટલા લાભાર્થીઓને ચૂકવાયો?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું કે, ૬૯૦ અરજીઓમાંથી ૫૧૩ મંજૂર થઈ તો બાકીની અરજીઓનું શું? તો બાકીની ૧૭૭ છે તે નામંજૂર કરવામાં આવી છે, પડતર એકપણ નથી. બીજો પ્રશ્ન એમના મત વિસ્તાર સંખેડાનો છે એમાં ૨૯ અરજીઓ મળી છે અને ૨૬ મંજૂર કરવામાં આવી છે. ત્રીજો પ્રશ્ન હતો કે, ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં કેટલી સહાય ચૂકવવામાં આવે છે? કુલ રૂ.૫૦,૫૦૦/-ની એમાં સહાય આપવામાં આવે છે. એમાં રૂ.૭૦૦૦/- શ્રમ ફાળો અને રૂ.૪૩,૫૦૦/- એ રાજય સરકાર ચૂકવે છે. એમનો પ્રશ્ન હતો કે કેન્દ્ર સરકારનો કોઈ ફાળો છે કે કેમ? ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં કેન્દ્ર સરકારનો કોઈ ફાળો નથી. ચોથો પ્રશ્ન એમનો હતો કે, કેટલાને પ્રથમ હપ્તો ચૂકવવામાં આવ્યો છે અને કેટલાને બીજો હપ્તો ચૂકવાયો છે. તો ૫૧૩ અરજીઓ મંજૂર થઈ છે

એમાંથી ૫૧૩ને પ્રથમ હપ્તો ચૂકવવામાં આવ્યો છે અને રૂ.૮૩/- લાખની ચૂકવણી થઈ છે અને બીજો હપ્તો ૩૬૬ લાભાર્થીઓને ચૂકવવામાં આવ્યો છે અને રૂ.૭૩.૨૫ લાખની ચૂકવણી થઈ છે.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને બે પ્રશ્નો પૂછવા માગું છું. એક ૧૭૭ અરજીઓ નામંજૂર થઈ છે એ નામંજૂર થવાના કારણો શું છે અને બીજો- જે ૫૧૩ મંજૂર થઈ છે એમાં કયા કયા તાલુકાની કેટલી કેટલી છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે, નામંજૂર કરવાના કારણો શું છે? કુલ ૧૭૭ નામંજૂર થઈ છે એમાં ૧૧ જેટલા અરજદારો પોતે મકાન ધરાવતા હતા એટલે નામંજૂર થઈ છે. બીજી ૧૬૬ નામંજૂર થઈ છે એમાં અરજદાર પાસે જમીનના આધાર ન હોવાથી નામંજૂર થઈ છે.આમ ૧૭૭ કુલ નામંજૂર થઈ છે એમણે કહ્યું કે જે મંજૂર થઈ એમાં તાલુકાવાર કેટલી તો વડોદરા તાલુકાની ૩૦, પાદરાની ૫૪ કરણજણની ૫૮, સાવલીની ૯૮, ડભોઈની ૮૮, છોટાઉદેપુરની ૨૭, સિનોડની ૩૩, સંખેડા તાલુકાની ૨૬, વાઘોડીયા તાલુકાની ૪૫, પાવી-જેતપુરની ૨૧, નસવાડીની ૬ અને કવાંટ તાલુકાની ૨૭ એ રીતે ૫૧૩ મંજૂર થઈ છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ મળી ગયો છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલુ જ જાણવું છે કે, કુલ ૬૯૦ અરજીઓમાં ૫૧૩ અરજીઓ મળી તો આ ડાૅ. આંબેડકર આવાસ યોજનાનો લાભ મેળવવા માટેના ધોરણો શું છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ડાૅ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના છે એ અનુસૂચિત જાતિ માટેની આ ખાસ યોજના છે. અને એની અંદર બી.પી.એલ. લાભાર્થી હોય એને એનો લાભ મળે છે. ૦ થી ૧૬ હોય એને પ્રથમ પસંદગી મળે છે અને સાથે સાથે કે, એમના જે અરજદાર છે એ અરજદારના નામે પ્લોટ હોવો જોઈએ જમીનનો એ પણ એના મુખ્ય ધોરણોમાં આવે છે.

**અમદાવાદ જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં યુવાનોને આપેલ રોજગારીની કરેલ ચકાસણી**

*** ૧૩૫૩૭ શ્રી રણછોડભાઈ ક. મેર(ધંધુકા)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એક્મોમાં સ્થાનિક યુવાનોને રોજગારી આપવાનાં પરિપત્ર અન્વયે કેટલી વખત ચકાસણી કરવામાં આવી,
(૨) તે અન્વયે સ્થાનિક યુવાનોને રોજગારી ન આપી હોય તેવા કેટલા કિસ્સા સરકારનાં ધ્યાને આવ્યા, અને
(૩) આ બાબતે કેટલા એકમો સામે શાં શાં પગલાં ભરવામાં આવ્યા?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૪ (ચાર) વખત
(૨) ૨૨
(૩) જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

**શ્રી રણછોડભાઈ ક. મેર** : માનની માનનીય અધ્યક્ષશ્રી, ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક યુવાનોને રોજગારી આપવાના પરિપત્ર અન્વયે કેટલી વખત ચકાસણી કરવામાં આવી, પ્રશ્ન નં. ૨, તે અન્વયે સ્થાનિક યુવાનોને રોજગારી ના આપી હોય તેવા કેટલા કિસ્સા સરકારના ધ્યાને આવ્યા છે? પ્રશ્ન નં. ૩, આ બાબતે કેટલા એકમો સામે શા શા પગલા ભરવામાં આવ્યા?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નમાં એમણે જે પહેલો પ્રશ્ન પૂછયો ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૪ વખત ઔદ્યોગિક એકમોની અંદર એનું લીસ્ટ ચકાસવામાં આવે છે, તે અન્વયે સ્થાનિક યુવાનોને રોજગારી ન આપી હોય એવા કેટલા કિસ્સા સરકારના ધ્યાનમાં આવ્યા તો આવા ૨૨ કિસ્સા ધ્યાનમાં આવ્યા છે અને આની સામે જે કાર્યવાહી છે એ જરૂરી કાર્યવાહી એટલા માટે લખી છે, કે તો ૩૧-૩-૯૫નો ઠરાવ એવો છે કે રાજય સરકારના સાહસો હોય, કેન્દ્ર સરકારના સાહસો હોય, પ્રોત્સાહિત ઉદ્યોગો હોય અને બીન પ્રોત્સાહિત ઉદ્યોગો હોય, આ તમામની અંદર જે કારીગરોને કામદાર રાખવા હોય એ સ્થાનિક કામદારો અને કારીગરોની ટકાવારી ૮૫ ટકા હોવી જોઈએ અને સુપરવાઈઝરી અને મેનેજરીયલ પોસ્ટ છે એના ૬૦ ટકા સ્થાનિક રહીશો હોવા જોઈએ, હવે સ્થાનિક રહીશ એને કહેવાય કે જે ૧૫ વર્ષથી અહીં રહેતો હોય, બીજા પરપ્રાંતનો માણસ હોય પણ જો ૧૫ વર્ષથી અહીં રહેતો હોય તો એને સ્થાનિક કહેવાય અને આવી રીતે આમાં પણ બે ભાગ પડે છે કે જે પ્રોત્સાહિત ઉદ્યોગો છે એની અંદર કામગીરી છે એ ઉદ્યોગ કમિશ્નરશ્રી સંભાળે છે અને ગુજરાત સરકાર કેન્દ્ર સરકાર અને બીન પ્રોત્સાહિત એની કામગીરી છે એ નિયામકશ્રી રોજગાર અને તાલીમ કેન્દ્રો દ્વારા આની કામગીરી કરવામાં આવે છે. રાજય સરકારના એકમો અને પ્રોત્સાહિત એકમોમાં આનો અંદર કયાંય ભંગ થતો નથી. ભંગ થાય છે જે બીન પ્રોત્સાહિત ઉદ્યોગો છે અને જે કેન્દ્ર સરકારના ઉદ્યોગો છે એની અંદર ભંગ થાય છે. અને ભંગ થાય છે એ પણ પ્રમાણમાં એટલો બધો સવિશેષ નથી કારણ કે ખાનગી ક્ષેત્રના ૩૫૨ ઉદ્યોગોમાંથી ૧૩ ઉદ્યોગો છે એ જ એની અંદર ભંગ કરે છે અને ભંગ કરે છે એની અંદર પણ ટકાવારી આપણે એ રીતે જોઈએ તો સુપરવાઈઝર અને મેનેજરીયલની અંદર.જે એમણે ૬૦ ટકા ટકાવારી જાળવવી જોઈએ એના બદલે ૫૯ ટકા

જાળવે છે અને કામદારોમાં જે ૮૫ ટકા જાળવવા જોઈએ એના બદલે ૮૪ ટકા જાળવે છે. એટલે જે ઉદ્યોગો છે એ ફક્ત એક ટકાનો જ ભંગ કર્યો એમ કહેવાય. પરંતુ કેન્દ્ર સરકારના જે ઉદ્યોગો છે એ કેન્દ્ર સરકારના ઉદ્યોગો એમ કહે છે કે અમારે ઑફિસર લાવવાના હોય તો ઑફિસર અમે બીજા પ્રાંતમાંથી એપોઈન્ટ કરીએ છીએ. આખા હિન્દુસ્તાનમાંથી ઑફિસર એપોઈન્ટ કરીએ છીએ. કારીગરોનો રેશિયો એમાં થોડો ઓછો જળવાય છે. અધિકારીઓના જે ૬૦ ટકા જાળવવા જોઈએ એમાં ૨૯ ટકા જાળવે છે અને કામદારોમાં ૮૫ ટકા જાળવવા જોઈએ એના બદલે ૭૪ ટકા જાળવે છે. આ પ્રમાણે કેન્દ્ર સરકાર અને બીન પ્રોત્સાહિત ઉદ્યોગો એ ટકાવારીમાં થોડી ઓછપ છે. એક તો કારખાનાની સંખ્યા ઓછી છે, ટકાવારી પણ થોડી ઓછી જળવાય છે. પરંતુ રાજ્ય સરકારના તમામ ઉદ્યોગો અને જેને પ્રોત્સાહિત કરે છે, સેલ્સ ટેક્સના બેનીફિટ મળે છે એ તમામ પૂરેપૂરી જાળવણી કરે છે.

**શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ ખૂબ મોટા પ્રમાણમાં થયો છે. સરખેજથી બાવળા જતાં કયા ગામનું પાટિયું આવ્યું એની ખબર રહેતી નથી ત્યારે આ ૨૨ કિસ્સા ધ્યાને આવેલ છે એમાં કયા કયા તાલુકાના કેટલા કેસો છે, કયા યુનિટો છે અને આ ૨૨ કિસ્સામાં કુલ કેટલા બહારના લોકોને રોજગારી આપવામાં આવી છે? તેની જગ્યાએ સ્થાનિક લોકોને રોજગારી આપવા માટે શું કાર્યવાહી કરવામાં આવી છે અને રોજગારી અપાઈ નથી એવા ૨૨ કિસ્સાઓ છે તેની સામે શું કાર્યવાહી કરવામાં આવશે?

**શ્રી વજુભાઈ વાળા** : જે ૨૨ કિસ્સા છે, આપણે ખરેખર રાજ્ય સરકાર હોય તો એના કર્મચારીઓને, એના અધિકારીઓને કહી શકીએ પરંતુ કેન્દ્ર સરકાર ઉપર આ જે ટકા છે એ સૂચનાત્મક છે. એમાં ટકાવારીમાં કોઈ ન કરે તો એને પીનલાઈઝ કરવા એવું નથી. રાજ્ય સરકાર કોઈ જી.આર. બહાર પાડે અને કેન્દ્ર સરકારના કારખાનાને કે કેન્દ્ર સરકારના ઉદ્યોગને પીનલ કરે એવું હોઈ શકે નહીં. પરંતુ અવાર નવાર વિનંતી કરીને જાળવવા માટેની વાત છે. એમણે વાત કરી કે કયા કયા તાલુકામાં છે તો ૧૩ કારખાના છે એમાં એક નારોલ, એક દસક્રોઈ, એક સરખેજ, એક ધોળકા, એક પીરાણા રોડ ઉપર, એક વાલેથરા ધોળકામાં છે, એક સાણંદમાં છે, એક વટવા, એક સૈજપુર બોઘા, એક નળ સરોવર રોડ કેરાળા, એક ચાંગોદર અને એક સાણંદમાં છે. આટલા ઔદ્યોગિક એકમો છે અને કેન્દ્ર સરકારના એકમો છે એમાં એક અમદાવાદમાં, બીજું નહેરુબ્રીજ, ત્રીજું અમદાવાદ, ચોથું, અમદાવાદમાં, પાંચમું ખાનપુર, છઠ્ઠું અમદાવાદ છે. એમ લગભગ અમદાવાદમાં છે. પરંતુ એના ઉપર આપણે કોઈ દંડનાત્મક કાર્યવાહી કરી શકતા નથી.

**શ્રી કાનજીભાઈ ૨ા. તળપદા** : માનનીય સભ્યશ્રીએ તાલુકાવાર માહિતી માગી એ મને જાણવા મળી છે. ધોળકામાં વાલેથરામાં એક એકમ આવેલ છે એ દરરોજ અમદાવાદથી બે ટ્રકો ભરીને કારીગરોને લાવે છે અને તેની લેખિત રજૂઆત મેં ઉદ્યોગ વિભાગમાં કરી છે તો એના માટે કોઈ પગલાં લીધા છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : સ્થાનિક એટલે ગુજરાતનો હોવો હોઈએ. સ્થાનિક એટલે જે જગ્યાએ કારનાખું છે એની આજુબાજુના વિસ્તારના હોવા જોઈએ એવું નહીં. સ્થાનિક એટલે ગુજરાતના અને બીજા રાજ્યના હોવા છતાં પણ જો ૧૫ વર્ષથી એ માણસ અહીંયા વસવાટ કરતો હોય તો એને પણ સ્થાનિક ગણીએ એવો જી.આર. છે. સ્થાનિક એટલે જે તે તાલુકા કે જિલ્લાનો નહીં પરંતુ ગુજરાતનો કોઈપણ કારીગર કે મજૂર હોય એને સ્થાનિક કહેવામાં આવે છે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : મારે જાણવું છે કે ગુજરાત સરકારના નિયમાનુસાર જે સ્થાનિક ઉદ્યોગો છે, જે સ્થાનિક ઉદ્યોગો છે એમાં ૮૫ ટકા ફક્ત સ્થાનિક ગુજરાતીઓને જ નોકરી આપવામાં આવે છે. સાણંદ મુકામે જ્યારે નેનોનું સ્થાપન થયું ત્યારે ગુજરાત સરકારે કોઈ કરાર કર્યો છે જેમાં ૮૫ ટકાનો અમલ થાય એ વાત સાચી છે કે ખોટી?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ અંગે કોઈ કારખાના સાથે કરાર કરવામાં આવતો નથી. આ આપણો જી.આર. છે. આપણે જે પ્રોત્સાહિત હોય, જેને પ્રોત્સાહન આપ્યું હોય, જેને સેલ્સ ટેક્સનો લાભ આપ્યો હોય એના અંગેનું કામ એ ઉદ્યોગ કેન્દ્ર કરે છે. જે પ્રોત્સાહિત નથી એવા રાજ્ય સરકારના એકમો પછી કેન્દ્રના એકમો અને બિનપ્રોત્સાહિત એકમો એના માટેની કામગીરી છે એ રીતે આપણે શ્રમ અને રોજગાર વિભાગ કરે છે. એટલે જેને પ્રોત્સાહન આપ્યું એ ઉદ્યોગ કેન્દ્ર પાસે એટલે ઉદ્યોગ વિભાગ પાસે જાય છે.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી સાહેબ પાસેથી જાણવું છે કે આ સ્થાનિકની વ્યાખ્યા ૧૯૯૦ પહેલા શું હતી અને ૧૯૯૦ પછી શું થઈ અને આ કોણે બદલી?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૦ પહેલા તો નહિ પણ આ જી.આર. જ્યારે બનાવ્યોને તા.૩૧/૩/૧૯૯૫ નાં રોજ ત્યારે એની અંદરજ છે કે રાજ્યમાં ઓછામાં ઓછા ૧૫ વર્ષથી રહેણાંક હોય એવી

વ્યકિતઓને સ્થાનિક રહીશ તરીકે ગણવા. આ જી.આર.ની અંદર છે. બીજા કોઈ જી.આર.ની અંદર કદાચ આ ૧૫ ના બદલે ૧૦ હોય કે ૨૫ હોય એ ખ્યાલ નથી પણ આ જી.આર.માં ૧૫ વર્ષ છે. (અંતરાય)

**શ્રી ભરત બારોટ** : પહેલા પાંચ વર્ષે સ્થાનિક હતા. ભારતીય જનતા યુવા મોરચા દ્વારા આ બદલાઈ છે સાહેબ. આ આજની નથી. કોંગ્રેસમાં તો પાંચ વર્ષની હતી એના લીધે સ્થાનિક લોકોને રોજગારી નહોતી મળતી સાહેબ. **શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીએ તારીખો આપી છે એટલે માનનીય ભરતભાઈની જે પોલિટિકલ વાત હતી એ તારીખોમાંથી નીકળી જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે માનનીય સભ્યશ્રી શૈલેષ પરમારનો બહુ સ્પેસિફિક પ્રશ્ન હતો. અમદાવાદ જિલ્લામાં નેનો આવી એમની કેબિનેટે જે એપ્રુવ કરેલી નોંધની શરતોમાંની એક શરત છે. કેબિનેટે એપ્રુવ કરેલી નોંધ અને જી.આર.ની નકલ મારી પાસે છે, જેમાં સ્પષ્ટ રીતે ઉદ્યોગ ગૃહે માગણી કરી કે મને તમે બેનીફિટ તો આપો છો એ બેનીફિટ જે લે છે, પ્રોત્સાહક યોજનાનો વિશેષ લાભ લે છે એની સાથોસાથ સ્થાનિકને ભરતીની બાબતમાંથી મને મુકિત આપવી એ માગણી આપણી કેબિનેટ નોંધમાં એપ્રુવ કરેલી છે એ વાત ખરી છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જેને પ્રોત્સાહન આપ્યા હોય એ મેં પહેલા જ કહ્યું કે એ ઉદ્યોગ વિભાગ પાસે આવે છે. એ શ્રમ અને રોજગાર વિભાગ પાસે નથી આવતું. બિનપ્રોત્સાહિત ઉદ્યોગો એ શ્રમ અને રોજગાર પાસે આવે છે. એમાં પણ આપણે બે ભાગ પડે છે એટલે જે ઉદ્યોગ વિભાગનો પ્રશ્ન છે એનો જવાબ હું કઈ રીતે આપી શકું.

**ખેડા જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા**

*** ૧૪૨૯૮ શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વેચાણવેરાના કેટલા દરોડા પાડવામાં આવ્યા, અને

(૨) દરોડાઓ દરમ્યાન કેટલી ગેરરીતિઓ પકડવામાં આવી?

**નાણા મંત્રીશ્રી** :

(૧) ૨૯.

(૨) ૬૩.૧૫ લાખ.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં ત્રણ વર્ષમાં ૨૯ દરોડા પાડ્યા. એટલે એક વર્ષમાં ૧૦ દરોડા પાડ્યા અને વજુભાઈ વાળા તો સાહેબ તો બહુ તત્પર અને માહીર છે. આ જે વર્ષે ૧૦ દરોડા પાડ્યા તો બીજા જે લોકો છે માંડવી તાલુકો એનું પાછું ગાંધી-વૈદ્યનું સહિયારું તો નહિ ને સાહેબ. એટલે આ દરોડા અમુક જ્યાં પાડવા જેવા હોય ત્યાં પાડો તેથી ગુજરાતની આવક વધે તેમ છે તો ગાંધી-વૈદ્યનું સહિયારું કર્યા વગર દરોડા પાડો તો સારું. વધુ દરોડા પાડવા માગો છો કે કેમ? અને વર્ષમાં ૧૦ જ દરોડા પાડતા હોય તો આટલા બધા અધિકારીઓને આટલો બધો પગાર આપીએ છીએ તો શું કામનું? એટલે આપ વધુ દરોડા પાડવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ફરીથી કહું તો પછી વળી પ્રશ્નોત્તરીનો ટાઈમ પુરો થઈ જાય. છતાં પણ કહું કે ૨૯ દરોડા પાડ્યા. એમાં જપ્ત કેસ ૬ હતા. એમાં ૩ ની આકારણી કરી અને આકારણી જે બિન જપ્ત હતા એવા ૨૩ કેસમાંથી ૪ માં ક્ષતિ નહોતી, ૧ નું વોરંટ પાછું ગયું ૧૮ ની અંદર એને મુદ્દલ, દંડ અને વ્યાજ વસૂલ કર્યા એની અંદર આકારણી ૪૯.૨૮ લાખની કરી, એનું વસૂલ કર્યુ ૩૯.૭૦ વસૂલ કર્યા અને બાકી ૧.૫૮ લાખ રહ્યાં અને જે ૬ માંથી ૩ ની આકારણી બાકી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**અમદાવાદ જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ**

૧૪૮૮૭ **શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સંત સુરદાસ યોજના અન્વયે અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૩,૭૭૮. |
| (૨) તેઓને કેટલી સહાય ચૂકવેલ છે ? | (૨) રૂા.૧,૦૧,૦૭,૦૦૦/- (એક કરોડ એક લાખ સાત હજાર પૂરા). |

**કચ્છ જિલ્લામાં ગણવેશ સહાય યોજના પાછળ કરેલ ખર્ચ**

૧૪૯૪૯**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ગણવેશ સહાયની યોજનામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૪૦,૯૮૭ |
| (૨) તે અંગે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂા. ૬૧,૪૮,૦૫૦/- |

------------

**વલસાડ જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજનાની મળેલ અરજીઓ**

: ૧૪૮૯૬**શ્રી રમણલાલ ના.પાટકર(ઉમરગામ):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન સહાયની કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૬૨૭૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૪૧૧. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૭૨૬. |

------------

**રાજ્યમાં તિજોરી અને પેટા તિજોરી કચેરીની નાણાકીય કામગીરી અંગે**

૧૪૯૩૧**શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં કેટલી તિજોરી અને પેટા તિજોરી કચેરી છે, | (૧) જિલ્લા તિજોરી-૨૫<br>પેટા તિજોરી કચેરી-૧૬૫ + ૧ (સેન્ટ્રલ). |
| (૨) પેટા તિજોરી કચેરી તાલુકા મથકે શરૂ કરવી ફરજીયાત છે તે હકીકત સાચી છે, અને | (૨) ના. |
| (૩) જો હા, તો જે તાલુકા મથકે પેટા તિજોરી કચેરી આવેલ નથી ત્યાંની નાણાકીય કામગીરી માટે સરકારે શું વ્યવસ્થા કરેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યમાં રાષ્ટ્રીય કક્ષાએ રમતગમત ક્ષેત્રે મળેલ ચંદ્રકો**

૧૪૯૬૫**શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલા ખેલાડીઓને રાષ્ટ્રીય કક્ષાએ યોજાતી વિવિધ રમતોની સ્પર્ધામાં કેટલાં ચંદ્રકો પ્રાપ્ત થયાં છે ? | તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના ૨૨૨ ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાએ યોજાયેલ વિવિધ રમતોની સ્પર્ધામાં ૧૮૭ ચંદ્રકો પ્રાપ્ત કરેલ છે. |

------------

**અમરેલી જિલ્લાના વડીયા ખાતે આઈ.ટી.આઈ.ના મકાન માટે કરેલ જોગવાઈ**

૧૩૫૩૪ **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડીયા જિ. અમરેલીમાં આઈ.ટી.આઈ. માટે સરકાર તરફથી જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) તા.૨૬-૬-૨૦૦૮. |
| (૨) આ જમીન ઉપર આઈ.ટી.આઈ.નું મકાન બાંધવા માટે ૨૦૦૯-૧૦ વર્ષની નાણાંકીય જોગવાઈમાં સમાવેશ કરવામાં આવેલ છે કે નહીં ? | (૨) ના, જી. |

------------

**પંચમહાલ જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા**

૧૪૮૬૩ **શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા. ૧-૪-૦૭ થી ૩૧-૩-૦૯ સુધીમાં વેચાણવેરા વિભાગે કુલ કેટલા દરોડા પાડ્યા, | (૧) ૧૭. |
| (૨) આ દરોડા દરમ્યાન કેટલી પેઢી અને વેપારીના ચોપડા જપ્ત કરવામાં આવ્યા, અને | (૨) ૫. |
| (૩) આ દરોડા દરમ્યાન કેટલી કરચોરી પકડવામાં આવી ? | (૩) રૂપિયા ૧૨૬.૪૦ લાખ. |

**રાજકોટ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોના આયોજન અંગે**

૧૪૦૩૯ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર )** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૦૯ના કેલેન્ડર વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલી સ્વરોજગાર શિબિરોનું સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું, | (૧) ૨૫. |
| (૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર રહયા, અને ? | (૨) ૧૪૦૪. |
| (૩) હાજર રહેલા ઉમેદવારોમાંથી કેટલાને રોજગારી આપવામાં આવી ? | (૩) ૧૧૬૫. |

------------

**અમદાવાદ જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારી**

૧૪૨૯૭ **શ્રી ગ્યાસુદીન શેખ(શાહપુર )** :**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતે કેટલા બેરોજગારોની સંખ્યા નોંધાયેલ છે, અને | (૧) ૧૦૩૫૪૩. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) |

| **સમયગાળો** | **રોજગારી** |
|---|---|
| વર્ષ : ૨૦૦૮ | ૩૪૩૫૩ |
| વર્ષ : ૨૦૦૯ | ૨૫૩૬૮ |
| **કુલ :** | **૫૯૭૨૧** |

------------

## હિસાબ અને તિજોરી ખાતામાં બેક્લોગની જ્ગા અંગે લીધેલ પગલાં

૧૪૯૩૪**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હિસાબી અને તિજોરી ખાતામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વર્ગ-૧ થી ૪માં અનામત બેક્લોગની ખાલી જ્ગ્યાઓ કેટલી છે, અને

(૨) ખાલી જ્ગ્યાઓ ભરવા સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અનામત બેક્લોગની કોઇ જ્ગ્યાઓ ખાલી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## નવસારી જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજનાની મળેલ અરજીઓ

૧૪૮૯૨**શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧) વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૬૯૨ અરજીઓ આવી.

(૨) તે પેકી ૬૪૩ અરજીઓ મંજૂર કરી અને કુલ રૂા. ૭,૪૭,૦૦૦/- (સાત લાખ સુંડતાલીસ હજાર રૂપિયા) ની રકમ ચૂકવવામાં આવી.

(૩) ૪૯ અરજીઓ નામંજૂર કરવામાં આવી.

(૪) પડતર અરજીઓ ""શૂન્ય"" છે.

## જૂનાગઢ જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસ યોજનાના લાભાર્થીઓ

૧૩૫૫૦**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૨-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં આંબેડકર આવાસ યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં વર્ષવાર કેટલા આવાસો બનાવવાનું આયોજન કરેલ તેની સામે વર્ષવાર કેટલા લાભાર્થીઓને તેના હક્ક કબજા સોંપવામાં આવ્યા ?

**જવાબ**

| વર્ષ | આયોજન | સિધ્ધી |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૧૦૦૮ | ૯૦૯ |
| ૨૦૦૯-૧૦ | ૭૮૩ | ૬૮ |

આ યોજના હેઠળ લાભાર્થી પોતે મકાન બનાવતા હોઇ હક્ક કબજાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## આણંદ જિલ્લામાં સાતફેરા સમુહ લગ્ન યોજનાની મળેલ અરજીઓ

૧૪૯૯૫**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાતફેરા સમુહ લગ્ન યોજના અન્વયે આણંદ જિલ્લામાં તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી, અને

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાયતા ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| મળેલ અરજીઓ | | કુલ |
|---|---|---|
| તા. ૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ | |
| ૩૦૪ | ૮૨ | ૩૮૬ |

(૨)

| મંજૂર અરજીઓ | | | ચૂકવેલ સહાય રૂ. લાખમાં | | |
|---|---|---|---|---|---|
| તા. ૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ | કુલ | તા. ૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ | કુલ |
| ૨૯૭ | ૩૩ | ૩૩૦ | ૧૪.૯૦ | ૧.૭૫ | ૧૬.૬૫ |

------------

**આઈ.ટી.આઈ. રાજુલા ખાતે મંજૂર મહેકમ**

૧૫૦૦૪**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા)** :**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજુલા ખાતેની આઈ.ટી.આઈ. માં કેટલા વિષયના કોર્સ ચલાવવામાં આવે છે.

(૨) તે અન્વયે મંજુર થયેલ મહેકમ સામે ક્યા ક્યા અભ્યાસક્રમોના સ્ટાફની જ્ગ્યાઓ કેટલી ખાલી છે, અને

(૩) આ ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૨ (બાર) વિષયના કોર્સ.

(૨) રાજુલા ખાતે મંજૂર કુલ : ૧૬ ટ્રેડ ઇન્સ્ટ્રક્ટરના મહેકમ સામે ખાલી જ્ગ્યાની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | મંજૂર (અભ્યાસક્રમ) મહેકમનું નામ | ખાલી જ્ગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ફીટર | ૦૧ |
| ૨ | વાયરમેન | ૦૧ |
| ૩ | વેલ્ડર | ૦૧ |
| | કુલ : | ૦૩ |

(૩) બાકી રહેતી ૦૩ ખાલી જ્ગ્યાઓ નિયમિત નિમણૂંકથી ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવનાર છે.

**અમદાવાદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૧૪૯૯૧**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ અમદાવાદ રોજગાર વિનિમય કચેરી ખાતે કેટલા શિક્ષિત બેરોજગાર નોંધાયેલ છે, અને

(૨) તે પૈકી કેટલા શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

**જવાબ**

(૧) ૯૩૨૮૨.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૨૪૧૩૪ શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવામાં આવી.

------------

**અમદાવાદ જિલ્લામાં મંજૂર કરેલ છાત્રાલયો**

૧૪૯૪૩ **શ્રી કમાભાઈ ગ.રાઠોડ(વિરમગામ)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં અનુસૂચિતજાતિના કેટલાં ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા કુમાર અને કન્યા છાત્રાલયો મંજૂર કરેલ છે?

**જવાબ**

(૧) ૧૧ (અગિયાર).

(૨) કુમાર - ૯ (નવ).
કન્યા - ૨ (બે).

------------

**રાજ્યમાં રમતગમત ક્ષેત્રે આપેલ ગૌરવ પુરસ્કાર**

૧૪૯૬૨**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર)** :**માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં રમતગમત ક્ષેત્રે કેટલા ગૌરવ પુરસ્કાર આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) રમતગમત ક્ષેત્રે ગૌરવ પુરસ્કાર આપવાની યોજના અમલમાં નથી. પરંતુ રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર ખેલાડીઓને તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના એવોર્ડ આપવામાં આવેલ છે.

| ક્રમ | એવોર્ડનું નામ | કુલ એવોર્ડ |
|---|---|---|
| ૧. | એક્લવ્ય સિનિયર એવોર્ડ | ૮ |
| ૨. | એક્લવ્ય જુનિયર એવોર્ડ | ૧૧ |
| ૩. | સરદાર પટેલ સિનિયર એવોર્ડ | ૮ |
| ૪. | સરદાર પટેલ જુનિયર એવોર્ડ | ૧૬૨ |
| ૫. | જ્યદિપસિંહજી સિનિયર એવોર્ડ | ૫૯ |
| ૬. | જ્યદિપસિંહજી જુનિયર એવોર્ડ | ૭૬ |
| | કુલ.. | ૩૨૪ |

(૨) ક્યા વર્ષનાં કેટલા પુરસ્કાર બાકી છે, અને

(૨) એક્લવ્ય જુનિયર એવોર્ડ વર્ષ ૨૦૦૭-૦૮ થી બાકી છે અને અન્ય એવોર્ડ ૨૦૦૮-૦૯ ના વર્ષના બાકી છે.

(૩) બાકી રહેલા પુરસ્કાર ક્યારે આપવામાં આવશે?

(૩) વર્ષ ૨૦૦૭-૦૮ના એક્લવ્ય જુનિયર એવોર્ડ માટે પસંદગી પૂર્ણ થયેલ છે. આગામી સ્વર્ણિમ જ્યંતિની ઉજવણી એવોર્ડ આપવામાં આવશે. અન્ય એવોર્ડ માટે વર્ષ ૨૦૦૮-૦૯ ની દરખાસ્તો મળેલ છે તે એવોર્ડની અરજીઓની ચકાસણીની કાર્યવાહી ચાલુ છે જે એવોર્ડ સલાહકાર સમિતિ સમક્ષ રજુ કરવામાં આવશે.

------------

## ભાવનગર જિલ્લામાં વૃધ્ધોને પેન્શન યોજનાના લાભાર્થીઓ

૧૪૪૨૨ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વૃધ્ધોને પેન્શન આપવાની યોજના અન્વયે ભાવનગર જિલ્લામાં સન ૨૦૦૯ના વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમ ચુકવવામાં આવી,

(૨) આ લાભ લેવા માટે કુલ કેટલી અરજીઓ આવી હતી, અને

(૩) તે પેકી કેટલી અરજીઓ નામંજૂર થયેલ છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : પત્રક-૧ મુજબ.

**પત્રક-૧**

| ક્રમ | યોજનાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર કરેલ અરજીઓ (વર્ષ ૨૦૦૯) | અગાઉના વર્ષના લાભાર્થીઓની સંખ્યા | કુલ લાભાર્થી (કોલમ ૪+૫) | ના મંજૂર કરેલ અરજીઓ (વર્ષ ૨૦૦૯) | ચૂકવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | રાષ્ટ્રીય વૃધ્ધ સહાય યોજના (વય વંદના યોજના) | ૩૮૬૩ | ૨૫૬૪ | ૩૧૧૨ | ૫૬૭૬ | ૧૨૩૬ | ૧૧૪.૮૯ |
| ૨ | નિરાધાર વૃધ્ધ સહાય યોજના (રાજ્ય સરકાર) | ૫૭૫ | ૩૦૬ | ૬૭૨ | ૯૭૮ | ૨૩૫ | ૪૭.૮૭ |
| | કુલ.. | ૪૪૩૮ | ૨૮૭૦ | ૩૭૮૪ | ૬૬૫૪ | ૧૪૭૧ | ૧૬૨.૭૬ |

## વિક્લાંગોને વિમા સુરક્ષા ક્વચ હેઠળ આવરી લેવા અંગે

૧૪૮૯૩**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના વિક્લાંગ માટે વીમા સુરક્ષા ક્વચ હેઠળ આવરી લેવા માટે હાલમાં કોઈ યોજના સરકારશ્રીની વિચારણા હેઠળ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલા વિક્લાંગોને આવરી લેવાયા,

(૩) કેટલું પ્રિમીયમ ભરવાનું થાય, અને

(૪) વ્યક્તિગત વિક્લાંગોને કેટલી રકમનો વીમો આપી શકાય?

**જવાબ**

(૧) હાલમાં રાજ્યના વિક્લાંગ ઓળખકાર્ડ ધરાવતા વિક્લાંગો માટે વીમા ક્વચ યોજના અમલમાં છે. જે ગુજરાત સામુહિક જૂથ (જનતા) અક્સ્માત વીમા યોજના તરીકે ઓળખાય છે.

(૨) કુલ. ૨,૩૦,૦૦૦ વિક્લાંગોને આવરી લેવામાં આવેલ છે.

(૩) રૂ. ૪૦.૦૦ લાખ.

(૪) વિક્લાંગ લાભાર્થીઓને રૂ. ૧.૦૦ (એક લાખ રૂપિયા) લાખની મહત્તમ રાશીની મર્યાદામાં વીમો આપવામાં આવે છે.

**નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસો**

૧૪૯૫૮**પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શન મંજૂરીના કેટલા કેસો પડતર છે, | (૧) ૭૧૫ કેસ. |
| (૨) કેસો પડતર રહેવાના શાં કારણો છે, અને | (૨) ચકાસણીની પ્રક્રિયામાં હતા. |
| (૩) તેનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૩) તારીખ ૦૫-૦૩-૨૦૧૦ની સ્થિતિએ કોઈ કેસ પડતર નથી. |

**ભરૂચ જિલ્લામાં ક્રિકેટનું મેદાન બનાવવા કરેલ આયોજન**

૧૩૫૫૪**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે ક્રિકેટનું મેદાન બનાવવાનું ૨૦૦૯-૧૦ના વર્ષમાં સરકારનું શું આયોજન છે, અને | (૧) વર્ષ ૨૦૦૯-૧૦ માં ભરૂચ જિલ્લામાં ક્રિકેટનું મેદાન બનાવવાનું સરકારનું કોઈ આયોજન નથી. |
| (૨) આ મેદાન ક્યા સ્થળે બનાવવાનું આયોજન છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**દાહોદ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજનાના લાભાર્થીઓ**

૧૩૫૫૩ **શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની અને અનુસૂચિત જાતિના યુગલોને લગ્ન માટે મદદરૂપ થવા રાજ્ય સરકારની સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ કેટલા યુગલોને લાભ આપવામાં આવ્યો, | (૧) એક પણ અરજી મળેલ નથી. |
| (૨) અલગ અલગ તાલુકાના કેટ કેટલા લાભાર્થી હતા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**વાણિજ્યિક વેરા ખાતામાં વેટ કાયદાના તાલીમાર્થીઓ**

૧૪૯૫૯**શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧):માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વાણિજ્યિક વેરા ખાતામાં કર્મચારી/ અધિકારીઓને સઘન તાલીમ માટે કોઈ વ્યવસ્થા છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વેટના અમલ બાદ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા કર્મચારીઓ/ અધિકારીઓને કોમ્પ્યુટર અને વેટના કાયદા અંગેની તાલીમ આપવામાં આવેલ છે? | (૨) વેટના અમલ બાદ તા.૧-૪-૨૦૦૬ થી તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં વિભિન્ન તબક્કે વેટના કાયદા અંગેની ૩૯૦૧ અધિકારી/કર્મચારીઓને અને કોમ્પ્યુટર અંગેની ૧૭૧૮ અધિકારી/કર્મચારીઓને તાલીમ આપવામાં આવેલ છે. |

### રાજ્ય સરકાર દ્વારા લીધેલ ઓવરડ્રાફ્ટ

૧૪૯૫૭**શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલીવાર ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યા, અને | (૧) શૂન્ય. |
| (૨) તે પેટે કેટલું વ્યાજ ચૂકવવામાં આવ્યું ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### રાજ્યમાં રૂા. એક કરોડ કરતાં વધુ વેટની રકમ મેળવવા લીધેલ પગલાં

૧૪૪૯૧**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ રૂા. એક કરોડ કે તેથી વધુ વેટની રકમ કોની કોની પાસેથી લેવાની થાય છે, અને | (૧) પત્રક ૧ મુજબ. |
| (૨) આ રકમ સત્વરે મેળવવા સરકારે શાં પગલાં લીધા? | (૨) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત મુલ્ય વર્ધિત વેરા કાયદા અને જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવે છે. |

**પ ત્ર ક - ૧**

| એકમનું નામ |
|---|
| ડાયકેમ કોર્પોરેશન |
| ગ્રિન્ડેમ એક્જિમ પ્રા.લી. |
| કેર પેકેજીંગ |
| ઓમ ગણપતિ ટ્રેડીંગ |
| સપ્તેશ્વર એન્ટરપ્રાઇઝ |
| પટેલ વિપુલકુમાર ભરતકુમારની કું. |
| એસ.વી.એમ. શીરા બીલ્ડ |
| રવિ ટ્રેડર્સ |
| કેમરોક ઇન્ડસ્ટ્રીઝ એન્ડ એક્ષપોર્ટ પ્રા.લી. |
| રસીવન એન્ટરપ્રાઇઝ |
| જે.સી.ટી.લી. |
| આર.આર.પેપર |
| આસ્થા કોર્પો. |
| શુભ એન્ટરપ્રાઇઝ |
| ન્યુએજ હોજ મે. ફે. કું. |
| ન્યુ ટેક ફોર્જ એન્ડ ફાઉન્ડ્રી લી. |
| હિદુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. |
| બરોડા ઓટો સેન્ટર |
| ધ્રુવ મોટર્સ |
| ભાવના કાર્સ પ્રા. લી. |
| ઇગલ મોટર્સ |

| એકમનું નામ |
|---|
| પ્રેમહંસ સ્ટીલ કેમ |
| હનુમાન એન્ટરપ્રાઇઝ |
| શિવ ડાયકેમ |
| વિકાસ ઇન્ટરનેશનલ |
| ઉમિયા ઓઇલ ઇન્ડ. |
| જેબ્સ ઇન્ટરનેશનલ પ્રા.લી. |
| તપોવન કોર્પોરેશન |
| શીવ એન્ટરપ્રાઇઝ |
| સેમ મેગ્નેટ ઇમ્પેક્ષ |
| ઓરીએન્ટ બિલ્ડર્સ |
| એ.આર.ઇન્ટરનેશનલ |
| શિવશક્તિ ટ્રેડર્સ |
| વોકમેન વર્લ્ડ |
| ગુજરાત પેટ્રોકેમ |
| ન્યુએજ ઇન્ડસ્ટ્રીઝ |
| ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લી. |
| મે.મનન ઓટોલીંક પ્રા. લી. |
| ધ્રુવ ઓટોમોબાઇલ્સ |
| ધ્રુવનમ ઓટોમોબાઇલ્સ |
| એસ્સાર ઓઇલ લી. |
| |

### વડોદરા જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજનાના લાભાર્થીઓ

૧૪૭૨૦**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજના અન્વયે તાલુકાવાર કેટલા લાભાર્થીઓ પેન્શન મેળવે છે, | (૧) પત્રક-૧ મુજબ |
| (૨) તેમને માસિક પેન્શન કેટલું મળે છે, | (૨) માસિક પેન્શન નીચે મુજબ મળે છે.<br>૧) રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના અન્વયે રૂ. ૨૦૦/- અને<br>૨) રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના-વય વંદના યોજના અન્વયે કુલ રૂ. ૪૦૦/- મળે છે. |
| (૩) આ પેન્શનની રકમમાં સરકાર મોંઘવારી વધારાને ધ્યાને લઈ વધારો કરવાની કોઈ વિચારણા ચાલે છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) દરેક લાભાર્થીને નિયમિત માસિક પેન્શન ચુકવવામાં આવે છે? | (૪) હા, જી. |

**પ ત્ર ક -૧**

| ક્રમ | તાલુકાનું નામ | રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના | રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના વયવંદના યોજના |
|---|---|---|---|
| | | લાભાર્થીઓની સંખ્યા | લાભાર્થીઓની સંખ્યા |
| ૧. | વડોદરા શહેર | ૬૧૩ | ૩૦૯૫ |
| ૨. | વડોદરા ગ્રામ્ય | ૧૯૬ | ૧૦૨૮ |
| ૩. | પાદરા | ૨૫૧ | ૧૩૧૫ |
| ૪. | સાવલી | ૩૦૭ | ૩૪૫૮ |
| ૫. | કરજણ | ૧૮૯ | ૧૦૧૫ |
| ૬. | ડભોઇ | ૨૦૬ | ૧૯૭૧ |
| ૭. | શિનોર | ૮૨ | ૫૪૮ |
| ૮. | વાઘોડિયા | ૮૦ | ૮૦૨ |
| ૯. | નસવાડી | ૨૪ | ૧૬૪૯ |
| ૧૦. | છોટા ઉદેપુર | ૩૬૯ | ૨૨૪૦ |
| ૧૧. | ક્વાંટ | ૧૦૯ | ૧૩૫૪ |
| ૧૨. | જેતપુર-પાવી | ૧૫૮ | ૧૨૫૩ |
| ૧૩. | સંખેડા | ૩૩૫ | ૭૭૭ |
| | કુલ : | **૨૯૧૯** | **૨૦૫૦૫** |

------------

## ગાંધીનગર શહેરમાં સ્વામી તેજાનંદ કર્મકાંડ યોજનાના લાભાર્થીઓ

૧૪૯૫૧ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સ્વામી તેજાનંદ કર્મકાંડ યોજના હેઠળ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર શહેરમાં કેટલા લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી છે, અને | (૧) ૩૬. |
| (૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૧,૬૯,૯૭૫/-. |

------------

## પાટણ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ

૧૪૯૪૭**શ્રી રજનીકાન્ત સો.પટેલ(ચાણસ્મા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે?

**જવાબ**

(૧)

| મળેલ અરજીઓ | | કુલ |
|---|---|---|
| વર્ષ ૨૦૦૮-૦૯ | વર્ષ ૨૦૦૯-૧૦ | |
| ૨૯૭ | ૧૯૩ | ૪૯૦ |

(૨)

| મંજુર અરજીઓ | | કુલ |
|---|---|---|
| વર્ષ ૨૦૦૮-૦૯ | વર્ષ ૨૦૦૯-૧૦ | |
| ૨૪૩ | ૧૬૨ | ૪૦૫ |

(૩) ૧૬.

## ભાવનગર જિલ્લામાં નવા છાત્રાલયો બનાવવા કરેલ આયોજન

૧૫૨૧૮**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા)માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા બક્ષીપંચના કુમાર અને કન્યા છાત્રાલયો આવેલ છે, અને

(૨) નવા છાત્રાલયો બનાવવા સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) (અ) ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય

| ક્રમ | તાલુકો | છાત્રાલયોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુલ |
| ૧ | મહુવા | ૧ | ૦ | ૧ |
| ૨ | ભાવનગર | ૫ | ૦ | ૫ |
| ૩ | તળાજા | ૫ | ૨ | ૭ |
| ૪ | ગારીયાધાર | ૨ | ૧ | ૩ |
| ૫ | પાલીતાણા | ૭ | ૧ | ૮ |
| ૬ | ઉમરાળા | ૧ | ૦ | ૧ |
| ૭ | બોટાદ | ૩ | ૦ | ૩ |
| ૮ | ગઢડા | ૧ | ૦ | ૧ |
| ૯ | શિહોર | ૧ | ૦ | ૧ |
| ૧૦ | વલ્લભીપુર | ૧ | ૦ | ૧ |
| | કુલ : | **૨૭** | **૪** | **૩૧** |

(બ) સરકારી છાત્રાલયો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મહુવા | ૧ | ૧ | ૨ |
| ૨ | ભાવનગર | ૨ | ૧ | ૩ |
| | કુલ : | **૩** | **૨** | **૫** |

(૨) ભાવનગર જિલ્લામાં ૧ નવું ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય શરૂ કરવાની મંજુરી આપેલ છે.

### જૂનાગઢ જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ થયેલ ચૂકવણી

૧૪૯૦૦**શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| જૂનાગઢ જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત છેલ્લે ક્યા માસ સુધી સહાયનું ચૂકવણું થયેલ છે? | જૂનાગઢ પ્રાંતમાં જાન્યુઆરી-૨૦૧૦ સુધી તેમજ વેરાવળ અને કેશોદ પ્રાંતમાં ફેબ્રુઆરી-૨૦૧૦ સુધીની સહાય ચૂકવવામાં આવી. |

------------

### વેચાણવેરાની આવક તથા પચીસ ટકા ટેક્ષની ચીજવસ્તુઓ

૧૫૧૨૦ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને સેલ્સ ટેક્ષની કેટલી આવક થઈ, અને | (૧)<br>વર્ષ ૨૦૦૭-૦૮-રૂપિયા ૧૫૧૦૪.૫૪ ક્રોડ (નેટ)<br>વર્ષ ૨૦૦૮-૦૯-રૂપિયા ૧૬૮૧૦.૬૫ ક્રોડ (નેટ)<br>વર્ષ ૨૦૦૯-૧૦-રૂપિયા ૧૩૯૧૯.૮૯ ક્રોડ (નેટ)<br>(૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પ્રોવિઝનલ) |
| (૨) એમાં પચ્ચીસ ટકા ટેક્ષ લેવાતો હોય એવી કઈ કઈ ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે? | (૨) કેરોસીન (જાહેર વિતરણ વ્યવસ્થા સિવાયનું) |

### આણંદ જિલ્લામાં યોજેલ ઓદ્યોગિક ભરતીમેળા

૧૪૨૯૫ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઓદ્યોગિક ભરતીમેળાઓ યોજવામાં આવ્યા, અને | (૧) તા. ૦૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ ૧૯<br>તા. ૦૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ ૧૮<br>**કુલ : ૩૭** |
| (૨) તે અન્વયે આ ભરતીમેળામાં કેટલા બેરોજગારોને રોજગારી આપી? | (૨) તા. ૦૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ ૨૮૩<br>તા. ૦૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ ૨૯૦૬<br>**કુલ : ૩૧૮૯** |

------------

### કચ્છ જિલ્લામાં સંકટ મોચન યોજનાની મળેલ અરજીઓ

૧૪૮૯૭**શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સંકટ મોચન યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૩૯૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૪૦. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી? | (૩) ૧૮૦. |

------------

### આણંદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ

૧૪૯૪૮**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરા યોજના હેઠળ આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ | (૧) ૩૧૩. |

દરમ્યાન કેટલી અરજીઓ મળી, અને

| | |
|---|---|
| (૨) તે પેકી કેટલી અરજી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૬૯. |
| (૩) કેટલી અરજીઓ પડતર છે? | (૩) ૧૬. |

------------

**પંચમહાલ જિલ્લા રોજગાર વિનિમય ક્ચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો**

૧૪૯૧૫ **શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પંચમહાલ જિલ્લાની ગોધરા જિલ્લા રોજગાર વિનિમય ક્ચેરીમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે? | ૩૫૭૧૬ |

------------

**માથાદીઠ આવક તેમજ દેવા અંગે**

૧૩૫૪૬**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં માથાદીઠ આવક કેટલી, | (૧) રાજ્યમાં માથાદીઠ આવક કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ તેયાર કરવામાં આવતી નથી. આથી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં માથાદીઠ આવક્નો અંદાજ બાંધી શકાય નહી. આમ છતાં વર્ષ ૨૦૦૮-૦૯માં રાજ્યમાં માથાદીઠ આવક રૂ. ૪૯૨૫૧ અંદાજવામાં આવી છે. |
| (૨) તેની સામે માથાદીઠ દેવું કેટલું છે, અને | (૨) રૂ. ૧૬૩૨૮-૦૦ (અંદાજીત). |
| (૩)માથાદીઠ દેવું ઓછું થાય તે માટે રાજ્ય સરકાર તરફથી કોઈ આયોજન કરવામાં આવ્યું છે? | (૩) રાજવિત્તિય શિસ્તના પાલન દ્વારા દેવું, રાજ્યના વિકાસ માટે મૂડી ખર્ચની જરૂરીયાત પ્રમાણે અને કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ મર્યાદાની અંદર રાખવામાં આવે છે. |

**જામનગર જિલ્લામાં વિક્લાંગ શિષ્યવૃત્તિ યોજનાની મળેલ અરજીઓ**

૧૪૮૯૧ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા(ખંભાળીયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિક્લાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) વિક્લાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે જામગનર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૬૮૫ અરજીઓ આવી. |
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી રક્મ ચૂક્વવામાં આવી, | (૨) તે પેકી ૬૧૧ અરજીઓ મંજૂર કરી અને કુલ રૂ. ૭,૮૯,૫૦૦-૦૦ (સાત લાખ નેવ્યાસી હજાર પાંચસો રૂપિયા.)ની રક્મ ચૂક્વવામાં આવી. |
| (૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૫૨ (બાવન) અરજીઓ નામંજૂર કરવામાં આવી. |
| (૪) કેટલી અરજીઓ પડતર છે? | (૪) ૨૨ અરજીઓ પડતર છે. |

**નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડંટ ફંડની ક્ચેરીમાં પેન્શનના પડતર કેસો**

૧૪૯૩૬**શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડંટ ફંડની ક્ચેરીમાં પેન્શન મંજૂરીના કેટલા કેસો પડતર છે, | (૧) ૭૧૫ કેસ. |

(૨) આ કેસો પડતર રહેવાના શાં કારણો છે, અને

(૨) ચકાસણીની પ્રક્રિયામાં હતા.

(૩) પડતર કેસોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

(૩) તારીખ ૦૫-૦૩-૨૦૧૦ની સ્થિતિએ કોઈ કેસ પડતર નથી.

------------

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેનો સ્વતંત્ર વિભાગ કરવા બાબત**

૧૨૯૧૫ **શ્રી આર.સી. પટેલ(જલાલપોર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) સરકાર સચિવાલય કક્ષાએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સ્વતંત્ર અને અલાયદો વિભાગ શરૂ કરવા વિચારી રહી છે, તે હકીક્ત સાચી છે,

(૧) ના, જી.

(૨) જો હા, તો આ અંગેની કાર્યવાહી તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સરકાર સચિવાલય કક્ષાએ આ વર્ગો માટે ક્યારથી સ્વતંત્ર વિભાગ શરૂ કરનાર છે?

(૩) હાલ કોઈ વિચારણા ચાલતી નથી.

------------

**બનાસકાંઠા જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા**

૧૩૫૪૦**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વેચાણવેરાના કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૧) ૧૫.

(૨) આ દરોડા દરમ્યાન કેટલા રૂપિયાની ગેરરીતિઓ પકડવામાં આવી, અને

(૨) ૫૦.૪૧ લાખ.

(૩) કેટલા ગુનેગારો સામે કાનુની કાર્યવાહી કરવામાં આવી?

(૩) ૧૪ કેસોમાં વેટ અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી. એક એકમમાં કોઇ ક્ષતિ જણાયેલ નથી.

------------

**ખેડા જિલ્લામાં સ્વરોજગાર શિબિરોના આયોજન અંગે**

૧૪૦૪૨**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ૨૦૦૯ના કેલેન્ડર વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલી સ્વરોજગાર શિબિરોનું સરકાર ધ્વારા આયોજન કરવામાં આવ્યું,

(૧) ૨૦.

(૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર રહયા, અને

(૨) ૨૮૫૪.

(૩) હાજર રહેલા ઉમેદવારોમાંથી કેટલાને રોજગારી આપવામાં આવી?

(૩) ૧૯૨૬.

------------

**સાબરકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૧૫૧૨૪**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે, અને

(૧)

| | |
|---|---|
| શિક્ષિત | ૫૫૯૭૬ |
| અર્ધશિક્ષિત | ૩૨૨૭ |
| કુલ | ૫૯૨૦૩ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

(૨)

| | |
|---|---|
| શિક્ષિત | ૩૫૯૦ |
| અર્ધશિક્ષિત | ૩૩૦૯ |
| કુલ | ૬૮૯૯ |

------------

## ભાવનગર જિલ્લામાં શ્રમિક સુરક્ષા સહાયની મળેલ અરજીઓ

૧૪૯૦૭**શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૪-૦૯થી તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા શ્રમિક સુરક્ષા યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં સહાય માટે કેટલી અરજીઓ મળી,

(૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) અરજીઓ નામંજૂર થવાના કારણો શા છે?

**જવાબ**

(૧) ૧૧૭ (એક સો સત્તર).

(૨) ૨૭ (સત્યાવીસ).

(૩) ૨૫ (પચ્ચીસ).

(૪) વહીવટી કારણો.

------------

## કેન્દ્ર પુરસ્કૃત તેમજ વિભાગોને ફાળવેલ રકમ પેકી જમા મળેલ રકમ

૧૪૯૯૭**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં કેન્દ્રીય પુરસ્કૃત અને રાજ્યના જુદા જુદા વિભાગોને ફાળવેલ બજેટ રકમ અન્વયે પૂરતી રકમ ન વપરાઈ હોય તેવા ક્યા ક્યા વિભાગની રકમો નાણાં વિભાગમાં જમા કરવામાં આવી?

**જવાબ**

| ક્રમ | વિભાગનું નામ | કેન્દ્ર પુરસ્કૃત યોજના અંતર્ગત નાણા વિભાગમાં જમા રકમ (રૂપિયા કરોડમાં) |
|---|---|---|
| ૧ | કાયદા વિભાગ | ૬.૪૭ |
| ૨ | મહેસૂલ વિભાગ | ૭.૧૫ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૬૩.૨૦ |
| ૪ | કૃષિ અને સહકાર વિભાગ | ૪૧.૦૬ |

## રાજ્ય સરકારનું તમામ પ્રકારનું દેવું

૧૪૯૮૯ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યનું કુલ દેવું કેટલું છે, અને

(૨) સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં દેવા પેટે કેટલું વ્યાજ ચૂકવવામાં આવ્યું છે?

**જવાબ**

(૧) કુલ દેવું રૂ.૯૬૨૯૩ કરોડ (અંદાજીત).

(૨) રૂા. ૭૦૬૫ કરોડ.

------------

## આણંદ જિલ્લામાં રાજ્યકક્ષાના રમતગમતના મેદાનો બનાવવા અંગે

૧૩૫૪૩ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં રમત ગમત માટેના રાજ્યકક્ષાના તથા જિલ્લા કક્ષાના રમતગમતના મેદાનો છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા ક્યા સ્થળે આવેલા છે,

(૩) જો ના, તો સરકાર ઉપર જણાવ્યા પ્રમાણેના મેદાનો બનાવવા માગે છે, અને

(૪) જો હા, તો કેટલા સમયમાં આણંદ જિલ્લાને ઉપરોક્ત મેદાનની સગવડ મળશે?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) હા, જી. કલેકટરશ્રી, આણંદ તરફથી મોજે બાકરોલ તા. આણંદના સર્વે નં. ૧૧૪૨ પેકી ૩ એટલે કે હે. ૬-૭-૦૪ આરે જમીન (આશરે ૧૫ એકર) રમતગમત સંકુલ માટે ફાળવવામાં આવેલ છે. જે જમીન રમત સંકુલ માટે યોગ્ય ન જણાતા કલેકટરશ્રી, આણંદ તરફથી અન્ય સ્થળે જમીન ફાળવણી કરવા સુચના આપવામાં આવી છે. જે જમીન ફાળવણી થયેથી રમત સંકુલ બનાવવામાં આવશે.

(૪) જમીન ઉપલબ્ધ થયેથી.

**રાજ્ય સરકાર ધ્વારા લીધેલ ઓવરડ્રાફ્ટ**

૧૪૯૩૫**શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલીવાર ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યા, અને | (૧) શૂન્ય. |
| (૨) તે પેટે કેટલું વ્યાજ ચૂકવવામાં આવ્યું? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ખેડા જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ ચૂકવેલ સહાય**

૧૪૯૪૦ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ(માતર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલી અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવવામાં આવી છે, અને | (૧) ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯માં **૯૬૫** અને વર્ષ ૨૦૦૯-૧૦ માં **૪૫૨** મળીને કૂલ **૧૪૧૭** અરજીઓ મંજૂર કરીને સહાય ચૂકવવામાં આવી છે. |
| (૨) તે અંગે કેટલો ખર્ચ થયેલ છે? | (૨) ૩૪૧.૬૧ લાખ. |

**રાજ્યમાં તિજોરી અને પેટા તિજોરી કચેરીની નાણાકિય કામગીરી અંગે**

૧૪૯૫૩**શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં કેટલી તિજોરી અને પેટા તિજોરી કચેરી છે, | (૧) જિલ્લા તિજોરી - ૨૫<br>પેટા તિજોરી કચેરી - ૧૬૫ + ૧ (સેન્ટ્રલ). |
| (૨) પેટા તિજોરી કચેરી તાલુકા મથકે શરૂ કરવી ફરજીયાત છે તે હકિકત સાચી છે, અને | (૨) ના. |
| (૩) જો હા, તો જે તાલુકા મથકે પેટા તિજોરી કચેરી આવેલ નથી ત્યાંની નાણાકીય કામગીરી માટે સરકારે શું વ્યવસ્થા કરેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમરેલી જિલ્લામાં રમતગમત ક્ષેત્રે આપેલ પુરસ્કાર**

૧૪૦૪૬**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય રમત-ગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુદા જુદા રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ક્યા તાલુકાના ક્યા ગામની સ્કૂલના વિદ્યાર્થીઓએ કેવા પ્રકારની રમતગમતમાં ભાગ લીધો છે, | (૧) *""**પત્રક - અ**"" મુજબ |
| (૨) રમતગમતમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને શું પુરસ્કાર આપવામાં આવેલ છે; અને | (૨) રમતગમતમાં ભાગ લેનાર એક વિદ્યાર્થીને જયદિપસિંહજી જુનિયર એવોર્ડ આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાર્થી/વિદ્યાર્થીઓને કેટલી રકમના પુરસ્કાર મળેલ છે અને ના મળ્યા હોય તો તેના શું કારણો છે ? | (૩) તા. ૩૧-૧૦-૨૦૦૯ ના રોજ અમદાવાદ ખાતે વઘાસિયા નિતાબેન વિઠ્ઠલભાઈને જયદિપસિંહજી એવોર્ડથી સન્માનીત કરવામાં આવેલ છે. જેમાં રૂપિયા ૧૦,૦૦૦-૦૦ રોકડ પુરસ્કાર, મોમેન્ટો, પ્રશસ્તી પત્ર, બ્લેઝર કાપડ, ક્રેસ્ટ આપવામાં આવેલ છે. |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

**ડાંગ જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાની મળેલ અરજીઓ**

૧૪૮૯૫**શ્રી વિજયભાઈ ર.પટેલ(ડાંગ-વાંસદા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૩૧૨ |

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૧૦૮૮

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

(૩) ૨૧૯

------------

**આયોજન પંચ દ્વારા ફાળવેલ ગ્રાન્ટ**

૧૩૪૨૪ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારને આયોજન પંચ (ભારત સરકાર) દ્વારા વર્ષવાર કેટલી રકમ ફાળવી, અને

(૨) મળેલ રકમ સામે રાજ્ય સરકારે કેટ કેટલો ખર્ચ કર્યો?

**જવાબ**

(૧) ભારત સરકાર દ્વારા વર્ષવાર ફાળવેલ રકમ નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | ૩૧૬૨.૮૬ |
| ૨ | ૨૦૦૭-૦૮ | ૩૭૬૮.૮૮ |
| ૩ | ૨૦૦૮-૦૯ | ૪૨૯૩.૫૦ |

(૨) મળેલ તમામ રકમની ફાળવણી કરવામાં આવી છે.

------------

**નાણા વિભાગ હસ્તકની વર્ગ-૩ સેલ્સ ટેક્ષ ઈન્સ્પેકટરની સીધી ભરતીની જગાઓ**

૧૪૬૫૫**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નાણા વિભાગ હસ્તકની સેલ્સ ટેક્ષ ઈન્સ્પેકટરની વર્ગ-૩ની સીધી ભરતીથી ભરવાની થતી કુલ કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ભરવાની બાકી છે,

(૨) આ જ્ગ્યાઓ સત્વરે ભરાય તે માટે સરકારે શા પગલાં લીધા, અને

(૩) આ જ્ગ્યા ન ભરવાના શાં કારણો છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯નીસ્થિતિએ વાણિજ્યિક્વેરા નિરીક્ષક (જૂનું નામ સેલ્સ ટેક્ષ ઈન્સ્પેકટર) વર્ગ-૩ની સીધી ભરતીથી ભરવાની થતી કુલ ૫૭૦ જ્ગ્યાઓ સને ૧૯૯૬ થી તા. ૩૧-૧૨-૦૯ સુધીના સમયગાળાની ભરવાની બાકી છે.

(૨) આ જ્ગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગતિમાં છે.

(૩) વહીવટી કારણોસર

**રાજવીઓની રેકર્ડની વિગતો**

: ૧૪૯૬૪**શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) :માનનીય મંત્રીશ્રી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અગત્યના અને ભૂતપૂર્વ રાજવીઓના સમયના રેકર્ડ કોમ્પ્યુટરાઈઝેશન કરવા માટે સરકારશ્રીએ કોઈ યોજના અમલમાં મૂકી છે, તેહકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ યોજનાની વિગતો શું છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અભિલેખાગાર ખાતા દ્વારા રેકર્ડના કોમ્પ્યુટરાઈઝેશન માટેની યોજના વર્ષ ૨૦૦૭-૦૮થી અમલમાં મુકેલ છે. સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના અંત સુધીમાં કૂલ ૨ કરોડ ૦૭ લાખ પાનાની સ્કેન્નીંગની કામગીરી પૂર્ણ કરેલ છે. જ્યારે માર્ચ-૨૦૧૦ સુધીમાં ૧ કરોડ ૯૦ લાખ પાનાની સ્કેન્નીંગની કામગારી પૂર્ણ કરવાનો અંદાજ છે.

**જામનગર જિલ્લાના સ્મારકોની જાળવણી અંગે**

૧૪૬૧૬**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લાના ભાણવડ, ઘુમલી અને આજુબાજુના એતિહાસિક સ્મારકની જાળવણી અને સુધારણા માટેનું

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લાના ભાણવડ, ઘુમલી અને આજુબાજુ આવેલ રાજ્ય રક્ષિત સ્મારકો પેકી છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ઘુમલીના

છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા સ્થળો માટે મંજૂરી મળી છે, અને

રાજ્ય રક્ષિત સ્મારકો (૧) નવલખા મંદિર (૨) ગણેશ મંદિર (૩) રામપોળ દરવાજો (૪) પ્રાચીન મંદિર (છેલ્લેશ્વર તળાવની પાસે) (૫) સોનકંસારી (૬) વીકીયાવાવના પુરારક્ષણની કામગીરી હાથ ધરવા માટે મંજૂરી મળેલ છે.

(૨) આ સ્મારકો પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે?

(૨) આ સ્મારકો એટલે કે ઘુમલી ક્લસ્ટર પાછળ અંદાજીત રૂ. ૩.૦૦ કરોડનો ખર્ચ થનાર છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ**

૧૪૮૮૯ **શ્રી કનુભાઈ ભાલાળા(વિસાવદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સંત સુરદાસ યોજના અન્વયે જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૧) ૧,૮૧૯.

(૨) તેઓને કેટલી સહાય ચૂકવેલ છે?

(૨) રૂ. ૮૨,૨૭,૦૦૦/-.

------------

**મહેસાણા જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજનાની મળેલ અરજીઓ**

૧૪૯૩૯**શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૧) ૧૯૨.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) ૧૪૨.

(૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવાની બાકી છે?

(૩) મંજૂર અરજીઓ પૈકી ૩૧ અરજીઓમાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ સહાય ચૂકવવાની બાકી હતી.

**નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં દાહોદ જિલ્લાના નોંધાયેલ પેન્શનના કેસો**

૧૪૬૧૭**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં દાહોદ જિલ્લામાં નિવૃત્ત થયેલ કર્મચારીઓના કેટલા પેન્શન કેસો નોંધાયેલ છે, અને

(૧) ૨૨ કેસ.

(૨) આ કેસો પૈકી છેલ્લા એક વર્ષથી નોંધાયેલ કેસો કેટલા?

(૨) શૂન્ય.

**વડોદરા અને ભરૂચ જિલ્લામાં યોજેલ ઓદ્યોગિક ભરતીમેળા**

૧૪૧૬૦ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વડોદરા અને ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ઓદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા,

(૧)

| જિલ્લાનું નામ | યોજેલ ઓદ્યોગિક ભરતી મેળાઓ |
|---|---|
| (૧) વડોદરા | ૫૮ |
| (૨) ભરૂચ | ૯૩ |
| **કુલ ..** | **૧૫૧** |

| | |
|---|---|
| કુલ .. | **૧૫૧** |

(૨) આ ભરતીમેળામાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૨)

| જિલ્લાનું નામ | આપેલ રોજગારી |
|---|---|
| (૧) વડોદરા | ૩૩૫૭ |
| (૨) ભરૂચ | ૨૪૩૯૫ |
| કુલ .. | ૨૭૭૫૨ |

(૩) આવા મેળા વધુ યોજાય તે માટે સરકારે શું આયોજન કરેલ છે?

(૩) રોજગારી અંગેની ખાલી જગ્યાઓની વધુ માહિતી એકત્રિત કરીને તથા સ્થાનિક ઉદ્યોગો સાથે સંકલન કરીને વધુ ભરતીમેળાઓ યોજનાનું આયોજન છે.

------------

## ભરૂચ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે કરેલ ખર્ચ

૧૫૧૨૬**શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર રમતગમત ક્ષેત્રે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર રમતગમત ક્ષેત્રે નીચે મુજબની રકમ ફાળવવામાં આવી.

ભરૂચ જિલ્લો :

(રકમ રૂપિયામાં)

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|
| ૧. | ભરૂચ | ૫,૫૯,૪૮૬ |
| ૨. | અંકલેશ્વર | ૯૭,૧૭૮ |
| ૩. | ઝઘડીયા | ૭૧,૩૫૦ |
| ૪. | વાલિયા | ૧૬,૧૮૦ |
| ૫. | હાંસોટ | ૧૫,૪૦૦ |
| ૬. | વાગરા | ૧૧,૦૦૦ |
| ૭. | આમોદ | ૧૩,૬૦૦ |
| ૮. | જંબુસર | ૧૧,૦૦૦ |
| | કુલ : | **૭,૯૫,૧૯૪** |

**નર્મદા જિલ્લો :**

(રકમ રૂપિયામાં)

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|
| ૧. | નાંદોદ | ૨૭,૪૧,૯૪૮ |
| ૨. | ડેડીયાપાડા | ૧૩,૬૦૦ |
| ૩. | સાગબારા | ૧૩,૬૦૦ |
| ૪. | તિલકવાડા | ૧૩,૬૦૦ |
| | કુલ : | ૨૭,૮૨,૭૪૮ |

(૨) ફાળવેલ રકમ અન્વયે કઈ કઈ રમતો પાછળ કેટ કેટલો ખર્ચ થયો ?

(૨) આ રમતો પાછળ નીચે મુજબનો ખર્ચ થયેલ છે.

**ભરૂચ જિલ્લો :**

(રકમ રૂપિયામાં)

| ક્રમ | રમતનું નામ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૧. | કબડ્ડી | ૩૧,૨૨૦ |
| ક્રમ | રમતનું નામ | થયેલ ખર્ચ |
| ૨. | ખો-ખો | ૭૪,૫૮૮ |
| ૩. | વોલીબોલ | ૨૯,૩૬૦ |
| ૪. | એથ્લેટીક્સ | ૮૩,૩૫૮ |
| ૫. | ફૂટબોલ | ૧૨,૫૮૦ |
| ૬. | હેન્ડ બોલ | ૨૭,૯૪૦ |
| ૭. | બાસ્કેટ બોલ | ૧૮,૧૭૧ |
| ૮. | તરણ | ૩,૯૫૦ |
| ૯. | હોકી | ૨,૦૦,૬૬૦ |
| ૧૦. | બેડ મિન્ટન | ૧,૫૮,૮૫૬ |
| ૧૧. | ટેબલ ટેનિસ | ૪,૮૨૨ |
| ૧૨. | લોન ટેનિસ | ૨,૯૬૫ |
| ૧૩. | જુડો | ૨,૪૨૦ |
| ૧૪. | કુસ્તી | ૨,૭૪૦ |
| ૧૫. | જીમ્નાસ્ટીક | ૨,૨૮૦ |
| ૧૬. | બોલ-બેડ મિન્ટન | ૩૫૦ |
| ૧૭. | આર્ચરી | ૮૨૦ |
| ૧૮. | ફેન્સીંગ | ૨૦૦ |
| ૧૯. | યોગાસન | ૧,૪૭૦ |
| ૨૦. | ટગ ઓફ વોર | ૬૮૦ |
| ૨૧. | રોલર સ્કેટીંગ | ૨,૪૬૫ |
| ૨૨. | વેઇટ લીફટીંગ | ૧,૦૪૦ |

| | | |
|---|---|---|
| ૨૨. | વેઇટ લીફટીંગ | ૧,૦૪૦ |
| ૨૩. | સોફ્ટ બોલ | ૧,૩૫૦ |
| ૨૪. | પ્રતિભા શોધ ક્સોટી | ૨,૨૯૮ |
| ૨૫. | આદિવાસી પ્રતિભા શોધ ક્સોટી | ૩,૫૯૭ |
| | **કુલ :** | **૬,૭૦,૧૮૦** |

**નર્મદા જિલ્લો :**

(રકમ રૂપિયામાં)

| **ક્રમ** | **રમતનું નામ** | **થયેલ ખર્ચ** |
|---|---|---|
| ૧. | કબડ્ડી | ૧૯,૫૬૦ |
| ૨. | ખો-ખો | ૪,૯૫,૪૯૨ |
| ૩. | વોલીબોલ | ૧૬,૦૭૦ |
| ૪. | એથ્લેટીક્સ | ૧૫,૫૮,૯૯૫ |
| ૫. | ફૂટબોલ | ૨,૭૭,૫૩૨ |
| ૬. | હેન્ડ બોલ | ૧,૯૮૦ |
| **ક્રમ** | **રમતનું નામ** | **થયેલ ખર્ચ** |
| ૭. | બાસ્કેટ બોલ | ૧,૨૪,૯૨૮ |
| ૮. | તરણ | ૨,૬૧૦ |
| ૯. | હોકી | ૧૮,૩૩૫ |
| ૧૦. | બેડ મિન્ટન | ૪,૦૪૫ |
| ૧૧. | ટેબલ ટેનિસ | ૨,૮૭૦ |
| ૧૨. | લોન ટેનિસ | ૯૫૦ |
| ૧૩. | જુડો | ૨,૫૦૦ |
| ૧૪. | કુસ્તી | ૧,૭૮૦ |
| ૧૫. | જીમ્નાસ્ટીક | ૩૫,૨૬૬ |
| ૧૬. | બોલ-બેડ મિન્ટન | ૨૦૦ |
| ૧૭. | આર્ચરી | ૭૧૦ |
| ૧૮. | ફેન્સીંગ | ૪૦૦ |
| ૧૯. | યોગાસન | ૧,૪૩૦ |
| ૨૦. | ટગ ઓફ વોર | ૪૦૦ |
| ૨૧. | રોલર સ્કેટીંગ | ૨,૦૧૦ |
| ૨૨. | વેઇટ લીફટીંગ | ૬૦૫ |
| ૨૩. | સોફ્ટ બોલ | ૧,૦૦૦ |
| ૨૪. | પ્રતિભા શોધ ક્સોટી | ૩,૯૦૦ |
| ૨૫. | આદિવાસી પ્રતિભા શોધ ક્સોટી | ૮,૦૬૫ |
| | **કુલ :** | **૨૫,૮૧,૬૩૩** |

## પંચમહાલ જિલ્લામાં શોધી કાઢેલ બાળમજૂરો

૧૪૬૫૯ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં બાળમજૂરોનું શોષણ અટકાવવા તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) આ કાર્યવાહી દ્વારા કેટલા બાળમજૂરોને શોધી કાઢ્યા, અને

(૩) કેટલા માલિકો સામે શાં પગલાં ભર્યા ?

**જવાબ**

(૧) રાજ્યમાં બાળશ્રમયોગી પ્રથા નાબૂદ કરવા કામની જ્ગ્યાએથી બાળ શ્રમયોગીઓને મુક્ત કરાવવા માટે બાળ કામદાર (પ્રતિબંધ અને નિયમન) ધારો, ૧૯૮૬ના ચુસ્તપણે અમલ અંગે, નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવી.

(૨) ૩૨.

(૩) ૨૫ માલિકો/સંસ્થાઓ સામે બાળ કામદાર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ ૧૯૮૬ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી સક્ષમ અદાલતમાં ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે.

------------

## બનાસકાંઠા જિલ્લામાં સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ પાછળ કરેલ ખર્ચ

૧૪૩૮૨**શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં યુવા સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ માટે વર્ષવાર કેટલી રકમ ક્યા ક્યા તાલુકા માટે

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં યુવા સાંસ્કૃત્તિક પ્રવૃતિઓ માટે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એટલે કે તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૦૮

ફાળવવામાં આવી,

અને તા. ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ સુધી ની વિગતે તાલુકાવાર ફાળવેલ રકમ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ સુધી ફાળવેલ રકમ રૂપિયામાં | ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ સુધી ફાળવેલ રકમ રૂપિયામાં |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૮૦૨૫૦૦ | ૩૭૫૦૦ |
| ૨ | અમીરગઢ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ૩ | દાંતીવાડા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ૪ | ડિસા | ૩૯૦૦૦ | ૧૬૩૮૨૦ |
| ૫ | થરાદ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ૬ | વાવ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ૭ | વડગામ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ૮ | દાંતા | ૧૭૭૦૦૦ | ૧૪૫૫૦૦૦ |
| ૯ | ભાંભર | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ૧૦ | દિયોદર | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ૧૧ | કાંકરેજ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ૧૨ | ધાનેરા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| | કુલ : | **૧૦,૩૬,૫૦૦** | **૧૬,૭૮,૮૨૦** |

(૨) વર્ષવાર કેટલો ખર્ચ કઈ કઈ પ્રવૃત્તિઓ પાછળ કરવામાં આવેલ, અને

(૨)

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | ૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ સુધી થયેલ ખર્ચ | ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ સુધી થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | તાલુકા યુવાઉત્સવ | ૨૪૦૦૦ | ૩૦૦૦૦ |
| ૨ | જિલ્લા યુવા ઉત્સવ | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ |
| ૩ | જિલ્લા યોગાસન તાલીમિ શિબીર | ૨૫૦૦૦ | ૩૦૦૦૦ |
| ૪ | જિલ્લા યુવક નેતૃત્વ તાલીમ શિબીર | ૨૦૦૦૦ | ૩૦૦૦૦ |
| ૫ | અનુ.જનજાતિ વ્યક્તિત્વ વિકાસ તાલીમ શીબીર | ૫૦૦૦૦ | ૩૯૦૦૦ |
| **ક્રમ** | **પ્રવૃત્તિનું નામ** | **૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ સુધી થયેલ ખર્ચ** | **૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ સુધી થયેલ ખર્ચ** |
| ૬ | અનુ.જનજાતિ વ્યક્તિત્વ વિકાસ તાલીમ શીબીર | ૫૦૦૦૦ | ૪૩૦૦૦ |
| ૭ | આદીજાતિ મહોત્સવ | ૦૦ | ૬૫૦૦૦૦ |
| ૮ | પ્રાદેશિક ઇન્ટરવ્યુ માર્ગદર્શન વ્યવસાય શિબીર | ૩૦૦૦૦ | ૦૦ |
| ૯ | ક્રાંતિદિન નિમીત્તે લોક ડાયરો | ૪૦૦૦૦ | ૦૦ |
| ૧૦ | ૧૫મી ઓગષ્ટ નીમિત્તે સાસ્કૃતિક કાર્યક્રમ | ૬૧૯૮૬૦ | ૦૦ |
| ૧૧ | બાળપ્રતિભા શોધ સ્પર્ધા | ૧૦૦૦૦ | ૧૦૦૦૦ |
| ૧૨ | બાળ નાટ્ય સ્પર્ધા | ૨૦૦૦ | ૨૨૨૬૫ |
| ૧૩ | ડૉ.બાબા સાહેબ આંબેડકર નિર્માણ દિન નિમિત્તે લોક ડાયરો | ૨૦૦૦૦ | ૫૭૫૪ |
| ૧૪ | લોક ડાયરો | ૨૦૦૦૦ | ૨૦૦૦૦ |
| ૧૫ | રાસ ગરબા સ્પર્ધા | ૫૦૦૦ | ૧૫૦૦૦ |
| ૧૬ | તુરી બારોટ કલાકારો માટે રાવણ હથ્થા તાલિમ શિબિર | ૦૦ | ૮૫૬૩૭ |
| ૧૭ | સુગમ સંગીત મહોત્સવ | ૭૪૯૮૧ | ૦૦ |
| ૧૮ | વિભાગીય ત્રીઅંકી નાટ્ય સ્પર્ધા | ૦૦ | ૧૩૦૫૬૬ |
| | કુલ : | **૧૦,૦૫,૮૪૧** | **૧૧,૨૬,૨૨૨** |

(૩) આ પ્રવૃત્તિઓને વધુ વેગ મળે તે માટે આ જિલ્લાનું અગામી શું આયોજન છે ?

(૩) આ પ્રવૃત્તિઓને વધુ વેગ મળે તે હેતુસર પ્રત્યેક પ્રવૃત્તિઓના આયોજન પૂર્વે સ્થાનિક વર્તમાન પત્રોમાં બહોળી પ્રસિધ્ધિ થાય અને વધુને વધુ યુવક-યુવતીઓની અરજીઓ મળે જેથી યોગ્ય શિબિરાર્થીઓની પસંદગી થાય તે રીતે કાર્યવાહી હાથ ધરવા, સ્થાનિક મંડળોને આવી યોજના માટેની માહિતી મોકલી આપી વધુ દરખાસ્તો (અરજીઓ) મેળવવા તથા સ્થાનિક શાળા અને મહાશાળાઓ જેવી સંસ્થાઓને પરિપત્ર કરી વધુને વધુ યુવક/યુવતીઓ ભાગ લે તે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવા જિલ્લા રમતગમત અધિકારીશ્રીને સુચના આપવામાં આવશે.

## રાજકોટ જિલ્લામાં વિદેશ અભ્યાસ માટે લોનની મળેલ અરજીઓ

૧૪૯૪૬ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં વિદેશ અભ્યાસ માટે લોનની યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૧) ૬ (છ).

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩ (ત્રણ). |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૨ (બે). |

------------

**કામદાર કલ્યાણ નિધિ પાછળ થયેલ ખર્ચ**

૧૫૧૩૦ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મકાન અને અન્ય બાંધકામ કામદારોના સેસ કલેકશન પેટે કામદાર કલ્યાણ નિધીમાં કુલ કેટલી આવક થઈ, | (૧) **વર્ષ** — **જમા થયેલ રકમ**<br>૨૦૦૭-૦૮ — ૨૪,૫૮,૫૭,૦૦૦/-<br>૨૦૦૮-૦૯ — ૪૪,૮૬,૪૩,૦૦૦/-<br>૨૦૦૯-૧૦ (૩૧-૧-૧૦ સુધી) — ૫૭,૬૮,૨૬,૦૦૦/-<br>-------------------<br>**કુલ : ૧૨૭,૧૩,૨૬,૦૦૦/-** |
| (૨) તે અન્વયે વર્ષવાર કેટ કેટલો ખર્ચ થયો, અને | (૨) **વર્ષ** — **થયેલ ખર્ચ**<br>૨૦૦૭-૦૮ — ૩,૧૬,૧૭૭/-<br>૨૦૦૮-૦૯ — ૧૫,૩૯,૯૫૮/-<br>૨૦૦૯-૧૦ (૩૧-૧-૧૦ સુધી) — ૬૯,૦૧,૧૩૬/-<br>-------------------<br>**કુલ : ૮૭,૫૭,૨૭૧/-** |
| (૩) આ સ્થિતિએ કુલ ભંડોળ કેટલું જમા થયેલ છે ? | (૩) રૂા. ૧૪૪,૨૩,૪૬,૧૬૩/-<br>(૧૪૪.૨૩ કરોડ) |

------------

**સુરત જિલ્લામાં સંકટ મોચન યોજનાની મળેલી અરજીઓ**

૧૪૮૯૮**શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સંકટ મોચન યોજના અંતર્ગત સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૩૨૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૦૫૦. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી? | (૩) ૯૧. |

------------

**નર્મદા જિલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો**

૧૪૯૧૪**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા(છોટાઉદેપુર) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| નર્મદા જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલા છે? | ૯૫૦૪. |

------------

**અભિલેખાગાર કચેરી દ્વારા પ્રદર્શન પાછળ કરેલ ખર્ચ**

૧૪૯૬૩**શ્રી કલ્યાણસિંહ ચૌહાણ(દહેગામ) :માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અભિલેખાગાર કચેરી દ્વારા સન ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલા પ્રદર્શનોનું | (૧) અભિલેખાગાર કચેરી દ્વારા સને ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કુલ ૯ (નવ) |

આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ માટે કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

પ્રદર્શનોનું આયોજન કરવામાં આવ્યું.

(૨) આ ક્ચેરી દ્વારા સને ૨૦૦૯-૧૦ દરમ્યાન યોજેલ ૯ (નવ) પ્રદર્શનનો કુલ ખર્ચ રૂ. ૬૨,૨૩૪/- થયેલ છે.

------------

## બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓના ગણવેશ પાછળ કરેલ ખર્ચ

૧૩૫૩૩ **શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ગણવેશ યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને

(૨) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧)

| ક્રમાંક | તાલુકાનું નામ | બક્ષીપંચના વિદ્યાર્થીઓની સંખ્યા | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૫૬૯૮૪ | ૨૫૭૨ |
| ૨ | વડગામ | ૩૮૧૪૭ | ૨૧૧૫ |
| ક્રમાંક | તાલુકાનું નામ | બક્ષીપંચના વિદ્યાર્થીઓની સંખ્યા | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સંખ્યા |
| ૩ | દાંતા | ૧૮૫૩૦ | ૭૩ |
| ૪ | ડીસા | ૧૨૭૪૭૦ | ૧૯૫૧ |
| ૫ | ધાનેરા | ૪૨૭૯૦ | ૨૨૫૨ |
| ૬ | દાંતીવાડા | ૨૨૮૨૪ | ૩૧૯ |
| ૭ | કાંક્રેજ | ૬૮૮૩૬ | ૪૪૪ |
| ૮ | દિયોદર | ૪૧૪૧૭ | ૯૪૭ |
| ૯ | ભાભર | ૩૧૧૨૯ | ૨૪૭ |
| ૧૦ | વાવ | ૪૬૧૪૫ | ૧૫૯૬ |
| ૧૧ | અમીરગઢ | ૧૨૮૪૨ | ૪૩ |
| ૧૨ | થરાદ | ૭૬૮૭૮ | ૨૨૯૩ |
| | **કુલ..** | **૫૮૩૯૯૨** | **૧૪૮૫૨** |

(૨) બક્ષીપંચ માટે રૂ. ૮,૭૫,૯૮,૮૦૦/- અનુસૂચિત જાતિ માટે રૂ. ૨૨,૨૭,૮૦૦/-.

------------

## જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે ભૂચરમોરીની જાળવણી

૧૪૦૩૬**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે એતિહાસિક વારસો ધરાવતા ભૂચરમોરીની જ્ગ્યા રક્ષિત સ્મારક જાહેર થયું હોવા છતાં પૂરતી વ્યવસ્થા ગોઠવાઇ નથી તે હકીક્તથી સરકાર ચિંતિત છે કે કેમ, અને

(૨) આ જ્ગ્યાનો એતિહાસિક વારસો જળવાઈ રહે તે માટે તેને ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષમાં પૂરતી ગ્રાન્ટ ફાળવી તેનું રક્ષણ કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ભૂચરમોરીના યુધ્ધ ક્ષેત્ર તરીકે પ્રચલિત સ્થળના રક્ષણ માટે વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.

(૧) સ્મારક્ની પછીતમાં ૧.૫૦ મી.ની. ઉંચાઈ x ૧૫ મી.ની લંબાઈ ધરાવતી પડી ગયેલ દિવાલનું મૂળ સ્વરૂપ મુજબનું પુનઃ નિર્માણ કરવામાં આવ્યું.

(૨) સ્મારક્ની ત્રણે બાજુઓની હયાત દિવાલમાં પડી ગયેલ તિરાડો પુરવાની કામગીરી તથા પુનઃ પ્લાસ્ટર કરવાની કામગીરી કરવામાં આવી.

(૩) દેરીના પગથીયામાં તથા દેરીની દિવાલોની તિરાડોનું મરામત કામ પૂર્ણ કરવામાં આવ્યું.

(૪) દેરીના પ્રવેશ આગળના વિસ્તારમાં નિક્ળી ગયેલ ફ્લોરીંગમાં મરામત કામગીરી પૂર્ણ કરવામાં આવી.

(૫) સ્મારક ફરતે સાફસફાઈની કામગીરી પૂર્ણ કરવામાં આવી.

------------

**અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ**

૧૩૫૩૯ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) ૨૪૯૯. |
| (૨) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી અરજીઓ નામંજૂર કરી, કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૨૦૬૨ અરજીઓ મંજૂર કરી.<br>૩૬૪ અરજીઓ નામંજૂર કરી.<br>રૂા. ૧૦૩.૧૦ લાખની સહાય ચૂકવવામાં આવી. |
| (૩) અરજીઓ નામંજૂર થવાનાં કારણો શાં છે? | (૩) ૧. આવક વધુ હોવાથી.<br>૨. ઉંમરના પુરાવા રજૂ કરેલ ન હોવાથી.<br>૩. અગાઉ લાભ લીધેલ હોવાથી.<br>૪. સમય મર્યાદા બાદ અરજી કરેલ હોવાથી.<br>૫. લગ નોંધણી પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોવાથી<br>૬. પુનઃ લગ કરેલ હોવાથી.<br>૭. પાત્રતા ધરાવતી જાતિના ન હોવાથી. |

**ખેડા જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાના લાભાર્થીઓ**

૧૪૩૦૦**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ કેટલા લાભાર્થીને લાભ મળેલ છે, | (૧) ૬૨૧ |
| (૨) આ યોજના અન્વયે કેટલી અરજીઓ મળેલ છે, | (૨) ૧૭૮૩ |
| (૩) નિકાલ કરવાની કેટલી અરજીઓ બાકી છે, અને | (૩) ૫૨ |
| (૪) ક્યાં કારણો સર? | (૪) તાલુકા કક્ષાએ ચકાસણી હેઠળ હોવાના કારણે. |

**બનાસકાંઠા જિલ્લાના દિયોદર, ભાભર અને થરાદ તાલુકામાં બક્ષીપંચની નવી આશ્રમશાળાઓની મંજૂરી અંગે**

૧૫૦૦૦**શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દિયોદર, ભાભર અને થરાદ તાલુકામાં નવી બક્ષીપંચ આશ્રમશાળા બનાવવા કેટલી અરજીઓ આવી, અને<br>(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી? | (૧) અને (૨) કોઈ અરજી(દરખાસ્ત) મળેલ નથી, પરંતુ એક રજૂઆત મળેલ જેનો અસ્વીકાર કરવામાં આવેલ છે. |

**પંચમહાલ જિલ્લામાં બક્ષીપંચની છાત્રાલયોમાં થયેલ ગેરરીતી અંગે**

૧૪૮૬૪**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી બક્ષીપંચની છાત્રાલયો અને આશ્રમશાળાઓ ક્યા ક્યા ગામે આવેલી છે, | (૧) અને (૨) સામેલ **પત્રક -૧** મુજબ. |

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિભાગ દ્વારા ક્યારે ક્યારે તપાસ કરવામાં આવી, અને

(૩) તપાસ દરમ્યાન કેટલી ગેરરીતી સરકારના ધ્યાનમાં આવી છે, અને આ અંગે શું પગલાં ભરવામાં આવ્યા?

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

(૩) સંચાલકને લગતી જુદી જુદી ક્ષતીઓ / ગેરરીતિઓ જોવા મળેલ છે જે સામાન્ય રીતે નીચે મુજબ છે.

- માન્ય સંખ્યા સામે અપુરતી સંખ્યામાં પ્રવેશ અથવા અપુરતી હાજરી
- ગેરહાજર વિદ્યાર્થીઓના રજાના રિપોર્ટ ન હોવા
- રેકર્ડ/રજીસ્ટરો નિયમિત અને યોગ્ય રીતે નિભાવેલ ન હોવાં
- પ્રવેશ અંગેના નિયમો, માપદંડની પાલન ન થવું.
- નિયમોનુસાર આવશ્યક્તા કરતાં ઓછું ક્ષેત્રફળ ધરાવતું મકાન હોવું અને સંડાસ-બાથરૂમ, લાઈટ-પાણી, રસોડુ, કોઠારરૂમ વગેરે જેવી અન્ય ભૌતિક સુવિધાઓ અપુરતી હોવી.
- કોઠાર એક માસ ચાલે તેટલો ન હોવો.
- છાત્રોને યોગ્ય ગુણવત્તાવાળું પુરતું અને પોષ્ટિક ભોજન ન અપાવું.
- છાત્રો માટે પ્રાથમિક સારવારની સુવિધા (ફર્સ્ટ એઈડ બોક્સ) ન હોવી
- નિયમોનુસાર યોગ્ય લાયકાત ધરાવતા કર્મચારીઓ ન રાખવા.
- છાત્રાલયના કર્મચારીઓની ગેરહાજરી.
- વિદ્યાર્થીઓને નિયમોનુસાર મળવા પાત્ર સગવડો પુરી ન પાડવી.
- કર્મચારીઓને નિયમોનુસાર મુજબ પુરૂં વેતન ન ચુકવવું અથવા એકાઉન્ટ પે ચેકથી નિયમિત વેતન ન ચૂકવવું
- છાત્રાલયમાં સ્વચ્છતાનો અભાવ હોવો.
- કર્મચારીઓના ઓળખકાર્ડ ન હોવા.
- સદરહુ ક્ષતિઓ/ગેરરીતિઓ સબબ સંબંધિત છાત્રાલયો અને આશ્રમશાળાઓના સંચાલનમાં સુધારો કરવા તાકીદ આપવામાં આવી તેમજ ગ્રાન્ટ કપાત અને માન્યતા રદ જેવાં પગલાં લેવામાં આવ્યાં

------------

**રાજકોટ જિલ્લામાં વેટની થયેલ આવક**

૧૪૦૪૦ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં સેલ્સટેક્ષ/વેટની કેટલી આવક સરકારને મળી, | (૧) રૂપિયા ૫૫૫.૪૧ કરોડ (નેટ) (પ્રોવીઝનલ) |
| (૨) આ વર્ષમાં કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) રૂપિયા ૨૨.૪૨ કરોડ |
| (૩) બાકી રકમ વસૂલ કરવા સરકારે ક્યા ક્યા પગલાં લીધા છે? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

------------

**અમદાવાદ શહેરમાં લઘુમતીઓના કલ્યાણ યોજના હેઠળ ચૂકવેલ રકમ**

૧૪૩૦૪ **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

લઘુમતીઓના કલ્યાણ માટેની યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં કેટલા વિદ્યાર્થીઓને ટર્મ લોન-ગર્લ્સ એજ્યુકેશન લોન અને પ્રીમેટ્રીક સ્કોલરશીપ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ચૂકવી ?

**જવાબ**

**શૈક્ષણિક લોન અંતર્ગત**

૫ વિદ્યાર્થીઓને રૂ. ૨,૩૪,૦૦૦/-
૫ વિદ્યાર્થીનીઓનેરૂ. ૧,૮૫,૦૦૦/- મળી
કુલ ૧૦ રૂ. ૪,૧૯,૦૦૦/- અને

**પ્રી મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત**

૩૪,૯૯૯ વિદ્યાર્થીઓને રૂ. ૪૩,૬૧,૦૫૪/- ચૂકવવામાં આવેલ છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજનાના લાભાર્થીઓ**

૧૩૫૫૨**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજના અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મળી, અને

**જવાબ**

(૧) નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| વિગત | રાજ્ય સરકારની વૃધ્ધ સહાય યોજના અંતર્ગત વર્ષવાર મળેલ અરજીઓ | | ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ સહાય અને વય વંદના યોજના હેઠળ વર્ષવાર મળેલ અરજીઓ | |
|---|---|---|---|---|
| | તા. ૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ દરમ્યાન | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ દરમ્યાન | તા. ૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ દરમ્યાન | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ દરમ્યાન |
| મળેલ અરજીઓ | ૬૮૦ | ૪૧૩ | ૪૩૧૩ | ૩૭૫૫ |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી ?

(૨) નીચે મુજબ અરજીઓ મંજૂર કરેલ છે.

| વિગત | રાજ્ય સરકારની વૃધ્ધ સહાય યોજના અંતર્ગત વર્ષવાર મંજૂર અરજીઓ | | ઇન્દીરા ગાંધી રાષ્ટ્રિય વૃધ્ધ સહાય અને વય વંદના યોજના હેઠળ વર્ષવાર મંજૂર અરજીઓ | |
|---|---|---|---|---|
| | તા. ૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ દરમ્યાન | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ દરમ્યાન | તા. ૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ દરમ્યાન | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ દરમ્યાન |
| મળેલ અરજીઓ | ૩૬૩ | ૨૯૦ | ૩૪૬૩ | ૩૮૨૯ |

**રાજુલા તાલુકામાં આંબેડકર ભવનના આયોજન અંગે**

૧૫૦૦૫ **શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજુલા તાલુકામાં સન ૨૦૧૦-૧૧ માં આંબેડકર ભવન બાંધવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો આ ભવન કેટલા સમયમાં તેયાર કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ભાવનગર જિલ્લામાં બક્ષીપંચના નવા છાત્રાલયોને મંજૂરીની મળેલ અરજીઓ**

૧૪૪૨૪**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં સન ૨૦૦૮-૦૯ ના વર્ષમાં બક્ષીપંચના નવા છાત્રાલયોની મંજૂરી માટે કેટલી અરજીઓ આવેલી છે, અને

**જવાબ**

(૧) એક.

| | |
|---|---|
| (૨) મળેલ અરજીઓ મંજૂર કરવા માટે સરકારનું શું આયોજન છે ? | (૨) મળેલ સંસ્થાની અરજીને ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય શરૂ કરવા મંજુરી આપવામાં આવેલ છે. |

**હિસાબ અને તિજોરી ખાતામાં બેક્લોગની જ્ગા અંગે લીધેલ પગલાં**

૧૪૯૫૬**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) હિસાબી અને તિજોરી ખાતામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વર્ગ-૧ થી ૪ માં અનામત બેક્લોગની ખાલી જ્ગ્યાઓ કેટલી છે, અને | (૧) અનામત બેક્લોગની કોઇ જ્ગ્યાઓ ખાલી નથી. |
| (૨) ખાલી જ્ગ્યાઓ ભરવા સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યાં ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ભરૂચ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે કરેલ ખર્ચ**

૧૩૫૫૫**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રમતગમત ક્ષેત્રે કેટલી રક્મ ફાળવી, અને | (૧) ભરૂચ જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રમતગમત ક્ષેત્રે રૂપિયા ૯,૨૬,૭૯૦/- રક્મની ફાળવણી કરી. |
| (૨) તે અન્વયે કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | તે અન્વયે રૂપિયા ૭,૬૯,૮૪૫/- નો ખર્ચ કરવામાં આવ્યો. |

**રાજ્યમાં મોચી જ્ઞાતિને અનુસૂચિત જાતિમાં સમાવવા મળેલ દરખાસ્તો**

૧૪૭૨૨**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વસતા "મોચી" જ્ઞાતિને અનુસૂચિત જાતિમાં સમાવેશ કરવા માટે સરકારને કોઈ દરખાસ્ત મળી છે, | (૧) હા, જી. |
| (૨) હા, તો આ કામગીરી ક્યા તબક્કામાં છે, | (૨) ગુજરાત સરકારની ભલામણને આધારે કેન્દ્ર સરકારે પરિપક્વ નિર્ણય લઈ ""મોચી"" જાતિને અનુસૂચિત જાતિ ની યાદીમાંથી રદ કરેલ હોઈ કોઈ કાર્યવાહી કરવાની થતી નથી. |
| (૩) સરકાર આ બાબતે કેન્દ્ર સરકારમાં ભલામણ કરવા માંગે છે, અને જો હા, તો ક્યાં સુધીમાં થશે, | (૩) ના, જી. |
| (૪) જો હા, તો ક્યાં સુધીમાં થશે ? | (૪) ના, જી. |

------------

**ગાંધીનગર જિલ્લામાં સાતફેરા સમૂહ લગ યોજનાની મળેલ અરજીઓ**

૧૪૯૬૦ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાત ફેરા સમૂહ લગ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૫૦૫. |
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૩૭. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૨૧. |

**તેજસ્વી ખેલાડીઓને પ્રોત્સાહન અંગેની યોજના**

૧૪૯૬૭**શ્રીમતી વંદનાબેન મ.મકવાણા(કેશોદ) :માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નાની ઉંમરના તેજસ્વી ખેલાડીઓ રાજ્યનું અને રાષ્ટ્રનું નામ રોશન કરે તે માટે તેઓને પ્રોત્સાહન આપવાની કોઈ યોજના અમલમાં મૂકવામાં આવી છે કે કેમ, અને — (૧) ના, જી.

(૨) જો હા, તો આ યોજનાની વિગતો શું છે ? — (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાના લાભાર્થીઓ**

૧૫૧૨૧ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા કેસોની નોંધણી થઈ, — (૧) ૧૧૭૧.

(૨) નોંધાયેલ કેસોમાંથી કેટલા કેસોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો, અને — (૨) ૧૦૩૨.

(૩) એની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? — (૩) રૂા. ૩૫.૭૭ લાખનો.

**આણંદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૧૪૨૯૬**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને — (૧) ૨૮૨૯૯.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? — (૨) ૪૬૨૮.

**ખાંડ, પેટ્રોલ, ડીઝલ અને ખાદ્ય પદાર્થો પરના વેટ અંગે**

૧૪૩૦૬**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં ખાંડ, પેટ્રોલ, ડીઝલ અને ખાદ્ય પદાર્થોમાં રાજ્ય સરકાર તરફથી કેટલા દરથી વેટ લેવામાં આવે છે, અને — (૧)

| | |
|---|---|
| ખાંડ | વેરામુક્ત |
| પેટ્રોલ | ૨૩% |
| ડીઝલ | ૨૧% |
| ખાદ્ય પદાર્થો | ખાદ્ય પદાર્થોમાં મુખ્યત્વે વેરામુક્તિ અથવા ૪% છે. |

(૨) આ વેટની સામે સેસની રકમ કેટલી લેવાય છે ? — (૨) પેટ્રોલ ઉપર ૨% અને ડીઝલ ઉપર ૩% સેસ છે. જ્યારે અન્ય ચીજવસ્તુઓ ઉપર સેસ લેવામાં આવતો નથી.

**પોરબંદર જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૪૯૬૧ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) પોરબંદર જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ કેટલી સહાય આપવામાં આવે છે, — (૧) અનુસૂચિત જાતિ માટે રૂ.૪૦૦૦ તથા બક્ષીપંચ માટે રૂ.૩૦૦૦ ની મર્યાદામાં સાધન સહાય આપવામાં આવે છે.

(૨) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦ માં કેટલી અરજી મંજૂર કરવામાં આવી, અને — (૨) ૩૦૧.

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? — (૩) ૩૧.

## ડીસા તાલુકામાં માનવ ગરીમા યોજનાની મળેલ અરજીઓ

૧૩૫૪૧ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડીસા તાલુકામાં માનવ ગરીમા યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ જાતિની કેટલી અરજીઓ આવી,

(૧) ૧૧૦૮.

(૨) તે પૈકી કેટલા અરજદારોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૪૧.

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

(૩) શૂન્ય.

------------

## ખેડા જિલ્લામાં વેટની થયેલ આવક

૧૪૦૪૩ **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં સેલ્સટેક્ષ/વેટની કેટલી આવક રાજ્ય સરકારને મળી,

(૧) રૂપિયા ૮૦.૧૮ કરોડ.

(૨) આ વર્ષમાં કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૨) રૂપિયા ૦.૪૯ કરોડ.

(૩) બાકી રકમ વસૂલ કરવા સરકારે ક્યા ક્યા પગલાં લીધા છે ?

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

## સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ

૧૫૧૨૨ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| હિંમતનગર | ૧૭૩ |
| ઈડર | ૧૬૨ |
| વડાલી | ૩૧ |
| ખેડબ્રહ્મા | ૧૮ |
| તલોદ | ૫૮ |
| બાયડ | ૧૯ |
| મોડાસા | ૮૦ |
| માલપુર | ૨૦ |
| મેઘરજ | ૫૫ |
| ભિલોડા | ૬૩ |
| પ્રાંતિજ | ૭૫ |
| ધનસુરા | ૩૩ |
| વિજયનગર | ૧૩ |
| કુલ : | ૮૦૦ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી અરજીઓ નામંજૂર કરી અને કેટલી પડતરમાં છે,

(૨)

| તાલુકાનું નામ | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|
| હિંમતનગર | ૧૫૪ | ૧૭ | ૨ |
| ઈડર | ૧૫૮ | ૨ | ૨ |
| વડાલી | ૨૯ | ૧ | ૧ |
| ખેડબ્રહ્મા | ૧૭ | - | ૧ |
| તલોદ | ૫૬ | ૨ | - |
| બાયડ | ૧૬ | ૨ | ૧ |
| મોડાસા | ૭૬ | ૪ | - |
| માલપુર | ૧૫ | ૪ | ૧ |
| મેઘરજ | ૪૮ | ૬ | ૧ |
| ભિલોડા | ૫૫ | ૬ | ૨ |
| પ્રાંતિજ | ૬૩ | ૧૧ | ૧ |
| ધનસુરા | ૨૭ | ૬ | - |
| વિજયનગર | ૮ | ૫ | - |
| કુલ : | ૭૨૨ | ૬૬ | ૧૨ |

(૩) મંજૂર થયેલ પૈકી કેટલાને સહાય ચૂકવવામાં આવી અને કેટલાને બાકી છે,

(૩) ૭૨૨ ને અને એક પણ લાભાર્થીને સહાય ચૂકવવાની બાકી નથી.

(૪) અરજીઓ પડતર રહેવાના શાં કારણો છે, અને

(૫) પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) લગ્ન નોંધણી પ્રમાણપત્ર, જાતિનો દાખલો તથા આવકનો દાખલો રજૂ ન થવાથી.

(૫) અરજદારો તરફથી ક્ષતિ પૂર્તતા થયેથી.

------------

## તાપી જિલ્લામાં રમતગમત ક્ષેત્રે થયેલ ખર્ચ

૧૪૯૯૮**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રમતગમત ક્ષેત્રે કેટલી રકમ તાલુકાવાર ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રમતગમત ક્ષેત્રે તાલુકાવાર નીચે મુજબની રકમ ફાળવવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| ૧. | વ્યારા | ૧,૫૪,૨૨૦ |
| ૨. | સોનગઢ | ૩,૪૮,૯૬૦ |
| ૩. | વાલોડ | ૫૨,૫૭૦ |
| ૪. | ઉચ્છલ | ૧૩,૮૫૦ |
| ૫. | નિઝર | ૧૧,૮૦૦ |
| | **કુલ :** | **૫,૮૧,૪૦૦** |

(૨) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રમતગમત ક્ષેત્રે તાલુકાવાર નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| ૧. | વ્યારા | ૧,૦૮,૬૧૫ |
| ૨. | સોનગઢ | ૩,૪૨,૮૬૦ |
| ૩. | વાલોડ | ૪૨,૩૯૦ |
| ૪. | ઉચ્છલ | ૧૩,૩૫૦ |
| ૫. | નિઝર | ૧૧,૩૦૦ |
| | **કુલ :** | **૫,૧૮,૫૧૫** |

------------

## ખેડા જિલ્લામાં વૃધ્ધ સહાય યોજના હેઠળ ચૂકવેલ સહાય

૧૪૯૯૦**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વૃધ્ધ સહાય યોજના હેઠળ ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકાદીઠ છેલ્લા એક વર્ષમાં કેટલા વૃધ્ધોને કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૨) રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની યોજના દ્વારા કેટલી સહાય આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) પત્રક -૧ મુજબ

(૨) (૧) રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના હેઠળ ચૂકવેલ રૂા. ૧૨.૬૦ લાખ રાજ્ય સરકાર ધ્વારા ચૂકવવામાં આવ્યા.
(૨) રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના-વય વંદના યોજનામાં ચૂકવેલ સહાય રૂા. ૧૩૦.૭૦ લાખ પેકી રાજ્ય સરકાર ધ્વારા રૂા. ૬૫.૩૫ લાખ અને કેન્દ્ર સરકાર પેટે રૂા. ૬૫.૩૫ લાખની સહાય આપવામાં આવી.

### પત્રક-૧

| ક્રમ | તાલુકાનું નામ | રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના | | રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના-વય વંદના યોજના | |
|---|---|---|---|---|---|
| | | લાભાર્થીઓની સંખ્યા | ચૂકવેલ રકમ રૂા. લાખમાં | લાભાર્થીઓની સંખ્યા | ચૂકવેલ રકમ રૂા. લાખમાં |
| ૧ | નડીયાદ | ૨૦૨ | ૪.૮૫ | ૧૦૩૭ | ૩૭.૩૩ |
| ૨ | બાલાસિનોર | ૯૧ | ૨.૧૮ | ૯૮૧ | ૩૫.૩૧ |
| ૩ | કઠલાલ | ૪૭ | ૧.૧૩ | ૩૧૯ | ૧૧.૪૮ |
| ૪ | કપડવંજ | ૨૨ | ૦.૫૩ | ૭૦૭ | ૨૫.૪૫ |
| ૫ | ઠાસરા | ૬૪ | ૧.૫૩ | ૨૧૦ | ૭.૫૬ |
| ૬ | વિરપુર | ૨૩ | ૦.૫૫ | ૬૪ | ૨.૩૦ |
| ૭ | ખેડા | ૧૬ | ૦.૩૮ | ૧૫૪ | ૪.૩૧ |
| ૮ | માતર | ૨૨ | ૦.૫૨ | ૮૨ | ૨.૨૯ |
| ૯ | મહેમદાવાદ | ૨૩ | ૦.૫૫ | ૧૪૬ | ૪.૦૮ |
| ૧૦ | મહુધા | ૧૬ | ૦.૩૮ | ૧૭ | ૦.૫૯ |
| | **કુલ :** | **૫૨૬** | **૧૨.૬૦** | **૩૭૧૭** | **૧૩૦.૭૦** |

## આણંદ જિલ્લામાં સ્વરોજગાર શિબિર પાછળ કરેલ ખર્ચ

૧૩૫૪૪**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું,

(૨) આ શિબિરોમાં તાલુકાવાર કેટલા પુરુષ અને મહિલા ઉમેદવારોએ ભાગ લીધો, અને

(૩) આ પ્રકારની શિબિરોના આયોજન પાછળ તાલુકાવાર કેટલું ખર્ચ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | યોજેલ સ્વરોજગાર શિબિરો |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૯ |
| ૨ | ખંભાત | ૦૪ |
| ૩ | બોરસદ | ૦૨ |
| ૪ | પેટલાદ | ૦૪ |
| ૫ | ઉમરેઠ | ૦૧ |
| | કુલ : | ૩૦ |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | સ્વરોજગાર શિબિરોમાં ભાગ લીધેલ (હાજર રહેલ) ઉમેદવારોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | પુરુષ | મહિલા | કુલ |
| ૧ | આણંદ | ૩૭૧ | ૧૪૪ | ૫૧૫ |
| ૨ | ખંભાત | ૭૨ | ૧૮ | ૯૦ |
| ૩ | બોરસદ | ૬૩ | ૦૭ | ૭૦ |
| ૪ | પેટલાદ | ૧૮૮ | ૧૦ | ૧૯૮ |
| ૫ | ઉમરેઠ | ૨૧ | ૦૧ | ૨૨ |
| | કુલ : | ૭૧૫ | ૧૮૦ | ૮૯૫ |

(૩) વિભાગ દ્વારા કોઈ પણ ખર્ચ કરવામાં આવેલ નથી.

------------

## શ્રમ અને રોજગાર વિભાગ હસ્તકના વર્ગ-૩ ના સંવર્ગની સીધી ભરતીની જગાઓ

૧૪૬૫૯**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ શ્રમ અને રોજગાર વિભાગ હસ્તકની વર્ગ-૩ ના સંવર્ગની સીધી ભરતીથી ભરવાની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ જગ્યાઓ સત્વરે ભરાય તે માટે સરકારે શાં પગલાં લીધાં, અને

(૩) આ જગ્યાઓ ન ભરવાના શાં કારણો છે ?

**જવાબ**

(૧) ૩૧૨૭

(૨) ૧. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને માંગણી પત્રક મોકલેલ છે.

૨. નાણા વિભાગની મંજૂરી મેળવવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

૩. ખાલી જગ્યાઓ કરાર આધારિત તદ્દન કામ ચલાઉ ધોરણે ભરવાની કાર્યવાહી થઈ રહેલ છે.

૪. નાણા વિભાગના ફાજલ એકમને ફાજલ કર્મચારીઓની ફાળવણી કરવા જણાવેલ છે.

(૩) વહીવટી કારણોસર.

## દાહોદ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૪૬૧૯**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પંડિત દીનદયાળ

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૦૮ | ૨૦૦૯ | |
| ૧ | લીમખેડા | ૬૦૨ | ૨૦૩ | ૮૦૫ |

ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ તાલુકાવાર વર્ષવાર કેટલી અરજીઓ મળી, અને

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | દેવગઢ બારીયા | ૧૭૮ | ૧૦૩ | ૨૮૧ |
| ૩ | ધાનપુર | ૧૪૦ | ૧૪૩ | ૨૮૩ |
| ૪ | ગરબાડા | - | ૧૦ | ૧૦ |
| ૫ | દાહોદ | ૨૩ | ૧૬ | ૩૯ |
| ૬ | ઝાલોદ | ૭૮ | ૬૫ | ૧૪૩ |
| ૭ | ફતેપુરા | ૨૪ | ૨૧ | ૪૫ |
| | કુલ : | ૧૦૪૫ | ૫૬૧ | ૧૬૦૬ |

(૨) આ પેકી કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર અરજીઓ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૦૮ | ૨૦૦૯ | |
| ૧ | લીમખેડા | ૧૪૮ | ૨૯ | ૧૭૭ |
| ૨ | દેવગઢ બારીયા | ૧૨ | ૨૪ | ૩૬ |
| ૩ | ધાનપુર | ૩૬ | ૧૬ | ૫૨ |
| ૪ | ગરબાડા | - | ૧૦ | ૧૦ |
| ૫ | દાહોદ | ૧૧ | ૧૧ | ૨૨ |
| ૬ | ઝાલોદ | ૨૫ | ૧૭ | ૪૨ |
| ૭ | ફતેપુરા | ૧૩ | ૧૩ | ૨૬ |
| | કુલ : | ૨૪૫ | ૧૨૦ | ૩૬૫ |

## બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાના લાભાર્થીઓ

૧૪૩૮૩ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના તાલુકાવાર રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે,

(૧) પત્રક-૧ મુજબ.

| ક્રમ | તાલુકાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૬૧ |
| ૨ | વડગામ | ૧૨૭ |
| ક્રમ | તાલુકાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
| ૩ | દાંતા | ૧૦ |
| ૪ | અમીરગઢ | ૨ |
| ૫ | દાંતીવાડા | ૧૪ |
| ૬ | ડીસા | ૮૫ |
| ૭ | કાંકરેજ | ૧૧ |
| ૮ | ધાનેરા | ૧૬ |
| ૯ | વાવ | ૩૨ |
| ૧૦ | દિયોદર | ૨૧ |
| ૧૧ | થરાદ | ૪૯ |
| ૧૨ | ભાભર | ૧૦ |
| | કુલ : | ૪૩૮ |

(૨) મળેલ અરજીઓ પેકી કેટલી અરજીઓ ના મંજૂર કરી, અને

(૨) ૨૭૦.

(૩) અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ?

(૩) અરજીઓ ચકાસણી હેઠળ હોવાના કારણે.

## ખાંડના ભાવ નીચા લાવવા અંગે

૧૪૦૩૭**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ખાંડના અસહ્ય ભાવ વધારાને નીચે લાવવા માટે રાજ્ય સરકારે ખાંડ પરનો વેટ ઘટાડવાની સક્રિય વિચારણા જાન્યુઆરી-૨૦૧૦ની સ્થિતિએ તાજેતરમાં હાથ ધરી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની શી વિગતો છે ?

(૧) અને (૨) : જાન્યુઆરી-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં આયાતી સહિત તમામ પ્રકારની ખાંડ વેરામુક્ત હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્ય સરકારનું જાહેર તેમજ બાહ્ય દેવું

૧૪૩૦૧**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યનું જાહેર અને બાહ્ય દેવું તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેટલું છે, અને

(૧) રૂ. ૯૬૨૯૩ કરોડ (અંદાજીત).

(૨) આ દેવા ઉપર રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં કેટલું વ્યાજ ચૂકવ્યું છે ?

(૨) (રૂ. કરોડમાં)

| નાણાકીય વર્ષ | ચૂકવેલ વ્યાજ |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૭૦૬૫ |
| ૨૦૦૯-૧૦ (તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ અંદાજીત) | ૬૧૯૮ |

**રાજ્યમાં બનાવેલ ડૉ. આંબેડકર ભવનો**

૧૫૦૦૧**શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ડૉ. આંબેડકર ભવન બનાવવામાં આવેલ છે, અને | (૧) એક. |
| (૨) તે પૈકી બનાસકાંઠા જિલ્લામાં બનાવવામાં આવેલ છે કે કેમ ? | (૨) ના, જી. |

**પંચમહાલ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી**

૧૪૮૬૫**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં ૨૦૦૭ થી ૨૦૦૯ ના વર્ષમાં કેટલા શિક્ષિત બેરોજગારોને ઈન્ટરવ્યુના કોલ જિલ્લા રોજગાર વિનિમય કચેરી મારફતે આપવામાં આવ્યા, અને | (૧) ૨૭૪૭૨. |
| (૨) તે પૈકી કેટલાને નિમણૂકો આપવામાં આવી ? | (૨) ૨૦૧૨. |

**રાજ્યની માથાદીઠ આવક તેમજ દેવું**

૧૪૦૪૧**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ રાજ્યની માથાદીઠ આવક કેટલી, અને | (૧) રાજ્યની માથાદીઠ આવક કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ તૈયાર કરવામાં આવતી નથી. આથી તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યની માથાદીઠ આવકનો અંદાજ બાંધી શકાય નહી. આમ છતાં વર્ષ ૨૦૦૮-૦૯ માં રાજ્યની માથાદીઠ આવક રૂ.૪૯૨૫૧/- અંદાજવામાં આવી છે. |
| (૨) તેની સામે માથાદીઠ દેવું કેટલું ? | (૨) રૂ.૧૬૩૨૮/- (અંદાજીત). |

**વિકલાંગોને વિમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવા અંગે**

૧૪૮૯૪**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યનાં વિકલાંગ માટે વિમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવા માટે હાલમાં કોઈ યોજના સરકારશ્રીની વિચારણા હેઠળ છે કે કેમ, | (૧) હાલમાં રાજ્યના વિકલાંગ ઓળખકાર્ડ ધરાવતા વિકલાંગો માટે વીમા કવચ યોજના અમલમાં છે. જે ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના તરીકે ઓળખાય છે. |
| (૨) જો હા, તો કેટલા વિકલાંગોને આવરી લેવાય, | (૨) કુલ ૨,૩૦,૦૦૦ વિકલાંગોને આવરી લેવામાં આવેલ છે. |
| (૩) કેટલું પ્રિમીયમ ભરવાનું થાય, અને | (૩) રૂ. ૪૦.૦૦ લાખ. |
| (૪) વ્યક્તિગત વિકલાંગોને કેટલી રકમનો વિમો આપી શકાય ? | (૪) વિકલાંગ લાભાર્થીઓને રૂ.૧.૦૦ (એક લાખ રૂપિયા) લાખની મહત્તમ રાશીની મર્યાદામાં વીમો આપવામાં આવે છે. |

------------

**લીમકા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવેલ કર્મચારીઓને આપેલ લાભો બાબત**

૧૪૩૦૩**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના રમતગમત, યુવા અને સાં.પ્ર. વિભાગ હસ્તકની ભાષા નિયામકની કચેરીમાં ક્યા કર્મચારીએ લીમકા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવ્યું છે, | (૧) કોઈપણ નહીં. |
| (૨) આ સિધ્ધિ મેળવવા બદલ તેમને સરકાર તરફથી પ્રોત્સાહિત કરવા માટેના ક્યા પ્રકારના લાભો આપવામાં આવ્યા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આવા લાભો આપવા માટે તે અન્વયે કોના કોના તરફથી સરકારમાં માંગણીઓ કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**બનાસકાંઠા જિલ્લામાં વિદેશ અભ્યાસ પેટે કરેલ ખર્ચ**

૧૩૫૪૨**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના કેટલા વિદ્યાર્થીઓને છેલ્લા બે વર્ષમાં વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવામાં આવી, અને | (૧) ૨. |
| (૨) આ લોન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂ.૧૫,૦૦,૦૦૦/-. |

------------

**રાજ્યની માથાદીઠ આવક તેમજ દેવું**

૧૪૦૪૪ **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યની માથાદીઠ આવક કેટલી, અને | (૧) રાજ્યની માથાદીઠ આવક કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ તેયાર કરવામાં આવતી નથી આથી તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યની માથાદીઠ આવકનો અંદાજ બાંધી શકાય નહીં. આમ છતાં વર્ષ ૨૦૦૮-૦૯માં રાજ્યની માથાદીઠ આવક રૂ.૪૯૨૫૧/- અંદાજવામાં આવી છે. |
| (૨) તેની સામે માથાદીઠ દેવું કેટલું ? | (૨) રૂ.૧૬૩૨૮/- (અંદાજીત). |

**રાજ્ય સરકાર દ્વારા આપેલ એવોર્ડ**

૧૪૯૯૯**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યમાં સાહસ, શોર્ય, તબીબી સેવા અને જાહેર સુખાકારી ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનારને તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ક્યારે ક્યારે અને કોને કોને એવોર્ડ આપવામાં આવ્યા ? | રાજ્યમાં તા.૧-૧-૨૦૦૭ થી તા.૩૧-૧-૨૦૧૦ સુધીના ત્રણ વર્ષના સમય ગાળા દરમ્યાન સાહસ, શોર્ય, તબીબી, સેવા અને જાહેર સુખાકારી ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર નીચે મુજબના મહાનુભાવોને તા.૨૫-૭-૨૦૦૭ના રોજ એવોર્ડ આપવામાં આવેલ છે. |

| ક્રમ | એવોર્ડનું નામ | એવોર્ડ મેળવનારનું નામ |
|---|---|---|
| (૧) | સાહસ/શોર્ય | શ્રી ઘનશ્યામસિંહ એચ.વાઢેર |
| (૨) | સાહસ/શોર્ય | શ્રી ચાવડા બ્રિજેશકુમાર મુકેશસિંહ |
| (૩) | સાહસ/શોર્ય | શ્રી કાપડીયા બિમલ જગદીશચન્દ્ર |
| (૪) | સેવા/જાહેર સુખાકારી | શ્રી અમરદીપ બી. રાણા |
| (૫) | સેવા/જાહેર સુખાકારી | શ્રી બાબુભાઈ ગંગારામ પટેલ |
| (૬) | સેવા/જાહેર સુખાકારી | શ્રી મનીષકુમાર મોહનભાઈ પટેલ |
| (૭) | તબીબી | શ્રી અંબાલાલ વાલજીભાઈ પટેલ |
| (૮) | તબીબી | શ્રી મોરી માનસિંગ જેઠાભાઈ |
| (૯) | તબીબી | શ્રી જેઠાભાઈ નરસિંહભાઈ ઠક્કર |

**આણંદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૧૩૫૪૫**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં જિલ્લા રોજગાર વિનિમય ક્ચેરીમાં તાલુકાવાર કેટલા બેરોજગાર ભાઈઓ અને બહેનોએ નામ નોંધણી કરાવી,

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગાર ભાઈ-બહેનોને વર્ષવાર રોજગારી આપી, અને

(૩) બે રોજગાર ભાઈ-બહેનોને નોંધણી થયેથી સત્વરે રોજગારી મળી રહે તે માટે સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૮ | | | વર્ષ ૨૦૦૯ | | |
|---|---|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ |
| આણંદ | ૩૨૩૦ | ૧૦૧૧ | ૪૨૪૧ | ૨૫૨૨ | ૯૭૯ | ૩૫૦૧ |
| ખંભાત | ૧૨૯૬ | ૨૦૫ | ૧૫૦૧ | ૧૪૩૯ | ૩૭૭ | ૧૮૧૬ |
| બોરસદ | ૧૨૭૭ | ૧૮૬ | ૧૪૬૩ | ૧૨૯૬ | ૨૨૪ | ૧૫૨૦ |
| પેટલાદ | ૧૨૨૪ | ૧૫૧ | ૧૩૭૫ | ૧૩૦૦ | ૨૨૯ | ૧૫૨૯ |
| ઉમરેઠ | ૫૦૨ | ૧૨૧ | ૬૨૩ | ૫૨૧ | ૧૧૪ | ૬૩૫ |
| આંકલાવ | ૨૭૮ | ૭૫ | ૩૫૩ | ૨૬૭ | ૭૦ | ૩૩૭ |
| સોજીત્રા | ૩૩૦ | ૭૪ | ૪૦૪ | ૩૧૬ | ૭૧ | ૩૮૭ |
| તારાપુર | ૧૮૩ | ૬૦ | ૨૪૩ | ૧૭૨ | ૫૬ | ૨૨૮ |
| **કુલ :** | **૮૩૨૦** | **૧૮૮૩** | **૧૦૨૦૩** | **૭૮૩૩** | **૨૧૨૦** | **૯૯૫૩** |

(૨)

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૮ | | | વર્ષ ૨૦૦૯ | | |
|---|---|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ |
| આણંદ | ૩૪૫૮ | ૩૭૦ | ૩૮૨૮ | ૧૬૦૩ | ૧૪૧ | ૧૭૪૪ |
| ખંભાત | ૪૨૫ | ૭૭ | ૫૦૨ | ૯૭૦ | ૧૭ | ૯૮૭ |
| બોરસદ | ૩૧૮ | ૮૯ | ૪૦૭ | ૮૦૯ | ૯ | ૮૧૮ |
| પેટલાદ | ૨૦૭ | ૧૦૨ | ૩૦૯ | ૭૪૫ | ૫ | ૭૫૦ |
| ઉમરેઠ | ૧૬૪ | ૫૦ | ૨૧૪ | ૧૦૭ | ૨ | ૧૦૯ |
| આંકલાવ | ૬૬ | ૪૦ | ૧૦૬ | ૮૫ | ૨ | ૮૭ |
| સોજીત્રા | ૭૧ | ૩૬ | ૧૦૭ | ૬૮ | ૨ | ૭૦ |
| તારાપુર | ૮૫ | ૨૪ | ૧૦૯ | ૬૨ | ૧ | ૬૩ |
| **કુલ :** | **૪૭૯૪** | **૭૮૮** | **૫૫૮૨** | **૪૪૪૯** | **૧૭૯** | **૪૬૨૮** |

(૩) આ બેરોજગાર ભાઈ બહેનોને રોજગારી અપાવવા નોકરીદાતાઓની માંગણી મુજબ બેરોજગાર ઉમેદવારોની ભલામણ કરવામાં આવે છે. ઉપરાંત ઓદ્યોગિક ભરતી મેળાઓ અને લશ્કરી ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે. સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો, સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગો વિગેરે દ્વારા પરોક્ષ રીતે રોજગારી અપાવવા સરકારશ્રી મદદરૂપ થાય છે.

**દાહોદ જિલ્લામાં બાંધકામ શ્રમયોગીઓના અકસ્માતના કિસ્સાઓ**

૧૪૬૨૦ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં મકાન બાંધકામ શ્રમયોગીઓનાં પ્રાણઘાતક અકસ્માતોના કેટલા કિસ્સાઓ નોંધાયા, અને

(૨) આવા કેસોને મદદરૂપ થવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) એકપણ કિસ્સો નોધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા. ૮-૩-૨૦૧૦ની અધિસૂચના.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેની તા. ૮-૩-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૨૦૧૦-(૨૩)-જીયુવી-૧૦૨૦૦૭-૨૪૮૬-ક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ)

**કાયદા વિભાગ.**

**માગણી ક્રમાંક:૬૦**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યાયતંત્રનો વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા.૪,૯૭,૮૬,૯૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૬૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૬૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ રજૂ કરવામાં આવી.**

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.**

**માગણી ક્રમાંક : ૬૫**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( નર્મદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૨૧,૦૯,૮૭,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૬૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૬૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરંજયાદિત્યસિંહજી ફુ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૮ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૬૬**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઈ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૭,૨૦,૩૯,૬૯,,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટે રૂા. ૧૩,૩૬,૫૫,૬૬,૦૦૦/-ની માગણી ક્રમાંક-૬૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક:૬૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૩ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૬૭**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પૂરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ અંગેની રૂા.૪,૨૧,૫૦,૦૦,૦૦૦/- અને મૂડી ખર્ચ અંગેની રૂા. ૮,૬૫,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૬૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૬૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી કાનજીભાઈ રા. તળપદા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરું છું.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૮ રજૂ કરું છું.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૯ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦ : માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૧ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ : માનનીય સભ્યશ્રી ગેરહાજર**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૫ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી સોમવાર, તા ૧૫-૩-૨૦૧૦ (ત્રીજા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **કાયદા વિભાગ<br>માગણી નં.૬૦** | | |
| ૧. | ૨૦૧૪ ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૫ સિવિલ ...... કોર્ટ<br>૦૧ જિલ્લા ...... જજ<br>રૂા. ૧,૦૨,૦૦,૪૭,૦૦૦<br>અં.પ્ર.નં.૧૬, પા.નં. ૧૪-૧૫ | ૧૦૦ | કોર્ટ સંકુલમાં આવતી આમ જનતા માટે જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| ૨. | --"-- | ૧૦૦ | કોર્ટોમાં વારંવાર પડતી મુદતોના કારણે થતા કેસોનો ભરાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૩. | --"-- | ૧૦૦ | અદાલતોમાં જજોની અપૂરતી સંખ્યાને કારણે પડતર કેસોમાં થતો વધારો રોકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બચુભાઈ કિશોરી |
| ૪. | --"-- | ૧૦૦ | આમ જનતાને અદાલતો દ્વારા ઝડપી ન્યાય મળે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૫. | ૨૦૧૪ ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૮ ફોજદારી કોર્ટ<br>૦૧ અદાલતી મેજિસ્ટ્રેટ<br>રૂા. ૧૩,૫૧,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૬, પા.નં. ૨૬-૨૭ | ૧૦૦ | ફોજદારી કોર્ટોમાં પડતર કેસોનો ઝડપી નિકાલ લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૬. | --"-- | ૧૦૦ | ફોજદારી કોર્ટોમાં ખોટા સોગંદનામા અને ખોટા સાક્ષીઓ ઉભા કરી થતી ગુનાઈત પ્રવૃત્તિઓ રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૭. | ૨૦૧૪ ન્યાયતંત્રનો વહીવટ<br>૧૧૪<br>કાનૂની.....ધારાશાસ્ત્રીઓ<br>૦૧ કાયદા અધિકારીઓ<br>રૂા. ૩૦,૦૯,૫૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૬, પા.નં. ૩૦-૩૧ | ૧૦૦ | લાયકાત વગરના ઉમેદવારોની સરકારી વકીલ તરીકે થતી નિમણૂકો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૮. | --"-- | ૧૦૦ | સરકારી વકીલોને દર વર્ષે કેસદીઠ ચૂકવવામાં આવતી ફી અંગેની જાણકારી આમજનતાને ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરસિંહ બારડ |
| | | **નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ<br>માગણી નં. ૬૫** | | |
| ૯. | ૪૭૦૦ મોટી ...જોગવાઈ<br>૩૧ -નર્મદા ..... એકમ-૧<br>૧૯૦ -જાહેર ..... રોકાણ<br>રૂા. ૧,૯૮,૭૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ-૧)પા.નં.-૧૫૪ | ૧૦૦ | નર્મદા યોજનામાં સાથી રાજયો પાસેથી ખર્ચ પેટે લેણી થતી રકમ સમયસર વસૂલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીપરંજયાદિત્યસિંહજી પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦. | --"-- | ૧૦૦ | નર્મદાના પાણી ડેમોમાં ઠાલવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કાનજીભાઈ તળપદા |
| ૧૧. | ૪૭૦૦-મોટી...જોગવાઈ<br>૩૨-નર્મદા ..... એકમ-૨<br>૧૯૦-જાહેર.....રોકાણ<br>રૂા. ૭૨,૧૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮( ભાગ-૧)<br>પા.નં.-૧૫૬ | ૧૦૦ | નર્મદા કેનાલની નબળી કામગીરીને કારણે વારંવાર થતા ભંગાણને લીધે ખેતરો અને આમજનતાને થતું નુકશાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૧૨. | --"-- | ૧૦૦ | નર્મદા કેનાલોની વારંવાર ચકાસણી કરી ગાબડાંઓ ન પડે તે જોવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જોધાજી ઠાકોર |
| ૧૩. | --"-- | ૧૦૦ | મુખ્ય કેનાલોમાં ભરાયેલા કાંપ/ કચરો સત્વરે દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૪. | --"-- | ૧૦૦ | મુખ્ય કેનાલોની વારંવાર ચકાસણી અને મરામત કરી પાણીનો બગાડ થતો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી નિરંજન પટેલ |
| ૧૫. | ૪૭૦૦ મોટી .... જોગવાઈ<br>૩૩- નર્મદા.....એકમ-૪<br>૧૯૦- જાહેર..... રોકાણ<br>રૂા. ૧૭,૫૧,૮૨,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ-૧) પા.નં.<br>- ૧૫૮ | ૧૦૦ | નર્મદાની નાની કેનાલોના બાંધકામ પ્રત્યે તંત્ર ારા સેવાતુ દુર્લક્ષ. | શ્રી મણીભાઈ પટેલ |
| ૧૬. | ૪૭૦૦ મોટી .....જોગવાઈ<br>૩૪- નર્મદા... એકમ-૫<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા. ૬,૧૭,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮( ભાગ-૧) પા.નં.<br>૧૫૯-૧૬૦ | ૧૦૦ | નર્મદાના પાણી ખેતરો સુધી પહોચાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરસિંહ બારડ |
| ૧૭. | --"-- | ૧૦૦ | નર્મદાના પાણી કિસાનોને આપવાને બદલે ઉદ્યોગોને અપાતુ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૧૮. | --"-- | ૧૦૦ | વહીવટી ખર્ચાઓમાં કરકસર કરવા અને બીન જરૂરી ખર્ચાઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| | | **માગણી નં. ૬૬** | | |
| ૧૯. | ૨૭૦૧-મધ્યમ સિંચાઈ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા. ૮૫,૧૧,૫૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮( ભાગ-૧)<br>પા.નં. ૭૪ થી ૯૪ | ૧૦૦ | મધ્યમ સિંચાઈનો વ્યાપ વધારવામાં તંત્રની ઉદાસીનતા. | ર્ડા.અનિલ જોષીયારા |
| ૨૦. | ૨૭૦૧-મધ્યમ સિંચાઈ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા. ૮૫,૧૧,૫૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮( ભાગ-૧)<br>પા.નં. ૭૪ થી ૯૪ | ૧૦૦ | નદીઓમાં પાણી ઠાલવતાં પૂર્વે નદીઓની ગંદકી દૂર ન થતા પાણીનો થતો બગાડ રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીતકુમાર ચાવડા |
| ૨૧. | --"-- | ૧૦૦ | મધ્યમ સિંચાઈના લક્ષ્યાંકો પૂરા કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૨૨. | --"-- | ૧૦૦ | સિંચાઈની સગવડ વિનાના ગામોમાં સિંચાઈની સુવિધા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાઘવજીભાઈ પટેલ |
| ૨૩. | --"-- | ૧૦૦ | જામનગર જિલ્લાની સાની સિંચાઈ યોજનાની સાનીડેમ માઈનોર-૨માંથી પાણી મેળવવાની ખેડૂતોની વરસો જૂની માંગણીઓ સ્વીકારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાઘવજીભાઈ પટેલ |
| | | **માગણી નં. ૬૭** | | |
| ૨૪. | ૨૨૧૫-પાણી...સ્વચ્છતા<br>૦૧-પાણી પુરવઠો<br>૦૦૧-નિદેશ અને વહીવટ | ૧૦૦ | સ્વજલધારા અને બુટ (બિલ્ટ ઓન ઓપરેટ ટ્રાન્સફર) આધારીત યોજનાઓમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કાનજીભાઈ તળપદા |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા. ૨૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ-૧)પા.નં. ૧૪ | | | |
| ૨૫. | --"-- | ૧૦૦ | પાણી પુરવઠાના કામો સમયસર પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૨૬. | --"-- | ૧૦૦ | પાણી પુરવઠા બોર્ડમાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| ૨૭. | --"-- | ૧૦૦ | પાણી પુરવઠા બોર્ડમાં લાંબા સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતા કર્મચારીઓની અન્યત્ર બદલી કરી, પારદર્શક વહીવટ બનાવી બોર્ડની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈકબાલ પટેલ |
| ૨૮. | --"-- | ૧૦૦ | ખેડા અને આણંદ જિલ્લામાં ખારાપાણીની સમસ્યા દૂર કરી પીવાનું શુધ્ધ પાણી પૂરૂ પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રામસિંહ પરમાર |
| ૨૯. | --"-- | ૧૦૦ | ઉનાળાને લક્ષમાં લઈ તૈયાર કરવામાં આવતા માસ્ટર પ્લાન સમયસર તૈયાર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| ૩૦.* | --"-- | ૧૦૦ | પાણીની મોટી યોજનાઓના ટેન્ડરોની પ્રક્રિયામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૧. | --"-- | ૧૦૦ | બોર રીચાર્જ કરવા માટે નાણાની ફાળવણીમાં થતી ઉપેક્ષા નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૩૨.* | --"-- | ૧૦૦ | પાણી પુરવઠા બોર્ડની જૂથ પાણી પુરવઠા યોજનામાં મરામત કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૩. | ૨૨૧૫-પાણી...સ્વચ્છતા<br>૦૧-પાણી પુરવઠો<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૧-નિભાવ અને મરામત<br>રૂા. ૫૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ-૧) પા.નં. ૧૭ | ૧૦૦ | હલકા પ્રકારની પાણીની પાઈપલાઈનોને કારણે પાઈપો વારંવાર તૂટી જતાં સમયસર પાણી પુરવઠો પૂરો પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૩૪. | ૨૨૧૫-પાણી...સ્વચ્છતા<br>૦૧-પાણી પુરવઠો<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૧-નિભાવ અને મરામત<br>રૂા. ૫૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ-૧) પા.નં. ૧૭ | ૧૦૦ | જૂથ પાણી પુરવઠા યોજનાઓમાં મેન્ટેનન્સ માટે જરૂરી વ્યવસ્થા કરી પૂરતા પ્રેસરથી પાણી આપી શકાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈકબાલ પટેલ |
| ૩૫. | ૨૨૧૫-પાણી...સ્વચ્છતા<br>૦૧-પાણી પુરવઠો<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૩ઢધકક ૪૭ ગ્રામીણ...પુરવઠો<br>રૂા. ૩,૪૨,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮( ભાગ-૧)પા.નં.- ૧૭ | ૧૦૦ | ગામડાઓમાં પીવાના પાણીની સમસ્યાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીપરંજયાદિત્યસિંહજી પરમાર |

- **આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નથી.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિકાસ મંત્રીશ્રી પોતાના વિભાગની માગણી લઈને સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે કેટલીક વાતો આપના દ્વારા આ સભાગૃહ સમક્ષ હું મૂકવા માગું છું. આપણે હંમેશા નર્મદાને આપણી જીવાદોરી કહીએ છીએ પણ છેલ્લા ૧૫ વર્ષથી નર્મદા યોજનાના અમલીકરણમાં જે સ્થિતિ ઉભી થઈ છે. ગુજરાતની પ્રજાને પાણી નહીં પણ માત્ર સૂત્રો સાંભળવા મળે છે અને આ સૂત્રો પણ જેમ જેમ મંત્રીશ્રી બદલાય એમ એમ સૂત્રો બદલાતા જાય છે પણ પરિસ્થિતિમાં કોઈ ફેર પડતો નથી. મારે ખૂબ દુ:ખ સાથે નોંધ લેવી પડે છે કે નર્મદા યોજનાના અમલીકરણ માટે ગુજરાતની સરકાર જેટલી ગંભીર હોવી જોઈએ, જાગૃત હોવી જોઈએ અને કટિબદ્ધ હોવી જોઈએ એટલી કટિબદ્ધતા અને જાગૃતતા દેખાતી નથી. જયારે આ

યોજનાની શરૂઆત થઈ ત્યારે ૬૦૦૦કરોડનો એસ્ટીમેટ હતો. આજે આપણે આ યોજના પાછળ ૨૯૦૦૦કરોડ ખર્ચી ચૂકયા છીએ અને હજી જે કામ બાકી છે એ કામ પૂરું કરવું હોય તો આજના ભાવાંકે બીજા ૨૨૦૦૦કરોડ રૂપિયા ખર્ચ કરવાની જરૂર પડશે અને જે રીતે બજેટમાં ફાળવણી થઈ રહી છે આવનાર ૧૦ થી ૧૨ વર્ષ પહેલા આ બાકીનું કામ પૂરું થાય એવી શકયતા દેખાતી નથી એ આપણા માટે બહુ મોટી ચિંતાનો વિષય છે (અંતરાય) આટલા વખતથી કામ ચાલે છે, આટલા પૈસા આપણે ખર્ચ્યાં છતાં પરિસ્થિતિ એ છે કે કેનાલનું જે નેટવર્ક ઊભું થવું જોઈએ એ કેનાલના નેટવર્કનું માત્ર ૨૬ટકા કામ કરી શકયા છીએ. ૭૪ટકા કામ બાકી છે. મુખ્ય કેનાલનું કામ આગળ વધે એનાથી ખેડૂતોના ખેતરમાં પાણી મળવાનું નથી. માઈનોર અને સબ કેનાલ પૂરી થાય તો જ પાણી મળે. વર્ષોથી સભાગૃહ ચિંતા કરે છે. આ સભાગૃહમાં ૧૯૯૮માં ચર્ચા થઈ અને એ વખતે મંત્રીશ્રીએ જવાબ આપ્યો હતો એ જવાબ પ્રત્યે ધ્યાન દોરું છું.માનનીય જયનારાયણભાઈ વ્યાસે જવાબ આપતા કહ્યું ગુજરાતની સિંચાઈ યોજનાઓનો ઈતિહાસ છે. જુદી જુદી યોજનાઓમાં ૧૫-૧૫ વર્ષ થવા છતાં પણ કેનાલોના નેટવર્ક ન થાય અને એના કારણે સિંચાઈની સગવડ ઉભી થઈ શકતી નથી. નર્મદા યોજનાની બાબતમાં અમે આ કાળજી રાખવા માગીએ છીએ.યોજનાની સાથે સાથે આ કેનાલના નેટવર્કિંગનું કામ આગળ ચાલે, એમાં અમારી ચિંતા છે. મુખ્ય નહેરથી માંડીને સૌરાષ્ટ્રની શાખા નહેરો માંડીને કોઈપણ જગ્યાએ આપણે ઝોલે ચડ્યા નથી. It is very much under the control, under prescribed time table and under the design, we are working and going ahead.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૨ વર્ષ થયાં એ વાતને. આજે પણ પરિસ્થિતિ એવી છે કે આપણે ૨૬ ટકાથી આગળ વધ્યા નથી. સરેરાશ ૩ ટકાનાં કામ માત્ર થઈ રહ્યાં છે અને જે કામ થઈ રહ્યાં છે, એ કામમાં ઝડપનો પ્રશ્ન છે. સાથે સાથે ગુણવત્તાનો પણ પ્રશ્ન ૩૦૮ જેટલા મોટા ગાબડાંઓ આ ગાળા દરમ્યાન નર્મદાના કેનાલમાં પડ્યા. સુઝાનપુર અને કડીમાં ગાબડાં પડ્યા, ત્યારે પ્રશ્ન ઊભો થયો આ જ સભાગૃહમાં કે ૪ પગવાળા ઉંદરના કારણે ગાબડાં પડ્યા કે બે પગવાળા ઉંદરના કારણે ગાબડાં પડ્યા? વર્તમાન સરકારે ૨૦૦૮ માં તેની તપાસ કરવા માટે કમિટી નીમી. એ કમિટીએ પોતાનો રિપોર્ટ આપ્યો, પણ આ સભાગૃહને રિપોર્ટની જાણ પણ કરવામાં આવતી નથી. કેટલીક નર્મદા યોજનામાં કેટલીક ગંભીર જે વાત છે, એ મારે આ સભાગૃહ સમક્ષ મૂકવી છે. આપણે બહુ ચિંતા કરીએ છીએ. કેમ કે આ યોજના આપણા માટે ખૂબ મહત્ત્વની છે. ગુજરાતના લોકોની લાગણીઓ આ યોજના સાથે સંકળાયેલી છે. શું થઈ રહ્યું છે. દિલ્હીની એક કંપની હરિશ્ચંદ્ર ઇન્ડિયા લિ. જુદા જુદા તબક્કે ૧,૦૦૦ કરોડથી વધારાનાં કામ આ કંપનીને આપવામાં આવ્યાં છે. કંપનીએ સાઉથ ગુજરાતની અંદર નબળી કક્ષાનાં કેનાલનાં કામ કર્યાં. એની ફરિયાદ થઈ. સરદાર સરોવર નિગમના બોર્ડે તા. ૧૩મી જૂન ૨૦૦૭ ના દિવસે આ કંપનીને બ્લૅક લિસ્ટ કરવાનો નિર્ણય કર્યો. પછી શું થયું? નિગમના ચેરમેન બદલાયા. આપો આપ કંઈક એવું બન્યું કે પછી સરકારની સૂચના હતી કે કેમ? પણ આ જ કંપનીને ૨૭મી જુલાઈ ૨૦૦૯ ના દિવસે બ્લૅક લિસ્ટમાંથી રદ કરી દેવામાં આવી. પાછી પ્રસ્થાપિત કરી દેવામાં આવી. એની જાણ કંપનીને કરવામાં આવી, પણ સાઉથ ગુજરાતના અધિકારીઓએ બ્લૅક લિસ્ટ કરવા માટેની માગણી કરી હતી, એને જાણ કરવાની આપણી સરકાર ચિંતા નથી કરતી. જયપ્રકાશ એસોસીએટસને કામ અને પછી ૧૦.૩૮ કરોડો રૂપિયા મશીનરીના આઈડિયલ ચાર્જિસ આપણે એમને ચૂકવ્યા. આપણે તપાસ કરી. ખરેખર મશીનરી આઈડિયલ હતી? તપાસ કરતા એવું માલુમ પડ્યું કે ઈરિગેશન બાયપાસ ટનલનું કામ આ મશીનરી એમની આઈડિયલ હતી, એટલા માટે જયપ્રકાશને આપવામાં આવ્યું. એમની મશીનરી આઈડિયલ સમયના ગાળામાં સરકારે આપેલ કામમાં વપરાઈ અને ત્યાંથી મહેનતાણું ચુકવવામાં આવ્યું. એમ છતાય ૧૦.૩૮ કરોડ રૂપિયા આપણે જયપ્રકાશ એસોસીએટને ખોટી રીતે આઈડિયલ મશીનરીના ચાર્જિસ તરીકે ચૂકવી દીધા. આવી તો અનેક બાબતો અને એના કારણે આ યોજના ઝડપથી પરિપૂર્ણ કરવામાં, સારી રીતે પરિપૂર્ણ કરવામાં સરકારની ગંભીરતા માટે કેટલાક પ્રશ્નો ઊભા થયા છે અને આ સંદર્ભમાં હું આપના થકી માનનીય મંત્રીશ્રી પાસે માગણી કરું છું કે હવે આપણે લગભગ આખરી તબક્કામાં પહોંચ્યા છીએ. સરકારે આયોજન પંચ સમક્ષ ૨૦૦૭ માં ખાતરી આપેલ હતી કે એ ખાતરી મુજબ આ યોજના પરિપૂર્ણ કરવા માટેનું આખરી સમય પત્રક સરકારે તૈયાર કરવું જોઈએ અને નર્મદા કેનાલની જે કામગીરી થઈ રહી છે અને જે થવાની બાકી છે, તેના સંદર્ભમાં લોકોની લાગણીને ધ્યાનમાં રાખી પબ્લિક ઑડિટની જોગવાઈ જો માનનીય મંત્રીશ્રી કરે તો ગુજરાતની પ્રજાની આ પ્રોજેકટના સંદર્ભમાં જે દ્વિધાઓ છે, જે લાગણીઓ છે, તેને વ્યક્ત કરવાનો એક મોકો મળશે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી માગણી નંબર ૬૦ અને નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના મંત્રીશ્રી માગણી નંબર ૬૫, ૬૬ અને ૬૭ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું.

**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ આ ગૃહના સભ્યશ્રી આદરણીય સિધ્ધાર્થભાઈ વાત કરતા હતા કે આ યોજના ૬૦૦૦ કરોડ રૂપિયાની હતી અને ૨૯૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ. આ યોજનાનું જયારથી ખાતમુહર્ત કર્યું ત્યારથી વધારેમાં વધારે વર્ષો જો કોઈએ રાજય કર્યુ હોય તો આપના સત્તાપક્ષે કર્યુ છે અને એમાં

મારે એટલી જ વાત કરવી છે કે, આ યોજના પાછળ ચાલીસ વર્ષની અંદર ૬૩૨૧ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ૨૦૦૧ થી ૨૦૧૦ સુધી દશ વર્ષની અંદર ૧૦૭૪૮ કરોડ રૂપિયા ફાળવ્યા, એક વખત તમે ચાલીસ વર્ષના ગણો એના કરતાં ડબલ રૂપિયા દશ વર્ષમાં ફાળવ્યા છે ત્યાર પછી ૨૦૧૦-૧૧ની વાત કરું તો આ નર્મદા માટે ૩૬૨૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે. તો આના ઉપરથી આપણે એક વિચાર કરવાની જરૂર છે કે, અત્યાર સુધી જે આ યોજનામાં બાંધકામ ખર્ચ અને મેઈન કેનાલ આ એના મોટામાં મોટા બે ખર્ચ છે, તો મેઈન કેનાલનું કામ આજે સો ટકા પૂર્ણ થઈ ગયું છે અને દરેક રાજયોની અંદર પાણીની વિતરણ અને વ્યવસ્થાની અંદર ઝગડા થતા હોય છે ત્યારે આ ગુજરાતની અંદર આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને ગુજરાતની જનતાએ આ નર્મદા કેનાલનું કામ પૂર્ણ થયા પછી ઠેઠ રાજસ્થાનને આ પાણી આપવાનું એક ભગીરથ કાર્ય આ ગુજરાતની જનતાએ પણ કર્યુ. મારે એટલું કહેવું છે કે કોઈપણ કાર્ય કરવું હોય તો પહેલાં એનો ધ્યેય નકકી કરવો પડે તો આ પક્ષ કે તે પક્ષ, સૌ અહીંયાં ચૂંટાઈને આવ્યા એટલા માટે કે ગુજરાતનું ભલું કેમ થાય એના માટે, ત્યારે કોંગ્રેસના મિત્રોને મારે કહેવું છે કે, તમારો પણ તમે કંઈક ધ્યેય નકકી કરો કે ગુજરાતના વિકાસ માટે આજે તમારી કેન્દ્રમાં સરકાર છે આટલા મોટા અન્યાય થતા હોય, આ અન્યાયની અંદર કોલસાની રોયલ્ટી હોય કે ક્રુડની રોયલ્ટી હોય આ દરેક વસ્તુની અંદર કેન્દ્ર સરકાર દ્વારા અન્યાય થતો હોય છે કે સેસના ૨૨૦૦ કરોડ રૂપિયા ગુજરાતે લેવાના બાકી છે, આ રૂપિયા આપી દે તો આ યોજના ઝડપથી પૂરી થઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલા માટે આ યોજનાની અંદર એટલું જ કહેવું છે કે, આ યોજનાના ૧૮૦૦૦ કિલોમીટરથી વધારે કામ આ યોજનાના પૂર્ણ થયા છે. મુખ્ય કેનાલના કામ ૧૯૦૦ કિલોમીટરના પૂરા થયા છે. મારે બીજી એટલી જ વાત કરવી છે કે, આ ડેમની હાઈટ ૧૨૧ મીટર આવી છે, એમાં અત્યારે કુલ પાણીના ૩૩ ટકા પાણી સમાય છે, તો જો આ ડેમને પૂર્ણ કરવામાં આવે તો બીજું ૬૬ ટકા પાણી સમાવવાનું છે. મારે એ વાત કરવી છે કે જે ડેમની ૧૨૧ મીટરની હાઈટ થઈ, આના દરવાજાના જો પિલર કરવા દેવામાં આવે તો પિલર કરવાથી વધારે પાણી સમાવવાનું નથી કે વિસ્થાપિતોને કોઈ તકલીફ પડવાની નથી તો આપની કેન્દ્ર સરકાર છે તો જો આ પિલર કરવા દેવામાં આવે તો અને આ દરવાનાના હાઈટની મંજૂરી મળે તો તાત્કાલિક દરવાજા ચડી જાય અને ૬૬ ટકા પાણીનો આપણને જે લાભ મળવાનો છે એ તાત્કાલિક મળે. તો આના માટે કોંગ્રેસના મિત્રો ચિંતા કરે, કે જે નર્મદા, નર્મદાની વાતો કરી અને નર્મદા માટે આપ કંઈ કરી શકતા ન હોય તો આ વાત કરવાથી ગુજરાતના ખેડૂતોનું ભલું નથી થવાનું. આ અમારી સરકાર હતી એમાં નર્મદાની ઉંચાઈ ૧૨૧ મીટર થવાનું કારણ પણ કેન્દ્રમાં અમારી સરકાર હતી એ છે. મારે ખાસ વાત એ કરવી છે કે જયારે ૩૩ ફૂટ પાણી ભરાતું હોય આ ૩૩ ટકા પાણી અને ગુજરાતમાં વધારે વધારે બનેલા ચેકડેમો આના કારણે ગુજરાતની અંદર કૃષિ ઉત્પાદનમાં જો હરણફાળ ભરી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ફાળે છે. ૯૦૦૦ કરોડથી ૫૦૦૦૦ કરોડનું કૃષિ ઉત્પાદન થયું તો ખાસ કરીને જો આ ૬૬ ટકા પાણી ભરાઈ જાય તો ગુજરાતની અંદર પાણી-પાણી થાય અને ગુજરાતના ખેડૂતો અત્યારથી જ સમૃધ્ધ બને. એના માટે આપણે સૌ ભેગા થઈને ચિંતા કરવાની જરૂર છે, ખાસ કરીને આ ગુજરાતની અંદર ગુજરાતની અંદર જે નર્મદા બંધ છે એમાં જે આપણા પાવરના યુનિટો હતા એનો દર વર્ષે રિપેરીંગ અને સાફ-સફાઈનો એક કરોડનો ખર્ચ આવતો હતો એને બદલે આ ચાલુ થયા પછી ૬ હજાર કરોડ રૂપિયાની આવક થઈ છે. બીજી ખાસ મારે એ વાત કરવી છે કે, અત્યારે તળાવો ઉંડા કરવા માટેની જોગવાઈ છે એમાં ગુજરાતની અંદર ૧ લાખ ૨૫ હજાર ચેકડેમો બનાવવામાં આવ્યા, ૧૯ હજાર તળાવો ઉંડા કરવામાં આવ્યા આના કારણે ગુજરાતની અંદર સિંચાઈનો અને લિફ્ટ ઈરિગેશનનો ખેડૂતોએ મોટામાં મોટો લાભ લીધો છે અને વધારેમાં વધારે ઉત્પાદ કર્યું હોય તો આ છેલ્લા પાંચ વર્ષથી કર્યું છે. મારે ખાસ એ વાત કરવી છે કે, ગુજરાતમાં પાણી વિતરણ માટે જિલ્લા આયોજન સમિતિની રચના કરવામાં આવી અને જ્યાં કેનાલ નીકળવાની હોય ત્યાં જમીન સંપાદનના પ્રશ્નો હોય કે બીજો કોઈ પણ પ્રશ્ન હોય એ આ જિલ્લા આયોજન સમિતિ દ્વારા એ પ્રશ્નનું નિરાકરણ આવે એના માટેની ખાસ જોગવાઈ કરી અને એ રીતે સમિતિની રચના કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, નાની સિંચાઈ યોજનાની વાત કરું તો જે જિલ્લા પંચાયત હસ્તકની જે નાની સિંચાઈ યોજના છે એમાં પણ ૧૮ કરોડ રૂપિયાની આમાં જોગવાઈ કરવામાં આવી છે. દરેક ખેડૂત માટે પાણી વિતરણની એક સમિતિ બનાવવાની છે, પાણીની મંડળીઓ બનાવવાની છે આની અંદર પણ ૩૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે અને ગુજરાતમાં વધારેમાં વધારે પાણી સમિતિઓ અને મંડળીઓ બને એના દ્વારા પાણીનું વિતરણ થાય અને સારી રીતે વિતરણ થાય એના માટેની પણ આમાં જોગવાઈ કરવામાં આવી છે. ખાસ કરીને આ સરકારની એક નેમ છે કે, ૨૦૧૨ સુધીમાં ૪.૪૬ લાખ હેકટરમાં પાણી આપવાનું આયોજન અત્યારથી વિચારી લીધું છે. નર્મદા બંધથી જે આપણે મેઈન કેનાલ નીકળે છે પાનમ હાઈ-લેવલ એમાં ત્રણ કિલોમિટરનું બોગદું કાઢી પહાડ વચ્ચેથી પાણી લાવ્યા છીએ અને દાહોદમાં જે લિફ્ટ ઈરિગેશન કર્યું છે એ ચાર માળ જેટલી હાઈટ ઉપર લઈ જઈ પાણીને લિફ્ટ કરવામાં આવ્યું છે અને ખાસ કરીને વિશ્વની મોટામાં મોટી જો યોજના હોય તો ઢાંકી પાસે ૬૬.૪૨ મિટરી હાઈટ ઉપર એટલે ૨૦ માળ થાય એટલે ઉંચે ૨૦૦૦ હોર્સ પાવરના એવા પાંચ પંપ કિર્લોસ્કર કંપની પાસે બનાવડાવી અને એટલું ઉપર પાણી લઈ જઈને સૌરાષ્ટ્ર અને કચ્છને પાણી આપવાનું કામ આ ભારતીય જનતા

પાર્ટીની સરકારે કર્યું છે. ખાસકરીને મારે એ વાત કહેવી છે કે, આની અંદર જે પાવર વપરાય છે મોટામાં મોટું ઔદ્યોગિક શહેર હોય એને જેટલી વીજળીની જરૂર પડે એટલો પાવર આ પંપીગ સ્ટેશનમાં વપરાવાનો છે. ખાસકરીને મારે એ વાત પણ કરવી છે કે વરસાદનું પાણી નર્મદામાં થઈ દરિયામાં જે વહી જવાનું હતું એ પાણીની વહેંચણી કરવામાં આવી એમાં એક મિલિયન એકર ફીટ ઉત્તર ગુજરાતને, એક મિલિયન એકર ફીટ પાણી સૌરાષ્ટ્રને અને એક મિલિયન એકર ફીટ પાણી કચ્છને આપવામાં આવ્યું છે. આ પાણી વિતરણ વ્યવસ્થા માટે ખાસ એક યોજના બનાવવામાં આવી અને કચ્છ બ્રાન્ચ કેનાલના માર્ગમાં આવતા તમામ જળાશયો ભરવા તેમજ બ્રાન્ચ કેનાલના માર્ગમાં આવતા સાંતલપુર તાલુકાના નીચાણવાળા વિસ્તારમાં પાણીનો સંગ્રહ કરવો, ફતેગઢ યોજનાના નવા વધારાના વિસ્તારમાં પાણીનો સંગ્રહ કરવો, કચ્છ બ્રાન્ચ કેનાલને લંબાવીને સિંચાઈ વિસ્તાર વધારવો કચ્છ બન્ની વિસ્તારમાં આ પાણીનો સંગ્રહ કરવો એવું પણ આયોજન કરવામાં આવ્યું છે. ત્યાર પછી સૌરાષ્ટ્રને જે વધારાનું પાણી એક મિલિયન એકર ફીટ મળવાનું  એમાંથી સૌરાષ્ટ્ર વિસ્તારની નર્મદા યોજનાની મોરબી શાખા નહેરના છેવાડાના મચ્છુ નદી, મચ્છુ ૧ અને ૨ અને ત્યાંથી ફૂલઝર નદીમાં જે જામનગર જિલ્લાની છે એના દ્વારા જામનગર જિલ્લાને પણ આ પાણી મળે એના માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ખાસ કરીને મારે જામનગર જિલ્લાની અને કચ્છની પાણી પુરવઠાની એ વાત કરવી છે કે, જે આપણે નર્મદા કેનાલનું પાણી કચ્છમાં પીવાના પાણી માટેની મેઈન કેનાલ છે એમાં જતું હતું એની વિતરણ વ્યવસ્થામાં તકલીફ પડવાના કારણે રાજ્ય સરકારે આ મેઈન પાઈપ લાઈન માટે ૪૨૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.ઢાંકીથી રતનપુર રાજકોટ સુધીની ૧૫૦ કિલોમીટર, માળીયા શાખા નહેર ૧૩૫ કિલોમીટર, વલ્લભીપુર બ્રાન્ચમાં ૯૦ કિલોમીટર, માળીયા ધ્રાંગંધ્રા કેનાલને જોડતી ૩૦ કિલોમીટર, નાવડાથી બોટાદ સુધીની અર્ધ કેનાલને ૩૨ કિલોમીટર, જુનાગઢ જિલ્લાના કડીયાણીથી કેસરીયા ત્યાંથી ..(અંતરાય) ૬૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ  એટલે માનનીય મંત્રીશ્રીઓ આ જે માગણીઓ લઈને આવ્યા છે એ સારામાં સારું આયોજન છે એટલે એ માગણીઓને હું આવકારું છું અને મારી આટલી રજૂઆત કરીને મારી વાત પૂરી કરું છું અને મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા અને જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

છેલ્લાં દસ વર્ષથી આ વિધાનસભા ગૃહમાં હું આવી રહ્યો છું ત્યારે દસ વર્ષમાં એકજ વાત સાંભળી છે કે કોંગ્રેસે છેલ્લાં ચાલીસ પચાસ વર્ષમાં શું કર્યુ. ખાસ કરીને દેશ આઝાદ થયો ૧૯૪૭માં, ગુજરાત ૧૯૬૦માં મહારાષ્ટ્રમાંથી જુદું પડ્યું, ગુજરાતની સ્વર્ણિમ જયંતી ઉજવવા માટે જ્યારે આપણે જઈ રહ્યા છીએ ત્યારે મારે ખાસ ભારતીય જનતા પાર્ટીના સાથી સભ્યોને જણાવવું છે કે, મહીસાગર નદી ઉપર જે ડેમ બનાવ્યો કડાણા ડેમ એ આપે બનાવ્યો? વણાકબોરી આડબંધ આપે બનાવ્યો? આજી ડેમ આપે બનાવ્યો? મચ્છુ ડેમ આપે બનાવ્યો, શેત્રુજી ડેમ આપે બનાવ્યો?, સરદાર સરોવર ડેમ આપે બનાવ્યો? કરજણ ડેમ આપે બનાવ્યો, સુખી ડેમ આપે બનાવ્યો?, આવા અનેક દાખલા મારી પાસે છે. ત્યારે કોંગ્રેસે કંઈ કર્યુ નથી, કંઈ કર્યુ નથી, મને ખ્યાલ છે ત્યાં સુધી લગભગ ૭૦ ટકા ધારાસભ્યોનો આ કોંગ્રેસે જ્યારે કર્યુ હશે ત્યારે એમનો જન્મ પણ નહિ હોય અને જેમનો જન્મ થયો છે એમને ખબર પણ નહિ હોય. મારે પોલિટીકલ ઓબ્ઝર્વેશનમાં બહુ નથી પડવું, પણ આ ગુજરાતના પચાસ વર્ષ પૂરા થઈ ગયા છે અને સ્વર્ણિમ જયંતિ જ્યારે ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે ૯૦ ટકા હિસ્સો એમાં કોંગ્રેસનો છે, જે જિલ્લામાંથી હું આવી રહ્યો છું, આપણે ૧૬૦૦ કિલોમીટરના દરિયાની વાતો કરીએ છીએ, ૨૫ જિલ્લામાંથી ૧૩ જિલ્લા દરિયા કિનારે આવી ગયા છે, એમાં અમારા આણંદ જિલ્લાના પણ અમુક તાલુકા છે, સેલીનિટિના અનેક પ્રશ્નો છે, મારા બોરસદ તાલુકાની ખાસ વાત કરું અને આંકલાવ તાલુકાની વાત કરું તો આજે લગભગ ૭૦ ટકા ગામોમાં પીવા લાયક પાણી છે નહિ, અમારી રાસ જૂથ પાણી પુરવઠા યોજનાનો સરવે થયો પણ આજદિન સુધી હજી પાણી અમને મળ્યું નથી, અમારા બોરસદ, આંકલાવ, આણંદ, ઉમરેઠ આ બધા નદી કિનારાના ગામો છે એના કોતરો છે, એ કોતરોના સમારકામ માટે પણ આપણે યોગ્ય ન્યાય આપી શકયા નથી. મધ્ય ગુજરાત અને આણંદ જિલ્લાને અન્યાય કરવાનું આપે વિચાર્યુ હોય એવું અમને કંઈક લાગી રહ્યું છે, ત્યારે મારે માનનીય મંત્રીશ્રી આપને ખાસ કહેવું પડશે કે વિસ્તાર નહિ પણ સમગ્ર ગુજરાતને ધ્યાનમાં રાખીને બજેટ હંમેશા વાપરવું જોઈએ. સેલીનિટિના અનેક પ્રશ્નો છે, ખારાશ દિવસે દિવસે મહી સાગર નદીની આગળ વધતી જાય છે, જયારે હું વિધાનસભામાં પ્રશ્ન પુછું છું ત્યારે એકજ વાત આવે છે કે, સરવે કર્યો છે, સરવે કર્યો છે પણ સરવે ક્યારે પૂરો થશે એ તો માનનીય મંત્રીશ્રી જણાવે, અમારા બદલપુર - તિથોડના આડબંધની વાત છે,  આપણે ત્યાં કલ્પસર યોજના એ તો કલ્પના છે, પણ આ મીની કલ્પસર છે, આ બદલપુરથી તિથોડ જો આડબંધ બનાવવામાં આવે તો જંબુસર, પાદરા, આંકલાવ, બોરસદ, ખંભાત, સોજીત્રા બધાય તાલુકાને ખારાશનું પાણી અટકાવવાથી સારામાં સારો લાભ મળશે. મારે ખાસ મહી સિંચાઈની વાત કરવી છે કે મહી સિંચાઈ અમારા આણંદ જિલ્લાના કમાન્ડ એરિયાની છે લગભગ ૧,૬૩,૦૦૦ જેટલો કમાન્ડ એરિયા જ્યારે નકકી કરવામાં આવ્યો હતો ત્યારે મારે ચોકકસ કહેવું છે કે, ૧૯૯૧-૯૨માં ગુજરાતને શ્રેષ્ઠ ઈરીગેશનનો એવોર્ડ મળ્યો ત્યારે કોંગ્રેસનું રાજ હતું, ૧૯૯૪-૯૫માં પણ શ્રેષ્ઠ ઈરીગેશનનો એવોર્ડ મળ્યો, ૯૩-૯૪માં પણ એવોર્ડ મળ્યો, આપે કેટલું

ઈરીગેશન કર્યુ? અત્યારે છેલ્લું આપણે જોયું તે પ્રમાણે ૧ લાખ હેકટર પણ આપણે કરી શકતા નથી, આણંદ જિલ્લામાં લગભગ ૨૧૦૦૦ હેકટર જ આપણે પહોંચી શક્યા છીએ. એની એ જ કેનાલો છે, આપણે કોઈ કેનાલો વધારી નથી. લાઈનીંગનું કામ ચોકકસ કર્યુ છે, મારે આપને અભિનંદન પણ આપવા પડશે.મારે તમને એક વાત ચોકકસ કહીને અભિનંદન આપવા પડશે કે ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં કેનાલોનું સમારકામ કર્યુ હતું, એનાથી ૪૦૦૦ થી ૫૦૦૦ હેકટર વધારે ખેતી કરવા મળી. પણ મંત્રીશ્રીને મારે કહેવું છે કે આ કેનાલો ખૂબ સારી રીતે સાફ થાય અને બીજું કે અમને વીજળીના કનેકશન પણ ઓછા મળે છે, તો કેનાલો સારી સાફ થાય તો સારામાં સારું પાણી અમને મળી શકે તેમ છે. મધ્ય ગુજરાતમાં કાંસના મોટામાં મોટા પ્રશ્નો છે. તો કાંસને પણ સાફ કરાવવા જોઈએ, જેથી કરીને પાણીનો નિકાલ પણ થઈ શકે.

માનનીય મંત્રીશ્રી મેં જે વિચારો રજૂ કર્યા છે, એને ચોકકસ ધ્યાનમાં લેશે એવી વિનંતી કરું છું.

**શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ(જુનાગઢ)** : માનનીય કાયદામંત્રી, માનનીય નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા તથા કલ્પસર વિભાગના મંત્રીશ્રી પોતાના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે, એના સમર્થનમાં મારી વાત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું કાયદા વિભાગ બાબતમાં મારા વિચારો રજૂ કરીશ. પહેલાના વખતમાં પોલીસ પટેલો દ્વારા કાયદો ચલાવવામાં આવતો હતો. પોલીસ પટેલ કહે તે કાયદો અને પોલીસ પટેલ નિર્ણય કરે તે સજા. પરંતુ જેમ જેમ સમાજનો વિકાસ થતો ગયો, રાષ્ટ્રનો વિકાસ થયો અને ગુનેગારોએ પણ પોતાના ગુનાની તરકીબો બદલી. એટલા માટે સુદ્રઢ કાયદાઓની જરુર પડી. ગુજરાતની અંદર મજબૂત કાયદા આવ્યા અને કાયદા વિભાગ ખૂબ મજબૂત બને એ દિશામાં પ્રયત્નો થયા.

માનનીય અધ્યક્ષશ્રી, હું થોડો ભૂતકાળમાં જવા માગું છું અને થોડી કમ્પેરીઝન કરવા માગું છું. ગુજરાતમાં કાયદા તો બનાવેલા, પરંતુ એ કાયદાઓનો અમલ શિથિલ હોવાને કારણે ભૂતકાળમાં કાયદાની ઐસીતૈસી કરનારા લોકો, દેશદ્રોહી લોકો, આતંકવાદીઓ, દેશના અને રાજયના ભાગલા પડાવનારા સમાજદ્રોહીઓ શહેરો અને ગામડામાં નિર્દોષ લોકોને રંજાડતા હતા. સેંકડોની સંખ્યામાં નિર્દોષ પ્રજાનું લોહી વહેવડાવવામાં આવ્યું. અનેક લોકોએ પોતાના જાન ગુમાવ્યા. ગામડાની અંદર ગામડાની પ્રજા ભયમૂકત નહોતી. ભયભીત હતી. આવા દિવસોની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં શાસન ઉપર આવી. કેશુભાઈ પટેલની સરકાર તથા માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે ગુજરાતને ભયમૂકત બનાવવાનું બીડું ઝડપ્યું અને કાયદા વિભાગને સુદ્રઢ બનાવવાના પ્રયત્નો કર્યા. જેનું સ્થાન જેલના સળિયા પાછળ હતું, એવા લોકોને જે સમાજની અંદર આગળ પડતા પડીને ફરતા હતા, એ બધાને જેલના સળિયા ગણાવવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ રાજયનું કે કોઈપણ શાસનનું સુચારૂ સંચાલન કરવું હોય તો કાયદા વિભાગ ખૂબ મજબૂત હોવો જોઈએ. કાયદાઓ કડક હોવા જોઈએ અને તેનો અમલ પણ કડક હોવો જોઈએ. અત્યારે રાજય સરકાર તે દિશામાં પૂરતા પ્રયત્નો કરી રહી છે. મારે કહેવું છે કે સ્વર્ણિમ્ ગુજરાતની દ્રષ્ટિએ રાજય સરકારે કાયદા વિભાગને આ વર્ષે ૬૫૩ કરોડ રૂપિયાનું આયોજન વિચાર્યુ છે અને અહીંયા બજેટની માગણીઓમાં દર્શાવ્યું છે. ૨૦૦૮-૦૯માં ૨૩૬ કરોડની માગણીઓ હતી, ૨૦૦૯-૧૦માં ૩૯૦ કરોડની માગણીઓ હતી અને આ વખતે તેમાં વધારો કરીને ૬૫૩ કરોડ એટલે કે ૨૬૨ કરોડનો વધારો સૂચવે છે. એટલે લગભગ ૬૭.૨ ટકાનો વધારો રાજય સરકારે આ વિભાગ માટે સૂચવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદા વિભાગનું મુખ્ય કાર્ય સરકાર પક્ષે જે કંઈ લિટિગેશન્સ થાય છે, તેમાં માર્ગદર્શન આપવાનું હોય છે. લો ઓફિસરની નિમણૂક હોય છે, નોટરીની નિમણૂક કરવાની હોય છે, નેશનલ લો યુનિવર્સિટીની સ્થાપના અને રચના કરવાનું કાર્ય પણ સંભાળે છે, ચેરિટી કમિશનરશ્રીની કચેરી, વકફ બોર્ડ આમ લગભગ ૧૭ જેટલા વિભાગ તેમના માર્ગદર્શન નીચે આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતમાં અલગ અલગ અદાલતોમાં લગભગ ૨૬ લાખ જેટલા કેસો પડતર છે. સ્વર્ણીમ ગુજરાતની દ્રષ્ટિએ રાજય સરકાર ચિંતિત છે અને સ્વર્ણીમ ગુજરાતની દ્રષ્ટિએ પણ એક કદમ આગળ વધીને રાજય સરકારે એવું નકકી કર્યુ છે કે જે વર્ષમાં કેસ દાખલ થાય , બોર્ડ ઉપર આવે એ જ વર્ષમાં એનો નિકાલ થાય. મારા મારા સાથી મિત્રો કે જેમણે કાપ દરખાસ્ત રજૂ કરી છે તેમને વિનંતી છે કે આપે જે કાપ દરખાસ્તમાં ચિંતા વ્યકત કરી છે કે કેસોનો ઝડપી નિકાલ થતો નથી, પરંતુ જયારે રાજય સરકારે જે વર્ષમાં કેસ દાખલ થાય એ જ વર્ષમાં એનો નિકાલ થાય એના માટે ચિંતા વ્યકત કરી છે અને આજે ગરીબો, શોષિતો, પીડિતો અને વંચિતોને ઝડપી અને સસ્તો ન્યાય મળે એ દિશામાં રાજય સરકારે ચિંતા વ્યકત કરી છે અને લગભગ ૪૨૫ કરોડ રૂપિયાના ખર્ચ માટે આ બજેટમાં જોગવાઈ સૂચવી છે અને ૪૦ જેટલી નવી કોર્ટો અને ૭૦૦ જેટલી ન્યાયાધીશોની જગ્યાઓ ભરવાનું પણ નકકી કર્યુ છે. માનનીય રાજયપાલશ્રીએ પણ પોતાના પ્રવચનમાં કહ્યું છે કે ન્યાયમાં વિલંબ એ ન્યાયને નકારવાની બાબત ગણી શકાય, ન્યાય મળવામાં ઝડપીકરણ આવે, ન્યાયતંત્રમાં સુધારણા થાય અને સ્વતંત્ર રીતે કામ કરી શકે એ માટે રાજય સરકારે પણ પોતાની રીતે ન્યાયતંત્રને સુદ્રઢ બનાવવા માટે પૂરતાં પગલાં લીધાં છે અને અનેક નવી કોર્ટો પણ સ્થાપવાનું નકકી કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે એથી પણ આગળ વધીને જણાવ્યું છે અને નકકી કર્યુ છે કે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ગાંધીનગર ખાતે સ્થાપીને ૫ વર્ષનો કોર્સ ચાલુ કર્યો છે અને એમાંથી કાયદાના તજજ્ઞો પણ આપણને મળવાના છે. કાનૂની સેવા સત્તામંડળ દ્વારા પણ સમાધાન દ્વારા અને વાટાઘાટો દ્વારા પણ હજારો કેસોનો નિકાલ થયો છે અને આ કેસો જો અદાલતમાં ચલાવવામાં આવે તો લગભગ ૩૩૩ કરોડ રૂપિયાનો ખર્ચ થાય, પરંતુ એ સમાધાનથી અને વાટાઘાટોથી નિકાલ લાવીને એક કેસમાં ૧ રૂપિયો અને ૬૧ પૈસાનો જ ખર્ચ કરીને ટૂંકાગાળામાં હજારો કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર વિશ્વને આતંકવાદીઓએ ભરડો લીધો છે ત્યારે ગુજરાત પણ એમાંથી બાકાત નથી. આતંકવાદીઓએ છમકલાં ચાલું જ રાખ્યાં છે ત્યારે રાજય સરકારે જે ગુજકોકનો કાયદો પસાર કરીને કેન્દ્ર સરકારમાં મોકલ્યો છે એ કાયદો કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર થઈને આવી જાય એના માટેનો પ્રયત્ન કરવા માટે હું મારા સાથી મિત્રોશ્રીને વિનંતી કરું છું અને એના માટેના તમે પ્રયત્ન કરો એવી હું આશા રાખું છું.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુરવઠા મંત્રીશ્રી જે એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય જયારે એની સુવર્ણ જયંતી ઉજવવા માટે જઈ રહ્યું હોય ત્યારે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે ગુજરાતના ગામડાંની ચિંતા કરી છે કે છેવાડાના માનવીનો વિકાસ થાય, સાથે સાથે છેવાડાના માનવીને પણ પીવાનું શુધ્ધ પાણી મળે એના માટે પણ ચિતા આ રાજય સરકાર કરી રહી છે. પાણી પુરવઠાનું માળખું પણ સુદ્રઢ બનાવવા માટે પાણી પુરવઠાની યોજનાઓ માટે જે જોગવાઈ કરવામાં આવી છે એ ૧૮૪૯.૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે એના ઉપરથી મને લાગે છે કે ગુજરાતનું એકપણ ગામડું શુધ્ધ પીવાના પાણીથી વંચિત ના રહે એના માટેની ચિંતા આ રાજય સરકારના આદરણીય પાણીપુરવઠા મંત્રીશ્રીએ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું સૌરાષ્ટ્રના ગામડામાંથી આવું છું અને જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે અમારાં જે ગામડાંમાં પીવાના પાણીની મુશ્કેલી હતી અને પીવાના પાણીનાં ટેન્કર પણ મળતાં ન હતાં અને પાણી મળતું તો એ ખારું, કડવું અને મોળું પાણી મળતું હતું.આજે હું આ રાજય સરકારને અભિનંદન આપીશ કે મારા તાલુકામાં જે મહી-પરીયેજ યોજના આધારીત નર્મદાનું પાણી પીવા માટે મળે છે. મારા વિસ્તારમાંથી લોકો જયારે નર્મદા બંધ જોવા જતા ત્યારે નર્મદાનું પાણી ચરણામૃત તરીકે લઈને ઘેરે આવતા હતા, આજે નળમાં ઘેર ઘેર નર્મદાનું પાણી આવે છે. પાણીપુરવઠાની જે યોજનાઓ જાહેર કરવામાં આવે છે તે યોજનાઓ નિયમિત રીતે પૂરી થાય તે માટે પાણી પુરવઠા બોર્ડ અને તેના માટે સમિતિ બનાવવામાં આવી છે તે સમિતિ પૂરે પૂરી દેખરેખ રાખીને આ યોજનાઓ વહેલી તકે પૂરી થાય તેના માટેની ચિંતા કરે છે. આ યોજના હેઠળ ૪૦૦ કિલો મિટરથી વધારે લંબાઈની બલ્ક પાઈપ લાઈન નાખવામાં આવી છે અને નાવડાથી બોટાદ સુધીની હયાત પાઈપ લાઈન છે તેની ક્ષમતા વધારવા માટે ૧૮૦ કરોડ જેવી માતબર રકમ ફાળવવામાં આવી છે. એ જ રીતે જુનાગઢ જિલ્લા માટે કડીયારીથી કેસરીયા અને સોનારીયા માટે ચાલુ વર્ષે ૨૦૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે અને કુલ ૬૦૦ કરોડ વાપરવાના છે. સાબરકાંઠા જિલ્લાના ૩ શહેરો અને ૬૮૫ ગામોને આવરી લેતી નર્મદા કેનાલ આધારિત પીવાના પાણીની યોજના માટે પણ ૮૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. (અંતરાય) જવાહરભાઈ, તમે વચ્ચે ન બોલો તો વધારે સારું, નહીંતર મારે કંઈક બોલવું પડશે, હું કોઈ રાજકીય અવલોકન કરવા માગતી નથી, પણ તમે મને બોલાવશો નહીં, તમારા શાસનમાં કેવીું ચાલતું હતું તેની અમને ખબર છે. માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં ૩ શહેરો અને ૩૮૫ ગામોને આવરી લેતી યોજના નર્મદા કેનાલ આધારીત બનાવવામાં આવી છે. એ જ રીતે સાગર ખેડુ યોજના છે, આ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સાગર ખેડુઓની પણ ચિંતા કરી છે અને એમને પીવાનું મીઠુ શુધ્ધ પાણી મળે તેના માટે પણ ૨૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પાણી પુરવાઠ બોર્ડ દ્વારા ઘડવામાં આવતી યોજનાઓ છે તેનીસમિતિ બનાવવામાં આવી છે અને તે આ કામમાં કોઈ રુકાવટ ન આવે અને સરકાર દ્વારા અને પાણીપુરવઠા બોર્ડ દ્વારા જે ટેન્ડર પધ્ધતિથી ટેન્ડર બહાર પાડવામાં આવતા તેમાં આ રાજય સરકારે પારદર્શક વહીવટ આપ્યો છે. અને ટેન્ડરની જે પદ્ધતિ હતી તેમાં ઈ ટેન્ડરીંગ કરીને ટેન્ડર કાઢવામાં આવે છે અને કામગીરી નિયત સમયમાં પૂર્ણ થાય તેના માટેની ચિંતા રાજય સરકાર કરે છે. હું પાણી પુરવઠા મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે અત્યારે ઉનાળાની સીઝન આવી રહી છે ત્યારે દરેક ધારાસભ્યશ્રીઓને પત્ર લખી અને કહયું કે તમારા વિસ્તારમાં પીવાના પાણીની મુશ્કેલી હોય તો અમને જણાવો, આટલી ચિંતા સરકાર કરતી હોય તો ખરેખર અભિનંદનને પાત્ર છે. સરકાર દ્વારા પાણી પુરવઠાની કામગીરી આવશ્યક સેવા તરીકે જાહેર કરેલ છે. દરેક ગામને કે શહેરને પીવાનું શુધ્ધ પાણી સમયસર અને પુરતા પ્રમાણમાં મળી રહે તેના માટેની કામગીરી બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. અછતની પરિસ્થિતિને પહોંચી વળવા યુધ્ધના ધોરણે પાણી પુરવઠા બોર્ડ કામ કરી રહયું છે અને રાજય સરકાર પણ કામ કરી રહી છે. અત્યારે આ વર્ષે વરસાદ ઓછો થવાના કારણે ઘણી જગ્યાએ પીવાના પાણીની અછત ઉભી થઈ છે તો તેના માટે આગોતરું આયોજન પણ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે અને તેનો અભ્યાસ કરીને જે ગામડાંમાં પીવાના પાણીની અછત ઉભી થશે તો તેના માટે જામનગર, કચ્છ, જુનાગઢ, પોરબંદર, રાજકોટ, ભાવનગર, અમરેલી,

બનાસકાંઠા, મહેસાણા, પાટણ, અમદાવાદ અને સાબરકાંઠા આ દરેક જિલ્લામાં આગોતરું આયોજન કરેલું છે. માનનીય મંત્રીશ્રીએ જે મીટીંગ બોલાવી અને અમારી પાસેથી સૂચનો અને જે કામો માંગ્યા છે તે કહેતા મને આનંદ થાય છે. મારા તાલુકાની અંદર જે જૂથ યોજના છે એમાં આજે પીવાનું ચોખું પાણી મળે છે. એની અંદર નર્મદાનું ચોખ્ખું પીવાનું પાણી મળે છે. એમાં હજી થોડીક જરૂરિયાત છે. મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ગામડાંની અંદર હેન્ડપંપો મૂકેલા છે, હું સરકારશ્રીને અભિનંદન આપીશ કે હેન્ડપંપ રિપેર કરવાની સત્તા જે તે ગામના સરપંચને આપી દેવામાં આવી છે. એને કહેવામાં આવ્યું છે કે તમારી રીતે હેન્ડપંપ રિપેર કરાવી લો. તેથી મારુ સૂચન એ છે કે આવા હેન્ડપંપ બંધ પડ્યા હોય તો મિકેનિકલ વિભાગને સૂચના આપીને તાત્કાલિક એ રિપેર કરવામાં આવે તો ગામડાંના હેન્ડપંપ પાણી ખેંચવા માટે મદદરૂપ થાય. માનનીય જવાહરભાઈ, તમારા શાસનમાં તો હેન્ડપંપ રિપેર કરાવવા માટે થઈને સરપંચોને એટલા ધક્કા ખાવા પડતા કે એના ચપ્પલ ઘસાઈ જતા હતા તેમ છતાં હેન્ડપંપ રિપેર થતા નહોતા. આજે એવી પરિસ્થિતિ રાજયમાં નથી. માનનીય મંત્રીશ્રી પાણી પુરવઠા વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એને અભિનંદન આપું છું અને આ સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી ચિંતા કરી રહ્યા છે એને પણ હું અભિનંદન આપુ છું.

**શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગની માગણીઓ ઉપર રજૂઆત અને મારાં કેટલાંક સૂચનો કરવા માટે ઊભો થયો છું.

અહીંયા સતત અભિનંદનનો વરસાદ વરસી રહ્યો છે અમે દાહોદ જિલ્લા વાળા અભિનંદન આપવાની રાહ જોઈને બેઠા છીએ પરંતુ દુ:ખની વાત એ છે કે દાહોદ જિલ્લાને આમાંથી તદ્દન બાકાત રાખવાની વાત છે. અમારા દાહોદ જિલ્લામાં કોઈ મોટી સિંચાઇ યોજના નથી તેથી દાહોદ જિલ્લાને સિંચાઇ માટે કોઈ લાભ મળતો નથી. આ જિલ્લાની નજીકમાં કડાણા યોજના છે અને બીજી બાજુ નર્મદાનું પાણી જાય છે. આ નર્મદાનું પાણી સૌરાષ્ટ્ર કચ્છ સુધી જાય છે એનો અમને આનંદ છે. પરંતુ દાહોદ જિલ્લાને અડીને જ આ બંને યોજનાઓ આવેલી હોવા છતાં અહીંની પ્રજા પીવાના પાણી માટે પણ ફાફા મારી રહી છે. મારી સરકારને વિનંતી છે કે આ જિલ્લાને તમે કડાણા અથવા તો નર્મદા યોજનામાંથી પાણી આપવા માગો છો કે કેમ. આજની તારીખમાં તો ફક્ત વરસાદ આધારિત ખેતી જ થાય છે આ સંજોગોમાં મોટી યોજના કડાણા અથવા નર્મદામાંથી લિફ્ટ કરીને આપો કે બીજી રીતે આપો, જે રીતે આપી શકાતું હોય એ રીતે આપવામાં આવે તેવુ મારું સૂચન છે. એ સિવાય અમારે ત્યાં અનાસ નદી આવેલી છે. એ નદી ઉપર બંધ બાંધીને પાણી આપવામાં આવે તો દાહોદ જિલ્લાને ઘણો મોટો ફાયદો થઈ શકે તેમ છે. બીજી મધ્યમ સિંચાઇ યોજનાની વાત કરીએ તો ગણી ગાંઠી યોજનાઓ છે, જ્યાં પણ આવી યોજના થઈ શકે તેમ હોય ત્યાં બનાવવી જોઈએ. એ રીત નાની સિંચાઇ યોજના થઈ શકે તેમ હોય તો એ બનાવવી પણ ખૂબ જરૂરી છે. નાની સિંચાઇ યોજનાઓ અમારે ત્યાં છે પણ એ વરસો પહેલા થયેલી છે. એમાં દ ણી તળાવો આધારિત છે કે લિફ્ટ ઈરિગેશન કે કૂવા દ્વારા કે નાના બંધ મારફતે થતી હતી. એમાં જે વિસ્તારને શરૂઆતમાં પાણી આપવામાં આવતું હતું એમાં ઘણો મોટો ઘટાડો થયો છે. ક્યાંક કેનાલો તૂટી ગઈ છે ઘણી જગ્યાએ કેનાલો પુરાઈ ગઈ છે તેથી પાણી મળતું નથી. કૂવા બનાવેલા છે પરંતુ તળના પાણી ઊંડા ગયા હોવાથી કૂવામાં પણ પાણી નથી. એ સિવાય અમુક યોજનાઓમાં ગેઈટ બગડેલા છે એના લીધે પાણી ભરાય કે તરત નીકળી જતું હોય છે તેથી એ પણ તાત્કાલિક રિપેર કરવામાં આવે અને એના માટે પૂરતા પ્રમાણમાં નાણાકીય જોગવાઈ કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

અમારે ત્યાં સરદાર પટેલ સહભાગી સિંચાઇ યોજના નીચે ૮૦:૨૦માં ચેકડેમો થયેલા છે. અમારા દાહોદમાં ૮૦:૨૦ નીચે ચેકડેમો આપો છો. દાહોદ જિલ્લામાં ૮૦-૨૦માંથી ખરેખર ૮૦ અને ૨૦ ટકા ઉમેરવાના નથી કોઈ, કોઈ જૂથ કે કોઈ એવી સંસ્થા નથી કે ૨૦ ટકા ઉમેરે. સાહેબ, આ ૮૦ અને ૨૦ ટકા છે એ ૨૦ ટકા એમાંથી નફો મેળવશે. તો આ યોજના કઈ થઈ ગઈ? ૮૦-૨૦ની થઈ અને ૮૦ અને ૪૦ની અને એ જે યોજના બનાવે એ પાછા અધિકારીઓને ૧૦ ટકા એટલે યોજના કેટલી થઈ ગઈ? ૫૦-૫૦ની થઈ ગઈ. દાહોદ જિલ્લામાં જેટલા ચેકડેમો બન્યા છે એ ૫૦-૫૦ અને ૧૦૦ રૂપિયાનો ચેકડેમ એમાં ૫૦ રૂપિયાનું કામ થાય છે. તો આ ચેકડેમમાંથી કેટલાને પાણી મળશે? એક પણ ચેકડેમમાં પાણી હોય તો સાહેબ, જે કહે તે કરવા તૈયાર છું. એક પણ ચેકડેમમાં પાણી નથી. આજની તારીખમાં નહીં, શરૂઆતથી જ પાણી નથી. માત્ર ભ્રષ્ટાચાર સિવાય કંઈ આ ચેકડેમોમાં થયું નથી. ત્યારે હું તો એમ કહું કે આવી યોજનાઓ આ આદિવાસી જિલ્લાઓમાં બંધ કરો. ૧૦૦ ટકાની યોજના હોવી જોઈએ. હું પોતે એમ માનું છું કારણ કે માત્રને માત્ર ભ્રષ્ટાચારને પોષણ આપતી આ યોજના છે અને માત્ર કેટલાક કાર્યકર્તાઓને પોષણ મળે છે. એ સિવાય આ યોજનામાં બીજું કંઈ નથી. પાણી પુરવઠાની બાબતમાં અગાઉ હું કહી ચૂક્યો છું પણ તેમ છતાં જે રીતે પગલાં લેવાવા જોઈએ એ પગલાં લેવાતા નથી. તાત્કાલિક આ દિશામાં આગળ વધે, હેન્ડપંપ કે જે કંઈ પાણી આપવા માટે કરવું પડે એ થાય એવી મારી નમ્ર વિનંતી છે.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ (પાલનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પાણી પુરવઠા, નર્મદા અને જળ સંપત્તિ મંત્રીશ્રી માગણી નં. ૬૫,૬૬,૬૭ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારો સૂર પુરાવું છું અને કેટલીક વાતો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક રાજયમાં જળ સંપત્તિ એ મહત્ત્વની ભૂમિકા ભજવતો સ્ત્રોત છે. જૂના સમયમાં નદી કિનારે માનવ સંસ્કૃતિ પાંગરી છે અને જ્યાં પાણીનો મહત્તમ ઉપયોગ થાય, ઓછામાં ઓછો દુરુપયોગ થાય અને કરકસર રહે ત્યાં માનવ જીવન વિકસ્યું છે અને માનવ જીવન સદ્ધર બન્યું છે. રાજયના વિકાસ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી જ્યારે એમ કહે છે કે વરસાદ એ ભગવાનનો પ્રસાદ છે અને પ્રસાદ છે તેનો સારો અને સર્વોત્તમ ઉપયોગ થવો જોઈએ. એમ પડેલા વરસાદનું ટીંપેટીંપું જો તેનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે તો જળ સંપત્તિનો સારામાં સારો વિકાસ અને ઉપયોગ થઈ શકે તેમ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં અનિયમિત ચોમાસા, વરસાદનું પ્રમાણ ઘટતું જવું અને મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત સિવાય જ્યાં આપણે બારમાસી નદીઓ નથી. પરિણામે જળ સંપત્તિ આપણાં માટે ખૂબ આગવો વિષય રહ્યો છે. અવારનવાર દુષ્કાળ ડોકાયા કરે છે અને આ સંજોગોમાં જળ સંપત્તિ પ્રભાગ છે એ ખેડૂતોની સૌથી વધારે ચિંતા કરીને જળ સંપત્તિ વધારવાનું કામ કરી રહ્યો છે. વરસાદ દ્વારા પડેલું પાણી તેનો સંચય કરવો, તેનું પુનઃપ્રભરણ કરવું અને આપણો ૧૬૦૦ કિલોમીટરનો લાંબો દરિયા કિનારો છે તો દરિયા કિનારે ખારું પાણી ભૂતળમાં પ્રવેશી અને પાણી ખારું બનાવે છે. માનવજીવન માટે ત્યાં રહેવું દોહ્યલું બનતું જાય છે. રણ આગળ વધતું જાય છે. તેને રોકવા માટેના જુદા જુદા પ્રયત્નો હાથ ધરાય છે. જ્યાં શકય હોય ત્યાં ચેકડેમ, નાળા બન્ડીંગ, પ્લગીંગ, મોટા ચેકડેમો અને દરિયા કિનારે બંધારાઓ બાંધીને નદીઓમાંથી મીઠું પાણી જતું રોકવું અને ભરતી સમયે નદીમાં સમુદ્રનું ખારું પાણી આવે છે.અને ઊંડે સુધી ખારાશ પ્રસરે એને રોકવું, આ એક સુંદર મજાનો પ્રયોગ સરકારે હાથ ધર્યો છે અને એના કારણે ઘણા સારા પરિણામો જોવા મળ્યા છે. જ્યાં પાણીના સોર્સ છે ત્યાં સિંચાઇ અને એની મહત્તમ કામગીરી ચાલે છે. પરંતુ ઉત્તર ગુજરાતનો એક ભાગ છે કે, જ્યાં સિંચાઇની શક્યતા નથી ત્યાં કોઈ મોટી નદી કે એના દ્વારા પાણી મળી શકે તેમ નથી એવા ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, બનાસકાંઠા વિભાગમાં સુઝલામ-સુફલામ યોજના દ્વારા પણ એને નવપલ્લવિત કરી એને નવસાધ્ય કરવાનું કામ ભારતીય જનતા પક્ષના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે કર્યું છે અને એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કડાણા ડૅમમાંથી અગાઉ જે હાઈ લેવલ કેનાલ બનાવવાની હતી એમાં અંશતઃ ફેરફાર કરી બનાસકાંઠાની રેલ નદી સુધી આશરે ૩૩૨ કિ.મી. લાંબી કેનાલ બનાવી અને જૂનો ક્રાઈટ એરિયા ૧૦૦૦ ઘન ફૂટ ક્યુસૅકથી બનાવવાની હતી એના બદલે ૨૦૦૦ ઘન ફૂટ ક્યુસૅકની કેનાલ અને એના નાળા છે એનાથી ત્રણ ઘણાની કેપેસીટીના બનાવ્યા છે એટલે ભવિષ્યમાં એનો સદ્ઉપયોગ કરી શકાય તેમ છે. બનાસકાંઠાની અંદર હું જે મત વિસ્તારમાંથી આવું છું ત્યાં ચાલુ સાલે નર્મદા કેનાલનું પાણી સુઝલામ સુફલામ કેનાલમાં વહેવડાવવાના કારણે અનેક લોકોએ તેનો ખેતીમાં ઉપયોગ કર્યો છે. જૂના કૂવા જર્જરિત અને નિર્જીવ થઈ ગયા હતા એ સજીવન થયા છે, બોર સજીવન થયા છે, એના દ્વારા લોકો સિંચાઇ કરી શક્યા છે. નર્મદાના વધારાના જળ છે, આપણે સૌ જાણીએ છીએ કે, ત્રણ લાખ મિલિયન એક ફીટ પાણી નર્મદા દ્વારા મળે છે. જેનો ઉપયોગ સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત કરી રહ્યું છે. ઉત્તર ગુજરાતના જે ડૅમ મેશ્વો, માઝૂમ, ગુહાઈ, ધરોઈ, દાંતીવાડા, સીપુ, મુકતેશ્વર, આ તમામ નર્મદા કેનાલમાંથી ઉર્દ્વવહન પાઈપ લાઈનથી પાણી લઈ એ ભરવાનો જે અભિગમ છે અને એના જે પરિણામો ધરોઈ ડૅમમાં પાણી નાખીને મળ્યા છે એ સર્વોત્તમ છે. માત્ર એટલું જ નહીં પણ આ પાઈપ લાઈનનું ઈન્ફ્રાસ્ટ્રકચર છે, આ પાઈપ છે એ પાઈપ ૨.૧૦ મીટરના વ્યાસવાળી છે. (અંતરાય) આટલી મોટી પાઈપ લાઈન દ્વારા પાણી વહાવવામાં આવે છે. જ્યાં આ રીતે પાણી મળવાની કોઈ શક્યતા નથી, એવા સૌરાષ્ટ્રનો દક્ષિણ- પશ્ચિમ ભાગ અને ખંભાતના અખાતમાં કલ્પસર યોજનાનું સુંદર મજાનું આયોજન થયું છે. કલ્પસર યોજનામાં આશરે ૩૦ કિ.મી. લાંબો બંધ બાંધી અને ૨૦૦૦ ચોરસ કિ.મીટરમાં મીઠું પાણી સંગ્રહી અને આશરે ૧૦૦૦૦ મલિયન ઘન મીટર મીઠું પાણી મેળવી શકવાના છીએ અને એના દ્વારા સૌરાષ્ટ્રને નર્મદાના પાણી મળવાના નથી અને કોઈ શક્યતા નથી ત્યાં લઈ જવાના છીએ. હું જે માનનીય મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપું છું.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક- ૬૦, ૬૫, ૬૬ અને ૬૭ લઈને આવ્યા છે એમાં મારું સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ વિભાગની અંદર હું જો એક વાત કરું તો મારો એક જ સંકલ્પ હતો કે, મારા જીવનમાં પાનમ હાઈ લેવલ કેનાલનું કામ મારા શહેરા તાલુકા મત વિસ્તારમાં થયું છે. " ન ભૂતો, ન ભવિષ્યતિ." એવું કયારેય થશે નહીં એની ગૅરન્ટી આપું છું. :શહેરા તાલુકાના કીરદેજર ઉપર મારા ભાઈ રાજેન્દ્રભાઈએ વાત કરી કે પાનમ ડૅમ બંધાયો છે, હું ચોક્કસ કહુ છું કે પાનમ ડૅમ કોંગ્રેસના સમયમાં બંધાયો હતો પણ પાનમ ડૅમનું પાણી માધવસિંહ સોલંકી ખેડા જિલ્લાના મુખ્યમંત્રી હતા તો બધું પાણી ખેડામાં ગયું, અમને કોઈ લાભ મળ્યો નથી આ તો માર અમે ખાધો, જમીનો અમારી ગઈ, અમે પાણી જોઈએ અને પાણી જોવા છતાંય પંચમહાલના આદિવાસી બક્ષી પંચ સમાજના લોકોને પાણી મળ્યું નહીં તો આજે ગુજરાતના મુખ્યમંત્રી અને સિંચાઇ મંત્રીને મારા લાખ લાખ વંદન કરુ તો પણ ઓછા છે. કારણ કે મારા મત વિસ્તારની અંદર ૧૮હજાર હેકટર જેટલી જમીનને પાણી અને સિંચાઇનો લાભ આપવાનું સૌ પ્રથમ કોઈએ જો કામ કર્યુ હોય તો આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર અને નરેન્દ્ર મોદીની સરકારે કર્યુ છે. મારા મતવિસ્તારના લોકોએ કીધું છે, મને

કહેવડાવ્યું છે, મને સંદેશો આપ્યો છે કે માનનીય મુખ્યમંત્રી અને સિંચાઇ મંત્રીને કહેજો કે અમારા બધાનું આયુષ્ય એમને લાગી જાય અને એ વર્ષો સુધી આ ગુજરાતની ભૂમી ઉપર કામ કરતા રહે એવું કહેવડાવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પાનમનું સિંચાઈનું પાણી હતું એ બરોડાની ફર્ટિલાઈઝર કંપની પછી જી.સી.એલ. કંપનીને પાણી આપવામાં આવતું હતું એ પાણી આપવાનું બંધ થયું એટલે ગુજરાતના જાંબાઝ દીર્ઘદ્રષ્ટિવાળા મુખ્યમંત્રીશ્રીએ અમને મદદ કરી છે. અત્યાર સુધી ભૂતકાળમાં અમારું શોષણ કર્યુ હતું. પંચમહાલ જિલ્લાની પ્રજાનું કૉન્ગ્રેસના શાસનમાં શોષણ થયું હતું. કોઈએ અમારા સામે જોયું નહોતું, આજે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર, હમણા મારા મિત્ર બચુભાઈ બોલ્યા કે આદિવાસી દાહોદ જિલ્લો છે. ૬૦ વર્ષની આઝાદી થઈ ત્યાં સુધી દાહોદ જિલ્લાએ કૉન્ગ્રેસને વોટ આપ્યા છે. કૉન્ગ્રેસને જીતાડીને મોકલી છે. તો આજ સુધી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી પાણી રીચાર્જ થાય, ચેકડેમો બને, નાની સિંચાઈ, ઉદ્‌વહન સિંચાઈઓ બને અને ગુજરાતને લીલું છમ કરવા માટેનો જો કોઈએ પ્રયત્ન કર્યો હોય તો એ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર અને નરેન્દ્રભાઈ મોદીની સરકારે વાત કરી છે. મોદી સાહેબની જે ઇચ્છા શકિત છે એમાં ૧૩૧ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ પાનમ હાઈલેવલની અંદર ફાળવી છે અને આ વખતે પણ ગુજરાતના મુખ્યમંત્રી અને નાણામંત્રીને પણ અભિનંદન આપુ છું કે ૧૮૦ કરોડ રૂપિયા પાનમ હાઈલેવલની બ્રાન્ચીઝ કેનાલ માટે ફાળવ્યા છે, હું એમને લાખ લાખ વંદન કરુ છું. હાઈલેવલના ૪ કિલોમીટર જેટલી ટનલ હાઈ લેવલ કેનાલ, મારા મત વિસ્તારમાં છે મને લાગે છે કે જે એશિયામાં આપણા ઈજનેરોએ જે કમાલ કરી છે એવી કમાલ કોઈની પણ સલાહ સૂચનો લીધા વગર ગુજરાતના ઈજનેરોએ જે કમાલ કરી છે તો મારા સાથી મિત્રોને વિનંતી છે કે તમે એક દિવસ સમય કાઢો, કે ગુજરાતની નરેન્દ્ર મોદીની સરકારે અને ભારતીય જનતા પાર્ટીની સરકારે શું કામ કર્યુ છે એ જોવું હોય તો મારા વિસ્તારમાં આવે, મારું નિમંત્રણ છે કે આ વિસ્તારમાં આવે તો એમને ખબર પડે કે નરેન્દ્ર મોદીની સરકાર શું કામ કરે છે, સવારથી સાંજ સુધી મારા કૉન્ગ્રેસના મિત્રો એક જ વાત કરે કે ભ્રષ્ટાચાર થયો છે, પાનમ હાઈ લેવલ બની નથી, પાનમ હાઈલેવલ આવી છે, એમને મારી વિનંતી છે, જો એ ખર્ચો ના કરી શકતા હોય તો હું મારા સ્વખર્ચે લઈ જવા માટેની મારી પૂરેપૂરી વિનંતી છે. મારી સાથે આવે, મારા મહેમાન બને અને એમને બધાને હું બતાવું કે પાનમ હાઈલેવલની અંદર શું કામગીરી કરી છે, ગુજરાતના ઈજનેરોએ શું કામગીરી કરી છે એ જોવું હોય, જીવતો જાગતો દાખલો, તો એ શહેરા મતવિસ્તારની પાનમ હાઈલેવલ કેનાલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ટનલની મુલાકાત લીધી હતી અને માન. મંખ્યમંત્રીશ્રીએ ટનલમાં જોયા પછી એમને પોતાને એમ લાગ્યું કે એક પહાડ ખોદીને, રેલવેની અંદર તો ટ્રેનો જતી હશે પહાડ ખોદીને, પણ પહાડ ખોદીને ૪ કિલોમીટર જેટલી ટનલ લાવીને માનનીય મંત્રીશ્રીએ અને મુખ્યમંત્રીએ જોયા પછી એમને થયું કે પહાડમાંથી પાણી લાવવાનું કામ કોઈપણ આ દેશમાં કર્યુ હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને નરેન્દ્ર મોદીની સરકારે કર્યુ છે. (અંતરાય) તમે બેસો હવે શાંતિથી, તમે અહીંયા જ હતા, પાછા પાછા આવી જશો, ચિંતા ના કરશો. મારી એક વિનંતી છે.

**મુદઈ લાખ બુરા ચાહે, વહી કયા હોતા હૈ, વહી હોતા હે જો મંજૂરે ભગવાન હોતા હૈ.**

મારે એક વાત કરવી છે કે, ભારતની ભૂમિનું ભવ્ય ભગીરથ આ ગુજરાત છે અને એમાં ભારતીય જનતા પક્ષનું રાજ છે, સિંચાઈ વિભાગની વાત છે. લીલાછમ લીલુંડા ખેતર કહેવાય છે, કચ્છના રણમાં સરોવર છલકાય છે. ઘણું કહેવાનું મન થાય છે, કશુંય ન કરી શકનારા સામે બેઠેલા પછતાય છે. મોદીજીના રાજમાં સૌનો હરખ છલકાય છે, નહીં દેખી શકનારા મોંઘવારીમાં હોમાય છે. જ્યારે સિંચાઈ વિભાગની વાત હોય ત્યારે ચોક્કસ કહેવું પડે છે કે મારા મત વિસ્તારમાં પીવાના પાણી માટે આઝાદી મળ્યાને ૬૦ વર્ષ થવા આવ્યા, ૫૦ વર્ષ આપણા ગુજરાતને જુદું પડ્યાને થયા અને આ વર્ષે આપણે ૨૦૧૦માં સ્વર્ણિમ જયંતિ ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે સિંચાઈ માટે અને પીવાના પાણી માટે વાત કરીએ તો રાજકોટમાં અમને યાદ છે ત્યાં સુધી ટ્રેઈનથી પાણી આપવામાં આવતું હતું. લોકો પાણી માટે ફાંફા મારતા હતા અને ઝઘડતા હતા, યુદ્ધો થતા હતા. મારા મત વિસ્તારમાં પીવાના પાણી માટે ભા.જ.પ.ની સરકારે, નરેન્દ્રભાઈ મોદીની સરકારે અને નીતિનભાઈ અને નરોત્તમકાકાના વખતમાં પીવાના પાણી માટેની ત્રણ ત્રણ યોજનાઓ બનાવવામાં આવી છે. એક વણાકબોરી પાણી પુરવઠા જૂથ યોજના, બીજી થાણા-સાવલી જૂથ યોજના અને ત્રીજી પાનમ જૂથ યોજના. ગોધરા તાલુકાના ૨૨ ગામ, શહેરા તાલુકાના ૪૪ ગામ, લુણાવાડા તાલુકાના ૬૬ ગામ, આ બધા માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવાનું કામ કર્યું હોય તો ભા.જ.પ.ની સરકારે કર્યું છે. પંચમહાલ જિલ્લો આખો ફ્લોરાઈડયુકત પાણીના લીધે લોકોની તંદુરસ્તી બગડતી હતી. આજ સુધી આ બાબતે કોઈએ ધ્યાન અ આપ્યું પરંતુ ભા.જ.પ.ની સરકારે અને ગુજરાતના નરેન્દ્ર મોદીની સરકારે ધ્યાન આપ્યું. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને એમને વધુ કામ કરવાની ભગવાન શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા(માણાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે વોટર રિસોર્સિસ વિભાગની સિદ્ધિઓની હકીકત વિશે વાત કરવા ઊભો થયો છું. વિભાગની સિદ્ધિઓ એમ કહે છે કે ગુજરાતે ગ્રાઉન્ડ વોટર એસ્ટિમેટ કરીને ગુજરાતમાં ૨૨૫ તાલુકામાંથી ૫૭ તાલુકાઓમાં એટલે કે ૨૫ ટકાથી વધુ તાલુકાઓમાં પાણીનો દુરુપયોગ ન થાય તેના માટે તા. ૧૬-૧૨-૨૦૦૩ના રોજ જી.આર. બહાર પાડીને નવા ઈલેક્ટ્રિક કનેકશનો નહીં

આપવાની નીતિ જાહેર કરેલ છે. આવો નિયમ લેવાવાળું ગુજરાત આ ભારતનું પ્રથમ રાજ્ય છે. હું વાત કરું છું ડાર્ક ઝોનની. થોડા દિવસ પહેલાં માનનીય મંત્રીશ્રી ગૃહમાં કહેતા હતા કે આવા તાલુકાઓમાં જે નિયમો બનાવ્યા છે તે કેન્દ્ર સરકાર અને સુપ્રીમ કોર્ટની ગાઈડ-લાઈનના કારણે કરેલા છે, સિદ્ધિઓ જોતાં એમ લાગે કે બીજા રાજ્યો કરે કે ન કરે હું તો આ કરીશ અને મને ફાવે તે રીતે તે ગાઈડ-લાઈનનો ઉપયોગ કરીશ. આ જ વિચારધારાથી તા. ૧૬-૧૨-૨૦૦૩નો જી.આર. બહાર પાડ્યો હતો. તેમાં ફક્ત ખેડૂતોને નવા કનેકશનો નહીં આપવાનો નિયમ બનાવેલ છે. કોઈ બિલ્ડરને ૧૦ માળની બિલ્ડીંગ બનાવવી હોય, જમીનમાંથી પાણી બહાર કાઢવું હોય તો તેને પાણી બહાર કાઢવાની છૂટ છે. કોઈ બિલ્ડરને શોપીંગ મોલ બનાવવો હોય, ધંધો કરીને પૈસા કમાવા હોય તો પાણી કાઢવાની છૂટ છે. કોઈ ઉદ્યોગપતિને પોતાના ઉદ્યોગ ધંધા માટે પાણી બહાર કાઢવું હોય તો છૂટ છે. ટૂંકમાં, તમે રૂપિયાવાળા છો તો છૂટ છે. પણ એક ગરીબ ખેડૂત પુત્ર હોય તો તમને મનાઈ છે. આ જ પ્રમાણે આ જી.આર.નો અમલ થાય છે અને આ જ પ્રમાણે ચાલે છે. જુનાગઢમાં કોડીનાર તાલુકામાં અંબુજા સિમેન્ટ પ્લાન્ટ છે. અંબુજા સિમેન્ટને આખા કોડીનાર તાલુકામાં માગે તે જગ્યાએ ૨૪ કલાકમાં ૧૦૦ હોર્સપાવરનું કનૅક્શન મળી જાય પણ ત્યાંના ગરીબ ખેડૂતને પોતાની ખેતી માટે પાણી બહાર કાઢવું હોય તો તે કાઢવાની મનાઈ છે. આવું જ અમદાવાદમાં સાણંદ તાલુકો ઓવર એકસપ્લોઈટેડ ઝોનમાં આવે છે ત્યાં ટાટાને છૂટ છે પણ એક ધરતીપુત્રને મનાઈ છે. ટાટાની નેનોને છૂટ અને ધરતીપુત્રને નનૈયો. આ આખા જી.આર.નો અમલ એવી રીતે થાય છે અને આવી જ રીતે ચાલે છે આ કેવો કાયદો? હું તમને એક સવાલ પૂછું છું, માના ધાવણ ઉપર અધિકાર કોનો હોય? એના દીકરાનો જ હોયને. ધરતીમાંનું ધાવણ એટલે પાણી. આ પાણી ઉપરનો અધિકાર એના પુત્રને નહિ? એક ઉદ્યોગપતિને છૂટ, એક બિલ્ડરને છૂટ. એક ધરતીપુત્રને મનાઈ. આમાં તો તમને કુદરત પણ માફ ના કરે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૦ માં આમાં ફક્ત તાલુકા ૮ આવતા હતા. ૧૯૯૦ થી ૧૩ વર્ષની આ ડિપાર્ટમેન્ટની સારી કામગીરીના કારણે ૨૦૦૩માં ૫૭ તાલુકા થઈ ગયા. ટૂંકમાં ૧૩ વર્ષમાં ૮ ના ૫૭. આટલી સારી કામગીરી આ ડિપાર્ટમેન્ટ કરે છે. એનો ૨૦૦૭માં સરવે થયો એનો રિપોર્ટ હજી સરકાર બહાર પાડતી જ નથી. ડાર્કઝોન સમસ્યા છેલ્લા ૨૦ વર્ષમાં ૧૦ ગણી વધી ગઈ છે. જે દિન-પ્રતિ-દિન વધતી જાય છે. એક ભૂંડના બચ્ચાની જેમ. તેનું કારણ કે ઇલાજ શું? છેલ્લા ૮ ચોમાસાં સારા ગયા છે. સરકારે એક લાખ ચેકડેમ બાંધ્યા છે પણ પ્રશ્ન હલ નથી થયો. ના થશે. કારણ કે જ્યાં આ તકલીફ છે ત્યાં આપણે કાંઈ કરતા નથી. જ્યાં નથી તકલીફ ત્યાં કરીએ છીએ. અહીંયા આપણે એવો નિયમ છે કે ઘરમાં બીમાર એક હોય તો આપણે બધાને દવા આપીએ છીએ. ગામમાં બીમાર ૧૦ હોય તો દવા આખા ગામને આપીએ છીએ. ગુજરાતમાં બીમાર ૫૭ તાલુકા છે, દવા આખા ગુજરાતને આપીએ છીએ. સારું છે કે માનનીય મંત્રીશ્રી પાસે આરોગ્યખાતું નથી, બાકી સ્વાઈન ફ્લુમાં દવા આખા ગુજરાતને ખવડાવત. .

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા મંત્રી આદરણીયશ્રી નીતિનભાઈ પટેલ જે દરખાસ્ત લઈને આવ્યાં છે એના અંગે કેટલીક વાત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે કેટલીક ચર્ચાઓ મારા સાથીપક્ષો દ્વારા કરવામાં આવી કે શું અમે કશુંજ કર્યુ નથી એવો કેટલાક સવાલો જે ઊભો કર્યા છે એના અંગે કેટલાક હકીકતલક્ષી આંકડાઓ આ માનનીય ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. ૧૯૯૦-૯૧ થી ૧૯૯૫ સુધીના પાંચ વર્ષના ગાળામાં પાણી પુરવઠા વિભાગનું ટોટલી કુલ બજેટ ૬૦૮ કરોડ એની સામે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ ના ચાર વર્ષનું ૬૨૨૭ કરોડ એકબાજુ ૧૨૦ કરોડની એવરેજ, એની સામે ૧૫૦૦ કરોડ પર ઈયર ખર્ચવાની જોગવાઈ માત્ર અને માત્ર આ બજેટની અંદર છે અને આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં છે. કામ કરવાની જો દ્રષ્ટિ હોય, રાજકીય ઈચ્છા શકિત હોય તો આ વસ્તુ શક્ય બને છે. ભૂતકાળમાં આ જ પાર્ટીના લોકો, કોંગ્રેસી મિત્રો અહીંયા શાસન ચલાવતા. મારા પહેલા કેટલીક વાતો કરવામાં આવી કે ટ્રેઈનો મારફત પાણી દુષ્કાળમાં રાજકોટમાં મોકલવામાં આવતું હતું અને કોંગ્રેસી મિત્રો ગર્વભેર એમ કહે છે કે, અમે ટ્રેઈનો મારફત પાણી મોકલ્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે દુષ્કાળ કે આપત્તિ એ કોઈના નોતર્યા આવતા નથી. એ તો કુદરતી છે અને આપત્તિ જ્યારે આવે ત્યારે કૂવો ખોદવા બેસાય નહિ એનું આગોતરું આયોજન કરવું પડે. ૧૯૮૬, ૧૯૮૭, ૧૯૮૮ એમ ત્રણ વર્ષ ઉપરા ઉપરી દુષ્કાળ હતા. એ દુષ્કાળમાં જો સરકારે ધાર્યુ હોત તો લાંબાગાળાની યોજનાઓ મારફત.. ગુજરાતના ગામડાઓને પીવાનું પાણી આપી શકાયું હોત પણ એ ત્રણ વર્ષના ગાળામાં આવી કશી જ યોજનાઓ થઈ નહીં, માત્ર ને માત્ર ટૅન્કરો મારફતે જ ચલાવ્યું અને વધારે જરૂરિયાત પડી ત્યાં ટ્રેઈનો દોડાવી. હવે ટ્રેઈનમાં, રાજકોટમાં હું રાજકોટનો રહેવાસી છું એ વખતે બોર્ડનો મેમ્બર પણ હું હતો, રાજકોટની રોજની જરૂરિયાત ૧ કરોડ, ૨૦ લાખ ગૅલનની હતી અને એમાં ટ્રેઈનોમાં પાણી કેટલું આવતું ? તો ૨ લાખ ગૅલન. ૧ કરોડ, ૨૦ લાખ ગૅલનની જરૂરિયાત સામે ૨ લાખ ગૅલન ગાંધીનગરથી ટ્રેઈનનું પાણી આવતું એમાં મિત્રો ગર્વ અનુભવે છે. ૧ કરોડ, ૨૦ લાખની સામે ૨ લાખ ગૅલનમાં ? માનનીય અધ્યક્ષશ્રી, અને એ વખતે દુષ્કાળ તો ૧૯૯૮માં પણ પડ્યો એ વખતે ભારતીય જનતા પાર્ટીનું શાસન હતું અને એ વખતે નિર્ણય કર્યો કે, જો સૌરાષ્ટ્રમાં પાણી નહીં મળે તો સૌરાષ્ટ્રમાં હિજરત કરવાની પરિસ્થિતિ ઊભી થશે અને એટલા માટે તાત્કાલિક યુદ્ધના ધોરણે ૧૯૯૮માં યોજના બની, મહિ-પરિએજની યોજના આધારિત સૌરાષ્ટ્રમાં પાણી પહોંચાડો દિવસ-રાત

એક કરીને ૮૦૦ કિલોમીટર ઉપરાંતની લાઈન નખાઈ અને એના કારણે આજે સૌરાષ્ટ્ર ઊભું છે. સૌરાષ્ટ્રના શું હાલ થશે એ કલ્પી શકાયું નહતું એવી પરિસ્થિતિ હતી. જમીનના તળમાં પાણી નહતું, ડેમમાં પાણી નહતું એવા સમયે જો રાજય સરકારે આ પાઈપ લાઈન નાખી ન હોત તો પાણી કદાપિ શકય નહતું. એ વખતે પણ વિપક્ષના નેતા સ્વ. અમરસિંહભાઈ ચૌધરી, પત્રકાર મિત્રો સાથે પાઈપ લાઈનની અંદર ઊભા રહીને ફોટાઓ પડાવ્યા હતા કે આ પાઈપ લાઈનમાં પાણી નહીં નીકળે, હવા નીકળશે પણ માનનીય અધ્યક્ષશ્રી, મારે ગર્વ સાથે કહેવું પડે કે છે કે છ મહિના પછી એમાં પાણી નીકળ્યું અને કોગ્રેસની હવા એવી નીકળી કે આજે પણ ભરી શક્યા નથી. માનનીય અધ્યક્ષશ્રી, કામ કરે તો એના વખાણ પણ થાય, એને નામના પણ મળે અને એને અભિનંદન પણ મળે. માનનીય અધ્યક્ષશ્રી, એટલા જ માટે કહેવાયું છે કે, !! નામ રહંતા ઠકરા, નાણા નહીં રહંત, નામ રહંતા ઠકરા, નાણા નહીં રહંત, કિર્તિ કેરા કોટડા પાડ્યા નહીં પડંત !! આ કિર્તી સ્તંભો આજે સ્વર્ણિમ ગુજરાતનું પચાસમું વર્ષ જ્યારે ઊજવાઈ રહ્યું છે ત્યારે એ સ્થાપઈ રહ્યા છે એનો અમને ગર્વ છે કે એ વર્ષમાં એક સભ્ય તરીકે અમે આ ગૃહમાં બેઠા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જ્યાંથી હું ચૂંટાઈને આવું છું આ રાજકોટનો વિસ્તાર ચારે બાજુથી આજે વિકસી રહ્યો છે. રાજકોટની મૂળ સમસ્યા પીવાના પાણીની છે. એની ભૌગોલિક પરિસ્થિતિ એવી છે કે, જેને લાંબી કોઈ નદી મળતી નથી જેના કારણે કોઈ ડૅમનું કે આયોજન થઈ શકે, ચારે બાજુથી પાણીના સ્ત્રોત ખેંચ્યા પછી પણ રાજકોટને પાણી પૂરું પડી શકતું નથી અને એટલા માટે ઘણીવાર રાજય સરકારમાં કહ્યું કે, મને લાંબા ગાળાની પાણી પુરવઠા યોજના આપો કે જેના કારણે રાજકોટનો વિકાસ થઈ શકે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, ચાલુ વર્ષમાં ઢાંકીથી શરૂ કરીને રતનપર સુધીની પાણીની પાઈપ લાઈન માટે ૧૫૫ કરોડ રૂપિયા મંજૂર કરીને રાજકોટની જીવાદોરી સમાન કાયમી પાણી પુરવઠાની યોજના માટે મંજૂર કર્યા છે. એના કારણે આવતા દિવસોમાં રાજકોટ અને સૌરાષ્ટ્રમાં એ પાણી જવાનું છે. આ બલ્ક પાઈપ લાઈન છે અને એ બલ્ક પાઈપ લાઈનમાં ૪૦ કરોડ લિટર પાણીનું રોજનું વહન થવાનું છે. ૪૦ કરોડ લિટર, હમણાં મિત્રો કહેતા હતા કે, સિંચાઇની ચિંતા નથી કરતા. મિત્રો મારે કહેવું છે કે, ૪૦ કરોડ લિટર પીવાનું પાણી જે આ પાઈપ લાઈન મારફતે આવવાનું છે, એનો અર્થ એ કે, જમીનના તળમાંથી ખેંચીને જે સિંચાઇ કરનારો ખેડૂત છે એ પાણી એને મળવાનું છે, તળાવોની અંદર જે પાણી છે એ પાણી એમને મળવાનું છે પ્લસ આ ૪૦ કરોડ ગૅલન પાણી જે છે એ એમાંથી વધારાનું પાણી પણ સિંચાઇમાં જવાનું છે. માત્ર ખાલી રાજકીય વાતો કરીને નહીં પણ વાસ્તવલક્ષી બજૅટ લઈને જે માનનીય પુરવઠા મંત્રીશ્રી આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને સાથે સાથે સૌરાષ્ટ્ર વ્યાપી જે પાઈપ લાઈનો બિછાવીને એક એક ગામમાં પીવાનું પાણી ન મળે, માનનીય અધ્યક્ષશ્રી, ૩૫-૩૫ વર્ષો સુધી આ પાટલી ઉપર આ મિત્રો બેઠા હતા એમને કયારેય વિચાર ન આવ્યો કે, પીવાનું પાણી છે એ આવશ્યક જીવન જરૂરિયાતની ચીજનો નંબર વન છે, એણે ૩૫ વર્ષો સુધી આ પાણીની પાઈપ લાઈન નાખવાનો વિચાર ન આવ્યો ? ચોખ્ખું પીવાનું પાણી ફિલ્ટર પ્લાન્ટ મારફતે મળે એની ચિંતા કયારેય કરી નહીં.

**સભાપતિશ્રી** : ગોવિંદભાઈ હવે પૂરું થાય છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એન મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**સભાપતિશ્રી** : માનનીય શિરીષભાઈ.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત)** : માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૬૬, ૬૭ જે જળસિંચાઈ માટેની લઈને સભાગૃહ સમક્ષ આવ્યા છે તેને અનુમોદન આપું છું. સામાન્ય રીતે વારંવાર ગૃહમાં રજૂઆત થાય છે કે કેનાલોનું કામ કર્યું હોત તો પાણી છેવાડા સુધી પહોંચ્યુ હોત પરંતુ આ વિચારવાની જરૂર પહેલેથી હતી. એકબાજુ બંધાનું કામ ચાલે અને બીજી બાજુ કેનાલોનું એમ સમાંતર રીતે કેનાલોનું કામ કર્યું હોત અને પહેલેથી કર્યું હોત તો આજે જે પાણી આપણે આપી શકીએ છીએ એના કરતા વધારે પાણી આપી શક્યા હોત. છેલ્લા દસ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યા પછી આ પદ્ધતિથી કામ ચાલુ થયું છે એટલે આજે ગુજરાતના છેવાડાના વિસ્તારમાં નર્મદાનું પાણી પહોંચાડી શક્યા છીએ એનું આપણને ગૌરવ છે. આ ઉપરાંત મિત્રોને વિનંતી કે નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના કેમ જાહેર કરતા નથી? નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરો તો વધારે ફાયદો આપણા ગુજરાતને મળશે. આ કામ આપણે બધાએ ભેગા થઈને કરવાનું છે. આ ઉપરાંત જળસંપત્તિ વિભાગે અને સિંચાઈ વિભાગે જે કંઈ કામ કર્યું છે એ સરાહનીય છે. હું મારા વિસ્તારની જ વાત કરું. મારો વિસ્તાર ખંભાત એ ખારોપાટ કહેવામાં આવે છે એ ખારાપાટ નવાગામ વડગામ- સડકપુરનો જે આડબંધ એક જ વર્ષની અંદર મંજૂર થયો, બંધાઈ ગયો અને અત્યારે લોકો ત્યાં ત્રણ ટાઇમ સિઝન લેતા થઈ ગયા. ઘઉં, ચોખા અને મગનું વાવેતર થાય છે. આ બધી સરકારની સિદ્ધિઓ છે જેથી છેવાડાના વિસ્તાર સુધી પાણી પહોંચ્યુ છે. એવી રીતે મારા વિસ્તારની અંદર ચોરખાડીમાં આડબંધ બંધાયો ત્યાં ડ્રીપ ઈરીગેશનથી ચાર ગામની યોજનાઓ તૈયાર થઈ રહી છે અને આ ચારેચાર ગામ મોટા પ્રમાણમાં ખેતી કરશે. એવી જ રીતે કાંઠાના અંદર મારા વિસ્તારની બાજુમાં જ જ્યાં શેવરા રત્નેશ્વર અને કાલાકુઈ ત્રણ તળાવને ઈન્ટરનેટ કરીને કલીંગ કરીને બદલપુરથી નહેરમાંથી પાણી નાખીને તળાવો ભરીને ગરીબ લોકોની સ્થિતિ સુધારવા પ્રયત્ન કર્યો છે એ અભિનંદનને પાત્ર છે. આવા નાના નાના કામો દ્વારા જે સિંચાઈનું કામ થયું છે એ ખરેખર ખૂબ સરાહનીય છે.

આ ઉપરાંત મારા વિસ્તારના એક ધારાસભ્યશ્રીએ કહ્યું કે એક રૂપિયો પણ નથી આપ્યો કાંસની અંદર. મારા વિસ્તારની અંદર બે કરોડ રૂપિયા ગયા બે વર્ષની અંદર મહી સિંચાઇની અંદર કાંસને સાફ કરવા મળેલા છે. મારો ખંભાત વિસ્તારની અંદર કાંસ ખુલે છે એ કાંસ સાફ થયા એને પરિણામે આજે જબરજસ્ત પાણી દરિયામાં વહી જાય છે અને દરિયાનું પાણી અટકાવાવા માટે હજી પણ પ્રયાસ ચાલી રહ્યો છે. બીજા પણ આડબંધ બંધાય જો દરિયાનું પાણી રોકાશે અમારા તરફનું જે નહેરનું વધારાનું પાણી પણ રોકાય છે. આજે તરકપુર-વડગામ, તરકપુર આગળ એટલુ બધુ ૧૦ કિલોમીટર લાંબુ સરોવર થયું છે અને એના બીજા નવા પાળા નાખવા માટેની યોજના માનનીય સિંચાઈ મંત્રીશ્રી પાસે અમે રજૂ કરી છે. આ ઉપરાંત ખંભાત વિસ્તારની અંદર પાણી પુરવઠા યોજના એ ખંભાતનો સેલેજ વિસ્તાર છે એ આખા તાલુકાને ખંભાત-તારાપુર અને બીજા ગામો મળીને ભાલ પ્રદેશ પાણી પુરવઠા યોજના તૈયાર થઈ ગઈ છે એનું ટેન્ડર ત્રણ વખતથી બહાર પડે છે પણ વધારે ભાવ હોવાથી એનું નેગોશીએશન કરવામાં થોડી તકલીફ પડે છે પણ આ વખતે નેગોશીએશન થઈ જશે અને આ વર્ષે મીઠું પાણી દરેકના ગામ સુધી પહોંચશે. ખંભાત જેવા શહેરની અંદર પણ દસ કરોડના ખર્ચે કાળુભારની અંદરથી પાણી લાવીને ખંભાતને પાણી આપે છે. ખંભાત નગરપાલિકાએ એ માટેનો કરાર કરવો જોઈએ એ કરાર કર્યો નથી છતાંપણ આજે પાણી સરકાર ખંભાત શહેરના લોકોને આપે છે તો મારી આ સમયે એક જ વિનંતી છે કે કનેવાલ જે તળાવ છે એ કનેવાલ તળાવની અંદર ૩મીટર જેટલું શિલ્ટીંગ થયેલું છે. જો આ શિલ્ટીંગ અને કમરકાકડીઓ અંદરથી કાઢી નાખે તો શુદ્ધ પાણી અને વધારે પાણી મળશે જેથી કરીને આપણી પાણી પુરવઠા યોજનાઓ સંપૂર્ણપણે સફળ થાય આ એક મારું સુચન છે સાથેસાથે એક નવું સુચન એ છે કે જે પાણીનો બગાડ થાય છે એ બગાડ માટે સરકારે જબરજસ્ત કામ લેવું પડશે. કડક હાથે કામ લેવું પડશે. વિશ્વની અંદર પાણીની સમસ્યા થવાની છે તો પાણીનો બગાડ ન થાય એ માટે પગલાં પણ ભરવા જોઈએ. સહકારી મંડળી મારફતે જે સિંચાઈની વ્યવસ્થા ઉભી કરી છે એવું સિંચાઈનું આખું નૅટવર્ક ઊભું કરવું જોઈએ. આપણે કેનાલો કરી, આપણે પાણી આપ્યું પણ નૅટવર્ક ઊભું કરી શકતા નથી.લોકો સિંચાઈના પૈસા ભરતા નથી, પરિણામે જે આવક થવી જોઈએ અને ખર્ચ કરી શકાય તે થઈ શકતો નથી. સિંચાઈ માટેની મંડળીઓ જલ્દી બને અને ફરજિયાત ભરે તેવો કાયદો લાવો તો જ થાય. કારણ કે ખેડૂતો પાણી નથી આવતું ત્યારે ગાંધીનગર આવે છે અને ગાંધીનગર આવીને મંત્રીશ્રીને રજૂઆત કરે છે. સિંચાઈનો ચાર્જ ભરવાનો આવે ત્યારે કહે છે કે કશું પાક્યું નથી, પણ વિક્રમી ઉત્પાદન થયું છે. કેનાલ ન હોત તો, જળસિંચાઈનાં કામ ન થયાં હોત તો પાણી વગર પાક ન થાત એ નગ્ન સત્ય છે. વિભાગે કામ કર્યુ છે તે સરાહનીય કામ છે. બીજા રાજ્યમાં સિંચાઈ વિભાગને મહત્ત્વ નથી આપતા. પણ ગુજરાતની અંદર સિંચાઈને ખૂબ મહત્ત્વ આપ્યું છે. ગમે તે સરકાર હોય, બધી સરકારો કામ કરે છે. આ સરકારમાં જે સિંચાઈનાં કામ માટેની ગતિ છે તે રોકેટ ગતિ છે અને તમારી વખતની સિંચાઈનાં કામની ગતિ એ ગોકળ ગતિ હતી. નર્મદા યોજનાનું તમે કામ કર્યુ છે, પણ નર્મદા યોજનાની અંદર જે રીતે તેની ટ્રિબ્યુનલ આગળ રજૂઆત કરી છે, જે રીતે આર્ગ્યુમેન્ટ કર્યા છે અને તેનાથી ગુજરાતને ફાયદો થાય અને યોજના સફળ થાય એના માટેના વિશેષ પ્રયત્નો કર્યા છે, જે સરાહનીય છે. આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નોખા માટીના માનવી છે. ધારે તે કરી શકે છે. તેઓ સ્વપ્નને સાકાર કરી શકે છે. તેઓ શક્તિ ધરાવે છે. એ આખા ગુજરાતમાં, આખા દેશમાં લોકો આજે પણ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ગમે ત્યાં જાવ પશ્ચિમ બંગાળમાં જાવ ત્યાં સામ્યવાદીઓ કહે છે કે તમારા જેવા મુખ્યમંત્રી કયાંય નથી. તમારા જ્યોતિ બસુ પણ સારા છે એવું આપણે કહેવું પડે છે. સિંચાઈના મંત્રીશ્રીએ જે કામ કર્યુ છે, તે ખૂબ સરાહનીય કામ છે, જે અભિનંદનને પાત્ર છે. આવનાર દિવસોમાં પાણી પુરવઠા યોજનાની અંદર આ કામ અગત્યનો ભાગ ભજવવાનો છે. મારા વિસ્તાર એમાં ઘણા વિસ્તારમાં કામ બાકી છે. તેની માટેની રજૂઆત કરી છે. છેવાડાનો વિસ્તાર છે. આખો ખારોપટ છે. એમાં જેટલું પાણીને રોકીએ, એટલું અમારા લાભમાં છે. બદરપુર પાસે આડબંધ બાંધવાની વાત કરી છે તે બહું જરૂરી છે અને તે અંગે આપશ્રી વિચારશો. અમારા વિસ્તારનો વિકાસ થાય એ માટે હું આપને સકારાત્મક રીતે વાત કરું છું અને આ માગણીઓને ટેકો આપું છું.

**શ્રી મણીભાઈ દે. પટેલ(કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા વિકાસ, સિંચાઈ પાણી પુરવઠાની જે માગણીઓ લઈને આવ્યા છે, તેના માટેના મારા વિચારો વ્યક્ત કરું છું.

સામેની પાટલી વાળા મુખ્યમંત્રીશ્રીને અને સિંચાઈ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપે છે. હું એનાથી પણ વધારે અભિનંદન આપવા માગું છું. મારી વાત સાંભળી અને પૂર્ણ કરે તેવી વિનંતી છે. બીજી લાંબી વાત રાજકીય અવલોકનમાં હું પડવા માગતો નથી. મારા વિસ્તારની હાલની જે મુશ્કેલીઓ છે, તકલીફ છે, એના વિષે હું માનનીય સિંચાઈ મંત્રીશ્રીને કહેવા માગું છું. કપડવંજ તાલુકાના પૂર્વ વિસ્તારના લગભગ ૩૦ ટકા વિસ્તારમાં હાલના સંજોગોમાં પીવાના પાણીની ખૂબ મુશ્કેલી છે. આ વિસ્તારમાં આ એક જ વર્ષ ચોમાસું નબળું આવ્યુ, એના પરિણામે મોટા ભાગના હેડપંપો બંધ થઈ ગાય અને પાણી સૂકાઈ ગયા. સીંગલ ફેઝની મોટરો દ્વારા પંપ ચાલતા હતા, તે પણ સૂકાઈ ગયા અને તેમાં અત્યારે પાણી મળતું નથી. જે જુથ પાણી પુરવઠા જુથ યોજના હતી તે બે જુથ યોજના દ્વારા આ વિસ્તારોને પાણી પૂરું પાડવામાં આવે છે, પરંતુ જ્યારથી આ જુથ યોજના બની ત્યારથી દરરોજ પાણી આપવામાં આવતું નથી. આતરે દિવસે પાણી પહેલા આપવામાં આવતું હતું. કટોકટીના અવસ્થામાં બે દિવસે, ત્રણ દિવસે કે ચાર-ચાર દિવસે પાણીનો પુરવઠો મળતો નથી. એનું એક કારણ એ છે કે આ પાણી પુરવઠા યોજના

બાલાસીનોર પાસે ૪૦ કિ.મી. દૂરથી પાણી આપવામાં આવે છે, એટલે જૂની પાણી પુરવઠા યોજના થઈ છે. પાણી મળતું નથી. આજે પાણી પુરવઠા અધિકારીઓ મહેનત કરે છે, પણ પાણીનો સોર્સ જ નથી. એટલે પાણી પૂરું પાડવા માટે બાજુમાં વહેતી નર્મદા કેનાલ આધારિત બીજી પાણી પુરવઠા યોજના બનાવી પાણી આપવામાં આવે તો કાયમી માટે પાણીનો પ્રશ્ન હલ થાય તેમ છે. હમણા બે દિવસ પહેલા ભૂતિયા પાસે નર્મદાના વિસ્થાપિતોની વસાહત આવેલી છે. પાણીની તકલીફ હતી, રજૂઆત પછી બે દિવસ પહેલા બોર કરવામાં આવ્યો તો ૩૦૦ ફૂટનો બોર કરવામાં આવ્યો, પરંતુ પાણીનું ટીપુંય નથી આવ્યું, ખાલી ધૂળ ઉડે છે. વિસ્થાપીતો સિંચાઈ માટેની માગણી કરે જ છે, પણ અત્યારે પીવાના પાણીની તકલીફ છે.

**સભાપતિશ્રી** : વિરામનો સમય થયો છે. શ્રી મણીભાઈ તમારું પ્રવચન ચાલુ રહેશે. સભાગૃહ ૩-૧૫ વાગ્યે મળશે.

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫**

**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : (ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, મેં પીવાના પાણીની વાત કરી, હવે બીજી વાત મારા કપડવંજના એક તરફની સરહદેથી સુજલામ સુફલામની સ્પ્રેડિંગ કેનાલ પસાર થાય છે અને તાલુકાની બીજી સરહદેથી..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બે મંત્રીશ્રીઓ (અંતરાય) મંત્રીશ્રી છેને, નહીં, નહીં, બોલાવો, હું બોલાવડાવું છું, આપ પ્રવચન ચાલુ રાખો.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

**વિભાગના મંત્રીશ્રી માગણીઓ પરની ચર્ચા દરમિયાન ગૃહમાં હાજર ન રહેવા અંગે**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે, જેમના ખાતાની માગણીઓ ચાલે છે, માગણીઓ ઉપર ચર્ચામાં જેતે વિભાગના મંત્રીશ્રીઓ હાજર ન હોય તો અમારી વાત કોણ સાંભળશે?

**અધ્યક્ષશ્રી** : મંત્રી મંડળની સંયુકત જવાબદારી હોય છે અને મંત્રી મંડળના એક પણ સભ્ય જો હાજર હોય તો એ મુદ્દા નોંધી લેશે અને એ સંબંધિત મંત્રીશ્રીને આપશે. દંડકશ્રી, આપ જઈને બોલાવો. દંડકશ્રી આપ જઈને બોલાવી લાવો.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) (ક્રમશઃ)

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક બાજુની સુજલામ સુફલામની કેનાલ પસાર થાય છે અને બીજી બાજુથી નર્મદાની મેઈન કેનાલ પસાર થાય છે પણ વચ્ચેનો કપડવંજ તાલુકાનો વિસ્તાર એ સિંચાઈથી વંચિત છે અને એના પરિણામે કપડવંજ વિસ્તારમાં ઘણા બધા ચેકડેમો બનાવ્યા છે. જુદા જુદા વિભાગો દ્વારા..

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ, આપ ..

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપની વાત સ્વીકારું છું. હું માનનીય મંત્રશ્રી પરબતભાઈને સોંપીને ગયો હતો.

**અધ્યક્ષશ્રી** : આપની શું વ્યવસ્થા હતી, મેં રૂલિંગ તો આપ્યું, મંત્રી મંડળની સંયુકત જવાબદારી છે. શ્રી કિરીટસિંહજી હાજર હતા પરંતુ નૈતિક જવાબદારીનો વિચાર કરીએ તો બે વિભાગની માગણીઓ છે એમાંથી એક..

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, અમાકા તાલુકાની એક બાજુથી સુજલામ સુફલામની કેનાલ જાય છે અને બીજી બાજુની નર્મદાની મેઈન કેનાલ પસાર થાય છે પરંતુ વચ્ચેનો કપડવંજતાલુકાનો ભાગ સિંચાઈથી બિલકુલ વંચિત છે, ત્યાં ઘણા ચેકડેમો બનાવ્યા છે નદી ઉપરના જે ચેકડેમ બનાવવામાં આવ્યા છે, એ સાતથી આઠ ચેકડેમો મોટાભાગના એ ચેકડેમો પહેલા વરસાદની અંદર એ ધોવાઈ ગયા છે. એટલે આપ સાહેબને વિનંતી કરું છું કે એ બધા ચેકડેમો ફરીથી રિપેર કરવામાં આવે જેથી એમાં પાણીનો સંગ્રહ થાય. સરકારની યોજનાઓ દ્વારા ઘણા તળાવો ખોદવાનું કામ કર્યુ છે, એટલે ઘણા તળાવો ઉંડા થયા છે અને આ વર્ષે પણ ઉંડા થવાના છે અને કપડવંજ તાલુકામાં એક વઘાસ અને સાવલી એ નાની સિંચાઈ વિભાગના ખૂબ મોટા તળાવો છે પરંતુ આ તળાવો એવરેજ દશ વર્ષે એક વખત પાણીથી ભરાય છે માટે બાજુમાં જ પસાર થતી નર્મદા મેઈન કેનાલમાંથી આ તળાવો ભરવા માટેની જો યોજના બનાવવામાં આવે તો એક તો પીવાના પાણીનો પણ પ્રશ્ન હલ થઈ જાય એમ છે અને આ સૂકો વિસ્તાર ડાર્કઝોનવાળો વિસ્તાર, જમીનમાં પાણીના તળ જયાં ખૂબ ઓછા છે એવા વિસ્તારને એ સિંચાઈનું પાણી મળી શકે જેથી એ તાલકાનો એ વિસ્તારનો વિકાસ થઈ શકે.

બીજું, માનનીય મંત્રીશ્રી આ વર્ષે જે નદીઓમાં પાણી છોડવામાં આવ્યું હતું, એના પરિણામે હમણાં થોડીક રાહત રહી, એટલે ફરી પણ ઉનાળામાં મંત્રીશ્રી ધ્યાન રાખે કે અમારી વરાશી, મર અને ધામણી નદીમાં પાણી છોડવામાં આવે તો પશુઓને પણ પાણી મળી શકે અને પીવાના પાણીનો પ્રશ્ન એનાથી થોડો હલ થાય. ભૂતકાળમાં કપડવંજ તાલુકામાં બે સિંચાઈ યોજનાઓ અને ૨૪ તળાવો ભરવાની યોજનાઓ હતી. એની પણ ૨૪

તળાવો ભરવાની યોજના અને મહાદેવીયા મધ્યમ સિંચાઈનો ડેમ બનાવવાની યોજના હતી એની પણ વિચારણા કરવામાં આવે.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આદરણીય મંત્રીશ્રી નિતિનભાઈ પટેલ તેમના વિભાગની માગણીઓ લઈને સન્માનીય ગૃહ સમક્ષ આવ્યા છે તેને હું આવકારું છું અને મારું સમર્થન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિકાસ માટે જળસંપત્તિ એ મહત્ત્વનું પરિબળ છે. ગુજરાતમાં કુદરતી રીતે જ બારમાસી નદીઓનો અભાવ ગુજરાત માટે કાયમી ચિંતાનો વિષય રહ્યો છે. પાણી માત્ર સામાન્ય જરૂરિયાત જ નહીં પરંતુ પાણી ગુજરાતને મજબૂત બનાવવા માટેનું કારણ બને અને ગઈ કાલ સુધી પાણી જે સંકટ હતું તે હવે ગુજરાતનું સમૃદ્ધિનું વાચક બને તે દિશામાં કરેલા આયોજનોનો આજે ગુજરાતના જ નહીં દેશના સમગ્ર અર્થતંત્ર ઉપર પ્રેરક પ્રભાવ જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૦૦-૨૦૦૧માં બજેટમાં માત્ર ૫૯૩ કરોડ ખર્ચ કરેલ હતો તે આજે વધીને ૨૦૧૦માં રૂા.૧૮૯૫ કરોડની જોગવાઈ કરેલ છે. સરદાર સરોવર ડેમની ૮૮૭૫ કિલોમિટર જેટલી વિશ્વની લાંબામાં લાબી કેનાલનું સર્જન કરવાનું સૌભાગ્ય ગુજરાતને મળ્યું છે. મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં પણ વીજળી પૂરી પાડી છે. સરદાર સરોવર યોજના થકી ૧૪૩૩ કરોડ વીજ યુનિટનું ઉત્પાદન અને તે પૈકી થયેલ રૂા.૫૭૩૨ કરોડની આવક એ તેનો બોલતો પુરાવો છે. કોંગ્રેસના ઘણાં મિત્રો ભારતીય જનતા પાર્ટીની હમણા ટીકા કરતા હતા. મારે એમને કહેવું છે કે, જ્યારે ગુજરાતમાં કોંગ્રેસનું શાસન હતું ત્યારે ગુજરાત મેળવવા માટે મહાગુજરાતની ચળવળ કરવી પડતી હતી. પરંતુ આજે ભારતીય જનતા પાર્ટીના વહીવટમાં ગુજરાત પૂરા ૫૦ વર્ષ ઉજવી રહ્યું છે એજ ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ વચ્ચેનો ભેદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલમાં ૨૦૦૯-૧૦માં પાણી વહાવીને હજારો વિઘા જમીનમાં ખેડૂતોને સિંચાઈનો લાભ આપવામાં આવેલ છે. જેના કારણે કરોડો રૂપિયાનું ખેત ઉત્પાદન થયેલ છે. રીચાર્જના કારણે ભૂગર્ભ જળમાં પણ વધારો થયેલ છે. ચોમાસામાં અપૂરતા વરસાદને ધ્યાને લઈ ખેડૂતોની જરૂરિયાત સંતોષવા માટે નર્મદા નહેર આધારિત પાઈપ લાઈન દ્વારા ખરીફ અને રવી સિઝનમાં ૧૩૬૦ કરોડ ઘ ાનફૂટ પાણીનો વપરાશ કરી ૫૦ હજાર હેકટર વધુ વિસ્તારને સિંચાઈનો લાભ આપવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત ૧૨૫ તળાવોથી ૩૫૦૦ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ આપેલ છે, ૧૨૯ ગામોને પીવાનું પાણી પૂરું પાડેલ છે, સને ૨૦૧૦-૨૦૧૧ માટે રૂપિયા ૬૫.૧૭ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. સૌરાષ્ટ્ર માટેની સ્પ્રેડિગ કેનાલોમાં અને બંધારાની કામગીરી પ્રગતિમાં છે અને તેના માટે રૂા. ૭૬.૫૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની હાલની સિંચાઈ યોજનાઓમાં નહેર સુધારણાના કામો મોટા પાયે હાથ ધરવામાં આવેલ છે જેમાં ઉત્તર ગુજરાતની ધરોંઈ-ગુહાલ-હરણાવ, મધ્ય ગુજરાતની મહિ-પાનમ-સૂકી, દક્ષિણ ગુજરાતની ઉકાઈ-કાકરાપાળ અને સૌરાષ્ટ્રમાં સેત્રુજી-ભાદર-મચ્છુ ૧ વગેરે યોજનામાં કામગીરી શરૂ કરેલ છે જેનાથી ઉત્પન્ન કરેલ સિંચાઈ શકિતનો મહત્તમ ઉપયોગ થશે અને ખાતરીબંધ સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થશે. આ વર્ષ માટે ૨૦૧૦-૨૦૧૧માં રૂા.૧૪૮.૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે અને ૧ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઈ વ્યવસ્થા સુદઢ થશે. સરદાર પટેલ સહભાગી જળ સંચાય યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૪૬૦૦ જેટલા ચેકડેમો પૂર્ણ કરેલ છે અને ૧૯૦૦ ચેકડેમો પ્રગતિમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦-૧૧માં બીજા ૭ હજાર ચેકડેમો બાંધવાનું આયોજન છે અને રૂપિયા ૧૭૭.૭૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આમ તમામ યોજનાઓ પાછળ ખર્ચેલ કરોડો રૂપિયા ઉગી નીકળ્યા છે અને રાજ્યે જળસંપત્તિ ક્ષેત્રે કામગીરી પસંશનીય નોંધપાત્ર અને નમૂનારૂપ છે. ધરોઈ ડેમનું ચોમાસામાં વહી જતું પાણી સરોવરમાં નાંખવામાં આવે એવી માગણી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. નર્મદા યોજના એ ગુજરાતની જીવાદોરી સમાન છે. આ યોજનામાં અત્યારસુધીમાં જે કંઈ સરકારો આવી એ બધી સરકારોએ આ યોજના સફળ થાય અને ગુજરાત હરિયાળુ બને એ ભાવનાથી કામો કરેલા છે. આ સરકાર, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે એમણે ૨૦૦૨, ૨૦૦૪ અને ૨૦૦૬માં એ યોજના સંપૂર્ણ પૂર્ણ થશે એવી ખાતરી આપી હતી, આજે પણ આ યોજનાના લગભગ સારા એવા કામો બાકી છે. શાખા નહેરોના ૨૮.૯૦ ટકા, વિ-શાખાઓના ૬૯.૮૭ ટકા, પ્ર. શાખાઓના ૭૩.૬ ટકા અને પ્ર.પ્ર. શાખાઓના ૭૯.૨ ટકા જેટલા કામો હજી આ યોજનાના બાકી છે. કોઈપણ ગુજરાતી ઈચ્છે કે આ યોજના જો વહેલી પૂરી થઈ હોત તો એનું વળતર આપણને જલ્દી સારામાં સારું મળવાનું હતું, આ સરકારે ઉદ્યોગોને પાંચ ગણું પાણી આપ્યું છે, એ પાણી જો ખેડૂતોને આપવામાં આવે તો ખેડૂતો એ સમૃદ્ધ બને, આજે ઘણી બધી એવી જમીનો છે, હું મારા વિસ્તારની વાત કરીશ, જેમ મારા પાડોશી ધારાસભ્ય શ્રી મણીભાઈએ વાત કરી કે બાલાસિનોર, વિરપુર, કપડવંજ, કઠલાલ એની બાજુ પર મહીની કેનાલો જાય છે, અહીંયાથી સુજલામ્ - સુફલામ કેનાલ પાસ થાય છે અને નર્મદા યોજના પણ પાસ થાય છે, મારા મત વિસ્તારથી ફકત બે કિલોમીટર દૂર આ નર્મદાની કેનાલ આવેલી છે, સૌરાષ્ટ્રની અંદર જો

પાણી ઉંચકીને આપવામાં આવે, ઉત્તર ગુજરાતની અંદર જો પાણી ઉંચકીને આપવામાં આવે, એની સાથે મારો કોઈ વિરોધ નથી, આપવું જ જોઈએ, પણ મારા મત વિસ્તારની અંદર જેમ મણીભાઈએ કહ્યું એવી રીતે અમારા વિસ્તારની ધરતી બિલકુલ સૂકી ભઠ્ઠ છે, ખેડૂતો રાહ જોઈ રહ્યા છે કે આ પાણી, ચારેય બાજુથી જો કેનાલો પાસ થતી હોય, વણાકબોરી બંધ એ બાલાસિનોરનો ગણાય, બાલાસિનોરની બાજુના ખેડા જિલ્લાની અંદર આઠ તાલુકામાં આ પાણી આપવામાં આવે છે, કપડવંજ, કઠલાલ, બાલાસિનોર, વિરપુર એ બાકાત રહે છે, માનનીય મંત્રીશ્રી આ બાબત મંજૂર કરે તો એમને હું ખૂબ ખૂબ અભિનંદન આપીશ. સુજલામ્-સુફલામ કેનાલ એ પણ મારા મત વિસ્તારના અગિયાર ગામોમાંથી પાસ થાય છે, વિરપુરના નવ અને બાલાસિનોરના બે ગામોમાંથી પસાર થાય છે, આ કેનાલમાં અત્યારે આપણે જોઈએ તો એના પર ફક્ત બે જ ગેટ મૂકવામાં આવ્યા છે, આખી કેનાલ પાસ થાય છે કડાણાથી કોયલા પહેલું વિરપુરનું ગામ આવે અને ત્યાંથી ભોંટલા છેલ્લું ગામ આવે તો એમાં જે ફક્ત બે જ ગેટ મૂકવામાં આવ્યા છે આના પર જો બીજા ગેટ મૂકવામાં આવે અને ચેકડેમો અને તળાવો જો ભરવામાં આવે તો ચોકકસ આ વિસ્તારની જે ધરતી છે અથવા તો ખેડૂતો ઈચ્છી રહ્યા છે કે આ વિસ્તારને પાણી મળવું જોઈએ, એ પાણી ચોકકસ મળી શકે, અહીંયા જે ચેકડેમો થવા જોઈએ એ ચેકડેમો પણ પૂરા પ્રમાણમાં થાય કે જેથી ભૌગોલિક દ્રષ્ટિએ અમારા વિસ્તારની જે જમીન છે એ ઉંચી નીચી અને ટેકરાઓ વાળી છે, અહીંયા સુજલામ્ - સુફલામ્ નું જે પાણી છે બન્ને બાજુથી કેટલાક ખેડૂતો એનો લાભ લે છે, પીવાના પાણીની જે વાત કરી, પીવાના પાણી માટે મારા વિસ્તારની અંદર વનોડા, નમનાર અને ખેરોલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ આવેલી છે, આ યોજનાના લગભગ ૭૦ ટકા એવા ગામો છે કે આ પીવાના પાણીની યોજનાથી પીવાનું પાણી છેકસુધી પહોંચી શકતું નથી, આ યોજના માટે નદીમાં પાણી ઘણું બધું છે પણ એની જે પાઈપ લાઈનો છે અથવા તો એના વાલ્વ વિગેરે છે એ બરાબર હોતા નથી અથવા ઓપરેટરો અને જે વાલ્વમેનો હોય છે એમને પૂરો પગાર મળતો નથી અને એના ભાગ રૂપે દરેક ગામડાની અંદર પાણી પહોંચતું નથી. એમને લઘુત્તમ વેતન ધારા મુજબ પગાર પણ મળતો નથી એનો પણ ભંગ થતો હોય એવું ગણાય તો આવા ઓપરેટરો અને વાલ્વમેનોને પૂરો પગાર મળે અને હેન્ડપંપોનું જે રિપેરીંગ કરવાની જરૂર છે એ જલ્દીથી રિપેર થાય તે જરૂરી છે

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થઈ છું.

મારા મત વિસ્તારમાં ૩ તાલુકાઓનો સમાવેશ થયેલો છે. લીમખેડા, ધાનપુર અને ગરભાડા. મારો મત વિસ્તાર અતિશય ડુંગરાળ અને જંગલ વિસ્તાર છે અને મધ્યપ્રદેશને જોડતો વિસ્તાર છે. અમારા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિને કારણે જરૂરી સુવિધાઓ મળી શકતી નથી. આ બાબતનો ખ્યાલ આ વિસ્તારના ગામડાના લોકો તેમજ તેમના રહેઠાણ અને તેમના જીવન ઉપરથી આવી શકે છે. જયાં અમુક જિલ્લાનો ખૂબ જ વિકાસ થયેલો છે, પણ અમારા દાહોદ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં કોઈ વિકાસ થયેલો નથી. વિકાસની વાતો અને ચચાર્ઓ ખૂબ થાય છે, પણ એ યોજનાઓ અને આયોજનો કાગળ ઉપર જ પૂરા થાય છે. ખરેખર આ વિસ્તારની રૂબરૂ મુલાકાત લેવામાં આવે ત્યારે જ સાચી પરિસ્થિતિ જોવા મળે છે. તે સિવાય લોકોના રહેઠાણ તેમજ લોકો જે રીતે જીવે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર, કાઠિયાવાડ, મહેસાણા જેવા વિસ્તારોમાં સરકાર પંપ સેટ ગોઠવીને કેનાલો અને નહેરો ભરે છે, તો મારા દાહોદ જિલ્લામાં આદિવાસી જિલ્લો છે, તે માટે આવું આયોજન કેમ નથી? મારો વિસ્તાર એ આદિવાસી વિસ્તાર છે. આદિવાસીઓ બારેમાસ પેટિયું રળવા માટે ગુજરાતના અમુક જિલ્લાના ખુણે ખુણે ઠંડી, ગરમી અને વરસાદમાં પણ જાય છે અને મજૂરી કરે છે. મારા વિસ્તારમાં પિયતની સુવિધા જરા પણ નથી. માનનીય મંત્રીશ્રી, મારા દાહોદ જિલ્લાની હું આ એક માગણી મૂકું છું, ત્યારે મારા દાહોદ જિલ્લામાં ભાભરામાં થતી એક કેનાલ નીકળે છે. નર્મદાની. એમાં ઈન્દિરા સાગરનો એક ડેમ બનાવેલો છે. ત્યાંથી ભાભરા અને ગરભાડા, દાહોદ સુધી પાણી આવે તેવી પરિસ્થિતિ છે. મારા વિસ્તારમાં મધ્ય પ્રદેશની સરહદ આવેલી એક અલીરાજપુર જિલ્લામાંથી નર્મદા નદી પર આ ઈન્દિરા સાગર ડેમ આવેલો છે. તેની મોટી કેનાલ આ વિસ્તારમાંથી પસાર થાય અને તેની પેટા કેનાલ રાજય કક્ષાએ ભાભરા, ગરભાડા, થઈને દાહોદ સુધી પાણી લાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ મારા મત વિસ્તારમાં પાણી પુરવઠા મંત્રી સાહેબ આગળ મેં એમને પ્રશ્ન પણ પૂછયો હતો. એમાં એક જ ગામનું જે કામ થયું છે. બીજુ અમારા હેન્ડ પંપો, પાણી પુરવઠા યોજનાઓ છે, ઘણી બધી બગડેલી પડી છે. અમારો વિસ્તાર ઘણો બધો ગરીબ વિસ્તાર છે. આ વિસ્તારમાં પાણી લાવીને બારે માસ હરિયાળી ભૂમિ બનાવી શકાય તેમ છે. જેથી ફરી સરવે કરાવીને આયોજન કરવાની જરુર છે. જેથી આ વિસ્તાર માટે કાયમી ધોરણે પીવાનું પાણી મળે અને આ સમસ્યા દૂર થાય. મારો જિલ્લો ગરીબનું એક કલંક જરુરથી દૂર કરે એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉનાળામાં આ વિસ્તારમાં પીવાના પાણીની ભારે સમસ્યા ઉભી થાય છે. લોકો ઢોર માટે જયાં મળે ત્યાં ગંદુ પાણી ઉપયોગ કરે છે. મકાનો બાંધવા હોય કે ઢોરને પાણી પીવડાવવું હોય કે લગ્ન પ્રસંગ હોય ત્યારે ખાડો ખોદીને પ્લાસ્ટિકનો કાગળ પાથરીને પાણીનો સંગ્રહ કરવો પડે છે. હાલમાં પાણીના એક બેડાં

માટે મારી બહેનોને બબ્બે, ત્રણ ત્રણ કિલોમીટર દૂર જવું પડે છે. ૩૫૦ રૂપિયાના ભાવના ટેન્કર મારા ગરભાડા, લીમખેડા અને ધાનપુર તાલુકામાં નંખાય  છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ગરીબ આદિવાસી વિસ્તારમાં મારી ગરીબ બહેનો નરેગાના કામો, કૂવાઓ, ચેકડેમ બાંધીને માથાના વાળ પણ ઘસાઈ ગયા છે, સાહેબ. ત્યાં પગાર માટે પણ બહેનો વલખાં મારે છે. અમારા આદિવાસીમાં એક કહેવત છે, "તલાવે ગઈ તો તરસી અને વિવાહે ગઈ તો ભૂખી"  આવું મારા વિસ્તારમાં ચાલે છે, સાહેબ.

**શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી એમના વિભાગની માગણી ક્રમાંક ૬૦ અને માનનીય સિંચાઈ મંત્રીશ્રી એમના વિભાગની માગણી નંબર ૬૫, ૬૬ અને પાણી પુરવઠા મંત્રીશ્રી માગણી નંબર ૬૭ લઈને આવ્યા છે એ અંગે હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધયક્ષશ્રી, પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ૧૯૯૦ પહેલાં નાના મોટા ૧૮ જેટલા ડેમો કાર્યરત થયેલા છે અને આ બધા જ ડેમો એ છેલ્લા ૨૦-૨૫-૩૦ વર્ષથી જમીનને સિંચાઈ આપવાનું કામ કરે છે, આ બધા જ ડેમોનાં કામો જૂની-પૂરાણી યોજના અનુસાર થયેલ હોવાના કારણે દા.ત. કડાણા યોજના ડાબા કાંઠા નહેર વિભાગ છે એનો કમાન્ડ વિસ્તાર ૧૧૦૫૯ એકર જમીનને પાણી આપવાનો છે અને આજ દિવસ સુધી ૨૫૯૩ હેકટર જમીન એવી છે કે એને એકપણ વાર પાણી મળ્યું નથી અને એનું કારણ એ છે કે આ યોજનાની કેનાલ, એની મુખ્ય કેનાલ, એની શાખા, પ્રશાખા, માઈનોર, સબ માઈનોર અને ઢાળિયા એ બધા માટીના છે. ત્યારપછી  કોઈ કોઈ જગ્યાએ સમયાંતરે કેનાલમાં એનું અસ્ત્ર કરવાનું કામ સરકારે કર્યુ છે, પરંતુ  આ તમામ કેનાલ, મુખ્ય કેનાલ, એની શાખા, પ્રશાખા, માઈનોર, સબ માઈનોર એ પાકા કરવામાં આવે તો એની કેપેસિટી પાણીની છે એ આપણી પાસે જે સંગ્રહ પાણીનો છે એ ર્દુવ્યય ના થાય એ માટે કાર્યક્ષમતાપૂર્વક એનો ઉપયોગ કરવામાં આવે. કેનાલ પાકી કરીને જે મૂડી રોકાણ કરવામાં આવ્યું છે એ મૂડીરોકાણનું આપણે પૂરેપૂરું વળતર લઈ શકીએ. એટલે મુખ્ય સવાલ એ છે કે જે એકસેસ કેપેસિટી એ દૂર કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી પણ એક બે વાત એવી છે કે  આ કડાણા ડાબા કાંઠાની જે મુખ્ય કેનાલ છે એનાથી ૧૨ાા કિલોમિટર એક હાઈ લેવલ કેનાલ ૧૯૯૫ પહેલાં મંજૂર કરવામાં આવેલ છે અને આજે ૧૫ વર્ષ પછીપણ એ પૂરી થઈ નથી. આ કેનાલ અને એની સાથે સાથે પંપિંગ સ્ટેશન અને વીજ કનેકશન આપવાનું કામ પણ પૂરું થાય તો લગભગ ૫ હજાર હેકટર જમીનને પાણી મળી શકે તેમ છે અને એ વિસ્તારમાં આવતાં તળાવો ભરી શકાય તેમ છે કે જે તળાવોમાં આજે એક ટીંપું પણ પાણી નથી.તો આ તળાવોમાં એનાથી પાણી પણ ભેગું થશે  અને પશુઓને પણ પાણી પીવાની સુવિધા એનાથી ઉભી થશે.

માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રમાણે ભાદર યોજનાનો કમાન્ડ વિસતાર એ આઠ હજાર હેકટર છે અને એમાંથી આ વર્ષે રવિ પાક માટે ૧૫૦૦ હેકટરમાં પાણી આપ્યું છે અને એનું કારણ એ છે કે એની મુખ્ય કેનાલ, એની માઈનોર અનેસબ માઈનોર, એની શાખા અને પ્રશાખા એ બધું કામ આજથી ૨૦-૨૫ વર્ષ પહેલાં થયું હોવાને કારણે અસ્તર કામ ફરીથી કરાવવું પડે તેમ છે. તો જ આ પૂરી ક્ષમતાથી પાણી આપવાનું કામ થઈ શકે. એની સાથે એક મહી નદીમાંથી એની લીંક કેનાલનું કામ છે એ માત્ર ૨ કિલોમિટર કરતાં ઓછું છે એ કામ પૂરું કરવામાં આવે તો પણ એના દ્વારા રવિ પાક નિશ્ચિતપણે લઈ શકાય. આ વખતે પરિસ્થિતિ એવી ઉભી થઈ છે કે પાંચ પાણ આપવાની ગેરન્ટી હતી અને છતાં ૩-૪ થી વધારે પાણ આપી શકયા નથી. જે સમયસર આયોજન કરવું જોઈતું હતું એ થઈ શકયું નથી એના કારણે આ મુશ્કેલી ઉભી થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે જમણા કાંઠાની કેનાલ છે એ પણ ૪ હજાર હેકટરમાં પાણી આપી શકે તેમ છે. આ કેનાલનું પણ કામ થોડુંક બાકી છે એ પૂરું થાય તો એનો લાભ મળી શકે તેમ છે અને  પાણી પુરવઠાની જૂથ યોજનાઓ આ ડુંગરાળ વિસ્તારમાં શકય બની શકે તેમ નથી..

**અધ્યક્ષશ્રી**: માનનીય હીરાભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય કાંતિભાઈ..

**શ્રી કાંતિભાઈ ૨ા. પટેલ(વિજાપુર)** : માનનીય અધ્યક્ષશ્રી,  માનનીય જળસંપત્તિ વિભાગના મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ વિરોધપક્ષના મિત્રશ્રીએ કહ્યું કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર એ ખેડૂત વિરોધી સરકાર છે. એ ઉદ્યોગોને પાણીના બોર માટે વીજ કનેકશન આપે છે, પરંતુ ખેડૂતોને આપતી નથી. પરંતુ, છેલ્લા પાંચ સાત વર્ષથી આ ભારતીય જનતા પક્ષની સરકારે ખેડૂતોને નિયમિત વીજળી તો આપે જ છે પણ તેની સાથે સાથે આ સરકારે પાણીને પણ પ્રાધાન્ય આપ્યું છે એટલું જ નહીં છેલ્લા પાંચ સાત વર્ષથી આ ગુજરાતના બધા જ વિસ્તારોમાં ચેકડેમોની જરૂરિયાત હોય ત્યાં ચેકડેમો, બોરી બંધો બનાવવાની જરૂરિયાત હોય ત્યાં બોરી બંધ, તળાવો ઉંડા કરવાની જરૂરીયાત હોય ત્યાં તળાવો ઉંડા કરવાનું અને નદીઓ ઉપર કોઈ મોટા ચેક ડેમો બનાવવાની જરૂરીયાત હોય ત્યાં એ બનાવવાનું પણ આયોજન કર્યુ છે. ૧૯૯૧-૯૨ માં ૧૯૪ કરોડનું કોંગ્રેસના શાસનમાં જળ સંપતિનું બજેટ હતું જયારે આજે ૨૦૧૦-૧૧માં ૨૦૫૭ કરોડનું જળ સંપતિઓના બજેટની માગણીઓની ચર્ચા આજે થાય છે. આ જ સાબિત કરે છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતો સાથે સંકળાયેલી છે. સરદાર જળ સંચય દ્વારા છેલ્લા પાંચ સાત વર્ષથી ઉત્તર ગુજરાતમાં આજે જયારે ઓછો

વરસાદ આવે છે અને વરસાદ અનિયમિત થયો છે અને ખેડૂતોને પાણીની મુશ્કેલી છે ત્યારે જયાં જયાં ચેક ડેમોની જરૂરીયાત હોય, જયાં જયાં તળાવો જરૂરીયાત હોય ત્યાં તળાવોનું આયોજન પણ કર્યુ છે. ૨૦૦૧ની પરિસ્થિતિ કરતા આજે ૨૦૧૦-૧૧ની પરિસ્થિતિ જુદી છે. આજે આઠ કલાક વીજળીમાં પણ ખેડૂતો સારી રીતે ખેતી કરી શકે છે. ૯૦૦૦ કરોડ રૂપિયાનું ખેત ઉત્પાદન હતું તે આજે ૪૯ હજાર કરોડે પહોંચ્યું છે. એ જ બતાવે છે કે ભારતીય જનતા પક્ષની માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકાર ખેડૂતોના હિતમાં કામ કરી રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણામાં ૩૨૮ તળાવો, પાટણમાં ૪૪૨ તળાવો અને બનાસકાંઠામાં ૩૧૨ તળાવો બનાવી અને ૧૦૪૨ તળાવો ઉંડા કરવાનું કામ પણ કર્યુ છે અને તેના કારણે વરસાદ ઓછો હોય છતાં પણ પાંચ સાત ઈંચ વરસાદ આવે તો આ તળાવો ભરાય છે અને તેના પાણી જમીનમાં સિંચન થાય છે. પાંચ સાત વર્ષ પહેલા જે પરિસ્થિતિ હતી તેના કરતા આજે જુદી પરિસ્થિતિ છે. એ વખતે ખેડૂતો બોર બનાવે તો ૫૦૦ થી ૭૦૦ ફૂટ સુધી પણ પાણી નહોતું મળતું, હું મારા વિસ્તારની જ વાત કરું તો આજે કૂવાઓમાં પણ પાણી દેખાવા માંડયા છે. કારણ કે વરસાદનું પાણી આપણે જમીનમાં ઉતારી શકયા છીએ, એક સૂત્ર છે કે ઘરનું પાણી ઘરમાં, ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં, તેનું આયોજન આ ભારતીય જનતા પક્ષની સરકારે કર્યુ છે. એટલે આ માગણીઓને હું અનુમોદન આપું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય પરબતભાઈ, આપના વિભાગની માગણીઓ છે એ ખબર છે ને? આપના મંત્રીશ્રી આપના ભરોસે બે ત્રણ મિનિટ લેઈટ પડયા છે અને આપ હજુ સુધી આવ્યા નથી.

**શ્રી કાનજીભાઈ ૨ા. તળપદા(ધોળકા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સિંચાઈ અને પાણી પુરવઠા અને કલ્પસર વિભગાનાં મંત્રીશ્રી તેમની માગણીઓ લઈને આવ્યા છે એ અંગે મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. સૌ પ્રથમ ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના ખેડૂતોની જેમણે ચિંતા કરી અને આંતરરાષ્ટ્રીય નર્મદા યોજનાનો અમલ કર્યો એમને હું અભિનંદન આપું છું. અને ત્યારબાદ પણ મેઘા પાટકર જેવાઓએ કેટલીક આડસો મુકી અને કોંગ્રેસના મુખ્ય મંત્રીશ્રીઓએ અને માનનીય સ્વર્ગસ્થ આદરણીય ચીમનભાઈ પટેલ વગેરેએ એ આડશોનો નિકાલ કરાવ્યો તેમને પણ હું અભિનંદન આપું છું. પ્રથમ તો નર્મદા કેનાલનું કામ ૨૬ ટકા જ કામ હજુ પૂર્ણ થયેલ છે તે પેટા શાખા અને વિ શાખાઓ દસ ટકા મારા મત વિસ્તારમાં તૂટી ગઈ છે. મેં એના માટે એલેકયુ પણ પૂછ્યો હતો કે છેલ્લા ચાર માસમાં મારા મત વિસ્તારમાં કેટલી કેનાલો તૂટી ગઈ એનો મને જવાબ મળ્યો કે આઠ વખત કેનાલો તૂટી ગઈ હતી. જ્યારે કેનાલો તૂટી જાય ત્યારે બાજુના ખેતરમાં એનું પાણી જાય એમાં જીરુ કે ઘઉંનો પાક ઊભો હોય એ નાશ પામે છે. ખેડૂતે ખેતર ખેડૂયું હોય, એમાં બિયારણ નાખ્યું હોય, એમાં ખાતર નાખે, નીંદામણ કરે એની પાછળ ઘણો બધો ખર્ચ કર્યો હોય અને પાણી એમાં પેસી જાય ત્યારે એ ખેડૂતની પરિસ્થિતિ ઘણી જ ખરાબ થઈ જાય છે. ખેડૂત અધિકારી પાસે જઈને વળતરની માગણી કરે ત્યારે અધિકારી કહે છે કે આમાં વળતરની કોઈ જ જોગવાઈ નથી. તેથી મારુ માનનીય મંત્રીશ્રીને સૂચન છે કે આવા બહું જ ખરાબ કેસમાં ખેડૂતને વળતર મળવું જોઈએ એનો પાક નિષ્ફળ ગયો હોય ત્યારે એને ચોક્કસ વળતર મળવું જોઈએ.

મારા મત વિસ્તારમાં ફતેવાડી કેનાલ અને નર્મદા કેનાલ બંને છે. તેમ છતાં પણ કેટલાય ગામડાં આ બંને કેનાલોથી વંચિત છે. ગામના પાદરમાંથી નર્મદા વહેતી હોય છે તેવે વખતે ગામના ખેડૂતોને પાણી મળે નહિ ત્યારે એ રોવા જેવા થઈ જાય છે, લોકો પાણી માટે રજૂઆત કરે ત્યારે અધિકારીઓ તરફથી કહેવામાં આવે છે કે જે કમાન્ડ વિસ્તાર નક્કી કરેલો છે એ વિસ્તારથી બહાર એક એકરમાં પણ અમે પાણી આપી શકીએ નહિ. તેથી મારુ સૂચન છે કે આવા બાકી રહી ગયેલા વિસ્તારનો સરવે કરવો જોઈએ. મારા મત વિસ્તારમાં ૪૦ ગામડાં આ કેનાલથી વંચિત છે. આ વરસે દસ ટકાથી પણ ઓછો વરસાદ થયો છે કલેકટરશ્રીને લખીને આપેલ છે આ ગામડાંને દુષ્કાળગ્રસ્ત જાહેર કરે અને એમને વળતર મળવું જોઈએ પરંતુ હજી સુધી કંઈ થયું નથી. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરુ છું કે જે ગામડાં બિલકુલ કેનાલથી વંચિત રહી ગયા છે એનો સરવે કરીને એમને પાણી મળે તેવું કરવું જોઈએ. કેનાલો તૂટી જાય છે એ ઘણી દુ:ખની બાબત છે. જ્યારે આ કેનાલોનું કામ થતું હતું ત્યારે હું અધિકારીઓને કહેતો હતો કે તમે કેનાલ બાંધો છો એના ઉપર પહેલા બુલડોઝર ફેરવો અને જમીનને મજબૂત કરો નહિતર આ કેનાલો તૂટી જશે. પરંતુ એ વાત ધ્યાનમાં લીધા સિવાય મોટો ભ્રષ્ટાચાર કરીને કેનાલો બાંધી છે મેં તો ફક્ત મારા મત વિસ્તારની જ વાત કરી છે. આખા ગુજરાતમાં તો કેટલીય જગ્યાએ કેનાલો તૂટી ગઈ હશે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ વરસે દુષ્કાળની પરિસ્થિતિ છે ત્યારે મારા મત વિસ્તારમાં કેટલાય ગામોમાં પીવાના પાણીની તંગી છે. તળાવો પણ ભરાયા નથી. મેં લેખિત રજૂઆત કરી છે. મારા વિસ્તારના ગામોને પાણી મળે તેવી હું આ તબક્કે મંત્રીશ્રીને વિનંતી કરુ છું.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

નર્મદા યોજના અંગે અહીંયા ઘણી બધી ચર્ચા થઈ છે. આ યોજનામાં મારો મત વિસ્તાર આવે છે ત્યારે ત્યાં આજે પણ પાણીની વિકટ સમસ્યા છે. હેન્ડપંપના પાણી ૩૦૦ ફૂટ નીચે ગયા છે તેથી ૫૦ ટકા જેવા

હેન્ડપંપ આજે પણ ચાલતા નથી. કવાંઠ અને નસવાડી તાલુકામાં એક પણ પાણી પુરવઠા યોજના બનાવી નથી, વારંવાર રજૂઆત કરીએ છીએ કે અમારે ત્યાં પાણી પુરવઠા યોજના કેમ બનતી નથી.

નર્મદા યોજનાના મુખ્ય વિસ્થાપિતો છે એ મારા મત વિસ્તારમાં છે. આ વિસ્થાપિતોને પણ આજે પીવાનું પાણી મળતું નથી. મૂળ જે વિસ્થાપિતો છે એની ૨૭ વસાહતો નસવાડી તાલુકામાં આવેલી છે એને પીવાના પાણીનો લાભ મળતો નથી, જ્યારે એ નર્મદાનું પાણી પીવા માટે છેક સૌરાષ્ટ્ર અને કચ્છના લોકોને મળે છે. એટલા માટે માનનીય મંત્રીશ્રીને કહીશ, કારણ કે અમારા પ્રભારી મંત્રીશ્રી છે. એટલે અમારા ભણી થોડી નજર રાખો. નર્મદાનો પાયો રચ્યો છે એટલે એ વિસ્તારોમાં પણ વિઝીટ કરશો તો હું માનું છું કે આ વિસ્થાપિતોને પણ પાણી મળશે, કારણ કે અમે વારંવાર રજૂઆત કરવા છતાં આજ દિવસ સુધી પાણી પુરવઠાનું કામ થવું જોઈએ એ થયું નથી. એથી આગળ જઈએ તો લાલપુર યોજના જે તે વખતે મંજૂર થયેલી. વારંવાર રજૂઆતો કરી છે. પણ લાલપુર યોજના પણ થઈ નથી. તો માનનીય મંત્રીશ્રીને મારે એ કહેવું છે કે લાલપુર યોજના જો ન બનાવવાના હો તો નર્મદાનું પાણી હાફેશ્વરથી હેરણમાં કે મેઈન નદીમાં જો નાખવામાં આવે તો નસવાડી તાલુકાના થોડા ઘણાં ગામડાંને સિંચાઈનો લાભ મળશે. નહીં તો અમારે તો સવારમાં નર્મદાજીના દર્શન જ કરવાના છે. અમારે પાણી જોવાનું જ છે. કારણ કે અમે જે ભોગ આપ્યો છે. અમે જે જમીન આપી છે. સરકારે કહ્યું એ ભાવે જમીન આપી છે. જ્યારે ફેરકૂવામાં લડત ચાલતી હતી. ત્યારે નસવાડી અને કવાટ અને સંખેડા અને જેતપુર તાલુકો ફેરકૂવામાં દોઢ મહિના સુધી રાત-દિવસ પડી રહ્યા. છતાંય તેનો લાભ અમને મળતો નથી. આથી માનનીય મંત્રીશ્રીને કહું છું કે આ બાબતને થોડી ગંભીરતાથી લો. કારણ કે જે મુખ્ય વિસ્તાપિતો છે. જે નર્મદાના વિસ્થાપિતો બનેલા છે. ત્યાંથી હટાવીને જો એ હટતા ન હોય તો આખા ગુજરાતની આજે વાત ન થાત. ત્યારે એ વિસ્થાપિતોને જો પાણી ન મળતું હોય તો માનનીય મંત્રીશ્રીને મારે વિનંતી કરવી છે કે આપ અમારા પ્રભારી મંત્રી છો. તો મારા નસવાડી, કવાટ અને જેતપુર તાલુકાની મુલાકાત લો અને પરિસ્થિતિ શું છે તેનાથી વાકેફ થાવ. અમે હેન્ડપંપો માટે વારંવાર રજૂઆતો કરી છે. આજે ૫૦ ટકા હેન્ડપંપો ચાલે છે. આ વિસ્તારમાં ડુંગરાળ વિસ્તારમાં બે-ત્રણ કિલોમીટર સુધી પાણી માટે વલખા મારવા પડે છે. ઘણાં ગામડાંમાં ટેંકરો મારફત પણ પાણી આજે મળે છે. તો માનનીય મંત્રીશ્રીને કહું છું કે માગણી લઈને આવ્યા છો. અમે આ માગણી જોઈ છે. અમે બજેટમાં પણ જોયું, સૌરાષ્ટ્ર, કચ્છ અને બનાસકાંઠાના નામો અમે વાંચ્યા છે. અમારે દુઃખ સાથે કહેવું પડે છે કે આપ ત્યાં વિસ્તારમાં પાણી આપો. પણ જે મુખ્ય વિસ્થાપિતો છે. પાયાના છે. તેના માટે કંઈક જોગવાઈ કરી હોત તો અમને આનંદ થાત. માનનીય મંત્રીશ્રીને કહું છું કે આપ બોલવાના હો તો અમારા ભણી કટકો બટકો નાખવાની વ્યવસ્થા કરો એવી મારી આ તકે વિનંતી છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈ મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું. પૂર્વ મંત્રીશ્રી બાબુભાઈ અને પૂર્વ મંત્રીશ્રી ચીમનભાઈને ભૂલી શકાય એવું નથી. કારણ કે ખેડા અને આણંદ જિલ્લામાં હરિયાળી ક્રાંતિ લાવવાનું કામ કોઈએ કર્યું હોય તો આ બન્ને મુખ્યમંત્રીશ્રીઓએ કર્યું છે. આજે હું તેમને યાદ કરું છું. કમાન્ડ એરિયા નક્કી કર્યો, ખેડા-આણંદ જિલ્લાનો. ૩૦-૩૫ વર્ષ થઈ ગયા. પણ છેવાડાના ખેડૂતોને પાણી મળવું જોઈએ એ આજે મળતું નથી. તો જે શીલ્ટીંગ થઈ ગયું છે. એ નાની જે કાંસડીઓ છે તેને વધારે પહોળી અને ઉંડી કરવાનું કામ આ સરકાર કરે. સાથે સાથે વિકટ પ્રશ્ન અમારે ત્યાં કાંસનો છે. કાંસની જોગવાઈ નથી. તો આપને કહું છું કે પાઈલોટ પ્રોજૅક્ટ બનાવો. કારણ કે ખેડા અને આણંદ જિલ્લામાં ઠાસરા તાલુકો હોય, ઉમરેઠ તાલુકો હોય, નડિયાદ તાલુકો હોય, પેટલાદ તાલુકો હોય કારણ કે અમારે ત્યાં ચકલાસીથી ખાંભા સુધી કાંસ નીકળ્યો. બ્રિટિશરોના વખતમાં થયો છે. ત્યારે શીલ્ટીંગ પણ થઈ ગયું. ઝાડ પણ ઉગ્યાં. ગયા વખતે તમે બોરીઆવીમાં આંદોલન થયું ત્યારે તાત્કાલિક તમારે ત્યાં માણસો મોકલીને ઉકેલ લાવવો પડ્યો હતો. તો કાયમી ધોરણે સૂચન કરું છું કે પાઈલોટ પ્રોજૅક્ટ બનાવો. કારણ કે બ્રિટિશ સમયમાં જે કાંસ પહોળો-ઉંડો થવો જોઈએ, કારણ કે ચાર ઈંચ વરસાદ ત્યારે થતો હતો તે પ્રમાણે કાંસ થયેલા.અત્યારે તો ૧૦ ઇંચ કે ૧૨ ઇંચ થાય છે ત્યારે હજારો ખેડૂતોની ખેતી નકામી જાય છે, હજારો એકર જમીનમાં પાણી ફરી વળે છે. આણંદ જિલ્લો અને ખેડા જિલ્લો તેમાં આવી જાય છે. આ બન્ને જિલ્લા માટે છેક ખંભાત સુધી, કોસ માટે પાઈલોટ પ્રોજૅક્ટ બનાવો. બીજું અમારે ત્યાં શાકભાજીનું મોટામાં મોટું ઉત્પાદન કેન્દ્ર છે. જે નહેરો છે તેની આસપાસ ગઈ વખત ચાર-પાંચ રસ્તા કર્યા, ખેડૂતોને પોતાનો માલ લઈ જવા માટે નહેરોની આસપાસ રસ્તા બનાવવામાં આવે તો શહેરો સુધી સમયસર ઝડપથી પહોંચાડી શકાય. ગઈ સાલ કામ કર્યું એના માટે સરકારને ધન્યવાદ આપું છું અને વધારે રસ્તા કરવાની જરૂર છે એ માટે આપનું ધ્યાન દોરું છું.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા(રાજકોટ (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સિંચાઇ, પાણી પુરવઠા, કલ્પસર અને જળ સંપત્તિની માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સ્વર્ણિમ જયંતી વર્ષમાં રાજયના સર્વાંગી વિકાસને વેગ આપતા આ વખતના બજૅટમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રજા વત્સલ નીતિ સ્પષ્ટ દેખાઈ આવે છે. પ્રજા વત્સલ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કામ કરતી સરકારે સમગ્ર ભારતમાં અત્યારે ગુજરાત રાજય કૃષિ ક્ષેત્રે હોય, ઊર્જા ક્ષેત્રે હોય કે ઉદ્યોગના ક્ષેત્રે હોય, ૫.૫ કરોડ જનતાના પ્રાણ જોડાયેલા છે એવી ગૌરવ સમાન નર્મદા

યોજના હોય, દરેક ક્ષેત્રમાં ગુજરાત રાજય પ્રગતિ કરી રહ્યું છે. આ વખતના બજૅટમાં પાણી પુરવઠાના માળખાનો વધુ વિકાસ કરવાની અગ્રીમતા સાથે પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે પાણી પુરવઠા યોજનાઓ માટે રૂ. ૧૮૪૯.૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા હાલમાં સૌરાષ્ટ્ર તથા કચ્છ વિસ્તારમાં નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા જૂથ યોજનાઓ દ્વારા પાણી આપવામાં આવે છે. પાણી પુરવઠાની સુવિધાને વધુ નિયમિત અને વિશ્વનીય કરવા માટે સુવર્ણ જયંતી ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ વોટર ગ્રીડ યોજના માટે ૪૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ ૪૦૦ કિ.મી.થી વધારે લંબાઈની બલ્ક પાઈપ લાઈન નાખવામાં આવશે. જેમાં મારા વિસ્તારના રાજકોટ માટે થઈને ઢાંકીથી રતનપર સુધીની ૧૫૦ કિ.મી.ની પાઈપલાઈન નાખવામાં આવશે. આમ સૌરાષ્ટ્રમાં આ યોજના માટે જુદા જુદા અંતરની પાઈપ લાઈનો નાખવામાં આવશે. તે માટે થઈને માનનીય મુખ્યમંત્રીશ્રી, નાણા મંત્રીશ્રી અને પાણી પુરવઠા મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને તેમનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી એ પ્રસાદી છે. અત્યારે ગ્લોબલ વોર્મિંગના કારણે ક્યાંક વધુ વરસાદ તો ક્યાંક ઓછો વરસાદ. તો આવનારા સમયમાં આવતી કાલની સુરક્ષા આપણા સૌને માટે શું સંદેશો લઈને આવશે એ આપણને કોઈને ખબર નથી. પરંતુ આપણી સદ્‌ભાવનાથી કામ કરતા હોઈએ તો ઈશ્વર પણ આપણી સાથે હોય એમાં બેમત નથી. જ્યારથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને નરેન્દ્રભાઈ મોદીએ શાસન ધૂરા સંભાળી છે ત્યારથી ગુજરાતમાં એકપણ વખત દુષ્કાળ પડ્યો નથી. એ વાતથી પુરવાર થાય છે કે, કોઈ સારી વ્યકિત શાસન ઉપર બેઠી હોય તો ઈશ્વર પણ તેની સાથે હોય છે. કહેવાય છે કે, ત્રીજુ વિશ્વ યુદ્ધ પાણી માટે થઈને લડાશે. એટલે અત્યારથી જ પાણીનું સુનિશ્ચિત આયોજન કરવું ખૂબ જરૂરી છે. અમે જ્યારે સુવર્ણ જયંતી સંકલ્પ જ્યોત રથ યાત્રા લઈને ગામડાઓમાં કે શહેરોમાં જતા હોઈએ છીએ ત્યારે લોકો ખૂબ મોટી સંખ્યામાં પાણીની બચત કરવાનો સંકલ્પ લેતા હોય છે અને આવનાર દિવસોમાં એ ખૂબ જરૂરી છે. આ સિદ્ધિ એક ખૂબ મોટી સિદ્ધિ ગણાશે. ગુજરાતમાં જ્યારથી ભારતીય જનતા પક્ષની સરકાર આવી છે ત્યારથી અને અગાઉ કૉંગ્રેસનું શાસન હતું ત્યારથી બન્નેના સમયમાં પાણી માટેની જે કામગીરી થઈ છે એના જો લેખાંજોખાં કરવામાં આવે તો ભારતીય જનતા પાર્ટીની કામગીરી સૌથી શ્રેષ્ઠ છે. અત્યારે ગુજરાત રાજય ટૅન્કર ફ્રિ ગુજરાત રાજય બન્યું છે. મને આ સભાગૃહને જણાવતાં ખૂબ જ આનંદ થાય છે કે, તા.૨૩મી જૂન ૨૦૦૯ના રોજ વાસ્મોને લોક ભાગીદારથી અસરકારક અને સક્ષમ જાહેર સેવા બદલ સંયુક્ત રાષ્ટ્ર સંઘનો પબ્લિક સર્વિસ એવોર્ડ મળેલ છે. : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની પાણી પુરવઠાની શ્રેષ્ઠ કામગીરીનો કેન્દ્ર સરકાર દ્વારા તો એવોર્ડ મળેલ જ છે પરંતુ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ પાણી પુરવઠાની શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ મળેલ છે તે માટે થઈને રાજય સરકારના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને પાણી પુરવઠાના મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આપના મારફત એક મારે મંત્રીશ્રીને સૂચન પણ કરવું છે કે અમારે રાજકોટમાં આજીડેમ આવેલ છે, એ આજીડેમમાં પાણીનો સંગ્રહ જથ્થો વધુ થાય એ માટે થઈને આ વખતના ઉનાળામાં જો તેમાં રહેલો કાપ દૂર કરવામાં આવે તો આવનારા દિવસોમાં તેમાં પાણીનો સંગ્રહ વધુ થઈ શકે અને એ કાપ છે, જો એ ખેડૂતોના ખેતરમાં નાખવામાં આવે તો ખેડૂતના ખેતરની જે જમીન છે એ પણ વધુ ફળદ્રુપ થઈ જશે. મારે છેલ્લે એક દુહો કહેવો છે,

મોદી સરકાર મલકમાં ઠાવકી વાડી તમે ઠીમ, સૂક પડીતી સીમ,
એને પાણી પાયું પાલ્યા, મોદી સરકાર મલકમાં,
તમે નરેન્દ્રે આણ્યા નીર પણ ખાંડ રોટી અને ખીર
આ તો પાણી નર્મદાનું આલ્યા નીર,

માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવુ છું.

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા(દાહોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈ, પાણી પુવરઠા અને જળસંપત્તિના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. હું જે વિસ્તારમાંથી ચૂંટાઈને આ સન્માનનીય ગૃહમાં આવ્યો છું તે મારું અહોભાગ્ય સમજુ છું અને એટલા માટે બાબાસાહેબ આંબેડકર, પૂજય સરદાર પટેલ અને પૂજય મહાત્મા ગાંધી તેમજ બીજા અનેક નામી, અનામી વીર શહીદો કે જેમણે આ દેશને આઝાદી અપાવી, તેમનો હું આભારી છું. નહીંતર મારા જેવા એક સામાન્ય ગરીબ આદિવાસી ખેડૂતનો દીકરો આ ગૃહમાં કયાંથી હોય, મારા મૂળ પંચમહાલ જિલ્લામાં ચેકડેમો ૭ જેટલા બનેલા હતા અને દાહોદ જિલ્લામાં ૩ ચેકડેમો જેવા ડેમો આવે છે. જે ખૂબ જ જૂના થઈ જવાને કારણે સિંચાઈની સગવડ દાહોદ જિલ્લામાં મળતી નથી. મારા દાહોદ જિલ્લામાં ૭ તાલુકા આવેલા છે જેમાં મોટાભાગે આદિવાસીઓ વસે છે. ૮૧ ટકા જેટલી વસ્તી અમારા આદિવાસીઓની છે અને કોઈપણ સિંચાઈની સગવડ ન હોવાને કારણે અને અપૂરતા વરસાદ પડવાને કારણે ડુંગરા અને અંતરિયાળ વિસ્તાર હોવાથી જેટલો પણ વરસાદ પડે એટલો વહી જાય છે અને કોઈ જગ્યાએ મોટો ડેમ બનાવેલો નથી એટલા માટે સિંચાઈની સગવડ મળતી નથી અને સિંચાઈના અભાવે અમારા ગરીબ આદિવાસીઓ રોજીરોટી માટે દરબદર ભટકે છે. અને એમના બાળબચ્ચાને શિક્ષણની પણ મુશ્કેલી પડે છે. મારા મતવિસ્તારમાં આવેલ ઠકકરબાપા જળાશય ૫૦ વર્ષ જૂનું થઈ ગયું છે અને નાની નદીના મળવાને કારણે અને ઓછા વરસાદને કારણે ઠકકરબાપા સરોવરમાં પૂરતા પ્રમાણમાં

પાણી ભરાતું નથી અને છીછરું થઈ ગયું છે. નાસંજોગોના કારણે, વરસાદના આકડા ઓછા વધતા આપીને આ જળાશયમાંથી પાણી અમે નથી તો સિંચાઈ માટે, નથી તો પીવાના પાણી માટે.અગાઉના વર્ષોમાં આ સરદાર સરોવરમાંથી સિંચાઈનો પાંચ હેકટરમાં લાભ મળતો હતો. પરંતુ કાળક્રમે દાહોદ શહેરને પાણીની મુશ્કેલી પડવાથી આ સરદાર સરોવરનું પાણી આપવામાં આવ્યું. છેલ્લા ૧૫-૨૦ વર્ષથી દાહોદ જિલ્લામાં ઘણો બધો ઓછો વરસાદ પડી રહ્યો છે ત્યારે આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે મારા મત વિસ્તારમાં પાણી પુરવઠા યોજનાઓ ૨૦ થી ૨૫ જેટલી બનેલી છે પરંતુ એમાંથી માંડ એકાદ-બે ચાલી રહી છે. સરકારના કરોડો રૂપિયા વ્યર્થ જાય છે. જેથી કરીને હજારોની સંખ્યામાં હેન્ડપંપો મૂકેલા છે એ ચાલતા નથી....(અંતરાય) (સમયસૂચક ઘંટડી)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિભાગ અને પાણી પુરવઠા વિભાગ ઉપર મારા અનેક માનનીય સભ્યશ્રીઓની લાગણી વ્યક્ત થઈ છે. છેલ્લે મારા સભ્યશ્રીઓએ પાંચ-છ મિનિટ બચાવીને પણ મને બે-ત્રણ મુદ્દા માટે સમય ફાળવ્યો છે ત્યારે મારે ખાસ કરીને નર્મદા વિભાગ ઉપર રાજકીય અવલોકનો અમારા પક્ષેથી ન થાય એ માટે અમે સૌ કોઈએ ચિંતા રાખી. મને આનંદ થાત કે આ જ અભિગમ જો સત્તાધારી પક્ષ તરફથી રહ્યો હોત. પણ એ ન રહ્યો. આમ છતાં પણ હું રાજકીય અવલોકનમાં નહીં પડું કારણ કે નર્મદા એ ગુજરાતના હિતમાં છે. કહેવું હોય તો ઘણું કહી શકાય, માનનીય મંત્રીશ્રી પણ જાણે છે અને આ સન્માનનીય ગૃહના તમામ સભ્યશ્રીઓ પણ જાણે છે. રાજ્યોના હિસ્સાથી માંડીને કોંગ્રેસ-ભા.જ.પ. કરી શકાય. પણ એમાં સૌથી વધારે આપને સાંભળવું પડે એવી સ્થિતિ છે પણ એમાં હું નહીં પડું. કારણ કે નર્મદા યોજનાનું હિત સૌના માટે છે. મારે એ કહેવું છે કે આજે આપણે કઈ ઊંચાઈએ પહોંચ્યા છીએ? આપણે આજની હાઈટ ૧૨૧.૯૨ મીટરે પહોંચ્યા છીએ. ૧૧૦.૬૪ મીટર સુધી આપણે પાણી ખેંચી શકીએ છીએ. આપણા હિસ્સે આવતું પાણી એ ૯ લાખ મિલિયન એકર ફીટ એટલે કે ૧૯ લાખ હેકટર અથવા ૨૭ લાખ એકરને આપણે સિંચાઈ આપી શકીએ. જે બેદરકારી છે એ બેદરકારીને કારણે ગુજરાતને કેટલું સહન કરવું પડશે? એક ઈંચ હાઈટ વધારવાની જરૂર નથી. દરવાજા બંધ કરવાની જરૂર નથી. એક ઈંટ મૂક્યા વગર આપણા હિસ્સાનું સંપૂર્ણ પાણી આજે આપણે લઈ શકીએ એવી પરિસ્થિતિ છે અને શા માટે એ પરિસ્થિતિ છે? કારણ કે આપણે ૨૫૦૦૦ ક્યુસેક્સ પાણી એક દિવસમાં કાઢીએ જો કેનાલ પૂર્ણ થાય તો. ઉપરના મધ્યપ્રદેશમાં જે ડૅમો છે એ તવાહ, બાગડી, ઈન્દિરા સાગર, ઓમકારેશ્વર અને મહેશ્વરી એ પાવર જનરેટ કરે છે એટલે એમને કમ્પલસરી પાણી છોડવું પડે છે. આ પાણી છૂટે છે એ આપણે ત્યાં આવે છે. આપણે કેનાલમાંથી બહાર કાઢીએ એનાથી વધારે પાણી આખા વર્ષ દરમિયાન ત્યાં વીજ ઉત્પાદનના કારણે આવે છે. એક ઈંચ પણ ઊંચાઈ વધાર્યા વગર આપણા હિસ્સાનું સંપૂર્ણ પાણી આપણને મળી શકે એમ છે. આપણે કેટલું આપીએ છીએ? આપણને મળવા પાત્ર ૨૭ લાખ એકરમાંથી આપણે સાચું કહીએ તો એક કે દોઢ લાખને આપી શકીએ છીએ. જે કમાન્ડમાં નથી આવતું એનું પાણી વહેવડાવીએ છીએ એમ કરીને આપણે ચાર-પાંચ લાખ કહીએ છીએ. બાકીનું પાણી નથી આપી શકતા ત્યારે કાલે શું જવાબ આપીશું કયાંય પણ જશો ત્યારે કે આપણા હિસ્સે આવતું પાણી આપણે વાપરી શકતા નથી. આપણા હિસ્સે આવતા પાણીનો આપણે ઉપયોગ કરી શકતા નથી અને એના કારણે કચ્છમાં જે એક લાખ હેકટર પાણી પહોંચાડવાની વાત કરીએ છીએ એ પહોંચાડી શકતા નથી. અહીં ઉલ્લેખ થયો હતો કે તમે આટલા વર્ષ રહ્યા એ વખતે પ્લાન બન્યો હતો ડૅમની હાઈટ વધે એ પ્રમાણે. આપે આ કામ આજે પૂર્ણ કર્યુ હોત તો આપણા હિસ્સાનું સંપૂર્ણ પાણી મળી શકતું હતું. હું તો એમ કહીશ કે વિદ્યુતમાં પડવા જેવું નથી. આપણે જાહેરમાં બહાર નહિ કહીએ પણ આપણી અંદર તો એટલી સમજ રાખીએ કે વિદ્યુત પેદા થશે એમાં માત્ર ૧૬ ટકા જ આપણને મળવાની છે, બાકીની બીજા રાજ્યોને આપવાની છે એમાં આપણને બહુ ફાયદો નથી. ગુજરાતના હિતની વાત કરતા હોઈએ તો એમાં ગુજરાતનું હિત નથી. ગુજરાતનું હિત પાણીમાં છે અને પાણી આપવા માટે એક ઈંચ ઊંચાઈ વધાર્યા વગર સો એ સો ટકા નર્મદાનું પાણી ગુજરાતને મળે એવી આજની પરિસ્થિતિ છે અને આપણે આપી નથી શકતા. એની જવાબદારી આપણે નહિ વિચારીએ, આપણે એની ચિંતા નહિ કરીએ ત્યારે આટલા જ શબ્દો સાથે મારે કાયદા વિભાગમાં માત્ર એટલું જ કહેવું છે કે આપણે અહીંયા જે લો યુનિવર્સિટીમાં પાંચ વર્ષનો કોર્ષ ચાલે છે એના કેટલાક ઈન્ફ્રાસ્ટ્રકચરની જરૂરિયાતો છે હું આશા રાખું છું કે એ વધુ મજબૂત થાય એના માટેની જોગવાઈઓ કરવામાં આવે એજ શબ્દો સાથે વિરમું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે નર્મદા વિભાગ, પાણી પુરવઠા વિભાગ, સિંચાઈ અને જેના વિષે કોઈએ બહુ ચર્ચા નથી કરી એવા કલ્પસર માટેના બજેટની માગણીઓ લઈને હું આવ્યો છું ત્યારે ૨૩ જેટલા માનનીય સભ્યશ્રીઓએ એમના સુંદર સૂચનો, વિચારો અને રજૂઆત આજે રજૂ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મને આનંદ છે કે કોંગ્રેસ પક્ષના પ્રમુખ માનનીય સિધ્ધાર્થભાઈએ આ ચર્ચાની વિરોધપક્ષમાંથી શરૂઆત કરી અને એનું સમાપન માનનીય વિરોધપક્ષના નેતા માનનીય શકિતસિંહજીએ કર્યુ. હું એમ માનું છું કે આ ગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓ પાણી અંગેની આ જે ચર્ચા છે એને ખૂબ લોકોપયોગી રીતે અને લોકોની સગવડ માટેની વ્યવસ્થા તરીકે અને નર્મદા અને સિંચાઈ વિભાગની કામગીરીને આ રાજ્યના ખેડૂતોની સમૃદ્ધિના એક વાહક તરીકે બધા જ માનનીય સભ્યશ્રીઓ એ જોઈ રહ્યાં છે. આજે મારા આ વિભાગો છે

એ રાજ્યના પાણીને લગતા તમામ આયોજનો, તમામ પ્રશ્નો અને રાજ્ય સરકારની તમામ કામગીરીને આવરી લેતા આ ત્રણેય વિભાગના બજેટો છે. નર્મદા વિભાગની કામગીરી આપણાં સૌના માટે મુખ્ય છે અને વિભાગ પણ મુખ્ય છે, એટલા માટે હું એના વિષે જે માનનીય સભ્યશ્રીઓએ વાત કરી છે એની ટૂંકમાં થોડી વિગતવાર છણાવટ કરીશ. હું આજે કોઈ ચર્ચા કરીને કોઈ વિવાદ ઊભો કરવા નથી માગતો પણ આપણે બધા સાથે મળીને નર્મદાને જે રીતે ઝડપથી પૂર્ણ કરવા માગીએ છીએ એના માટે રાજ્ય સરકારનું જે આયોજન છે, એ આયોજન ઉપર માનનીય સભ્યશ્રીનું ધ્યાન દોરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, એના પહેલા આ વિભાગો માટેની રાજ્ય સરકારની માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈની જે વ્યવસ્થા કરવાની શકિત છે, જે દીર્ઘદ્રષ્ટિ છે એમની નાણાકીય જોગવાઈ કરવાની એમની જે ઈચ્છા શકિત છે એનો પણ ઉલ્લેખ માનનીય સભ્યશ્રીઓએ એમના પ્રવચનમાં કર્યો છે કે ભૂતકાળમાં કેટલી નાની રકમની ફાળવણીથી આ વિભાગો ચાલતા હતા અને આજે રાજ્ય સરકારના કુલ બજેટમાંથી મોટાભાગની કામગીરી લગભગ ૭૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈઓ ૨૯૫૦૦ કરોડના બજેટમાંથી આજે આપણે ચર્ચા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ભૂતકાળમાં નર્મદાનું કામ થયું. માનનીય સિધ્ધાર્થભાઈએ કહ્યું કે ખૂબ મોડું થયું, ૬૦૦૦ કરોડ રૂપિયાની યોજના હતી. આજે ૩૦,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચો થઈ ચૂક્યો. એમના આંકડા પ્રમાણે હજુ ૨૦-૨૨ હજાર કરોડ રૂપિયાનો ખર્ચો થશે. બધું મોઘું થતું જાય છે. યોજનાનો લાભ આપણે સમયસર મેળવી શક્યા નહિ. માનનીય અધ્યક્ષશ્રી, એમની ઘણી વાત જોડે આપણે બધા સંમત છીએ. કારણ કે વાસ્તાવિકતા છે, હકીકત છે. આપણે એ પણ જોવું જોઈએ કે આ વાસ્તવિકતા, આ હકીકત ક્યારે ઊભી થઈ? કેવી રીતે ઊભી થઈ? કયા સંજોગોમાં ઊભી થઈ? કોના રાજ્ય શાસનમાં ઊભી થઈ? એમાં આપણી ગુજરાતની પ્રજાએ આપણાં તમામ રાજકીય પક્ષોએ કેવી લડત આપી. શ્રી નીતિનભાઈ પટેલ (ક્રમશ☺ : અને કેવી રીતે આપણે ગુજરાત વિરોધી પરિબળોને પરાસ્ત કરી આજે ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈ જે આપણે બંધનું જે સિવિલ વર્ક કરવાનું કામ છે ત્યાં સુધી સફળતાપૂર્વક પહોંચી શક્યા છીએ એટલે આપણે બધા જાણીએ છીએ, હું કોઈના ઉપર આરોપ લગાડવા માટે કે કોઈને એમાં આપણા ભૂતપૂર્વ સરકારોના મુખ્ય મંત્રીશ્રીઓને કોઈના ઉપર હું કાંઈ કહેવા માગતો નથી પણ નર્મદા યોજનાનું જે ખાતમહૂર્ત થયું, માનનીય જવાહરલાલ નહેરું જ્યારે વડા પ્રધાનશ્રી હતા ત્યારે, ત્યારથી માંડીને લગભગ ૧૯૯૫ સુધી ૧૯૯૧-૯૨માં થોડી શરૂઆત થઈ, આપણે આંદોલનો કરવા પડ્યા, માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે કે ફેરકૂવા ગયા, આખું ગુજરાત ગયું, એ વખતે તો ભારતીય જનતા પક્ષની સંયુક્ત સરકાર હતી, એ વખતે આપણે આંદોલન ઉપાડયું, કોંગ્રેસ એ વખતે વિરોધપક્ષમાં હતા છતાં ગુજરાતના બધા લોકોએ સાથે મળીને આંદોલનો કર્યા, મેઘા પાટકર અને પર્યાવરણના નામે ગુજરાતનો વિકાસ રૂંધનારાને ગુજરાત વિરોધીઓ તમામ રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય પરિબળોને હંફાવવા માટેની લડત આપણે એ વખતે ચાલુ કરી અને એ લડતના ધીમે ધીમે જે પગરણ મંડાયા અને એના કારણે ૧૯૯૫ અને એ પછીની જે કામગીરી થઈ, માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આપણે ૧૨૧ મીટરની ઊંચાઈએ જે પહોંચ્યા છીએ એમાં કયારે કેટલું પહોચ્યા એ હું જરા માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકીશ તો માનનીય સભ્યશ્રીઓને થોડો ખ્યાલ આવશે કે નર્મદાનું કામ કઈ સરકારો વખતે અને કયા સમયગાળામાં પૂર ઝડપે આગળ વધ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે જે આંકડા છે એ પ્રમાણે આપણે બહુ લાંબા ભૂતકાળમાં ન જઈએ પણ ૧૯૯૯થી આપણે જોઈએ એ વખતે અગાઉની બધી સરકારો વખતે આપણા ડૅમની ઊંચાઈ ૮૦ મીટરે હતી, ૮૦ મીટરમાં ડેમમાં કોઈ પાણી ભરી શકાય નહીં પછી ૧૯૯૯માં આપણને ઊંચાઈ વધારવાની પહેલી પરવાનગી મળી એ વખતે પણ ભારતીય જનતા પક્ષની સરકાર હતી અને ૪.૭૦ મીટરની ઊંચાઈ વધારવાની આપણને પહેલી પરવાનગી મળી ત્યાર પછી બીજી પરવાનગી આપણને મળી તા.૧૮-૧૦-૨૦૦૦ના રોજ એ પણ પાંચ મીટરની ઊંચાઈ વધારવાની પરવાનગી મળી એ વખતે પણ ભારતીય જનતા પક્ષની સરકાર હતી ત્યાર પછી આપણને તા.૧૭-૫-૨૦૦૨ના રોજ જે પરવાનગી મળી પાંચ મીટર ઊંચાઈ વધારવાની એ ભારતીય જનતા પક્ષની સરકાર વખતે મળી એ પછી બીજી પાંચ મીટરની પરવાનગી મળી એટલે કે ૧૦૦ મીટર સુધી પહોંચવાની આપણને એ પરવાનગી મળી તા. ૧૪-૫-૨૦૦૩ના રોજ અને ૧૭-૫-૨૦૦૦ થી માનનીય નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્ય મંત્રી તરીકે આવ્યા એ આપણે બધા જાણીએ છીએ, પછી જે આપણને સારું એવું કહી શકાય કે જે ૧૧૦ સુધી પહોંચવાની આપણી તૈયારી હતી, ત્યાંથી પાણી ભરી શકાય એ આપણને પરવાનગી મળી તા. ૧૬-૩-૨૦૦૪ના રોજ ત્યારે પણ માનનીય નરેન્દ્રભાઈ મોદી મુખ્ય મંત્રીશ્રી હતા અને મોટામાં મોટી ઊંચાઈ એક સાથે વધારવાની ૧૧.૨૮ મીટરની અને એના પહેલા ૧૦.૬૪ મીટરની એટલે કે, લગભગ ૨૨-૨૩ મીટર ઊંચાઈ વધારવાની જે આપણને પરવાનગી મળી એ બંને પરવાનગીઓ માનનીય નરેન્દ્રભાઈ મોદી મુખ્ય મંત્રી તરીકે આવ્યા ત્યારથી મળી અને એના કારણે આજે આપણે ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈ પ્રાપ્ત કરી શક્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, બધાનો સાથ સહકાર મળ્યો છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જ્યારે કેન્દ્ર સરકાર અને બીજા પરિબળો આપણો વિરોધ કરતા હતા ત્યારે અમદાવાદમાં જાહેર ઉપવાસ ઉપર ઉતરી આખી ગુજરાતની પ્રજાને, તમામ રાજકીય પક્ષોને, સાધુ-સંતો અને એન.જી.ઓ.ને બધાને સાથે રાખી ઉપવાસ આંદોલન કરી અને કેન્દ્ર સરકાર સામે લડત કરી આ ઊંચાઈ પ્રાપ્ત કરી. (અંતરાય) એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : હું આપને છૂટ આપીશ, પછી આપ (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો પૉઈન્ટ ઑફ કલેરીફીકેશન છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે આપણને મદદ કરી હતી, પ્રાઈમ મિનિસ્ટરે પોતે જવાબદારી લીધી હતી.

**અધ્યક્ષશ્રી** : આપને કહેવાની તક હતી. આપ બેસી જાઓ.(અંતરાય)

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાત ઉપર આવું છું, મારી વાત ચાલું છે, અર્જુનભાઈ હું ત્રણ વખત બોલ્યો.

**અધ્યક્ષશ્રી** : આપણે વચ્ચે ઈન્ટરવીન ન કરીએ, આપ બેસી જાઓ, આપ બેસી જાઓ. (અંતરાય) આપ બેસી જાઓ, અર્જુનભાઈ એ રીતે ઈન્ટરવીન થવાનો આપનો અધિકાર નથી, આપ બેસી જાઓ. (અંતરાય) અરે, જે કાંઈ કહેવું હતું આપને તક હતી ( અંતરાય) આપ બેસી જાઓ, ના, અત્યારે બેસી જાઓ. અત્યારે કોઈ કલેરીફીકેશનનનો મુદ્દો નથી. (અંતરાય) કલેરીફીકેશનનો મુદ્દો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કેન્દ્ર સરકાર (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ અભિપ્રાયનો પ્રશ્ન છે, આપ બેસી જાઓ, (અંતરાય) અભિપ્રાયનો પ્રશ્ન છે, આપ બેસી જાઓ,

મંત્રીશ્રીનું પ્રવચન ચાલુ રહેવા દો. (અંતરાય) એ અભિપ્રાયનો પ્રશ્ન છે. આપ આપનો અભિપ્રાય હોય એમ એમનો અભિપ્રાય હોય. (અંતરાય) માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી ક્યારે ઈન્ટરવીન થવું એમને કલેરીફીકેશન માટે આપ પહેલા બેસી જાવ.. એમનું વકતવ્ય પૂરું થાય પછી હું આપને તક આપીશ.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે શકિતસિંહજી નહોતા, મારી પ્રશ્નોત્તરી નર્મદાની હતી એ દિવસે, માનનીય સિદ્ધાર્થભાઈ નહોતા, અર્જુનભાઈ તો હાજર હતા દંડકશ્રી પણ હાજર હતા, મેં આ ગૃહમાં પ્રશ્નોત્તરી દરમિયાન કહ્યું છે કે અત્યારે પણ, એ વખતે તો જે હશે, અત્યારે પણ ગુજરાતના આ ૧૨૧ થી ૧૩૮ પહોંચાડવાના દરવાજા ગેટ બેસાડવાની જે કામગીરી બાકી છે એમાં શકિતસિંહ તમારા નામનો, માનનીય સિદ્ધાર્થભાઈના નામનો અને માનનીય અહેમદભાઈના નામનો મેં ઉલ્લેખ કર્યો છે અને આ રૅકૉર્ડ ઉપર શુક્રવારે જ મેં કીધું છે મારી પ્રશ્નોત્તરીમાં, તમે દાંડીયાત્રાની કૂચમાં ગયા હતા એ વખતે જ મેં કીધું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ દરેક રાજકીય પક્ષના નેતાઓને સાથે રાખી, આખી ગુજરાતની પ્રજાને સાથે રાખી આ કામગીરી આગળ વધારવા માગે જ છે અને અત્યારે લોકો પણ કોંગ્રેસના આગેવાનો પણ એમાં સક્રિય સહકાર આપી રહ્યા છો એ મેં રૅકૉર્ડ ઉપર કીધું છે.

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ એમનું વક્તવ્ય પૂરું થઈ ગયા પછી હું આપને તક આપીશ. વચ્ચે જો આપણે અર્જુનભાઈ, (અંતરાય) આપણે આ રીતે કરીશુંને (અંતરાય) નહીં નહીં કોઈપણ પ્રશ્નની અંદર (અંતરાય) એક મિનિટ મારો જે વાંધો છે,

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : સાહેબ હું કોઈની ટીકા નથી કરતો.

**અધ્યક્ષશ્રી** : મારો વાંધો આટલો જ છે કે કલેરીફીકેશનવાળો મુદ્દો આપે ઉઠાવ્યો વચ્ચે બે દિવસ પહેલા ત્યારે પણ મેં આપને કહ્યું હતું કે એક વાર એમનું વક્તવ્ય પૂરું થઈ જાય પછી કોઈને પૉઈન્ટ ઑફ કલેરીફીકેશન ઉપર ઉભા થવું હોય તો ચોકકસ થાય, બન્ને બાજુના અભિપ્રાયો જૂદા રહેવાના છે. તેમ છતાં (અંતરાય) નીતિનભાઈ, હું આપને તક આપુ છું.. તેમ છતાં જો ક્રોસ ટોકની અંદર જવાથી પ્રવચનના મુદ્દાઓ તૂટી જાય છે. એકસૂત્રતા તૂટી જાય છે અને એટલા માટે તમને કોઈ મુદ્દો હોય તો તમે મને કહો હું તમને વકતવ્ય પૂરું થયા પછી તક આપીશ.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું ફરીથી કહું હું કોઈની ટીકા નથી કરતો. પણ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈને ઉપવાસ ઉપર ઉતરવું પડ્યું હતું. એ પણ એટલી જ હકીકત છે. આખો દેશ જાણે છે. આપ સૌ પણ જાણો છો. હું ફક્ત વાસ્તવિકતા આ માનનીય સભાગૃહના ધ્યાન ઉપર મૂકું છું અને મેં ફેરકૂવાથી શરૂઆત કરી છે કે ફેરકૂવાથી લડત ગુજરાતની પ્રજાએ સાથે રહીને આપી છે. અમે સ્વીકારીએ છીએ અને અત્યારે પણ બધા સહયોગ આપો અને ૧૩૮ સુધીની આપણી પૂર્ણ ઊંચાઈ આપણે વહેલી તકે પ્રાપ્ત કરીએ એ આપણે ઇચ્છીએ છીએ. સ્વાભાવિક રીતે પહેલા કામગીરી ઓછી થતી હતી આપણે બધા જાણીએ છીએ. નર્મદાની કામગીરી જેમ જેમ આગળ વધતી ગઈ એ પ્રમાણે મુખ્ય કેનાલ, પેટા કેનાલો એની પણ કેનાલો અને છેક માઈનોર, સબમાઈનોર સુધીની કાર્યવાહી અત્યારે ખૂબ મોટા પ્રમાણમાં રાજય સરકારે હાથ ઉપર લીધી છે. આમાં હું બજૅટની સરખામણી એટલા માટે નહી કરું કે કદાચ કોઈ એમ કહેશે કે એ વખતે કામ જ નહોતું થતું માટે અમે નર્મદા માટે બજેટ નહોતા ફાળવતા પણ અહીંયા કહેવામાં આવ્યું છે એટલે હું કહુ છું કે મોટી એવી સારી રકમ દર વર્ષે નર્મદા માટે આપણે ફાળવીએ છીએ. ગયા વર્ષે ૩૫૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ હતી આ વખતે પણ ૩૬૨૫ કરોડ રૂપિયા રાજય સરકારના બજેટની જોગવાઈ છે. બોર્ડ પોતાના નિગમ પોતાના આંતરિક સાધનોથી અન્ય જે કામો હાથ ઉપર લે એ નાણાકીય જોગવાઈ અલગ થવાની. આ રાજય સરકારના સપોર્ટથી આ કામગીરી જ્યારે ચાલે છે ત્યારે આ વર્ષે જે કામગીરી અમે હાથ પર લીધી છે નિગમ દ્વારા એ મારે બધા સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવું છે. ૧૯૧ કરોડ રૂપિયાના ખર્ચે નર્મદા, પંચમહાલ, વડોદરા અને ભરૂચ

જિલ્લાના ૧૯ તાલુકાનું જે નૅટવર્ક છે, ૪લાખ, ૪૬હજાર હેકટરનું એ પૂર્ણ કરવાની અમે બજૅટ જોગવાઈ આ વખતે કરી છે. એવી જ રીતે ૪૦૨ કરોડ રૂપિયાના ખર્ચે ખેડા, આણંદ, ગાંધીનગર, અમદાવાદ મહેસાણા જિલ્લાના ૧૭ તાલુકાના વિસ્તારમાં નેટવર્ક વગેરે માટે અમે જોગવાઈ કરી છે અને અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, ભાવનગર તથા મહેસાણા જિલ્લાના ૨૫ તાલુકાના વિસ્તાર માટે ૮૨૨ કરોડ રુપીયાની જોગવાઈ કરી છે.એવી જ રીતે માળિયા, વલ્લભીપુર નૅટવર્કનું કામ બોટાદ, લીંબડી, ધાંગ્રધા શાખા નહેરનું કામ તથા મોરબી, બ્રાન્ચ કેનાલનું કામ શરૂ કરીને ૧ લાખ હેકટરમાં કમાન્ડ વિસ્તાર ડેવલપ કરવા અમે આયોજન કર્યુ છે. ૪૫૦ કરોડ રૂપિયા મહેસાણા, પાટણ, બનાસકાંઠા જિલ્લાના ૧૮ તાલુકાનું નૅટવર્ક પૂર્ણ કરી ૧ લાખ હેકટરને સિંચાઈ આપવાનું આ વખતના બજેટમાં જોગવાઈ કરી છે. ૫૮૦ કરોડ રૂપિયાની ફાળવણી પાટણ, બનાસકાંઠા, કચ્છ જિલ્લાના ૧૪ તાલુકા માટે ૧ લાખ હેકટરમાં પિયત વિસ્તાર ડેવલપ કરવા ફાળવણી કરી છે. આ રીતે આપણે જોઈએ તો નર્મદાનું નૅટવર્ક માનનીય સભ્યશ્રીઓએ તો ચિંતા વ્યક્ત કરી. મેઈન કેનાલ ૪૫૮ કિ.મી. થઈ ગઈ. રાજસ્થાન સુધી આપણે સફળતાથી પાણી પહોંચાડી દીધું. આ બધુ કરી ચૂક્યા છીએ. સભ્યશ્રીઓના ધ્યાન ઉપર ગયા વર્ષે કામ કર્યુ, તેનો થોડો હિસાબ આપીને જાણકારી આપવા માગું છું. ૪૫૮ કિ.મી. રાજસ્થાનની કેનાલ આપણે મેઈન કેનાલ જે પૂર્ણ કરી અને એના દ્વારા ૭૪ કિ.મી. લંબાઈમાં રાજસ્થાનમાં ઈરીગેશન ચાલુ થયું. બાડમેર, ઝાલોદ જિલ્લામાં પાણી પહોંચાડ્યું. જે આપણી જવાબદારીમાં આવતું હતું તે કામ આપણે પૂર્ણ કર્યુ. એવી જ રીતે સૌરાષ્ટ્ર શાખા નહેર ઉપરના તમામ પાવર પંમ્પિગ સ્ટેશન શ્રી મોહનભાઈએ અને બીજા સભ્યશ્રીઓએ વર્ણન કર્યુ. ઢાંકી પંમ્પિગ સ્ટેશનથી લગભગ ૬૦ મિટર ઉપરનું લિફ્ટિંગ કરી કચ્છ અને સૌરાષ્ટ્રની આખી કેનાલ ઉપાડી અને જે પાણી આપવાનું છે, તે ૫ પંમ્પિગ સ્ટેશનનાં કામ અમે પૂર્ણ કર્યાં છે. સરેન્દ્રનગર જિલ્લો કાયમ માટે અછતગ્રસ્ત જિલ્લો રહ્યો છે. તે જિલ્લાની ધોળીધજા ડેમમાં આ વખતે મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે પાણી અમે પહોંચાડ્યું છે. ગુજરાતના અત્યારે ૧૦ જિલ્લાના ૩૯ તાલુકામાં એક લાખ હેકટર કરતા વધુ વિસ્તારોમાં આપણે સીધેસીધુ નર્મદાનું કમાન્ડનું પાણી આપી ચૂક્યા છીએ. એવી જ રીતે ૩૪૯૮ ઘન મિટર પાણી ઈરીગેશન માટે અને પીવા માટે ૩૩૬ ઘન મિટર અને ઉદ્યોગો માટે ૨૧ લાખ ઘન મિટર પાણી નર્મદામાંથી અત્યારે આપી રહ્યા છીએ. સરદાર સરોવરના વધુ વિસ્તારો અને કેનાલનાં કામ ગયા વર્ષે ૫૨૦ કરોડના આપણે પૂર્ણ કર્યાં છે. એવી જ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રી જે ટપક સિંચાઈ અને માઈક્રો ઈરીગેશનનો ખાસ આગ્રહ રાખી રહ્યા છે. ગમે એટલું કરીએ તો પણ ગુજરાતનો ૫૦ ટકા વિસ્તાર નર્મદા અને બધી સિંચાઈ યોજનાઓનો સરવાળો કર્યા પછી જે બીન પિયત રહેવાનો છે, વરસાદથી આધારિત રહેવાનો છે. તેવા ખેડૂતોને ઈરીગેશન માટે પાણી આપવું હોય તો હયાત સિંચાઈ યોજનાનું પાણી આપણે કરકસરથી બચત કરીને આયોજન પૂર્વક આપણે વાપરવું પડશે, તો જ વધુ ખેડૂતોને લાભ આપી શકીશું. એના માટેની ટપક સિંચાઈ યોજના છે તેના પીસ બનાવવા માટે અત્યારે અમારા અમે ૨૧ મોડેલ પ્રોજેકટ નર્મદા નિગમ અને જી.જી.આર.સી. એ હાથ ઉપર લીધા છે અને એના દ્વારા ટપક સિંચાઈના ખેડૂતોને મોડેલ બતાવી અને એમને પ્રોત્સાહન આપી રાજ્ય સરકાર ૫૦ ટકા સબસિડી આપે છે. ૪૫ ટકા ઓછા વ્યાજની લોન એમ કરીને ફક્ત ૫ ટકા જ ખેડૂતોએ રોકાણ કરી અને જેનો લાભ લેવાનો છે. એવી એમને સમજ આપીએ છીએ. ૨૦૦૯-૧૦ દરમ્યાન ૪૩૧ કરોડના ૧૩૬ કામનાં ટેન્ડરો નર્મદાના અમે મંજૂર કર્યા છે. એની કામગીરી જુદા જુદા તબક્કે અત્યારે ચાલી રહી છે. ત્યારે નર્મદા આપણા સૌની યોજના છે. આખા ગુજરાત માટેની યોજના છે. એમાં આપણે બધા સાથે મળી વહેલી તકે નર્મદાનાં કામ પૂર્ણ થાય તે માટે કાર્યવાહી કરીએ તે માનનીય સભ્યશ્રીઓને તમામને વિનંતી છે. બીજો એક પ્રશ્ન ઊભો થતો જાય છે દિવસે દિવસે એ પણ માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર મૂકવો મને જરૂરી લાગે છે. ભૂતકાળમાં નર્મદાના કેનાલથી નીચેની કેનાલ બનવાની છે, એની જમીન સંપાદન થવી જોઈએ, તે કમનસીબે નહિ થઈ શકવાના કારણે પૂરું આયોજના ભૂતકાળમાં નહિ થઈ શકવાના કારણે, એ જમીન સંપાદનની કાર્યવાહી રાજ્ય સરકારને અત્યારે કરવી પડે છે.અને અત્યારે નર્મદા યોજનાના કામો અથવા તો કોઈપણ સિંચાઈના કામો કે કોઈપણ ઉદ્યોગના કામો કે સરકારી કામકાજ માટે પણ જમીન મેળવવી દિવસે દિવસે અઘરી થતી જાય છે. ખેડૂતો જમીન આપવા માટે વિરોધ કરે છે. જે નર્મદામાંથી પાણી મેળવવાનું છે અને એ પાણી એમના ખેતરોમાં પહોંચવાનું છે અને ખેડૂતોની સમૃધ્ધિ વધવાની છે એવા કામો માટે પણ જયારે ખેડૂતો સામેથી, સમજપૂર્વક જમીન ના આપતા હોય ત્યારે મોંઘી કિંમતની જમીન સંપાદન કરીને આપણે જમીન મેળવવી પડે છે.એ પ્રશ્નો પણ જે નવા ઉભા થયા છે એને પણ આપણે આવનારા સમયમાં પડકાર ઉપાડવો પડશે. ખર્ચ પણ કદાચ વધશે. માનનીય સિધ્ધાર્થભાઈએ વાત કરી કે ખર્ચો વધતો જાય છે પણ ભૂતકાળમાં આપણે જો જમીન સંપાદન કરી હોત, ઓછી કિંમતે જમીન રાજય સરકારે પ્રાપ્ત કરી દીધી હોત તો આ પ્રશ્ન ઉભો ના થયો હોત પણ જે રીતે ગુજરાતનો વિકાસ થઈ રહયો છે ઔદ્યોગિક, કૃષિ વિષયક, સેવા વિષયક તમામ ક્ષેત્રમાં આજે ખેડૂતોની જમીનો ખૂબ કિંમતી થઈ ગઈ છે કારણકે ખેડૂતોને સિંચાઈ માટે સારું એવું પાણી મળે, વીજળી મળે, બીજી વ્યવસ્થા મળે, એમના ભાવ સારા મળે એના કારણે ખેતીની આવક પણ વધી એટલે ખેડૂતો જમીન જલદી સરળતાથી નથી આપતા, એ પડકાર પણ આપણે ઉપાડવો પડશે. એની મોંઘા ભાવની જમીન પણ કદાચ ખરીદવી પડશે, સંપાદન કરવી પડશે. તો એનાથી ખર્ચ પણ વધે એ જોખમ છે જ. એ પણ આ માનનીય સભ્યશ્રીઓના હું ધ્યાન ઉપર મૂકું છું ત્યારે ફરીથી હું બધા સભ્યશ્રીઓને

વિનંતી કરું કે નર્મદા યોજના માટે આપ સૌ આપનો પૂરેપૂરો સહકાર આપો અને નર્મદા યોજના એ પીવાનું પાણી હોય, ઉદ્યોગ માટેનું હોય, ખેતીવાડી માટે હોય કે ઘર વપરાશ માટેનું હોય, એનાથી જે મોટો લાભ થઈ રહયો છે એ આપણે સૌ જાણીએ છીએ.(અંતરાય) સાહેબ, મારા બે વિભાગ છે, મારે ઘણું કહેવાનું છે, હજુ તો એક જ વિભાગ સમેટ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા વિભાગની પણ મારે ઘણી હકીકતો માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવી છે. નર્મદામાં તો કામ નહોતું થયું, એટલે ભૂતકાળની સરકારોએ બજેટ જોગવાઈ નહોતી કરી એવું કોઈ કહી શકે પણ પાણી પુરવઠા વિભાગની કામગીરી, પ્રજાને શુધ્ધ પીવાનું પાણી આપવું એ આપણી રાજય સરકારની કાયમી જવાબદારી છે. એની સામે કોઈ મોટા પ્રશ્નો પણ નહોતા છતાં પણ જો આપને કહું તો ૧૯૬૦થી ૨૦૦૦ સુધીના ચાલીસ વર્ષના ગાળા સુધી ગુજરાતમાં પાણી પુરવઠા વિભાગમાં કુલ બજેટ ૩૨૯૩ કરોડ રૂપિયા એટલે લગભગ ૩૩૦૦ કરોડ રૂપિયાનું બજેટ ભૂતકાળની સરકારોએ ચાલીસ વર્ષમાં આપ્યું છે. અમારા આવ્યા પછી અમે પીવાના પાણીની જરૂરિયાત અહીંયા અમારા માનનીય ગોવિંદભાઈ અને સભ્યશ્રી ભાનુબેને, સૌરાષ્ટ્રના સભ્યશ્રીઓએ કહયું, દાહોદના સભ્યશ્રીએ પણ કહયું કે પીવાના પાણી માટે જે તકલીફ હતી, બધાય જાણે છે, એનું વર્ણન હું અત્યારે કરવા માગતો નથી. ટેન્કરોથી પાણી આપવું એક જમાનામાં ૬૦ હજાર ટેન્કર ગુજરાતના ફકત સૌરાષ્ટ્ર જેવા વિસ્તારમાં રોજ ફેરા કરી પાણી આપવું પડતું હતું. એની સામે એ સરકારોએ પાણીની યોગ્ય વ્યવસ્થાઓ ન કરી અને પ્રજાને વર્ષોવર્ષ દાયકાઓ સુધી જે હાડમારીમાં રહેવું પડયું એ હાડમારી આ ગુજરાતમાં ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી અને મોટાપાયે જે પીવાના પાણીની યોજનાઓની કામગીરી હાથ ઉપર લીધી, એના કારણે, માનનીય અધ્યક્ષશ્રી, મારે આંકડા જ કહેવા છે સરકારના રેકર્ડ ઉપરના આંકડા, કે અગાઉ જે હજારો ફેરા ટેન્કરોના ચાલતા હતા. ગયા વર્ષે ૨૦૦૯માં ૩૧૨ ગામની અંદર પાછલા ઉનાળામાં એ પણ દરિયા કાંઠાના વિસ્તારોમાં ખારાશવાળા પાણીના વિસ્તારોમાં ૩૧૨ ગામમાં ટેન્કરોથી પાણી અમારે આપવું પડયું અને ભૂતકાળમાં જે હજારો ટેન્કરો ચાલતાં હતા એમાં મોટા પ્રમાણમાં જે ભ્રષ્ટાચાર થતો હતો, લોકોને મારામારી થતી હતી, પાણી લેવા જાય અને લોહી રેડીને આવવું પડતું હતું એ બધુ હવે આ ભારતીય જનતા પક્ષની સરકારમાં સદંતર ભૂતકાળ બની ગયું છે, થોડુઘણુય બાકી છે એ પણ ૨૦૧૧ આખર સુધીમાં અમે પૂર્ણ કરવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે અમારુ જે બજેટ છે પાણી પુરવઠા વિભાગનું એ બજેટ અમે જુદા જુદા કામો માટે અમે ફાળવ્યું છે મોટા ભાગની કામગીરી નર્મદા અથવા તો અન્ય જૂથ યોજનાઓનું જે પાણી છે, અત્યાર સુધી આપણે શું કરતા હતા ટયુબવેલ બનાવી દઈએ, હેન્ડપંપ બનાવી દઈએ પછી અહીંયા માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ દુષ્કાળનું વર્ષ હોય ટયુબવેલ પાણી છોડી દે, હેન્ડપંપ પાણી છોડી દે પછી દસ લાખ રૂપિયાના ખર્ચે હેન્ડપંપ કે ટયુબવેલ બનાવેલ હોય એ પાણીના અભાવે નકામો થઈ જાય અને છતાં સાધને પ્રજા પાણી વગર રહેતી હતી એમાંથી પ્રજાને છોડાવવા માટે અને ખાસકરીને વારંવાર આ સભાગૃહમાં ચર્ચા થઈ ચૂકી છે કે, પહેલા આપણે ફ્લોરાઈડવાળું ભૂગર્ભનું પાણી પીતા હતા, ખારાશવાળું પાણી પીતા હતા, વધારે ટી.ડી.એસ.વાળું પાણી પીતા હતા એના કારણે લોકો માંદા પડતા હતા અને કોઈને પેટના રોગ થાય, કોઈને હાડકાના રોગ થાય, કોઈ અશક્ત બની જાય એ પ્રમાણે પાણીજન્ય રોગો હતા એના કારણે દર વર્ષે લાખો લોકો બિમાર પડે અને કરોડો રૂપિયા પ્રજાના આરોગ્ય પાછળ ખર્ચાઈ જતા હતા. (અંતરાય) સાહેબ, નટવરસિંહભાઈ મને ડિસ્ટર્બ કરે છે. (અંતરાય) નટવરસિંહભાઈ એમની જગ્યાએ નથી.

**અધ્યક્ષશ્રી** : આપ નહીં કહી શકો. આપ આપનું પ્રવચન ચાલુ રાખો અને ધ્યાન મારી તરફ રાખો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે રેકોર્ડ ઉપર કહેવું છે કે, આ પાણીજન્ય રોગો ઓછા થાય છે અને ચોમાસામાં જે રોગચાળો થતો હતો અને લોકો બિમાર પડતા હતા જેને જાણવું હોય એ એલેક્યુ કરીને પૂછવું હોય તો પૂછજો માનનીય આરોગ્ય મંત્રીશ્રીને એટલે તમને વિગત મળશે. જેમ પીવાનુ ચોખ્ખું, ફિલ્ટર કરેલું શુધ્ધ પાણી ગુજરાતની પ્રજાને પહોંચવા માંડ્યું એમ પાણીજન્ય રોગો ઓછા થવા લાગ્યા હાડકાની બિમારી ઓછી થવા લાગી અને લાખો લોકો બિમારીમાં જતા અટક્યા અને કરોડો રૂપિયા મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગના લોકોના અને પ્રજાના દવામાં જતા હતા એ અટક્યા છે અને આ સરકારે આયોજનપૂર્વક મીઠું પાણી, શુધ્ધ પાણી પહોંચાડી અને આ કામ કર્યું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી નટવરસિંહજી, ખુમાનસિંહજી, આરોગ્યની ચર્ચા વખતે ચર્ચા કરજો. આપ અત્યારે માનનીય મંત્રીશ્રીને શાંતિથી સાંભળો. એમને બોલવાનો અધિકાર છે આપની સાંભળવાની ફરજ છે.(અંતરાય) બાવકુભાઈ, આપ બેસી જાવ, આપ બેસી જાવ આપને બોલવાની તક હતી ત્યારે આપ નથી બોલ્યા. (અંતરાય) નહીં નહીં. તમે મારી સામે જોઈને જવાબ આપો. કોઈ બેઠા બેઠા અનધિકૃત રીતે બોલ્યા હોય એનો જવાબ આપશો નહીં. વિભાગના જવાબ આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા બાવકુભાઈને કહેવું છે કે, અમારું જે આયોજન છે રાજ્ય વ્યાપી ગ્રીડ પાણી પુરવઠા યોજના એમાં નર્મદા આધારીત ૯૬૩૩ ગામને અને ૧૩૧ શહેરને પાણી આપવાનું આયોજન કર્યું છે એમાંથી પૂર્ણ થઈ ચૂકયા છે ૬૦૭૪ ગામ અને ૧૦૨ શહેરને નર્મદાનું પાણી આ સરકારે પહોંચાડી દીધું છે અને બિલકૂલ શુધ્ધ પીવાલાયક પાણી અત્યારે આ શહેરો અને ગામડાની પ્રજા

પી રહી છે.અને ૨૩૧૨ ગામોના અને ૨૩ શહેરોના કામો પાણી પુરવઠાના નર્મદા આધારિત અત્યારે આયોજન હેઠળ છે અને એ કામો ટૂંક સમયમાં પૂર્ણ થશે એટલે ૯૬૩૩ ગામ અને ૧૩૧ શહેર એને નર્મદાનું પીવાનું પાણી આપવાનું છે એ અમે સફળતાપૂર્વક આવતી સાલ સ્વર્ણિમ ગુજરાત નિમિતે પાણી પુરવઠા વિભાગે સંકલ્પ કર્યો છે કે પ્રજાને પીવાનું શુધ્ધ પાણી નર્મદાનું પહોંચાડીશું. બીજું અન્ય જૂથ પાણી પુરવઠા યોજનાઓ. કોઈ ડેમમાં પાણી હોય ત્યાંથી પાણી પહોંચાડવાનું હોય તો એના દ્વારા ૪૭૧૭ ગામો અને ૨૨ શહેરોને અમારે પાણી આપવાનું હતું એમાંથી ૪૧૬૬ ગામ અને ૨૧ શહેરને અમે પાણી શુધ્ધ પીવાલાયક ફિલ્ટર કરેલું કલોરીનેશન કરેલું પહોંચાડી દીધું છે. કુલ બન્નેનો સરવાળો કહુ, સરદાર સરોવર અને અન્ય જૂથ યોજનાનો તો ૧૪૩૫૦ ગામોમાંથી અમે ૧૦૨૪૦ ગામોને પાણી પહોંચાડી દીધું છે અને જે શહેરોને પાણી આપવાનું છે એ શહેરોમાં બાવીસમાંથી એકવીસ શહેરોને અમે પાણી પહોંચાડ્યું છે શહેરોને અમે જે પાણી આપીએ છીએ એના માટે હું માનનીય સભ્યશ્રીઓના ધ્યાન પર મૂકવા માગું છું કે, કદાચ એમને કોઈ ગેરસમજ હોય, કોઈ અમરેલીની વાત કરે, કોઈ બીજી કોઈ વાત કરે, અમારી પાણી પુરવઠા વિભાગની જવાબદારી શહેરના એક જગ્યાએ એટ વન પોઈન્ટ પાણી આપવાની છે, ત્યાંથી આખા શહેરની પ્રજાને આંતરિક પાણી પુરવઠાની વ્યવસ્થા આપવાની જવાબદારી જે તે નગરપાલિકાની છે અને અમરેલીમાં કોંગ્રેસની નગરપાલિકા છે એ નિષ્ફળ જાય તો એની જવાબદારી અમારી નથી (અંતરાય) અમે એમને જોઈએ એટલું પાણી આપીએ છીએ પણ એ પાણી વિતરણ કરવાની જવાબદારી જે તે નગરપાલિકાની છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ, મેં આપને એક વિનંતી કરી કે જેમણે ચર્ચામાં ભાગ લીધો એનો જવાબ તમે ચોકકસ આપો, પણ જેમણે વચ્ચે ઉભા થઈને ચર્ચામાં ભાગ લીધો હોય એના પણ તમે જવાબ આપશો તો એ યોગ્ય નહિ રહે અને ચર્ચામાં આપના મુદ્દાઓ રહી જશે અને મારે સમયસર પૂરું કરવું છે, એટલે આપને અમરેલી માટે પ્રેમ હોય, બાવકુભાઈને હોય તો એમને બોલાવીને ચોકકસ વાત કરજો એની મારી ના નથી, આપ અતિ ઉત્સાહથી જવાબ આપો એ આપનો અધિકાર છે, પણ વચ્ચે વચ્ચે દરેકને પોતાના પ્રશ્નો પૂછવાનો અધિકાર નથી એટલે હું આપને કહુ છું કે એવા પ્રશ્નોનો તમે જવાબ આપશો તો પછી બધા પૂછશે,

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : અમે જે બલ્ક પાઈપલાઈનો નાંખી છે, એ ૧૯૦૩ કિલોમીટરની નાંખી છે અને એમાંથી પાણી પુરવઠા વિભાગે જે નેટવર્ક કર્યુ છે, આખા રાજયની અંદર મેં જે આંકડા આપ્યા એ ગામોમાં અને શહેરોમાં પાણી આપવા માટે એની લંબાઈ જોઈએ તો ૧ લાખ છ હજાર કિલોમીટરની પાઈપલાઈનો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે નાંખી છે, જેનાથી ગામડાઓને પીવાનું પાણી મળે છે અમે અત્યારસુધીમાં ૪૬૮૯ ઓવરહેડ ટાંકીઓ બનાવી છે જેમાં ૧૧૦ કરોડ લિટર પાણી દરરોજ સમાઈ શકે છે, એવી રીતે અમે અત્યારે ૧,૬૬,૩૬૪ હેન્ડપંપો બનાવ્યા છે જેના દ્વારા પ્રજાને પીવાનું પાણી મળે છે ક્યાંક ક્યાંક માનનીય સભ્યશ્રીઓની ફરિયાદ આવી કે હેન્ડપંપ બગડી જાય છે તો હેન્ડપંપ તાત્કાલિક રિપેર કરવા માટે પણ અમે આ ઉનાળા દરમ્યાન અલગ વ્યવસ્થા કરી છે હું એક જાહેરાત કરવાનો છુ, થોડીક ક્ષણમાં કહીશ એટલે આપને બધાને એનાથી આનંદ અને સંતોષ થશે એવું હું માનું છું. પ્રજાને ચોખ્ખું, શુદ્ધ પીવાલાયક આરોગ્યપ્રદ પાણી આપવા માટે અમે જે ફિલ્ટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવ્યા છે રાજયની અંદર ૧૪૯ જેટલા ફિલ્ટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવ્યા છે એની કેપેસીટી દરરોજ ૨૫૦ કરોડ લિટર પાણી એ ટ્રીટમેન્ટ કરી શકે છે એટલે આપ સમજી શકો છો કે એનાથી કેટલો મોટો ફાયદો થઈ રહ્યો છે અને પ્રજાને કેટલું શુદ્ધ પીવાનું પાણી અમે આપીએ છીએ. પાણી સમિતિની ખૂબ અહીંયા ચર્ચાઓ થઈ અને બધાએ આવકારેલ પણ છે, વાસમોને ભારત સરકારના પણ એવોર્ડ મળ્યા છે, યુનોનો પણ એવોર્ડ મળ્યો છે, પાણી સમિતિઓ કુલ ૧૮૦૬૬ ગામોમાં છે એમાંથી ૧૫૭૦૯ ગામોમાં પાણી સમિતિઓ બની ચૂકી છે એમાંથી ૪૮૧૨માં કામો પૂર્ણ થયાં છે અને ૩૦૧૦ માં કામો ચાલુ છે, મારે થોડાંક આંકડા આપવા છે કે પહેલાં ઘરે ઘરે પાણી પહોચાડવાની વ્યવસ્થા ઓછી હતી અમે આવ્યા પછી, ખાસ કરીને આદિજાતિ વિસ્તારોમાં ઘરે ઘરે આદિવાસી ભાઈઓને ફળિયે ફળિયે પાણી મળે, અત્યારસુધીમાં ગામ અમારું એકમ હતું, હવે અમે ફળિયાને એકમ તરીકે ગણેલ છે તો ફળિયે ફળિયે પાણી આપવાનું પણ રાજય સરકારના બજેટમાંથી અમે મંજૂર કરેલ છે ૨૦૦૧માં રાજયના ૨૬ ટકા ઘરોમાં ઘરે ઘરે પાણી મળતું હતું અને ૨૦૦૯માં ૫૬ ટકા ઘરોમાં અમે ઘરે ઘરે પાણી પહોંચાડીએ છીએ અને અમારું આયોજન છે કે વહેલામાં વહેલી તકે અમે આ કામ પૂર્ણ કરીએ. માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારની જે ગાઈડલાઈન છે, એ પ્રમાણે આદિવાસી વિસ્તારમાં ૨૫૦ વ્યકિતએ એક હેન્ડ પંપ બનાવવાનો છે, પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે બાવન લોકોએ એક હેન્ડ પંપ બનાવ્યો છે, એટલે કે ભારત સરકારની જોગવાઈ કરતાં ૫ ગણી ફાળવણી કરીને એમાં અમે હેન્ડ પંપ બનાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક મુખ્ય વાત કહીને મારી પાણી પુરવઠા વિભાગની વાત પૂરી કરીશ. આ વખતે બજેટમાં સૌથી મોટામાં મોટું કોઈ કામ અમે જો કર્યુ હોય તો તે સૌરાષ્ટ્ર, કચ્છની પ્રજાને પીવાનું પાણી પહોંચાડવા માટે અત્યાર સુધી અમે નર્મદાની કેનાલોનો ઉપયોગ કરતા હતા. અનુભવે એવું જણાયું કે ખેડૂતો એમાંથી પાણી ઉપાડે, સીલ્ટીંગ થઈ જાય, કંયાક પ્રશ્ન થાય, મેન્ટેનન્સ કરવા બંધ રાખવી પડે, તો પીવાનું પાણી પણ બંધ થતું હતું. અમે બજેટની ચર્ચા દરમયાન માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરી કે સાહેબ, જો આપ અમને મોટી રકમની જોગવાઈ કરવાની પરવાનગી આપો તો સૌરાષ્ટ્ર કચ્છની બે કરોડ ઉપરાંતની પ્રજાને અમે કાયમ માટે નર્મદા

આધારિત વ્યવસ્થિત રીતે, વિના વિલંબે, ત્વરીત રીતે અને વિશ્વસનીય રીતે પાણી આપી શકીએ. મને જણાવતા આનંદ થાય છે કે માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચનમાં એ આવી ગયું છે કે ૪,૨૦૦ કરોડ રૂપિયાની યોજના અમે સૌરાષ્ટ્ર, કચ્છને પીવાનું પાણી આપવા માટે મંજૂર કરી છે અને એની જોગવાઈ પણ કરી છે. એટલે કે આખા ગુજરાતમાં દક્ષિણ ગુજરાતથી માંડીને કચ્છના અબડાસાના છેલ્લા તાલુકા સુધી પણ પોરબંદર અને વેરાવળના ખારા વિસ્તારની અંદર પણ આ પાણી પહોંચશે. અત્યારે જૂનાગઢ માટે, અમરેલી માટે, ભાવનગર માટે, પોરબંદર માટે અમારી વિવિધ પાણી પુરવઠાની યોજનાઓના લગભગ ૧૦૦૦ કરોડ રૂપિયાની ઉપરના કામો ચાલી રહ્યાં છે. એટલે હું માનું છું કે માનનીય સભ્યશ્રીઓને ચોકકસ આનાથી આનંદ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, હેન્ડ પંપો માટે પ્રશ્નોની જયારે ચર્ચા થઈ ત્યારે એક પ્રશ્ન આવ્યો હતો કે ગરીબ આદિવાસી અને ગરીબ ગામ હોય તો એ લોકફાળો કયાંથી કાઢી શકે? ૯૦-૧૦ની યોજના ભારત સરકારની છે. લોકફાળો યોજના એ ભારત સરકારની અગાઉની યોજનામાં એમનો સેકટર રી-ફોર્મનો આગ્રહ હતો. આજે આ ગૃહમાં જાહેરાત કરતા મને આનંદ થાય છે કે આ ઉનાળા દરમ્યાન જે જે પીવાના પાણી માટેના હેન્ડ પંપ, ટયૂબવેલ કે અન્ય વ્યવસ્થા કરવાની હશે એના માટે કોઈપણ લોકફાળો અમે માંગીશું નહીં અને સો ટકા રાજય સરકારના ખર્ચે અમે પાણી પુરવઠાના તમામ કામો આ ઉનાળા દરમ્યાન પીવાના પાણીની પ્રજાને તકલીફ ન પડે અને લોકફાળાનો આગ્રહ માટે કામ વિલંબમાં ન મૂકાય એટલા માટે પૂરેપૂરો ખર્ચ અમે ભોગવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, એક બીજી પણ જાહેરાત મારે કરવી છે કે અત્યાર સુધી અમે જે હેન્ડ પંપો બનાવીએ છીએ એ પાણી પુરવઠા વિભાગની ડિઝાઈન પ્રમાણે બનાવીએ છીએ, પણ ધારાસભ્યશ્રીઓ સંસદ સભ્યશ્રીઓ, તાલુકા આયોજન, જિલ્લા આયોજન. એમાંથી જે હેન્ડ પંપો બનાવવામાં આવે છે એ જુદી જુદી કંપનીઓના હેન્ડ પંપો જે તે વિસ્તાર વાઈઝ બનાવવામાં આવે છે. એ હેન્ડ પંપ બગડે, એને રીપેર કરવાના હોય ત્યારે એના સ્પેર પાર્ટસ તો સ્વાભાવિક અમારી આખી બ્રાન્ડ જુદી છે, સીસ્ટમ જુદી છે એટલે અમારા સ્પેરપાર્ટસ જુદા રહેતા હતા. એના કારણે લગભગ ૨૮૦૦૦ જેટલા હેન્ડ પંપ અત્યાર સુધી પાણી પુરવઠા વિભાગ સિવાયના ધારાસભ્ય કે આયોજનની ગ્રાન્ટમાંથી જે બન્યા છે એ રીપેર કરી શકાતા નહોતા. એટલે બધા માનનીય ધારાસભ્યશ્રીઓની લાગણીને ધ્યાનમાં રાખીને કોઈપણ કંપનીએ બનાવેલો હશે, કોઈપણ યોજનામાંથી બન્યો હશે, પણ તમામ હેન્ડ પંપોનું આ ઉનાળા દરમ્યાન મેન્ટેનન્સ એ અમે પાણી પુરવઠા વિભાગના ખર્ચે કરીશું અને એનો લાભ અમે પ્રજાને આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈ વિભાગની પણ હું થોડી વાત ટૂંકમાં કરી દઈશ. (અંતરાય) ખુમાનસિંહભાઈ, અમે બધું જ સારું જ કરીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહભાઈ, આપ ન બોલો અને નીતિનભાઈ, આપ ખુમાનસિંહભાઈ પર ધ્યાન ન આપો. આપ આપની વાત પૂરી કરો. આપનો સમય પણ પૂરો થવા આવ્યો છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: સિંચાઈ વિભાગની કામગીરી તો વિવિધ પ્રશ્નો દરમ્યાન, વિવિધ ચર્ચાઓ દરમ્યાન તમામ માનનીય સભ્યશ્રીઓએ સૂચનો કરીને, એમાં સુધારા કરવા, એમાં વધારો કરવો, એ માટેની વાત જયારે મૂકી છે, ત્યારે સિંચાઈ વિભાગમાં અમારા એક સભ્યશ્રીએ કહેલું કે બીજા રાજયો કે બીજી સરકારોમાં આમાં બહુ ધ્યાન અપાયું નહોતું. એમાં મારે બજેટની થોડી સરખામણી કરવી છે. ૧૯૬૧થી ૧૯૬૬ પહેલા ૫ વર્ષ, ગુજરાત બન્યું ત્યારથી, જયારે જરૂરિયાતો હતી. અહીંયા માનનીય રાજેન્દ્રભાઈએ જુના જુના ડેમોની યોજનાઓના નામ ગણાવ્યા, પણ માનનીય રાજેન્દ્રભાઈને કદાચ ખબર નહીં હોય. એમણે ગણાવ્યા એ ડેમો તો કોંગ્રેસની સરકારો આવી એ પહેલા, ઘણા તો અંગ્રેજોના વખતમાં અથવા તો રાજાશાહીના વખતની યોજનાઓ દા. ત. શેત્રુજી ડેમની વાત કરું તો એ રાજાશાહી વખતનો બનેલો છે. એવા ઘણા ડેમો છે એટલે તમે એમ ના કહેશો કે અમે કર્યુ છે. તમે કર્યુ છે એ સારું કર્યુ છે એની અમે ના કહેતા નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માનનીય મંત્રીશ્રી, આમ તો માનનીય સભ્યશ્રી રાજેન્દ્રસિંહભાઈને આપ ખોટો જવાબ આપો છો. આ સભાગૃહની પરંપરા રહી છે કે પ્રવચન કર્યા પછી એટલે કે પોતાનું વકતવ્ય આપ્યા પછી મંત્રીશ્રીનો જવાબ સાંભળવા હાજર રહેવું જોઈએ અને જો એ હાજર ના હોય તો એનો જવાબ પણ આપવામાં આવતો નથી. અત્યારે મેં જોયું છે કે માનનીય રાજેન્દ્રસિંહભાઈ અને આ બાજુ શ્રી શિરીષભાઈ શુકલ અહીંયાં હાજર નથી કે જેમણે વકતવ્ય આપેલ છે. તો બન્ને પક્ષના દંડકશ્રીઓને મારી વિનંતી છે કે તેમને જાણ કરજો. ૧૦ મિનિટ માટે બહાર જવું હોય તો પણ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ચિઠ્ઠી લખીને મારી અનુમતિ માંગે છે. આ મેં કહ્યા એ બે સભ્યો બોલીને બહાર જતા રહ્યા છે એટલે એના ઉપર પણ કશું કરવું જોઈએ. જે હાજર ના હોય તો એનો જવાબ ના આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૧ થી ૧૯૬૬ પહેલાં ૫ વર્ષનું બજેટ ૬૨ કરોડ રૂપિયા હતું પછી ૧૯૬૬ થી ૧૯૬૯ ૫૧ કરોડ રૂપિયા હતું અને એમ કરીને જો સરવાળો કરીએ તો ૨૦૦૧ સુધી ૬૩૨૧ કરોડ રૂપિયા સિંચાઈ વિભાગના બજેટ પાછળ વાપર્યા હતા. આ વખતે અમારું બજેટ અમે જે મૂકયું છે એમાં વધારે સમય નહીં લઉં. માનનીય ઘણા સભ્યશ્રીઓએ ઘણા પ્રશ્નો, સૂચનો અને સુંદર રજૂઆતો કરી છે અને મારા ધ્યાન ઉપર મૂકયું છે કે ક્ષારવાળો વિસ્તાર, દરિયાકાંઠાના ધોવાણવાળા વિસ્તાર માટે અથવા તો

પંચમહાલ, દાહોદ અને ખેડબ્રહ્મા જેવા વિસ્તાર માટે જે કરવાની જરૂરિયાત છે એ કામો અમે જે હાથ ઉપર લીધાં છે એ હું અહીંયાં ઝડપથી માનનીય સભ્યશ્રીઓએ જણાવીશ કે..

**અધ્યક્ષશ્રી**: માનનીય મંત્રીશ્રી, આપને ફાળવેલો સમય પૂરો થાય છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હું ફકત પાંચ જ મિનિટ લઈશ. માનનીય અમીતભાઈ મને પાંચ મિનિટ આપશે.

**અધ્યક્ષશ્રી**: મને વાંધો એટલા માટે છે કે, અમીતભાઈના પ્રવચન પછી મારે કેટલીક જાહેરાતો કરવાની છે `એટલા માટે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : જે સહભાગી સિંચાઈ યોજના છે એ ખૂબ લોકપ્રિય યોજના થઈ છે, દરેક સભ્યશ્રી એનો લાભ લે એવી મારી વિનંતી છે. ૧૭૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે, જે મોટા ચેકડેમો જે સો ટકા રાજય સરકારના ખર્ચે કરીએ છીએ એમાં ૧૭૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. તળાવો ઉંડાં કરવા માટે પણ દરેક સભ્યશ્રીને કહ્યું છે કે તમારી રજૂઆત આપજો અને મોટાભાગના સભ્યશ્રીઓની રજૂઆતો આવી પણ ગઈ છે અને એના માટે આપણે આ વખતે ૫૨ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. જે હયાત યોજનાઓ છે એની સુધારણા માટે માનનીય શંકરકાકાએ પણ વાત કરી કે કેનાલોની સુધારણાનું કરો તો એ કરવા માટે પણ ૧૪૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. સુજલામ્ સુફલામ યોજના માટે ૬૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. નર્મદા મુખ્ય કેનાલથી સુજલામ્ સુફલામની સાબરકાંઠા અને બનાસકાંઠાના ડેમોમાં પાણી પહોંચાડવા પાઈપલાઈનો માટે ૧૫૪ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. જે પાઈપલાઈનો પૂરી થઈ ગઈ છે એના માટે મેઈન્ટેનન્સ કામ અને કાયમી ખર્ચ માટે ૭૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. માનનીય સભ્યશ્રી જેઠાભાઈએ ખાસ અભિનંદન આપ્યા પાનમ હાઈલેવલના તો અના આગળના કામ માટે ૩૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. સૌરાષ્ટ્ર, ઘેડ અને કચ્છના વિસ્તારોની ક્ષાર નિવારણ યોજનાઓ માટે ૯૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દક્ષિણ ગુજરાતમાં ક્ષાર નિનયંત્રણ કામ માટે ૩૮ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. તાપીના પુર સંરક્ષણ પાળા માટે ૬૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. કાંસો સાફ કરવા માટેની માનનીય સભ્યશ્રી સિધ્ધાર્થભાઈએ રજૂઆત કરી કે અમદાવાદ અને બીજા જિલ્લા વગેરેમાં કરી છે તો એ કાંસોની સફાઈ અહીં પણ કરવામાં આવે તો એના માટેની પણ આ વખતે જોગવાઈ કરી છે અને અમે જે કામો હાથ ઉપર લીધાં છે અને નવાં કરવાના છે તે ચાલુ છે એ તમામ માટે આખા રાજયના વિસ્તારનાં કામ છે એ દરેકને પૂરેપૂરો લાભ મળે એ માટે અમારા સિંચાઈ વિભાગનું બજેટ અમે બનાવ્યું છે એને આપસૌ સર્વાનુમત્તે સ્વીકારશો અને કાપ દરખાસ્તો પાછી ખેંચી લો અને આપે જે કાપ દરખાસ્તો સૂચવી હોય એમાં હજુપણ કાંઈ બાકી રહેતું હોય તો મારા ધ્યાન ઉપર મૂકજો. ચોકકસ પ્રજાલક્ષી કામો કરીને દરેકને સંતોષ આપવાનો માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમારો અભિગમ છે એ પૂરેપૂરો નિભાવવાની આપ સૌને ખાતરી આપું છું.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહ સમક્ષ જે કાયદા વિભાગની માગણીઓ લઈને ઉપસ્થિત થયો છું એ બાબતમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બહુ ઓછા સભ્યશ્રીઓએ કાયદા વિભાગ ઉપરની ચર્ચામાં ભાગ લીધો છે. પ્રશ્ન સમયનો નથી, પ્રશ્ન આપણે આ વિભાગને કેટલો અગત્યનો આપણે સમજીએ છીએ તેનો છે. હું એક નાનકડી વાત એટલા માટે કરવા માગું છું કે આ સુવર્ણ જયંતિ વર્ષની અંદર આ વર્ષ આઝાદી પછી આ રાજયની રચના થયા પછી કાયદા વિભાગનું જે બજેટ આવ્યો છે એની અંદર આ વર્ષ સુવર્ણ જયંતિ વર્ષ તરીકે નોંધાવાનું છે. કારણ કે આ વર્ષના બજેટમાં કાયદા વિભાગ માટે ખૂબ મોટો વધારો કર્યો છે. રાજયની સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધીમાં લગભગ ૧૦૮૦ જેટલી કોર્ટો આ રાજયમાં કુલ સ્થપાઈ છે. આ એક જ વર્ષમાં બીજી નવી ૮૦૦ કોર્ટો સ્થાપવાનો આ ભારતીય જનતા પાર્ટીની મોદી સરકારે નિર્ણય કર્યો છે. આનાથી મોટી કોઈ બીજી જોગવાઈ બજેટમાં હોઈ ન શકે. અને તેની પાછળ એક દ્રષ્ટિ છે, કાયદાનું શાસન સ્થાપિત કરવું હોય, બંધારણ પ્રમાણે ચાલતી સરકાર બનાવવી હોય અને કલ્યાણ રાજયની કલ્પના ચરિતાર્થ કરવી હોય તો બહુ જરૂરી છે કે દરેક નાગરિકને સમયસર ન્યાય મળે. આઝાદી મળી ત્યારથી વસતિ વધતી ગઈ, જાગૃતિ વધતી ગઈ વધતી જાગૃતિને લીધે કેસો વધતા ગયા પણ કોર્ટોની સંખ્યામાં જેટલો વધારો થવો જોઈએ તે વધારો ન થયો, અને એ ખાડો પડતા પડતા પડતા એક મોટી ખાઈ પડી હતી. એ ખાઈને પુરવા માટે આ વર્ષે આ સરકારે ૮૦૦ નવી કોર્ટો એક સાથે સ્થાપવાનો નિર્ણય કર્યો છે. થોડાક આંકડા તરફ મારે ધ્યાન દોરવું છે. ૨૦૦૫માં આ રાજયમાં ૩૮૧૦૪૭૬ કેસો

પેન્ડિંગ હતા. અને ૨૦૦૫ થી ૨૦૦૯ સુધીમાં બીજા ૬૪ લાખ કેસો ઉમેરાયા, એટલે ૧ કરોડ ૩ લાખ કેસો પેન્ડીંગ થયા, એમાંથી ૮૧ લાખ ૬૨ હજાર કેસોનો નિકાલ થઈ ચુકયો છે. ૨૦૦૫માં ૩૮ લાખ કેસો પેન્ડીંગ હતા તે આજે ઘટીને ૨૧ લાખ ૬૨ હજર કેસો ઉપર આવી ગઈ છે. હવે જો સહેજ જોર લગાવીએ તો દર વર્ષે નવા કેસો જે ઉમેરાય છે તેની એવરેજ છે તે ૧૧ લાખ કેસોની છે. અને કેસના નિકાલની જે એવરેજ હવે બે ત્રણ વર્ષથી બની છે તે ૧૨ લાખની બની છે. જો દસ લાખની પેન્ડન્સી આપણે પૂરી કરી નાખીએ તો દરેક નાગરિક જે ન્યાય માગવા વાળી વ્યકિત છે તેને એક વર્ષમાં આપણે ન્યાય આપી શકીએ તે સ્થિતિ આપણે નિર્માણ કરી શકીએ તેમ છીએ. ગુજરાતમાં આ સ્થિતિ નિર્માણ થઈ તેની અંદર ઘણાં વર્ષોથી કોંગ્રેસના શાસન વખતથી પણ લોક અદાલતોનો એક સંદર ટ્રેન્ડ આ રાજયમાં ચાલ્યો અને તેને આપણે વેગવાન બનાવ્યો, લોક અદાલતોના લીધે લાખો કેસોનો નિકાલ આ રાજયમાં સમાધાનથી અને એક બીજાની સહમતીથી થાય છે. અને તેના પરિણામ સ્વરૂપ ખૂબ મોટા કેસોનો નિકાલ આ રાજયમાં લોક અદાલતોના માધ્યમથી થયો છે. લગભગ ૩૩ લાખ કેસો ૨૦૦૪ થી ૨૦૦૯ સુધીમાં કાઢયા છે. અને ફાસ્ટ ટ્રેક કોર્ટની યોજના એન.ડી.એ. ના શાસન વખતે કેન્દ્ર સરકારે આપી અને તેનો મહતમ ફાયદો પણ જો કોઈએ ઉઠાવ્યો હોય તો એ ગુજરાતે ઉઠાવ્યો છે. અને ૨૦૦૨ થી ૨૦૦૯ સુધીમાં ૩ લાખ ૩૨ હજાર કેસોનો નિકાલ પણ ફાસ્ટ ટ્રેક કોર્ટ મારફત નિર્ણય લાવીને કર્યો છે. નવો ઈનીસીએટીવ ગુજરાત સરકારે લીધો છે. માનનીય નરેન્દ્રભાઈ મોદીએ મુખ્ય મંત્રીશ્રીઓ અને ન્યાય મૂર્તિશ્રીઓની બેઠકમાં સૂચન કર્યુ હતું કે ઈન્ફ્રાસ્ટ્રકચરનો મહતમ ઉપયોગ આ દેશમાં કરવો જોઈએ. આ વિકસતા દેશમા ઈન્ફ્રાસ્ટ્રકચરનો ઉપયોગ એક સમય માટે થાય તે યોગ્ય નથી, અને એટલા માટે અદાલતો સાંજના સમયે પણ ચાલવી જોઈએ. અમુક પ્રકારના કેસો છે પેટી પ્રકારના કેસો કહેવાય તે સાંધ્ય અદાલતમાં ચાલે, અને ભારતની સુપ્રિમ કોર્ટે પણ એ વિચારને સ્વીકાર્યો હતો અને ૨૦૦૬ થી સાંધ્ય કોર્ટો ચાલુ થઈ અને એ સાંધ્ય અદાલતોમાં ૬ લાખ ૫૦ હજાર કેસોનો નિકાલ કર્યો છે અને આજે ૯૮ સાંધ્ય અદાલતો આ રાજયમાં ચાલી રહી છે. તેની સાથે સાથે અનેક જગ્યાએ જુદી જુદી કોર્ટો નવી રચાતી ગઈ, પણ એ.પી.પી.ની જગ્યાઓ ઓછી હતી. ૨૦૦૨માં ૨૩૬ એ.પી.પી.ની જગ્યાઓ હતી. અને ગયા વર્ષે વધારીને આ સુવર્ણ જયંતિ વર્ષને ધ્યાનમાં રાખી ૨૬૯ નવી એ.પી.પી.ની જગ્યાઓ ઉભી કરી અને તેની ભરતી કરી, દરેક કોર્ટમાં એક એ.પી.પી. આપવાની કામગીરી પણ આ રાજય સરકારે પૂરી કરી દીધી છે. અને આ બજૅટની અંદર પણ ૩૭૫ નવી એ.પી.પી.ની જગ્યાઓ ઊભી કરવાનું આયોજન કર્યુ છે, અને આ થશે એટલે ખૂબ મોટી રાહત કેસોની અંદર થવાની છે. જ્યાં સુધી કેસોના નિકાલનો સવાલ છે ત્યાં સુધી નવી કોર્ટોની રચના કરવાની, સાંધ્ય અદાલતોના માધ્યમથી કેસોના નિકાલને વેગ આપવાનો હોય અથવા નવા પી.પી. નીમવાના હોય, ફાસ્ટ ટ્રેક કોર્ટો આપવાની હોય કે લોક અદાલતના માધ્યમથી કરવાની હોય, આ રાજય સરકારે અગ્રતાથી આ મુદ્દો હાથ ઉપર લીધો છે. લગભગ ૮૪ જેટલા નવા મકાનો છેલ્લા પાંચ વર્ષમાં બાંધવામાં આવ્યા છે અને જે નવી કોર્ટોની સુવિધા કરવાની છે ૮૦૦ કરતાં વધુ નવી કોર્ટો છે એમાં એ.સી.બી.ની સાત કોર્ટો છે. એટ્રોસિટી છ કોર્ટો છે. ઈલેકિટ્રસિટીના કેસો માટે ૨૫ કોર્ટો છે. નેગોસિએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની ૧૩૮ મી કલમની ૧૨ કોર્ટો છે. ફૅમિલી કોર્ટ ૧૫ છે. એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજની ૧૦૦ છે, સિનિયર સિવિલ જજની કોર્ટ ૨૨૫ છે, સિવિલ જજ ની ૩૭૫ કોર્ટો છે, બીજી સિવિલ જજની ૪૫ કોર્ટો છે. આમ કુલ ૮૧૦ કોર્ટો ઊભી થવાની છે. જ્યારે ન્યાય સમયસર મળવા માંડે ત્યારે બીજા રસ્તાઓ નાગરિકો નથી લેવા માગતા. આજે છેતરપિંડીના કેસો હોય કે શરીરની હાનિ કોઈને પહોંચાડી હોય, મારામારીના હોય ઝગડાના કેસો હોય અદાલતની અંદર જતી વખતે એક ફડકો પડતો હોય છે કે મારા કેસનો નિકાલ ક્યારે આવશે. કદાચ હું કોઈ

સિવિલ દાવો કરીશ કે કોઈ ઉંમરવાળી વ્યકિત વિચારે કે મારા વારસામાં દાવો આપીને મારા સંતાનોને જવું પડશે. આ પરિસ્થિતિને બદલવા માટે આ ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્ર મોદી સરકાર કટિબદ્ધ છે. નાગરિક કોઈપણ પ્રકારનો કેસ લઈ જ્યારે અદાલતના દ્વારે જાય એ સિવિલ કેસ હોય, ક્રિમિનલ કેસ હોય કે ટ્રિબ્યુનલ હોય કે કોઈ બીજા પ્રકારના કેસ હોય એ દરેક કેસમાં એક વર્ષમાં ન્યાય મળે એના માટે અમે તંત્રને સુસજજ કરવા માગીએ છીએ એના માટે અમે ઈનિશિએટિવ લીધો છે. નોટરીની નિમણૂકોની અંદર પણ ખૂબ મોટો ઈનિશિએટિવ લેવામાં આવ્યો છે કારણ કે રાજયમાં જે રીતે વિકાસ થઈ રહ્યો છે એ રીતે નોટરાઈઝ કરવાના ડોકયુમેટ અને બીજા કાગળોની સંખ્યા ખૂબ વધતી જાય છે. અત્યાર સુધી આઝાદી પછી કુલ ૫૧૯ નોટરીઓ રાજયમાં હતા છેલ્લા બે વર્ષની અંદર ૮૭૦ નોટરી ઉમેંરવામાં આવ્યા છે. ૫૧૯ વધતા ૮૭૦ કુલ ૧૪૦૭ નોટરી હવે રાજયમાં ઉપલબ્ધ છે. આની સાથે હાઈકોર્ટની અંદર જે પેન્ડિંગ કેસો છે એ કેસોની કલાસિફિકેશનની કામગીરી ચાલુ કરી છે. વિભાગોની અંદર પણ એક સોફટવેર ઈન્ટ્રુડીઝ કર્યુ છે. જે સમાન પ્રકારના કેસો જેમાં હાઈકોર્ટે એક પ્રકારનો નિર્ણય લઈ લીધો હોય તો એ બધા કેસોમાં એક સાથે અપીલ કરવાની થતી હોય તો એક સાથે અપીલ થાય અને નહિતર આપણે એ કેસોને સ્વીકારી લઈએ કે લિટિગેશન કઈ રીતે ઓછા થાય એની દરેક વિભાગની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી દર મંગળવારે મંત્રીશ્રીઓ રીવ્યુ કરે છે એનું કારણ હાઈકોર્ટની અંદર પેન્ડન્સી છે એમાં મોટા ભાગની પેન્ડન્સી સરકાર પક્ષની છે, જેમાં એકયા બીજી રીતે સરકાર પક્ષકાર છે એ આપણે ઘટાડવા માગીએ છીએ. એટલા માટે સરકારી વકીલોને પણ સૂચના આપવામાં આવી છે. ઈનફચ્યુએશ થયેલા બધા જ દાવાઓ છે, મેટરો છે રિટ પિટિશન છે એની યાદી બનાવીને બોર્ડ ઉપર લાવીને ઝડપથી એનો નિકાલ કરવામાં આવે અને આ મુહીમના પણ ખૂબ સારા પરિણામો મળી રહ્યા છે. હાઈકોર્ટમાં પણ દસ જગ્યાઓ વધારવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી કક્ષાએ અને ચીફ જસ્ટીસ કક્ષાએથી સુપ્રીમ કોર્ટ અને ભારત સરકારને વિનંતી કરવામાં આવી છે. હાઈકોર્ટની બધી ખાલી જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા લગભગ પૂરી કરીને ચીફ જસ્ટીસ ઑફ ઈન્ડિયાને અને ભારત સરકારના કાયદા વિભાગને જાણ કરી દેવામાં આવી છે. સંપૂર્ણ ન્યાયતંત્રનું કોમ્પ્યુટરાઈઝેશન થાય, નાનામાં નાનો કેસ હોય એ કોઈ વેબસાઈટ ઉપરથી સ્ટેટસ જોઈ શકે એની મુદત ક્યારે છે, કોના લીધે મુદત પડી, કોણે મુદત માગી જેથી ન્યાય માગવાવાળો વ્યકિત છે એની સાથે કોઈ ખોટી માહિતી આપીને ગેરમાર્ગે ન દોરી શકે આ માટેનું સોફટવેર બનાવવાની કાર્યવાહી ચાલી છે. દરેક કોર્ટને કોમ્પ્યુટરાઈઝ કરવાની કાર્યવાહી પણ ખૂબ ઝડપથી હાથ ઉપર લીધી છે, એની કનેકટીવિટીની કાર્યવાહી માટેની કાર્યવાહી સમાન દરે હાથ ધરી છે અને હું માનુ છુ ં કે બે વર્ષની અંદર આ સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરી અમે પૂર્ણ કરી લઈશું અને એ પછી આ જે ઝડપ લાવવાની વાત છે.તેમાં એક મોટો વેગ મળવાની શરૂઆત થવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, ચેરિટી કમિશનરનું જે તંત્ર છે તે તંત્રનું પણ સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન કરવાની કામગીરી અમે હાથ ધરી છે. ખાલી બધી જગ્યાઓની ભરતી પણ કરવાની કામગીરી હાથમાં ધરી છે. બધા જ ચેરિટી કમિશનરના અંગો પૂર્ણ રૂપે સંપૂર્ણ તાકાતથી કામ કરતા થાય તે માટેની પણ કાર્યવાહી ચાલુ કરી છે. આપણી નેશનલ લો યુનિવર્સિટીનું બિલ્ડીંગ બાંધવાની કાર્યવાહી પણ પ્રગતિમાં છે. તેના માટે આ બજૅટમાં ૪૦ કરોડ રૂપિયાની ફાળવણી પણ કરી છે. આ પહેલી બેચ આપણી જે બહાર પડી છે તે લોકોને પણ ડિગ્રી આપવાનો કાર્યક્રમ પણ ટૂંક સમયમાં આવનારા માર્ચ મહિનામાં યોજવાના છીએ. ભારતની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિશ્રીએ હાજર રહેવાની સંમતિ પણ આપી છે અને એક સુંદર કાર્યક્રમ જે પહેલો બેચ સન્માનપૂર્વક અહીંથી ડિગ્રી લઈને જાય એ માટેની વ્યવસ્થા પણ કરી છે. સમગ્ર ન્યાયતંત્રમાં એ ટ્રીબ્યુનલો હોય, મેટ્રો કોર્ટ હોય, સેશન્સ

કોર્ટ હોય કે હાઈકોર્ટ હોય, કેસ ક્રિમીનલ હોય, સિવિલ દાવો હોય કે અન્ય પ્રકારના કેસો હોય, સર્વીસ મેટર હોય દરેક પ્રકારના કેસોમાં ખૂબ ઝડપથી દરેક નાગરિકને ન્યાય મળે તે માટેની વ્યવસ્થા ગોઠવવા માટે આ સુવર્ણજયંતિ વર્ષને અમે પસંદ કર્યું છે અને નવી ૮૦૦ કોર્ટો, હું માનું છું રાજયના ઈતિહાસમાં સૌથી મોટો ઈનીશીયેટીવ કાયદા વિભાગ માટે સ્થાપવાના છીએ અને તેનાથી દરેક વ્યકિત પોતાના અધિકારોનું પણ રક્ષણ કરી શકશે અને પોતાની જાતનું પણ રક્ષણ કરી શકશે અને પોતાના અધિકારો અથવા પોતાની જાતના રક્ષણ માટે કાયદાની બહાર બનાવેલા રસ્તાઓને ન જવું પડે એ માટે એક સુચારૂ વ્યવસ્થા ન્યાયતંત્રના સહયોગથી ગોઠવવાનો પ્રયત્ન ચાલે છે. ગુજરાતની હાઈકોર્ટનો પણ આમાં ખૂબ રચનાત્મક ટેકો સરકારને મળી રહ્યો છે. કારણ કે ન્યાયતંત્રની અંદર નિર્ણયો હાઈકોર્ટે લેવાના હોય છે. આપણે જોગવાઈઓ કરી શકતા હોઈએ છીએ. સગવડો આપી શકતા હોઈએ છીએ. પણ હાઈકોર્ટ પણ પ્રોએકટીવ થઈને સમગ્ર આયોજનને પોતાનો સક્રિય ટેકો આપી રહી છે તે વખતે હું આપના માધ્યમથી સર્વે સભ્યશ્રીઓના ધ્યાને એ વાત મૂકવા માગું છું કે આ વખતે કાયદા વિભાગે જે યોજના હાથમાં લીધી છે એ આવનારા એક-બે વર્ષમાં ગુજરાતમાં નિશ્ચિત એવી સ્થિતિ ઉભી કરશે કે દરેક પ્રકારનો ન્યાય માગવાવાળી વ્યકિતને એક વર્ષની અંદર, વધુમાં વધુ સમય એક વર્ષની અંદર ન્યાય આપી શકીએ એ પ્રકારની વ્યવસ્થા અમે કરવા માટે કટિબદ્ધ છીએ.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### નાણાકીય સમિતિઓ પર સભ્યોની ચૂંટણી માટેના સુધારેલા કાર્યક્રમની જાહેરાત

**અધ્યક્ષશ્રી** : હું માગણીઓ મત માટે મૂકું તે પહેલાં મારે એક જાહેરાત કરવાની કે તા. ૦૮-૦૩-૨૦૧૦ના રોજ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર પંદર-પંદર સભ્યોની ચૂંટણી કરવા માટેના કાર્યક્રમની મેં આ સભાગૃહમાં જાહેરાત કરી હતી. ત્યાર બાદ શાસક પક્ષના મુખ્ય દંડકશ્રીએ તથા વિરોધપક્ષના દંડકશ્રીએ આ ચૂંટણી માટેના નામનિર્દેશનપત્રો સ્વીકારવાની મુદત લંબાવી આપવા મારી સમક્ષ રજૂઆત કરી હતી. જે મેં ગ્રાહ્ય રાખી છે અને હવે આ ચૂંટણી માટે નીચે મુજબનો સુધારેલો કાર્યક્રમ જાહેર કરું છું.

| | | |
|---|---|---|
| ૧. | નામ નિર્દેશનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય. | મંગળવાર, તા. ૦૩-૦૩-૨૦૧૦ સાંજના ૬-૦૦ વાગ્યા સુધી |
| ૨. | નામ-નિર્દેશનપત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ | ગુરુવાર, તા. ૦૧-૦૪-૨૦૧૦ સાંજના ૫-૩૦ વાગે ના.સ.શ્રી પંકજ બુચની ચેમ્બરમાં |
| ૩. | નામ નિર્દેશનપત્રો પાછા ખેંચી લેવાની તારીખ અને સમય | બુધવાર, તા. ૦૭-૦૪-૨૦૧૦ સાંજના ૫-૦૦ વાગ્યા સુધી |
| ૪. | મતદાન જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ | પાછળથી જાહેર કરવામાં આવશે. |

આ ચૂંટણી માટેના નામનિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલે માળે આવેલી સમિતિ શાખા-૧માંથી મળી શકશે.

શ્રી અર્જુનભાઈ આપ એક પ્રશ્ન પૂછી લો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે પ્રશ્ન પૂછવા કરતા મારે તો પૉઈન્ટ ઑફ કલેરીફીકેશન જ છે. આ નર્મદા યોજનામાં ઉંચાઈની બાબત આવે તેમાં રાજકીય અવલોકનો કોઈ તરફથી થતાં નથી અને એટલા માટે જ અમારી પાસે ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટાટા સોશિયલ સાયન્સીસનો રિપૉર્ટ હતો. પર્યાવરણની કમિટીનો રિપૉર્ટ પણ અમારી પાસે છે. તેના વિષે એટલા માટે નથી બોલ્યા કે તેનાથી રાજયના હિતોને નુકસાન જાય એમ છે. પરંતુ માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે, કેન્દ્ર સરકારનો જ્યારે ઊંચાઈ વધારી ત્યારે વિરોધ હતો. તો માર એટલી સ્પષ્ટતા કરવાની છે કે, તે વખતે સૌથી વધારે દસ મીટરની ઊંચાઈ નર્મદા ટ્રીબ્યુનલે આપેલી હતી અને એમાં મેઘા પાટકર જે તે વખતે ઉપવાસ ઉપર બેઠેલા, મુદ્દો સુપ્રીમ કોર્ટમાં હતો, આ અહીંથી સર્વપક્ષીય પ્રતિનિધિ મંડળ માનનીય વડાપ્રધાનશ્રીને મળ્યા હતા અને વડાપ્રધાનશ્રીને વિનંતી કહી હતી કે, સુપ્રીમ કોર્ટમાંથી આ ગમે તે રીતે અમને બચાવી લો. એટલે વડાપ્રધાનશ્રીએ ત્રણ પર્યાવરણવિદોની કમિટિ નીમી અને જાતે વડાપ્રધાનશ્રીવતી સુપ્રીમ કોર્ટમાં ખાતરી અપાઈ કે, અમે જે પર્યાવરણના ઇસ્યુ છે એ અમે ટેકલ કરી દઈશું એટલે આ રિટ કાઢી નાંખો અને રિટ કાઢી નાખવામાં આવી અને માનનીય મુખ્યમંત્રીશ્રીના ઉપવાસ શેના માટે હતા એના માટે ફરથી પાછું ઓબ્ઝર્વેશન કરવું નથી. કારણ કે, એના મને જવાબ આપી દીધેલા હતા.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ જે આખી વાત કહી એમાં સહમત છું અને માનનીય વડાપ્રધાનશ્રીએ ઈનીસીએટીવ લીધો છે, એમાં મદદ કરી છે એમાં બેમત નથી. આખો દેશ જાણે છે, ગુજરાત જાણે છે અને અમે જાણીએ છીએ. પરંતુ અડધેથી પ્રશ્ન ઉપાડ્યો છે. આ પ્રશ્ન ઊભો થયો કયાંથી? કેન્દ્રીય જળસંશાધન મંત્રી સૈફુદીન સોઝે આ કમિટીની અંદર પ્રસ્તાવ મૂક્યો, એમણે સ્પષ્ટતાપૂર્વક કહ્યું છે એટલે હું સ્પષ્ટતાપૂર્વક કહું છું કે, કોંગ્રેસ પક્ષના બધા મુખ્યમંત્રીશ્રીઓ અને કોંગ્રેસના જળસંશાધન મંત્રીશ્રી સૈફુદીન સોઝે વિરુદ્ધમાં મત આપી એ ઊંચાઈ અટકાવવાનો પ્રસ્તાવ પારીત કર્યો હતો. એટલા માટે મુખ્યમંત્રીશ્રીને ઉપવાસ ઉપર ઊતરવું પડ્યું હતું. વાતને અડધેથી ન કરાય. વાત જ્યાંથી શરૂ થઈ હતી ત્યાંથી પહેલી વાત પણ કહેવી પડે. વડાપ્રધાનશ્રીએ મદદ કરી છે એ કહેવું પડે. બીજું, જેમણે પ્રશ્ન ઊભો કર્યો હતો એમણે જ પ્રશ્ન ઉકેલ્યો છે. ઊભો કર્યો ન હોત તો ઉપવાસ કરવા પણ પડ્યા ન હોત અને ઉકેલવો પણ પડ્યો ન હોત.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે નર્મદા કંટ્રોલ ઓથોરીટી છે એણે દસ મીટર ઊંચાઈ વધારવાની મંજૂરી આપેલ હતી અને જે નર્મદા રીવ્યૂ કમિટીની મિટિંગ છે એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ કાગળ લખી માગણી કરેલ હતી અને એ વખતે કાગળ જાહેર નહોતો કર્યો. પાછળથી એટલા માટે જાહેર કર્યો કે, એનાથી નુકસાન પણ થાય તેમ હતું. અમે એવા લોકો નથી, મેં કહ્યું હતું કે મારી પાસે કાગળ છે પણ હું જાહેર કરતો નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, આપણે ત્યાં પ્રણાલિકા છે, જેમણે ચર્ચામાં ભાગ લીધો હોય એ પ્રશ્ન ઊભા કરે છે અથવા તો નેતાશ્રી ઊભા કરે છે. છતાં આપે ઊભો કર્યો. સમય નથી વધારતા કેટલાક સમયથી. માટે માગણીઓ હું મત માટે મૂકું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિભાગ પૂરતી કાપદરખાસ્તો પાછી ખેંચવામાં મુશ્કેલી નથી. પ્રેકટીકલી મુશ્કેલી પડે છે.

**અધ્યક્ષશ્રી** : મતદાન ઉપર આવ્યા પછી આ રીતે કરો તો શું થાય. મારી મુશ્કેલીઓ તમે સમજવાનો પ્રયત્ન કરો. મારે નર્મદાની માગણીઓ પછી બીજા વિભાગની માગણીઓના ક્રમાંક જુદા મૂકવાનાને ભાઈ, (અંતરાય) એમણે કાપ દરખાસ્તો પાછી ખેંચવી હતી તો પહેલા વિનંતી કરી હતી અને એ વિનંતી એમણે સ્વીકારી નથી. પછી બીજીવાર વિનંતી કરવાનો અર્થ નથી. હવે આખી વાત મારે ફરીથી મૂકવી પડશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિભાગ માટે વાંધો નથી.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જો નર્મદા વિભાગમાં બન્ને પક્ષોની સહમતિ થતી હોય તો રેકર્ડ પણ સારો રહે, ભવિષ્યની પ્રજા માટે ભવિષ્યના ગૃહ માટે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી પ્રદિપસિંહ જાડેજા (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ પર મતદાન પૂરું થાય અને માગણીઓ મંજૂર થાય ત્યાં સુધી સભાગૃહનો સમય વધારવા માટે દરખાસ્ત કરું છું.

**અધ્યક્ષશ્રી** : બન્ને પક્ષોની સંમતિથી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા પક્ષ વતી હું નર્મદા વિકાસને લગતી માગણી ક્રમાંકઃ ૬૫ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંકઃ ૯ થી ૧૮ પાછી ખેંચી લઉં છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**માગણી ક્રમાંકઃ ૬૦,૬૬ અને ૬૭ ઉપર આવેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩ ,૪, ૫,૬, ૭, ૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૪અને ૩૫ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૬૦, ૬૬ અને ૬૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**નર્મદા વિકાસને લગતી માગણી ક્રમાંકઃ૬૫ વિનાવિરોધે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તાઃ૧૬મી માર્ચ-૨૦૧૦ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૧૦**
**ફાલ્ગુન ૨૫, ૧૯૩૧ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતાનો વિભાગ**

**માગણી નંબર ૨૨**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા.૨,૨૪,૦૪,૩૬,૦૦૦/-ની માગણી ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી**

**શ્રી બાવકુભાઈ ઉંધાડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી**

**શ્રી ઈકબાલ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી**

**શ્રી જોધાજી ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી**

**શ્રી ઈશ્વરભાઈ વહીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી**

**શ્રી રામસિંહ પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી**

**માગણી નંબર ૨૩**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્નને લગતી સેવા અંગેની અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા.૮૨,૦૧,૬૪,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા.૭,૨૨,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

**માગણી નંબર ૨૩ રજૂ કરવામાં આવી**

**શ્રીમતી ચંદ્રિકાબેન બારિયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી**

**શ્રી શંકરભાઈ વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી**

**શ્રી પરેશભાઈ વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી**

**શ્રમ ઓ રોજગાર વિભાગ**

**માગણી નંબર ૫૬**

**શ્રી વજુભાઈ વાળા ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા.૭,૭૨,૮૮,૦૦૦/-ની માગણી ક્રમાંક-૫૬ રજૂ કરું છું.

**માગણી નંબર ૫૬ રજૂ કરવામાં આવી**

**શ્રી પરેશભાઈ વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી**

**શ્રી ચંદુભાઈ ડાભી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી**

**શ્રી રામસિંહ પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી**

**શ્રી અમિતકુમાર ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી**

**શ્રી શંકરભાઈ વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી**

**શ્રી માનસિંહ ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી**

**કલાઈમેટ ચેજ વિભાગ**

**માગણી નંબર ૧૦૭**

**શ્રી સૌરભ પટેલ (કલાઈમેટ ચેન્જ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું કલાઈમેટ ચેન્જ વિભાગ સેવાને લગતી કલાઈમેટ ચેન્જ વિભાગની મહેસૂલી ખર્ચ રૂા.૨,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૦૭ રજૂ કરું છુ

**માગણી નંબર ૧૦૭ રજૂ કરવામાં આવી**

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી**

**શ્રી બાબુભાઈ શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી**

**શ્રી સી. કે. રાઉલજી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી**

**શ્રી મણીભાઈ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી**

**સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા ૧૬-૩-૨૦૧૦(પહેલી બેઠક) (ચોથા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ<br>માગણી નં.૨૨** | | | | |
| ૧. | ૩૪૫૬-નાગરિક પુરવઠો<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧- .મકઢણ નાગરિક.....કચેરી<br>રૂા.૨,૮૩,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૭, પા.નં.૨૧-૨૨ | ૧૦૦ | ગ્રાહકોને સમયસર ગેસના સીલીન્ડર પૂરા પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બાવકુભાઈ ઉધાડ |
| ૨. | -- " -- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં રેશનીંગ હેઠળની ચીજવસ્તુઓ મેળવવામાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈકબાલ પટેલ |
| ૩. * | -- " -- | ૧૦૦ | રેશનીંગમાં ફાળવવામાં આવતા અનાજને કાળા બજારમાં વેચાતુ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪. * | -- " -- | ૧૦૦ | નાગરિક પુરવઠા કચેરીમાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૫. * | -- " -- | ૧૦૦ | ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને નવા કોમ્પ્યુટરાઈઝ રેશનીંગ કાર્ડ આપવામાં થતો અસહય વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૬. * | -- " -- | ૧૦૦ | સંગ્રહખોરો ઉપર દરોડાઓ પાડી તેમની સામે સખતાઈથી પગલા લેવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૭. * | -- " -- | ૧૦૦ | અનાજના જથ્થા સાથે પકડાયેલા સંગ્રહખોરોને છોડી મૂકતા અધિકારીઓ સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૮. | ૩૪૫૬-નાગરિક પુરવઠા<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૨-ભાવ..... અમલ<br>રૂા.૬,૪૦,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં.૭, પા.નં.૨૧ થી ૨૩ | ૧૦૦ | એમ.આર.પી. કરતાં વધુ ભાવો લેનાર વેપારીઓ સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોધાજી ઠાકોર |
| ૯. | -- " -- | ૧૦૦ | ભાવ નિયંત્રણ હુંકમોનો અમલ કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈશ્વરભાઈ વહીયા |
| ૧૦. | ૩૪૫૬-નાગરિક પુરવઠા<br>૧૯૦-જાહેર....સહાય<br>૦૩-ગરીબી.....યોજના<br>રૂા. ૧,૩૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૭, પા.નં.૨૮ | ૧૦૦ | ગરીબી રેખા નીચે જીવતા પરીવારોને સમયસર રેશન પૂરું પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રામસિંહ પરમાર |
| **માગણી નં. ૨૩** | | | | |
| ૧૧. | ૨૪૦૮-ખાદ્ય......વ્યવસ્થા<br>૦૧-ખોરાક<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા. ૮૨,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૭, પા.નં.૭ થી૮ | ૧૦૦ | વ્યાજબીભાવની દુકાનોની મંજૂરી આપવામાં થતો વિલંબ અને ચાલતો ભષ્ટાચાર દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| ૧૨. | -- " -- | ૧૦૦ | પેટા ભાડે અપાતી રેશનીંગની દુકાનોના લાયસન્સ રદ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૧૩. | -- " -- | ૧૦૦ | વ્યાજબી ભાવની દુકાનોમાં સમયસર પુરવઠો પૂરો પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પરેશભાઈ વસાવા |

| | | | | |
|---|---|---|---|---|
| **શ્રમ અને રોજગાર વિભાગ**<br>**માગણી નં. ૫૬** | | | | |
| ૧૪. | ૨૨૫૧ સચિવાલય .... સેવાઓ<br>૦૯૦ સચિવાલય<br>૦૧ **ભો.** ૧૧ શ્રમ અને રોજગાર વિભાગ<br>રૂા.૭,૭૦,૨૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫, પા.નં. ૪૪ અને ૪૫ | ૧૦૦ | બેરોજગારોને સત્વરે રોજગારી પૂરી પાડવામાં શ્રમ અને રોજગાર વિભાગની નિષ્ફળતા. | શ્રી પરેશભાઈ વસાવા |
| ૧૫. * | --"-- | ૧૦૦ | ભરતી મેળાઓનું પ્રમાણ વધારી બેરોજગારોને રોજગારી આપવાનું આયોજન કરવામાં વિભાગની ઉદાસીનતા. | |
| ૧૬. | --"-- | ૧૦૦ | એમ્પલોયમેન્ટ એકસચેન્જમા ં વર્ષોથી નોધાયેલા બેરોજગારોને સત્વરે રોજગારી પુરી પાડવામાં વિભાગની ઉદાસીનતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૧૭. | --"-- | ૧૦૦ | આઈ.ટી.આઈ.માં ઉંચા ભાવે સાધનો ખરીદવાનું કૌભાંડ આચરનારા સામે સખતાઈથી પગલા લેવામાં વિભાગની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૧૮. | --"-- | ૧૦૦ | શ્રમ અને રોજગાર વિભાગ હસ્તકની કચેરીઓના કર્મચારીઓને બઢતી અને અન્ય લાભો આપવામાં વિભાગની નિષ્ફળતા | શ્રી અમીતકુમાર ચાવડા |
| ૧૯. | --"-- | ૧૦૦ | આઈ.ટી.આઈ.માં વિષયવાર શિક્ષકોની ઘટ પૂરી કરવામાં વિભાગની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૨૦. * | --"-- | ૧૦૦ | મોટા ઉદ્યોગોમાં સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા જરૂરી પગલા લેવામાં વિભાગની નિષ્ફળતા | |
| ૨૧. * | --"-- | ૧૦૦ | શ્રમ આયુકત કચેરીના કથળેલા વહીવટી તંત્રને સંગીન બનાવી પારદર્શક વહીવટ આપવામાં વિભાગની ઉદાસીનતા | |
| ૨૨. | --"-- | ૧૦૦ | શ્રમિકોના હકકોનું જતન કરવામાં વિભાગની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ |
| **કલાઈમેટ ચેન્જ વિભાગ**<br>**માગણી ન.૧૦૭** | | | | |
| ૨૩. | ૩૪૫૧ સચિવાલય ..... સેવાઓ<br>૦૯૦ સચિવાલય<br>૦૧ કલાઈમેન્ટ ... વિભાગ<br>રૂા.૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૮, પા.નં. ૧૧ | ૧૦૦ | હવામાનમાં થતા પરિવર્તનના પાસાઓના અભ્યાસમાં ટેકનોલોજીને જરૂરી પ્રોત્સાહન આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભગવાનભાઈ બારડ |
| ૨૪. | ૩૪૫૧ સચિવાલય ..... સેવાઓ<br>૦૯૦ સચિવાલય<br>૦૧ કલાઈમેન્ટ ... વિભાગ<br>રૂા.૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૮, પા.નં. ૧૧ | ૧૦૦ | નવા શરૂ કરાયેલ કલાઈમેન્ટ ચેન્જ વિભાગની કામગીરી સત્વરે હાથ ધરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૨૫. | --"-- | ૧૦૦ | હવામાનમાં થતા ફેરફારના સંર્દભમાં જનજાગૃતિ લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૨૬. | --"-- | ૧૦૦ | ગ્રીન સોલર પ્રોજેકટ દ્વારા રાજયમાં સૌર ઉર્જા ઉત્પન્ન કરવાની કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મણીભાઈ પટેલ |

- **આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નથી.**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું આજે રાજય સરકાર કલાયમેટ ચેઈન્જ, શ્રમ અને રોજગાર અને અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની માગણીઓ લઈને આવેલ છે એમાં મારા વિચારો

રજૂ કરવા માટે ઉભો થયો છું. કલાયમેન્ટ ચેઈન્જ પર મારા પક્ષના માનનીય સભ્યશ્રીઓ ઓછા બોલવાના છે, એના પર એક જરૂરી વાત પર વધારે પ્રકાશ ફેંકવા માગું છું.

રાજયનો વિકાસ થાય, ઉદ્યોગો આવે આવકારદાયક છે, પણ એ કઈ રીતે આવે છે અને કોના ભોગે આવે છે એની ચિંતા પણ આપણે જ કરવી પડે, કેન્સર થાય, રાજયમાં ગરીબ લોકો પીડાય, ખેડૂતોનો ભોગ લેવાય, પર્યાવરણ માટે જરૂરી વસ્તુઓનો નાશ થાય અને ઉદ્યોગપતિઓ એમના સ્વાર્થ માટે થઈને રાજયના હિતને નેવે મૂકે, કલાયમેટ ઉપર વિપરીત અસર થાય અને આપણે બંધ આંખ કરીને બેસી રહીએ એમાં મને લાગે છે કે આપણને સૌથી મોટું નુકશાન થઈ રહ્યું છે. સારી વાતોમાં નંબર વન થઈએ એ આવકારદાયક છે, પણ નઠારી બાબતોમાં નંબર વન થવા આપણે જઈએ ત્યારે એની ચિંતા પણ કરવી જોઈએ, વાહ વાહ કર્યા કરીએ અને રાજયના હિતની ચિંતા નહિ કરીએ તો એના માટે આવતા દિવસોમાં આપણે જવાબદાર ઠરવાના. તટસ્થ રીતે દેશની ૮૮ ઔદ્યોગિક વસાહતોનો સરવે થયો, તટસ્થતાથી થયો, કેટલાય પેરામીટર્સ જાહેર થઈને થયો અને દેશમાં સૌથી વધારે પ્રદૂષણ ફેલાવનારા પહેલાં અને બીજા ક્રમના બન્ને એકમો ગુજરાતના આવ્યા એ આપણા માટે શરમની વાત છે અને આ કોઈ કેન્દ્રમાંથી કર્યુ છે, કોઈ વ્યકિતએ કર્યુ છે એમ આપણે નહિ કહી શકીએ. ઉદ્યોગ વિભાગના કમિશનર, ઈન્ડસ્ટ્રીઝના એક અધિકારીને ૨૦૦૭માં જવાબદારી સોંપી હતી, આ સરકારે સોંપી હતી, રાજયના અધિકારીને, ડોકટર એ. કે. રથીને કે તમે સરવે કરો અને તપાસ કરો કે શું પરિસ્થિતિ છે, રાજય સરકારના અધિકારીએ ૨૦૦૭માં રિપોર્ટ ફાઈલ કર્યો, એ રિપોર્ટમાં એમણે કહ્યું કે ગુજરાત પ્રદૂષણ બોર્ડ અને પર્યાવરણને નુકશાન કરતા ઉદ્યોગો વચ્ચેની સાંઠગાંઠ છે, એમણે એમના રિપોર્ટમાં લખ્યું કે જ્યાં સૌથી વધારે પ્રદૂષણ આવે છે એની સામે કોઈપણ પગલાં ભરવામાં આવતા નથી. એટલું જ નહિ એમને કંઈક શેલ્ટર આપવાનું કામ એ પણ કરવામાં આવે છે. આ ૨૦૦૭નો રિપોર્ટ હતો આપણે જાગ્યા હોત, આપણે થોડાં પણ પગલાં લીધા હોત તો આજે જે નોબત આવી, આખા દેશમાં સૌથી વધારે પ્રદૂષણ કરનારામાં ગુજરાતના બે ઔદ્યોગિક વસાહતો, કલસ્ટર, નંબર વન અને નંબર ટુ પર  આવ્યાં એ ન આવ્યા હોત, તારીખ ૨૫-૯-૨૦૦૯ના રોજ કેન્દ્રના પર્યાવરણ મંત્રીશ્રીએ અહીં મુલાકાત લીધી, થોકબંધ લોકોએ એમની સામે રજૂઆત કરી પણ રાજય સરકાર ના જાગી, રાજય સરકારને ચિંતા ન થઈ કે આ આપણા રાજયને નુકશાન થઈ રહ્યું છે ચાલો પગલાં ભરીએ, પરિણામે શું થયું, ઔદ્યોગિક સંકુલોનો અભ્યાસ જે રીતે થયો હતો Comprehensive Environment Assessment of Industrial Cluster આ અભ્યાસમાં ગુજરાત ૮૮માંથી ૮ ક્લસ્ટરમાં ક્રિટિકલ જાહેર થયું, એ નુકશાન કોને આવ્યું છે બે કે પાંચ માનીતા સામે આપણે ક્લોઝરના પગલાં લીધા હોત, આ પર્યાવરણને નુકશાન કરનારા સામે આપણે દંડો ઉગામ્યો હોત તો આજે દેશના ૮૮ અને એમાં ગુજરાતના ૮ અને પ્રદૂષણ કરનારામાં પહેલા અને બીજા ક્રમે આપણા ઉદ્યોગો આવે એ બદનામી આપણા શીરે ન આવી હોત અને એની સામે બુમ પાડવાની જરૂર નથી કે એમને મુકિત આપી દો. અરે સામાન્ય માણસ કેન્સરથી પીડાય કે કોઈ બીજી મુશ્કેલીઓમાં આવે એવા ઉદ્યોગો સામે આપણે લાલ આંખ ન કરી શકીએ અને આપણે ઉદ્યોગ, ઉદ્યોગ કર્યા કરીશું તો ક્યાં જઈને અટકશું આપણે? જુલાઈ, ૨૦૧૦ સુધી આ ક્લસ્ટરમાં નવા ઉત્પાદન સામે રોક લાગી. નુકસાન કોને થવાનું છે ? ૨૦૦૭માં આપના અધિકારીએ જ્યારે કહ્યું આપણે નહીં હલી શક્યાં. ભાવનગરની ચીતરા જી.આઈ.ડી.સી.માંથી પ્રદૂષણ ઘટાડવા માટેની પાઈપ લાઈન નાંખવાની વાત ત્યારે હું અને માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી સાથે ગયા હતા તેના ખાતમુહૂર્ત કરવાની વાત આવી ત્યારે. આ કામ તો વર્ષો પહેલાં થઈ થવાની જરૂર હતી critical cluster માં આ ના આવ્યું હોત ભાવનગરનું ચીતરા જી.આઈ.ડી.સી., આપણે નહીં કર્યુ. ભાવનગર તાલુકાના

નારી ગામમાં ખેડૂતના કૂવામાં કૅમીકલવાળું પાણી આવે, પાણીની વ્યવસ્થા માટેનું રાખેલું તળાવ આખું લાલ કલરનું થઈ જાય અને ગામનાં લોકો આંદોલનના માર્ગે જાય પણ આપણું રૂંવાડું પણ ના હલે. ભાવનગરના કુંભારવાડા હોય કે હાદાનગર હોય લોકો આપણાં પોલ્યુશનથી ત્રાહિ પોકારી જાય પણ આપણું રૂંવાડું પણ ના હલે. ઉદ્યોગ આવકારદાયક છે, હું વિરોધી નથી તેનો પણ તેને આવકારનારો માણસ છું. પણ કંઈક પેરામીટર્સ તો આપણે તેનાં રાખવા પડશેને ? સામાન્ય માણસની મુશ્કેલીના ભોગે કોઈ પ્રદૂષણ ફેલાવનારા ઉદ્યોગ હોય તેની સામે આપણે કંઈ જ નહીં કરવાના હોઈએ તો નુકસાન મોટા પાયે થવાનું છે. ૧૯૯૭માં પોલ્યુશન ડિપાર્ટમેન્ટમાં ગુજરાતમાં ભરતી થઈ તેમની તે પછી આપે સાયન્ટીસ કે એન્જિનિયર્સની ભરતી કરી છે ખરી ? મારી પાસે માહિતી છે, હું ખોટો હોઉં તો માનનીય મંત્રીશ્રી જવાબ  આપે ત્યારે સુધારે મને. ૩૫૦ જગ્યાઓ સાયન્ટીસ અને એન્જિનિયર્સની ગુજરાત  પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડમાં ખાલી છે. નવો વિભાગ આપ શરૂ કરો અને તેના માટે આપ કરોડોની માગણી લઈને આવો છો. અને જે આપનો હયાત વિભાગ છે તેની આપ ચિંતા કરતાં નથી. તેમાં જગ્યાઓ ભરાય તેની આપને ચિંતા નથી. હું તો એમ કહીશ આપ કાયદેસર રીતે આ રાજયમાં જે કાર્બન ક્રેડિટ કમાય છે તેને ૨ ટકા સોસાયટી વેલ્ફેર માટે આપવાની જોગવાઈ છે. આપ તેનો એક પણ રૂપિયો વસૂલ કરો છો ખરા ? અને તે નથી કરતા એટલા માટે આપે રાજયની તિજોરીમાંથી આજે આ વિભાગ માટે પૈસાની માગણી કરવી પડી છે. હું તો આપના મારફતે માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરીશ કે આપ જોઈ લેજો કાર્બન ક્રેડિટ કમાનારા પાસેથી ૨ ટકા આપ વ્યવસ્થિત વસૂલ કરી શકો તેના માટે કાયદો આપને સપોટ કરે છે. લઈ લો પૈસા તેમની પાસેથી અને રાજયના હિતમાં વાપરો. ખાસ કરીને પ્રદૂષણના રક્ષણ માટે વાપરો. જે વસાહત થઈ છે તેની બાજુમાં ગરીબ માણસની તકલીફ છે તેને દૂર કરવા માટે વાપરો. માનનીય અધ્યક્ષશ્રી, મેંગ્રોઝ અને ચેરીયા વૃક્ષો પર્યાવરણ માટે અત્યંત જરૂરી છે. દુનિયાભરના લોકો ચિંતા કરે છે. આપણે સદ્‌નસીબ હતા કે આપણી પાસે કચ્છમાં ચેરીયા વૃક્ષોના જંગલો હતા. મારી પાસે કેટલાક ફોટાઓ છે. આ ચેરીયા વૃક્ષના જંગલમાં આપણાં માનીતા ઉદ્યોગપતિઓ રીતસરના જે.સી.બી.ચલાવે છે. અને તેની સામે કોઈ પગલાં ભરી શકતાં નથી. સુનામી આવે અને સુનામીની જેમ ઢાલની જેમ માનવીને કોઈ રક્ષણ આપી શકતું હોય તો એ ચેરીયા જંગલો આપી શકે છે. આનું નિકંદન કાઢી નાંખ્યુ આપણે અને આપણું રૂંવાડું પણ ના હલ્યું. એ ચેરીયા વૃક્ષોની અંદર જે.સી.બી.ચાલ્યા, પાળા બનાવી દઈને ખારું પાણી ભરી દઈને નાશ કરવામાં આવ્યો અને એ ઉદ્યોગ એસ્સાર ઇન્ડસ્ટ્રીઝ અને અદાણી સામે આપણે કશું જ નહીં કરીએ ? આટલું માનવજાતને નુકસાન કરે છે ત્યારે. Gujarat Ecology Commission (ગેમી) લગભગ મૃત:પાય કરી દીધું છે આપણે. ૧૯૯૭માં આપણે આ જ પક્ષની સરકારના મુખ્યમંત્રીશ્રીએ State Environment Action Programme (SEAP) ની રચના કરી હતી. અને તે કાર્યક્રમની શરૂઆત કરતી વખતે વિશ્વ બેન્કના નાણાં સેપ્ટ જેવી સંસ્થા સહિત ૮ સંસ્થાના નિષ્ણાતોને જવાબદારી સોંપી. કે આપ ગુજરાતના એન્વાયર્નમેન્ટ માટેની ચિંતા કરો. ટેકનિકલ કમિટી બનાવીને રિપોર્ટ આપો. આ રિપોર્ટ ૨૦૦૨માં તૈયાર થયો. એ તૈયાર થયેલો રિપોર્ટ આ સરકારની પાસે પડેલો છે. અક્ષરસ: એ રિપોર્ટ વિધાનસભા ગૃહના મેજ ઉપર મૂકો અને પબ્લિકની વચ્ચે જાહેર કરો, તો ખબર પડશે કે આપણને કેટલું નુકસાન કયાં કોણ કરી રહ્યું છે. પણ આપણે કોઈકને છાવરવા છે. આપણે આખા ગુજરાતની ચિંતા કરવી નથી. આપણને ગરીબ માણસને કેન્સર થાય એની ચિંતા નથી, પણ મારો પેલા ઉદ્યોગવાળો છે, એને તકલીફ ન પડવી જોઈએ. એ માટે ૨૦૦૨માં તૈયાર થયેલો રિપોર્ટ આજ સુધી અક્ષરસઃ સંપુર્ણપણે પ્રસિદ્ધ નથી થયો.

માનનીય અધ્યક્ષશ્રી, આંકડાઓ તો કયારેક જોજો. વારંવાર સામેથી કહેવામાં આવે છે કે તમારો સમય અને અમારો સમય, તમારો સમય, અમારો સમય. આપે જોયું આપના સમયમાં? ૧ લાખ હેકટર જંગલ ગુજરાતમાંથી ઘટી ગયું. એની જવાબદારી કોની? શું આમાં પણ આપણે નંબર વન થવાનું છે? કલાયમેન્ટ ચેઈન્જની ચિંતા આપણા સૌના માટે અત્યંત જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે અન્ય એક વિભાગ શ્રમ અને રોજગાર વિશેની વાત પણ કરવી છે. એમાં પણ મારે એ જ કહેવું છે કે ગુજરાતના યુવાનોને રોજગારી આપવામાં આપણી કઈ પરિસ્થિતિ છે? ૧૯૯૫માં ૯,૬૯,૦૦૦ એ જાહેર વિભાગોમાં રોજગારી પ્રાપ્ત થતી હતી. ૨૦૦૯માં આપણી વસતિ વધી, વ્યવસ્થા વધી, તંત્ર વધ્યું. આંકડો ઉપર જવો જોઈએ ને? ૯,૬૯,૦૦૦માંથી આ ઘટીને ૭,૯૮,૦૦૦ થઈ ગયા. સરકારમાં રોજગારી આપવાની વાતમાં.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે રાજય સરકારમાં જે કામદારો કામ કરતા હતા, જેનાથી રોજગારી રાજય સરકારને કારણે ઉપલબ્ધ થતી હતી, તે ૧૯૯૫માં ૨,૧૫,૦૦૦ ને રોજગારી આપતા હતા. એ તો ખૂબ વધવી જોઈએ અત્યારે? ૨૦૦૯માં વધી નહીં, પણ ઘટીને ૧,૭૨,૦૦૦ થઈ ગઈ. અર્ધ સરકારી સંસ્થાઓમાં આપણે ૩,૦૩,૦૦૦ને રોજગારી આપતા હતા. જે તમારા કાયમી રોજગાર ઉપરના કામદારો હતા. આપણા સર્વિસ કલાસના લોકો હતા. એ રોજગારી વધવી જોઈએ, એને બદલે ઘટીને ૨,૨૯,૦૦૦ થઈ. ૧ લાખનો ઘટાડો. શું આને આપણે વિકાસ કહીશું? મુઠ્ઠીભર લોકોનો વિકાસ થાય. અને આમ ગુજરાતી મુશ્કેલીમાં મૂકાય. Gap between haves and have nots વધ્યા કરે. આપણે આપણી પીઠ નહીં થાબડી શકીએ. કે We are prospering. ગુજરાતમાં આપે નીતિ બનાવી કે એ નીતિ મુજબ સ્થાનિક લોકોને ગુજરાતીઓને, બહારથી કોઈપણ આવીને ગુજરાતમાં રહેતા હોય, એને અમે નોકરીઓ આપીશું. નેનો કાર આવી. ઉદ્યોગનું સ્વાગત હોઈ શકે. કોંગ્રેસના શાસનમાં પણ ઉદ્યોગો આવેલા. જનરલ મોટર્સ આવી. એમને કહ્યું કે તમે આદિવાસી વિસ્તારમાં રોજગારી આપો, જાઓ પંચમહાલમાં ઉદ્યોગ સ્થાપો. તો જ તમને લાભ મળશે. એસ્સાર અને રિલાયન્સને અહીંયા રીફાઈનરી સ્થાપવી હતી. Policy was open for everybody. પણ રોજગારીની કયાં વધારે જરૂર છે? કે જામનગર જિલ્લો પછાત છે. ગુજરાત રાજયના પછાત જિલ્લાઓ નકકી કરીને લિસ્ટ આપ્યું કે અહીંયા જાઓ. અને એ પોલિસી, એસ્સારને ન મળે અને રિલાયન્સને જ મળે કે રિલાયન્સને ન મળે અને આને જ મળે એવી નહીં. Policy Was open. આપે તો એક પોલિસી બનાવી, કે નેનો માટેની ખાસ પોલિસી. બીજી હમણા સુઝુકી આવે તો એને આ પોલિસી ન મળે. હુંન્ડાઈ આવે તો એ પોલિસી ન મળે. પણ નેનો માટેની આ પોલિસી. પછાત વિસ્તારોમાં નહીં, વિકસિત અમદાવાદના આંગણામાં હું તમને આપું. બધું જ આપું. અને પછી જયારે નેનેઓ કહ્યું કે હું સ્થાનિકને રોજગારી આપવાની તમારી પોલિસીને નહીં માનું. મારી પાસે કેબિનેટની એપ્રુવ કરેલી નોંધ મેળવેલી પડી છે અને આ સરકારે કહ્યું કે તથાસ્તુ. અમારા લોકોને રોજી પણ નહીં, આપો તો પણ અમને વાંધો નથી. અને પરિણામે શું થયું એના મારે બે જ આંકડા આપવા છે. સ્થાનિક કક્ષાના આપના નોંધાયેલા બેરોજગારો ૧૯૯૦ માં ૫૫,૦૦૭ હતા. આપ તો એમ.ઓ.યુ. કરો છો, આપ તો નવા નવા ઉદ્યોગો લઈ આવો છો, આપ તો નંબર વન છો એટલે બેરોજગારોની સંખ્યા તો ઘટવી જોઈએ ને? તો ૧૯૯૦ માં ૫૫,૦૦૭ હતા એ ૨૦૦૯ માં આપના સમયમાં બેરોજગારો ૨,૩૪,૩૪૭ થયા છે, આપના ઈજનેરો ૧૯૯૦ માં ૪,૦૮૫ હતા અને આજે ૯,૩૩૯ થઈ ગયા છે, આપના અનુસ્નાતકો ૮,૧૨૯ બેરોજગાર હતા અને આજે ૪૬,૧૫૭ થઈ ગયા છે. કુલ શિક્ષિત બેરોજગારોની સંખ્યા શિક્ષણ વધે તો સામે રોજગારી વધવી જોઈએ એ વધી નથી. તો રોજગારી વધી છે

એ વાત કરીએ છીએ એ ખોટું છે. શિક્ષણ વધે એની સામે રોજગારી વધવી જોઈતી હતી એ આપણે વધારી શકયા નથી, માત્ર આ કાગળ ઉપરના એમ.ઓ.યુ. છે આ મારી પાસે આંકડા છે એ બોલે છે.. કુલ શિક્ષિત બેરોજગારો ૫,૯૬,૧૫૫ હતા એ ૨૦૦૯ માં શું થયું કે ૯,૮૬,૭૪૦ કુલ શિક્ષિત બેરોજગારો આપણા રાજયમાં થયા છે તો આની ચિંતા આપણે નહીં કરવાની?

માનનીય અધ્યક્ષશ્રી, મારે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગ અંગે વિશેષ કહેવું નથી, પરંતુ મારે એક ગંભીર બેદરકારી રાજય સરકારની છે એનાથી જેને નુકસાન થયું છે એની માત્ર પાંચ લાઈનો વાંચીને હું મારી વાત પૂરી કરીશ.

આપે બી.પી.એલ.કાર્ડ ઓછા કરવા માટેની સત્તા રેશનકાડવાળાર્ને આપી દીધી છે. રેશનકાર્ડના ડીલરને કહે કે તારે આટલાં એ.પી.એલ. ઓછા કરાવીને બી.પી.એલ.માં એ.પી.એલ.ના સિકકા મારી દીધા એટલે ગરીબમાં ગરીબ છેવાડાનો માનવી એ બી.પી.એલ.માંથી એ.પી.એલ.માં આવી ગયો અને બી.પી.એલ.માંથી વંચિત થઈ ગયો અને બાપના પૈસે લહેર કરતો માણસ બી.પી.એલ.માં આવી ગયો. બીલો પોવરટી લાઈન નાં પણ બાપાના પૈસે લહેર એ આજે બી.પી.એલ.ની વ્યાખ્યા થઈ ગઈ છે અને એને બી.પી.એલ. મળે છે. મારે માત્ર ચાર લાઈનો વાંચવી છે અને એને હું કોડ કરું છું જેથી સહેજ પણ આઘુંપાછું ના જાય.

COde:-

ગરીબીની રેખા નીચે જીવતા એવા ૨૧.૨૯ લાખ પરિવારોને ઓળખી કાઢયા હતા જેની સામે ૩૫.૩૪ લાખ રેશન કાર્ડ જારી કરવામાં આવ્યાં હતાં. ભારત સરકારે નિર્ધારિત કરેલ ધોરણ મુજબ ગુજરાત સરકારે લાભાર્થીઓને અનાજ આપ્યું ન હતું, સસ્તા અનાજની દુકાન દ્વારા સરકારની સૂચનાઓનો અમલ કરવામાં આવ્યો ન હતો. યોગ્ય પ્રક્રિયાનું અનુસરણ કર્યા વિના જ સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના હેઠળ કૂપનો આપી દેવામાં આવી હતી, અનાજનો પુરવઠો અન્યત્ર વાળી દેવામાં આવ્યો હતો અને આ કારણે ગુજરાત સરકાર અને ભારત સરકારને અનુક્રમે ભારત સરકારને ૨૬.૮૫ કરોડ રૂપિયા અને ગુજરાત સરકારને ૨૧.૨૯ કરોડ રૂપિયાની ખોટ ગઈ હતી.

Uncode:-

જો આપણે કરોડો રપિયાની વસ્તુ જે માત્ર ગરીબો માટે આવે છે એનું પણ આપણે પાલન કરી શકતા નથી? જે આપણો આ વહીવટી વિભાગ જે આના માટે કામ કરે છે અને આ મારો આક્ષેપ નથી, પરંતુ હું આ વિધાનસભાના ફલોર ઉપર જવાબદારીપૂર્વક કહું છું કે મેં આ જે કહ્યું છે એ મારી ટીકા નથી, પરંતુ બંધારણીય તટસ્થ સંસ્થા કોમ્પ્ટોલર એન્ડ ઓડિટર જનરલ દ્વારા કે જે નથી કેન્દ્ર સરકારના નીચે કે નથી રાજય સરકાર નીચે, જે કોઈની બત્તી પકડીને ચાલતી નથી. ઓડિટ પેરા પછી જે પામે, જે મેળવે, એની આપણને તક આપે અને આપનો ખુલાસો એને ગળે ના ઉતરે પછી એ રિપોર્ટમાં રિફલેકટ થયેલ હકીકત છે એ હકીકતના આ શબ્દો બોલે છે એ આપણા સૌ માટે શરમજનક બાબત છે. એટલી જ વાત કરીને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ)** : : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી એમના વિભાગની માગણી ક્રમાંક ૨૨ અને ૨૩ લઈને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું. આપણા સૌની ચિંતા છે કે આજે માણસને જીવવા માટે ત્રણ વસ્તુઓની જરૂરિયાત છે. અન્ન, હવા અને પાણી. આ ત્રણ મહત્વની બાબતો છે. આજે આખા દેશમાં મોંઘવારીનો આંક ખૂબ વધતો જાય છે ત્યારે સૌની એ બાબતની ચિંતા જરૂરી છે કે મોંઘવારીને આપણે કઈ રીતે ડામી શકીએ. હું આ બાબતમાં પૂર્વભૂમિકા

તરીકે અગાઉની ૧૯૭૭ની જનતા મોરચાની સરકાર તરફ નિર્દેશ કરું છું. એ વખતે પણ મોંઘવારીનો આંક ખૂબ ઉંચો ગયેલ હતો. પરંતુ કેટલાક નાણાકીય પગલાંઓ એ વખતના સ્વર્ગસ્થ મોરારજીભાઈ દેસાઈ વડાપ્રધાન તરીકે હતા તેમણે બે ચાર મુદ્દાઓ ઉપર ધ્યાન આપવાને કારણે ભાવો અંકૂશમાં આવેલા. એક મુદ્દો હતો કે જિલ્લા-જિલ્લા વચ્ચેની હેરફેર બંધી હતી તે નાબૂદ કરી દીધી. સાથે સાથે નાણાંકીય ફૂગાવો તે વખતે સાડા ચાર ટકા હતો તેને ડાયવર્ટ કરી ચલણમાંથી એક હજાર રૂપિયાની નોટ નાબૂદ કરી ડાઉન કરી દીધો. અને એ રીતે મોંઘવારીને હલ કરી હતી. હું એ કહેવા માગું છું કે અત્યારે યુ.પી.એ.ની સરકાર કેન્દ્રમાં છે તેમણે ગઈ ચૂંટણીમાં એમના ચૂંટણી ઢંઢેરામાં  પણ સમાવેશ કર્યો હતો અને કહયું હતું કે આગામી દિવસોમાં મોંઘવારીને નાથવામાં આવશે. પરંતુ અત્યારે ૩૫ થી ૪૦ ટકાનો ભાવ વધારો દરેક ચીજ વસ્તુ ઉપર થયો છે ત્યારે સ્વાભાવિક રીતે આ બાબત એક ચિંતા હોઈ શકે, હું મારા વિચારો નાગરિક પુરવઠા વિભાગ ઉપર રજૂ કરું છું. આ વિભાગ ૧૯૬૫માં સરકારમાં ચાલુ કરવામાં આવ્યો. અને તે વખતે ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા ૯ અને ૭ જેટલા નિયમો અને અધિનિયમોની રચના કરવામાં આવી હતી. જેનાથી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગમાં વિતરણ કરી શકાય, અને ભ્રષ્ટાચાર અને ભાવ વધારો ન થાય તેના માટે કાળજી લેવા માટેના પગલાં લઈ શકાય. અને તેના માટે અધિનિયમ જાહેર કરવામાં આવ્યો હતો. આજે ગુજરાત સરકાર દ્વારા ગુજરાતની વસતિ જે સાડા પાંચ કરોડ છે એમાં પણ ૮૫ ટકા ગરીબી રેખાની નીચે આવે છે અને તેમાં પણ ૨૬ લાખ કુટુંબો બી.પી.એલ. ગણાય છે અને ૮ લાખ કેટુંબો અત્યંત ગરીબ છે તે અત્યંત બી.પી.એલ. તરીકે આવે છે. તેના માટે ગુજરાત સરકારે ખૂબ સુંદર વ્યવસ્થા કરી છે. મને કહેતા આનંદ થાય છે કે આ કુટુંબોને સસ્તા દરે અનાજ મળે તેના માટે એક વ્યકિત દીઠ દોઢ કિલો ઘઉં બે રૂપિયાના ભાવે અને ૩ કિલો ચોખા ૩ રૂપિયાના ભાવે આ રીતે વ્યવસ્થા ગુજરાત સરકારે કરી છે. આપણે જોઈએ તો ભારત સરકાર અને ગુજરાત સરકારની અન્ન નીતિ છે એનું ભારણ ગુજરાત સરકારને પડે છે એ એક કિલો ઘઉં ઉપર ૩ રૂપિયા અને ૪ પૈસાનું ભારણ ગુજરાત સરકાર ઉપર પડે છે. એ જ રીતે એક કિલો ચોખા ઉપર ૩ રૂપિયા ૬૪ પૈસાનું ભારણ ગુજરાત સરકાર ઉપર પડે છે. તેના કારણે બી.પી.એલ. યોજનાનું વિતરણ કરવા પાછળ ગુજરાત સરકાર ઉપર ૩૩ ૦ કરોડ રૂપિયાનું ભારણ એક વર્ષે આવે છે. આ વર્ષે પણ ૧૩૦ કરોડ રૂપિયાની જોગવાઈ બી.પી.એલ. કુટુંબોને અનાજ વિતરણ કરવા માટે કરવામાં આવેલી છે. અને બીજી ત્યાર પછીના અંત્યોદય યોજના હેઠળ ખૂબ ગરીબ વ્યકિતઓ માટે પણ વ્યવસ્થા કરી છે. એમાં ભારત સરકારે ૪ પ્રકારની સૂચનાઓ ગુજરત સરકારને આપી છે કે એમાં નિર્દિશ સંખ્યા ૮ લાખ ૧૦ હજાર કરેલી છે. પરંતુ ગુજરાત સરકારને મારે અભિનંદન આપવા છે કે ગુજરાત સરકારે એ સંખ્યા કરતા વધારે ૮ લાખ ૧૫ હજાર કુટુંબોને અંત્યોદય યોજના હેઠળ અનાજ આપવાની યોજના કરી છે. અને એમાં પણ પૌષ્ટિક આહાર મળી રહે તેના માટે ફોર્ટીફાઈડ આટાનું વિતરણ ૧૮ કિલો અને ૫૦૦ ગ્રામ,  તથા ચોખા ૨૬ કિલો  એમ કુલ મળીને એક કુટુંબને ૩૫ કિલો અનાજ એક મહિનામાં આપવાની જોગવાઈ કરવામાં આવેલી છે. અને તેના માટે બી.પી.એલ. અને અંત્યોદય માટે થઈ અને ૧ લાખ ૯૪ હજાર મેટ્રિક ટન ઘઉં, ૧ લાખ ૪ હજાર મેટ્રિક ટન ચોખા, ૧૨ હજાર મેટ્રિક ટન મકાઈ અને ૧૭ હજાર મેટ્રિક ટન બાજરીનું વિતરણ કરવામાં આવ્યું છે અને ૧૭ હજાર મેટ્રિકટન બાજરીનું વિતરણ કરવામાં આવે છે. અને આ રીતે ગુજરાત સરકારની જે વ્યવસ્થા છે એ  ખરેખર અભિનંદનને પાત્ર છે. મને કહેતા ગૌરવ થાય છે કે ભૂતકાળમાં વારંવાર અનાજ માટે લોકોને લાઈન લગાવવી પડતી હતી. ગુજરાતના કુલ ૧૮૫૫૨ ગામો છે એ પૈકી ૧૬૪૯૦ જેટલી સસ્તા અનાજની દુકાનો આવેલી છે એ દુકાનો મારફતે સસ્તા અનાજની વસ્તુઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.  આ સસ્તા અનાજની દુકાન છે એને આપણે

પાછળથી દીનદયાળ ગ્રાહક ભંડાર નામ આપવામાં આવ્યું છે. આના મારફત આપણે સસ્તા અનાજના વિતરણની વ્યવસ્થા ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે.

એ જ રીતે સમગ્ર ગુજરાતનો આદિવાસી વિસ્તાર હોય કે શહેરી વિસ્તાર હોય ત્યાં અન્ન વિતરણની વ્યવસ્થા સારી રીતે થઈ રહી છે. એટલા માટે ગુજરાત સરકાર સામે કોઈ પ્રશ્ન નથી. આ તકે મારે એ વસ્તુનું ધ્યાન દોરવું છે કે અન્નની વ્યવસ્થા ભારત સરકાર અને ગુજરાત સરકાર સાથે સંયુક્ત રીતે જોડાયેલી વ્યવસ્થા છે અને એમાં જ્યારે આટલો બધો ભાવ વધારો થતો હોય એમાં પણ ખાસ કરીને હમણાં જ કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલ અને ડિઝલમાં ભાવ વધારો કરવામાં આવ્યો છે. આપણે સમજીએ છીએ કે જ્યારે જ્યારે અછત ઊભી થાય છે ત્યારે ભાવ વધારો કરવો પડે પરંતુ જ્યારે દેશમાં ૮૫ ટકા લોકો ગરીબી રેખા નીચે જીવતા હોય એને લઈને ચાલવાનું હોય ત્યારે એને આપવા માટે ભાવ ડાઉન નહિ થાય પરંતુ એને સબસિડી આપીને જીવન જરૂરી ચીજવસ્તુઓ આપવામાં આવે અને સાથે સાથે માર્કેટમાં વ્યવસ્થા બરાબર રાખવામાં આવે તો આ ભાવ વધારો થઈ રહ્યો છે એમાં સહાય મેળવી શકે. અમે ગામડાંમાંથી આવીએ છીએ ત્યારે ગામડાંના ગરીબ લોકોને આજે ખૂબ જ મુશ્કેલી પડી રહી છે. ગામડાંના મજૂરને વેતનધારા મુજબ ૧૦૦ રૂપિયા મજૂરી મળે છે. એની સામે જે મોંઘવારી વધી ગઈ છે એના લીધે આ ૧૦૦ રૂપિયામાંથી પાંચ રૂપિયા બચાવવા પણ એને માટે મુશ્કેલરૂપ થઈ પડેલ છે. ત્યારે આપણે સૌ સભ્યશ્રીઓએ આ બાબતમાં ચિંતા કરવાની જરૂર છે.

આ સરકારે કાળાબજારિયાઓ તથા સંગ્રાહખોરી અટકાવવા માટે ખૂબ સારી વ્યવસ્થા કરેલ છે. આ વ્યવસ્થાના ભાગરૂપે આપણે ચાર ધારા બનાવેલ છે. પહેલી તોલમાપ અને ગ્રાહક બાબતની કામગીરી જેમાં ગ્રાહકને અનાજ ઓછું ન મળે એના માટે થઈને ગ્રાહકોના હિતના રક્ષણ માટે વજન માપને લગતા વિવિધ કાયદાઓ કરીને એની કામગીરી ગોઠવવાની વ્યવસ્થા કરી છે. ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવું અને વેપારી, ઉદ્યોગકારો, રેલવે, પોસ્ટ ઑફિસમાં વપરાતા વજનકાંટા છે એની દર વરસે ચકાસણી કરીને એને સર્ટિફાઈડ કરવામાં આવે છે. તોલમાપ ખાતા દ્વારા વજનમાં ઉપયોગમાં લેવામાં આવતા સાધનો ઉપર સિક્કા મારવાની કામગીરી કરવામાં આવે છે. વેપારી સામે છેતરપિંડીની ફરિયાદ આવે તો એના માટે વડોદરા, સુરત અને રાજકોટ ખાતે એની વ્યવસ્થા કરવામાં આવી છે એના દ્વારા યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આ વર્ષમાં ૧૧૬૫ જેટલા ગુનાઓ નોંધાયા છે. એ જ રીતે માનનીય મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠાની માગણી લઈને આવ્યા છે એને અનુમોદન આપી વિરમું છું.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરુ છું.

રાજય સરકાર દ્વારા એક વર્ષ પહેલા કાર્બન ક્રેડિટ નામનો વિભાગ શરૂ કરવામાં આવ્યો છે, અમારા નેતાશ્રીએ આ વિશે ઘણી વિસ્તૃત માહિતી આપી છે. છેલ્લા એક વર્ષ પહેલા સમગ્ર ભારત દેશમાં દસ પ્રદૂષિત નદીઓનો સરવે કરવામાં આવ્યો એમાં અતિ દસ પ્રદૂષિત નદીઓ દેશની છે એમાં ગુજરાતની ચાર નદીઓ પહેલા ચાર નંબરે આવી છે. એમાં નંબર વન આ રાજય આવ્યું છે. જે નદીઓમાં બી.ઓ.ડી. બાયોકેમિકલ્સ ઓકિસજન ડિમાન્ડ ૧૦ મિલીગ્રામથી વધારે પાણીની અંદર હોય તો એમાં જળચળ જીવી શકે નહિ. તેમાં અંકલેશ્વરની આલ્માખાડી નદી દેશમાં પ્રદૂષિત જે ૫૦૦ મિલીગ્રામ તેમાં બી.ઓ.ડી. આવ્યું. બાકીની ખારી નદી અને સાબરમતી નદી એવી આ રાજયમાં અતિ પ્રદૂષિત નદીઓમાં સમગ્ર દેશમાં ચાર નદીઓ આવી. ત્યારે આપણે ઉદ્યોગોને આવકારીએ. સમગ્ર વિશ્વમાં જે ઉદ્યોગોમાં બાન છે. વિકસિત દેશોમાં જે ઉદ્યોગોમાં બાન છે. જે દેશોમાં

પ્રદૂષણ ન ફેલાવા માટે ત્યાંની સરકાર પૂરેપૂરી કાળજી રાખે છે. આપણે ઉદ્યોગોનો વિરોધ નથી કરતા પણ એક સમય એવો આવશે કે ગુજરાતની મોટા ભાગની જમીનમાં પાણી હશે એ ઝેરી કૅમીકલ જેવું થઈ જશે. એટલે આ બાબતે પૂરેપૂરી કાળજી રાખવામાં આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે કાર્બન ક્રેડીટની વાત કરી. પણ સમગ્ર રાજયમાં ગામેગામ ગુજરાતમાંથી ખલાસ થઈ ગયું તો મહારાષ્ટ્રમાંથી, મધ્યપ્રદેશમાંથી પ્લાસ્ટિકની થેલીઓ લઈ આવીને નરેગા યોજનાના પૈસા વધતા હતા એ ૧૧૦ કરોડ રૂપિયા પ્લાસ્ટિકની થેલીઓમાં બોરી બંધ બાંધીને ગામડે ગામડે જમીનની અંદર પાણી રીચાર્જ કરવાને બદલે આ પ્લાસ્ટિકની થેલીઓ દ્વારા પ્રદૂષણ ફેલાવવાનું કામ આ રાજય સરકાર દ્વારા થયું. જો બોરી બંધના બદલે ખાલી માટીના બંધ પણ બાંધી શકાય. એક બ્રાસ માટીમાં ૯૦૦ રૂપિયા ગયા. ૨૭૫-૩૦૦ રૂપિયા તો થેલીઓના ગયા. તો પ્રદૂષણનું આ કામ પણ આ રાજયમાં ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. અમારા અમરેલી જિલ્લામાં પીપાવાવ બંદર ઉપર દરિયા કાંઠે ચેરના વૃક્ષોનું બેફામ કટીંગ કરીને ત્યાં પુરાણ કરવામાં આવ્યું છે. દરિયાકાંઠાઓમાં જે આપણાં પર્યાવરણના નિયમો છે તેનું ઉલ્લંઘન કરીને ખોદકામ કરવામાં આવે છે. જેના લીધે સમગ્ર દરિયાકાંઠાના તાલુકાઓની જમીનમાં ખારું પાણી આવી ગયું છે. સરકાર દ્વારા આ રાજયમાં ગોઈટર જેવો રોગ ન થાય તેના માટે આયોડીનયુકત મીઠું રાજય સરકાર દ્વારા આપવામાં આવે છે. ગાંધીબાપુએ આ દેશના લોકોને મીઠા માટે સત્યાગ્રહ કરીને આ દેશના લોકોનો મીઠાનો અધિકાર છે. તેના માટે લડાઈ કરી. આયોડીનયુકત મીઠું જે એક રૂપિયામાં આપવામાં આવે છે આ સારી વાત છે પણ સરકારને આ આયોડીનયુકત મીઠું આપવા માટેનું કારણ શું થયું કે જે ૫૦ પૈસાનું મીઠું રાજયમાં વેચાતું હતું જે અગરિયાઓ અને ગરીબ લોકો જે ડાયરૅક્ટ મીઠું વેચતા હતા એ આજે મલ્ટીનેશનલ કંપનીઓના હાથમાં જતું રહ્યું અને ગોઈટર જેવા રોગ ન થાય અને મગજની અંદર ખામી ન રહે તે માટે આયોડીનયુકત મીઠું આપવાની સરકારે યોજના કરી. પણ જયારે આયોડીનયુકત મીઠું આ દેશમાં, રાજયમાં નહોતું ત્યારે આપણાં પૂર્વજોએ અને આપણે બધાએ આ જ મીઠું ખાધું છે. તેમાં કોઈને આવા ગોઈટર જેવા રોગ નહોતા થયા. તો મારી એ પણ વિનંતી છે કે આપણાં રાજયમાં જે લોકો મીઠું પકવે છે તેને આયોડીનયુકત મીઠાના કાયદામાંથી છૂટ આપીને રેશનીંગમાં આ એક રૂપિયે કિલો મીઠું આપવું જ ન પડે. છૂટથી આપો ને, અગરીયાઓ અને ડાયરેકટ લોકો છે એ ૫૦ પૈસામાં ઘેર બેઠાં આપી જશે અને કુદરતી મીઠામાં અને લીલા શાકભાજીમાં માણસના શરેરને દરરોજ જોઈએ તેટલું આયોડીન તો મળે છે. આપણે આ મલ્ટીનેશનલ કંપનીઓની દોરવણી પ્રમાણે ચાલવાની જરૂર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં બી.પી.એલ.ની અમારા પૂર્વ નેતાએ વાત કરી કે ગાઈડ લાઈન કેન્દ્ર સરકારની હોય, જે લોકો અતિ ગરીબ હોય તેને બી.પી.એલ.માં લેવામાં આવે પણ આ બી.પી.એલ.નો સરવે કોના દ્વારા કરવામાં આવે છે અને કયું તંત્ર કરે છે? મારા કૂકાવાવ તાલુકામાં કૂકાવાવ ગામમાં એક ભાઈ પાસે ફોરવ્હીલર છે. બંગલો છે, જમીન છે, છતાં બી.પી.એલ. છે. કારણ શું કે આ તાલુકા પંચાયતના ભાજપના પ્રમુખ છે.એટલે ડિટેઈલમાં આવી જાય. તમે ગાઈડલાઈનની વાત કરો છો. તો ગાઈડલાઈનની વાત કરીએ તો જે લોકો અતિ ગરીબ ચીંથરેહાલ છે, જેની કોઈ લાગવગ નથી એ રહી જાય છે અને ૪૦ ટકા એવા લોકો છે, ગામના નામ નહીં આપું, તંત્ર દ્વારા અભ્યાસ કરાવવો હોય તો કરાવી લેજો. ૪૦ ટકા લોકો મકાન બનાવી લે છે અને આ મકાન ગરીબ માણસોને ભાડે આપે છે. આવા લોકો બીપીએલમાં કેવી રીતે આવી જાય છે. રાજય સરકારે નાના અને ગરીબ માણસોનું ધ્યાન રાખવું જોઈએ એના બદલે આ રાજયની અંદર જે આપણા ઉદ્યોગો છે એનું વધારે ધ્યાન રખાય છે. ઉદ્યોગોનું ધ્યાન રાખો એનો વાંધો નથી. પણ જે રાજયની અંદર જે ઉદ્યોગો છે એની અંદર ગંભીર

અકસ્માતો થાય છે. બૉઇલરવાળા ઉદ્યોગો છે એવા નોંધાયેલા ૫૩૫૩ ઉદ્યોગો છે અને એક વર્ષમાં આવા ૩૨૫૪ બૉઇલરોનું નિરીક્ષણ કરવામાં આવ્યું અને એના ઉપર કોર્ટ કેસ કરવામાં આવ્યા. આખા રાજયમાં બે લોકો ઉપર કોર્ટ કેસ કરવામાં આવ્યા. બધા ઉપર કોર્ટ કેસ કરવામાં આવે એવું મારું કહેવાનું નથી. પણ જે ૩૨૫૪ નિરીક્ષણ થયા એ ઑફિસોમાં થઈ જાય છે, અન્ડર ટેબલ નિરીક્ષણ થઈ જાય છે અને પછી અકસ્માત થાય છે અને અકસ્માતમાં અતિ ગરીબ અને નાના લોકો છે એમણે જીવ ગુમાવવા પડે છે અને એમનું મરણ થાય છે અને એની વિધવા અને બાળકોને મુશ્કેલી થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે વિશ્વની અંદર મોટા ભાગના વિકસિત દેશોમાં જે ઉદ્યોગો વધારે પ્રદૂષણ ફેલાવે છે એવા મોટા ભાગના ઉદ્યોગો આપણા રાજયની અંદર છે. જે સેફટી માટે, મજૂરો માટે કાયદા જાળવવાના હોય છે એ પૂરેપૂરા જળવાતા નથી અને ત્યારે આવા કારખાનામાં કારખાના ધારા હેઠળ છેલ્લા એક વર્ષમાં ૧૧૪૨ કેસ દાખલ થયા એમાંથી ૭૭૬ કેસોનો નિકાલ કરવામાં આવ્યો અને એમાં દંડ કેટલાને કરવામાં આવ્યો? ૧૧૪૨ કારખાનાના કેસમાં રૂ.૨૧,૬૪,૦૧૬/-નો દંડ કરવામાં આવ્યો. જે ફૅકટરીના માલિકો છે એ પૂરેપૂરી કાળજી રાખતા નથી, બેદરકારી રાખે છે. જે ઉદ્યોગો ઉપર સમગ્ર વિશ્વમાં બાન છે, જે ઉદ્યોગોની અંદર પૂરેપૂરી સેફટી મજૂરો માટે ન જળવાય તો અતિ ગંભીર રોગ થાય છે. એસ્બેટોસનો ઝીણો તાંતણો જો મોંઢામાં જાય તો કૅન્સર થાય છે. એવા ગંભીર પ્રકારના રોગમાં કાળજી રાખવામાં આવતી નથી. રાજયની અંદર ૨૩૮૧ અકસ્માતો થયા છે. એમાંથી ૧૨૮ પ્રાણઘાતક અકસ્માતો થયા છે. આ અકસ્માતો થયા છે એના માલિકો દ્વારા અત્યારે જે વળતર મળે છે, એ ઓછું છે. જેમના મૃત્યુ થયાં છે એના વારસદારો માટે વળતરમાં વધારો કરવો જોઈએ અને અકસ્માત ન થાય એના ઉપર કાળજી રાખવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા જિલ્લાના વડિયા ગામે આઈટીઆઈની ચાર વર્ષથી મંજૂરી આપવામાં આવી છે, એના માટે જમીન મળી ગઈ છે પણ નવા બિલ્ડીંગ માટે બજૅટમાં એનો સમાવેશ કરવામાં આવતો નથી. અમે જ્યારે પૂછીએ છીએ કે, જે તે વિભાગમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓની કેટલી જગ્યાઓ ખાલી છે? સરકાર દ્વારા જવાબ આપવામાં આવે છે કે, યોગ્ય લાયકાતવાળા ઉમેદવારો મળ્યેથી ભરતી કરવામાં આવશે. હમણાં ૨૨૦૦ તલાટીઓની ભરતી માટે વીસ લાખ લોકોએ ફૉર્મ ભરેલા એમાં રૂ.૧૦૦/- ફૉર્મ ફીના કારણે સરકારને રૂપિયા બે કરોડની આવક થઈ. વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારી તરીકેના ઉમેદવારો આ રાજયમાં નથી. આવો તમામ વિભાગ દ્વારા જવાબ આપવામાં આવે છે. લશ્કરી ભરતી મેળાઓ થાય છે ત્યાં પાણીનો અભાવ હોય છે. જેના કારણે અંધાધૂંધી થઈ જાય છે. લશ્કરી મેળા થાય છે ત્યાં પાણી પૂરું મળતું નથી.માનનીય અધ્યક્ષશ્રી, જે રેશનીંગની દુકાનોની અંદર ઘઉ અને કેરોસીન મળે છે. બારોબાર બેફામ વેચાણ થાય છે. મોટા ભાગના પંપો પર ભેળસેળ થાય છે તો આ બાબતમાં પણ પૂરી કાળજી લેવામાં આવતી નથી તો આ બિલમાં હું સંમત થતો નથી.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર(મોડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની માગણી ક્રમાંકઃ ૨૨, ૨૩ તથા શ્રમ અને રોજગાર વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંકઃ ૫૬ અને કલાઈમેટ ચેન્જ વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંકઃ ૧૦૭ લઈને આ ગૃહ સમક્ષ જયારે ઉપસ્થિત થયા છે ત્યારે આ માગણીઓને સમર્થન આપવા અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું. હાલ આપણા રાજયમાં ૧૦મા અને ૧૨મા ધોરણની પરીક્ષાઓનો માહોલ છે. ૧૦મા અને ૧૨મા ધોરણમાં અભ્યાસ કર્યા પછી આ વિદ્યાર્થીઓ પોતાનો વિદ્યા અભ્યાસ પૂર્ણ કર્યા, પછી જયારે

કોઈપણ વ્યવસાય કરવા માટે સમાજમાં જાય છે તે સમયે આ એક જ વિભાગ એવો છે આઈ.ટી.આઈ., એ આઈ.ટી.આઈ.માં જો અભ્યાસ કરે વિદ્યાર્થી તો તેને ૧૦૦ટકા રોજગારીની ખાતરી હોય છે. રાજય સરકારે શ્રમ અને રોજગાર વિભાગની આઈ.ટી.આઈ.ની જે સુંદર વ્યવસ્થા કરી છે અને તેના દ્વારા જે તાલીમ આપવામાં આવે છે એ બદલ હું તેમને હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. આ કોંગ્રેસના વડપણવાળી યુ.પી.એ.ની જે કેન્દ્ર સરકારે સરવે કર્યો એમાં છેલ્લા ૬ વર્ષથી સમગ્ર દેશની અંદર કોઈપણ રાજયમાં જે બેરોજગારોને રોજગારી આપવાની હોય એ રોજગારી આપવાના સરવે માં જે બહાર આવ્યું છે એમાં એ બહાર આવ્યું છે કે ગુજરાત રાજયનો પ્રથમ ક્રમાંક છે. આ બદલ પણ આ શ્રમ અને રોજગાર વિભાગને હું મારા અભિનંદન આપુ છું. આપણે સૌ જાણીએ છીએ કે છેલ્લા ૭ વર્ષથી ગુજરાત રાજયમાં વાઈબ્રંટ ગુજરાતનું આયોજન થાય છે. આ આયોજન દરમિયાન જે ઉદ્યોગો સમગ્ર દેશ અને સમગ્ર દુનિયામાંથી આપણા રાજયમાં જ્યારે આવતા હોય ત્યારે આ દરેક ઉદ્યોગમાં જે પ્રકારના કારીગરોની જરૂર હોય તે પ્રકારના કારીગરો પૂરા પાડવા આપણા જે યુવાનો હોય, બેરોજગારો યુવાનોને એ પ્રકારની તાલીમ આપવાનું કામ આપણી આઈ.ટી.આઈ.માં કરવામાં આવે છે. થોડા સમય પહેલા જ I.B.N. ૭ એમણે એક સરવે કર્યો અને એ સરવે પ્રમાણે ગુજરાત રાજયમાં જે આઈ.ટી.આઈ.નું કામ થયું, શ્રમ અને રોજગાર વિભાગે જે કામ કર્યુ એની કામગીરીને આધારે ભૂતપૂર્વ આપણા દેશના રાષ્ટ્રપતિ એ.પી.જી. અબ્દુલ કલામના હસ્તે ગુજરાત રાજયને એનો એવોર્ડ આપવામાં આવ્યો છે તે બદલ પણ હું રાજય સરકારને અને શ્રમ અને રોજગાર વિભાગને અભિનંદન આપુ છું. આ ખાતામાં DGET નોર્મ્સ મુજબ જે તે વિભાગના ગૃપ ઈન્સ્ટ્રકટર ફોરમેન ઈન્સ્ટ્રકટરનું માળખું રચવામાં આવે જેમાં તાલીમ ઈન્સ્ટ્રકટર, ઉપરાંત એક નિષ્ણાત માર્ગદર્શક ગૃપ ઈન્સ્ટ્રકટર ફોરમૅન અને ઇન્ડસ્ટ્રી આનું જે તાલીમ માળખુ છે એ DGET પેટર્નમાં દર્શાવવામાં આવે છે તે પ્રમાણે આપણે બનાવવામાં આવે તો વ્યવસાયિક તાલીમમાં અને બધી રીતે આપણને ફાયદો થાય તેવો છે. મારા મતવિસ્તારમાં મોડાસા ખાતે જે આઈ.ટી.આઈ. ચાલી રહી છે એ આઈ.ટી.આઈ.માં નવા કોર્સ શરુ કરવા માટ જે મકાનની જરૂરિયાત હોય તો નવું મકાન બનાવવા માટે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરુ છું તથા આ નવા બિલ્ડીંગની અંદર નવા ટ્રેડ જેવા કે સેનેટરી ઇન્સ્પેક્ટર, સ્ટેનો અંગ્રેજી, આર્મેચર રીવાઈન્ડીંગ મોબાઈલ રીપેરીંગ અને ફાયરમેનના કોર્સ શરૂ કરવા હું વિનંતી કરુ છું. ગયા વર્ષે ગુજરાત રાજયમાં ૨૦ નવી આઈ.ટી.આઈ. મંજૂર થઈ અને ચાલુ વર્ષે પણ નવી ૧૦ આઈ.ટી.આઈ. મંજૂર કરવાની દરખાસ્ત છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના ધન સુરા તાલુકામાં ધોળાગામ ખાતે નવી આઈ.ટી.આઈ. શરુ કરવાની મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. શ્રમ અને રોજગાર વિભાગ પછી અન્ન અને નાગરિક પુરવઠાની વાત કરું તો ગુજરાત રાજયમાં જે દીનદયાળ ગ્રાહક ભંડારો ચાલે છે એ દરેક તાલુકાની અંદર દીનદયાળ ગ્રાહક ભંડારનો જે માલ લાવવાનો છે તેના માટે ગોડાઉનની વ્યવસ્થા હોય છે તો આ માટે જે નવા તાલુકાઓ બન્યા એ નવા તાલુકામાં ગોડાઉનની વ્યવસ્થા નથી તો ધનસુરા ખાતે જે દીન દયાળ ગ્રાહક ભંડારના સંચાલકો હોય છે એમને મોડાસા અને બાયડ બે જગ્યાએ પોતાનો માલસામાન લેવા જવુ પડે છે.તેના બદલે ધનસુરા ખાતે આનું ગોડાઉન શરૂ કરવા મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. જે દીનદયાળ ગ્રાહક ભંડારના સંચાલકો છે એમને પોતાનો માલ સામાન લાવીને ગામના લોકોને આપે છે તેમાં છેલ્લા ઘણા વર્ષોથી જે કમિશન આપવામાં આવે છે એ અપૂરતું છે. આ કમિશન અપૂરતું હોય તો એ લોકોને પોતાની કામગીરી કરવામાં તકલીફ પડે છે. તો આ કમિશનમાં વધારો કરવા અથવા તો દુકાનદારનો કોઈ નિશ્ચિત પગાર નક્કી કરવા મારી વિનંતી છે. સરકારી ધારા-ધોરણ મુજબ એ.એ.વાય. એટલે કે અંત્યોદય કાર્ડ ધારકોને કાર્ડ દીઠ ૧૬ કિલો ચોખા ત્રણ રૂપિયાના ભાવે તથા ૧૬.૩૦૦ કિ.ગ્રા આટો મળે છે. જેમાં મોટા ભાગે એ.એ.વાય.કાર્ડ છે

એ અંત્યોદય કાર્ડ ધારક કાર્ડમાં એક જ વ્યક્તિ હોય છે અને એના માટેનું આ ધોરણ વધારે છે. આટલા બધા માલનો એ ઉપયોગ કરી શકતો નથી. એટલે એ.એ.વાય. કાર્ડ ધારકને મળતા ૧૬ કિલો ચોખાને બદલે ઓછા આપી એમાંથી થતી બચતના ચોખા એ.પી.એલ. કાર્ડ ધારકોને આપવામાં આવે અને એના ભાવમાં થોડો વધારો કરવામાં આવે તો પણ પોષાય તેમ છે. આજે મોડેલ શોપ ગુજરાતમાં મોટા ભાગે બધી જગ્યાએ બની ગઈ છે. તેમાં ઈલેક્ટ્રોનિક વજન કાંટો રાખવાનો નિયમ કરેલ છે. પરંતુ સરકારી ગોડાઉનોમાં આવો ઈલેક્ટ્રોનિક વજન કાંટો હોતો નથી. જેના કારણે દુકાનદારોને માલની વજન ઘટ સહન કરવાની આવે છે. તો એ ઈલેક્ટ્રોનિક વજન કાંટો ગોડાઉનોમાં પણ મુકાય એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાદી ગ્રામોદ્યોગમાં વેચાતી ખાદીના કાપડનો કેટલોક જથ્થો વાજબી ભાવની દુકાનોને ફાળવાય તો ખાદીનું વેચાણ વધે તો દુકાનદારને પોતાને અને ગુજરાત રાજ્યમાં ખાદીનો વ્યાપ વધે અને વેચાણ વધે તો ખાદીને પણ ફાયદો થાય તેમ છે. આ માટે માનનીય મંત્રીશ્રી વિચાર કરે એવી મારી વિનંતી છે. આ રીતે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી** : તમે જે રાજ્યને રોજગારીમાં પહેલો નંબર મળ્યો છે એ સંદર્ભ ગ્રંથ બોલ્યા તે મને મોકલી આપજો.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : હા, જી.

**શ્રી અમરસિંહ રા. વસાવા(દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, અન્ન અને નાગરિક, ગ્રાહક બાબતોનો વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ અને ક્લાઈમેટ ચેન્જ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા સૂચનો અને વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે વિભાગ છે એ વિભાગ છેવાડાના જે ગરીબ લોકો છે ત્યાં સુધી આ વિભાગની વાતો પહોંચે છે. આ વિભાગ મારફત જે ગરીબ લોકો છે એને સરકારની જે યોજનાઓ છે, એ અનાજની હોય, તેલની હોય, ખાંડની હોય, કેરોસીનની હોય એ છેક ઊંડાણના ગામડા સુધી પહોંચાડવાની સરકારની વ્યવસ્થા છે એમાં બહુ અડચણરૂપ પરિસ્થિતિ આ ગુજરાતમાં ઊભી થઈ છે. મારે આપના માધ્યમથી કહેવું છે કે જ્યારે ગુજરાતમાં કોંગ્રેસની સરકારો હતી ત્યારે ગુજરાતના જે ગામડાઓ છે અને ખાસ કરીને પછાત એરિયા છે તેમાં સસ્તા અનાજની દુકાનોમાં મળતા ઘઉં, ચોખા, કેરોસીન વગેરે એ મોટા જથ્થાના પ્રમાણમાં ગરીબ લોકોને જરૂરિયાત હોય એ પ્રમાણે ૧૦-૨૦ કિલોગ્રામ એવો સ્ટૉક મળતો હતો. પણ હમણાં તો બે-ત્રણ કિલો એવો સ્ટૉક ગરીબ લોકોને મળે છે. હું જે વિસ્તારમાંથી આવું છું એ વિસ્તારમાં અમે ગરીબ લોકોને પૂછીએ કે તમને ચોખા મળ્યા છે તો લોકો ના કહે છે. તમને તેલ મળ્યું છે તો લોકો કહે ના અમને તેલ મળતું નથી. પણ જે ગામડામાંથી તેલ સરકારી રેકર્ડ ઉપર લાવે છે એ ગામડાના લોકો સુધી જતું નથી. ગુજરાતની સરકાર સસ્તા અનાજની દુકાનોના નામ બદલે એનાથી ગામડાના લોકોને પુરવઠો મળી જાય એવું બનતું નથી. ખરેખર સસ્તા અનાજની દુકાનોનો જથ્થો છે એ ગરીબ લોકોને મળવો જોઈએ. એના બદલે કોંગ્રેસની સરકારોએ વ્યવસ્થા કરી હતી એ સારી હતી. પણ આજે તો એના નામો બદલી નાખવામાં આવ્યા છે. મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે આ જે રેશનિંગ કાર્ડ છે, એ ગુજરાતના જે તાલુકાઓ છે એના એક્ઝિક્યુટિવ મામલતદારો આ રેશનિંગ કાર્ડ બનાવે છે અને આ કાર્ડ ગરીબ લોકોને આપવામાં આવે છે પણ એટલા બધા બોગસ કાર્ડ આ રાજ્યમાં થાય કે જેના કારણે આ બોગસ રેશનિંગ કાર્ડ મામલતદારશ્રીની સહીવાળા છે એને સરકારે પકડ્યા તો

મારે માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સરકારશ્રીને કહેવું છે કે જ્યારે મામલતદાર સાહેબની સહીથી આવા બોગસ કાર્ડ પકડાયા તો એવા મામલતદારો સામે સરકાર કેમ કાર્યવાહી નથી કરતી અને એવા અધિકારીઓને સરકાર કેમ છાવરે છે? આના કારણે ગામડાના ગરીબ લોકોને જે અનાજ મળવું જોઈએ એ મળતું નથી. ઉલટું, એને બજારમાંથી મોંઘા ભાવની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવી પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત પણ આપના માધ્યમથી કહેવી છે કે અમારા વિસ્તારમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રોગ્રામ થાય છે ત્યારે અને માનનીય મંત્રીશ્રીઓના પ્રોગ્રામો ઘણાં બધા થાય છે ત્યારે આ સસ્તા અનાજના દુકાનદારોને સરકાર મારફત કે સરકારની ચેનલો મારફત એમને જાણ કરવામાં આવી કે તમારે ફરજીયાત ટેમ્પો ભરીને લોકોને લઈ આવવા પડશે અને તમારે આ વ્યવસ્થા કરવી પડશે એટલે સસ્તા અનાજની દુકાન ચલાવનારો માણસની કાંઈ એટલી મોટી આવક નથી પણ સરકાર સામે ચાલીને એક ભ્રષ્ટાચાર કરવાનો દરવાજો ખોલી આપે છે જેના કારણે આ બધી પરિસ્થિતિ ઊભી થાય ત્યાર પછી સસ્તા અનાજનો દુકાનદાર આખો જથ્થો ટેમ્પો અને ટ્રક ભરીને ગોડાઉનમાં જે વેપારી છે એને ત્યાં સપ્લાય કરી દેવામાં આવે છે આના કારણે ઘણી બધી પરિસ્થિતિ બને છે કે અમારા એરિયામાં તો તાલુકા મથકેથી ગામડામાં માલ જાય તો એ જથ્થો ગામમાં જતો નથી અને અધવચેથી જ ટ્રકો ગૂમ થઈ જાય અને માલ સીધો વેચાય જાય છે આવા પણ અસંખ્ય બનાવો બન્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક બીજી પણ આપના માધ્યમથી વાત કરવી છે કે ગામડાની જે સસ્તા અનાજની દુકાનો છે તેમાં ગ્રાહક સમિતિ બનાવી છે. આ ગ્રાહક સમિતિ ફક્ત કાગળ પર છે, આવી સમિતિઓની કોઈ મિટિંગ મળતી નથી અને લોકોને પણ જાણ કરવામાં આવતી નથી. આ ગ્રાહક સમિતિ ફક્ત દુકાનદાર બનાવે છે અને મામલતદાર કચેરીમાં અને પ્રાંત કચેરી કે કલેક્ટર કચેરીમાં જ આ સમિતિ કાગળ પર પડી રહી છે એનું કોઈ પણ જગ્યાએ અમલીકરણ ગામડામાં થતું નથી કે જેથી ગરીબ લોકોને એનો લાભ મળી શકે, માટે આવી જે સમિતિ છે એની પણ મોટા પાયા ઉપર જાહેરાત થવી જોઈએ અને લોકોને એની જાણ થવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી બીજી પણ એક વાત કહેવી છે કે પાછલા વર્ષોમાં મારા જિલ્લામાં સરપંચ મજુરો જે રોજગારી કરે છે એમના કુપનો હેઠળનું ૯૦૦ મેટ્રિક ટન અનાજ નર્મદા જિલ્લામાં બારોબાર વેચી દેવામાં આવ્યું અને સરપંચશ્રીઓને આ માલ મળ્યો નહિ અને એની કુપનો પણ આજે દુકાનોમાં પડી રહી છે એનું કોઈ અમલીકરણ કે કોઈ તપાસ નથી થતી. મારું માનવું છે કે આમાં સરકારના અધિકારીઓ, સરકારના જવાબદાર માણસો સંડોવાયેલા છે એટલા માટે આની તપાસ થતી નથી અને અમારાં જિલ્લામાં પ્રભારી સચિવ આવ્યાં હતા મારે નામ નથી આપવું પણ મારે આપના માધ્યમથી કહેવું છે કે સચિવો આવ્યા ત્યારે સરપંચશ્રીઓએ ઊભા થઈને સવાલ કર્યો કે અમારી પાસે કુપનો છે તે સસ્તા અનાજની દુકાનમાં જમા કરાવી છે. અમને અનાજ નથી મળતું, અમારે મજૂરોને અનાજ આપવું છે ત્યારે જે તે અધિકારીએ એમ કીધું કે જો તમે કુપનોના અનાજ અંગે પૂછશો તો તમને પાસામાં પૂરી દઈશું માટે આ સવાલ બંધ કરો અને તમારે આ વાત કરવાની નથી એવું મારા જિલ્લામાં બન્યું અને આ ૯૦૦ મેટ્રિક ટન અનાજ વેચાય ગયું. આવા મોટા પાયા ઉપર ભ્રષ્ટાચાર સરકાર જો એની નજર સમક્ષ રાખીને અને ધ્યાનમાં રાખીને છાવરતી હોય તો પછી ગરીબ માણસો કયાં જાય અને કોની પાસેથી જવાબ માગે? મારે સરકારને એ પણ કહેવું છે કે સરકારનો જે રેશિયો છે, ગામડાના લોકોને સસ્તા અનાજની દુકાનના બોર્ડ પર ૮ લિટર કેરોસીન મળશે એવું લખ્યું છે. આઠ લિટર કેરોસીન મળશે એવું લખ્યું પણ જ્યારે લોકો લેવા માટે તો ભાઈ હજી સ્ટૉક દુકાન ઉપર આવ્યો નથી, સ્ટૉક તો ૨૦ તારીખ પછી

આવશે, લોકો બે-ત્રણ અઠવાડિયા સુધી ધક્કા ખાય અને ૨૦-૨૫ તારીખ પછી સસ્તા અનાજનો દુકાનદાર માલ લઈ આવે અને છેલ્લી તારીખોમાં બારોબાર વેચી દે અને સરકારનો જે નિયમ છે, આઠ લિટર કેરોસીન આપવાનો એમાંથી માંડ માંડ કોઈને ત્રણ લિટર કે પાંચ લિટર મળે અને બધું વગે થઈ જાય, આવી અમારા વિસ્તારમાં પરિસ્થિતિ છે. ગ્રાહક ભંડારોની દુકાનોની વાત કરી છે અને પુરવઠા વિભાગે ફરતી દુકાનો જે અમારા વિસ્તારમાં નર્મદા જળાશયના જે પુનઃવર્સનની વસાહતો કરી છે તેને ગામે ગામ અનાજ આપવાનું અને કરજણના જે પુનઃવસવાટના જે લોકો છે એમને ત્યાં સ્થળ પર જઈને અનાજ આ ફરતી દુકાનો મારફતે આપવાની વાત છે તેમાં પણ પૂરતા પ્રમાણમાં આ માલ મળતો નથી એટલે આ જે માગણીઓ છે એના ઉપર માનનીય મંત્રીશ્રીને મારે પણ વિનંતી કરવી છે કે, નરોત્તમ કાકા તો બહુ સિનિયર છે અને લોકો ગુજરાતમાં કહે છે કે, કોઠા સૂઝ છે તો આવો મોટો ભ્રષ્ટાચાર થાય તો એના ઉપર દેખરેખ રાખો એવી વિનંતી કરવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત બીજી રોજગારની કરવી છે. રોજગારની જે બાબતમાં સરકારે બહુ સારી વાત કરી હતી કે ગામડાના જે ગ્રામ મિત્રોને લેવાની વાત કરી હતી, ગ્રામ સેવકો લેવાની વાત કરી હતી અને સ્થાનિક લોકોને રોજગારી આપવાની જે વાત કરી, અમારા વિસ્તારમાં અને ભરુચમાં જે કારખાનાઓ આવેલા છે એમાં સ્થાનિક લોકોની અવગણના થાય છે અને સ્થાનિક લોકોને રોજગારી નથી આપવામાં આવતી એટલે એના ઉપર પણ દેખરેખ રાખવામાં આવે એવું મારું સૂચન છે.

**શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર (પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા, શ્રમ અને રોજગાર વિભાગની માગણી ક્રમાંકઃ૫૬, રૂપિયા ૭,૭૨,૮૮,૦૦૦/-ની લઈને આ સન્નમાનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે તેના સમર્થન માટે હું ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગની માગણી ક્રમાંકઃ૫૬ને નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦ની માગણીઓ સાથે સરખામણી કરીએ તો રસપ્રદ રહેશે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૮-૦૯ની માગણી રૂપિયા ૩ કરોડ, ૬૩ લાખ, ૭૯ હજારની સામે ૨૦૧૦-૧૧ની સામે રૂપિયા ૭ કરોડ, ૭૨ લાખ, ૮૮ હજાર એટલે કે રૂપિયા ૪ કરોડ, ૯ લાખ, ૯ હજારના, ૧૧૨.૪૫ ટકાના વધારા સાથે અને ૨૦૦૯-૧૦ના વર્ષના સુધારેલા અંદાજ ૫ કરોડ , ૭૪ લાખ, ૫૦ હજારની સામે રૂપિયા ૧ કરોડ, ૯૮ લાખ ,૩૮ હજારના ૩૪ ટકાના વધારા સાથે આ માગણી લઈને આવ્યા છે એટલે કે રાજય સરકાર, શ્રમ અને રોજગાર માટે સવિશેષ ચિંતિત છે અને રાજયના વિકાસ માટે શ્રમિકોને તેઓને રોજગારની જરૂર છે આથી પણ આ માગણી સર્વાનુમતે મંજૂર થવાને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે શ્રમ કમિશ્નરના હાથ નીચેના વિભાગની વાત કરવા માગુ છું. રાજયના આર્થિક વિકાસમાં શ્રમિક વર્ગ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ શ્રમિક વર્ગોને પૂરતું વેતન, નોકરી માટે સારી પરિસ્થિતિ, સામાજિક સુરક્ષા અને ઔદ્યોગિક એકમો ઉભા કરવાનો હક્ક સુનિશ્ચિત કરીને શ્રમિકોના કલ્યાણ માટે વ્યવસ્થા ઉભી કરવી જરૂરી છે. શ્રમિકોને તેમની નોકરીની સલામતી માટે યોગ્ય પગલાઓની ખાતરી થવી જોઈએ તથા અન્યાયભરી શ્રમ પ્રથા સામે રક્ષણ આપવું જોઈએ. શ્રમિકોનું આરોગ્ય અને સલામતી માટે પણ ધ્યાન આપવું જરૂરી છે. રાજયની ઉત્પાદન શક્તિથી રાજયનો વિકાસ થતો રહે તથા ઔદ્યોગિક ઉત્પાદન થતું રહે તે માટે ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે તે પણ એટલું જ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ શ્રમ આયુકત વિભાગ આ શ્રમ કાયદાઓ અમલમાં મૂકવા તથા સરકારની નીતિઓને કાર્યરત કરવા માટેનું સક્રિય અંગ છે એમ કહેવું બિલકુલ યોગ્ય છે. શ્રમ આયુક્તના હાથ નીચે બે વીંગો આવેલા છે, એક શ્રમ વીંગ અને બીજું બૉયલર વીંગ. માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ આયુક્ત આ ખાતાના વડા છે, શ્રમ વીંગ રાજયમાં ઔદ્યોગિક સંબંધો જાળવવા,

ઔદ્યોગિક શાંતિ જાળવવી તેમજ તંત્ર એ તંત્રના હાર્દ રૂપ છે. તે શ્રમ કાયદાનો અમલ કરાવે છે. આ શ્રમ વીંગ હેઠળ ઔદ્યોગિક તકરાર, લઘુત્તમ વેતન, મજૂર સંઘ, ઔદ્યોગિક રોજગાર, મોટર વાહન વ્યવહાર કામદાર, બોનસ ચૂકવણી, કોન્ટ્રાકટ મજૂર, ગ્રેજયુઈટી ચૂકવણી તથા અન્ય અધિનિયમોનું અમલીકરણ કરાવે છે. બોઈલર વીંગ દ્વારા ઈકોનોમાઈઝર તથા વરાળ પાઈપના નિરીક્ષણની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત રાજયમાં બનતા boiler eco-devices, boiler mounting, heat exchanger, steam receivers નું પણ તબકકાવાર નિરીક્ષણ કરવામાં આવે છે તથા તેના માટે ભારત સરકાર અને રાજય સરકારના આ અંગેના અધિનિયમોના અમલીકરણની પણ ચિંતા કરે છે. શ્રમિકો અને ઉદ્યોગો વચ્ચે તંદુરસ્ત સબંધો બંધાય, શાંતિ જળવાય અને વધુમાં વધુ ઉત્પાદન મેળવી શકાય તે માટે કેટલાક બીન ધારાકીય કામો પણ શ્રમ આયુકત કચેરીને સુપરત કરાય છે જેવી કે શ્રમિક વર્ગ માટે ગ્રાહકને લગતી માહિતીનું એકત્રીકરણ અને તેની પ્રસિદ્ધિ તથા જુદા જુદા શ્રમિકો માટે વિવિધ બોર્ડ માટેનું નિયંત્રણ આ કામગીરી શ્રમ આયુકત કચેરી સંભાળે છે. શ્રમ આયુકત કચેરીને કરવામાં આવેલી અંદાજીત ફાળવણીની રકમ જોતાં સરકાર શ્રમ અને રોજગાર બાબતે કેટલી ચિંતિત છે અને ભારત ગણતંત્રમાં છેલ્લા છ વર્ષથી ગુજરાત વિશ્વમાં પ્રથમ નંબરે હોઈ એ વિરાટ સિદ્ધ પ્રમાણ છે. શ્રમ આયુકતશ્રીની કચેરી અને વિભાગ માટે કુલ ૩૦,૬૫,૮૯,૦૦૦ની માગણી સામે ૧૦,૧૭,૪૫,૦૦૦ના પ્લાન અને નોન પ્લાન ૨૦,૦૮,૪૪,૦૦૦ની માગણી સભાગૃહ સમક્ષ રજૂ કરી છે. શ્રમ આયુકત કચેરીમાં માનનીય નાણામંત્રીશ્રીના આયોજન હેઠળ નાણાકીય જરૂરિયાતની ફાળવણી કરી છે તે સ્વર્ણિમ વર્ષમાં ગુજરાતના વિકાસને વેગ અને બળ પૂરું પાડનારી બની રહેશે. એલ.બી.આર.એ શ્રમ કમિશ્નરની કચેરીમાં ૨૦૦૯-૧૦ દરમિયાન ૨,૦૨,૫૨,૦૦૦/-ની સામે ૨૦૧૦-૧૧માં ૩,૭૪,૦૦,૦૦૦/-ની એટલે કે ૧,૭૧,૪૮,૦૦૦/-ની ૮૬ટકાના વધારા સાથે માગણી કરવામાં આવી છે. તેવી જ રીતે મુખ્ય નિરિક્ષક બોઈલર એલ.બી.આર.-૧૩ હેઠળ ૬૨,૫૦,૦૦૦/-ની સામે ૮૯,૬૮,૦૦૦/- એટલે કે ૨૭.૧૮,૦૦૦/-ની એટલે કે ૪૩ટકાના વધારા સાથે માગણી કરાઈ છે. એલ.બી.આર.-૨૬ અસંગઠિત કામદાર વર્ગ એમને માટે ૨૦૦૯-૧૦માં ૧૬,૭૦,૦૦૦/-ની ફાળવણીની સામે ૨૦૧૦-૧૧ના વર્ષમાં ૧,૦૬,૪૨,૦૦૦/-ની ફાળવણી એટલે કે ૮૯,૭૨,૦૦૦/-ની એટલે કે ૫૩૭ટકાના વધારા સાથે માગણી કરવામાં આવી છે તથા એલ.બી.આર.-૨૧ હેઠળ ગાંધી શ્રમ સંસ્થાન ૧,૪૮,૮૩,૦૦૦/-ની સામે ૪,૮૭,૩૫,૦૦૦/- એટલે કે ૩,૩૮,૫૨,૦૦૦/- એટલે કે ૨૨૭ટકાના વધારા સાથે આ માગણી કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રીએ શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ ૬૮ટકાના માતબર વધારા સાથે આ અંદાજપત્રમાં જોગવાઈ કરી છે. દેશમાં વધુમાં વધુ રોજગારી આપવામાં આવે તથા ઔદ્યોગિકક્ષેત્રે ઓછામાં ઓછા માનવ દિનનો વ્યય કરવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. ગુજરાતના યુવાનોને રોજગારી પ્રાપ્ત થાય તે વિચારને કેન્દ્ર સ્થાને રાખીને દસ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોને સ્વર્ણિમ ગુજરાત ગ્રામ્ય કૌશલ્ય વર્ધન કેન્દ્ર યોજના અંતર્ગત ૧૫૦ જેટલા village cluster તાલીમ કેન્દ્ર દ્વારા એક લાખ યુવાનોને તાલીમ આપવા માટે રૂા. ૨૪ કરોડની પણ આમાં જોગવાઈ કરવામાં આવી છે. અસંગઠિત ક્ષેત્રે અને કુટીર ઉદ્યોગને અનુરૂપ વ્યવસાયમાં તાલીમ આપવા આઈ.ટી.આઈ.ના કેમ્પસમાં કુટીર મંદિર માટે રૂા. ૧૦.૫૯કરોડની જોગવાઈ તથા નવી દસ આઈ.ટી.આઈ.નું આયોજન કરીને રાજયના વિકાસને સર્વોત્તમ શિખરે લઈ જવાના દ્રઢ નિર્ધારને સાકાર કરવામાં મદદરૂપ થશે. અગાઉ મેં જણાવ્યા મુજબ એલ.બી.આર.-૨૬ હેઠળ ૫૩૭ટકાના વધારા સાથે ગુજરાત અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડની હું સન્માનનીય ગૃહ સમક્ષ રજૂઆત કરવા માગું છું. ગુજરાત રાજય ખેત વ્યવસાય સિવાયના શ્રમિકોનું રજીસ્ટ્રેશન કરી, ઓળખ કાર્ડ આપી સામાજિક સુરક્ષાના લાભો આપવા, તેમની આવકમાં

વધારો થાય તેવી તાલીમ આપી શ્રમિકોને કુશળ બનાવવા અને તેઓમાં જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી આ બોર્ડ કામ કરી રહયું છે.આ બધુ કર્યા પછી અમદાવાદ, સુરત અને જામનગર છે, તેના કાર્યક્ષેત્રમાં જે વ્યવસાય આવે છે. એ આ વિસ્તાર પૂરતું મર્યાદિત હોય. ફેરિયા, સ્ટૉલ ધારકો, મંડપમાં કામ કરનાર માણસો આમ અન્ય સિલેક્ટેડ જે લોકો સંગઠિત નથી, જે લોકો કોઈ સંઘ કે યુનિયન સાથે જોડાયેલા નથી, જેનો કોઈ આશરો નથી, તેવા નોંધારા બાપ તરીકે આજે રાજ્ય સરકાર કામ કરી રહી છે. આવા અસંગઠિત કામદારો માટે વાર્ષિક ૧૦ રૂપિયા ફી હોય છે અને તેઓ દર વર્ષે રિન્યુ કરાવી શકે છે. તેઓને સામાજિક સુરક્ષાની યોજના બાબતે લાભ પણ આપવામાં આવે છે. આરોગ્ય ચકાસણી કૅમ્પ યોજીને આમાં વર્ષમાં એકવાર આરોગ્યની ચકાસણી થાય છે. તબીબી સહાય યોજનાની અંદર તેઓ જો સિવિલમાં દાખલ થાય અને ૨૪ કલાક રહે અને જો ડૉકટર પ્રિસ્ક્રિપ્શન લખે અને આવા ડૉકટરનું તેમને સર્ટિફિકેટ મળે તો ૧૨૦૦ રૂપિયા સુધીની તબીબી સહાય આપવામાં આવે છે. આવા બિનકુશળ હોય, તેઓ અસંગઠિત કામદારોને કૌશલ્ય વિકાસ તાલીમ અને સાધનોની સહાય આપવામાં આવે છે. ગુજરાતમાં કુલ ૭૪૦૨૧ આવા સભ્યો, કામદારોની નોંધણી થયેલી છે. જ્યારે વધુ વિકાસ થાય અને આવા અસંગઠિત કામદારો આમાં જોડાય. સુરતની વાત કરીએ તો કહેવાય છે કે સુરતની અંદર રોટલો મળે પણ ઓટલો નથી મળતો. આમ કરીને માનનીય મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ(સાવલી)** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકો, શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી અને આ સરકારને અન્ન અને નાગરિક બાબતોમાં મારે થોડી ક જે આ વિભાગ માટેની સરકારની ઉદાસીનતા છે, જે સદંતર નિષ્ફળ ગઈ એમ કહું તો પણ ચાલે, ત્યારે આ એક એવો વિભાગ છે કે આપણે જ્યારે ગામડામાંથી આવતા હોઈએ, ગરીબોના પ્રતિનિધિ તરીકેની વાત કરતા હોઈએ, ત્યારે અન્ન અને નાગરિક પુરવઠો એ એવો વિભાગ છે કે ગામડાની અંદર છેવાડામાં છેવાડે વસતો માણસ એવી વ્યકિત કે જેને આ વિભાગ દ્વારા કંઈક એની આંતરડી ઠારવા માટેનું કામ કરવાનું છે. મુરબ્બી નરોત્તમભાઈ બહુ સિનિયર, વડીલ, રિસ્પેક્ટેબલ માણસ છે, પણ જેટલું જમા પાસું છે, એટલું ઉધાર પાસું છે, એટલે ભોળા છે કે જે અધિકારી જે પ્રમાણે કહે સાહેબ આમાં આમ કરવા જેવું છે, આ તો આમ હતું આમ જ થાય. આ એક એવું ખાતું કે જે ગુજરાતનું વ્યવસ્થા તંત્ર એ અને આમ થયું એટલા માટે આ વાત આપની પાસે આવી છે. આ તો ખોટી રજૂઆત હતી, આડાપાટે ચડી ગઈ છે. આમ કરવા જેવું છે. સ્વાભાવિક છે ભોળા ગામડામાંથી આવતા મણસો, સ્વભાવના ઉદાર માણસ આમાં ભોળવાઈ વ્યવસ્થા તંત્રમાં જુદી ભાત પાડે તેવું ખાતું છે. સમગ્ર દેશમાં મોંઘવારી, મોંઘવારી, મોંઘવારી. હું ગરીબના દીકરા તરીકે વાત કરું તો મોંઘવારી, મોંઘવારી, મોટામાં મોટી જો કોઈ આજે સમસ્યા હોય, લોકોના બૂમબરાડા હોય, અમે કોગ્રેસ માણસ સામે પક્ષે ભાજપ માણસ, આ તો કેન્દ્ર કરે છે, કેન્દ્ર કરે છે, કેન્દ્ર કરે છે, કેન્દ્ર કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ એક એવો વિષય છે કે ચિંતા સેવે છે. આપણી તરફ કુદરતી આફાતો આવતી જાય છે, પણ માનવ સર્જિત આફતો તો આપણે ઉભી કરતા જઈએ છીએ એવા સંજોગોની અંદર જયારે આ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે હું તો એટલું જ કહીશ કે આપણી ગુજરાતની અંદર જે જાહેર વિતરણ વ્યવસ્થા છે એ તદ્દન ખાડે ગઈ છે એમ કહું તો ખોટું નથી. આખી જાહેર વિતરણ વ્યવસ્થા તૂટી ગઈ છે, ભાંગી ગઈ છે અને સાહેબ, આદિવાસી વિસ્તાર હોય, બક્ષીપંચનો વિસ્તાર હોય કે સામાન્ય વિસ્તાર હોય ત્યાં સસ્તા અનાજના દુકાનદારો, મામલતદાર કચેરીનો પુરવઠા વિભાગ કે જિલ્લા કચેરીનો પુરવઠા વિભાગ અને સાહેબ, દુઃખ સાથે કહેવું પડે છે કે, જાહેર જીવનમાં પડેલા રાજકીય આગેવાનોની પણ મીલીઝુલીને

કારણે આ વ્યવસ્થા તંત્ર તદ્દન તૂટી ગયું છે એમ કહું તો ખોટું નથી. સાહેબ, રેગ્યુલર હપતા લેવાય છે. (અંતરાય) સાહેબ, મેં કોઈ પક્ષાપક્ષના આક્ષેપ નથી કર્યા, પણ મારા જેવા જાહેર જીવનમાં પડેલા રાજકીય આગેવાનો પણ આ વ્યવસ્થા તંત્રની સાથે હાથા બની ગયા છે. આખી વ્યવસ્થા તંત્ર ખોરવાઈ ગયું છે. ગરીબો માટેનો વિભાગ છે, ગરીબોને સુખાકારી આપતો આ વિભાગ છે. આજે દિવાળીનો તહેવાર આવે, ઉતરાયણનો તહેવાર આવે કે અન્ય કોઈ તહેવાર આવે ત્યારે જે વિતરણ માટેની વ્યવસ્થા માટેની ચિંતા કરવામાં આવતી હતી એ સાહેબ આજે એવું કંઈ ચિંતા જેવું છે જ નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, મોંઘવારી કૂદકેને ભૂસકે વધતી જાય છે, ૨૦૧૦ અને ૨૦૧૧માં (અંતરાય) હું કબૂલીશ કે મોંઘવારી વધતી જાય છે. માનનીય વડાપ્રધાનશ્રીએ પણ કબૂલ્યું છે કે, મોંઘવારી વધે છે. હું આપની જેમ નહીં બોલું કે હું કોઈ વાતને છાવરવાનો પ્રયત્ન નહીં કરું. અમે જ કરી દીધું, અમે જ કરી દીધું, અમે જ કરી દીધું. કોંગ્રેસે ચાળીસ પીસ્તાલીસ વર્ષના ઈતિહાસમાં કશું નથી કર્યુ, એવું તેઓ કહે છે. તમે ઘી દૂધની નદીઓ વહેવડાવી દીધી. હું એવી વાત નહીં કરું, અમારા વડા પ્રધાનશ્રીએ પણ વાત કબૂલી છે કે મોંઘવારી વધતી જાય છે. મોંઘવારી એ ચિંતાનો વિષય છે. આજે એવા ખાતાની માગણીઓ માનનીય મંત્રીશ્રી ગૃહ સમક્ષ લઈને આવ્યા છે ત્યારે હું એટલું જ કહીશ કે આખી વ્યવસ્થા તંત્રને સુદ્રઢ કરવાની જરૂર છે. આપણે પાપમાં ભાગીદાર ન બનીએ એટલું વિચારીએ તો મને લાગે છે કે, આ જે વ્યવસ્થા છે એમાં કંઈક સુધારો આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ટ્રકોની ટ્રકો, ટ્રકોની ટ્રકો, ટેન્કરોની ટેન્કરો પકડાય અને છતાં આપણે ચૂપ. સાહેબ, મારે ત્યાં એક જ વેપારી છેલ્લા બે વર્ષથી ઘઉંના લોટમાં પકડાય છે. કેરોસીનના કાળાબજારમાં પકડાય છે પણ છતાં આજે પરિણામ ઝીરો આવ્યું છે. મેં સંકલનની મિટિંગમાં કહયું હતું, ઘણીવાર મેં કલેકટરશ્રીને વાત કરી છે કે અમારા તાલુકાની અંદર કેરોસીનના કાળાબજાર ખુલ્લેઆમ થાય છે. મારા અગાઉ માનનીય સભ્યશ્રી અમરસિંહભાઈએ નારેગા યોજનાની વાત કરી કે એની અંદર જે કૂપનો આવે છે એ માત્ર મામલતદાર કચેરીનો પુરવઠા મામલતદાર હોય, બીજો મામલતદાર હોય ત્યાંથી જ બારોબાર પેલા સરપંચને પણ ખબર ના પડે એ રીતે બારોબાર ત્યાંથી વગે થઈ જતી હોય છે. આદિજાતી વિસ્તારો માટે તો માનનીય અમરસિંહભાઈએ કહયું એમ, કે મોટા પાયે આવો ભ્રષ્ટાચાર ચાલે છે. આજે બજારની અંદર જે કેરોસીન મળે છે, બજારની અંદર જે ચોખા મળે છે, બજારની અંદર જે ઘઉં મળે છે એમાં લગભગ પંદરથી વીસ ટકાનો તફાવત છે. અને આ તફાવતમાં એક દુકાનદાર સસ્તા અનાજની દુકાનનું કેરોસીન લઈને ગામડે પહોંચ્યો ન હોય ત્યાં તો દલાલો રસ્તામાં તૈયાર હોય. દુકાનદાર ગોડાઉન ઉપર લેવા જાય તે પહેલા જ એના સોદાઓ થઈ ગયા હોય. મારે ત્યાં ડિલરો છે, કેરોસીની ૧૦-૧૫ પીપની પરમીટ આપવામાં આવે છે દુકાનદાર એ પરમીટ લઈને પેલા ડિલરને ત્યાં જાય અને ડિલરને ત્યાં ગયા પછી પેલો ડિલર બે પીપ કે ત્રણ પીપ કાપી લે, પેલો દુકાનદાર એને કાપવા ન દે એટલે દુકાનદારને ધમકી આપવામાં આવે અને કદાચ જો દુકાનદારે ન કાપવા દીધા હોય તો પુરવઠા ખાતાના અધિકારીઓ-ઈન્સ્પેકટરો હોય એ પેલા દુકાનદારને ત્યાં કલાકમાં પહોંચી જાય અને દુકાનદારને ધમકી આપે કે 'પી.બી.એમ.માં તને ફીટ કરી દઈશ, તારી દુકાનનું લાયસન્સ રદ કરી દઈશ.' પેલો દુકાનદાર ફફડાયના માર્યો બીજી વખત લેવા જાય ત્યારે દસ પીપની પરમીટ હોય તો ત્રણ તમારા અને સાત મારા એમ ડરનો માર્યો ચૂપચાપ લઈને બિચારો ચાલ્યો આવે આવી મીલીઝૂલી ચાલે છે. કારણ કે, પેલો ડિલર છે એ અધિકારીઓને મોટા હપતાઓ પૂરા પાડતો હોય છે પણ પેલો દુકાનદાર તો શું આપી આપીને આપે? બે હજાર, પાંચ હજાર, પંદર હજાર પણ પેલો જે ડિલર છે એ ડિલર

મોટી રકમો પૂરી પાડે છે પુરવઠા તંત્રને અને આવી મીલીઝૂલીથી આ સાંઠગાંઠ ચાલે છે અને જે જાહેર વિતરણ વ્યવસ્થા છે એ તદ્દન ખાડે ગઈ છે, તૂટી ગઈ છે એમ કહું તો પણ ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ અગત્યનો વિભાગ છે. ગરીબોની ચિંતા કરતા કહીએ કે અમે તો ગરીબોના, અમે તો આમ કર્યું તેમ કર્યું, અમે તો ઘી-દૂધની નદીઓ વહેવડાવી દીધી. તમે તો કશું નથી કર્યું. પણ અમને ખબર છે કે તમે શું કર્યું છે? ત્યારે આ માગણીઓ સાથે હું સંમત થઈ શકતો.

**સભાપતિશ્રી દોલતરાય ના.દેસાઈ અધ્યક્ષસ્થાને**

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ક્લાઈમેટ ચેઈન્જ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું અને એને સમર્થન કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ચારે બાજુથી એક વાત સતત સંભળાય છે દુનિયાભરની અંદરથી ગ્લોબલ વોર્મિંગ ઈઝ ગ્લોબલ વોર્મિંગ. એટલે ગ્લોબલ વોર્મિંગ એ ગ્લોબલ વોર્નિંગ છે. આ ચિંતાવાળો વિષય છે. ક્યાંક એસિડિક વર્ષા થાય, ક્યાંક હિમશીલાઓ પીગળવાના આપણને સમાચારો મળે, ક્યાંક સમુદ્રની સપાટીનું સ્તર વધવાના આપણને સમાચારો જાણવા મળે, ઓઝોનના પડમાં ક્યાંક કાણું પડે, ઋતુ ચક્રમાં એવા મોટા પ્રમાણમાં ફેરફાર આવે અને ક્યારેય ન વિચાર્યું હોય, ક્યારેય ન અનુભવી હોય એટલા મોટા પ્રમાણમાં ગરમી પડે અને ચેરાપુંજી જેવા વિસ્તારમાં જ્યાં વરસાદ મોટા પ્રમાણમાં પડતો હોય ત્યાં અછતની પરિસ્થિતિ ઉભી થાય અને રણ પ્રદેશ કહેવાય એવા રણ પ્રદેશોની અંદર પુર આવે એવા ચેન્જીસ ક્લાઈમેટમાં આપણે અનુભવી રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક લોકોએ તો આગાહી પણ કરી છે કે પૃથ્વી આમને આમ ચાલશે તો પ્રલયની દિશાની અંદર આગળ વધી રહી છે. આ વૈશ્વિક એક આખી સમસ્યા છે. દુનિયાના જે વિકસિત દેશો છે એણે મોટા પ્રમાણમાં જે જે સંશાધનો છે એનો ઉપયોગ કરવા માંડયો અને અમરિકા જેવો એક દેશ આટલી નાની જનસંખ્યા હોવા છતાં દુનિયાનું ટોટલી જે કન્ઝમ્પ્સન છે એની અંદર ચાલી ટકા જેટલો હિસ્સો એ વાપરે છે એટલે બાકીના જે દેશ છે અને જેમણે જેમણે વિકાસ કર્યો છે આ દેશો જે ઉપભોક્તા કરી રહ્યા છે એના કારણે આખી એક વૈશ્વિક સમસ્યા ઉભી થઈ છે. રોજનું ૨૦ લાખ બેરલ જેટલું પેટ્રોલ-ડિઝલ વપરાય એક તો ભૂગર્ભની અંદર એનો જે જથ્થો છે એ તો ખૂટશે જ, પરંતુ સાથે સાથે એનું બળતણ થાય, એટલે એના કારણે જે પ્રદૂષણ ઉભું થાય છે એ એક બહુ મોટી વૈશ્વિક સમસ્યા છે, હમણાં કોપન હેગનની અંદર જે ચર્ચાઓ થઈ, જે ચિંતા થઈ એ ઘણી બધી થઈ અને બધા લોકોએ જાણેલ છે, પરંતુ આ માત્ર ચર્ચા અને ચિંતાથી પૂરું થાય એટલા પૂરતું નહિ, ગુજરાતે એક અલગ પહેલ કરી, એશિયાની અંદર પ્રથમ એવું રાજય છે કે જેણે અલગ કલાયમેટ ચેઈન્જનો વિભાગ ચાલુ કર્યો છે, એ ગુજરાત છે, સમગ્ર દેશની અંદર આ કોપન હેગનની અંદર ટેકનોલોજીનો ઉપયોગ કરીને કોઈ મુખ્યમંત્રીશ્રીએ ત્યાં આગળ સંબોધન કર્યુ હોય અને તમામ સદસ્યોને, દુનિયાના લોકોને વિશ્વાસ આપ્યો હોય કે આ વૈશ્વિક સમસ્યા છે એમાં ગુજરાતે પહેલ કરી છે, અમે આ પ્રકારના પ્રયોગો કર્યા છે અને એની અંદર અમે ઈનિશિએટીવ લઈને આગળ વધવા માગીએ છીએ, આ આપણા માટે ગૌરવનો વિષય છે કે આ વૈશ્વિક સમસ્યાને આપણે સહજતાથી ન લેતાં કોણ કરે, કોણ કરે એના રોદણાં રોવાથી પૂરું નહિ થાય, પરંતુ આપણે જ્યાં બેઠાં છે ત્યાંથી આપણે શરૂઆત કરીએ, ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે એમણે આ વૈશ્વિક સમસ્યાનો ઉકેલ લાવવા માટે કલાયમેટ ચેઈન્જ નામનો વિભાગ ચાલુ કર્યો, એના માધ્યમથી દુનિયાથી સેવા કરવી, ગુજરાતની તો થાય પણ પ્રકૃતિનું સંવર્ધન કરવું એ પ્રમાણેની અહીંયાથી શરૂઆત કરી છે, આપણી તો પરંપરાઓ હતી

પ્રકૃતિનું પોષણ કરવાની, બહુ બહુ તો એનું દોહવન થાય, ક્યાંય પ્રકૃતિનું શોષણ ન થાય એ પ્રમાણેની આપણી ભવ્ય સંસ્કૃતિ રહેલી છે, એક એક બાબતની, એ પર્યાવરણની હોય, જૈવિક હોય કે અન્ય કોઈ હોય પરંતુ તમામ બાબતની અંદર આપણો દેશ હંમેશા સજાગ રહેલો છે, ઘરના આંગણે તુલસીનો ક્યારો વાવવો, વરસોથી આપણી પરંપરા છે, વૃક્ષનું દાતણ તોડવાનું હોય તો પણ નમસ્કાર કરી, વંદન કરી અને પછી જ લેવાય, રાતના સમયે વૃક્ષની ડાળી ન તોડાય પાપ લાગે, તુલસીનું પાન ચાવવાનું હોય તો પણ દાંતથી ચાવવાનું, દાઢથી નહિ ચાવવાનું, આ પ્રમાણેના આપણા પૂવર્જોએ આપણા ઋષિમુનિઓએ પરંપરા આપી હતી અને જેના કારણે પ્રકૃતિનું પોષણ થતું હતું, અરે ઉનાળાનો સમય આવ્યો હોય તો પંખીઓની ચિંતા કરીને દરેક ઘરની આગળ એક નાનકડી પરબ બનાવે કે પંખી આજુબાજુથી આવતું હોય એ તરસ્યુ ના રહે એ આવીને એની અંદરથી પાણી પીવે, કેટલી ચિંતા હશે પ્રકૃતિની, આ આપણો દેશ, બાકીના લોકો ગમે તે કરે, પરંતુ આપણે બેઠાં રહીએ તો આપણને પોષાય નહિ આપણે તો હરહંમેશા દુનિયાને માર્ગદર્શન આપ્યું છે અને એ પરંપરાને આગળ વધારવા, એ ઋષિમુનિઓની પરંપરા હતી પ્રકૃતિનું પોષણ કરવાની પરંપરા હતી એ પરંપરાઓ જાળવીને રાજયના મુખ્યમંત્રીશ્રી આગળ વધી રહ્યા છે અને એ પણ વૈજ્ઞાનિક અભિગમની સાથે, હવે કાર્બન ક્રેડિટ, કાર્બન ટ્રેડીંગ એક વ્યવસાય તરીકે પણ લઈ શકાય એવો છે, દુનિયાની અંદર કાર્બન ટ્રેડીંગનો મોટો વ્યવસાય અને એની મોટી પોટેન્શિયાલિટી આ દિશાની અંદર રહેલી છે ત્યારે ગુજરાત આ દિશામાં ખૂબ, અલગથી ચારેય બાજુથી વિચાર કરીને આ વ્યવસાય તરીકે પણ લઈને, પ્રકૃતિનું પોષણ તો થાય, પરંતુ સાથે સાથે એક નવો વ્યવસાય પણ છે, એટલે એ દિશામાં પણ આપણે આગળ વધ્યા છીએ. માત્ર એકાદ કલાયમેટ ચેઈન્જ વિભાગ અલગથી ચાલુ થાય એટલા પૂરતું જ નહિ પરંતુ અલગ અલગ ડિપાર્ટમેન્ટો જે રાજય સરકારના છે તેની અંદર પ્રશિક્ષણ આપીને, નવા નવા સંશોધનો કરીને દરેક ડિપાર્ટમેન્ટ એજ્યુકેશન હોય તો એના માધ્યમથી, નર્મદા વિભાગ હોય તો તેના માધ્યમથી, ઈન્ડસ્ટ્રીઝ ડિપાર્ટમેન્ટ હોય તો તેના માધ્યમથી, વન અને પર્યાવરણ વિભાગ હોય તો તેના માધ્યમથી કલાયમેટ ચેઈન્જ જે થઈ રહ્યું છે એનું સંશોધન થાય અને એ થયાં પછી એના ઉપાયો શું છે એ અલગ અલગ વિભાગોના માધ્યમથી પ્રજા સુધી એના અમલીકરણ સુધી પહોંચાડી શકાય એ માટે રાજય સરકારે ધ એનર્જી એન્ડ રિસોર્સીસ ઈન્સ્ટીટ્યુટ (ટી.ઈ.આર.આઈ.) સાથે એમ.ઓ.યુ. કરીને એક સંશોધનનું પણ બહુ મોટા પ્રમાણમાં કામ રાજય સરકારે કર્યુ છે, રાજયના મુખ્યમંત્રીશ્રીએ એક નવી દિશા આપી છે, કોપન હેગનની અંદર પણ કહ્યું હતું અને બીજે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું છે. સેવ ઈસ્ટ વેસ્ટ. માનનીય અધ્યક્ષશ્રી, ઈસ્ટ એટલે એનર્જી, stamp and transport, વેસ્ટ એટલે વોટર, environment, society and time, આ સ્લોગનના માધ્યમથી રાજય સરકારે પહેલ કરી છે. દા.ત. અમદાવાદ આપણું શહેર તે હિન્દુસ્તાનના સૌથી પ્રદૂષણ શહેરોમાં તેનો નંબર આવતો હતો. અને રાજયના મુખ્યમંત્રીશ્રીએ એ દિશામાં મહેનત કરીને અત્યારે હાલ આપણાં જે છેલ્લાં આંકડા આવ્યાં છે તેની અંદર એટલા મોટા પ્રમાણની અંદર સુધારો થયો છે કે જે રજકણો હવાની અંદર પ્રદૂષણના હતા અને આખા ગુજરાતને કાળી ટીલી સમાન હતા કે સૌથી પ્રદૂષણવાળું શહેર એટલે અમદાવાદ. તેની જગ્યાએ માનનીય અધ્યક્ષશ્રી, સી.એન.જી.નો ઉપયોગ કર્યો અને હમણાં બી.આર.ટી.એસ.ના ઉપયોગના માધ્યમથી આપણે ખૂબ સારી સ્થિતિ ઉપર પહોંચ્યા છીએ. અને અત્યારે હમણાં જ પર્યાવરણના સંશોધનના આંકડા આવ્યાં છે તેમાં એવું આપ્યું છે આ ગુજરાતમાં અમદાવાદ શહેરની અંદર એક દુનિયા ઉદાહરણ લઈ શકે તે બાબતનો આ પ્રદૂષણની બાબતમાં સુધારો કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : : માનનીય શંકરભાઈ, એક મિનિટ છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, સૌર ઊર્જાની અંદર રાજય સરકારે ખૂબ initiative લઈને ત્રણ હજાર મેગાવોટ જેટલી સૌર ઊર્જા ઉત્પન્ન કરવી અને પવન આધારિત ઊર્જા ઉત્પન્ન કરીને પ્રદૂષણ અટકાવવા માટેની રાજય સરકારે આ દિશા પકડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વૃક્ષોનું વાવેતર કરી અને ખાસ કરીને ચેરના વૃક્ષો વાવી અને સુનામી જેવા આફતથી બચી શકાય તે પ્રમાણે પણ રાજય સરકારે ખૂબ એક મોટું અભિયાન વન વિભાગ દ્વારા કર્યુ છે. પ્રજાને દિશા આપી શકાય તે માટે થઈને નક્ષત્ર વન, રાશી વન તે લોકોને પોતાની માન્યતા સાથે જોડીને અને તે પર્યાવરણના પ્રેમી થાય, પ્રકૃતિનું પોષણ કરતા થાય તે માટે થઈને રાજય સરકારે એક નવી દિશા આપી છે જેના કારણે આવનારા સમયમાં ખૂબ પરિણામ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના ખેતરની અંદર ટ્યૂબ અને સબમર્શીબલ મોટરો હતી તેમાં બહુ મોટા પ્રમાણની અંદર પાવર વપરાતો હતો હમણાં રાજય સરકારે ફી ઓફ બહુ મિનિમમ ચાર્જીસ લઈ અને બધી મોટરો બદલવા માટે થઈને મૉડલ તાલુકા તરીકે પણ કેટલાક તાલુકા લીધા છે જેના કારણે એનર્જીનું સેવિંગ્સ થશે અને આવનારા સમયની અંદર ક્રેડીટનો મોટા પ્રમાણની અંદર આપણે ક્રેડીટ પણ કરીશું અને બચાવી પણ શકીશું. માનનીય અધ્યક્ષશ્રી, રાજયનો આ વિભાગ નવો વિભાગ છે પરંતુ તેના કારણે પ્રકૃતિનું બહુ મોટા પ્રમાણમાં પોષણ થશે. માનનીય અધ્યક્ષશ્રી, બાકીના દુનિયાના દેશો જે કરતાં હોય તેની અંદર પડવાની જરૂર નથી. અમેરિકા એમ કહેતું હોય કે અમે તો અમારી લાઈફ સ્ટાઈલ નહીં બદલીએ પરંતુ આપણે આ જ્યારે શરૂઆત કરી છે અને રાજયના મુખ્યમંત્રીશ્રી આ વિશે જ્યારે બહુ ગંભીરતાથી લઈ અને આ વિભાગ શરૂઆત કરે છે ત્યારે આ વિભાગની માગણીઓને મારું સમર્થન કરું છું.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ(ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કલાઈમેન્ટ ચેન્જ વિભાગ માગણી નંબર. ૧૦૭ લઈને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ગ્લોબલ વોર્મિંગ તે વીસમી સદીના મધ્યમાં અને તેના અંદાજિત સાતત્યથી પૃથ્વીની નજીકની સપાટીની હવા અને સમુદ્રના સરેરાશ તાપમાન એટલે કે એવરેજ ટેમ્પરેચરમાં થયેલો વધારો એટલે એમ કહેવાય કે પૃથ્વીના તાપમાનમાં થઈ રહેલ વધારો તે ગ્લોબલ વોર્મિંગ કહેવાય. માનનીય સભ્યશ્રી શંકરભાઈએ ખૂબ સરસ વાત કરી છે પણ એક ખૂબ સારો Statistical રિપોર્ટ હું રજૂ કરવા માંગુ છું. અત્યારે પૃથ્વીમાં પ્રતિ વર્ષ કુલ ૧૪.૫ ગીગા ટન કાર્બન ડાયોકસાઈડનું ઉત્સર્જન સહન કરી શકે તેમ છે. વિશ્વના અત્યારના અંગારવાયુના ઉત્સર્જન પ્રમાણે આપણી કુલ બે પૃથ્વીની જરૂર પડે. જો કે કેનેડા અને અમેરિકાના લોકો જે માત્રામાં વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડ ઉમેરે છે તેટલો ઉમેરે અને વિશ્વના લોકો કરે તો આપણે આવી નવ પૃથ્વીની જરૂર પડે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીના સંશોધન મુજબ પૃથ્વી સિવાય આવો બીજો કોઈ ગ્રહ નથી કે જ્યાં માનવ જીવન શકય હોય. ત્યારે આ પરિસ્થિતિને કટોકટી નહીં કહીએ તો બીજું શું કહીએ? માનનીય અધ્યક્ષશ્રી, એક વિકસિત સમાજની સાચી નિશાની એ છે કે તેનો વિકાસ એવો કરે કે જે ટકાઉ હોય. લક્ષ્ય હાંસલ કરવા માટે આવતી પેઢીની વિકાસની તકોને ન રૂંધે એ સાચા વિકાસની નિશાની છે. ગુજરાતની વાત કરીએ. આ રાજયની પરંપરા રહી છે કે છેલ્લી બેથી ત્રણ પેઢી જયારે રાજયની સ્થિતિની વાત કરે છે ત્યારે રાજયે કેટલી પ્રગતિ કરી છે તેની જ વાત કરે છે. પરંતુ આજે હવે એવો સમય પાકી ગયો છે કે આ સતત વિકાસ આવનારી પેઢીઓ માટે અવરોધરૂપ ન બને તેની તકેદારી રાખવી જોઈએ. રાજયના દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ બાબતે પહેલ કરીને વિકાસ અને

પર્યાવરણ એ બન્ને શબ્દોને સરખા પલ્લામાં મૂકયા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કલાઈમેટ ચેઈન્જ વિભાગની જાહેરાત કરી. ગુજરાત સરકારે આ પગલું ભર્યુ છે, તે ફકત ભારતમાં જ નહીં, સમગ્ર એશિયામાં ઉદાહરણ રૂપ છે. આ વિભાગ કલાઈમેટ ચેઈન્જ ઉપર સર્વગ્રાહી નીતિ ઘડશે. સરકારના સંબંધિત વિભાગો સાથે સંકલન કરશે. કલાઈમેટ ચેઈન્જ ઉપર સંશોધન અને દસ્તાવેજીકરણ કરશે. જેથી ભવિષ્યમાં આવનાર પડકારોને પહોંચી વળવા માટેની રણનીતિ આપણે ઘડી શકીએ. આ વિભાગ રાષ્ટ્રીય સ્તરે કલાઈમેટ ચેઈન્જ ઉપર ઘડવામાં આવેલ નેશનલ એકશન પ્લાનને ગુજરાતના કલાઈમેટ ચેઈન્જના સંદર્ભમાં કેવી રીતે અમલીકૃત કરી શકાય તે માટેની કામગીરી પણ કરશે. આ વિભાગની ખાસિયત એ રહી છે કે તે વિકાસના તમામ ક્ષેત્રને સ્પર્શે, તેવી જ રીતે સમાજના તમામ વર્ગોની સાથે રહીને કલાઈમેટ ચેઈન્જ સામે ગુજરાત કેવી રીતે લડત આપી શકે તે નકકી કરીને તેના પર પગલાં લેશે. બીજું એક ઉદાહરણ આપું તો It will cost thirty eight trillion dollars to creat oxygan for six months for all human beings on the earth. Please do it for all. આ પક્ષે હોય કે તે પક્ષે હોય. બધા સભ્યો આ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી શકીએ તેમ છીએ.

આ સરકારનો આ કલાઈમેટ ચેઈન્જ વિભાગ શું કરશે. કલાઈમેટ ચેઈન્જ વિભાગ ગુજરાત રાજયની સર્વગ્રાહી કલાઈમેટ ચેઈન્જ સંબંધી નીતિ તૈયાર કરશે. સરકારના તમામ વિભાગો સાથે સંકલન કરશે. ગુજરાત દેશનો સૌથી વિશાળ ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો ધરાવે છે. સમુદ્ર કિનારે કલાઈમેટ ચેઈન્જની ભવિષ્યની અસરો વિશે વિસ્તૃત સંશોધનો હાથ ધરશે. દરિયાની સપાટીમાં વધઘટ, ખેત ઉત્પાદનમાં ફેરફાર, સાગરકાંઠાના જનસમૂહની સુખાકારી અને સુરક્ષા સામેના પડકારો અને દરિયા કાંઠે આંતર માળખાકીય સુવિધાઓ તથા અકસ્માતો ઉપર કલાઈમેટ ચેઈન્જની અસરો અને અભ્યાસ, તેનું નિવારણ અને માર્ગદર્શન કરશે. green technology માટે સંશોધન અને વપરાશ ઉત્તેજન આપવા revolving fund ઉભું કરશે. જળ, જમીન અને વાયુ પર્યાવરણ સંવર્ધન માટે વ્યૂહરચના પ્રેરીત કરશે. મહત્તમ કાર્બન ક્રેડિટ અર્જીત કરવાના આયામો હાથ ધરવા માર્ગદર્શન આપશે. કલાઈમેટ ચેઈન્જ અંગે શૈક્ષણિક હેતુસર વિવિધ પાઠયક્રમો તૈયાર કરવામાં આવશે. વિશ્વ વિદ્યાલયોમાં કલાઈમેટ ચેઈન્જ અંગે સંશોધન અને વિકાસ વિવિધ અભ્યાસક્રમો અને પ્રાધ્યાપકોને પ્રશિક્ષિત કરવાનું આયોજન કરશે. લોક ભાગીદારી અને લોક જાગૃતિનું ફલક સુનિશ્ચિત રીતે વિકસાવવા પ્રયત્ન કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે પોતાના વિભાગની ચિંતા કરી છે, અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ જે આ વિભાગ જે ગુજરાત રાજયમાં શરુ કર્યો છે, તે બદલ અભિનંદન પણ પાઠવું છું. અને મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને શ્રમ અને રોજગાર વિભાગની માગણીઓ ઉપર મારા કેટલાક સૂચનો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર તો પુરવઠા વિભાગ તદ્દન નિષ્ફળ ગયો છે, એમ હું કહું તો ખોટું નથી. એના માટે મારે કહેવું છે કે આ ભ્રષ્ટાચાર મટાડવો હોય તો હપ્તા પદ્ધતિ સૌ પ્રથમ દૂર થવી જોઈશે. એક પણ દુકાનદાર એવો ન હોય કે જે પુરવઠા વિભાગ પાસે હપતા ન આપતો હોય. અને આ હપતા જયાં સુધી ચાલુ રહેશે ત્યાં સુધી પૂરેપૂરો માલ કયારેય પણ દુકાનદાર દુકાન સુધી અથવા તો ગરીબ સુધી પહોંચાડી શકવાનો નથી. માટે પહેલાં તો આ હપતા બંધ થાય એ જરૂરી છે અને એ દિશામાં પગલાં લેવાવાં જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું ગોડાઉનોમાંથી જયારે માલ આપે છે ત્યારે એ માલ પૂરેપૂરો તોલીને આપવામાં આવતો નથી અને કયાંક તો એક એક કિલો કે બે બે કિલો ઘટતો હોય છે, પરિણામે દૂકાન સુધી પહોંચે એ

૧૦૦માંથી ૯૫ કિલો માલ જ દૂકાને પહોંચે છે અને ફરી દુકાનદાર એમાંથી પણ ઓછો આપે એટલે ગરીબ સુધી તો કેટલો પહોંચે એ આપણે કલ્પના કરી શકીએ છીએ. એટલે એ દિશામાં પણ પગલાં લેવાય અને માલ પૂરેપૂરા વજન સાથે મળે એ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેરોસીનની નીતિ છે એ ૧ થી ૩ ની સંખ્યા ધરાવતું કુટુંબ હોય તો એમાં ૫ લિટર અને ૪ થી ઉપરની સંખ્યા હોય તો ૧૦ લિટર કેરોસીન અપાય છે. તો હું એમ કહું છું કે ૩ ની કુટુંબની સંખ્યા હોય તો એની અને ૪ થી ઉપરની સંખ્યા હોય એને પણ એટલું જ કેરોસીન બળતણમાં વપરાય છે. તો આ કેવી નીતિ છે? આ નીતિ ખોટી છે  ૩ ની સભ્ય સંખ્યામાં જેટલું વપરાય એટલું જ કેરોસીન ૪ કે તેથી વધુ સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબમાં વપરાય છે. એટલે આ ૫ અને ૧૦ લિટર સંખ્યા પ્રમાણે આપવાનો ભેદભાવ છે એ નીતિ પણ દૂર કરવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું એક મારું સૂચન એ છે કે  આ માલ ગોડાઉનોમાંથી દૂકાનો સુધી પહોંચાડવાની વ્યવસ્થા જો સરકાર કરે તો ઘણોખરો ભ્રષ્ટાચાર મટી શકે તેમ છે અને ખરેખર માલ કાળાબજારમાં જાય છે એ પણ બંધ થશે કેમ કે આજે સસ્તા ભાવનો માલ મોંઘા ભાવે વેચાય છે અને પરિણામે ગરીબો સુધી આ માલ પહોંચતો નથી. તો એના માટીની પણ આ પ્રમાણેની વ્યવસ્થા થાય એ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સસ્તાભાવની દુકાનો એ સસ્તા ભાવની રહી નથી. હવે માત્ર બી.પી.એલ.ની દુકાનો બની ગઈ છે. આજની તારીખમાં બી.પી.એલ. અને એ.પી.એલ.નાં ધોરણ એવાં છે કે સાચા જરૂરિયાતવાળાને માલ મળતો નથી. મારા વિસ્તારની વાત કરું તો આજે દુષ્કાળ જેવી પરિસ્થિતિ છે, અનાજ પાકયું નથી તો તમામે તમામ બી.પી.એલ. અથવા બી.પી.એલ. હતા એ હવે એ.પી.એલ. થઈ ગયા છે તો એ તમામે તમામને આજે જરૂરિયાત છે તો બી.પી.એલ અને એ.પી.એલ.નો ભેદભાવ રાખ્યા વિના તમામે તમામને આ સસ્તા અનાજની દુકાન મારતે એનો લાભ મળે એ અત્યંત જરૂરી છે કેમ કે આજે જરૂરિયાતવાળાને માલ મળતો નથી અને જેનાં કાર્ડ બી.પી.એલ.માં આવી ગયાં એને માલ મળે છે અને બાકીનાને મોંઘા ભાવે ખરીદી કરવી પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે માલ સમયસર પહોંચાડવામાં આવે એ જરૂરી છે. ખાંડનો જથ્થો ઘણીવાર છેલ્લી તારીખમાં દુકાનદાર પાસે પહોંચે છે અને છેલ્લી તારીખમાં લોકો પાસે પૈસાની તકલીફ હોય એટલે લોકો માલ લઈ શકતા નથી અને દુકાનદાર એ બારોબાર બજારમાં મોકલી દે છે અન એ રીતે ભ્રષ્ટાચાર થાય છે અને ખરેખર જરૂરિયાતવાળા સુધી એ માલ પહોંચી શકતો નથી. એટલે એ પણ સમયસર માલ પહોંચે એ જરૂરી છે અને એ રીતે કરવામાં આવશે તો પરિણામે સાચા ગરીબો સુધી એ માલ પહોંચાડી શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું રોજગારી બાબતમાં પણ મારે કહેવું છે કે આજે જે રોજગાર કચેરીઓ છે એમાં જે લોકો રોજગારી આપવા માટે બેઠા છે એ રોજગાર કચેરીમાં જ પૂરતો સ્ટાફ ભરવામાં આવેલો નથી, ત્યાં આગળ જ જગ્યાઓ ખાલી છે. તો આ જગ્યાઓ ભરાય એ જરૂરી છે. દાહોદ જિલ્લાની વાત કરું તો  રોજગારી માટે નામો નોંધાવવા માટે લાઈનો લાગે છે. તો ત્યાં આગળ પૂછવામાં આવતાં કહેવામાં આવે છે કે અમારી પાસે પૂરતો સ્ટાફ જ નથી, તો અમે આ કામને કેવી રીતે પહોંચી વળી શકીએ. તો આજે આ પરિસ્થિતિ છે તો  આ શ્રમ અને રોજગાર વિભાગમાં આ કચેરીઓનો સ્ટાફ પૂરેપૂરો ભરાય એ જરૂરી છે, નહીંતર આપણે બેરોજગારોને કેવી રીતે રોજગારી આપી શકીશું? રોજગારી આપવા માટેના સ્ટાફની જ જગ્યા ખાલી હોય તો પછી રોજગારી

કેવી રીતે આપી શકવાના છે? તો આ તમામે તમામ જગ્યાઓ જે ખાલી છે એ ભરવી જોઈએ તો જ આપણે બેરોજગારોને રોજગારી આપી શકીશું. તો આજે આ તો આપણે કરી શકતા નથી.

આજે જયારે શિક્ષણ વધ્યું છે, પરંતુ રોજગારીની તકો કયાં છે? મોટાભાગની જગ્યાઓ ખાલી છે, કોઈપણ જગ્યા ભરવામાં આવતી નથી. જેમ જેમ શિક્ષણ વધ્યું છે તેમ તેમ બેકારોની સંખ્યા પણ વધતી ગઈ છે. આજે તો બેકારોની પરિસ્થિતિ એવી છે કે બેકારો સંગઠન કરીને આંદોલન કરે એવી પરિસ્થિતિ ઉભી થઈ છે. તો શિક્ષણ સાથે રોજગારી જોડાય એ રીતનું શિક્ષણ આપવું જોઈએ એ પણ મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આટલાં મારાં સૂચનો સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, સાડા પાંચ કરોડ ગુજરાતીઓ ગુજરાત સુવર્ણ જયંતિ વર્ષ ઉજવી રહ્યા છે તે સ્વર્ણીમ અવસરે રાજયના અમારા મંત્રીશ્રી નરોતમભાઈ જે સને ૨૦૧૦-૧૧ના અંદાજપત્રની માગણી નંબર ૨૨ અને ૨૩ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો માટે, જેમની આવક ઓછી છે, બી.પી.એલ. નંબર ધરાવે છે, ગરીબ છે, એમ ભગવાનના દરબારમાં અન્ન કુટિર ચાલે છે એમ આ ગુજરાતના મર્દ મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ગરીબો માટે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ ચાલે છે. ગરીબની આંતરડી ઠરે તેનાથી મોટું આ દુનિયામાં બીજું કોઈ સત્કર્મ નથી. એકેય દરિદ્રનારાયણ ભૂખ્યો ન રહે અને સૌ ના માટે પોષક આહાર મળે તેના માટે ગુજરાત સરકાર પ્રતિબધ્ધ છે. દિલ્હીની કોંગ્રેસ સરકારની નિષ્ફળતાઓને કારણે સમગ્ર ભારત દેશમાં મોંઘવારીએ માઝા મૂકી છે. ભયંકર મોંઘવારીના મારથી ગરીબોને બચાવવા ગરીબોના ઘરના ચૂલા સળગે તેના માટે ઘઉં અને ચોખા માટે કરોડો રૂપિયાનો બોજ આ રાજય સરકારે ઉપાડયો છે. રાજયના દીર્ઘદ્રષ્ટા મુખ્ય મંત્રીશ્રીએ ગરીબોની ચિંતા કરી છે અને એમની નેમ છે કે ન ધરા સુધી ન ગગન સુધી, મારે તો જાવું છે છેવાડના માનવી સુધી. કેન્દ્રની કોંગ્રેસની સરકાર એ ગરીબોના પેટ ઉપર લાત મારવાનું કામ કરે છે. ગુજરાત રાજયના બી. પી. એલ. કુટુંબોની સંખ્યા ઓછી બતાવી ગુજરાતને અનાજ પણ ઓછું ફાળવવામાં આવે છે. ભારત સરકારના આયોજન પંચે નકકી કરેલ ૮.૧૦ લાખ અંત્યોદય કુટુંબો તેમજ ૧૩.૧૦ લાખ બી.પી.એલ. કુટુંબો આમ ગુજરાત રાજયમાં ૨૧.૧૦ લાખ ગરીબ લોકો છે. ભારત સરકારે નકકી કરેલ ૧૩.૧૦ લાખ બી. પી. એલ. કુટુંબો અને રાજય સરકાર પ્રમાણે ૨૬ લાખ બી. પી. એલ. કુટુંબો આમ બન્ને વચ્ચે કુટુંબોની સંખ્યામાં ખૂબ મોટો તફાવતને કારણે બી. પી. એલ. કુટુંબોને માસિક ૩૫ કિલો અનાજ આપવાના બદલે અત્યારે ૨૦ કિલો અનાજ વિતરણ કરવામાં આવે છે. સમગ્ર દેશમાંથી દિલ્હી સરકારમાં રજુઆત કરવામાં આવી કે ગરીબોને અન્યાય થાય છે, એમને પૂરતું અનાજ મળતું નથી ત્યારે દિલ્હીની સરકારે તેંડુલકર કમિટીની રચના કરી સમગ્ર દેશમાં સર્વેનું કામ કર્યુ અને ગુજરાત રજયનો સર્વે કરી નવેમ્બર ૨૦૦૯ના માસમાં આયોજન પંચને અહેવાલ સોંપેલ અને તેમાં ગુજરાત રાજયની માથાદીઠ આવક, માથાદીઠ આવકના અંદાજો તથા વસતિને ધ્યાને લેતા ગુજરાત રાજયમાં ૩૪.૧૪ લાખ બી. પી. એલ. કુટુંબો હોવાનો અંદાજ નકકી થઈ શકે તેમ છે. રાજય સરકારે જે ૩૪ લાખ કુટુંબો અંત્યોદય સહિત નકકી કર્યા છે તેનો તેંડુલકર કમિટીના તારણો અને અભ્યાસ બાદ રાજયના ૩૪.૪૧ લાખ બી. પી. એલ. કુટુંબોના આંકડા વચ્ચે જોગાનુ જોગ સામ્યતા થાય છે. અમારા બાહોશ પુરવઠા મંત્રી ભારત સરકાર અને રાજય સરકાર વચ્ચે ગરીબ કુટુંબોના જે આંકડા સંદર્ભે મતભેદ છે તેના માનનીય મંત્રીશ્રીએ, નાગરીક અને પુરવઠાએ ૧૧-૧-૨૦૧૦ના પત્રથી કેન્દ્ર સરકારના માનનીય મંત્રી શરદ પવારને અર્ધ સરકારી પત્ર પાઠવી ૩૪.૪૧ લાખ ગરીબ કુટુંબોને અનાજ ફાળવવાની વિનંતી કરી છે. આમ છતાં કેન્દ્ર સરકાર પુરતો પુરવઠો ફાળવતી નથી.બી.પી.એલ. કુટુંબોને અનાજ

ફાળવવાની યોજના છે. ભારત સરકાર ઘઉં પ્રતિ કિલો ૪ રૂપિયાને ૧૫ પૈસા અને ચોખા પ્રતિ કિલો ૫ રૂપિયા અને ૬૫ પૈસાએ રાજય સરકારને ફાળવે છે. એમાં રાજ્ય સરકારનો વહીવટી ખર્ચ ઉમેરાતા ઘઉ ૫ રૂપિયા ૪ પૈસા અને ચોખા પ્રતિ કિલો ૬ રૂપિયા ૬૪ પૈસા પડતર ભાવ આવે છે. ભારત સરકારે બી.પી.એલ. કુટુંબો માટે વિતરણના કોઈ ભાવ નક્કી કરેલા નથી. વિરોધપક્ષના મિત્રોને મારી વિનંતી છે કે તેઓ કેન્દ્રમાં રજૂઆત કરે અને આયોજન પંચે નક્કી કરેલા ૨૧.૨૦ લાખ કુટુંબોને બદલે તેડુંલકર સમિતિના તારણો મુજબ ૩૪.૪૧ લાખ કુટુંબો માન્ય કરે અને તે પ્રમાણે અનાજનો જથ્થો ફાળવે જેથી કરીને ગરીબોને પૂરેપૂરુ અનાજ ફાળવી શકાય. એકબાજુ કેન્દ્રસરકાર ગરીબોને અન્ન સલામતી આપવા માગે છે અને બીજી બાજુ ગરીબોના આંકડાની વાત સ્વીકારવા તૈયાર નથી. કેન્દ્ર સરકાર એકબાજુ ગરીબ કુટુંબોને માસિક ૩૫ કિલો અનાજ આપવા માટે જણાવે છે અને બીજી તરફ અન્ન સલામતી કાયદામાં પોતાના ચૂંટણી ઢંઢેરામાં ૨૫ કિલો અનાજ આપવાની વાત કરે છે. તો દરેક કુટુંબોને આ રીતે દસ કિલો અનાજ ઓછું આપે છે. (સમય સૂચક ઘંટડી)

**શ્રી અનિલકુમાર અ. માળી(દીઓદર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન અને નાગરિક પુરવઠા બાબતોના વિભાગની માગણી નંબર ૨૨ અને ૨૩ના સમર્થનમાં આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

મારા સાથી મિત્રોએ આ વિભાગની કામગીરી બાબતમાં ઘણી બધી ચર્ચા કરી છે ત્યારે એ અંગે વધારે વાત હું કરવા માગતો નથી. પરંતુ મોંઘવારી અને ભાવ વધારો દરેક બાબતને સ્પર્શે છે ત્યારે એ અંગે હું મારી વાત કરવા માગુ છું. ઘણા બધા સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા ત્યારે સન્માનનીય સિનિયર માનનીય સભ્યશ્રી ખુમાનસિંહભાઈ વાત કરતા હતા. તેઓશ્રી એવી વાત કરતા હતા કે ભલે આ બાજુ બેઠા હોય કે આ બાજુ બેઠા હોય સત્ય સ્વીકાર્યા વગર રહેવાતું નથી. પેટમાં અન્ન પડેલ છે એ બહાર આવ્યા વગર રહેતું નથી. મારે એમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવા છે કે દેશમાં આજે મોંઘવારીએ માઝા મૂકી છે એ વાત એમણે હૃદયથી સ્વીકારી છે એ બદલ હું એમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

તાજેતરમાં જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવો આસમાને પહોંચ્યા છે ત્યારે મારી ભારતીય જનતા પક્ષની સરકારે આ રાજયમાં ગરીબોને કઈ રીતે મદદરૂપ થવાય એના માટે વિવિધ પગલાં લીધા છ. મારે એ જણાવવું છે કે મોંઘવારી શબ્દ છે એનું કાગળ ઉપર વર્ણન કે નજરે દેખી શકાય તેવી બાબત નથી. પરંતુ આ મોંઘવારી છે એ અનુભવવાની બાબત છે, ગરીબો એને અનુભવે છે એના પરિણામ રૂપે સામાન્ય આમ જનતા ઉપર સામાન્ય માનવીને કેટલું વેઠવું પડે છે એની પ્રતીતિ કરાવે છે, આ બાબત ઘણી ચિંતા ઉપજાવે તેવી બાબત છે. સામાન્ય માનવી માટે ખાદ્ય પદાર્થની વાત કરીએ, અનાજની વાત કરીએ, શાકભાજીની વાત કરીએ કે દૂધ જેવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવો એટલા બધા વધી ગયા છે કે દર અઠવાડિયે બજારમાં જઈએ ત્યારે દરેક ચીજોના આસમાને ભાવ પહોંચી ગયા હોય તેવું સાંભળવા મળે છે. ગરીબ માનવી કે આમ જનતા માટે મોંઘ ાવારી એ સ્વીટ પૉઈઝન છે, ધીમુ ઝેર છે. જેના પરિણામે માનવી ઉપર દુરોગામી અસર ઊભી થાય છે. મારે મોંઘવારીના આંકડા વિશે આ ગૃહમાં પ્રકાશ પાડવો છે. ઘઉંની વાત કરીએ તો આજની તારીખે ૬૮ ટકા ભાવ વધારો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, ચોખામાં આ સરકારના નિષ્ફળ વહીવટના કારણે ૧૦૦ ટકાનો વધારો ચોખા ઉપર થયો છે. સીંગતેલમાં ૨૫ ટકાથી પણ વધારે વધારો થયો છે. ગરીબ માટે તુવેરની દાળ કહી શકાય, તે તુવેરની દાળ ઉપર ૧૧૬ ટકા વધારો. ચણાની દાળની વાત કરું તો ૭૬ ટકાનો વધારો. સામાન્ય ડુંગળીની વાત કરું તો ૧૫ ટકાનો વધારો અને ખાંડની મારે વાત કરવી છે તો ૧૭૫ ટકાનો વધારો. આ ખાંડ ઉપર વધારો છે.

આ ખાંડની વાત, ૧૭૫ ટકાના વધારાની વાત આવે ત્યારે મને વાત યાદ આવે કે આ દેશના ખાદ્યપદાર્થના મંત્રી એવું નિવેદન કરે કે આ દેશના ગરીબો ખાંડ નહીં ખાય તો એ મરી જવાના નથી. ખાંડ ખાવાથી ડાયાબીટીસ થાય. આવી વાત આ દેશના ખાદ્યમંત્રી કરતા હોય ત્યારે આ વાત કેટલી ઉચિત છે એ પણ આપણે સમજવું જોઈએ. હમણાં જ ડિઝલ અને પેટ્રોલના ભાવમાં અસંખ્ય વધારો થયો. ગેસની અંદર પણ ૨૦ ટકાથી વધારે વધારો થયો. આ ભાવ તે વાતની ચાડી ખાય છે કે જ્યારે એમણે લોકસભાની ચૂંટણી વખતે મૅનિફૅસ્ટોમાં જાહેરાત કરી હતી કે ૧૦૦ દિવસના વહીવટમાં અમે મોંઘવારીને ડામીશું, આમ આદમીને ઉપયોગી થઈશું એવો વહીવટ કરીશું. આ ગરીબી અને ગરીબી દૂર કરવાની વાત તો એક બાજુ પર રહી પણ ગરીબો કઈ રીતે દૂર થાય એ દિશામાં ફરી આ સરકારે પ્રયાસ કર્યો છે ત્યારે મારે એ વાત કરવી છે કે આજે કેટલા કુટુંબ એવા હશે કે જેને બે ટંકના રોટલા માટે વલખા મારવા પડે છે.(અંતરાય) માનનીય ખુમાનસિંહભાઈ, આપ જ્યારે બોલી રહ્યા હતા ત્યારે હું શાંતિ રાખતો હતો. આપને હું વિનંતી કરું છું કે મારી વાત પૂરી થાય ત્યાં સુધી આપ પણ શાંતિ રાખો. માનનીય અધ્યક્ષશ્રી, આજે કેટલા કુટુંબ એવા છે કે જેને બે ટંકના રોટલા માટે વલખા મારવા પડે છે. તેના માટે ભાજપની સરકારે ચિંતા કરી. જુદી જુદી યોજના અંતર્ગત આ રાજયની અંદર આપ જોઈ રહ્યા છો, એ રીતે સમગ્ર દેશની અંદર કેન્દ્રની સરકારે નિષ્ફળતા હાંસલ કરી છે ત્યારે ગુજરાતમાં આખા દેશમાં રોગચાળો હોય, આતંકવાદ હોય, મોંઘવારીએ માઝા મૂકી હોય ત્યારે આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે આ રાજયના મુખ્યમંત્રીએ માત્ર આ દેશમાં નંબર હાંસલ કર્યો છે એમ નહીં, પણ વિદેશો સાથે તાલ મિલાવી રહ્યા હોય એવા સમયે રાજયના મુખ્યમંત્રીને હું હ્રદયપૂર્વકના અભિનંદન પાઠવું છું. આ કેન્દ્રની સરકાર આ રાજયોના મુખ્યમંત્રીને બોલાવે અને એ વાત કરે કે આપ સૌ રાજયવાળાઓ આની નૈતિક જવાબદારી સંભાળો અને મોંઘવારીને અંકુશમાં લેવા માટે આપ રાજય કક્ષાએથી પ્રયત્ન કરો. એવા સમયે અમારે વાત કરવી પડે કે વહીવટ એ કરે અને રાજય સરકારોને એમ કહે કે મોંઘવારી આપ ડામો. માનનીય અધ્યક્ષશ્રી, • (xxxx) એવી વાત આ કેન્દ્ર સરકાર કરતી હોય ત્યારે એ કેટલી ઉચિત છે એ મારે કહેવું પડે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે શબ્દો વાપરે છે તે અસંસદીય છે. તેની મર્યાદામાં રહીને વાત કરવા માટે જણાવો. અન્ન અને નાગરિક પુરવઠાના વિષયની મર્યાદામાં રહીને વાત કરે.

**સભાપતિશ્રી:** અનિલભાઈ, એ શબ્દો અમે રદ કરીશું. પણ આ તો કહેવત છે. તમારા પક્ષ પર કયો આક્ષેપ થયો તેમાં? છતાં એ શબ્દો કાઢી નાખું છું. (અંતરાય)

**શ્રી અનિલકુમાર અ. માળી** : કંઈ વાંધો નહીં, માનનીય અધ્યક્ષશ્રી, પાડાના વાંકે પખાલીને ડામ એવી નીતિ જ્યારે અપનાવી રહી છે ત્યારે મારે મારા જિલ્લાની વાત કરવી છે. તેના પહેલાં ખુમાનસિંહભાઈ જે વાત કરી રહ્યા હતા એ વાત ફરી કરવી છે અને કિશોરી સાહેબે જે વાત કરી, કે દરોડા પડે આ થાય, પણ આ રાજય સરકારે કંઈ તેની સામે પગલાં નથી લીધા. સત્ય માહિતીને છૂપાવવી એ વ્યાજબી વાત નથી. આપણે ભલે કયાંથી વાત શરૂ કરીએ પણ તેના પહેલાંનું જે અવલોકન હોય એ મૂકવું જોઈએ. હું આપના મારફત ગૃહને એ વાતની જાણ કરવા માગું છું કે ભારતીય જનતા પાર્ટીની સરકારે આ રાજયના મુખ્યમંત્રીએ બાહોશતાથી સંગ્રહખોરો સામે લાલ આંખ કરી અને સંગ્રહખોરીને નાથવા માટે વર્ષ ૨૦૦૯ દરમ્યાન ૨૫,૬૧૨ તપાસ કરી અને ૨૫.૩૮

• (xxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

કરોડનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. માનનીય મંત્રીશ્રીની માગણીઓને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**સભાપતિશ્રી:** વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ સવારના ૧૦-૩૦થી ૧૧-૦૦**

**સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને**

**શ્રી ઇકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ઘણી બધી ચર્ચાઓ શ્રમ રોજગાર, નાગરિક પુરવઠા અને એન્વાર્યમેન્ટ ઉપર થઈ. આજે દુનિયાભરમાં એન્વાર્યમેન્ટ જેને કહેવાય, પર્યાવારણ જેને કહેવાય, વાતાવરણ જેને કહેવાય, આબોહવા જેને કહેવાય એમાં મોટા પ્રમાણમાં પરિવર્તન આવેલ છે. જે દેશોમાં અત્યારે પરિવર્ત છે એમાં યુરોપ, અમૅરિકા, ચાઈના, ભારત જેવા કોઈ દેશ ઋતુ પરિવર્તનના કલાયમેટ ચેન્જના બદલાવમાંથી બાકાત નથી. અમૅરિકા, બ્રિટન અને ચીનમાં અભૂતપૂર્વ કહી શકાય તેવી બરફ વર્ષા થઈ, એના કારણે જન જીવન ઉપર થયેલ અસરો દિવસોના દિવસો સુધી આપણે નિહાળી છે. હવાઈ વિમાન સેવા, બસ સેવા બંધ થઈ અને સામાન્ય નાગરિકો જેને કહેવાય એ નાગરિકોને પોતાના કામના સ્થળોએ પહોંચવા માટે જે મુશ્કેલી ઊભી થાય એ હવામાનના પરિવર્તનને આભારી છે. દરિયામાં પાણીની સપાટી વધી રહેલી છે. હિમાલય જેવા બરફના પહાડો વધારે પ્રમાણમાં ઓગળી રહેલા છે અને એનાથી દરિયાની સપાટી ઊંચી આવેલ છે. જેના કારણે સુનામી જેવી સ્થિતિ ઊભી થયેલ છે. આ બદલાવ કલાયમેટ ચેન્જને કારણે છે. આપણા ૧૬૦૦ કિ.મી.ના દરિયા ઉપર જે સ્થિતિ છે, ગુજરાતના દરિયા કાંઠા ઉપર સૌથી વધારે કલાયમેટ ચેન્જની અસર થયેલ છે. આ કલાયમેટ ચેન્જ પછી આ પર્યાવરણને કોણે તોડેલ છે? આ પર્યાવરણના આદર્શ અને સિદ્ધાંતો, નેચરલ જસ્ટીફીકેશન હતા. એને આપણે બદલેલ છે, આપણી સરકારોએ બદલેલ છે, આપણી જીવન પદ્ધતિએ બદલેલ છે. ગુજરાતના ૧૬૦૦ કિ.મી.ના દરિયાની સ્થિતિ છે એના ઉપર કલાયમેટ ચેન્જની વ્યાપક અસર છે. માર્ચ મહિનામાં અધવચ્ચે તાપમાન ૪૦ ડિગ્રી થાય, આટલી ગરમી ઝડપથી થાય અને ઉનાળાની મધ્યમાં વ્યાપક ગરમી થાય. એ બદલાવ હવામાનને આધારિત છે, એની જન જીવન ઉપર અસર થયેલી છે. એટલું જ નહીં પણ સામાન્ય રીતે કલાયમેટ ચેન્જની અંદર જો કોઈ સૌથી વધારે બાબત હોય તો ઉદ્યોગો અને પર્યાવરણનું બેલેન્સ રાખવું જોઈએ એ બેલેન્સ આપણે જાળવી શક્યા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૦થી ગુજરાતમાં દિન-પ્રતિદિન ઉદ્યોગો વાપીથી લઈ કચ્છ સુધીના વિસ્તારની અંદર જે રીતે થયા અને એ ઉદ્યોગોની સ્થાપના કરવામાં આવી. એમાં મોટા ભાગે ઉદ્યોગોને સો ટકા આવકારવાની સ્થિતિ છે. એ ઉદ્યોગોથી આવનાર દિવસોમાં પર્યાવરણ ઉપર કેવી અસર થશે? હવા ઉપર કેવી અસર થશે, જળ ઉપર કેવી અસર થશે, દરિયા ઉપર કેવી અસર થશે, નદીઓ ઉપર કેવી અસર થશે? એ આપણે વિચાર્યું છે? ઉદ્યોગો આવે ત્યારે લાલ કારપૅટ પાથરી આવકારીએ પણ આવકારવાની સાથે આ બધું જોવા માટે કોઈ ચોક્કસ તંત્ર નથી. આ ઉદ્યોગોથી જે તે વિસ્તારમાં શું અસર થશે? માનનીય સભ્યશ્રીએ ૮૮ જેટલી વસાહતોની વાત કરી, ખૂબ સાચી વાત કરી. આ વસાહતો જોયા પછી કેન્દ્રના વિદ્વાન મંત્રીશ્રી જયરામ રમેશે ગુજરાતની ચિંતા કરી.અને એમણે આવીને વસાહતોની મુલાકાત લીધી. ગુજરાત પ્રદૂષણ બોર્ડના અધિકારીઓને બોલાવ્યા, સેન્ટ્રલ બોર્ડના અધિકારીઓને બોલાવ્યા, સ્થાનિક ઉદ્યોગોના પ્રતિનિધિઓને બોલાવ્યા અને સ્થાનિક પ્રજાના પ્રતિનિધિઓને હાજર રાખ્યા. એમણે રાત્રે એમની પોતાની લાલ લાઈટવાળી ગાડી બાજુ ઉપર મૂકી અને

સામાન્ય સીવીલાઈઝ ડ્રેસની અંદર, સીવીલાઈઝ ગાડીની અંદર ઔદ્યોગિક વસાહતમાં ગયા, પોલીસ વગર ગયા અને જે વસાહતના અંદર પ્રદૂષણ હતું, ભયાનક પ્રદૂષણ હતું એ પ્રદૂષણનો પોતે અભ્યાસ કર્યો, ખાડીના ઉપર જઈને ઉભા, પાણી જે વહેતુ હતું કલરવાળુ પાણી, કેમીકલવાળું પાણી અને એના ઉપર ગંદુપાણી જે વહેતુ હતુ કેમીકલયુકત એનો જાતે એમણે પ્રત્યક્ષ નીરીક્ષણ દિવસમાં કર્યુ, રાત્રે એમણે જે હવાના દબાણમાં જે ઝેર ઓકાય છે અને એ નફો મેળવે છે ઉદ્યોગ અને એનું ઝેર સ્થાનિક જે પ્રજા છે, લોકલ જે પ્રજા છે એ પ્રજા પોતાના શ્વાસમાં એ ઉદ્યોગનો ઝેરી વાયુ શ્વાસમાં લે છે અને શ્વાસમાં લઈ અને એના આરોગ્યને કેટલું ભયાનક નુકસાન થાય છે એની કોઈ કલ્પના નથી આપણને. આપણે ગ્રોથની વાત કરીએ છીએ, અમે લોકો આવકારીએ છીએ પણ એવો ઉદ્યોગ ન હોવો જોઈએ કે જે ઉદ્યોગ સ્થાનિક વિસ્તાર માટે એક આશીર્વાદરૂપ બનવાને બદલે અભિશાપરૂપ બને એવો ઉદ્યોગની ગુજરાતની અંદર જરૂર નથી અને એટલા માટે આ જે ઓલ ઇન્ડિયાનો સરવે કરવામાં આવ્યો એમાં ભારત વર્ષની અંદર આટલા બધા રાજયો અકે અબજની વસ્તી અને લાર્જેસ્ટ ડૅમોક્રૅટિક કંટ્રી જેને કહેવાય એમાં ગુજરાતના અંદર બે ઔદ્યોગિક વસાહતો નંબર-વન અને ટુ ના ઉપર આવી. અંકલેશ્વર નંબર-વન ઉપર આવી, વાપી નંબર-ટુ ઉપર આવી, સાઉથ ગુજરાતના અંદર આ બંને ઔદ્યોગિક વસાહતોની અંદર આજે તમે હાઈવે ઉપરથી પસાર થાવ, આજે તમે ટ્રેનમાંથી પસાર થાવ, અગર એ.સી. ચાલતુ હોય તો પણ એમાં સ્મેલ આવે, ગ્લાસ ખુલ્લો હોય, વીન્ડો ખુલ્લી હોય એમાંથી પણ સ્મેલ આવે અને એ સ્મેલ જો આપણે ત્યાંથી પસાર થઈએ તો તમારે આંખ મીચેલી હોય તો પણ કહેવાનું કે આ અંકલેશ્વર કે વાપી પસાર થઈ રહેલુ છે. આટલા બધા પગલાઓ લીધા, આટલી બધી તમે સિદ્ધિની વાત કરો છો, આટલો બધો તમે ટાર્ગેટ બનાવો છો તો શા માટે તમે આ પ્રદૂષણ ઉપર કંટ્રોલ નથી કરતા, એવું કયું કારણ છે કે એ ઉદ્યોગોની સામે તમારે બિલકુલ બિનદાસ્ત બનીને આ વહીવટ ચલાવવો પડે છે, એવી કઈ મજબૂરી છે કે જે મજબૂરીને કારણે આ ઉદ્યોગોને તમે કલોઝર નોટિસ નથી આપતા, એવી કઈ મજબૂરી છે કે કલોઝર નોટિસ પછી પણ એના ઉપર કોઈ એકશન નથી લેતા? દરીયાનું પાણી બગાડી નાખે, મસ્ત્યઉદ્યોગ ઉપર જેને કહેવાય એટલી જબરજસ્ત અસર છે કે અમારા નર્મદાના કીનારાના ઉપર શુકલતીર્થ જનોરથી લઈ અને ઠેઠ દહેજના કીનારા સુધી ફીશરીઝની ઈન્ડસ્ટ્રી મરવા બેઠેલી છે. જે ફીશરીઝ ઈન્ડસ્ટ્રીથી આટલી મોટી વ્યાપક નિકાસ થતી હતી એ આ ઉદ્યોગોના પાપને લીધે, ઉદ્યોગોની આ કમનસીબ ધટનાઓને લીધે આજે એ દરિયાની અંદર, એ નદીના અંદર સાહેબ આજે પણ એ ફીશરીઝ ઇન્ડસ્ટ્રી ખતમ થઈ ગયેલી છે. એની અસર માનવવસ્તી ઉપર થયેલી છે. માનવ વસ્તીને અનેક રોગોનો જેવા કે સ્કીનના રોગો, પીવાના પાણીના કારણે ડાયજેસ્ટ સીસ્ટમ પર અસર પડવાને લીધે પેટના રોગો આજે જે થઈ રહેલા છે એ વસ્તી વેઠી રહી છે. નફો કોણ કરી રહેલુ છે ઉદ્યોગ કરી રહેલો છે. નફો કરીને એ વસ્તીને નુકસાન કોણ કરી રહેલુ છે. ઉદ્યોગ કરી રહેલો છે, પ્રદૂષણ બોર્ડ શું કરે છે, સરકાર શું કરે છે, સરકાર આના ઉપર કોઈ ગંભીર નથી અને એટલા માટે આ કલાયમેન્ટ ચેંન્જ ઉપર જો તમે પગલા લીધા હોત તો આ સ્થિતિ ન આવી હોત. અત્યારે પ્લાન્ટેશનનો મુદ્દો ખૂબ અગત્યનો છે. અત્યારે જે ઈન્ડસ્ટ્રીયલ બેલ્ટ બની રહેલો છે, ઉદ્યોગોની વાત કરવામાં આવી છે એ ઉદ્યોગના વચ્ચે જે પ્લોટ છોડી અને જે પ્લાન્ટેશન કરવું જોઈએ એ કોઈ પ્લાન્ટેશન ૫ વર્ષની અંદર કરવામાં આવેલુ નથી. વન અને પર્યાવરણ મંત્રી અહીં નથી પણ હું આપના મારફત એક વાત કરવા માગુ છું કે તમે એક બેલ્ટના અંદર ઉદ્યોગ બનાવો, કલ્સ્ટર બનાવો,એક બેલ્ટમાં તમે ૬૦ હજાર વીઘા જમીન એક વિસ્તારમાં લો અને એ વિસ્તારમાં ૧૦૦ વીઘા જમીનમાં પ્લાન્ટેશન ન કરી શકો? તમે ૧૦૦ વીઘા જમીન રિઝર્વ ન કરી શકો? અંગ્રેજોના જમાનામાં કેટલી મુત્સદીગીરીથી આયોજન કરવામાં આવેલ હતું કે આજે પણ બ્રિટનમાં કેટલાક

સુંદર પાર્ક વસાહતોની વચ્ચે ૫૦-૫૦ એકરના પાર્ક એન્વાયર્નમેન્ટ માટે છોડેલા છે. એની આજુબાજુની વસતિ માટે છોડેલા છે. દિલ્હીમાં પણ કેટલાક પાર્ક છોડવામાં આવેલ છે. એ છોડવાવાળાનો મૂળ આશય એ છે કે માનવીના આરોગ્ય ઉપર એની અસર છે, જનજીવન ઉપર અસર છે, નવા ભાવિ બાળકો પેદા થાય છે એના ઉપર અને સગર્ભા સ્ત્રીઓ તથા નવા બાળકના આરોગ્ય ઉપર અસર છે એને રોકવી હશે, એને અટકાવવી હશે તો પર્યાવરણનું બેલેન્સ કર્યા સિવાય તમારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. (અંતરાય) સાત મિનિટ બેલેન્સ છે. માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક વસાહતોની સાથે સાથે આપણે જે પાર્ક બનાવીને વન અને પર્યાવરણને બેલેન્સ કરવાનું હતું એ આપણે કરેલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ છે એ વિભાગના મંત્રીશ્રી પણ ખૂબ અનુભવી છે અને મારે કહેવું પડશે કે શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ બેરોજગારોને રોજગારી આપવાનો કાર્યક્રમ છે. ઉદ્યોગો માટે તમે જમીન સંપાદન કરો છો એ ઉદ્યોગ ઉપર તમે નોકરી જે લેન્ડ લુઝરને આપવી જોઈએ એ શ્રમ અને રોજગાર વિભાગમાં આવે છે. એ વિભાગમાં એક વખત એવો જવાબ આપવામાં આવે છે કે બીન પ્રોત્સાહિત ઔદ્યોગિક એકમો છે એને આપણે ફરજ પાડી શકતા નથી. પ્રોત્સાહિત એકમોને ફરજ પાડી શકીએ છીએ. પરિણામ એ આવ્યું છે કે સંખ્યાબંધ ખેડૂતો લેન્ડ લુઝર હોવા છતાં આજે દહેજના ઔદ્યોગિક વિસ્તારમાં આજે નોકરી વગરના છે. માત્ર ૫૦૦ ખેડૂતોના કુટુંબોને નોકરી મળેલ છે. હું દરેક વખત કહું છું કે જે ખેડૂતોએ જમીન ગુમાવેલ હોય એને ક્યારેય કોઈ બીજી રોજી મળવાની નથી. બીજો કોઈ વ્યવસાય નથી. એટલા માટે અમે કહીએ છીએ કે શ્રમ અને રોજગાર વિભાગે આ ઉદ્યોગોનું મોનીટરીંગ કરીને એ વિસ્તારમાં જે લેન્ડ લુઝરો છે, સ્થાનિક બેરોજગારો છે, સ્થાનિક તજજ્ઞો છે એને રોજી આપવી જોઈએ. આ સરકારની નૈતિક ફરજ બને છે. સરકાર નૈતિક ફરજમાંથી કોઈ પણ અમલ કરવાના બદલે આ એરિયામાં ૫૦૦ માણસોને નોકરી આપવામાં આવેલ છે. એમની પાસે યાદી નથી કે કેટલા લોકો નોકરી મેળવવા એન્ટાઈટલ છે. જ્યારે ઉદ્યોગ સ્થપાય એના ઉપર ૧૦૦ માણસોની જમીન જતી હોય તો ૧૦૦ માણસોને કાર્ડ આપવા જોઈએ અને એ કાર્ડથી નોકરી મેળવવા માટે પાત્ર છે, ભલે ક્લાસ-૪માં આપે, સ્વીપરમાં આપે કે માળીમાં આપે. ભલે ક્લાસ ફોરની અંદર ગમે તે જોબની અંદર આપે પણ એ પ્રમાણે બેકારોને નોકરી આપવા માટેની આપણી નૈતિક ફરજ બને છે અને એનો અમલ ગુજરાતમાં કરવામાં આવતો નથી. ઉદ્યોગો લીલાલહેર કરે છે. ખેડૂત જે જમીન ગુમાવે છે એ રજડતો અને રખડતો થઈ જાય છે અને જો એની ઉપર ગંભીરતાથી નહિ લેવામાં આવે તો They will come. બંગાળમાં જે થયું છે તેનું પુનરાવર્તન ગુજરાતની ભૂમિ ઉપર થશે અને એટલા માટે એવા સવાલની સાથે સાથે ઔદ્યોગિક વિસ્તારમાં ટેકનોલોજી આપણે આપવી પડશે. આઈ.ટી.આઈ.ની સ્થાપના આપણે ક્યાં કરીએ છીએ? આપણે જ્યાં આગળ ઉદ્યોગો છે, જ્યાં આગળ કરોડો રૂપિયાનું રોકાણ છે ત્યાં આપણે ઉદ્યોગોને આઈ.ટી.આઈ.ની જરૂર હોય એવા કોર્ષિષ ચાલુ કરાવીને સ્થાનિક છોકરાઓને આપણે ટ્રેઈન કરવા જોઈએ. માની લો કે એટેન્ડન્ટ ઓપરેટર છે, કેમીકલ પ્લાન્ટ છે, ફિટરની જરૂર છે, કેમીકલને લગતા છોકરાઓની જરૂર છે, યુવાનોની જરૂર છે તો આઈ.ટી.આઈ.ની જે તે વિસ્તારમાં સ્થાપના કરવી જોઈએ અને તે વિસ્તારમાં ટ્રેનિંગ આપીને આવતીકાલે જોબ ત્યાં ક્રિએટ થઈ શકે એ સ્થિતિનું નિર્માણ થવું જોઈએ, આની ઉપર કોઈ મોનિટરીંગનું તંત્ર નથી. કોઈ આઈ.ટી.આઈ.ના ઉપર મોનિટરીંગનું તંત્ર નથી. કોઈ શ્રમ અને રોજગારની એપ્લોયમેન્ટની જેટલી સ્કીમો છે તેના ઉપર કોઈ મોનિટરીંગનું તંત્ર નથી. આંધળુંકિયું જેને કહેવાય એ અનુકૂળ કરે છે સાહેબ. (અંતરાય)

**સભાપતિશ્રી** : ઈકબાલભાઈ એક મિનિટમાં પૂરું કરજો. તમારા વકતવ્ય માટે મને પણ ગૌરવ છે.

**શ્રી ઈકબાલ પટેલ** : આપ જે આદેશ આપશો એનો અમલ કરીશ સાહેબ.

**સભાપતિશ્રી** : સાત મિનિટ મેં તમને વધારે આપી.

**શ્રી ઈકબાલ પટેલ** : એ જ રીતે અત્યારે જે વાત થઈ. એ વાતની અંદર અન્ન અને નાગરિક પુરવઠાની વાત થઈ સાહેબ. અન્ન અને નાગરિક પુરવઠામાં અમારાં મિત્રોએ ઘણી બધા જે ગરીબ માણસને સસ્તા દરે, રેઈટથી જે અનાજ આપવું જોઈએ. કેન્દ્ર જે અનાજ આપે છે, અંત્યોદય જેને કહેવાય, ગરીબ માણસ જેને કહેવાય એવા ગુજરાતના ૮ લાખ પરિવારોને સાહેબ અંત્યોદય યોજના હેઠળ ગરીબ માણસને મફત અનાજ આપવામાં આવી રહ્યું છે. એટલું જ નહિ, બી.પી.એલ.વાળાને પણ સસ્તા દરે અનાજ આપવામાં આવી રહેલું છે. મોંઘવારીની સાહેબ વાત થઈ. મોંઘવારી માટે દેશના વિદ્વાન વડાપ્રધાનશ્રીએ પાર્લામેન્ટમાં ચર્ચા આપી. દરેક પક્ષોને તક આપી. દરેક પક્ષોને ડિબેટમાં ભાગ લેવા માટે તક આપી. ગુજરાતમાં કોઈ ઈસ્યુ થશે તો આ ગુજરાતની સરકાર ડિબેટ નહિ આપે. ગુજરાતની સરકાર ચર્ચા નહિ આપે. આ તો એક બાહોશ વડાપ્રધાન છે એમણે કહ્યું કે મોંઘ વારીને અગર કંન્ટ્રોલ કરવી હોય. I can control. પણ એના સાથે સાથે નાણાકીય કંન્ટ્રોલના જો પગલાં લેવાશે.

**સભાપતિશ્રી** : સાત મિનિટ મેં તમને વધારે આપી. આ વિધાનસભાએ સાત મિનિટ વધારે આપી, એ તક નથી આપતા.

**શ્રી ઈકબાલ પટેલ** : ના, ના, આપનો આભાર. એટલે એના અંદર વડાપ્રધાનશ્રીએ પાર્લામેન્ટની અંદર ખાતરી આપી કે ભારતના ૩૧૨ જિલ્લામાં દુષ્કાળ છે અને એના ઉપર નાણાકીય નિયંત્રણો લગાવે, વડાપ્રધાને કહ્યું આવતીકાલથી હું કડક નાણાકીય નિયંત્રણ લગાવીશ તો મોંઘવારી તો કાબૂમાં થશે પણ બેરોજગારી વધશે. બેરોજગારી નહિ વધારવા માટે બેમાંથી એકજ વિકલ્પ આપણી પાસે છે એટલા માટે માત્ર ખેડૂતની મોંઘવારીની વાત કરી, એની દવાની વાત નહિ કરી, એના ટેકટરની વાત નહિ કરી, એના ઓજારોની વાત નહિ કરી ત્યારે (અંતરાય)

**સભાપતિશ્રી** : બસ, બસ, મારે તમને બેસી જાવ એ કહેવાનું વાજબી લાગતું નથી. પ્લીઝ, માનનીય જ્યોત્સનાબેન.

**શ્રી ઈકબાલ પટેલ** : ઓ.કે.

**શ્રીમતી જ્યોત્સનાબેન ર. પટેલ(આણંદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની માગણી નંબર ૨૩ અને ૨૪ લઈને આવ્યા છે ત્યારે તેના સમર્થનમાં આ ગૃહમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર તરફથી સબસિડીયુક્ત કરોસીનની રાજ્યવાર ફાળવણી જે રાંધણગેસ ના ધરાવતા હોય, કનૅક્શન ના ધરાવતા હોય તેવા કુટુંબો માટે રાંધવાના તેમજ દીવા-બત્તીના હેતુ માટે કરવામાં આવે છે. આમાં હાલમાં આ કેરોસીનનું વિતરણ ૩ વ્યકિતદીઠ ૫ લિટર અને ૪ કે તેથી વધુ વ્યકિતવાળા કુટુંબો માટે ૧૦ લિટર કેરોસીનનું વિતરણ કરવામાં આવે છે. આ કેરોસીનનું વિતરણ સુવ્યસ્થિત અને સારી રીતે થાય તે માટે રાજ્યમાં તા. ૩૦-૧૧-૨૦૦૯ની સ્થિતિએ ૪૬૬ એજન્ટો, ૧૫૫૯૭ વાજબી ભાવના દુકાનદારો, ૪૮૨૦ છૂટક વિતરકો અને ૨૫૪૦ ફેરિયાઓ દ્વારા આ કેરોસીનનું વિતરણ કરવામાં આવે છે. સન ૨૦૦૪ થી ૨૦૦૯ સુધીના નોન-ગેસ કાર્ડ ધારકની જરૂરિયાત સામે તેમને ફાળવેલ જથ્થો જોઈએ તો આપણને ખ્યાલ આવે કે કેન્દ્રની આ સરકાર ગુજરાત રાજ્યની પ્રજાને કેટલો અન્યાય કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૦૪માં જે નોન

ગેસ કાર્ડ ધારકો હતા તેની સામે ૮૫,૦૦૦/ કિલોલીટર લેખે કેરોસીનની જરૂરિયાત હતી. ત્યારે ફાળવેલ જથ્થો માત્ર ૭૮,૬૪૪/ . માનનીય અધ્યક્ષશ્રી, તેવી રીતે ૨૦૦૫માં જરૂરિયાત ૮૬ કિલોલીટરની હતી ત્યારે પણ આ જ મુજબ. ૨૦૦૮માં ૮૮ કિલોલીટરની જરૂરિયાત હતી ત્યારે પણ આજ રીતે. દર વર્ષે જરૂરિયાત વધતી રહે પણ ફાળવણી જયારે થાય ત્યારે કેન્દ્રની સરકાર દવારા આ જ રીતની આપણને ફાળવવામાં આવેલ છે. છેલ્લે લગભગ આ વર્ષના આંકડામાં જોઈએ તો ૧ લાખ ૨૩ હજાર કાર્ડ ધારકો છે એની સામે આપણને ૯૦ હજાર કિલોલીટર કેરોસીનની જરૂરિયાત ઉભી થાય તો પણ આજે પણ ૭૯,૬૪૪ કિલોલીટરનો જથ્થો ફાળવવામાં આવે છે. આ કેન્દ્રની સરકાર આજે જયારે આ જથ્થો ફાળવે છે તેમાંથી ૧૨૦૦ કિલોલીટરનો જથ્થો ફીશરીઝ ખાતાને ફાળવણી કરવામાં આવે છે. આમ ૧ લાખ ૨૩ હજાર કાર્ડ ધારકો સામે કેરોસીનનો જથ્થો ફકત ૭૮,૨૮૮ કિલોલીટર રહે છે. આમ જરૂરિયાત વધતી જાય છે અને જથ્થો ઘટતો જાય છે. જે ઘટ ૧૧,૦૦૦ કિલોલીટરની થવા જાય છે. આમ તેમાંય વર્ષ ૨૦૦૯ના જૂલાઈ મહિનાથી શરૂ કરી આજ સુધી દર મહિને કેન્દ્ર સરકાર દવારા કેરોસીનની ફાળવણીમાં ૧૫૫ કિલોલીટરનો ઘટાડો કરેલ છે. સભ્યશ્રી બચુભાઈ કિશોરીજીએ જે હમણાં કેરોસીનની વાત કરી કે, પ્રજાને પૂરતું મળતું નથી ત્યારે મારે તમને એટલું જ કહેવું છે કે, તમે પણ ઉપર રજૂઆત કરીને આ જે ઘટ ૧૧,૦૦૦/ કિલોલીટરની ઘટ પૂરી કરાવવા સહયોગ આપો તો આ ગુજરાતની પ્રજાને પણ ન્યાય મળે. આ બાબત ગુજરાત સરકાર દવારા તા. ૨૩-૨-૨૦૦૫ તેમજ ૨૧-૮-૨૦૦૬ના પત્ર ધ્વારા આ વિભાગમાંથી વારંવાર રજૂઆત કરી કેન્દ્ર સરકારનું ધ્યાન દોરેલ હતું છતાં પણ તેમાં કોઈ જ વધારો કરેલ નહતો. ત્યાર બાદ ફરી પણ આ વિભાગમાંથી ૨૦૦૯ના જુલાઈ માસમાં આ કેરોસીનનો જથ્થો વધારવા માટે કેન્દ્ર સરકારમાં, ગુજરાત સરકાર દવારા જાણ કરવામાં આવેલ હતી છતાં પણ તેમાં ઉત્તરો ઉત્તર ઘટાડો થતો જ ગયો અને આ રજૂઆતનો આજ દિન સુધી નથી કોઈ જવાબ કે નથી કોઈ પ્રતિભાવ. જાન્યુઆરી ૨૦૦૯થી ડિસેમ્બર ૨૦૦૯ દરમિયાન ભૂતિયા કાર્ડ નાબૂદી ઝૂબેશ દરમિયાન કેરોસીનને પાત્ર ન હોય તેવા નોનગેસ કાર્ડને રદ કરવામાં આવેલ હતા, જેમાંથી ૩૪ ટેન્કરનો જથ્થો બચત થયેલ. જાન્યુઆરી -૦૯ થી ડિસેમ્બરના -૦૯ દરમિયાન નોન ગેસ કાર્ડ અને સ્ટેમ્પીંગ કાર્ડની ઝૂંબેશ દરમિયાન બીજા ૩૨ ટેન્કરનો જથ્થો બચત થયેલો. માનનીય અધ્યક્ષશ્રી, આમ જોઈએ તો કેન્દ્ર સરકાર તરફથી શરૂઆતથી જ કેરોસીનની ફાળવણી જરૂરિયાત કરતાં ઓછી કરવામાં આવેલ છે તેમ છતાં આ સ્ટેમ્પીંગ પ્રથા અને ભૂતિયા કાર્ડ નાબૂદીના કારણે બચત થયેલ જથ્થાનો ઉપયોગ જિલ્લાને ફાળવણીમાં કરવામાં આવેલ હોઈ આ ફાળવણી જે અગાઉના વર્ષોમાં જે ૯૪ થી ૯૫ ટકા રહેતી હતી તે નવા કાર્ડનો વધારો થયેલ હોવા છતાં ૯૮ થી ૯૯ ટકા સુધી થઈ શકેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા કોંગ્રેસના સાથી સભ્યોને વાત કરવી છે કે, તમે વારેવાર કહો છો કે, આ આમારા કેન્દ્રના સહયોગના કારણે ગુજરાતમાં આટલો વિકાસ થયો છે. મારે તેમને કહેવું છે કે, હા તમારી વાત બિલકુલ સાચી છે પરંતુ વિકાસમાં નહીં પણ સમગ્ર દેશમાં જે મોંઘવારીનો વિકાસ થયો છે તેમાં થયો છે. અને આ મોંઘવારીના વિકાસના કારણે આમ પ્રજાને સૌથી વધારે પિડાઓ પડી છે. આની સામે પણ તેમણે કેન્દ્રમાં રજૂઆત કરવી જોઈએ કે કોંગ્રેસના સાથી સભ્યો શાંત કેમ છે તે ગુજરાતની આમ જનાતા તેમના માટે આજે પણ વિચારે છે. માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ જે માગણી લઈને આવ્યા છે તેમને હું મારું સમર્થન આપું છું.

**શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી , માનનીય શ્રી વજુભાઈ વાળા સાહેબ શ્રમ અને રોજગાર વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારી વાત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં અનેક શ્રમયોગીઓ છે જે અનેક કારખાનાઓમાં તેમજ બાંધકામનો જે વ્યવસાય ચાલે છે એ બાંધકામના વ્યવસાયમાં કામ કરે છે અને રોજગારી મેળવે છે. ગુજરાતનો જે પ્રકારે સર્વાંગી વિકાસ થઈ રહયો છે એ વિકાસ રાજયના ઔદ્યોગિક ક્ષેત્રે પણ એટલી જ ઝડપથી થઈ રહયો છે. આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીની કુનેહથી આ રાજયમાં જે પ્રકારે મૂડી રોકાણ માટે વિવિધ ઔદ્યોગિક એકમોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

એમને જરૂરી સગવડો પૂરી પાડવામાં આવે છે એના આધારે ખૂબ મોટા પ્રમાણમાં રાજયમાં ઔદ્યોગિક મૂડી રોકાણ પણ થઈ રહયું છે અને એટલે બેરોજગારી ઘટવાની સાથેસાથે અનેકવિધ શ્રમયોગીઓ પણ એમાં કામે લાગેલા છે. ખૂબ મોટી સંખ્યામાં આવા શ્રમયોગીઓ જયારે કામ કરી રહયા હોય ત્યારે એમની સલામતી, એમનું સ્વાસ્થ્ય, એમનું કલ્યાણ અને કામ કરવાની સારી સ્થિતિ નિર્માણ થાય એના માટેની જવાબદારીની ખાતરી આપવાનું કામ પણ આ રાજય સરકાર કરી રહી છે અને એટલા માટે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યતંત્રની કામગીરી દ્વારા સંપૂર્ણ બાબતની દેખરેખ રાખવામાં આવે છે. કામ કરતા આ શ્રમયોગીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલીઓ ન પડે, આવા કારખાનાઓ અને મકાનમાં જે કામ કરી રહયા છે એવા લોકોમાં એમના અકસ્માતોમાં ઘટાડો થાય, આવા શ્રમયોગીઓની તંદુરસ્તી જળવાય, એના માટે રાજય સરકાર વચનબદ્ધ છે અને એટલા માટે ગુજરાતને સિલિકોસીસ, એસબેસ્ટોસીસ અને બીસીનોસીસથી મુકત કરવાનો આ રાજય સરકારનો સ્પષ્ટ ઈરાદો છે. શ્રમયોગીઓના જીવનને સુધારવા માટે ઝડપી અને પારદર્શક અને અસરકારક વહીવટ માટે ઈન્ફર્મેશન સિસ્ટમનો પણ ઉપયોગ કરવા અને આ બધી બાબતોતો લાભ શ્રમયોગીઓને મળે એ માટે સરકાર કામ કરી રહી છે. કયાંક શ્રમયોગીઓનું જો શોષણ થતું હોય તો એ શોષણને અટકાવવા માટે અને તેમના કલ્યાણ, સલામતી અને આરોગ્ય વિષયક બાબતોની ચિંતા કરી અને એનું ઘનિષ્ઠ અમલીકરણ થાય એના માટે તંત્ર સતત કાર્યરત છે અને એના માટે કાયદાઓ પણ બનાવવામાં આવ્યા છે અને આવા કાયદાઓ દ્વારા શ્રમયોગીઓને પ્રોટેકશન મળી  રહે એ પ્રકારની વ્યવસ્થા પણ આ બધા જ પ્રકારના કેસોમાં કરવામાં આવી છે. આવા કેસોમાં કયાંક અદાલતમાં જવાની આવશ્યકતા લાગે તો અદાલતમાં જઈને પણ શ્રમયોગીઓને અથવા એમના મંડળો દ્વારા એમની ફરિયાદની તપાસ થાય અને એમને ન્યાય મળે એ પ્રકારની વ્યવસ્થા પણ કરવામાં આવી છે અને એમના માટે અનેકવિધ કાયદાઓમાં જોગવાઈઓ કરવામાં આવી છે. કારખાનાના અધિનિયમન-૧૯૪૮ અને ગુજરાત કારખાનાના નિયમો-૧૯૬૩ની પણ એમાં જોગવાઈ છે. એન્વાયર્મેન્ટ પ્રોટેકશન એકટ-૧૯૮૬ અને  એના નીચેના નિયમો દ્વારા પણ શ્રમયોગીઓ એમને પડતી મુશ્કેલીઓને પડકારી શકે છે. વેતન ચૂકવણીના સંદર્ભમાં પણ એના નિયમો બનાવવામાં આવે છે. અપંગ વ્યકિતઓના અનુસંધાનમાં પણ અધિનિયમન-૧૯૮૨ અંતર્ગત ચોકકસ કાયદાની વ્યવસ્થા કરવામાં આવી છે. બેરોજગારોને વળતર ભથ્થુ મળે એના માટે પણ આ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રમયોગીઓને પડતી મુશ્કેલીઓ માટે એ લોકો યોગ્ય રજૂઆત કરી શકે, જરૂર પડે તો કાયદાનો સહારો લઈને ન્યાયિક માગણી કરી શકે એ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે.  હમણાં આ ગૃહના માનનીય સભ્યશ્રી બાવકુભાઈ ચિંતા વ્યકત કરી રહયા હતા અકસ્માતના સંદર્ભમાં. ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે ખૂબ મોટી હરણફાળ ભરી રહયું છે અને કેમીકલ્સની ફેકટરી સમગ્ર ભારતમાં ગુજરાતમાં સૌથી વધારે છે ત્યારે એકસીડન્ટ થાય એના માટેની એમની ચિંતા વ્યાજબી છેફ જયારે કોઈ શ્રમયોગીને કે કારખાનામાં કામ કરતા માણસને એકસીડન્ટ નડે એટલે એનો આખો પરિવાર મુશ્કેલીમાં મુકાઈ જતો હોય છે.પણ જેમ જેમ સમય જતો ગયો એમ કારખાનાઓ અને ઉદ્યોગો વધી રહ્યા છે. એનું આપણને સાથે સાથે ધ્યાન હોવું જોઈએ અને એટલા માટે

આંકડાકીય માહિતી આપીશ. ૨૦૦૦ના વર્ષમાં જે ફેક્ટરીઓ હતી, તે ૨૬૪૫૪ હતી અને વધીને આજે ૨૦૦૯ ના વર્ષમાં ૩૪૮૬૦ ફેક્ટરીઓ થઈ છે. એની સામે એક્સિડંટ થવાના કેસીસ છે તે ક્રમશઃઘટેલા છે. ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો જે ૮.૭ ટકા એક્સિડંટ થતા હતા, તે ૨૦૦૯ માં ૪.૯ થયા છે. સંખ્યાની દ્રષ્ટિએ જોઈએ તો ૨૦૦૦ માં ૮,૫૮૪ એક્સિડંટ ટોટલ જે હતા. એની સામે ૨૦૦૯ માં ૨,૯૮૪ ફક્ત એક્સિડંટ થયા છે. એનો અર્થ એ થાય કે ફેક્ટરીઓ વધવા છતાં રાજ્ય સરકારની કુનેહના કારણે અને તંત્રની જરૂરી દેખરેખના કારણે આ પ્રકારની વ્યવસ્થાઓ ઉભી થઈ છે અને એના કારણે શ્રમયોગીને પડતી મુશ્કેલીઓ અને તેમને થતા એક્સિડંટ ઘટાડવામાં તંત્ર સફળ થયું છે. આ પ્રકારની માગણીઓ લઈને મંત્રીશ્રી આવ્યા હોય ત્યારે તે માગણીને સંપૂર્ણ સમર્થન આપીને વિરમું છું.

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા(છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની માગણી ક્રમાંક-૨૨ અને ૨૩ લઈને આ સન્માનનીય ગૃહમાં આવ્યા છે, તેને સમર્થન આપવા અને હું મારી વાત કરવા માટે ઉપસ્થિત થયો છું.

આ સરકારે ગુજરાત સ્વર્ણિમ વર્ષની ઉજવણીમાં ગુજરાતના તમામ નાગરિકોને સુખ, પૌષ્ટિકરૂપ અને જરૂરિયાત મુજબના તમામ પ્રકારનો અનાજનો ખાદ્યતેલનો તથા બળતણ માટે પૂરતા પ્રમાણમાં કેરોસીન અને ગેસનો જથ્થો મળી રહે તે માટે પૂરી કાળજી રાખી છે. માગણી નં.૨૨ માં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં મહેસૂલી ખર્ચના ૨,૨૪,૦૪,૩૬,૦૦૦ અને માગણી નં. ૨૩ માં મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૮૨,૦૧,૬૪,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૭,૨૨,૦૦,૦૦૦ ની માગણી મૂકેલી છે. આ માગણીઓ નાગરિક પુરવઠાની સેવા પૂરી પાડવા માટે ખાદ્ય પદાર્થનો સંગ્રહ, વખાર માટેની વ્યવસ્થા, સેવા પૂરી પાડવા માટેની છે. આ વિભાગ નાગરિકોને વિવિધ સેવા આપવા માટે ૨૦૦૮-૦૯ ના વર્ષમાં ૨૧૩,૨૫,૧૩,૦૦૦ નો ખર્ચ કરવામાં આવ્યો હતો. તથા ૨૦૦૯-૧૦માં રૂપિયા ૩૦૬,૩૫,૬૫,૦૦૦ નો સુધારેલ અંદાજ રાખવામાં આવ્યો હતો. એની સામે ૨૦૧૦-૧૧માં રૂપિયા ૩૩૪,૫૪,૮૭,૦૦૦ નો અંદાજ રાખવામાં આવેલ છે. આમ વર્ષ ૨૦૦૯-૧૦ ના સુધારેલ અંદાજની સરખામણીએ વર્ષ ૨૦૧૦-૧૧ માં ૨૮,૧૯,૨૨,૦૦૦ નો વધારો સુચવવામાં આવેલ છે. લક્ષિત જાહેરાત વિતરણ યોજના નામની નવી યોજના તા. ૧-૬-૧૯૯૭ થી આ રાજ્ય સરકારે અમલમાં મૂકી હતી. આ યોજનાનો અમલ થયો તે પહેલા બે ભાગમાં વહેંચાયેલી હતી, પરંતુ જુલાઈ ૨૦૦૦ થી અંત્યોદય યોજના દાખલ થતા આ યોજના ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. જેમાં બી.પી.એલ., એ.પી.એલ. અને એ.વાય. યોજના હેઠળના કુટુંબોને આવરી લેવામાં આવેલ છે. આ યોજનામાં આવરી લેવાયેલ તમામ કુટુંબોને સરકારે નક્કી કરેલ દર સામે નક્કી કરેલ ખાદ્ય પદાર્થોનો જથ્થો પૂરતા પ્રમાણમાં મળી રહે, તે માટે આ રાજ્ય સરકાર તથા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા પૂરેપૂરી કાળજી રાખવામાં આવે છે. આ સિવાય ગુજરાતની આમજનતાને જીવન જરૂરિયાત માટેનું અનાજ, ખાદ્ય પદાર્થ, ગેસ, તેલ, કેરોસીન, પેટ્રોલ, ડીઝલ તેમજ અન્ય ચીજવસ્તુઓ ચોખ્ખી, ભેળસેળ વિનાની પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે આ સરકારે પૂરતી કાળજી રાખી છે. આ વિભાગ દ્વાર નાગરિકોના સ્વાસ્થ્યને નુકસાન ન કરે તેવા ખાદ્યપદાર્થોનું વિતરણ ન થાય તેની ખૂબ જ કાળજી રાખવામાં આવી છે. આ સરકાર ગ્રાહકોનું હિત, સુરક્ષા વ્યવસ્થાને ટોચ અગ્રતા આપી છે. અને ગુજરાત ગ્રાહક સુરક્ષા ધારાના અમલમાં ટોચઅગ્રતા આપી ગુજરાત પૂરા દેશમાં મોખરે રહયું છે . આ રાજય સરકાર અને વિભાગ દ્વારા રાજય ગ્રાહક સુરક્ષા કાઉન્સીલ, સલાહકાર સમિતિઓ, કાળા બજાર નિવારણ અને આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાની જાળવણી અધિનિયમ ૧૯૮૦નો કડક અમલ કરે છે. ગ્રાહક સુરક્ષા મંડળો, ગ્રાહક સુરક્ષા હિતની જાળવણી, સ્ટાન્ડર્ડ ઓફ વેઈટ્સ, ગ્રાહક સુરક્ષા

પ્રવૃત્તિ, મોબાઈલ કેસ માંડવાળ, ગ્રાહક નિવારણ પંચ વગેરે કાયદાકીય પ્રવૃત્તિઓ મારફત આ વિભાગ ગ્રાહકોના હિતનું રક્ષણ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવશ્યક ચીજવસ્તુઓના પૂરવઠાની જાળવણી અને વિતરણ વ્યવસ્થામાં અવરોધરૂપ બનતા ઈસમો સામે આ સરકાર કોઈની પણ શેહશરમ રાખ્યા વિના કડક હાથે કાર્યવાહી કરી કાળા બજાર, ભેળસેળ, સંગ્રહાખોરી, તોલમાપમાં ગેરરીતિ વગેરે પ્રકારની ગેરકાનુની પ્રવૃત્તિ કરનારા સામે અનેક કેસ કર્યા છે. આવી પ્રવૃત્તિ કરનારા સામે ૨૦૦૭થી માંડી તા. ૩૦ નવેમ્બર, ૨૦૦૯ સુધીમાં ૧૧૭ જેટલા કેસ કરવામાં આવ્યા છે. આમાં આવશ્યક ચીજવસ્તુઓ જેવી કે, ખાદ્યતેલ, અનાજ, પેટ્રોલિયમ પ્રોડક્ટસ, રાંધણગેસ, ખાંડ, ઘઉં, ચોખા વગેરે માટે ખાસ કાળજી આ સરકારે રાખી છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ દ્વારા રાજયભરના આવશ્યક ચીજવસ્તુઓના વિતરણના માળખા ઉપર સતત દેખરેખ રાખે છે, પરવાનેદાર અથવા બિન પરવાનેદાર વિક્રેતાઓ કે અસામાજિક તત્વો ગેરરીતિઓ આચરે, સંગ્રહખોરી કરે, ભેળસેળ કરે તેવા સામે કડક હાથે કાર્યવાહી કરવામાં આવે છે તેમજ કૃત્રિમ અછત નિવારવા માટે પણ કડક હાથે પગલાં ભરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, હાલ વપરાશમાં લેવામાં આવતાં રેશનકાર્ડ વર્ષ ૨૦૦૨માં નાગરિકોને આપવામાં આવેલ હતાં તે નવેસરથી કલરસ્કીમ પ્રમાણેનાં રેશનકાર્ડ આપવા રાજય સરકારે વિચારણા કરેલ છે તે માટે બજેટમાં રૂા. ૩ કરોડની જોગવાઈ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર જાહેર વિતરણ વ્યવસ્થામાં આધુનિક ટેકનોલોજીનો વધુમાં વધુ ઉપયોગ થાય તેની કાળજી રાજય સરકાર લેવા માગે છે અને નવું રેશનકાર્ડ મેળવનારની પૂરી વિગતો કુટુંબના એક વ્યકિતના ફોટો, આંગળીઓની છાપ લેવામાં આવશે અને નવા રેશનકાર્ડમાં બારકોડ નાખવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જે માગણી નંબર ૨૨ અને ૨૩ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારી વાત પૂર્ણ કરું છું.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા(ભાણવડ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જે માગણી નંબર ૫૬ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે અને તે અંગે મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ખૂબ મહત્વની કામગીરી થાય છે, ૨૦૦ કરોડ રૂપિયાના બજેટ જોગવાઈ સાથે ૬૮ ટકાના વધારાવાળી આ માગણી છે એમાં મારે સૌથી પહેલાં અસંગઠિત ક્ષેત્રોના શ્રમિકો માટેની વાત કરવી છે. આપણા રાજયમાં લગભગ ૮૭ લાખ જેટલા અસંગઠિત ક્ષેત્રોના શ્રમિકો જુદા જુદા વ્યવસાયોમાં કામ કરે છે. આપણી કેન્દ્ર સરકાર, મારે કહેવું છે કે છેલ્લા ૨૦૦૪થી ૨૦૦૯ના વર્ષ સુધી પાંચ વર્ષ સુધી જયારે યુપીએ સરકાર અને યુપીએ સરકારના શ્રમ મંત્રીશ્રીએ વારંવાર જે જાહેરાતો કરી હતી એના પછી બીજી વખત સરકાર આવ્યા પછી છેલ્લા છ મહિના જેટલો સમય થયો છે એમાં અસંગઠિત ક્ષેત્રના કામ કરતા શ્રમિકો માટે બિલ લઈ આવવાની વાતો મોટી મોટી જાહેરાતો અને શ્રમિકો માટેની કલ્યાણ માટેની વાતો કરી છે પણ હજુ સુધી એ બિલ લઈ આવી અને અસંગઠિત ક્ષેત્રના જે શ્રમિકો છે એમને માટે સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટે, એમની સલામતી માટે, એમની કલ્યાણકારી યોજનાઓ માટે કોઈ કામ કેન્દ્ર સરકારે કર્યુ નથી.કોઈ કામ કેન્દ્ર સરકારે કર્યું નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૌરવ સાથે કહેવું છે કે, આપણા રાજ્યમાં જે

ખેતીના વ્યવસાયમાં ગ્રામ્ય વિસ્તારમાં મોટી સંખ્યામાં જે શ્રમિકો અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે એના માટે એક અલગ શ્રમ આયુક્તની કચેરી અને એ કચેરી દ્વારા રાજ્યના દરેક જિલ્લા અને દરેક તાલુકા મથક ઉપર એ અસંગઠિત ક્ષેત્રના ખેતીના વ્યવસાયમાં જે કામ કરતા શ્રમિકો માટે એને લઘુતમ દર મળી રહે, એનું શોષણ ન થાય એ માટે શ્રમ કાયદાઓનો અમલ આ શ્રમ આયુક્ત દ્વારા અને જિલ્લા અને તાલુકાના શ્રમ અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ગ્રામ્ય વ્યવસાય સાથે સંકળાયેલા શ્રમિકો છે એના માટે આ દેશમાં એક માત્ર ગુજરાત રાજ્ય એવું છે કે, જેના માટેના બોર્ડની રચના કરવામાં આવી છે અને એના દ્વારા અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા શ્રમિકોને અકસ્માત વીમા સહાય ૧ લાખ રૂપિયા, કાયમી અપંગતા હોય તો ૫૦ હજાર રૂપિયા, તબીબી સહાય અસાધ્ય કોઈ રોગ થયો હોય તો એને કોઈ પણ જાતની મર્યાદા સિવાય જેટલી પણ રકમનો ખર્ચ થાય એટલી રકમ બોર્ડ દ્વારા તબીબી સહાય તરીકે ચૂકવવામાં આવે છે. શ્રમિકોને ઓઝારો આપવાનું કામ, એને માર્ગદર્શન શિબિરો યોજવાનું કામ આ બોર્ડ દ્વારા થાય છે અને જે ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો છે એના ઓળખ કાર્ડ આપી અને ઓળખ કાર્ડ દ્વારા આ જે કલ્યાણકારી યોજનાઓ છે એનો લાભ આ બોર્ડ દ્વારા આપવામાં આવે છે. એનાથી આગળ જઈને ગ્રામ્ય વિસ્તારના જે શ્રમિકો છે એવી જ રીતે શહેરી વિસ્તારમાં અલગ અલગ ક્ષેત્રોમાં કામ કરી રહેલા જે શ્રમિકો છે એના માટે ૨૦૦૭માં આ રાજ્ય સરકારે એક બોર્ડની રચના કરી અને શહેરી વિસ્તારમાં જે અસંગઠિત ક્ષેત્રના જે મજૂરો છે, શ્રમિકો છે એના માટેના એક બોર્ડની રચના કરી છે એ બોર્ડ દ્વારા આવા જે શ્રમિકો છે એનું રજિસ્ટ્રેશન થાય છે, એને ઓળખ કાર્ડ આપવાની કામગીરી એના દ્વારા થાય છે અને બોર્ડનું કાર્યક્ષેત્ર અત્યારે અમદાવાદ, સુરત અને જામનગર પૂરતું મર્યાદિત છે પણ ભવિષ્યમાં વધારે શહેરોને એમાં આવરી લેવાના છે. આ બોર્ડમાં પ્રથમ તબક્કામાં જે વ્યવસાયોનો સમાવેશ કર્યો છે એમાં અમદાવાદ, સુરત અને જામનગર એમાં કુલ જે અલગ અલગ વ્યવસાયો છે એમાં અગરબત્તીનો વ્યવસાય, કાગળ-કચરો-લોખંડનો ભંગાર ભેગો કરતા શ્રમિકો, ફેરિયા, પતંગ બનાવવાનો ધંધો કરતા, સિલાય કામ કરતા, રેડીમેઈડ ગારમેન્ટમાં કામ કરતા, સ્વતંત્ર સફાઈ કામગીરીમાં કામ કરતા, મંડપ વ્યવસાયમાં કામ કરતા અને સુરતમાં ફેરિયા, સિલાઈ કામ, રોડ સાઈડ સ્ટોલ ફેરિયા, સ્વતંત્ર સફાઈ અને જામનગરમાં બ્રાસપાટર્સના ઉદ્યોગમાં અને પિત્તળની ભઠ્ઠીમાં કામ કરતા હજારો અસંગઠિત ક્ષેત્રના કામ કરતા શ્રમિકોના કલ્યાણ માટે આ બોર્ડમાં મહત્વની જે યોજનાઓ છે એ રજિસ્ટ્રેશન કરવાનું કામ, ઓળખ કાર્ડ આપવાનું કામ, સામાજિક સુરક્ષા-સલામતી કિટ્ટ એને આપવામાં આવે છે, અકસ્માત વીમા યોજનાનો લાભ આપવામાં આવે છે, તબીબી સહાય આપવમાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવી જ રીતે એક બીજું બોર્ડ છે જે બાંધકામ વ્યવસાય છે એ આજે રાજ્યમાં સરકારી અને ખાનગી ક્ષેત્રમાં ખૂબ મોટા પાયે બાંધકામનું કામ થાય છે અને એમાં લગભગ ૧૨ લાખ જેટલા શ્રમિકો કામ કરી રહ્યા છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહ સમક્ષ અમારા અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોના બાબતની ૨૦૧૦-૧૧ના વર્ષની માગણી લઈને આવ્યો છું અને આશા રાખું કે સન્માનનીય ગૃહ આ મારી માગણીને સર્વાનુમતે સ્વીકારશે. ગુજરાત સરકાર અને એમાં ખાસ કરીને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર પંડિત દિનદયાળ ઉપાધ્યાયના એકાત્મ માનવવાદના સિદ્ધાંતને મૂર્તિમંત કરવા ગુજરાતમાં શાસન ચલાવે છે. એ અમારી નેમ છે કે દિનદયાળ

ઉપાધ્યાયજીના આ જે સિદ્ધાંતો હતા એના આધારે ગરીબોની સેવા કરવી છે, આપણા શાસ્ત્રો **અન્નમ્ બ્રહ્મ** કહે છે. ગરીબની આંતરડી ઠરે એવું અમારે કામ કરવું છે, એકેય દરિદ્ર ભૂખ્યો ના રહે એવી વ્યવસ્થા કરવી છે, અને સૌને પણ પોષણક્ષમ ભાવ મળે અને આહાર મળી રહે એ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે, એટલા માટે મને એક પંક્તિ યાદ આવે છે. કબીર સાહેબની કે કબીર કહે કમાલ કો, દો બાતો શીખ લે, કર સહા કી બંદગી ભૂખે કો અન્ન દે, મારા વિભાગનું મહદ્અંશે પુરવઠાની પ્રાપ્તિ કરવાનું, આવશ્યક ચીજવસ્તુઓની ઉપલબ્ધિ, સંગ્રહ અને વિતરણ કરવાનું એ અમારું મુખ્ય કામ છે, તોલમાપ નિયમન કરવાનું કામ પણ અમારું છે અને ગ્રાહકોને લગતી પ્રવૃત્તિઓ સંભાળવાનું કામ પણ અમારું છે. વાજબી ભાવની દુકાનોથી અન્ન નાગરિક પુરવઠાનું વિતરણ અને નિયમન કરવાની જવાબદારી પણ મારો વિભાગ સંભાળે છે, પુરવઠાને કાયદા કાનુન આધારિત નિયમન કરવાનું અને કાયદો તોડીને કાળાબજાર કરનાર અને ગ્રાહકોને છેતરનાર અને કાળાબજારિયાઓને ઝબ્બે કરવાનું અને અટકાયત કરવાનું અને કડકમાં કડક શિક્ષા કરવાનું કામ પણ અમારો વિભાગ કરે છે. અન્ન પુરવઠો ઉપલબ્ધ કર્યા પછી સરકારની વિતરણ વ્યવસ્થામાં ઘણું નિયમન અમે કર્યુ છે, ભૂતકાળમાં પુરવઠાનું ડાયવર્ઝન થતું હતું અને આનો સીલસીલો અને મારા વિભાગનો હવાલો જ્યારે લીધો હતો ત્યારે પણ એ વાત હું જાણતો હતો કે આ વિભાગમાંથી અનાજ અને પુરવઠાનું ડાયવર્ઝન ખુલ્લેઆમ થતું હતું, પરંતુ વર્ષો પહેલાંની જે પરંપરાઓ પડી છે, એ પરંપરાઓને અમારે બંધ કરવી છે (અંતરાય) આ ઉંચા અવાજે બોલનારા લોકોના સમયમાં આ પુરવઠો કેવી રીતે જતો હતો એ મને ખબર છે, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે આના ઉપર જબરદસ્ત બ્રેક મારવાનો નિર્ણય કર્યો છે અને અમે એ કરીને જ રહેવાના છીએ. મારે ગૌરવ સાથે કહેવું છે કે અમે શિસ્ત અને સખ્તાઈ દાખલ કરીને અમે આ કામ હાથમાં લીધું છે, અને એનો આપ સૌને અનુભવ પણ હશે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમને બે વર્ષ પહેલાં સૂચના આપી હતી  કે આ જે આપણો અન્ન અને પુરવઠો ગરીબો માટે આવે છે એની વર્ષોથી એક પદ્ધતિ પડી ગઈ છે કે ભૂતિયા કાર્ડ એની અંદર દાખલ કર્યા છે પહેલાં તો અમારા માનવામાં એ વાત આવતી નહોતી કે આટલા બધા ભૂતિયા કાર્ડ હોઈ શકે, ભૂતિયા કાર્ડ કાઢવા માટે મારા વિભાગે જે કામ કર્યુ છે એ માટે આજે હું અહીંયાથી અમારા અધિકારીઓને પણ અભિનંદન તો આપું છું જ ૧૦ લાખ ભૂતિયા કાર્ડ આ રેશનીંગ અનાજ માટેની જે દુકાનો છે એમાંથી શોધી કાઢ્યા છે, (અંતરાય) સાહેબ આ તો ચોર કરે શોર,

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર, માનનીય મંત્રીશ્રીઓનો જવાબ પૂરો થવા દો પછીથી.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો ચોર મચાયે શોર જેવું છે,

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહભાઈ, તમે જે કહ્યું એ વાત કરી છે સરકારે એટલે એ અભિનંદન આપી શકે છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખુબ દર્દ સાથે આપનું ધ્યાન દોરવું છે કે કાળાબજારને કારણે મોંઘવારી છે અને એના કારણે પ્રજાની જે હાલત છે એના માટે પણ મારે એક કવિની પંકિત ટાંકવી છે. પાંવ સે કભી પેટ મેં, પેટ સે કભી સર તક, એક જગહ હો તો કહે કે દર્દ ઈધર હોતા હૈ. આજે તો ગરીબની હાલત એક સાંધે અને તેર તૂટે એવી છે. માનનીય અધ્યક્ષશ્રી, મોંઘવારીને નાથવા માટે ડિમાન્ડ અને સપ્લાયનો રેશિયો સરખો હોવો જોઈએ. અને મોંઘવારી નાથવાની જવાબદારી સો ટકા કેન્દ્ર સરકારની છે અને તેને સહયોગ કરવાની જવાબદારી અમારી છે. મોંઘવારી નાથવાનું કામ રાજય સરકારનું નથી હોતું. અમારે તો એને અનુરોધ કરીને અમારે તેને સહયોગ કરવાનો હોય છે કે આ મોંઘવારી નાથવા માટેની જે પધ્ધતિઓ છે તેને અમે અનુસરીએ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના લોકોને કારમી મોંઘવારીમાં પીસાવું પડે અને લોકો ત્રાહીમામ થઈ

ગયા છે. હજુ પણ મારે કહેવું છે શામળ કવિની પણ એક કવિતા એવી છે કે , વાડ થઈને ચીભડાં ગળે, સોંઘી વસ્તુ કયાંથી મળે. આ ખડુ ખાતું હોય તો અન્ન કયાંથી મળે. .(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહભાઈ અહીં બેઠા બેઠા પણ આપે જે ટીકા કરી છે તે ખૂબ જ ગંભીરતાથી લઉં છું આપ બોલતાં હો ત્યારે બીજાએ લખી આપ્યું છે તેમ નથી કહેવાતું આપે ઉભાં થઈને માફી માગવી જોઈએ. જે શબ્દો આપે વાપર્યા છે તેના માટે માફી માગવી જોઈએ. કારણ કે જે શબ્દો વાપર્યા છે તે ચલાવી શકાય એવા નથી. (અંતરાય). નહીં, આપ આપની મર્યાદા ચૂકો છો. (અંતરાય) એ વાત નથી તે પછીના જે શબ્દો તમે વાપર્યા છે તે ખરેખર હું ગંભીરતાથી લઉં છું. બેઠા બેઠા પણ કોઈ ક્રોસ ટોકની મર્યાદા હોવી જોઈએ. (અંતરાય). મારે કંઈ સાંભળવું નથી તમે અત્યારે જે શબ્દો વાપર્યા છે તે શબ્દોની હું ગંભીરતાથી નોંધ લઉં છું.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, એ પણ કેન્દ્રના અન્ન અને પુરવઠા વિભાગના મંત્રીશ્રી છે, અહીંયા મારી પણ જવાબદારી એવી જ પુરવઠાની છે. એક સ્ટેટમેન્ટ આખા વાતાવરણને, આખા ભાવોને કેવી રીતે અસર કરે છે, એના માટે હું ઉલ્લેખ કરી રહ્યો હતો. એવો ઉલ્લેખ મેં કર્યો કે આ પુરવઠો હોવા છતાં પણ એવું સ્ટેટમેન્ટ જો કેન્દ્રીય મંત્રી તરફથી આવે તો આના ભાવને અસર થાય...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપને મેં કહ્યું કે આપ આપની વાતને વધારે કહો ને પણ. કારણ કે આપના પછી મારે બે માનનીય મંત્રીશ્રીઓને જવાબ માટે સમય આપવાનો છે. અને હું આ સભાગૃહનો સમય એક મિનિટ પણ વધારવાનો નથી.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, હમણા જ છઠ્ઠી ફેબ્રુઆરીએ દિલ્હી ખાતે માનનીય વડાપ્રધાનશ્રીની હાજરીમાં, કેન્દ્રીય મંત્રીઓની હાજરીમાં, દેશના તમામ મુખ્યમંત્રીઓની હાજરીમાં એક કોન્ફરન્સ હતી. એ કોન્ફરન્સમાં પણ મોંઘવારી માટે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે રીતે રજૂઆત કરી હતી, એ ધારદાર રજૂઆતના અનેક મુદ્દાઓ છે. એમને જોઈશે, તો મિત્રોને હું આપીશ. કે એની મોંઘવારીની અસરો, બધા જ વિષયો ઉપરથી મોંઘવારી વધે છે. આજે પુરવઠા અંગે જવાબદારી છે, એ મારા વિભાગની છે, પણ કેન્દ્રની જવાબદારી મોંઘવારીની છે, એ વાત હું વારંવાર કહેવા માગું છું. ભાવ વધારાના જે કારણો છે, બજારોમાં જે ભાવ વધ્યા છે, સરકારે રાજય સરકારોને વિશ્વાસમા લેવી જોઈએ. ભાવ વધારા અને ફૂડ સિકયોરીટી માટે પણ ગુજરાત સરકાર યા તો રાજય સરકારોને વિશ્વાસમાં લીધા હોય તો એનો કન્ટ્રોલ આવી શકે. મારે એ ધ્યાન દોરવું છે કે •(xxxx) . આજે બે વર્ષ પૂરા થયા, પણ આજે ગરીબોને અમે લોકો રાહ જોઈને બેઠા છીએ. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું તક આપીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપે મને રોકેલો હતો. અને શબ્દો રેકર્ડમાંથી દૂર કરેલા હતા. મેં જયારે ભારતીય જનતા પક્ષના ચુંટણી ઢંઢેરાના મુદ્દા લીધા, ત્યારે આપે કહ્યું હતું કે ચુંટણી ઢંઢેરાનો ઉલ્લેખ કરીને આપ નહીં કરી શકો. મારા શબ્દો આપે રેકર્ડમાંથી દૂર કરાવ્યા હતા. મંત્રીશ્રી આ જે બોલ્યા છે, એ રેકર્ડમાં ન રહી શકે.

**અધ્યક્ષશ્રી** : કાં તો એ શબ્દો આપ પાછા ખેંચી લો. મારું રૂલિંગ છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, મને કાઢી નાંખવામાં વાંધો નથી. પણ થોડાં અવતરણો..

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : પણ, માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈ, હું આપને વિનંતી કરું છું કે ખૂબ જ મર્યાદિત સમય છે. તમે તમારા વિભાગની જે સિદ્ધિઓ છે, એ મૂકવાનો સમય એ એમાં પહેલા લઈ લો. (અંતરાય) કાઢી નાંખ્યા. એમણે પોતે પાછા ખેંચી લીધાં. મારી વાત સાંભળો. સવા બાર વાગે આપનું વકતવ્ય પૂરું થશે. અને એ પછી વજુભાઈ અને ત્યારપછી માનનીય સૌરભભાઈ. એમ ત્રણ મંત્રીશ્રીઓ છે. એટલે આપ આપની સમય મર્યાદામાં રહેશો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, એક ઉલ્લેખ કરવાનું મન એટલા માટે થાય છે કે ભાવોને ડામવા માટેનો સામૂહિક પ્રયત્ન આપણે કરીએ. (અંતરાય) હું મારા બજેટ ઉપર આવું છું, ભાઈ.

માનનીય અધ્યક્ષશ્રી, અનાજનો બગાડ પણ થાય છે. દસ ટકા અનાજનો બગાડ થાય છે. ૩૦ ટકા અનાજ ખુલ્લામાં પડી રહે છે. એ અનાજ ગરીબોનું છે. ગરીબોને મોકલવાનું છે. અમે પણ રાહ જોઈએ છીએ, પરંતુ સ્ટોરેઝીસ પૂરતા ન હોવાને કારણે આજે પણ પુરવઠો ખુલ્લો પડે છે યા તો બગાડ થઈ રહ્યો છે. આવો પુરવઠો અમારા માટે ઉપયોગી થતો હોય તો અમને આનંદ થાય.

દાળ પણ અમારો એક મોટો પ્રશ્ન છે. તુવેરની દાળ એ ગરીબ લોકો માટે અને ગુજરાતના લોકો માટે, ખાસ વેજીટેરીયન લોકો માટે એ પ્રોટીનનો વિષય છે. પ્રોટીન એનામાંથી જ મળે છે. વેજીટેરીયન લોકો માટે દાળ, તુવેરની દાળ યા તો કઠોળ ખાવાનું બહુ જરૂરી હોય છે. હમણા કેન્દ્ર સરકારે ૧૦ રૂપિયા કિલોએ સબસિડી આપવાની જાહેરાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, ૭૫ રૂપિયા સુધીનો ભાવ વધી ગયો છે અને એમાંથી દસ રૂપિયા આપતા ૬૫ રૂપિયે કિલોના ભાવે ગુજરાતનો કયો ગરીબ ખાઈ શકશે? એને પ્રોટીન શામાંથી મળશે? એટલા માટે મારી એક રીકવેસ્ટ છે, કે આપના દ્વારા પણ મારી એક રીકવેસ્ટ છે કે કેન્દ્રને કહો કે ગુજરાતના લોકોને પ્રોટીન આપવું હોય તો કઠોળ આપવું પડે. તુવેરની દાળ આપવી પડે. દસ રૂપિયે કિલોએ સબસિડી એ તો આપણા માટે મશ્કરી સમાન છે. માનનીય અધ્યક્ષશ્રી, એક વાત આપના દ્વારા તેમને કહેવા માગું છું અને ફરીવાર ઘણા માનનીય સભ્યશ્રીઓ ઉલ્લેખ કરતા હતા એ સૌનો હું આભાર માનું છું. આપણા ગુજરાતના ગરીબો જે રેકર્ડ ઉપર છે એ ગરીબોની સંખ્યા ૩૪.૨૦ લાખ છે અને હજુપણ ફરીવાર કહું છું મારી સામે બેઠેલા મિત્રોને કે આપણા ગુજરાતના ગરીબો ૩૪.૨૦ લાખ છે એને આપણા રેકર્ડ ઉપર રાખીએ છીએ એ ફરીથી ગણતરી થાય ત્યારે વધી શકે અને દ ટી શકે, પરંતુ કેન્દ્ર સરકારના પ્લાનિંગ કમિશનને અમે આજીજી કરી છતાં પ્લાનિંગ કમિશને ૨૧.૨૦ લાખ જ ગણ્યા છે અને પરિણામે પુરવઠો મળે છે એ ૩૫ કિલો એક ગરીબ માણસને અનાજ મળવું જોઈએ એની જગ્યાએ ફકત ૨૦ કિલો સુધી આપણે માંડ પહોંચી શકીએ છીએ અને ગુજરાતમાં આ બી.પી.એલ. કાર્ડ આપ્યાં છે એ દરેક માણસ ગરીબ છે, આપણે એક વાત સમજી લઈએ કે ગરીબ જેના હાથમાં કાર્ડ છે એ ગરીબ છે અને એને અનાજ આપવા માટે આપણે બંધાયેલા છીએ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગનું રેશન કાર્ડ છે, ગરીબનું બી.પી.એલ. એ એક વિભાગ છે, ગ્રામ વિકાસ વિભાગનું બી.પી.એલ. કાર્ડ એ જુદું છે. એ કાર્ડ પ્રમાણે ૨૧.૨૦ લાખ ગરીબો છે એને ૩૫ લાખ લોકો માટે જોઈતું અનાજ એટલે લોકોને આપણે પુરવઠો વહેંચીએ છીએ અને એમને આપવો જોઈએ એ એમને સરકાર આપે છે. તેંડુલકર કમિટી પ્લાનિંગ કમિશને નીમી હતી કે એ જુએ કે શું સાચું છે એ એ વેરીફાય કરે. અને મને કહેતાં એ બાબતનું ગૌરવ થાય છે કે તેંડુલકર કમિટીએ પણ ગુજરાતના ગરીબોની ગણતરી કરીને ૩૪.૧૦ લાખ એટલા ગરીબોની ગણતરી કરી છે અને એ જ ગરીબોને ગણતરીમાં લેતાં આપણને

૩૪ લાખ કરતાં વધારે ગરીબ લોકો માટેનો પુરવઠો મળવો જોઈએ અને માનનીય શકિતસિંહ એ આપણને મળતો નથી. તો એ માટે હજુપણ  કાંઈ કરી શકાય તો એના માટે કેન્દ્ર સરકારને દબાણ કરો એવી મારી આપશ્રીને ખાસ વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાંડ પણ મળતી નથી. ખાંડની બાબતમાં ૫૦૦ ગ્રામ આપણે રેશનિંગમાં આપીએ છીએ, પણ ખરેખર આવી ક્રાલીવીમ સમયમાં ઓછામાં ઓછી એક કિલો ખાંડ આપવી જોઈએ. ૧૨૩ લાખ જે ગરીબોનાં રેશન કાર્ડ છે અન એની` ૧ લાખ ટનની જરૂરિયાત સામે આપણને મળતી નથી. આજે ખાંડના ભાવ ઉંચા ગયા છે અને એટલા માટે મારે ધ્યાન દોરવું છે કે આપણી પાસે ખાંડ હતી ત્યારે એનો પુરવઠો એકસપોર્ટ કરી નાંખવામાં આવ્યો અને જયારે ખાંડની જરૂર પડી અને આપણી પાસે પુરવઠો નહોતો ત્યારે બહારથી મોંઘા ભાવે આયાત કરવામાં આવી છે. તો આ સસ્તું વેચવું અને મોંઘું લાવવું એ બે ઉંધો વેપાર કર્યો એના કારણે ગુજરાતમાં આ સ્થિતિ ઉભી થઈ છે. ભૂતકાળમાં ગુજરાતમાં ખાંડની આવી ક્રાઈસીસ કયારેય પણ જોવા મળી નહોતી અને આજે અચાનક આ જ વર્ષમાં આટલી બધી ક્રાઈસીસ આવી ગઈ છે, તો એના માટે જવાબદાર કોણ છે? એટલા માટે ગરીબ લોકોને ખ્યાલમાં રાખીને આપણને પુરવઠો વધારવા માટે મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું બજેટના આંકડાઓ ઉપર આવું તો ૨૦૧૦-૧૧ માં ૩૮૮.૪૬ કરોડ રૂપિયાનું બજેટ મારા વિભાગને આપવામાં આવ્યું છે એના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો આભાર માનું છું. ટ્રાયબલ સબ પ્લાનમાં ૫૪.૧૩ કરોડ રૂપિયાના બજેટની જોગવાઈ છે એ પણ આનો ભાગ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે અંત્યોદય અન્ન યોજના અને ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે વાત કરું તો અમારો સ્વર્ણીમ ગોલ છે કે તમામ લાભાર્થીઓને જીવન જરૂરિયાતની વસ્તુઓ અને ફોર્ટીફાઈડ આટો આપવા માટેનો અમારો સંકલ્પ છે. એના માટે ૧૦૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. સોયા ફોર્ટિફિકશેનની વાત કરતાં મને આનંદ થાય છે કે ગુજરાત સરકારે સોયા ફોર્ટિફિકેશનમાં સૌથી  પ્રથમ લીડ લીધી છે. સામન્ય રીતે સોયા લોટ મીકસ  કરવો અથવા સોયા યુકત લોટ આપવો એ સુખી પરિવારની નિશાની છે, પરંતુ ગુજરાત સરકારે જોયું કે એમાં જે તત્વ છે એ એને આપવા માટે, ગરીબ લોકોને પોષણયુકત આહાર પૂરો પાડવા માટે દ ાઉંના આટામાં ફોલીક એસીડ, આયર્ન અને સોયા લોટનો ઉમેરો કરીને પ્રોટીનયુકત આહાર પૂરો પાડવા માટેનું કામ આ સરકાર કરે છે. એમાં બી. પી. એલ. છે અને જે ગરીબ લોકો છે તેને આંટો ૧૩ કિલો અને એમાં ૫૦૦ ગ્રામ સોયાબીન મીકસ કરીએ છીએ અને અંત્યોદયમાં સાડા અઢાર કિલો ગ્રામમાં એક કિલો સોયા અમે મીકસ કરીએ છીએ, પરંતુ તેનો વધારો કરવા છતાં પણ જે ૧૩ કિલો બી.પી.એલ. ને અમે લોટ આપવા માગીએ છીએ તેમાં ૨૬ રૂપિયા અમે રેટ રાખ્યો છે, બે રૂપિયે કિલો, એમાં કોઈ વધારાનો રેટ લેવામાં આવતો નથી અને સાડા

અઢાર કિલો અંત્યોદય માટે છે તેનો રેટ ૩૮ રૂપિયા રાખ્યો છે. હમણા મારા મિત્રો ઘણાં ટીકા કરતા હતા કે અનાજ ડાયવર્ઝન થાય છે. એ વાત ભૂતકાળમાં અને અત્યારે પણ એ તત્વ હજુ ઘુસેલું જ છે તેને નાબૂદ કરવા માટે અમારો અટમોસ્ટ પ્રયત્ન કરીએ છીએ. પરંતુ અમે વિચાર્યુ છે કે આ વર્ષે બારકોડેટ રેશન કાર્ડ અમે કાઢી રહ્યા છીએ. બજેટની જોગવાઈ પણ તેના માટે ૩ કરોડની રાખી છે. આપણા રાજયમાં રેશન કાર્ડ ધારકોને બાર કોડ સહિતના રેશન કાર્ડ આપવાના છીએ, તેના આધારે ડાયવર્ઝન થત અટકશે અને તેના કારણે અમે દરેકને ચેક કરી શકીશું. આ જે ટેકનોલોજી છે તેનો ઉપયોગ કરી અને અમે ઈ રેશન કાર્ડ બનાવીશું. આ જે રેશન કાર્ડ બનશે તેમાં એમના કુટુંબના ઓછામાં ઓછા ૧ સભ્યનો ફોટો અને આંગળીઓની છાપ લઈ અને ડેટા બેઈઝ તૈયાર કરીશું, વિતરણ વ્યવસ્થાના આધારે દુકાનદારો માટે બાર કોડ આધારીત કુપનનું વિતરણ થવાનું છે. જેથી સમગ્ર વ્યવસ્થામાં ઝડપ, ચોકકસાઈ અને ખુલાપણું લાવી શકાશે. આના માટે અમે પાયલોટ પ્રોજેકટ શરૂ કર્યો છે અને એમાં સફળતા મળતા જ એ સીસ્ટમ ચેક થયા પછી તરત જ અમે આનું અમલીકરણ કરીને ઈ રેશનકાર્ડ કરી અને જે લોકો ખોટું રેશન લઈ જાય છે તેને અમે નાબૂદ કરી નાખીશું. બી. પી. એલ. યોજનામાં પણ આપ સૌ બહુ સારી રીતે જાણો છો કે સરકાર કેન્દ્ર સરકારે ૩ રૂપિયે કિલો ઘઉં અને ચોખા આપવાની જાહેરાત કરી હતી. અત્યારે તો પાંચ રૂપિયે આપે છે. પણ અમે તો બે રૂપિયે કિલો ઘઉં આપીએ છીએ અને જે ઘઉં અમને પ્રાપત થાય છે તેમાં પણ ૩ રૂપિયા અને ૪ પૈસા કિલોએ સબીસડી આપીએ છીએ. એ જ પ્રમાણે ચોખામાં પણ ૧ કિલોએ ૩ રૂપિયા અને ૬૪ પૈસાની સબસીડી રાજય સરકાર આપે છે. તેના કારણે કરોડો રૂપિયાનું ભારણ રાજય સરકાર ભોગવે છે. એક તકલીફ જે અમોને હતી એ.પી.એલ. માટે જે ૪૦૦૦૦ મેટ્રિક ટન ઘઉં આપણને મળતા હતા. અને એ ઘઉંનું ડાવર્ઝન અમે કરી શકતા નહોતા. કારણ કે પહેલા લોકો ખરીદતા નહીં પરંતુ જયારે ઘઉંના ભાવ ખૂબ ઉંચા જતા રહ્યા ત્યારે કેન્દ્રમાંથી મળતું ૪૦૬૦૦ મેટ્રિક ટન ઘઉંનો જથ્થો જે લેવા માટે આપણી પાસે બચત રહી છે તે અમે ગરીબ લોકો માટે ૧૬ કિલો આપવાનું આયોજન કર્યુ છે. જે કોઈ ગરીબ લોકોને જોઈતું હોય તો અડધી કિમત સુધીમાં મળે છે અને આપણે ૭ રૂપિયા સુધીમાં આપી શકીશું. એ જ પ્રમાણે અંત્યોદયની અંદર પણ ખૂબ નીચા ભાવે સેન્ટ્રલ ગવર્નમેન્ટ આપણને આપે છે તેમાં પણ અમારી સરકાર ૮૮ પૈસા એક કિલોએ સબસીડી વેઠે છે. અને ૧ રૂપિયો અને ૧ પૈસા ચોખામાં પણ સબસિડી રાજય સરકારે ભોગવે છે. એક નાની યોજના છે અન્નપુર્ણા યોજના, રાષ્ટીય વૃધ્ધ પેન્સન યોજના હેઠળ સહાય મેળવવા પાત્ર હોય પરંતુ સહાય ન મેળવતા હોય તેવા ૬૫ વર્ષની ઉપરના કોઈ પણ લોકો હોય તો એવા નિરાધાર વૃધ્ધોને દસ કિલો અનાજ આપવાની વ્યવસ્થા પણ અમે ગોઠવેલી છે. અન્ન સલામતી માટે કોઈ હોસ્પિટલમાં બિમાર રહેતો હોય, તેની જોડે રેશન કાર્ડ ન હોય,

તેણે કોઈ વ્યવસ્થા થઈ ન હોય તો એને રેશન કાર્ડ ન હોય તો પણ દવાખાને પડેલ નિરાધાર વ્યકિત માટે ૧૫ કિલો અનાજ તેને છ મહિના સુધી આપવાનું અને તેને કોઈની મંજુરી લેવાની જરૂર નથી જિલ્લા પુરવઠા અધિકારી અને મામલતદાર સ્વ વિવેકથી એને આપી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વનબંધુ માટેનું પણ અમારું આયોજન છે. અહીંયા ભૂતિયા રૅશનકાર્ડની વાત મેં કરી છે. હું ફિગર આપવા માગું છું. અંત્યોદય યોજના નીચેના રૅશનકાર્ડ છે એમાંથી ૧૫૦૮૩ જેટલા ભૂતિયા રૅશનકાર્ડ આપણે નાબૂદ કર્યા છે. એ જ રીતે બી.પી.એલ. કાર્ડ નીચે ૧ લાખ ૧૨૮૩૯ જેટલા ભૂતિયા રૅશનકાર્ડ નાબૂદ કર્યા છે. એ.પી.એલ. ૭ લાખ ૮૮ હજાર ૪૯૮ ભૂતિયા રૅશનકાર્ડ નાબૂદ કર્યા છે. જે લોકો ગેસ વાપરે છે, સિલિન્ડર વાપરે છે અને ઘરે પાઈપ લાઈનથી ગેસ આવે છે. ઘણા ડુપ્લીકેટ હોવાને કારણે ગેસકાર્ડનું સ્ટેમ્પીંગ કરીને અમે લગભગ ૪ લાખ ૪૯ હજાર ગેસ કાર્ડ હતા એનું સ્ટેમ્પીંગ કરાવ્યું કારણ કે કેરોસીન મેળવવામાં આ કાર્ડનો મીસયુઝ થતો હતો. અને ડુપ્લીકેશન થવાને કારણે લોકો ગેસ પણ વાપરતા હતા અને રૅશનકાર્ડ ઉપર દુકાનદારો અને સપ્લાયરો અને કેરોસીનના ડીલરો એનો દુરપયોગ કરીને કેરોસીનનું ડાયવર્ઝન કરતા હતા. આના કારણે આ ભૂતિયા રૅશનકાર્ડ નાબૂદ કરવાના કારણે ભૂતકાળમાં જે ૯૨ ટકા જેટલું કેરોસીન આપી શકતું હતું એના બદલે આજે અમે ૯૯ ટકા કેરોસીન આપી શકીએ છીએ. આના કારણે મારે આપનું ધ્યાન દોરવું છે કે લગભગ ૮૦ લાખ લિટર કેરોસીન અમે આ વરસે બચાવી શક્યા છીએ. કેરોસીનની બાબતમાં પણ જો સામેના પક્ષના મિત્રો મદદ કરી શકે તો આપણે કેરોસીનની વધારે જરૂર છે. આપણી ૯૦ હજાર કિલોલિટરની જરૂરિયાત સામે ૭૯૬૪૪ કિલોલિટર મળે છે અને એમાં ડાયવર્ઝન થવાને કારણે ગરીબ લોકોને મુશ્કેલી પડે છે. અમે. એ.પી.એલ. દુકાનોને મૉડલ ફેર પ્રાઈઝ શોપ કરીને એક નવી રચના કરી છે. એના કારણે આપણા ગુજરાતમાં જ આવો એક પ્રયોગ આપણે કર્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું અને મૉડલ ફેર પ્રાઈઝ શોપ કરવા માટે આપણે બેંકમાંથી એક લાખ રૂપિયા લોન અપાવીએ છીએ અને ૧૫ હજાર રૂપિયાની સબસિડી આપીએ છીએ. એ દુકાનદારને ફક્ત કમિશન ઉપર આધાર ન રાખવો પડે પણ ૨૫ -૩૦ કે ૪૦ બીજી કોમોટેડી પોતાની દુકાનમાં રાખે અને ગામને જરૂરિયાતવાળી વસ્તુઓ પોતે રાખે અને એ વસ્તુઓનું વેચાણ કરીને એમાંથી એનું ગુજરાન કરી શકે અને એને આપણે એનકરેજ કરી રહ્યા છીએ.

તેલની બાબતમાં થોડુંક ધ્યાન દોરવું છે. ગઈસાલે ૬ હજાર મેટ્રિકટન પામોલીન તેલ ગરીબો માટે આવતા ઉત્સવોમાં સમયસર આપવા માટે ખરીદ્યું હતું. અમે જ્યારે તેલ ખરીદીએ ત્યારે કેન્દ્ર સરકારની નીતિથી આપણને સબસિડી ન આપે અને કેન્દ્ર સરકાર ખરીદે ત્યારે એટલું મોડું થયું હોય તે વખતે આપણી પાસે તેલ ન હોય ત્યારે ગરીબો બૂમ પડે. એવા સંજોગોમાં અમે જ્યારે તેલ ખરીદીએ છીએ, ગુજરાત સરકાર પણ એક સરકાર છે, કેન્દ્ર

સરકાર પણ એક સરકાર છે. એ તેલ ખરીદે કે અમે તેલ ખરીદીએ પણ અમે જ્યારે તેલ ખરીદીએ ત્યારે એની ઉપર ૧૫ રૂપિયા સબસિડી જાહેર કરી, એક લિટર ૧૫ રૂપિયા સબસિડી આપીશું એ ૧૫ રૂપિયા સબસિડી આપણને ન આપી અમે ખૂબ પત્રવ્યવહાર કર્યો કે અમે સમયસર ખરીદી કરી છે તેથી અમને સબસિડી મળવી જોઈએ કેન્દ્ર સરકારે એવો આગ્રહ રાખ્યો કે પબ્લિક અન્ડર ટેઈકીંગ કમિટી દ્વારા તેલ ખરીદવું એ ન ખરીદ્યું હોય તો સબસિડી ન આપવી એના લીધે અમને ઘણું નુકસાન થયું છે.

**અધ્યક્ષશ્રી** : આપને આપેલો સમય પૂરો થાય છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : સાહેબ બે-ત્રણ મિનિટ લઈશ. મારે એક ધ્યાન દોરવું છે, અહીંયા ઘણા મિત્રોએ ટીકા કરી હતી કે સરકાર કડક પગલાં લેતી નથી. મારે એ ધ્યાન દોરવું છે કે પુરવઠો સપ્લાય ભલે કેન્દ્રમાંથી આવતો હોય, કેન્દ્ર અમને એમ કહેતું હોય છે કે તમે ત્યાં તકેદારી રાખો, તમે એના ઉપર નિયમન રાખો, એની ઉપર કાયદો બનાવીને કાયદાનો અમલ અમારી જોડે કરાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે ગુજરાત નહીં, સમગ્ર દેશમાં જેટલું નિયમન કરવાનું રાજય સરકારોએ કામ કર્યું છે તેમાં યુ.પી.એ. સરકારે, કોંગ્રેસ પ્રેરિત યુ.પી.એ. સરકારે અને નૉન યુ.પી.એ. સરકારની ગુજરાતમાં અને દેશમાં સરકારો છે અમે એમના કાયદા અને નીતિનું પાલન કરીએ છીએ. અમે દરોડા પાડીએ છીએ. સ્ટૉક પકડીએ છીએ. અમે તેના ઉપર એકશન લઈએ છીએ. આ બધું અમે કરીએ છીએ, પરંતુ આ બધામાં નૉન યુ.પી.એ. સરકારના જે રાજયો છે તેણે ૮૩ ટકા કામગીરી સંભાળી છે અને પકડેલા ગુનામાં ફક્ત યુ.પી.એ. સરકારે એને રાજય સમર્થિત કોંગ્રેસ સમર્થિત તેમાં ૧૭ ટકા ફક્ત એ લોકોએ દરોડા પાડ્યા છે. તેનો અર્થ ફ્રીહેન્ડ આપવામાં આવે છે એ લોકોને. અમે અહીંયા કામ કરીએ, આંગળી ચાટીને પેટ ભરવાનું. અમે દરોડા પાડીએ. થોડો પુરવઠો બચાવીએ અને એ લોકો ૧૭ ટકા દરોડા પાડ્યા નથી, સ્ટૉક કંટ્રોલ કર્યો નથી. કાળાબજારીયાઓને ફ્રીહેન્ડ આપ્યો છે. એ સંજોગોમાં અમને આનું ગૌરવ છે. ગુજરાતના આંકડા આપું છું (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ ગુજરાતના આંકડા આપીને પૂરું કરો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : ગુજરાતમાં ૨૮,૦૨૫ તપાસો, માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) મારો સમય પૂરો થઈ જાય છે. તમને જોઈશે એટલા આંકડા આપીશ. અમે જથ્થો કબજે લીધો છે. ૨૭.૫૮ કરોડ રૂપિયાનો જથ્થો કબજે લીધો છે. રાજયસાત કરેલો જથ્થો ૫.૨૮ કરોડ રૂપિયાનો છે. પરવાના અનામત કર્યા ૩૪.૮૭ લાખના. પરવાના રદ કર્યા ૧૦૨, કોર્ટ કેસ ૮૯ અને જે કાળાબજારીયાઓ છે જેને પી.બી.એમ.માં ભર્યા છે. એવા ૪૬ લોકો આજે પણ જેલમાં સડે છે.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે. (આ તબક્કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ પ્રશ્ન પૂછવા માટે ઉભા થતાં) હું તક આપું છું. બે મંત્રીશ્રીઓનો જવાબ પૂરો થાય પછી , (અંતરાય) હું ત્રણેને આપીશ. તમને તક આપીશ. મારે ક્યારે તક આપવી એ નક્કી કરવું પડશે. તમને પ્રશ્નનો જવાબ.. મારે સમયની સાથે ચાલવાનું છે. બે મંત્રીશ્રીઓના જવાબ પછી. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મંત્રીશ્રીનો જવાર પૂરો થાય એટલે રાઈટ ટુ કવેશ્ચન એ પછી તરત જ આવે.

**અધ્યક્ષશ્રી** : રાઈટ ટુ કવેશ્ચન ચોક્કસ છે. આપણી વ્યવસ્થાનો પ્રશ્ન છે. હું આપીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : વ્યવસ્થામાં મારી વિનંતી છે આપને. પ્રથા અત્યાર સુધીની છે. મારી વિનંતી છે આપને. એ પ્રથા આપણે નહીં તોડીએ. લેટ મી આસ્ક હીમ ટુ કવેશ્ચન.

**અધ્યક્ષશ્રી** : મને સાંભળી લો આપ, પહેલા આપ બેસી જાવ. (અંતરાય) પ્રશ્ન મંત્રીશ્રીના પ્રવચન પછી કવેશ્ચન પૂછવાનો અધિકાર છે એ હું સ્વીકાર કરું છું. તેમાં મારી કોઈ ના નથી. પણ જે દિવસે ત્રણ મંત્રીશ્રીઓ જ્યારે જવાબ આપવાના હોય, ત્યારે ત્રણે મંત્રીશ્રીઓનો જવાબ પતી ગયા પછી હું પાંચ મિનિટ રાખું છું. ગઈ કાલે પણ મેં એ જ પ્રમાણે કર્યું હતું અને આજે પણ એ રીતે ચોક્કસ. શ્રી વજુભાઈ.

**શ્રી વજુભાઈ વાળા (શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા શ્રમ અને રોજગાર વિભાગની જે માગણી લઈને આવ્યો છું અને તેમાં માનનીય સભ્યશ્રીએ પોતાના વક્તવ્યની અંદર જે તેમણે વાત કરી છે તેમાં પહેલાં માનનીય શ્રી શકિતસિંહજીએ જે વાત કરી. તેમણે જુદા જુદા આંકડા આપ્યા ૧૯૯૫માં, ૨૦૦૯માં આ બધા આંકડા છે એ ખરેખર ગવર્નમૅન્ટના પ્રકાશિત આંકડા છે અને આજે પણ કહીએ કે લાઈવ રજિસ્ટર ૧૯૯૫માં ૯,૧૨,૧૮૨નું હતું. આજે પણ એ ૨૦૦૯માં હે લાઈવ રજિસ્ટર ૯,૦૫,૪૮૧નું છે. આ આંકડો એટલા માટે થઈને એમને એમ સ્થિર રહે છે કે જેટલા લોકોને રોજગારી અપાઈ છે એની સાથોસાથ પુખ્ત વયના લોકો નવાને નવા વધતા જાય છે અને રોજગારી આપવા માટે થઈને કહીએ કે આંકડો ઘટે છે. ઘટે છે પણ પ્રમાણમાં થોડા ઘટે છે. કાંઈ હિંદુસ્તાનની સરખામણીમાં નહીં પણ દરેક જગ્યાએ આંકડાઓ વધતા જાય છે. આપણા આંકડાઓ વધતા નથી. પણ ખરેખર અશિક્ષિત છે એ લોકોને રોજગારી મળે છે. શિક્ષિત લોકો છે એમના આંકડાઓ આખા હિંદુસ્તાનની અંદર વધતા જાય છે. આંકડાઓને ચેલેન્જ કરવાની વાત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં બીજી વાત નેનોની કરી. નેનો છે એની અંદર ૮૫ ટકા કારીગરો સ્થાનિક લેવા જોઈએ, ૬૦ ટકા મેનેજરોની અંદર લેવા જોઈએ. આ જી.આર. ૧૯૯૫નો છે અને જે ઇન્ડસ્ટ્રીઝ પ્રોડક્શનમાં આવી હોય, એનું કારખાનું ચાલુ થાય ત્યાર પછી લાગુ પડે છે. ગઈકાલે મારી પ્રશ્નોત્તરીમાં જવાબ આપ્યો હતો કે, જે પ્રોત્સાહિત ઇન્ડસ્ટ્રીઝ છે અને એના માટેની કામગીરી ઉદ્યોગ વિભાગ કરે છે. જે બિન પ્રોત્સાહિત રાજય સરકારના ઉદ્યોગો છે અને કેન્દ્ર સરકારના ઉદ્યોગો છે એના માટે થઈને આ સ્વરૂપ છે. એ શ્રમ અને રોજગાર વિભાગ કરે છે અને આ ઠરાવ છે એ સૂચનાત્મક છે. એની અંદર ન કરે તો એની સજા માટે શ્રમ અને રોજગાર વિભાગને કોઈ સત્તા નથી. પ્રોત્સાહિત ઉદ્યોગ હોય એના માટે ઉદ્યોગ વિભાગ છે. એના માટે જે કાર્યવાહી કરવાની હોય એ કરી શકે. એટલે નેનોનું કારખાનું હજુ પ્રોડક્શનમાં ગયું નથી. એટલે ૧૯૯૫નો ઠરાવ છે એ અહીંયાં લાગુ પડતો નથી. એ જ રીતે શ્રી બાવકુભાઈએ વાત કરી કે, કારખાના ધારા હેઠળ દંડની વાત કરી. આ દંડ કરવાની સત્તા છે એ ફર્સ્ટ ક્લાસ મૅજીસ્ટ્રેટને છે, એ દંડ કરે છે. આપણને કોઈ સત્તા નથી. બીજી વાત કરી કે, અકસ્માતમાં વળતર વધારવું જોઈએ, આ જે વળતર અપાય છે એ ઓછું અપાય છે. આ વર્કમેન કમ્પેન્સેશન એકટ છે એ કેન્દ્ર સરકારનો છે. એમાં કેટલું વળત આપવું એ કામદારનો કેટલો પગાર છે અને એને કેટલા ટકા ઈજા થઈ છે એ પ્રમાણે વળતર આપવામાં આવે છે. એ કેન્દ્ર સરકાર નક્કી કરે છે. ત્રીજી વાત કરી કે, વડીયાની અંદર જમીન લેવામાં આવી છે પણ આઈટીઆઈ માટે બાંધકામ થતું નથી. રાજયમાં ૨૬ જગ્યાએ આઈટીઆઈ કરવા માટે જમીન પ્રાપ્ત થઈ છે. એની અંદર આગામી ૨ વર્ષમાં લગભગ ૨૬ જગ્યાએ આઈટીઆઈના મકાનો થઈ જાય એના માટે રાજય સરકારની કાર્યવાહી ચાલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ઈકબાલભાઈએ કહ્યું કે, જે ખેડૂતોએ જમીન ગુમાવેલ છે. એ લોકોને આપણે રોજગારી આપવી જોઈએ. માનવતાની દૃષ્ટિએ આ કામગીરી છે એ ઉદ્યોગ વિભાગ કરવાની છે. જમીન સંપાદન કરી હોય એને રોજગારી આપવાની વાત હોય, જે ઉદ્યોગોને જરૂર હોય એવા શ્રમ યોગીઓ માટો આઈટીઆઈ કરવાની વાત થઈ. હું પ્રવચનમાં કહીશ કે જે તે વિસ્તારમાં ખાસ પ્રકારના ઉદ્યોગો હોય, ત્યાં આજની તારીખે આઈટીઆઈમાં એવા પ્રકારના કોર્સિસ દાખલ કર્યો છે એ ઉદ્યોગો માટે જેવા માણસોની જરૂર હોય, સ્કિલ્ડ કે સૅમી સ્કિલ્ડ વર્કરો આપવા માટેની કાર્યવાહી કરવા માટેનું આપણે કરીએ છીએ. જે હું આ વર્ષે બાકીની વસ્તુ છે એ લગભગ આટલા વર્ષોની પદ્ધતિ છે એ પ્રમાણે છે. પણ આગામી વર્ષમાં શ્રમ વિભાગ તરફથી નવો પ્રોજૅકટ લાવીએ છીએ એમાં કોર્સમાં કૌશલ્ય વર્ધક કેન્દ્ર સ્થાપવાની વાત છે. સામાન્ય રીતે આઈટીઆઈ તાલુકા કેન્દ્રે હોય, મોટા શહેર જેવું હોય એની અંદર આઈટીઆઈ કેન્દ્ર હોય છે. એના બદલે આઈટીઆઈ કેન્દ્ર હોય છે પરંતુ હવે ટૂંકા કોર્સિસ ચાર મહિનાના, છ મહિનાના આવા પ્રકારના કોર્સ જે ગામડાની વસ્તી આઠથી દસ હજારની હોય,જે શહેરમાં નથી આવી જગ્યાએ ટેમ્પરરી કોર્ષ ચાલુ કરવા માટે થઈને ૧૫૦ કૌશલ્યવર્ધન કેન્દ્રો આગામી વર્ષની અંદર એ કરવામાં આવશે અને અંદાજે ૧ લાખ લોકોને રોજગારી પ્રાપ્ત થાય એ પ્રકારની કાર્યવાહી આગામી વર્ષે કરવામાં આવશે. બીજી એવી જ રીતે વાત છે. કે જે કુટીર ઉદ્યોગના કારીગરો છે તો આ કુટીર ઉદ્યોગના કારીગરોની અંદર આજે કુટીર ઉદ્યોગની દિવસે અને દિવસે ડીમાન્ડ વધતી જાય છે તો આ જે નાના નાના ગ્રામ્ય વિસ્તારની અંદર અથવા તો કંઈકને કંઈક કલાકારીગરી જાણે છે આવા કુટીર ઉદ્યોગના જે કારીગરો છે એને ટ્રેનીંગ મળે એટલા માટે થઈને હાલની આઈ.ટી.આઈ. છે એ આઈ.ટી.આઈ.ની અંદર થોડું નવું મકાન બનાવી અને ઉદ્યોગ વિભાગના સહકારથી ત્યાં કુટીર ઉખ્દ્યોગના કારીગરો છે એને ટ્રેનીંગ મળે એના માટે પણ અમે કાર્યવાહી કરવાના છીએ અને એના માટે થઈને ૫૦ કુટીર મંદિરોનો પણ આમાં સમાવેશ કરવાની જોગવાઈ કરી છે. એ જ રીતે જે આઈ.ટી.આઈ. કેમ્પસની અંદર ગુજરાત સરકારના જાહેર સાહસો અને સરકારના ઉદ્યોગો તેમજ અન્ય વિભાગના સંયુકત સાહસથી ૧૦૦ જેટલા ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર કે જેના દ્વારા ઉદ્યોગોની જરૂરિયાત મુજબનાલાંબા ગાળાના ।અને ટૂંકા ગાળાના કોર્ષીસ ચલાવી અને ૫૦હજાર યુવાનોને તાલીમ આપવામાં આવશે. માનનીય ઈકબાલભાઈએ જે વાત કરીને એ જ રીતે આ જે રાજય સરકારના આપણા જે ઉદ્યોગો છે એના મારફત અને બીજી રીતે આવી આપણી આઈ.ટી.આઈ.ના વિભાગની અંદર જ આવા જે છકુશળ કારીગરો નિર્માણ કરવા માટેનું આયોજન રાજય સરકારે કર્યુ છે. હાલની આપણી જે શિક્ષણ તાલીમ આપવાની કેપેસીટી છે એમાં રાજયમાં ૧૮૫ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ છે. ૧૩૧ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ છે અને ૩૮૦ સ્વનિર્ભર સંસ્થાઓ છે. આ કુલ ૬૯૬ સંસ્થાઓની અંદર જૂદા જૂદા પ્રકારના ૧૬૧ વ્યવસાયલક્ષી કોર્ષ ચાલે છે અને એમાં દર વર્ષે ૧,૧૪,૭૪૭ તાલીમાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે અને એ દ્વારા આપણે આ કાર્યવાહી કરીએ છીએ. અને હજુ આપણે જે પ્રમાણે કહયું ૧૫૦ કૌશલ્યવર્ધન કેન્દ્રોલ, ૫૦ કુટીર મંદીરો અને ૧૦૦ જેટલા ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર એ આટલા વર્ષોની અંદર આપણે વધારશું એટલે હાલની ટ્રેનીંગ છે એને બદલે ટૂંકા ગાળાની ટ્રેનીંગ લગભગ દોઢ લાખથી બે લાખ લોકોને વાર્ષિક ટ્રેનીંગ મળે એવું પણ આગામી વર્ષોથી અંદર આપણે આયોજન કર્યુ છે. આપણે એટલું પણ ચોકકસ કહી શકીએ કે અનેક વખત આ હાઉસની અંદર કહેવીણું છે કે છેલ્લા લગભગ ૬-૭ વર્ષથી આ ગુજરાત રાજય જે રોજગારી આપવાની અંદર એમ્પલોમેન્ટ એકસચેન્જ મારફત રોજગારી આપવામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. ૨૦૦૨ની અંદર આપણે આખા હિન્દુસ્તાનની અંદર જે રોજગારી મળી એમાંથી ૨૦૦૨માં ગુજરાતમાંથી ૪૬ ટકા લોકોને રોજગારી મળે

૨૦૦૩માં ૪૨ ટકા લોકોને રોજગારી મળી, ૨૦૦૪માં ૪૭ ટકાને રોજગારી મળી, ૨૦૦૫માં ૫૪ ટકાને રોજગારી મળી, ૨૦૦૬માં ૫૫ ટકાને રોજગારી મળી અને ૨૦૦૭માં ૭૩ ટકાને રોજગારી મળી, ત્યાર પછી કેન્દ્ર સરકાર તરફથી કેટલા ટકાની રોજગારી ગુજરાતમાંથી મળી કે હિન્દુસ્તાનનું કેલકયુલેશન કર્યુ નથી પરંતુ આપણે એમ કહીએ કે ૨૦૦૮માં જયારે ૨૦૦૭માં ૭૩ ટકાને રોજગારી મળી ત્યારે ૧,૯૧,૭૬૧ લોકોને રોજગારી મળી હતી. ત્યાર પછી ૨૦૦૮માં ૧૯૧ને બદલે ૨,૨૫,૭૧૪ લોકને રોજગારી મળી અને એ જ પ્રમાણે ૨૦૦૯ની અંદર ડીસેમ્બર સુધીની અંદર ૧,૫૪,૩૯૫ લોકોને રોજગારી મળેલ છે. આ એમ્પલોમેન્ટ એકસચેન્જ મારફત આપણે એ રીતે રોજગારી આપવાની અંદર આખા હિન્દુસ્તથાનનની અંદર આપણે પ્રથમ નંબર રહયા છે છઅને પ્રથમ નંબર હજી પણ જાળવી શકયા છીએ. એ જ રીતે ગુજરાત રાજ્યની અંદર ઔદ્યોગિક શાંતિ છે અને ઔદ્યોગિક શાંતિ એટલા માટે છે કે અહીંયા હડતાલો અને લોક-આઉટ ડિકલેર થતા નથી. હડતાલ પાડવાની વાત હોય કે યુનિયનવાળા હડતાલ પાડવાની વાત કરતા હોય તો એ હડતાલ ન પાડે એના માટે એની સાથે સમજૂતી કરીને સમાધાન કરાવીએ છીએ. કોઈપણ માલિક લોક-આઉટ ન પાડે એના માટે થઈને સમજાવટથી કામગીરી કરીએ છીએ. ઔદ્યોગિક રીતે શાંતિ જળવાઈ રહી એ રીતે રાજ્ય સરકારના પ્રયત્નો રહ્યા છે અને આપણા ગુજરાત રાજ્યમાં ઓછામાં ઓછા માનવ દિન ગુમાવીએ છીએ. ૨૦૦૭માં ૮૭૪૫૧ માનવ દિન ગુમાવ્યા હતા, ૨૦૦૮માં ૪૧૯૪૯ માનવ દિન ગુમાવેલા અને ૨૦૦૯માં ૩૨૨૮૨ માનવ દિન ગુમાવ્યા છે. ઉત્તરોત્તર માનવ દિન ગુમાવવાની સંખ્યા ઘટતી જાય છે. એટલે ઔદ્યોગિક શાંતિ ગુજરાત રાજ્યમાં કેટલી છે એ પ્રસ્થાપિત થાય છે. એ સિવાય જે મિનિમમ વેજીસ છે એનું પણ ચુસ્તપણે પાલન કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર પોતાનું નક્કી કરે છે એના સપ્રમાણમાં અથવા એના કરતાં વધુ મિનિમમ વેજીસ આપીએ છીએ. તા. ૧૧-૨-૨૦૦૯માં ૪૯ ધંધામાં મિનિમમ વેજીસ આપણે ડિકલેર કર્યા છે. એ સિવાયની એક વાત હોય તો ખાસ એ છે કે જે અસંગઠિત કામદારો અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા કામદારો છે એવા ૮૭ લાખ ગ્રામ્ય શ્રમજીવિકો છે એને કોઈ પ્રિમિયમ ભરવાનું હોતું નથી. પ્રિમિયમ રાજ્ય સરકાર ભરે છે અને એમનું અકસ્માતથી મૃત્યું થાય તો એક લાખ રૂપિયા વીમો રાજ્ય સરકાર તરફથી ચૂકવાય છે. કદાચ મૃત્યું ન થાય પરંતુ એ પરમેનન્ટ ડીસએબલ થાય, ૧૦૦ ટકા અપંગ થાય તો એક લાખ રૂપિયાનો વીમો અમે વીમા કંપની મારફત અપાવીએ છીએ. આંશિક રીતે કોઈ નુકસાન થયું હોય તો ૫૦ હજાર સુધીનું વળતર અપાવવાની વાત કરી છે. આ રીતે શહેરી વિસ્તારના કારીગરો અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ખેત શ્રમિકો તમામ લોકોને રક્ષણ મળે અને અમે જે પાર્ટીના અમે સભ્યો છીએ એવા અમારા દીનદયાળજીએ વાત કરેલ કે હર હાથ કો કામ દો, દરેક વ્યક્તિને કામ મળે એ સિદ્ધાંતને અનુસરીને આ ભારતીય જનતા પક્ષની સરકાર શ્રમ અને રોજગાર વિભાગની અંદર કાર્યવાહી કરી રહી છે. મોટા ભાગના કાયદાઓ છે એ કેન્દ્ર સરકારના કાયદાઓ છે. કેન્દ્ર સરકાર જે સૂચનો કરે છે એનું પણ અમે પૂરેપૂરું પાલન કરીએ છીએ. આજની તારીખે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે કોઈ અણબનાવ હોય કે સંઘર્ષ હોય એવી કોઈ વાત નથી. અમે સમન્વયતાથી કામ કરીએ છીએ. માનનીય સભ્યશ્રીઓને એટલું જ કહેવાનું કે આપણે સૌ સાથે મળીને ૧લી જાન્યુઆરી ૨૦૧૦ના દિવસે આ ગુજરાત રાજ્યને સમૃદ્ધ બનાવવા માટે જે સંકલ્પ કર્યો હતો એ સંકલ્પ સાથે આપણે આ શ્રમ વિભાગમાં આપના કોઈપણ સૂચનો હોય તો આપ ચોક્કસ કરજો. ખોટું થતું હોય ત્યાં ધ્યાન દોરવાનું હોય તો ધ્યાન પણ દોરજો. આપણે સૌ સાથે મળીને એકે એક વ્યક્તિને રોજગારી મળે એ દિશામાં પ્રયત્નો કરવાની વાત છે. તમામ માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી કરીશ કે આપે જે કાપ દરખાસ્તો મૂકી છે એ કાપ દરખાસ્તો પાછી ખેંચી લઈ મારી માગણીઓ સ્વીકારશો એવી મારી આપ સૌને વિનંતી છે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના કલાઈમેટ ચેન્જમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કલાઈમેટ ચેન્જ વિભાગની માગણી લઈને આજે આ સભાગૃહમાં હું આવ્યો હતો અને ઘણા બધા માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. વિરોધ પક્ષના નેતાશ્રીએ શરૂઆતમાં ક્લાઈમેટ ચેન્જ વિશે અને રાજ્યમાં જે પોલ્યુશન છે અને એમાં ખાસ કરીને જે દેશમાં ૮૮ એસ્ટેટો જે હાઈ પોલ્યુટેડ ગણવામાં આવ્યા છે અને એની અંદર ગુજરાતના ૮ એસ્ટેટો અને વિસ્તારોનો સમાવેશ થયો છે એની ઘણી બધી વાતો કરી. એમણે આગળ પણ કહ્યું કે બંધ આંખ કરીને બેસીએ એ યોગ્ય નથી અને રાજ્યના હિતની ચિંતા કરવી જોઈએ. મારે આ ૮૮ એરિયા દેશમાં ડિકલેર કર્યા છે એની થોડી વિગતો આપવી છે. માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૩-૧-૨૦૧૦ ગવર્નમેન્ટ ઓફ ઈનિડયાએ Office Memorandum દ્વારા પરિપત્ર બહાર પાડ્યો અને એના કારણે ગુજરાતના ૮ વિસ્તારોનો સમાવેશ કર્યો. એ ૮ વિસ્તારોનો સમાવેશ કરતા પહેલા મારે કેન્દ્રને સવાલ પુછવો છે કે કેન્દ્ર સરકારે procedure follow કરી હતી કે જે હાલના નિયમો છે રૂલ નંબર ૫(૨) અને (૩) of Environment Protection Rules, ૧૯૮૬ ની અંદર જે format છે એની અંદર નોટિસ આપવી પડે, કારણ દર્શાવવા પડે, ૬૦ દિવસ જવાબ માટે objection raise કરવું પડે અને natural justice માટે સામેવાળાને સાંભળવા પડે. મારે એકજ સવાલ પુછવો છે કે ૮૮ વિસ્તારોને જાહેર કર્યા એમાં ગુજરાતના ૮ વિસ્તારો જાહેર કર્યા એમાં નિયમોનું પાલન કર્યુ હતું કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજું પૂછવું છે કે કેવા વિસ્તારોને આપણે લીધા છે, ગુજરાતને કેવો અન્યાય થયો છે એની મારે માહિતી આપવી છે. ૮ વિસ્તારો લીધા એની અંદર કોઈ particular estate લીધી હોય તો આપણે સમજીએ પણ આખો અમદાવાદ જિલ્લો એટલે એનો અર્થ શું થયો? વિરમગામ, ધંધુકા, માંડલ, ધોળકા, ધોલેરા આની અંદર આજે ઉદ્યોગ નાખવો હોય તો નાંખી ના શકીએ. મારે બીજું કહેવું છે કે આખો ભાવનગર જિલ્લો. હું વલ્લભીપુર તાલુકાનો પ્રતિનિધિ છું. મારાં વલ્લભીપુર તાલુકામાં એકેય ઉદ્યોગ નથી પણ આ કેન્દ્રની notification દ્વારા આજની તારીખમાં વલ્લભીપુર તાલુકાની અંદર આપણે ઉદ્યોગ નાંખી ના શકીએ. કઈ વિચાર ધારાથી આપણે આગળ વધ્યાં છીએ? આખો જુનાગઢ જિલ્લો, આખો રાજકોટ જિલ્લો, આખો વડોદરા જિલ્લો આ ગુજરાતને અન્યાય નથી તો શું છે? માનનીય અધ્યક્ષશ્રી, આ પાંચ જિલ્લાઓને સંપૂર્ણપણે એટલે વિચાર તો કરો ભાવનગરનો ધોલેરા આવી ગયો, આખો S.I.R. આવી ગયો, ધોલેરા વિસ્તારની અંદર આટલો મોટો આપણે જે Special Investment Region કરીએ છીએ એની અંદર આપણે ઉદ્યોગ નાંખી ના શકીએ અને કારણ શું? કારણ આ Office Memorandum આપ્યુંને એના કારણે. અને મારે એક વસ્તુ પુછવી છે કે આ જ્યારે ડીકલેર કર્યુ ત્યારે તમે પાણીના સેમ્પલો લીધા હતા? તમે કોઈની સહીઓ લીધી હતી? પાણીના સેમ્પલ કયારે લીધા? સહીઓ ક્યારે લીધી? એના સેમ્પલ બીજે મૂકયા, કોણ Third-party Inspection કર્યુ. રિપોર્ટને વખતે જી.પી.સી.બી. ને ધ્યાનમાં રાખ્યું હતું? છે કોઈ તમારી પાસે માહિતી? કોઈજ માહિતી નથી. એના વગર આ કરવામાં આવ્યું છે અને કર્યુ કોણે ખબર છે? કેન્દ્ર સરકાર એમ કહે છે કે, કર્યુ આઈ.આઈ.ટી. દિલ્હી અને આઈ.આઈ.ટી. દિલ્હીવાળા શું કહે છે આખો અહેવાલ જે ૮૮ કલસ્ટર એરિયા છે જાહેર કર્યા છે એ આઈ.આઈ.ટી. દિલ્હીના રિપોર્ટમાં કર્યો છે. મારે પુછવું છે કે તમે અમદાવાદ શહેરને લો છો તો દિલ્હીને કેમ બાકાત રાખો છો? દિલ્હીમાં યુમના નદી ઉપર નથી પોલ્યુશન? આજે આખા અમદાવાદ જિલ્લાને લઈ શકો છો પણ દિલ્હીને બાકાત રાખ્યું છે. દિલ્હી કેમ? આનો સવાલ શું કહે છે અને આનો જવાબ આપવો પડે. માનનીય અધ્યક્ષશ્રી, મારે પુછવું છે આઈ.આઈ.ટી. દિલ્હીવાળા શું કહે છે સેપ્ટ વાપી. એ આઈ.આઈ.ટી. દિલ્હી તરફથી કાગળ આવ્યો અને આઈ.આઈ.ટી. દિલ્હી શું કહે છે? The calculation of sampling for various

industrial areas/clusters was carried out on the basis of the samples made available to them by CPCB. એટલે CPCB ના recommendation પર એમણે કર્યુ છે અને કોઈ જગ્યાએ કોઈને વિશ્વાસમાં લીધા વગર આ ૮૮ કલસ્ટરોની આપણે રોકાણ બંધ કર્યુ છે. એની અસર કેટલી પડે છે ગુજરાતમાં? માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં આ બધા જિલ્લાઓની અંદર આપણે મૂડીરોકાણ ના કરી શકીએ પણ એ ઉપરાંત ૧૫૨ ઉદ્યોગો જે State Level Expert Committee ની અંદર ૧૦૧૭૦ કરોડનું મૂડીરોકાણ અત્યારે આપણું બંધ પડી ગયું છે. આ એક નિર્ણયના કારણે. આંખ બંધ કરીને નિર્ણય કોણે લીધો છે એ અત્યારે ખબર પડી ગઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે ઘણું બધું કર્યુ છે એની થોડી માહિતી પણ આપી દઉ. માનનીય અધ્યક્ષશ્રી, રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો સ્ટેટ ફાયનાન્સીસ રિપૉર્ટ હમણાં જ જે બહાર પડ્યો અને સાતમા પાના ઉપર એ લખે છે કે, "Gujarat is one of the leading States focusing on environment. When the area of mangroves is decreasing in country, Gujarat has planted mangroves in ૯૩૫ sq. KM area through PP bond. આ આર.બી.આઈ.નો રિપૉર્ટ કહે છે, વધારે શું કહે છે કે, Gujarat has become one of the pioneer States in getting carbon credit, Gujarat also leading States in providing infrastructure to maintain environment. The State has till date developed around ૨૫ common effluent treatment plants and about ૮ technically safe disposal sites.

આ આર.બી.આઈ.નો રિપૉર્ટ કહે છેકે, ગુજરાતે સારી કામગીરી કરી છે અને એ ઉપરાંત એમાં વધારે આગળ જઈએ તો કેન્દ્ર સરકારનું ફૉરૅસ્ટ સરવે ઑફ ઈન્ડિયા પણ કહે છે કે, જો સારામાં સારી કામગીરી આની અંદર જો કરી હોય તો એ ગુજરાત સરકારે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આંકડાઓ કહે છે, એફલ્યુઅન્ટ ટ્રિટમૅન્ટ પ્લાન્ટ કેટલા ૫૮૦૮, individual incinerators કેટલા, ૪૧? individual કેટલી, ૧૫? individual pipe discharge દરિયાની અંદર છેક નાખીએ છીએ એવા કેટલા, ૧૮ ? માનનીય અધ્યક્ષશ્રી, બધાનો જો આપણે આંકડો મૂકીએ ને તો ૫૯૫૩ થાય છે અને એમાં જો કૉમન storage disposal facility - effluent treatment plants આખા દેશમાં ૧૬ છે , એ આખા દેશમાં ૧૬માં ગુજરાતને કેટલી, ૮, એટલે પચાસ ટકા એટલે આ બધી કામગીરી કરેલી છે અને આ કરવાના કામ ગણોને આર.બી.આઈ. અત્યારે આપણને એમ કહે છે કે, તમારી કામગીરીના કારણે ગુજરાતે ખૂબ સારી પ્રગતિ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હજુ આગળ વધવાનું છે, અને આગળ વધવાનું છે અને એ પ્રમાણે કલાયમેન્ટ ચેન્જ ડિપાર્ટમૅન્ટે સ્પેસિફિક સ્ટ્રેટેઝીસ જોડે અમે આગળ વધી રહ્યા છીએ. એકે એક વિભાગને આપણે સાંકળી લઈએ છીએ, એકે એક વિભાગે પોતાની નીતિ બનાવી છે અને એકે એક વિભાગ આવતા વર્ષોમાં આ વિષયમાં શું કરવાનું છે એની એણે આખો લોન્ગ ટર્મ ગોલ બનાવ્યો છે. દાખલો આપું ટ્રાન્સપૉર્ટ ડિપાર્ટમૅન્ટ, એણે બસ રેપીડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ કરી, આ વિચાર કરો કે આ સિસ્ટમ જ્યારે આપણે આખા રાજયમાં દરેક શહેરોમાં સફળતા થાય તો કેટલા હજારો લિટર ડિઝલ બચે, કેટલું carbon emission બચે, કેટલો ફાયદો થાય, એટલે પબ્લિક ટ્રાન્સપૉર્ટની અંદરથી માંડીને એન્ર્જીની અંદર, એન્ર્જી ડિપાર્ટમૅન્ટે માનનીય અધ્યક્ષશ્રી, એનર્જી ડિપાર્ટમૅન્ટે સ્ટેટ વાઈસ ગેસ ગ્રિડ કરી છે. આ ગુજરાત એક માત્ર રાજય છે કે, એક એક જિલ્લામાં ગેસ ગ્રિડ આપવાનું છે. ગુજરાત એક માત્ર રાજય છે કે, જેણે ૧૫૦ સી.એન.જી. સ્ટેશન દોઢ વર્ષમાં થઈ જશે, ગુજરાત એક માત્ર રાજય છે કે, આ વર્ષે બે લાખ ગેસના કનૅક્શન આપશે. આ કલાયમેટ ચેન્જમાં આપણે આગળ નથી વધતા તો કયાં જઈએ છીએ ? તમે વિચાર તો કરો કે તમારે ગેસ આપવાથી તમારે કેટલો લાભ થાય વાહનોની અંદર, તમારે કેટલું પેટ્રોલ બચે, કેટલું ડિઝલ બચે, કેટલું પોલ્યુશન બચે ? અને કેન્દ્ર

સરકારની કેટલી સબસિડી બચે. કરોડો રૂપિયાની સબસિડી જે અમે રાજય સરકાર પોતાના બજૅટમાં ફાળવણી કરીને કોરપોરેશનો દ્વારા ગેસ ગ્રિડ નાખીએ છીએ. સી.એન.જી. પંપ નાખીએ છીએ. એવી જ રીતે અર્બન ડિપાર્ટમૅન્ટની વાત કરીએ ઘણી બધી ટીકાઓ થઈ, ૨૦૦૩માં અમદાવાદ, most polluted city in India નામનું ગણાતું હતું અને આપ સૌ જાણો છો કે સાંજના આપણે નીકળી ન શકતા. આજે ૨૦૦૯માં યુનાઇટેડ નેશનન્સના ગ્રીન સીટીસમાં અમદાવાદનું નામ છે. આ છ વર્ષમાં કરેલી પ્રગતિ અને એવી જ રીતથી સુરત શહેરને Rockfellar Foundation માં સિલેક્શન કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગની વાત કરીએ , કે ઉદ્યોગની અંદર વિભાગે એન્જી ઑડિટ નાના મોટા હાઈ ટેન્શનોનું કમ્પલસરી કરાવ્યું છે અને નાના સ્મોલ મિડીયમ ઇન્ડસ્ટ્રીઝમાં એની નીચે એનું ઑડિટ આપણે કરીએ છીએ અને એનું કારણ શું ? કે એન્જી ઑડિટ કરીએ અને વીજળી બચે તો એનો લાભ સીધો આવે એના માટે ડાયરૅક્ટ ઈનડાયરેકટ કલાયમેન્ટને ફાયદો થાય.અંતરાય..

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હજી ૧૨-૪૫ થાય છે. દસ મિનિટ બાકી છે હજી.

**અધ્યક્ષશ્રી** : પાંચ મિનિટ રહેવા દેવાની છે એમના માટે. એમણે જે સમય માંગ્યો છે એ મેં આપ્યો છે અને હું આપવાનો છું. રાઈટ ટુ કવેશ્ચન બંને માટે મતદાન માટે પાંચ મિનિટનો સમય રાખવાનો છે.

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ વિભાગ કરે એવી રીતે રૂરલ ડેવલપમેન્ટમાં પણ કરે છે. આજે ગોબર ગેસ માટે આપણે આગળ વધી રહયા છીએ. તમે વિચાર તો કરો વોટર મેનેજમેન્ટની અંદર માઈક્રો ઈરીગેશન સિસ્ટમ શેના માટે લાવ્યા છીએ આપણે? જયોતિ ગ્રામ દ્વારા ટ્રાન્સમીશન લાઈનો નાખી એના કારણે કેટલા ટ્રાન્સમીશન અને ડીસ્ટ્રીબ્યુશન લોસ ઘટયા. આના કારણે વીજળીની બચત થઈ અને આના કારણે કલાઈમેટ ચેન્જની અંદર આપણે આગળ વધી શકયા છીએ. રીસર્ચની અંદર એગ્રીકલ્ચર યુનિવર્સિટીને આપણે અંદર સમાવ્યા છે એટલે એકેએક વિભાગ આની અંદર ખૂબ ઝડપથી આપણે આગળ વધી રહયા છીએ. સફળતા તો જુઓ પહેલું રાજય દેશમાં જો કલાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટની સ્થાપના કરી હોય તો એ ગુજરાતે કરી છે. ગુજરાત પહેલું રાજય છે કે જયાં ગ્રાઉન્ડ વોટર લેવલ અ રાઈઝીંગ બીજા બધા રાજયના તળના પાણી નીચે જાય છે. ગુજરાતે ગ્રાઉન્ડ વોટર લેવલમાં પોતાની મહેનતથી પાણીનો સંગ્રહ કર્યો છે અને આ ડેટા છે એ સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડનો ડેટા છે. આ કેવી રીતે થયું? ચાર લાખ વોટર હાર્વેસ્ટીંગ સકસેસ બનાવ્યા, ચેકડેમ બનાવ્યા, ખેત તલાવડી બનાવી. બોરીબંધ બનાવ્યા અને આના કારણે પાણીનો જે સંગ્રહ થયો અને આનો લાભ થયો. ટપક પદ્ધતિની પણ વાત કરો. ગુજરાત પહેલુ રાજય છે દેશમાં કે જેણે સ્ટેટ ગ્રીડ જિલ્લે જિલ્લે નાખ્યુ અને ગુજરાત એક રાજય છે પહેલું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપે જે માગેલો સમય છે એમાં બે મિનિટ જ બાકી છે.

**શ્રી સૌરભ પટેલ** : ત્રણ મિનિટ બાકી છે સાહેબ. ૧૨-૫૦ સુધી મારે બોલવાનું છે. સોલાર પાવરમાં પહેલી નીતિ કાઢી હોય તો એ ગુજરાત સ્ટેટે કાઢી છે અને કેન્દ્ર સરકારે એક વર્ષ પછી કરી છે આપણી અને ભાવ કેવા આપ્યા? આપણાથી વધારે. આપણે ત્યાં અહીંયા ૭૧૬ મેગાવોટમાં ૧૩ રૂપિયે લાઈન લાગી એમણે ૧૮ રૂપિયા આપ્યા. ૧૭ રૂપિયા અને ૪૧ પૈસા અને અહીંયા પહેલુ સ્ટેટ હતું કે જેણે કાર્બન ક્રેડીટની અંદર સૌથી વધારે લીધું અને હું બે જ મિનિટમાં મારી વાત પૂરી કરું છું કે અમે લોકો ઘણી સ્પીડથી આગળ જઈએ છીએ. અમે ગ્રીન એનર્જીમાં કમિટેડ છીએ. અમે ગ્રીન લીવીંગમાં કમીટેડ છીએ અને એના કારણે એનર્જી એફીશીયન્સી બિલ્ડીંગ માટે અમે પ્રોત્સાહન આપ્યું છે. બે દિવસ પહેલા સેપ્ટની અંદર લેબોરેટરી, ગ્રીન લીવીંગ માટે

એફીશીયન્સી બિલ્ડીંગ અને કન્સ્ટ્રકશન માટે હું ખાતમૂહુંર્ત કરીને આવ્યો હતો અને એનું કારણ શું? સરકારે ગ્રાન્ટ આપી અને સરકારે કીધું કે તમે લેબોરેટરી બનાવો અને બિલ્ડીંગોની અંદર કઈ જાતના માલ સામાનની વપરાશ થવી જોઈએ એ તમે આગળ વધો અને સેપ્ટને આપણે ભાગીદાર બનાવ્યા. અમે ગ્રીન ઈકોનોમીમાં માનીએ છીએ. અમે ગ્રીન એન્વાયર્મેન્ટમાં માનીએ છીએ અને એના કારણે દેશની અંદર ગુજરાતે ખૂબ મોટું સ્થાન લીધું છે. એક જ વાત કહીને મારી વાત પૂરી કરું છું કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી એક કમીટમેન્ટ લઈને બેઠા છે અને એ કમીટમેન્ટ દરેક વિભાગ કેવી રીતે આગળ વધે એના માટે જે માસ્ટર પ્લાન બનાવ્યો છે અને આપણું આવતું જનરેશન ખૂબ સારી રીતે ગુજરાતમાં રહી શકે અને આપણે જે અત્યારે પોલ્યુશન, કાર્બન એમીશીયસ વધારે કરીએ છીએ એ દિવસે દિવસે કેવી રીતે ઘટે અને ગુજરાત ગ્રીન કેવી રીતે બને એના માટે આ સરકાર પ્રયત્ન કરશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા જે ત્રણેય મંત્રીશ્રીઓના પ્રશ્ન છે એ હું એક સાથે પૂછી લઉં છું. આપ તેઓને ક્રમમાં જવાબ આપે તેવું કહેશો એવી વિનંતી. મારો પહેલો પ્રશ્ન માનનીય નાણામંત્રીશ્રી માટે છે એમણે કહયું કે ગુમાવેલા માનવ દિન દર વર્ષે ઘટતા જાય છે. ગુજરાતમાં બહુ શાંતિ છે. મારે એ જાણવું છે કે આપે આપેલા સમાજિક અને આર્થિક સમસ્યામાં ગુમાવેલા માનવ દિન ૨૦૦૮માં ૨૩૦૬૩ હતા.આજે ગુમાવેલા માનવદીન નવેમ્બર ૨૦૦૯ સુધીના જે ખાલી ૩૪૭૦૪ માનવદીન ગુમાવેલા છે. તો કયા સાચા આંકડા માનીને ચાલવા? આમાં આર્થિક સમીક્ષા પાછળના આંકડા સાચા કે અત્યારના આંકડા સાચા? બીજો પ્રશ્ન પુરવઠા મંત્રીશ્રીને કે ભાષણમાં કહ્યું કે અનાજ બીજે અન્યત્ર વાળી દેવાનું ભૂતકાળમાં થતું હતું. આપને કેગ દ્વારા ઑડિટ થયેલામાં જે ઑડિટ કરાયેલું છે એમાં સ્પષ્ટ કહેવાયેલ છે કે અન્યત્ર પુરવઠો વાળી દેવાના કારણે ભારત સરકાર અને ગુજરાત સરકારના ૪૮ કરોડ ૧૦ લાખ રૂપિયાનું નુકસાન થયું છે. આટલો મોટો પુરવઠો વળાયો છે. આ અંગે આપે કોઈ જવાબદારો સામે પગલાં લીધાં કે કેમ? ત્રીજો પ્રશ્ન માનનીય પર્યાવરણ મંત્રીશ્રીને છે. એ પ્રશ્ન એટલો છે કે આપે કહ્યું આ સરવેમાં અમને અન્યાય થયો છે. આ સરવે કેન્દ્ર સરકારે નહિ, પણ નામાંકિત આઈ.આઈ.ટી. દ્વારા થયો છે. આ સરવેમાં આપને અન્યાય થયો હોય તો એમ્પાવર્ડ કમિટી પાસે કે સુપ્રીમ કોર્ટ પાસે આપ કોઈ પિટિશન ફાઈલ કરવા માગો છો કે કેમ એક અને બીજો પ્રશ્ન આપે મને લાગે છે કે રિપોર્ટ વાંચ્યો છે કે કેમ? મારું તો સંકુચિત જ્ઞાન છે. મારી પાસે જે સેન્ટ્રલ ગવર્નમૅન્ટનો ઠરાવ છે. કોઈ જિલ્લો નથી બહાર થયો. Read, "Development projects from industrial clusters", only of the cluster and not the District. આપ આખા જિલ્લાની વાત કરો છો, એવું આ ગવર્નમૅન્ટના જી.આર.માં કયાંય ઉલ્લેખ નથી. માત્ર ક્લસ્ટર છે, તો આપ આખા જિલ્લાને કયા આધાર ઉપર ગણો છો? ત્રીજો પ્રશ્ન છે આપના અધિકારીએ ૨૦૦૭ માં ખૂબ પ્રદૂષણ કરો છો. સાંઠગાંઠ અધિકારીઓ અને મોટા ઉદ્યોગપતિઓની છે, એ

અધિકારીએ આપના ગુજરાત સરકારના અધિકારીના રિપોર્ટ ઉપર આપે કોઈ પગલાં ભર્યાં નથી. ઉદ્યોગોમાં ગુજરાતને અન્યાય નથી થયો. આપણે જુલાઈ ૨૦૧૦ માં ગયા પછી એનો રિવ્યુ થવાનો છે. રિવ્યુમાં આપે આપના દરવાજા ખુલ્લા છે, એની સમીક્ષા થવાની છે, આ ત્રણેય બાબતોમાં આપનો શું જવાબ છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય સભ્યશ્રીએ જે સવાલ પૂછયો છે. એની અંદર માનવદીન ગુમાવેલ છે, એનો કેન્દ્ર સરકારના લેબર ડિપાર્ટમેન્ટ જે સીમલાની અંદર બ્યુરો છે એની થાય છે અને ૨૦૦૭ માં ગુમાવેલ છે તે ૮૭,૪૫૧ અને ૨૦૦૮ માં ૪૧,૯૦૯ અને ૨૦૦૯ માં (અંતરાય) આ કૅલૅન્ડર વર્ષ માટે ચાલે છે. કૅલૅન્ડર વર્ષ અને પેલું ગણીએ તો જુદા આંકડા થાય. હું કૅલૅન્ડર વર્ષ પ્રમાણેના આંકડા કહું છું. વર્ષ પ્રમાણેના આંકડા તો ડીફર આવે. હું તો કૅલૅન્ડર વર્ષ પ્રમાણેના આંકડા કહું છું.

**અધ્યક્ષશ્રી** : બંનેના આંકડા ડીફર થવાના કારણો પણ આપે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : I just asked specific question. જે બજેટનું પ્રકાશન છે. એમાં ૨૦૦૯-૦૯ શું છે એટલું જ?

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી ફીગર આપે છે. બ્યુરો ઑફ ઈકોનોમિક્સ સીમલાના આપે છે. ચર્ચા માટે લાંબો સમય જશે. મંત્રીશ્રીએ શું જવાબ આપવો એ તેમનો અધિકાર છે. મંત્રીશ્રી આપ જવાબ પૂરો કરો.

**શ્રી વજુભાઈ વાળા** : જે ત્રણેય આંકડા રીતે કરીએ તો ૨૦૦૭ માં ૮૭૪૫૧ અને ૨૦૦૮ માં ૪૧૯૦૯ અને ૨૦૦૯ માં ૩૨૨૮૨ માનવદીન ગુમાવેલ છે. આ આંકડા કૅલૅન્ડર વર્ષ પ્રમાણેના છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** :વિરોધ પક્ષના નેતાશ્રીએ એવો પ્રશ્ન ઊભો કર્યો તે વખતે..

**અધ્યક્ષશ્રી** : સીધા સવાલના જવાબ ઉપર આવો. વકતવ્ય નહિ.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : અગાઉના ઉલ્લેખનો જવાબ આપવાનો બાકી રહ્યો હતો. પ્રશ્ન રૂપે પૂછયો છે. ભારત સરકારને ૨૬.૮૫ કરોડનું અને ગુજરાત સરકારને ૨૧.૨૦ કરોડનું નુકસાન થયું છે એવો ઉલ્લેખ કર્યો છે. મારે શક્તિસિંહજીનું ધ્યાન દોરવું છે કે આવો પુરવઠો હોય છે એ અનાજનો પુરવઠો હોય છે. કોઈપણ રાજ્યમાં બનાવ બને છે તરત જ. કોમી રમખાણ થાય. તરત જ કોમી રમખાણ થાય, અગર તો પૂર આવે અગર તો કોઈ એવી આકસ્મિક બાબત બની જાય કે જેના ઉપર આપણે પૂરવઠો આપવાનો આવે, ત્યારે જે પુરવઠો આપવામાં આવે એ પુરવઠો આપણી પાસે જે સ્ટોકમાં હોય એ પૂરવઠામાંથી એ સ્ટોક આપવામાં આવે. દા.ત. પુર આવે તો તરત જ કેન્દ્ર સરકાર એમ કહે કે આને પુરવઠો આપો, તો આપણી પાસે જે જુનો પુરવઠો પડયો હોય એમાંથી એ આપવામાં આવે અને એ પૂરવઠો આવવામાં આપણને વિલંબ થાય તો, મોડો આવે એના કારણે આ પુરવઠો જે ડાયવર્ટ થાય છે પછી એ પુરવઠો રિએમ્બર્સ કરવામાં આવે છે એટલે આને, આ પુરવઠાને જે કોસ્ટિંગ કર્યુ છે અને સીએજીએ જે રિપોર્ટ કર્યો છે એ મેં જોયો છે. આ પુરવઠો એડજસ્ટમેન્ટનો પ્રોબ્લેમ છે, એક કામ બીજા કામને

તાત્કાલિક કરવાની જરૂર હોય ત્યાં પુરવઠો તાત્કાલિક આપવામાં આવે કારણ કે ઘઉંનો જે પુરવઠો હોય, એ જુનો હોય છે એને પહેલાં વાપરી નાખવો પડે નહીં તો એ સડી જાય એટલે નવો પુરવઠો આવે એની રાહ જોવાય આ પ્રમાણે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે સવાલ પૂછયો કે તા. ૧૩-૧-૨૦૧૦ જે રિપોર્ટ આવ્યો એના પછી માર્ચ આઠે વિગતવાર કાગળ લખ્યો છે, બે થી ત્રણ વાર અમે દિલ્હી જઈ આવ્યા છીએ. દિલ્હીમાં અધિકારીઓ આની સાથે સહમત થયા છે, અને એ લોકોએ ખાતરી આપી છે કે અમે ઉકેલ લાવી દઈશું, અને એના કારણે અમે સુપ્રિમ કોર્ટમાં ગયા નથી. એ લોકોએ એમની ભૂલ કબૂલ કરી છે અને ટૂંક સમયની અંદર એ લોકો નવો જીઆર કરીને અમને આપવાની ચાર દિવસ, છ દિવસ પહેલાં ખાતરી આપી હતી. બીજું, એમણે જે પેલા અધિકારીની વાત કરીને, સાહેબ ઓછામાં ઓછી દશ વસ્તુઓ કહી કે શું પગલાં લીધાં એની.

**કાપદરખાસ્ત ક્રમાંક: ૧, ૨,૩,૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯,૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી નંબર ૨૨, ૨૩, ૫૬ અને ૧૦૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨.૫૭ વાગ્યે પૂરું થતાં અધક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૧૦**
**ફાલ્ગુન ૨૫, ૧૯૩૧ શાકે**
**બીજી બેઠક**
**બપોરના ૨.૩૦**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષ સ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## જામનગર જિલ્લામાં મહિલા સમરસ ગ્રામ પંચાયતો

***૧૫૧૪૯ પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૦૮-૦૯ અને સન ૨૦૦૯-૧૦ના વર્ષ દરમ્યાનતા.૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલી ગ્રામ પંચાયતો મહિલા સમરસ પંચાયત તરીકે જાહેર કરવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને અનુદાન આપવામાં આવ્યું?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) કોઈ ગ્રામ પંચાયત સમરસ થઈ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ તો છે પરંતુ હું એ જાણવા માગુ છું કે, મહિલા સમરસ ગ્રામ પંચાયત થાય તો એને કેટલું પ્રત્સાહક અનુદાન આપવામાં આવે છે, અને આ અનુદાનનો શું ઉપયોગ કરવામાં આવે છે, અને તેનો ઉપયોગ કરવો હોય તો કોની મંજૂરીથી એનો ઉપયોગ કરી શકાય છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા સમરસ ગ્રામ પંચાયતો માટે ખાસ પ્રકારનું અનુદાન સરકારે આપવાનું નક્કી કર્યું છે. આમ તો ગ્રામ પંચાયતો સમરસ થાય છે એમાં જનરલ ગ્રામ પંચાયતો જે સમરસ થતી હતી એની સરખામણીમાં મહિલાઓને પ્રોત્સાહિત કરવા માટે જે અનુદાન આપીએ છીએ એમાં જે નાના ગામ હોય ૫૦૦૦ની વસતિ સુધીની ગ્રામ પંચાયત હોય તો એ જનરલમાં ૧ લાખ રૂપિયા આપવામાં આવે છે પણ ૫૦૦૦ની વસતિવાળી ગ્રામ પંચાયત હોય અને એ મહિલા સમરસ ગ્રામ પંચાયત બને તો એને ૨ લાખ રૂપિયા આપવામાં આવે છે. ૫૦૦૧ થી ૧૫૦૦૦ની વસતિવાળું મોટું ગામ હોય તો જનરલ કિસ્સામાં ૧.૫૦ લાખ રૂપિયા અનુદાન આપવામાં આવે છે અને જો આ પ્રકારનું મોટું ગામ હોય અને એ મહિલા સમરસ ગ્રામ પંચાયત બને તો ૩ લાખ રૂપિયા આપવામાં આવે છે. ૫૦૦૦ સુધીની વસતિ ધરાવતા હોય અને એ બીજી વખતે સમરસ થતું હોય તો એને જરલમાં ૧.૨૫ લાખ રૂપિયા આપવામાં આવે છે અને મહિલા સમરસ ગ્રામ પંચાયત બીજી વખત સમરસ થતી હોય તો એને ૨.૫૦ લાખ રૂપિયા અનુદાન આપવામાં આવે છે. ૫૦૦૧ થી ૧૫૦૦૦ સુધીની વસતિવાળું મોટું ગામ હોય અને એ બીજી વખત જનરલમાં સમરસ થતું હોય તો ૧.૮૭ લાખ રૂપિયા એને મળે છે અને જો ૫૦૦૧ થી ૧૫૦૦૦ની વસતિવાળું ગામ હોય અને એ બીજી વખત મહિલા સમરસ ગ્રામ પંચાયત થતી હોય તો ૩,૭૫,૫૦૦ રૂપિયા એને અનુદાન આપવામાં આવે છે. આ જે અનુદાન છે એ ગામમાં ખૂટતી કોઈ સગવડ હોય અને ગામની અંદર એ કામગીરી કરવાની બાકી હોય તો એ જિલ્લા આયોજન મંડળ જેવા કામો મેળવે છે અને એમાં માર્જીન આપવાનું હોય છે તો ગ્રામ પંચાયત આયોજન મંડળની રકમમાંથી જે કામો ચાલતા હોય એમાં માર્જીન મની તરીકે આપી શકે છે. આ મેચિંગ ગ્રાન્ટમાં વાપરવાના હોય છે ઉપરાંત ગ્રામ લોકોને ખાસકરીને પીવાના શુધ્ધ પાણીની વ્યવસ્થા, આંતરીક રસ્તા કરવા માટે, સ્ટ્રીટ લાઈટની સુવિધા કરવા માટે, શાળાના ઓરડાઓ બાંધવા માટે, પ્રાથમિક સારવાર કેન્દ્રો કરવાના હોય તો એના માટે, જળસંચય યોજના કરવાની હોય, જાહેર સૌચાલયો બાંધવાના હોય, દૂષિત પાણીના નીકાલ માટેની વ્યવસ્થા કરવાની હોય તો એની અંદર વાપરી શકે અને આ બધી યોજનાઓમાં પૈસા વાપરવા માટે ગ્રામસભાની મંજૂરી લેવાની હોય છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા સમરસ ગ્રામ પંચાયતો તો થઈ નથી પણ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જિલ્લામાં ૨૦૦૯-૧૦માં કેટલી ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ અને આ સમરસ જાહેર થયેલી ગ્રામ પંચાયતોને કુલ કેટલું અનુદાન આપવામાં આવ્યું?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજ સુધીમાં જામનગર જિલ્લાની ૪૯૬ ગ્રામ પંચાયત સમરસ થઈ છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રો.વસુબેનનો જે પ્રશ્ન હતો એમાં મારે જણાવવું છે. આખી યોજનાનું જે મૂળ હતું એ અંગે જણાવું તો ગૃહના માનનીય સભ્યશ્રીઓને એ માહિતી ઉપયોગી થશે. આપણે જ્યારે સમરસ ગામનો વિચાર મૂકયો અને અનેક જગ્યાએ એને પ્રોત્સાહન મળ્યું, પરંતુ આ રાજ્યની અંદર કેટલાક ગામ એવા હતા કે, જે ગામના આગેવાનોએ નકકી કર્યું કે, એવું કેમ ન થાય કે આપણા ગામમાં બધી જ બહેનો ગામ સંભાળે અને આરક્ષણ માટે શું ચાલી રહ્યું છે એ આપણને બધાને ખબર છે. ગુજરાતમાં એવાં

ગામો નીકળ્યા, કે જે ગામે પોતે મળીને નક્કી કર્યુ કે ભલે ભાઈઓ ચુંટાઈને જઈ શકતા હશે તેમ છતાંય પાંચ વર્ષ માટે બધીજ બહેનોને પસંદ કરીએ, બહેનો જ ચુંટાઈને જાય અને બહેનો જ સંભાળે, પચાસ કરતાં વધારે એવા ગામ છે ગુજરાતમાં કે જ્યાં ગામના લોકોએ સંપૂર્ણ વહીવટ બહેનોને સોંપ્યો છે, આ બાબત જ્યારે મારા ધ્યાન પર આવી ત્યારે મને એમ થયું કે, આ બહેનો સફળ થવી જોઈએ, એમને પ્રોત્સાહન મળવું જોઈએ અને એના ભાગ રૂપે પાછળથી આ સ્કીમ આપણે જાહેર કરેલી. અને એના સારા પરિણામ મળ્યા છે અને બહેનોમાં એક વિશ્વાસ વધ્યો છે કદાચ સંપૂર્ણ દેશમાં સમગ્રતયા વહીવટ બહેનોના હાથમાં સોંપવાનો નિર્ણય ગામના વડીલોએ મળીને કર્યો હોય એવી આ એક પ્રેરક ઘટના છે એ અર્થમાં આ પ્રશ્ન મહત્વનો છે.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી એ જાણવું છે કે, સમરસ ગ્રામ પંચાયત યોજના હેઠળ કયા કયા કારણોસર સમરસ પંચાયત જાહેર કરવામાંથી બાકાત રાખવામાં આવે છે. આવી સમરસ જાહેર થવા પાત્ર પંચાયતોને આ યોજના હેઠળ કોઈ પ્રોત્સાહક અનુદાન રાજય સરકારે ભૂતકાળમાં આપેલ છે કે કેમ અને હાલ આવી કોઈ ગ્રામ પંચાયતોને આ લાભ આપવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : એ વાત સાચી છે કે ઘણી વખત સમરસ ગ્રામ પંચાયત કરવામાં ગામ લોકોએ ખૂબ મહેનત કરી હોય છે અને ગામ સમરસ થતું જ હોય છે પરંતુ ઘણી વખતે એવા નાના મુદ્દાઓ ગામમાં ઉભા થાય કે જેના કારણે એને આપણે સમરસ કહેવું કે નહિ એની વ્યાખ્યામાં એક મુશ્કેલી ઉભી થાય છે, સમરસ ગ્રામ પંચાયત યોજના હેઠળ એવા ટેકનીકલ કારણોસર સમરસ પંચાયત જાહેર થવામાં એવી કોઈ મુશ્કેલી હોય એના કારણે બાકાત રાખવામાં આવે છે નોર્મલી પણ ખાસ કેસમાં આવા જ્યારે મુદ્દાઓ ઉભાં થાય છે ત્યારે એવો પણ મુદ્દો હોય કે કોઈ વોર્ડ અથવા વોર્ડોમાં, ગ્રામ પંચાયતની ચૂંટણીમાં કોઈ ઉમેદવારી પત્ર રજૂ નહિ થયું હોય તો સમરસ થવામાં મુશ્કેલી થાય છે, ગામોમાં કોઈ વોર્ડ સરપંચની ચૂંટણીમાં તમામ ઉમેદવારો દ્વારા ઉમેદવારીપત્રો પાછાં ખેંચી લેવાતા એની ચૂંટણી નહિ થવાથી એ સમરસ ગામ જાહેર કરવામાં મુશ્કેલી પડી હોય છે, ગામોમાં કોઈ વોર્ડો કે વોર્ડ સભ્યની ચૂંટણીમાં તમામ ઉમેદવારી પત્રો ટેકનીકલ કારણોસર નામંજૂર કરતાં આ જગ્યાઓની ચૂંટણી નહિ થવાથી એનો એક ટેકનીકલ મુદ્દો થાય છે, હાલ જણાવેલા એકપણ કેટેગરીના કારણમાં નહિ આવતા અને બીજા તબક્કે બીનહરિફ જાહેર થવાથી એમાં એક ટેકનીકલ મુદ્દો ઉભો થાય છે, એના કારણે અગાઉ ૧૨૩ ગ્રામ પંચાયતો આવી નાની નાની ટેકનીકલ ક્ષતિઓને કારણે ઘણો પ્રયત્ન કરેલો હતો પણ એ મંજૂર નહિ થયેલી પરંતુ મારે કહેવું જોઈએ કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમને ફાઈલ રિફર કરતા એમણે એ વખતે ૧૨૩ ગ્રામ પંચાયતોને ખાસ કેસમાં મંજૂરી આપી હતી એ પ્રમાણે ૨૦૦૫માં આ બન્યું એના પછીના વખતમાં હમણાં પણ આવા જ ટેકનીકલ મુદ્દાઓસર ફરી પાછી ૧૨૬ ગ્રામ પંચાયતોમાં આવા ટેકનીકલ મુદ્દાઓ ઉભાં થયાં હતા અને એમને રૂા..૧.૨૮ કરોડનું પ્રોત્સાહક અનુદાન આપવાનું રાજય સરકારે મંજૂર કરેલ છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વૃક્ષોનું વાવેતર કરવા બાબત**

***૧૫૧૬૭ શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા (દસાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦માં સુરેન્દ્રનગર જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા કેટલા વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**વન મંત્રીશ્રી**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦માં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૩૮૩ હેકટર વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) ઉકત વાવેતર પાછળ રૂા..૨૧૯.૫૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હુ આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે એમણે જે જિલ્લાવાર સુરેન્દ્રનગર જિલ્લાની માહિતી આપી છે એમાં તાલુકાવાર કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે અને એનો ખર્ચ જે થયેલ છે એ કેટલો થયેલ છે એની વિગત જણાવવા કૃપા કરશે.

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં ધ્રાંગંધ્રા તાલુકામાં ૨૫૦ હેકટરમાં વાવેતર કરેલ છે જેનો ખર્ચ રૂા..૪૫.૦૧ લાખ થયેલ છે, હળવદ તાલુકામાં ૨૭૦ હેકટરમાં વાવેતર કરેલ છે જેનો ખર્ચ રૂા..૩૬.૨૯ લાખ થયેલ છે, પાટડી તાલુકામાં ૧૬૫ હેકટરમાં વાવેતર કરેલ છે જેનો ખર્ચ રૂા..૩૧.૮૫ લાખ થયેલ છે, ચોટીલા તાલુકામાં ૨૧૫ હેકટરમાં વાવેતર કરેલ છે જેનો ખર્ચ રૂા..૩૫.૦૭ લાખ થયેલ છે, મૂળી તાલુકામાં ૨૧૫ હેકટરમાં વાવેતર કરેલ છે જેનો ખર્ચ રૂા..૩૧.૮૩ લાખ થયેલ છે, વઢવાણ તાલુકામાં ૨૦ હેકટરમાં વાવેતર કરેલ છે જેનો ખર્ચ રૂા..૦૦.૫૭ લાખ થયેલ છે. લખતર તાલુકામાં ૫૩ હેકટરમાં વાવેતર કરેલ છે જેનો ખર્ચ રૂા..૮.૬૬ લાખ થયેલ છે, લીંબડી તાલુકામાં ૨૫ હેકટરમાં વાવેતર કરેલ છે જેનો ખર્ચ રૂા..૩.૯૧ લાખ થયેલ છે, ચૂડા તાલુકામાં ૨૫ હેકટરમાં વાવેતર કરેલ છે જેનો ખર્ચ ૩ લાખ ૯૧ હજાર થયેલ છે. સાયલા તાલુકામાં ૧૪૫ હેકટરમાં વાવેતર કરેલ છે જેનો ખર્ચ ૨૦ લાખ ૪૬ હજાર થયેલ છે. આમ કુલ ૧૩૮૬ હેકટરમાં વૃક્ષનું વાવેતર કરેલ છે. કુલ ૨૧૯ લાખ ૫૬ હજાર ખર્ચ થયેલ છે.

**શ્રી ભરતભાઈ વ. ખોરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં ક્ષેત્રીય વન વિભાગ દ્વારા સન ૨૦૦૯-૧૦માં કઈ કઈ જાતના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં ક્ષેત્રીય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦માં ગરમો, ગોરળ, ગરમાળો, બોરડી..

**અધ્યક્ષશ્રી** : યાદી લાંબી હોય તો પછી ટેબલ ઉપર મૂકજો.

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, યાદી નાની જ છે. લીમડા, આંબળા, ખાખરો, ગૂગળ,ટીલુ, ખીજડો, દેશી બાવળ તથા જીંજવા જાતોના વાવેતર કરવામાં આવે છે.

**ભરૂચ જિલ્લામાં સરદાર પટેલ આવાસ યોજનામાં આવાસ મંજૂર કરવા બાબત**

*** ૧૫૧૪૧ શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ(ભરૂચ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ભરૂચ જિલ્લામાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા આવાસોનાં કામો તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**પંચાયત મંત્રીશ્રી**

(૧) ભરૂચ જિલ્લામાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં ૧૩૬૮ આવાસો મંજૂર કરવામાં આવ્યાં,

(૨) ૪૧૪ આવાસોનાં કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. (૯૫૪ આવાસો પ્રગતિ હેઠળ છે.)

(૩) રૂપિયા ૧૯૧.૫૪ લાખ ખર્ચ થયેલ છે.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં સરદાર આવાસ યોજના અંતર્ગત હાલમાં તાલુકા વાર લક્ષ્યાંકની સામે કેટલા આવાસો પૂર્ણ કરવામાં આવ્યાં ? કેટલો ખર્ચ કરવામાં આવ્યો? અને બાકી આવાસો કયા તબક્કે છે ? મારો બીજો પ્રશ્ન છે કે, સ્વર્ણિમ વર્ષની ઉજવણી પ્રસંગે આવાસો માટે પ્લોટની ફાળવણી કરવામાં ગામ તળ નીમ કરવાની કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ પૂછ્યો હતો તે ૩૧-૧-૧૦ સુધીમાં કેટલાં આવાસો મંજૂર કર્યા તેનો પ્રશ્ન હતો. અત્યારે જે તેમણે પૂરક પ્રશ્ન પૂછ્યો તે એ છે કે, અત્યારે કેટલાં આવાસો પૂર્ણ કર્યા છે ? માનનીય અધ્યક્ષશ્રી, આ જે ભરૂચ જિલ્લામાં સરદાર આવાસ યોજના અંતર્ગત ૧૦-૩-૨૦૧૦ની સ્થિતિએ અપટુડેટ આ પ્રમાણે ૧૩૬૮ મારા પ્રશ્નના જવાબમાં લખ્યા હતા તેના બદલે આજની તારીખે ૨૨૨૦ આવાસો મંજૂર કરેલા છે. તેનો લક્ષ્યાંક પણ ૨૨૨૦ છે. ૭૨૨ આવાસો પૂર્ણ કર્યા છે. મારા જવાબમાં ૪૧૪ આવાસો અમે બતાવ્યા હતા કારણ કે તે ૩૧-૧-૨૦૧૦ સુધીનો જવાબ હતો. તેમનો પ્રશ્ન હતો કે અત્યારે પૂર્ણ કર્યા છે તો ૭૨૨ મકાનો પૂર્ણ કર્યા છે. પ્લીન્થ લેવલે ૧૩૬૯ મકાનો છે. લિંટલ લેવલે ૧૨૯ મકાનો છે. તેમ ૧૪૯૮ મકાનો કુલ હાથ ઉપર લીધાં છે અને તેનો ખર્ચ ૨૭૭.૩૦ લાખ થયો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ હમણાં સ્વર્ણિમ ગુજરાત, સ્વર્ણિમ વર્ષ નિમિત્તે તમામ જિલ્લાઓમાં

**અધ્યક્ષશ્રી** : આપ ભરૂચ જિલ્લા પૂરતા મર્યાદિત રહો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તે ભરૂચ જિલ્લામાં પૂછ્યું છે તેનો જ જવાબ આપું છું. આ તો સાહેબ બેક ગ્રાઉન્ડ છે. આ જે સ્વર્ણિમ વર્ષ છે તેની અંદર ભરૂચ જિલ્લામાં જે લક્ષ્યાંક બાકી છે ખૂબ મોટો લક્ષ્યાંક છે. અને લેન્ડ કમિટીઓ દ્વારા જ્યાં સુધી ગામના તળમાં જમીન ના લેવામાં આવે ત્યાં સુધી આ મકાનો શકય નથી. એટલે અમારૂ લક્ષ્યાંક પૂરું કરવા માટે ગામ તળ નીમ કરવાનું હતું તેમાં ૨૯ લેન્ડ કમિટીઓ દ્વારા ૭૫૮૯ પ્લોટોની ભરૂચમાં ફાળવણી કરવામાં આવી. ભરૂચ તાલુકામાં ૧૪ ગામ તળ નીમ કર્યા, અંકલેશ્વરમાં ૧૬ તાલુકામાં કર્યુ, હાંસોટમાં ૧૧ ગામોમાં કર્યુ , વાગરામાં ૧૩ ગામોમાં કર્યુ જમીન નીમ કરી છે, આમોદમાં ૩ ગામમાં, જંબુસરમાં ૧૭ ગામમાં, ઝગડીયામાં ૧૫ ગામમાં અને વાલીયામાં ૧૧ ગામમાં નીમ કર્યા છે તેના કારણે ૭૫૮૯ મકાનો બાંધવા માટેની શક્યતાઓ ઉભી કરી છે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ૧૦-૩-૨૦૧૦ની સ્થિતિએ ૨૨૨૦ આવાસો આપે મંજૂર કર્યા. ૭૨૨ પૂર્ણ કરવાનું આપે કહ્યું. ૧૬૯ પ્લીન્થ લેવલ પર કહ્યા અને ૧૨૯ લીંટલ લેવલ ઉપર કહ્યાં. એનો અર્થ એ કે ૧૩૦૦ મકાનોના કામ હજુ સુધી શરૂ થયા નથી. એ કયાં સુધીમાં શરૂ કરવા માગો છો? અને આવા મકાનો જેના કામ શરૂ ન થયા હોય, એવા મકાનોની સંખ્યા કેટલી છે? અને કુલ ૨૨૨૦ આવાસો છે, તે પૈકી ભરુચ જિલ્લાના ૮ તાલુકામાં તાલુકાવાર કેટલા મંજૂર કરેલા છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો એમણે પ્રશ્ન પૂછયો કે પ્લીન્થ લેવલે છે, એ કામ કયારે શરૂ કરવા માગો છો? જે કામોનું ફાઉન્ડેશન ખોદયુ. અને ચણતર કરીને જમીનથી દોઢ કે બે ફુટ ઉંચે

સુધી આવે એને પ્લીન્થ લેવલ કહીએ છીએ. એટલે એ કામો ચાલુ જ છે. સ્ટેજ વાઈઝ, લીંટલ લેવલ અને આગળ ચાલતા કામ છે. આમાં કોઈ કામ બંધ નથી. લાભાર્થી પોતે આ મકાન બાંધતા હોય છે. એટલે એમાં જે કામ બાંધવાની વ્યવસ્થા છે, એ ગોઠવાયેલી છે. પહેલા ૧૩૬૮ કામ હતા. એના બદલે આ વર્ષમાં લક્ષ્યાંક રીવાઈઝ કર્યો છે એ ૨૨૨૦નો કર્યો છે. એટલે આ કામો આ વર્ષમાં ઓન ગોઈંગ રહેશે. અને કામો પૂરા થશે. ઉપરાંત સ્વર્ણિમ્ વર્ષમાં જે લક્ષ્યાંક નકકી કરવાના છીએ એ કામો પણ બહુ મોટા સ્કેલ પર પૂરા કરવાના છે.

**રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ-બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવા બાબત**

***૧૫૨૪૦ શ્રી ભરતભાઈ ખો. બોઘરા(જસદણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે,
(૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ-બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવાના બાકી છે, અને
(૩) તેને કયાં સુધીમાં બ્રોડ-બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવશે?

**પંચાયતમંત્રીશ્રી:**

(૧) રાજકોટ જિલ્લામાં તમામ ૮૪૩ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે.
(૨) અને (૩) : તમામ ૮૪૩ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ મળ્યો કે રાજકોટ જિલ્લાના તમામ એટલે કે ૮૪૩ ગ્રામ પંચાયતોને બ્રોડ-બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે. એના માટે હું પંચાયત મંત્રીનો આભાર માનું છું અને આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બેરોજગારોને રોજી મળે અને રાજય સરકાર દ્વારા લોકોને સુવિધા પૂરી પાડવા માટે ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રમાં VCE, Village Computer Entrepreneur ની નિમણૂક કરવામાં આવે છે. તેને આવક કયા પ્રકારે થાય છે અને એના કારણે કોને કોને ફાયદો થાય છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, Village Computer Entrepreneur જેગામમાં ઈ-ગ્રામ વ્યવસ્થા કેન્દ્રો બન્યા છે, ત્યાં બધે જ VCE ની નિમણૂક કરવામાં આવી છે. આ Village Computer Entrepreneur જે છે એ આખા ગામનું ઈ-ગ્રામ ઉપર એનું કામ સંભાળે છે. આ VCE G to C અને B to C સેવાઓ ગ્રામજનોને ઉપલબ્ધ કરાવે છે. એના માટે એને સેવા આપવા માટે નિયત ચાર્જ મળે છે. એમાંથી તેને આવક થતી હોય છે. દાખલા તરીકે વીજ કંપની છે, એ અમોને વીજ બિલ લેવા માટેની મંજૂરી આપે છે. અને અહીંયા પણ અહીંયા રાજકોટમાં ઘણા ગામોની મંજૂરી અમને મળી છે. વીજ બિલ કલેકશન કરવાથી એક બિલ દીઠ ૭ રૂપિયા મળે છે. એના ૫ રૂપિયા ૨૦ ટકા લેખે ગ્રામ પંચાયતને મળે છે અને ૮૦ ટકા લેખે આ જે અમારા Village Computer Entrepreneur ને મળે છે. જુદા જુદા વિભાગની ડેટા એન્ટ્રીઓ કરવાથી પણ આવક થાય છે. જેમ કે નરેગાની ડેટા એન્ટ્રી આરોગ્ય વિભાગની એન્ટ્રી, ટોટલ સેનિટેશન પ્રોગ્રામની એન્ટ્રી, ગરીબ કલ્યાણ મેળાની માહિતીની ડેટા એન્ટ્રી વગેરે કામગીરીમાં પણ એને મહેનતાણું આપવામાં આવે છે. અન્ય P to C સેવાઓ જેવી કે મોબાઈલ રીચાર્જ, ડાઉન લોડ, એલ.આઈ.સી. પ્રીમીયમ કલેકશન બી.એસ.એન.એલ. ટેલિફોન બિલ કલેકશન, ટાટા સ્કાયના બિલ કલેકશન, રીચાર્જીંગ, કોમ્પ્યુટર જોબવર્ક, એર રીઝર્વેશન સેવાઓ, કંકોત્રી ડિઝાઈનીંગ, રેલવે રીઝર્વેશન વગેરેમાંથી પણ VECને આવક મળી રહે છે. ઈ-ગ્રામ કેન્દ્ર ખાતેથી વીજ બિલ કલેકશન કરવાથી એના જે ફાયદા છે, એમણે પૂછયું કે એનાથી કોને ફાયદા થાય છે, ગામના લોકોને વીજ બિલ ભરવા માટે જે ગામે ગામના પોતાને દૂરની ઓફિસો સુધી જવુ પડતું હતું એમાં એમનો સમય બચે છે. VCE ને વીજ બિલ કંપની દ્વારા કમિશન મળે છે એના લીધે એને પોતાના ગામમાં જ રોજગારી મળે છે. વીજ બિલ કંપની દૂર દૂરના ગામોમાં વીજ બિલની કલેકશનની સુવિધાના કારણે કંપનીનું કલેકશન પૂરેપૂરું ઝડપી થાય છે. સમગ્ર રાજયમાં માનનીય અધ્યક્ષશ્રી..(અંતરાય) માગી છે વિગત તો આપવી પડે. રાજયમાં ૧૩૫૯૯ જેટલા ગ્રાક કોમ્પ્યુટર સાહસિકોની પી.પી.પી. મોડેલથી નિમણૂક આપી છે. રાજકોટ જિલ્લામાં આ ગ્રામ કોમ્પ્યુટરની વ્યવસ્થા પૂર્ણ કરી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લાની તમામે તમામ ૮૪૩ ગામોને લ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે એનાથી ગ્રામ કક્ષાએ શું ફાયદા થાય છે અને આ તમામ ગામડાંને જોડવા માટેનો ખર્ચ કેટલો થયો છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબ આપ્યો તેમાં ગામલોકોને એના ફાયદા ઘણા છે અને તેમાંથી કોઈ તકલીફ પછી રહેતી નથી અને ખર્ચની વિગતો તેમણે માગી છે એના માટે એક .સમગ્ર કોન્ટ્રાકટની સિસ્ટમ ઉભી કરી છે એ ખર્ચ જોઈતો હશે તો અલગ રીતે હું ટેબલ ઉપર મૂકીશ.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે ઈ-ગ્રામ અને વિશ્વ ગ્રામ સતત ચાલુ રહે એના માટે શું વ્યવસ્થા કરવામાં આવેલ છે અને આ કેન્દ્રો મારફતે અત્યારસુધીમાં રાજકોટ જિલ્લામાં કયા કયા પ્રકારના કેટલાં પ્રમાણપત્રો એનાયત કરવામાં આવેલ છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગ્રામ પ્રોજેકટના સફળતાપૂર્વકના અમલીકરણ માટે ઈ-ગ્રામ સેન્ટરો સતત કાર્યરત રહે એમાટે ગ્રામ કક્ષાએ ઈ-ગ્રામ સેન્ટર ખાતેથી ગ્રામ જનાને વિવિધ સુવિધા ઉપલબ્ધ છે. પીપીટી મોડેલ ગ્રામ કોમ્પ્યુટર સાહસિકોની નિમણૂક કરેલ છે. દરેક તાલુકામાં ૩૦ ગ્રામ પંચાયત દીઠ એક ટેકનીકલ માણસ જેને તાલુકા લેવલે એકઝિકયુટિવ એટલે કે ટી.એલ.ઈ. જિલ્લા કક્ષાએ સમગ્ર જિલ્લાના મોનિટરિંગ માટે ડિસ્ટ્રિકટ લેવલે ડી.એલ.ઈ.ની નિમણૂક કરવામાં આવેલ છે તથા રાજય કક્ષાએ સ્ટેટ લેવલના એકઝિકયુટિવ એસ.એઈ.ઈ. એમ કુલ ૫૨૮ જેટલા ટેકનિકલ માણસો આ વ્યવસ્થા માટે મૂકયા છે. રાજકોટ જિલ્લામાં ૪૩ તાલુકા લેવલે એકઝિકયુટિવ અને એક ડિસ્ટ્રિક લેવલે એકઝિકયુટિવ મૂકવામાં આવેલ છે. રાજકોટ જિલ્લાના ઈ-ગ્રામ પંચાયત ખાતેથી અત્યારસુધીમાં ૩૨૫૫૩ પ્રમાણપત્રો આપ્યા છે, ચારિત્રનાં ૭૮૯૬ પ્રમાણપત્ર આપવામાં અવ્યાં છે, ૭-૧૨ અને ૮-અ ના ૨૭૩૫૨ પ્રમાણપત્ર અપાયાં છે અને અન્ય પ્રમાણપત્રો ૫૧૩૧૦ આપ્યાં છે. રાજકોટ જિલ્લામાં આમ કુલ ૧,૧૯૦૧૨ પ્રમાણપત્રો પૂરાં પાડવામાં આવેલ છે. આ પ્રમાણે રાજકોટ જિલ્લામાં અત્યારસુધીમાં ગ્રામ પંચાયતો પૈકી ૨૨૭ ગ્રામ પંચાયતો ખાતે ઈ-ગ્રામ સેન્ટરમાં વીજ બિલ કલેકશનની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીનો ખૂબ સારો ઉદ્દેશ છે કે દરેક ગામ ઈ-કનેકટિવીટીથી જોડાય, પરંતુ રાજકોટ જિલ્લામાં કોઈ ગામડામાં કોઈક આવાં ઈ-કનેકશન બંધ પડેલ છે એવું કયારેય મંત્રીશ્રીના કે સરકારશ્રીના જાણવામાં છે અને આના રિપેરિંગ માટેની શું જોગવાઈ છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એના રિપેરિગની વ્યવસ્થા માટેની એક આખી સિસ્ટમ સેટ કરેલ છે અને એનો કોન્ટ્રાકટ પણ ૩ વર્ષ માટેનો આપેલ છે.

**મહેસાણા જિલ્લામાં ઈન્દિરા આવાસો મંજૂર કરવા બાબત**

*** ૧૫૨૩૭ શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા** કૃપા કરશે કેઃ-

(૧) મહેસાણા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા,
(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ કેટલા આવાસો પૂર્ણ કરેલ છે, અને
(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:**

(૧) મહેસાણા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ ૪૫૫૨ આવાસો મંજૂર કરવામાં આવેલ છે.
(૨) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ ૩૧૬ આવાસો પૂર્ણ કરેલ છે.
(૩) રૂા. ૯૬૪.૯૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં ૪૫૫૨ ઈન્દિરા આવાસ યોજના નીચે મકાન મંજૂર કરવામાં આવેલ છે. મારે જાણવું છે કે ૦ થી ૧૬ પોઈન્ટના બી.પી.એલ. પરિવારો જે હવે બાકી રહે છે એવા બાકી પરિવારોને આવાસ આપવા માટે રાજય સરકારનું શું આયોજન છે અને બીજો મારો પ્રશ્ન એ છે કે આમાં જે ૨૫ ટકા રકમ રાજય સરકાર જે મંજૂર કરે છે એ સાથે એના સિવાયની એના ઉપરાંત જે પૂરક રકમ તરીકે પણ કેટલી રકમ ૨૫ ટકામાં અને પૂરકમાં કેટલી મંજૂર કરવામાં આવે છે?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : મહેસાણા જિલ્લાનો એમણે પ્રશ્ન પૂછયો છે, કે ઝીરો થી સોળમાં બાકી કેટલા પરિવારો છે તો ૪૫૦૦ જેટલા બાકી છે અને ૨૦૧૦-૧૧માં પૂર્ણ કરવાનું આયોજન છે. ખર્ચ માટે એમણે પૂછયું કે પુરક કેટલી રકમ આવે છે તો ૨૬.૮૬ લાખ પુરક આપે છે. અને ૨૫ ટકા, ૨૪૧.૦૨ લાખ ૨૫ ટકા લેખે રકમ ઈન્દિરા આવાસ માટે ફાળવવામાં આવે છે,

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં મંજૂર થયેલ આવાસો પૈકી ખેરાલુ તાલુકાની કેટલી અરજીઓ આવી, કેટલા આવાસ મંજૂર કર્યા, કેટલા પૂર્ણ કર્યા અને તેની પાછળ કેટલો ખર્ચ કર્યો? આ યોજના એ સોસીયલ વેલ્ફર યોજના છે, અને એમાં નોર્મ્સ નકકી કરવામાં આવશે, અને લાભાર્થીઓને એક બે કારણો વિરોધમાં જતા હોય તો પણ સરકારશ્રી આવા લોકોને લાભ આપવા માટે સૂચના આપવા માગે છે કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : લાભ આપવાના ધોરણો ફીકસ જ છે. ૩૪૬ અરજીઓ આવી હતી જેટલી આવી હતી એટલી મંજૂર થઈ છે અને ૧૬.૧૦ લાખનો ખર્ચ આને બાંધવા પાછળ કરવામાં આવ્યો છે.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : ઝીરો થી સોળ આંક સુધીના જે લાભર્થીઓ છે એ બધાને પોતાનું આવાસ સુવર્ણ જયંતિ નિમિતે આપવું તેવો ગોલ્ડન ગોલ સરકારે નકકી કરેલો છે ત્યારે તે અભિનંદનને પાત્ર છે પણ જે ગામમાં અત્યારે ઝીરો થી સોળનો લક્ષ્યાંક પૂર્ણ થઈ ગયો હોય તેવા ગામોમાં સોળથી ઉપરના અંકના લાભાર્થીઓને આપણે આપવા માગીએ છીએ કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : અત્યારે ઝીરો થી સોળનો લક્ષ્યાંક પૂર્ણ કર્યા બાદ ૧૭ થી ૨૦ માં આપવાની વિચારણા કરવામાં આવશે.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમ દ્વારા જાણવા માગું છું કે મહેસાણા જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળા દરમિયાન ઝીરો થી સોળ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા કેટલા પરિવારને રાજય સરકારે આ મેળામાં મકાન મંજૂર કર્યા છે અને કેટલી રકમની સહાય કરવામાં આવી છે?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : ગરીબ કલ્યાણ મેળામાં ૪૩૭૭ જેટલા લાભાર્થીઓને ૧૮૯૫.૨૭ લાખ જેટલી સહાય ગરીબ માણસોને આપવામાં આવી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે આ જે આવાસો મંજૂર થાય છે એમાં આ એક રુટીન પ્રોસેસ વર્ષોથી ચાલી આવતી પ્રોસેસ છે કે જેમાં એક થી સોળ સુધી માગણીદાર છે, આપે એક નીતિ નકકી કરી, પહેલા બધાને મળતું હતું હવે એક થી સોળના પોઈન્ટ પ્રમાણે આપ એને અગ્રીમતા આપો છો અને તેવા લોકોને ઈન્દિરા આવાસ મળે છે. આ રેગ્યુલર પ્રોસેસ સિવાય ગરીબ કલ્યાણ મેળો થવાના કારણે વધારાનો કોઈ કે જેને મળવા પાત્ર નહોતું એક થી સોળની યાદીમાં નહોતા આવતા પણ ગરીબ કલ્યાણ મેળો થયો માટે જ લાભ થયા હોય તેવા કોઈ લાભાર્થી ખરા?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : લાભાર્થીઓની એટલી મોટી લાંબી યાદી છે કે માનનીય મોદી સાહેબને અભિનંદન આપે છે કે સરદાર આવાસ ફંડમાંથી આ ગરીબોને રકમ આપીને તમામે તમામ ગરીબોને આપવાનું આ સરકારે નકકી કર્યુ છે યાદી તો સાહેબ વર્ષોથી હતી પણ ઝીરો થી સોળની યાદી આ રાજય સરકારે પૂરી કરવા પ્રયત્ન કરી રહી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપ મારો પ્રશ્ન સમજવાનો પ્રયત્ન કરો, મારો સીધો પ્રશ્ન એટલો છે કે એક થી સોળની યાદી વાળાને આપવાનો આપનો ગોલ્ડન ગોલ છે. ભૂતકાળમાં બધાને મળતું હતું હવે પોઈન્ટસ આધારીત કર્યુ છે, સવાલ એ છે કે એક થી સોળ વાળાને જે મકાન મળવાનું હતું તે મકાન સિવાય જે મળવા પાત્ર હતા એ સિવાયના દા.ત.ગરીબ કલ્યાણ મેળો ન થયો હોત તો એને ન મળત, આ ગરીબ કલ્યાણ મેળો થયો એટલે જ મળ્યું એવા કેટલા ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી આ ગરીબ કલ્યાણ મેળાની અંદર આખા જે પ્રશ્નો ગુંચવાયેલા હતા તે તમામને સંકલિત કરીને તેના ઉકેલ થઈ ગયા છે નંબર-૧, નંબર બે કે આ જે વચ્ચે ઘણાં વચેટીયા એક મકાન બીજાને અપાવવાનું અને બીજા ત્રીજાને અપાવતા હતા તે વચેટીયા નાબૂદ કરી નાખ્યા છે. વચેટીયા ખલાસ કરી નાખ્યા. હવે રહયું ઝીરો થી સોળ, મારે વિરોધપક્ષના નેતાનું ધ્યાન દોરવું છે. હું આપને કહું કે આ ઝીરોથી સોળના આંકની અંદર આપવામાં આવે છે. પહેલા અલગ અલગ વિભાગના આવા નાના ગરીબોના કામો થતા હતા. માનનીય મુખ્યમંત્રીશ્રીએ સંકલિત કરીને બધા ઝીરોથી સોળમાં જેટલા લોકો આવતા હોય, પછી એ ઈન્દિરા આવાસ હોય, સરદાર આવાસ હોય કે દીન દયાળ ઉપાધ્યાય આવાસ હોય કે પછી ડો. આંબેડકર આવાસ યોજના હોય આ બધા આવાસોને સંકલિત કરીને ગરીબ કલ્યાણ મેળામાં આપ્યા છે. (અંતરાય) બાકી આપ ભૂલો શોધવા પ્રયત્ન કરશો નહિ. ગરીબ લોકો છે એને જ આપીએ છીએ અને જે ઝીરો થી સોળ સુધીને અત્યારે આપવાનો અમારો પ્રયત્ન છે.

### કેન્દ્ર સરકાર દ્વારા બી.પી.એલ. કુટુંબોને ઘઉં અને ચોખાનો જથ્થો ફાળવવા બાબત

***૧૫૧૭૬ શ્રી નાનુભાઈ ભ. વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા રાજય સરકારને બી.પી.એલ. કુટુંબો માટે માસિક ઘઉં અને ચોખાનો કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો, અને

(૨) તે પૈકી કેટલો જથ્થો રાજય સરકાર દ્વારા વિતરણ કરવામાં આવ્યો?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

(૧) અને (૨) સામેલ પત્રક મુજબ.

**પ ત્ર ક**

(આંકડા મે.ટનમાં)

| ક્રમ | માસનું નામ | બી.પી.એલ. ઘઉં | | | બી.પી.એલ. ચોખા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ફાળવણી | વિતરણ | ફાળવણી સામે વિતરણની ટકાવારી | ફાળવણી | વિતરણ | ફાળવણી સામે વિતરણની ટકાવારી |
| ૧ | જાન્યુ-૦૯ | ૩૧૩૭૭ | ૨૭૭૪૨ | ૮૮.૪ | ૮૭૮૭ | ૮૨૧૯ | ૯૩.૫ |
| ૨ | ફેબ્રુ-૦૯ | ૩૧૩૭૭ | ૨૮૧૨૦ | ૮૯.૬ | ૮૭૮૭ | ૮૨૯૬ | ૯૪.૪ |
| ૩ | માર્ચ-૦૯ | ૩૧૩૭૭ | ૨૮૨૦૪ | ૮૯.૯ | ૮૭૮૭ | ૧૦૧૫૯ | ૧૧૫.૬ |
| ૪ | એપ્રિલ-૦૯ | ૨૫૬૭૭ | ૨૭૯૫૧ | ૧૦૮.૯ | ૧૪૪૮૭ | ૯૭૭૯ | ૬૭.૫ |
| ૫ | મે-૦૯ | ૨૫૬૭૭ | ૨૭૩૦૭ | ૧૦૬.૩ | ૧૪૪૮૭ | ૧૩૦૭૩ | ૯૦.૨ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | જુન-૦૯ | ૨૫૬૭૭ | ૨૪૨૭૧ | ૯૪.૫ | ૧૪૪૮૭ | ૧૩૫૯૨ | ૯૩.૮ |
| ૭ | જુલાઈ-૦૯ | ૨૫૬૭૭ | ૨૩૪૩૮ | ૯૧.૩ | ૧૪૪૮૭ | ૧૩૬૫૬ | ૯૪.૩ |
| ૮ | ઓગષ્ટ-૦૯ | ૨૫૬૭૭ | ૨૨૮૦૨ | ૮૮.૮ | ૧૪૪૮૭ | ૧૩૫૭૯ | ૯૩.૭ |
| ૯ | સપ્ટે-૦૯ | ૨૫૬૭૭ | ૨૩૫૭૧ | ૯૧.૮ | ૧૪૪૮૭ | ૧૩૫૭૬ | ૯૩.૭ |
| ૧૦ | ઓક્ટો-૦૯ | ૨૫૬૭૭ | ૨૨૯૩૦ | ૮૯.૩ | ૧૪૪૮૭ | ૧૩૫૫૦ | ૯૩.૫ |
| ૧૧ | નવે-૦૯ | ૨૫૬૭૭ | ૨૨૨૧૯ | ૮૬.૫ | ૧૪૪૮૭ | ૧૩૬૭૨ | ૯૪.૪ |
| ૧૨ | ડિસે-૦૯ | ૨૫૬૭૭ | ૨૩૦૫૮ | ૮૯.૮ | ૧૪૪૮૭ | ૧૩૫૧૧ | ૯૩.૩ |
| | **કુલ.** | **૩૨૫૨૨૪** | **૩૦૧૬૧૩** | **૯૨.૭** | **૧૫૬૭૪૪** | **૧૪૪૬૬૨** | **૯૨.૨** |

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ અહીંયા જવાબ આપ્યો છે. ગરીબ માણસોને પેટા ભરવા માટે એની પ્રાથમિક જરૂરિયાત ઘઉં છે. અહીં મને જે જવાબ આપવામાં આવ્યો છે એમાં જાન્યુઆરી, ૨૦૦૯, ફેબ્રુઆરી, ૨૦૦૯ અને માર્ચ, ૨૦૦૯માં ૩૧૩૭૭ મેટ્રિકટન અનાજ આપવામાં આવ્યું હતું. ત્યારપછી એપ્રિલ, ૨૦૦૯ થી ડિસેમ્બર, ૨૦૦૯ સુધી ૨૫૬૭૭ મેટ્રિકટન અનાજ આપવામાં આવ્યું છે. એટલે દર મહિને ૫૭૦૦ મેટ્રિકટન અનાજ ઓછું થયું છે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે ભારત સરકાર તરફથી આવા ગરીબ પરિવારો છે જે બી.પી.એલ. યાદીમાં છે એના માટે અનાજનો જથ્થો ઓછો થયો છે એ વાત સાચી છે? જો હા, તો એના કારણો શું?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આજે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની માગણી હતી એ વખતે મેં આનો ઉલ્લેખ કર્યો હતો. ફરી પ્રશ્ન પૂછ્યો છે ત્યારે ફરી વખત જવાબ આપું તો આપણને જે પુરવઠો મળે છે એ ફક્ત ૨૧.૨૦ લાખ કુટુંબો પૂરતો જ મળે છે. અંત્યોદયના ૮.૧૦ લાખ અને બી.પી.એલ.ના ૧૩.૧૦ લાખ એમ કુલ મળીને ૨૧.૨૦ લાખ કુટુંબો પૂરતો જ જથ્થો મળે છે. જ્યારે ગુજરાતમાં ગરીબોની સંખ્યા બી.પી.એલ. અને બીજા અન્ન અને નાગરિક પુરવઠામાં એ ૩૪ લાખ કુટુંબો છે આ વિભાગની ગરીબોની અલગ ફોર્મ્યુલા નથી. ગ્રામ વિકાસ વિભાગમાં ઝીરો થી સોળ અને સોળથી ૨૦ પેરા મીટર છે. ગુજરાતમાં ગરીબી રેખા નીચે જીવતા હોય એમની ઉપર રાઈટસ અને હુમલો થયો હોય તો પણ બી.પી.એલ કાર્ડ આપવામાં આવે, કે એ વધારે બીમાર થયો હોય એવા લોકોને પણ બી.પી.એલ. કાર્ડ આપવામાં આવ્યું હોય છે, તકલીફ વાળી સ્થિતિ ઊભી થઈ હોય ત્યાં કાર્ડ આપ્યું હોય છે એ ગુજરાતના ગરીબો કહેવાય એવા ૩૪ લાખ કુટુંબો છે. આપણને પુરવઠો ૨૧.૨૦ લાખ કુટુંબો માટે જ મળે છે જ્યારે એ પુરવઠો આપણે ૩૪ લાખ કુટુંબોને વહેંચીએ છીએ. એના માટે આ પુરવઠાની ફચ્યુએશન આવે છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : આ સવાલ ઘઉં અને ચોખાનો છે. બી.પી.એલ. લાભાર્થીને આ સરકાર ફોર્ટી ફાઈડ આટો આપવા માગે છે કે કેમ? જો હા, તો ક્યારથી અને એના માટેના કોઈ ધોરણો નક્કી કરવામાં આવ્યા છે કે કેમ? મારે એ પણ જાણવું છે કે ફોર્ટી ફાઈડ આટો કઈ કિંમતે અને કેટલો આપશો. દેશમાં ફોર્ટી ફાઈડ આટો આપવાની શરૂઆત ગુજરાત કદાચ પ્રથમ રાજય હશે એટલા માટે આ વિગતો સમગ્ર જનતાના ધ્યાનમાં આવે એટલા માટે આ પ્રશ્ન પૂછ્યો છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : વિરોધપક્ષે ખુશ થવું જોઈએ, અમને અભિનંદન આપવાં જોઈએ. ફોર્ટી ફાઈડ આટો, આ યોજના એવી છે કે જેમાં ગુજરાતે ગૌરવ લેવા જેવી વાત છે. અમારા પ્રયત્નો એવા છે કે ફોર્ટી ફાઈડ આટો અત્યારે અંત્યોદય યોજનાના લાભાર્થીઓને વિતરણ કરવામાં આવે છે. રાજય સરકાર દ્વારા બી.પી.એલ. યોજનાના લાભાર્થીઓને ફોર્ટીફાઈડ આટો આપવા માટેની મંજૂરી અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી તરફથી અમારી

જાહેરાત થયેલી છે. જ્યારે સમય મળતાની સાથે માર્ચ મહિનાના અંત પછી તરત જ અમે બી.પી.એલ. લાભાર્થીઓને પણ ફોર્ટીફાઈડ આટો આપવાના છીએ. અત્યારે જે આટો આપવામાં આવે છે, અંત્યોદયમાં ૧૬.૭૦૦ કિલોગ્રામ અમે આપીએ છીએ. તેનો ૩૮ રૂપિયા રેટ રાખેલ છે. કારણ કે ઘઉંનો બે રૂપિયા રેટ છે. તેમ કરીને તેનો ખર્ચ વગેરે કરીને ૩૮ રૂપિયા લઈએ છીએ. પરંતુ હવે પછી અંત્યોદયમાં અમે ૧.૮૦ ગ્રામ આટો વધારીને તેમાં ૧૬.૭૦૦ના બદલે ૧૭.૫૦ કિલોગ્રામ ફોર્ટીફાઈડ આટો આપીશું અને તેની કિંમત ૩૮ રૂપિયા જ રાખીશું. વધારે આપવામાં આવશે. ફોર્ટીફાઈડ કરવામાં આવશે. લગભગ એક કિલોગ્રામ સોયાલોટ અંદર મિક્સ કરવામાં આવશે અને ગરીબોને આપવામાં આવશે. તે પ્રમાણે બી.પી.એલ. ડીકલેર કર્યું છે, બી.પી.એલ.ના લાભાર્થીઓને બે રૂપિયાના ભાવે ૯ કિલો આપીએ છીએ એ અને સાડા ત્રણ કિલો પાંચ રૂપિયાના ભાવે આપીએ છીએ. આ બહુ અગત્યનો મુદ્દો છે. સાડા ત્રણ કિલો ઘઉં આપીએ છીએ. એ પણ લે છે તો પાંચ રૂપિયાના ભાવે એમને મળે છે. એ બન્ને નવ કિલો વત્તા સાડા ત્રણ કિલો, સાડા બાર કિલો એ ઉપરાંત ૫૦૦ ગ્રામ ડીફેટેડ સોયા લોટ તેમ કરીને ૧૩ કિલો થાય છે. એ પણ ૩૬ રૂપિયાના ભાવે અમે આપવાના છીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા બે પ્રશ્નો છે. ગરીબી રેખા નીચે જીવતા પરિવારોને ઓળખી કઢાયા હતા. આપે જે સરવે કરીને ઓળખી કાઢ્યા એ ૨૧.૨૦ લાખ હતા, ૨૧.૨૦ લાખ પરિવારોને ઓળખી કાઢ્યા હતા, હું ઑન રૅકૉર્ડ કહું છું. તેની સામે આપે ૩૫.૩૪ લાખને રૅશનકાર્ડ જારી કરી દીધા. આપે ઓળખી કાઢ્યા ૨૧.૨૦ને તેને જ મળવા જોઈએ. એના બદલે આપના ઈસ્યુ થયા ૩૫.૩૪ લાખ. When I am saying this I am ready to face privilege also. માનનીય અધ્યક્ષશ્રી, આ થવાને કારણે સાચા બી.પી.એલ. લાભાર્થીઓને, કારણ કે ઓળખી કાઢ્યા હતા તેને જ કવોટા મળે, પણ આપના બિન ઓળખાયેલા જારી કરેલા વધારે હોવાને કારણે સાચા બી.પી.એલ.વાળાને પૂરતો કવોટા મળતો નથી. એ સુધારવા માગીએ છીએ કે કેમ? આપે જે આપને કવોટા મળ્યો તેનું વિતરણ ૯૨.૭ ટકા અને ૯૨.૨ ટકા જ થયું છે. પૂરતું વિતરણ કરી શક્યા નથી આપણે અને ફોર્ટીફાઈડ આટો છે તે આપ જો ગુજરાતની જનતામાં જ્યાં અપાય છે ત્યાં જોશો તો મારી પાસે અનેક રજૂઆતો આવી છે કે આ ભ્રષ્ટાચારની મોટી ગટર છે ફોર્ટીફાઈડ આટાના નામે, ફોર્ટીફાઈડ આટાના નામે જે ખોટું થઈ રહ્યું છે તેને રોકીને સામાન્ય માણસને જઈને પૂછજો અને મારે ત્યાં સેમ્પલનો આવેલ આટો છે. આપને રોટલી બનાવીને હું જમાડીશ. આપ જમી નહીં શકો. આ પરિસ્થિતિ છે ત્યારે આ સંજોગોમાં ફોર્ટીફાઈડ આટાના અખતરા અને ભ્રષ્ટાચારમાંથી નીકળીને ઘઉં મળે છે એ જ ઘઉં આપવાનો પ્રયત્ન કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે એક ખૂબ જવાબદાર નેતા ગુજરાતના હિતમાં જ્યારે ફોર્ટીફાઈડ આટાની સ્કીમ ગુજરાતમાં ઈમ્પ્લીમેન્ટ કરીએ છીએ ત્યારે અહીં ફ્લોર ઉપરથી એવું કહે છે કે આ ભ્રષ્ટાચાર માટેનું છે. એ ભ્રષ્ટાચાર તેમના માટે લાગુ પડે છે. જે લોકો ભ્રષ્ટાચાર કરતા હોય છે, ફોર્ટીફાઈડ લોટ...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર..ઑર્ડર.. તમે પ્રશ્ન પૂછયો છે. પ્રશ્નનો જવાબ સાંભળવાની તૈયારી હોવી જોઈએ. ખુમાનસિંહભાઈ, આપ બેસી જાવ.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : ફોર્ટીફાઈડ આટો એ શારીરિક રીતે તેમાં ખૂટતા તત્ત્વોને પૂરા કરવા માટેની આ યોજના છે. આ કહેવાતા પૈસાદાર લોકો સોયા લોટ ખાય છે. એ ઉપરાંત બીજી વાત માનનીય વિરોધપક્ષના નેતાએ એમ કહ્યું કે ૨૧.૨ લાખ અમે ડીટેકટ કર્યા છે બી.પી.એલ. કાર્ડ એ વાત સાચી નથી. ખોટી વાત છે. અમે ૩૪.૨૦ લાખ બી.પી.એલ. કાર્ડ અમારા અન્ન અને નાગરિક પુરવઠાના છે. જ્યારે ૨૧.૨૦ લાખ છે. એ બધી આયોજન પંચે ગણતરી કરેલી છે અને ૨૧.૨૦ પ્રમાણે આપણને કવોટા આપે છે. મને એ સમજ નથી પડતી કે,

આપણે વારંવાર કહીએ છીએ અને માગણી કરીએ છીએ કે, ૩૪ લાખ ઉપર કવોટા મળવો જોઈએ એ આપતા નથી અને ૩૪ લાખની વાત અમારા ઉપર મૂકવામાં આવે એ વાત વાજબી નથી.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ જે બીપીએલ કુટુંબો છે એમને ઘઉં અને ચોખા આપવામાં આવે છે એમાં ઘઉં ૧,૫૬,૭૪૪ મૅટ્રિક ટન અને ચોખા આ બન્નેમાં ગુજરાત સરકાર કેટલા પૈસા આપે છે અને કેન્દ્ર સરકાર પાસેથી શું ભાવે લાવીએ છીએ અને એમાં ગુજરાત સરકાર સબસીડિ આપે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : કેન્દ્ર સરકારમાંથી આપણને જે ઘઉં મળે છે એનો ભાવ પાંચ રૂપિયા કરતાં વધારે છે અને ચોખાનો ભાવ સાત રૂપિયા છે. ત્યારે આપણે બે રૂપિયે કિલો ઘઉં આપીએ છીએ અને ત્રણ રૂપિયે કિલો ચોખા આપીએ છીએ.

**શ્રી ઇકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, ૨૦૦૯માં આપેલ આંકડાઓ મુજબ આઠ લાખ કુટુંબોને અંત્યોદય યોજના હેઠળ જે અનાજ આપવામાં આવે છે એ અનાજ કેન્દ્ર સરકાર કયા ભાવે આપે છે અને આપણે કયા ભાવે વિતરણ કરીએ છીએ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર અંત્યોદય યોજના હેઠળ બે રૂપિયે કિલોના ભાવે આપે છે એ આપણને અહીં રૂ.૨.૮૮ ભાવે પડતર પડે છે. કેન્દ્ર સરકારમાંથી ચોખા ત્રણ રૂપિયે આપવામાં આવે છે અને આપણને રૂ.૪.૦૧ના ભાવે પડતર પડે છે. વધારાની સબસીડિ છે એ રાજય સરકાર ભોગવે છે.

**ખેડા જિલ્લામાં કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગૅરન્ટી યોજનામાં ફાળવેલ રકમ**

***૧૩૭૮૩ શ્રી રામસિંહ પ્ર. પરમાર (ઠાસરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) છેલ્લા બે નાણાકીય વર્ષમાં તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગૅરન્ટી યોજના અન્વયે તાલુકાવાર કેટલી રકમ વર્ષવાર ફાળવી,

(૨) ફાળવેલ રકમમાંથી કેટલાને રોજગારી આપી, અને

(૩) વર્ષવાર કેટલો ખર્ચ કર્યો અને કેટલી રકમ વણવપરાયેલ રહી?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) ખેડા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના તા.૧-૪-૦૮થી અમલમાં આવેલ હોવાથી વર્ષ ૨૦૦૭-૦૮માં ગ્રાન્ટ ફાળવેલ ન હતી. તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૮-૦૯માં રૂ.૩૭૭.૦૨ લાખ ગ્રાન્ટ તાલુકાવાર ફાળવવામાં આવેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં). |
|---|---|
| બાલાસિનોર | ૩૩.૨૭ |
| કપડવંજ | ૧૦.૫૦ |
| કઠલાલ | ૩૭.૦૯ |
| ખેડા | ૨.૫૫ |
| મહેમદાવાદ | ૩૦.૭૭ |
| મહુધા | ૨૩.૦૦ |
| માતર | ૨૨.૦૦ |
| નડિયાદ | ૨૨.૫૮ |
| ઠાસરા | ૫૬.૧૦ |
| વિરપુર | ૮૫.૬૬ |
| **કુલ..** | **૩૨૩.૫૨** |

(૨) ખેડા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના તા.૧-૪-૦૮ થી અમલમાં આવેલ હોવાથી વર્ષ ૨૦૦૭-૦૮ માં કોઈને રોજગારી આપેલ ન હતી. તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૮-૦૯માં ૩૦૯૨૩ કુટુંબોને રોજગારી આપવામાં આવી તેમાં ૪૬૭૦૪૬ માનવદિનની રોજગારી ઉત્પન્ન થયેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા | રોજગારીના માનવદિન |
|---|---|---|
| બાલાસિનોર | ૯૫૩૦ | ૧૧૮૩૮૪ |
| કપડવંજ | ૧૬૮૩ | ૧૬૯૭૪ |
| કઠલાલ | ૨૮૦૪ | ૨૮૦૦૦ |
| ખેડા | ૧૧૩ | ૧૦૦૦ |
| મહેમદાવાદ | ૨૬૨૧ | ૨૫૫૯૫ |
| મહુધા | ૮૦૧ | ૧૫૩૧૪ |
| માતર | ૧૩૪૫ | ૧૭૦૬૭ |

| | | |
|---|---|---|
| નડિયાદ | ૧૨૪૪ | ૧૨૦૨૫ |
| ઠાસરા | ૨૭૯૦ | ૫૭૫૯૭ |
| વિરપુર | ૭૯૯૨ | ૧૭૫૦૯૦ |
| **કુલ..** | **૩૦૯૨૩** | **૪૬૭૦૪૬** |

(૪) ખેડા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના તા.૧-૪-૦૮ થી અમલમાં આવેલ હોવાથી વર્ષ ૨૦૦૭-૦૮ માં કોઈ ખર્ચ થયેલ ન હતો. તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૮-૦૯ માં તાલુકાવાર કરેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | કરેલ ખર્ચ રૂ.લાખમાં. |
|---|---|
| બાલાસિનોર | ૨૫.૮૭ |
| કપડવંજ | ૧૦.૬૬ |
| કઠલાલ | ૩૨.૭૧ |
| ખેડા | ૦.૫૨ |
| મહેમદાવાદ | ૩૩.૫૩ |
| મહુધા | ૨૨.૭૬ |
| માતર | ૧૬.૪૮ |
| નડિયાદ | ૧૮.૬૭ |
| ઠાસરા | ૫૬.૬૭ |
| વિરપુર | ૬૧.૩૯ |
| **કુલ..** | **૨૭૯.૨૭** |

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના રોજગારીની માગણી આધારિત હોઈ રોજગારીની માગણી મુજબ રોજગારી પુરી પાડવામાં આવે છે. તેથી વણવપરાયેલ રકમ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના તા.૧-૪-૨૦૦૮થી અમલમાં આવેલ છે. અગાઉના વર્ષોમાં આપણે જોયું છે કે, ગ્રામ્ય લેવલે મહેનત મજૂરી કરવાવાળા લોકોને સહન કરવું પડતું હતું અને રોજગારી મેળવવા ભટકવું પડતું હતું. એનો વિચાર કરીને કેન્દ્ર સરકાર આ યોજના લાવી છે. આ યોજના આવી છે ત્યારથી લોકોને ગામડાની અંદર રોજીરોટી મળે છે. તો ભારત સરકારનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. આ યોજનાનો બીજા રાજયની અંદર અમલ થાય છે એટલો અમલ ગુજરાત રાજયની અંદર થતો નથી હું સમજું છું ત્યાં સુધી. ખેડા જિલ્લાની અંદર ૧૦ તાલુકા છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, કયા તાલુકાની અંદર માઈનસ ગ્રાન્ટ છે? જે બિલ બનાવી પોસ્ટ ઑફિસમાં મોકલીએ છીએ એ ગ્રાન્ટ ન હોવાના કારણે બિલ પડી રહે છે અને તેથી લોકોને કામના પૈસા ન મળવાથી તેઓ કામ પર આવતા નથી. તો કેટલા તાલુકામાં માઈનસ ગ્રાન્ટ છે અને તે કેટલા સમયમાં આપી આ યોજનાનો અમલ કરવા માગો છો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું ધ્યાન દોરવું છે કે, આપના જિલ્લાની અંદર એકપણ એવો તાલુકો નથી કે જેમાં માઈનસ ગ્રાન્ટ હોય. તાલુકામાં કે ગામડામાં દરેક ઑફિસોમાં, દરેક કાર્યક્ષેત્રમાં ગ્રાન્ટ જમા છે.

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખેડા જિલ્લામાં નરેગા યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ની સરખામણીએ ૨૦૦૯-૧૦માં ફેબ્રુઆરી અંતિત કેવી અને કેવા પ્રકારની કામગીરી કરવામાં આવેલ છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં નારેગાની કામગીરી સારી ચાલે છે અને એની અંદર ૨૦૦૮-૦૯ના વર્ષમાં જે કામગીરી ચાલે છે એમાં બી.પી.એલ. કુટુંબો ખેડા જિલ્લાના બધા ગામડાના લોકોના જે જોબ કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા છે એના કુટુંબોને રોજગારી આપવામાં આવે છે. એના જે કામો છે ૭૦૧ કામ, પહેલા વર્ષમાં લેવામાં આવ્યું હતું, ૧-૪-૦૮ થી ૩૧-૩-૦૯માં જે કામ કર્યા હતા એ ૭૦૧ કામ કર્યા અને આ વર્ષમાં ૯૧૪૯ કામો આપણે ખેડા જિલ્લામાં હાથમાં લીધા છે. ૧૨.૭૧ લાખ માનવદીન આ વર્ષે ઉત્પન્ન થયા છે અને ખર્ચની દ્રષ્ટિએ જે ગઈસાલ ૨ કરોડ અને ૭૯ લાખ ખર્ચ હતો એના બદલે ૧૬કરોડ અને ૯૨ લાખ રૂપિયા ખર્ચ થયો છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ પગાર કરવાનો કેટલો સમય હોય છે અથવા તો એના ધોરણો શું છે અને ખાતા ખોલવા માટે શ્રમિકોને ખૂબ ધક્કા ખાવા પડે છે તો આના માટે કોઈ સરલીકરણ સરકાર લાવવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નોર્મલી અમારી પાસે ગ્રાન્ટ અવેલેબલ છે. આજની તારીખે પણ ગ્રાન્ટ છે એટલે પગાર કરવાનો કોઈ પ્રશ્ન નથી પણ પંદર દિવસથી અઠવાડિયાની અંદર એ પગાર મળવો જોઈએ પરંતું ઘણી વખતે દિલ્હીમાં જે અમે આખો જે ડેટા મોકલવાનો હોય છે એમાં જે કોન્ટ્રાવર્સી ઉભી થઈ હોય તેના લીધે કોઈ વખત મુશ્કેલી પડતી હશે પણ આપની કોઈપણ આવી મુશ્કેલી ઉકેલવાની જવાબદારી અમારી ઓફીસની છે, પણ આપ કોઈ સ્પેસીફીક કહેશો, ઈવન તાલુકાનું કહેશો એનો તાત્કાલિક ઉકેલ કરી આપવામાં આવશે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરન્ટી યોજના ફકત રોજગારી આપવા માટેની યોજના છે એમાં આપણે સમજી શકાય કે કોઈક જગ્યાએ ખાડો પૂરવાનો હોય કે તળાવ ખોદવાનું હોય કે નાનો રસ્તો બનાવવાનો હોય કે યાંત્રિક રીતે તાત્કાલિક કરી અને સરપંચ કરે એ સમજી શકાય પરંતુ ફકત સરપંચ પોતાના જ લાભાર્થે, પોતાના જ હીત માટે મોટી રકમના કામો કરી, યાંત્રિક કામો કરી અને આ પૈસા ગ્રામીણ રોજગાર ગૅરન્ટી હેઠળ ઉધારે એની સામે આપ શું પગલા લેવા માગો છો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સખતમાં સખત પગલા લેવાની અમારી તૈયારી છે. ગામના સરપંચો એવી હિંમત કરે તો હું તમામ ધારાસભ્યશ્રીને વિનંતી કરું છું કે આપ સ્પેસીફીક એ ગામનું નામ આપો, એના માટે ઘડાયેલા કાયદા બધા તૈયાર છે અને એનો અમલ કરવામાં અમને કોઈ સંકોચ થશે નહીં.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ યોજના બાંહેધરી હેઠળ રસ્તાઓ કરવામાં આવે છે એમાં રેશીયો શું છે? માટી, મેટલનો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સ્પેસીફીક કોઈપણ કામનો ૬૦:૪૦નો રેશીયો હોય છે. ૬૦ ટકા મજૂરી અને ૪૦ ટકા મટીરીયલ હોય છે પણ હું ગુજરાતના મારા મિત્રોને કહું એમણે એક પ્રશ્ન પૂછયો હતો, કે ગુજરાતમાં કેમ કામ ઓછા થાય છે, એવા ઘણા પ્રશ્નો પૂછે છે. મિત્રો ગુજરાત એક એવો પ્રદેશ છે કે જે વધુમાં વધુ નિયમો આ હિન્દુસ્તાનમાં પાળે છે અને એના કારણે આપણી કોઈક વખતે થોડીક પીછેહઠ હોય છે. આપ જઈને જોઈ આવો ઘણા લોકો નિયમો નથી પાળતા , દિલ્હીની સરકાર નિયમો બનાવે છે અને એમના જ રાજયોમાં નિયમો પળાતા નથી. અહીંયા તો બધા નિયમો પાળવામાં આવે છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ખેડા જિલ્લાની એક પણ પોસ્ટ ઓફીસની અંદર માઈનસ ગ્રાન્ટ નથી. આજે જ મેં ફોન ઉપર તાલુકાની અંદર અને જિલ્લાની અંદર મેં પૂછયું કે ઠાસરા તાલુકાની અંદર કેટલી ગ્રાન્ટ માઈનસ છે, તો મને જવાબ એવો મળ્યો કે આવતી કાલે અમે ૨૫ લાખ રૂપિયા પોસ્ટ ઓફીસમાં નાખીશું અને કાલે પેમેન્ટ થઈ જશે. મને એમ કહે છે કે કોઈ જગ્યાએ માઈનસ ગ્રાન્ટ નથી. બાલાસિનોર અને વીરપુરની અંદર એ પરિસ્થિતિ છે. ૨૫ લાખ રૂપિયા મને કહ્યું કે આવતી કાલે અમે નાખવાના છીએ. ૨૫ લાખના મસ્ટર પડી રહ્યા છે અને મંત્રીશ્રી કહે છે કે એક જગ્યાએ માઈનસ ગ્રાન્ટ નથી. ૧૫ દિવસના બદલે ૨૦-૨૫ દિવસ સુધી પેમેન્ટ થયા નથી અને મજૂરો બંધ થઈ ગયા

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : ઠાસરાનું ૨૦૦૮-૦૯નું વર્ષ બંધ થયું એટલે કે કલોઝર થયું ત્યારે રૂા. ૯ લાખ ૪૨ હજાર સિલક હતી અને ઠાસરા તાલુકામાં આજની તારીખે પણ ૧૧ લાખ ૪૩ હજાર રૂપિયા ત્યાં બેલેન્સ છે. કોઈ અધિકારી કહેતા હોય એ બીજા કોઈ કારણથી ન કરતાં હોય. એમને મુશ્કેલી પડે એમ નથી. રામસિંહભાઈ ઉકેલ કરે એવા છે. મારે બીજું કહેવું છે કે ૨૦૦૯-૧૦ના વર્ષમાં ખેડા જિલ્લામાં ૨ કરોડ ૪૨ લાખ રૂપિયા જમા છે. તેમાંથી ડી.આર.ડી.એ.ને સૂચના આપી છે કે કોઈ જગ્યાએ ખૂટવા ન જોઈએ. આમાં રીઅમ્બર્સ કરવાનું હોય છે એમાં કદાચ ટૅક્નીકલ મુશ્કેલી હશે પણ આપણે ઉકેલી દઈશું.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : કઠલાલ તાલુકામાં નારપુર-મડાદરા ગામમાં રૂા. ૭,૫૫,૫૧૭/- ના રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ કામો થયાં છે. ગામ લોકોની ફરિયાદ એવી છે કે અમે આ કામો કરેલ નથી. તો આ બાબતમાં તપાસ કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આપ મને રેફરન્સ કરશો અને રાઈટ-અપ પણ જોઈએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અત્યારે જે વિગતો આપી છે એ વિગતો આપની પાસે છે એના ઉપર આપ તપાસ કરાવો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આવા * (xxxx) ન કરવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપણે ત્યાં કોઈપણ ધારાસભ્યશ્રી જે વિગતો આપે એને લેખિત ફરિયાદ આપવાની હોતી નથી. જ્યારે માહિતી હાઉસમાં અપાઈ છે ત્યારે અહીંયા માનનીય ધારાસભ્યશ્રી મણીભાઈએ પહેલા ગામના નામ વગર ફરિયાદ કરી હતી ત્યારે આપે એમ કહ્યું કે સ્પેસિફિક નામ સાથે આવશે તો હું એની તપાસ કરીશ. એમણે સ્પેસિફિક નામ સાથે જ્યારે ફરિયાદ કરી ત્યારે લેખિત ફરિયાદ માગવાની રહેતી નથી. આપે જે * (xxxx) વાત કરી છે એ આપ ત્યારે જ કહી શકો કે માનનીય ધારાસભ્યશ્રીએ ફરિયાદ કરી એના જવાબની વિગતો સાથે આવશો ત્યારે ચોક્કસ એ વિગતો જોઈએ કહેશો. અત્યારે આપે સ્વીકારેલ છે કે સ્પેસિફિક

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

ફરિયાદ સાથે આવશે તો આપે ખાતરીપૂર્વક તપાસ કરવાની રહે અને ત્યાર પછી માનનીય ધારાસભ્યશ્રીને જણાવવાનું રહે. (અંતરાય) શબ્દો મેં કાઢી નાખ્યા છે.

**બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં આપેલ જોબ કાર્ડ**

* ૧૩૮૦૩ **શ્રી બાબુભાઈ જે. દેસાઈ (કાંકરેજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના અન્વયે કેટલા કુટુંબોને જોબ કાર્ડ આપવામાં આવ્યા,

(૨) તેની સામે તાલુકાવાર કેટલા ગામોમાંથી કામની માગણી આવી, અને

(૩) કેટલા કુટુંબોના શ્રમિકોને રોજગારી આપી કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાંતાલુકાવારરાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના અન્વયે ૬૯૪૭૧ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | જોબકાર્ડ આપવામાં આવેલ કુટુંબોની સંખ્યા |
|---|---|
| પાલનપુર | ૧૧૭૧૧ |
| અમીરગઢ | ૧૮૯૪ |
| વડગામ | ૧૩૩૯૪ |
| દાંતા | ૨૭૯૦ |
| ડીસા | ૫૯૭૪ |
| ધાનેરા | ૪૫૩૫ |
| દાંતીવાડા | ૪૨૯૧ |
| થરાદ | ૦ |
| તાલુકાનું નામ | જોબકાર્ડ આપવામાં આવેલ કુટુંબોની સંખ્યા |
| વાવ | ૬૭૪૩ |
| દિયોદર | ૫૯૭૨ |
| ભાભર | ૫૪૩૦ |
| કાંક્રેજ | ૬૭૨૭ |
| **કુલ..** | **૬૯૪૬૧** |

(૨) તાલુકાવાર ગામોમાંથી કામની માગણી આવી તેની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | કામની માગણી આવેલ ગામોની સંખ્યા |
|---|---|
| પાલનપુર | ૧૦૦ |
| અમીરગઢ | ૫૪ |
| વડગામ | ૯૭ |
| દાંતા | ૧૭૬ |
| ડીસા | ૭૯ |
| ધાનેરા | ૬૩ |
| દાંતીવાડા | ૩૭ |
| થરાદ | ૧૧૨ |
| વાવ | ૯૩ |
| દિયોદર | ૪૨ |
| ભાભર | ૩૮ |
| કાંક્રેજ | ૬૮ |
| **કુલ..** | **૯૫૯** |

(૩) કુટુંબોને રોજગારી આપી અને કરેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | કુટુંબોની સંખ્યા | કરેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| પાલનપુર | ૬૦૯૦ | ૮૩.૬૭ |
| અમીરગઢ | ૧૨૧૨ | ૧૭૧.૭૪ |
| વડગામ | ૭૯૦૨ | ૪૧૦.૫૩ |
| દાંતા | ૧૭૫૮ | ૩૩૧.૪૫ |
| ડીસા | ૨૬૨૯ | ૧૦૨.૪૯ |
| ધાનેરા | ૧૯૦૫ | ૪૪.૦૭ |
| દાંતીવાડા | ૧૯૭૪ | ૮૪.૦૭ |
| થરાદ | ૦ | ૦.૦૦ |
| વાવ | ૪૧૧૩ | ૨૧૨.૩૨ |
| દિયોદર | ૩૪૬૪ | ૨૯.૮૬ |
| ભાભર | ૨૨૨૬ | ૪૬.૫૫ |
| કાંક્રેજ | ૨૬૯૧ | ૩૩.૩૧ |
| **કુલ..** | **૩૫૯૬૪** | **૧૫૫૦.૦૬** |

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નારેગા યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૮ની સરખામણીમાં વર્ષ ૨૦૦૯માં કેવા પ્રકારની કેટલી કામગીરી થયેલ છે અને બીજું કે, કેટલા કુટુંબોને જોબ કાર્ડ આપવામાં આવેલ છે અને કુલ કેટલો ખર્ચ થયેલ છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે કુલ જોબ કાર્ડ છે એ તા.૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં ૨૩,૮૬૩ હતા, આ સાલે તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધી ૪૫,૫૯૮ છે. બી.પી.એલ. કુટુંબો ૭૪,૨૬૬ હતા, આ સાલે ૧,૩૫,૦૨૯ જોબ કાર્ડો છે. માનનીય અધ્યક્ષશ્રી, જે કામો કર્યા છે એ અગાઉના વર્ષમાં ૩,૩૬૫ હતા એ આ સાલે પૂર્ણ કરેલા કામો ૧૪,૨૯૩ કામો કર્યા છે. પ્રગતિમાં જે કામો છે એ ૨,૮૬૫ કામો છે, આ સાલે ૩,૫૩૫ કામો પ્રગતિમાં છે. કુલ કામો ૧૭,૮૨૮ કામો આ વર્ષમાં ચાલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ખર્ચ થયો છે, ગઈ સાલે ૧૪ કરોડ, ૧૪ લાખ રૂપિયા બનાસકાંઠામાં ખર્ચ થયો હતો, આ સાલે ૨૩ કરોડ, ૨૨ લાખ રૂપિયા ખર્ચ થયો છે. બધા જ ગામોમાં આ કામો ચાલે છે. આમાં જે રોજગારી આપવામાં આવી છે એ લગભગ ૭૦ રૂપિયા Per day દરેકને રોજગારી મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, બોરીબંધનું કામ પણ ત્યાં કર્યુ છે, સારું એવું ૧૩,૩૮૯ બોરીબંધો બાંધ્યા છે અને બોરીબંધોમાં પણ ખર્ચ ૧૦ કરોડ ,૧૭ લાખ રૂપિયા થયો છે અને પાણીના સંગ્રહ માટે ખૂબ ઉપયોગી છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનામાં ગયા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષમાં કેવા પ્રકારની, કેટલી કામગીરી થઈ છે, કેટલા લોકોને રોજગારી મળી અને જે પંચાયતો આ કામગીરી નથી કરતી તેમને માટે કોઈ નિયમ બનાવીને આ કામગીરી સારી રીતે થાય એના માટે સરકાર કાંઈ વિચારે છે કે કેમ ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે આ રોજગારી નારેગામાં ધાનેરા તાલુકામાં એમને ત્યાં એક જ તાલુકામાં ૧૮૩ કામો પૂરાં કર્યા , ૧૦૨૯ કામો આ વર્ષે અને અગાઉના વર્ષના ૧૮૩ કામો ં હતા અત્યારે હાલ જે પ્રગતિમાં છે ધાનેરા તાલુકામાં ૭૨ કામો ગઈ સાલે પૂરા કર્યા આ સાલે ૧,૪૩૫ કામો પ્રગતિમાં છે. જે ખર્ચ છે ધાનેરાનો એ ે ૪૪ લાખ, ૨૨ હજાર અને આ વર્ષે ૯૬ લાખ, ૮૪ હજાર રૂપિયાનો ખર્ચ થયો છે, ૧ લાખ, ૨૩ હજાર માનવ દિન પેદા આ સાલે થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, ૩૮ ગામો છે, આ ૩૮ એ ૩૮ ગામોની અંદર આ કામ લીધું છે. જે રોજગારી આપી છે એ કુટુંબોની સંખ્યા આ સાલે ૪,૬૬૧ છે, શ્રમિકોને વેતન જે મળ્યું છે એ ૬૨ રૂપિયા છે. અને જે આ સાલે એમનો જે ખર્ચ છે ધાનેરામાં ખર્ચ જે છે એ .૫૫ લાખ રૂપિયાનો ખર્ચ થયેલ છે, ના એ બીજો છે, જોઈએ છે ખર્ચ ?

**અધ્યક્ષશ્રી** : શ્રી લીલાધરભાઈ.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, નારેગા યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં વૃક્ષારોપણ માટે કોઈ નવો પ્રયોગ કરવામાં આવ્યો છે ? જો હા, તો આ કેવા પ્રકારનો પ્રયોગ કર્યો છે ?

**અધ્યક્ષશ્રી** : કોઈ નવો પ્રયોગ થયો છે ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં વન વિભાગ મારફતે પ્રત્યેક બે હેકટરે એવા ૨૧ સરકારી જમીનના પ્લોટોમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. જેને શક્તિ વન તરીકે નામાભિધાન કર્યુ છે, જેની પાછળ ૩૨ લાખ, ૪૫ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે, આવા શક્તિ વનો ૨૧ ઊભા કરવામાં આવ્યા છે. વડગામમાં-૮, પાલનપુરમાં- ૪, દિયોદરામાં- ૭ , ભાભરમાં-૨ અને એમણે જે ૫૬૭૦૦ રોપાઓ ત્યાં રોપ્યા છે, અને કુલ ખર્ચ ૩૨ લાખ , ૪૫ હજાર થયો છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

### (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ખેડા જિલ્લામાં મહિલા જૂથોની રચના

૧૪૦૦૭**ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા મહિલા જૂથોની રચના થઈ, | (૧) મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ૭૨૮૫ મહિલા જૂથોની રચના થયેલ છે. |
| (૨) તે પૈકી કેટલા મહિલા જૂથોએ આંતરિક ધિરાણ કરેલ છે, અને | (૨) સદરહુ સમય દરમ્યાન ૬૦૭૦ મહિલા જૂથોએ આંતરિક ધિરાણ કરેલ છે. |
| (૩) કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે? | (૩) ૧૬૧૫ મહિલા જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે. |

**ગ્રામ વિકાસ એજન્સીઓના પ્રશ્નોની ચર્ચા સંકલન સમિતિમાં ન થવા બાબત**

૧૩૭૯૫ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા કક્ષાએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓના પ્રશ્નોની ચર્ચા સંકલન સમિતિમાં થઈ શક્તી નથી તેવો કોઈ પરિપત્ર સરકારે ક્યારે બહાર પાડેલ છે, અને | (૧) તા.૧૬-૧-૯૫ નો પરિપત્ર બહાર પાડેલ છે. |
| (૨) જો આવો પરિપત્ર બહાર પાડેલ હોય તો તેમાં સુધારો કરી સંકલન સમિતિમાં પ્રશ્નની ચર્ચા થઈ શકે તેવી કાર્યવાહી સરકાર કરાવવા માંગે છે કે કેમ? | (૨) ના, જી. |

------------

**કચ્છ જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ-બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવા બાબત**

૧૫૧૩૭ **ડૉ. નીમાબેન આચાર્ય(અંજાર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે, | (૧) કચ્છ જિલ્લામાં તમામ ૬૧૫ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઇ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે. |
| (૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવાના બાકી છે, અને<br>(૩)તેને ક્યાં સુધીમાં બ્રોડ-બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવશે? | (૨) અને (૩) તમામ ૬૧૫ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઇ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**પંચાયત વિભાગ દ્વારા પાયાની સુવિધા પૂરી પાડવા બાબત**

૧૫૪૯૧ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૯ના વર્ષમાં પંચાયત વિભાગ દ્વારા પાયાની સુવિધાઓ પૂરી પાડવા કચ્છ જિલ્લાના નખત્રાણા ગામને પસંદ કરવામાં આવેલ તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ પેટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, | (૨) સર્વેની કામગીરીના પ્રમાણ પુરતી જરૂરી રકમ ચુકવવાપાત્ર થશે. |
| (૩) કઈ કઈ કામગીરી શરૂ કરવામાં આવી અને પૂરી કરવામાં આવી, | (૩) હાલ ડ્રેઇનેજ પ્રોજેક્ટ પુરતી વિલેજ સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. |
| (૪) કઈ કઈ કામગીરી બાકી છે, અને<br>(૫) તે ક્યારે પૂરી કરવામાં આવશે? | (૪) અને (૫) સર્વેની કામગીરી પૂરી થયા બાદ જરૂરી કામગીરી હાથ પર લેવાનું શક્ય બનશે. |

------------

**આંબરડી ગામમાં સફારીપાર્ક બનાવવા બાબત**

: ૧૫૪૯૮ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા(ધારી) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધારી તાલુકાના આંબરડી ગામમાં સફારી પાર્ક મંજૂર કરવામાં આવ્યો છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સફારી પાર્ક ક્યારે મંજૂર કરવામાં આવ્યો, | (૨) સેન્ટ્રલ ઝુ ઓથોરીટી ઓફ ઇન્ડીયા, નવી દિલ્હીના તા.૨૧-૫-૨૦૦૮ના પત્રથી તથા નામદાર સુપ્રિમ કોર્ટ, નવી દિલ્હીના તા. ૯-૧-૨૦૦૯ ના હુકમથી મંજૂરી મળેલ છે. |
| (૩) આ અંગે તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૩) આ અંગે તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કોઇ ખર્ચ કરવામાં આવેલ નથી. |
| (૪) આ કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે? | (૪) આ બાબતે વિગતવાર પ્લાન/એસ્ટીમેટ તૈયાર કરવાની કામગીરી ગતિમાં છે, જે પૂર્ણ થયે કામગીરી શરૂ કરવામાં આવશે. |

------------

## દાહોદ જિલ્લામાં પ્રાયોજના વહીવટદારશ્રીને આર્થિક વિકાસ માટે મળેલ અરજીઓ

૧૫૩૩૫ **શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રાયોજના વહીવટદારને આર્થિક વિકાસની યોજનાઓ માટે તાલુકાવાર કુલ કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરી પ્રાયોજના વહીવટદાર દ્વારા લોન સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) **પત્રક-૧** મુજબ.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષવાર મળેલ અરજીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
| ૧ | દાહોદ | ૩૦૩ | ૨૨૫ | ૨૪૯ |
| ૨ | ઝાલોદ | ૩૬૮ | ૧૪૩ | ૩૧૧ |
| ૩ | લીમખેડા | ૧૨૩ | ૧૦૬ | ૫૦ |
| ૪ | ફતેપુરા | ૩૩૭ | ૨૨૦ | ૩૭૮ |
| ૫ | ગરબાડા | ૧૪૫ | ૧૧૮ | ૭૪ |
| ૬ | ધાનપુર | ૧૦૪ | ૭૦ | ૮૫ |
| ૭ | દેવગઢ બારીયા | ૯૨ | ૭૭ | ૪૫ |
| | **કુલ :** | **૧૪૭૨** | **૯૫૯** | **૧૧૯૨** |

(૨) **પત્રક-૨** મુજબ.

**પત્રક-૨**

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષવાર મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | | ૨૦૦૮-૦૯ | | ૨૦૦૯-૧૦ | |
| | | અરજીઓની સંખ્યા | સહાયની રકમ રૂા. (લાખમાં) | અરજીઓની સંખ્યા | સહાયની રકમ રૂા. (લાખમાં) | અરજીઓની સંખ્યા | સહાયની રકમ રૂા. (લાખમાં) |
| ૧ | દાહોદ | ૨૪૦ | ૨૨.૭૯ | ૧૨૪ | ૧૧.૪૦ | ૩૦ | ૨.૩૩ |
| ૨ | ઝાલોદ | ૧૯૩ | ૧૫.૬૬ | ૧૯ | ૧.૭૬ | ૧૯૪ | ૧૮.૫૮ |
| ૩ | લીમખેડા | ૧૦૦ | ૪.૬૩ | ૯૪ | ૫.૯૩ | ૩૭ | ૩.૨૦ |
| ૪ | ફતેપુરા | ૧૩૭ | ૧૨.૯૫ | ૬૮ | ૬.૪૬ | ૫૭ | ૩.૮૮ |
| ૫ | ગરબાડા | ૯૨ | ૭.૮૪ | ૮૫ | ૭.૫૦ | ૧૫ | ૧.૫૪ |
| ૬ | ધાનપુર | ૫૯ | ૫.૬૩ | ૫૦ | ૪.૮૧ | ૪૫ | ૩.૧૬ |
| ૭ | દેવગઢ બારીયા | ૯૨ | ૮.૩૮ | ૭૭ | ૬.૯૯ | ૩૪ | ૩.૦૭ |
| | **કુલ :** | **૯૧૩** | **૭૭.૮૮** | **૫૧૭** | **૪૪.૮૫** | **૪૧૨** | **૩૫.૭૬** |

પ્રાયોજના વહીવટદાર દ્વારા લોન ચૂકવવામાં આવતી નથી.

## અમદાવાદ જિલ્લામાં મહિલા જૂથોની રચના

૧૫૨૪૧**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા મહિલા જૂથોની રચના થઈ,

(૨) તે પેકી કેટલા મહિલા જૂથોએ આંતરિક ધિરાણ શરૂ કરેલ છે, અને

(૩) કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખી મંડળ યોજનામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૨૬૧૩ મહિલા જૂથોની રચના થયેલ છે.

(૨) ૪૨૦ મહિલા જૂથોએ આંતરિક ધિરાણ શરૂ કરેલ છે.

(૩) ૮૪૭ મહિલા જૂથો આર્થિક પ્રવૃતિ કરે છે.

------------

## રાજુલા અને જાફરાબાદ તાલુકામાં હરિયાળી યોજનામાં પસંદ કરેલ ગામો

૧૫૦૧૯ **શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના રાજુલા અને જાફરાબાદ તાલુકામાં સને ૨૦૦૭-૦૮ થી ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં હરિયાળી યોજના હેઠળ કેટલા ગામોને પસંદ કરવામાં આવેલ,

(૨) પસંદ કરાયેલ ગામોના ક્યા ક્યા કામો મંજૂર થયેલ, અને

(૩) મંજૂર થયેલ કામો પેકી ક્યા ક્યા કામો પૂર્ણ કરવામાં આવેલ છે અને કેટલા બાકી છે?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લાના રાજુલા અને જાફરાબાદ તાલુકામાં સને ૨૦૦૭-૦૮ થી ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં હરિયાળી યોજના હેઠળ કોઇ ગામ પસંદ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વડોદરા જિલ્લામાં હરિયાળી યોજનામાં આવરી લીધેલ ગામો

૧૪૦૬૫**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં હરિયાળી યોજના હેઠળ તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગામોને આવરી લેવાયા,

(૨) આ યોજનામાં સમાવેશ થતા કેટલા કામો પાછળ તે અન્વયે કેટલો ખર્ચ થયો, અને

(૩) જો કામો પૂર્ણ ન થયા હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં હરિયાળી યોજના હેઠળ તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ ગામોને આવરી લેવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સુરત જિલ્લામાં બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા

૧૪૬૨૪**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડધારકોની સંખ્યા કેટલી છે, અને

(૨) આ પૈકી બી.પી.એલ. કાર્ડ ધારકો વિભાજીત થતા કુટુંબોને એ.પી.એલ.ના કાર્ડ આપવામાં આવે છે, તે હકિકત સાચી છે કે કેમ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડધારકોની સંખ્યા નીચે મુજબ છે.

બી.પી.એલ.કાર્ડ ધારકો - ૧૫૯૧૭૧
એ.પી.એલ. કાર્ડ ધારકો - ૭૬૩૦૫૪

(૨) ના, જી.

વિભાજીત થતા કાર્ડ ધારકની પાત્રતાના આધારે ચકાસણી કરીને જરૂરી નિર્ણય લેવામાં આવે છે.

------------

## રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ-બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવા બાબત

૧૫૧૪૩ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવી છે,

(૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ કનેકટીવીટીથી જોડવાની બાકી છે, અને

(૩) તેને ક્યાં સુધીમાં બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવશે?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તમામ ૮૪૩ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઇ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે.

(૨) અને (૩) : તમામ ૮૪૩ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઇ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળા

૧૩૩૯૪**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૧૦માં જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં યોજવામાં આવેલ ગરીબ કલ્યાણ મેળામાં કલેકટર તરફથી કેટ કેટલા નિમંત્રણ કાર્ડ છપાવી નિમંત્રણો મોકલવા આવ્યા તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૨) આ ગરીબ કલ્યાણ મેળામાં મંડપ-લાઈટ-માઈક પાછળ કેટલો ખર્ચ બજેટના ક્યા હેડે ઉધારવામાં આવ્યો?

**જવાબ**

(૧)

| જિલ્લો | આમંત્રણ કાર્ડની સંખ્યા | ખર્ચ |
|---|---|---|
| જૂનાગઢ | ૪૫૦૦ | રૂા. ૬૩,૦૦૦/- |
| પોરબંદર | ૧૭૫૦ | રૂા. ૩૧,૮૭૪/- |

(૨) આ ગરીબ કલ્યાણ મેળામાં મંડપ-લાઇટ-માઇક પાછળ નીચે દર્શાવ્યા મુજબ ખર્ચ થયેલ છે.

જૂનાગઢ : રૂા. ૩૪ લાખ
પોરબંદર : રૂા. ૧૭ લાખ

ઉપરોક્ત ખર્ચ પૈકી જૂનાગઢ જિલ્લાના બે ગરીબ કલ્યાણ મેળા અને પોરબંદર જીલ્લાના એક ગરીબ કલ્યાણ

મેળાનો અનુક્રમે રૂ. ૧૦ લાખ અને રૂ. ૫ લાખનો ખર્ચ બજેટ સદરઃ૨૦૫૧-ગ્રામ્ય અને લઘુ ઉદ્યોગ, આઇએનડી-૨૩, ઇન્ડેક્ષ-સીને સહાય સદર હેઠળ અને બાકીનો ખર્ચ મુખ્ય સદર-૨૫૧૫-અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ, ગોણ સદર-૮૦૦ અન્ય ખર્ચ, પેટાસદર-૦૫, સીડીપી-૨, મોજણી અને અભ્યાસ હેઠળ કરવામાં આવેલ છે.

**દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં બોરીબંધ બનાવવા બાબત**

૧૪૦૫૮**શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ કેટલા બોરીબંધ બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ ૧૦૯૭૦ બોરીબંધ બનાવવામાં આવેલ છે.

(૨) કુલ રૂ. ૫૫૬.૮૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**અમદાવાદ જિલ્લામાં ટોટલ સેનીટેશન યોજનામાં શોચાલયો બનાવવા બાબત**

૧૩૮૦૬**શ્રી રણછોડભાઈ ક.મેર(ધંધૂકા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯નીસ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ટોટલ સેનીટેશન કેમ્પેઈન યોજના હેઠળ એ.પી.એલ. અને બી.પી.એલ. માટે કેટલા શોચાલયો બાંધવામાં આવ્યા,

(૨) એ.પી.એલ. અને બી.પી.એલ. માટે કેટલી સહાય અરજદારોને ચૂકવવા પાત્ર છે,

(૩) તે મુજબ કેટલી સહાય ચૂકવી કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ટોટલ સેનીટેશન કેમ્પેઇન યોજના હેઠળ એ.પી.એલ. અને બી.પી.એલ. માટે બાંધવામાં આવેલ શોચાલયોની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | એ.પી.એલ. લાભાર્થી માટે બાંધવામાં આવેલ શોચાલયોની સંખ્યા | બી.પી.એલ. લાભાર્થી માટે બાંધવામાં આવેલ શોચાલયોની સંખ્યા |
|---|---|---|
| દસ્ક્રોઇ | ૧૪૮૬ | ૩૭૭૦ |
| સાણંદ | ૨૩૦૩ | ૪૦૯૮ |
| વિરમગામ | ૭૦૧ | ૪૧૦૦ |
| માંડલ | ૧૫૭૧ | ૨૧૬૮ |
| દેત્રોજ | ૧૪૪૩ | ૩૪૦૬ |
| બાવળા | ૧૧૩૪ | ૨૮૮૪ |
| ધોળકા | ૧૭૬૬ | ૪૧૫૩ |
| ધંધુકા | ૧૦૫૭ | ૩૪૦૨ |
| રાણપુર | ૧૮૭૨ | ૨૦૩૩ |
| બરવાળા | ૧૪૯૧ | ૧૪૮૩ |
| **કુલ :** | **૧૪૮૨૪** | **૩૧૪૯૭** |

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન એ.પી.એલ. અરજદારોને રૂ. ૧૧૩.૪૮ લાખની પ્રોત્સાહક સહાય અને બી.પી.એલ. અરજદારોને રૂ. ૫૮૨.૫૭ લાખની પ્રોત્સાહક સહાય ચૂકવવા પાત્ર છે.

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન એ.પી.એલ. અરજદારોને ૧૦૧.૭૪ લાખની પ્રોત્સાહક સહાય અને બી.પી.એલ. અરજદારોને રૂ. ૫૩૪.૪૨ લાખની પ્રોત્સાહક સહાયનો ખર્ચ કરવામાં આવ્યો છે.

(૪) કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને

(૪) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ એ.પી.એલ. અરજદારોને રૂ. ૧૧.૭૪ લાખની પ્રોત્સાહક સહાય અને બી.પી.એલ. અરજદારોને રૂ. ૪૮.૧૫ લાખની પ્રોત્સાહક સહાય ચૂકવવાની બાકી છે.

(૫) તે સહાય કેટલા સમયમાં ચૂકવવામાં આવશે?

(૫) બાકી સહાય લાભાર્થીઓને જાન્યુઆરી ૨૦૧૦ તથા ફેબ્રુઆરી ૨૦૧૦ માં ચૂકવવામાં આવેલ છે.

------------

**ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ-બેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવા બાબત**

૧૩૯૭૮**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત તાલુકા દીઠ કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતો બ્રોડ બેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવાની બાકી છે, અને

(૩) તે ક્યારે જોડવામાં આવશે?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તમામ ૭૭૨ ગ્રામ પંચાયતોને તાલુકાદીઠ નીચે દર્શાવ્યા મુજબ બ્રોડ બેન્ડ ઇ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે.

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | બોટાદ | ૫૦ |
| ૨ | વલ્લભીપુર | ૫૩ |
| ૩ | ગઢડા | ૭૨ |
| ૪ | ઉમરાળા | ૪૩ |
| ૫ | ભાવનગર | ૫૬ |
| ૬ | ઘોઘા | ૩૫ |
| ૭ | શિહોર | ૭૮ |
| ૮ | ગારીયાધાર | ૫૦ |
| ૯ | પાલીતાણા | ૮૯ |
| ૧૦ | તળાજા | ૧૧૫ |
| ૧૧ | મહુવા | ૧૩૧ |
| | કુલ : | ૭૭૨ |

(૨) અને (૩) : તમામ ૭૭૨ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઇ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**કચ્છ જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વૃક્ષોનું વાવેતર કરવા બાબત**

૧૫૧૬૮**શ્રી ધનજીભાઈ ગો.સેંઘાણી (માંડવી) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦માં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા કચ્છ જિલ્લામાં કેટલા વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦માં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા કચ્છ જિલ્લામાં ૫૬૧૧ હેક્ટર વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વાવેતર પાછળ રૂ. ૧૩૮૯.૨૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં વનાધિકાર માટે દાવા સ્વીકારવા બાબત**

૧૩૭૯૧**શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં વનાધિકાર કાયદા-૨૦૦૬ હેઠળ કુલ કેટલા દાવાઓ સ્વીકારવામાં આવ્યા છે, અને

(૨) તે સ્વીકારેલ દાવાઓ પેકી ગ્રામ સમિતિ અને ગ્રામસભા પાસે પડતર દાવા કેટલા છે?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લા | સ્વીકારેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | નર્મદા | ૧૭૭૮૩ |
| ૨ | ભરૂચ | ૪૦૭૬ |

(૨)

| ક્રમ | જિલ્લા | પડતર અરજીઓ |
|---|---|---|
| ૧ | નર્મદા | ૭૮૬૦ |
| ૨ | ભરૂચ | ૧૦૮૪ |

**વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ જોબકાર્ડ**

૧૫૧૫૫**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓને કામ આપવામાં આવ્યું?

**જવાબ**

(૧) મહાત્માગાંધીરાષ્ટ્રીયગ્રામીણરોજગાર બાંહેધરી યોજના હેઠળ વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૩૫૪૩૪ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે.

(૨) ૧૨.૯૭૪ લાખ માનવદિન પુરૂષોને અને ૭.૧૮ લાખ માનવદિન મહિલાઓને કામ આપવામાં આવેલ છે.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ટેરેસ તલાવડી યોજના**

૧૫૧૭૨**શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ)** :**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન વિભાગ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં ટેરેસ તલાવડી યોજના અમલમાં મૂકવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ટેરેસ તલાવડી બનાવવામાં આવી, અને

(૩) આ યોજનાના ફાયદા શું છે?

**જવાબ**

(૧) વન વિભાગ દ્વારા વિવિધ યોજના હેઠળ ભૂમિ અને ભેજ સંરક્ષણના ભાગ રૂપે ટેરેસ તલાવડી બનાવવામાં આવે છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કૂલ ૩૪.૮૫૮ ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે.

(૩) ટેરેસ તલાવડીથી વરસાદી પાણીનો સંગ્રહ થાય છે જે જમીનમાં ઉતરે છે. જેથી જમીનમાં ભેજનું પ્રમાણ વધે છે તેમજ આજુબાજુની વનસ્પતિઓની વૃધ્ધિ થાય છે.

------------

**અમદાવાદ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૧૫૧૩૯**શ્રી કમાભાઈ ગ.રાઠોડ(વિરમગામ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ, અને

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને અનુદાન આપવામાં આવ્યું?

**જવાબ**

(૧) ૨ (બે)

(૨) ૨ (બે)

------------

**ખાનપુર તાલુકાની બામરોડા ગ્રામ પંચાયતને નિર્મળ ગ્રામ યોજના નીચે શોચાલયો બનાવવા આપેલ ગ્રાન્ટ**

૧૪૬૬૦**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા)** :**માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાની બામરોડા ગ્રામ પંચાયતને નિર્મળ ગ્રામ યોજના હેઠળ શોચાલય (જાજરૂ) બનાવવા માટે કેટલા નાણા ફાળવવામાં આવ્યા,

(૨) લાભાર્થીઓની સંખ્યા કેટલી,

**જવાબ**

(૧) અગાઉના વર્ષો દરમ્યાન નાણાં ફાળવવામાં આવેલ હોવાથી તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાની બામરોડા ગ્રામ પંચાયતને નિર્મળ ગ્રામ યોજના હેઠળ શોચાલય (જાજરૂ) બનાવવા માટે નાણાં ફાળવવામાં આવેલ ન હતાં.

(૨) પાત્રતા ધરાવતાં લાભાર્થીઓને અગાઉના [illegible]

વર્ષોમાં લાભ આપી દેવામાં આવેલ હોઈ તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ લાભાર્થીને લાભ આપવામાં આવેલ નથી.

(૩) તે પૈકી કેટલો ખર્ચ થયો,

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કેટલા લાભાર્થીઓને નાણાંની ચૂકવણી કરવામાં આવી છે,

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) લાભાર્થીઓને નાણાં ન ચૂકવ્યાની ફરિયાદ થઈ છે તે હકીકત સાચી છે, અને

(૫) હા, જી.

(૬) જો હા, તો સરકારે આ માટે કસૂરવારો સામે શી કાર્યવાહી કરી?

(૬) મદદનીશ તાલુકા વિકાસ અધિકારીએ સરપંચની સામે તા.૧૯-૨-૧૦ ના રોજ પોલીસ ફરિયાદ દાખલ કરેલ છે તેમજ તલાટી કમ મંત્રીને શોકોઝ નોટિસ આપીને ખાતાકીય તપાસની કાર્યવાહી હાથ ધરેલ છે.

------------

**પાટણ જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત**

૧૫૧૬૧**શ્રી રજનીકાન્ત સો.પટેલ(ચાણસ્મા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વન તલાવડી યોજના હેઠળ પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૪ (ચાર) વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કુલ રૂ. ૬.૭૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**અમદાવાદ શહેરમાં માંગ સામે કેરોસીનનો જથ્થો ફાળવવા બાબત**

૧૫૦૦૯ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલી માંગની સામે કેરોસીનનો કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો, અને

(૨) પરિવાર દીઠ હાલમાં દર માસે કેટલું કેરોસીન આપવામાં આવે છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં ૬૭,૩૩૧ કિ.લી. માંગની સામે ૬૬,૨૧૧ કિ.લી. કેરોસીનનો જથ્થો (૯૮.૩૪%) ફાળવવામાં આવ્યો.

(૨) રાંધણગેસનું કનેક્શન નહિ ધરાવતાં ૧ થી ૩ જનસંખ્યાના કોટુંબિક રેશનકાર્ડદીઠ ૫ લીટર અને ૪ કે તેથી વધુ જનસંખ્યાના પરિવારોને કોટુંબિક રેશનકાર્ડ દીઠ ૧૦ લીટરના ધોરણે કેરોસીન આપવામાં આવે છે.

**કચ્છ જિલ્લામાં લાકડા વહેરવાની સો મીલના લાયસન્સ આપવા બાબત**

૧૪૪૯૮**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં લાકડા વહેરવા માટેની સો મીલ્સનાં નવા લાયસન્સ અપાયા છે કે જુના લાયસન્સ રીન્યુ કરાયા છે,

(૨) નવા લાયસન્સ અપાયા હોય તો કેટલી સો મીલોની મંજૂરી સામે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ વસુલ કરવામાં આવી, અને

(૩) આ ઉપરોક્ત સમયમાં જુની સો મીલોના લાયસન્સ રીન્યુ કરવા કે બંધ પડેલ સો મીલ્સ ચાલુ કરવા કેટલી "સો" મીલ્સ પાસેથી તા. ૩૧-૧૨-૦૯ની

**જવાબ**

(૧) હા, જી.

(૨) નીચેની વિગતે રકમ વસુલ કરવામાં આવી.

| વર્ષ | સી.ઇ.સી.એ મંજુર કરેલ અરજીની સંખ્યા | કોલમ-૨ પૈકી મંજૂર કરેલ નવા લાયસન્સની સંખ્યા | કોલમ-૩ મુજબ વસુલ કરેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૦૭ | ૨૩૯ | ૧૩૭ | રૂ.૫,૧૧,૬૫,૦૦૦ |
| ૨૦૦૮ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૦૦૯ | ૨૩૦ | ૧૧૦ | રૂ.૩,૩૨,૭૫,૦૦૦ |
| **કુલ :** | **૪૬૯** | **૨૪૭** | **રૂ.૮,૪૪,૪૦,૦૦૦** |

(૩) નીચેની વિગતે રકમ વસુલ કરવામાં આવી.

| વર્ષ | જુની સો મીલો રીન્યુ કર્યાની | વસુલ કરવામાં આવેલ રીન્યુ ફીની |
|---|---|---|
| ૨૦૦૭ | ૨૪૯ | રૂ.૩,૭૩,૫૦૦ |
| ૨૦૦૮ | ૨૪૭ | રૂ.૩,૭૦,૫૦૦ |

સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ વસુલ કરવામાં આવી?

| | | |
|---|---|---|
| ૨૦૦૮ | ૨૪૭ | રૂ.૩,૭૦,૫૦૦ |
| ૨૦૦૯ | ૨૪૬ | રૂ.૩,૭૫,૦૦૦ |
| **કુલ :** | **૭૪૨** | **રૂ.૧૧,૧૯,૦૦૦** |

## આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં ફાળવેલ રકમ

૧૪૩૧૦ **શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવી,

(૨) ફાળવેલ રકમમાંથી તે અન્વયે કેટલી રોજગારી આપવામાં આવી, અને

(૩) કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર રાષ્ટ્રિય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ રકમ ફાળવેલ છે.

| તાલુકાનું નામ | તા.૧-૧-૨૦૦૮ થી તા.૩૧-૧૨-૨૦૦૮ સુધી | તા.૧-૧-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૦૯ સુધી |
|---|---|---|
| આણંદ | ૧૩.૭૦ | ૭૦.૪૪ |
| ઉમરેઠ | ૧૧.૭૫ | ૭૪.૭૩ |
| બોરસદ | ૨૦.૦૦ | ૭૫.૯૩ |
| આંકલાવ | ૯.૫૩ | ૩૩.૬૮ |
| પેટલાદ | ૧૭.૪૪ | ૪૪.૫૯ |
| સોજીત્રા | ૭.૫૫ | ૬૪.૮૦ |
| ખંભાત | ૨૬.૯૮ | ૧૦૨.૭૧ |
| તારાપુર | ૧૧.૬૬ | ૩૪.૦૦ |
| **કુલ :** | **૧૧૮.૬૧** | **૫૦૦.૮૮** |

(૨) ફાળવેલ રકમમાંથી ૪.૬૯ લાખ માનવદિન રોજગારી આપવામાં આવેલ છે તેની માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તા.૧-૧-૨૦૦૮ થી તા.૩૧-૧૨-૨૦૦૮ માનવદિન (લાખમાં) | તા.૧-૧-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૦૯ માનવદિન (લાખમાં) |
|---|---|---|
| આણંદ | ૦.૦૩ | ૦.૪૯ |
| ઉમરેઠ | ૦.૦૪ | ૦.૩૭ |
| બોરસદ | ૦.૨૨ | ૦.૫૫ |
| આંકલાવ | ૦.૦૨ | ૦.૧૯ |
| પેટલાદ | ૦.૦૩ | ૦.૧૯ |
| સોજીત્રા | ૦.૦૪ | ૦.૪૭ |
| ખંભાત | ૦.૩૬ | ૧.૨૨ |
| તારાપુર | ૦.૧૬ | ૦.૩૧ |
| **કુલ :** | **૦.૯૦** | **૩.૭૯** |

(૩) તાલુકાવાર અને વર્ષવાર થયેલ ખર્ચની માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તા.૧-૧-૨૦૦૮ થી તા.૩૧-૧૨-૨૦૦૮ (રકમ રૂા. લાખમાં) | તા.૧-૧-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૦૯ (રકમ રૂા. લાખમાં) |
|---|---|---|
| આણંદ | ૪.૪૦ | ૬૮.૯૧ |
| ઉમરેઠ | ૩.૮૫ | ૫૪.૯૫ |
| બોરસદ | ૫.૨૩ | ૭૫.૯૩ |
| આંકલાવ | ૧.૨૦ | ૩૨.૫૭ |
| પેટલાદ | ૧.૯૨ | ૩૨.૧૫ |
| સોજીત્રા | ૨.૫૧ | ૬૪.૭૪ |
| ખંભાત | ૧૫.૫૦ | ૧૦૧.૮૨ |
| તારાપુર | ૬.૬૪ | ૨૯.૦૧ |
| **કુલ :** | **૪૧.૨૫** | **૪૬૦.૦૮** |

## રાજકોટ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો ખોલવા બાબત

૧૫૧૫૪**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કુલ કેટલા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો છે,

(૨) સરકારની યોજના પ્રમાણે કેટલા નવા ભંડારો ખોલવાના બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં ખોલવામાં આવશે?

**જવાબ**

(૧) ૯૧૨.

(૨) ૬ (છ).

(૩) નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી.

------------

**અમદાવાદ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૧૫૨૪૫**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ, અને | (૧) ૨ (બે). |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને અનુદાન આપવામાં આવ્યું? | (૨) ૨ (બે). |

------------

**અમદાવાદના અસલાલીમાંથી ખાંડનો ગેરકાયદેસર જથ્થો પકડવા બાબત**

૧૩૯૬૪**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં અમદાવાદના અસલાલીમાંથી ખાંડનો કેટલી કિંમતનો કેટલો જથ્થો ગેરકાયદેસર કોના દ્વારા રાખેલ પકડવામાં આવ્યો, | (૧) તા. ૨૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં અમદાવાદના અસલાલીમાંથી હિન્દુસ્તાન કોકા કોલા બેવરેજીસ પ્રા.લી. કંપની ગામ ગોબલજ તા.જી. ખેડાનો રૂા. ૬૬,૦૦,૦૦૦/-ની કિંમતનો ૨૨૦૦ ક્વિન્ટલ ખાંડનો જથ્થો નારોલ-અસલાલી રોડ અમદાવાદ ખાતેના વી.ટ્રાન્સ. કંપનીએ જ્યોતિ વેર હાઉસીંગના ભાડે રાખેલ ગોડાઉન નં. ૯ માંથી કબજે લેવામાં આવેલ હતો. |
| (૨) પકડાયેલ જથ્થા સાથે કોણ-કોણ સંકળાયેલ હોવાનું જણાયું, અને | (૨) પકડાયેલ જથ્થો હિન્દુસ્તાન કોકા કોલા બેવરેજીસ પ્રા.લી. કંપની ગામ ગોબલજ જી. ખેડાનો હોવાનું જણાવેલ છે. |
| (૩) સરકારે આ બાબતે શાં પગલાં લીધા? | (૩) આવશ્યક ચીજવસ્તુ ધારા-૧૯૫૫ ની કલમ ૬ એ હેઠળ પગલાં લેવા માટે કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. |

------------

**ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસ મંજૂર કરવા બાબત**

૧૫૧૫૨**શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલા ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ભાવનગર જિલ્લામાં ઇન્દિરા આવાસ યોજના અંતર્ગત ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં ૧૫૨૮ ઇન્દિરા આવાસ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા આવાસો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ ૧૩૦ આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૩) બાકી આવાસોનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૩) મકાનો લાભાર્થી પોતે બાંધતા હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરાવવામાં આવશે. |

**અમરેલી જિલ્લામાં નિર્મળ ગામ બનાવવા બાબત**

૧૪૦૬૧**શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં ગ્રામ વિકાસ ધ્વારા ક્યા તાલુકામાં કેટલા ગામો નિર્મળ ગામ તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં છેલ્લા બે વર્ષમાં થયેલ છે, | (૧) અમરેલી જિલ્લામાં ગ્રામ વિકાસ ધ્વારા તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં છેલ્લા બે વર્ષમાં નિર્મળ ગામ થયેલ છે તેની વિગત નીચે મુજબ છે. |

| તાલુકાનું નામ | નિર્મળ ગામ થયેલ ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|
| અમરેલી | ૪ |
| બાબરા | ૨ |
| બગસરા | ૬ |
| ધારી | ૪ |
| ખાંભા | ૧ |
| કુકાવાવ | ૩ |
| લાઠી | ૭ |
| લીલીયા | ૫ |
| રાજુલા | ૩ |
| સાવરકુંડલા | ૨ |
| કુલ : | ૩૭ |

(૨) નિર્મળ ગામોમાં સરકાર ધ્વારા કેવા પ્રકારની સવલતો કેટલા ગામોને પૂરી પાડવામાં આવેલ છે, અને

(૨) ભારત સરકાર ધ્વારા પ્રશસ્તિપત્ર, મોમેન્ટો અને રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

(૩) બાકી રહેતા ગામોને ક્યારે સવલતો પૂરી પાડવામાં આવશે?

(૩) નિર્મળ ગામ માટે નિયત કરેલ ધોરણો પૂર્ણ કર્યા બાદ ભારત સરકાર ધ્વારા પસંદગી થયેથી સવલતો પૂરી પાડવામાં આવશે.

------------

**સાબરકાંઠા જિલ્લામાં પંચાયત ઘરો મંજૂર કરવા બાબત**

૧૫૧૪૮**શ્રી દિલિપસિંહજી પરમાર(મોડાસા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાનમાં તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલા પંચાયત ઘ ારો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૭૦ (સિત્તેર). |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા પંચાયત ઘરો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) ૦ (શૂન્ય). |
| (૩) કેટલા પંચાયત ઘરો બનાવવાના બાકી છે? | (૩) ૭૦ પંચાયત ઘરોના કામો પ્રગતિમાં છે. |

------------

**જામનગર જિલ્લામાં સમરસ મહિલા ગ્રામ પંચાયતો**

૧૫૨૩૫ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સન ૨૦૦૮-૨૦૦૯ અને સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતો મહિલા સમરસ તરીકે જાહેર કરવામાં આવી, અને | (૧) કોઇ ગ્રામ પંચાયત સમરસ થઇ નથી. |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને અનુદાન આપવામાં આવ્યું? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## જામનગર જિલ્લાના મરીન ફોરેસ્ટ એરિયામાં જેટી બાંધવાની મંજૂરી

૧૪૦૬૪ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર જિલ્લાના ફોરેસ્ટ એરીયામાં કઈ કઈ કંપનીઓને જેટી બાંધવા માટેની મંજૂરી ક્યારે આપવામાં આવી છે, અને | (૧) છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર જિલ્લાના ફોરેસ્ટ એરીયામાં કોઈપણ કંપનીઓને જેટી બાંધવા માટેની મંજુરી આપવામાં આવી નથી. |
| (૨) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આ જેટી બાંધકામની કાર્યવાહી ક્યા તબક્કે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## વલસાડ જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વૃક્ષોનું વાવેતર કરવા બાબત

૧૫૧૫૬ **શ્રી રમણલાલ ના.પાટકર(ઉમરગામ): માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યુ, અને | (૧) વલસાડ જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ-૨૦૦૯-૧૦ દરમ્યાન તારીખ ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ ૫૧૧૨ હેક્ટર વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) ઉક્ત વાવેતર પાછળ રૂ. ૬૨૮.૧૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

------------

## નર્મદા જિલ્લામાં દૂધ સંજીવની યોજના

૧૫૧૮૫**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા(છોટાઉદેપુર) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આદિજાતિ વિસ્તારોમાં દૂધ સંજીવની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલા તાલુકામાં કેટલા બાળકોને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) એક તાલુકામાં ૨૭૮૦૩ બાળકોને લાભ આપવામાં આવેલ છે. |
| (૩) દરેક બાળકદીઠ કેટલું દૂધ આપવામાં આવે છે? | (૩) ૨૦૦ મીલી. ફ્લેવર્ડ દૂધ. |

------------

## જામનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસો મંજૂર કરવા બાબત

૧૫૧૫૦**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલા ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) જામનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં ૪૫૧૫ ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા ઈન્દિરા આવાસ પૂર્ણ કરવામાં આવેલ છે? | (૨) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૧૧૩૯ ઈન્દિરા આવાસ પૂર્ણ કરવામાં આવેલ છે. |

------------

### જામનગર જિલ્લામાં ગ્રાહક સુરક્ષા મંડળો

૧૪૦૫૪**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગ્રાહકોની સુરક્ષા જળવાઈ રહે તે માટે જામનગર જિલ્લામાં કેટલા ગ્રાહક સુરક્ષા મંડળો તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કાર્યરત છે, અને

(૨) ગ્રાહકોના હિત-સુરક્ષા જળવાઈ રહે તે માટે જિલ્લાના તાલુકાઓમાં ઉક્ત સ્થિતિએ આવી કોઈ સમિતિ કામ કરે છે કે કેમ?

**જવાબ**

(૧) માન્ય મંડળ કાર્યરત નથી.

(૨) હા, જી. તા. ૧૭-૬-૨૦૦૦ ના ઠરાવથી તાલુકા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની રચના કરવામાં આવેલ છે.

------------

### મહેસાણા જિલ્લામાં પંચવટી યોજના

૧૫૧૫૧**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧-૧૦ સુધીમાં કેટલી પંચવટી મંજૂર કરવામાં આવી,

(૨) તે પૈકી તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેટલી પંચવટી બનાવવામાં આવી, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૪૨ (બેતાલીસ)

(૨) ૭ (સાત) પૂર્ણ
૩૫ (પાંત્રીસ) પ્રગતિમાં

(૩) કુલ ૩૪,૪૨,૦૦૦/-

### પંચમહાલ જિલ્લામાં સરદાર આવાસ યોજના

૧૫૨૫૨**શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર આવાસ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં તા.૩૧-૧-૧૦ સુધીમાં કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા.૩૧-૧-૧૦ સુધીમાં કેટલા આવાસોનું કામ પૂર્ણ કરવામાં આવ્યુ, અને

(૩) બાકી આવાસો ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) સરદાર આવાસ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં તા.૩૧-૧-૧૦ સુધીમાં ૩૧૭૦ આવાસો મંજૂર કરવામાં આવ્યા.

(૨) ૪૨૦ આવાસોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

(૩) બાકી આવાસોનું કામ બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

### આણંદ જિલ્લામાં સ્મશાન સગડી આપવા બાબત

૧૫૨૨૬ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ગામો દ્વારા વન વિભાગ પાસે સ્મશાન સગડી મેળવવા માંગણી કરવામાં આવી,

(૨) માંગણી સામે વન વિભાગ દ્વારા કેટલા ગામોને સ્મશાન સગડી આપવામાં આવી, અને

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે દર્શાવેલ સંખ્યામાં ગામો દ્વારા સામાજિક વનીકરણ વિભાગ, આણંદ પાસે સ્મશાન સગડી મેળવવા માંગણી કરવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | સ્મશાન સગડી મેળવવા માંગણી કરેલ ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૧ |
| ૨ | ઉમરેઠ | ૦૬ |
| ૩ | બોરસદ | ૦૮ |
| ૪ | આંકલાવ | ૦૩ |
| ૫ | પેટલાદ | ૦૯ |
| ૬ | સોજીત્રા | ૧૧ |
| ૭ | તારાપુર | ૦૧ |
| ૮ | ખંભાત | ૧૫ |
| | કુલ : | ૬૪ |

(૨) માંગણી સામે વન વિભાગ દ્વારા નીચેની વિગતે તાલુકાવાર ગામોને સ્મશાન સગડી આપવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | સ્મશાન સગડી આપેલ ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૦૩ |
| ૨ | ઉમરેઠ | ૦૧ |
| ૩ | બોરસદ | ૦૫ |
| ૪ | આંકલાવ | ૦૩ |
| ૫ | પેટલાદ | ૦૨ |
| ૬ | સોજીત્રા | ૦૧ |
| ૭ | તારાપુર | ૦૧ |
| ૮ | ખંભાત | ૦૩ |
| | કુલ : | ૧૯ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોની તાલુકાવાર માંગણીઓ પડતર છે?

(૩) ઉક્ત સ્થિતિએ નીચે દર્શાવેલ ગામોની તાલુકાવાર માંગણીઓ પડતર છે.

| ક્રમ | તાલુકાનું નામ | પડતર માંગણી (ગામોની સંખ્યા) |
|---|---|---|
| ૧ | આણંદ | ૦૮ |
| ૨ | ઉમરેઠ | ૦૫ |
| ૩ | બોરસદ | ૦૩ |
| ૪ | આંકલાવ | ૦૦ |
| ૫ | પેટલાદ | ૦૭ |
| ૬ | સોજીત્રા | ૧૦ |
| ૭ | તારાપુર | ૦૦ |
| ૮ | ખંભાત | ૧૨ |
| | કુલ : | ૪૫ |

------------

**સમી-હારીજ તાલુકામાં રોપા ઉગાડવા બાબત**

૧૪૦૩૪**શ્રી ભાવસિંહભાઈ રાઠોડ(સમી) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૦૯માં સમી અને હારીજ તાલુકામાં કેટલા રોપા ઉગાડવાનું આયોજન કરેલ, અને

(૨) ઉપરોક્ત તાલુકામાં કેટલા રોપા ઉગાડ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૦૯માં સમી અને હારીજ તાલુકામાં ૧૧.૭૫ લાખ રોપા ઉગાડવાનું આયોજન કરવામાં આવેલ.

(૨) ઉપરોક્ત તાલુકામાં ૧૦.૯૬ લાખ રોપા ઉગાડવામાં આવ્યા અને તેની પાછળ રૂ. ૧૦૫.૪૨ લાખ ખર્ચ થયો.

------------

**બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ કરવા બાબત**

૧૫૧૬૯**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ(પાલનપુર) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સામાજિક વનીકરણ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં સામાજિક વનીકરણ યોજના હેઠળ નહીં પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ ૬.૪૭ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કુલ રૂ. ૧૪૩.૨૨ લાખનો ખર્ચ થયેલ છે.

------------

**ખેડા જિલ્લામાં બી.પી.એલ. કાર્ડની માગણીઓ**

૧૪૬૨૩ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ.ના કાર્ડની કેટલી માંગણીઓ આવી, અને

(૨) તે અન્વયે કેટલી મંજૂર કરી બી.પી.એલ. કાર્ડ આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨) :

| અ.નં. | તાલુકાનું નામ | આવેલ માંગણીઓ | મંજુર માંગણીઓ |
|---|---|---|---|
| ૧ | નડીયાદ (શહેર) | ૧૨ | ૧ |
| ૨ | નડીયાદ (ગ્રામ્ય) | ૪૫ | ૨ |
| ૩ | માતર | ૦૮ | ૦ |
| ૪ | ખેડા | ૨૮ | ૨ |
| ૫ | મહેમદાવાદ | ૩૪ | ૧૦ |
| ૬ | મહુધા | ૦૧ | ૧ |
| ૭ | કઠલાલ | ૦૭ | ૬ |
| ૮ | કપડવંજ | ૨૧૬ | ૨૦૯ |
| ૯ | ઠાસરા | ૨૨ | ૫ |
| ૧૦ | બાલાસિનોર | ૩૦ | ૫ |
| ૧૧ | વિરપુર | ૦૫ | ૩ |
| | કુલ : | ૪૦૮ | ૨૪૪ |

------------

**આણંદ જિલ્લામાં ગ્રામપંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-ક્નેક્ટીવીટી થી જોડવા બાબત**

૧૫૧૩૮**શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ-ઈ-ક્નેક્ટીવીટી થી જોડવામાં આવેલ છે,

(૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ-ઈ-ક્નેક્ટીવીટી થી જોડવાની બાકી છે, અને

(૩) તેને ક્યાં સુધીમાં બ્રોડ બેન્ડ-ઈ-ક્નેક્ટીવીટી થી જોડવામાં આવશે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તમામ ૩૫૨ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઇ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે.

(૨) અને (૩) : તમામ ૩૫૨ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઇ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પૂર્વ એસ.એસ.સી. થી કોલેજ સુધી શિષ્યવૃત્તિ સહાય**

૧૫૧૮૩**શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અનુસૂચિત જનજાતિનાં પૂર્વ એસ.એસ.સી. થી કોલેજ કક્ષાના અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પેટે નાણાંકીય સહાય આપવામાં આવે છે, કે કેમ,

(૨) જો હા, તો છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે, અને

(૩) આ પેટે કેટલી રકમની નાણાંકીય સહાય ચૂકવવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧,૦૨,૦૯૦.

(૩) રૂ. ૩૩૫.૪૪ લાખ.

**પંચાયત વિભાગના વર્ગ-૨ અને વર્ગ-૩ના કર્મચારીઓની ખાતાકીય પરીક્ષા અંગે**

૧૪૭૪૫ **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચાયત વિભાગમાં વર્ગ-૨ અને વર્ગ-૩ના કર્મચારીઓની ખાતાકીય પરીક્ષાઓ નોકરીમાં જોડાયાના કેટલા સમયમાં લેવાની જોગવાઈ છે,

(૨) સદર પરીક્ષાઓ વિલંબથી લેવામાં આવે છે તે હકીક્ત સાચી છે, અને

(૩) જો હા, તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) પંચાયત વિભાગમાં પંચાયત સંવર્ગના કર્મચારીઓની ખાતાકીય પરીક્ષાઓ લેવા અંગેના અલગ અલગ નિયમો છે. સદરહું પરીક્ષા નિયમો હેઠળ નિયત સમય મર્યાદામાં ખાતાકીય પરીક્ષાઓ લેવાની જોગવાઇ છે.

(૨) અને (૩) : કેટલાક કિસ્સામાં વહીવટી કારણોસર વિલંબથી પરીક્ષા લેવામાં આવેલ છે.

**પાટણ જિલ્લામાં સખીમંડળ બનાવવા બાબત**

૧૫૨૫૬ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા મહિલા જૂથોની રચના થઈ,

(૨) તે પેકી કેટલી મહિલા જૂથોએ આંતરિક ધિરાણ શરૂ કરેલ છે, અને

(૩) કેટલા જૂથ આર્થિક પ્રવૃત્તિ કરે છે ?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૭૯૭ મહિલા જૂથોની રચના થયેલ છે.

(૨) ૩૨૦ મહિલા જૂથોએ આંતરિક ધિરાણ શરૂ કરેલ છે.

(૩) ૩૨૦ મહિલા જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે.

**સાબરકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના**

૧૫૧૮૪**શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આદિજાતિ વિસ્તારોમાં દૂધ સંજીવની યોજના અમલમાં છે, તે સાચું છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તાલુકાઓમાં કેટલા બાળકોને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) સાબરકાંઠા જિલ્લામાં આ યોજના અમલમાં નથી. |
| (૩) દરેક બાળકદીઠ કેટલું દૂધ આપવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં નીલગાયો દ્વારા ખેડૂતોના પાકને નુકસાન થવા બાબત**

૧૪૪૨૫ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૮-૦૯ દરમ્યાન ભાવનગર જિલ્લાના પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં નીલ ગાયો દ્વારા ખેડૂતોના ઊભા પાકને મોટું નુકસાન થાય છે. તે બાબત સરકારના ધ્યાને છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઊભા પાકને થતુ નુકસાન અટકાવવા અંગે સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે ? | (૨) નીલગાયો દ્વારા થતું નુકસાન અટકાવવા માટે સરકારશ્રી તરફથી ખેડૂતોને તેમના ખેતરોની ફરતે વાડ બનાવવા માટે થનાર ખર્ચના ૫૦ ટકા રકમ સહાય તરીકે આપવામાં આવે છે. આ ઉપરાંત પાલીતાણા તાલુકાના ૨૮ ગામોના સરપંચશ્રીઓને જે તે ગામ માટે માનદ વાઈલ્ડ લાઈફ વોર્ડન તરીકે નિયુક્ત કરી નીલગાયોના નિકાલ કરવાની પરવાનગી આપવાની જોગવાઈ પણ કરેલ છે. |

**પાદરા તાલુકામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ નીચે શોચાલયો બનાવવા બાબત**

૧૫૨૨૫**શ્રી દિનેશભાઈ બી.પટેલ(પાદરા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાદરા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલા શોચાલયો બાંધવામાં આવ્યા, અને | (૧) પાદરા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ ૯૬૨૦ શોચાલયો બાંધવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) સદરહુ સમય દરમ્યાન રૂ.૧૦૯.૪૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

**વનબંધુ કલ્યાણ યોજનામાં કેન્દ્ર સરકારની મળેલ ગ્રાન્ટ**

૧૫૦૧૬**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગરીબ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને કેટલી ગ્રાન્ટ મળેલ છે, અને | (૧) ગરીબ વનબંધુ કલ્યાણ યોજના અમલમાં નથી. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીએ તા.૨૭-૨-૨૦૦૭ ના રોજ વિધાનસભા ગૃહમાં રાજ્યના આદિવાસી લોકો અને આદિજાતિ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સર્વપોષક, સર્વસમાવેશક એવી રૂ.૧૫,૦૦૦ કરોડના પેકેજ સાથેની વનબંધુ કલ્યાણ યોજના જાહેર કરેલ તે યોજના અમલમાં છે. છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કુલ રૂ.૨૧૭.૦૪ કરોડની ગ્રાન્ટ મળી છે. |

(૨) સરકારે ગરીબ વનબંધુ કલ્યાણ યોજના હેઠળના બજેટમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી જોગવાઈ કરેલ છે ?

(૨) રાજ્ય સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં રૂ.૮૮૩૫.૧૪ કરોડની બજેટ જોગવાઈ કરેલ છે.

**રાજ્યમાં બંધાયેલ બોરીબંધ**

૧૩૦૬૮**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કુલ કેટલા બોરીબંધ બાંધવામાં આવ્યા,

(૨) તેનો કુલ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ ખર્ચ કઈ ગ્રાન્ટમાંથી કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કુલ ૨,૬૮,૨૭૯ બોરીબંધ બાંધવામાં આવેલ છે.

(૨) કુલ રૂ.૧૦૩૨૫.૬૩ લાખ ખર્ચ થયેલ છે.

(૩) આ ખર્ચ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અને વોટરશેડની ગ્રાન્ટમાંથી કરવામાં આવેલ છે.

------------

**મહેસાણા જિલ્લામાં સખી મંડળોની રચના**

૧૫૨૩૮**શ્રી ભરતસિંહજી શં.ડાભી(ખેરાલુ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં સખી મંડળ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલા સખી મંડળોની રચના કરવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલા સખી મંડળોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવ્યું?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં મહેસાણા જિલ્લામાં સખી મંડળ યોજના અંતર્ગત ૨૫૧૮ સખી મંડળોની રચના કરવામાં આવેલ છે.

(૨) ૧૫૨૭ સખીમંડળોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે.

**નવસારી જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વૃક્ષોનું વાવેતર કરવા બાબત**

૧૫૧૫૭**શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કેટલા વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) નવસારી જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તારીખ ૩૧-૧૨-૦૯ સુધીમાં ૧૪૦૧ હેક્ટર વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વાવેતર પાછળ રૂા. ૨૨૮.૦૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર**

૧૪૩૯૩**શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના પંચાયત ઘર મંજૂર કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબના પંચાયત દ ારો મંજૂર કરવામાં આવ્યા.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૦૮-૦૯ | વર્ષ ૨૦૦૯-૧૦ |
|---|---|---|---|
| ૧ | વઢવાણ | ૦ | ૧ |
| ૨ | લખતર | ૦ | ૫ |
| ૩ | લીંબડી | ૦ | ૨ |
| ૪ | ચુડા | ૦ | ૦ |
| ૫ | ચોટીલા | ૦ | ૨ |
| ૬ | સાયલા | ૦ | ૧ |
| ૭ | મૂળી | ૦ | ૦ |
| ૮ | ધ્રાંગધ્રા | ૦ | ૨ |
| ૯ | હળવદ | ૦ | ૦ |
| ૧૦ | દસાડા | ૦ | ૩ |
| | **કુલ** | **૦** | **૧૬** |

(૨) તે પૈકી કેટલા ગામોના પંચાયત ઘર પૂર્ણ કરવામાં

(૨) તમામ પંચાયત ઘરોના કામો સત્વરે શરૂ

આવેલ છે, અને

(૩) બાકીના પંચાયત ઘરો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) આગામી નાણાંકીય વર્ષમાં પૂર્ણ કરાવવાનું આયોજન છે.

**કપડવંજ તાલુકામાં સહભાગી વનમંડળીઓ**

૧૫૦૦૬**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં કેટલી સહભાગી વનમંડળીઓ કાર્યરત છે,

(૨) આ વનમંડળીઓ દ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શું શું કામગીરી કરી છે, અને

(૩) કામગીરી પાછળ કેટલો ખર્ચ થયો છે?

**જવાબ**

(૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં ૩ સહભાગી વનમંડળીઓ કાર્યરત છે.

(૨) આ વનમંડળીઓ દ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વન સંરક્ષણ, ભુમિ અને ભેજ સંરક્ષણ, વનીકરણ તથા એન્ટ્રીપોઇન્ટ એકટીવીટીની કામગીરી કરેલ છે.

(૩) આ કામગીરી માટે કુલ રૂ. ૨૮.૬૮ લાખનો ખર્ચ થયો છે.

**બારડોલી તાલુકાના અનુસૂચિત જાતિના લોકોને કિસાન નર્સરીનો લાભ આપવા બાબત**

૧૫૨૦૬**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સામાજિક વનીકરણ યોજના હેઠળ બારડોલી તાલુકામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કિસાન નર્સરીનો લાભ આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, તેમજ આ સહાય કેટલા હપ્તામાં ચૂકવવામાં આવી, અને

(૩) આ સહાય સમયસર ચૂકવવામાં આવેલ છે કે કેમ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સામાજિક વનીકરણ વિભાગ હસ્તક ચાલતી ખાસ અંગભૂત યોજનામાં સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં ૧૪ લાભાર્થીઓને કિસાન નર્સરીનો લાભ આપવામાં આવેલ અને તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ તેઓને છેલ્લા હપ્તા સુધીનું પુરેપુરુ ચુકવણું થઇ ગયેલ છે. સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં નક્કી થયેલ ૫ લાભાર્થીને ૨૦૦૯-૧૦ ના નાણાંકીય વર્ષમાં ચુકવવાના થતા બે હપ્તાની ચુકવણી કરવામાં આવેલ છે.

(૩) ઉપર મુજબ.

**વડોદરા જિલ્લા પંચાયતમાં ખાલી જગ્યાઓ**

૧૪૬૬૬**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૧૦ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં જિલ્લા પંચાયત હસ્તકની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ બાકી રહેતી ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૧-૧-૧૦ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ૨૦ ટકા કાપ બાદના વર્ગ-૩ના મંજુર મહેકમ ૧૩૬૪૫ ની સામે ૧૨૫૦ જગ્યાઓ ખાલી છે.

(૨) સત્વરે.

**કચ્છ જિલ્લામાં ચેરનું વાવેતર કરવા બાબત**

૧૫૧૬૪ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા વિસ્તારમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કુલ - ૩૪૮૦ હેકટર વિસ્તારમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) આ વાવેતર પાછળ છેલ્લા બે વર્ષમાં

રૂ. ૩૪૮.૬૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ મંજૂર કરવા બાબત**

૧૫૨૩૪ **શ્રીમતી ભાવનાબેન મકવાણા(તળાજા) ::માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલાં આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા આવાસો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકી આવાસોનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ૧૨૭૫ આવાસ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ૧૩૦ આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) મકાનો લાભાર્થી પોતે બાંધતાં હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરવામાં આવશે.

------------

**કોડીનાર તાલુકાના હરમડીયા, અરીઠીયા અને નગડલા ગામમાં ગોચર, ખરાબા અને સરકારી પડતર જમીનમાં દબાણ**

૧૩૭૯૨**શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કોડીનાર તાલુકાના હરમડીયા, અરીઠીયા, નગડલા ગામોમાં ગોચર જમીન ગામવાર કેટલાં કેટલાં એકર છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉપરોક્ત ગામોમાં ગોચર જમીનમાં કેટલું કેટલું દબાણ થયેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ દબાણ હટાવવા શી કાર્યવાહી કરવામાં આવી અને કેટલું દબાણ દૂર કરેલ છે અને કેટલું દબાણ દૂર કરવાનું બાકી છે, અને

(૪) કસૂરવારો સામે શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) ગોચર જમીન ગામવાર નીચે મુજબ છે.

| | | એકર-ગુંઠા |
|---|---|---|
| ૧. | હરમડીયા | ૩૧૮-૦૭ |
| ૨. | અરીઠીયા | ૧૦૧-૦૭ |
| ૩. | નગડલા | ૧૦૬-૩૦ |

(૨) કોઈપણ દબાણ થયેલ નથી.

(૩) સને ૨૦૦૭માં હરમડીયા ગામે ગોચર જમીનમાં બે ઈસમોએ કરેલ દબાણ ગ્રામ પંચાયત ધ્વારા દૂર કરવામાં આવેલ છે અન્ય કોઈ દબાણ દૂર કરવાનું બાકી નથી.

(૪) દબાણ દૂર થઈ ગયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સહાય**

૧૫૪૮૩ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અનુસૂચિત જનજાતિના પૂર્વ એસ.એસ.સી. થી કોલેજ કક્ષાના અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પેટે નાણાકીય સહાય આપવામાં આવે છે, કે કેમ,

(૨) જો હા, તો સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વિદ્યાર્થીનીઓને અને કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તાલુકાવાર ચૂકવવામાં આવી, અને

(૩) આ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | ચૂકવેલ શિષ્યવૃત્તિ | | |
|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુલ |
| ૧ | ખેડબ્રહ્મા | ૩૯૭૦૪ | ૩૮૦૧૪ | ૭૭૭૧૮ |
| ૨ | ભિલોડા | ૩૪૩૨૮ | ૩૧૯૦૨ | ૬૬૨૩૦ |
| ૩ | વિજયનગર | ૨૦૦૬૯ | ૧૭૪૫૮ | ૩૭૫૨૭ |
| ૪ | મેઘરજ | ૧૬૫૮૮ | ૧૪૬૭૧ | ૩૧૨૫૯ |
| ૫ | હિંમતનગર | ૩૬૫૦ | ૩૧૮૬ | ૬૮૩૬ |
| ૬ | તલોદ | ૭૩૭ | ૫૫૬ | ૧૨૯૩ |
| ૭ | પ્રાંતિજ | ૭૬૮ | ૪૯૭ | ૧૨૬૫ |
| ૮ | બાયડ | ૧૦૬૪ | ૮૩૩ | ૧૮૯૭ |
| ૯ | મોડાસા | ૩૩૬૩ | ૨૮૬૦ | ૬૨૨૩ |
| ૧૦ | ઈડર | ૪૩૩૨ | ૩૪૭૮ | ૭૮૧૦ |
| ૧૧ | વડાલી | ૧૪૨૯ | ૧૦૪૨ | ૨૪૭૧ |
| ૧૨ | માલપુર | ૬૭૧ | ૪૭૩ | ૧૧૪૪ |
| ૧૩ | ધનસુરા | ૯૫૨ | ૬૬૧ | ૧૬૧૩ |
| | કુલ : | ૧૨૭૬૫૫ | ૧૧૫૬૩૧ | ૨૪૩૨૮૬ |

(૩) રૂ. ૯,૮૮,૪૯,૬૨૪/-

------------

## મહેસાણા જિલ્લામાં સખી મંડળોની રચના

૧૫૧૪૭ **શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ વર્ષ-૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં મહેસાણા જિલ્લામાં સખી મંડળ યોજના અંતર્ગત કેટલા સખી મંડળોની રચના કરવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલી સખી મંડળોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવ્યું?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં મહેસાણા જિલ્લામાં સખી મંડળ યોજના અંતર્ગત ૨૫૧૮ સખી મંડળોની રચના કરવામાં આવેલ છે.

(૨) ૧૫૨૭ સખીમંડળોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે.

## બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. કુટુંબોની સંખ્યા

૧૪૦૪૭**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાદીઠ ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ સ્કોર મુજબ બી.પી.એલ.ના કુટુંબોની સંખ્યા કેટલી છે?

**જવાબ**

બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાદીઠ ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ સ્કોર ધરાવતાં કુટુંબોની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ૦ થી ૧૬ સ્કોર ધરાવતાં કુટુંબોની સંખ્યા | ૧૭ થી ૨૦ સ્કોર ધરાવતાં કુટુંબોની સંખ્યા |
|---|---|---|
| અમીરગઢ | ૬૦૩૯ | ૬૪૯૭ |
| ભાભર | ૧૦૨૫૩ | ૫૪૧૪ |
| દાંતા | ૧૧૬૧૨ | ૧૧૪૦૮ |
| દાંતીવાડા | ૬૦૮૬ | ૪૮૭૦ |
| ડીસા | ૧૪૭૬૧ | ૧૫૭૦૧ |
| દિયોદર | ૮૨૦૧ | ૫૩૪૫ |
| ધાનેરા | ૫૫૨૨ | ૬૮૪૨ |
| કાંકરેજ | ૧૭૭૩૬ | ૧૦૩૧૦ |
| પાલનપુર | ૧૨૭૭૫ | ૯૦૪૧ |
| થરાદ | ૯૬૦૨ | ૯૮૨૧ |
| વડગામ | ૧૦૭૬૮ | ૮૮૮૯ |
| વાવ | ૧૦૬૯૭ | ૯૬૭૩ |
| **કુલ..** | **૧૨૪૦૫૨** | **૧૦૩૮૧૧** |

## ડાંગ જિલ્લામાં માલિકીની જમીનમાં આવેલ વૃક્ષો કાપવાની પરવાનગી

૧૫૧૭૧**શ્રી વિજયભાઈ ર.પટેલ(ડાંગ-વાંસદા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં માલિકીની જમીનમાં આવેલ વૃક્ષો કાપવાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં આ યોજના અન્વયે કેટલા વૃક્ષો કાપવાની મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) આ યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં ખેડૂતોને કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧૧,૪૧૦ વૃક્ષો.

(૩) રૂપિયા ૨૬,૦૩,૧૮,૪૫૮/-.

## રાજકોટ જિલ્લામાં મહિલા જૂથોની રચના

૧૪૦૦૧**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા મહિલા જૂથોની રચના થઈ,

(૨) તે પૈકી કેટલા મહિલા જૂથોએ આંતરિક ધિરાણ કરેલ છે, અને

(૩) કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે?

**જવાબ**

(૧) મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ૫૬૭૫ મહિલા જૂથોની રચના થયેલ છે.

(૨) સદરહુ સમય દરમ્યાન ૩૮૨૩ મહિલા જૂથોએ આંતરિક ધિરાણ કરેલ છે.

(૩) ૪૯૧ મહિલા જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે.

### વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ આપવા બાબત

૧૩૭૮૬ **શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય રોજગાર બાંહેધરી યોજના અન્વયે કેટલાંને જોબ કાર્ડ આપવામાં આવ્યા,

(૨) જોબકાર્ડ આપ્યા છતાં રોજગારી આપવામાં આવી ન હોય તેમની સંખ્યા કેટલી છે?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારની મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર બાંહેધરી યોજના અન્વયે ૨૪૬૪૨૬ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે.

(૨) રોજગારી માંગ આધારિત આપવામાં આવતી હોય જેટલા જોબકાર્ડ ધારકોએ રોજગારીની માંગણી કરી હતી તે તમામને રોજગારી આપવામાં આવી હતી.

### જેતપુર-પાવી તાલુકાના કડાછલા ગામે ઉચ્છ નદી ઉપર નવો કોઝવે

૧૩૩૯૯**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના જેતપુર-પાવી તાલુકાના કડાછલા ગામે ઉચ્છ નદી ઉપરનો કોઝવે તૂટી ગયેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો કોઝવે કેટલા સમયથી તૂટી ગયેલ છે,

(૩) આ કોઝવે નવીન બનાવવા માટે કુલ કેટલી રકમનો ખર્ચ થશે, તેનો એસ્ટીમેન્ટ બન્યો છે કે કેમ, અને

(૪) કામ કેટલા સમયમાં શરૂ થશે?

**જવાબ**

(૧) હા, કડાછલા ગામે આંતરિક રસ્તા પર ઉચ્છ નદી પેવ ડીપનો વેરીંગકોટ તેમજ સાઇડની દિવાલોને નુક્સાન થયેલ છે.

(૨) આશરે ત્રણ વર્ષ પહેલા ચોમાસામાં વરસાદના કારણે નુક્સાન થયેલ છે.

(૩) રીપેરીંગ કરવા માટે આશરે રૂ. ૫.૦૦ લાખનો ખર્ચ થાય તેમજ પેવડીપની જ્ગ્યાએ નવીન કોઝવે બનાવવા રૂ. ૫૦.૦૦ લાખ જેટલો ખર્ચ થાય તેમ છે.

(૪) ગ્રાન્ટનું આયોજન થયેથી.

### તાપી જિલ્લામાં ટેરેસ તલાવડી યોજના

૧૫૧૬૦**શ્રી કિશોરભાઈ વાંકાવાળા(સુરત શહેર પશ્ચિમ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં વન વિભાગ ધ્વારા ટેરેસ તલાવડીની યોજના અમલમાં મૂક્વામાં આવેલ છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં કેટલી ટેરેસ તલાવડીઓ બનાવવામાં આવી, અને

(૩) તેના ફાયદા શું છે?

**જવાબ**

(૧) વન વિભાગ દ્વારા વિવિધ યોજના હેઠળ ભૂમિ અને ભેજ સંરક્ષણના ભાગ રૂપે ટેરેસ તલાવડી બનાવવામાં આવે છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કુલ ૭,૯૨૫ ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે.

(૩) ટેરેસ તલાવડીથી વરસાદી પાણીનો સંગ્રહ થાય છે જે જમીનમાં ઉતરે છે, જેથી જમીનમાં ભેજનું પ્રમાણ વધે છે તેમજ આજુબાજુની વનસ્પતિઓની વૃદ્ધિ થાય છે.

------------

### વડોદરા જિલ્લામાં સ્થાનિક ભંડોળની ગ્રાન્ટ વ્યક્તિગત પ્રસિધ્ધિમાં વાપરવા બાબત

૧૫૦૧૩ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં જિલ્લા પંચાયતના સભ્યો અને તાલુકા પંચાયતના સભ્યો જિલ્લા પંચાયત સ્થાનિક ભંડોળમાંથી વિકાસના કામો માટે જે ગ્રાન્ટ આપવામાં આવે છે તે વ્યક્તિગત પ્રસિધ્ધી અને વ્યક્તિના સ્વાર્થમાં વપરાય છે તેવા પ્રકારની કોના કોના તરફથી કેટલી ફરિયાદો સરકારને મળી, અને

**જવાબ**

(૧) એક, માન.ધારાસભ્યશ્રી ખુમાનસિંહ ચોહાણ (સાવલી) તરફથી મળેલ છે.

(૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધા?

(૨) રજૂઆત તળેનું કામ, તાલુકા પંચાયત સાવલીની તા.૩૧-૧૨-૦૯ના રોજ મળેલ કારોબારી સમિતિની બેઠકમાં ઠરાવ નં.૧૬૩થી રદ્દ કરેલ છે.

------------

**રાજકોટ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો**

૧૫૨૪૨ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કુલ કેટલા કેસો પડતર હતા,

(૨) તા. ૧-૪-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા નવા કેસો ઉમેરાયા, અને

(૩) તે પૈકી કેટલા કેસોનો નિકાલ થયો?

**જવાબ**

| | રાજકોટ મુખ્ય ફોરમ | રાજકોટ એડીશનલ ફોરમ | કુલ |
|---|---|---|---|
| (૧) | ૪૬૯ | ૩૯૯ | ૮૬૮ |
| (૨) | ૧૪૨ | ૧૬૭ | ૩૦૯ |
| (૩) | ૨૬ | ૩૧ | ૫૭ |

------------

**ભાવનગર જિલ્લામાં સખી મંડળોની થયેલ રચના**

૧૪૧૯૫ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કુલ કેટલા સખીમંડળો રચાયેલ છે,

(૨) તે પૈકી આંગણવાડી કાર્યકરને સખીમંડળની રચના માટે શું લાભ આપવામાં આવે છે, અને

(૩) કેટલા સખીમંડળોનું બેંક સાથે જોડાણ થયેલ છે?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા કુલ ૬૪૫૬ સખી મંડળો રચાયેલ છે.

(૨) આંગણવાડી કાર્યકરને એક સખીમંડળની કામગીરી માટે ત્રણ તબક્કામાં કુલ રૂ. ૧૫૦૦/- જેમાં રચનાના તબક્કામાં રૂ. ૩૦૦/- પ્રોત્સાહન રકમ ચૂકવવામાં આવે છે.

(૩) ૩૬૫૧ સખીમંડળોનું બેંક સાથે જોડાણ થયેલ છે.

------------

**રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જ્ગ્યાઓ**

૧૪૬૨૨**શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર તાલુકા વિકાસ અધિકારીની કેટલી જ્ગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જ્ગ્યા કેટલા સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) ૬૪ (ચોસઠ)

જિલ્લાવાર ખાલી જ્ગ્યાઓની યાદી આ સાથેના **પત્રક ""અ""** મુજબ છે.

(૨) વહીવટી અનુકુળતાએ.

**પત્રક ""અ""**

| ક્ર. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ક્યારથી ખાલી છે |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ધંધુકા | તા. ૨૫-૪-૦૮ |
| ૨ | | સીટી | તા. ૩૦-૯-૦૮ |
| ૩ | | બરવાળા | તા. ૮-૮-૦૯ |
| ૪ | અમરેલી | લીલીયા | તા. ૨૧-૯-૦૭ |
| ૫ | | રાજુલા | તા. ૭-૭-૦૮ |
| ૬ | | બાબરા | તા. ૨-૬-૦૮ |
| ૭ | | બગસરા | તા. ૧-૯-૦૮ |
| ૮ | | કુકાવાવ | તા. ૧-૭-૦૯ |
| ૯ | | સાવરકુંડલા | તા. ૨૮-૧-૧૦ |
| ૧૦ | આણંદ | પેટલાદ | તા. ૧-૧-૦૯ |
| ૧૧ | | ઉમરેઠ | તા. ૧૧-૨-૦૯ |
| ૧૨ | | ખંભાત | તા. ૧-૧૧-૦૯ |
| ૧૩ | | તારાપુર | તા. ૨૦-૧-૧૦ના હુકમથી |
| ૧૪ | બનાસકાંઠા | ભાભર | તા. ૧૦-૮-૦૯ |

| ક્ર. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ક્યારથી ખાલી છે |
|---|---|---|---|
| ૧૫ | | વાવ | તા. ૨૦-૧-૧૦ના હુકમથી |
| ૧૬ | | દિયોદર | તા. ૨૪-૪-૦૮ |
| ૧૭ | ભરૂચ | જંબુસર | તા. ૨૦-૧-૧૦ના હુકમથી |
| ૧૮ | ભાવનગર | ઘોઘા | તા. ૩૦-૯-૦૮ |
| ૧૯ | | શિહોર | તા. ૧૧-૨-૦૯ |
| ૨૦ | | ગારીયાધાર | તા. ૨૬-૧-૧૦ |
| ૨૧ | | ઉમરાળા | તા. ૨૮-૧-૧૦ |
| ૨૨ | દાહોદ | દાહોદ | તા. ૧૩-૨-૦૯ |
| ૨૩ | | ધાનપુર | તા. ૧૨-૨-૦૯ |
| ૨૪ | | ગરબાડા | તા. ૧૨-૨-૦૯ |
| ૨૫ | ગાંધીનગર | દહેગામ | તા. ૨૦-૧-૧૦ના હુકમથી |
| ૨૬ | જામનગર | જામ-ખંભાળીયા | તા. ૪-૧૦-૦૮ |
| ૨૭ | | જામનગર | તા. ૧૩-૨-૦૯ |
| ૨૮ | | દ્વારકા | તા. ૧-૨-૦૮ |
| ૨૯ | | ધ્રોળ | તા. ૧-૨-૧૦ |
| ૩૦ | જુનાગઢ | વેરાવળ | તા. ૧-૮-૦૮ |
| ૩૧ | | ભેંસાણ | તા. ૯-૫-૦૮ |
| ૩૨ | | માણાવદર | તા. ૧-૨-૦૯ |
| ૩૩ | | તલાલા | તા. ૨-૨-૧૦ |
| ૩૪ | | માળીયા હાટીના | તા. ૨૦-૧-૧૦ના હુકમથી |
| ૩૫ | કચ્છ | નખત્રાણા | તા. ૧૧-૨-૦૯ |
| ૩૬ | | ગાંધીધામ | તા. ૧-૧-૦૭ |
| ૩૭ | | અંજાર | તા. ૨૬-૭-૦૯ |
| ૩૮ | | લખપત | તા. ૧-૯-૦૯ |
| ૩૯ | | મુન્દ્રા | તા. ૨૫-૧-૧૦ |
| ૪૦ | ખેડા | બાલાશિનોર | તા. ૧૦-૨-૦૯ |
| ૪૧ | | કઠલાલ | તા. ૮-૮-૦૯ |
| ૪૨ | મહેસાણા | વડનગર | તા. ૧૦-૨-૦૯ |
| ૪૩ | | બેચરાજી | તા. ૧-૭-૦૯ |
| ૪૪ | પંચમહાલ | ઘોઘંબા | તા. ૧૨-૨-૦૯ |
| ૪૫ | | ખાનપુર | તા. ૫-૨-૧૦ |
| ૪૬ | પાટણ | હારીજ | તા. ૧-૧૨-૦૮ |
| ૪૭ | | રાધનપુર | તા. ૧-૭-૦૯ |
| ૪૮ | | સાંતલપુર | તા. ૮-૮-૦૯ |
| ૪૯ | પોરબંદર | કુતિયાણા | તા. ૧૩-૮-૦૭ |
| ૫૦ | | પોરબંદર | તા. ૨૦-૧-૧૦ના હુકમથી |
| ૫૧ | રાજકોટ | રાજકોટ | તા. ૨૧-૨-૦૯ |
| ૫૨ | | કોટડા સાંગાણી | તા. ૧-૧૨-૦૬ |
| ૫૩ | | જામકંડોરણા | તા. ૧-૫-૦૮ |
| ૫૪ | | ટંકારા | તા. ૨૧-૨-૦૯ |
| ૫૫ | | જસદણ | તા. ૨૨-૧-૧૦ |
| ૫૬ | | વાંકાનેર | તા. ૨૦-૧-૧૦ના હુકમથી |
| ૫૭ | સાબરકાંઠા | વિજયનગર | તા. ૧૬-૨-૦૯ |
| ૫૮ | | તલોદ | તા. ૧૬-૨-૦૯ |
| ૫૯ | સુરેન્દ્રનગર | લખતર | તા. ૨૦-૨-૦૯ |
| ૬૦ | | મુળી | તા. ૧-૮-૦૮ |
| ૬૧ | વડોદરા | વાઘોડીયા | તા. ૧-૭-૦૮ |
| ૬૨ | | ક્વાંટ | તા. ૧૧-૨-૦૯ |
| ૬૩ | | ડભોઇ | તા. ૧-૭-૦૯ |
| ૬૪ | | વડોદરા | તા. ૭-૧૦-૦૯ |

------------

## રાજકોટ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો

૧૫૧૭૮**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કુલ કેટલા કેસો પડતર હતા,

(૧)

| રાજકોટ મુખ્ય ફોરમ | રાજકોટ એડીશનલ ફોરમ | **કુલ** |
|---|---|---|
| ૩૦૦ | ૩૦૯ | **૬૦૯** |

(૨) તા. ૧-૪-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલા નવા કેસો ઉમેરાયા, અને

(૨)

| રાજકોટ મુખ્ય ફોરમ | રાજકોટ એડીશનલ ફોરમ | **કુલ** |
|---|---|---|
| ૧૪૨ | ૧૬૭ | **૩૦૯** |

(૩) તે પેકી કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો?

(૩)

| રાજકોટ મુખ્ય ફોરમ | રાજકોટ એડીશનલ ફોરમ | **કુલ** |
|---|---|---|
| ૨૬ | ૩૧ | **૫૭** |

-----------

**બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોના પાક્ને જંગલી જાનવરથી થતા નુક્સાન સામે રક્ષણ માટેની અરજીઓ**

૧૪૩૮૭ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા તાલુકાના ખેડૂતોના પાકોને જંગલી જાનવરોથી થતા નુક્સાન સામે રક્ષણ મેળવવા ખેડૂતો ધ્વારા કેટલી અરજીઓ વર્ષવાર મળી,

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોના પાક્ને જંગલી જાનવરોથી થતાં નુક્સાન સામે રક્ષણ મેળવવા ખેડૂતોની તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળી.

| વર્ષ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ | પાલનપુર | ૩ |
| | વડગામ | ૪ |
| | દાંતા | ૧ |
| | ધાનેરા | ૧ |
| | દાંતીવાડા | ૧ |
| | **કુલ :** | **૧૦** |
| તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ | થરાદ | ૪ |
| | દીયોદર | ૪ |
| | કાંકરેજ | ૮ |
| | પાલનપુર | ૫ |
| | ડીસા | ૮ |
| | દાંતીવાડા | ૨ |
| | વડગામ | ૯ |
| | અમીરગઢ | ૨ |
| | **કુલ :** | ૪૨ |

(૨) તે પેકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી કેટલો ખર્ચ કર્યો,

(૨) તે પેકી તાલુકાવાર મંજૂર કરેલી અરજીઓ અને થયેલ ખર્ચની વિગત નીચે પ્રમાણે છે.

| વર્ષ | તાલુકાનું નામ | મંજૂર કરવામાં આવેલ અરજીઓ | કરવામાં આવેલ ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|---|
| તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૨-૦૮ | પાલનપુર | ૩ | ૦.૪૭ |
| | વડગામ | ૪ | ૧.૧૩ |
| | દાંતા | ૧ | ૦.૫૪ |
| | ધાનેરા | ૧ | ૦.૨૬ |
| | દાંતીવાડા | ૧ | ૦.૨૦ |
| | **કુલ :** | **૧૦** | **૨.૬૦** |
| તા. ૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ | પાલનપુર | ૧ | ૦.૪૦ |
| | દાંતીવાડા | ૨ | ૦.૩૦ |
| | વડગામ | ૧ | ૦.૨૧ |
| | અમીરગઢ | ૨ | ૦.૬૮ |
| | **કુલ :** | **૧૬** | **૪.૧૯** |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને કેટલી પડતર છે, અને

(૨) છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ પેકી કોઇ અરજી નામંજૂર કરવામાં આવેલ નથી અને પડતર અરજીઓની વિગત નીચે પ્રમાણે છે.

| વર્ષ | તાલુકાનું નામ | પડતર અરજીઓ |
|---|---|---|
| તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ | થરાદ | ૪ |
| | દીયોદર | ૪ |
| | કાંકરેજ | ૮ |
| | પાલનપુર | ૪ |
| | ડીસા | ૮ |
| | વડગામ | ૮ |
| | **કુલ :** | ૩૬ |

(૪) અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે?

(૪) કોઇ અરજી નામંજૂર કરવામાં આવી નથી. જેથી કારણો આપવાના રહેતા નથી.

**દાહોદ જિલ્લામાં વૃક્ષ છેદનના ગેરકાનૂની બનાવો**

૧૩૭૮૨**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલાં ગેરકાનૂની રીતે વૃક્ષ છેદનના બનાવો બન્યા છે, અને

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાનૂની રીતે કુલ ૧૯૬૮ વૃક્ષ છેદનના બનાવો બનેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | બનેલ બનાવોની સંખ્યા (તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ) | |
|---|---|---|---|
| | | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
| ૧ | બારીયા | ૩૪૯ | ૨૯૨ |
| ૨ | ધાનપુર | ૩૪૯ | ૨૬૧ |
| ૩ | ગરબાડા | ૩૧ | ૫૦ |
| ૪ | દાહોદ | ૬૩ | ૪૩ |
| ૫ | લીમખેડા | ૨૦૮ | ૧૮૪ |
| ૬ | ઝાલોદ | ૬૮ | ૬૧ |
| ૭ | ફતેપુરા | ૪ | ૫ |
| | **કુલ :** | **૧૦૭૨** | **૮૯૬** |
| | **એકંદર કુલ :** | | **૧૯૬૮** |

(૨) તે અન્વયે કેટલા ઇસમો સામે વૃક્ષ છેદન અંગે કેસો કરવામાં આવ્યા?

(૨) તે અન્વયે નીચે જણાવ્યા મુજબ તાલુકાવાર કુલ ૨૦૯૮ ઇસમો સામે કેસ કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કેસ કરેલ ઇસમની સંખ્યા (તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ) | |
|---|---|---|---|
| | | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
| ૧ | બારીયા | ૩૬૭ | ૩૬૩ |
| ૨ | ધાનપુર | ૨૬૮ | ૨૪૩ |
| ૩ | ગરબાડા | ૭૧ | ૮૭ |
| ૪ | દાહોદ | ૫૬ | ૩૨ |
| ૫ | લીમખેડા | ૨૫૪ | ૨૪૫ |
| ૬ | ઝાલોદ | ૩૧ | ૬૧ |
| ૭ | ફતેપુરા | ૪ | ૧૬ |
| | **કુલ :** | **૧૦૫૧** | **૧૦૪૭** |
| | **એકંદર કુલ :** | | **૨૦૯૮** |

------------

**પાટણ જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળો**

૧૩૧૪૭ **શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુ-૨૦૧૦ માં પાટણ જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં કલેકટર દ્વારા કેટલા નિમંત્રણ કાર્ડ છપાવવામાં આવ્યા હતા તેનો કેટલો ખર્ચ થયો, અને

(૨) આ ગરીબ કલ્યાણ મેળામાં સ્ટેજ-વીજળી માટે કેટલો ખર્ચ બજેટના ક્યા હેડે ઉધારવામાં આવ્યો?

**જવાબ**

(૧) ૧૫૦૦ નિમંત્રણ કાર્ડ માટે અંદાજીત ખર્ચ રૂ. ૩૩,૦૦૦ થયેલ છે.

(૨) સ્ટેજ, મંડપ, લાઇટ તથા સાઉન્ડ માટે રૂા. ૧૭ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે.

------------

**નર્મદા જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત**

૧૫૧૫૮**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન તલાવડી યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ વન તલાવડીઓ બનાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**આર. બી. ડી. પામોલીન તેલના જથ્થાનો બફર સ્ટોક કરવા બાબત**

૧૫૧૭૪**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સરકારે કેટલો આર.બી.ડી. પામોલીન તેલના જથ્થાનો બફર સ્ટોક કર્યો, અને

(૨) તે પૈકી તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ૬,૦૦૦ મે. ટન.

(૨) ૫,૯૮૭ મે. ટન.

------------

**ભિલોડા તાલુકામાં નીલગાય અને ભૂંડ જેવા પ્રાણીઓથી ખેતીના પાકને નુકસાન**

૧૫૪૮૮**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં નિલગાય અને ભૂંડ જેવા વન્ય પ્રાણીઓથી ખેડૂતોના પાકો બચાવવા તારની વાડની યોજના માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી લાભ આપવામાં આવ્યો, અને

(૩) બાકીની અરજીઓ ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૭.

(૨) તે પૈકી ૨ અરજીઓ મંજૂર કરી લાભ આપવામાં આવ્યો.

(૩) બાકીની અરજીઓ ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી અગ્રીમતાના ધોરણે મંજૂર કરવામાં આવશે.

**વ્યારા નજીક ટીચકપુરા ગામે ગર્લ્સ હોસ્ટેલની છત પડી જતા વિદ્યાર્થીઓના મોત**

૧૨૦૩૬**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તાપી જિલ્લાના વ્યારા નજીક ટીચકપુરા ગામે ત્રણેક વર્ષ પહેલા ગર્લ્સ હોસ્ટેલની છત પડી જતા ૧૧ વિદ્યાર્થીઓના મોત નિપજ્યા હતા તેની તપાસ કરવા સરકારે ક્યારે જાહેરાત કરી, | (૧) તા. ૨૭-૧-૦૭ના ઠરાવથી. |
| (૨) તા. ૧૫-૧-૨૦૧૦ ની સ્થિતિએ તપાસનો રીપોર્ટ સરકારને ક્યારે મળ્યો, અને | (૨) તા. ૨૨-૬-૦૭ના રોજ. |
| (૩) આ તપાસ રીપોર્ટની વિગતો કઈ કઈ છે ? | (૩) પત્રક સામેલ છે. |

**પત્રક**

**સ્ટેરકેસ બ્લોક નીચેનાં કારણોસર તૂટી પડેલ જણાયેલ છે.**

(૧) લોડ બેરીંગ વોલનું ફાઉન્ડેશન નિષ્ફળ જણાયેલ છે.
(૨) લોડ બેરીંગ વોલનું સેકશન લીંટલ બીમ અને સ્લેબનું ભારે વજન ઝીલી શકે તેવું મજબુત ન હતું.
(૩) પેસેજમાં મોનોલીથીક બીમની નીચે આપેલું ઓપનીંગ ઇચ્છનીય નથી.
(૪) પ્રવેશ દ્વારમાં સપોર્ટ વગર ડબલ હાઇટની બ્રીક મેશનરી વોલ કરેલ છે.
(૫) ફાઉન્ડેશન અને સુપર સ્ટ્રક્ચરની મેશનરીમાં વર્કમેનશીપ નબળી તથા હલકી ગુણવત્તાવાળુ મટીરીયલ્સ વાપરેલ છે તથા સીમેન્ટ મોર્ટારમાં સીમેન્ટનું પ્રમાણ ઓછું જોવા મળેલ છે.
(૬) મેશનરી ઉપર ભરેલ બીમની નીચે કોંક્રીટ બેડ બ્લોક ભરેલ નથી.
(૭) ગ્રાઉન્ડ+૩ માળના બીલ્ડીંગમાં લોડ બેરીંગ સ્ટ્રક્ચર પ્રપોઝ કરેલ છે.
(૮) પેસેજના બીમ અને સ્લેબ મોનોલીથીક્લી ભરેલ નથી.
(૯) લેન્ડીંગ લેવલ પર કોર્નરમાં સુચવેલ ઓપનીંગ ઇચ્છનીય નથી.
(૧૦) દિવાલની સૂચવેલ જાડાઇ બેન્ડીંગનાં કારણે ઉત્પન્ન થતો લોડ સહન કરવા માટે અસક્ષમ જણાયેલ છે જેને કારણે બીલ્ડીંગ તુટી ગયેલ છે.

**બનાસકાંઠા જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વૃક્ષોનું વાવેતર કરવા બાબત**

**શ્રી** ૧૫૨૫૭ **અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલા વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, અને | (૧) ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ-૨૦૦૯-૧૦ દરમ્યાન તારીખ-૩૧-૧૨-૦૯ સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ૬૬૧૧ હેકટર વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) ઉક્ત વાવેતર પાછળ રૂ. ૭૭૪.૩૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

**મહેસાણા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસ મંજૂર કરવા બાબત**

૧૫૧૪૬ **શ્રી ઋષિકેશ ગ.પટેલ(વિસનગર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦માં તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં મહેસાણા જિલ્લામાં કેટલા ઈન્દિરા આવાસો મંજૂર કરવામાં આવ્યા, | (૧) નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦માં તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં મહેસાણા જિલ્લામાં ૪૫૫૨ ઈન્દિરા આવાસો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) મંજૂર થયેલ આવાસો પૈકી તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા આવાસો પૂર્ણ કરેલ છે, અને ? | (૨) મંજૂર થયેલ આવાસો પૈકી તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૩૧૬ આવાસો પૂર્ણ કરેલ છે. |
| (૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) કુલ રૂ. ૯૬૪.૦૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

## વડોદરા જિલ્લામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ નીચે શોચાલયો મંજૂર કરવા બાબત

૧૫૧૪૦ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦માં તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલા શોચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા શોચાલયો બાંધવામાં આવ્યા છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ ૬૧૦૯૪ શોચાલયો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ૭૦૫૨ શોચાલયો બાંધવામાં આવેલ છે.

(૩) તેની પાછળ રૂ. ૧૧૦.૫૩ લાખનો ખર્ચ થયેલ છે.

## સાબરકાંઠા જિલ્લામાં બોરીબંધ બનાવવા અંગે

૧૪૨૩૦**શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ(હિંમતનગર):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાદીઠ કેટલા બોરીબંધ બનાવવામાં આવ્યાં,

(૨) બનેલ બોરીબંધ પૈકી કેટલા બોરીબંધ ધોવાઈ ગયા, અને

(૩) ક્યાં કારણોસર બોરીબંધ ધોવાઈ ગયાં ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાદીઠ બોરીબંધ બનાવવામાં આવેલ છે તેની માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તા.૧-૧-૦૯થી તા.૩૧-૧૨-૦૯ સુધી બનાવવામાં આવેલ બોરીબંધની સંખ્યા. | | |
|---|---|---|---|
| | એન.આર.ઇ.જી. યોજના હેઠળના બોરીબંધ | વોટરશેડ યોજના હેઠળના બોરીબંધ | કુલ |
| હિંમતનગર | ૧૮૨૨ | ૩૦૦ | ૨૧૨૨ |
| ઇડર | ૨૧૦૬ | ૦ | ૨૧૦૬ |
| વડાલી | ૭૪૩ | ૧૫૦ | ૮૯૩ |
| મોડાસા | ૧૧૫૮ | ૦ | ૧૧૫૮ |
| ધનસુરા | ૧૩૬૪ | ૦ | ૧૩૬૪ |
| પ્રાંતિજ | ૧૦૪૬ | ૦ | ૧૦૪૬ |
| તલોદ | ૪૦૭ | ૦ | ૪૦૭ |
| બાયડ | ૧૨૪૬ | ૦ | ૧૨૪૬ |
| માલપુર | ૧૨૪૪ | ૦ | ૧૨૪૪ |
| ખેડબ્રહ્મા | ૧૭૯૫ | ૪૦ | ૧૮૩૫ |
| વિજયનગર | ૨૪૫૦ | ૩૦ | ૨૪૮૦ |
| ભિલોડા | ૩૭૭૨ | ૦ | ૩૭૭૨ |
| મેઘરજ | ૧૩૪૪ | ૦ | ૧૩૪૪ |
| કુલ : | **૨૦૪૯૭** | **૫૨૦** | **૨૧૦૧૭** |

(૨) બનેલ બોરીબંધ પૈકી ૮ બોરીબંધ ધોવાઇ ગયેલ છે.

(૩) વરસાદી પાણીના તીવ્ર પ્રવાહને કારણે બોરીબંધ ધોવાઇ ગયેલ છે.

## ભરૂચ જિલ્લામાં ટોટલ સેનીટેશન પ્રોગામ નીચે શોચાલયો બનાવવા બાબત

૧૫૨૪૮**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ ભરૂચ જિલ્લામાં કેટલા શોચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કેટલા શોચાલયો બાંધવામાં આવ્યા, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ ભરૂચ જિલ્લામાં ૧૮૪૫૯ શોચાલયો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) સદરહુ સમય દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ૮૭૭૬ શોચાલયો બાંધવામાં આવેલ છે.

(૩) સદરહુ સમય દરમ્યાન રૂ. ૧૨૫.૦૮ લાખનો ખર્ચ થયેલ છે.

## ખેડા જિલ્લાના ગામોને તીર્થગામ જાહેર કરવા બાબત

૧૪૦૫૫**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ગામોને તીર્થગામ તરીકે જાહેર કરવામાં આવ્યા, અને

(૨) તીર્થગામ તરીકે જાહેર કરેલ ગામોને અનુદાનની કેટલી રકમ આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૨ (બાર) ગામોને.

(૨) દરેક ગામને રૂ. ૧.૦૦ લાખ લેખે કુલ રૂ.૧૨.૦૦ લાખનું અનુદાન આપવામાં આવ્યું છે.

------------

## ખેડા અને આણંદ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળા

૧૩૮૮૨**શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૧૦માં ખેડા અને આણંદ જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળા માટે કલેક્ટર તરફથી કેટ કેટલા નિમંત્રણ કાર્ડો છપાવી નિમંત્રણ પાઠવવામાં આવ્યા,

(૨) આ કાર્ડ છપાવવા પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ ગરીબ મેળામાં લાઇટ માટે થયેલ ખર્ચ બજેટના ક્યા હેડે કેટલી રકમનો થયો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | આમંત્રણ કાર્ડની સંખ્યા |
|---|---|
| ખેડા | ૩૦૦૦ |
| આણંદ | ૩૫૦૦ |

(૨)

| જિલ્લો | ખર્ચ |
|---|---|
| ખેડા | રૂ.૬૬,૦૦૦/- |
| આણંદ | રૂ.૪૫,૯૦૦/- |

(૩)

| જિલ્લો | ખર્ચ |
|---|---|
| ખેડા | રૂ.૫૦,૦૦૦/- |
| આણંદ | રૂ.૧૯,૧૩૬/- |

ઉપરોક્ત ખર્ચ બજેટ સદર-૨૫૧૫ - અન્ય ગ્રામિણ વિકાસ કાર્યક્રમ હેઠળ પાડવામાં આવેલ છે.

## બનાસકાંઠા જિલ્લામાં ૧૦૦ ચોરસ વારના પ્લોટની અરજીઓ

૧૩૮૦૪**શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ૧૦૦ ચો.વાર. જમીનમાં પ્લોટ મેળવવા કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલા અરજદારોને પ્લોટ મંજૂર કરવામાં આવ્યા અને સનદો આપવામાં આવી,

(૩) તાલુકાવાર કેટલી વખત લેન્ડ કમિટિની બેઠકો બોલાવવામાં આવી અને નિર્ણયો કરવામાં આવ્યા,

(૪) કેટલી અરજીઓ પડતર છે, અને

(૫) પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | છેલ્લા બે વર્ષમાં ૧૦૦ ચો.વાર પ્લોટ મેળવવા મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૨૬૮૭ |
| ૨ | વડગામ | ૧૯૮૬ |
| ૩ | દાંતા | ૩૭૪ |
| ૪ | અમીરગઢ | ૧૩૧ |
| ૫ | ડીસા | ૧૯૮૮ |
| ૬ | દાંતીવાડા | ૮૧૩ |
| ૭ | ધાનેરા | ૨૭૯૪ |
| ૮ | થરાદ | ૪૨૬ |
| ૯ | વાવ | ૬૦૬ |
| ૧૦ | દિયોદર | ૧૨૩૯ |
| ૧૧ | ભાભર | ૪૦૪ |
| ૧૨ | કાંકરેજ | ૭૭૪ |
| | કુલ : | ૧૪૨૨૨ |

(૨) ૧૦૧૩૫ પ્લોટ મંજૂર ક્ર્યા (૪૦૦૨ અરજીઓ નામંજૂર) ૮૬૧૨ સનદો આપવામાં આવી.

| ક્રમ | તાલુકો | પ્લોટ મંજૂર ક્ર્યા | સનદો આપવામાં આવી |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૨૩૧૭ | ૨૩૧૭ |
| ૨ | વડગામ | ૧૪૭૪ | ૧૪૭૪ |
| ૩ | દાંતા | ૩૧૭ | ૩૦૯ |
| ૪ | અમીરગઢ | ૪૦ | ૪૦ |
| ૫ | ડીસા | ૧૭૦૨ | ૨૯૫ |
| ૬ | દાંતીવાડા | ૬૧૭ | ૬૧૭ |
| ૭ | ધાનેરા | ૨૪૭૫ | ૨૪૭૫ |
| ૮ | થરાદ | ૨૨૫ | ૨૨૫ |
| ૯ | વાવ | ૪૦૬ | ૪૦૬ |
| ૧૦ | દિયોદર | ૩૫૯ | ૩૫૯ |
| ૧૧ | ભાભર | ૯૫ | ૯૫ |
| ૧૨ | કાંકરેજ | ૧૦૮ | ૦ |
| | કુલ : | ૧૦૧૩૫ | ૮૬૧૨ |

(૩)

| ક્રમ | તાલુકો | મળેલ લેન્ડ કમિટિની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૫ |
| ૨ | વડગામ | ૫ |
| ૩ | દાંતા | ૫ |
| ૪ | અમીરગઢ | ૨ |
| ૫ | ડીસા | ૪ |
| ૬ | દાંતીવાડા | ૩ |
| ૭ | ધાનેરા | ૪ |
| ૮ | થરાદ | ૪ |
| ૯ | વાવ | ૨ |
| ૧૦ | દિયોદર | ૩ |
| ૧૧ | ભાભર | ૧ |
| ૧૨ | કાંકરેજ | ૨ |
| | કુલ : | ૪૦ |

(૪) ૮૫ પડતર છે (કાંકરેજ તાલુકાની)

(૫) બનતી ત્વરાએ લેન્ડ કમિટિ મળેથી અરજીઓનો નિકાલ કરવામાં આવશે.

**કચ્છ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને ફેર પ્રાઇસ શોપ બનાવવા બાબત**

૧૫૨૪૭**ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પેકી કેટલા ભંડારોને મોડેલ ફેર પ્રાઇસ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા, અને

(૨) બાકી ગ્રાહક ભંડારોને સરકાર ક્યાં સુધીમાં મોડેલ ફેર પ્રાઇસ શોપ બનાવવા માંગે છે ?

**જવાબ**

(૧) ૧૪૨

(૨) સરકાર મોડેલ એફ.પી.એસ. ના નવતર અભિગમને આગળ ધપાવવા માંગે છે અને તે માટે દુકાનદારોને જરૂરી પ્રોત્સાહન આપી તમામ દુકાનો મોડેલ એફ.પી.એસ. બનાવવા ઈચ્છુક છે.

**કચ્છ જિલ્લામાં વોટરશેડ યોજના હેઠળ થયેલ કામગીરી**

૧૪૨૨૯**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વોટરશેડ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં કેટલી કામગીરી કરવામાં આવી,

(૨) આ કામગીરીનું મૂલ્યાંકન કરવા સરકારે કોઇ વ્યવસ્થા ગોઠવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો કઇ એજન્સી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વોટરશેડ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં ૩૪૮૬ કામગીરી કરવામાં આવી છે તેની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તા.૧-૧-૦૮ થી તા.૩૧-૧૨-૦૮ સુધીના કામની સંખ્યા | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ સુધીના કામની સંખ્યા |
|---|---|---|
| અબડાસા | ૮૫ | ૧૪૪ |
| અંજાર | ૯૦ | ૩૨૦ |
| ભચાઉ | ૧૧૨ | ૨૪૫ |
| ભૂજ | ૨૦૫ | ૪૪૧ |
| ગાંધીધામ | ૦૬ | ૪૫ |
| લખપત | ૮૯ | ૨૭૫ |
| માંડવી | ૯૩ | ૩૧૫ |
| મુંદ્રા | ૭૧ | ૧૯૮ |
| નખત્રાણા | ૧૧૭ | ૨૧૮ |
| રાપર | ૧૪૧ | ૨૭૬ |
| **કુલ :** | **૧૦૦૯** | **૨૪૭૭** |

(૨) હા, જી.

(૩) કેન્દ્ર સરકાર માન્ય પેનલ દ્વારા મુલ્યાંકન કરવામાં આવે છે.

------------

**દાહોદ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર કરવા બાબત**

૧૫૩૩૭ **શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વર્ષવાર કુલ કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું,

(૨) આ પેકી કિસાન નર્સરીઓમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૩) આની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર નીચે મુજબ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું.

| તાલુકાનું નામ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | કુલ |
|---|---|---|---|
| બારીયા | ૫.૭૨ | ૫.૪૦ | ૧૧.૧૨ |
| ધાનપુર | ૭.૪૪ | ૩.૩૭ | ૧૦.૮૧ |
| ઝાલોદ | ૯.૭૫ | ૧૨.૧૭ | ૨૧.૯૨ |
| લીમખેડા | ૧૦.૦૮ | ૧૦.૨૨ | ૨૦.૩૦ |
| ફતેપુરા | ૫.૨૪ | ૨.૮૯ | ૮.૧૩ |
| દાહોદ | ૧૦.૦૭ | ૧૧.૯૧ | ૨૧.૯૮ |
| ગરબાડા | ૩.૦૧ | ૫.૧૮ | ૮.૧૯ |
| **કુલ :** | **૫૧.૩૧** | **૫૧.૧૪** | **૧૦૨.૪૫** |

(૨) આ પેકી કિસાન નર્સરીઓમાં કોઈ રોપાનું વાવેતર કરવામાં આવ્યું નથી.

(૩) આની પાછળ કુલ રૂ.૨૧૧૬.૮૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**રાજુલા તથા જાફરાબાદ તાલુકામાં સિંહ અને દીપડા જેવા હિંસક પ્રાણીઓના પશુ ઉપર ત્રાટકવાના બનાવો**

૧૫૦૨૦**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમરેલી જિલ્લાના રાજુલા તથા જાફરાબાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહ અને દીપડા જેવા હિંસક પ્રાણીઓ દ્વારા પશુઓ ઉપર ત્રાટકવાના કુલ કેટલા બનાવ બનેલ છે,

(૨) આ પ્રકારના બનાવો ક્યા ક્યા ગામે બનેલા છે અને તેમાં કેટલા પશુઓનું મરણ કરવામાં આવેલ છે, અને

(૩) માલ ઢોરના મારણના બનાવમાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે અને કેટલી સહાય ચૂકવવાની બાકી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમરેલી જિલ્લાના રાજુલા તથા જાફરાબાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહ અને દીપડા જેવા હિંસક પ્રાણીઓ દ્વારા પશુઓ ઉપર ત્રાટકવાના કુલ ૨૨૦ બનાવો બનેલ છે.

(૨) આ પ્રકારના પશુઓના મારણના કુલ ૪૭૨ બનાવો બનેલ છે જે અંગેનું ગામવાર પત્રક સામેલ છે.

(૩) માલઢોરના મારણના બનાવમાં કુલ રૂ.૭,૮૮,૪૦૦/-ની સહાય ચુકવેલ છે અને કુલ રૂ.૯,૭૩,૧૫૦/-ની સહાય ચુકવવાની બાકી છે.

**પ ત્ર ક**

**તા.૧-૧-૨૦૦૮ થી તા.૩૧-૧૨-૨૦૦૮**

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ગામનું નામ | માલ-ઢોરની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | | | સિંહથી માલઢોરના બનાવમાં મૃત્યુ પામેલ પશુની સંખ્યા | દિપડાથી માલઢોરના બનાવમાં મૃત્યુ પામેલ પશુની સંખ્યા |
| ૧ | અમરેલી | જાફરાબાદ | લુણસાપુર | ૨૬ | ૧ |
| ૨ | અમરેલી | જાફરાબાદ | લોઢપુર | ૧ | ૦ |
| ૩ | અમરેલી | જાફરાબાદ | લોર | ૮ | ૧ |
| ૪ | અમરેલી | જાફરાબાદ | પાટીમાણસા | ૬ | ૦ |
| ૫ | અમરેલી | જાફરાબાદ | ટીબી | ૧૩ | ૦ |
| ૬ | અમરેલી | જાફરાબાદ | બાલાની વાવ | ૭ | ૦ |
| ૭ | અમરેલી | જાફરાબાદ | ખા.કંથારીયા | ૩ | ૦ |
| ૮ | અમરેલી | જાફરાબાદ | હેમાળ | ૧ | ૦ |
| ૯ | અમરેલી | જાફરાબાદ | મીઠાપુર | ૩ | ૦ |
| ૧૦ | અમરેલી | જાફરાબાદ | મોટા સાકરીયા | ૨ | ૦ |
| ૧૧ | અમરેલી | જાફરાબાદ | મો.માણસા | ૨ | ૦ |
| ૧૨ | અમરેલી | જાફરાબાદ | ભટવદર | ૧ | ૦ |
| ૧૩ | અમરેલી | જાફરાબાદ | ભાડા | ૪ | ૦ |
| ૧૪ | અમરેલી | જાફરાબાદ | નાના સાકરીયા | ૧ | ૦ |
| ૧૫ | અમરેલી | જાફરાબાદ | નાગેશ્રી | ૩૭ | ૦ |
| ૧૬ | અમરેલી | જાફરાબાદ | નવી જીકાદ્રી | ૨ | ૦ |
| ૧૭ | અમરેલી | જાફરાબાદ | જાફરાબાદ | ૩ | ૦ |
| ૧૮ | અમરેલી | જાફરાબાદ | વઢેરા | ૨ | ૦ |
| ૧૯ | અમરેલી | જાફરાબાદ | દુધાળા | ૨ | ૦ |
| ૨૦ | અમરેલી | જાફરાબાદ | ફાચરીયા | ૨ | ૦ |
| ૨૧ | અમરેલી | જાફરાબાદ | કાગવદર | ૧૦ | ૦ |
| ૨૨ | અમરેલી | જાફરાબાદ | ધેંસપુર | ૧ | ૦ |
| ૨૩ | અમરેલી | જાફરાબાદ | ધારાબંદર | ૧ | ૦ |
| ૨૪ | અમરેલી | જાફરાબાદ | ધારાનેશ | ૧ | ૦ |
| ૨૫ | અમરેલી | જાફરાબાદ | રોહિસા | ૭ | ૦ |
| | | | કુલ : | ૧૪૬ | ૨ |

**પ ત્ર ક**

**તા.૧-૧-૨૦૦૮ થી તા.૩૧-૧૨-૨૦૦૮**

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ગામનું નામ | માલ-ઢોરની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | | | સિંહથી માલઢોરના બનાવમાં મૃત્યુ પામેલ પશુની સંખ્યા | દિપડાથી માલઢોરના બનાવમાં મૃત્યુ પામેલ પશુની સંખ્યા |
| ૧ | અમરેલી | રાજુલા | ડોળીયા | ૨ | ૦ |
| ૨ | અમરેલી | રાજુલા | મોટા આગરીયા | ૪ | ૦ |
| ૩ | અમરેલી | રાજુલા | ભેરાઇ | ૧ | ૦ |
| ૪ | અમરેલી | રાજુલા | ભચાદર | ૫ | ૦ |
| ૫ | અમરેલી | રાજુલા | નાના રીંગણીયા | ૧ | ૦ |
| ૬ | અમરેલી | રાજુલા | નાનીખેરાળી | ૧ | ૦ |
| ૭ | અમરેલી | રાજુલા | નવી માંડરડી | ૩ | ૦ |
| ૮ | અમરેલી | રાજુલા | જુનીકાતર | ૪ | ૦ |
| ૯ | અમરેલી | રાજુલા | જુ.બારપટોળી | ૧ | ૦ |
| ૧૦ | અમરેલી | રાજુલા | ઝાંઝરડા | ૧ | ૦ |
| ૧૧ | અમરેલી | રાજુલા | વડલી | ૧ | ૦ |
| ૧૨ | અમરેલી | રાજુલા | ભાક્ષી | ૧ | ૦ |
| ૧૩ | અમરેલી | રાજુલા | ઉચેયા | ૧ | ૦ |
| ૧૪ | અમરેલી | રાજુલા | ચોત્રા | ૧ | ૧ |
| ૧૫ | અમરેલી | રાજુલા | કડીયાળી | ૨ | ૦ |
| ૧૬ | અમરેલી | રાજુલા | કોટડી | ૧ | ૦ |
| ૧૭ | અમરેલી | રાજુલા | રોહિસા | ૧ | ૦ |
| ૧૮ | અમરેલી | રાજુલા | રામપરા-૨ | ૧ | ૦ |
| ૧૯ | અમરેલી | રાજુલા | રાજુલા | ૧ | ૧ |
| | | | કુલ : | ૩૩ | ૨ |

**પ ત્ર ક**

**તા.૧-૧-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૦૯**

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ગામનું નામ | માલ-ઢોરની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | | | સિંહથી માલઢોરના બનાવમાં મૃત્યુ પામેલ પશુની સંખ્યા | દિપડાથી માલઢોરના બનાવમાં મૃત્યુ પામેલ પશુની સંખ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | અમરેલી | જાફરાબાદ | લુણસાપુર | ૨૦ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | લોઢપુર | ૪ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | લોર | ૧ | ૨ |
| | અમરેલી | જાફરાબાદ | સરવડા | ૧ | ૧ |
| | અમરેલી | જાફરાબાદ | ધેસપુર | ૩ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | પાટીમાણસા | ૩ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | ટીબી | ૩ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | બાલાની વાવ | ૧૪ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | ખા.કંથારીયા | ૭ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | હેમાળ | ૧ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | મીઠાપુર | ૧૨ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | મીતીયાળા | ૧ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | મોટા સાકરીયા | ૧૦ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | મોટા માણસા | ૩ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | ભાડા | ૧ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | નાના સાકરીયા | ૩ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | નાગેશ્રી | ૫૦ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | જુની જીકાદ્રી | ૧ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | નવી જીકાદ્રી | ૧ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | વઢેરા | ૪ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | વાંઢ | ૧૯ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | દુધાળા | ૨ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | ફાચરીયા | ૯ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | કેરાળા | ૧ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | કડીયાળી | ૩ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | કાગવદર | ૧૬ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | એભલવડ | ૧ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | ધારાબંદર | ૧ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | ધોળાદ્રી | ૪ | ૦ |
| | અમરેલી | જાફરાબાદ | રોહિસા | ૭ | ૦ |
| | | | કુલ : | ૨૦૮ | ૩ |

**પ ત્ર ક**

**તા.૧-૧-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૦૯**

| ૬ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ગામનું નામ | માલ-ઢોરની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | | | સિંહથી માલઢોરના બનાવમાં મૃત્યુ પામેલ પશુની સંખ્યા | દિપડાથી માલઢોરના બનાવમાં મૃત્યુ પામેલ પશુની સંખ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | અમરેલી | રાજુલા | ડુંગર | ૪ | ૦ |
| | અમરેલી | રાજુલા | પટવા | ૦ | ૧ |
| | અમરેલી | રાજુલા | ખાંભલીયા | ૨ | ૦ |
| | અમરેલી | રાજુલા | મોટા આગરીયા | ૭ | ૦ |
| | અમરેલી | રાજુલા | ભેરાઇ | ૭ | ૦ |
| | અમરેલી | રાજુલા | ભાક્સી | ૧ | ૦ |
| | અમરેલી | રાજુલા | ભચાદર | ૨ | ૦ |
| | અમરેલી | રાજુલા | નવી માંડરીડી | ૦ | ૧ |
| | અમરેલી | રાજુલા | વડ | ૬ | ૦ |
| | અમરેલી | રાજુલા | વાવેરા | ૦ | ૨ |
| | અમરેલી | રાજુલા | વાવડી | ૧ | ૦ |
| | અમરેલી | રાજુલા | હિંડોરણા | ૭ | ૦ |
| | અમરેલી | રાજુલા | વિક્ટર | ૧ | ૦ |
| | અમરેલી | રાજુલા | દિપડીયા | ૧ | ૦ |
| | અમરેલી | રાજુલા | દેવકા | ૫ | ૦ |
| | અમરેલી | રાજુલા | ઉચેયા | ૪ | ૦ |
| | અમરેલી | રાજુલા | ચોત્રા | ૬ | ૦ |
| | અમરેલી | રાજુલા | કડીયાળી | ૪ | ૦ |
| | અમરેલી | રાજુલા | ધારાનેશ | ૧ | ૦ |
| | અમરેલી | રાજુલા | રામપરા-૨ | ૫ | ૦ |
| | અમરેલી | રાજુલા | રાજુલા | ૧૦ | ૦ |
| | | | કુલ : | ૭૪ | ૪ |

## વડોદરા જિલ્લામાં ગોચર અને ગામતળના દબાણની અરજીઓ

૧૪૦૬૭**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ગોચરના અને ગામતળમાં દબાણની કેટલી અરજીઓ આવી, | (૧) ગોચરની-૩૮<br>ગામતળની-૧૩૭. |

(૨) જે તે અન્વયે કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) નિકાલ ન થયો હોય તો તેના કારણો શા છે ?

(૨) તે પૈકી ગોચરની ૨૨ અરજીઓનો તેમજ ગામતળની ૫૬ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

(૩) વહીવટી કારણોસર.

------------

**સુરત જિલ્લામાં ઇ-ગ્રામ-વિશ્વગ્રામ યોજનામાં ગામોને જોડવા બાબત**

૧૪૬૨૭ **શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ ઇ-ગ્રામ-વિશ્વગ્રામ ની યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા ગામોને બ્રોડબેન્ડ ઇ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે,

(૨) કેટલા ગામ બાકી છે, અને

(૩) બાકી રહેલ ગામોને ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લાની તમામ ૫૬૭ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઇ-ક્નેકટીવીટીથી જોડવામાં આવેલ છે.

(૨) સુરત જિલ્લાની એક પણ ગ્રામ પંચાયતને બ્રોડબેન્ડ ઇ-ક્નેકટીવીટીથી જોડવાની બાકી નથી.

(૩) તમામ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઇ-ક્નેકટીવીટીથી જોડવામાં આવેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જૂનાગઢ જિલ્લામાં વન્ય પ્રાણીઓના હિંસક હુમલાઓ**

૧૪૬૬૫**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં વન્ય પ્રાણીઓ દ્વારા માનવ ઉપર હિંસક હુમલાના કેટલા બનાવો બન્યા,

(૨) તે અન્વયે કેટલાના મૃત્યુ થયા અને કેટલાને ઇજાઓ થઇ, અને

(૩) સરકાર તરફથી સહાય કેટલી ચુકવવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં વન્ય પ્રાણીઓ દ્વારા માનવ ઉપર ૪૨ હિંસક હુમલાના બનાવ બનેલ છે.

(૨) તે અન્વયે ૧ (એક) માનવ મૃત્યુ થયું અને ૪૨ વ્યક્તિઓને ઇજા થઇ.

(૩) સરકાર તરફથી એક માનવ મૃત્યુના બનાવમાં રૂ.૧,૦૦,૦૦૦/- (એક લાખ) તથા માનવ ઇજાના બનાવોમાં રૂ.૧,૯૫,૦૦૦/- (એક લાખ પંચાણું હજાર) ચુક્વવામાં આવેલ છે.

**દાહોદ જિલ્લામાં કેરોસીન ઓછું ફાળવવા બાબત**

૧૪૦૫૯**શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં કેરોસીનનો જથ્થો ખુબ જ ઓછા પ્રમાણમાં ફાળવવામાં આવે છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો આવો જથ્થો વધારવા માટે શું પગલાં વિચારેલ છે, અને

(૩) કેરોસીન વિક્રેતાઓ દ્વારા કેરોસીનનું કાળા બજારમાં મોટા પાયે વેચાણ થાય છે તે રોકવા માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ના જી, હકીકતે ૨૩,૬૬૧ કિલોલીટર જરૂરીયાતની સામે ૨૩,૨૫૬ કિલોલીટર એટલે કે ૯૮.૨૯ ટકા કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવેલ છે.

(૨) પુરતા પ્રમાણમાં કેરોસીનના જથ્થાની ફાળવણી થતી હોઇ કોઇ પ્રશ્ન નથી.

(૩) કેરોસીન વિક્રેતાઓ વિરૂધ્ધ કેરોસીન કાળાબજારમાં વેચાણ થતું હોવાની ફરિયાદ મળેલ નથી. અનઅધિકૃત પ્રવૃતિ રોકવા સમયાંતરે કેરોસીન એજન્સી/છૂટક વિક્રેતાઓની તપાસ કરવામાં આવે છે. છેલ્લા એક વર્ષમાં રાજ્ય તથા જિલ્લાના તપાસણીતંત્ર દ્વારા જિલ્લાની ૨૧૭-વ્યાજબી ભાવની દુકાનો, ૩-કેરોસીન એજન્સી, ૧૩-છૂટક વિક્રેતાઓ તથા ૩૨-બીન પરવાનેદાર મળી કુલ-૨૬૫ તપાસો કરવામાં આવેલ છે. જેમાં ૩૧૭૮ લીટર કેરોસીન કિંમત રૂ.૩૧૬૬૫/- નો જથ્થો કબજે લેવામાં આવેલ છે. અને ૭૯૬ લીટર કેરોસીન, કિંમત રૂ.૯૫૨૪/- નો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે. તથા રૂ.૫૯,૦૨૩/- ની દંડનીય કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ ૧ કેસમાં પરવાનો મોકૂફ કરવામાં આવેલ છે.

------------

## અમદાવાદ જિલ્લામાં તલાટી-મંત્રીનું મંજૂર મહેકમ

૧૩૮૦૮**શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તલાટી-મંત્રીનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) :

| તાલુકાનું નામ | મંજૂર મહેકમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| દસક્રોઈ | ૬૪ | ૨૦ |
| સાણંદ | ૫૩ | ૧૬ |
| ધોળકા | ૭૫ | ૨૫ |
| બાવળા | ૪૬ | ૧૮ |
| દેત્રોજ | ૪૬ | ૧૪ |
| વિરમગામ | ૪૧ | ૧૫ |
| માંડલ | ૨૫ | ૦૮ |
| ધંધુકા | ૭૨ | ૨૨ |
| રાણપુર | ૩૩ | ૧૨ |
| બરવાળા | ૨૪ | ૦૭ |

જુદા જુદા સમયથી આ જ્ગ્યાઓ ખાલી છે.

(૩) સત્વરે.

------------

## મહુવા તાલુકામાં ગ્રામ પંચાયતોને પોતાના મકાનો ન હોવા બાબત

૧૩૯૭૯ **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહુવા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ગામવાર કેટલી ગ્રામ પંચાયતોને પોતાના મકાનો નથી, અને

(૨) તે ગ્રામ પંચાયતોને પોતાના મકાનો પૂરા પાડવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) મહુવા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ ત્રણ ગ્રામ પંચાયતોના મકાનો પડી ગયેલ હોવાથી તેઓના પોતાના મકાનો નથી.

૧ અખેગઢ

૨ માતલપુર

૩ સમઢીયાળા નં.૩

(૨) તાલુકા કક્ષાએ કાર્યવાહી ચાલુ છે.

## રાજ્યના જુદા જુદા ઘાસ ડેપોમાં ઘાસનો જથ્થો

૧૪૬૬૧**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વનખાતા પાસે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જુદા-જુદા ઘાસ ડેપોમાં થઇને કુલ કેટલા કીલો ઘાસ છે,

(૨) વનખાતાના ગોદામોમાં ભરવામાં આવેલ ઘાસની વરસો વરસ હરાજી કરવામાં નથી આવતી તે હકીકત સાચી છે,

(૩) આના લીધે ઘાસ બગડી જાય છે તે હકીકત સાચી છે, અને

(૪) જો હા, તો આવી કોઇ ફરિયાદો થઇ હોય તે સરકારની જાણમાં છે કે કેમ ?

**જવાબ**

(૧) રાજ્યમાં વન ખાતા પાસે તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ જુદા-જુદા ઘાસ ડેપોમાં કુલ ૧૮૬.૬૦ લાખ કિ.ગ્રા. ઘાસનો જથ્થો છે.

(૨) નિયત થયેલ પદ્ધતિ અનુસાર ગંજીના ઘાસનો એક વર્ષમાં અને ગોદામના ઘાસનો ત્રણ વર્ષ અથવા ઘાસ સારી સ્થિતિમાં હોય તો ચાર વર્ષ બાદ નિકાલ કરવા માટે વરસો વરસ હરાજી રાખવામાં આવે છે.

(૩) ઘાસ સંગ્રહ કરીને રાખતાં ગુણવત્તા પર અસર પડે છે. સમયસર નિકાલ ના થાય તો ઘાસ બગડવાની શક્યતા રહે છે.

(૪) હા, જી

------------

**પાટણ જિલ્લામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ નીચે શોચાલયો મંજૂર કરવા બાબત**

૧૫૨૫૫ **શ્રી રજનીકાન્ત સો.પટેલ(ચાણસ્મા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન તા.૩૧-૧૨-૦૯ સુધીમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ પાટણ જિલ્લામાં કેટલા શોચાલયો મંજૂર કરવામાં આવ્યા, | (૧) નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન તા.૩૧-૧૨-૦૯ સુધીમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ પાટણ જિલ્લામાં ૯૧૨૪૨ શોચાલયો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે પેકી તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા શોચાલયો બાંધવામાં આવ્યા, અને | (૨) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ૩૭૧૮૭ શોચાલયો બાંધવામાં આવેલ છે. |
| (૩) તેની પાછળ કુલ ખર્ચ કેટલો થયો ? | (૩) કુલ રૂ.૧૨૮.૧૭ લાખનો ખર્ચ થયેલ છે. |

**અમદાવાદ શહેરમાં બી.પી.એલ. કાર્ડ ફાળવવા બાબત**

૧૫૦૧૦ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા પરિવારોને બી.પી.એલ. કાર્ડ ફાળવવામાં આવ્યા, અને | (૧) ૨૩૭૯ પરિવારો. |
| (૨) એ.પી.એલ. કાર્ડધારકો માંથી કેટલા પરિવારોનો સમાવેશ બી.પી.એલ. કાર્ડ ધારકોમાં કરવામાં આવ્યો ? | (૨) ૭૯૦ પરિવારો. |

**કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં પરિવાર દીઠ રોજગારી આપવા બાબત**

૧૪૪૯૪**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના અન્વયે ગરીબીરેખા નીચે જીવતાં પરિવાર દીઠ રોજગારી આપવામાં આવેલી નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના જી. |
| (૨) કચ્છ જિલ્લામાં આ યોજના શરૂઆતથી લઇ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકાવાર બી.પી.એલ. પરિવારોની સંખ્યા સામે કેટ કેટલાને ૧૦૦ દિવસ કે વધુની વર્ષવાર રોજગારી આપવામાં આવી અને તે અન્વયે કેટલું ખર્ચ કે ચૂકવણી કરવામાં આવી ? | (૨) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના અંતર્ગત નોંધાયેલ કુટુંબો પેકી રોજગારીની માંગણી કરનાર કુટુંબને એક નાણાકીય વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારી આપવાની જોગવાઇ છે તે મુજબ તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડેલ હોય તેવા બી.પી.એલ. કુટુંબોની વર્ષવાર, તાલુકાવાર આપવામાં આવેલ રોજગારી અને થયેલ ખર્ચની વિગત સામેલ પત્રક મુજબ છે. |

**પત્રક**

| તાલુકાનું નામ | તાલુકાવાર બીપીએલ કુટુંબોની સંખ્યા | વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા | વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં ૧૦૦ દિવસ રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા | વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં બીપીએલ કુટુંબોને ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) | વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા | વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં ૧૦૦ દિવસ રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા | વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં બીપીએલ કુટુંબોને ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| અબડાસા | ૯૪૦૪ | ૧૯૦૦ | ૮૮૦ | ૬.૩૭ | ૨૫૦૦ | ૨૨૫૦ | ૧૦.૬૨ |
| અંજાર | ૮૫૫૫ | ૬૨૩ | ૬૦ | ૨૫.૯૮ | ૧૨૭૪ | ૧૪૩ | ૪૫.૫૪ |
| ભચાઉ | ૫૮૪૩ | ૧૦૭૯ | ૧૧૮ | ૮.૫૪ | ૧૪૪૩ | ૧૮૬ | ૧૩.૪૮ |
| ભૂજ | ૨૦૫૦૮ | ૪૦૨૨ | ૯૮૬ | ૭૫.૮૨ | ૭૦૬૨ | ૨૧૨૨ | ૩૭૦.૮૯ |
| ગાંધીધામ | ૨૩૮૩ | ૦ | ૦ | ૦ | ૬૭ | ૦ | ૦.૧૨ |
| લખપત | ૪૬૮૬ | ૯૩૨ | ૦ | ૧૭.૬૪ | ૨૦૯૨ | ૯૧૫ | ૫૦.૧૪ |
| માંડવી | ૮૫૫૨ | ૨૫૦ | ૩ | ૦.૮ | ૧૭૪૯ | ૧૨૦ | ૮.૩ |
| મુંદ્રા | ૭૧૪૧ | ૧૨૭ | ૨૦ | ૫.૭ | ૨૦૫ | ૬૫ | ૧૦.૦૮ |
| નખત્રાણા | ૯૬૫૩ | ૧૨૩૫ | ૫૭૨ | ૪૫.૪૬ | ૩૮૬૦ | ૧૩૪૦ | ૯૮.૪૮ |
| રાપર | ૨૩૭૩૪ | ૨૫૮૬ | ૩૦ | ૦.૮૨ | ૧૦૮૪૫ | ૧૦૫૦ | ૩.૬૭ |
| કુલ : | ૧૦૦૪૫૯ | ૧૨૭૫૪ | ૨૬૬૯ | ૧૮૭.૧૩ | ૩૧૦૯૭ | ૮૧૯૧ | ૬૧૧.૨૯ |

**આણંદ જિલ્લામાં ઇકો ટુરિઝમ યોજના**

૧૫૦૧૧ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં ઇકો ટુરીઝમ યોજના હેઠળ તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઇ કઇ સુવિધાઓ ઉભી કરવામાં આવી, અને | (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇકો ટુરીઝમ યોજના હેઠળ કોઇ સુવિધા ઉભી કરવામાં આવેલ નથી. |
| (૨) તેમાં તાલુકાવાર ક્યા ક્યા સ્થળે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રેશનીંગ કાર્ડમાં નામ કમી કરવા કે નામ ઉમેરવા એફીડેવીટ આપવા બાબત**

૧૪૩૦૭ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રેશનીંગ કાર્ડમાં નામ કમી, નામ ઉમેરવા, કે સુધારા વધારા કરવા માટે એફીડેવીટ આપવી ફરજીયાત છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) સરકાર એફીડેવીટ વગર અરજીથી રેશનીંગ કાર્ડમાં જરૂરી સુધારા કરવા માંગે છે કે કેમ, અને | (૨) રેશનકાર્ડની અરજીના ગુણદોષ ઉપર એફીડેવીટ લેવી કે કેમ, તે નક્કી કરવાનું વિવેકાધીન છે. |
| (૩) એફીડેવીટ રજુ કરવાનો પરિપત્ર ક્યારે બહાર ,પાડેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પાયલોટની ટ્રેનિંગ માટે સહાય**

૧૫૨૬૦**શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આદિજાતિ વિભાગ દ્વારા પાયલોટની ટ્રેનિંગ માટે મદદ/સહાયની કોઇ જોગવાઇ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ટ્રેઇનીઓએ પાઇલોટની ટ્રેનીંગ લીધી છે ? | (૨) ૯ (નવ) ટ્રેઇનીઓની ટ્રેનિંગ ચાલુ છે. |

| વર્ષ | ટ્રેઇનીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૬ |
| ૨૦૦૯-૧૦ | ૩ |
| કુલ : | ૯ |

**સસ્તા અનાજની દુકાનેથી અપાતા અનાજમાં કેન્દ્ર સરકારની સબસીડી**

૧૫૨૬૧ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર સસ્તા અનાજની દુકાનેથી અપાતી અનાજની સબસીડીમાં રાજ્ય સરકારને કેન્દ્ર સરકારે કેટલી સબસીડી આપી છે ? | લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ કેન્દ્ર સરકાર જે ભાવે અનાજ પુરુ પાડે છે તેમાં વહીવટી ખર્ચ ઉમેરતાં, પડતર કિંમત અને વિતરણ ભાવ વચ્ચેના તફાવતની રકમ સબસીડી તરીકે રાજ્ય સરકાર ભોગવે છે. જે નીચે મુજબ છે.<br>૨૦૦૭-૦૮ માં ૧૨૩.૮૬ કરોડ<br>૨૦૦૮-૦૯ માં ૧૩૩.૧૩ કરોડ<br>૨૦૦૯-૧૦ માં ૧૧૩.૯૮ કરોડ<br>(જાન્યુઆરી-૨૦૧૦ સુધી).<br>ઉપરોક્ત બાબતે કેન્દ્ર સરકાર દ્વારા કોઇ સીધી સબસીડી રાજ્ય સરકારને ચૂકવવામાં આવતી નથી. |

**વલસાડ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે વૃક્ષોનું વાવેતર**

૧૫૧૬૬ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ):માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાજિક વનીકરણ યોજના હેઠળ વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) વલસાડ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦માં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં ૨.૩૫ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) તેની પાછળ કુલ - રૂ. ૪૫.૧૫ લાખનો ખર્ચ થયેલ છે. |

## જામનગર જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓ

૧૫૧૩૫ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ડીસે.-૨૦૦૯ની સ્થિતિએ કેટલા બી.પી.એલ. લાભાર્થીઓ નોંધાયા છે, અને

(૨) જામનગર જિલ્લામાં બાકી રહી ગયેલા ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે બી.પી.એલ. સર્વે ક્યારે યોજવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં ડીસે-૨૦૦૯ની સ્થિતિએ ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા ૨૬૮૯૫ બી.પી.એલ. લાભાર્થીઓ નોંધાયેલ છે.

(૨) જામનગર જિલ્લામાં બાકી રહી ગયેલા ગરીબી રેખા નીચે જીવતા લોકો દ્વારા અરજી મળ્યેથી જરૂરી ચકાસણી કરીને નિયમોનુસાર પાત્રતા ધરાવતાં લાભાર્થીઓને બી.પી.એલ. યાદીમા સમાવવાનું સ્થાયી આયોજન છે.

## આણંદ જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીમાં ગ્રામસેવકોની ખાલી જગ્યાઓ

૧૫૨૨૭**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર જિલ્લા ગ્રામવિકાસ એજન્સીમાં કેટલા ગ્રામસેવકોની જગ્યા મંજૂર થઇ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) જગ્યાઓ ખાલી રહેવાના ક્યા કારણો છે, અને

(૪) સરકાર ક્યાં સુધીમાં આ ખાલી જગ્યાઓ ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર જિલ્લા ગ્રામવિકાસ એજન્સીમાં ગ્રામસેવકોની જગ્યા મંજૂર થઈ છે તેની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | ગ્રામસેવકોની મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| આણંદ | ૨ | ૨ |
| ઉમરેઠ | ૪ | ૪ |
| બોરસદ | ૫ | ૫ |
| આંક્લાવ | ૫ | ૫ |
| પેટલાદ | ૫ | ૫ |
| સોજીત્રા | ૨ | ૨ |
| ખંભાત | ૪ | ૪ |
| તારાપુર | ૪ | ૪ |
| કુલ : | ૩૧ | ૩૧ |

(૨) ગ્રામ સેવકોની મંજૂર થયેલ તમામ જગ્યાઓ ભરાયેલ હોવાથી જગ્યાઓ ખાલી રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સમી અને હારીજ તાલુકામાં ચેકડેમ બનાવવા બાબત

૧૪૬૨૮**શ્રી ભાવસિંહભાઈ રાઠોડ (સમી) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સમી અને હારીજ તાલુકાઓમાં વર્ષ ૨૦૦૭-૦૮ તથા ૨૦૦૮-૦૯ માં કેટલા ચેકડેમ બનાવ્યા,

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો છે, અને

(૩) તેમાંથી ટ્રસ્ટો દ્વારા કેટલા બનાવવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) સમી અને હારીજ તાલુકાઓમાં વર્ષ ૨૦૦૭-૦૮માં તથા ૨૦૦૮-૦૯ માં ૧૨૨ ચેકડેમ બનાવ્યા તેની વિગત નીચે મુજબ છે.

(૨)

| વર્ષ | તાલુકાનું નામ | ચેકડેમની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | સમી | ૨૧ |
| | હારીજ | ૪૭ |
| | કુલ : | ૬૮ |
| ૨૦૦૮-૦૯ | સમી | ૨૪ |
| | હારીજ | ૩૦ |
| | કુલ : | ૫૪ |

(૨) રૂ. ૧૫૭.૫૪ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) તેમાંથી ટ્રસ્ટો દ્વારા કોઈ ચેકડેમ બનાવવામાં આવેલ નથી.

**બનાસકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને ફેર પ્રાઇસ શોપ તરીકે જાહેર કરવા બાબત**

૧૫૧૭૭**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ ફેર પ્રાઇસ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા, અને

(૨) બાકી ગ્રાહક ભંડારોને સરકાર ક્યાં સુધીમાં મોડેલ ફેર પ્રાઇસ શોપ બનાવવા માંગે છે ?

**જવાબ**

(૧) ૮૫૩.

(૨) સ્વતંત્ર સંચાલન વાળી તમામ ગ્રાહક ભંડારો મોડેલ એફ.પી.એસ. બનાવવામાં આવેલ છે.

**બાલાસિનોર અને વિરપુર તાલુકામાં રોપા ઉછેરવા બાબત**

૧૪૯૩૨**શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બાલાસિનોર અને વિરપુર તાલુકામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રોપા ઉછેરવામાં આવ્યા,

(૨) કેટલા રોપાઓ ઉક્ત સ્થિતિએ જીવીત છે, અને

(૩) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) બાલાસિનોર અને વિરપુર તાલુકામાં તારીખ ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે રોપા ઉછેરવામાં આવેલ છે.

| તાલુકો | ઉછેરવામાં આવેલ રોપાની સંખ્યા (લાખમાં) | | કુલ |
|---|---|---|---|
| | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | |
| બાલાસિનોર | ૩.૮૭ | ૪.૧૫ | ૮.૦૨ |
| વિરપુર | ૩.૯૩ | ૪.૭૨ | ૮.૬૫ |
| કુલ : | ૭.૮૦ | ૮.૮૭ | ૧૬.૬૭ |

(૨) ઉક્ત સ્થિતિએ કુલ ૧૪.૮૬ લાખ રોપા જીવીત છે.

(૩) તે અન્વયે કુલ રૂા. ૨૫૬.૭૩ લાખ ખર્ચ થયેલ છે.

------------

**કેન્દ્ર સરકાર તરફથી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં મળેલ ગ્રાન્ટ**

૧૫૪૯૬ **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ મળી, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલા માનવદિન રોજગારી આપવામાં આવી, અને

(૩) કેટલી રકમ ક્યા ક્યા હેડે ખર્ચ કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી રૂા. ૫૨૭૪૬.૭૦ લાખ ગ્રાન્ટ મળી.

(૨) સદરહુ સમય દરમ્યાન ૫૨૬.૯૩ લાખ માનવદિન રોજગારી આપવામાં આવેલ છે.

(૩) રૂા. ૫૮૩૪૩.૭૦ લાખનો ખર્ચ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેડે કરવામાં આવેલ છે.

**પાટણ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે વૃક્ષો વાવવા બાબત**

૧૫૧૭૦**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર):માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં સામાજિક વનીકરણ યોજના હેઠળ પાટણ જિલ્લામાં કેટલાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦માં તારીખ ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં પાટણ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ નહીં પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ ૨.૭૫ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કુલ રૂા. ૬૧.૪૯ લાખનો ખર્ચ થયેલ છે.

**બનાસકાંઠા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ આપવા બાબત**

૧૫૨૩૩**શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) તેમને કેટલા માનવદિન રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતગર્ત ૪૫૫૯૮ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે.

(૨) ૨૪.૨૬ લાખ માનવદિન રોજગારી આપવામાં આવેલ છે.

------------

**ભાવનગર જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત**

૧૪૪૨૬ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન તા. ૩૧-૩-૦૯ સુધીમાં વન વિભાગ દ્વારા કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવી, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન તા. ૩૧-૩-૦૯ સુધીમાં વન વિભાગ દ્વારા વન તલાવડીઓ બનાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્યમાં ટી.ડી.ઓ.ની ખાલી જ્ગ્યાઓ**

૧૪૩૯૧**શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૫-૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા ટી.ડી.ઓ.ની જ્ગ્યા ખાલી છે,

(૨) કેટલા સમયથી ખાલી છે,

(૩) જ્ગ્યા ન ભરવાના કારણો શું છે, અને

(૪) આ ખાલી જ્ગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

**જવાબ**

(૧) ૬૪ (ચોસઠ)

(૨) સાથેના પત્રક-અ મુજબ

(૩) આ જ્ગ્યાઓ વહીવટી કારણોસર ભરાયેલ નથી.

(૪) આ ખાલી જ્ગ્યાઓ વહીવટી અનુકૂળતાએ ભરવામાં આવશે.

**પત્રક-અ**

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ક્યારથી ખાલી છે |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ધંધુકા | તા. ૨૫-૪-૦૮ |
| ૨ | | સીટી | તા. ૩૦-૯-૦૮ |
| ૩ | | બરવાળા | તા. ૮-૮-૦૯ |
| ૪ | અમરેલી | લીલીયા | તા. ૨૧-૯-૦૭ |
| ૫ | | રાજુલા | તા. ૭-૭-૦૮ |
| ૬ | | બાબરા | તા. ૨-૬-૦૮ |
| ૭ | | બગસરા | તા. ૧-૯-૦૮ |
| ૮ | | કુકાવાવ | તા. ૧-૭-૦૯ |
| ૯ | | સાવરકુંડલા | તા. ૨૮-૧-૧૦ |
| ૧૦ | આણંદ | પેટલાદ | તા. ૧-૧-૦૯ |
| ૧૧ | | ઉમરેઠ | તા. ૧૧-૨-૦૯ |
| ૧૨ | | ખંભાત | તા. ૧-૧૧-૦૯ |
| ૧૩ | | તારાપુર | તા. ૨૦-૧-૧૦ના હુકમથી |
| ૧૪ | બનાસકાંઠા | ભાભર | તા. ૧૦-૮-૦૯ |
| ૧૫ | | વાવ | તા. ૨૦-૧-૧૦ના હુકમથી |
| ૧૬ | | દિયોદર | તા. ૨૪-૪-૦૮ |
| ૧૭ | ભરૂચ | જંબુસર | તા. ૨૦-૧-૧૦ના હુકમથી |
| ૧૮ | ભાવનગર | ઘોઘા | તા. ૩૦-૯-૦૮ |
| ૧૯ | | શિહોર | તા. ૧૧-૨-૦૯ |
| ૨૦ | | ગારીયાધાર | તા. ૨૬-૧-૧૦ |
| ૨૧ | ભાવનગર | ઉમરાળા | તા. ૨૮-૧-૧૦ |
| ૨૨ | દાહોદ | દાહોદ | તા. ૧૩-૨-૦૯ |
| ૨૩ | | ધાનપુર | તા. ૧૨-૨-૦૯ |
| ૨૪ | | ગરબાડા | તા. ૧૨-૨-૦૯ |
| ૨૫ | ગાંધીનગર | દહેગામ | તા. ૨૦-૧-૧૦ના હુકમથી |
| ૨૬ | જામનગર | જામ-ખંભાળીયા | તા. ૪-૧૦-૦૮ |
| ૨૭ | | જામનગર | તા. ૧૩-૨-૦૯ |
| ૨૮ | | દ્વારકા | તા. ૧-૨-૦૮ |
| ૨૯ | | ધ્રોળ | તા. ૧-૨-૧૦ |
| ૩૦ | જુનાગઢ | વેરાવળ | તા. ૧-૮-૦૮ |
| ૩૧ | | ભેંસાણ | તા. ૯-૫-૦૮ |
| ૩૨ | | માણાવદર | તા. ૧-૨-૦૯ |
| ૩૩ | | તલાલા | તા. ૨-૨-૧૦ |
| ૩૪ | | માળીયા હાટીના | તા. ૨૦-૧-૧૦ના હુકમથી |

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ક્યારથી ખાલી છે |
|---|---|---|---|
| ૩૫ | કચ્છ | નખત્રાણા | તા. ૧૧-૨-૦૯ |
| ૩૬ | | ગાંધીધામ | તા. ૧-૧-૦૭ |
| ૩૭ | | અંજાર | તા. ૨૬-૭-૦૯ |
| ૩૮ | | લખપત | તા. ૧-૯-૦૯ |
| ૩૯ | | મુન્દ્રા | તા. ૨૫-૧-૧૦ |
| ૪૦ | ખેડા | બાલાસિનોર | તા. ૧૦-૨-૦૯ |
| ૪૧ | | કઠલાલ | તા. ૮-૮-૦૯ |
| ૪૨ | મહેસાણા | વડનગર | તા. ૧૦-૨-૦૯ |
| ૪૩ | | બેચરાજી | તા. ૧-૭-૦૯ |
| ૪૪ | પંચમહાલ | ઘોઘંબા | તા. ૧૨-૨-૦૯ |
| ૪૫ | | ખાનપુર | તા. ૫-૨-૧૦ |
| ૪૬ | પાટણ | હારીજ | તા. ૧-૧૨-૦૮ |
| ૪૭ | | રાધનપુર | તા. ૧-૭-૦૯ |
| ૪૮ | | સાંતલપુર | તા. ૮-૮-૦૯ |
| ૪૯ | પોરબંદર | કુતિયાણા | તા. ૧૩-૮-૦૭ |
| ૫૦ | | પોરબંદર | તા. ૨૦-૧-૧૦ના હુકમથી |
| ૫૧ | રાજકોટ | રાજકોટ | તા. ૨૧-૨-૦૯ |
| ૫૨ | | કોટડા સાંગાણી | તા. ૧-૧૨-૦૬ |
| ૫૩ | | જામકંડોરણા | તા. ૧-૫-૦૮ |
| ૫૪ | | ટંકારા | તા. ૨૧-૨-૦૯ |
| ૫૫ | | જસદણ | તા. ૨૨-૧-૧૦ |
| ૫૬ | | વાંકાનેર | તા. ૨૦-૧-૧૦ના હુકમથી |
| ૫૭ | સાબરકાંઠા | વિજ્યનગર | તા. ૧૬-૨-૦૯ |
| ૫૮ | | તલોદ | તા. ૧૬-૨-૦૯ |
| ૫૯ | સુરેન્દ્રનગર | લખતર | તા. ૨૦-૨-૦૯ |
| ૬૦ | | મુળી | તા. ૧-૮-૦૮ |
| ૬૧ | વડોદરા | વાઘોડીયા | તા. ૧-૭-૦૮ |
| ૬૨ | | ક્વાંટ | તા. ૧૧-૨-૦૯ |
| ૬૩ | | ડભોઇ | તા. ૧-૭-૦૯ |
| ૬૪ | | વડોદરા | તા. ૭-૧૦-૦૯ |

## નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને એલ.પી.જી. ગેસ ક્નેક્શન આપવા બાબત

૧૫૨૫૦ **શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન વનબંધુ કલ્યાણ યોજના હેઠળ નવસારી જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિનાં કેટલા લાભાર્થીઓને એલ.પી.જી. ગેસ ક્નેક્શન આપવામાં આવ્યા, અને

(૨) તેમાં કેટલી સબસીડી આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૦૪ લાભાર્થી

(૨) પ્રત્યેક ગેસ જોડાણદીઠ રૂા. ૨૨૦૦/-લેખે રૂા. ૨,૨૮,૮૦૦/-ની સબસીડી આપવામાં આવી.

## સુરેન્દ્રનગર જિલ્લામાં તીર્થગામ જાહેર કરવા બાબત

૧૪૩૭૫**શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કેટલા અને ક્યા ક્યા ગામોને તીર્થગામ જાહેર કરાયેલ છે, અને

(૨) આવા તીર્થગામ જાહેર કરાયેલ ગામોને સરકાર ધ્વારા કેટલી રકમના પુરસ્કાર આપવામાં આવ્યા?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | તીર્થગામ જાહેર કરેલ ગામનું નામ |
|---|---|---|
| ૧ | પાટડી | જોરાવરપુરા |
| ૨ | | ભડેણા |
| ૩ | હળવદ | વાંકીયા |
| ૪ | | મયાપુર |
| ૫ | | ધૂળકોટ |
| ૬ | લીંબડી | દોલતપર |
| ૭ | | ઉમેદપર |
| ૮ | વઢવાણ | રાઈ |
| ૯ | | વખતપર |
| ૧૦ | | મુંજપર |
| ૧૧ | ચોટીલા | હબીયાસર |
| ૧૨ | | ભોજપરા |
| ૧૩ | મુળી | ચાણપર |
| કુલ : | ૧૩ ગામો | |

(૨) દરેક ગામને રૂા. ૧.૦૦ લાખ લેખે રૂા. ૯.૦૦ લાખનું અનુદાન આપવામાં આવેલ છે.

## કઠલાલ તાલુકામાં નારપુર-મડાદરા ગામમાં આપેલ જોબ કાર્ડ

૧૫૦૦૭**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના અન્વયે ખેડા જિલ્લાના કઠલાલ તાલુકામાં નારપુર-મડાદરા ગ્રામ પંચાયતમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કેટલા જોબ કાર્ડ આપવામાં આવ્યાં છે,

**જવાબ**

(૧) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના અન્વયે ખેડા જિલ્લાના કઠલાલ તાલુકામાં નારપુર-મડાદરા ગ્રામ પંચાયતમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ ૩૦૫ જોબકાર્ડ આપવામાં આવેલ છે.

(૨) આ પંચાયત દ્વારા તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા કામો કરવામાં આવ્યાં છે, અને

(૨) નારપુર-મડાદરા ગ્રામ પંચાયત દ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોરીબંધ અને ગોચર ડેવલપમેન્ટના કામો કરવામાં આવેલ છે.

(૩) તે અંગે કેટલી રોજગારી ચૂકવવામાં આવી છે,

(૩) રૂા. ૭,૫૫,૫૧૭/-ની રોજગારી ચૂકવવામાં આવેલ છે.

------------

**સુરત અને તાપી જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં નાણાં ચૂકવવા બાબત**

૧૫૨૦૭**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈન્દિરા આવાસના બાંધકામોમાં રાજ્ય સરકારના હિસ્સામાંથી સુરત અને તાપી જિલ્લાઓમાં કેટલાં નાણાં ચૂકવવામાં આવ્યા,

(૨) આ નાણાં ચૂકવ્યા પછી કેટલાં આવાસોનું બાંધકામ કરવામાં આવ્યું, અને

(૩) કેટલા લાભાર્થીઓને ખરેખર લાભ આપવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈન્દિરા આવાસના બાંધકામોમાં રાજ્ય સરકારના હિસ્સામાંથી સુરત જિલ્લામાં રૂા. ૫૪૩.૧૦ લાખ અને તાપી જિલ્લામાં રૂા. ૬૦૮.૭૦ લાખ નાણાં ચૂકવવામાં આવેલ છે.

(૨) આ નાણાં ચૂકવ્યા પછી ૩૪૩૨ આવાસોનું બાંધકામ કરવામાં આવેલ છે.

(૩) ૨૦૮૬૭ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

**વડોદરા જિલ્લામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ નીચે શોચાલયો મંજૂર કરવા બાબત**

૧૫૧૪૨**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલાં શોચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલાં શોચાલયો બાંધવામાં આવ્યા, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ ૬૧૦૯૪ શોચાલયો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ ૭૦૫૨ શોચાલયો બાંધવામાં આવેલ છે.

(૩) તેની પાછળ કુલ રૂા. ૧૧૦.૫૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**કોડીનાર તાલુકામાં બી.પી.એલ. લાભાર્થીઓના નામ યાદીમાં રહી જવા બાબત**

૧૩૭૯૩ **શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ગરીબી રેખા હેઠળના કેટલા લાભાર્થીઓના નામ બી.પી.એલ. લાભાર્થીઓની યાદીમાં રહી જવા પામેલ છે.

(૨) આવા પરિવારોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવશે કે કેમ, અને

(૩) જો હા, તો આવા પરિવારોનો સમાવેશ બી.પી.એલ. યાદીમાં ક્યાં સુધીમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ બી.પી.એલ. યાદીમાં નામ સમાવવા માટે ૯૬૮૩ અરજીઓ મળેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ મળેલ અરજીઓની ચકાસણી પૂર્ણ થયેથી નિયમાનુસાર પાત્રતા ધરાવતાં પરિવારોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવશે.

(૩) અરજીઓની ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવશે.

**સાબરકાંઠા જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટની અરજીઓ**

૧૫૪૮૪ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર સો (૧૦૦) ચોરસવારના કેટલા પ્લોટ મેળવવાની અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | છેલ્લા બે વર્ષમાં ૧૦૦ ચો.વાર પ્લોટની મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૨૩૭ |
| ૨ | પ્રાંતિજ | ૭૧૮ |
| ૩ | ઈડર | ૫૯૧ |

| | | |
|---|---|---|
| ૪ | મોડાસા | ૬૩ |
| ૫ | બાયડ | ૨૦૪ |
| ૬ | ધનસુરા | ૮૨ |
| ૭ | વડાલી | ૩૩૮ |
| ૮ | માલપુર | ૪૩ |
| ૯ | તલોદ | ૧૯૯ |
| ૧૦ | મેઘરજ | ૫ |
| ૧૧ | ભિલોડા | ૧૦૫૮ |
| ૧૨ | વિજયનગર | ૦ |
| ૧૩ | ખેડબ્રહ્મા | ૧૩૩ |
| | **કુલ** | **૪૬૭૧** |

(૨) તે પૈકી કેટલા પ્લોટો ફાળવવામાં આવ્યા,

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **ફાળવેલ પ્લોટ** |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૭૫૭ |
| ૨ | પ્રાંતિજ | ૬૧૬ |
| ૩ | ઈડર | ૫૬૧ |
| ૪ | મોડાસા | ૨૨ |
| ૫ | બાયડ | ૧૦૮ |
| ૬ | ધનસુરા | ૫૩ |
| ૭ | વડાલી | ૨૫૯ |
| ૮ | માલપુર | ૩૮ |
| ૯ | તલોદ | ૧૧૫ |
| ૧૦ | મેઘરજ | ૫ |
| ૧૧ | ભિલોડા | ૭૮૭ |
| ૧૨ | વિજયનગર | ૦ |
| ૧૩ | ખેડબ્રહ્મા | ૧૧૨ |
| | **કુલ** | **૩૪૩૩** |

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૩)

| **ક્રમ** | **તાલુકો** | **પડતર અરજીઓ** |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨૧૨ |
| ૨ | પ્રાંતિજ | ૦ |
| ૩ | ઈડર | ૦ |
| ૪ | મોડાસા | ૦ |
| ૫ | બાયડ | ૦ |
| ૬ | ધનસુરા | ૦ |
| ૭ | વડાલી | ૦ |
| ૮ | માલપુર | ૦ |
| ૯ | તલોદ | ૫ |
| ૧૦ | મેઘરજ | ૦ |
| ૧૧ | ભિલોડા | ૦ |
| ૧૨ | વિજયનગર | ૦ |
| ૧૩ | ખેડબ્રહ્મા | ૦ |
| | **કુલ** | **૨૧૭** |

(૧૦૨૧ અરજીઓ નામંજૂર)

(૪) અરજીઓ પડતર રહેવાનાં કારણો શાં છે?

(૪) ૫ અરજી સ્થળ તપાસ ઉપર બાકી ૨૧૨ લેન્ડ કમિટિ મળવા ઉપર બાકી

------------

**બનાસકાંઠા જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં આવાસો બનાવવા બાબત**

૧૪૦૪૮**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા સરદાર આવાસ બનાવવામાં આવ્યા, અને

(૧)

| **ક્રમ** | **તાલુકો** | **છેલ્લા બે વર્ષમાં બનાવેલ સરદાર આવાસની સંખ્યા** |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૨૨૨ |
| ૨ | વડગામ | ૧૩૮ |
| ૩ | દાંતા | ૩૩૭ |
| **ક્રમ** | **તાલુકો** | **છેલ્લા બે વર્ષમાં બનાવેલ સરદાર આવાસની સંખ્યા** |
| ૪ | અમીરગઢ | ૩૧૯ |
| ૫ | ડીસા | ૨૧૭ |
| ૬ | દાંતીવાડા | ૧૩૭ |
| ૭ | ધાનેરા | ૨૦૬ |
| ૮ | થરાદ | ૨૧૧ |
| ૯ | વાવ | ૨૧૨ |
| ૧૦ | દિયોદર | ૧૯૯ |
| ૧૧ | ભાભર | ૧૩૮ |
| ૧૨ | કાંકરેજ | ૧૫૧ |
| | **કુલ** | **૨૪૮૭** |

(૨) તે પૈકી કેટલા આવાસો લાભાર્થીઓને આપવામાં આવ્યા?

(૨) ૨૪૮૭ આવાસો લાભાર્થીઓને આપવામાં આવ્યા

| **ક્રમ** | **તાલુકો** | **છેલ્લા બે વર્ષમાં સોંપવામાં આવેલ સરદાર** |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૨૨૨ |
| ૨ | વડગામ | ૧૩૮ |

| | | |
|---|---|---|
| ૨ | વડગામ | ૧૩૮ |
| ૩ | દાંતા | ૩૩૭ |
| ૪ | અમીરગઢ | ૩૧૯ |
| ૫ | ડીસા | ૨૧૭ |
| ૬ | દાંતીવાડા | ૧૩૭ |
| ૭ | ધાનેરા | ૨૦૬ |
| ૮ | થરાદ | ૨૧૧ |
| ૯ | વાવ | ૨૧૨ |
| ૧૦ | દિયોદર | ૧૯૯ |
| ૧૧ | ભાભર | ૧૩૮ |
| ૧૨ | કાંકરેજ | ૧૫૧ |
| | **કુલ** | **૨૪૮૭** |

------------

## રાજકોટ જિલ્લામાં ગાંડા બાવળને કારણે રસ્તા સાંકડા થવા બાબત

૧૪૦૩૮ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ગાંડા બાવળના કારણે રસ્તા બંધ અથવા સાંકડા થયેલ છે તેનો નિકાલ કરી માર્ગો ખુલ્લા કરવા સરકારનું શું આયોજન છે, અને

(૨) વન વિભાગ દ્વારા આવા કેટલા રસ્તાઓનો સર્વે કરેલ છે?

**જવાબ**

(૧) માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તા પરના ગાંડા બાવળો વખતોવખત દૂર કરી માર્ગો ખુલ્લા રાખવામાં આવે છે.

વન વિભાગ હસ્તકના રોડ સાઈડ પ્રોટેક્ટેડ ફોરેસ્ટ વિસ્તારમાંના નડતરરૂપ ગાંડા બાવળ દૂર કરવાની રજૂઆત મળ્યેથી કાર્યવાહી કરવામાં આવે છે પરંતુ આવી કોઈ રજૂઆત કે દરખાસ્ત વન ખાતાને મળેલ નથી.

(૨) વન ખાતાએ આવો સર્વે કરેલ નથી.

------------

## જેતપુર-પાવી તાલુકામાં આદિજાતિની કેન્દ્રીય કન્યા વિદ્યાલયો

૧૪૭૨૫**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના જેતપુર-પાવી ટ્રાયબલ તાલુકામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલી આદિજાતિની કેન્દ્રીય કન્યા વિદ્યાલયો ક્યા ક્યા સ્થળે આવેલ છે,

(૨) આ કેન્દ્રીય કન્યા વિદ્યાલયોને મૂળ જ્ગ્યાએથી અન્ય જ્ગ્યાએ ખસેડવામાં આવ્યા છે, તેના શા કારણો છે,

(૩) આ કન્યા વિદ્યાલયોને મૂળ જ્ગ્યાએ ચાલુ રાખવા માટે કેટલી માગણીઓ સરકારને મળી છે, અને

(૪) સરકારે આ માગણીઓ સંદર્ભે ક્યારે શું નિર્ણય લીધો છે?

**જવાબ**

(૧) ""કેન્દ્રીય કન્યા વિદ્યાલયો"" નામની કોઈ યોજના ચલાવવામાં આવતી નથી;

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સાવલી તાલુકામાં ડીઝલ-કેરોસીનમાં ભેળસેળના કેસ

૧૫૦૧૫ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં ડીઝલ-કેરોસીનમાં ભેળસેળના કેટલા કેસો તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નોંધાયા,

(૨) તે અંગે કોની કોની સામે કેટલા કેસો નોંધાયા, અને

**જવાબ**

(૧) ૨ (બે) કેસો.

(૨) (૧) એસ.પી. ફીલીંગ સ્ટેશન, મુ. ગોઠડા તા. સાવલી, જી. વડોદરા સામે પોલીસ કેસ દાખલ કરાયેલ છે. જેમાં નીચે મુજબની ત્રણ વ્યક્તિઓનો

સમાવેશ થયેલ છે.

૧. રાજુભાઈ સત્યપ્રકાશ ટંડન, રહે. સી-૬, ગોવિંદપાર્ક સોસાયટી, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા.

૨. મહેન્દ્રભાઈ સત્યપ્રકાશ ટંડન, રહે. સી-૬, ગોવિંદપાર્ક સોસાયટી, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા

૩. સુનીલભાઈ શંકરલાલ શાહ, ૩૧૭, બાલાજીવિહાર કોમ્પલેક્ષ, વાઘોડીયા રોડ, વડોદરા

(૨) સરદાર ગ્રાહક સહકારી ભંડાર લીમીટેડ, બહુથા, તા. સાવલી, જી. વડોદરા જેમાં નીચે મુજબની ૭ વ્યક્તિઓનો સમાવેશ થયેલ છે.

૧. સાદીકમીયાં કાસમમીયાં મલેક રહે. વડોદરા ભાગોળ, મુ.તા. સાવલી.

૨. વસંતકુમાર ઉર્ફે લાલાભાઈ બાપુલાલ શાહ, રે. વાલમવગા, મુ.તા. સાવલી

૩. ભરતભાઈ ઉર્ફે ગોપાલભાઈ ભાઈલાલભાઈ શાહ, રહે. જાગૃતિ સાસોયટી, હરણી રોડ, વડોદરા.

૪. પુરુસોત્તમભાઈ લક્ષ્મણભાઈ પટેલ રહે. શક્તિ સોસાયટી, તા. ડભોઈ, જી. વડોદરા

૫. સ્નેહલ દીલીપભાઈ પંડ્યા, રહે. ૮૧/સ્વારણ્ય સોસાયટી, સમા-સાવલી રોડ. વડોદરા

૬. ભુપેન્દ્રભાઈ ગોરધનભાઈ શાહ, રહે. મુદંગ સોસાયટી, કારેલીબાગ, વડોદરા

૭. ઉત્તમચંદ શ્રીમાનચંદ ચોધરી, રહે. શ્રીજી ટ્રાન્સપોર્ટ, આજવા ચોકડી, વડોદરા

(૩) આ કેસોની કાર્યવાહી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે?

(૩) ૧. એસ.પી.ફીલીંગ સ્ટેશન મુ. ગોઠડા, તા. સાવલીનો કેસ કોર્ટમાં સબ-જ્યુડીશ છે.

૨. સરદાર ગ્રાહક ભંડાર લી. બહુથા, તા.સાવલીનો કેસ પોલીસ સ્ટેશનમાં ચાર્જશીટ માટે પડતર છે.

------------

## વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં ફાળવેલ રકમ

૧૪૬૩૩**શ્રી ધીરુભાઈ ભીલ(નસવાડી) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના અન્વયે કેટલી રકમ ફાળવી,

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના અન્વયે ફાળવેલ રકમ નીચે મુજબ છે.

**(રકમ રૂા. લાખમાં)**

| તાલુકાનું નામ | ફેબ્રુ-૦૮ થી જાન્યુ-૦૯ | ફેબ્રુ-૦૯ થી જાન્યુ-૧૦ અંતિત | કુલ |
|---|---|---|---|
| વડોદરા | ૫.૩૫ | ૪૨.૦૦ | ૪૭.૩૫ |
| સાવલી | ૧૦.૩૫ | ૩૫.૦૦ | ૪૫.૩૫ |
| વાઘોડીયા | ૫.૩૫ | ૩૪.૦૦ | ૩૯.૩૫ |
| પાદરા | ૨૦.૩૫ | ૫૫.૦૦ | ૭૫.૩૫ |
| **તાલુકાનું નામ** | **ફેબ્રુ-૦૮ થી જાન્યુ-૦૯** | **ફેબ્રુ-૦૯ થી જાન્યુ-૧૦ અંતિત** | **કુલ** |
| કરજણ | ૫.૩૫ | ૨૨.૦૦ | ૨૭.૩૫ |
| શિનોર | ૭.૩૫ | ૨૨.૦૦ | ૨૯.૩૫ |
| ડભોઈ | ૫.૩૫ | ૩૫.૦૦ | ૪૦.૩૫ |
| સંખેડા | ૨૭.૩૫ | ૨૦૩.૦૦ | ૨૩૦.૩૫ |
| નસવાડી | ૨૦.૩૫ | ૩૦૯.૦૦ | ૩૨૯.૩૫ |
| જેતપુર પાવી | ૨૦.૩૫ | ૬૩૪.૦૦ | ૬૫૪.૩૫ |
| છોટાઉદેપુર | ૧૫.૩૫ | ૧૮૪.૦૦ | ૧૯૯.૩૫ |
| ક્વાંટ | ૩૦.૩૫ | ૨૩૦.૦૦ | ૨૬૦.૩૫ |
| **કુલ** | **૧૭૩.૨૦** | **૧૮૦૫.૦૦** | **૧૯૭૮.૨૦** |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી રોજગારી આપવામાં આવી, અને

(૨) તે અન્વયે વર્ષવાર રોજગારી આપવામાં આવેલ કુટુંબોની સંખ્યાની માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ફેબ્રુ-૦૮ થી જાન્યુ-૦૯ સુધી | ફેબ્રુ-૦૯ થી જાન્યુ-૧૦ સુધી | કુલ |
|---|---|---|---|
| વડોદરા | ૨૦૫ | ૨૧૯૬ | ૨૪૦૧ |
| સાવલી | ૧૦૩૨ | ૧૬૮૫ | ૨૭૧૭ |
| વાઘોડીયા | ૨૨૮ | ૧૩૩૦ | ૧૫૫૮ |
| પાદરા | ૨૦૩૨ | ૩૯૧૮ | ૫૯૫૦ |
| કરજણ | ૫૫૯ | ૧૬૯૫ | ૨૨૫૪ |
| શિનોર | ૩૯૩ | ૨૩૮૭ | ૨૭૮૦ |
| ડભોઈ | ૧૧૩૫ | ૪૫૯૦ | ૫૭૨૫ |
| સંખેડા | ૧૬૦૦ | ૧૬૬૨૦ | ૧૮૨૨૦ |
| નસવાડી | ૨૭૮૨ | ૧૨૪૪૮ | ૧૫૨૩૦ |
| જેતપુર પાવી | ૭૮૦ | ૧૩૧૪૩ | ૧૩૯૨૩ |
| છોટાઉદેપુર | ૬૮૯ | ૧૪૬૦૩ | ૧૫૨૯૨ |
| ક્વાંટ | ૩૨૯૯ | ૧૭૪૮૭ | ૨૦૭૮૬ |
| **કુલ** | **૧૪૭૩૪** | **૯૨૧૦૨** | **૧૦૬૮૩૬** |

(૩) વહીવટી ખર્ચ અને રોજગારીનો ખર્ચ તે અન્વયે કેટ કેટલો થયો?

(૩) વહીવટી અને રોજગારીના ખર્ચની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | વહીવટી ખર્ચ રૂા. લાખમાં | રોજગારીનો ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|
| વડોદરા | ૪.૧૧૯ | ૨૧.૮૭ |
| સાવલી | ૪.૬૫૮ | ૧૭.૯૭૮ |
| વાઘોડીયા | ૪.૫૮૫ | ૨૪.૨૨૬ |
| પાદરા | ૧.૮૧૪ | ૧૨૭.૧૭૩ |
| કરજણ | ૩.૫૮૫ | ૧૫.૮૦ |
| શિનોર | ૪.૦૫ | ૨૦.૬૦૫ |
| ડભોઈ | ૪.૭૪૫ | ૨૧.૧૨ |
| સંખેડા | ૬.૧૫૪ | ૧૩૯.૧૦ |
| નસવાડી | ૭.૦૧ | ૪૪૧.૦૬ |
| જેતપુર પાવી | ૭.૫૦ | ૬૫.૦૭ |
| છોટાઉદેપુર | ૧.૨૧૫ | ૮૭.૬૭૪ |
| ક્વાંટ | ૪.૨૬૧ | ૧૩૩.૬૮ |
| **કુલ** | **૫૩.૬૯૬** | **૧૧૧૫.૩૫૬** |

------------

## બનાસકાંઠા જિલ્લામાં વનીકરણ અને વન કુટિરો

૧૪૩૮૮**શ્રી મફતલાલ મો.પુરોહિત(ધાનેરા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી વન કુટિર અને વનીકરણ યોજના હેઠળ વૃક્ષોના જતન માટે શું કામગીરી કરવામાં આવેલ, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે વન કુટિરો બનાવવામાં આવેલ છે.

સામાજિક વનીકરણ વિભાગ બનાસકાંઠા પાલનપુર દ્વારા વનીકરણ યોજના હેઠળ વૃક્ષોના જતન માટે વાવેતરની ફરતે રક્ષણ વાડ, વીડીંગ, ચરીયાણથી રક્ષણ અને પાણી પાવા જેવી કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | સને ૨૦૦૭-૦૮માં બનાવેલ વનકુટીરોની સંખ્યા | સને ૨૦૦૮-૦૯માં બનાવેલ વનકુટીરોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૨ | ૪ |
| ૨ | અમીરગઢ | ૦ | ૦ |
| ૩ | દાંતા | ૧ | ૦ |
| ૪ | વડગામ | ૦ | ૩ |
| ૫ | ડીસા | ૦ | ૦ |
| ૬ | ધાનેરા | ૦ | ૧ |
| ૭ | દાંતીવાડા | ૦ | ૦ |
| ૮ | દિયોદર | ૦ | ૦ |
| ૯ | ભાભર | ૦ | ૦ |
| ૧૦ | કાંકરેજ (શિહોરી) | ૦ | ૦ |
| ૧૧ | વાવ | ૦ | ૧ |
| ૧૨ | થરાદ | ૦ | ૦ |
| | **કુલ :** | ૩ | ૯ |

(૨) આની પાછળ કુલ કેટલા રૂપિયાનો ખર્ચ થયો?

(૨) આની પાછળ કુલ રૂા. ૭૧૨.૦૨ લાખનો ખર્ચ થયેલ છે. જે પેકી વન કુટીરો માટે રૂા. ૯.૩૦ લાખ

અને વનીકરણ તથા વૃક્ષોના જતન પાછળ રૂા. ૭૦૨.૭૨ લાખનો ખર્ચ થયેલ છે.

**લીમખેડા, ધાનપુર અને ગરબાડા તાલુકામાં જંગલના હિંસક પ્રાણીઓ ધ્વારા માનવ વસ્તી પર હુમલા**

૧૫૩૩૪**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લાના લીમખેડા-ધાનપુર અને ગરબાડા તાલુકાઓમાં જંગલો નષ્ટ થતા હિંસક પ્રાણીઓ ધ્વારા માનવ વસ્તીમાં આવી હુમલાઓ કરે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આવા હિંસક પ્રાણીઓ માનવ વસ્તીમાં ન આવે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લાના લીમખેડા-ધાનપુર અને ગરબાડા તાલુકાના જંગલ વિસ્તારમાં હિંસક પ્રાણીઓની વસ્તીમાં વધારો થતાં ક્યારેક આ હિંસક પ્રાણીઓ માનવ વસ્તીમાં આવી જતાં હુમલાના બનાવો બને છે તે હકીકતથી સરકાર વાકેફ છે.

(૨) આવા હિંસક પ્રાણીઓ માનવ વસ્તીમાં ન આવે તે માટે સરકારશ્રીએ નીચે મુજબ વ્યવસ્થા કરી છે.

(૧) આ પ્રાણીઓને જંગલોમાં સારું કુદરતી રહેઠાણ મળી રહે તે માટે વન સંવર્ધન ની કામગીરી અને તેના સંરક્ષણ ના પગલા લેવામાં આવેલ છે.

(૨) લીમખેડા, ધાનપુર અને ગરબાડા તાલુકાના જંગલોમાં હિંસક વન્ય પ્રાણી જેવા કે દીપડા, રીંછને પીવાના પાણીની સુવીધા સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તે માટે અભ્યારણ્ય અને જંગલ વિસ્તારમાં વન તલાવડી, ચેકડેમ, પાણી સંગ્રહની કુંડીઓ તેમજ ગઝલર સીસ્ટમ ના હવાડા બનાવવામાં આવેલ છે. અને ઉનાળાના સમયમાં આ હિંસક વન્યપ્રાણીઓ માનવ વસ્તીમાં પાણી માટે ન જાય તે માટે પાણીની કુંડીઓ અને હવાડામાં ટૅંકરથી પાણી ભરવામાં આવે છે.

(૩) ધાનપુર, લીમખેડા અને ગરબાડા તાલુકાના જંગલોમાં દીપડાને સ્થાનીક ખોરાક ઉપલબ્ધ થાય તે માટે તૃણભક્ષી પ્રાણીઓ જેવા કે સસલા, નીલગાય, જંગલી બીલાડી, વાંદરા, માંકડા ચોશિંગા વીગેરેની વસ્તી વધે તે માટે સંરક્ષણની સાથે તેઓને પૂરતો ખોરાક મળી રહે તે માટે વિવિધ યોજના હેઠળ ફળાઉ ઝાડ અને ઘાસના વાવેતરના કામો હાથ ધરવામાં આવેલ છે.

(૪) રીંછ જેવા હિંસક વન્યપ્રાણીને જંગલોમાં સરળતાથી ખોરાક મળી રહે તે માટે બોર, જાંબુ, ટીમરૂ જેવા ફળાઉ વૃક્ષોની સંખ્યામાં વધારો થાય તે માટે કુદરતી ઉગાવા (રીજનરેશન) ના પ્રયત્નો અને વાવેતર કરવામાં આવે છે.

**આદર્શ નિવાસી શાળામાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોની ખાલી જગ્યાઓ**

૧૫૪૮૯**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં ચાલતી ૪૩ આદર્શ નિવાસી શાળાઓમાં વિજ્ઞાન અને ગણિત વિષય ભણાવવા વિષયવાર કેટલા શિક્ષકોની જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) એમાંથી તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ વિષયવાર કેટલી જગ્યાઓ કાયમી શિક્ષકોથી ભરવામાં આવી છે,

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) વિષયદીઠ નહી પરંતુ વર્ગ દીઠ ૧.૧/૨ શિક્ષક મુજબ જગ્યા મંજૂર કરી વિષયવાર જરૂરિયાત મુજબ વિજ્ઞાન વિષય માટે ૨૮ અને ગણિત માટે ૫૦ શિક્ષકોની જગ્યાઓ નિયત કરવામાં આવેલ છે.

(૨)

| વિષય | કાયમી શિક્ષકો | શિક્ષણ સહાયક |
|---|---|---|
| ગણિત | ૩૮ | ૦૨ |
| વિજ્ઞાન | ૧૪ | ૦૧ |

(૩) ગણિત વિષયની-૧૦ અને વિજ્ઞાન વિષયની-૧૩ જગ્યાઓ.

(૪) આ જગ્યાઓ ન ભરવાના કારણો શાં છે?

(૪) લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી જાહેરાત આપી અરજીઓ મંગાવવામાં આવેલ છે.

**બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના**

૧૫૧૮૬**શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આદિજાતિ વિસ્તારોમાં દૂધ સંજીવની યોજના અમલમાં છે તે સાચું છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા તાલુકામાં કેટલા બાળકોને લાભ આપવામાં આવે છે, અને | (૨) બે તાલુકામાં ૪૮૧૦૯ બાળકોને લાભ આપવામાં આવે છે. |
| (૩) દરેક બાળકદીઠ કેટલું દૂધ આપવામાં આવે છે? | (૩) ૨૦૦ મી.લી. ફ્લેવર્ડ દૂધ. |

------------

**સાબરકાંઠા જિલ્લામાં ટેરેસ તલાવડી બનાવવા બાબત**

૧૫૨૩૧**શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ (હિંમતનગર):માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના વન વિભાગ ધ્વારા ટેરેસ તલાવડી યોજના અમલમાં મૂક્વામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) વન વિભાગ દ્વારા વિવિધ યોજના હેઠળ ભૂમિ અને ભેજ સંરક્ષણના ભાગ રૂપે ટેરેસ તલાવડી બનાવવામાં આવે છે. |
| (૨) જો હા તો તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી ટેરેસ તલાવડીઓ બનાવવામાં આવેલ છે, અને | (૨) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કુલ ૭,૫૦,૫૩૫ ટેરેસ તલાવડીઓ બનાવવામાં આવેલ છે. |
| (૩) આ યોજનાના ફાયદા શું છે? | (૩) ટેરેસ તલાવડીઓ ભેજ સંગ્રહ થાય છે જે વન સંવર્ધનમાં મદદરૂપ થાય છે. |

------------

**ખેડા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૧૪૦૫૬**ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ, | (૧) ૬ (છ). |
| (૨) આ ગ્રામ પંચાયતોને મળતી અનુદાનની રકમ ચૂક્વેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો ના, તો ક્યાં સુધીમાં ઉક્ત રકમ ચૂક્વવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**બનાસકાંઠા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનના પરવાનાની અરજીઓ**

૧૩૮૦૫**શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સસ્તા અનાજની દુકાન માટે પરવાનો મેળવવાની કેટલી અરજીઓ આવી, અને<br>(૨) આ અરજીઓ પેકી કેટલી મંજૂર, નામંજૂર અને પડતર છે ? | (૧) અને (૨) : તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બે વર્ષમાં ૧૦૦ દુકાનો માટે જાહેરનામા બહાર પાડતાં ૮૮૩ અરજીઓ મળેલ છે. ૬૭ અરજીઓ મંજુર કરવામાં આવતા આવી દુકાનોના જાહેરનામાના સંદર્ભે બાકી રહેતી ૪૪૬ અરજીઓ દફ્તરે કરવામાં આવેલ છે. બાકી રહેતી ૩૩ દુકાનોના જાહેરનામા સંદર્ભે આવેલી ૩૭૦ અરજીઓ હાલ ચકાસણી હેઠળ અને નિયત કાર્યવાહી ઉપર પડતર છે.<br>તાલુકા વાઈઝ પત્રક સામેલ છે. |

**પત્રક**

| તાલુકાનું નામ | જાહેરનામા મુજબ દુકાનની સંખ્યા | મળેલ અરજીઓ | દુકાન ફાળવણી માટે મંજૂર કરેલ અરજી | દુકાન મંજૂર કરેલ અરજીઓ સિવાયની તમામ અરજીઓ દફતરે કરવામાં આવેલ છે. તેવી સંખ્યા | પડતર અરજીઓ (જેમાં ચકાસણી બાકી છે અને દુકાન મંજૂર કરવાની કાર્યવાહી બાકી છે.) |
|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| પાલનપુર | ૫ | ૬૪ | ૩ | ૩૧ | ૩૦ |
| વડગામ | ૬ | ૬૫ | ૫ | ૪૪ | ૧૬ |
| દાંતા | ૪ | ૭ | ૧ | ૨ | ૪ |
| દાંતીવાડા | ૫ | ૩૮ | ૫ | ૨૫ | ૮ |
| અમીરગઢ | ૪ | ૩૧ | ૪ | ૨૭ | ૦ |
| ધાનેરા | ૧૫ | ૧૩૪ | ૧૨ | ૯૭ | ૨૫ |
| ડીસા | ૨૬ | ૨૩૫ | ૪ | ૬ | ૨૨૫ |
| વાવ | ૧૪ | ૧૧૫ | ૧૧ | ૭૩ | ૩૧ |
| થરાદ | ૮ | ૮૨ | ૯ | ૪૨ | ૩૧ |
| દિયોદર | ૫ | ૪૩ | ૫ | ૩૮ | ૦ |
| ભાભર | ૬ | ૪૩ | ૬ | ૩૭ | ૦ |
| કાંકરેજ | ૨ | ૨૬ | ૨ | ૨૪ | ૦ |
| કુલ : | ૧૦૦ | ૮૮૩ | ૬૭ | ૪૪૬ | ૩૭૦ |

------------

## કચ્છ જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત

૧૫૧૬૨**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા):માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં વન તલાવડી યોજના હેઠળ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં **કુલ ૧૩૬ (એકસો છત્રીસ)** વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કુલ રૂા. ૨૫૪.૪૭ લાખનો ખર્ચ થયેલ છે.

------------

## તાલુકા વિકાસ અધિકારીઓની ખાલી જગ્યાઓ

૧૫૦૨૧**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) તે ક્યા ક્યા તાલુકાની છે, અને કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માગે છે ?

**જવાબ**

(૧) ૬૪ (ચોસઠ).

(૨) પત્રક અ મુજબ.

(૩) વહીવટી અનુકુળતાએ.

**પત્રક - અ**

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ક્યારથી ખાલી છે |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ધંધુકા | તા. ૨૫-૪-૦૮ |
| ૨ | | સીટી | તા. ૩૦-૯-૦૮ |
| ૩ | | બરવાળા | તા. ૮-૮-૦૯ |
| ૪ | અમરેલી | લીલીયા | તા. ૨૧-૯-૦૭ |
| ૫ | | રાજુલા | તા. ૭-૭-૦૮ |
| ૬ | | બાબરા | તા. ૨-૬-૦૮ |
| ૭ | | બગસરા | તા. ૧-૯-૦૮ |
| ૮ | | કુકાવાવ | તા. ૧-૭-૦૯ |
| ૯ | | ધારી | તા. ૨૮-૮-૦૯ |
| ૧૦ | આણંદ | પેટલાદ | તા. ૧-૧-૦૯ |
| ૧૧ | | ઉમરેઠ | તા. ૧૧-૨-૦૯ |
| ૧૨ | | ખંભાત | તા. ૧-૧૧-૦૯ |
| ૧૩ | બનાસકાંઠા | ભાભર | તા. ૧૦-૮-૦૯ |
| ૧૪ | | ધાનેરા | તા. ૧૧-૨-૦૯ |
| ૧૫ | | દિયોદર | તા. ૨૪-૪-૦૮ |
| ૧૬ | ભરૂચ | જંબુસર | તા. ૨૦-૧-૧૦ના હુકમથી |
| ૧૭ | ભાવનગર | ઘોઘા | તા. ૩૦-૯-૦૮ |
| ૧૮ | | શિહોર | તા. ૧૧-૨-૦૯ |
| ૧૯ | ભાવનગર | બોટાદ | તા. ૮-૮-૦૯ |
| ૨૦ | દાહોદ | દાહોદ | તા. ૧૩-૨-૦૯ |
| ૨૧ | | ધાનપુર | તા. ૧૨-૨-૦૯ |
| ૨૨ | | ગરબાડા | તા. ૧૨-૨-૦૯ |

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ક્યારથી ખાલી છે |
|---|---|---|---|
| ૨૩ | ગાંધીનગર | દહેગામ | તા. ૨૦-૧-૧૦ના હુકમથી |
| ૨૪ | જામનગર | જામ-ખંભાળીયા | તા. ૪-૧૦-૦૮ |
| ૨૫ | | જામનગર | તા. ૧૩-૨-૦૯ |
| ૨૬ | | દ્વારકા | તા. ૧-૨-૦૮ |
| ૨૭ | જુનાગઢ | વેરાવળ | તા. ૧-૮-૦૮ |
| ૨૮ | | ભેંસાણ | તા. ૯-૫-૦૮ |
| ૨૯ | | માણાવદર | તા. ૧-૨-૦૯ |
| ૩૦ | કચ્છ | નખત્રાણા | તા. ૧૧-૨-૦૯ |
| ૩૧ | | ગાંધીધામ | તા. ૧-૧-૦૭ |
| ૩૨ | | અંજાર | તા. ૨૬-૭-૦૯ |
| ૩૩ | | લખપત | તા. ૧-૯-૦૯ |
| ૩૪ | ખેડા | બાલાસિનોર | તા. ૧૦-૨-૦૯ |
| ૩૫ | | કઠલાલ | તા. ૮-૮-૦૯ |
| ૩૬ | | વિરપુર | તા. ૧-૧૦-૦૯ |
| ૩૭ | મહેસાણા | વડનગર | તા. ૧૦-૨-૦૯ |
| ૩૮ | | બેચરાજી | તા. ૧-૭-૦૯ |
| ૩૯ | | વિસનગર | તા. ૮-૮-૦૯ |
| ૪૦ | પંચમહાલ | સંતરામપુર | તા. ૮-૮-૦૯ |
| ૪૧ | | હાલોલ | તા. ૧૨-૨-૦૯ |
| ૪૨ | | ઘોઘંબા | તા. ૧૨-૨-૦૯ |
| ૪૩ | | કડાણા | તા. ૧-૫-૦૯ |
| ૪૪ | પાટણ | હારીજ | તા. ૧-૧૨-૦૮ |
| ૪૫ | | રાધનપુર | તા. ૧-૭-૦૯ |
| ૪૬ | | સાંતલપુર | તા. ૮-૮-૦૯ |
| ૪૭ | પોરબંદર | કુતિયાણા | તા. ૧૩-૮-૦૭ |
| ૪૮ | રાજકોટ | રાજકોટ | તા. ૨૧-૨-૦૯ |
| ૪૯ | | મોરબી | તા. ૮-૮-૦૯ |
| ૫૦ | | કોટડા સંગાણી | તા. ૧-૧૨-૦૬ |
| ૫૧ | | જામકંડોરણા | તા. ૧-૫-૦૮ |
| ૫૨ | | ટંકારા | તા. ૨૧-૨-૦૯ |
| ૫૩ | સાબરકાંઠા | વિજયનગર | તા. ૧૬-૨-૦૯ |
| ૫૪ | | તલોદ | તા. ૧૬-૨-૦૯ |
| ૫૫ | સુરેન્દ્રનગર | ધ્રાંગધ્રા | તા. ૨૪-૨-૦૯ |
| ૫૬ | | વઢવાણ | તા. ૧૮-૨-૦૯ |
| ૫૭ | | લખતર | તા. ૨૦-૨-૦૯ |
| ૫૮ | | મુળી | તા. ૧-૮-૦૮ |
| ૫૯ | વડોદરા | વાઘોડીયા | તા. ૧-૭-૦૮ |
| ૬૦ | | ક્વાંટ | તા. ૧૧-૨-૦૯ |
| ૬૧ | | ડભોઇ | તા. ૧-૭-૦૯ |
| ૬૨ | | વડોદરા | તા. ૭-૧૦-૦૯ |
| ૬૩ | વલસાડ | કપરાડા | તા. ૮-૮-૦૯ |
| ૬૪ | તાપી | નિઝર | તા. ૧-૪-૦૯ |

------------

## તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને એલ.પી.જી. ગેસ કનેક્શન આપવા બાબત

૧૫૨૪૬ **શ્રી ગણપતભાઈ વસાવા (માંગરોળ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન વનબંધુ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિના કેટલા લાભાર્થીઓને એલ.પી.જી. ગેસ કનેક્શન આપવામાં આવ્યા, અને

(૨) તેમાં કેટલી સબસીડી આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૯૦ લાભાર્થી.

(૨) પ્રત્યેક ગેસ જોડાણદીઠ રૂા. ૨૨૦૦/- રૂા. ૬,૩૮,૦૦૦/-ની સબસીડી આપવામાં આવી.

------------

## દાહોદ જિલ્લામાં તલાટીકમ મંત્રીની ખાલી જ્ગ્યાઓ

૧૪૦૬૦ **શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તલાટીકમ મંત્રીની મહેકમ મુજબ કેટલી જ્ગ્યાઓ ભરેલી છે,

(૨) કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

(૩) આવી ખાલી જ્ગ્યાઓ ભરવા માટે સરકારે શું વિચારેલ છે, અને

(૪) તે ક્યાં સુધીમાં સરકાર ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) ૨૧૦.

(૨) ૬૦.

(૩) સત્વરે ભરવા આયોજન છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**લુણાવાડા તાલુકામાં સસ્તા અનાજની દુકાનોના લાયસન્સ રદ કરવા બાબત**

૧૪૬૬૨**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સસ્તા અનાજની દુકાનદારોના લાયસન્સ રદ કરેલ છે, અને | (૧) હાલોલ તાલુકામાં ૧ (એક) લાયસન્સ રદ કરેલ છે લુણાવાડા તાલુકામાં આવો કોઈ કિસ્સો નથી. |
| (૨) નવા લાયસન્સ આપવા માટે સરકારએ શી કાર્યવાહી હાથ ધરી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**પાટણ જિલ્લામાં પંચવટી યોજના**

૧૫૨૪૩**શ્રી રજનીકાન્ત સો.પટેલ(ચાણસ્મા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલી પંચવટી મંજૂર કરવામાં આવી, | (૧) ૩૫ (પાંત્રીસ). |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી પંચવટી બનાવવામાં આવી, અને | (૨) ૪ (ચાર) પૂર્ણ<br>૩૧ (એકત્રીસ પ્રગતિમાં). |
| (૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂા. ૧૦.૮૧ લાખ. |

------------

**વલસાડ જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં આવાસો મંજૂર કરવા બાબત**

૧૫૨૫૪ **શ્રી રમણલાલ ના.પાટકર(ઉમરગામ):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, | (૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ ૭૦૫ આવાસો મંજૂર કરવામાં આવ્યા, |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કેટલા આવાસોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને | (૨) ૩૮૦ આવાસોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. (૩૨૫ આવાસોનું કામ પ્રગતિ હેઠળ છે.) |
| (૩) બાકી આવાસોનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બાકી આવાસોનું કામ બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

**જામનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જૂથ કૂવા મંજૂર કરવા બાબત**

૧૫૧૩૬ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ ગેરંટી રોજગાર સન ૨૦૦૮ અને ૨૦૦૯ માં તાલુકાવાર કેટલા જૂથ કૂવા મંજૂર કરવામાં આવ્યાં, | (૧) જામનગર જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ ગેરન્ટી રોજગાર સન-૨૦૦૮ અને ૨૦૦૯માં તાલુકાવાર કોઈ જૂથ કૂવા મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી કેટલા જૂથ કૂવા પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેલા કૂવાઓ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## સમી અને હારીજ તાલુકામાં ગ્રામ પંચાયતો

૧૪૬૨૯**શ્રી ભાવસિંહભાઈ રાઠોડ(સમી) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ સમી-હારીજ તાલુકામાં કેટલી ગ્રામ પંચાયત આવેલ છે,

(૧) સમી ૮૪ હારીજ ૩૮

(૨) હેડ ક્વાર્ટસમાં કેટલા તલાટી-ક્મ-મંત્રીઓ હાજર રહે છે, અને

(૨) તમામ

(૩) જો હાજર ન રહેતા હોય તો તેમની સામે શાં પગલાં લીધા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોના પાકા મકાનો

૧૪૬૩૧ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના મકાન પાકા છે,

(૧)

| ક્રમ | તાલુકો | ગ્રામ પંચાયતના પાકા મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | નડીયાદ | ૫૮ |
| ૨ | મહુધા | ૪૦ |
| ૩ | મહેમદાવાદ | ૬૩ |
| ૪ | ખેડા | ૩૭ |
| ૫ | માતર | ૫૨ |
| ૬ | કપડવંજ | ૮૮ |
| ૭ | કઠલાલ | ૫૧ |
| ૮ | વિરપુર | ૩૦ |
| ૯ | બાલાશિનોર | ૪૦ |
| ૧૦ | ઠાસરા | ૧૦૦ |
| | **કુલ** | **૫૫૯** |

(૨) કેટલી ગ્રામ પંચાયતોના મકાનો જર્જરીત હાલતમાં છે, અને

(૨) ૪૭ (સુડતાલીસ)

(૩) આ પંચાયત ઘર નવા બનાવવા સરકારનું શું આયોજન છે ?

(૩) નવા નાણાંકીય વર્ષમાં તબક્કાવાર આયોજન કરવામાં આવશે.

------------

## આણંદ જિલ્લાના ગામોમાં નીલગાયો દ્વારા ખેતીના પાકને નુકસાન

૧૫૪૯૭ **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આણંદ જિલ્લાના કાંઠા વિસ્તારના ગામોમાં નીલ ગાયો ખેતીને પાકને નુકસાન પહોંચાડે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તેને અટકાવવા શાં પગલાં લેવામાં આવ્યા,

(૨) વન્ય પ્રાણી રોઝ (નીલગાય)થી ખેતીના પાકનું નુકસાન અટકાવવા કાંટાળા તારની વાડ બનાવવાની યોજના અમલમાં છે તથા તા. ૩૦-૧-૦૯ના જાહેરનામા પ્રમાણે વધુ ઉપદ્રવવાળા ગામોના સરપંચશ્રીઓને રોઝના નિકાલ કરવા માટેની સત્તા આપવામાં આવેલ છે.

(૩) જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ માં તે માટે કેટલી ગ્રાંટ ફાળવવામાં આવી, અને

(૩) આણંદ જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ માં રૂ.૧,૨૫,૦૦૦/-તથા સને ૨૦૦૮-૦૯ માં રૂ.૧,૨૫,૦૦૦/- કાંટાળા તારની વાડ બનાવવાની સહાય માટે ગ્રાંટની ફાળવણી કરવામાં આવી.

(૪) કેટલા ખેડૂતોને યોજનાનો લાભ આપવામાં આવ્યો ?

(૪) જિલ્લામાં મળેલ ગ્રાંટના પ્રમાણમાં નીચેની વિગતે ખેડૂતોને લાભ આપેલ છે.

| **વર્ષ** | **લાભાર્થીની સંખ્યા** |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૦ |
| ૨૦૦૮-૦૯ | ૧ |

------------

## રાધનપુર તાલુકામાં બી.પી.એલ. ની યાદીમાં લાભાર્થીઓના નામ સમાવવા બાબત

૧૪૬૨૬ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાધનપુર તાલુકામાં બાકી રહી ગયેલા ગરીબી રેખામાં જીવતા લાભાર્થીઓને બી.પી.એલ. યાદીમાં ક્યા સુધીમાં સમાવવામાં આવશે ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાધનપુર તાલુકામાં બી.પી.એલ. યાદીમાં નામ દાખલ કરવા માટે અરજીઓ મળેલ છે જે ચકાસણી હેઠળ છે જે પૂર્ણ થયેથી નિયમોનુસાર પાત્રતા ધરાવતાં લાભાર્થીઓને બી.પી.એલ. યાદીમાં સમાવવામાં આવશે.

------------

## પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં સિંહ અને દીપડા દ્વારા હિંસક હુમલાઓ

૧૪૪૨૭ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દીપડા તથા સિંહે ક્યા ક્યા ગામોમાં કેટલા હિંસક હુમલા કર્યા છે,

(૨) તેમાં કેટલા મનુષ્ય, ગાય, ભેંસ અને બકરાના મૃત્યુ નોંધાયા છે, અને

(૩) મૃત્યુ પામનાર પશુઓના માલિકોને અને મનુષ્યના વારસદારોને સરકાર દ્વારા શું સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લાના પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દીપડા તથા સિંહે કરેલા હિંસક હુમલાનું ગામવાર **પત્રક** સામેલ છે.

(૨) પાલીતાણા અને ગારીયાધાર તાલુકાઓમાં કોઈ મનુષ્યનું મૃત્યુ નોંધાયેલ નથી. બંને તાલુકામાં નીચેની વિગતે પશુઓના મૃત્યુ નોંધાયેલ છે.

| **વર્ષ** | **ગાય** | **ભેંસ** | **બકરા** |
|---|---|---|---|
| ૨૦૦૮ | ૩૬ | ૯ | ૨૩ |
| ૨૦૦૯ | ૨૧ | ૯ | ૧૭ |

(૩) પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં મૃત્યુ પામનાર પશુઓના માલિકોને વર્ષ ૨૦૦૮માં રૂા. ૨,૧૪,૮૨૫/-અને વર્ષ ૨૦૦૯માં રૂા. ૧,૪૦,૯૫૦/- રાહત વળતરની ચુકવણી કરવામાં આવી.

**પત્રક**

| અ.નં.<br>૧ | વર્ષ<br>૨ | તાલુકાનું નામ<br>૩ | ગામનું નામ<br>૪ | દિપડો દ્વારા થયેલ હુમલા<br>૫ | સિંહો દ્વારા થયેલ હુમલા<br>૬ |
|---|---|---|---|---|---|
| ૧ | **૨૦૦૮** | પાલીતાણા | કુંભણ | ૦ | ૨ |
| ૨ | | પાલીતાણા | ભુતડીયા | ૦ | ૨ |
| ૩ | | પાલીતાણા | દેપલા | ૦ | ૪ |
| ૪ | | પાલીતાણા | લાપાળીયા | ૦ | ૨ |
| ૫ | | પાલીતાણા | સાતાનાનેસ | ૧ | ૨ |
| ૬ | | પાલીતાણા | ભંડારીયા | ૦ | ૭ |
| ૭ | | પાલીતાણા | શેવડીવદર | ૦ | ૨ |
| ૮ | | પાલીતાણા | મેંઢા | ૦ | ૧ |
| ૯ | | પાલીતાણા | સાંજણાસર | ૦ | ૧ |
| ૧૦ | | પાલીતાણા | રાજસ્થળી | ૦ | ૩ |
| ૧૧ | | પાલીતાણા | બોદાનાનેસ | ૦ | ૧ |
| ૧૨ | | પાલીતાણા | પાંડેરીયા | ૦ | ૨ |
| ૧૩ | | પાલીતાણા | કંજરડા | ૨ | ૦ |
| ૧૪ | | પાલીતાણા | રોહીશાળા | ૧ | ૦ |
| ૧૫ | | પાલીતાણા | જાળીયા હસ્તગીરી | ૧ | ૦ |
| ૧૬ | | પાલીતાણા | મોટી યાણીયાળી | ૦ | ૩ |
| ૧૭ | | પાલીતાણા | ભુતિયા | ૦ | ૧ |
| ૧૮ | | પાલીતાણા | રાણપરડા (ચોક) | ૦ | ૨ |
| ૧૯ | | પાલીતાણા | ચોક | ૦ | ૧ |
| ૨૦ | | પાલીતાણા | અયાવેજ | ૦ | ૩ |
| ૨૧ | | પાલીતાણા | કદમગીરી | ૦ | ૧ |
| ૨૨ | | પાલીતાણા | વીરપુર | ૦ | ૧ |
| ૨૩ | | પાલીતાણા | વિજાનાનેસ | ૦ | ૧ |
| ૨૪ | | પાલીતાણા | માયધાર | ૦ | ૧ |
| ૨૫ | | પાલીતાણા | મોરછુપણા | ૦ | ૫ |
| ૨૬ | | પાલીતાણા | વડાળ | ૦ | ૧૫ |
| | | | **કુલ...** | **૫** | **૬૩** |
| ૨૭ | | ગારીયાધાર | રાણીગામ | ૦ | ૩૩ |
| ૨૮ | | ગારીયાધાર | જુના-પા | ૧ | ૦ |
| ૨૯ | | ગારીયાધાર | ઠાસા | ૦ | ૧ |
| | | | **કુલ...** | **૧** | **૩૪** |
| | **૨૦૦૯** | | | | |

| અ.નં. | વર્ષ | તાલુકાનું નામ | ગામનું નામ | દિપડો દ્વારા થયેલ હુમલા | સિંહો દ્વારા થયેલ હુમલા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | | પાલીતાણા | રોહીશાળા | ૧ | ૦ |
| ૨ | | પાલીતાણા | શેવડીવદર | ૦ | ૪ |
| ૩ | | પાલીતાણા | ભંડારીયા | ૦ | ૧૩ |
| ૪ | | પાલીતાણા | રાજસ્થળી | ૦ | ૨ |
| ૫ | | પાલીતાણા | કદમગીરી | ૦ | ૬ |
| ૬ | | પાલીતાણા | ચિરોડા | ૦ | ૧ |
| ૭ | | પાલીતાણા | ભુતડીયા ડેમ | ૦ | ૧ |
| ૮ | | પાલીતાણા | મોરછુપણા | ૦ | ૧ |
| ૯ | | પાલીતાણા | વડાળ | ૦ | ૯ |
| ૧૦ | | પાલીતાણા | સાતાનાનેસ | ૧ | ૪ |
| ૧૧ | | પાલીતાણા | વિરપુર | ૦ | ૨ |
| ૧૨ | | પાલીતાણા | જુનાપાદર | ૦ | ૧ |
| ૧૩ | | પાલીતાણા | પાંડેરીયા | ૦ | ૩ |
| ૧૪ | | પાલીતાણા | મેંઢા | ૦ | ૧ |
| ૧૫ | | પાલીતાણા | આદપુર | ૨ | ૦ |
| ૧૬ | | પાલીતાણા | હાથસણી | ૦ | ૧ |
| ૧૭ | | પાલીતાણા | દેપલા | ૦ | ૩ |
| ૧૮ | | પાલીતાણા | કંજરડા | ૧ | ૦ |
| ૧૯ | | પાલીતાણા | સાંજણાસર | ૦ | ૧ |
| ૨૦ | | પાલીતાણા | જુના સનાળા | ૦ | ૧ |
| ૨૧ | | પાલીતાણા | અયાવેજ | ૦ | ૧ |
| ૨૨ | | પાલીતાણા | વીજાનાનેસ | ૦ | ૧ |
| ૨૩ | | પાલીતાણા | ડુંગરપુર | ૧ | ૦ |
| | | | **કુલ..** | **૬** | **૫૬** |
| ૨૪ | | ગારીયાધાર | રાણીગામ | ૦ | ૧૮ |
| ૨૫ | | ગારીયાધાર | નવા પા ગામ | ૦ | ૧ |
| | | | **કુલ..** | - | **૧૯** |

------------

## સુરેન્દ્રનગર જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોમાં વર્ગ-૧ થી ૪ ની ખાલી જ્ગ્યાઓ

૧૪૩૯૪**શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લા પંચાયત કચેરી અને તાલુકા પંચાયતોની કચેરીમાં કુલ મંજૂર થયેલ વર્ગ-૧ થી વર્ગ-૪ ની કુલ સંખ્યા કેટલી છે,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લા પંચાયત કચેરી અને તાલુકા પંચાયતની કચેરીઓમાં કુલ મંજૂર થયેલ વર્ગ-૧ થી વર્ગ-૪ ની જગ્યાઓ નીચે મુજબ છે.

| કચેરી | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|---|
| જિ.પં. | ૧૪ | ૧૮ | ૨૪૮ | ૬૧ | ૩૪૧ |
| તા.પં. | | | | | |
| વઢવાણ | ૦ | ૦૯ | ૧૦૫૮ | ૨૦ | ૧૦૮૭ |
| લિંબડી | ૦ | ૧૧ | ૮૨૧ | ૩૨ | ૮૬૪ |
| ચુડા | ૦ | ૫ | ૫૨૧ | ૧૧ | ૫૩૭ |
| લખતર | ૦ | ૦૭ | ૫૨૩ | ૧૯ | ૫૪૯ |
| પાટડી | ૦ | ૧૬ | ૧૦૨૫ | ૨૫ | ૧૦૬૬ |
| હળવદ | ૦ | ૧૦ | ૯૨૫ | ૨૪ | ૯૫૯ |
| ધ્રાંગધ્રા | ૦ | ૧૦ | ૧૦૩૪ | ૨૧ | ૧૦૬૫ |
| મુળી | ૦ | ૦૬ | ૭૦૬ | ૧૬ | ૭૨૮ |
| ચોટીલા | ૦ | ૦૮ | ૧૨૯૨ | ૧૮ | ૧૩૧૮ |
| સાયલા | ૦ | ૦૬ | ૯૨૭ | ૨૧ | ૯૫૪ |
| તાલુકા કુલ | ૦ | ૮૮ | ૮૮૩૨ | ૨૦૭ | ૯૧૨૭ |

(૨) આવી વર્ગ-૧ થી વર્ગ-૪ ની જગ્યાઓ તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી ખાલી છે, અને

(૨) વર્ગ-૧ થી વર્ગ-૪ની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| કચેરી | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|---|
| જિ.પં. | ૦૭ | ૦૪ | ૮૯ | ૧૮ | ૧૧૮ |
| તા.પં. | | | | | |
| વઢવાણ | ૦ | ૦૫ | ૪૨ | ૦૬ | ૫૩ |
| લિંબડી | ૦ | ૦૨ | ૭૪ | ૧૩ | ૮૯ |
| ચુડા | ૦ | ૦૧ | ૨૪ | ૦૫ | ૩૦ |
| લખતર | ૦ | ૦૩ | ૫૪ | ૧૩ | ૭૦ |
| પાટડી | ૦ | ૦૫ | ૮૦ | ૧૬ | ૧૦૧ |
| હળવદ | ૦ | ૦૦ | ૯૫ | ૧૩ | ૧૦૮ |
| ધાંગધ્રા | ૦ | ૦૩ | ૬૭ | ૧૩ | ૮૩ |
| મુળી | ૦ | ૦૪ | ૫૪ | ૧૨ | ૭૦ |
| ચોટીલા | ૦ | ૦૫ | ૧૧૬ | ૧૨ | ૧૩૩ |
| સાયલા | ૦ | ૦ | ૯૬ | ૧૧ | ૧૦૭ |
| તાલુકા કુલ | ૦ | ૨૮ | ૭૦૨ | ૧૧૪ | ૮૪૪ |

(૩) આવી ખાલી જ્ગ્યાઓ ભરવા સરકાર દ્વારા શું આયોજન થયેલ છે ?

(૩) સત્વરે ભરવા આયોજન છે.

------------

### જૂનાગઢ જિલ્લામાં પેટ્રોલ પંપોનું તોલમાપ ખાતા દ્વારા ચેકિંગ કરવા બાબત

૧૩૭૯૪**શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ક્યાં ક્યાં પેટ્રોલ પંપો તોલમાપ ખાતા મારફત ચેક કરવામાં આવ્યા, અને

(૨) ચેક થયેલ પેટ્રોલ પંપમાંથી ક્યા ક્યા પેટ્રોલ-પંપમાં પેટ્રોલ-ડીઝલ ઓછું આપવાની ગેરરીતિઓ પકડાયેલ અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) કુલ :- ૮૪૨ તપાસણી કરવામાં આવેલ છે. તાલુકાવાર વિગતો આ સાથે સામેલ *એનેક્ષર-૧ માં આપવામાં આવેલ છે.

(૨) તપાસણી વખતે કોઇ પેટ્રોલ પંપમાં પેટ્રોલ-ડીઝલ ઓછુ આપવાની ગેરરીતિ જણાયેલ નથી. જેથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

* એનેક્ષર-૧ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

------------

### સાબરકાંઠા જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત

૧૫૪૮૫**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વન તલાવડી યોજના હેઠળ તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી વન તલાવડીઓ તાલુકાવાર બનાવવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વિવિધ યોજનાઓ હેઠળ તા. ૩૧-૦૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ તાલુકાવાર વન તલાવડીઓ વન વિભાગ દ્વારા બનાવવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | બનાવેલ તલાવડીની સંખ્યા |
|---|---|
| હિંમતનગર | ૨ |
| મોડાસા | ૧૫ |
| માલપુર | ૭ |
| મેઘરજ | ૧૦ |
| ખેડબ્રહ્મા | ૨૦ |
| **કુલ :** | **૫૪** |

(૨) તેની પાછળ તાલુકાવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| તાલુકાનું નામ | થયેલ ખર્ચ રૂ. લાખમાં |
|---|---|
| હિંમતનગર | ૦.૯૧ |
| મોડાસા | ૬.૩૪ |
| માલપુર | ૨.૮૯ |
| મેઘરજ | ૪.૬૬ |
| ખેડબ્રહ્મા | ૧૩.૮૪ |
| **કુલ :** | **૨૮.૬૪** |

------------

### બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે રોપા ઉછેરવા બાબત

૧૪૦૪૯ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સામાજિક વનીકરણ હેઠળ કેટલા રોપા ઉછેરવામાં આવ્યા, અને

(૨) આ રોપાઓ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તારીખ : ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સામાજિક વનીકરણ હેઠળ ૧૨૦.૨૫ લાખ રોપા ઉછેરવામાં આવેલ છે.

(૨) ઉક્ત રોપાઓ પાછળ કુલ રૂા. ૨૦૩.૦૭ લાખનો ખર્ચ થયેલ છે.

------------

### રાજકોટ જિલ્લામાં ગોચરના દબાણો

૧૪૪૯૨**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ કેટલા ગોચર દબાણો છે,

**જવાબ**

(૧) ૧૨૨૮

(૨) તે પૈકી એક, ત્રણ અને પાંચ વર્ષથી વધુ જૂના કેટલા દબાણો છે,

(૨) એક વર્ષ જુના - ૯૮
ત્રણ વર્ષ જુના - ૧૦૩
પાંચ વર્ષથી વધુ જુના - ૧૦૨૭

(૩) આટલા લાંબા સમયથી ગોચર દબાણો ચાલુ રહેવા બદલ જવાબદારો સામે શા પગલાં લેવાયા છે, અને

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ ગોચર સહિતની ગ્રામ પંચાયતને સંપ્રા? જમીનો પરના દબાણો દૂર કરવાની સત્તા ગ્રામ પંચાયતને સુપ્રત થયેલ છે. સબંધિત ગ્રામ પંચાયતોને આવા દબાણો દૂર કરવા માટે સ્થાયી સુચનાઓ આપેલ છે. સમયાંતરે તાલુકા/જિલ્લા કક્ષાએથી તે અંગે સુચનાઓ આપવામાં આવે છે તથા સમયાંતરે તેની સમીક્ષા કરવામાં આવે છે.

(૪) તમામ દબાણો ક્યાં સુધીમાં હટાવી લેવામાં આવશે ?

(૪) દબાણો નિયમોનુસાર દુર કરવાની કાર્યવાહી વહેલી તકે કરવામાં આવશે.

## વડોદરા જિલ્લાની તાલુકા પંચાયત કચેરીઓના મકાનો જર્જરીત હાલતમાં હોવા બાબત

૧૪૭૨૬**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ કેટલી તાલુકા પંચાયત કચેરીઓના મકાનો જર્જરીત હાલતમાં છે,

(૨) આ કચેરીઓના નવિન મકાનો બનાવવા માટે તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમની દરખાસ્તો સરકારને મળી છે,

(૩) આ કાર્યવાહી તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૪) કઈ તારીખ સુધીમાં કચેરીઓના મકાનોનું બાંધકામ શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ચાર તાલુકા પંચાયતોના મકાનોનો અમુક ભાગ જર્જરિત છે.

(૨) ખંડ-૧ની ચાર તાલુકા પંચાયતો માટે કુલ રૂ. ૧૪૯૮.૦૦ લાખની રકમ માટેની દરખાસ્ત મળેલ છે.

(૩) દરખાસ્ત હેઠળની ચાર તાલુકા પંચાયતો, જુની તાલુકા પંચાયતો છે. જુની તાલુકા પંચાયતોના મકાન બાંધકામ માટે રાજ્ય સરકારની ગ્રાન્ટ/સહાય આપવા માટેની કોઈ યોજના અમલમાં નથી. તેથી વિચારણાનો પ્રશ્ન રહેતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સાબરકાંઠા જિલ્લામાં પંચાયત ઘર-કમ-તલાટી મંત્રી આવાસ મંજૂર કરવા બાબત

૧૫૪૯૦**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા પંચાયત દ ર કમ તલાટી-કમ-મંત્રી આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) એમાંથી કેટલા પંચાયત ઘર કમ-તલાટી મંત્રી આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં મંજુર કરવામાં આવેલ પંચાયત દ ર કમ ત.ક.મંત્રી આવાસ |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૯ |
| ૨ | પ્રાંતિજ | ૮ |
| ક્રમ | તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં મંજુર કરવામાં આવેલ પંચાયત દ ર કમ ત.ક.મંત્રી આવાસ |
| ૩ | ઈડર | ૫ |
| ૪ | મોડાસા | ૮ |
| ૫ | બાયડ | ૧૦ |
| ૬ | ધનસુરા | ૫ |
| ૭ | વડાલી | ૦ |
| ૮ | માલપુર | ૩ |
| ૯ | તલોદ | ૧૨ |
| ૧૦ | મેઘરજ | ૪ |
| ૧૧ | ભિલોડા | ૧૫ |
| ૧૨ | વિજ્યનગર | ૧૧ |
| ૧૩ | ખેડબ્રહ્મા | ૧૦ |
| | **કુલ :** | **૧૦૦** |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | પૂર્ણ થયેલ પંચાયત ઘરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વિજ્યનગર | ૫ |
| ૨ | ખેડબ્રહ્મા | ૯ |
| ૩ | મેઘરજ | ૧ |
| | **કુલ :** | **૧૫** |

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? (૩) રૂ. ૪૯.૮૦ લાખ

------------

**બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનામાં રોજગારી આપવા બાબત**

૧૫૪૮૦**શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી, અને | (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ ૧૦૯૯૫૦ કુટુંબોને રોજગારી આપવામાં આવી છે. |
| (૨) તે અંગે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) કુલ રૂ. ૧૮૬૬.૯૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

**પ્રાથમિક શાળાના બાળકોને ફોલીક એસીડની દવાથી થયેલ આડઅસર અંગે**

**શ્રી શૈલેષ મ. પરમાર (શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું કે-

"તાજેતરમાં બાવળા તાલુકાના વાસણા (ઢેઢાળ) અને સાલજડા પ્રાથમિક શાળાના ૨૫૦ જેટલા બાળકોને રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા અપાયેલ ફોલીક એસીડની ગોળીઓ ખાધા પછી પેટ દર્દ, માથાનો દુ:ખાવો અને ઊલટીઓ થવા લાગતાં તાકીદે સારવાર માટે તેમને દવાખાનામાં ખસેડાયેલ છે. સરકાર દ્વારા અપાયેલ આ ગોળીઓની ગુણવત્તા હલકી હોવાની આમજનતાની ફરિયાદ છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા અપાતી આરોગ્યવર્ધક દવાઓની ગુણવત્તા ચકાસવા અને બાળકોને થયેલ અસર બાબતે આમજનતા અને વાલીઓમાં ફેલાયેલ ભય અને ગભરાટની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં."

**શ્રી જયનારાયણ વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : તા.૧૦-૩-૨૦૧૦ ને બુધવારના રોજ મમતા દિવસ હોઈ કુપોષણ નિવારણ કાર્યક્રમ અંતર્ગત બ્લૉક હેલ્થ ઑફિસ બાવળાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાવીઠાના સેવા વિસ્તારના ૩ ગામો સાલજડા, ઢેઢાલ વાસણા અને જુવાલ રૂપાવટીની પ્રાથમિક શાળાના કુલ - ૬૫૦બાળકોને લોહતત્વની ગોળીઓ આપવામાં આવી હતી. આ ગોળી ગળ્યાં પછી આશરે બે કલાક બાદ કેટલાક બાળકોને પેટમાં દુ:ખાવાની અને ઊબકા આવવાની તકલીફ થતા તબીબો સદર ગામોમાં ટુકડીના રૂપમાં જઈ સ્થળ પર સારવાર તથા જરૂરી કેસોમાં સારવાર તથા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સામૂહિક આરોગ્ય કેન્દ્ર બાવળા ખાતે સારવાર આપવામાં આવી હતી. અગાઉના બે બુધવારના રોજ આજ ગામોમાં આ જ સ્કૂલોમાં નાની આર્યન ગોળીના બે ડોઝ આપવામાં આવેલ હતા. જેમાં કોઈપણ બાળકને કોઈ આડઅસર જોવા મળેલ નહીં. તા.૧૦/૩/૨૦૧૦ના રોજ ત્રીજો ડોઝ આપવામાં આવેલ. જેમાં કેટલાક બાળકોને પેટમાં દુ:ખાવાની અને ઊલટી-ઊબકાની આડઅસર જોવા મળેલ જેની ગામવાર પરિસ્થિતિ આ મુજબ છે.

ગામ સાલજડા:-

૧ થી ૭ ધોરણમાં પ્રાથમિક શાળામાં ૨૨૫ બાળકોને લોહતત્ત્વની નાની ગોળીઓ ફિમેલ હેલ્થ વર્કર દ્વારા આપવામાં આવી હતી. કેટલાક બાળકોને બપોરનાં ૩ કલાકે પેટમાં દુ:ખાવાની અને ઊબકા આવવાની તકલીફ થતાં સ્થળ ઉપર તબીબી અધિકારી દ્વારા ૨૩ બાળકોને સારવાર આપવામાં આવી હતી તેમજ અન્ય ૨૦ બાળકોને સામૂહિક આરોગ્ય કેન્દ્ર બાવળા ખાતે સારવાર આપવામાં આવી હતી.

ઢેઢાલ વાસણા :-

૧ થી ૭ ધોરણમાં પ્રાથમિક શાળામાં ૨૨૫ બાળકોને લોહતત્ત્વની નાની ગોળીઓ આશા વર્કર દ્વારા આપવામાં આવી હતી. ૨ કલાક બાદ બપોરનાં સમયે કેટલાક બાળકોમાં પેટના દુ:ખાવાની અને ઊબકા આવવાની તકલીફ થતા તેઓને સામૂહિક આરોગ્ય કેન્દ્ર બાવળા ખાતે સારવાર આપવામાં આવી હતી. કુલ-૧૬૪ પૈકી

બાવળા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૧૪૬ બાળકોને તેમજ સ્થળ ઉપર ૧૮ બાળકોને સારવાર આપવામાં આવેલ. જે પૈકી બે બાળકો નામે (૧) કૈલાશબેન ઉંમર વર્ષ ૧૩ તથા (૨) હેતલબેન ઉંમર વર્ષ ૧૨ જેઓને તેમના વાલીઓનાં આગ્રહથી સોલા સિવિલ હૉસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરેલ અને તા.૧૧/૩/૨૦૧૦ નાં રોજ રજા આપવામાં આવેલ છે.

જુવાલ રૂપાવટી :-

પ્રાથમિક શાળામાં ૨૦૦ બાળકોને બપોરે લોહતત્ત્વની ગોળીઓ આશાવર્કર દ્વારા આપવામાં આવી હતી. કુલ-૧૫ બાળકોને પેટમાં દુ:ખાવાની અને ઊબકા આવવાની તકલીફ થતાં સ્થળ ઉપર ૫ બાળકો તથા ૧૦ બાળકોને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ધોળકા ખાતે સારવાર આપવામાં આવી હતી.

આ બનાવથી ગભરાયેલા બીજા બાળકો પણ આરોગ્ય સેવા લેવા માટે તેમનાં વાલીઓ સાથે દોડી આવેલા જે માટે આરોગ્ય તંત્ર દ્વારા બે ૧૦૮ એમ્બ્યુલન્સ તેમજ અન્ય બે એમ્બ્યુલન્સ એમ કુલ-૪ એમ્બ્યુલન્સ દ્વારા બાળકોને સારવાર અર્થે સામૂહિક આરોગ્ય કેન્દ્ર બાવળા અને ધોળકા ખાતે લઈ જવામાં આવ્યાં હત. ત્રણે ગામમાં તાત્કાલિક કુલ-૧૧ તબીબી અધિકારીશ્રીની ટીમો બનાવી ગામનો સર્વે કરાવેલ અને જરૂરી સારવાર સુવિધા સ્થળ ઉપર પૂરી પાડવામાં આવેલ. ત્રણેય ગામોમાં મૅડિકલ ઓફિસરશ્રીની ટીમ સતત રાઉન્ડ ધ કલોક નિરીક્ષણ માટે મૂકવામાં આવેલ.

કુલ ૨૨૨ બાળકોને તપાસ કરી સારવાર આપવામાં આવેલ જે પૈકી ૧૬૬ બાળકોને સામૂહિક આરોગ્ય કેન્દ્ર બાવળાખાતે સારવાર આપેલ, જે પૈકી ૨ દર્દીઓને નિરીક્ષણ માટે દાખલ કરેલ હતા અને ૨ દર્દીઓ સ્વેચ્છાએ જવા માંગતા સોલા સિવિલ હૉસ્પિટલ ખાતે રીફર કરવામાં આવેલ. જ્યારે ૪૬ જેટલા બાળકોને જે તે ગામોમાં સ્થળ પર સારવાર આપવામાં આવેલ છે. આમ કુલ-૨૨૨ બાળકોને સારવાર આપેલ.

બાળકોને પેટમાં દુ:ખાવાની અને ઊલટી-ઊબકા આવવાની તકલીફ માટે એન્ટાસીડ સીરપ, ફેમોટીડીન ટેબલેટ તથા ડોમસ્ટાલ ટેબલેટ આપવામાં આવી હતી. તેમજ વધારે અસર ધરાવતા બાળકોને ઇંજૅક્શન રીંગર લેકટેટની ડ્રીપ તથા ઈન્જેકશન રેનટેક અને ઓન્ડાસ્ટીરોન બાળ રોગ નિષ્ણાંતની સલાહ મુજબ આપવામાં આવ્યાં હતા.

લોકોમાં ગભરામણ દૂર કરવા તબીબી અધિકારીઓની ટુકડી તેમજ આરોગ્ય કર્મચારીઓએ સામાજિક કાર્યકરો અને અન્ય આગેવાનો સાથે રહીને વાલીઓને સમજણ આપવામાં આવી હતી.

સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે બે બાળરોગ નિષ્ણાંતોની સેવાઓ પણ લેવામાં આવી હતી. ત્રિમૂર્તિ હૉસ્પિટલના તબીબો હાજર રહ્યાં હતાં.

સમગ્ર કામગીરીની સુપરવિઝન માટે વિભાગીય નાયબ નિયામકશ્રી, મુખ્ય જિલ્લા અધિકારીશ્રી, જિલ્લા આર.સી.એચ. ઓફિસરશ્રી તથા જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીશ્રી તથા બ્લૉક હેલ્થ ઑફિસર બાવળાએ હાજર રહી સતત નિરીક્ષણ કરી કામગીરી સંભાળેલ હતી.

ગોળીઓની ગુણવત્તા બાબતે ઉક્ત ત્રણેય ગામોમાં કુપોષણ નિવારણ કાર્યક્રમ હેઠળ જે ટેબલેટ આર્યન - ફોલીક એસીડ (સ્મોલ) આપવામાં આવેલ તે બેચ નં.૯૧૦૦૭ અને નં.૯૧૨૦૬ ની મેસર્સ સુદર્શન ફાર્મા પ્રાઈવેટ લિમિટેડ ઈન્દોર પાસેથી બેચ નં.૯૧૦૦૭ની મેન્યુફેકચરીંગ તા.૧૦/૨૦૦૯ અને એકસપાયરી તા.૯/૨૦૧૧ ધરાવતી ૫૭૦૦૦૦ ટેબલેટ તથા બેચ નં.૯૧૨૦૬ની મેન્યુફેકચરીંગ તા.૧૨/૨૦૦૯ અને એકસપાયરી તા.૧૧/૨૦૧૧ ધરાવતી ૬૦૦૦૦૦ ટેબલેટ મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્રએ ખરીદેલ પેઢીએ ઈન્વોઈસ સાથે આ બંને બેચના રૂબરૂ કરેલ ટેસ્ટ રિપોર્ટ મુજબ દવા પ્રમાણસર હોવાનું જણાયેલ.

રાજ્યના દર્દીઓ માટે જરૂરી દવાઓ ખરીદી અને પૂરી પાડવાની કામગીરી મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્ર ગાંધીનગર દ્વારા હાથ ધરવામાં આવે છે. આ માટે ખુલી ટેન્ડર પ્રક્રિયાએ ડબલ્યુ.એચ.ઓ./જી.એમ.પી. પ્રમાણપત્રો ધરાવતા ઉત્પાદકો પાસેથી જ દવાઓ ખરીદ થાય છે છે. આ પ્રમાણપત્રો જે તે રાજ્યના કમિશનર / ડ્રગ કંન્ટ્રોલર-ઔષધ નિયમન તંત્ર દ્વારા આપવામાં આવે છે. પ્રશ્ન હેઠળની દવાઓ ઉત્પાદક પેઢી મેસર્સ સુદર્શન ફાર્મા પ્રાઈવેટ લિમિટેડ ઈન્દોર તા.૨૭-૯-૨૦૦૯ થી તા.૨૬-૭-૨૦૧૦ની મુદતનું જી.એમ.પી. પ્રમાણપત્ર ધરાવે છે.

આમ છતાંય આપેલ દવાઓની ગુણવત્તા અંગે ખરાઈ કરવા સ્થળ ઉપરથી લીધેલ સેમ્પલ વડોદરા ખાતેની ઔષધ પ્રયોગશાળામાં મોકલી આપેલ જેની ચકાસણીનો અહેવાલ પણ ઉપલબ્ધ બન્યો છે. જે મુજબ આ દવાઓ ગુણવત્તાની દ્રષ્ટિએ ખામી રહિત હોવાનું જણાયું છે. આમ હલકી ગુણવત્તાની દવાઓ બાળકોને અપાઈ હોય તે વાત પ્રસ્થાપિત થતી નથી.

આમ, રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે સમગ્ર પ્રકરણમાં તકલીફ જણાઈ હોય તેવા તમામ બાળકોને તાત્કાલિક સારવાર તેમજ રેફરલ સેવાઓ પૂરી નિષ્ઠાથી આપેલ છે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું નિવેદન છે એમાં હું ધ્યાન દોરવા માગું છું કે, મધ્યાહ્ન ભોજન બાળકો જમ્યાં પછી આર્યનની એક એક ગોળી આપવામાં આવી હતી. આરોગ્ય વિભાગ દ્વારા વડોદરા ખાતેની જે ઔષધશાળામાં સેમ્પલ તપાસ્યાં બાદ એવું તારણ આવ્યું છે કે આમાં કોઈ પણ રીતે ખામી નહોતી. માનનીય અધ્યક્ષશ્રી, જો આ ગોળીઓમાં ખામી નહોતી તો આ ૩ ગામમાં લગભગ ૩૦૦ કરતાં

વધારે બાળકોને આની આડઅસર થઈ હતી. સરકારી તંત્રની બેદરકારીના કારણે અમે જ્યારે તપાસ કરી છે ત્યારે એવું લાગ્યું છે કે આ ગોળી પુખ્તવયની વ્યકિતઓને જે ગોળીઓ આપવામાં આવતી હતી એ ગોળીનો ડોઝ આ નાના બાળકોને આપવામાં આવી છે ત્યારે સરકારશ્રીએ આ કંપની સામે શું પગલાં લીધા અને જે ડોઝ આપનાર આરોગ્ય અધિકારી સામે શું પગલાં લીધાં એ માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, જે ફોલીક એસીડ અને આર્યનની ગોળીઓ આપવામાં આવી છે એ ૧ થી ૭ ધોરણના બાળકોને જાન્યુઆરીથી આપવાનું નક્કી કર્યું. જે ગોળી આપવામાં આવી તે મોટી ગોળી નથી. ૬૭ મિલિગ્રામ આર્યન એટલે પેરાસલ્ફેટ અને .૧ મિલિગ્રામ ફોલીક એસીડ એ એનું કંમ્પોઝીશન છે એટલે સાહેબ, એલીમેન્ટલ આર્યન ૨૦ મિલિગ્રામ થાય અને ૨૦ મિલિગ્રામ એલીમેન્ટલ આર્યન એટલે ૫ મિલિગ્રામથી ૬ મિલિગ્રામ પ્રતિ કિલો આપીએ તો એ ડોઝ બરોબર ગણાય એવું ગુટમેન અને ગીલમેન ફાર્માકોલોજીકલ બેઝીઝ ઑફ થેરાપેટીકસ ૨૦૦૫ અને માર્ટીન ડેલ ધ કંમ્પ્લીટ ડ્રગ્સ રેફરન્સ ૨૦૦૨ ની ૩૩ ની એડિશનમાં આ વિગતો લખેલી છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, જે ગોળી આપવામાં આવી હતી એ કોઈ રીતે વધારાનો ડોઝ આપવામાં આવ્યો હોય તે પ્રકારની ગોળી હતી નહિ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને આપના થકી હું કહેવા માગું છું કે આર્યન એટલે કે લોહતત્ત્વ સામાન્ય રીતે મોં વાટે આપવામાં આવે છે અને એના કારણ ક્યારેક ક્યારેક હમણાં ગરમીનો વાવર શરૂ થયો છે ત્યારે ક્યારેક એની આડઅસર મોટેભાગે ઊબકા આવવા, પેટમાં દુ:ખાવો થવો અથવા ઝાડા થવા જેવી આડઅસર આવવાની શક્યતા છે. આ આડઅસરના કારણે જે પરિસ્થિતિ પેદા થઈ એના કારણ હું એવું માનું છું અને ત્યાર પછી અમે અમારાં ડેપ્યુટી ડાયરેકટર થકી આખી તપાસ પણ કરાવી છે તો મહદઅંશે એમાં ગભરાહટના કારણે બાળકો ડૉકટર સુધી પહોંચ્યાં હોય, એમના મા-બાપ લઈ ગયા હોય એવું માનવાને વધુ કારણ મળે છે. કારણ કે પ્રાથમિક શાળા સાલજડાના જે બાળકો છે તે કુલ ૨૨૫માંથી ૪૩ ને અસર થઈ, ઢેઢાલના ૨૨૫ માંથી અસર ૧૮ ને થઈ. સ્થળ ઉપર ચકાસણી કરીને ૧૪૬ એમ કરીને ૧૬૪ બાળકો ડોકટરો સુધી પહોંચ્યા અને જુવાલ-રુપાવટીના ૨૦૦માંથી પાંચ બાળકોને સ્થળ ઉપર ટ્રીટમેન્ટ આપી અને દસ બાળકોને સી.એચ.સી.માં ધોળકા રીફર કરવામાં આવ્યા. આમ એક ઢેઢાલને બાદ કરીએ તો સાલજડા અને જુવાલ-રુપાવટીમાં ઝાઝી સંખ્યા આના કારણે અસરગ્રસ્ત થઈ હોય એવું છે નહીં અને જે દવાઓ આપવામાં આવી એ દવાઓની ગુણવત્તા બાબત માનનીય સભ્યશ્રીએ વાત કરી તો એ ગુણવત્તા અંગે એ દવાઓના સેમ્પલ વડોદરા ખાતેની સેન્ટ્રલ ડ્રગ રિસર્ચ લેબોરેટરીને મોકલવામાં આવ્યા હતા અને એ ગુણવત્તાની દ્રષ્ટિએ કોઈપણ એમાં ખામી જણાઈ નથી એટલે ગુણવત્તાની દ્રષ્ટિએ એમાં કોઈ મુશ્કેલી હતી એ બાબત આનાથી સિદ્ધ થતી નથી. ત્યારપછી ત્રીજો મુદ્દો આરોગ્ય વિભાગના તંત્રને લગતો છે. નવ ટીમો આ બાબતની જાણ થતાં સ્થળ ઉપર કાર્યરત બની હતી અને એના કારણે આરોગ્ય વિભાગ દ્વારા બેદરકારી રાખવામાં આવી હોય અથવા તો આ મુદ્દે કોઈ બેદરકારી સેવવામાં આવી હોય એવું કોઈ જગ્યાએ ફલીત થતું નથી.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે અત્યારે ગુજરાતમાં ઘણી બધી જગ્યાએ પ્રોબ્લેમ થયા છે. અમારા સાબરકાંઠામાં ત્રણ જગ્યાએ ફોર્ટીફાઈડ આટામાં પણ તકલીફ થઈ છે.

**અધ્યક્ષશ્રી** : અનિલભાઈ, આ જે પ્રશ્ન છે એ લોહતત્વની ગોળીનો છે. એના પૂરતો મર્યાદિત છે.

**ડૉ. અનિલ જોષીયારા** : હા સાહેબ, મારે એ જાણવું છે કે આ કીડસ ટેબ્લેટ નહોતી એ હકીકત છે કે કેમ? આ કીડસ ટેબ્લેટ નહતી. આ એડલ્ટ ડોઝ હતો અને પ્રાથમિક શાળામાં બાળકોને ટેબ્લેટ આપવાનું કયારે નકકી કર્યું?

સરકારે કયારે નિર્ણય કર્યો અને આ જે પ્રાથમિક શાળાના બાળકોના વજન અને ઉંમરને ધ્યાનમાં રાખીને આ ગોળીઓ આપવામાં આવી હતી કે કેમ? અને જો આ ગુણવત્તા ખરેખર સાચી હોય તો આટલી બધી આડઅસર થવાના કારણો શાં છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સંખ્યા ઉપરથી આડઅસરની તીવ્રતા નકકી થતી નથી. બે જ બાળકને દાખલ કરવા પડયા છે અને એને પેઢુનો દુ:ખાવો થયો અને એને ઉપકા આવે તે પ્રકારની ફીલીંગ થઈ એટલે એમને પુરતી ટ્રીટમેન્ટ મળે અને કોઈ પ્રકારનો ગભરાટ ન ફેલાય એટલા માટે દાખલ કરવા પડયા. જે દવા આપવામાં આવે છે. માનનીય સભ્યશ્રી ડોકટર છે. એક નિષ્ણાત ડોકટર છે. આયરન અને ફોલીક એસીડની કોઈપણ એવી આડઅસર નથી કે જે ડાયેરીયા અથવા તો પેઢુના દુ:ખાવાથી વિશેષ હોય અને કયારેક ગરમીનું પ્રમાણ વધે અને જમ્યાને થોડો વિશેષ સમય થયો હોય ત્યારે આ પ્રકારની પરિસ્થિતિ થવા સંભવ છે. રાજયમાં અન્યત્ર કોઈ જગ્યાએથી આ પ્રકારની ફરિયાદો આવી નથી. કયારથી આ સૂચના આપવામાં આવી એવું માનનીય સભ્યશ્રીએ પુછયું છે તો ડિસ્ટ્રીક પ્રોજેકટ મેનેજમેન્ટ યુનિટ દ્વારા તા.૨૫-૧-૨૦૧૦ના સરકયુલરથી અગાઉ આ જે કિશોરીઓને દવા આપતા હતા અને આપણે ત્યાં એનીમીયાનું પ્રમાણ વધારે છે એટલે ૧ થી ૭ ધોરણના બાળકોને આપવા માટેની સૂચના એના થકી આપવામાં આવી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવી છે. ત્યાં જે ટેબ્લેટસ અપાઈ હતી એ ટેબ્લેટસ મારી પાસે છે. જે રીતે પ્રોડકશન થયું છે નરી આંખે એમાં બેચ નંબર કે એકસપાયરી ડેટ જોઈ ન શકાય એવી પરિસ્થિતિ છે. આ ગુજરાત સરકારના ઉપયોગ માટે જ, વેચાણ માટે નહીં

એ રીતની લખાયેલી આ ટેબ્લેટસ અપાય છે. આપ જે ઈન્ગ્રેડીયન્સ કહો છો આડઅસર ન થવી જોઈએ, થાય તો મીનીમાઈઝ થવી જોઈએ પણ એમ છતાં થઈ છે એ હકીકત છે અને એને આપણે અકસ્માત છે એમ નહીં કહી શકીએ. જે ટેબ્લેટસ ત્યાં અપાઈ છે, સરકાર માટે અપાઈ છે એમાં બેચ નંબર, એકસપાયરી ડેટ કોઈ સ્પષ્ટ રીતે દેખાતું નથી. આવું બેજવાબદારીપૂર્વક વલણ રાખનારી કંપની સામે આપ કોઈ પગલાં ભરવા માગો છો?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતા તો એક અતિ સક્ષમ લોયર છે. When I talk about anything, I hjjave to rely upon details which are with me. We have immediately ordered inquiry to be conducted and the Deputy Director has furnished report which I will read for the benefit of Hon'ble Leader of Opposition. આ ગાળાના બે ડોઝ આપવામાં આવ્યા હતા. જેમાં કોઈ આડઅસર જોવા મળેલ હતી નહિ. ટેબ્લેટ આયર્ન ફોલિક એસિડ ગોળીઓ બાળકોને આપવામાં આવેલી, તે બૅન્ચ નંબર ૯૧૦૦૭ અને ૯૧૨૦૬ની મે.સુદર્શન ફાર્મા પ્રા.લિ. ઈન્દોર પાસેથી બૅન્ચ નં.૯૧૦૦૭ ની મેન્યુફેકચરિંગ તા.૧૦-૨૦૦૯, અને એકસ્પાયરી ૦૯-૨૦૧૧ ધરાવતી હતી. ૫,૭૦,૦૦૦ ટેબ્લેટ તથા બૅન્ચ નં. ૯૧૨૦૬ ની મેન્યુફેકચરિંગ તા. ૧૨-૨૦૦૯ અને એકસ્પાયરી તા.૧૧-૨૦૧૧ ધરાવતી ૬ લાખ ટેબ્લેટ મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્રે ખરીદેલ અને સમગ્ર રાજયમાં વપરાશ અર્થે વહેંચવામાં આવેલ હતી. ઉક્ત કંપની તા. ૨૭-૭-૨૦૦૯ થી ૨૬-૭-૨૦૧૦ ની મુદતનું જે.એમ.પી. પ્રમાણપત્ર ધરાવતી કંપની છે. આમ છતા આપેલ દવાઓની ગુણવત્તા અંગે ખરાઈ કરવા સ્થળ ઉપરથી લીધેલ સેમ્પલ વડોદરા ખાતેની ઔષધ પ્રયોગશાળામાં મોકલી આપેલ. જેની ચકાસણીના અહેવાલ મુજબ આ દવાઓ ગુણવત્તાની દ્રષ્ટિએ ખામીરહિત હોવાનું મનાય છે અને સાહેબ મારી પાસે (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારી પાસે સેમ્પલ છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, તપાસી લઈશું.

**અધ્યક્ષશ્રી** : હું એ જ મુદ્દા ઉપર આવું છું. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી કહે છે કે મારી પાસે સેમ્પલ છે, ત્યારે શક્તિસિંહજી આપે પણ આ સેમ્પલ પ્રશ્ન ઉપસ્થિત થતા પહેલા મોકલી આપ્યું હોત તો એ દવા ત્યાં અપાઈ છે એ પૈકીના બૅન્ચનું છે કે નહિ, તેની ચકાસણી થઈ ગઈ હોત. તમારું દવાનું આ સેમ્પલ છે અને ત્યાં જે દવા અપાઈ છે, ત્યાં બંને વચ્ચેની પ્રોડક્ટ હોય, સપ્લાયર એક હોય એ સંભવિત છે. એ બંને વચ્ચેની બૅચ જુદી હોય તો પણ એ બનવાનો સંભવ છે. આમાં ગુણવત્તાની ચકાસણી પણ તમે પેલી દવાઓની તમે કરાવડાવી જે ત્યાંથી સેમ્પલ લીધું છે એ જ બૅચનું હોય તો પછી તપાસ કરાવવાની રહેતી નથી. સારો રસ્તો એ છે કે આપણે અહીંયાં રજૂઆત કરીએ એ આપનો અધિકાર છે. હવે જ્યારે પરિસ્થિતિ પેદા થાય અને પોતાની પાસે કોઈ ચોક્કસ માહિતી હોય અથવા આ પ્રકારની કોઈ ફરિયાદ હોય એ અગાઉથી મોકલી આપીએ. પ્રશ્ન ન ઉપસ્થિત થાય તો પણ મોકલી આપવું જોઈએ અને તે અગાઉથી આવે તો વિભાગને પણ તપાસ કરવાની સરળતા રહે. આપ આપનું સેમ્પલ મોકલી આપશો એ તપાસ કરાવશે. નેકસ્ટ.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## સભ્યશ્રીએ ઉભા થઈ અધ્યક્ષશ્રીનું ધ્યાન ખેંચવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. આપણે બધા નિયમોથી બંધાયેલા છીએ. મારે આપનું ધ્યાન નિયમ ૨૮ તરફ ખેંચવાનું છે. આ વિધાનસભા ગૃહના નિયમોનું પાલન થાય, એનું ગૌરવ જળવાય. સભાગૃહ સમક્ષ કોઈપણ બાબત ઉપર બોલવા માગતા સભ્ય પોતાની જગ્યા ઉપર ઊભા થશે. પ્રશ્નોત્તરી દરમ્યાન અમે આપનું ધ્યાન ખેંચવા માટે આંગળી ઊંચી કરતા હોય અને કરીએ એ બરાબર છે, પણ જ્યારે આપ નામ પોકારો ત્યારે અમારે કમસેકમ અમારા પગ ઉપર અમે ઊભા હોવા જોઈએ, નહિ કે અમે ખાલી આપની પેલા ઉપર છોડી દઈએ અને ઊભા થવાની તસ્દી ન લઈએ અને આપના તરફથી નામ પોકારાય. એક વખત હાથ ઊંચો કર્યા પછી હાથ પણ ઊંચો ન થાય અને નામ પોકારાય મને લાગે છે કે આપણા નિયમોની જે જોગવાઈ છે, તેને સુસંગત નથી. પ્રશ્નોત્તરી દરમ્યાન હું સમજી શકું છું. બીજી કાર્યવાહી દરમ્યાન આપની પાસે જે નામો આવ્યાં છે, આપની પાસે સમયની ફાળવણી છે. આપ નામોનું સંચાલન કરો છો. આપ નામ પોકારો છો સમજી શકાય, પરંતુ નિયમ-૨૮ સ્પષ્ટ કહે છે કે સભાગૃહ સમક્ષની કોઈપણ બાબત ઉપર બોલવા માગતા સભ્યે પોતાની જગ્યા ઉપર ઊભા થશે અને જો અધ્યક્ષ કહે તો જ બોલશે. પ્રી-કન્ડીશન છે કે સભ્યએ પગ ઉપર ઊભા થવું જોઈએ. માનનીય સત્તાધારી પક્ષના માનનીય સભ્યશ્રીઓ ઊભા થવાની તસ્દી જ લેતા નથી અને હાથ ઊંચો કરે, આંગળી ઊંચી કરે. નિયમ આપણો કહે છે કે મેમ્બર સુડ બી ઑન લેગ્સ.

**શ્રી જયનારાયણ વ્યાસ** : Let us understand why this rule has been framed. This rule has been framed not for attracting attention, this rule is a pre-condition if the Hon'ble Member wants to speak. He must be standing, and the pre-condition is for speaking and not for attracting attention. Attention can be attracted by sitting or by raising hand also and it is

upto Hon'ble Speaker. If the Hon'ble Speaker has noticed that the Hon'ble Member wants to question or ask something or make some comment; it is absolutely within right of Hon'ble Speaker to ask for any Hon'ble Member to stand up and ask the question, Sir, where is applicability of Rule ૨૮? સાહેબ, આ અત્યારે જ આ વિરોધપક્ષના નેતાશ્રી બેઠાં બેઠાં બોલી રહયા છે.

**અધ્યક્ષશ્રી** : તમે બોલ્યા એ સાંભળતા હતા, દરેક વખતે આપે વચ્ચે બોલવું એવું જરૂરી નથી. આપે મંત્રીશ્રીને સાંભળવા જોઈએ. (અંતરાય) નહીં, નહીં, આપને હું તક આપીશ પણ, આપને તક આપીશ, એક પ્રશ્ન ઉપર જયારે ચર્ચા શરૂ થઈ ત્યારે, આપ બોલતા હતા ત્યારે મેં એમને બોલવા દીધા ન હતા હવે જયારે સભ્યશ્રી બોલે છે ત્યારે આપે નહીં બોલવું જોઈએ, એટલું તો સૌજન્ય રાખો. પછી આપને તક આપું છું. પછી વચ્ચે બોલવાનો કોઈ અર્થ ખરો?

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, જે નિયમ ૨૮ ટાંકવામાં આવ્યો છે એ તો માનનીય અધ્યક્ષશ્રી, બેઠાં બેઠાં બોલાય નહીં અને એના ઉપર પણ અપવાદ છે આપ માનનીય અધ્યક્ષશ્રી મંજૂરી આપો તો બેઠાં બેઠાં પણ બોલી શકાય છે. એની નિયમ ૨૯માં જોગવાઈ છે. એટલે આ મુદ્દો ઉપસ્થિત કરવો એ અપ્રસ્તુત છે. આપનું attention attract થયું છે કે નહીં એ આપે નકકી કરવાનું છે અને માનનીય અધ્યક્ષશ્રી, આપની નોંધમાં કોઈ સભ્યશ્રી આવ્યા હોય તો આપના પોતાના નિર્ણય મુજબ આપ કોઈને પણ તક આપવામાં સક્ષમ છો.

**અધ્યક્ષશ્રી** : લાંબી ચર્ચા મારે નથી કરવી એટલા માટે, મને સાંભળશો પણ, (અંતરાય) અચ્છા.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ, આપ કહો છો કે બેઠાં બેઠાં બોલે છે, હું તક આપું છું, આપે તક આપવાનું કહયા પછી..

**અધ્યક્ષશ્રી** : હું શા માટે ના પાડતો હતો હું તે કહીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જી, માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે બોલું છું કે માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી નિયમ ૨૮ અને નિયમ ૨૯, બંને જુદા છે નિયમ ૨૮ પહેલાં pre-condition that સભ્ય કયારે બોલી શકે જયારે પગ ઉપર ઉભા થયા હોય અને અધ્યક્ષશ્રી નામ બોલે તો જ. નિયમ ૨૯ છે એ સભ્યશ્રીએ ઉભા ઉભા બોલવું જોઈએ માંદગી કે ખોડખાંપણના કારણે એમને બેઠાં બેઠાં બોલવાની છૂટ આપી શકે એ નિયમ ૨૯ છે. નિયમ ૨૮ શાના માટે છે, પહેલાં એ બરાબર કહેતા હતા એટલે હું બેઠાં બેઠાં કહેતો હતો કે he is on right tract, એમનું કહેવાનું હતું કે પ્રિકન્ડીશન સભ્ય પગ ઉપર ઉભા થાય પછી જ અધ્યક્ષશ્રી નામ બોલે અને માનનીય અધ્યક્ષશ્રી, આપે જોયું હશે કે આ માનનીય સભાગૃહના સિનિયર મોસ્ટ મેમ્બર ઉંમરલાયક હોય તો પણ પચાસ પચાસ ઉઠબેસ કરતા હશે પ્રશ્નોત્તરી દરમિયાન ભૂતકાળમાં આ સભાગૃહમાં આપણે સૌ એના સાક્ષી રહયા છીએ, માનનીય સનતભાઈ હોય, માનનીય મનોહરસિંહજી હોય, માનનીય દિનશા હોય કે માનનીય બાબુભાઈ હોય, અહીં સવાલ એ છે એટલો જ છે કે જેનું આપ નામ બોલો એનું નામ બોલતાં પહેલાં પ્રિકન્ડીશન એ છે કે સભ્યશ્રી પગ ઉપર ઉભા હોવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** :આ પ્રશ્ન મારી કાર્યશૈલી ઉપરનો છે. મારી કાર્ય પધ્ધતિ ઉપરથી ઉભો થયેલો આ પ્રશ્ન છે અને માનનીય શકિતસિંહજીએ આ પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે ત્યારે મને દુ:ખ એ વાતનું થયું કે એમણે એમ કહ્યું કે શાસક પક્ષના સભ્યો ઉભા થતા નથી એની હું ગંભીર નોંધ લઉં છું. મેં જે કાર્યશૈલી અપનાવી છે એમાં બે પ્રશ્ન આવે છે. એક એવો છે કે 'આઈ કેચીંગ' શબ્દ છે કે કોઈ પણ સભ્યશ્રી ચર્ચામાં ભાગ લેવા માગતો હોય તો એણે અધ્યક્ષની આઈ કેચ કરવાની હોય છે અને તે હેતુ માટે નિયમ-૨૮ લાગુ પડે છે. જયારે પ્રશ્નોત્તરી દરમ્યાન પૂરક પ્રશ્ન પૂછવા માગતા સભ્યશ્રીનું નામ અધ્યક્ષશ્રી પોકારે ત્યારે તે સભ્ય પૂરક પ્રશ્ન પૂછી શકે છે. અને એ આપ જાણો છો. અહીંયા આઈ કેચીંગનો અર્થ એ કર્યો કે કોઈ પણ સભ્ય પ્રશ્નોતરી દરમયાન, માત્ર પ્રશ્નોતરી દરમ્યાન જ એ પોતાનો હાથ ઉંચો કરે પછી આ પાટલી ઉપરથી કરે કે આ પાટલી ઉપરથી હાથ ઉંચો કરે મને એમા કોઈ નહીં આ પાટલીના ત્રણ કરે આ પાટલીનો એક કરે ત્યારે હું એનું નામ લખી લઉં છું અને મારી કોઈ પણ પ્રશ્નોતરી જુઓ તો એની અંદર જેમણે હાથ ઉંચો કર્યો છે એના નામ મેં નોંધ્યા છે શકિતસિંહજી. એટલે આપ જે પહેલી વાત કરો છો એ મારી કાર્યશૈલી માટેની વાત છે? (અંતરાય) નહીં કાર્યશૈલીની જ વાત છે અને પ્રશ્ન એમાંથી જ ઉભો થયો છે અને એટલે હું ગંભીરતાથી લઉં છું. કાર્યશૈલી તમે કહ્યું છે, તમારા એ શબ્દો છે તમે રેકોર્ડને જોઈ લેજો તમારા શબ્દોને ચોખ્ખા મેં સાંભળ્યા છે કે શાસક પક્ષના સભ્યો બેઠા બેઠા બોલે છે ઉભા નથી થતાને તમે તક આપો છો. આ બાજુનાને પણ તક આપી છે અને આ બાજુને પણ તક આપી છે. આ મારી

કાર્યશૈલી છે અને એ કાર્યશૈલી મારી સાચી છે.(અંતરાય) નહીં, એજ કહ્યું છે આપ ફરીથી જોઈ જજો. આપ જોઈ લેજો આપના આ શબ્દો છે. અને મને ચોક્કસ ખબર છે કે તમારી યાદ શકિત ખૂબ સારી છે.(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપની કાર્યશૈલી માટે કોઈ સવાલ જ નથી.

**અધ્યક્ષશ્રી** : આ મારી કાર્યશૈલી માટેનો જ ઉભો થયેલો પ્રશ્ન છે. અધ્યક્ષની કાર્યશૈલી માટે કોઈ પ્રશ્ન હોય તો એની પધ્ધતિ એવી છે કે એ પ્રશ્ન ચેમ્બરમાં ચર્ચાય છે. આ પ્રશ્ન અહીંયા ચર્ચાય છે ત્યારે એનું રૂલિંગ હું આપુ છું કે મને મારી કાર્યશૈલી નક્કી કરવાનો અધિકાર છે અને મેં માત્ર પ્રશ્નોતરીની અંદર જે કાર્યશૈલી નક્કી કરી છે કે જે સભ્ય પ્રશ્ન પૂછવા માગતો હોય એ પોતાનો હાથ ઉંચો કરે અને હાથ ઉંચો કરશે એના ક્રમ પ્રમાણે હું નામ નોંધુ છું અને મને લાગે છે મારી કાર્યશૈલી યોગ્ય છે.

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

### કામકાજ સલાહકાર સમિતિનો ૧૧મો અહેવાલ

**અધ્યક્ષશ્રી** : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો ૧૧મો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક શુક્રવાર તા.૧૨માર્ચ, ૨૦૧૦ના રોજ સભાગૃહની બેઠકના વિરામ સમયમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

સોમવાર તા.૨૯/૩/૨૦૧૦ને મંગળવાર અને ૩૦/૩/૨૦૧૦ના રોજ નીચે જણાવ્યા મુજબ સરકારી વિધેયકો ક્રમાનુસાર હાથ ધરવામાં આવશે.

(૧) સન ૨૦૧૦નું ગુજરાત વિનિયોગ વિધેયક
(૨) સન ૨૦૧૦નું મુંબઈ મોટર વાહન વેરા ગુજરાત (સુધારા) વિધેયક
(૩) સન ૨૦૧૦નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક

મંગળવાર ૩૦/૩/૨૦૧૦ના રોજ ૧૦૧નીચેના દર્શાવ્યા મુજબના પ્રસ્તાવો ચર્ચા માટે હાથ ધરવા અને બંને પ્રસ્તાવોને ૬૦-૬૦ મિનિટનો સમય ફાળવવો.

(૧) એસ.ટી. તંત્રને વધુ કાર્યક્ષમ બનાવવા માટે માનનીય સભ્યશ્રી શૈલેષભાઈ પરમારનો પ્રસ્તાવ
(૨) ભારત સરકારની ૧૩/૧/૨૦૧૦ની યાદીમાં સુધારા કરવા બાબત. માનનીય સભ્યશ્રી ૠષિકેશ પટેલનો પ્રસ્તાવ.

# બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો અહેવાલ

**શ્રી કાળુભાઈ વીરાણી** : (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો ૧૦મો અહેવાલ રજૂ કરુ છું.

### અહેવાલ રજૂ કરવામાં આવ્યો

**શ્રી પ્રદિપસિંહજી જાડેજા : (મુખ્ય દંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા પ્રમાણે અમે બંને દંડકો પછી જે તે વિષયના સંદર્ભમાં કયો વિષય લેવો એ આપને જાણ કરવાના હતા. એટલે માનનીય અધ્યક્ષશ્રી, મારા પક્ષ તરફથી જે ૧૦૧નો પ્રસ્તાવ છે એ હું નક્કી કરીને આપને જણાવીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે નક્કી કરીને છૂટા પડ્યા હતા અને આપને ત્યાંથી એ સંકલ્પ ત્યારે જ અપાઈ ગયો હતો અને અમે પણ આપી દીધેલો છે અને એ પ્રમાણે માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત પણ કરી. એ દિવસે આપે આ પર્યાવરણને લગતો સંકલ્પ છે આપના પક્ષનો એ લેવાની જ આપે વાત કરી હતી, અમારા પક્ષ તરફથી શૈલેષભાઈ પરમારનો એસ.ટી.નો સંકલ્પ અને બંને અંગે ત્યાંજ નક્કી થયું હતું અને કામકાજ સલાહકાર સમિતિની મિટિંગમાંથી બહાર નીકળીએ એ પહેલા જ વાત થઈ હતી અને મને લાગે છે માનનીય અમિતભાઈ પણ એ વાતના સાક્ષી છે.

**શ્રી પ્રદિપસિંહજી જાડેજા : (મુખ્ય દંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહભાઈ આપે એવું કહ્યું હતું કે, બંને દંડકો નક્કી કરીને (અંતરાય) પોતાના સભ્યશ્રીઓએ જે ૧૦૧ના સંકલ્પો આપેલા છે એ પૈકી નક્કી કરશે. એટલે એ વખતે એવું નક્કી થયું હતું કે પાછળથી કરવામાં આવશે. બંને દંડકો ઉપર છોડ્યું હતું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એવું થયું હતું કે, મારા પક્ષના મારા દંડક કહેશે આપના પણના આપના દંડક કહેશે અને એની ત્યાંજ ચર્ચા થઈ, અમે થોડી વાર બેસીને હું અને મોહનસિંહભાઈ અને આપ તરફથી એવું કહેવાયું કે પર્યાવરણ વાળો સંકલ્પ છે એ અમારો રહેશે. અને એસ.ટી.વાળો અમારો રહેશે એવું નક્કી થઈ ગયું હતું.

**શ્રી પ્રદિપસિંહજી જાડેજા : (મુખ્ય દંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક એવું હતું (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદિપસિંહભાઈ, આપે આ વાત કહી હતી એ વાત સાચી છે પણ હવે અહેવાલ આવી ગયો એ પહેલા આપે કોઈ સુધારો આપ્યો નથી. ગઈ કાલ સુધી અમે અહેવાલ રજૂ કરવાના છીએ ત્યાં સુધીમાં પણ આપે જો સુધારો આપ્યો હોત તો હું એને સ્વીકારત પણ હવે અહેવાલ રજૂ થઈ ગયો છે ત્યારે હવે કોઈ એવો તબક્કો રહેતો નથી કે હું એને બદલી શકું.

**સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત**

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ) : (સમિતિના માનનીય પ્રમુખશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી ગુજરાત વિધાનસભાની સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો ત્રીજો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : મારે કહેવું જોઈએ કે ખાતરી સમિતિએ ખૂબ સારી રીતે કામગીરી કરેલ છે કારણકે એકપછી એક એમના અહેવાલો આવતા જાય છે.

## સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના અગિયારમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**બિનસરકારી સભ્યોના કામકાજ માટેના સમિતિનો દસમો અહેવાલ**

**શ્રી કાળુભાઈ વિરાણી (કુંડલા) : (સમિતિના માનનીય પ્રમુખશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના દસમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માગણી ક્રમાંક-૩૯**

**શ્રી જયનારાયણ વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા..૧૬,૬૬,૨૮,૧૧,૦૦૦/- ની અને મૂડીખર્ચ માટેની રૂા..૪,૭૩,૫૭,૩૯,૦૦૦/- ની માગણી ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૪૦**

**શ્રી જયનારાયણ વ્યાસ (પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવાર કલ્યાણ સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા..૩,૬૯,૪૯,૧૨,૦૦૦/- ની અને મૂડીખર્ચ માટેની રૂા..૨,૫૦,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૫૧**

# ઉદ્યોગ અને ખાણ વિભાગ

**શ્રી જયનારાયણ વ્યાસ ( પ્રવાસન અને નાગરિક ઉડ્ડયનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન સેવાને લગતી, ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૮૩,૧૯,૩૦,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨૫,૦૦,૦૦,૦૦૦ કરોડની માગણી ક્રમાંક ૫૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૫૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરવામાં આવી.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**

**માગણી ક્રમાંક:૧૦૧**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી ગૃહ નિર્માણ સેવાને લગતી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૮,૫૮,૦૦૦ની માગણી ક્રમાંક: ૧૦૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૦૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૧૦૨**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૪૭,૩૫,૫૪,૭૮,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૩૦,૦૦,૦૦,૦૦૦ ની માગણી ક્રમાંક: ૧૦૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૦૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૨ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા ૧૬-૩-૨૦૧૦(બીજી બેઠક) (પાંચમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ<br>માગણી નં.૩૯ | | |
| ૧. | ૨૨૧૦-તબીબી..... આરોગ્ય<br>૦૧-શહેરી .....એલોપથી<br>૧૧૦- હોસ્પિટલ .....દવાખાના<br>૦૧-એચએલટી-૨<br>સિવિલને.....વહીવટ<br>રૂા.૧,૯૧,૬૩,૮૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧, પા.નં.૧૧-૨૪ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં પૂરતી સ્વચ્છતા રાખવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અશ્વિન કોટવાલ |
| ૨. | ૨૨૧૦-તબીબી..... આરોગ્ય<br>૦૧-શહેરી .....એલોપથી<br>૧૧૦- હોસ્પિટલ .....દવાખાના<br>૦૧-એચએલટી-૨<br>સિવિલને.....વહીવટ<br>રૂા.૧,૯૧,૬૩,૮૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧, પા.નં.૧૧-૨૪ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં ગંભીર દર્દીઓને એકસ-રે ની સગવડો સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| ૩. | -- " -- | ૧૦૦ | સિવિલ હોસ્પિટલમાં સલામતીનું વાતાવરણ ઉભું કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અમીતકુમાર ચાવડા |
| ૪. | -- " -- | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોના કર્મચારીઓની વાજબી માગણીઓના અસ્વીકારથી થતી હડતાલના કારણે દર્દીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૫. | ૨૨૧૦-તબીબી ...... આરોગ્ય<br>૦૧-શહેરી......એલોપથી<br>૧૧૦-હોસ્પિટલ ......દવાખાના<br>૦૪-મનોરોગ હોસ્પિટલ<br>રૂા..૬,૫૯,૪૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧, પા.નં.૨૯ થી ૩૦ | ૧૦૦ | મનોરોગ હોસ્પિટલોમાં ડોકટરો / સ્ટાફની ઘટ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| ૬. | -- " -- | ૧૦૦ | મનોરોગ હોસ્પિટલોમાં અદ્યતન ટેકનોલોજી સાથેની પૂરતી સવલતો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી નિરંજન પટેલ |
| ૭. | ૨૨૧૦-તબીબી..... આરોગ્ય<br>૦૧-શહેરી .....એલોપથી<br>૧૧૦- હોસ્પિટલ અને દવાખાના<br>રૂા.૫,૫૨,૨૦,૫૧,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧, પા.નં.૨૩ થી ૫૮ | ૧૦૦ | ગરીબ પ્રસુતાબહેનોને દવાખાનાઓમાં સમયસર સારવારના અભાવે માતા અને બાળકની જીંદગી જોખમમાં મૂકતા જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હીરાભાઈ પટેલ |
| ૮. | -- " -- | ૧૦૦ | ડોકટરોની બેદરકારીને કારણે દર્દીઓના વધતા જતા અપમૃત્યુના કિસ્સા અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | ર્ડા. અનિલ જોષીયારા |
| ૯. | -- " -- | ૧૦૦ | સ્વાઈન ફલુના દર્દીઓના રિપોર્ટ સમયસર નહી મળવાના કારણે સારવારમાં થતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લાલસિંહ વડોદિયા |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦. | -- " -- | ૧૦૦ | હોસ્પિટલોમાં ગંભીર બિમારીઓ ધરાવતા ગરીબ દર્દીઓને પૂરતી સારવાર બાદ જ ડિસ્ચાર્જ કરવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૧. | -- " -- | ૧૦૦ | દર્દીઓ અને તેમના સગા સબંધીઓ માટે હોસ્પિટલો / દવાખાનામાં રહેવા-જમવાની વ્યવસ્થા કરતી સામાજીક સંસ્થાઓને બીલ્ડીંગમાં અલગ રૂમ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૧૨. | -- " -- | ૧૦૦ | ગંભીર બિમારી ધરાવતા મધ્યમ અને ગરીબ વર્ગના દર્દીઓને નિ:શુલ્ક સારવાર પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૧૩. | | ૧૦૦ | હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિ ધ્વારા દર્દીઓ પાસેથી વધુ રકમ વસૂલાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાધેલા |
| ૧૪. | ૨૨૧૧-પરિવાર કલ્યાણ<br>૧૦૧-ગ્રામીણ..... સેવાઓ<br>૦૧-ગ્રામીણ...... કેન્દ્ર (કે.પુ.યો.)<br>રૂા. ૧,૭૫,૪૬,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧, પા.નં.૨૨૨ | ૧૦૦ | ગ્રામીણ કલ્યાણ સેવાઓ અંતરિયાળ વિસ્તાર સુધી ફેલાવી ત્યાં જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહંમદ ફારૂક શેખ |
| ૧૫. | ૨૨૧૧-પરિવાર કલ્યાણ<br>૧૦૩-પ્રસુતી..... આરોગ્ય<br>૦૧-જીત-૬૭ બાળ.....કાર્યક્રમ<br>રૂા.૯,૭૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧,પા.નં.૨૨૭-૨૨૮ | ૧૦૦ | સુરક્ષિત માતૃત્વ કાર્યક્રમ હેઠળ પ્રસુતિકાળ દરમ્યાન માતાઓને પૂરતી આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| ૧૬. | ૨૨૧૧-પરિવાર કલ્યાણ<br>૧૦૩-પ્રસુતી..... આરોગ્ય<br>૦૧- જીત - ૬૯ પ્રસૂતિ..... આરોગ્ય (કે.પુ.યો.)<br>રૂા. ૬૫,૮૧,૩૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧, પા.નં.૨૩૦ -૨૩૧ | ૧૦૦ | નવજાત શિશુઓના આરોગ્યની સઘન ચકાસણી કરી આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| | | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં.૫૧** | | |
| ૧૭. | ૩૪૫૨-પ્રવાસન<br>૦૧-પ્રવાસીઓ.....સવલતો.....<br>૧૦૧-પ્રવાસન કેન્દ્રો<br>૦૩ઢતચકઢ ઉપ્રવાસી......કેન્દ્રો<br>રૂા.૨,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩, પા.નં.૧૦૦ | ૧૦૦ | લઘુમતીઓ માટેના પ્રવાસી માહિતી કેન્દ્રોને સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહંમદ ફારૂક શેખ |
| ૧૮. | -- " -- | ૧૦૦ | વિદેશી પ્રવાસીઓને પ્રવાસન સ્થળોએ જ અંગ્રેજીમાં પુરતી માહિતી મળી રહે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રામસિંહ પરમાર |
| ૧૯. | ૩૪૫૨-પ્રવાસન<br>૦૧-પ્રવાસીઓ.....સવલતો.....<br>૧૯૦-જાહેરક્ષેત્ર.....સહાય<br>રૂા.૧,૪૪,૪૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩, પા.નં.૧૦૨-૧૦૪ | ૧૦૦ | પ્રવાસન નિગમને અનેક રાહતો આપવા છતા પ્રવાસન નિગમના કથળેલા વહીવટને સુદ્રઢ બનાવવામાં ઉદાસીનતા. | શ્રી ધીરસિંહ બારડ |
| ૨૦. | ૩૪૫૨-પ્રવાસન<br>૦૧-પ્રવાસીઓ.....સવલતો.....<br>૮૦૦ અન્ય ખર્ચ<br>૦૩- કૈલાસ .....યાત્રા<br>રૂા.૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩, પા.નં.૧૦૫ | ૧૦૦ | કૈલાસ માનસરોવરની યાત્રાએ જતા રાજયના યાત્રાળુઓને પ્રવાસ માટેની પુરતી સુવિધા આપવા અને તેની કાર્યવાહી સરળ બનાવવામાં તંત્રની ઉદાસીનતા . | શ્રી રાઘવજી પટેલ |
| ૨૧. | -- " -- | ૧૦૦ | કૈલાસ માનસરોવરની યાત્રાએ જતા રાજયના યાત્રાળુઓને પુરતી અને સમયસર નાણાકીય સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૨૨. | ૩૪૫૨-પ્રવાસન<br>૮૦-સામાન્ય....<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-પ્રવાસન......કચેરી<br>રૂા.૧૯,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩, પા.નં.૧૦૭-૧૦૮ | ૧૦૦ | કચેરીના બિન જરૂરી ખર્ચાઓ ઉપર અંકુશ રાખી કરકસર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરસિંહભાઈ બારડ |
| ૨૩. | -- " -- | ૧૦૦ | પતંગ મહોત્સવ અને બીજા લોક મહોત્સવોમાં મહાનુભાવોનું પ્રોટોકોલ મુજબ સન્માન જાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાઘવજી પટેલ |
| ૨૪. | -- " -- | ૧૦૦ | લોક ઉત્સવો / પતંગોત્સવ પાછળ થતો નાણાનો દુરૂપયોગ અટકાવી કરકસર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગ પણદા |
| | | **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**<br>**માગણી નં.૧૦૧** | | |
| ૨૫. | ૨૨૧૬- આવાસન<br>૮૦-સામાન્ય | ૧૦૦ | ૧૯૭૩ ના ગુજરાત માલિકી ફ્લેટ અધિનિયમ ની જોગવાઈઓનો યોગ્ય અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાવકુભાઈ ઉંઘાડ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૨ ૧૯૭૩......વર્ગ<br>રૂા.૮,૫૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬ પા.નં.-૧૭ | | | |
| | | **માગણી નં.૧૦૨** | | |
| ૨૬. | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૩-નાના.....વિકાસ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧- ગમ.૬* વિશ્વ......સ્થાપના<br>રૂા.૨૫,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬ પા.નં.૨૨થી ૨૩ | ૧૦૦ | નાના અને મધ્યમ નગરોના સંકલિત વિકાસમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | પુનાભાઈ ગામીત |
| ૨૭. | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૩-નાના.....વિકાસ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૩-મુખ્યનગરનિયોજક<br>રૂા.૧૬,૯૦,૬૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬ પા.નં.૨૪-૨૫ | ૧૦૦ | ટી.પી.સ્કીમો મૂકવામાં આમજનતાને હેરાનગતિ થાય તેવું આયોજન થતુ રોકવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨૮. | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૩-નાના.....વિકાસ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૩-મુખ્યનગરનિયોજક<br>રૂા.૧૬,૯૦,૬૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬ પા.નં.૨૪-૨૫ | ૧૦૦ | મુખ્યનગર નિયોજક કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈકબાલ પટેલ |
| ૨૯. * | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧- નગરપાલિકા.....કચેરી<br>રૂા.૨ ,૯૯, ૮૫ ,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬ પા.નં.૪૦-૪૧ | ૧૦૦ | નગરપાલિકાના અધિકારીઓ ધ્વારા થતા બિન જરૂરી ખર્ચાઓની તપાસ કરી યોગ્ય પગલા લેવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૦. | --"-- | ૧૦૦ | નગરપાલિકા ધ્વારા થયેલ ગેરરીતિઓ અન્વયે થયેલ ફરિયાદો અંગે ઝડપથી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈકબાલ પટેલ |
| ૩૧. | --"-- | ૧૦૦ | નગરપાલિકાના વિકાસ માટે જરૂરી નાણાની ફાળવણીમાં થતો ભેદભાવ અને વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૩૨. | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૧૯૧-સ્થાનિક.....સહાય<br>રૂા.૨૨,૩૬,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬ પા.નં.૪૨ થી ૪૩ | ૧૦૦ | નગરપાલિકાઓના વિકાસના કામોમાં અવરોધ ન થાય તેવા અધિકારીઓ નિમવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૩૩. * | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૧૯૨-નગરપાલિકા.....સહાય<br>રૂા.૨૮,૬૦,૪૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬ પા.નં. ૪૪ | ૧૦૦ | નગરપાલિકાઓને વિકાસ માટે ફાળવેલ રકમના યોગ્ય ઉપયોગ અંગે નિયમિત મોનીટરીંગ કરવામાં તંત્રની ઉદાસીનતા. | |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નથી.**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્ત પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ (ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી, આરોગ્ય મંત્રીશ્રી અને પ્રવાસન મંત્રીશ્રી પોતાના વિભાગની માગણીઓ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યાં છે તે અંગે હું મારા વિચારો વ્યક્ત કરવા આપની રજા લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ સભાગૃહ સમક્ષ કેટલીક વાત મૂકવા માંગુ છું. શહેરોનો વિકાસ થાય, શહેરોનું આંતર માળખાકીય સુવિધાઓનું સ્ટ્રકચર મજબૂત બને અને આપણાં શહેરો કોઈ વિકસિત રાષ્ટ્રની કક્ષાના શહેરો બની રહે તે આશયને ધ્યાનમાં લઈને કેન્દ્રની સરકાર દ્વારા જવાહરલાલ અર્બન રિન્યુઅલ મિશન નામના એક

રાષ્ટ્રવ્યાપી મહત્ત્વપૂર્ણ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી અને ખૂબ હર્ષ સાથે નોંધવું પડે કે સૌ પ્રથમ વખત વિપુલ માત્રામાં હજારો કરોડ કહી શકાય એવી રકમ કેન્દ્ર સરકાર દ્વારા શહેરોના વિકાસ માટે ફાળવવામાં આવી અને તેના માટે આ દેશના વડાપ્રધાન ડો.મનમોહનસિંહજીને આપણે અભિનંદન આપવા ઘટે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરોના વિકાસ માટેની એક નવી દિશા ખુલ્લી છે. શહેરોમાં રસ્તાના કામ હોય, ઓવર બ્રિજ કે અન્ડર બ્રિજ બનાવવાના કામ હોય, ગટરની વ્યવસ્થા પૂરી પાડવાના કામ હોય કે પછી ગરીબ વસતિઓને મકાનો પૂરાં પાડવાના કામ હોય શહેરીકરણને વધારે સુવિધા મય બનાવવા માટે આ કાર્યક્રમો દ્વારા શરૂઆત થઈ. આશા રાખીએ કે આ કાર્યક્રમોનો મહત્તમ ઉપયોગ ગુજરાતની રાજય સરકાર દ્વારા પણ કરવામાં આવે અને આપણાં શહેરોને સૌથી વધારે આનો લાભ મળી શકે. માનનીય અધ્યક્ષશ્રી, જયારે વિકાસ થાય ત્યારે વિકાસની સાથે સાથે કેટલાક પ્રશ્નો પણ ઉભા થતા જાય છે. અને એ પ્રશ્નો સામાન્ય રીતે મોટા શહેરોમાં વસતા ગરીબ લોકોને સૌથી વધારે સ્પર્શતા પ્રશ્નો ઉભા થાય છે. મારે આપના થકી આ સભાગૃહનું ધ્યાન દોરવું છે કે સુરત રાજયનું એક મહત્વનું ઔદ્યોગિક શહેર છે. સુરત શહેરે જબરદસ્ત ઔદ્યોગિક વિકાસ કર્યો. સિલ્ક હોય, પાવરલૂમ્સ હોય, કલોથ ડાઈંગ હોય, હીરા ઉદ્યોગ હોય, જરી ઉદ્યોગ હોય. એ બધા ઉદ્યોગોમાં સુરતે ભારે મોટી નામના કાઢી છે. સુરતનો જે વિકાસ થયો, સુરતનો જે ઔદ્યોગિક વિકાસ થયો, જે આર્થિક વિકાસ થયો, એમાં દેશભરના જુદા જુદા રાજયોમાંથી મજૂરી કરવા માટે સુરતમાં આવીને જે લોકો વસ્યા છે, એમનો પણ બહુ મોટો ફાળો છે. સુરતમાં જયારે વખતો વખત વિકાસના કામો થતા હોય ત્યારે ગરીબ લોકોને કયાંક રી-હેબિલિટેટ કરવા માટેના પ્રશ્નો ઉભા થાય. કયાંક બીજી સુવિધા એમને આપવાના પ્રશ્નો ઉભા થાય. કયાંક કામમાં કેટલીક વસતિ કે વિસ્તારોમાં અડચણો ઉભી થતી હોય તો એમને શીફટ કરવાના સવાલો ઉભા થાય. સાહેબ, ઘણા વર્ષોથી જોયું છે કે આવા પ્રશ્નો જયારે ઉભા થયા હોય ત્યારે શહેરના વિકાસમાં ખૂબ વિધેયાત્મક રીતે આ ગરીબ લોકોએ સાથ અને સહકાર આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક દાખલો આપવા માગું છું કે સુરતમાં ફલાઈ ઓવર બ્રીજ બનાવવાનો હતો. નાનપુરા કાદરશાની નાળની વસાહતના લોકોને શીફટ કરવાનો સવાલ ઉભો થયો. ગુજરાત હાઈકોર્ટે સ્ટે આપેલો અને સ્ટે દ્વારા એમને રક્ષણ આપવામાં આવેલું હતું. એમ છતાંયે અહીંયા વસતા લોકોએ એમ કહ્યું કે શહેરના વિકાસનો પ્રશ્ન છે. અમે સ્વેચ્છાએ ખસવા માટે તૈયાર છીએ અને મ્યુનિસિપલ કોરપોરેશન અને લોકોએ સાથે મળીને વૈકલ્પિક જગ્યા શોધીને એમની મૂળ જગ્યાથી નજીકના વિસ્તારમાં જ એમને વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં આવી. હાઈકોર્ટનું રક્ષણ હોવા છતાં પણ લોકોએ સ્વેચ્છાએ શહેરના વિકાસ માટે ખસીને બીજે જવાનો નિર્ણય સ્વીકાર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ રીતે ઓપ પુલના નાકે આવેલી જે વસાહતો હતી. બાપુનગર, નહેરૂનગર, સુભાષનગર, ૩૫ વર્ષ પહેલા એમને પણ વૈકલ્પિક જગ્યાએ વસાવવામાં આવ્યા અને કોરપોરેશન અને લોકોએ સાથે મળીને સામૂહિક નિર્ણય કરીને જગ્યાનો સ્વીકાર કર્યો. હવે આ જ વસાહતને વિકાસ માટે ફરી ખસેડવાની જરૂરિયાત ઉભી થઈ છે. જયારે ફરી ખસેડવાની જરૂરિયાત ઉભી થઈ ત્યારે ભૂતકાળનો આપણો જે ઈતિહાસ, જે આપણી કામ કરવાની પદ્ધતિ હતી કે બધાને ભેગા કરીને સ્વૈચ્છિક રીતે એવી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરી શકાય, પણ આ વખતે શું કરવામાં આવ્યું? આ વખતે આવી કોઈ પદ્ધતિ અપનાવવામાં આવી નહીં. આ વખતે એમને ધાકધમકી, જબરજસ્તીથી એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડવા માટેનો નિર્ણય કરી લેવામાં આવ્યો અને એ જગ્યાનો નિર્ણય કરતી વખતે એમને કયાં મોકલીએ છીએ? એમને નજીકના કોઈ વિસ્તારમાં નહીં, એમના સ્વ રોજગાર ચાલતા હોય, મહેનત કરીને લોકો કમાતા હોય, વ્યવસાયિક રીતે એ વિસ્તારની આજુબાજુમાંથી એમને મજૂરી અને જીવન નિર્વાહના સાધન મળી રહેતા હોય એવા સંજોગોમાં શહેરની બહાર, અત્યંત દૂરની જગ્યાએ એમને ખસેડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

બીજું કે અહીંયા જે લોકો વર્ષોથી રહે છે, એમના રહેણાકના પુરાવા છે. એમની પાસે ઓળખપત્ર, રેશનકાર્ડ, ઈલેકશન કાર્ડ આ બધા પુરાવા હોવા છતા પણ અહીંયા જે વસતિ રહે છે, એમની અર્ધા જેટલી સંખ્યાને શીફટ કરવાની વાત થાય, ત્યારે એમાંની અર્ધી સંખ્યાને વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં આવે છે. બીજી અર્ધી સંખ્યાને તો વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં આવતી નથી. પરિણામે સૂરતના લોકોને, આ ગરીબ લોકોને રેલી કાઢીને આંદોલનના માર્ગે જવું પડે એવી પરિસ્થિતિ ઉભી થઈ છે. માનનીય મંત્રીશ્રીને હું એટલું જ કહેવા માગું છું કે શહેરોનો વિકાસ થાય એ આવકાર્ય છે, પરંતુ ગરીબ વસતિ છે એમને પણ જે વૈકલ્પિક વ્યવસ્થા આપવાની આપણી જવાબદારી છે એ જવાબદારીમાં આપણી કોઈ કચાશ ના પડે અને સ્થળાંતરનો પ્રશ્ન છે એ સ્થાંળતરના પ્રશ્નમાં સરકારનો અભિગમ એ સંપૂર્ણપણે માનવીય અભિગમ રહેવો જોઈએ એ માનવીય અભિગમનો આ સરકારના અભિગમમાં કયાંકને કયાંક કચાશ દેખાય છે અને આ પ્રશ્ન સૂરતનો એકલાનો પ્રશ્ન નથી. આ પ્રશ્ન અમદાવાદનો પણ છે, વડોદરા શહેરનો પણ પ્રશ્ન છે, અનેક જગ્યાઓમાં આ પ્રશ્નો ઉભા થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસે બન્ને પક્ષે ભેગા થઈને સંપૂર્ણ એક બીજાની સહમતિથી સર્વાનુમત્તે એક નિર્ણય કર્યો કે ૧૯૯૫ પહેલાં સ્થપાયેલી જે ગરીબ વસતિઓ છે એ વસતિને વૅકલ્પિક વ્યવસ્થા આપ્યા સિવાય એમને ખસેડવાની કોઈ પ્રક્રિયા ના થઈ શકે અને એ

ઠરાવને સરકારશ્રીની સ્વીકૃતિ માટે મોકલ્યો અને મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસે બન્નેએ ભેગા થઈને પસાર કરેલા ઠરાવને પણ આ સરકાર હજુસુધી મંજૂરી આપતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષમાં બજેટમાં જૂનાગઢ શહેર અને સોરઠના વિસ્તાર માટે ૬૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવાની જાહેરાત માનનીય નાણામંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ હતી અને આજે આ વાતને ૧1 વર્ષ જેટલો સમય વીતી ગયો છતાં એ એ રકમ કેવી રીતે આપવાની એનો નિર્ણય હજુસુધી કરવામાં આવતો નથી અને તાજેતરમાં જ અમદાવાદમાં બધા મ્યુનિસિપલ કોરપોરેશનોને ચેક આપવાનો એક મેળો કરવામાં આવ્યો હતો એમાં કોઈને ૫૦ કરોડ, કોઈને ૫૪ કરોડ અને જૂનાગઢ મ્યુનિસિપલ કોરર્પોરેશનને માત્ર ૬ કરોડ રૂપિયામાં આપવામાં આવ્યા છે. જેને આપણે ૬૦૦ કરોડ રૂપિયા આપવાની વાત કરી હતી એને માત્ર ૬ કરોડ અપ્યા એ કયા આધારે આપ્યા છે? કયાંક એવું લાગી રહ્યું છે કે સરકાર દ્વારા જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનને અન્યાય તો નથી કરવામાં આવતો ને?

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વાત લઈને આવ્યા છે ત્યારે હું ફકત ટૂંકમાં એકાદ મુદ્દો કહીને મારી વાત પૂરી કરવા માગું છું. આપણે ગુજરાતની પ્રજાને આરોગ્યની સુવિધા સારી રીતે પહોંચાડી શકીએ એના માટે આપણે બહુ ચિંતા કરીએ છીએ, પરંતુ શું થઈ રહ્યું છે કે આરોગ્ય વિભાગમાં વર્ગ-૩ અને વર્ગ-૪ ની કર્મચારીઓની જગ્યાઓ હવે કોન્ટ્રેકટ પધ્ધતિથી ભરવા તરફ વળ્યા છીએ અને મારે આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવુ છે કે ૮ જિલ્લામાં આવી વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ માટે કોન્ટ્રાકટ આપવાનું કામ માત્ર એક એજન્સીને આપ્યું છે. એમ.કે.સોલંકી નામની એજન્સીને વગર ટેન્ડરે આ કામ આપવામાં આવ્યું છે. તા. ૮-૧-૨૦૦૭ ના દિવસે આ કામ આપ્યું ૨ વર્ષ માટેની એની સમય મર્યાદા હતી અને ૨ વર્ષ પૂરાં થયે, એની સમય મર્યાદા પૂરી થાય ત્યારે એક જી.આર. કાઢવામાં આવ્યો કે હવે નવું કોઈ ટેન્ડર મંગાવવાનું નથી અને આ જ એજન્સીને કોઈપણ જાતના ટેન્ડરની પ્રક્રિયા કે બીજી પ્રકિયા પૂરી કર્યા સિવાય આ જ એજન્સીને આવનાર સમય માટે પણ કામ આપવાનું છે. સરકારનો આ આદેશ અને ત્યાંથી કાગળ લખવામાં આવ્યો તબીબી અધિકારી સુરત તરફથી કે અમે તો ટેન્ડરની પ્રક્રિયા શરૂ કરી દીધી છે તો અમારે શું કરવું એની અમને જાણ કરવામાં આવે અને અહીંથી આદેશ આપ્યો કે કોઈ ટેન્ડરની પ્રકિયા કરવાની નથી, આ અમારી એક એજન્સી છે, માનીતી એજન્સી છે, ૨ વર્ષ માટે કામ આપ્યું છે.બે વર્ષ માટે કામ આપ્યું છે, ૮ જિલ્લાઓમાં કામ આપ્યું છે અને હજુ બીજા સમય માટે અમે એને જ કામ આપવા માગીએ છીએ. અને કોઈ ચિંતા, કોઈ ચકાસણી આપણે કરતા નથી, કે એને એક જગ્યા માટે સરકાર જે નાણા ચુકવે છે તેની સામે ખરેખર કર્મચારીને કેટલી રકમ ચુકવવામાં આવે છે એની ચિતા કરવાની પણ આ સરકારને પડી નથી. એટલે મારે તો માનનીય આરોગ્ય મંત્રીશ્રીને એટલી જ ખાસ ભલામણ કરવાની છે કે આ રીતે જે કાર્યપધ્ધતિથી આપણે આગળ ચાલી રહ્યા છીએ તેને બદલે વધારે પારદર્શક વધારે સ્વચ્છ અને વધારે લોકાભિમૂખ વહીવટ આપણે આપી શકીએ તે દિશામાં આપણે આગળ વધીએ એટલી વાત સાથે હું મારી વાત પૂરી કરું છું.

**સભાપતિ શ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષ સ્થાને**

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા (સુરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારુ અનુમોદન આપું છું. હું અનુમોદન આપું છું અને એ અનુમોદનના સંદર્ભમાં મારી વાત રજૂ કરું તે પહેલા સિધ્ધાર્થભાઈએ કહયું તે મેટર હું રીફર કરવા માગું છું કે આજ મહિનાની પાંચમી માર્ચ ના રોજ અમદાવાદના રીવર ફ્રન્ટ પર રાજયની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને, સાત મહાનગરપાલિકા અને ૧૫૯ જેટલી નગરપાલિકાઓને તેમના વિકાસના કામમાં મદદરૂપ થવાના ભાગ રૂપે ૫૬૧ કરોડ રૂપિયાની એક પ્રોત્સાહક ગ્રાન્ટ આપી છે તે માટે હું માનનીય મુખ્ય મંત્રીશ્રીને અવશ્ય અભિનંદન આપીશ અને સાથે સાથે શ્રી નીતિનભાઈ પટેલ સાહેબને પણ અભિનંદન આપીશ. સિધ્ધાર્થભાઈએ કહયું છે કે ૨૫ કરોડ, એમના, સાહેબ આ યોજનાના ભાગ રૂપે જે મહાનગરો છે તે પૈકીના બે મહાનગરો સુરત અને અમદાવાદને સો સો કરોડ રૂપિયા, રાજકોટ અને બરોડાને ૫૦ કરોડ અને બાકીના ત્રણ મહાનગરોને ૨૫-૨૫ કરોડ એમ મળીને ૩૭૫ કરોડ રૂપિયા એટલે જુનાગઢને પણ સરખી રકમ આપવામાં આવી છે એવું મારું કહેવું છે. અને એ દિવસના ફંકશનમાં, મને કહેતાં આનંદ થાય છે કે ભલે જુનાગઢ મહાનગરપાલિકાના મેયર કોંગેસ પક્ષના હોવા છતાં તે દિવસના ફંકશનમાં એમને અમારી બાજુમાં સ્થાન આપીને એમને એટલું જ માન અને સન્માન આપ્યું છે સાહેબ. આ રકમનો આધાર જે તે કોરપોરેશનોએ મુકેલા પ્રોજેકટ, સ્પેશ્યલ પૌજેકટના સંદર્ભમાં જ આ રકમો નકકી થઈ છે. એમાં રાજકોટને વધારે, સુરતને વધારે અને જુનાગઢને ઓછા એવું કોઈ પ્રપોર્સન છે નહીં. મને કહેતા આનંદ થાય છે કે સુરત મહાનગર પાલિકાએ સ્પેશ્યલ પ્રોજેકટમાં ૬૯૬ કરોડ રૂપિયાના પ્રોજેકટ મુકેલા છે. અને તે પૈકી ૪૦૦ કરોડ રૂપિયાના પ્રોજેકટ આ પ્રમાણે સ્પેશ્યલ ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે અને તેના પ્રથમ હપતા પેટે સો કરોડ રૂપિયા સુરત મહાનગરપાલિકાને ફાળવાવામાં આવ્યા છે. રાજયના શહેરી વિકાસ મંત્રી રાજયના મોટા નગરોની જે કાળજી લે છે તેના ઉપર ધ્યાન આપવાની જરૂર છે. સુરત શહેરમાં અમે બલુન બેરેટ બનાવવા માગીએ છીએ. સુરત શહેરના નગરજનોને ૨૦૩૦ સુધીમાં પાણી પીવાની જરા પણ તકલીફ ન પડે તે માટે નદીમાં અમે બલુન બેરેટ બનાવવા માગીએ છીએ. ફર્સ્ટ ટાઈમ

ઈન એશિયા, અને કદાચ આખા દેશમાં પ્રથમ વાર આ પ્રમાણેનો પ્રોજેકટ માનનીય શહેરી વિકાસ મંત્રીએ મંજૂર કર્યો છે તે માટે પણ હું એમને ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું. બીજો એક પ્રોજેકટ સુરત મહાનગરપાલિકાએ મુકયો છે ડબલ સ્ટેજ બ્રીજનો તાપી નદી ઉપર, એ પણ માનનીય મંત્રીશ્રીએ મંજૂર કરી આપ્યો છે તે બદલ હું એમને ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું. ૬૯૬ કરોડ રૂપિયા બે વર્ષમાં અમારે ખર્ચવાના છે અને તેનો પહેલો હપતો સો કરોડ રૂપિયાનો આપ્યો, મીડલ રીંગ રોડ, પોર્ટેબલ બ્રીજ, ગાર્ડન એન્ડ લેકસ, આ સરકારનો જ એક નવો કન્સેપ્ટ છે કે જે કોઈ મહાનગરો, નગરો અને નોટિફાઈડ એરિયાની અંદર જે લેકસ આવ્યા છે તેનું પણ સાયન્ટીફીકલી નોટિફીકેશન સાથેનું તેનું ડેવલપમેન્ટ કરવામાં આવે. એ માટે પણ રાજય સરકારે અને શહેરી વિકાસ મંત્રીશ્રીએ નાણાની ફાળવણી કરી છે તે બદલ એમને હું ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું. શહેરી વિકાસ વિભાગે રાજયમાં ખૂબ મોટી જવાબદારી નિભાવવાની હોય છે. ૪૦ percent of the population are staying in cities and બાકીના ૧૦ ટકા જેટલા લોકો આ નગરો અને મોટા શહેરો ઉપર અવલંબિત થતા હોય ત્યારે ૫૦ ટકા જેટલી રાજયની વસતિ આ શહેરો ઉપર નિર્ભર થતી હોય છે. ૫૦ ટકા જેટલા નગરોની તમામ પ્રાથમિક સુવિધા, પીવાનું શુદ્ધ પાણી, ભૂગર્ભ ગટર વ્યવસ્થા, સ્વચ્છતા રોડ રસ્તા અને આનંદ પ્રમોદના સ્થળો, sanitation વગેરે જેવી તમામ સુવિધાઓ ગુણવત્તાસભર મળી રહે તેના માટે રાજય સરકાર તરફથી આપવામાં આવેલી આ પ્રોત્સાહક ગ્રાન્ટ ખૂબ ઉપયોગી થઈ પડે છે.

રાજય સરકાર સમગ્ર રાજયને સ્વચ્છ, સુંદર, ચોખ્ખું, આરોગ્ય પ્રદ રાખવા માટે કટિબદ્ધ છે અને તેના અમલીકરણ માટે, એના ઇચ્છિત પરિણામો મેળવવા માટે રાજય સરકારે શ્રેણીબદ્ધ પગલાંઓની જાહેરાત કરી છે પ્રોત્સાહન આપ્યું છે. શહેરી વિસ્તારમાં ખૂબ મોટા પ્રમાણમાં ઘન કચરો પેદા થતો હોય છે. કોઈપણ મહાનગરપાલિકા માટે સૌથી મોટો ઈમ્પોર્ટન્ટ ઇસ્યુ છે એ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનો છે. રાત પડે અને સવારમાં ઊઠો એટલે પહેલું કામ ઘરનો કચરો નાખવાનું કામ કરતા હોઈએ છીએ. સુરત શહેરમાં રોજ ૧૧૦૦ ટન આસપાસનો કચરો થતો હોય છે અને સુરત સાથે અમદાવાદ વડોદરા અને ૧૫૯ જેટલી નગરપાલિકાનો વિચાર કરીએ તો ૩ હજાર ટન આ ઘન કચરો રાજયમાં પેદા થતો હોય છે. એને જો વ્યવસ્થિત સમયસર નિકાલ ન કરવામાં આવે તો શું પરિસ્થિતિ થાય છે. આપણા ઘરમાં એક બાલટી કચરો ૨૪ કલાક રાખવા માગતા હોતા નથી. ત્યારે શહેરની અંદર રાજયની અંદર આટલો મોટો કચરો પણ રાજય સરકાર આઠ કલાક પણ શહેરોમાં રાખવા માગતી નથી તેવા તમામ પ્રયત્નો રાજય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન સેકન્ડરી ગાર્બેજ કલેકશનના માધ્યમ દ્વારા રાજય સરકાર ૬૪ કરોડ રૂપિયાના ખર્ચે ૧૫૯ નગરપાલિકાઓને ૬૧૮ જેટલી સંખ્યામાં ૬૪ કરોડ રૂપિયા,૧૫૯ નગરપાલિકા ૬૭ થાઉજન્ટ ઈકવીપમેન્ટ, રાઈટસ, સાયકલ રિક્ષા , કન્ટેઈનર, ટ્રેક્ટર, કન્ટેઈનર લીફ્ટીંગ ડિવાઈસ, બકેટનું વિતરણ કરવામાં આવ્યું છે. આ રાજયની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે કે એ નાના નાના નગરોને પણ એટલા જ સ્વચ્છ રાખવા માગે છે કે જેટલું મારુ સુરત શહેર સ્વચ્છ છે. ડિસેમ્બર, ૨૦૧૦ સુધીમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી મહાનગરપાલિકા અને નગરપાલિકામાં ૯૦ ટકા સુધી, We have to cover upto ૯૦ per cent by December આ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનથી ૯૦ ટકા આખા રાજયને ખાસ કરીને મોટા નગરપાલિકાને કવર કરવા માટે રાજય સરકાર સંનિષ્ઠ પ્રયત્ન કરી રહી છે. મારે કહેવું છે કે ઘન કચરાનો મોટા ભાગે નિકાલ ખુલ્લા મેદાનોમાં કરવામાં આવતો હતો. ટ્રાન્સપોર્ટેશનો ઉપર, હવે રાજય સરકારના માર્ગદર્શન અને મદદના કારણે હવે શહેરની Semiclose body transportationનો ઉપયોગ કરી રહ્યા છીએ. એક શહેરના કોઈ પરાની અંદર આ કલેકશન સૅન્ટર કે ટ્રાન્સપોર્ટેશન હોય એ ખુલ્લુ હોય તો અ નગરજનો દુઃખી થાય, હવે પ્લોટ બનાવીને ટ્રાન્સપોર્ટેશન કરવામાં આવે છે. એમાં પણ રાજય સરકાર ખૂબ સારી મદદ કરી રહી છે એનો મને ખૂબ ખૂબ આનંદ છે. શહેરનું ટોટલ કલેકશન ડોર ટુ ડોરનું કલેકશન હોય કે ટ્રાન્સપોર્ટેશનનું કલેકશન હોય શહેરથી થોડે દૂર એનો નિકાલ કરવામાં આવતો હતો ખુલ્લા મેદાનમાં નિકાલ કરવામાં આવતો હતો. હવે રાજય સરકારે ખૂબ સારું પગલું લીધું છે કે એને સાયન્ટિફિક લૅન્ડ ડેવલપ કરીને આ કચરાનો નિકાલ કરવા માટેના પ્રયત્નો અમલમાં મૂકી દીધા છે. મારે કહેવું છે કે સમગ્ર રાજયમાં ૩૬ પ્રાદેશિક લૅન્ડ ફિલ્ડ સાઈટ પૈકી સાત લૅન્ડ ફિલ્ડ સાઇડ કે જેનો લાભ ૩૭ જેટલી નગરપાલિકાને થનાર છે એના બાંધકામ ૪૦ કરોડ રૂપિયાના ખર્ચે પ્રગતિમાં છે. ગુજરાતમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ હેઠળ ૭૦ નગરપાલિકઓમાં દૈનિક ૫૬૫ ટન જેટલા કચરાને વૈજ્ઞાનિક અને સાયન્ટિફિક રીતે નિકાલ કરવામાં આવે છે. મને જણાવતા ખૂબ આનંદ થાય છે કે આ કચરો નથી, આ કંચન છે, કંચન છે, કચરામાંથી કંચન છે. વેસ્ટમાંથી બૅસ્ટ બનાવવા માટે ગુજરાત અને ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ પ્રયત્નશીલ છે. ઘન કચરામાંથી સેંદ્રિય ખાતર બનાવવામાં આવે છે. વર્મીકમ્પોસ્ટ બનાવવામાં આવે છે. રાજયના શહેરી વિકાસ મંત્રીએ ૭૬ નગરપાલિકાઓમાં રૂા. ૨૯ કરોડના ખર્ચે વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવ્યા છે. ૧૫-૧-૨૦૧૦ સુધીમાં આ વર્મીકમ્પોસ્ટમાંથી ૭ લાખ રૂપિયા જેટલી આવક થઈ છે. આ કચરામાંથી કંચન, કચરામાંથી બળતણ બનાવવામાં આવશે. કચરામાંથી પ્લાસ્ટિકના દાણા બનાવવામાં આવે છે. મારે કહેવું છે, સુરત મહાનગરપાલિકાની વાત કરવી છે કે કચરામાંથી મોટા ભાગે વીજળીનું ઉત્પાદન કરવા માટે સુરત મહાનગરપાલિકા આગળ રહી છે. પ્લાઝમા ટૅક્નૉલૉજી કે એલ.ટી.સી., લો ટેમ્પરેચર કન્વર્ઝન

ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને સુરત મહાનગરપાલિકા હજારો યુનિટ વીજળી ઉત્પન્ન કરનાર કદાચ સમગ્ર દેશનું પ્રથમ મહાનગરપાલિકા બનવા જઈ રહ્યું છે. રાજયના શહેરી વિકાસ વિભાગના માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકાએ પર્યાવરણની જાળવણીની પણ ખૂબ કાળજી લીધી છે. સાહેબ, આ ગ્રીન હાઉસ. દરેક સુએઝ ટ્રિટમૅન્ટ પ્લાન્ટમાંથી સુએઝની ટ્રિટમૅન્ટ થાય પછી મીથેન નામનો ગેસ હોય છે એ વાતાવરણમાં છોડી દેવામાં આવતો હોય છે. પરંતુ સુરત મહાનગરપાલિકા એ એકમાત્ર એવી નગરપાલિકા છે કે આ ગ્રીન હાઉસ ગેસમાંથી પાવર કન્વર્ટ કરીને..

**સભાપતિશ્રી:** તમારો સમય પૂરો થાય છે. તમારું કૉમ્પ્રેસર બહુ મોટું છે. મને ખબર છે. સમયની મર્યાદા છે.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા** : એકાદ મિનિટમાં પૂરું કરું છું. પ્લીઝ સર. ૩.૫ મેગાવોટ જેટલી વીજળી ઉત્પન્ન કરે છે. અમારા ત્રણે પ્લાન્ટ આ વીજળીમાંથી ચાલે છે. અત્યાર સુધીમાં ૧૦ કરોડ રૂપિયા સુધીની વીજળી અમે બચાવી છે અને મીથેન ગેસના કારણે પર્યાવરણમાં એટલો સુધારો જોવા મળે છે. સાહેબ, કાર્બન ક્રેડીટ મળવાની છે. અત્યાર સુધીમાં અસંખ્ય..

**સભાપતિશ્રી:** રણજીતભાઈ, પ્રવચન પૂરું કરો. તેનો અંત આવે તેમ નથી. શ્રી શંભુજી ઠાકોર.

**શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રી જ્યારે શહેરી વિકાસ વિભાગની માગણીઓ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે ગુજરાતના મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર તેના સ્વતંત્ર વિકાસને લીધે દેશ અને દુનિયાના નકશામાં સ્થાન મેળવેલ છે. ત્યારે શહેરી વિકાસ વિભાગને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ વિભાગની માગણીઓ લઈને શહેરી વિકાસ મંત્રીશ્રી આવ્યા છે ત્યારે હું જ્યાંથી ચૂંટાઉં છું તે ગાંધીનગર, મહાત્મા ગાંધીજીના નામ સાથે જોડાયેલું આપણું પાટનગર, આ પાટનગરને આ સ્વર્ણિમ જયંતિ વર્ષ નિમિત્તે મહાનગરપાલિકાનો દરજજો મળે તેવી હું વિનંતી કરું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જુદા જુદા વિભાગોની માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. રાજયમાં આરોગ્યની સેવાઓ પૂરી પાડવા માટે છેક ગામડાંના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સબસેન્ટરથી માંડીને કોટેજ હૉસ્પિટલ અને સિવિલ હૉસ્પિટલો, જનરલ હૉસ્પિટલ અને આયુર્વેદિક હૉસ્પિટલો આવેલી છે. આ બધું સેટ અપ તૈયાર છે. જે કંઈ કરવાનું છે તે નવું કંઈ અપડેટ કરવાનું હોય તે બાબત અને એ પણ વસતિના ધોરણે એ કરવાની થાય, પરંતુ અત્યારે જે જોવા મળે છે. જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા છે એ સંખ્યા ૧,૧૬૬ હોવી જોઈએ તેની સામે ફક્ત ૧,૦૮૪ છે. હજી પણ ૮૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો બનાવવાના બાકી છે અને સી.એચ.સી. પણ સાહેબ, સામુહિક આરોગ્ય કેન્દ્રો એ પણ વસતિના ધોરણે ૩૧૭ હોવા જોઈએ તે પણ આપણે બનાવી શક્યા નથી. ૩૪ સબસેન્ટરો હજી પણ બનાવવાના બાકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે મૅડિકલ ટુરીઝમ અને મૅડિકલને એક કૉર્પોરેટ લુક આપવા માગીએ છીએ. એન.એ.બી.એચ. હેઠળ એક્રેડીશન કાર્ડ આપણે આપીએ અને ઘણી હૉસ્પિટલોના જે ડૉક્ટરો છે તેને ઉત્સવો ઉજવે એ બધું કરે સાહેબ, બરાબર છે. પરંતુ આજે ગામડાંનો ગરીબ દર્દી ભૂલાઈ ગયો છે. એને સારી સારવાર કયાં મળે એ મુશ્કેલી છે. શામળાજીની અમારી વાત કરું. સરકારે સી.એચ.સી...

**સભાપતિશ્રી:** વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ સાંજના ૪-૩૦થી ૫-૦૦**

**સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને**

**ડો. અનિલ જોષીયારા(ક્રમશઃ)** માનનીય અધ્યક્ષશ્રી, હું મૅડિકલ ટુરીઝમની વાત કરતો હતો. ગામડાના ગરીબ દર્દીઓ પાસેથી ફી લેવામાં આવે છે. આપણે ત્યાં ગામડાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર કે પીએચસી હોય છે એમને પ્રાઇવેટ સંસ્થાઓને આપવામાં આવ્યા છે. આ સંસ્થાઓ ફી ઉઘરાવે છે. એના માટે મેં એક પ્રશ્ન પૂછ્યો હતો તો મને એવો જવાબ આપવામાં આવ્યો કે, પરિપત્ર કરી દીધો છે, પૈસા ન લેવા માટે. આજે પણ શામળાજી ખાતે ગરીબ દર્દીઓ પાસેથી પૈસા લેવામાં આવે છે. આપણે નીરોગી બાળ વર્ષ ઉજવીએ છીએ. ૭૨૦૦૦ લોકો પહેલી વર્ષ ગાંઠ ઉજવી શકતા નથી અને બાળ મૃત્યુનો દર વધતો જાય છે. દર હજારે ૫૨ જેટલો બાળ મૃત્યુનો દર છે. અગિયારમી પંચવર્ષીય યોજનાને અંતે ૨૬ જેટલો લાવવાનો હતો. આજે ૪૫ ટકા બાળકો કુપોષણથી પીડાય છે. સગર્ભા માતાઓ જે છે એમાં ૬૦ ટકા બહેનો એનિમિયાથી પીડાય છે અને ૩૬ ટકા બહેનો અપોષણથી પીડાય છે. આ પરિસ્થિતિ છે. તામિલનાડુ અને કેરાલા કરતાં આપણી માથાદીઠ આવક વધુ છે, એમની ઓછી છે. છતાં ત્યાં આ માતા મૃત્યુ દર ઓછો છે. આપણે ત્યાં માતા મૃત્યુ દર વધુ છે.૧૬૦ જેટલો છે એ અગિયારમી પંચવર્ષીય યોજનાના અંતે ૫૭ લાવવાનો હતો તો આપણે કેટલી પ્રગતિ કરી એ જોવાનું રહ્યું. અત્યારે પરિસ્થિતિ એ છે કે, આપણી જે સરકારી હૉસ્પિટલો છે એ હૉસ્પિટલોમાં ડિલિવરીની સંખ્યા ઘટતી જાય છે. એનું એક માત્ર કારણ હોય તો ત્યાં એક્ષપર્ટ ગાયનેકોલોજીસ્ટ કે પીડીયાટ્રીક મૂકવા જોઈએ એ આપણે મૂકી શકતા નથી. તાલુકા કક્ષાએ હૉસ્પિટલો છે એ હૉસ્પિટલોમાં સ્ત્રી રોગ નિષ્ણાત, બાળ રોગ નિષ્ણાત અને બીજા ઓર્થોપિડિક, રેડીયોલોજીસ્ટ,

એનેથેસ્ટીક જેવા સાત પ્રકારના ડૉક્ટરો હોવા જોઈએ એ હજુ સુધી આપણે મૂકી શક્યા નથી અને એના લીધે આપણી જે ચિરંજીવી યોજના કેન્દ્ર સરકારની છે એ ખૂબ સારી યોજના છે પણ પ્રાઇવેટમાં પરિસ્થિતિ એ થાય છે કે, જે બહેનો ડિલિવરી કરાવે છે અને જેમને તકલીફ છે, ડિલિવરી પછી post mortem haemorhage થાય છે, obstructive labour થાય છે, hand potents થાય છે, એમને ખૂબ મુશ્કેલી થાય છે અને ત્યારે બાળકો જન્મે છે તો તેમને તકલીફ થાય છે. neonatal careની ગામડા લેવલે કે તાલુકા લેવલે હોતી નથી. એની ખાસ કાળજી લેવામાં આવે તો આરોગ્યની સુવિધા સારી કરી શકાય. અમારા ભિલોડા તાલુકામાં કોટેજ હૉસ્પિટલ છે, ૧૦૦ બેડની હૉસ્પિટલ છે. પણ આજે પણ ૩ મૅડિકલ ઑફિસર છે. જે ૨૪ કલાક કામ કરે છે. પરિસ્થિતિ એ પેદા થાય છે કે, જ્યારે ઇમરજન્સી આવે કે પોસ્ટ મોર્ટમના માણસો આવે ત્યારે એ સમયસર પોસ્ટ મોર્ટમ કરી શકતા નથી. મને લાગે છે કે, આપણા સરકારી લેવલના અધિકારીઓ જિલ્લા લેવલે સમીક્ષા કરતા હોય તો ચોક્કસ પરિણામ સુધારી શક્યા હોત, પણ સમીક્ષા થતી હોય એમ દેખાતું નથી. ત્યારે National Rural Health Mission અંતર્ગત ૨૦૦૫થી આ કાર્યક્રમ ચાલુ થયો. આરોગ્ય કેવું હોવું જોઈએ? એના માટેનો એકશન પ્લાન ઘડાયો. જિલ્લા લેવલે, તાલુકા લેવલે અને ગ્રામ્ય લેવલે એ એકશન પ્લાન તૈયાર કરવો જોઈતો હતો એ કરવામાં ન આવ્યો, પ્લાન તૈયાર થવો જોઈએ એ થતો નથી. એના લીધે પરિસ્થિતિ એ પેદા થાય છે કે, બ્લૉક લેવલે, તાલુકા લેવલે જે સબ સૅન્ટર છે ત્યાં જે પૈસા છે, જે ગ્રાન્ટ છે એ વણવપરાયેલી રહે છે. રૂ.૧૦૩.૭૭ કરોડ વણવપરાયેલ રહ્યા. કારણ કે, સરકાર એનો એકશન પ્લાન બનાવી શકી નથી. અને એના લીધે Untied પૈસા હતા, નિભાવ અને અનુદાન ખર્ચના પૈસા હતા એ વાપરી શક્યા નહીં. હમણાં કહ્યું તેમ સીએચસી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખાતરીદાયક આરોગ્યની આપણે વાત કરીએ છીએ. પણ પરિસ્થિતિ એ છે કે, અત્યારે આપણા જે સીએચસી છે એમાં ૬૪ સીએચસીમાં એકપણ એક્ષપર્ટ નથી અને ૧૮૦ જેટલા સીએચસી છે, એમાં એક જ એક્ષપર્ટ ડૉકટર છે. એટલે આ જાતની આપણી પરિસ્થિતિ છે. આપણે ઘણી વખત દવાઓ મંગાવીએ છીએ, જે દવાઓ ખરીદીએ છીએ. એ દવા ખરીદવામાં એવી પરિસ્થિતિ પેદા થાય છે કે, જે કંપનીઓની નોંધણી રદ થઈ ગઈ હતી, આવી કંપનીઓ પાસેથી પણ દવા ૧ કરોડ અને ૪૫ લાખ રૂપિયા જેવી ખરીદવામાં આવી છે અને જે મધ્યસ્થ ઔષધ ભંડાર છે એ ઔષધ ભંડારે એમ કહ્યું કે આની અમને જાણ નથી. જ્યારે આપણે દવા ખરીદતા હોઈએ ત્યારે બધી ટોટલ માહિતી મધ્યસ્થ ઔષધ ભંડારે રાખવી જોઈએ અને આની માહિતી ચોક્કસ એમની પાસે હોવી જોઈએ. અત્યારે કૅન્સર હૉસ્પિટલની પરિસ્થિતિ એ થાય છે કે ટોટલ સરકારની ગ્રાન્ટ કૅન્સર હૉસ્પિટલનું દવાખાનુ લે છે પરંતુ કદાચ કોઈકની ચિઠ્ઠી જાય તો કદાચ અડધું માફ થતું હશે પણ અત્યારે મોટાભાગના ગરીબ દર્દીઓ દાખલ થાય ત્યાંથી માંડીને એના બ્લડની તપાસ, એના એકસરે, એની લૅબૉરૅટરીમાં બધામાં એટલી બધી ફી લેવાય છે, એક તો કૅન્સરનું દર્દ છે અને નિચોવાઈને પાછો આવે છે. આપ સૌ જાણો છો કે એમાં મોટાભાગે તો જીવન શકય નથી બનતું. ત્યારે આવા દર્દીઓ છે એ દર્દીઓને પણ આપણે જે મફત સેવા આપવી જોઈએ એમ મને લાગે છે. આપણે ત્યાં સારા ડૉકટરો પણ છે. એચ.એલ. ત્રિવેદી સાહેબ જેવા એકસપર્ટ ડૉકટરો છે. કીડની ટ્રાન્સપ્લાન્ટ અને અત્યારે તો સ્ટેમ સેલની એમણે વાત કરી છે. એવા ડૉકટરો છે એમનું પણ આપણે બહુમાન કરવું જોઈએ, અને સાથેસાથે હીપ રીપ્લેસમેન્ટ કરનાર ડૉ. ભાલોડીયાની વાત, આપણા સભ્યશ્રી ઉદેસિંહભાઈનું પણ હમણાં હીપ રીપ્લેસમેન્ટ કરાવ્યું છે. એવા એકસપર્ટ ડૉકટરો પણ આપણે ત્યાં છે એમને આગળ કંઈક કરીએ અને એમને મહત્ત્વ ચોક્કસ આપવું જોઈએ. એની સાથે બીજી મારે એક વાત કહેવી છે કે આપણે ત્યાં મેલેરિયાનું પ્રમાણ બીજા રાજયો કરતા વધુ છે એ પણ ઘટાડવા માટેનો ચોક્કસ પ્રયત્ન કરવો જોઈએ. જે વોટર બોન ડીસીઝ છે એનું પ્રમાણ આપણા ગુજરાતમાં વધુ છે એની પણ આપણે કાળજી ચોક્કસ લેવી જોઈએ. જે સૅક્સ રેશીયો, એના માટે ખૂબ આપણે ચિંતા કરીએ છીએ , આપણે સૅક્સ રેશીયો છે એ ઘટાડીને ૨૦૧૧-૧૨માં આપણે ૮૯૧ લાવવાની કોશીશ કરી રહ્યા છીએ એમાં જરૂર આપણે પ્રયત્ન કરીએ છીએ પણ છતાં હજી ઘનિષ્ઠ રીતે આગળ વધી અને આપણે એને શકય હોય ત્યાં સુધી સૅક્સ રેશીયો મેઈન્ટેન કરવાની કોશીશ કરવી જોઈએ. પરંતુ મને આનંદ એ વાતનો છે કે આદિવાસી વિસ્તારમાં આ સૅક્સ રેશીયો એકદમ નૉર્મલ છે. એમાં સરખે સરખો છે એટલે જ્યાં શિક્ષણ વધુ છે ત્યાં આ પરિસ્થિતિ વધારે પેદા થતી હોય છે એટલી વાત કરી મારી વાત પૂરી કરું છું.

**Last ૩૭/૬૨**

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ વર્ષ ૨૦૧૦-૧૧ના વર્ષ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અનુદાનોની માગણી લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરુ છું અને આ માગણીઓને મારું અનુમોદન છે. હમણાં જ ચર્ચા થઈ, મારા પૂર્વ વકતાએ કીધું સભ્યશ્રીએ કે આ રાજયમાં ગામડાઓમાં ડૉકટરો ડીગ્રીવાળા ડૉકટરો નથી એ વાત બધા જ જાણે છે અને હકીકત છે. પણ હું એમ કહેવા માગુ છું કે ૪૦-૫૦ વર્ષથી આ રાજયમાં કોઈ આરોગ્ય ક્ષેત્રે આવતા દિવસોમાં શું થશે એનો ભૂતકાળમાં નથી વિચાર કર્યો એના પરિણામ અત્યારે આપણે ભોગવી રહ્યા છીએ. હું એમ ચોક્કસ કહીશ કે આજે આ સરકારે જે વિચાર કર્યો એમ.બી.બી.એસ. ક્ષેત્રમાં ૫૦૦ સીટો વધારવી એ વિચાર કદાચ ૨૦ વર્ષ પહેલા કર્યા હોત તો આજે છેવાડાના ગામડામાં એમ.બી.બી.એસ., એમ.એસ. અને એમ.ડી. ડૉકટરો સેવા આપતા હોત. બીજી વાત એ છે કે રાજયના ગ્રામ્ય વિસ્તારમાં એક ગામથી બીજા ગામમાં

ભૌગોલિક રીતે પણ ઘણું અંતર વધારે છે. ઘણીવખત ખેતી કરતો ખેડૂત હોય, વાડીમાં દવા છાંટતો હોય અને એને ઝેરી દવાની અસર થાય, સર્પદંશ થાય, એના ઘરમાં કોઈ પ્રસુતા બહેન હોય એને પ્રસૂતિની પીડા ઉત્પન્ન થાય આવી અનેક ઘટનાઓ હતી કે જે તે વખતે એમને શહેર તરફ જવા માટે કોઈ વાહનની પણ વ્યવસ્થા ભૂતકાળમાં નહોતી મળતી. આ વિધાનસભા ગૃહના સભ્ય તરીકે કહેતા હું ગૌરવ અનુભવુ છું કે આજે ૧૦૮માં કોલ કરે એ પછી ડાંગ વિસ્તાર હોય,કે ચોટીલા વિસ્તાર હોય કે જસદણ વિસ્તાર હોય, ઘડીના છઠાભાગમાં ત્યાં એમ્બ્યુલન્સ આવીને ઉભી રહી જાય છે. હું એ ગૌરવ સાથે કહુ છું કે ૧૦૮ની આ રાજય સરકારની સેવા દર ૧૪ મિનિટે એક જિંદગી બચાવે છે અને અસંખ્ય પ્રસુતિઓ એમાં થઈ છે, જે ભૂતકાળની સમસ્યા હતી એ આ રાજય સરકારના સુદ્રઢ નિર્ણયને કારણે ઘણી બધી પરિવર્તન પામી છે. પહેલા તો રોડ ઉપર અકસ્માત થતા હતા ત્યારે તો કોઈ વાહનવાળાને બિચારો ઊંચો હાથ કરે તો કોઈ વાહન પણ ઊભું નહોતું રહેતું, શું કામ? એવી કાયદાની ગડમથલમાં પડવામાં કોઈને રસ નહોતો, અને એટલા બધા લોકો હેરાન થતા હતા ત્યારે આ ૧૦૮ની સેવા ચાલુ થઈ, આ બધા જ પ્રશ્નોનું નિરાકરણ આવી ગયું છે.મને ખાસ ખબર છે, હું ગ્રામ્ય વિસ્તારમાંથી આવું છું ત્યારે ગામડામાં ગરીબ પરિવાર હોય અને એમના ઘેર જ્યારે સ્ત્રીને પ્રસૂતિની તકલીફ થાય ત્યારે ૧૫ દિવસ કે મહિનાથી એ ચિંતામાં હોય કે પ્રસૂતિ કરાવવા ક્યાં જઈશું, કઈ રીતે જઈશું? આજુબાજુ વાળાને કહી રાખે કે તમે તમારું વાહન તૈયાર રાખજો અને અડધી રાત્રે બોલાવીએ ત્યારે અમારી સાથે આવજો. આવા ગામડાના ગરીબ અને વંચિત માણસો પિડાતા હતા ત્યારે આ રાજ્યના મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીએ જે ચિરંજીવી યોજના લઈ આવી અને આ રાજ્યની સાડા ચાર લાખ સ્ત્રીઓની સફળતાપૂર્વક પ્રસૂતિ કરાવી છે અને મારા વિરોધ પક્ષના સભ્યશ્રી પોતે ડૉકટર હોવા છતાં બધું જાણે છે છતાં બોલે છે કે આ રાજ્યમાં આટલી બધી ખરાબ સ્થિતિ હતી તો હું એમને એ કહેવા માગું છું કે ભૂતકાળના ખરાબ વહીવટના લીધે આ બધી સ્થિતિ આજે ભોગવીએ છીએ અને આજે જે વહીવટની લાંબાગાળાની વિચારણાઓ આરોગ્ય વિભાગ ઉપર કરવામાં આવે છે ત્યારે હું ચોક્કસપણે કહી શકીશ કે આવતા દિવસોમાં રાજ્યમાં છેવાડાના ગામડાના ફળ ભોગવતા હશે. ચિરંજીવી યોજના જે યોજનાની અંદર સંસ્થાકીય પ્રસૂતિ થઈ અને પહેલાના સમયમાં ૬૦ ટકા સંસ્થાકીય પ્રસૂતિનું પ્રમાણ હતું, આજે ૯૦ ટકા સુધી પહોંચ્યું છે અને ચાર લાખ પાંત્રીસ હજાર પ્રસૂતિઓ આ યોજના નીચે થઈ છે. આનો લાભ શું થાય છે એનો એક દાખલો આપવો છે. પહેલા જ્યારે આ યોજના ન હતી ત્યારે ચાર લાખ પાંત્રીસ હજાર પ્રસૂતિઓ જો ઘેર જ થઈ હોત તો એમાંથી ૭૦૦ માતાઓ મૃત્યુ પામતી અને હું સ્પષ્ટપણે કહી શકીશ કે આ યોજના થકી દર વર્ષે ૭૦૦ બાળક એની માતાનો પ્રેમ લઈ શકે છે અને પહેલા ૭૦૦ બાળકો અનાથ થઈ જતા હતા. આની પાછળ આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સુદ્રઢ નીતિ અને એક રાજનીતિના પરિણામે આ ફાયદો પ્રજા ભોગવી રહી છે. આવી જ વાત બાળ મરણની હતી. મુખ્યમંત્રીશ્રીએ વિચાર્યું કે બાળ મરણ પૈકી પણ લગભગ ૬૦ ટકા બાળકો જન્મના પહેલા મહિનામાં મૃત્યું પામતા હતા. પરિણામ એવું થતું હતું કે સમયસર બાળ રોગ નિષ્ણાંતની સારવાર લઈ શકતા ન હતા. ઘણા બધા કેસમાં તો સારવાર લેવાની ઈચ્છા હોય તો પણ એમની આર્થિક સ્થિતિ એવી ન હતી કે બાળ રોગ નિષ્ણાંત પાસે સારવાર લઈ શકે. એવા સમયે રાજ્યના આરોગ્ય વિભાગે બાળ સખા યોજના બનાવી અને અત્યાર સુધીમાં ૫૦ હજાર ઉપર બાળકોને આનો લાભ આપવામાં આવ્યો છે. રાજ્યના ૨૮૬ જેટલા ખાનગી બાળ રોગ નિષ્ણાંતો છે એમને આ સેવામાં કરારબદ્ધ કરી અને એમને આની સાથે જોડીને ગામડાના ગરીબ બાળકો છે એ આ બાળ સખા યોજના અંતર્ગત બાળ રોગ નિષ્ણાંતની સારવાર લઈ શકે છે. નિશાળમાં જતા બાળકો બીમાર પડે અને તે વખતે એના મા-બાપને કલ્પી ન શકાય તેવી મુશ્કેલીમાં હોય. ઘણીવાર ગામડામાં એવું થતું હતું કે નિશાળે જતું બાળક બીમાર પડે, બે ત્રણ વખત ગામડાના જનરલ પ્રેક્ટિશનર ડૉકટર પાસે દવા કરાવે અને ન મટે એટલે અમારા ગામડાના અભણ માણસો દોરા-ધાગા કરાવે, ભૂત ભૂવા પાસે લઈ જતા હતા, આવી અંધશ્રદ્ધામાં હતા. હું વટ સાથે કહી શકીશ કે આ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત આવા બાળકોના આરોગ્યની તપાસણી થઈ અને છેવાડાના ગામડામાંથી ખબર પડી કે આને તો કિડનીની બિમારી છે, આને હૃદયની બિમારી છે અને પેલા ગરીબ ગામડાના માણસને સમજાવ્યું કે આને કોઈ દોરા-ધાગા કરવાની જરૂર નથી. આને રાજ્ય સરકારના ખર્ચે ઑપરેશન કરાવવાની જરૂર છે. હું સન્માનનીય ગૃહને કહેતા આનંદ અનુભવું છું કે આવા ૩ હજાર બાળકોને આ રાજ્ય સરકારે પોતાના ખર્ચે અને રાજ્યના છેવાડાના વિસ્તારમાં કે જ્યાં એ વિસ્તારના ધારાસભ્ય બન્યા હોય એને જતાં સંકોચ થાય એવા ઝૂંપડામાં જઈને એ બાળકને શોધી આવ્યા છે. આવું વિરલ કામ આ રાજ્ય સરકારે કર્યું છે. ૩ હજાર કરતાં વધુ બાળકોને હૃદય અને કિડની જેવા ગંભીર રોગોની સારવાર આપી છે અને એ બાળકો પોતાનું સ્વસ્થ આરોગ્યમય જીવન જીવી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આયુર્વેદિક વિભાગ કે જે વૈદિક કાળથી શરૂ થયેલી આયુર્વેદિક પરંપરા હતી, એક ચિકિત્સા પદ્ધતિ હતી એનો આ રાજ્ય સરકારે વિચાર કરી અને આ રાજ્યમાં કોલવડા ખાતે એક મોડેલ આયુર્વેદિક કૉલેજ શરૂ કરવાનું નક્કી કર્યું છે અને સમગ્ર ગુજરાત રાજ્યમાં રહેતા આયુર્વેદિક વનસ્પતિઓ, આયુર્વેદિક ડૉકટરો અને આયુર્વેદિક સૃષ્ટિ સાથે સંકળાયેલા દરેક માણસનો ઉત્સાહ રાજ્ય સરકારે વધાર્યો છે ત્યારે હું માનનીય આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપીશ. હું એક મારું સૂચન પણ કહું છું કે આયુર્વેદિક, ફાર્મસી અમદાવાદ અને જુનાગઢ ખાતે આવેલ છે એમાંથી જે પ્રોડક્ટો રાજ્ય સરકાર તરફથી બને છે એના માટે એ

પ્રોડક્ટોનો વધારે ને વધારે પ્રચાર અને પ્રસાર થાય અને આવતા દિવસોમાં રાજ્યના લોકો આયુર્વેદનો વધારેમાં વધારે લાભ લે એના માટે આવતા દિવસોમાં આ સરકાર તરફથી કાંઈક વધારે કરવામાં આવે તો એ રાજ્યની પ્રજા માટે વધારે ફળદાયી હશે.

બીજું મારું સૂચન એવું હતું કે, આપણે ત્યાં સામાજિક ફંકશનો હોય, રાજકીય ફંકશનો થાય એમાં ચા અને ઠંડા પીણા ઘણી વખત આવતા હોય છે ત્યારે મારું એક સૂચન એવું હતું કે આવા ફંકશનોમાં આયુર્વેદિક ઔષધોમાંથી બનાવેલ જ્યુસ, દાખલા તરીકે આમળાના જ્યુસનો ઉપયોગ સારી રીતે કરવામાં આવે તો આવા દિવસોમાં સ્વાસ્થ્ય માટે પણ સારી છે અને આર્યુવેદના પ્રચાર અને પસારમાં એ વાત બહુ સારી રહેશે એની પણ આરોગ્ય મંત્રીશ્રીને વાત કરું છું. આર્યુવેદમાં પંચકર્મ, યોગાસન જેવી ચિકિત્સા પદ્ધતિ છે એનો વધારેમાં વધારે આ રાજ્યની પ્રજા ઉપયોગ કરે એવી પણ મારી એક લાગણી છે. માનનીય ખુમાનસિંહભાઈ સવારે બોલતા હતા કે તમેજ બધું કર્યુ, તમે જ બધું આપ્યું, તમે આ રાજ્યની પ્રજાને ઘી-દૂધની નદીઓ વહેવડાવી. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે ગુજરાતની પ્રજા  એટલી બધી નિર્બળ કે નમાલી નથી કે એને ઘી-દૂધની નદીઓની જરૂર પડે, એને તો વિકાસ માટે પ્લેટફોર્મની જરૂર છે અને ભારતીય જનતા પાર્ટીના શાસનમાં નટવરસિંહ એને સારામાં સારું પ્લેટફોર્મ મળી રહ્યું છે પ્રજાને એનો આનંદ છે. કદાચ તમને એનો આનંદ ના હોય એ વાત બરાબર છે પણ આખી ગુજરાતની જનતાને એનો આનંદ છે, એના માધ્યમથી અહીંયા બેઠાં છીએ તો હું ગુજરાતની જનતાને બિરદાવું છું. એટલા માટે કે અહીંયા કોઈ દૂધ-ઘીની નદીઓની જરૂર નથી. એમને સારા રસ્તા અને સારા આરોગ્યની જરૂર છે અને એના માટે રાજ્ય સરકાર તરફથી જે સગવડતાઓ આપવામાં આવી છે એનો પ્રજાને ખૂબ એનો સંતોષ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે મેડિકલ ક્ષેત્રે આ વખતે એમ.બી.બી.એસ.માં ૫૦૦ બેઠકો વધારી એનાથી આવતા દિવસોમાં ગામડાના છેવાડાના વિસ્તારમાં એમ.બી.બી.એસ. ડૉકટરની સંખ્યા વધી જશે અને આરોગ્યની સ્થિતિ સુધરશે. મારે મારા સાથીમિત્રોને કહેવું છે કે ઘણું બધું તમે કહ્યું કે ગામડામાં ડૉકટર નથી, પી.એચ.સી. અને સી.એચ.સી.માં ડૉકટર નથી. બધી જ જગ્યાએ કંઈ નથી પણ પહેલાની સ્થિતિ કરતા હું સાહેબ દવાખાનામાં પ્રેકટીસ કરતો હતો. મને ખબર છે કે પહેલાની સ્થિતિ કરતા અત્યારની સ્થિતિ શું છે એ બધા જાણે છે. અત્યારે ગામડાની પી.અચે.સી. હોય, તાલુકા કક્ષાનું સી.એચ.સી. હોય કે અમદાવાદની સિવિલ હોસ્પિટલ હોય એ અદ્યતન પ્રાઈવેટ હોસ્પિટલ જેવા ઇન્સ્ટિટ્યૂટ બનાવ્યાં છે અને એમાં સારામાં સારી રીતે નર્સિંગ સ્ટાફથી માંડીને ડૉકટરો સેવા આપી રહ્યાં છે અને રાજ્યની જનતા એના સારા ફળો લઈ રહી છે. ત્યારે હું માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષ મહોદય, મંત્રીશ્રી શહેરી વિકાસ જે માગણીઓ લઈને આવ્યા છે એના અનુમોદનમાં હું મારી વાત મૂકું છું.

મારા વિપક્ષી સભ્યોએ હમણાં એવું કહ્યું કે શહેરી વિકાસમાં જુનાગઢને અને આને અન્યાય થયો છે. માનનીય અધ્યક્ષ મહોદય, મારે એ યાદ કરાવવું છે કે હું પણ ભાવનગર મહાનગરમાં મેયર તરીકે રહી ચૂકી છું ત્યારે મહાનગરોને રાજ્ય સરકાર તરફથી કાંણી રાતી પાઈ અપાતી નહોતી. પોતાના પૈસે પોતાની કમાણી ઉપર પોતે વિકાસ કરવાનો, કોઈ મહાનગરને સ્વપ્ન પણ નહોતું આવતું કે રાજ્ય સરકાર મદદ કરે અને જ્યારે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તા સંભાળી છે ત્યારથી આ વિકાસ શરૂ થયો છે અને છેલ્લા બે વર્ષથી ગયા વર્ષે આ મહાનગરોને ૧૫૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે અને આ વર્ષે મહાનગરોને ૩૭૫ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે એને માનનીય અધ્યક્ષ મહોદય,

**હાથ ફેલા કે માગે તો ખુદાકી ખુદાઈ નહિ હે,**
**પર આપ માગે ઔર હમ દે યે બાત હમે મંજૂર નહિ હે.**

માનનીય મુખ્યમંત્રીશ્રીએ કોઈપણ જાતની માગણી વગર પોતેજ શહેરોના વિકાસના સ્વપ્ન દ્રષ્ટાના આધારે એમણે આ વિકાસના કામ માટે, ઈન્ફાસ્ટ્રકચરના ડેવલપમેન્ટ માટે તમામે તમામ મહાનગરોને આ સહાય પૂરી પાડી છે. આજે આખા ગુજરાતની અંદર કોઈ વસ્તુ ચર્ચાસ્પદ હોય કે આકર્ષણ હોય તો એ છે BRTS Bus Rapid Transport System એટલે કે આ આખા ગુજરાતની અંદર સિસ્ટમ જે શરૂ કરવામાં આવી છે માનનીય અધ્યક્ષ મહોદય, Global Warming અને Climate change આના અનેક કારણોમાં એના નિરાકરણ માટે વિશ્વ જ્યારે ચિંતિત છે ત્યારે એ નિરાકરણના અનેક પગલાઓ છે. એમાંનું એક પગલું public transportation ને પ્રોત્સાહન આપવાનું પણ છે. Mass-communication and mass-transportation  જો કરવામાં આવે તો એના કારણે પેટ્રોલ અને ડિઝલનો કરકસરયુકત ઉપયોગ તો થાય જ. પરંતુ સાથે સાથે પર્યાવરણને પણ બચાવી શકાય. માનનીય મુખ્યમંત્રી કે જેમણે climate change નો જે અલગ વિભાગ ઊભો કરી એમણે જે એક આવકાર્ય પગલું ભર્યુ છે એના સાથે આ વિભાગને એટલે કે BRTS ને પણ સાથે જોડીએ તો એ  climate chabnge માટેનું એક આવકાર્ય પગલું છે. આ ૩ મહાનગરોમાં BRTS ની શરૂઆત થવાની છે, એમાં અમદાવાદની અંદર ૧૨૫ કિલોમિટર, સુરતમાં ૩૦.૨૦ કિલોમિટર અને રાજકોટમાં ૧૦.૬૦ કિલોમિટરનો આ BRTS નો માર્ગ બનવાનો છે. BRTS ની સેવા મળવાની છે. આ ૩ મહાનગરોની અંદર આ સેવા માટે ગુજરાત

સરકારે ૧૭૮૪ કરોડ રૂપિયા ફાળવ્યા છે. ૧૭૮૪ કરોડ રૂપિયા ફાળવ્યા છે, ૧૭૮૪ કરોડ રૂપિયા. માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, આપણે કદાચ એવું કદાચ મારા વિપક્ષી મિત્રો એવું કહે કે, આ ગુજરાતમાં જ નથી બીજી જગ્યાએ પણ છે પરંતુ મારે વિપક્ષી મિત્રોને એ યાદ કરાવવાનું છે કે, આ સેવા ગુજરાતે એટલી સફળતાપૂર્વક શરૂ કરી છે અને એટલી આવકાર્ય બની છે કે, એના કારણે ગુજરાત સરકારને બે એવોર્ડ મળ્યા છે, એક નેશનલ લેવલનો એવોર્ડ જે છે એ માસ ટ્રાન્ઝીટ-૨૦૦૯ અને બીજો ઈન્ટર નેશનલ લેવલનો જે એવોર્ડ છે એ સસટેનેબલ ટ્રાન્સપૉર્ટ, આ બે એવોર્ડો જે મળ્યા છે એના કારણે એ સાબિત થાય છે, કે ભલે બીજી બધી જગ્યાએ જે હોય એ પણ ગુજરાત જે કામ શરૂ કરે છે, ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી જે કામ હાથમાં લે છે એમાં હંમેશા સફળતા પ્રાપ્ત કરે છે અને આ એવોર્ડ એની પૂર્તતા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આ બી.આર.ટી.એસ.ની શરૂઆત અમદાવાદમાં ૧૨૫ કિલો મીટરમાંથી અત્યારે પહેલા ફેઈઝમાં જે કામગીરી શરૂ કરી છે એમાં ૧૫ કિલો મીટરનો માર્ગ શરૂ કરવામાં આવ્યો છે, આર.ટી.ઓ થી કાંકરિયા સુધીનો અને એમાં કુલ ૯૦૦ કરોડમાંથી, ૪૩૦ કરોડ રૂપિયાનો ખર્ચો કરી અને આ માર્ગને પ્રભાવિત કરી અને પ્રોત્સાહિત કરીને શરૂ કરવામાં આવ્યો છે. આ માર્ગની અંદર આ બસ સેવાનો વધારેમાં વધારે લોકો ઉપયોગ કરે એટલે લોકાપર્ણ થાય એ પહેલા અઢી મહિના સુધી આ માર્ગની અંદર આ બસ સેવાનો લોકોએ ફ્રી લાભ લઈ, કોઈ પણ મુસાફરી કરે એનો કોઈ પણ ચાર્જ લેવામાં ન આવે અને ફ્રી મુસાફરી કરી શકે એવી ગુજરાત સરકારે વ્યવસ્થા કરી અને આ રીતે અમદાવાદમાં લોકોને આ ટ્રાન્સપોર્ટેશનનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. અત્યારે આ ટ્રાન્સપોર્ટેશની અંદર રોજના ૩૫ થી ૩૭ હજાર લોકો ઉપયોગ કરે છે અને રજાના દિવસે ૪૦ થી ૪૨ હજાર લોકો આ ટ્રાન્સપોર્ટેશનનો ઉપયોગ કરે છે અને માસ ટ્રાન્સપોર્ટેશનમાં પર્યાવરણના કામમાં સહયોગી બની છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ જે છે એનું લોકાર્પણ આદરણીય મુખ્ય મંત્રીશ્રીએ દિવાળીના દિવસોમાં લોકોને સારામાં સારી ભેટ આપી અને તા.૧૪-૧૦-૨૦૦૯ના રોજ શરૂ કર્યુ છે. મારા વિપક્ષી મિત્રો ઘણી વાર એવું કહે છે કે, આ મુખ્ય મંત્રી એવા છે કે હવામાં ઊડે છે, હવાઈ જહાજમાં ઊડે છે પરંતુ આ મિત્રોને યાદ નથી કે, અને કદાચ એ લોકો યાદ કરાવવા નથી માગતા કે, આ મુખ્ય મંત્રી કૉમન મેન છે, અને કૉમન મેન જેમ બસમાં મુસાફરી કરે ને એમ આ મુખ્ય મંત્રી બસમાં મુસાફરી કરે છે. :માત્ર લોકાપર્ણ વખતે નહીં પરંતુ એક સરપ્રાઈસ વિઝીટ પણ કરી અને આ ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમને પ્રોત્સાહિત કરવાનું કામ આ કૉમન મેને કરેલું છે.

**સભાપતિશ્રી** : માનનીય વિભાવરી બેન એક મિનિટ બાકી છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, મારે મારી વાત ગરીબ કલ્યાણ મેળાની પણ કરવી છે કેમ કે, અત્યારે ગરીબ કલ્યાણ મેળાઓ મહાનગરોમાં પણ એનો લાભ મળે છે, મારે વાત અહીંયા મૂકવી છે.

દુ:ખી કે દર્દી કે ભૂલેલા માર્ગવાળાને વિસામો આપતા ઘરની ઉઘાડી રાખજો બારી,

અવરના દુ:ખની હોડમાં, અવરના દુ:ખ સાંભળવા તમારા નેત્ર, કર્ણોની ઉઘાડી રાખજો બારી ,

આવું અમારા પ્રભાશંકર પટ્ટણીએ કહ્યું છે. પરંતુ મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તો નેત્ર, કર્ણોની બારી ખુલ્લી રાખી છે સાથે સાથે ગરીબો માટે તિજોરીની બારી પણ ખુલ્લી કરી દીધી છે. ગરીબો માટે સહાય ઊભી કરી દીધી છે અને આ સહાય દ્વારા જે પચાસ મેળાઓ કર્યા એમાંથી

**સભાપતિશ્રી** : વિભાવરીબેન પૂરું કરો. સમય મર્યાદા બધાને સરખી.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : સાહેબ એક મિનિટ, એમાંથી સાત મહાનગરોમાં ૬૨૧૧૭ લાભાર્થીઓને ૪૫૩૮ લાખની સહાય કરવામાં આવી છે અને ૪૩ નગરપાલિકાઓના ૧૫,૮૦૬ લાભાર્થીઓને ૨૭૫ લાખની સહાય કરવામાં આવી છે. આ જે સહાય આપવામાં આવી છે એ સાધન સહાય નથી, પરંતુ ગરીબોને ગરીબાઈ સામે લડવાનું એક હથિયાર મુખ્ય મંત્રીશ્રીએ આપ્યુ઼ છે, આ ગરીબાઈમાંથી બહાર નીકળવાનું એક હથિયાર આપ્યું છે.

**સભાપતિશ્રી** : વિભાવરીબેન પૂરું કરો. નો. નો રિલેક્ષેશન. રાઘવજીભાઈ.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : મારે એક વાત કરવી છે, એક મિનિટ એક વખત એક ગરીબ માણસ જતો હતો રસ્તામાં અને ખાડામાં પડી ગયો અને ખાડામાં પડી ગયો અને ત્યાંથી એક માણસ નીકળ્યો સફેદ ટાઈ,
**સભાપતિશ્રી** : પૂરું કરો, નો રિલેક્ષેશન, રાઘવજીભાઈ.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : બેનને માન આપું છું.

**સભાપતિશ્રી** : એમને મેં અડધી મિનિટ આપી છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : આ માણસ જ્યારે ત્યાંથી નીકળ્યો અને ગરીબ માણસને ખાડામાં પડેલો જોયો એટલે એને કહ્યું કે ભાઈ હું તને બહાર કાઢીશ.

**સભાપતિશ્રી** : માનનીય રાઘવજીભાઈ.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : અધ્યક્ષશ્રી એક મિનિટ.

**સભાપતિશ્રી** : નો, પ્લીઝ સીટ ડાઉન, માનનીય રાઘવજીભાઈ. તમને રિલેક્ષેશન આપ્યું, એક મિનિટનું આનો દુરુપયોગ નહીં કરવાનો.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય પરિવાર કલ્યાણ, પ્રવાસન અને શહેરી વિકાસ પોતાના ખાતાની માગણીઓ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. હું સાંભળતો હતો કે અત્યારે આરોગ્ય વિષયક આવી સુવિધાઓ છે, સરકારે આટલી મોટી કામગીરી કરી, આટલો બધો વિકાસ થયો સાહેબ, આરોગ્ય મંત્રી તો સમર્થ વહીવટકર્તા છે. હું એમણે પૂછવા માગું છું કે આજે સામાન્ય માણસ જેની પાસે સારવારના પૈસા નથી એવા માણસને બાદ કરતા કોઈ માણસ સરકારી હોસ્પિટલમાં સારવાર લેવા જાય છે ખરો? કેમ નથી જતો? સરકારી હોસ્પિટલમાં નથી તો દવા હોતી, નથી જરૂરી સાધનો હોતા અને નથી સારા નિષ્ણાત ડોકટરો હોતા અને એમાં અવ્યવસ્થાની વાત જ કરોમાં. એટલી ગંદકી, એટલી અવ્યવસ્થા અને એના પરિણામે આજે તો જુઓ તો સ્ટર્લીંગ, સાલ, એપોલો આવી અનેક હોસ્પિટલો રાજયમાં ખાનગી ક્ષેત્રે ખુલી છે અને સરકારી ક્ષેત્રે જે મેડીકલ સારવારની સુવિધા છે એ દિનપ્રતિદિન કથળતી જાય છે એટલે માનનીય મંત્રીશ્રીને હું કહેવા માગું છું કે આ બાબતમાં ઉંડુ મનોમંથન કરવું જોઈએ કે ખાનગી ક્ષેત્રે કેમ દર્દીઓ જાય છે અને સરકારી હોસ્પિટલોમાં કેમ નથી જતા એનું કોઈ કારણ તો હશેને? રોગી કલ્યાણ સમિતિ નામની સમિતિ જે રચવામાં આવી છે તે મનસ્વી રીતે વહીવટ નકકી કરે છે. આડેધડ ચાર્જ નકકી કરે છે. ડોકટર ઉપર બોસીઝમ કરે છે. હમણાં અમુક હોસ્પિટલમાં કન્સલ્ટન્ટ નિમવામાં આવ્યા છે. કન્સલ્ટન્ટ ડોકટર ઉપર બોસીઝમ કરે છે. મનસ્વી રીતે વહીવટ કરે છે અને પરિણામે હોસ્પિટલમાં સારવાર અને બીજી બાબતોમાં તકલીફમાં વધારો થાય છે. હમણાં મેં એક દિવસ આ ગેલેરીમાં જોયું તો પત્રકાર મિત્રો હાજર નહોતા. તપાસ કરી તો જાણવા મળ્યું કે આરોગ્ય મંત્રીશ્રીએ પરિપત્ર બહાર પાડયો છે સરકારી હોસ્પિટલમાં ન તો પત્રકાર જઈ શકે, ન ફોટા પાડી શકે. આઝાદીના આટલા વર્ષો પછી આ દેશમાં જયારે લોકશાહી ફુલીફાલી રહી છે ત્યારે અખબારી સ્વાતંત્ર્ય ઉપર તરાપ મુકવાથી માનનીય આરોગ્ય મંત્રીશ્રીને કયો ફાયદો દેખાયો હશે? છાપાઓ તો ખામી દેખાડશે, છાપાવાળા તકલીફનું વર્ણન કરશે તો સાહેબના ધ્યાન ઉપર આવશે અને સરવાળે વહીવટ સુધરશે. સરકારી ખાસ કરીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર છે એમાં હડકવાની દવા, જીવન રક્ષક દવા, ધનુરની દવા મોટાભાગે હોતી નથી આના પરિણામે ઘણી વખત આવી જીવન રક્ષક દવાઓના અભાવે માણસ મરણને શરણ થાય છે. તપાસ કરીએ તો કહે કે અમને ખરીદવાની સત્તા નથી, અમારી પાસે દવા વપરાઈ ગઈ છે, અમે રિપોર્ટ મોકલ્યો છે સાહેબ. આવી વાતો કરે છે, આવો વહીવટ થાય છે છતાંપણ એમ કહેવામાં આવે છે કે ગુજરાતમાં આરોગ્ય વિષયક આવી સુવિધાઓ આપવામાં આવે છે. હમણાં લોકસભામાં એક આંકડા આપવામાં આવ્યા કે દેશમાં આરોગ્યનો જે ખર્ચ થાય છે એમાં ગુજરાત રાજયનો ૩૧મો નંબર છે. ઝારખંડ પણ આપણા કરતા આરોગ્ય વિષયક સેવાઓમાં ખર્ચ કરવામાં આગળ છે. ઝારખંડ જેવું પછાત રાજય જો ૩૨૮ રૂપિયા પર વ્યકિત આરોગ્ય પાછળ ખર્ચ કરતી હોય સરકાર તો ગુજરાતમાં માત્ર ૨૭૦ રૂપિયા વ્યકિતદીઠ ખર્ચ કરે છે. છત્તીસગઢ જેવું પછાત રાજય ત્યાં પણ વ્યકિતગત રીતે રૂ.૩૭૮નો ખર્ચ કરે છે સરકાર એટલે કહેવાની વાત એ છે કે રાજય સરકાર આરોગ્ય ક્ષેત્રે જે નાણાકીય ફાળવણી કરે છે, જે ખર્ચ કરે છે એ તદ્દન ઓછું કરે છે અને એના પરિણામે આરોગ્ય વિષયક સેવાઓ કથળતી જાય છે. હમણા હમણા ખાનગી સંસ્થાઓને હોસ્પિટલો ફાળવી દેવાના વાયરા ઉપડયા છે. જયાં ગરીબ માણસોને સારી સુવિધા અને સારવાર મળી રહે, જેની પાસે પૈસા નથી એવા લોકોને આરોગ્ય વિષયક સુવિધાઓ મળી રહે એ માટે સરકારે જયારે સરકારી હોસ્પિટલો ખોલી છે. તો હવે કમાણી કરનાર સંસ્થાઓને, કૉર્પોરેટ સંસ્થાઓને હવે આવી હૉસ્પિટલો સોંપી દેવામાં આવે છે. હમણા ભૂજની હૉસ્પિટલ અદાણી મૅડિકલ કૉલેજને જે એનું ટ્રસ્ટ છે એ સંસ્થાને સોંપી દેવાનો નિર્ણય થયો છે. આખા કચ્છમાંથી જબ્બર વિરોધ ઊપડ્યો. પરિણામે એ નિર્ણય મુલતવી રહ્યો છે. કહેવાની વાત એ છે કે આવી સારી હૉસ્પિટલો છે, એ આપ ખાનગી ટ્રસ્ટને સોંપી દેવાથી એ લોકો નફો કરવા માટે ધંધો કરે છે. આપણો હેતુ લોકોની સેવા કરવા માટેનો છે. પરિણામે લોકોને સસ્તી અને સારી સારવાર મળતી બંધ થશે. આરોગ્ય વિષયક અનેક પ્રશ્નો મારી પાસે છે . મર્યાદિત સમય હોવાના કારણે હું રજૂ કરી શકતો નથી. માનનીય આરોગ્ય મંત્રીશ્રીને મારા પ્રશ્નો લેખિતમાં મોકલી આપીશ. હું આશા રાખું છું કે માનનીય આરોગ્ય મંત્રી ખરેખર મે કહ્યું તેમ વિધ્વાન વ્યક્તિ છે. સમર્થ વહીવટકર્તા છે. તેમની પ્રત્યે વ્યક્તિગત માન છે, પણ એમના ખાતાની સમસ્યા છે. એ સમસ્યા ખાસ કરીને માણસ માટે આરોગ્ય વિષયક સેવા ખૂબ જ જરૂરી બાબત છે. મહત્ત્વની બાબત છે એ સેવાને સુધારવામાં માનનીય મંત્રીશ્રી પૂરતું ધ્યાન આપે તેવી અપેક્ષા સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક: ૧૦૧ અને ૧૦૨ લઈને આવ્યા છે, તેમાં મંતવ્યો સાથે હું મારો સૂર પુરાવું છું. અત્યારે જ્યારે સમગ્ર વિકસિત દેશોના પ્રમુખ શહેરોની હરોળમાં ગુજરાતનાં મુખ્ય શહેરોએ મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જો આનો કોઈ શ્રેય જતો હોય તો ગુજરાતની સાડા પાંચ કરોડની જનતા અને છેલ્લા ઘણા વખતથી ગુજરાતના સન્માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વ વાળી ભારતીય જનતા પાર્ટીની સરકારને જાય છે. આપણે સ્વર્ણિમ ગુજરાતના વર્ષમાં આ રાજયના બધા જ મહાનગરો મને લાગે છે કે સામાન્ય રીતે લાઈટ, પાણી,ગટરો, રસ્તાઓ એ પાયાના જે પ્રશ્નો હતા એ લગભગ અમે પૂર્ણ કરી ચૂક્યા છીએ. હાલ મહાનગરો એના વિકાસના મોટા પ્રોજેક્ટ લઈને આગળ વધી રહ્યા છે. સ્વર્ણિમ ગુજરાત જયંતી

મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના તથા ૫૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ એ રાજ્યના શહેરી વિસ્તાર તેમજ શહેરી ગરીબો માટે વિવિધ યોજનાઓ કાર્યરત કરવામાં આવી છે. ૨૦૧૦ માં જ્યારે ગુજરાત રાજ્ય સ્વર્ણિમ જયંતી ઉજવી રહ્યું છે, ત્યારે ખાસ કરીને શહેરી વિકાસ વિભાગ અને શહેરી ગૃહનિર્માણ વિભાગે સ્વર્ણિમ સિદ્ધિને અલગ તારવી છે. જેમાંથી ઘણી બધી સિદ્ધિઓના ૫૦ મુદ્દાના કાર્યક્રમોનો સમાવેશ કર્યો છે, તે પૈકી મહાનગરોમાં એક ઉમ્મીદ અંતર્ગત શહેરી ગરીબ યુવાનોને તાલીમ આપે છે, રોજગારી આપે છે. ગરીબો માટે ૧,૨૦,૦૦૦ આવાસોનું બાંધકામ કરવાનું છે, જે પૈકી ચાલુ વર્ષે ૨૫૨ કરોડથી વધારે રૂપિયા ખર્ચ કરી ૧૦,૨૫૮ આવાસો પૂરા કર્યા છે. મારા સાથી માનનીય સભ્યશ્રીઓને કહ્યું હતું કે શહેરોમાંથી ઘન કચરાનો ડોર ટુ ડોર, ડમ્પિંગ કરીને ઘરેથી કચરાને એકત્રીકરણ કરે છે અને એનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ પણ થઈ ગયો છે. બહેને પણ કહ્યું કે મુખ્ય શહેરોમાં બી.આર.ટી.એસ. અને મેટ્રોના  આયોજન માટે સુગ્રથિત આયોજન પરિવહન વ્યવસ્થાનું નિર્દેશન ચાલે છે. સૌથી અગત્યનો મુદ્દો ગુજરાતના મુખ્ય ૧૦૦ શહેરોમાં દરરોજનું વ્યક્તિગત દિઠ ૧૦૦ લિટર શુદ્ધ પાણી પૂરું પાડવું, તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પાણીને જંતુમુક્ત કરવાનું સુનિશ્ચિત અભિયાન પૂરું કર્યુ છે. ગુજરાતની જનતાની આરોગ્યની ચિંતા આ સરકાર કરે છે.  હું બે વિષય ઉપર વિશેષ ધ્યાન આપું છું. એક સાબરમતી રીવર ફ્રન્ટ અને ગુજરાતના શહેરી આવાસ યોજના માટે. રાજ્યના શહેરી વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ૭,૦૦૦ કરોડના આયોજનવાળી સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના એ મહાનગરપાલિકાઓને અને એમાં આવતા સમાવિષ્ટ વિસ્તારોને એક ચેક વિધિ અર્પણ કરી છે. આ ચેક વિધિની વાત નીકળી ત્યારે સિદ્ધાર્થભાઈએ કહ્યું હતું કે ૩ કરોડ અને ૨૫ કરોડ એ તો સ્પષ્ટતા કરી લીધી. હું સિદ્ધાર્થભાઈની વાત સાથે હું સહમત નથી થતો. હજારો કરોડની આ જે.એન.યુ.આર.એમ. ની યોજનાઓ એમાં ગુજરાત શું ઉકાળશે અથવા શું ગુજરાત કરશે. હું સન્માનીય સભ્યશ્રીને વિનંતી કરવા માગું છું કે તમે કદાચ કેન્દ્રની સરકારને પૂછી લેશો. જવાહરલાલ નહેરૂ અર્બન મીશનની આ યોજનામાં કદાચ ભારત વર્ષમાં કોઈ એક રાજ્ય હોય  કે જેણે સમયસર યોજનાઓ પૂરી કરી હોય તો એક માત્ર ગુજરાત રાજય છે અને એ જ કારણે જવાહરલાલ નહેરું અર્બન મિશનને કેન્દ્રની સરકારે આપણે માગી હતી એના કરતાં  વધારે ગ્રાન્ટ અને  વધારે પ્રોજેકટ મૂકવાનું આપણને સૂચન પણ કર્યુ છે માનનીય અધ્યક્ષશ્રી, નગર રચના નહીં પણ સમાજની સંરચના એ શહેરી વિકાસનું મુખ્ય ધ્યેય છે એ હું કહેવા માગતો હતો.  હું  જે સાબરમતી રિવરફ્રન્ટના વિશ્વ વ્યાપી પ્રોજેકટની વાત કરવા માગું છું. આ સાબરમતી રિવરફ્રન્ટ એ વાસણાથી ટોરેન્ટ પાવર સાબરમતી સુધીની જે સાડા નવ કિલોમીટર એક તરફની એટલે પૂર્વ પશ્ચિમની લંબાઈ ગણું તો ૧૯ કિલોમીટરની લાંબી આ સુયોજીત યોજના છે, આ નદીનો સરવે કરી પાણીનો પ્રવાહ ૨૭૫ મીટર બાકીના ભાગમાં  જે જગ્યા રી-ક્લેઈમ  કરી  છે એના જાહેર ઉપયોગ માટે, દા.ત. ત્યાં ગાર્ડન બનશે, ઓપન  સ્પેશ બનશે, બાગબગીચા બનશે. કોમન એમિનિટી બનશે, રૂપિયા ૧૨૦૦ કરોડનો જંગી અંદાજિત ખર્ચવાળો પ્રોજેકટ સામે ૭૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ આપણે પૂરો કર્યો છે. અત્યાર સુધી સાબરમતી નદીમાં ગટરનું ગંદુ પાણી નાખતા હતા અને આજે એ જ સાબરમતી નદીમાં ચોખ્ખું પાણી વહે છે. આ પ્રોજેકટની અંદર સુએજ લાઈન નાખી પીરાણા સુધી એ લાઈન લઈ જઈએ છીએ અને એ લાઈનમાંથી પાછો કાર્બન ક્રેડીટ તો પેદા કરીએ જ છીએ. મારો આશય એટલો જ છે કે, આદરણીય માનનીય મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં શહેરી વિકાસ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું સૂર પુરાવું છું કારણકે અમદાવાદ સહિત ગુજરાતના મહાનગરો જે રોકેટગતિએ વિકાસની તેજ ગતિએ જે આગળ રહયા છે એ આગળ રહી શકે એટલા માટે આ માગણીઓને હું સમર્થન કરું છું..

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ જે માગણીઓ ૩૯, ૪૦ અને ૫૧ લઈને આવ્યા છે તેને હું આવકારું છું અને મારી વાત કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૦-૧૧માં આરોગ્ય અને પરિવાર કલ્યાણ હેઠળ ૧૯૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ થઈ એ ૫૮ ટકાનો વિક્રમ વધારો કરવા બદલ માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય નાણાં મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આ એક જ રાજય એવું છે કે, અત્યાર સુધી હિંદુસ્તાનની અંદર  એમબીબીએસની અંદર એક જ વર્ષની અંદર ૫૦૦ સીટનો વધારો કરીને ક્રાંતિકારી પગલું ભરેલ છે, આટલી મોટી મેડિકલમાં એક જ વર્ષમાં સીટો વધારવા બદલ માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર તરફથી ગુજરાત મેડીકલ એજયુકેશન અને રિસર્ચ સોસાયટીની રચના કરી અને ૧૫૦ બેઠકોની એવી ચાર મેડિકલ કોલેજ બનાવવાનું આયોજન કરેલ છે અને તેના બાંધકામ માટે રૂા. ૧૯૫ કરોડની જોગવાઈ કરેલ છે,  અને આવતા વર્ષમાં ગુજરાતમાં વીસ મેડિકલ કોલેજ તથા હોસ્પિટલ સ્થાપવાનું આયોજન કરેલ છે. તેનાથી પંદર હજાર બેડ વધશે તેથી ખૂબ જ મોટી રોજગારી મળશે અને આરોગ્યની સુવિધા સાથે ગુજરાત હેલ્થનું હબ બનશે. બીજા રાજયોમાં દર વર્ષે ૮૦૦થી વધારે વિદ્યાર્થીઓ મેડિકલ લાઈનની અંદર જતા હતા અને ૧૨૦૦ કરોડથી વધારે ફંડ આ ગુજરાતનું બહાર જતું હતું જે વચેટિયાઓ મારફતે જતું હતું. એ

આ મેડિકલમાં સીટોનો વધારો કરવાથી હવે આ ફંડ આપણા ગુજરાતમાં જ રહેશે એ માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ મેડિકલમાં સીટો વધવાથી રાજયની અંદર અને દેશની અંદર જે ડોકટરોની શોર્ટેઝ છે એ પણ ઘટશે અને ઘર આંગણે આ ડોકટરો આપણને મળી રહેશે. ગુજરાતની એક નવી સિવિલ હોસ્પિટલ અમદાવાદને આંતરરાષ્ટ્રિય કક્ષાની બનાવવા માટે ૯૧૧ કરોડ રૂપિયાનો માસ્ટર પ્રોજેકટ અમલમાં મૂકેલ છે અને તેની કામગીરી શરૂ થઈ ગયેલ છે. ૨૦૧૦-૧૧ના વર્ષમાં ૧૩૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરેલ છે એ અભિનંદનને પાત્ર છે.માનનીય અધ્યક્ષશ્રી, આ સિવિલ હોસ્પિટલમાં અત્યારે ૨૦૨૦ પથારી છે, આવતા વર્ષની અંદર જે ૨૮૦૦ પથારી વધારવાનું જે આયોજન કરેલ છે એ બદલ માનનીય આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપુ છું. આ સિવિલ હોસ્પિટલમાં બીજા રાજ્યોમાંથી આવતા ઘણાં દર્દીઓ આનો લાભ લે છે એમાં રાજસ્થાન, બિહાર, મહારાષ્ટ્ર અને યુ.પી.માંથી પણ ઘણાં દર્દીઓ આવે છે અને સસ્તા દરે લાભ મેળવે છે. આપણી સિવિલની કિડની હોસ્પિટલ એ પણ એક મહત્વની કામગીરી કરી રહેલ છે અને રોજના એવરેજ બે કિડની ટ્રાન્સપ્લાન થાય છે અને લિવર ટ્રન્સપ્લાન્ટ માટે રાજ્ય સરકારે ૧૦ કરોડ રૂપિયાની સહાય કરેલ છે જે સરાહનીય પગલું છે. ગયા વર્ષમાં ૧૧ લિવર ટ્રાન્સપ્લાન્ટ થયેલ છે એ ગુજરાત માટે ખૂબ જ મોટી સિધ્ધિ કહી શકાય. આ સિવિલમાં જે દર્દીઓ આવે છે એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી ૩૩ ટકા રકમ સહાય પેટે આપવામાં આવે છે. ગયા વર્ષે મારા જ વિસ્તારનાં ૭૧,૮૧,૭૧૩ રૂપિયાનો જે એસ્ટીમેટ હતો એમાં ૩૩ ટકા મુજબ ૨૩,૬૯,૯૯૫ રૂપિયા મંજૂર કરેલ છે. આવા ગરીબ દર્દીઓએ આ સહાયતાનો લાભ ઉઠાવેલ છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપુ છું.

**શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ખાસકરીને સોનિયા ગાંધીના નેતૃત્વમાં એક વિચક્ષણ જેને કહી શકાય એવા પ્રધાનમંત્રીશ્રીના કાર્યક્રમમાં સમગ્ર દેશમાં એક પ્રોગ્રામ આરોગ્ય માટેનો આપવામાં આવ્યો, આ પ્રોગ્રામ અંતર્ગત નેશનલ રૂરલ હેલ્થ મિશન રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય મિશન હેઠળ ૧૬,૫૩૪ કરોડની ભારત વર્ષના ઐતિહાસિક વિક્રમ રકમની ફાળવણી માત્ર હેલ્થમાં કરવામાં આવી. એટલું જ નહીં એમાં ખાસકરીને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓને આખા દેશમાં આવરી લીધી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પેટા કેન્દ્રો અને આ બધી સગવડોનો ઉમેરો કરી અને જે રીતે નેશનલ લેવલ ઉપર રોગી કલ્યાણ સમિતિઓ જે ગ્રામ્ય કક્ષાએ, જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ સિવિલ હોસ્પિટલોમાં જે બનાવવામાં આવી આ બધાનો મૂળભૂત આશય છે એ દેશનની અંદર સ્વાસ્થ્ય સેવાઓનું સંકલન કરવાનો અને સ્વાસ્થય સેવાઓને અપગ્રેડ કરવાનો અને જે માણસો બિમાર છે એના સુધી આરોગ્યની સુવિધાઓ પહોંચાડવાનો આશય હતો. આપણને જે રકમ મળેલી છે એ રકમમાંથી ઘણું બધું આપણે પ્રશિક્ષણ પણ આપવાનું હતું. દેશમાં આપણને રૂરલ હેલ્થ મિશનમાં સ્વાસ્થ્યનો પ્રોગ્રામ છે, ઈન્સ્યુરન્સ પ્રોગ્રામ છે એમાં તમામ બી.પી.એલ.ને આવરી લેવાય અને દરેક બી.પી.એલ.વાળાને ૩૦ હજાર સુધીની મેડિકલ ફેસેલિટી આપવાનો ઐતિહાસિક જે નિર્ણય લીધો એ યુ.પી.એ.ની સરકારે લીધો. ગુજરાતને પણ એનો ફાયદો થયેલો છે અને સી.એચ.સી. માટેના પ્રોગ્રામ હેઠળ, પી.આઈ.પી.ના પ્રોગ્રામ હેઠળ જે નાણા રાજ્યને ફાળવવામાં આવેલા એમાં મારે ખૂબ દુ:ખ સાથે જણાવવાનું કે, એ નાણામાં ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૧૦૩ કરોડની રકમ વણવપરાયેલી રહી, ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૨૪૭ કરોડ રૂપિયા વણવપરાયેલા રહ્યા, ૨૦૦૬-૦૭માં ૧૫૪ કરોડ રૂપિયા વણવપરાયેલા હતા અને ૨૦૦૫-૦૬માં ૧૨૧ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે આપવા છતાં પણ વણવપરાયેલા રહ્યા આમ, કેન્દ્ર સરકારે આપેલા ૬૨૫ કરોડ રૂપિયા આ રાજ્યમાં આરોગ્ય માટે વપરાવા જોઈતા હતા એ વપરાયા નહીં અને એ રકમ બચતમાં બોલે છે એનો કેગના અહેવાલમાં ઉલ્લેખ છે કે, રાજ્યના આ ઉદાસીન તંત્રના કારણે, મંત્રીશ્રી બાહોશ છે પણ તંત્ર મારફત અમલ કરવાનો છે અને એટલા માટે ૬૨૫ કરોડ રૂપિયા વણવપરાયેલા પડેલ છે અને જે કેન્દ્રમાં જમા થયા છે. રાજ્યને સૌથી આનાથી આર્થિક નુકસાન થયું છે. રોગી કલ્યાણ સમિતિઓ શા માટે બનાવવામાં આવેલી છે? કોમનમેન જેને કહેવાય, સામાન્ય વ્યકિત જેને કહેવાય, એને જમવાની દેખરેખ, આરોગ્યની દેખરેખ, દવાઓની દેખરેખ માટે સમિતિઓ બનાવવામાં આવેલી છે. રોગી કલ્યાણ સમિતિઓની કેટલી બેઠકો મળે છે? રોગી કલ્યાણ સમિતિઓને જે ભંડોળ આપવામાં આવેલું એ ભંડોળ પણ છૂટું કરવામાં આવેલું, છતાં પણ વપરાયેલું નથી. ભારત સરકારે જે ભારતીય જાહેર આરોગ્યના ધોરણો નકકી કરેલા છે એમાં પણ ચાલીસ કરોડ રૂપિયાની રકમ વણ વપરાયેલી છે, જે આપણે વાપરી શકેલા નથી, એટલું જ નહિ સી.એચ.સી. અને બીજી જે આરોગ્યની સેવાઓ છે એમાં પણ આપણી પાસે વિશેષજ્ઞો ઉપલબ્ધ નથી, ૩૧ માર્ચ, ૨૦૦૯ની સ્થિતિએ આપણી પાસે સંખ્યાબંધ હોસ્પિટલોમાં જગ્યાઓ ખાલી છે, આપણી પાસે એકસપર્ટ નથી, પિડિયાટ્રીક્સ નથી, ગાયનેક નથી, સર્જન નથી. આ સ્થિતિ રાજયના આરોગ્ય તંત્રની છે.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ (શાહપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ સાહેબ આરોગ્ય વિભાગની જે માગણીઓ લઈને આવ્યાં છે એના ઉપર મારા મંતવ્યો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. ભારતીય સંસ્કૃતિ એ રહી છે કે ભગવાન શ્રીકૃષ્ણ હોય કે ચાણક્ય એ તમામે જો કોઈ આદેશ કે ઉપદેશ

આપ્યા હોય એ આદેશ એ છે કે, રાજયમાં અને રાષ્ટ્રમાં રહેતી જે પ્રજા છે એને પૂરતી વૈદકીય સહાય મળે, એમને તબીબી સારવાર મળે અને જ્યાં જરૂર હોય ત્યાં એમને નિ:શુલ્ક સેવાઓ મળે. હું કહેવા માગું છું કે માનનીય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ એ જેમને હું એક સજ્જન અને વિદ્વાન માણસ તરીકે ગણું છું અને બહુ જ સારી રીતે, પ્રભાવિત રીતે એમની કામગીરી હંમેશા કરતા આવ્યા છે અને એક નવા ધારાસભ્ય તરીકે એમની પાસેથી કંઈક શીખવાનો પ્રયાસ કરું છું. હું એમની પાસેથી એક અપેક્ષા રાખું છું કે એક ઘટના જે તારીખ દસમીના રોજની અમદાવાદ વિસ્તારની મારા ધ્યાન પર આવી છે, સવારના દસ વાગ્યે એક જૈરુદ્દીન નામના ગરીબ દર્દીને એટેક આવે છે, એની પાસે પૂરતી નાણાંની વ્યવસ્થા ન હોવાના લીધે એ સાંજે નવ વાગ્યા સુધી એના ઘરે જ પડ્યો રહે છે, એ દિવસે વિધાનસભાનું સત્ર હતું ત્યારે સાંજના સમયે સાત વાગ્યે હું ઘરે ગયો ત્યારે એક કાર્યકર્તાએ મારો સંપર્ક કયો અને એણે મને વાત કરી કે આવી એક પરિસ્થિતિ ઉભી થઈ છે ત્યારે મેં કહ્યું કે એને દવાખાને કેમ ન લઈ ગયા ૧૦૮ બોલાવીને ત્યારે એણે કહ્યું કે લઈ જવામાં વાંધો નહોતો પણ એમની પાસે ખાવાના પણ રૂપિયા નથી અને ત્યાં દવાખાને જઈએ એટલે સૌથી પહેલાં ૩,૫૦૦ રૂપિયાનું ઈન્જેકશન લાવવાની વાત કરશે અને એ જે પ્રિસ્ક્રિપ્શન લખી આપશે એ દવા લાવવાના પૈસા એમની પાસે નહોતા. જે કંઈ અમારી પાસે પૈસા હતા તે અને મારા મિત્રો પાસેથી બીજા પૈસા લઈને કહ્યું કે તું આ પૈસા લે અને તું તાત્કાલિક એમને હોસ્પિટલ લઈ જા અને હોસ્પિટલે જઈને મને ફોન કર હું વી.એસ. હોસ્પિટલ આવવા માટે તૈયાર છું, એ ગરીબ દર્દી નવ વાગ્યે હોસ્પિટલમાં આવ્યો, પણ મારે બહુ દુ:ખ સાથે કહેવું છે કે, એ દર્દીને ત્યાં લાવવામાં ઘણું મોડું થઈ ગયું હતું અને એ દર્દીએ પૈસાના અભાવે ૧૦:૩૦ વાગ્યે એનો જીવ જે હતો આખરી એ છોડી દીધો આ ફાની દુનિયા છોડીને જતો રહ્યો, આ એક ઘણી જ ગંભીર ઘટના છે. હું એમ કહુ છું કે વિશેષ કોઈ સવલતો આપણે આપીએ કે ના આપીએ આપણા વેદો કહે છે આપણા શાસ્ત્રો કહે છે કે હાર્ટના જે દર્દીઓ હોય એ જ્યારે હોસ્પિટલમાં જાય ત્યારે ઓછામાં ઓછી જે પ્રાથમિક સારવાર છે એ આપણે એને આપીએ. એ દર્દી જ્યારે સ્ટેબલ થઈ જાય એ દર્દીની પૂરતી સારવાર થઈ જાય પછી એ ભલે એને કહીએ કે હવે તમે બાકીની દવા અમે તમને લખી આપીએ છીએ એ તમે બહારથી લઈ લ્યો પણ જીવ બચાવવાની જવાબદારી આપણી છે.

હું એક વાત કહેવા માગું છું કે, મહંમદ પયંગબર સાહેબ પછીના એમના જે અનુગામી હતા એમના સમયમાં પુર આવ્યું એમણે તાત્કાલિક એમના જે ઘોડાઓ હતા જે તેજ રફતારથી દોડતા હતા એ લેવા માટે એમના સિપાઈઓને કહ્યું અને જ્યાં પુરમાં જાનહાનિ થઈ હોય અથવા જે કંઈ થયું હોય એ માટે એમને સહાય પૂરી પાડો. થોડીવાર પછી એ લોકો પાછા આવ્યા અને પછી એમણે કહયું કે અમે ત્યાં જઈ આવ્યા છીએ અને બધું સમુસુતરું પાર પડી ગયું છે કોઈ જાનહાનિ થઈ નથી ફકત એક કૂતરાનું નદીના પુરના પાણીમાં ડૂબી જવાથી મૃત્યુ થયું છે. એ ઉંમરફારુકનો આ કિસ્સો છે ત્યારે એમણે તાત્કાલિક મિટીંગ બોલાવી તો લોકોને એમ થયું કે કદાચ અહીંયા આજે એક સંતોષ વ્યક્ત કરવામાં આવશે કે કોઈ જાનહાનિ થઈ નથી અને કોઈ આમાં માર્યા ગયેલ નથી પણ એ વખતે ઉંમરફારુકે કહ્યું હતું કે મારા ગવર્નરપદ હેઠળ આજે એક કૂતરાનો જીવ ગયો છે ભગવાન મને જ્યારે પૂછશે કે તું તારા શાસન વખતે આ કૂતરાનો જીવ ના બચાવી શક્યો એના માટે જવાબદાર કોણ ત્યારે એનો હું શું જવાબ આપીશ તો હું એટલું જ કહેવા માગું છું કે, આપણે બધા, હું બધા સભ્યોને સર્વસંમત થવા, સમરસ થવા કહેવા માગું છું કે આપણે અધિકારીઓએ પણ આરોગ્યની સેવાઓમાં પૂરતું ધ્યાન આપીને કામ કરવું જોઈએ.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ (કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, તબીબી અને જાહેર આરોગ્ય મંત્રી અને શહેરી વિકાસ મંત્રી જે માગણીઓ લઈને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, આપણને મહારાષ્ટ્રથી અલગ થયે ૫૦ વર્ષ આપણે ઉજવી રહ્યાં છીએ પણ ગુજરાતની સાત કોર્પોરેશન એવી છે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર એના અંદર સાહેબ આજ સુધી આપણે બી.એમ.સી.ની જ કલમો લાગે છે. આપણે કોઈ પ્રગતિ કરી નથી. આ બહુ દુ:ખની વાત છે. આઝાદીને ૫૦ વર્ષ થયાં પણ આપણી કલમો એની એજ ચાલે છે. મહારાષ્ટ્રની બી.એમ.સી. જ ચાલે છે. બીજું હું અમદાવાદ શહેર કોટ વિસ્તારની વાત કરું આજે ત્યાં કોઈ સુવિધા નથી. જેટલું પણ અહીંયા બજેટ રજૂ કરવામાં આવે છે પશ્ચિમ અને પૂર્વની જ વાત હોય છે મધ્ય અમદાવાદની તો વાત હોતી જ નથી. આઝાદી પહેલાંની પાઈપો લાઈનો, ડ્રેનેજ લાઈનો, વોટર સપ્લાયની લાઈનો બહુ જ જૂની થઈ ગઈ છે તો તેને તાત્કાલિક અસરથી બદલો કારણ કે ઉનાળાની સિઝન આવે છે અને રોગચાળો ફાટી ના નીકળે એટલા માટે બદલો. તો તેની અંદર બજેટ મૂકી અને તેની અંદર સુધારો થવો જોઈએ. બીજું ખાસ કરીને હું ટેકસની વાત કરું કે જ્યારે ૨૦૦૪ની અંદર કોંગ્રેસી કોર્પોરેશન હતી અને ભાજપ અને કોર્પોરેશને ઠરાવ કર્યો કે અહીંયા ૧૮ ટકાના બદલે ૭ ટકા વ્યાજ લેવું જોઈએ. અહીંયા ગુજરાત સરકારમાં ઠરાવ મોકલવામાં આવ્યો. તે પછી ૨૦૦૬માં જ્યારે બીજેપી અને કોંગ્રેસી કોર્પોરેશન હતી ત્યારે પણ ઠરાવ કરીને મોકલવામાં આવ્યો પણ આજ સુધી કોઈ અમલ કરવામાં નથી આવ્યો. બીજું ખાસ કરીને અમદાવાદ શહેરમાં જે નવા વિસ્તારોનો ઉમેરો થયો છે સરખેજ છે, વેજલપુર છે, મકરબા છે, ગ્યાસપુર છે આપણે ચાર વર્ષથી ત્યાં આગળ ટેક્સ વસૂલ કરીએ છીએ પણ ત્યાં કોઈ પાયાની સુવિધાઓ નથી. ત્યાં આગળ પાણી, ગટર, રસ્તા, બાગ-બગીચા કે એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડની કોઈ

સુવિધા અપાતી નથી. ત્યાં આપણે ટેક્સ તો ચાર વર્ષથી લઈએ છીએ પણ સુવિધામાં ઝીરો છે. તો ત્યાં અમલમાં આવે અને જ્યારે પણ કોર્પોરેશનમાં કમિશ્નર જોડે રજૂઆત કરીએ તો કહે ત્યાં આગળ ટી.પી.સ્કીમનો અમલ થયો નથી. હજુ આનો અમલ થયો નથી તો તમે ક્યારે અમલ કરશો ? ટેક્સ લેવામાં અમલ થાય છે બધો ત્યાં સીલ મારી દો છો ટેક્સ નથી વસૂલ કરતાં અને આ ટી.પી.સ્કીમનો અમલ કરવામાં ટાઈમ લાગે છે. બીજા પૂર્વ વિસ્તારમાં તમે જાવ ત્યાં આગળ કોઈ જાતની ટી.પી.સ્કીમ નથી કશું જ નથી અને ત્યાં વગર પાણી, ગટર, લાઈટ બધું જ આપી દેવામાં આવે છે. બીજું ખાસ કરીને હું આરોગ્યની વાત કરું કે ગુજરાતની અંદર બહું મોટી મોટી હૉસ્પિટલો આવેલી છે. સાલ હોસ્પિટલ, એપોલો છે હિન્દુસ્તાનના બીજા રાજયોમાં મોટી મોટી હોસ્પિટલોની અંદર ત્યાંની સરકારોએ ઠરાવ પસાર કર્યો છે કે ગુજરાતની અંદર જે મોટી હોસ્પિટલો છે ત્યાં આગળ કોઈ ગરીબ દર્દી સારવાર કરાવવા જતો નથી અને પ્રાઈવેટ ડોકટરોનો રાફડો ફાટ્યો છે, પ્રાઈવેટ હોસ્પિટલોનો રાફડો ફાટ્યો છે અને તેની અંદર સ્કીમો રજૂ કરે છે હાર્ટ એટેક અને તેને બધાંની હું એક વિનંતી આરોગ્ય મંત્રીને કરું કે અહીંયા ગુજરાતની અંદર જે મોટી હોસ્પિટલો છે તેની અંદર ૨૦ ટકા જ દર્દીઓને સેવા આપે. કેમ કે વાડીલાલ અને સિવિલ અને બીજી હોસ્પિટલો ઘણી દૂર આવેલી છે એટલે ત્યાં રહેતાં લોકોને ત્યાં આગળ ૨૦ ટકા દર્દીઓને ફ્રી આપે. બીજું સાહેબ અમદાવાદ શહેરમાં કાંકરિયા કાર્નિવેલ ઉત્સવમાં આવે છે, છસ્સોમી વર્ષગાંઠ ઉજવવામાં આવે છે, રીવર ફ્રન્ટની યોજનાઓ ઉજવવામાં આવે છે, ...

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થઈ ગયું.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : હમ કરે બાત દલીલો સે, તો રદ હોતી હૈ, તુમ્હારે હોંઠોં કી ખામોશી ભી સનત હોતી હૈ.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા (ઉમરેઠ)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણીઓ પરની ચર્ચામાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કુટિર ઉદ્યોગમાં જે ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ છે. મારા ઘણા મિત્રો કહે છે કે ભાજપનું શાસન આવ્યા પછી જ બધે વિકાસ થયો છે, પણ આ બાબતમાં મારે કહેવું પડશે કે ખાદી અને ગ્રામોદ્યોગમાં જયારે કોંગ્રેસનું શાસન ચાલતું હતું ત્યારે ૧૭૫ કર્મચારીઓ કામ કરતા હતા. અત્યારે માત્ર ૪૮ કર્મચારીઓ જ કામ કરે છે. એટલે આ સરકાર ખાદી અને ગ્રામોદ્યોગને બંધ કરવા માગે છે કે શું એ ખબર પડતી નથી. આ વિભાગ હેઠળનો જે કામકાજનો રીપોર્ટ આવ્યો છે, એમાં સરકાર જણાવે છે કે ખેતી પછી ગુજરાતની અંદર ગ્રામ રોજગારીની તકો પૂરી પાડતું હોય તો..

**અધ્યક્ષશ્રી** : માનનીય લાલસિંહભાઈ, ઉદ્યોગ અને ખાણ વિભાગની ૫૧ નંબરની જે માગણી છે, એ પ્રવાસન ઉપરની છે. આપે જે વિષય લીધો છે..

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : તો હું આરોગ્ય ઉપર બોલીશ. શહેરી વિકાસ ઉપર બોલીશ. માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગ અંગે આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે મારા વિસ્તારનું જે ઉમરેઠ ગામ છે. એની અંદર મકાનો બનાવવાની વાત ઘણા બધા વખતથી થાય છે. બી.પી.એલ. ધારકો પાસેથી ૫, ૫ હજાર રૂપિયા લેવામાં પણ આવ્યા. પછી એમને પાછા આપી દેવામાં આવ્યા, પણ એકપણ મકાન હજુ સુધી બનાવવામાં આવ્યા નથી. તો માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી વિનંતી કરું છું કે સ્વર્ણિમ્ ગુજરાતનું વર્ષ આપણે ઉજવી રહ્યા છીએ ત્યારે મારા જેટલા બી.પી.એલ.ના અરજદારો છે, એમને મકાન મળી જાય એ પ્રમાણેની વ્યવસ્થા થાય તો આ બધા જે અભિનંદનની વાતો કરે છે, એમાં અમે પણ સૂર પૂરાવીશું. બાકી અત્યારે તો પૂરાવી શકાય તેમ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરું તો મારા ઉમરેઠમાં આપના માધ્યમથી માનનીય જયનારાયણભાઈ સાહેબને મારે કહેવું છે કે ૨૦૦૬થી અમારે ત્યાં ફિઝિશ્યન જ નથી. એટલે ઉમરેઠના આરોગ્યની ચિંતા કરવાની વાત જો હોય તો એના માટે પણ અમારે આણંદ સુધી જવું પડે છે. તો અમારે આણંદ સુધીના ફેરા ન થાય એટલા માટે ત્યાં પૂરા કવોલિફાઈડ ડોકટરો અમારા ઉમરેઠમાં મૂકવામાં આવે, તો વધારે યોગ્ય ગણાશે. આરોગ્યની દ્રષ્ટિએ રોગી કલ્યાણ સમિતિ જે છે, એમાં જે કાંઈ અનુદાન આપવામાં આવતું હોય, એમાં વધારો કરીને વધારે ગરીબોને આ સહાય પૂરી પાડવામાં આવે એવી પણ વિનંતી છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત (ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન વિભાગની માગણી નંબર ૫૧ લઈને પ્રવાસન મંત્રીશ્રી ભાઈશ્રી જયનારાયણભાઈ આવ્યા છે, તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

ગુજરાત પાસે સોમનાથ, દ્વારકા, ડાકોર, અંબાજી જેવા યાત્રાધામો અને ગાંધીજી જેવી વિભૂતિઓ કે જેના માટે ગુજરાત ગૌરવ લઈ શકે એવો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો ગુજરાત પાસે હતો અને આજે છે. આ બધું હોવા છતાં પ્રવાસનમાં ગુજરાતનું નામ કયાંય હતું નહીં. ગુજરાત પ્રવાસન ધામ બને તે આ સરકારે નકકી કર્યુ અને એના માટે થઈને જે પગલાં લેવા માંડયા, એને લઈને આજે રાજય સરકારે પ્રવાસન વર્ષ ૧૯૯૭માં ઉદ્યોગનો દરજજો આપ્યો. ત્યારબાદ આ ક્ષેત્રનું મહત્વ ખૂબ જ વધવા પામ્યું છે. ૨૦૦૬ને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું અને પરિણામે રાજયમાં પ્રવાસનનો ખૂબ જ વિકાસ થયો. સારા પરિણામો મળી રહ્યાં છે. આ જે કંઈ પ્રવાસન ઉદ્યોગ છે, તેને લીધે હોટલ ઉદ્યોગ, વાહન વ્યવહાર, પોતાના બનાવેલા હસ્તકલાના રમકડાં, હેન્ડીક્રાફટ

જેવી વસ્તુઓ વેચીને ગરીબ માણસો પણ રોજીરોટી મેળવી શકે છે. વિદેશી પ્રવાસીઓને આપણા મુખ્યમંત્રીશ્રીએ જે નવરાત્રિ મહોત્સવ, પતંગ મહોત્સવ, રણોત્સવ આ બધા જે કાર્યક્રમો આપ્યા. એ કાર્યક્રમોથી એવી એક જે ઈમેજ ઉભી થઈ છે, ગુજરાતને બદનામ કરવા માટે જે સેકયુલરવાદીઓએ કાવતરું ઘડયું હતો તેનો આ જવાબ છે.

**અધ્યક્ષશ્રી**: માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ આપ પ્રવચન ચાલુ કરો. મારે એક વાત કરવી પડે છે કે ડો. અનિલભાઈ જોષીયારા, શ્રી રાકેશભાઈ અને શ્રીમતી વિભાવરી બહેન એ સભ્યો બોલીને બહાર ચાલ્યા ગયા છે, એ બરાબર નથી.

**શ્રી જયનારાયણ વ્યાસ(આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મારી માગણીઓ ઉપર જે માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લઈને અમારા વિભાગની કામગીરી વિશે પ્રોત્સાહજનક વાતો કરી છે એમનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ અમારી કામગીરી બાબતમાં કઈ રીતે એમાં સુધારો કરી શકાય એ અંગેનાં સૂચનો કર્યા છે એમનો પણ હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એવી પંકિતઓ છે કે,

પહેલું સુખ તે નિરોગી કાયા, બીજું સુખ તે ઘરમાં હોય માયા,
ત્રીજું સુખ જશ ખૂબ કમાયા અને ચોથું સુખ વર્ષમેં સુત દાડા.

માનનીય અધ્યક્ષશ્રી, એનો અર્થ એવો કે કાયા નિરોગી હોય અને ઘરમાં તકલીફ હોય તો એ પણ ના ચાલે અને આ બધું ભેગું થયા પછી પણ જશ ના હોય તો એનો કોઈ અર્થ નથી અને પત્ની અને પુત્ર કહયામાં હોય એ ચોથું સુખ છે. અને એટલે જ શરીર માધ્યમ ખલુ ધર્મ સાધનમ્ એવું કહેવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ આરોગ્ય વિભાગના ખર્ચ અંગેની વાત કરી છે, કયાંક એવું કહેવાયું કે ઝારખંડ કરતાં પણ માથાદીઠ ખર્ચ્ આપણે ત્યાં ઓછો આવે છે એ વધારવાની જરૂર છે. તો વિભાગના મંત્રીશ્રી તરીકે હું હંમેશાં કહીશ કે જે કોઈ જોગવાઈ વધારાની મળે, આ સન્માનનીય ગૃહ અમને આપે એ અમારી પાસે પૂરેપૂરી ક્ષમતા વાપરવાની છે અને રાજયના હિતમાં વાપરીશું, પરંતુ અત્યંત નમ્રતાપૂર્વક મારે સભ્યશ્રીઓને કહેવું છે કે ૨૦૦૭-૦૮ માં અમારી જોગવાઈ ૫૬૫.૨૦ કરોડ રૂપિયાની હતી એના ઉપર ૨૨.૮૯ ટકાનો વધારો અગાઉના વર્ષમાં થયો હતો, ૨૦૦૮-૦૯ ની અમારી જોગવાઈમાં ૨૭૯. ૫૫ કરોડની થઈ એ અગાઉના વર્ષ કરતાં ૪૯.૪૬ ટકા વધારે થઈ, ૨૦૦૯-૧૦ માં અમારી જોગવાઈ ૩૫૭.૫૦ કરોડ રૂપિયાની વધારે થઈ અને ૪૨.૩૨ ટકનો વધારો થયો અને ૨૦૧૦-૧૧ માં એમાં ૬૯૭.૮૫ કરોડ રૂપિયાનો વધારો થયો અને ૫૮ ટકાનો વધારો થયો છે. માત્ર ચાર જ વર્ષમાં ૧૯૫ કરોડ રૂપિયાથી ૬૯૭ કરોડ એટલે લગભગ ૭૦૦ કરોડ એટલે કે ૭ ગણો વધારો આ સરકારે અને માનનીય નરેન્દ્રભાઈ મોદીની આગેવાની નીચેની આ સરકારે સામાન્ય માણસના આરોગ્ય માટે કર્યો છે અને એ વધારો જો અગાઉના વર્ષોમાં કરવામાં આવ્યો હોત તો અત્યારે જે માથાદીઠ વધારે ખર્ચની ચિંતા કરીએ છીએ That is a historical development, એ રાતોરાત થતો નથી. અગાઉના વર્ષોમાં આરોગ્ય વિભાગને જે રીતે નગણવામાં આવ્યો, એના માટે પૂરતી જોગવાઈ ના આપવામાં આવી એના માટે પૂરતું ખર્ચ કરવામાં ના આવ્યું એના પરિણામો આજે અમે જોઈએ છીએ અને એને સુધારવા માટેના પૂરેપૂરા પ્રયાસો આ સરકારના છે અને એ પૂરા પ્રયાસોને લક્ષમાં લઈને વ્યકિતદીઠ ખર્ચની બાબતમાં પણ આગળ વધવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એક સામાન્ય ફરિયાદ ડોકટરોની તંગી બાબતમાં છે અને એ બાબતમાં હું એમાં ચોકકસ કહીશ કે જે વાત કરવામાં આવે છે એ સંપૂર્ણ સાચી છે. તો આ તંગી ઉભી કેમ થઈ? ૧૯૬૧ થી ૨૦૦૮ ના વર્ષ સુધી મેડીકલ અને પેરા મેડીકલમાં જે સીટો વધારવી જોઈએ એ વધારવાને બદલે આપણા દર વર્ષે ૮૦૦ થી ૯૦૦ વિદ્યાર્થીઓ માત્ર મેડીકલના અભ્યાસ માટે બીજા રાજયોમાં મોકલતા રહીએ અને ૧૨૦૦ કરોડ રૂપિયા આપણા દર વર્ષે બીજા રાજયોમાં જાય. આપણે ત્યાં મેડિકલ એડમીશન પણ એ રીતે થાય કે બીજા રાજયોની સીટો ભરાઈ જાય પછી આપણે ત્યાં એડમીશન થાય, બીજા રાજયોમાં નર્સીંગની સીટો કઈ રીતે વધારે ભરાય તેના માટે સભાનતા પૂર્વકનો પ્રયત્ન જાણે ચાલતો હોય એ પ્રકારની વાત આપણને જોવા મળે, આ પરિસ્થિતિમાં જે પરિસ્થિતિનું નિર્માણ થયું એમાં ગુજરાતના દર વર્ષે ૧૨૦૦ થી ૧૩૦૦ કરોડ રૂપિયા રાજય બહાર ગયા અને ઉપરથી આપણા છોકરા, છોકરીઓ ડ્રગના રવાડે ચડી જાય, ઉપરથી એમના ઉપર રેગીંગ થાય, ઉપરથી કોઈ રાજયમાં બસમાં એ લોકો મુસાફરી કરતા હોય તો ટપલી દાવ કરી અને ગુજ્જુ ગુજ્જુ કહીને તેને ચીડવવામાં આવે, રેગીંગ કરવામાં આવે, અને છતાં આપણું રૂંવાડું નહોતું હલતું, ત્યારે આપણી સંવેદનાને ઢંઢોળવાની જરૂર હતી. ગયા વર્ષે ૫૦૦ સીટ માત્ર મેડિકલમાં વધારી છે એવું નથી, પણ મેડીકલ અને પેરા મેડીકલમાં થઈ ને ૧૭૬૦ સીટોનો વધારો કર્યો છે. મેડિકલમાં ૫૦૦ વધી, ડેન્ટલમાં ૨૬૦ વધી, ફીઝીયોથેરપીમાં ૧૮૦ વધી, આયુર્વેદમાં ૧૦ વધી, નર્સીંગ, નર્સીંગ ડીપ્લોમાં એ થઈને ૭૦૦ સીટ વધી, અને નર્સીંગ કોર્સ બેઝીક ડીપ્લોમાંમાં ૧૧૦ સીટ વધી એમ થઈને કુલ ૧૭૬૦ સીટ વધી. આપણે ત્યાં બીજી મુશ્કેલી આવતી હતી વાંરવાર દર વર્ષે વિદ્યાર્થીઓ આંદોલન કરે કારણ કે પોસ્ટ ગ્રેજયુએટમાં એડમીશન માટેની ક્ષમતા આપણે ત્યાં મર્યાદિત હતી. ગયા વર્ષે એક જ વર્ષમાં મેડિકલમાં પોસ્ટ ગ્રેજયુએટની ૧૭૫ સીટ વધી, અને ૨૫૧ સીટ વધી અન્ડર પોસ્ટગ્રેજયુએટમાં,

એટલે બે મળીને પોસ્ટ ગ્રેજયુએટ અને અન્ડર ગ્રેજયુએટ સીટો મેડીકલ અને પેરા મેડીકલમાં ભેગી કરીએ તો એક જ વર્ષમાં ૨૦૦૦ કરતા વધારે સીટોનો ઉમેરો અમારા વિભાગે કર્યો છે. ચાલુ સાલની પરિસ્થિતિની વાત કરીએ તો અમે અપેક્ષા રાખીએ છીએ કે ચાલુ વર્ષે જે ગયા વખતે અમે રેકોર્ડ કર્યો છે તે રેકોર્ડને અમે તોડી નાખવા માગીએ છીએ. ચાલુ વર્ષે અન્ડર ગ્રેજયુએટમાં એકલામાં ૨૪૯૫ બેઠકો વધારવાની નેમ લઈને અમે ચાલીએ છીએ. ૭૫૦ બેઠક મેડીકલમાં, ૨૦૦ ડેન્ટલમાં, ૨૭૦ ફીજીયોથેરપીમાં, ૪૫ આયુર્વેદમાં, નર્સીંગમાં બીજી ૧૧૬૦ અને નર્સીંગ કોર્સ બેઝીક ડીપ્લોમાંમાં ૭૦ બેઠકો સાથે ૨૪૯૫ બેઠકોનો વધારો ચાલુ સાલે કરવા તરફ અમે આગળ વધી રહ્યા છીએ. પોસ્ટ ગ્રેજયુએટમાં શું પરિસ્થિતિ થવાની છે? અપેક્ષિત વધારો ૨૦૦૯માં મેડીકલ પોસ્ટ ગ્રેજયુએટ જેના માટે એક એક કરોડ રૂપિયાની કેપીટેશન ફી ચાલે છે, જે ગરીબોના નામે વાતો કરવા નીકળે છે ને કે આ કોલેજો તમે કરશો એટલે ફી વધશે, ગરીબોના છોકરાઓનું શું થશે, સાહેબ મારે એમને પ્રશ્ન પૂછવો છે કે આ ગરીબોના છોકરાઓ રોકડામાં કેપીટેશન ફી આપીને મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ભણતાં હતાં એ ગરીબોની તમે વાત કરવા નીકળા છો? એમ કેમ વાત નથી કરતા કે જે છોકરો ૯૩ ટકાએ મેડીકલમાં એડમીશન નહોતો મેળવી શકતો તેને ૮૨ ટકાએ અમે એડમીશન મળે તે દિશા તરફ લઈ જઈ રહ્યા છીએ. અને આજે ઓર્થોપેડીક, પીડીયાટ્રીકસ, રેડીયોલોજી, એકે એક ડીસીપ્લીનમાં ડોકટરોની તંગી છે. રેડીયોલોજી જેવી ડીસીપ્લીનમાં કરોડ કરોડ રૂપિયાની કેપીટેશન ફી ચાલે છે. ઓર્થોપેડીકસ અને બીજી ડીસીપ્લીનમાં ૭૦-૭૫ લાખ આપ્યા સિવાય એડમીશન મળતું નથી. ત્યારે મારે આ સન્માનનીય ગૃહને જણાવવું છે કે સૂચિત વધારો આ વખતે પોસ્ટ ગ્રેજયુએટ સીટોમાં ચાલુ સાલે ૩૪૭ સીટનો વધારો પોસ્ટ ગ્રેજયુએટમાં મેડીકલમાં કરવા માટેની અમે અપેક્ષા રાખીએ છીએ. અને ૪૨ ડેન્ટલમાં, આયુર્વેદમાં આપણને ફેકલ્ટી નહોતી મળતી, આપણે ત્યાં આયુર્વેદીક કોલેજોમાં તકલીફ એ પડતી હતી કે નવી કોલેજ કરવી હોય તો એના માટે ફેકલ્ટી મળતી નહોતી. ચાલુ સાલે ૫૮ આયુર્વેદમાં, ૪૫ હોમિયોપેથીમાં અને ૨૫ નર્સીંગમાં એમ મળીને ૫૧૭ બેઠકો અમે પોસ્ટ ગ્રેજયુએટમાં વધારવા તરફ આગળ વધી રહ્યા છીએ, હું માનું છું સાહેબ કે કોઈ પણ રાજયમાં કોઈ પણ એક સમયે એક સાથે મેડિકલ અને પેરા મેડીકલમાં જો બેઠકો વધી હોય તો ગઈ સાલે અમારો જે વિક્રમ હતો તે ચાલુ સાલે અમે તોડવાના છીએ. ખાનગી હૉસ્પિટલોની વાત કરવામાં આવી. હું તો એમ માનતો હતો કે ગુજરાત અને ગુજરાતી માટેનું ગૌરવ આપણને હોવું જોઈએ. પહેલા તો ગ્યાસુદીનભાઈને આપના થકી કહેવું છે કે આપે જે પરિસ્થિતિનું વર્ણન કર્યુ એ ખરેખર ચિંતાજનક છે. રાજયના આરોગ્ય મંત્રી તરીકે મારે આની ચિંતા કરવી જોઈએ, આપની ચિતાને હું હકારાત્મક રીતે લઉં છું. મારે માનનીય ગ્યાસુદીનભાઈને કહેવું છે, આ સન્માનનીય સભાગૃહને પણ કહેવું છે કે કોઈને પણ હાર્ટ એટૅક આવે એને સીધા યુ.એન.મહેતા હૉસ્પિટલમાં લઈ જજો પહેલા ૧૨ કલાક એક નવો પૈસો પણ ચાર્જ કર્યા વગર દાખલ કરવા માટેની જોગવાઈ અને ત્યાર પછી સ્વૈચ્છિક ૧૨ કલાક પછી બીજે જવું હોય અને એક પણ પૈસો પણ બિલ નહિ આપવું હોય તો એક પૈસો બિલ આપ્યા વગર બીજે લઈ જવાની જોગવાઈ યુ.એન. મહેતા હૉસ્પિટલમાં જશો તો અમે સારવાર આપીશું. આ યુ.એન. મહેતા હૉસ્પિટલમાં ચાલુ વરસે એક બે મહિનામાં અમે બીજી ૪૦૦ પથારી એડ કરી રહ્યા છીએ. ચાર cathlab એડ કરી રહ્યા છીએ. આ રાજયની કોઈપણ ખાનગી હૉસ્પિટલમાં હોય એના કરતાં વધારે સારુ આજે હું દાવા સાથે કહી શકું છું કે મારી સુરતની હૉસ્પિટલમાં સુરતનું આઈ.સી. યુ. છે, લેઆઉટની દ્રષ્ટિએ સગવડની દ્રષ્ટિએ એનું ઉદ્‌ઘાટન થયું એ દિવસ એના એક ભૂતપૂર્વ એન.આર.આઈ. વિદ્યાર્થી હાજર હતા એણે એકજ વાત કરી The kind of facilities we have got here is equal to the facilities we got in U.S. because we are accustomed to work in the US with similar kind of facilities. સાહેબ આપણને ગૌરવ થવું જોઈએ આપણી હૉસ્પિટલોમાં આ પ્રકારની ફેસેલિટી છે.

ખાનગી હૉસ્પિટલોની વાત કરતાં પહેલા મારે મારા સન્માનનીય મિત્રોને કહેવું છે કે આપણે ત્યાં આપ માનો છો એટલી બધી ખરાબ હૉસ્પિટલો નથી ચલાવતા. જે ખાનગી હૉસ્પિટલોના નામ દીધા હું કોઈ હૉસ્પિટલોના નામ નહિ દઉં કે મને કોઈ એમાં રસ નથી. પણ આ સન્માનનીય ગૃહને આપના થકી જણાવવું છે કે આ દેશમાં આજે હૉસ્પિટલના નામ દીધાને એમાંની હજી એન.એ.બી.એચ. નથી. સાવલી તાલુકામાં છેવટનું સૅન્ટર ગઢબોરિયાદ અને નવસારીમાં મહુવા એનું પ્રાયમરી હેલ્થ સૅન્ટર મારું આ દેશમાં પહેલાંમાં પહેલું એન.એ.બી.એચ. હોય તો એ મારું પ્રાયમરી હેલ્થ સૅન્ટર ગઢબોરિયાદ અને મહુવા છે. સાહેબ એ રીતે ગાંધીનગરની સિવિલ હૉસ્પિટલ આ દેશમાં પહેલામાં પહેલી જો કોઈ રાજય સરકારની હૉસ્પિટલ એન.એ.બી.એચ. થયેલ હોય તો એ ગાંધીનગરની સિવિલ હૉસ્પિટલ છે. અને સોલાથી માંડીને બીજી અડધો ડઝન હૉસ્પિટલ એન.એચ.બી.એચ. થાય એ દિશામાં આગળ વધી રહી છે.

આ દેશની સિવિલ હૉસ્પિટલની બ્લડબેંક એન.એ.બી.એલ. થઈ હોય તો એ સિવિલ હૉસ્પિટલ અમદાવાદની છે. આ દેશની મૅડિકલ કૉલેજોમાં કોઈ લૅબૉરૅટરી એન.એ.બી.એલ. પહેલા થઈ હોય તો ભાવનગરની મૅડિકલ કૉલેજની એચ.એ.બી.એલ.. સર્ટિફાઈ લૅબૉરૅટરી છે અને રાજયમાં બનતી દવાઓની ગુણવત્તા બાબતની ચિંતા કરીએ છીએ. એ દવાઓની ગુણવત્તા જળવાય એ માટે કોઈ રાજયની ડ્રગ લૅબૉરૅટરી એન.એ.બી.એલ. કવોલિફાઈડ હોય તો એ મારી ડ્રગ લૅબૉરૅટરી વડોદરા છે. We must be proud of it as Gujaratis, Sir. ગુજરાતી સર, આપણને ગુજરાતી તરીકે ગૌરવ થવું જોઈએ કે ખાનગી હૉસ્પિટલોની શું વાતો

કરીએ છીએ, દુનિયામાં કોઈ જગ્યાએ સૌથી વધારે કિડની ટ્રાન્સપ્લાન્ટેશન થતાં હોય તો મારી કિડની હૉસ્પિટલમાં થાય છે. દેશની સારામાં સારી કૅન્સર હૉસ્પિટલ એ મારી કૅન્સર હૉસ્પિટલ છે. યુ.એન. મહેતા હૉસ્પિટલમાં બે મહિના પછી સવલતો ઉમેરાવાની છે It will be the largest intravascular facility hospital anywhere available lin the State, Sir. આ આપણી ક્ષમતા છે, અને સાહેબ બીજી વાત કરીએ ૨૬મી જુલાઇ, ૨૦૦૮ બૉમ્બ ધડાકા આપણે ત્યાં થયા, બધી જ ખાનગી હૉસ્પિટલોએ પોતાના દરવાજા ખુલ્લા મૂક્યા હતા. I am grateful to them as the Health Minister. હું એમનો આભારી છું અને આમ છતાંય માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે ૯૫ ટકા કરતા વધારે દર્દીઓએ આપણી એલ.જી. હોસ્પિટલ, વી.એસ. હૉસ્પિટલ, સિવિલ હૉસ્પિટલ અને જમનાબાઈ હૉસ્પિટલમાં સારવાર લીધી છે. અને સિવિલ હૉસ્પિટલના ટ્રામા સૅન્ટરમાં તો બૉમ્બ ધડાકો થયો, ૨૫ માણસો મરી ગયા હતા તેમ છતાં દેશમાં અન્ય જગ્યાએ બૉમ્બ ધડાકા થાય છે લોહીથી માંડીને દરદીઓની સારવાર માટે લાઈનો લાગતી દેખાય છે. ગુજરાતી તરીકે હું ગૌરવથી કહી શકું છું કે મારી સિવિલ હૉસ્પિટલમાં એ દિવસે મારા સિવિલ હૉસ્પિટલના એક ડૉકટરનું મૃત્યું થયું, સ્ટાફમાંથી મૃત્યુ થયું છતાં ક્યાંક લાઈનો નથી લાગી કે કોઈને સારવાર માટે તરફડવું નથી પડ્યું. એ પ્રકારની સવલતો આપણે આપણી હૉસ્પિટલોમાં આપીએ છીએ. Let me tell this Hon'ble House કે આપણે ત્યાં ગરીબ દર્દીઓ સારવાર લેવા જાય છે. મહેરબાની કરીને ભ્રમમાંથી બહાર નીકળી જજો. આખા દેશમાં જે ટોચના ડૉક્ટરોના નામ છે, ની જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં તેમાં મારી સિવિલ હૉસ્પિટલના ડો. ભાલોડીયાનું નામ છે. આખા દેશમાં Coclear implant જો કોઈએ સૌથી વધારે કરેલા ડૉક્ટરોના નામ લેવા હોય તો મારા ડો. વિશ્વકર્માનું નામ લીધા વગર એ નામ અધૂરા રહે છે. આ આપણી હૉસ્પિટલો છે અને આ એની ક્ષમતા છે. ૫૦ ટકા દર્દી અમારે ત્યાં એવા આવે છે કે જેને ખાનગી હૉસ્પિટલોમાં કોઈ હાથ અડાડવા તૈયાર નથી અને ૫૦ ટકામાંથી ૮૦ ટકા દર્દીઓ અમારી હૉસ્પિટલોમાં સાજા થઈને જાય છે. આપણે ઘરકા જોગી જોગડા ઔર ગાંવકા પીર. આપણે આપણી પોતાની જ કિંમત નહીં કરીએ? We must be proud of our hospital, Sir, and I am pround of it as the Health Minister of this State, Sir. સાહેબ, મનસૌર સિવિલ હૉસ્પિટલની બસ ચાલે છે. કોઈ બે શહેર વચ્ચેની તો બસ ચાલે. પણ મનસૌર સિવિલ હૉસ્પિટલ, એની બસ ચાલે છે. સ્વાઈન ફ્લૂનો આટલો મોટો પંજો આપણાં પર પડ્યો. Gujarat was one of the worst affected state in our Country. સ્વાઈન ફ્લૂનો પંજો એટલે રોગના પંજાની વાત કરું છું. એ આપણાં પર આટલો મોટો પંજો પડ્યો પણ આમ છતાં (અંતરાય) કોંગ્રેસનો પંજો સ્વાઈન ફ્લૂના પંજા કરતા અમારા માટે ઓછો ખતરનાક છે. પણ તેમાંથી ૯૫ ટકા જેટલા દર્દીઓએ આપણી જાહેર હૉસ્પિટલોમાં સેવા લીધી છે. જે લોકો દાખલ થયા તેમાંથી ૮૫ ટકા દર્દીઓ સાજા થઈને ગયા છે અને જાનના જોખમે મારી સિવિલ હૉસ્પિટલના, મારી સૌરાષ્ટ્રની હૉસ્પિટલોના, મારી વડોદરા હૉસ્પિટલના, મારી સુરતની હૉસ્પિટલના, સાહેબ, ખાનગી ડૉક્ટરો જ્યારે આ દર્દીઓને અડવા તૈયાર નહોતા ત્યારે જાનના જોખમે મારા ડૉક્ટરોએ સારવાર કરી છે. We must be grateful to them. આપણે ત્યાં હીપેટાઈટીસ-બીનો વાવર થયો. કોણે સારવાર આપી? આપણાં ડૉક્ટરોએ આપી. આપણે ત્યાં tuberculosis અને એને લગતી સારવારની બાબતની વાત કરીએ તો અત્યાર સુધી આપણે સેમ્પલ ચેન્નાઈ મોકલતા હતા. એમ.ડી.આર. એટલે Major Drug Resistant Tuberculosisની વાત કરીએ તો માત્ર એક જ વર્ષમાં biosofety grade-૩ સાથેની લૅબોરેટરી સિવિલ હૉસ્પિટલમાં આપણે કાર્યરત કરી છે અને ૪૮ કલાકમાં, જે પહેલાં ચાર મહિના લાગતા હતા તેના બદલે ૪૮ કલાકમાં એમ.ડી.આર.નો ટેસ્ટ કરવા માટેની ફેસેલીટી આપણે વિકસાવી છે. This is what we have in our hospitals. અને એન.એ.બી.એચ. કે એન.એ.બી.એલ. કોઈ ઓળખાણથી નથી મળતું સાહેબ. એના માટેએ હૉસ્પિટલોની ગુણવત્તા જરૂરી છે અને આ નેમ લઈને અમે ચાલીએ છીએ ત્યારે સભ્યશ્રીઓને મારે કહેવું છે કે ૨૦૧૨ના ડિસૅમ્બર સુધીમાં જિલ્લા કક્ષાની હૉસ્પિટલોને એન.એ.બી.એલ. સુધી લઈ જવાનો અમારો પ્રયાસ છે અને અમે એ નેમ લઈને ચાલી રહ્યા છીએ ત્યારે આપણી હૉસ્પિટલો જે સારી કામગીરી કરે છે, સાહેબ, આપણે ત્યાં હૉસ્પિટલો સારી કામગીરી કરે છે એની વાત કરવી હોય તો અહીંયા માનનીય સભ્યશ્રી પંકજભાઈ બેઠા છે. તેમને પોતાને પ્રશ્ન થયો ત્યારે તેમણે પેન્ક્રીયાસની ગંભીર બિમારી, આમ તો સામાન્ય રીતે ખાનગી હૉસ્પિટલો સિવાય બીજે જવાય નહીં. પણ એની ટ્રીટમેન્ટ એમણે નડિયાદ સિવિલ હૉસ્પિટલમાં લીધી હતી. હું પંકજભાઈનો આભારી છું કે એમણે અમારામાં વિશ્વાસ મૂક્યો અને મારા ડૉક્ટરોનો આભારી છું કે એમણે એ વિશ્વાસને સાચો ઠેરવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં આપણે ત્યાંથી, આ ગૃહમાંથી પણ એવા કેટલાય સન્માનનીય સભ્યશ્રીઓ છે, કે જેમણે ની જોઈન્ટ રીપ્લેસમેન્ટ એ સિવિલ હૉસ્પિટલમાં કરાવ્યું છે. જે સારું છે એને અનુસરવું જોઈએ. સારું છે એ રસ્તે જવું જોઈએ. સારું છે તે સુધરવું જોઈએ પણ આપણાં પોતાના ઘરમાં જે છે, આપણો પોતાનો દીકરો આપણને સારો નહીં લાગે તો પાડોશીના દીકરાથી કોઈ દહાડો વંશ રહેતો નથી અને એને આપણે વહાલો કરવા જોઈએ તો તેનો કોઈ અર્થ રહેતો નથી. આ ખાનગી હૉસ્પિટલોમાં જે પ્રકારની સવલતો છે લગભગ એ જ પ્રકારની અને બલ્કે અમુક કિસ્સાઓમાં એનાથી સારી સવલતો આપણે ધીરે ધીરે આપણી હૉસ્પિટલોમાં લાવી રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એક દોઢ વર્ષ પહેલાં કોઈએ મોરબીની હૉસ્પિટલ જોઈ હોય અને આજે મોરબીની

હૉસ્પિટલ જઈને જોઈ આવે અને પ્રમાણિકતાપૂર્વક મને કહે કે એ હૉસ્પિટલમાં આસમાન જમીનનો ફરક પડ્યો છે કે નહીં? આજે સુરતની હૉસ્પિટલના દેદાર પલટાયા છે, સુરતની હૉસ્પિટલ કલેવર બદલી રહી છે.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે દસ મિનિટ છે. આપે દસ મિનિટમાં પૂરું કરવાનું છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી માગણીઓ તો ઘણી છે, આઈ વીલ ટ્રાય. હૉસ્પિટલની ગુણવત્તાથી આગળ નીકળીએ તો મારું બીજું આયોજન છે. ડૉકટરોની તંગી છે એ વાત સાચી છે અને ડૉક્ટરોની તંગીને વાત સાથે જોડ્યું છે. આ રાજયમાં ઇમરજન્સી મૅડિકલ કેરના અભાવે કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારની મુશ્કેલી પડવી જોઈએ નહીં. ૧૦૮ની સેવાઓની જે કામગીરી છે એની વિગતોમાં હું જવા માગતો નથી. પણ મારે એટલું ચોક્કસ કહેવું છે કે, ગુજરાત આખા દેશમાં, આઈ રીપીટ સર, ગુજરાત આખા દેશમાં ઇમરજન્સી મૅડિસિનનો પોસ્ટ ગ્રૅજ્યુએટ કોર્સ કોઈ રાજયમાં હોય તો આ ગુજરાતની બી.જે. મૅડિકલ કૉલેજ અને એન.એચ.એલ. કૉલેજમાં We are the first in the country અને એ જ લાઈન ઉપર અમે જે વિસ્તારોમાં ક્યાંક હજુ પણ ૧૦૮ની સેવાઓની વધારે જરૂરિયાત હતી ત્યાં અમે વધારાની ૧૦૮ સેવાઓ કચ્છ, પંચમહાલ, દાહોદ, ભરૂચ, નર્મદા, વલસાડ, સાબરકાંઠા, બનાસકાંઠા, તાપી અને ડાંગ જિલ્લાને જે ૫૦ વધારાની એમ્બ્યુલન્સ ફાળવવાની છે એ સેવાઓ અમે વધારાની જે sparcely populated area છે, જે આદિવાસી વિસ્તાર છે જ્યાં હજુ પણ સેવાઓની વધારે જરૂર છે એમને તે ફાળવી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૨૧૪૪૫ જીંદગીઓ આ થકી બચાવી છે, ૪૬૪૦ જન્મ એ બસમાં થયા છે અને ૪૭૬૩ કિસ્સાઓમાં સર્પ દંશના victims જે હોય એમાંથી એમને ઉગારવાનું કામ આ સેવાઓએ કર્યું છે. શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ એ પોતાની અંદર જ એક મોટામાં મોટો આરોગ્ય ચકાસણી કાર્યક્રમ ચકાસણીની મિસાલ ધરાવે છે. આ રાજયની કુલ વસ્તીના ૨૫ ટકા વસ્તીને અમે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ ચકાસીએ છીએ અને એમાંથી જેમને વિશિષ્ટ સારવાર આપીએ છીએ એની વાત કરીએ તો ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૪૨૪૭ બાળકોને હૃદય રોગની સારવાર આપી, ૧૧૬૩ બાળકોને કિડનીની, ૯૫૨ બાળકોને કૅન્સર, ૭૫ બાળકોને હૃદય રોગની બિમારી માટે રાજય બહાર મોકલ્યા, ૧૫૮૩૨ બાળકોને વિનામૂલ્યે ચશ્માનું વિતરણ કર્યું. ૨૦૦૯-૧૦માં ૩૪૭૦ બાળકોને હૃદયરોગની સારવાર આપી, ૫૧૦ બાળકોને કિડની રોગની સારવાર આપી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં હું સન્માનનીય સભ્યશ્રીઓને કહેવા માગીશ કે, અત્યાર સુધી કિડની ટ્રાન્સપ્લાન્ટેશનને શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ માન્ય ગણતા નહોતા, એનો ખર્ચ આપતા નહોતા. રાજય સરકારે કિડની ટ્રાન્સપ્લાન્ટેશનને પણ શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ નીચે હવેથી આવરી લીધેલ છે અને એના માટેનો સંપૂર્ણ ખર્ચ રાજય સરકારે આપવાનું નક્કી કર્યું છે. ત્રણ મુદ્દાઓને બાદ કરતાં - Coclear implant, born marrow transplantation and hormone injection આ ત્રણને બાદ કરતાં બાકીની કોઈપણ પ્રકારની તકલીફ હોય તો રાજયમાં અથવા તો રાજય બહાર સારવાર આપવા માટે અમે પૂરી વ્યવસ્થા કરીએ છીએ. ત્યાર પછી જે પરિસ્થિતિ આ રાજયમાં ઇમરજન્સી મૅડિકલ સર્વિસીઝ છે એની વાત કરીએ. શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ અમે જે કાર્યક્રમો આવરી લીધા છે એની વાત કરી. એનએબીએચ, એનએબીએલની વાતમાં હું સમય નહીં બગાડુ. મારે એક મુદ્દો કહેવો છે. આપણી ૧૪ ટકા વસ્તી ઉમરગામથી અંબાજી સુધીની આદિવાસી પટ્ટી છે ત્યાં સિકલ સેલ એક બહુ અતિ વ્યાપ્ત તકલીફ આ વિસ્તારમાં જોવા મળે છે. સિકલ સેલને લાગે વળગે છે ત્યાં સુધી અમે આ વિસ્તારમાં સિકલ સેલ ઉપર સઘન રીતે ત્રણ રોગને એક સાથે લેઈ જવા માગીએ છીએ. Thalasemia, Haemophelia, Sicklecell એને ઇન્ડિયન રેડ ક્રોસ અને અમે સાથે મળીને આગામી સમયમાં સિકલ સેલથી આ વિસ્તારને કેમ મુક્ત કરી શકાય અને Thalasemia Hqemophelia ના કિસ્સામાં સ્ટેમસેલ ટૅક્નૉલૉજીનો ઉપયોગ કેમ કરી શકાય તે દિશામાં જવા માગીએ છીએ. એ માટે સુરતમાં એક અદ્યતન કૅન્સર રીસર્ચ સંસ્થાની અમે સ્થાપના કરી છે અને એના માટેની અમે ચાલુ માગમાં જોગવાઈ કરી છે. સ્ટેમસેલ રીસર્ચ થકી પેરાલીસીસ જેવા અસાધ્ય રોગોને અથવા બ્રેઈન ડેમેજ થયું હોય તેવા કિસ્સાઓમાં પણ સારવાર આપી શકાશે એટલે એ દિશામાં અમે જવા માગીએ છીએ. ટૂંકમાં આરોગ્ય વિભાગને લાગે વળગે છે ત્યાં સુધી હજુ પણ અમારી મર્યાદાઓ છે. હજુ પણ નિષ્ણાત ડૉકટરોની ઉપલબ્ધીનો વિષય એક મોટી મર્યાદાનો વિષય છે પણ આવનાર પેઢીને એ ન નડે એ માટેની પૂરી જોગવાઈ આપણે મૅડિકલ એજ્યુકેશન થકી કરીને ચાલીએ છીએ. ગુણવત્તાને લાગે વળગે છે ત્યાં સુધી N.A.B.H. અને N.A.B.L સર્ટિફિકેશન થકી પૂરી ગુણવત્તાસભર સારવાર રાજયની પ્રજાને મળે એ માટે મારો વિભાગ કાર્યરત છે.

કેટલીક બાબતો મારે પ્રવાસનને લગતી પણ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવી છે. જ્યારે જ્યારે અર્થવ્યવસ્થાનો જ્યાં જ્યાં વિકાસ થાય છે ત્યાં ધીરેધીરે સેવાકીય ક્ષેત્રોનો વિકાસ થતો ચાલ્યો છે. આજે આપણા દેશમાં પરિસ્થિતિ એવી છે કે લગભગ ૬૦ ટકા જી.ડી.પી. આપણા દેશનો એ સેવાકીય ક્ષેત્રમાંથી આવે છે. દુનિયાના વેપારનો ૧૦ ટકા પ્રવાસનનો હિસ્સો છે અને યુરોપમાં દર ૧૦ માણસે એક માણસ અને અમૅરિકામાં દર ૧૦ માણસે બે માણસ પ્રવાસન સંલગ્ન પ્રવૃત્તિઓમાંથી રોજી મેળવે છે. તે સંયોગોમાં આવનાર સમયમાં અમારું નમ્ર મંતવ્ય છે કે પ્રવાસન એ આ રાજયની ખૂબ મોટી આર્થિક પ્રવૃત્તિનું માધ્યમ બનવાનું છે અને એમાં જે પ્રકારની વ્યવસ્થા મૅડિકલ વિજ્ઞાનના ક્ષેત્રે આ રાજયમાં થઈ રહી છે, આવનાર સમયમાં આ દેશમાં મૅડિકલ

ટુરીઝમના ક્ષેત્રે એક અત્યંત અગ્રણી રાજય બની ચૂક્યું હશે અને ત્યારે ૭ ટ્રીલીયન ડોલરનો અત્યારે પ્રવાસનનો જે ઉદ્યોગ છે એ ૨૦૨૦ સુધી આપણે જઈશું ત્યાં સુધીમાં એ લગભગ ૧૦ થી ૧૨ ટ્રીલીયન ડોલરનો થયો હશે તો એમાં ૫ ટકા પણ જો ગુજરાત હિસ્સો મેળવે તો ૬૦૦ બીલીયન ડોલર એટલે ઉદ્યોગ, ખેતી અને સેવાકીય ક્ષેત્ર બધાને બાજુ પર મૂકીને પ્રગતિ થાય તેટલી મોટી તક, તેટલી મોટી ક્ષમતા પ્રવાસન ઉદ્યોગ પાસે છે. એને લક્ષમાં રાખીને પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે અમે વિશિષ્ટ કામગીરી કરી છે. કોઈપણ પ્રોડકટ જેટલી સારી હોય એટલો સારો બ્રાન્ડ એમ્બેસેડર એને મળે છે અને તાજેતરમાં જ શ્રી અમિતાભ બચ્ચન જેવા બ્રાન્ડ એમ્બેસેડરે પ્રવાસન ક્ષેત્રે ગુજરાતના પ્રવાસનક્ષેત્રને પ્રોત્સાહન આપવાનું અને એને માટે કામ કરવાનું સ્વીકાર્યુ એ ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે કયા પ્રકારની તકો ઉભી થઈ રહી છે અને ગુજરાતના બ્રાન્ડ લીકવીડી તરીકે(અંતરાય) આમાં તો એવું છે સાહેબ અમિતાભ બચ્ચનું કે જ્યાં બ્રાન્ડ સારી ના હોય ત્યાં પહેલા જઈને પાછા પણ આવતા રહ્યા છે એટલે ગુજરાતના પ્રવાસન ક્ષેત્રે .. અંતરાય .સોરી ..

**અધ્યક્ષશ્રી** : આપની મિનિટો આપ ના બગાડો

**શ્રી જયનારાયણ વ્યાસ** : એટલે ઉત્તર પ્રદેશને પૂરું કરીને આવ્યા છે એવું કહે છે એમને કદાચ ખ્યાલ નહીં હોય કે હેમવતીનંદન બહુગુણા સાથે લડવા માટે પહેલા એમણે અમિતાભને એમણે આયાત કર્યા હતા. (અંતરાય) એટલે એ જો પૂરા થઈ ગયા ઉત્તરપ્રદેશમાં ..

**અધ્યક્ષશ્રી** : મને કોઈ વાંધો નથી, બે જ મિનિટ બાકી રહે છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : પ્રવાસન ઉત્સવોના માધ્યમ થકી વિકસે એ માટે પ્રવાસન સરકીટ ટુરીઝમના માધ્યમથી વિકસે એ માટેની એક નવી પહેલ ગુજરાતે કરી છે. આમ તો ચારધામ યાત્રા એ પણ એક સરકીટ જ છે. અને સરકીટ ટુરીઝમ એ કંઈ આપણા માટે નવો કન્સેપ્ટ નથી અને આમ છતાંય બુદ્ધ સાથે જોડાયેલ સ્થળો, મહાત્મા ગાંધી સાથે જોડાયેલ સ્થળો, ક્રિષ્ણા સાથે જોડાયેલા સ્થળો, આ સ્થળોના સરકીટ બનાવીને એને પ્રવાસન વિશ્વ સમક્ષ મૂકવા માટેની એક વાત અમે કરી છે. એની સાથે અમે ટેકનોલોજી જોડવા માગીએ છીએ. દેશમાં કદાચ પહેલીવાર ફર્નીકયુલર ટ્રેન જેવો વિચાર એ ગુજરાતને સુજયો છે અને અત્યાર સુધી રોપવેના માધ્યમથી જે ટ્રાન્સપૉર્ટ વ્યવસ્થા ચાલતી હતી, જેમાં સેફટી સીકયોરીટીના પણ અનેક પ્રશ્નો હતા. તેને બદલે ફર્નીકયુલર રેલના માધ્યમથી હવે તકો એની અમે જનતા સમક્ષ મૂકવાના છીએ. છેલ્લે ઘણું બધું કહેવાનું છે પણ સમયની મર્યાદાને લક્ષમાં લઈને હું નહીં કહુ પણ આ સન્માનનીય ગૃહને એક સારા સમાચાર આપીને મારી વાત પૂરી કરવા માગુ છું. આજથી ભગવાન દ્વારકાધીશના મંદિર ઉપર સોલર લાઈટીંગથી પ્રજ્વલિત એવી રોશની જે રીતે અંબાજીના મંદિર ઉપર છે, અંબાજીના કોમ્પ્લૅક્ષ ઉપર છે. તે જ રીતે આજથી પ્રાયોગિક ધોરણે શરૂ થાય છે અને કદાચ ટેમ્પલ કૉમ્પ્લેક્સ પર આ પ્રકારનું ટોટલ સોલાર લાઈટથી પ્રજ્વલિત કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે એનું અમને ગૌરવ છે. મેં શક્ય તેટલી લંબાણથી મારા બન્ને વિભાગોની વાત કરી છે. આપણે ગુજરાત માટે કામ કરીએ છીએ, આ સન્માનનીય સભાગૃહ સમગ્ર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે ત્યારે સૂચનો એ હંમેશા મારા વિભાગે હકારાત્મક રીતે લીધા છે. આમ છતાં એનો અમલ કરવાની જરૂર હશે ત્યાં એનો ગંભીરતાપૂર્વક અમલ કરવાની અમારી તૈયારી છે. માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે એક ખેલદિલીના પ્રતિક રૂપે પણ અમારા વિભાગમાંથી જે કાંઈ કાપ દરખાસ્તો છે, મેં શક્ય તેટલા એમના પ્રશ્નોના જવાબો આપવાના પ્રયત્નો કર્યા છે ત્યારે પાછી ખેંચી લે અને સર્વાનુમતે મારા બન્ને વિભાગોની માગણીઓ મંજૂર કરે એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણીઓ અંગે ચર્ચા કરું એ પહેલા આજે ચૈત્રી નવરાત્રિનો પ્રથમ પવિત્ર દિવસ છે, ગુડી પડવાનો પવિત્ર દિવસ છે ત્યારે આ શુભ પ્રસંગે હું એક અગત્યની જાહેરાત કરવા માગું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ભારતીય જનતા પક્ષની સરકારે ગાંધીનગર શહેરના લાખો નાગરિકોને આજથી મહાનગરપાલિકાનો દરજ્જો આપવાનું નક્કી કર્યું છે. ગાંધીનગર શહેર જે અત્યાર સુધી નોટિફાઈડ એરિયા તરીકે હતું એ શહેર હવે માનનીય મુખ્યમંત્રીશ્રીની આ ભેટના કારણે ગુજરાતની આઠમી મહાનગરપાલિકાના શહેર તરીકે જાણીતું થશે અને આપણું આ ગુજરાતનું પાટનગર આખા દેશના તમામ રાજ્યોના પાટનગરો કરતાં પણ વધુ સારામાં સારું, સમૃદ્ધ, સારી સગવડોવાળું, ભવ્ય, સુંદર, આકર્ષક અને ખાસ કરીને એવું હરિયાળું શહેર બને કે જેને જોવા માટે આખા દેશના અને દુનિયાના લોકો અહીંયા આવે એ માટે આપણે કામગીરી અને કાર્યવાહી કરીએ એ આ પ્રસંગે હું આ જાહેરાત કરતાં આનંદ અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા શહેરી વિકાસ વિભાગનું બજૅટ એ આ વર્ષે આ સ્વર્ણિમ ગુજરાત વર્ષ નિમિત્તેનું એક ખાસ બજૅટ છે એમ કહીએ તો સારું અને સાચું કહેવાશે. આપણું ગુજરાત જ્યારે ૫૦ વર્ષની મંજિલ કાપીને સુવર્ણ જયંતી ઉજવી રહ્યું હોય, ગુજરાતના કરોડો નાગરિકો એમાં સહભાગી થયા હોય, ગુજરાત બહાર રહેતા અને પરદેશમાં રહેતા કરોડો ગુજરાતીઓ પણ એમાં સહભાગી થઈ રહ્યા હોય ત્યારે સ્વભાવિક છે કે સાડા પાંચ કરોડની પ્રજામાંથી લગભગ ૪૦ ટકા પ્રજા એટલે કે સવા બે કરોડ ગુજરાતીઓ જે શહેરોમાં રહે છે, ૭ મહાનગરપાલિકા અને આજે ૮મી ઉમેરાયેલી ગાંધીનગર મહાનગરપાલિકા અને ૧૫૯ નગરપાલિકાઓ એ અમારા

શહેરી વિભાગ વિભાગના કાર્યક્ષેત્રમાં આવી જાય છે. રાજ્ય સરકાર, મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિ, ગુજરાતના સમગ્ર વિસ્તારની પ્રજાને પછી એ ગામડામાં રહેતી હોય કે શહેરોમાં રહેતી હોય, નાની નગરપાલિકા શહેરમાં રહેતી હોય કે અમદાવાદ જેવા મહાનગરમાં રહેતી હોય એ તમામ પ્રજાને, નાગરિકોને નાનામાં નાના ગરીબ માણસથી માંડીને તમામ પ્રકારના લોકોને બધી જ વ્યવસ્થા આપવાનું એક સુગ્રથિત આયોજન અમારા શહેરી વિકાસ વિભાગે અમલમાં મૂક્યું છે. એના માટે હું આપને કહીશ કે ભૂતકાળમાં કોઈએ કલ્પના પણ નહીં કરી હોય એવું અમારું આ સ્વર્ણિમ બજેટ ૩૦૧૫ કરોડની બજેટ જોગવાઈ, આ પ્લાનની સાઈઝ ૩૦૧૫ કરોડ રૂપિયા એટલે કે ગુજરાતના ઈતિહાસમાં આ મોટામાં મોટી અત્યાર સુધીની જોગવાઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું થોડી સરખામણી કરી આપીશ તો કદાચ માનનીય સભ્યશ્રીઓને વધુ સારી રીતે ખ્યાલ આવશે. આ ૩૦૧૫ કરોડનો એનો કેટલો મોટો આપણને લાભ મળવાનો છે. મેં થોડા આંકડા અમારા વિભાગમાંથી મેળવ્યાં કે પહેલા શહેરી વિકાસ વિભાગ હતો એના દ્વારા શહેરોની પ્રજાને, નાગરિકોને કેવી રીતની બજેટની જોગવાઈઓ કરીને વ્યવસ્થાઓ, સગવડ આપવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવતી હતી. કેટલું બજેટ શહેરી વિકાસ વિભાગનું ભૂતકાળમાં હતું? મેં આંકડા મેળવ્યા તો મને બહુ આશ્ચર્ય થયું, આંચકો પણ લાગ્યો. ૧૯૮૨-૮૩ માં ગુજરાતના શહેરી વિકાસ વિભાગનું બજેટ ૧ કરોડ ૨ લાખ રૂપિયા હતું. આજે એ વધતું વધતું ધીમે ધીમે ૧૯૯૯ની સાલ જોઈએ તો ૨૦૫ કરોડ રૂપિયા હતું. મેં ૧૮ વર્ષના અગાઉના જે શહેરી વિકાસ વિભાગના બજેટ હતા એની કુલ ગ્રાન્ટની બજેટ જોગવાઈઓનો સરવાળો માર્યો તો ૧૮ વર્ષની અંદર ૮૨૮ કરોડ રૂપિયા ભૂતકાળની સરકારોએ શહેરોમાં વસતા નાગરિકો માટે બજેટ ફાળવ્યું હતું. ત્યાર પછી મેં ૨૦૦૧ થી ૨૦૦૯ સુધીના બજેટ પણ અમારું જે જોયું. એમાં ૯ વર્ષની અંદર ૬૩૪૨ કરોડ રૂપિયા ૬ વર્ષમાં બજેટ માનનીય મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ આવ્યા. ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષ ત્યાર પછી નિર્મળ ગુજરાત વર્ષ એ પ્રમાણે તબક્કાવાર આયોજનો કરી ગુજરાતના શહેરી નાગરિકોને તમામ પ્રકારના સાધન, સગવડ, સુવિધા, સ્વચ્છતા નિર્મળ ગુજરાત, આરોગ્યપ્રદ ગુજરાત, પર્યાવરણની દ્રષ્ટિએ હરિયાળું ગુજરાત, સ્વચ્છ હવામાનવાળું ગુજરાત આપવા માટે જે જોગવાઈઓ કરી. એ પછી ગયા વર્ષે અમે ૨૭૩૯ કરોડ રૂપિયાની જોગવાઈ કરી અને આ વર્ષે ૩૦૧૫ કરોડ એટલે પાછલા બે વર્ષના ૫૭૫૪ કરોડ રૂપિયાનું બજેટ. એટલે કે ભૂતકાળના તમામ વર્ષોના બજેટ કરતા પણ અનેક ગણી દ્રષ્ટિએ ચઢી જાય એટલી માતબર જોગવાઈ આ ભારતીય જનતા પક્ષની સરકારે શહેરોમાં રહેતા ગુજરાતના સવા બે કરોડ નાગરિકો માટે આપણે જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરો તો પહેલા પણ હતા. નગરપાલિકાઓ પહેલા પણ હતી. મહાનગરપાલિકાઓ પહેલા પણ હતી પણ એના વિષે એવું કહેવાતું હતું, બધાજ સ્વીકારતા હતા કે આ શહેરો એટલે ફક્ત વધુ મોટી વસ્તી ધરાવતા વધુ મોટા ગામડાવાળું મોટું ગામડું. કોઈ નગરપાલિકા હોય ૫૦-૬૦-૭૦ હજારની વસ્તી હોય પણ એની આંતર માળખાકીય સુવિધા જોઈએ, પીવાના પાણી માટેની એની વ્યવસ્થાઓ જોઈએ, એની સ્વચ્છતા, એની ભવ્યતાની કામગીરી આ બધું જો પ્રજાલક્ષી દ્રષ્ટિએ જોઈએ તો બધીજ નગરપાલિકાના લોકો એમ માનતા હતા કે આ કોઈ તાલુકાનું મોટું ગામડું હોય એ પ્રકારે આપણી આ નગરપાલિકા એ વધુ વસ્તી ધરાવતું મોટું એક ગામડું છે. કારણ કે મોટા શહેરમાં ભૂતકાળમાં પીવાના પાણીની કોઈ જોગવાઈઓ પૂરેપૂરી નહિ, ગટરોની કોઈ વ્યવસ્થા નહિ, રસ્તાઓની કોઈ વ્યવસ્થા નહિ. નગરપાલિકાના કર્મચારીઓને પગાર પણ કરી શકવાની સ્થિતિ નગરપાલિકાઓની નહોતી. લાઈટ બિલ ભરવાની પણ નગરપાલિકાઓની ક્ષમતા નહોતી અને મહિનાઓ સુધી કેટલીય નગરપાલિકાઓ કર્મચારીઓના પગાર ના ચૂકવે એટલે કર્મચારીઓ હડતાલ ઉપર જાય અને શહેરના હજારો નાગરિકોને નગરપાલિકામાં આર્થિક સધ્ધરતા નહિ હોવાના કારણે નગરપાલિકા પગાર ના ચૂકવી શકવાના કારણે હાડમારીમાં મુકાવું પડતું હતું. આ બધુંજ અહીં બેઠેલા માનનીય તમામ સભ્યશ્રીઓએ પ્રત્યક્ષ પોતાના

મતવિસ્તારની અંદર જાત અનુભવ જોયું છે ત્યારે અનેક ક્ષેત્રમાં આ બજેટની અમે ફાળવણી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મેં થોડું હમણાંજ અહીંયા બેસીને યાદી બનાવી કે શહેરી વિકાસ વિભાગ એની કામગીરી કયાં કયાં સુધી પહોંચે છે. શહેરની અંદરનું કોઈપણ એકમ એવું નથી, શહેરની અંદરનો કોઈપણ વિકાસનું કામ એવું નથી. કે શહેરનો કોઈ પણ નાગરિક એવો નથી કે જેને અમારા શહેરી વિકાસ વિભાગની યોજનાઓનો લાભ ન મળતો હોય. આ વર્ષે અમે, મેં જે શરૂઆતમાં કહ્યું કે, આ એક ઐતિહાસિક બજૅટ છે, ગુજરાતની સ્વર્ણિમ જયંતીની સાથે જોડાયેલું આ બજૅટ છે ત્યારે મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાતના શહેરોમાં રહેતી પ્રજા માટે જે જોગવાઈ કરવાનું નક્કી કર્યુ અને સાત હજાર કરોડ રૂપિયાની મોટી યોજના જે જાહેર કરી, !!સ્વર્ણિમ ગુજરાત મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના!! અને સાત હજાર કરોડની જે ફાળવણી કરી એના દ્વારા અમારા સભ્યશ્રીઓ રણજીતભાઈ, રાકેશભાઈએ કહ્યું જે એમના પ્રવચનમાં કહ્યું , બહેન વિભાવરીબેને કહ્યું કે, કરોડો રૂપિયાના ચેક, ૫૬૧ કરોડ રૂપિયાની રકમના ચેક એક જ સમયે, એક જ કાર્યક્રમ દરમિયાન આખા ગુજરાતમાં અપાયા હોય એવું તો નહીં પણ ભારતમાં કોઈ મુંબઈ જેવા, દિલ્હી જેવા, કલકત્તા જેવા કે મદ્રાસ જેવા શહેરોમાં પણ કે ત્યાંની સરકારોએ ન આપ્યા હોય એવી રકમની ગ્રાન્ટ, ચેકો માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એમના વરદ હસ્તે હજારો, હજારો અમારા નગરપાલિકાના નાગરિકોની સેવાઓ માટે, સેંકડો કોરપોરેટરોને અને સેંકડો અમારા હોદ્દેદારોને એ દિવસે આપ્યા. ૫૬૧ કરોડ રૂપિયાની પ્રથમ તબક્કાની અમે ચૂકવણી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા એમ કહેવામાં આવ્યું કે, જે.એન.યુ.આર.એમ.ની યોજના જે છે, માનનીય સિદ્ધાર્થભાઈએ એમના પ્રવચનમાં કહ્યું કે, ભારત સરકાર માનનીય વડાપ્રધાનશ્રીનો આપણે આભાર માનીએ કે આ જે.એન.યુ.આર.એમ. યોજના એમણે મંજૂર કરી અને ગુજરાત એનો લાભ મેળવી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ હું કહીશ કે, અમે એનો લાભ મેળવીએ છીએ. અમારા માનનીય સભ્યશ્રી રાકેશભાઈએ કહ્યું એ પ્રમાણે અમને એનો આનંદ છે, ગૌરવ છે. આ યોજના ભારત સરકારે જે જાહેર કરી છે એ કંઈ એકલા ગુજરાત રાજય માટે નથી કરી, દેશના તમામ મહાનગરો અને મોટા દસ લાખથી વધારે વસ્તી ધરાવતા જે  મિશન સીટી તરીકે નક્કી કર્યા છે એવા શહેરો માટે આ યોજના જાહેર કરી છે પણ જેનામાં તાકાત હોય, જેનામાં કૌવત હોય, જેનામાં વહીવટ શક્તિ હોય, જેને કામ કરવાની દિર્ઘ દ્રષ્ટિ હોય એવી જ સરકારો પોતે આ કામ કરી શકે. માનનીય અધ્યક્ષશ્રી, એમાં પહેલો નંબર, કોઈને ગમે કે ન ગમે, અમારા વિપક્ષના મિત્રો સ્વીકારે કે ન સ્વીકારે માનનીય વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે હમણાં બે મહિના પહેલા જ સારામાં સારી કામગીરીનો એવોર્ડ અમારી સુરત મહાનગરપાલિકા, અમારી અમદાવાદ મહાનગરપાલિકા, અમારી વડોદરા મહાનગરપાલિકાને માનનીય વડાપ્રધાનશ્રીએ આપ્યા છે. કોઈને ગમે કે ના ગમે, સત્ય એ સત્ય છે, હકીકત છે એ હકીકત છે, તમારે જોઈએ તો એનું મુવી તમને બતાવું. વડાપ્રધાનશ્રી, માનનીય જયપાલ રેડ્ડી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી એમના હાથે અમે આ એવોર્ડો લીધા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડી વિગતો આપવી છે, તમે એમ નહીં માનો કે, બધું જ ભારત સરકાર આપી દે છે. માનનીય અધ્યક્ષશ્રી, જે ભારત સરકારની જે યોજનાઓ હોય છે મેં ભૂતકાળમાં પણ કહ્યું છે કે, એ બધી જ મેચીંગ  ગ્રાન્ટવાળી રાજયો અને કોરપોરેશનો એમાં પોતાનું ભંડોળ ઉમેરે એ પ્રમાણેની જોગવાઈઓવાળી યોજનાઓ હોય છે. મારે થોડા આંકડા આપવાના છે જેથી કેટલાક મિત્રો ભારત સરકાર, ભારત સરકાર કરે છે એમને ખ્યાલ આવે કે, ગુજરાતમાંથી લઈ જાય છે એની સામે પાવલી જેટલું પણ ગુજરાતને જો પાછું અપાતું હોય તો એમનો આભાર માનવામાં અમને વાંધો નથી. અહીંયા ઘણા સભ્યોએ કહ્યું કે આવું કરે તો અભિનંદન આપીએ, આવું કરે તો  અમે અભિનંદન આપીએ. તો હું પણ તમને કહું છું કે, જે.એન.યુ.આર.એમ. યોજના બીજી તમે ૫,૦૦૦/- કરોડ રૂપિયાની અમને મંજૂર કરાવી આપો, સો ટકા

ભારત સરકાર આપશે, ગુજરાતની તમામ નગરપાલિકાઓ અને કોરપોરેશનોને એનો લાભ મળશે તો અમે પણ તમારો આભાર માનતા સહેજ પણ ખચકાઈશું નહીં, પણ પૈસા અમારા, મહેનત અમારી, કાર્યક્ષમતા અમારી, પારદર્શકતા અમારી, કામગીરી અમારી અને પછી કેન્દ્ર સરકાર, કેન્દ્ર સરકાર એ કરવું વાજબી નથી. બંધારણીય રીતે ગુજરાતનો અધિકાર છે. ભારતની દરેક બજૅટ જોગવાઈમાં ફાળો મેળવવાનો. માનનીય અધ્યક્ષશ્રી, હું આંકડા આપવા માગુ છું. અમદાવાદ કોરપોરેશનને ૨,૫૭૧ કરોડ રૂપિયાના પ્રોજૅકટ મંજૂર થયા એમાં ભારત સરકારનો ફાળો ૯૦૦/- કરોડ રૂપિયા, ગુજરાત રાજયનો ફાળો ૩૮૬ કરોડ રૂપિયા અને હવે ખરી વાત આવે છે, શા માટે ગુજરાત આગળ છે, ગુજરાતના અમારા કોરપોરેશનોમાં ભારતીય જનતા પક્ષનું શાસન છે એટલે ગુજરાત સરકારનો સક્ષમ વહીવટ છે એટલે જ અમારી મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓનો સક્ષમ વહીવટ છે.એને કારણે ૫૦ટકા રકમ ભારત સરકાર આપે. ગુજરાત સરકાર આપે એટલી જ સામે રકમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને જોડી છે. ભારત સરકારે જે આપ્યા રૂપિયા ૯૦૦કરોડ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ભા.જ.પા.ના વહીવટ નીચેના કોર્પોરેશનેરૂપિયા ૧૨૮૬કરોડ આપ્યા. તમારા ૯૦૦કરોડ અમારા ૧૨૮૬કરોડ એ પછી આ યોજનાઓ અમલમાં આવે છે. ૧૦૦ટકા તમારું ફંડ નથી એવી રીતે સુરતનો દાખલો આપું. સુરતમાં ૧૮૧૮કરોડનો પ્રોજેકટ મંજૂર થયો. ૯૦૯કરોડ ભારત સરકારે આપ્યા. ૩૬૪કરોડ ગુજરાત સરકારે આપ્યા. ૫૪૫કરોડ સુરત મહાનગરપાલિકાએ આપ્યા એટલે કે સાડા પાંચસો અને સાડા ત્રણસો કરોડની રકમ ૫૦ટકા કરતા વધુ રકમ એ ગુજરાત સરકારની છે. આમ દાખલા હું એટલા માટે આપું છું. હું ચોકકસપણે કહીશ કે જે.એન.યુ.આર.એમ. યોજના સારી યોજના છે. અમે એનો લાભ લેવા ઈચ્છીએ છીએ. વધુ ને વધુ એનો લાભ મળે એ માટે અમે પ્રયત્નશીલ છીએ પણ કોઈ સરકારની મહેરબાનીથી, કેન્દ્ર સરકારે દયા કરી, પૈસા આપ્યા માટે ગુજરાતનો વિકાસ થઈ ગયો એ વાત કરવી વ્યાજબી નથી. તમે જેટલું આપ્યું છે એનાથી વધારે રકમ અમારી કોર્પોરેશન અને આપણી ગુજરાત સરકારે એમાં બજેટ જોગવાઈ કરી છે માટે આપણે આ કામ કરી શકયા છીએ. ગુજરાતમાં જેટલું કામ થાય છે એટલી બીજા કોઈ રાજયોની મહાનગરપાલિકાઓ કામ કરી શકી નથી. ખરેખર તો આપણને એનું ગૌરવ હોવું જોઈએ કે આપણી નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ આટલી સક્ષમ રીતે કામ કરે છે. આટલા એવોર્ડ લઈ આવે છે. ઈન્ટરનેશનલ એવોર્ડ લઈ આવે છે. ગુજરાતનું ગૌરવ વધે છે. ગુજરાત સરકારનું અને ગુજરાતની પ્રજાનું ગૌરવ વધે છે. મુખ્યમંત્રીશ્રીનું ગૌરવ વધે છે એનો આપણને આનંદ હોવો જોઈએ. એની સામે નાના મોટા વાદવિવાદ ઉભા કરી અને ગુજરાતના ગૌરવ સામે તમે આંગળી ચીંધો છો એ વ્યાજબી નથી. બીજું, અમે જે કામો કરીએ છીએ એ પ્રજાલક્ષી કામો છે. પ્રજાની સુખ સુવિધાની સાથેસાથે ગરીબમાં ગરીબ માણસને આવાસ આપવા માટે અમે જે મુખ્યમંત્રીએ જે આખી ઝુંબેશ ઉપાડી છે. હમણાં જ ગરીબ કલ્યાણ મેળા યોજાયા એમાં પણ શહેરોની અંદર પણ ગરીબોને વિવિધ પ્રકારના આવાસ આપવા માટે અમે જે ઓડર્સ આપ્યા એના કારણે પણ ખૂબ મોટો લાભ ગરીબોને થયો છે. આવનારા દિવસોમાં થવાનો છે. મારે સન્માનનીય ગૃહ સમક્ષ થોડી વિગતો મૂકવી છે આવાસો માટેની. ગરીબ કલ્યાણ મેળા કર્યા કેટલાક લોકોને એમ લાગ્યું કે ગરીબો તો અમારા ઈજારામાં આવે છે. અમારી મોનોપોલી છે. અમારી મોનોપોલી તુટી ગઈ. કાળા વાવટા બતાવ્યા. ધરપકડ કરવી પડે એવા સંજોગો ઉભા કર્યા પણ ગરીબો માટે આ ભારતીય જનતા પક્ષની સરકારે કેટલાય મકાન બનાવવાનું આયોજન કર્યું છે. કરી દીધા છે અને કરી રહયા છે. ગુજરાતમાં ૪૦ વર્ષ સુધી કોંગ્રેસે સળંગ રાજય કર્યું તમે ન બનાવ્યા એટલા મકાન આ પાંચ વર્ષની અંદર ગરીબો માટે, બી.પી.એલ.ના લોકો માટે અમે બનાવી રહયા છીએ. તમે વાતો કરી છે. વાતો કરનારાઓએ વાતો કરી છે. ઝુંપડપટ્ટીઓ મોટી થઈ, ઝુંપડપટ્ટીઓ ગંદી

બની, ઝુંપડપટ્ટીઓમાં દબાણ થયા, માફીયાઓ આવી ગયા કોઈ કામ તમે ન કરી શકયા. અમે ગરીબોને સારા આવાસ, પાકા નિવાસ, પાણી, લાઈટ, રસ્તાની સગવડ સાથે જે મકાનો બનાવ્યા છે. અમદાવાદમાં ૩૨૬૪૦ મકાન, સુરતમાં ૪૪૦૭૨મકાન..

**અધ્યક્ષશ્રી** : હવે આપની પાસે ૮ મિનિટ છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : વડોદરામાં ૧૨૩૩૨ મકાન, રાજકોટમાં ૬૦૪૦ મકાન, આમ ૯૫૦૮૪ મકાનો મંજૂર કરીને એની તમામ પ્રકારની કાર્યવાહી ચાલી રહી છે અને આનો લાભ ગુજરાતના ગરીબોને અમે આપવાના છીએ. હમણાં જ અમે મુખ્યમંત્રીશ્રીએ એક સુંદર યોજના મંજૂર કરી અને અમે અમલમાં મુકીએ છીએ. ઝુંપડપટ્ટી પુનર્વસન યોજના. ગુજરાતમાં જયાં જયાં ઝુંપડપટ્ટીઓ છે ત્યાં ગરીબોને ગંદા વાતાવરણમાં અને કોઈપણ જાતની વ્યવસ્થા સિવાયના વાતારવણમાં રહેવું પડે છે. એમના બાળકોને ભણવાની વ્યવસ્થા, બીજી બધી વ્યવસ્થા આપવાનું અમે નકકી કર્યું છે. એને કારણે હવે જયાં ઝુંપડપટ્ટીઓ છે ત્યાં પાકા મકાનો થશે. ૨૮ થી ૩૬ વાર સુધીના મકાનો આ ગરીબોને મળશે અને હું આશા રાખું છું આ યોજના જે અમે અમલમાં મુકી છે એના કારણે ઝુંપડપટ્ટીમાં રહેતા તમામ લોકો ભવિષ્યમાં પાકા મકાનોમાં રહેતા થશે અને ગુજરાત એ સ્લમ ફ્રી એવું રાજય બનશે. એમાં જ્યારે પહેલો નંબર આવશે. ત્યારે અમે ગૌરવથી કહીશું કે બીજા રાજ્ય કરતા અમે કામ વધારે કર્યુ છે. અમારી જે યોજનાઓ છે એ વાંચવા જઈએ તો ઘણો સમય જાય તેમ છે. સ્વર્ણિમ ગુજરાતમાં અમે નક્કી કર્યુ કે 'અ' વર્ગની જે નગરપાલિકા છે તેને ૧૦ કરોડ રૂપિયા આપવા. 'બ' વર્ગની નગરપાલિકાઓને ૭ કરોડ રૂપિયા આપવા. 'ક' અને 'ડ' વર્ગની નગરપાલિકાઓને ૪ કરોડ રૂપિયા આપવા અને સાથે સાથે જે જિલ્લાના મથકોએ નગરપાલિકા હોય દા.ત. મહેસાણા નગરપાલિકા તો મહેસાણા જિલ્લાનું હેડક્વાર્ટર અને નવસારી તો નવસારી નગરપાલિકા એ નવસારી જિલ્લાનું હેડક્વાર્ટર તો એવાં શહેરોને પણ ૧૦ કરોડ રૂપિયાની સાથે સાથે વધારાના ૨.૫ કરોડ રૂપિયા જિલ્લા કક્ષાના શહેરો છે. લોકોની નાગરિકોની અવરજવર હોય, ઘસારો હોય એમને માટે ૧૨.૫ કરોડ રૂપિયા અમે આ રીતે મંજૂર કર્યા છે. બાજપાઈ નગર વિકાસ યોજના ખૂબ લોકપ્રિય થઈ છે. ખૂબ સારા પ્રમાણમાં કામગીરી ચાલી રહી છે. અમૃતધારા યોજના શહેરમાં પીવાના પાણીની આંતરિક સુવિધા કરવા બજેટ ફાળવ્યું છે. નાની 'ડ' વર્ગની નગરપાલિકાઓને અમે ૫૦ કરોડ રૂપિયા પોતાનાં નવાં મકાન બનાવવા માટે ફાળવ્યા છે. નિર્મળ ગુજરાત હેઠળ ગરીબોને શૌચાલય આપવા માટે ઘરે ઘરે શૌચાલય આપવાનું કામ ૩ લાખ શૌચાલયો બનાવી દીધા. ૪,૫૦૦ રૂપિયા ગરીબદીઠ સબસિડી આપીએ છીએ. શહેરોમાં ભૂગર્ભ ગટર યોજનાનાં કામ અમે ૫૦ કરતા વધુ શહેરોમાં અમલમાં મૂક્યું છે. ૨૦૧૨ સુધીમાં ગુજરાતના તમામ શહેરોને ભૂગર્ભ ગટર યોજનાથી આવરી લેવાનો લક્ષ્યાંક છે. ગરીબ સમૃદ્ધિ યોજના નીચે ઉમ્મીદ યોજના ચાલે છે. શહેરી વિસ્તારોના ગરીબોને રોજગારી મળે તે માટે ટ્રેનિંગ, સ્ટાઈપેન્ડ આપી એમને ભણાવી નોકરી મળે ત્યાં સુધીની વ્યવસ્થા અમે કરીએ છીએ. શહેરોની અંદર જે તળાવો છે તે ઊંડા કરી શુદ્ધ પાણીથી ભરી એને પર્યાવરણ લક્ષી બનાવી હરવા ફરવાની યોજના તરીકે દરેક જિલ્લાના દરેક નગરપાલિકાઓના તળાવોનાં કામ મંજૂર કર્યાં છે. નગરપાલિકાઓને ગ્રાન્ટ આપી સાથે સાથે મોટા પ્રમાણમાં સાધનો આપ્યાં છે. હમણા આનંદીબેનના જી.એસ.ડી.એમ. વિભાગ તરફથી ૧૮૫ કરોડ રૂપિયાના ફાયર ફાઈટરના તમામ આધુનિક સાધનો ૨ કરોડથી માંડીને ૨૫ લાખ સુધીનું એક વાહન આવે એવા ફાયર ફાઈટર તમામ નગરપાલિકાઓને નાગરિકોની સલામતી માટે અમે ફાળવી આપ્યા છે. શહેરોની અંદર ગૌરવપથ, ચાર રસ્તા સહિતની વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટો, હરિયાળી અને જાહેર વાહન વ્યવહાર વ્યવસ્થા આ બધાં જ કામો અમે કરી રહ્યા છીએ, ત્યારે નગરપાલિકાઓને સુધારણા કરવા વહીવટી એ માટે ચીફ ઑફિસર, એન્જિનિયર, એકાઉન્ટન્ટ, મૅડિકલ ઑફિસરની પોસ્ટ સરકાર તરફથી આપવી અને એની ગ્રાન્ટ પણ ૭૫ ટકા સરકાર તરફથી આપવી એ પણ અમે નિર્ણય કર્યો છે. અમારી નગરપાલિકાઓનું અપગ્રેડેશન કરી, કૉર્પોરેશનની સેવાઓનું અપગ્રેડેશન કરી અત્યારના આધુનિક કૉમ્પ્યુટરાઇઝડ સાધનો, મોબાઈલનો ઉપયોગ કરવા માટે તમારે કોઈ કમ્પ્લેઈન માટે એસ.એમ.એસ. કરીને પણ તમે નાગરિકો કૉર્પોરેશન કે નગરપાલિકાઓને એમાં જાણ કરી શકે એ માટેની વહીવટી સુધારણા કરી છે. અમે હિસાબી પદ્ધતિમાં પણ સુધારા કર્યા છે અને ભારત સરકારે પણ ગુજરાતની નગરપાલિકાઓએ જે વહીવટી સુધારણા કરી છે, જે એના આર્થિક માપદંડો સુધાર્યા છે. કરવેરા વસૂલાત સુધારી છે, દબાણો દૂર કર્યા છે. શહેરોને વધુ ખુલ્લા અને મુકત બનાવ્યા છે આ તમામ બાબતોને વિવિધ ક્ષેત્રે અનેક એવોર્ડો આપ્યા છે. મારી પાસે પચ્ચીસેક જેટલા એવોર્ડોની યાદી છે. સમયના અભાવે નહિ કહું. મારી સભ્યશ્રીને વિનંતી છે કે બ્લૉક નં.૧ ના નીચે ગુજરાત સરકારને મળેલા વિવિધ એવોર્ડોનું પ્રદર્શન કર્યુ છે. તમે ન માનતા હોય તો જોઈ આવજો. આ ગુજરાતની નરેન્દ્ર મોદી સરકારે ગુજરાતના વિવિધ કામોમાં એવોર્ડો મેળવ્યા છે. રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાના એ જોશો તો ખ્યાલ આવી શકે કે અમારું એક જ લક્ષ્ય છે કે ગુજરાતની સાડા પાંચ કરોડની પ્રજાને કોઈ જાતની તકલીફ વગર સારામાં સારી સુવિધાઓ, આંતર માળખાકીય સુવિધાઓ, ભવ્ય શહેરો બનાવી ગુજરાતને દેશના પ્રથમ નંબરનું ઉચ્ચ કક્ષાનું શહેરો વાળું રાજય બનાવીએ તેમાં સહયોગ આપો તેવી આપ સૌની વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગાંધીનગર શહેર જાગરૂત નાગરિક મંડળ સ્પેશિયલ સીએ ૩૦-૧૪૫/૨૦૦૭ દાખલ કરી હતી અને ડિવીજન બેંચ ઓફ ધી હાઈકોર્ટનો ઓર્ડર We are therefore inclined to give a direction to State Government to form a municipal corporation at Gandhinagar in accordance with article ૨૪૩ Q. આ ડાયરેકશન નામદાર હાઈકોર્ટની ડિવીજન બેંચની સ્પષ્ટ રીતે રાજય સરકારને ગાંધીનગરમાં કોરપોરેશન બનાવવા માટેની આ પીઆઈએલના સંદર્ભમાં આવી એ કારણે ગાંધીનગરમાં આપણે મ્યુનિસિપલ કોરપોરેશન બનાવવું આપણા માટે ફરજિયાત હતું કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર શહેરમાં જેમ જેમ વિકાસ થતો ગયો, જરૂરિયાતો વધતી ગઈ, વસતિ વધતી ગઈ, એને ધ્યાનમાં લઈ પ્રજાકીય માગણી તમે સાંભળ્યું હશે માનનીય ધારાસભ્યશ્રી શંભુજીભાઈએ પણ અહીયાં જાહેરમાં માગણી કરી એમ માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાકીય માગણી ભારતીય જનતા પક્ષના કાર્યકરોની પણ લાગણી અને કોર્ટનો હુકમ બધું જ સામેલ કરી અને આ નિર્ણય કરવામાં આવ્યો છે.

કાપદરખાસ્ત ક્રમાંક: ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧ અને ૩૨ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**અધ્યક્ષશ્રી :** આમાં વચ્ચે જે ડિસ્ટબર્ન્સ થાય છે મતદાન વખતે ત્યારે હું બંને પક્ષના સભ્યોને કહું છું કે, આ વખતે તમે જરા તમારા મનને સ્થિર રાખો. (અંતરાય) નહીં નહીં, કોઈ કોમેન્ટ નહીં, એમણે કહયું નથી કે સર્વાનુમતે, કાપદરખાસ્તો પાછી ખેંચવાની વાત કરી નથી એટલે મેં જે કહયું છે એ બરાબર છે, જયારે મતદાન થતું હોય ત્યારે જે સભ્યશ્રીઓથી સ્થિર ન રહેવાતું હોય એમને સ્થિર રહેવા માટે હું વિનંતી કરું છું જેથી કરીને ભૂલ ન થાય.

માગણી ક્રમાંક : ૩૯, ૪૦, ૫૧ અને ૧૦૧ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬.૫૮ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૧૦ના રોજ બપોરના ૧૨-૦૦ વાગે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર તારીખ ૧૮મી માર્ચ, ૨૦૧૦**
**ફાલ્ગુન ૨૭, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

*** ૧૫૪૩૩ શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) કન્યા કેળવણીને ઉત્તેજન આપવા અંગે રાજય સરકારે કન્યા કેળવણી નિધિની રચના કરી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ આ નિધિમાં કેટલું ભંડોળ જમા થયેલ છે?

શિક્ષણમંત્રીશ્રી

(૧) હા,જી

(૨) રૂા.૨૮,૫૭,૨૪,૧૧૬/-

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રીના કન્યાકેળવણી ક્ષેત્રના આ યુનિક ઈનીશિએટીવથી મહિલા સશસ્ત્રીકરણને જે વેગ મળ્યો છે ત્યારે મારે એ જાણવું છે કે, અત્યારસુધીમાં ૨૮ કરોડ રૂપિયાથી પણ વધુ રકમ આ નિધિમાં જમા થઈ છે તો એનો ઉપયોગ કયા કયા હેતુઓ માટે કરવામાં આવ્યો છે વિશેષમાં એકવીસમી સદીમાં ગુજરાતની મહિલાઓ માટે વ્યવસાયિક ક્ષેત્રે, નાગરિક ધર્મના ક્ષેત્રે અને જાહેર જીવનના ક્ષેત્રમાં પણ મહિલાઓની જવાબદારી જ્યારે વધવાની છે ત્યારે માત્ર કન્યા કેળવણી પ્રાથમિક શાળાના ક્ષેત્રમાં નહિ પણ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ, યુનિવર્સિટીઓ પણ એમના રિપોર્ટ કાર્ડમાં મહિલા સશસ્ત્રીકરણ ક્ષેત્રે શું યોગદાન આપે છે એ માટે પણ સંસ્થાઓને પ્રોત્સાહિત કરવા માટેની કોઈ યોજના સરકાર લાવવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિમાં માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે મહિલા સશસ્ત્રીકરણ માટે અનેકવિધ યોજનાઓની સાથે આ યોજના અંતર્ગત ધોરણ ૧૦ અને ૧૨માં દરેક તાલુકામાં પ્રથમ આવતી કન્યાઓને ૫,૦૦૦ રૂપિયા, તમામ તાલુકાઓમાં પ્રથમ ત્રણ ક્રમે આવતી અપંગ કન્યાઓને ૫,૦૦૦ રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવે છે, સિવિલ સર્વિસીસ જેણે સ્પીપામાં એડમીશન લીધું છે એને આર્થિક સહાય કરવા માટે ૧૦,૦૦૦ રૂપિયાની રકમ આપવામાં આવે છે. એ સિવાય માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે મેડિકલ, એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતી દીકરીઓને કોમ્પ્યુટર આપવામાં આવે છે, વ્યવસાયિક અભ્યાસક્રમો જેમાં મેડિકલ, એન્જીનીયરીંગ અને ફાર્મસી, એમાં આર્થિક સહાય રૂપિયા ૨૦,૦૦૦, પી.ટી.સી., સી.પી.એડ, એ.ટી.ડી. માં ૧૦,૦૦૦ રૂપિયા, બી.એડ એમ.એડ અને એમ.ફીલમાં ૫,૦૦૦ રૂપિયા આ પ્રમાણે વ્યવસાયિક અભ્યાસક્રમોમાં પણ રાજય સરકાર આ મુખ્યમંત્રીશ્રી કન્યાકેળવણી નિધિમાં મદદરૂપ થઈ છે ત્યારે માનનીય સભ્યશ્રીનું સારું સૂચન છે આગામી દિવસોમાં એના ઉપર પણ વિચારણા કરવામાં આવશે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, કન્યા કેળવણી નિધિ ખૂબજ અગત્યની બાબત છે પણ ગાયકવાડ સરકાર વખતે ફરજિયાત કેળવણી હતી અને જ્યારે સરકાર આટલું પ્રોત્સાહિત કરતી હોય તો ફરજિયાત કેળવણી કરવા માગે છે કે કેમ? ડ્રોપઆઉટ રેઈટ તો ઓછો થાય છે પણ જ્યાં સુધી ફરજિયાત કેળવણી નહિ કરવામાં આવે ત્યાંસુધી સંપૂર્ણ ૧૦૦ ટકા જ્ઞાન નહિ આવે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન છે માનનીય મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિનો એટલે એમાંથી ઉપસ્થિત થતો નથી પરંતુ એમનું સૂચન સારું છે.

**ગાંધીનગર જિલ્લામાં આઈ.આઈ.ટી.નું સંકુલ બનાવવા જમીનની ફાળવણી**

***૧૪૦૬૮શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ(મહુવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) કેન્દ્ર સરકારે આઈ.આઈ.ટી., ગાંધીનગરને મંજૂરી આપી છે પરંતુ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલ આ સંસ્થાના સંકુલ માટે તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં જમીન ફાળવવામાં આવી નથી, તે હકીકત સાચી છે,

(૨) આઈ.આઈ.ટી. માટે જે જમીન આપવાનું વિચારેલ તે જમીન ગીફટ સીટી માટે ફાળવી દેવાતાં હવે ગાંધીનગર કે તેની આસપાસના વિસ્તારમાં સરકાર જમીન આપી શકતી નથી. તેથી આઈ.આઈ.ટી. નું સંકુલ બની શકે તેમ નથી તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો સરકારે આઈ.આઈ.ટી.ના સંકુલ માટે ક્યાં અને કેટલી જમીન ફાળવવાનું આયોજન કરેલ છે.

**મહેસૂલ મંત્રીશ્રી**

(૧) હા, જી

(૨) ના, જી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ :** માનનીય અધ્યક્ષશ્રી, મારા પહેલાં સવાલના જવાબમાં એમણે હાજી કહ્યું છે કેન્દ્ર સરકારે જે આઈ.આઈ.ટી. માટેની મંજૂરી આપી છે, મંજૂરી આપ્યા પછી હજીસુધી જમીન ફાળવી નથી એટલે જમીન નહિ ફાળવવાના કારણો શું છે, આઈ.આઈ.ટી. જેવી મોટી ટેકનીકલ સંસ્થા જ્યારે આપણે ત્યાં આવતી હોય અને વિકાસ માટેના મોટા સોપાન મંજૂર થતાં હોય ત્યારે જમીન ન ફાળવવાના કારણો શું, જમીન ન ફાળવી પછી એના માટેના શું પ્રયત્નો કર્યા, જમીન નહિ ફાળવીને એના માટે પ્રયત્નો નહિ કરવા માટેના કારણો શું છે અને એ પાછળનો જે હેતુ છે કારણકે ઉદ્યોગોને આપણે જમીન ફાળવીએ છીએ જ્યારે આઈ.આઈ.ટી. જેવી સંસ્થા ગુજરાતને મળે છે ત્યારે એને જમીન ફાળવણી કરતાં નથી એના માટેના કારણો શું છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આઈ.આઈ.ટી. માટે ૫૦૦ એકર જમીનની માગણી કરવામાં આવી અને તે માગણી કર્યા પછી જે કમિટી બની હતી તેમાં ભારત સરકારના અગ્ર સચિવ અશોક ઠાકુર હતા, અગ્ર સચિવ પી.પનીર વેલ હતા. શિક્ષણમાંથી અગ્ર સચિવ હસમુખ અઢીયા હતા, આઈ.આઈ.ટી. મુંબઈના દેવાંગ ખાખર હતા, તે જ રીતે ગાંધીનગરમાં ચાલે છે આઈ.આઈ.ટી. તેના સુધીર જૈન, નારાયણ મૂર્તિ, વિજય આગા આવા આઠ-દશ લોકોની એક સમિતિ બનાવી હતી અને એ સમિતિ આ જમીન જોતી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર નજીક આમને જમીનો બતાવી એક તો અમદાવાદ નજીક રાંચરડામાં જમીન બતાવી, રતનપુરમાં જમીન બતાવી, નોર્થ કોટપુરા સાણંદમાં જમીન બતાવી. ગાંધીનગર નજીક પાલજ, બાસણ, શાહપુર, ફિરોઝ પુર, છાલા ગામે બતાવી. કલોલ તાલુકામાં નાસબેર, રૂડાલી, વાંજગડા અને મુલસ ગામમાં બતાવી. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સદાલી અને વાગપુર ગામે પણ જમીન બતાવી. હવે જમીન તેમને પસંદ કરવાની છે તેને કે એક જ જગ્યાએ ૫૦૦ એકર જમીન મેળવવાની છે અને ૮-૩-૨૦૧૦ના રોજ કેન્દ્રમાંથી આ બધાજ અધિકારીઓ આવ્યાં તેમાંથી તેમણે પાલેજમાં કંઈક આંખ ફેરવી છે કે ૩૮૫ એકર જમીન છે અને તે જમીન બતાવી છે તેમને અને તેમને લાગે છે કે આ જમીનની અમે માગણી કરીશું પણ હજુ સુધી તેમનો સ્વીકાર પત્ર આવ્યો નથી. આપણે મિનિટસ, નકશા બધું જ તેમને મોકલી આપવામાં આવ્યું છે અને એ જેટલું જલદી સ્વીકાર પત્ર મોકલી આપશે એટલી જલદીથી આપણે તેમને જમીન ફાળવી આપીશું.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, આઈ.આઈ.ટી.માટે જમીન ફાળવવા માટે શું પ્રયત્નો કર્યા છે અને કયાં જમીન ફાળવવા માગો છો ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબ આપ્યો છે કે આટલી બધી જગ્યાએ જમીન બતાવી હતી અને પાલેજમાં ૩૮૫ એકર જમીન બતાવી છે, સ્વીકાર પત્ર આવશે તેને આપીશું.

## આણંદ જિલ્લામાં મહેસૂલી સંવર્ગની ખાલી જગ્યાઓ

*** ૧૫૩૮૯ શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં મહેસૂલી સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન કરેલ છે ?

**મહેસૂલ મંત્રીશ્રી**

(૧) ૧૩૨

(૨) સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ માટે માગણાપત્રક મોકલી આપવામાં આવેલ છે. તથા બઢતીથી ભરવાની થતી જગ્યાઓ માટે ગુજરાત જાહેર સેવા આયોગને દરખાસ્ત રજૂ કરવામાં આવેલ છે. બાકીની જગ્યાઓ માટે ફાજલ સ્ટાફથી અથવા માગણાપત્રક મોકલીને ભરવાની રહે છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માંગુ છું કે, આણંદ જિલ્લામાં મામલતદારની જગ્યા કઈ કઈ ખાલી છે ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં મામલતદાર અને કૃષિ પંચ બોરસદમાં એક જગ્યા ખાલી છે. મામલતદાર સિંચાઈ દર વસૂલાતની જગ્યા ખાલી છે અને મામલતદાર ડિઝાસ્ટરની જગ્યા ખાલી છે.

## બનાસકાંઠા જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન

*** ૧૩૯૭૨ શ્રી બાબુભાઈ જે. દેસાઈ(કાંકરેજ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું,

(૨) આ મેળાઓમાં કેટલા પશુઓને મુખ્યત્વે કયા કયા રોગો માટે સારવાર આપવામાં આવી, અને

(૩) કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું ?

**પશુપાલન મંત્રીશ્રી**

(૧) ૩૯૦

(૨) આ મેળાઓમાં કુલ ૧,૭૦,૧૦૨ પશુઓને મુખ્યત્વે ઝાડા, આફરો, અપચો, ન્યુમોનિયા, ચકરી, તાવ, ચામડીના રોગો, કૃમિ જન્ય રોગો, સુવા રોગ, વલો, મોઢામાં ચાંદા, આંચળના રોગો, વંધ્યત્વ-ગર્ભાશયના રોગો, તણછ, કરમોડી, ગાંઠ વગેરે રોગો માટે સારવાર આપવામાં આવી હતી.

(૩) ૨,૯૨૧

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કેટલાં પશુ આરોગ્ય મેળાઓ કરવામાં આવ્યાં ? અને કેટલાં પશુઓને સારવાર આપવામાં આવી? કેટલાં પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું અને આ પશુ આરોય મેળાઓથી પશુપાલકોને શું શું ફાયદાઓ થાય છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠામાં જે પશુ આરોગ્ય મેળાઓ થયા તેના જે ફાયદાઓ છે તે પ્રમાણે છેલ્લાં સાત વર્ષના સમયગાળામાં જે બનાસકાંઠામાં  દૂધ ઉત્પાદનની જે સરેરાશ ૪ ટકા હતી તે વધીને ૧૧ ટકા જેવી થઈ છે. દૂધ ઉત્પાદન પશુ મેળા શરૂઆત થઈ ત્યારથી વધારો જે ૧.૧ લાખ લિટરનો હતો તે વધીને ૩.૫૮ લાખ ટનનો થયો છે. જિલ્લામાં કુલ દુધાળી ગાયોની સંખ્યા જે ૧૧ હજાર જેવી વધારાની સંખ્યા હતી તેમાં ૧ લાખ ૪ હજાર જેટલો વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુ મેળાઓને કારણે રાજયમાં જે વધારો થયો છે તેમાં બનાસકાંઠામાં ૨૦૦૮ના વર્ષમાં કુલ ૧૬૯ મેળાઓ યોજવામાં આવ્યાં.અને એ મેળાઓમાં ૪૨૫ જેટલા ગામોમાં લગભગ ૪૨૩ પશુપાલક લાભાર્થીઓએ લાભ લીધો અને એમાં ૫૮૫૧ તબીબી સારવાર, ૩૩૧ શસ્ત્રક્રિયા સારવાર, ૭૩૩૧ જાતિ આરોગ્ય, કૃમિનાશક દવાઓ ૪૧,૪૫૯. આમ કુલ ૫૯,૯૭૨ જેટલા પશુ સારવારના લાભ લીધા. ૨૦૦૯માં ૨૨૧ આરોગ્ય મેળામાં ૫૨૦ જેટલા ગામોના લાભાર્થીઓએ ૧૪,૫૬૭ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો. ૯૯૮૬ને તબીબી સારવાર, ૭૫૨ શસ્ત્રક્રિયયા, જાતિ આરોગ્ય ૯૯૩૨ અને કૃમિ નાશક દવાઓ ૮૯૪૬૦. આમ કુલ ૧,૧૦,૧૩૦ જેટલો સારવારનો લાભ લેવામાં આવ્યો.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે જે ઢોરના અકસ્માતે મૃત્યુ થાય છે, હડકવા, કરંટ લાગવો વગેરેને કારણે. એમાં સરકાર તરફથી વીમા કવચ આપવામાં આવે છે? જો હા, તો કેટલું વળતર ચૂકવવામાં આવે છે? આવા કેટલા કેસો બનાસકાંઠા જિલ્લામાં આવ્યા છે? કેટલા પેન્ડિંગ છે?

**શ્રી દિલીપ સંઘાણી**: અકસ્માત મૃત્યુથી પશુનાં મૃત્યુ થાય તો એને કોઈ સહાય આપવાની જોગવાઈ નથી.

**શ્રી વસંતકુમાર ૫p ભટોળ** : ગુજરાત સરકારના સફળ અભિગમ દ્વારા જે White Revolution દ્વારા દેશને એક નવી દિશા આપવાનું કામ ગુજરાત સરકારે કર્યુ છે, ત્યારે હું જાણવા માગું છું કે રાજય સરકાર દ્વારા પશુ આરોગ્ય મેળા કયારથી શરૂ કરવામાં આવ્યા અને પશુ આરોગ્ય મેળાને કારણે પશુઓના આરોગ્યમાં તથા પશુ ઉત્પાદનમાં કોઈ ફાયદો નોંધાયો છે કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી**: આ રાજયની ધૂરા સર્વાંગી વિકાસ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંભાળી ત્યારથી ૨૦૦૨-૦૩થી પશુ આરોગ્ય મેળાની શરૂઆત થઈ અને એના કારણે રાજયમાં દૂધ ઉત્પાદનમાં બહુ મોટો વધારો નોંધાયો છે. પશુ આરોગ્ય મેળાના કારણે પશુ આરોગ્યની સંખ્યા પશુ પાલકોએ વધારી છે. પશુ આરોગ્ય મેળાના કારણે જે રોગચાળાનું પ્રમાણ હતું એ પ્રમાણમાં ખૂબ જ ઘટયું છે.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જે પશુ મેળા યોજવામાં આવ્યા, એમાં શું શું વિશિષ્ટ સુવિધા આપવામાં આવે છે?

**શ્રી દિલીપ સંઘાણી**: રાજયમાં પશુ મેળાને કારણે ખાસ કરીને વિશિષ્ટ સુવિધાઓમાં પ્રથમ કાર્ય પશુપાલકોના પશુ બિમાર પડે તો એમને નજીકની પશુપાલન હોસ્પિટલ લઈ જાય તો ત્યાં મર્યાદિત ડોકટરની સારવાર મળતી, જયારે પશુ મેળામાં વિવિધ ક્ષેત્રના, યુનિવર્સિટીઓના, પશુપાલનના અને તમામ તજજ્ઞોની સારવાર એકીસાથે પશુપાલકોને મળે છે.

## સુરેન્દ્રનગર જિલ્લાની સરકારી શાળાઓમાં આગ સામે રક્ષણ

*** ૧૫૪૪૭ શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાની સરકારી શાળાઓમાં આગ સામે રક્ષણ માટે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે,

(૨) આ કામગીરી હાલ કયા તબકકે છે, અને

(૩) તે માટેનો ખર્ચ કેટલો છે?

**શિક્ષણમંત્રીશ્રી:**

(૧) ફાયર સેફટીના સાધનો વસાવવામાં આવેલ છે.

(૨) કાર્યવાહી પૂર્ણ થયેલ છે.

(૩) રૂા. ૯,૮૦,૨૨૮/-

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરેન્દ્રનગર જિલ્લામાં જે શાળાઓમાં આગના રક્ષણ માટે કાર્યવાહી કરવામાં આવી છે, એમાં ફાયર સેફટીના સાધનો વસાવવામાં આવ્યા છે, એ પ્રકારનો જવાબ છે, ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાની સરકારી શાળાઓમાં કેટલી જગ્યાએ ફાયર સુવિધાઓ છે અને તેના માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓ ૯૮૯ છે અને બધી જ પ્રાથમિક શાળાઓ માટે ફાયર સેફટી માટેનું ખર્ચ ૯,૪૧,૫૨૮ રૂપિયા થયેલ છે અને સરકારી માધ્યમિક શાળાઓ કુલ ૧૮ છે અને એમાં ફાયર સેફટી માટેનો ખર્ચ ૩૮,૭૦૦ રૂપિયા થયેલ છે. આમ સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૧૦૦૭ સરકારી શાળાઓમાં આ ફાયર સેફટી માટેનો કુલ ખર્ચ ૯,૮૦,૨૨૯ રૂપિયા થયેલ છે.

**શ્રી ભરતભાઈ ખોરાણી** : મારે જાણવું છે કે આ ફાયર સેફટીની જાળવણી માટે કઈ કઈ તારીખોએ પરિપત્રો કરેલ છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ફાયર સેફટીની જાળવણી માટેની તમામ વ્યવસ્થા હોવી જોઈએ અને એ ફાયર સેફટીની જાળવણી માટે કમિશનર મધ્યાહ્ન ભોજન અને શાળાઓની કચેરી દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને તા. ૧૬-૭-૯૪, ૩૧-૭-૯૪, ૨૯-૧-૯૭, ૭-૩-૯૭, ૨૮-૫-૦૮, ૨૫-૬-૦૯ અને તા. ૨૪-૮-૦૯ ની તારીખોએ સૂચનાઓ આપેલ છે.

**આણંદ અને ખેડા જિલામાં પ્રાથમિક શાળાઓને ફાળવેલ ફાયર સેફટી કીટસ**

*** ૧૪૦૫૪ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તાજેતરમાં આણંદ અને ખેડા જિલ્લામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા સલામતી કાર્યક્રમ અંતર્ગત કેટલી પ્રાથમિક શાળાઓને તાલુકાવાર ફાયર સેફટી કીટસ અર્પણ કરવામાં આવી, અને

(૨) આ ફાયર સેફટી કીટસની અંદાજીત રકમ કેટલી?

**આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી:**

(૧) સામેલ પત્રક-અ મુજબ.

(૨) રૂા. ૨૫,૬૩,૯૭૮/-

**પત્રક-અ**

**આણંદ જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | ફાયર સેફટી કીટસની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૯૪ |
| ૨ | ઉમરેઠ | ૧૧૩ |
| ૩ | બોરસદ | ૨૦૯ |
| ૪ | આંકલાવ | ૯૬ |
| ૫ | પેટલાદ | ૧૬૦ |
| ૬ | સોજીત્રા | ૫૯ |
| ૭ | ખંભાત | ૧૫૫ |
| ૮ | તારાપુર | ૫૨ |
| | કુલ | ૧૦૩૮ |

**ખેડા જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | ફાયર સેફટી કીટસની સંખ્યા |
|---|---|---|
| ૧ | નડીયાદ | ૨૨૪ |
| ૨ | મહુધા | ૮૫ |
| ૩ | કઠલાલ | ૧૭૯ |
| ૪ | લ્પડવંજ | ૨૭૬ |
| ૫ | બાલાસિનોર | ૧૩૪ |
| ૬ | વિરપુર | ૧૪૩ |
| ૭ | ઠાસરા | ૨૫૫ |
| ૮ | માતર | ૧૦૪ |
| ૯ | મહેમદાવાદ | ૧૭૨ |
| ૧૦ | ખેડા | ૮૩ |
| | કુલ: | ૧૬૫૫ |

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો આ પ્રશ્ન પૂછવાનો હેતુ એ હતો કે અમારા જિલ્લાની ૧૦૩૮ સ્કૂલોમાં ફાયર સેફટીની કીટસ લગાડવામાં આવી છે. તો મારે જાણવું છે કે સેલ્ફ ફાયનાન્સ પ્રાથમિક શાળાઓમાં આજસુધી આ કીટસ લગાવવામાં આવી નથી અને આ શાળાઓમાં આ ફસ્ટ એઈડની કીટસ આપવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામા ૧૦૩૮ પ્રાથમિક શાળાઓમાં અને ૨ સરકારી માધ્યમિક શાાઓમાં એમ કુલ ૧૦૪૦ શાળાઓમાં ૯,૯૦,૧૭૪ રૂપિયાના ખર્ચે આવી ફાયર સેફટીની કીટસ આપ છે. ખેડા જિલ્લામાં ૧૬૫૫ શાળાઓ અને એમને ૧,૫૭,૦૫,૭૦૯ રૂપિયાના ખર્ચે આવી ફાયર સેફટી કીટસ આપવામાં આવી છે. જે ખાનગી શાળાઓ છે એને સરકારે આવી કીટસ આપી નથી એ શિક્ષણ વિભાગે જોવાનું છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે આ ફાયર સેફટી કીટસ આપવામાં આવી એમાં ખેડા જિલ્લામાં તાલુકાદીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં આણંદ તાલુકામાં ૧,૮૪,૭૦૬, ઉમરેઠમાં ૧,૦૭,૫૭૬,બોરસદમાં ૧,૯૮,૭૮૭, આંકલાવમાં ૯૧,૪૦૦, પેટલાદમાં ૧,૫૨,૩૩૪, સોજીત્રામાં ૫૭,૧૨૫, ખંભાતમાં ૧,૪૮,૫૨૬, તારાપુરમાં ૪૯,૦૦૦ અને ખેડા જિલ્લામાં નડિયાદમાં ૨,૧૩,૨૬૮, મહુધામાં ૮,૯૨૮, કઠલાલમાં ૧,૭૦,૪૨૪, કપડવંજમાં ૨,૬૨,૭૭૭, બાલાસિનોરમાં ૧,૨૭,૫૮૦, વીરપુરમાં ૧,૩૬,૧૪૯, ઠાસરામાં ૨,૪૨,૭૮૩, માતરમાં ૯૯૦૧૭, મહેમદાવાદમાં ૧,૬૩,૭૪૯ અને ખેડામાં ૭,૯૨૪ છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : આ ફાયર સેફટી કીટસ આપવામાં આવે છે એમાં કઈ કઈ વસ્તુઓ આપવામાં આવે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આ અગ્નિ શામક યંત્ર હોય છે એમાં ૯ લિટર પાણીની ક્ષમતા ધરાવતું સિલિન્ડર જેમાં ૬૦ ગ્રામ કાર્બન ડાયોકસાઈડ આપવામાં આવે છે.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આ કીટ્સ આપવા પાછળનો સરકારનો હેતુ એવો છે કે આપત્તિના સમયમાં બાળકોને મુશ્કેલી ન પડે. હવે સરકારી શાળા હોય કે પ્રાઈવેટ શાળા હોય, બાળકો એ તો બાળકો છે, તો પ્રાઈવેટ શાળામાં આ કીટ્સ અપાવવા માટે સરકાર ફરજ પાડવા માગે છે કે કેમ? અને બીજું કે આ અગ્નિશામક એક કીટ્સની કિંમત કેટલી છે? અને તે ખરીદવા માટે ટેન્ડર કાઢવામાં આવ્યા હતા કે બારોબાર ડાયરેકટ ડાયલીંગ થયેલ છે? અને ટેન્ડર કાઢયા હોય તો કઈ કઈ કંપનીઓએ ટેન્ડરમાં ભાગ લીધો હતો અને કઈ કંપનીને ઑર્ડર આપવામાં આવ્યો હતો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આ એક કીટની કિંમત ૯૫૨ રૂપિયા છે, અને ડાયરેકટર જનરલ ઓફ સપ્લાય એન્ડ ડીસ્પોઝલ, ડી.જી.એસ. એન્ડ ડી. ના રેટ કોન્ટ્રાકટ પ્રમાણે આ બધાની ખરીદી કરવામાં આવેલ છે અને ભારત સરકારમાંથી ખરીદેલ છે. અને એમણે જે રેટ નકકી કર્યા હોય તે રેટથી જ આપણે ખરીદયા છે એટલે ભ્રષ્ટાચારનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એ જમાના ગયા, ભૂતકાળ બની ગયો છે. ડીઝાસ્ટર મેનેજમેન્ટે આ ગ્રાન્ટ સરકારી શાળાઆને આપી છે. અને પ્રાઈવેટ શાળા કે હાઈસ્કૂલ હોય તો તેના માટે શિક્ષણ વિભાગે વિચારવું પડે, આ પ્રશ્નનો જવાબ હું નહીં આપી શકું, પણ આવો જ પ્રશ્ન શિક્ષણ વિભાગને પૂછીને તેઓ જવાબ માગી શકે છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : ડીઝાસ્ટર મેનેજમેન્ટમાં સીમા ચિન્હ કામ કરવા બદલ ગુજરાતના મુખ્ય મંત્રીને અને તેમની ટીમને અને ખાસ કરીને જેણે આનો અમલ કર્યો છે તે ઓફિસર મિત્રોને અને તેમના કર્મચારીઓને મારા અભિનંદન છે. હું એ પૂછવા માગું છુ કે શાળા સલામતી કાર્યક્રમ હેઠળ શિક્ષકોને તાલીમ આપવા માટે વિભાગે કયા પ્રકારની યોજના કરી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આ સેફટી સાધનો પુરા પાડયા પછી તે સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તેના માટે શિક્ષકોને તાલીમ આપવી જોઈએ અને જયારે આવા અકસ્માત થાય ત્યારે કઈ રીતે વર્તવું જોઈએ તેનો ખ્યાલ બાળકોને પણ જાગૃતી લાવવા માટે આપવો જોઈએ. એટલા માટે તાલુકા સ્થળે શિક્ષકો માટે અગ્નિશામક સાધનોના ઉપયોગ અંગેની તાલીમ પણ આયોજનમાં છે એમાં ૧૮ મિનિટની ફિલ્મ દ્વારા અગ્નિશામક સાધનોનો ઉપયોગ અને આગ સામેની સલામતીનું સામાન્ય માર્ગદર્શન આપવામાં આવે છે. અગ્નિ શામક સાધનોની ઓળખ અને સાર સંઘાળ અંગેની પુસ્તીકા પણ ડીઝાસ્ટર મેનેજમેન્ટે તૈયાર કરી છે અને એ પણ દરેક શાળાને અમે પુરી પાડીશું. અત્યાર સુધીમાં રાજય સ્તરે ૮૬ નિષ્ણાંત શિક્ષકોને શાળા સલામતી કાર્યક્રમ અંતર્ગત આપણે તૈયાર કર્યા છે અને ૧૦૪૫૪ શિક્ષકો અને ૨૫૫૪૩ વિદ્યાર્થીઓને શાળા સલામતીની તાલીમ આપવામાં આવેલ છે. બાળકો અને વિદ્યાર્થીઓ માટે આપત્તિ સજ્જતા કાર્ય પુસ્તિકા તૈયાર કરી છે. આદર્શ શાળા આપત્તિ વ્યવસ્થા પ્લાન પણ તૈયાર કરવામાં આવ્યો છે. ભૂકંપ અંગેનું મોક ડ્રીલ ૮૦ શાળાખોમાં કરવામાં આવ્યું અને એમાં ૬૪૦ શિક્ષકો અને ૪૦૦૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે તાલુકા સ્તરે શિક્ષકો માટે અગ્નિશામક સાધનોના ઉપયોગ અને તાલીમ અંગેની જે ફિલ્મ બનાવી છે તે પણ આપણે બતાવવામાં આવી છે આ રીતે શાળાના શિક્ષકો અને બાળકોને અકસ્માત સમયે કેવી રીતે વર્તવું અને કામ કરવું તેની તાલીમ આપવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી શિરિષભાઈ, મેં એક માર્ગદર્શન આપ્યું હતું, એ આપે સાંભળ્યું હશે, વિશેષણ અને વક્રોકિત માટે, તો મર્યાદામાં રહીએ તો વધારે સારું રહેશે, કારણ કે પછી બીજા પ્રશ્નો ઉભા થશે.

**ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળામાં વીજળીકરણની સુવિધા**

***૧૫૪૧૫ શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓ વીજળીકરણની સુવિધાથી વંચિત છે, અને

(૨) બાકી શાળાઓમાં વીજળીકરણની સુવિધાઓ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) ૭ પ્રાથમિક શાળાઓ.

(૨) વર્ષ ૨૦૧૦-૧૧માં.

**શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં દહેગામ તાલુકમાં કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે અને એમાંથી કેટલી શાળાઓમાં વીજળીકરણ બાકી છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, દહેગામ તાલુકામાં કુલ ૨૨૪ પ્રાથમિક શાળાઓ આવેલી છે અને એમાંથી ૪ શાળાઓમાં વીજળીકરણ થયેલ નથી. ઉમીલા તળાવ, ડોંગલ તળાવડી, હર્ષદનગર અને ઝાલાવાડ.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે અને ગાંધીનગર તાલુકામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ કરવાનું બાકી છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : ગાંધીનગર જિલ્લામાં કુલ ૫૯૯ પ્રાથમિક શાળાઓ આવેલી છે. જ્યારે ગાંધીનગર તાલુકામાં ૧૫૪ પ્રાથમિક શાળાઓ છે તેમાથી બે શાળામાં વીજળીકરણ થયેલ નથી. એક હુડકો ઝુંડાલ અને બીજી લક્ષ્મીનગર મોટેરામાં વીજળીકરણ બાકી છે.

**આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા**

*** ૧૫૪૨૦ શ્રીમતી જયોત્સનાબેન ૨ા. પટેલ(આણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાનાં પાણીની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) જે શાળાઓમાં સુવિધા બાકી છે તેમાં ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી:**

(૧) તમામ પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુચારૂ વ્યવસ્થા છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રીમતી જયોત્સનાબેન ૨ા. પટેલ** : આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા કેટલી છે એના જવાબમાં કહેવામાં આવ્યું છે કે આણંદ જિલ્લાની તમામ શાળાઓમાં પીવાના પાણીની સુવિધા છે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય શિક્ષણ મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. સાથે સાથે આણંદ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે તે પૈકી આણંદ તાલુકામાં કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : આણંદ જિલ્લામાં કુલ ૧૦૩૮ પ્રાથમિક શાળાઓ આવેલી છે. જ્યારે આણંદ તાલુકામાં ૧૯૪ પ્રાથમિક શાળાઓ આવેલી છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : હું શિક્ષણમંત્રીશ્રીને પૂછવા માગુ છું કે પીવાના પાણીની વ્યવસ્થા હોય છે. જ્યારે ત્યાં આગળ પાણીની ટાંકીની અંદર સપ્લાય ચાલુ થાય તે દરમિયાન પાણી આપે છે પરંતુ જ્યારે એ પાણી ખલાસ થઈ જાય છે, બાળકોને પાંચ વાગ્યા સુધી શાળામાં બેસવાનું હોય છે. તેથી દરેક શાળામાં સ્વતંત્ર પાણીની વ્યવસ્થા સ્કૂલમાં કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : રાજયમાં ૧૦૦ ટકા શાળાઓમાં પીવાના પાણીની સુવિધા પૂરી કરવામાં આવી છે. એમણે કહ્યું એ પ્રમાણે પ્રાથમિક શાળાની અંદર તમામ જગ્યાએ ગામની પાણીની ટાંકી હોય છે, દરેક શાળાની અંદર આઠ બાય ચારની એક સ્વતંત્ર ટાંકી હોય છે. જ્યારે ગામને પાણી મળતું હોય ત્યારે શાળાની ટાંકી ભરવામાં આવે છે અને પાંચ વાગ્યા સુધી પૂરતું પાણી આપવામાં આવે છે.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : અમારા જિલ્લામાં ૧૦૩૮ શાળાઓ આવેલી છે. એમાં દરેકે દરેક શાળામાં પાણીની સગવડતા છે કે કેમ એવો સંકલનની મિટિંગમાં પ્રશ્ન પૂછ્યો હતો, ત્યારે એમ કહેવામાં આવ્યું હતું કે અમુક શાળાઓ બાકી છે. લગભગ ૧૦૦ જેટલી શાળાઓ આજે પણ બાકી છે, અત્યારે પણ પાણી મળતું નથી. રાજીવ ગાંધી પે જળ યોજના નીચે કેન્દ્ર સરકાર પૈસા આપે છે તો ઝડપથી એ પૂરું કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : આ જિલ્લામાં નહિ પરંતુ રાજયમાં એવી એક પણ શાળા નથી જ્યાં પૂરતી પાણીની સુવિધા ન હોય.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : મારા જિલ્લામાં ૧૨૩ શાળાઓમાં પૂરતી પાણીની વ્યવસ્થા નથી એવું સંકલનની મિટિંગમાં કહેવામાં આવ્યું છે. મારા તાલુકાની ૧૮ શાળાઓમાં પાણીની વ્યવસ્થા નથી. માનનીય મંત્રીશ્રીએ વાત કરી તો જ્યાં કામ બાકી હોય તે પૂરું કરી આપે. શાળાઓમાં ટાંકી છે પરંતુ ટાંકીમાં પાણી ખલાસ થઈ જાય છે ઉપર બાળકો ભણતા હોય તો એ પાણી વગરના રહેવાના ?

**શ્રી રમણલાલ વોરા** : ગુજરાત સરકારે તમામ પ્રાથમિક શાળાઓમાં પાણીની સુવિધા પૂર્ણ કરવા વચનબદ્ધ છે, એ પ્રમાણે પૂરતી પાણીની સુવિધા કરવામાં આવી છે. છતાં પણ માનનીય ધારાસભ્યશ્રીએ કહ્યું તો તેઓ આ શાળામાં પાણીની સુવિધા નથી એ ગામનું નામ આપે તો અમે તરત જ એ શાળાની પાણીની સુવિધા પૂરી કરી દેવામાં આવશે.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : જિલ્લા શિક્ષણાધિકારીએ કલેકટરશ્રીને લૅટર લખ્યો છે કે આટલી શાળાઓ બાકી છે. સ્વજલ ધારાની મિટિંગમાં કહ્યું છે. રાજીવ ગાંધી પે જલ યોજના નીચે કેન્દ્ર સરકાર સો ટકા પૈસા આપે છે ત્યારે આ કામગીરી પૂરી કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : ફરીથી હું કહું છું કે તમામ શાળાઓમાં પીવાના પાણીની પૂરતી સુવિધા છે. ધારોકે કોઈ અધિકારીશ્રીએ ખોટી માહિતી આપી હશે, તો માનનીય સભ્યશ્રીએ કહ્યું તેની ચકાસણી કરીશું અને ચકાસણી કર્યા પછી જો વિગત ખોટી નીકળશે તો જે તે અધિકારીની સામે કાર્યવાહી કરીશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે મુદ્દા ઉપસ્થિત થાય છે. માનનીય મંત્રીશ્રી જે પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કલેકટરશ્રીને પત્ર લખ્યો છે એમ ધારાસભ્યશ્રી કહે છે. આપણી જવાબદારી એ ઉભી થાય છે કોઈ બીજા આગ્રહ રાખ્યા વગર, કલેકટરશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની સાથે વાત કરીને જે યાદી અપાઈ હોય, કારણ કે આપ ગૃહમાં જવાબ એવો આપો છો કે ૧૦૦ ટકા થઈ ગયું છે. આપે પર્ટીક્યુલર ગામનું નામ કહીને આપે આખા ગુજરાતનું કહ્યું છે. હું મારા મતવિસ્તારનું ગામ જેની શેઢાવદર ગામમાં મેં જાતે મુલાકાત લીધી છે અને તેમણે કહ્યું કે અમારે ટાંકી નથી. જ્યારે સ્કૂલ નથી હોતી ત્યારે ગામમાંથી પાણી આવે છે, સંગ્રહ નથી થતો. એ ગામે મારી ગ્રાન્ટ માટેની માગણી થઈ અને મેં હમણાં ગ્રાન્ટ આપી છે. આપ ભાવનગર તાલુકાનું શેઢાવદર લઈ અને આ જે ગામોના નામો કલેકટરશ્રીએ આપ્યા છે તે બન્નેની ચકાસણી કરીને ટેબલ ઉપર માનનીય મંત્રીશ્રી સત્ય હકીકત મૂકવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાશ્રીએ કહ્યું એ પ્રમાણે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીનો પત્ર મારી પાસે છે. લેખિત પત્ર છે. એ સાથે સાથે એ જે ગામનું નામ આપવા માગે એ ગામના સરપંચશ્રીનો અહેવાલ પણ મારી પાસે છે. ગામમાં પાણીની ટાંકી છે. પૂરતા પ્રમાણમાં પાણી મળે છે. છતાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું એ પ્રમાણે પહેલાં પણ મેં કહ્યું છે કે ક્યાંક ક્ષતિપૂર્તિ રહી ગઈ હોય અને ધારાસભ્યના ધ્યાનમાં આવે તો જરૂરથી હશે તો ૧૦૦ ટકા કામ ત્વરિત ગતિએ અમે પૂરું કરીશું.

**સુરત જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ રસ્તાના કામો**

*** ૧૫૪૭૯ શ્રી કિશોર વાંકાવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ કેટલા રસ્તાના કામો, કેટલી રકમના મંજૂર કરવામાં આવેલ છે અને
૨. તે કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

૧. તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં પંચાયત હસ્તકના કુલ ૩૧ રસ્તાના રૂા. ૨,૯૯૭.૯૦ લાખની રકમના કામો મંજૂર કરવામાં આવેલ છે.
૨. ઉપરોક્ત કામોની તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | મંજૂર થયેલા કામો | રકમ (રૂા. લાખમાં | પૂર્ણ | પ્રગતિ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ |
|---|---|---|---|---|---|
| ૨૦૦૮ | ૭ | ૫૪૬.૫૫ | ૭ | ૦ | ૦ |
| ૨૦૦૯ | ૨૪ | ૨૪૫૧.૩૫ | ૦ | ૮ | ૧૬ |
| **કુલ:** | **૩૧** | **૨૯૯૭.૯૦** | **૭** | **૮** | **૧૬** |

**શ્રી કિશોર વાંકાવાલા** : તા. ૩૧-૧૨-૦૯ના દિવસે પ્રગતિ હેઠળના કામો આઠ બાકી છે. તો આઠ કામો કયા સ્ટેજે છે અને તે ક્યારે પૂરા થશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉવા એપ્રોચ રોડ, કામ પૂર્ણ થવાની તારીખ ૬-૭-૨૦૧૦. સાંદલા-ખારા-દેલાણા રોડ, કામ પૂર્ણ થવાની તારીખ ૯-૧-૨૦૧૧. કાછીયા બોરી-૨-૧૧-૨૦૧૧. તડકેશ્વર-૨-૧૧-૨૦૧૦. કાછળ નરધરા-૬-૭-૨૦૧૧. નાના વરાછા સીમાડા-૯-૧-૨૦૧૧. વાજ-વખતાણા-વડદલા-૧૭-૭-૨૦૧૦. આખાખોલ એપ્રોચ રોડ ૧૭-૭-૨૦૧૦ના દિવસે પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા જાણવા માગું છું કે સુરત જિલ્લાના માંડવી તાલુકાના હડેત-ચુરેલ છેલ્લા દસ વર્ષથી મંજૂર થયો નથી, તે હકીકત સાચી છે કે કેમ? જો સાચી હોય તો કેટલા સમયમાં મંજૂર કરવા માગો છો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કિસાનપથ હેઠળના મંજૂર થયેલા રોડ છે અને માગણી પણ કિસાનપથ યોજના હેઠળની કરી છે એટલે તમે જે રોડની વાત કરો છો તે આમાં નથી.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : કિસાનપથ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં માંડવી તાલુકામાં કેટલા રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા? તે પૈકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા? કેટલા બાકી છે? પૂર્ણ થયેલ કામની ગુણવત્તા કેવી છે? માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફત જાણવા માગું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માંડવી તાલુકાના જે પૂર્ણ થયેલા કામો છે એ નથી પણ પ્રગતિ હેઠળના જે કામો છે તેમાં કાછીયાબોરી-ગોદાવાડી ઉંડ રોડ, ૫.૫૦ કિલોમીટરની લંબાઈ, અંદાજીત રકમ એક કરોડ, પ્રગતિમાં છે અને ૨-૧૧-૧૧ના રોજ પૂર્ણ કરવામાં આવશે. માંડવીમાં તડકેશ્વર રોસવડ રોડ, ૮.૩૩ કિલોમીટર, ૧૭૫ લાખ રૂપિયાનો ખર્ચ કરવાનો છે અને ૨-૧૧-૨૦૧૦ના રોજ પૂરો થશે. જે કામો ૨૦૦૯-૨૦૧૦માં છે તેમાં માંડવીનો અમલસાડી એપ્રોચ રોડ છે, ૨.૬૦ કિલોમીટરની લંબાઈ છે અને ૨૧૫ લાખ રૂપિયાનો રોડ મંજૂર થયો છે અને ટેન્ડર મંજૂરી હેઠળ છે. એવી જ રીતે માંડવીનો બીજો વરેઠ-કાકરાપર રોડ, ૫.૬૩ કિલોમીટર, ૧૧૨.૬૦ લાખ રૂપિયાનો મંજૂર થયો છે અને ટેન્ડર મંજૂરી હેઠળ છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉવા એપ્રોચ રોડ, કામ પૂર્ણ થવાની તારીખ ૬-૭-૨૦૧૦. સાંદલા-ખારા-દેલાણા રોડ, કામ પૂર્ણ થવાની તારીખ ૯-૧-૨૦૧૧. કાછીયા બોરી-૨-૧૧-૨૦૧૧. તડકેશ્વર-૨-૧૧-૨૦૧૦. કાછળ નરધરા-૬-૭-૨૦૧૧. નાના વરાછા સીમાડા-૯-૧-૨૦૧૧. વાજ-વખતાણા-વડદલા-૧૭-૭-૨૦૧૦. આખાખોલ એપ્રોચ રોડ ૧૭-૭-૨૦૧૦ના દિવસે પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા જાણવા માગું છું કે સુરત જિલ્લાના માંડવી તાલુકાના હડેત-ચુરેલ છેલ્લા દસ વર્ષથી મંજૂર થયો નથી, તે હકીકત સાચી છે કે કેમ? જો સાચી હોય તો કેટલા સમયમાં મંજૂર કરવા માગો છો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કિસાનપથ હેઠળના મંજૂર થયેલા રોડ છે અને માગણી પણ કિસાનપથ યોજના હેઠળની કરી છે એટલે તમે જે રોડની વાત કરો છો તે આમાં નથી.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : કિસાનપથ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં માંડવી તાલુકામાં કેટલા રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા? તે પૈકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા? કેટલા બાકી છે? પૂર્ણ થયેલ કામની ગુણવત્તા કેવી છે? માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફત જાણવા માગું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માંડવી તાલુકાના જે પૂર્ણ થયેલા કામો છે એ નથી પણ પ્રગતિ હેઠળના જે કામો છે તેમાં કાછીયાબોરી-ગોદાવાડી ઉંડ રોડ, ૫.૫૦ કિલોમીટરની લંબાઈ, અંદાજીત રકમ એક કરોડ, પ્રગતિમાં છે અને ૨-૧૧-૧૧ના રોજ પૂર્ણ કરવામાં આવશે. માંડવીમાં તડકેશ્વર રોસવડ રોડ, ૮.૩૩ કિલોમીટર, ૧૭૫ લાખ રૂપિયાનો ખર્ચ કરવાનો છે અને ૨-૧૧-૨૦૧૦ના રોજ પૂરો થશે. જે કામો ૨૦૦૯-૨૦૧૦માં છે તેમાં માંડવીનો અમલસાડી એપ્રોચ રોડ છે, ૨.૬૦ કિલોમીટરની લંબાઈ છે અને ૨૧૫ લાખ રૂપિયાનો રોડ મંજૂર થયો છે અને ટેન્ડર મંજૂરી હેઠળ છે. એવી જ રીતે માંડવીનો બીજો વરેઠ-કાકરાપર રોડ, ૫.૬૩ કિલોમીટર, ૧૧૨.૬૦ લાખ રૂપિયાનો મંજૂર થયો છે અને ટેન્ડર મંજૂરી હેઠળ છે.

## નવસારી જિલ્લામાં કન્યાઓને વિદ્યા લક્ષ્મી બૉન્ડ

***૧૫૪૬૧ શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં નવસારી જિલ્લાની માધ્યમિક શાળાઓમાં કુલ કેટલી કન્યાઓને વિદ્યા લક્ષ્મી બૉન્ડ આપવામાં આવેલ છે, અને

(૨) કન્યા દીઠ કેટલી રકમના બૉન્ડ આપવામાં આવેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) ૫૫ કન્યાઓને.

(૨) રૂ.૨૦૦૦/-

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સ્ત્રી સાક્ષરતા દર ઓછો હોય ત્યાં કન્યા કેળવણીનો દર વધારવા માટે સરકારશ્રીએ કોઈ યોજના મૂકેલ છે કે કેમ?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્ત્રી સાક્ષરતા દર વધારવા માટે સરકારશ્રીની કોઈ યોજના અમલી છે? તો જવાબ છે હા, જી. કન્યાય કેળવણીને વિશેષ પ્રોત્સાહન આપવા માટે ૩૫ ટકા કરતાં ઓછો સ્ત્રી સાક્ષરતા દરવાળા ગામોમાં ગરીબી રેખા હેઠળની આવક જૂથમાં આવતા હોય તેવા કુટુંબની દીકરીઓ ધોરણમાં આઠમાં પ્રવેશ મેળવે તો તેને રૂ.૨૦૦૦/-ના નર્મદા નિગમના વિદ્યા લક્ષ્મી બૉન્ડ આપવાની યોજના હાલ અમલમાં છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, નવસારી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વિદ્યા લક્ષ્મી બૉન્ડનો લાભ કેટલી કન્યાઓને આપવામાં આવ્યો છે અને એમાં કેટલી રકમ આપવામાં આવે છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં ૨૦૦૭-૦૮માં કુલ લાભાર્થી કન્યાઓની સંખ્યા ૫૬ અને તેમને રૂ.૧,૧૨,૦૦૦/-ના વિદ્યા લક્ષ્મી બૉન્ડ આપવામાં આવ્યા. ૨૦૦૮-૦૯માં કુલ લાભાર્થી કન્યાઓની સંખ્યા ૫૫, તેમને રૂ.૧,૧૦,૦૦૦/-ના વિદ્યા લક્ષ્મી બૉન્ડ આપવામાં આવ્યા અને ૨૦૦૯-૨૦૧૦માં કુલ લાભાર્થી કન્યાઓની સંખ્યા ૯૫, તેમને રૂ.૧,૯૦,૦૦૦/-ના વિદ્યા લક્ષ્મી બૉન્ડ આપવામાં આવ્યા. આમ સમગ્ર નવસારી જિલ્લામાં કુલ ૨૦૬ કન્યાઓને છેલ્લા ત્રણ વર્ષમાં રૂ.૪,૧૨,૦૦૦/-ના વિદ્યા લક્ષ્મી બૉન્ડ આપવામાં આવ્યા છે.

**દાહોદ જિલ્લામાં ખેડૂતોને પાક વિમાની રકમ**

***૧૩૮૭૮ શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોના પાક વિમાની રકમો કેટલી ચૂકવવાની બાકી છે,

(૨) આ પાક વિમાની રકમ સત્વરે ચૂકવવા સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) કેટલા સમયમાં તે ચૂકવવામાં આવશે?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં મંજૂર થયેલ હોય તેવા પાક વીમાના ચૂકવવાના બાકી દાવાની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | પાક વીમાની ચૂકવવાની બાકી રકમ રૂપિયા |
|---|---|
| ઝાલોદ | ૨૮૦૨૬૮/- |
| ઝાલોદ | ૬૬૪૪૦/- |

(૨) યોજનાની અમલકર્તા સંસ્થા એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની ઑફ ઇન્ડિયા લી. અમદાવાદને તેમના હસ્તકના રાજય સરકારશ્રીના ફંડની જમા રકમ ( કોપર્સ ફંડ) માંથી રાજય સરકારશ્રીના હિસ્સાની બાકી રહેલ દાવાની ચૂકવણી કરવા રાજય સરકારશ્રીએ તા.૫-૨-૨૦૧૦થી પરવાનગી આપેલ છે.

(૩) એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની ઑફ ઇન્ડિયા લી. દ્વારા ત્વરિત ચૂકવણી કરવામાં આવશે.

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મારા પ્રશ્નમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા તાલુકામાં વીમાની રકમ ચૂકવવાની બાકી છે. પરંતુ મને જવાબમાં માત્ર એક જ તાલુકાની વિગત આપવામાં આવી છે. તો બાકીના તાલુકાની વિગત માનનીય મંત્રીશ્રી આપવા માગે છે કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે, મારા ગરબાડા, ધાનપુર અને લીમખેડામાં છેલ્લા બે વર્ષથી અછત- અર્ધ અછત છે છતાં ખેડૂતોને વીમો આપવામાં આવેલ નથી. તો એ આપવા માગો છો કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં દાહોદ તાલુકાની રકમ પૂછી છે એમાં મળવાપાત્ર હતા એનો જવાબ મળ્યો છે બાકી છે એ બાકી નથી. ૨૦૦૮માં ખરીફ પાકમાં ડાંગર પાકમાં રૂ.૨૮,૦૨,૬૦૦/- બાકી છે, ૨૦૦૮-૦૯માં ઘઉંમાં રૂ.૬૬,૪૪,૦૪૦/- બાકી છે. કુલ દાવાઓ રૂ.૨૮,૭૭,૧૨૩.૭૬ પૈસા બાકી છે અને બાકી રહેવાનું કારણ એ છે કે, રાજય સરકારે એના હિસ્સામાં આવતી રકમ કેન્દ્ર સરકારે નક્કી કરેલ એ તા.૨-૨-૨૦૧૦ સુધીમાં ભરી દીધેલ છે. જ્યારે કેંદ્ર સરકારના હિસ્સાની ૫૦ ટકા રકમ ભરવાની બાકી છે. એમણે આજ દિન સુધી એ રકમ ભરી નથી એટલા પૂરતી રકમ બાકી છે એ ભરી આપશે એટલે તુર્તજ ચૂકવી આપવામાં આવશે.

**શ્રી દીતાભાઈ ભી. મછાર** : માનનીય અધ્યક્ષશ્રી, ઝાલોદ તાલુકો મારા મત વિસ્તારમાં આવે છે. એમાં કેટલા ખેડૂતોને વીમો અપાયો છે અને કેટલાને આપવાનો છે એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છ

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે રકમ કીધી એ રકમ છે, ખેડૂતોની સંખ્યા અત્યારે મારી

પાસે ઉપલબ્ધ નથી.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે દાહોદ જિલ્લામાં ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં પાક વીમાના કેટલા દાવાઓ મંજૂર કરવામાં આવ્યા?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ જે કીધું એ પ્રમાણે રૂા. ૨૮,૦૨,૬૮૩ ખરીફ પાકમાં અને રવી પાકમાં ૭૪૪૦ મંજૂર કરવામાં આવ્યા છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : કુલ કેટલા દાવા મંજૂર કરવામાં આવ્યા જિલ્લાના?

**શ્રી દિલીપ સંઘાણી** : ખરીફ ૨૦૦૯-૧૦માં તાલુકાના નોંધાયેલા દાવા હજી રાજય સરકાર તરફથી જે કાર્યવાહી કરવાની સર્વે કરીને આપેલ છે, કેન્દ્ર તરફથી મંજૂર થઈને આવેલ નથી એ પ્રક્રિયા બાકી છે.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે દરેક ખેડૂત જ્યારે ધીરાણ લે ત્યારે ફરજિયાત પ્રિમિયમ ભરાવે છે ખેડૂત પાસે અને જ્યારે આવા સંજોગો ઉભા થાય છે, બે વર્ષથી સતત દુષ્કાળ જેવી પરિસ્થિતિ છે અને ખરેખર મકાઈ કે કોઈ પાક થયો નથી. ડાંગર તો સો ટકા ફેલ છે. મકાઈ કંઈક અંશે થઈ છે છતાં મકાઈ કે ડાંગર કોઈનો પણ વીમો બીજા તાલુકામાં મંજૂર થયો નથી તો ખરેખર આ ફરજિયાત પ્રીમીયમ ભરવાની જોગવાઈ છે એ બંધ કરવા માગો છો કે કેમ? અને દાહોદ જિલ્લામાં કયા કયા પાક વીમા હેઠળ આવે છે અને એના ધોરણો શું છે? આમાં જવાબ આપ્યો છે એ પણ એટલો એ છે કે આમાં ઝાલોદ તાલુકાનો જવાબમાં વીમો કેટલો મંજૂર થયો એ પણ નથી આપ્યો, બીજા તાલુકામાં મંજૂર થયો એ પણ નથી આપ્યું, ફક્ત ચૂકવવાનું બાકી છે. ખરેખર મંજૂર કેટલો થયો અને એ પૈકી કેટલો બાકી છે અને બાકીના તાલુકામાં મંજૂર થયો છે કે કેમ? અને નથી થયો તો શા માટે નથી થયો? આમાં સરકારની કોઈ જવાબદારી આવે છે કે કેમ? માત્ર કહે છે કે કંપની આપશે તો આપીશું તો રાજય સરકારની આમાં કોઈ જવાબદારી છે કે કેમ એ પણ હું જાણવા માગુ છું.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, પાક વીમાની યોજના સંપૂર્ણ આખા દેશને લાગુ પડે તે રીતે કેન્દ્ર સરકારે બનાવી છે અને આ યોજનામાં ૨૦૦૨માં જે રાજય સરકાર ૫૦ ટકા હિસ્સો ભોગવે અને ૫૦ ટકા કેન્દ્ર હિસ્સો ભોગવે. વીમાની રકમ જે થતી હોય એના પ્રીમિયમ કરતા વધારે જો રકમ થાય તો એટલી રકમ ૫૦ ટકાના હિસ્સે રાજયને કેન્દ્ર સરકારે વીમા કંપનીને આપવાની હોય છે. મને એ વાતનો આનંદ છે કે ભારતીય જનતા પાર્ટીની આ સરકારે આ એક કોર્પોરેટ ફંડ જ્યારે આ વીમા કંપનીને જવાબદારી સોંપી ત્યારે ઊભું કરવામાં આવ્યું, રાજય સરકારે, ગુજરાત સરકારે ૨૦હજાર કરોડ રૂપિયા એડવાન્સમાં કૉર્પોરેટ ફંડમાં જમા કરાવી આપ્યા અને એના કારણે જ્યારે જે રકમ રાજયના ભાગમાં હોય એ તુરંત એમાંથી ચૂકવી શકે એ રીતે આ વખતે માત્ર પત્ર આપવાનો હોય છે કે રાજય સરકારના કૉર્પોરેટ ફંડમાંથી લેવામાં આવે, એમ આ હિસ્સો રાજય સરકારે આપી દીધો છે, આપની લાગણી સાથે હું સંમત છુ અને એટલા માટે રાજય સરકારે કેન્દ્ર સરકારને એક પત્ર લખીને જણાવ્યું છે કે જેમ વીમાના પ્રીમિયમની કટ ઑફ ડેટ હોય છે એમ વીમો ચૂકવવાની પણ કટ ઓફ ડેટ હોવી જોઈએ અને કટ ઓફ ડેટ પછી વીમો ન ચૂકવાય તો ખેડૂતો પર જે વ્યાજનું ભારણ આવતું હોય એ વ્યાજનું ભારણ પણ કેન્દ્ર સરકાર મંજૂર કરે તો ચૂકવવાવું જોઈએ, ખેડૂતોને આનો માર ન પડે આવી રજૂઆત કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન હતો એનો મુખ્ય હાર્દ એ હતો, વીમો ચૂકવાય છે, આપણે જે ક્રોપ કટીંગના ફીગર્સ લઈએ છીએ એના આધાર પર વીમો ચૂકવાય છે, ક્રોપ કટીંગ અને આનાવારીના ફીગર્સ જે છે એ આપણા એટલે કે રાજય સરકારના જે ગ્રામ લેવલ પરના અધિકારીશ્રીઓ છે એમના આધાર પર આ થાય છે. મોટાભાગની ફરિયાદો જે છે એ એવી છે કે ક્યાંક અધિકારીઓ જો તટસ્થતાથી ખેતર પર જઈ ક્રોપ કટીંગના વ્યાજબી આકડાઓ ભરે છે તો જે માનનીય સભ્યશ્રીની જે વ્યથા છે કે ખેડૂતને ખરેખર નુકસાન થયું છે અને ફાયદો નથી થતો એ કંમ્પલેન ના ઉભી થાય. એક જ તાલુકાની બંને જગ્યાએ સહજ રીતે આપણે જોઈએ તો બંને તાલુકામાં માઠી અસર હોય, એક જિલ્લાના એક તાલુકાને ફાયદો મળતો હોય, બાજુમાં બોર્ડર લાગતી હોય, બીજા જિલ્લાનો બીજો તાલુકો હોય એને લાભ નથી મળતો.આ સંજોગોમાં એવું કોઈ તંત્ર કે જે લિબરલ રહીને ક્રોપ કટિંગના આંકડાઓ બરાબર લેવાય અને ખેડૂતોને પાક વીમાનો વધારે લાભ મળે એવું આયોજન કરવા માગો છો કે કેમ? અને બીજું કે, કેટલાક ખેડૂતો એવું ઈચ્છે છે કે મારે મંડળીમાંથી ધિરાણ લેવું છે પણ મારી જમીન સામે ધિરાણ લેવું છે એટલે પાક વીમો મારે નથી લેવો. મારા રિસ્ક ઉપર, મારી જમીન મારી સિક્યોરિટી છે તો એવા કિસ્સામાં કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરવી હોય તો સાથે મળીને પણ ખેડૂતો આ રીતે ધિરાણ લેવા માગતા હોય તો વીમા વગર ધિરાણ મળે એવી કોઈ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : એક તો આનાવારીના કારણે વીમો મળવાની કોઈ જોગવાઈ નથી. ક્રોપ કટિંગના આધારે વીમાનું પ્રીમિયમ હોય છે અને એના પ્રમાણમાં ક્રોપ કટિંગના આધારે વીમો મળે છે. એ સિસ્ટમ પ્રમાણે જિલ્લા પંચાયત કે ખેતીવાડીના અધિકારી સાથે વીમા કંપનીના અધિકારીઓ પણ ક્રોપ કટિંગના સરવે માટે તાલુકા બ્લૉકમાં જાય છે. જ્યાં વીમા કંપનીના અધિકૃત અધિકારી પહોંચે ત્યાં અધિકારીઓ મારફતે અહીંથી નક્કી કરવામાં

આવે છે. તાલુકા બ્લૉકમાં ક્રોપ કટિંગનો સરવે ચોક્કસાઈપૂર્વક લે છે. વિરોધ પક્ષના નેતાની ચિંતા સાચી છે કે આ સરળતા થાય કે કેમ? હવે વરસાદની અનિશ્ચિતતાના કારણે અને તાલુકા બ્લૉક દીઠ વીમાનું આયોજન છે એ ગામ દીઠ વીમાનું આયોજન થાય તો યોગ્ય રીતે થઈ શકે અને આના માટે પણ રાજ્ય સરકારે રજૂઆત કરી છે. પુન: સાથે મળીને રજૂઆત કરવાની હોય તો આપણે તૈયાર છીએ. બીજો પ્રશ્ન હતો કે ખેડૂતો ધિરાણ મેળવે છે ત્યારે ફરજિયાત વીમો લેવાનો હોય છે. આ યોજના રાજ્ય સરકારની નથી. કેન્દ્ર સરકારની યોજના છે. એટલા માટે અટલજી હતા ત્યારે આ રજૂઆત અમે પાર્લામેન્ટમાં કરી અને એમાં વ્યવસ્થા એ કરી આપી કે જે ખેડૂતોએ વીમો લેવો ન હોય અને ધિરાણ લેવું હોય તો એણે પ્રીમિયમ અલગથી ભરી આપે તો એ વીમાને પાત્ર થાય છે. એણે વીમો અલગ ભરવો પડે છે. અત્યારે ધિરાણ લેવું હોય તો ફરજિયાત એ થાય છે એ સાથે મળીને આપણે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરીશું.

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : છેલ્લા બે વર્ષમાં દાહોદ તાલુકાના ખેડૂતોને પાક વીમાની કેટલી રકમ ચૂકવવામાં આવી અને છેલ્લા એક વર્ષથી ખેડૂતોનો પાક વીમો બાકી છે એ વાત સાચી છે? અને જો સાચી હોય તો શું કાર્યવાહી કરવા માગો છો?

**શ્રી દિલીપ સંઘાણી** : મેં અગાઉ જવાબ આપી દીધો છે. રાજ્ય સરકારે એના ભાગમાં આવતો હિસ્સો કેન્દ્ર સરકારમાં જમા કરી આપ્યો છે. કેન્દ્ર સરકાર જમા કરે એટલે તાત્કાલિક અમે ચૂકવવા માગીએ છીએ. આપ સૌની લાગણી ધ્યાનમાં રાખીને પુન: કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવશે કે કેન્દ્ર સરકાર એના ભાગમાં આવતા વીમાનું પ્રીમિયમ તાત્કાલિક ભરી આપે જેથી કરીને તાત્કાલિક આપણે રાજ્યના ખેડૂતોને વીમો ચૂકવી શકીએ.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : જે આપવાની વાત કરો છો કે કેન્દ્ર સરકારનું બાકી છે એ જે હોય તે પણ આમાં બાકીના તાલુકા છે એમાં વીમો મંજૂર થયેલ છે કે કેમ? પહેલા વીમો મંજૂર કરવાની વાત આવે છે. એટલે હું જાણવા માગું છું કે બાકીના તાલુકાઓમાં આ વીમો મંજૂર થયેલ છે કે કેમ? કારણ કે ડાંગર તો થઈ જ નથી.

**શ્રી દિલીપ સંઘાણી** : સરવેના તબક્કામાં છે. ફાયનલ નિર્ણય નથી થયો, એ કેન્દ્ર સરકારમાંથી નિર્ણય થશે.

**ભરૂચ અને સુરત જિલ્લામાં જી.આઈ.પી.એલ. કંપનીને જમીન આપવા બાબત**

**<# M/*૧૩૮૭૧ શ્રી અમરસિંહ રા. વસાવા(દેડીયાપાડા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જી.આઈ.પી.એલ. કંપની માટે રાજ્ય સરકારે ભરૂચ અને સુરત જિલ્લામાં કેટલી જમીન ક્યારે સંપાદન કરી, અને

(૨) આ જમીન શા ભાવે સંપાદન કરી શા ભાવે કંપનીને આપવામાં આવી?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) સને ૧૯૯૫ થી ૨૦૦૯ ના સમયગાળા દરમિયાન નીચે મુજબ જમીન સંપાદન કરેલ છે.

| | હે.આરે.ચો.મી. |
|---|---|
| સુરત જિલ્લો | ૨૦૧૪-૯૬-૪૭ |
| ભરૂચ જિલ્લો | ૫૦૩-૦૧-૦૦ |
| કુલ : | ૨૫૧૭-૯૭-૪૭ |

(૨) હેકટર દીઠ રૂા. ૧.૭૦ લાખથી ૧૫ લાખના ભાવે સંપાદન કરવામાં આવેલ છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ખેડૂતો અને ગરીબ આદિવાસી ખેડૂતોની જમીન પાણીના ભાવે લુંટી રહ્યા છે એટલા માટે મારે પ્રશ્ન પૂછવો પડ્યો છે કે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જી.આઈ.પી.એલ. કંપનીએ ભરૂચ અને સુરત જિલ્લામાં કેટલી જમીન સંપાદન કરી છે. જવાબ છે ૨૦૧૪-૯૬-૪૭.અને કયા ભાવે ખરીદી છે તો ૧.૭૦ લાખથી ૧૫ લાખ સુધી. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવું છે કે જે ભાવે આ જમીન ખરીદી છે એમાં ખેડૂતોને ભરૂચમાં ૫.૭૫ લાખ રૂપિયા ચૂકવ્યા છે અને સુરતમાં ૧૩ લાખ રૂપિયા ચૂકવ્યા છે તો આનો તફાવતનું કારણ શું છે? અને તમામ ખેડૂતો માટે સરખો એવોર્ડ સરકાર જાહેર કરવા માગે છે કે કેમ? અને જેટલી આ જમીન સંપાદન કરી છે એ તમામ ખેડૂતોને સરકારે વળતર ચૂકવ્યું છે કે નહિ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાંથી ૧૯૯૫ માં ૧૦૭૭ હેકટર જમીન ફાળવી. ૧૯૯૬ માં ૧૬૨ હેકટર જમીન ફાળવી. હું તો મોટો આંકડો બોલું છું એ ૨૭ આરે અને ૫૪ ચો.મી.
૧૯૯૮ માં ૧૫ હેક. ૨૨ આરે ૩૦ ચો.મી., ૨૦૦૦ માં ૪૦ હેકટર-૧૭ આરે-૮૧ ચો.મી., ૨૦૦૧માં ૩૫ હેકટર-૪ આરે-૬૮ ચો.મી., ૨૦૦૭માં ૨૪ હેકટર-૯૦આરે, ૨૦૦૮માં ૧૨ આરે, ૨૦૦૯માં ૬૫૯ હેટકર-૬૬આરે-૬૦ચો.મી. એમ કરીને ૨૦૧૪ હેકટર, ૯૬ આરે અને ૪૭ ચો.મી. જગ્યા ફાળવી.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં આપણે કહીએ કે મામુલી ભાવથી જમીનો અપાઈ છે એવું નથી ભાઈ. રેગ્યુલર એવોર્ડ ૫૨૪ હેકટરનો થયો અને સંમતિ એવોર્ડ એટલે કે કિસાનો સાથે વાટાઘાટો કરીને જે સંમતિ લઈને

૧૪૯૦ હેક. અને ૭૬ આર.૭૦ ચો.મી. જમીન સંમતિ એવોર્ડથી ખરીદવામાં આવી છે. એટલે લગભગ ૨/૩ જેટલી જમીન તો સંમતિ એવોર્ડથી રાજ્ય સરકારે પ્રાપ્ત કરી છે. એવી જ રીતે ભરૂચની અંદર ૨૦૦૮ માં ૨૫૦૩ હેકટર, ૧ આરે જમીન ખરીદવામાં આવી અને એમાં પણ ભરૂચની અંદર જે સંમતિ એવોર્ડ થયો ૫૩૦-૧નો એટલે લગભગ ભરૂચની તમામ જમીન એ પણ સંમતિ એવોર્ડથી લેવામાં આવી છે. મતલબ કે, કિસાનો સાથે વાટાઘાટો કરીને જ લીધી છે. કોઈ બળજબરી અથવા એવું કશું કરવામાં નથી આવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, આ ભરૂચની જે જમીન ખરીદાઈ એમાં ૨૮,૬૦,૪૫,૮૦૪ રૂપિયાનો એવોર્ડ જાહેર થયો. એમાંથી ૨૬,૦૪,૨૨,૯૨૪ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યાં. બાકી રહ્યાં ૨,૫૬,૨૨,૮૮૦ રૂપિયા એમાંથી ૨.૩૩ કરોડ રૂપિયા ખેડૂતોમાં વિવાદ છે. જમીન કોની છે, કોઈ કહે છે મારી છે, કોઈ કહે છે કે મારી જમીન છે અને એટલા માટે આ જે રૂપિયા છે એ સરકારે કોર્ટની અંદર જમા કરાવી દીધા છે. એટલે જ્યારે વિવાદ ઉકલશે ત્યારે જે ખેડૂતોના બાકી હશે અને જે સાચો ખેડૂત હશે એને આપવામાં આવશે અને ૨૩,૧૦,૮૭૮ રૂપિયા ખેડૂતો લઈ નથી ગયા. ખેડૂતોને વારંવાર સૂચનાઓ આપવામાં આવી છે. પત્રો લખવામાં આવ્યાં છે તેમ છતાં હજુ એ પૈસા લેવા આવતા નથી. જેમ જલદી બને એમ આવશે તો બાકીની રકમ પણ ચૂકવી દેવામાં આવશે.

**શ્રી દુષ્યંતભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ભરૂચ જિલ્લામાં જી.આઈ.પી.એલ. કંપનીને ૫૦૩-૦૧-૦૦ હેકટર જમીન ૧.૭૦ લાખથી ૧૫ લાખના ભાવે સંપાદન કરવામાં આવી છે. જવાબ અસ્પષ્ટ છે, કેટલા એકરની અંદર કેટલા રૂપિયે ખરીદી અને ખરેખર જમીન કેટલા ભાવે સંપાદન કરીને એ કંપનીને કયા ભાવે આપી?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમને ૫૦૩ હેકટરનો જવાબ જોઈતો હોય તો દરેક ગામની જમીન અને શું ભાવે આપી, આખું પત્રક મારી પાસે છે. કહેતા હોય તો હું બોલી જાઉં કે કયા ગામની કેટલા હેકટર જમીન કયા ભાવે આપવામાં આવી છે. બોલો સાહેબ.

**અધ્યક્ષશ્રી** : ટેબલ ઉપર મૂકી દેજો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯ માં ભીલવાડાને જે જમીન આપી એમાં ૨૫ હેકટર જમીન અને એવોર્ડની તા.૨૮-૧૦-૨૦૦૯ ના દિવસે આપી અને કુલ એમનો જે ખર્ચ થયો એ ૩૪૨ કરોડનો ખર્ચ થયો છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી કિશોરભાઈ વાંકાવાલા.

**શ્રી કિશોર વાંકાવાલા** : સાહેબ, મારો જવાબ આવી ગયો છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી ઈકબાલભાઈ.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમરસિંહભાઈનો પ્રશ્ન પૂછવાનો મુખ્ય હાર્દ એ છે કે, સુરત જિલ્લો અને ભરૂચ જિલ્લો એ બંને નજીક નજીકમાં બૉર્ડરના છે એકદમ આ જમીન, જે જી.આઈ.પી.એલ. કંપનીને જમીન સંપાદન કરીને સરકારે જે જી.આઈ.પી.એલ.ને આપેલી છે એમાં ખેડૂતોનો તીવ્ર લાગણી એ છે કે, ભરૂચ જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં ખૂબ જમીન સસ્તા ભાવે ખરીદેલી છે, જ્યારે સુરત જિલ્લામાં ૧૫ લાખ રૂપિયા આપેલા છે, ભરૂચ જિલ્લામાં બે-અઢી લાખ રૂપિયા આપેલા છે, એના માટે આંદોલન ચાલી રહેલું છે, એના માટે અનેક રજૂઆતો થયેલી છે અને અત્યારે ખેડૂતોની સભાઓ પણ યોજીને રજૂઆત આ સરકાર સુધી કરેલી છે. આપ જે કહો છો એ ૨૦૭૫ હેકટર જમીન ભરૂચ જિલ્લાની જે છે એ પૈકી સંમતિ એવોર્ડ જેને કહેવાય એ સંમતિ એવોર્ડવાળી જમીન કેટલી અને સૅકન્ડ નંબરમાં, આવી રજૂઆતો ભાવ માટેની કેટલી આવી અને રજૂઆતો પછી આપણે જે પૈસા ખેડૂત નથી લઈ જતા જે વાત કરવામાં આવે છે એ સાહેબ ખેડૂતને સસ્તી જમીન લેવાની છે એટલે ખેડૂતો પૈસા નથી લેતા અને અત્યારે પણ આપણને હાઈ કોર્ટે સ્પષ્ટ માર્ગદર્શન આપેલું છે કે, આ વેચવાનું બંધ કરો, તો ખેડૂતોને જે પોષણક્ષમ ભાવે આ જમીન આપણે ખરીદવા માગીએ છીએ કે કેમ ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લાની અંદર ૫૦૩ હેકટર જમીન સંમતિ એવોર્ડથી જ ખરીદવામાં આવેલી છે, એમાં કોઈ સંપાદન થઈ હોય એવું નથી એટલે એમની સાથે વાટાઘાટો કરીને જ કરેલી છે. કુલ જમીન ૫૦૩ હેકટર અને એ બધી જ જમીન સંમતિ એવોર્ડથી જ કરેલી છે અને મેં કહ્યું એમ કે એટલી જમીનમાં ૨૮ કરોડ રૂપિયા રાજય સરકારે એમને ચૂકવેલા છે. એટલે આપવાના છે અને માત્ર ૨૩,૧૦,૮૭૮/ ખેડૂતો નથી લઈ ગયા એ પણ મેં વાત કરી અને જ્યાં ખેડૂતોમાં વિવાદ છે એના જે પૈસા છે એ આપણે કોર્ટમાં જમા કરાવ્યા છે અને જ્યારે એ વિવાદનો ઉકેલ આવશે ત્યારે અને આવી કોઈ જ ફરિયાદ રાજય સરકાર પાસે નથી આવી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય સભ્યશ્રીઓની ચિંતા છે એના મારફતે હું બે વાતો પૂછવા માગુ છું, એક તો, જ્યારે આદિવાસી વિસ્તારમાં સરકાર દ્વારા સંપાદન થાય ત્યારે આપણે જેને સંમતિ એવોર્ડ કહીએ છીએ એ ખરેખરની સંમતિ મોટાભાગે હોતી નથી એટલે જ આજે ત્યાં આંદોલનો ચાલે છે. એજ જિલ્લાના સભ્યશ્રીઓ કહે છે કે ત્યાં આંદોલન ચાલે છે અને આપણે કહીએ કે સંમતિ થઈ ગઈ, એ બધા સહમત છે, એવું શકય ન હોય, નહીંતો આ ન બને,

બીજો મારો પ્રશ્ન છે કે, આમાંથી ખેતી લાયક જમીન કેટલી હતી ? ખરાબાવાળી અને ખેતીલાયક જમીન એમાં ખેતી લાયક કેટલી હતી ?

ત્રીજો પ્રશ્ન મારો એ છે કે, પ્રાયવેટ કંપનીઓએ જ્યારે જમીનો જોઈતી હોય, એમના ઉદ્યોગો સ્થાપવા હોય તો એ ડાયરેક્ટ નેગોશિએટ કરે ખેડૂતો સાથે. કંપનીએ ખરીદ કરવી હોય તો કંપની ડાયરેક્ટ કરે. સરકાર સંપાદનમાં વચ્ચે રહે, સરકાર ખરીદ કરે અને ખેડૂતોની જમીન લઈ લે અને કંપનીઓને આપે, ભલે સરકારની કંપની હોય તો પણ કંપનીએ ડાયરેકટ નેગોશિએટ કરવું જોઈએ, ખેડૂતને પોતાને અધિકાર છે પોતાની મિલકત વેચવી કે નહીં વેચવી અને વેચવી હોય તો શું ભાવે વેચવી  એટલા માટે એમાંથી સરકાર નીકળી જવા માગે છે કે કેમ ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાયવેટ કંપની કોઈ જમીન ખરીદે તો એ પોતે ખરીદે પોતે કરે છે પરંતુ આ સરકારી કંપની છે અને સરકારી કંપની હોય એટલે સરકારે જ એને આપવી પડે (અંતરાય) શા માટે પણ? સરકારી છે, તો સરકાર જ ખરીદે, સરકારી હોય તો સરકાર જ કામ કરે એની અંદર, એમાં બીજી કોઈ કંપની છે જ નહીં અને સરકારી કંપની છે એટલે એજ હોય (અંતરાય) કેન્દ્રનો કાયદો છે સંપાદન કરવા માટેનો (અંતરાય) રેલવેને પણ કરી આપીએ છીએ અને કેન્દ્ર સરકારના તમામ સાહસોને પણ રાજય સરકાર સંપાદન કરી આપે છે. આ આઈ.આઈ.ટી.ને જમીન આપીએ છીએ એ કોણ સંપાદન કરશે એ જમીન ? રાજય સરકાર કરશે કંઈ કેન્દ્ર સરકાર કરવા માટે આવશે જમીનો ? કોઈ સસ્તા ભાવે જમીન નથી અપાઈ અને આજ સુધીમાં કોઈ પણ વ્યકિતએ અમારો સંપર્ક નથી કર્યો.  તમે ધારાસભ્યો છે એમ ભારતીય જનતા પક્ષના ધારાસભ્યો છે જ સાહેબ અહીંયા ભા.જ.પ.ના ધારાસભ્યો બેઠા છે સુરત અને ભરૂચના એમને પણ ખબર હોય  કે ત્યાં આંદોલન ચાલતું હોય તો મારા ધારાસભ્યો મને ફરિયાદ કરી શકે છે અને આજ દિન સુધીમાં એક પણ ધારાસભ્યે ફરિયાદ નથી કરી, ઈકબાલભાઈએ પણ આજ સુધીમાં ફરિયાદ નથી કરી, એમણે ફરિયાદ મને કરવી જોઈતી હતી, તો હું એની વિગતો લઈને પણ ઑફિસમાંથી આવશે બાકી કોઈએ પણ ફરિયાદ નથી કરી, ઈકબાલભાઈએ પણ આજ દિન સુધીમાં નથી કરી (અંતરાય) રેલવેને લાઈનો નાખવા માટે પણ રાજય સરકાર કરે છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### કચ્છ જિલ્લાના અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકામાં પ્રાથમિક શાળામાં રીપેરીંગની કામગીરી

૧૪૩૧૩ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા-નખત્રાણા અને લખપત તાલુકામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓ છે,

(૨) તેમાં કેટલી જર્જરીત થઈ ગઈ છે,

(૩) આમાંથી કેટલી શાળાઓનું રીપેરીંગ કામ પૂર્ણ કર્યું અને કેટલી શાળાઓની કામગીરી બાકી છે, અને

(૪) બાકી રહેલી શાળાઓની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ત્રણ તાલુકાઓમાં નીચે મુજબ શાળાઓ આવેલી છે.

| ક્રમ | તાલુકો | શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અબડાસા | ૧૭૪ |
| ૨ | નખત્રાણા | ૧૬૬ |
| ૩ | લખપત | ૧૦૩ |

(૨) એક પણ નહિ.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

### અમદાવાદ જિલ્લામાં સ્ટેમ્પ ડયુટીના કેસોમાં વસૂલાત માટે પગલાં

૧૫૩૮૮**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સ્ટેમ્પ ડયુટી વસૂલાતના કેટલા કેસોમાં વસૂલાત બાકી છે, અને

(૨) આ વસૂલાત કરવા માટે શાં પગલાં લેવામાં

**જવાબ**

(૧) ૨૬૬૦૬ કેસોમાં.

(૨) જે પૈકી કુલ ૧૬૪૫૫ કેસોમાં પક્ષકારોને

આવ્યા છે ?

મહેસૂલ અધિનિયમની ક્લમ-૧૫૨ મુજબ નોટીસ પાઠવેલ છે અને ખુટતી સ્ટેમ્પ ડ્યુટીનાં બોજાની નોંધ રેવન્યુ દફતરે કરવા સબંધિત મામલતદારશ્રી તેમજ સીટી સર્વે સુપ્રિ.શ્રીને જાણ કરવામાં આવેલ છે. જ્યારે બાકી રહેતાં કેસોમાં કાર્યવાહી ચાલુ છે.

------------

## ભાવનગર જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ

૧૪૪૨૮**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા,

(૨) પાલીતાણા તથા ગારીયાધાર તાલુકામાં ક્યા ગામોમાં ઉક્ત સ્થિતિએ કેટલા સોઈલ હેલ્થ કાર્ડ વિતરણ કરવામાં આવ્યા,

(૩) બાકીના ગામમાં કેટલા ખેડૂતો સોઈલ હેલ્થ કાર્ડ સિવાયના છે, અને

(૪) તેમને સોઈલ હેલ્થ કાર્ડ ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં કુલ ૭૫૭૭ ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે.

(૨) પાલીતાણા તથા ગારિયાધાર તાલુકામાં ઉક્ત સ્થિતિએ અનુક્રમે ૧૨૮૦૩ અને ૫૯૧૩ સોઇલ હેલ્થ કાર્ડ વિતરણ કરવામાં આવ્યા, જેની ગામવાર વિગત પત્રક-૧ મુજબ છે.

(૩) પાલીતાણા તાલુકામાં ૭૪૧૭ અને ગારિયાધાર તાલુકામાં ૧૨૬૫૩ ખેડૂતો સોઇલ હેલ્થ કાર્ડ સિવાયના છે. જેની ગામવાર વિગત પત્રક-૧ મુજબ છે.

(૪) સત્વરે.

(* પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

## બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓ અને શિક્ષકોની ઘટ

૧૫૪૪૧**શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની અને કેટલા શિક્ષકોની ઘટ છે,

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં શિક્ષકોની ઘટ નથી પરંતુ શિક્ષકોની ખાલી જગ્યા અને ઓરડાઓની ઘટ તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓરડાની ઘટ | શિક્ષકની ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | અમીરગઢ | ૬૩ | ૨૮ |
| ૨ | ભાભર | ૧૦૬ | ૪૯ |
| ૩ | દાંતા | ૧૦૮ | ૬૧ |
| ૪ | દાંતીવાડા | ૫૩ | ૧૬ |
| ૫ | ડીસા | ૩૨૧ | ૧૪૭ |
| ૬ | દીયોદર | ૯૦ | ૧૧૫ |
| ૭ | ધાનેરા | ૮૮ | ૧૧૪ |
| ૮ | કાંકરેજ | ૭૮ | ૪૪ |
| ૯ | પાલનપુર | ૫૨ | ૦૪ |
| ૧૦ | થરાદ | ૧૭૭ | ૧૯૨ |
| ૧૧ | વડગામ | ૧૪ | ૦૫ |
| ૧૨ | વાવ | ૯૬ | ૧૧૫ |
| | કુલ : | ૧૨૪૬ | ૮૯૦ |

**પ્રશ્ન**

(૨) આ ઘટ શા કારણે છે, અને

(૩) ઘટ પૂરી કરવા માટે કાર્યવાહી ચાલુ છે કે કેમ?

**જવાબ**

(૨) ઓરડાઓની જરૂરિયાતના ધોરણોનુસાર ઓરડાઓની ઘટ છે.

(૩) ૨૦૦૯-૧૦ માં ૨૦૯ ઓરડાનું કામ પ્રગતિમાં છે, જે ટૂંક સમયમાં પૂરુ થનાર છે. બાકી રહેતા ઓરડાનું આયોજન વર્ષ ૨૦૧૦-૧૧ માં કરવામાં આવશે. વિદ્યા સહાયકોની ભરતીની કાર્યવાહી ચાલુ છે.

## ભરૂચ જિલ્લામાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓ

૧૫૩૪૦ **શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓ પાડવાની કેટલી અરજીઓ

**જવાબ**

(૧) ૩૭૧૬.

આવેલ છે,

(૨) તે પૈકીની કેટલી એન્ટ્રીઓ મંજૂર કરવામાં આવી,

(૨) ૩૬૭૭.

(૩) બાકી રહેતી એન્ટ્રીઓ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) સત્વરે.

(૪) નામંજૂર કરેલ અરજીઓના કારણો શાં છે?

(૪) આ તકરારી નોંધોમાં સક્ષમ અધિકારીના હુકમથી નામંજુર થવાના કારણે.

------------

**ક્સિાન પથ યોજના હેઠળ જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના દેવલપુર ગામના એપ્રોચ રોડની મંજૂરી**

૧૩૮૬૮**શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના દેવલપુર ગામનો એપ્રોચ રોડ વર્ષ ૨૦૦૭-૦૮ના વર્ષમાં ક્સિાન વિકાસ પથ નીચે મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉપરોક્ત રસ્તામાં કી.મી. ૧/૪૫૦ થી કી.મી. ૧/૯૦૦ ની કામગીરી બાકી છે તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો રસ્તાની કામગીરી કરનાર કોન્ટ્રાકટરને અંતિમ બીલ ચૂક્વાઈ ગયેલ છે તે હકીકત સાચી છે,

(૪) જો હા, તો અધૂરી રહેલ કામગીરીની રકમ એજન્સી પાસેથી પરત લેવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે નહીં, અને

(૫) તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા, જી. ક્સિાનપથ હેઠળ મંજૂર થયેલ છે.

(૨) હા, જી.

(૩), (૪) અને (૫) : રસ્તાના કિ.મી.૧/૪૫૦ થી કિ.મી. ૧/૯૦૦ માં ખેડૂતોનો આંતરીક વિવાદ ઉભો થતાં આ લંબાઈમાં કામગીરી કરી શકાયેલ નથી. કોન્ટ્રાકટરે કરેલ કામગીરીનુ જ ચૂક્વણુ કરવામાં આવેલ હોઈ તેમની પાસેથી કોઈ રકમ પરત લેવાની થતી નથી.

---------------

**ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાની માધ્યમિક શાળાના મકાનની મંજૂરી**

૧૩૯૮૦**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાની કઈ કઈ માધ્યમિક શાળાના મકાનની મંજૂરી આપવામાં આવી,

(૨) આ દરેક શાળાના મકાનની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) તેની કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | શાળાનું નામ |
|---|---|---|
| ૧ | મહુવા | સરકારી માધ્યમિક શાળા માઢીયા |
| ૨ | મહુવા | સરકારી માધ્યમિક શાળા સેંદરડા |
| ૩ | મહુવા | સરકારી માધ્યમિક શાળા ગુંદરણા |
| ૪ | મહુવા | સરકારી માધ્યમિક શાળા ભાદરા |
| ૫ | મહુવા | સરકારી માધ્યમિક શાળા ક્તપર |
| ૬ | મહુવા | સરકારી માધ્યમિક શાળા બોરડી |
| ૭ | મહુવા | સરકારી માધ્યમિક શાળા તરેડ |

(૨)

| ક્રમ | શાળાનું નામ | બાંધકામની કામગીરીના તબક્કાની વિગત |
|---|---|---|
| ૧ | સરકારી માધ્યમિક શાળા માઢીયા | કામ પૂર્ણ થયેલ છે. |
| ક્રમ | શાળાનું નામ | બાંધકામની કામગીરીના તબક્કાની વિગત |
| ૨ | સરકારી માધ્યમિક શાળા સેંદરડા | કામગીરી પૂર્ણતામાં છે |
| ૩ | સરકારી માધ્યમિક શાળા ગુંદરણા | કામગીરી પૂર્ણતામાં છે |
| ૪ | સરકારી માધ્યમિક શાળા ભાદરા | સુધારેલ નક્શા અને અંદાજોની વહીવટી મંજૂરી આપવાની બાબત ચકાસણી હેઠળ છે. |
| ૫ | સરકારી માધ્યમિક શાળા ક્તપર | |
| ૬ | સરકારી માધ્યમિક શાળા બોરડી | |
| ૭ | સરકારી માધ્યમિક શાળા તરેડ | |

(૩)

| ક્રમ | શાળાનું નામ | કામગીરી પૂર્ણ કરવાનું આયોજન |
|---|---|---|
| ૧ | સરકારી માધ્યમિક શાળા માઢીયા | શક્ય તેટલું વહેલું પુરૂ કરવામાં આવશે. |
| ૨ | સરકારી માધ્યમિક શાળા સેંદરડા | |
| ૩ | સરકારી માધ્યમિક શાળા ગુંદરણા | |
| ૪ | સરકારી માધ્યમિક શાળા ભાદરા | વિગતવાર અંદાજોને વહીવટી મંજૂરી મળ્યા બાદ તાંત્રિક મંજૂરી તથા ડી.ટી.પી.ની કામગીરી પૂર્ણ કરી ટેન્ડર માગીને નાણાકીય ઉપલબ્ધતા અનુસાર કામગીરી પૂરી કરવામાં આવશે. |
| ૫ | સરકારી માધ્યમિક શાળા ક્તપર | |
| ૬ | સરકારી માધ્યમિક શાળા બોરડી | |
| ૭ | સરકારી માધ્યમિક શાળા તરેડ | |

---------------

**મહેસૂલ વિભાગ નિયંત્રણ હેઠળ તલાટીઓની જ્યા માટે કાર્યવાહી**

૧૫૪૦૧**શ્રી મેઘજીભાઈ કણઝારીયા(ખંભાળીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસૂલ વિભાગની કામગીરી માટે મહેસૂલ વિભાગના પ્રત્યક્ષ નિયંત્રણ હેઠળ તલાટીઓની જ્યાઓ ઉભી કરવા રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી છે ? | તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નહીં પરંતુ, તા. ૨૩-૧૦-૦૮ના ઠરાવથી ૧૮૦૦ નવી જ્યાઓ મહેસૂલ વિભાગના નિયંત્રણ હેઠળ ગ્રામ્ય કક્ષાએ ગામડાંની જમીનની જાળવણી, દબાણ, વસૂલાત, શરતભંગ વગેરે પ્રકારની કામગીરી માટે ઉભી કરવામાં આવેલ છે. અને શહેરી તલાટીની જ્યાઓ સહિત કુલ ૨૧૨૬ જ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેનું માંગણીપત્રક ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને મહેસૂલ વિભાગના તા.૫-૧૦-૦૯ અને તા.૨૬-૧૧-૦૯ના પત્રોથી મોકલી આપવામાં આવેલ છે. |

------------

**પાદરા તાલુકામાં માળખાકીય સુવિધાથી વંચિત માધ્યમિક શાળાઓ**

૧૫૨૬૨**શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પાદરા તાલુકાના ક્યા ક્યા ગામની માધ્યમિક શાળાઓ માળખાકીય સુવિધા વિહોણી છે, | (૧) એકપણ નહી. |
| (૨) કઈ કઈ શાળામાં કઈ કઈ માળખાકીય સુવિધા નથી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ સુવિધાઓ કેટલા સમયમાં આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**મહેસાણા જિલ્લામાં કિશોરીઓને પૂરકપોષણ આપવા બાબત**

૧૫૪૫૩ **શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કિશોરી શક્તિ યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં કેટલી કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવે છે, અને | (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કિશોરી શક્તિ યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં ૧૩,૩૩૮ કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવેલ છે. |
| (૨) આ યોજના હેઠળ શાં લાભો આપવામાં આવે છે ? | (૨) આ યોજના હેઠળ પુરકપોષણ, આર્યન ફોલિક એસિડ ટેબલેટ, વ્યવસાયિક તાલીમ, આરોગ્ય પોષણ શિક્ષણ અને બાલિકા સમૃદ્ધિ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિના લાભો (BPL) ને આપવામાં આવે છે. |

**ગાંધીનગર સેકટર-૧૫માં આંગણવાડીમાં લાઈટ તથા પાણીની સગવડ**

૧૪૧૮૦ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા(હળવદ) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર સેકટર-૧૫ ખાતે આવેલ આંગણવાડીમાં છેલ્લા ઘણાં સમયથી લાઈટ તથા પાણીની સગવડ નથી તે હકીક્ત સરકાર જાણે છે, અને | (૧) સેક્ટર-૧૫, ગાંધીનગર આંગણવાડીમાં પાણીની સુવિધા ઉપલબ્ધ છે પરંતુ લાઇટની સુવિધા નથી. |

(૨) જો હા, તો સરકાર કેટલા સમયમાં આ અંગે પગલાં લેવા માંગે છે ?

(૨) લાઇટની સુવિધા મેળવવા માટે ટોરેન્ટ-પાવર કંપની સાથે કાર્યવાહી ચાલુ છે.

------------

**પાટણ તાલુકાના ડેરથી ચંડાલજ રોડનું કામ**

૧૩૮૭૭ **શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ પાટણ તાલુકાના ડેરથી ચંડાલજ રોડ ક્યા વર્ષના બજેટમાં લેવાયેલ હતો,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ આ રોડની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૩) કેટલા સમયમાં આ કામ પૂર્ણ થશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : કોઇ યોજનામાં મંજુર થયેલ ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા**

૧૫૪૧૯**શ્રી વસંતભાઈ ભટોળ(દાંતા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) જે શાળાઓમાં સુવિધા બાકી છે ત્યાં ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુચારૂ વ્યવસ્થા છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સુરત જિલ્લામાં મહેસૂલી કાયદા અન્વયે બીન આદિવાસીઓને જમીન વેચાણની મંજૂરી**

૧૪૧૬૨**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત જિલ્લામાં જમીન મહેસૂલ કાયદાની કલમ-૭૩ એ એ મુજબ સરકાર દ્વારા કેટલા એકર જમીન બીન આદિવાસીઓને વેચાણ કરવાની મંજૂરી આપી, આવી જમીન કેટલા એકરની થાય છે,

(૨) કુલ કેટલા એકર જમીન આપવામાં આવી, તે અન્વયે કેટલા ખાતેદારોને અસર થઈ, અને

(૩) સુરતની બાજુમાં ૧૦૦ વિઘા કરતા વધારે જમીન કોઈ એક જ આસામીને વેચવા મંજૂરી અપાઈ છે તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) એકર ૧૦-૩૦ ગુંઠા
(હે.૪-૩૫-૦૬ ચો.મી.)

(૨) એકર ૧૦-૩૦ ગુંઠા
(હે.૪-૩૫-૦૬ ચો.મી.)
૧૨ ખાતેદારોને અસર થઇ.

(૩) ઉપર ખંડ ૧ અને ૨ માં જણાવ્યા સિવાયની અન્ય કોઇ જમીન માટે સુરત જિલ્લામાં આદિવાસીની ખેતીની જમીન આદિવાસી કે બિનઆદિવાસીને વેચાણ કરવાની મંજૂરી આપવામાં આવેલ નથી.

**પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા**

૧૫૪૧૮**શ્રી રજનીકાન્ત સો.પટેલ(ચાણસ્મા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) આ શાળાઓમાં પીવાનાં પાણીની સુવિધા કેટલા સમયમાં ઉપલબ્ધ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુચારૂ વ્યવસ્થા છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સોનગઢ થી ભાવનગર રસ્તાને પહોળો અને મજબૂતીકરણ કરવા અંગે**

૧૫૪૪૯**શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના સોનગઢ થી ભાવનગર રસ્તાને સરકાર પહોળો તથા મજબૂતીકરણ કરવા માંગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૨) તાંત્રિક મંજૂરીની પ્રક્રિયામાં. |
| (૩) તેના ખર્ચનો અંદાજ શું છે ? | (૩) રૂ. ૨૨ ક્રોડ. |

------------

**બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને અકસ્માતોના વિમા**

૧૪૪૦૪**શ્રી મફતલાલ મો.પુરોહિત(ધાનેરા) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના તાલુકાવાર કેટલા ખેડૂતોના અકસ્માતોના કારણે મોત થયા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના તાલુકાવાર નીચે મુજબ કુલ ૧૨૨ ખાતેદાર ખેડૂતોના અકસ્માતોના કારણે મોત થયા અંગેની દાવા અરજીઓ મળી.

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ મૃત્યુ સહાયના કેસો |
|---|---|---|
| ૧ | થરાદ | ૨૦ |
| ૨ | કાંકરેજ | ૧૭ |
| ૩ | વડગામ | ૧૬ |
| ૪ | ડીસા | ૧૫ |
| ૫ | પાલનપુર | ૧૨ |
| ૬ | વાવ | ૧૧ |
| ૭ | દાંતા | ૭ |
| ૮ | અમીરગઢ | ૬ |
| ૯ | ધાનેરા | ૫ |
| ૧૦ | ભાભર | ૫ |
| ૧૧ | દીયોદર | ૪ |
| ૧૨ | દાંતીવાડા | ૪ |
| | **કુલ :** | **૧૨૨** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ પેકી કેટલા ખેડૂતોને અકસ્માત વિમા યોજના હેઠળ લાભો આપવામાં આવેલ, | (૨) ૮૯. |
| (૩) કઈ વિમા કંપની તરફથી કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી અને હજુ કેટલા કિસ્સામાં રકમ ચૂકવવાની બાકી છે, અને | (૩) વિમા નિયામકશ્રી, રાજ્ય વીમા નિધિ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી રૂા.૮૯/- લાખ રકમની ચૂકવણી કરવામાં આવી અને હજુ ૨૫ કિસ્સામાં રકમ ચૂકવવાની બાકી છે. |
| (૪) બાકી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૪) બાકી રહેવાના કારણોમાં વીમા નિયામકશ્રીએ માંગેલ પૂર્તતા અરજદારો તરફથી નહીં મળવા અંગેના છે, અને અરજદારો તરફથી પૂર્તતા થતાં તેનું નિયમાનુસાર સત્વરે ચૂકવણું કરવામાં આવશે. |

### વડોદરા જિલ્લામાં બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોમાં પ્રિન્સીપાલની ખાલી જગ્યા

૧૪૭૩૨**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોમાં પ્રિન્સીપાલની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરવા માટે ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવ્યા,

(૩) કેટલી દરખાસ્તો ક્યારથી પડતર છે, અને

(૪) તેના ના વાંધા પ્રમાણપત્ર ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ૦૪.

(૨) ૦૨.

(૩) અને (૪) : બે દરખાસ્તો તા.૨૪-૧૧-૦૯થી પડતર છે. જે વિચારણા હેઠળ છે.

### ડાંગ જિલ્લામાં સરકારી માધ્યમિક શાળા શરૂ કરવા બાબત

૧૫૪૬૪**શ્રી વિજયભાઈ ર.પટેલ(ડાંગ-વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કુલ કેટલી સરકારી માધ્યમિક શાળાઓ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યા ક્યા સ્થળે શરૂ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૨૨ (બાવીસ).

(૨) હા, જી. જૂન ૨૦૦૯ના શૈક્ષણિક સત્રથી.

(૩)

| | |
|---|---|
| ૧. | ચીખલી |
| ૨. | પીપલાઇદેવી |
| ૩. | બરડીપાડા |
| ૪. | બોરખલ |
| ૫. | ચીકાર |
| ૬. | કમલવિહિર/મહાલપાડા |
| ૭. | નડગચોંડ |
| ૮. | માળગા |
| ૯. | કાકશાળા |

------------

### રાજકોટ જિલ્લામાં જંતુનાશક દવાઓ અને બિયારણની ગુણવત્તા જાળવવા સેમ્પલોની ચકાસણી

૧૪૫૦૧ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં કૃષિ જંતુનાશક દવાઓ અને બિયારણની ગુણવત્તા જાળવવા તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સેમ્પલો ચકાસવામાં આવ્યા,

(૨) ચકાસણી દરમ્યાન સેમ્પલોમાં કઈ કઈ ક્ષતિઓ માલુમ પડી, અને

(૩) આ ક્ષતિઓ દૂર કરવા સરકારે શાં શાં પગલાં

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં કૃષિ જંતુનાશક દવાઓ અને બિયારણની ગુણવત્તા જાળવવા તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે જણાવ્યા મુજબના સેમ્પલો ચકાસવામાં આવ્યા.

| ઇનપુટનું નામ | વર્ષ | |
|---|---|---|
| | ૨૦૦૮ | ૨૦૦૯ |
| જંતુનાશક દવા | ૧૪૫ | ૭૮ |
| બિયારણ | ૨૩૪ | ૧૯૧ |
| કુલ : | ૩૭૯ | ૨૬૯ |

(૨) ચકાસણી દરમ્યાન બિન પ્રમાણિત થયેલ સેમ્પલોમાં નીચે મુજબની ક્ષતિઓ માલુમ પડી.

૧. જંતુનાશક દવાઓની નિયત કરેલ માત્રા કરતાં ઘટ માલુમ પડી.

૨. અ. બિયારણની જનીનિક શુધ્ધતામાં નિયત કરેલ માત્રા કરતાં ઘટ માલુમ પડી.

બ. કપાસના બિયારણમાં બીટી જીન પોઝીટીવ માલુમ પડેલ છે.

(૩) આ ક્ષતિઓ દૂર કરવા સરકારે જંતુનાશક દવા

લીધા છે ?

અને બિયારણ સબંધિત કાયદાની જોગવાઇઓ મુજબનાં તમામ પગલાં લીધેલ છે.

------------

**સમી-હારીજ તાલુકામાં ખેત તલાવડીઓ બનાવવા બાબત**

૧૪૦૫૧ **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ(સમી) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સમી-હારીજ તાલુકામાં તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ખેત તલાવડીઓ બનાવી અને ક્યા ક્યા ગામે તથા ક્યા સર્વે નંબરમાં બનાવેલ છે, તેની પાછળ કેટલો ખર્ચ થયેલો, ક્યા લાભાર્થીએ તેમાં લોકફાળો જમા કરાવેલ છે ?

**જવાબ**

**સમી-હારીજ** તાલુકામાં તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કૃષિ અને સહકાર વિભાગે **૧૩૭** ખેત તલાવડી તથા પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે **૪૫૫** ખેત તલાવડી મળીને **કુલ ૫૯૨ ખેત તલાવડીઓ બનાવેલ છે.** ગામો, સર્વે નંબર, તેના પાછળ થયેલ ખર્ચ, લાભાર્થીના નામ અને તેમાં ભરેલ લોકફાળાની માહિતી આ સાથે સામેલ ***પત્રક અ** અને **બ** મુજબ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાની પ્રાથમિક શાળામાં માળખાકીય સુવિધાઓ**

૧૩૯૬૮**શ્રી રણછોડભાઈ ક.મેર(ધંધૂકા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાનાં ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાની કેટલી પ્રાથમિક શાળાઓ વીજળીકરણ, શોચાલય, પીવાનાં પાણીની લાઈન અને કમ્પાઉન્ડ વોલ જેવી માળખાકીય સુવિધાઓથી વંચિત છે,

(૨) આ શાળાઓમાં આ માળખાકીય સુવિધાઓ કેટલા સમયમાં આપવામાં આવશે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી શાળાઓને આવી સુવિધા પૂરી પાડી કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુચારું વ્યવસ્થા છે. આ તાલુકાઓની નીચે મુજબની પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ, શોચાલય, પીવાના પાણીની લાઇન અને કમ્પાઉન્ડ વોલ જેવી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ નથી.

| અ.નં. | તાલુકો | વીજળીકરણ | શોચાલય | પીવાના પાણીની લાઇન | કમ્પાઉન્ડ વોલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ધંધુકા | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ |
| ૨. | બરવાળા | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ |
| ૩. | રાણપુર | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૦ |
| | **કુલ :** | **૦૩** | **૦૩** | **૦૪** | **૦૨** |

(૨) જેમ બને તેમ ઝડપથી.

(૩) છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચે મુજબની શાળાઓને સુવિધા પૂરી પાડી ખર્ચ કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | સુવિધાની વિગત | | |
|---|---|---|---|---|
| | | યોજનાનું નામ | શાળાની સંખ્યા | થયેલ ખર્ચ |
| ૧. | ધંધુકા | વીજળીકરણ | ૦૬ | ૩,૦૦,૦૦૦/- |
| | | શોચાલય | ૦૮ | ૧,૬૦,૦૦૦/- |
| | | પીવાના પાણીની લાઇન | ૦૭ | ૩,૫૦,૦૦૦/- |
| | | કમ્પાઉન્ડ વોલ | ૦૩ | ૬,૦૦,૦૦૦/- |
| | | **કુલ :** | **૨૪** | **૧૪,૧૦,૦૦૦/-** |
| ૨ | બરવાળા | વીજળીકરણ | ૦૩ | ૧,૫૦,૦૦૦/- |
| | | શોચાલય | ૦૨ | ૪૦,૦૦૦/- |
| | | પીવાના પાણીની લાઇન | ૦૩ | ૧,૫૦,૦૦૦/- |
| | | કમ્પાઉન્ડ વોલ | ૦૨ | ૪,૦૦,૦૦૦/- |
| | | **કુલ :** | **૧૦** | **૭,૪૦,૦૦૦/-** |
| ૩ | રાણપુર | વીજળીકરણ | ૦૦ | ૦૦ |
| | | શોચાલય | ૦૩ | ૬૦,૦૦૦/- |
| | | પીવાના પાણીની લાઇન | ૦૦ | ૦૦ |
| | | કમ્પાઉન્ડ વોલ | ૦૨ | ૪,૦૦,૦૦૦/- |
| | | **કુલ :** | **૦૫** | **૪,૬૦,૦૦૦/-** |

## બાબરા, વાડિયા અને કુંકાવાવ તાલુકામાં ભાડાના મકાનમાં બેસતી આંગણવાડીઓ

૧૪૩૯૮**શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બાબરા-વડિયા અને કુંકાવાવ તાલુકામાં ભાડાના મકાનમાં કેટલી આંગણવાડી ચલાવવામાં આવે છે,

(૨) ભાડાના મકાનને બદલે સરકારી મકાન બનાવવા ગ્રાન્ટ આપવા માંગો છો કે નહીં, અને

(૩) ગ્રાન્ટ આપવાનું આયોજન હોય તો કેટલા સમયમાં કામ પૂર્ણ કરવા માંગો છો ?

**જવાબ**

(૧) બાબરા-વડિયા - ૩૦
કુંકાવાવ - ૩૦
**કુલ : ૬૦**

(૨) હા, જી.

(૩) સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવામાં આવશે.

## અમરેલી જિલ્લામાં વિદ્યાદીપ વીમા યોજના પેટે અરજીઓ

૧૫૪૨૬ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા(ધારી) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૪-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ સુધીમાં અમરેલી જિલ્લામાં વિદ્યાદીપ વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ આવેલ છે, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થયેલ છે અને કેટલી અરજીઓ નામંજૂર થયેલ છે ?

**જવાબ**

(૧) કુલ ૧૯.

(૨) ૯ અરજીઓ મંજૂર અને
૬ નામંજૂર થયેલ છે.

## વડોદરા જિલ્લામાં પશુ દવાખાના

૧૪૦૮૦ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર પશુ દવાખાનાઓની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલી સંખ્યા છે,

(૨) આ પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર મહેકમ કેટલું છે, અને

(૩) તે અન્વયે કેટલી ઘટ છે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર પશુદવાખાનાઓની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સંખ્યા પત્રક-કમાં જણાવ્યા મુજબ છે.

**પ ત્ર ક - ક**

| ખંડ ૧ | વડોદરા જિલ્લામાં તાલુકાવાર પશુ દવાખાનાઓની સંખ્યા તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલી સંખ્યા છે ? | | |
|---|---|---|---|
| | **અ.નં.** | **તાલુકાનું નામ** | **પશુ દવાખાનાની સંખ્યા** |
| | ૧ | વડોદરા | ૧ |
| | ૨ | કરજણ | ૧ |
| | ૩ | પાદરા | ૨ |
| | ૪ | સાવલી | ૨ |
| | ૫ | વાઘોડીયા | ૩ |
| | ૬ | ડભોઇ | ૨ |
| | ૭ | સંખેડા | ૨ |
| | ૮ | પાવીજેતપુર | ૨ |
| | ૯ | શીનોર | ૧ |
| | ૧૦ | છોટાઉદેપુર | ૨ |
| | ૧૧ | ક્વાંટ | ૧ |
| | ૧૨ | નસવનડી | ૨ |
| | | **કુલ :** | **૨૧** |

(૨)

| | | |
|---|---|---|
| ૭ | પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ૨૧ |
| ૨. | ડ્રેસર વર્ગ-૪ | ૧૪ |
| ૩. | પટાવાળા એટેન્ડન્ટ વર્ગ-૪ | ૨૧ |

(૩)

| | | |
|---|---|---|
| ૧. | પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ૯ |
| ૨. | ડ્રેસર વર્ગ-૪ | ૧૦ |
| ૩. | પટાવાળા એટેન્ડન્ટ વર્ગ-૪ | ૪ |

## સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને દેવા માફ કરવા બાબત

૧૫૭૨૪**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને સહકારી ધિરાણના દેવા માફ કરવામાં આવ્યા,

(૨) સંપૂર્ણ દેવા માફીનો લાભ મળેલ નથી, અને

(૩) તેના શાં કારણો છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | લાભાર્થી મંડળીની સંખ્યા | લાભાર્થી ખેડૂતની સંખ્યા | માફ કરવામાં આવેલ રકમ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| હિંમતનગર | ૨૬ | ૫૫૫ | ૧,૭૯,૪૫,૦૦૦ |
| ઇડર | ૫૩ | ૭૮૨ | ૧,૪૬,૭૯,૦૦૦ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| વડાલી | ૩૨ | ૭૭૪ | ૧,૦૦,૧૧,૦૦૦ |
| ખેડબ્રહ્મા | ૨૬ | ૬૫૪ | ૯૪,૮૩,૦૦૦ |
| ભિલોડા | ૪૯ | ૧૨૯૦ | ૧,૭૫,૯૦,૦૦૦ |
| વિજયનગર | ૧૦ | ૨૮૯ | ૩૩,૫૩,૦૦૦ |
| મોડાસા | ૪૨ | ૧૨૫૨ | ૩,૨૧,૯૨,૦૦૦ |
| ધનસુરા | ૨૪ | ૫૭૧ | ૧,૬૧,૩૪,૦૦૦ |
| બાયડ | ૪૬ | ૧૮૨૫ | ૪,૭૮,૧૭,૦૦૦ |
| તલોદ | ૩૨ | ૧૨૩૭ | ૩,૪૯,૪૦,૦૦૦ |
| માલુપર | ૨૪ | ૧૦૮૦ | ૨,૧૫,૫૦,૦૦૦ |
| મેઘરજ | ૨૩ | ૧૫૯૭ | ૨,૩૪,૩૮,૦૦૦ |
| પ્રાંતિજ | ૩૨ | ૧૩૨૨ | ૪,૩૨,૫૨,૦૦૦ |
| કુલ સરવાળો | ૪૧૯ | ૧૩૨૨૮ | ૨૯,૨૩,૮૪,૦૦૦ |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ભાવનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં બિન આરોગ્યપ્રદ વસ્તુઓ

૧૩૯૬૫**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩-૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કઈ કઈ જગ્યાએ આંગણવાડી કેન્દ્રોમાં ખોરાક અને ચોક્લેટો બિન આરોગ્યપ્રદ જણાઈ,

(૨) સદર માલ કોના દ્વારા આપવામાં આવેલ છે,

(૩) છેલ્લા એક વર્ષમા આ સપ્લાયરનું કેટલું ચૂકવણું સરકાર દ્વારા કરવામાં આવેલ છે, અને

(૪) ઈયળો નિકળવામાં બાબતે શી કાર્યવાહી આ સપ્લાયર સામે હાથ ધરવામાં આવી ?

**જવાબ**

(૧) એક પણ જગ્યાએ ફોર્ટીફાઇટ આટો અને બાલભોગ ન્યુટ્રીકેન્ડી બિનઆરોગ્યપ્રદ જણાયેલ નથી.

(૨)

| | |
|---|---|
| ન્યુટ્રીકેન્ડી | -મે. સ્વાન સ્વીટસ પ્રા.લી. જામનગર |
| ફોર્ટીફાઇડ આટો | -ફ્લોરમીલ ટ્રસ્ટ, અમદાવાદ |
| બાલભોગ | -જે.વી.એસ. ફુડસ, જયપુર |

(૩)

| | |
|---|---|
| ન્યુટ્રીકેન્ડી | - રૂા. ૫૧,૯૨,૫૭૨/- |
| ફોર્ટીફાઇડ આટો | - રૂા. ૧,૯૨,૨૦,૦૭૯/- |
| બાલભોગ | - રૂા. ૩,૨૨,૪૯,૬૮૯/- |

(૪) તળાજા તાલુકાની આંગણવાડી કેન્દ્રો ખાતેથી ન્યુટ્રીકેન્ડીના લીધેલ નમૂનાની લેબોરેટરીમાં ચકાસણી કરાવતાં ઇયળ કે અન્ય જીવાત જણાયેલ નથી. આથી સપ્લાયર સામે કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજૂલા તાલુકામાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે આયોજન

૧૫૦૩૩**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજૂલા તાલુકાના સંપૂર્ણપણે બક્ષીપંચની વસ્તી ધરાવતા દરિયાઈટાપુ ચાંચ ગામે ધોરણ-૧૧, ૧૨ ના અભ્યાસ માટે ઉચ્ચતર માધ્યમિક શાળાની જરૂરીયાત છે તે બાબત સરકારના ધ્યાન ઉપર છે કે કેમ, અને

(૨) જો હા, તો આ અંગે શું આયોજન કરાયેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) શ્રી સાર્વજનિક કેળવણી મંડળ આશ્રમ શાળા, ચાંચ બંદર, તા. રાજૂલા એ જૂન-૨૦૧૦ થી નવી ધોરણ-૧૧ ઉચ્ચતર માધ્યમિક શાળા (સામાન્ય પ્રવાહ) શરૂ કરવા દરખાસ્ત કરેલ છે જે ચકાસણી હેઠળ છે.

**રાજ્યમાં મોટા ઉદ્યોગ ગૃહો-રિલાયન્સ, ટાટા અને અદાણીને ફાળવેલ જગ્યાઓ**

૧૩૮૯૮**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મોટા ઉદ્યોગ ગૃહો રિલાયન્સ, ટાટા, અદાણીને રાજ્યમાં કઈ કઈ જગ્યાએ કેટલી જગ્યાઓ ફાળવવામાં આવી ક્યા હેતુથી, અને એનાથી રાજ્યને કેટલો ફાયદો થયો ?

**જવાબ**

સામેલ પત્રક મુજબ.

**પ ત્ર ક**

| ઉદ્યોગ ગૃહનું નામ | કઇ જગ્યાએ કેટલી જમીન ફાળવવી | | હેતુ | થયેલ ફાયદો |
|---|---|---|---|---|
| | જિલ્લો | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | | |
| રિલાયન્સ | જામનગર | ૦૦-૧૨-૨૫ | રીફાઇનરીના આનુંસાંગિક હેતુ માટે. | રૂ.૧૩,૪૭,૫૦૦/- આવક થઇ. |
| | | ૧,૩૩૩-૫૪-૩૮ | સ્પેશ્યલ ઇકોનોમીક ઝોન માટે | રૂ.૩૧૧,૭૪,૯૨,૦૬૩/- આવક થઇ. મૂડી રોકાણ : રૂ.૩૨,૦૧૭/- કરોડ રોજગારી ૨૦૯૬ |
| | | ૫૭-૬૨-૫૭ | મરીન ટેન્ક ફાર્મ | રૂ.૨૫,૦૮,૦૮,૫૪૩ આવક થઇ. |
| તાતા. | ગાંધીનગર | ૧૦૩૧-૯૫ | આઇટી પ્રોજેક્ટ માટે. | રૂ.૧૧,૩૫,૧૪,૩૧૩/-આવક થઇ. મૂડી રોકાણ : રૂ.૧૧.૪૩૪/- કરોડ સંભવિત રોજગારી ૮૦૦૦. |
| | અમદાવાદ | ૪૪૫-૧૭-૦૦ | નેનો કાર પ્રોજેક્ટ માટે | મૂડી રોકાણ રૂ.૨૩૨૨/- કરોડ રોજગારી ૩૯૮૨ |
| અદાણી | કચ્છ | ૧૯૬૪-૮૨-૦૨ | સ્પેશ્યલ ઇકોનોમીક ઝોન માટે | રૂ.૨૯,૬૭,૦૫,૦૧૨/- આવક થઇ. મૂડી રોકાણ:રૂ.૬૨૨૧.૭૬ કરોડ રોજગારી ૧૩૫૩૪. |

------------

**શહેરા તાલુકામાં પશુ દવાખાનામાં ડૉકટરોની ખાલી જગ્યાઓ**

૧૪૮૬૯**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શહેરા તાલુકામાં પશુ દવાખાનામાં કેટલા ડૉકટરોની અને સ્ટાફ પેટર્નની કેટલી જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) પશુચિકિત્સા અધિકારીની ૨ જગ્યા અનુક્રમે તા.૨૮-૦૮-૦૯ અને તા.૧૫-૧૦-૦૭ થી ખાલી છે. જ્યારે એટેન્ડન્ટની ૧ જગ્યા તા.૨૮-૦૭-૦૭થી ખાલી છે.

(૨) શક્ય તેટલું જલદીથી.

------------

## ખેડા જિલ્લામાં માતર તાલુકામાં બજાર સમિતિના વિકાસ માટે કિસાન કલ્પવૃક્ષ યોજના

૧૫૫૮૨ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ(માતર) :માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં માતર તાલુકામાં બજાર સમિતિનાં વિકાસ માટે કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષે તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,

**જવાબ**

(૧) બજાર સમિતિ માતર તરફથી સહાય માટેની કોઇ અરજી મળેલ નથી તેથી શૂન્ય.

(૨) કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે, અને

(૨) માતર તાલુકા માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાકી સહાય ક્યારે ચૂકવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પંચમહાલ જિલ્લામાં પંચાયત અને રાજ્ય હસ્તકના મંજૂર થયેલ રસ્તાઓ**

૧૩૮૬૬ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં પંચાયત અને રાજ્ય હસ્તકના કેટલા અને ક્યા ક્યા રસ્તાઓ છેલ્લા ત્રણ વર્ષમાં મંજૂર કરવામાં આવશે,

(૧) *પત્રક મુજબ.

(૨) કેટલા રસ્તાઓના કામો પૂર્ણ થયા, અને

(૨) ૫૬૭.

(૩) કેટલો ખર્ચ થયો ?

(૩) રૂ. ૨૮૧.૦૩ ક્રોડ.

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**ભરૂચ જિલ્લામાં સરકારી માધ્યમિક શાળા શરૂ કરવા બાબત**

૧૫૪૨૪ **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | શાળાઓ |
|---|---|
| ૨૦૦૮ | ૦૦ |
| ૨૦૦૯ | ૦૪ |

(૨) આ શાળાઓ પૈકી વિજ્ઞાન પ્રવાહની કેટલી અને સામાન્ય પ્રવાહની કેટલી છે ?

(૨)

| વર્ષ | વિજ્ઞાન પ્રવાહ | સામાન્ય પ્રવાહ | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૮ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૦૦૯ | ૦૨ | ૦૨ | ૦૪ |

------------

**જામનગર જિલ્લામાં સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા બાબત**

૧૫૪૬૯**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી(જામનગર (રુરલ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કુલ કેટલી સરકારી માધ્યમિક શાળાઓ છે,

(૧) ૨૭.

(૨) છેલ્લા બે વર્ષમાં કોઇ નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે કે કેમ,

(૨) હા, જી.
૧૦ શાળાઓ જૂન-૨૦૧૦ ના શૈક્ષણિક વર્ષથી.

(૩) જો હા, તો તેમાં વિજ્ઞાન પ્રવાહની કોઇ શાળાઓ મંજૂર કરવામાં આવી છે કે કેમ, અને

(૩) હા, જી.
૦૪ શાળાઓ

(૪) જો હા, તો ક્યા ક્યા સ્થળે શરૂ કરવામાં આવશે ?

(૪)
૧. સરકારી ઉ.મા. શાળા, જોડીયા
૨. સરકારી ઉ.મા. શાળા, ધ્રોલ
૩. સરકારી ઉ.મા. શાળા, લાલપુર
૪. સરકારી ઉ.મા. શાળા, ભાણવડ

**ખેડા જિલ્લામાં નવી શરતમાંથી જુની શરત અને વારસાઈની જમીનની દફ્તરે નોંધણીની અરજીઓ**

૧૪૦૦૨**ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર નવી શરતમાંથી જુની શરત અને વારસાઈની જમીન દફ્તરે નોંધણી કરવા અંગેની કેટલી અરજીઓ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નિકાલ માટે બાકી છે, અને

(૧) ખેડા જિલ્લાની તાલુકાવાર તેમજ જિલ્લા કક્ષાની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બાકી અરજી | | |
|---|---|---|---|
| | નવી શરતમાંથી જૂની શરત માટે | | વારસાઇ નોંધની નોંધણી અંગે |
| | મૂળ નવી શરતનીજમીન અંગે | ગ.ધા.ક.-૪૩ની જમીન અંગે | |
| નડીયાદ(શ) | ૦ | ૦૧ | ૨૬ |
| નડીયાદ(ગ્રા) | ૦ | ૩૫ | ૦૫ |
| ઠાસરા | ૦ | ૦ | ૦ |
| બાલાસિનોર | ૦ | ૦ | ૦ |

| | | | |
|---|---|---|---|
| વિરપુર | ૦ | ૦ | ૦ |
| કઠલાલ | ૦ | ૦૨ | ૦ |
| કપડવંજ | ૦ | ૦ | ૦ |
| માતર | ૦ | ૦ | ૧૦ |
| ખેડા | ૦ | ૦ | ૦ |
| મહેમદાવાદ | ૦ | ૦ | ૦ |
| મહુધા | ૦ | ૦ | ૦ |
| જિલ્લા કક્ષાએ | ૦ | ૪૦ | ૦ |
| **કુલ :** | **૦** | **૭૮** | **૪૧** |

(૨) બાકી અરજીઓનો નિકાલ કરવા સરકારનું શું આયોજન છે ?

(૨) (૧) નવી શરતમાંથી જૂની શરત અંગેની ૭૮ પેકી ૫૨ અરજીઓનો નિકાલ કરેલ છે. ૧૪ અરજીઓની કાર્યવાહી ચાલુ છે. જ્યારે જિલ્લા કક્ષાની ૧૨ અરજીઓ બાકી રહે છે. તે અંગેની દરખાસ્ત મોકલી આપવા સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપેલ છે.

(૨) વારસાઇ નોંધની નોંધણી અંગેની કુલ-૪૧ બાકી અરજીઓનો જાન્યુઆરી-૨૦૧૦માં નિકાલ થઇ ગયેલ છે.

## જૂનાગઢ જિલ્લામાં વિધવા સહાય યોજના અન્વયે મળેલ અરજીઓ

૧૩૫૫૧**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૨૫-૧-૨૦૧૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં વિધવા સહાય છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે મળેલ અરજીઓ પેકી વર્ષવાર કેટલી મંજૂર કરી સહાયતા ચૂકવવામાં આવી, અને

(૩) તાજેતરમાં જૂનાગઢ જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં કેટલી વિધવા બહેનોએ આ સહાય અપાઈ ?

**જવાબ**

(૧) ૧૬૭૨ અરજીઓ મળેલ છે.

| સમય ગાળો. | મળેલ અરજીઓ |
|---|---|
| તા.૨૬-૧-૦૮ થી ૨૫-૧-૦૯ સુધી | ૭૮૩ |
| તા.૨૬-૧-૦૯ થી ૨૫-૧-૧૦ સુધી | ૮૮૯ |
| **કુલ :** | **૧૬૭૨** |

(૨) ૧૦૨૧ અરજીઓ મંજૂર કરી,
વર્ષવાર નીચે મુજબ સહાયતા ચૂકવવામાં આવી.

| સમય ગાળો. | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય (રૂ.લાખમાં) |
|---|---|---|
| તા.૨૬-૧-૦૮ થી ૨૫-૧-૦૯ સુધી | ૪૯૨ | ૩૧.૪૯ |
| તા.૨૬-૧-૦૯ થી ૨૫-૧-૧૦ સુધી | ૫૨૯ | ૨૫.૮૦ |
| **કુલ :** | **૧૦૨૧** | **૫૭.૨૯** |

(૩) ગરીબ કલ્યાણ મેળામાં ૧૨૫ વિધવા બહેનોને સહાય મંજૂરીના હુકમોનું વિતરણ કરવામાં આવેલ છે. સહાય ચૂકવેલ નથી.

## અમદાવાદ જિલ્લામાં હક્કપત્રકની બાકી નોંધ

૧૫૩૯૧**શ્રી કમાભાઈ ગ.રાઠોડ(વિરમગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં હક્કપત્રકની બાકી નોંધો કેટલી છે,

(૨) બાકી નોંધો કેટલા સમયની છે, અને

(૩) આ નોંધોના નિકાલ કેટલા સમય સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૪૯૪૯

(૨)

| | |
|---|---|
| ૩ માસ સુધીની | ૧૩૫૭૧ |
| ૩ થી ૬ માસ સુધીની | ૧૩૦૨ |
| ૬ થી ૧૨ માસ સુધીની | ૭૫ |
| ૧ વર્ષ ઉપરની | ૧ |
| **કુલ :** | **૧૪૯૪૯** |

(૩) સત્વરે

## વલસાડ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

૧૫૪૫૭ **શ્રી રમણલાલ ના.પાટકર(ઉમરગામ):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી શાળાઓ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧)

| વર્ષ | શાળાઓ |
|---|---|
| ૨૦૦૮ | ૦૦ |
| ૨૦૦૯ | ૦૪ |
| **કુલ :** | **૦૪** |

| | |
|---|---|
| (૨) આ શાળાઓ પેકી વિજ્ઞાન પ્રવાહની કેટલી, અને | (૨) એક પણ નહીં. |
| (૩) સામાન્ય પ્રવાહની કેટલી ? | (૩) ૦૪ |

**અમદાવાદ જિલ્લામાં વિધવા સહાય પેન્શન યોજનાની અરજીઓ**

૧૫૩૮૨**શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં વિધવા સહાય પેન્શન યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી છે, | (૧) ૪૨૮૦ અરજીઓ. |
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે, | (૨) ૩૩૭૧ અરજીઓ. |
| (૩) કેટલી અરજીઓ મંજૂર કરવાની બાકી છે, અને | (૩) ૧૩૧ પડતર અરજીઓ પેકી, ચકાસણી કરી, નિયમોનુસાર પાત્રતા ધરાવતી અરજીઓ મંજૂર કરવામાં આવશે. |
| (૪) અરજીઓ નામંજૂર થવાના કારણો શા છે ? | (૪) નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.<br>૧. નિયત ઉંમર ધરાવતા ન હોવાથી<br>૨. વાર્ષિક આવક વધારે હોવાથી<br>૩. પુત્ર પુખ્ત વયનો હોવાથી<br>૪. નિયત સમય મર્યાદામાં અરજી કરેલ ન હોઇ. |

**ધ્રોલ શહેરમાં પસાર થતા રાજ્યધોરી માર્ગને કારણે ટ્રાફીકની સમસ્યા**

૧૪૦૭૪**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ધ્રોલ શહેરમાં પસાર થતા રાજ્યધોરી માર્ગને કારણે ટ્રાફીક્ની સમસ્યા વર્ષો જૂની છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) ક્ચ્છ, મોરબી અને જોડીયાથી આવતા ટ્રાફીક્ને હળવો કરવા માટે બાયપાસ રસ્તો કરવા સરકાર વિચારે છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો આ કામ ક્યારે થશે ? | (૩) તબક્કાવાર હાથ ધરવાનું આયોજન વિચારેલ છે. જેમાં પ્રથમ તબક્કે પથરેખા નક્કી કરવાનું વિચારેલ છે. |

**કચ્છ જિલ્લાના ઘડુલી અને સાંતલપુરના રોડની કામગીરી**

૧૪૩૧૪**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ ક્ચ્છ જિલ્લાના ઘડુલી અને સાંતલપુરના રોડની કામગીરી શરૂ કરવામાં આવી છે કે કેમ, | (૧) હયાત રસ્તા સિવાય, ના.જી. |
| (૨) જો હા, તો ક્યારે પૂર્ણ થશે, અને<br>(૩) જો ના, તો આ કામગીરી ક્યા કારણોસર શરૂ નથી થઈ ? | (૨) અને (૩) : રસ્તાના નક્શા અંદાજો તા. ૨૭-૯-૦૮ થી કેન્દ્ર સરકારમાં મંજૂરી અર્થે રજુ કરેલ છે. જે મંજૂર થયેલ ન હોય, શરૂ થયેલ નથી. |

**અમદાવાદ જિલ્લામાં બિયારણના નમૂના**

૧૫૫૮૦**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ | (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ |

જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં બિયારણના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં બિયારણના નીચે મુજબના નમુનાઓ લેવામાં આવ્યા.

| ઈનપુટનું નામ | વર્ષ | | |
|---|---|---|---|
| બિયારણ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ |
| | ૧૩૩ | ૧૪૩ | ૧૨૧ |

(૨) આ પેકી કુલ કેટલા નમૂનાઓની ચકાસણી કરવામાં આવી, અને

(૨) આ પેકી નીચે મુજબ નમુનાઓની ચકાસણી કરવામાં આવી

| ઈનપુટનું નામ | વર્ષ | | |
|---|---|---|---|
| બિયારણ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ |
| | ૧૩૩ | ૧૪૩ | ૧૧૫ |

(૩) તે પેકી કેટલા નમૂના પ્રમાણિત તથા કેટલા નમુના બિન પ્રમાણિત થયા અને બિન પ્રમાણિત નમુનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) તે પેકી નીચે મુજબ નમુના પ્રમાણિત તથા બિન પ્રમાણિત થયા.

| ઈનપુટનું નામ (બિયારણ) | વર્ષ | | |
|---|---|---|---|
| | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ |
| પ્રમાણિત નમુના | ૧૩૨ | ૧૪૩ | ૧૧૧ |
| બિન પ્રમાણિત નમુના | ૦૧ | ૦૦ | ૦૪ |

બિન પ્રમાણિત નમુનાઓમાં ગુણવતા નિયંત્રણ અંતર્ગત અમલી બિયારણ અધિનિયમ-૧૯૬૬ તથા બિયારણ નિયમો-૧૯૬૮ ની જોગવાઈ મુજબ નિયમ મુજબનાં તમામ પગલાં લીધેલ છે.

## આણંદ જિલ્લામાં ખંભાત તાલુકામાં કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા માટે સહાય

૧૫૫૮૯**શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત)માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા ઉભી કરવા માટે કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી છે, અને

(૨) કઈ કઈ સંસ્થાઓને સહાય ચૂકવવામાં આવી છે ?

**જવાબ**

(૧) રૂા. ૨૩૭-૦૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

(૨) ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ખંભાત.

## બનાસકાંઠા જિલ્લામાં વિધવા બહેનોને સહાયની અરજીઓ

૧૩૯૭૩ **શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી વિધવા બહેનોને સહાય આપવામાં આવે છે,

(૨) છેલ્લા બે વર્ષમાં કેટલી વિધવા બહેનો દ્વારા સહાય મેળવવા અરજીઓ કરવામાં આવી, તે પેકી કેટલી

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી વિધવા બહેનોને સહાય આપવામાં આવે છે.

| અ.નં. | તાલુકાનું નામ | નિરાધાર વિધવા મહિલાઓની સંખ્યા | ચૂકવાયેલ સહાયની રકમ (લાખમા) |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૩૨૫ | ૧૮૫.૨૨ |
| ૨ | વડગામ | ૬૯૪ | ૯૮.૧૦ |
| ૩ | દાંતા | ૨૪૦ | ૩૩.૭૪ |
| ૪ | અમીરગઢ | ૧૬૨ | ૨૨.૬૮ |
| ૫ | દાંતીવાડા | ૧૮૦ | ૨૫.૨૦ |
| ૬ | ડીસા | ૮૭૨ | ૧૨૨.૦૮ |
| ૭ | ધાનેરા | ૨૧૪ | ૨૯.૯૬ |
| ૮ | કાંકરેજ | ૭૨૬ | ૧૦૧.૬૪ |
| ૯ | થરાદ | ૨૭૭ | ૩૮.૭૮ |
| ૧૦ | વાવ | ૨૭૦ | ૩૭.૮૦ |
| ૧૧ | દિયોદર | ૧૩૦ | ૧૮.૨૦ |
| ૧૨ | ભાભર | ૧૨૮ | ૧૭.૯૨ |
| | કુલ : | **૫૨૧૮** | ૭૩૧.૩૨ |

(૨) **૨૧૫૩** અરજીઓ તે મળી પેકી **૧૦૪૨** અરજીઓ મંજૂર કરવામાં આવી અને **૨૬૬** અરજીઓ

અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી પડતર છે,

(૩) કેટલી ના મંજૂર કરવામાં આવી, અને

(૪) પડતર અને ના મંજૂર અરજીઓનાં કારણો શાં છે ?

પડતર છે.

(૩) **૮૪૫** અરજીઓ

(૪) ૧. પડતર રહેવાનું કારણ
ચકાસણી હેઠળ પડતર છે.
૨. નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.
૧. નિયત ઉંમર ધરાવતા ન હોવાથી
૨. વાર્ષિક આવક વધારે હોવાથી
૩. પુખ્ત વયનો પુત્ર હોવાથી
૪. નિયત સમયમર્યાદામાં અરજી કરેલ ન હોઈ
૫. સ્થળાંતર થવાથી

## સુરેન્દ્રનગર જિલ્લામાં ગામ તળાવો ઉંડા કરવા બાબત

૧૫૬૦૨**શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાદીઠ કેટલા ગામ તળાવ ઊંડા કરવામાં આવ્યા, અને

(૨) ઊંડા કરવામાં આવેલ તળાવો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | ઊંડા કરેલ તળાવ |
|---|---|---|
| ૧. | દસાડા | ૬૯ |
| ૨. | લખતર | ૪૪ |
| ૩. | વઢવાણ | ૩૫ |
| ૪. | લીંબડી | ૪૯ |
| **અ.નં.** | **તાલુકો** | **ઊંડા કરેલ તળાવ** |
| ૫. | ચુડા | ૨૧ |
| ૬. | સામલા | ૭૧ |
| ૭. | ચોટીલા | ૪૮ |
| ૮. | મૂળી | ૫૦ |
| ૯. | ધાંગધ્રા | ૨૮ |
| ૧૦. | હળવદ | ૦૭ |
| | કુલ : | ૪૨૨ |

કુલ ૪૨૨ તળાવ ઊંડા કરવામાં આવ્યા.

(૨) રૂા. ૧૭૫૮.૨૭ લાખ ખર્ચ.

## અપંગ બાળકો માટેની સંકલિત શિક્ષણ યોજના હેઠળ ફીક્સ પગારથી શિક્ષકો નીમવાની જોગવાઈ

૧૫૦૩૦**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અપંગ બાળકો માટેની સંકલિત શિક્ષણ યોજના હેઠળ તા.૩૧-૩-૯૦ પહેલા નીમાયેલા શિક્ષકોના પગારની ચૂકવણી રાજ્યના શિક્ષણ વિભાગના બજેટમાંથી કરવા માટે સરકારે જુલાઈ-૧૯૯૬માં ઠરાવ કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) આ ઠરાવની વિરૂધ્ધ જઈને જાન્યુઆરી-૧૦માં આવા શિક્ષકોને ફીક્સ પગારથી નિમવા માટેના હુકમો કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૩) વરસોથી નોકરી કરતા આવા શિક્ષકોને ઓછા વેતનવાળા ફીક્સ પગારમાં નીમવા માટેની જોગવાઈ કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા નિમણૂંક પામેલા કર્મચારીઓને ભારત સરકારના એમ.એચ.આર.ડી. દ્વારા થયેલ પ્લાનીંગ કમિશનની ગાઈડ લાઈનના આધારે બજેટ પ્રક્રિયાના ભાગરૂપે ગુજરાત સરકારે ફક્ત નાણાંકીય બોજો વહન કરવાના હેતુથી જુલાઈ-૧૯૯૬માં તે તા.૩૧-૩-૯૦ પહેલાં નિમાયેલ શિક્ષકોનો પગાર ખર્ચ ઉઠાવવા જુલાઈ-૧૯૯૬માં ઠરાવ કરેલ છે.

(૨) જાન્યુઆરી ૨૦૧૦નો ઠરાવ જુલાઈ-૧૯૯૬ના ઠરાવની વિરુધ્ધનો નથી. પરંતુ કેન્દ્ર સરકારે દાખલ કરેલ નવી યોજના (આઈઈડીએસએસ)ના સ્વિકાર સંદર્ભે કરેલ છે.

(૩) (૧) સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ભારત સરકારની સંકલિત શિક્ષણ યોજના ચાલુ રહે તે સમય સુધીની જ શિક્ષકોની નિમણૂંક કરવામાં આવેલ છે.

(૨) સંકલિત શિક્ષણ યોજના કેન્દ્ર સરકાર દ્વારા ઘડાયેલ હતી અને ચલાવવામાં આવતી હતી કેન્દ્ર સરકારે તા.૨૧-૧૦-૦૮ના પત્રથી આ યોજના બંધ કરીને યોજનાનું સ્વરૂપ બદલીને માધ્યમિક સ્તરે આઈઈડીએસએસના નામે અલગ યોજના ઘડેલ હતી.

(૩) આઈઈડીસી(સંકલિત શિક્ષણ)માં કાર્યરત શિક્ષકોને આઈઈડીએસએસ માટેના શિક્ષકો તરીકે ઠરાવમાં જણાવેલ શરતોએ લાભાન્વિત કરવાનો નિર્ણય કરીને રાજ્ય સરકારે ઉદાર વલણ અપનાવેલ છે.

------------

## આણંદ જિલ્લામાં માતા યશોદા ગૌરવ નિધિ યોજના હેઠળ લાભાર્થીઓ

૧૫૪૫૧**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ માતા યશોદા ગૌરવ નિધિ વિમા યોજના હેઠળ આણંદ જિલ્લામાં કુલ કેટલી આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનોને આવરી લીધેલ છે ?

**જવાબ**

| | | |
|---|---|---|
| આંગણવાડી કાર્યકર | - | ૧૭૪૬ |
| આંગણવાડી તેડાગર | - | ૧૬૯૬ |
| | **કુલ** | **૩૪૪૨** |

## દાહોદ જિલ્લામાં ઉચ્ચ શિક્ષણ મેળવવાની સુવિધાઓ

૧૫૩૪૧**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે કોઈ સુવિધાઓ નથી તે હકિકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આવી સુવિધા આપવા સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) હા, જી પરંતુ સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં સરકારી કોલેજ માટે આયોજન કરવામાં આવેલ હતુ પરંતુ વિદ્યાર્થીઓની સંખ્યા ન થતાં શરૂ થઈ શકેલ નથી.

(૨) દાહોદ ખાતે સરકારી ટેક્નીકલ હાઈસ્કુલ તેમજ સરકારી પોલીટેક્નીક અને સરકારી ઈજનેરી કોલેજો કાર્યરત છે.

------------

## ભાવનગર જિલ્લામાં પશુ દવાખાનાઓની સંવર્ગવાર મંજૂર થયેલ જ્ગ્યાઓ

૧૪૪૨૯ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પશુ દવાખાનાઓની તાલુકાવાર કેટલી સંખ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર મંજૂર થયેલ જ્ગ્યાઓ સાથે સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ ક્યા તાલુકામાં કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પશુ દવાખાનાઓની તાલુકાવાર સંખ્યા નીચે **પત્રક-ક** માં જણાવ્યા મુજબ છે.

**પત્રક-ક**

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પશુ દવાખાનાઓની તાલુકાવાર કેટલી સંખ્યા છે

| ખંડ (૧) | **અનુ.નં.** | **તાલુકાનું નામ** | **પશુ દવાખાનાની સંખ્યા** |
|---|---|---|---|
| | ૧ | ભાવનગર | ૨ |
| | ૨ | બોટાદ | ૨ |
| | ૩ | ગારીયાધર | ૨ |
| | ૪ | ગઢડા | ૨ |
| | ૫ | ઘોઘા | ૨ |
| | ૬ | મહુવા | ૫ |
| | **અનું.નં.** | **તાલુકાનું નામ** | **પશુ દવાખાનાની સંખ્યા** |
| | ૭ | પાલીતાણા | ૨ |
| | ૮ | શિહોર | ૪ |
| | ૯ | તળાજા | ૪ |
| | ૧૦ | ઉમરાળા | ૨ |
| | ૧૧ | વલ્લભીપુર | ૨ |

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર મંજૂર થયેલ જ્ગ્યાઓ અને તાલુકાવાર ખાલી જ્ગ્યાઓની વિગતો **પત્રક-ખ** માં જણાવ્યા મુજબ છે.

**પત્રક-ખ**

| અ.નં. | તાલુકાનું નામ | પશુદવાખાનાનું સ્થળ | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ | | | ડ્રેસર વર્ગ-૪ | | | પટાવાળા/એટેન્ડન્ટ વર્ગ-૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજૂર જ્ગ્યા | ખાલી જ્ગ્યા | કઈ તારીખથી ખાલી છે | મંજૂર જ્ગ્યા | ખાલી જ્ગ્યા | કઈ તારીખથી ખાલી છે | મંજૂર જ્ગ્યા | ખાલી જ્ગ્યા | કઈ તારીખથી ખાલી છે |
| ૧ | ભાવનગર | ભાવનગર | ૧ | ૦ | -- | ૧ | ૧ | ૩૦/૯/૯૯ | ૧ | ૦ | -- |
| ૨ | ભાવનગર | નારી | ૧ | ૧ | ૧૦/૮/૦૮ | ૦ | ૦ | -- | ૧ | ૧ | ૧/૮/૦૮ |
| ૩ | ઘોઘા | ઘોઘા | ૧ | ૦ | -- | ૦ | ૦ | -- | ૧ | ૦ | -- |
| ૪ | ઘોઘા | વાળુકુંડ | ૧ | ૧ | ૭/૪/૦૭ | ૦ | ૦ | -- | ૧ | ૧ | ૧/૩/૦૯ |
| ૫ | પાલીતાણા | કુંભણ | ૧ | ૧ | ૧/૧/૦૯ | ૦ | ૦ | -- | ૧ | ૧ | ૧/૮/૦૯ |
| ૬ | પાલીતાણા | પાલીતાણા | ૧ | ૦ | -- | ૧ | ૧ | ૩૦/૬/૯૪ | ૧ | ૦ | -- |
| ૭ | બોટાદ | પાળીયાદ | ૧ | ૧ | ૧૨/૨/૦૮ | ૦ | ૦ | -- | ૧ | ૦ | -- |
| ૮ | બોટાદ | બોટાદ | ૧ | ૦ | -- | ૧ | ૧ | ૩૦/૬/૯૯ | ૧ | ૦ | -- |
| ૯ | મહુવા | મહુવા | ૧ | ૧ | ૧/૧/૦૯ | ૦ | ૦ | -- | ૧ | ૦ | -- |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | મહુવા | મોટાખૂટવાડા | ૧ | ૦ | -- | ૦ | ૦ | -- | ૧ | ૦ | -- |
| ૧૧ | મહુવા | ગુંદરણા | ૦ | ૦ | -- | ૦ | ૦ | -- | ૦ | ૦ | -- |
| ૧૨ | મહુવા | તરેડ | ૧ | ૧ | ૭/૮/૦૮ | ૦ | ૦ | -- | ૦ | ૦ | -- |
| ૧૩ | મહુવા | બગદાણા | ૦ | ૦ | -- | ૦ | ૦ | -- | ૦ | ૦ | -- |
| ૧૪ | વલ્લભીપુર | વલ્લભીપુર | ૦ | ૦ | -- | ૦ | ૦ | -- | ૦ | ૦ | -- |
| ૧૫ | વલ્લભીપુર | પાટણા | ૧ | ૦ | -- | ૦ | ૦ | -- | ૦ | ૦ | -- |
| ૧૬ | શિહોર | દેવગણા | ૧ | ૦ | -- | ૦ | ૦ | -- | ૧ | ૧ | ૨૩/૨/૦૬ |
| ૧૭ | શિહોર | સણોસરા | ૧ | ૧ | ૧૦/૮/૦૯ | ૦ | ૦ | -- | ૦ | ૦ | -- |
| ૧૮ | શિહોર | ટાણા | ૧ | ૧ | ૧/૧૨/૦૮ | ૦ | ૦ | -- | ૦ | ૦ | -- |
| ૧૯ | શિહોર | શિહોર | ૧ | ૦ | -- | ૧ | ૧ | ૨૮/૨/૦૫ | ૧ | ૦ | -- |
| ૨૦ | ઉમરાળા | રંઘોળા | ૧ | ૧ | ૭/૪/૦૭ | ૦ | ૦ | -- | ૧ | ૧ | ૧/૧/૦૯ |
| ૨૧ | ઉમરાળા | ઉમરાળા | ૧ | ૦ | -- | ૧ | ૧ | ૯/૧૨/૯૨ | ૧ | ૧ | ૧/૪/૨૦૦૦ |
| ૨૨ | તળાજા | દાઠા | ૦ | ૦ | -- | ૦ | ૦ | -- | ૦ | ૦ | -- |
| ૨૩ | તળાજા | ઠળીયા | ૦ | ૦ | -- | ૦ | ૦ | -- | ૧ | ૧ | ૨૫/૧૧/૦૮ |
| ૨૪ | તળાજા | દિહોર | ૧ | ૧ | ૧૦/૮/૦૯ | ૦ | ૦ | -- | ૦ | ૦ | -- |
| ૨૫ | તળાજા | તળાજા | ૧ | ૦ | -- | ૧ | ૧ | ૧/૨/૯૦ | ૧ | ૧ | ૧/૧૧/૦૭ |
| ૨૬ | ગઢડા | નિંગાળા | ૧ | ૧ | ૧/૮/૦૯ | ૦ | ૦ | -- | ૧ | ૧ | ૧/૮/૦૯ |
| ૨૭ | ગઢડા | ગઢડા | ૧ | ૦ | -- | ૧ | ૧ | ૩૦/૧૧/૯૭ | ૧ | ૧ | ૩૦/૯/૨૦૦૦ |
| ૨૮ | ગારીયાધર | સાતપડા | ૧ | ૧ | ૧૨/૬/૦૭ | ૦ | ૦ | -- | ૦ | ૦ | -- |
| ૨૯ | ગારીયાધર | ગારીયાધર | ૧ | ૦ | -- | ૧ | ૧ | ૨૦/૧૦/૯૮ | ૧ | ૧ | ૧/૮/૯૩ |
| | | **કુલ** | **૨૪** | **૧૨** | | **૮** | **૮** | | **૧૯** | **૧૧** | |

(૩) આ ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું સરકારનું આયોજન છે ?

(૩) શક્ય તેટલું જલ્દીથી.

## બનાસકાંઠા જિલ્લામાં ગામતળ મંજૂર કરવા અંગે

૧૫૪૪૨**શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ગામતળ તાલુકાવાર મંજૂર કરવામાં આવેલ છે ?

**જવાબ**

૧૫૭ (એક્સો સત્તાવન).

તાલુકાવાર મંજૂર કરેલ ગામતળ નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | ગામતળની સંખ્યા |
|---|---|---|
| ૧. | પાલનપુર | ૦૮ |
| ૨. | વડગામ | ૧૬ |
| ૩. | દાંતા | ૦૧ |
| ૪. | અમીરગઢ | ૦૧ |
| ૫. | દાંતીવાડા | ૦૨ |
| ૬. | ડીસા | ૨૬ |
| ૭. | ધાનેરા | ૧૪ |
| ૮. | કાંકરેજ | ૧૯ |
| ૯. | થરાદ | ૨૩ |
| ૧૦. | વાવ | ૧૨ |
| ૧૧. | દિયોદર | ૨૧ |
| ૧૨. | ભાભર | ૧૪ |
| | **કુલ :** | **૧૫૭** |

------------

## જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાને જોબનંબર

૧૩૮૬૯**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં કેટલાં સ્ટેટ હસ્તકના રસ્તાઓને છેલ્લાં ત્રણ વર્ષમાં જોબનંબર આપવામાં આવ્યા,

(૧) ૪ કામો.

(૨) તેમાંથી મંજૂર થયેલ કામોમાં ક્યા ક્યા અને કેટલાં રસ્તાના કામ પૂર્ણ થયેલા છે, અને

(૨) ૪ કામો પૂર્ણ થયેલ છે.

(૩) બાકી રહેતાં ક્યા ક્યા રસ્તાના કામો ક્યારે પૂર્ણ કરવા માંગો છો ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ભેસલા હનુમાન-તેરડી રોડને ડામર કરવા બાબત

૧૩૯૮૧ **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા)માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકાનાં ભેંસલા હનુમાન-તેરડી રોડમાં ડામર કામ છેલ્લે ક્યારે થયેલ છે,

(૧) વર્ષ ૧૯૯૨-૯૩ માં ડામરકામ થયેલ છે.

(૨) આ રસ્તા ઉપર ડામર બીલકુલ રહેવા પામેલ નથી તે હકીક્ત સાચી છે,

(૨) આંશિક ડામર સપાટીને નુકશાન થયેલ છે.

(૩) આ રસ્તા ઉપર ડામર કરવાનું શું આયોજન છે, અને
(૪) કેટલા સમયમાં ?

(૩) અને (૪) : પી.એમ.જી.એસ.વાય. હેઠળ કેન્દ્ર સરકારમાં દરખાસ્ત રજૂ કરેલ છે. જે મંજૂર થયેથી, ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી જેમ બને તેમ ઝડપથી.

**જામનગર જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ**

૧૫૪૫૮**શ્રી મેઘજીભાઈ કણઝારીયા(ખંભાળીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે, અને

(૧)

| ૧૦ શાળાઓ | |
|---|---|
| વર્ષ | શાળાઓની સંખ્યા |
| ૨૦૦૮ | ૦૦ |
| ૨૦૦૯ | ૧૦ |

(૨) આ શાળાઓ પેકી વિજ્ઞાન પ્રવાહની કેટલી અને સામાન્ય પ્રવાહની કેટલી?

(૨)

| વર્ષ | વિજ્ઞાન પ્રવાહ | સામાન્ય પ્રવાહ | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૮ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૦૦૯ | ૦૪ | ૦૬ | ૧૦ |

------------

**વામેયાથી બોઢપુર વચ્ચે સરસ્વતી નદીમાં ડીપ બનાવવા બાબત**

૧૩૧૭૨**શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) પાટણ તાલુકાના વામેયાથી લોઢપુર ગામ વચ્ચે સરસ્વતી નદીમાં ડીપ બનાવવા માટે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને કેટલી અરજીઓ મળી, અને

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ શૂન્ય પરંતુ ૧૦-૧-૨૦૧૦ ના રોજ રજૂઆત મળેલ છે.

(૨) મળેલ દરખાસ્તો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ શૂન્ય.

------------

**પાટણ જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવા બાબત**

૧૫૪૬૮ **શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કુલ કેટલી સરકારી માધ્યમિક શાળાઓ છે,

(૧) ૬ (છ).

(૨) તે પેકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે કે કેમ, અને

(૨) હા, જી. જૂન-૨૦૦૯ના શૈક્ષણિક સત્રથી.

(૩) જો હા, તો ક્યા ક્યા સ્થળે શરૂ કરવામાં આવેલ છે ?

(૩)

| ક્રમ | ગામ | તાલુકો |
|---|---|---|
| ૧. | બામરોલી | સાંતલપુર |
| ૨. | બાબરા | સાંતલપુર |
| ૩. | ગડસઈ | સાંતલપુર |
| ૪. | વાઘપુરા | સાંતલપુર |
| ૫. | ગરામડી પાટીયા | સાંતલપુર |

------------

**ફળફળાદી તેમજ સહકારને સંલગ્ન નવિન મંડળીઓને માન્યતા**

૧૪૪૦૫**શ્રી મફતલાલ મો.પુરોહિત(ધાનેરા) :માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફળફળાદી તેમજ સહકારને

(૧)

| ક્રમ | મંડળીનું નામ | વર્ષ | કુલ |
|---|---|---|---|

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફળફળાદી તેમજ સહકારને સંલગ્ન કેટલી નવિન મંડળીઓને માન્યતા આપવામાં આવેલ છે,

| | | ૨૦૦૮ | ૨૦૦૯ | |
|---|---|---|---|---|
| ૧. | ફળફળાદી મંડળી | ૧૨ | ૩ | ૧૫ |
| ૨. | સહકાર સંલગ્ન મંડળી | ૧૫૮ | ૨૦૦ | ૩૫૮ |
| | | | એકંદરે કુલ.. | ૩૭૩ |

(૨) આ વર્ષમાં કુલ કેટલી મંડળીઓએ માન્યતા પ્રાપ્તી માટે માંગણી કરેલ,

(૩) કેટલી મંડળીઓને માન્યતા આપવાની બાકી છે, અને

(૪) તેનાં શું કારણો છે ?

(૨) ૭૭૨.

(૩) અને (૪) : ૧૮૦ મંડળીઓની દરખાસ્તો ઉત્પાદન અને સહકાર સિંચાઈ સમિતિની બેઠકમાં રજૂ કરવા માટે વિવિધ કક્ષાએ ચકાસણી હેઠળ હોઈ બાકી છે.

------------

**વડોદરા જિલ્લામાં બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોમાં કર્મચારીઓને બઢતી અંગેની દરખાસ્ત**

૧૪૭૩૩**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોના વહીવટી કર્મચારીઓને બઢતી અંગેની દરખાસ્ત કેટલા સમયથી પડતર છે,

(૨) તે પૈકી કેટલા કર્મચારીઓને બઢતી આપવામાં આવી,

(૩) તે પૈકી કેટલા કર્મચારીઓને બઢતી આપવાની બાકી છે, અને

(૪) ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧) એક વર્ષ અને એક માસ.

(૨) ૦૭.

(૩) ૦૪.

(૪) સંસ્થા પાસેથી માહિતી પૂર્તતા થયેથી.

------------

**ડાંગ જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ રસ્તાના કામો**

૧૫૪૭૭**શ્રી વિજયભાઈ ર.પટેલ(ડાંગ-વાંસદા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ કેટલા રસ્તાના કામો કેટલી રકમના મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) તે કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨) : તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ મંજૂર કામોની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મંજૂર થયેલા કામો | રકમ (રૂ.લાખમાં) | પૂર્ણ | પ્રગતિ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ |
|---|---|---|---|---|---|
| ૨૦૦૮ | ૨ | ૨૧૦ | ૧ | ૧ | ૦ |
| ૨૦૦૯ | ૬ | ૪૫૯ | ૦ | ૦ | ૬ |
| **કુલ.** | **૮** | **૬૬૯** | **૧** | **૧** | **૬** |

------------

**ગુજરાત મહેસૂલ પંચના પડતર કેસો**

૧૪૫૦૩**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત મહેસૂલ પંચમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે,

(૨) આ પડતર કેસો રહેવાના કારણો શાં છે, અને

(૩) પડતર કેસોનો સત્વરે નિકાલ થાય તે માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) ૫૩૪૯.

(૨) ગુજરાત મહેસૂલ પંચની કાર્યવાહી અર્ધ ન્યાયિક પ્રક્રિયા હોવાના કારણે.

(૩) અર્ધ ન્યાયિક પ્રક્રિયા હોવાના કારણે કેસોના નિકાલમાં સમયમર્યાદા બાંધી શકાતી નથી. છતાં ઝડપી નિકાલ માટે પંચ દ્વારા કાર્યવાહી કરાય છે.

--------

## વડોદરા જિલ્લામાં રાજ્ય/પંચાયત હસ્તકના રસ્તાઓની મરામતની કામગીરી

૧૪૦૮૨**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં રાજ્ય અને પંચાયત હસ્તકના કેટલા રસ્તાઓની મરામત કરવામાં આવી, અને

(૨) આ મરામત પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) વડોદરા જિલ્લામાં તાલુકાવાર ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં મરામત કરેલ રસ્તાઓ તથા ખર્ચની વિગત સામેલ પરિશિષ્ટ-૧ મુજબ છે.

**પરિશિષ્ટ-૧**

| તાલુકો | મરામત કરેલ રસ્તાની વિગત | |
|---|---|---|
| | રસ્તાની સંખ્યા | મરામતનો ખર્ચ રૂા. લાખમાં |
| વર્ષ ૨૦૦૮ - ૦૯ | | |
| છોટાઉદેપુર | ૩૩ | ૧૩૬.૬૨ |
| વાઘોડીયા | ૩૧ | ૧૫૯.૭૩ |
| સંખેડા | ૫૫ | ૧૪૦.૫૭ |
| સાવલી | ૬૯ | ૩૨૦.૮૩ |
| વડોદરા | ૪૬ | ૧૨૦.૯૦ |
| પાદરા | ૩૩ | ૧૪૧.૯૩ |
| ડભોઇ | ૫૭ | ૧૫૮.૦૧ |
| નસવાડી | ૨૭ | ૭૨.૯૬ |
| પાવી જેતપુર | ૩૫ | ૯૫.૯૦ |
| કરજણ | ૩૬ | ૪૬૦.૬૩ |
| શિનોર | ૯ | ૬.૬૧ |
| ક્વાંટ | ૧૩ | ૯.૫૯ |
| **કુલ :** | **૪૪૪** | **૧૮૨૪.૨૮** |
| વર્ષ ૨૦૦૯ - ૧૦ | | |
| છોટાઉદેપુર | ૧૨ | ૧૩.૭૦ |
| વાઘોડીયા | ૨૬ | ૯૨.૩૪ |
| સંખેડા | ૩૧ | ૯૮.૨૦ |
| સાવલી | ૪૫ | ૪૩૯.૮૦ |
| વડોદરા | ૩૩ | ૧૭૪.૦૬ |
| પાદરા | ૩૦ | ૪૮.૨૫ |
| ડભોઇ | ૪૩ | ૧૩૮.૭૪ |
| નસવાડી | ૨૬ | ૭૭.૩૦ |
| પાવી જેતપુર | ૩૬ | ૧૩૦.૮૪ |
| કરજણ | ૨૫ | ૪૨૮.૫૩ |
| શિનોર | ૭ | ૩.૭૦ |
| ક્વાંટ | ૬ | ૩.૭૩ |
| **કુલ :** | **૩૨૦** | **૧૬૪૯.૧૯** |
| **એકંદર કુલ** | **૭૬૪** | **૩૪૭૩.૪૭** |

------------

## સાબરકાંઠા જિલ્લામાં માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને નોન ગ્રાન્ટેડમાંથી ગ્રાન્ટેડ કરવા દરખાસ્તો

૧૫૭૨૫**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને નોન ગ્રાન્ટેડમાંથી ગ્રાન્ટેડમાં કરવાની દરખાસ્તો મળી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | કુલ દરખાસ્ત | | એકંદરે કુલ |
|---|---|---|---|---|
| | | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક | |
| ૧ | ઇડર | ૫ | ૨ | ૭ |
| ૨ | હિંમતનગર | ૪ | ૪ | ૮ |
| ૩ | મોડાસા | ૨ | ૧ | ૩ |
| ૪ | બાયડ | ૨ | ૪ | ૬ |
| ૫ | તલોદ | ૧ | ૦ | ૧ |
| ૬ | મેઘરજ | ૨ | ૦ | ૨ |
| ૭ | માલપુર | ૧ | ૧ | ૨ |
| ૮ | પ્રાંતિજ | ૧ | ૦ | ૧ |
| ૯ | વિજયનગર | ૧ | ૦ | ૧ |
| ૧૦ | ખેડબ્રહમા | ૦ | ૧ | ૧ |
| ૧૧ | વડાલી | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ધનસુરા | ૧ | ૦ | ૧ |
| ૧૩ | ભિલોડા | ૦ | ૦ | ૦ |
| | **કુલ :** | **૨૦** | **૧૩** | **૩૩** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી પડતર છે,

(૨)

| ક્રમ | તાલુકો | દરખાસ્તની સ્થિતિ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | | નામંજૂર | | પડતર | |
| | | મા. | ઉ.મા | મા. | ઉ.મા | મા. | ઉ.મા |
| ૧ | ઇડર | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૨ |
| ૨ | હિંમતનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૪ |
| ૩ | મોડાસા | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ |
| ૪ | બાયડ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૪ |
| ૫ | તલોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૬ | મેઘરજ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| ૭ | માલપર | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૮ | પ્રાંતિજ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૯ | વિજયનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૧૦ | ખેડબ્રહમા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૧ | વડાલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ધનસુરા | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૧૩ | ભિલોડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ :** | **૦** | **૦** | **૧** | **૦** | **૧૯** | **૧૩** |

(૩) નામંજૂર કરવાના શા કારણો છે, અને

(૩) શરતો પરિપૂર્ણ થતી ન હોવાથી.

(૪) પડતર રહેવાના શાં કારણો છે ?

(૪) બજેટની મર્યાદામાં સરકારશ્રી કક્ષાએ સમગ્ર રાજ્યમાંથી મળેલ દરખાસ્તોની વિચારણા કરવાની રહેતી હોવાથી પડતર છે.

------------

**ગાંધીનગર ખાતે ફરજ બજાવતા બિન બદલી પાત્ર કર્મચારીઓને પ્લોટ ફાળવવા બાબત**

૧૪૩૧૫ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય માર્ગ અને મકાનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૧-૧-૨૦૦૧ થી તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ગાંધીનગર ખાતે ફરજ બજાવતા બિન-બદલીપાત્ર કર્મચારીઓને સરકાર અગાઉ ફાળવ્યા મુજબ પ્લોટ આપવા માંગે છે કે કેમ,

(૧) ના, જી.

(૨) તા. ૩૧-૧૨-૦૯ સ્થિતિએ ઉક્ત કર્મચારીઓને પ્લોટ ફાળવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સુવર્ણજયંતી ઉજવણી વર્ષમાં સરકાર સહાનુભૂતી પૂર્વક વિચારણા કરી હકારત્મક નિર્ણય લેવા માંગે છે કે કેમ, અને

(૩) નાજી. હાલ કોઇ વિચારણા નથી.

(૪) જો હા, તો ક્યાં સુધીમાં ઉક્ત પ્લોટો ફાળવી દેવા માંગો છો ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પંચમહાલ જિલ્લામાં વિધવા બહેનોને બંધ કરેલ સહાય ચૂકવવા અંગે**

૧૪૮૭૦**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી વિધવા બહેનોને વિધવા સહાય બંધ કરેલ છે,

(૧) તાલુકાવાર ૪૪૭ વિધવા બહેનોને વિધવા સહાય બંધ કરેલ છે, જે નીચે મુજબ છે.

| ક | તાલુકાનું નામ | બંધ થયેલ વિધવા સહાયના લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોધરા | ૮૮ |
| ૨ | કાલોલ | ૬૯ |
| ૩ | હાલોલ | ૪૬ |
| ૪ | ઘોઘંબા | ૨૯ |
| ૫ | મોરવા (હ) | ૩૩ |
| ૬ | જાંબુઘોડા | ૧૫ |
| ૭ | લુણાવાડા | ૫૨ |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **બંધ થયેલ વિધવા સહાયના લાભાર્થીઓની સંખ્યા** |
| ૮ | શહેરા | ૪૧ |
| ૯ | ખાનપુર | ૨૨ |
| ૧૦ | સંતરામપુર | ૩૫ |
| ૧૧ | કડાણા | ૧૭ |
| | **કુલ સરવાળો** | ૪૪૭ |

(૨) કેટલી વિધવા બહેનોને કેટલા સમયથી સહાય ચૂકવાયેલ નથી,

(૨) સહાય નિયમ મુજબ બંધ કરેલ હોઇ સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાકી રહેતી સહાયની રકમ સરકાર ક્યારે ચૂકવવા માગે છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બંધ થયેલ વિધવા સહાયના કારણો શું છે ?

(૪)

| | |
|---|---|
| ૧. | ૧૦૯ કેસોમાં ૬૦ વર્ષની ઉંમર પૂરી થતાં, અને |
| ૨. | ૩૩૮ કેસોમાં પુત્ર ૨૧ વર્ષનો પુખ્ત વયનો થવાથી, |
| | કુલ ૪૪૭ વિધવા સહાય બંધ કરેલ છે. |

**મહેસાણા જિલ્લામાં કન્યા કેળવણી નિધિમાં કન્યાઓને સહાય**

૧૫૪૭૦**શ્રી કાંતિલાલ ૨ા.પટેલ (વિજાપુર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કન્યા કેળવણીને ઉત્તેજન આપવા રચવામાં આવેલ કન્યા કેળવણી નિધિમાં તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ કેટલું ભંડોળ છે,

(૧) રૂા. ૧૮,૫૮,૬૨,૬૦૦

(૨) તેમાંથી ઉક્ત સ્થિતિએ મહેસાણા જિલ્લામાં

(૨) ૩૬૯ કન્યાઓને.

કેટલી કન્યાઓને પુરસ્કાર/સહાય આપેલ છે, અને

(૩) કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી છે ? — (૩) રૂા. ૧૮,૪૫,૦૦૦

------------

**હિંમતનગર તાલુકામાં કિસાન કલ્પવૃક્ષ યોજના**

૧૫૫૮૩**શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ(હિંમતનગર):માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાનાં હિંમતનગર તાલુકામાં બજાર સમિતિનાં વિકાસ માટે કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ ૨૦૦૯-૨૦૧૦ના વર્ષે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી છે, | (૧) બજાર સમિતિ હિંમતનગર તરફથી સહાય માટેની કોઇ અરજી મળેલ નથી તેથી શૂન્ય. |
| (૨) કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી સહાય કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પાકિસ્તાની જેલમાં માછીમારોને છોડાવવા સરકારના પ્રયત્નો**

૧૫૬૦૮ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજયના કુલ કેટલા માછીમારો પાકિસ્તાની જેલમાં છે, | (૧) ૩૯૬. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાકિસ્તાન દ્વારા કેટલા માછીમારો પકડવામાં આવ્યા અને કેટલા માછીમારો છોડવામાં આવ્યા, અને | (૨) ૪૭૭ - પકડાયા.<br>૩૨૯ - છોડ્યા. |
| (૩) માછીમારોને પાકિસ્તાની જેલમાંથી છોડાવવા માટે રાજ્ય સરકારે તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું શું પ્રયત્નો કર્યા ? | (૩) આ બાબત ભારત તથા પાકિસ્તાન વચ્ચેની રાજદ્વારી બાબત હોઇ, ગુજરાત સરકાર દ્વારા, ભારત સરકારને વખતોવખત રજુઆત કરવામાં આવે છે. |

------------

**૧૩૩**

**આ પ્રશ્ન રદ કરવામાં આવેલ છે.**

**સુરત જિલ્લાના માંડવી તાલુકામાં પ્રાથમિક શિક્ષકોને જી.પી.એફ. ખાતામાં જમા રકમ**

૧૫૨૦૮**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં માંડવી તાલુકાના પ્રાથમિક શિક્ષકોને છેલ્લા ત્રણ વર્ષથી જી.પી.એફ. ખાતામાં જમા થતી રકમનો હિસાબ આપવામાં આવતો નથી, તે બાબત સરકાર જાણે છે, અને | (૧) હિસાબ આપવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ બાબતે સરકારે શી કાર્યવાહી કરેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ભાવનગર જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય યોજના**

૧૫૫૮૮**શ્રી અત્મારામભાઈ પરમાર (ગઢડા) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ખેડૂતોની જીપ્સમ સહાય મેળવવા માટે કેટલી અરજીઓ આવી, | (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ખેડૂતોની જીપ્સમ સહાય મેળવવા માટેની ૮૦૯૫ અરજીઓ આવેલ છે. |
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) તે પેકી ૮૦૯૫ અરજીઓ મુજબ મંજૂર કરવામાં આવી છે. |

(૩) પડતર અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ?

(૩) પડતર અરજીઓ નથી. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સંખેડા તાલુકામાં મંજૂર થયેલ રસ્તા**

૧૪૬૭૨ **શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં ૨૦૦૮-૦૯માં કેટલા રસ્તા મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી સંખેડા તાલુકામાં કુલ કેટલા રસ્તા મંજૂર કરવામાં આવ્યા,

(૩) આ રસ્તા પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૪) બાકી રહેતા રસ્તાઓ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૫૮.

(૨) ૪૪.

(૩) રૂ. ૨૪૬૧.૬૮ લાખ.

(૪) મંજુર થયેલ રસ્તા પૈકી બાકી રસ્તા જેમ બને તેમ જલ્દી.

**સુરત જિલ્લામાં માંગરોળ તથા ઉમરપાડા તાલુકાના પંચાયત અને રાજ્ય હસ્તકના ડામર કર્યા વગરના રસ્તા**

૧૪૬૩૫ **શ્રી ગણપતભાઈ વસાવા (માંગરોળ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંગરોળ તથા ઉમરપાડા તાલુકાના પંચાયત અને રાજ્ય (સ્ટેટ) હસ્તક્નાં રસ્તાઓનાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સાત વર્ષથી વધુ સમયના ડામર કર્યા વગરનાં કુલ કેટલા અને ક્યા રસ્તાઓ છે, અને

**જવાબ**

(૧) સુરત જિલ્લાના માંગરોળ તથા ઉમરપાડા તાલુકાના નીચે મુજબના ૧૭ રસ્તાઓ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સાત વર્ષથી વધુ સમયથી ડામર રીન્યુઅલ કર્યા વગરના છે.

| ક્રમ | તાલુકો | રસ્તાનુ નામ | બાકી લંબાઇ કિ.મી. |
|---|---|---|---|
| ૧ | માંગરોલ | હથુરણ ધામડોદ રોડ | ૨.૦૦ |
| ૨ | માંગરોલ | કોસંબા હથુરણ પાનોલી રોડ | ૨.૦૦ |
| ૩ | માંગરોલ | મોટીફળી એપ્રોચ રોડ | ૨.૨૦ |
| ૪ | માંગરોલ | લવેટ ભડકુવા રોડ | ૩.૦૦ |
| ૫ | માંગરોલ | છમુછલ એપ્રોચ રોડ | ૨.૦૦ |
| ૬ | માંગરોલ | આસરમા લુવારા રોડ | ૩.૦૦ |
| ૭ | ઉમરપાડા | ઉમરપાડા વડપાડા નવાચકરા રોડ | ૯.૦૦ |
| ૮ | ઉમરપાડા | ઝંખવાવ ગુંદીકુવા આમલી દાબડા રોડ | ૫.૦૦ |
| ૯ | ઉમરપાડા | ચોખવાડા દીવતણ રોડ | ૫.૦૦ |
| ૧૦ | ઉમરપાડા | મોટી દેવરૂપણ એપ્રોચ રોડ | ૧.૦૦ |
| ૧૧ | ઉમરપાડા | વાંકી નસારપુર રોડ | ૩.૦૦ |
| ૧૨ | ઉમરપાડા | દિવતણ હલધરી રોડ | ૭.૦૦ |
| ૧૩ | ઉમરપાડા | ખોડંબા ચોખવાડા રોડ | ૨.૫૦ |
| ૧૪ | માંગરોળ | કોસંબા મોટી પારડી ગીજરમ રોડ | ૫.૬૦ |
| ૧૫ | ઉમરપાડા | ઉમરપાડા થવા રોડ રા.ધો.મા. નં. ૧૭૪ | ૫.૦૦ |
| ૧૬ | ઉમરપાડા | વાડી કેવડી રોડ રા.ધો.મા. નં. ૧૬૬ | ૭.૭૫ |
| ૧૭ | ઉમરપાડા | માલ્ધાખાંટ ઉમરપાડા સાગબારા રોડ રા.ધો.મા. નં. ૬૫ | ૭.૦૦ |

(૨) સરકાર આ રસ્તાઓ ક્યાં સુધીમાં ડામર કરવા આયોજન કરવાનું વિચારેલ છે ?

(૨) ટ્રાફિક્નું ભારણ, રસ્તાની અગત્યતા ધ્યાને લઇ ફરીથી ડામર કરવાનુ આયોજન વિચારવામાં આવશે.

------------

## આણંદ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન માટે થયેલ ખર્ચ

**શ્રી ૧૫૦૨૭નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા.૩૧-૧-૧૦ સુધીમાં સરકારે સર્વ શિક્ષા અભિયાન માટે રાજ્ય સરકારને કેટલી રકમ ફાળવેલ છે, અને

(૨) ફાળવેલ રકમમાંથી આણંદ જિલ્લામાં તાલુકાવાર વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| વર્ષ | રૂ. લાખમા |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૨૫૪૩૨.૪૭ |
| ૨૦૦૯-૧૦ (૩૧-૦૧-૧૦ સુધી) | ૧૮૦૩૧.૭૩ |

(૨) માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારશ્રી દ્વારા નિયત થયેલ નાણાંકીય નિયમો મુજબ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લાને એક ઘટક ગણવામાં આવે છે અને જિલ્લાવાર એન્યુઅલ વર્ક પ્લાન અને બજેટ ભારત સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવે છે, તે મુજબ જિલ્લા કક્ષાએ હિસાબો રાખવામાં આવે છે. તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ આણંદ જિલ્લામાં વર્ષવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| વર્ષ | રૂ. લાખમા |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૧૦૧૮.૧૯ |
| ૨૦૦૯-૧૦ (૩૧-૦૧-૧૦ સુધી) | ૧૧૨૧.૦૩ |

------------

## બનાસકાંઠા જિલ્લામાં નિરાધાર વિધવા મહિલાઓને સહાય

**૧૪૦૭૨શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવાર કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

છેલ્લા બે વર્ષમાં નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવાર નીચે મુજબ સહાય ચૂકવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | સંખ્યા | સહાયની રકમ રૂ. (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૩૧૪ | ૧૭૮.૨૭ |
| ૨ | વડગામ | ૬૯૩ | ૯૪.૨૩ |
| ૩ | દાંતા | ૨૪૦ | ૩૨.૬૫ |
| ૪ | અમીરગઢ | ૧૬૧ | ૨૩.૯૮ |
| ૫ | દાંતીવાડા | ૧૮૨ | ૨૫.૩૭ |
| ૬ | ડીસા | ૮૭૭ | ૧૧૫.૯૫ |
| ૭ | ધાનેરા | ૨૧૪ | ૨૯.૭૨ |
| ૮ | કાંકરેજ | ૭૨૯ | ૯૭.૦૦ |
| ૯ | થરાદ | ૨૭૪ | ૩૪.૮૧ |
| ૧૦ | વાવ | ૨૭૨ | ૩૬.૨૫ |
| ૧૧ | દિયોદર | ૧૨૭ | ૧૮.૪૭ |
| ૧૨ | ભાભર | ૧૨૮ | ૧૭.૪૦ |
| | **કુલ :** | **૫૨૧૧** | **૭૦૪.૧૦** |

------------

## ઉમરેઠ અને આણંદ જિલ્લાના પેટાપરાને પાકા રસ્તાથી જોડવા અંગે

**૧૫૨૬૫શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લાના ઉમરેઠ અને આણંદ તાલુકાના કેટલા પેટા પરાં રસ્તાથી વંચિત છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ આણંદ તાલુકા તથા ઉમરેઠ તાલુકામાં ૫૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગામ/પરાં પાકા રસ્તાઓથી જોડાયેલા છે. ૫૦૦ થી ઓછી વસ્તી ધરાવતા આણંદ તાલુકાના ૩૯ પરા તથા ઉમરેઠ તાલુકાના ૧૮ પરાં પાકા રસ્તાથી વંચિત છે.

(૨) છેલ્લા બે વર્ષમાં તે અન્વયે પેટા પરાને પાકા રસ્તાથી જોડવા સરકારમાં અરજીઓ કેટલી આવી છે, અને

(૩) જો હા, તો સરકારે તે અંગે શું આયોજન કરેલ છે?

(૨) છેલ્લા બે વર્ષમાં તે અન્વયે પેટા પરાંને પાકા રસ્તાથી જોડવા અંગે ૮ અરજીઓ આવી છે.

(૩) હાલમાં ૫૦૦ થી વધુ વસ્તી ધરાવતા પરાને

| ક્રમ | તાલુકાનું નામ | બનાવવાની બાકી કમ્પાઉન્ડ વોલની સંખ્યા |
|---|---|---|
| ૧. | બાલાસિનોર | ૧૫ |
| ૨. | કપડવંજ | ૧૦૧ |
| ૩. | કઠલાલ | ૪૩ |
| ૪. | ખેડા | ૪૧ |
| ૫. | મહુધા | ૧૩ |
| ૬. | માતર | ૧૭ |
| ૭. | મહેમદાવાદ | ૪૫ |
| ૮. | નડિયાદ | ૬૩ |
| ૯. | ઠાસરા | ૭૬ |
| ૧૦. | વિરપુર | ૩૯ |
| | કુલ... | ૪૫૩ |

જોડવાનું આયોજન છે. આણંદ તથા ઉમરેઠ તાલુકામાં આવા કોઇ પરા જોડવાના બાકી રહેતા નથી.

------------

**ખેડા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કમ્પાઉન્ડ વોલ**

૧૫૦૨૩**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ અંતર્ગત તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાદીઠ કેટલી પ્રાથમિક શાળાઓની કમ્પાઉન્ડ વોલ કરવાની બાકી છે, અને

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ કમ્પાઉન્ડ વોલ બનાવવાની બાકી છે.

(૨) કેટલી શાળાઓમાં પીવાના પાણીની સગવડ નથી?

(૨) તમામ શાળાઓમાં પીવાના પાણીની સુચારુ સગવડ છે.

------------

**વલસાડ, નર્મદા, દાહોદ અને નવસારી જિલ્લામાં કન્યાઓ માટે ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ**

૧૩૮૭૫**શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વલસાડ, નર્મદા, દાહોદ અને નવસારી જિલ્લામાં કન્યાઓ માટે કેટલી માધ્યમિક શાળાઓ આવેલ છે, અને

(૧) કન્યાઓ માટેની માધ્યમિક શાળાઓની સંખ્યા.

| ક્રમ | જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | વલસાડ | ૦ | ૩ | ૨ | ૫ |
| ૨. | નર્મદા | ૦ | ૧ | ૧ | ૨ |
| ૩. | દાહોદ | ૦ | ૧૫ | ૧૮ | ૩૩ |
| ૪. | નવસારી | ૦ | ૭ | ૩ | ૧૦ |
| | કુલ... | **૦** | ૨૬ | ૨૪ | **૫૦** |

(૨) તેવા જિલ્લાઓમાં જે શાળાઓ ગ્રાન્ટેડ નથી તેવી કેટલી શાળાઓને ગ્રાન્ટેડ કરવામાં આવી?

(૨) નોન ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ કરવામાં આવેલ તેની સંખ્યા.

| ક્રમ | જિલ્લાનું નામ | શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | વલસાડ | ૦ |
| ૨. | નર્મદા | ૦ |
| ૩. | દાહોદ | ૪ |
| ૪. | નવસારી | ૦ |
| | કુલ... | ૪ |

------------

## ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં સુવિધા

૧૪૬૩૯**શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણી-જાજરૂ બાથરૂમની વ્યવસ્થા નથી, અને

(૨) આવી વ્યવસ્થા કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે?

**જવાબ**

(૧) ખેડા જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણી-જાજરૂ બાથરૂમની વ્યવસ્થા છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## તાપી જિલ્લામાં પંચાયતના નવા રસ્તાઓ બનાવવાનું આયોજન

૧૩૮૬૫ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે નાણાકીય વર્ષમાં તાપી જિલ્લામાં તાલુકાવાર પંચાયત વિભાગના કેટલા નવા રસ્તાઓ બનાવવાનું આયોજન હતું, અને

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા રસ્તાઓના કામ હાથ ઉપર લઇ પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા પ્રગતિમાં છે?

**જવાબ**

(૧) છેલ્લા બે નાણાકીય વર્ષમાં તાપી જિલ્લામાં પંચાયત વિભાગના વ્યારા તાલુકામાં ૬, સોનગઢ તાલુકામાં ૧૦ અને નિઝર તાલુકામાં ૧ એમ કુલ ૧૭ નવા રસ્તાઓ બનાવવાનું આયોજન હતું.

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તમામ ૧૭ રસ્તાઓના કામો પ્રગતિમાં છે.

## સાબરકાંઠા જિલ્લામાં માપણી માટે મળેલ અરજીઓ

૧૫૪૦૮**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર જમીન માપણી માટે કુલ કેટલી અરજીઓ આવી,

(૨) તાલુકાવાર કુલ કેટલા હેકટરની માપણી કરવા માટે અરજીઓ આવી,

(૩) તાલુકાવાર કુલ કેટલા હેકટરની માપણી કરી અને કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧)

| **તાલુકો** | **અરજીઓની સંખ્યા** |
|---|---|
| હિંમતનગર | ૪૧૧ |
| ઈડર | ૨૧૪ |
| વડાલી | ૬૦ |
| **તાલુકો** | **અરજીઓની સંખ્યા** |
| ખેડબ્રહ્મા | ૬૨ |
| વિજ્યનગર | ૫૭ |
| ભિલોડા | ૧૪૮ |
| પ્રાંતિજ | ૧૬૧ |
| તલોદ | ૧૨૪ |
| ધનસુરા | ૮૨ |
| મોડાસા | ૧૨૯ |
| મેઘરજ | ૫૨ |
| માલપુર | ૪૩ |
| બાયડ | ૯૫ |
| **કુલ...** | **૧૬૩૮** |

(૨)

| **તાલુકો** | **માપણી કરેલ વિસ્તાર હેકટર** |
|---|---|
| હિંમતનગર | ૨૫૩૦ |
| ઈડર | ૫૮૩ |
| વડાલી | ૧૦૩ |
| ખેડબ્રહ્મા | ૧૭૭ |
| વિજ્યનગર | ૧૨૫ |
| ભિલોડા | ૩૧૫ |
| પ્રાંતિજ | ૩૮૦ |
| તલોદ | ૫૪૩ |
| ધનસુરા | ૩૨૮ |
| મોડાસા | ૪૨૫ |
| મેઘરજ | ૧૨૪ |
| માલપુર | ૫૫ |
| બાયડ | ૨૬૪ |
| **કુલ...** | **૫૯૫૨** |

(૩)

| **તાલુકો** | **માપણી કરેલ વિસ્તાર હેકટર** | **નિકાલ કેસોની સંખ્યા** |
|---|---|---|
| હિંમતનગર | ૨૦૩૬ | ૩૬૦ |
| ઈડર | ૫૧૩ | ૧૯૮ |
| વડાલી | ૧૩૧ | ૬૮ |
| ખેડબ્રહ્મા | ૨૬૭ | ૫૪ |
| વિજ્યનગર | ૧૦૭ | ૪૬ |
| ભિલોડા | ૩૦૨ | ૧૪૨ |

| | | |
|---|---|---|
| પ્રાંતિજ | ૩૮૭ | ૧૫૬ |
| તલોદ | ૫૭૧ | ૧૩૧ |
| ધનસુરા | ૨૫૪ | ૬૨ |
| **તાલુકો** | **માપણી કરેલ વિસ્તાર હેકટર** | **નિકાલ કેસોની સંખ્યા** |
| મોડાસા | ૩૨૨ | ૯૫ |
| મેઘરજ | ૧૧૩ | ૪૪ |
| માલપુર | ૬૩ | ૪૨ |
| બાયડ | ૨૭૧ | ૯૭ |
| **કુલ...** | **૫૩૩૭** | **૧૪૯૫** |

(૪) એ માટે તાલુકાવાર માપણી પેટે કેટલી ફી વસૂલવામાં આવી?

(૪)

| તાલુકો | વસૂલેલ ફી (રૂપિયા) |
|---|---|
| હિંમતનગર | ૮,૯૪,૨૦૦ |
| ઈડર | ૨,૭૫,૯૦૦ |
| વડાલી | ૭૩,૫૦૦ |
| ખેડબ્રહ્મા | ૧,૨૪,૫૦૦ |
| વિજયનગર | ૫૭,૯૦૦ |
| ભિલોડા | ૧,૮૫,૯૦૦ |
| પ્રાંતિજ | ૨,૯૬,૫૦૦ |
| તલોદ | ૨,૪૧,૫૦૦ |
| ધનસુરા | ૧,૧૩,૮૦૦ |
| મોડાસા | ૧,૯૧,૨૦૦ |
| મેઘરજ | ૬૪,૧૦૦ |
| માલપુર | ૩૭,૫૦૦ |
| બાયડ | ૧,૩૨,૦૦૦ |
| **કુલ...** | **૨૬,૮૮,૫૦૦** |

------------

## રાજકોટ જિલ્લામાં ખેડૂતોને ટ્રેક્ટરની સહાય

૧૫૫૮૯**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ખેડૂતોની ટ્રેક્ટર સહાય મેળવવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલા ખેડૂતોને કેટલી સહાય આપવામાં આવી?

**જવાબ**

(૧), (૨) અને (૩) : તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ખેડૂતોની ટ્રેક્ટર સહાય મેળવવા માટે આવેલ અરજીઓ, મંજૂર કરેલ અરજીઓ અને કેટલા ખેડૂતોને કેટલી સહાય આપવામાં આવી તેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | આવેલ અરજીઓ | મંજૂર કરેલ અરજીઓ | ખેડૂતો | ચૂકવવામાં આવેલ સહાયની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧-૧-૦૭ થી ૩૧-૧૨-૦૭ | ૬૪૯ | ૧૪૫ | ૧૪૫ | ૪૩,૫૦,૦૦૦ |
| ૨ | ૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ | ૩૩૭ | ૧૩૨ | ૧૩૨ | ૪૦,૩૫,૦૦૦ |
| ૩ | ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૬૪૮ | ૩ | ૩ | ૧,૩૫,૦૦૦ |
| | **કુલ..** | **૧૬૩૪** | **૨૮૦** | **૨૮૦** | **૮૫,૨૦,૦૦૦** |

## દાહોદ જિલ્લામાં પાક વીમા યોજના હેઠળ ચૂકવેલ રકમ

૧૫૩૪૫ **શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા ક્યા તાલુકાઓ ક્યા ક્યા પાક માટે પાક વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા પાક વીમા ક્લેઇમની રકમ ક્યા ક્યા તાલુકાને વર્ષવાર ચુકવવામાં આવી, અને

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં વર્ષ વાર પાક વીમા યોજના હેઠળ આવરી લીધેલ પાક વાર તાલુકા (ફીફાઈન્ડ એરીયા)

| પાક | ખરીફ ઋતુ (ખરીફ-૨૦૦૯) |
|---|---|
| ડાંગર | દેવગઢબારીયા, દાહોદ, ધાનપુર, ઝાલોદ, લીમખેડા, ફતેપુર, ગરબાડા |
| મકાઈ | દેવગઢબારીયા, દાહોદ, ધાનપુર, ઝાલોદ, લીમખેડા, ફતેપુર, ગરબાડા |
| તુવેર | દેવગઢબારીયા, દાહોદ, ધાનપુર, ઝાલોદ, લીમખેડા, ફતેપુર, ગરબાડા |
| અળદ | દેવગઢબારીયા, દાહોદ, ધાનપુર, ઝાલોદ, લીમખેડા |
| **પાક** | **રવિ/ઉનાળુ ઋતુ (રવી ઋતુ-૨૦૦૯-૧૦)** |
| ઘઉં પિયત | ફતેપુર અને ઝાલોદ |
| ચણા | દેવગઢબારીયા, ધાનપુર, ગરબાડા, લીમખેડા અને ઝાલોદ |

(૨) ખરીફ-૨૦૦૬ પાક-મકાઈ

| તાલુકો | પાક વીમાની ચૂકવેલ રકમ રૂપિયા |
|---|---|
| (૧) દાહોદ | ૧૦૪૫૬૩૦૨/- |
| (૨) દેવગઢ બારીયા | ૩૬૨૩૪૩૬/- |
| (૩) ધાનપુર | ૫૦૮૪૨૫૩/- |
| (૪) ફતેપુર | ૧૭૧૯૨૮૪/- |
| (૫) ગરબાડા | ૩૪૪૬૯૮૭/- |
| (૬) લીમખેડા | ૭૪૧૩૭૨૧/- |
| (૭) ઝાલોદ | ૧૧૪૨૪૦૫૭/- |

રવિ/ઉનાળુ ૨૦૦૬-૦૭, ખરીફ ૨૦૦૭, રવિ/ઉનાળુ ૨૦૦૭-૦૮ માં દાહોદ જિલ્લામાં દાવા

(૩) ક્યા ક્યા તાલુકાની રકમ ચૂકવવાની બાકી છે?

મળવાપાત્ર થતા નથી.

(૩) પાક વીમાના મંજૂર થયેલ હોય તેવા ચૂકવવાના બાકી દાવા.

| ઋતુ | પાક | તાલુકો | પાક વીમાની રકમ રૂપિયા |
|---|---|---|---|
| ખરીફ-૨૦૦૮ | ડાંગર | ઝાલોદ | ૨૮૦૨૬૮/- |
| રવિ ૨૦૦૮-૦૯ | ઘઉં પિયત | ઝાલોદ | ૬૬૪૪૦/- |

------------

## પંચમહાલ જિલ્લામાં નવી શરતમાંથી જમીનોને જૂની શરતમાં ફેરવવાની અરજીઓ

૧૪૬૬૯**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી શરતની જમીનોને જૂની શરતમાં ફેરવવાની કેટલી અરજીઓ આવી,

(૨) આવેલ અરજીઓમાંથી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૩) નામંજૂર કરવાના કારણો શા છે?

**જવાબ**

(૧) લુણાવાડા - ૭
ખાનપુર - ૧૨૪
કુલઃ- - ૧૩૧

(૨) ૧૩૧.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં એક ગામથી બીજા ગામને જોડતા કાચા રસ્તા પાકા બનાવવા બાબત

૧૪૪૦૨**શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર એક ગામથી બીજા ગામને જોડતા કાચા રસ્તા પાકા બનાવવા કેટલી ફરિયાદો મળી, અને

(૨) આવી ફરિયાદો પૈકી કેટલા કામો મંજૂર થયા અને બાકી કામોને ક્યારે મંજૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧) તાલુકાવાર મળેલ રજૂઆતો નીચે મુજબ છે.

| **તાલુકો** | **મળેલ રજૂઆતો** |
|---|---|
| ધ્રાંગધ્રા | ૪ |
| લખતર | ૧ |
| હળવદ | ૬ |
| મુળી | ૪ |
| વઢવાણ | ૭ |
| ચોટીલા | ૮ |
| સાયલા | ૨ |
| લીંબડી | ૪ |
| ચુડા | ૨ |
| પાટડી | ૮ |
| કુલ... | ૪૬ |

(૨) ૬ કામ મંજૂર કરેલ છે. બાકીના કામોનું હાલ આયોજન નથી.

------------

## અમદાવાદ જિલ્લામાં આંગણવાડીને પોતાના મકાનો

૧૫૦૨૬**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ કેટલી આંગણવાડીઓને પોતાના મકાન નથી, અને

(૨) આ આંગણવાડીઓને પોતાના મકાનો બનાવવા અંગે સરકારે સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) અમદાવાદ શહેર - ૧૪૩૯
અમદાવાદ જિલ્લા - ૭૯૬
કુલ.. - ૨૨૩૫

(૨) આંગણવાડીના મકાન બાંધકામ માટે સને ૨૦૧૦-૧૧ માં નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧. | રાજ્ય બજેટ | ૨૦૦ |
| ૨. | જિલ્લા પંચાયત સ્વભંડોળ | ૨૦૦ |
| ૩. | વિવેકાધીન ગ્રાન્ટ | ૧૪ |
| ૪. | રીલાયન્સ | ૧૫૦ |
| | કુલ.. | **૫૬૪** |

------------

## પંચમહાલ જિલ્લાના પાકા રસ્તાથી વંચિત ગામો અને પેટાપરાઓ

૧૩૮૬૭**શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પંચમહાલ

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પંચમહાલ

જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો તથા પેટાપરા પાકા રસ્તાથી વંચિત છે, અને

જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના ૭ ગામો તથા ૮૫૬ પેટાપરા પાકા રસ્તાથી વંચિત છે.

| તાલુકો | પાકા રસ્તાથી વંચિત | |
|---|---|---|
| | ગામો | પેટાપરા |
| ગોધરા | ૦ | ૧૦૩ |
| મોરવાહડફ | ૦ | ૫૮ |
| કાલોલ | ૦ | ૪૫ |
| ઘોઘંબા | ૦ | ૩૯ |
| હાલોલ | ૦ | ૩૬ |
| જાંબુઘોડા | ૫ | ૨૩ |
| શહેરા | ૦ | ૮૭ |
| લુણાવાડા | ૦ | ૨૦૦ |
| ખાનપુર | ૨ | ૬૪ |
| સંતરામપુર | ૦ | ૬૭ |
| કડાણા | ૦ | ૧૩૪ |
| **કુલ :** | ૭ | **૮૫૬** |

(૨) આ વંચિત ગામોને પાકા રસ્તાથી જોડવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) ૭ મહેસૂલી ગામોના રસ્તાની લાઈનદોરી વન વિસ્તારમાંથી પસાર થતી હોઈ વન વિભાગની મંજૂરી મળેથી પાકા રસ્તાની સુવિધા આપવાનું આયોજન છે. ૫૦૦ થી વધુ વસ્તી ધરાવતા તમામ પરા અને ૨૫૦ થી ૪૯૯ વસ્તી ધરાવતા આદિજાતિ વિસ્તારના પરાને પાકા રસ્તાની સુવિધા આપવાનું આયોજન વિચારેલ છે.

### જામનગર જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળના રસ્તાના કામો

૧૫૪૭૬**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી(જામનગર (રુરલ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા રસ્તાના કામો, કેટલી રકમના મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) ૪૫ કામો રૂ. ૪૭.૫૫ કરોડના મંજૂર. |
| (૨) તે કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) મંજૂર કામો પૈકી, ૭ કામો પૂર્ણ, ૧ પ્રગતિમા અને ૩૭ ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

------------

### ગુજરાત મહેસૂલ પંચમાં પડતર કેસો

૧૪૦૦૩**ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગુજરાત મહેસૂલ પંચમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે, | (૧) ૫૩૪૯. |
| (૨) પડતર કેસો રહેવાના કારણો શાં છે, અને | (૨) ગુજરાત મહેસૂલ પંચની કાર્યવાહી અર્ધ ન્યાયિક પ્રક્રિયા હોવાના કારણે. |
| (૩) પડતર કેસોનો સત્વરે નિકાલ થાય તે માટે સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ ? | (૩) અર્ધ ન્યાયિક પ્રક્રિયા હોવાના કારણે કેસોના નિકાલમાં સમયમર્યાદા બાંધી શકાતી નથી, છતાં ઝડપી નિકાલ માટે પંચ ધ્વારા કાર્યવાહી કરાય છે. |

---------------

### વેરાવળથી કોડીનાર જતા નેશનલ હાઇવે પર પુલ બનાવવા અંગે

૧૪૬૬૭**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ વેરાવળથી કોડીનાર જતા નેશનલ હાઇવે પર કેટલા પુલો આવેલ છે, | (૧) ૩૨. |

(૨) તે અન્વયે ક્યા ક્યા પુલોની સ્થિતિ ખરાબ છે, અને

(૩) આવા ખરાબ પુલોને સ્થાને નવા પુલો બનાવવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) અને (૩) : મરામતની જરૂર હોય તેવા બે પુલો પૈકી શીગોડા બ્રીજની મરામતની કામગીરી પ્રગતિમાં છે અને હીરણ નદી પરના પુલના કામના ટેન્ડર માંગવામાં આવેલ છે.

------------

**વલસાડ જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ રસ્તાના કામો**

: ૧૫૪૭૮ **શ્રી રમણલાલ ના.પાટકર(ઉમરગામ):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ કેટલા રસ્તાના કામો કેટલી રકમના મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) તે કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨) :

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ મંજૂર થયેલ કામોની વિગત નીચે મુજબ છે.

| મંજૂર થયેલા કામો | રકમ (રૂા. લાખમાં) | પૂર્ણ | પ્રગતિ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ |
|---|---|---|---|---|
| ૨૬ | ૧૭૧૮.૫૦ | ૯ | ૫ | ૧૨ |

------------

**જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા, જામનગર અને કાલાવડ તાલુકામાં ખરીફ મગફળી પાકના વિમાની રકમ**

૧૪૦૭૫**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા, જામનગર અને કાલાવડ તાલુકાના સને ૨૦૦૯ ખરીફ મગફળી પાક વિમાના કેટલી રકમના દાવાઓ ચૂકવવાના બાકી છે,

(૨) બાકી રહેલા દાવાઓની માગણી કેન્દ્ર સરકાર સમક્ષ ક્યારે કરવામાં આવી, અને

(૩) બાકી રહેલા દાવાઓ સમયસર ચૂકવાય તે માટે સરકારે શી વ્યવસ્થા કરી ?

**જવાબ**

(૧) રાષ્ટ્રીય કૃષિ વીમા યોજનાની જોગવાઈ મુજબ ખરીફ-૨૦૦૯ ની સિઝન માટે નોટિફાઈડ થયેલ પાકોના યીલ્ડ ડેટા ભારતીય કૃષિ વીમા કંપનીને નિર્ધારિત કટ ઓફ ડેઈટ મુજબ ડીફાઈન્ડ એરીયાવાર હેકટર દીઠ ઉપજ મોકલવાની કામગીરી ચાલુ છે. જે મોકલ્યા બાદ ખરીફ-૨૦૦૯ની સિઝનના મળવાપાત્ર પાક વીમાના દાવા ભારતીય કૃષિ વીમા કંપની દ્વારા મંજૂર થયેથી મળવાપાત્ર દાવાની વિગતો ઉપલબ્ધ થશે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ખરીફ-૨૦૦૯ના પાક વીમાના દાવા મંજૂર થયેથી ચૂકવવામાં આવશે.

**કચ્છ જિલ્લામાં જમીન નોંધણી માટેની મળેલ ફરિયાદો**

૧૫૪૧૧ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા)માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન જમીન નોંધણી કરાવવા અંગે અધિકારીઓ દ્વારા ભ્રષ્ટાચાર થતો હોવાની કેટલી ફરિયાદો મળી,

(૨) કેટલી ફરિયાદો અંગે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) કેટલી ફરિયાદો પેન્ડીંગમાં છે ?

**જવાબ**

(૧) માનનીય મુખ્યમંત્રીશ્રીના ઓન લાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ ""સ્વાગત"" માં મોજે ભડલી તથા થરાવડા ગામનાં ખેડૂત ખાતેદારો તરફથી કુલ-૧૫ ફરિયાદો મળેલ છે.

(૨) તમામ ફરિયાદોમાં.

(૩) શૂન્ય.

------------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની સુવિધા**

૧૫૪૧૬ **શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓ વીજળીકરણની સુવિધાથી વંચિત છે, અને

(૧) ૯૧ પ્રાથમિક શાળાઓ.

(૨) આ સુવિધા ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૨) જેમ બને તેમ ઝડપથી.

------------

**આણંદ જિલ્લામાં કોતર સુધારણા પ્રોજેક્ટ પાછળ થયેલ ખર્ચ**

૧૫૩૪૩ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) આણંદ જિલ્લાના આંક્લાવ તાલુકામાં કેન્દ્રીય પુરસ્કૃત યોજના હેઠળ તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ કોતર સુધારણા માટે છેલ્લા ત્રણ વર્ષમાં કેટલો ખર્ચ થયો, અને

(૧) રૂા. ૩૮૦.૫૭ લાખ.

(૨) તેનાથી કેટલા ખેડૂતોને લાભ થયો ?

(૨) તેનાથી ૧૪૦૧ ખેડૂતો ને લાભ થયેલ છે.

------------

**આણંદ જિલ્લામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૫૪૬૦**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ ના વર્ષમાં આણંદ જિલ્લાની માધ્યમિક શાળાઓમાં કુલ કેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને

(૧) ૪૮ કન્યાઓને.

(૨) કન્યાદીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવેલ છે ?

(૨) રૂ. ૨૦૦૦/-.

**ભાવનગર જિલ્લામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૫૪૨૮ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાઓમાં કુલ કેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને

(૧) ૮૧ કન્યાઓને.

(૨) કન્યા દીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવેલ છે?

(૨) રૂ. ૨,૦૦૦/-

**જૂનાગઢ જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર શૈક્ષણીક ખાલી જ્ગ્યાઓ**

૧૩૮૭૦**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાની સરકારી, ગ્રાન્ટેડ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંર્વગવાર કેટલી શૈક્ષણિક જ્ગ્યાઓ મંજૂર થયેલ છે,

(૧)

| સંવર્ગ | માધ્યમિક ગ્રાન્ટેડ | | | ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ | | | |
|---|---|---|---|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | કુલ | સરકારી | ગ્રાન્ટેડ | કુલ | કુલ |
| આચાર્ય | ૧૨ | ૩૪૨ | ૩૫૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૩૫૪ |
| મ.શિ. | ૧૧૯ | ૩૨૫ | ૪૪૪ | ૧૪૪ | ૨૬૫ | ૪૦૯ | ૮૫૩ |
| શિ.સ. | ૦૦ | ૨૨૧૫ | ૨૨૧૫ | ૦૦ | ૪૭૪ | ૪૭૪ | ૨૬૮૯ |
| કુલઃ | ૧૩૧ | ૨૮૮૨ | ૩૦૧૩ | ૧૪૪ | ૭૩૯ | ૮૮૩ | ૩૮૯૬ |

(૨) તે અન્વયે મંજૂર થયેલ જ્ગ્યાઓ સામે સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ કેટલાં સમયથી ખાલી છે,

(૨)

| સંવર્ગ | માધ્યમિક ગ્રાન્ટેડ | | | ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ | | | |
|---|---|---|---|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | કુલ | સરકારી | ગ્રાન્ટેડ | કુલ | કુલ |
| આચાર્ય | ૦૩ | ૨૦ | ૨૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૩ |
| મ.શિ. | ૦૦ | ૩૬ | ૩૬ | ૦૦ | ૬૧ | ૬૧ | ૯૭ |
| શિ.સ. | ૦૦ | ૫૪ | ૫૪ | ૨૦ | ૧૨૮ | ૧૪૮ | ૨૦૨ |
| કુલઃ | ૦૩ | ૧૧૦ | ૧૧૩ | ૨૦ | ૧૮૯ | ૨૦૯ | ૩૨૨ |

પત્રક સામેલ છે.

(૩) આ જ્ગ્યાઓ કેટલાં સમયમાં ભરવામાં

(૩) શક્ય તેટલી વહેલી.

આવશે, અને

(૪) આવી જગ્યાઓ ભરવા માટે કેટલી સંસ્થાને એન.ઓ.સી. આપેલ છે અને કેટલી સંસ્થાને એન.ઓ.સી. આપવાની બાકી છે?

(૪)

| | | |
|---|---|---|
| ૧ | એન.ઓ.સી.આપેલ હોય તેવી સંસ્થા | ૭૧ |
| ૨ | એન.ઓ.સી. આપવાની બાકી હોય તેવી સંસ્થા | ૦૯ |
| ૩ | એન.ઓ.સી.માટે દરખાસ્ત રજૂ થયેલ નથી તેવી સંસ્થા | ૬૬ |
| ૪ | સરકારી શાળાઓ માટે એન.ઓ.સી.આપવાનો પ્રશ્ન રહેતો નથી. | |

**પત્રક**

| ક્રમ | સંવર્ગ | સમયગાળો | માધ્યમિક શાળાઓ | | | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | | | કુલ એકંદરે |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સરકારી | બિન સરકારી (ગ્રાન્ટેડ) | કુલ | સરકારી | બિન સરકારી (ગ્રાન્ટેડ) | કુલ | |
| ૧ | આચાર્ય | એક માસથી ઓછો | ૦ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૩ |
| | | એક માસથી ઉપર પરંતુ ત્રણ માસથી ઓછો | ૦ | ૭ | ૭ | ૦ | ૦ | ૦ | ૭ |
| | | ત્રણ માસથી ઉપર પરંતુ છ માસથી ઓછો | ૦ | ૮ | ૮ | ૦ | ૦ | ૦ | ૮ |
| | | છ માસથી ઉપર પરંતુ એક વર્ષથી ઓછો | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ |
| | | એક વર્ષ ઉપર પરંતુ ત્રણ વર્ષથી ઓછો | ૩ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૩ |
| ૨ | મ.શિ. | એક માસથી ઓછો | ૦ | ૦ | ૦ | ૦ | ૮ | ૮ | ૮ |
| | | એક માસથી ઉપર પરંતુ ત્રણ માસથી ઓછો | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૧૯ | ૧૯ | ૩૧ |
| | | ત્રણ માસથી ઉપર પરંતુ છ માસથી ઓછો | ૦ | ૧૧ | ૧૧ | ૦ | ૨૮ | ૨૮ | ૩૯ |
| | | છ માસથી ઉપર પરંતુ એક વર્ષથી ઓછો | ૦ | ૧૩ | ૧૩ | ૦ | ૬ | ૬ | ૧૯ |
| | | એક વર્ષ ઉપર પરંતુ ત્રણ વર્ષથી ઓછો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | શિ.સહાયક | એક માસથી ઓછો | ૦ | ૨૧ | ૨૧ | ૧ | ૫૫ | ૫૬ | ૭૭ |
| | | ત્રણ માસ ઉપર પરંતુ છ માસથી ઓછો | ૦ | ૧૪ | ૧૪ | ૮ | ૩૧ | ૩૯ | ૫૩ |
| | | છ માસથી ઉપર પરંતુ એક વર્ષથી ઓછો | ૦ | ૧૯ | ૧૯ | ૦ | ૪૨ | ૪૨ | ૬૧ |
| | | એક વર્ષ ઉપર પરંતુ ત્રણ વર્ષથી ઓછો | ૦ | ૦ | ૦ | ૧૧ | ૦ | ૧૧ | ૧૧ |
| | | **કુલ :** | **૩** | **૧૧૦** | **૧૧૩** | **૨૦** | **૧૮૯** | **૨૦૯** | **૩૨૨** |

## ભાવનગર જિલ્લાની પ્રાથમિક શાળાની જમીન ઉદ્યોગના હેતુ માટે ફાળવવા બાબત

૧૪૫૪૬ **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા)માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાનાં પઢીયારકા ગામની પ્રાથમિકશાળા તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જે સ્થળે કાર્યરત છે તે જમીન જો નિરમા લી. ને ઉદ્યોગનાં હેતુથી આપી દેવામાં આવેલ છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ પઢીયારકા ગામનાં શાળા વિહોણા બાળકો માટે શાળાનાં મકાન અંગે સરકારનું શું આયોજન છે, અને

(૩) તે ક્યારે પૂર્ણ થશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) - હાલ શાળા તેના મૂળ મકાનમાં ચાલુ છે.
- આ શાળાનું નવું મકાન નિરમા લિ.કંપનીએ તેમના ખર્ચે બાંધી આપવાની સંમતિ આપેલ હોઇ તેમના તરફથી નવું મકાન તૈયાર થાય ત્યાં સુધી હાલના સ્થળે શાળા ચાલુ રહેશે.

(૩) હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સાબરકાંઠા, પંચમહાલ અને વડોદરા જિલ્લામાં ઉદ્યોગગૃહોને ફાળવેલ જમીન

૧૪૭૩૪ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા, પંચમહાલ અને વડોદરા જિલ્લાના તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા ઉદ્યોગગૃહોને કેટલી જમીન આપી,

(૨) આ જમીનો ક્યા પ્રકારની છે,

(૩) સરકાર આવી જમીનો વર્ષોથી ખેડતા ગામડાના ખેડૂતોને એક એકરથી પાંચ એકર સુધીની આપવા માગે છે, અને

(૪) જો હા, તો આ માટેના હુકમો ક્યારે કરવામાં આવશે?

**જવાબ**

(૧) કોઇ ઉદ્યોગગૃહોને જમીન ફાળવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ પ્રકારના કેસમાં ગુણદોષ આધારે નિર્ણય કરવામાં આવે છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## રાજકોટ જિલ્લામાં નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા અને નોંધણી માટે અરજીઓ

૧૪૫૦૬**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તાલુકાવાર નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા અને વારસાઈની જમીન દફ્તરે નોંધણી કરવા અંગેની કેટલી અરજીઓ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નિકાલ માટે બાકી છે, અને

(૨) બાકી અરજીઓનો નિકાલ કરવા સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકો | જૂની શરતમાં ફેરવવાની અરજીઓ | વારસાઈની અરજીઓ |
|---|---|---|
| રાજકોટ શહેર | -- | ૧ |
| રાજકોટ તા. | ૩૧ | ૧૫ |
| જસદણ | -- | -- |
| લોધીકા | ૩ | ૧૨ |
| કોટડા-સાં. | ૧ | ૯ |
| ગોંડલ | ૧ | ૧૫ |
| જેતપુર | -- | -- |
| ધોરાજી | ૧ | -- |
| ઉપલેટા | -- | -- |
| જામકંડોરણા | ૧ | ૪૩ |
| મોરબી | -- | ૩૭ |
| ટંકારા | -- | -- |
| પડધરી | ૪ | ૪૬ |
| વાંકાનેર | -- | ૧૧૮ |
| માળીયા (મી) | -- | ૬૦ |
| **કુલ :** | **૪૨** | **૩૫૬** |

(૨) બાકી અરજીઓમાં જરૂરી પૂર્તતા મેળવીને નિકાલ કરવામાં આવી રહેલ છે.

------------

## વડોદરા, રાજકોટ અને અમદાવાદ જિલ્લામાં સાંથણીની જમીન

૧૪૧૫૯ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અનુસૂચિત જાતિના ઈસમોની વડોદરા-રાજકોટ અને અમદાવાદ જિલ્લામાં સાંથણીની જમીનની કેટલી અરજીઓ પડતરમાં છે,

(૨) છેલ્લે બે વર્ષમાં કેટલા ઈસમોને કેટલી જમીન આપવામાં આવી, અને

(૩) પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં થશે ?

**જવાબ**

(૧) વડોદરા, રાજકોટ અને અમદાવાદ જિલ્લામાં કોઇ અરજી પડતર નથી.

(૨) વડોદરા જિલ્લામાં ૨ ઇસમોને કુલ હે. ૧-૮૩-૩૬ ચો.મી. જમીન આપવામાં આવેલી છે. રાજકોટ અને અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિના કોઇ ઇસમોને જમીન આપવામાં આવી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સાબરકાંઠા જિલ્લામાં બાલીકા સમૃધ્ધિ યોજના હેઠળ કન્યાઓને સહાય

૧૫૭૨૬**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી કન્યાઓને બાલીકા સમૃધ્ધિ યોજના હેઠળ આવરી લીધેલ છે,

(૨) કેટલી સહાય ચૂકવેલ છે,

(૩) કેટલી કન્યાઓને સહાય ચૂકવવાની બાકી છે, અને

(૪) તે ક્યારે ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) ૪૬૯૯.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | મોડાસા | ૩૦૨ | ૨૪૪ | ૦ | ૦ | ૫૪૬ |
| ૨ | વિજયનગર | ૦ | ૨૪૪ | ૪૨ | ૦ | ૨૮૬ |
| ૩ | તલોદ | ૧૮૫ | ૦ | ૦ | ૫૪ | ૨૩૯ |
| ૪ | ધનસુરા | ૦ | ૦ | ૮ | ૦ | ૮ |
| ૫ | બાયડ | ૭૪ | ૨૧૮ | ૨૮૦ | ૧૦૦ | ૬૭૨ |
| ૬ | મેઘરજ | ૦ | ૭૫ | ૦ | ૦ | ૭૫ |
| ૭ | ઇડર | ૦ | ૨૬૦ | ૧૪૦ | ૦ | ૪૦૦ |
| ૮ | ખેડબ્રહમા | ૦ | ૧૩૫ | ૭૦ | ૦ | ૨૦૫ |
| ૯ | માલપુર | ૭૪ | ૨૦૧ | ૧૯૮ | ૦ | ૪૭૩ |
| ૧૦ | હિંમતનગર | ૪૮૨ | ૧૦૮ | ૫૦ | ૦ | ૬૪૦ |
| ૧૧ | વડાલી | ૩૬૭ | ૦ | ૨૩ | ૦ | ૩૯૦ |
| ૧૨ | પ્રાંતિજ | ૩૫૦ | ૨૫૩ | ૦ | ૦ | ૬૦૩ |
| ૧૩ | ભિલોડા | ૧૨૦ | ૪૨ | ૦ | ૦ | ૧૬૨ |
| | **કુલ સરવાળો** | **૧૯૫૪** | **૧૭૮૦** | **૮૧૧** | **૧૫૪** | **૪૬૯૯** |

(૨) રૂા. ૨૪,૦૧,૬૦૦/-.

(૩) ૭૨૩૮.

(૪) સત્વરે ચૂકવવામાં આવશે.

**રાજકોટ જિલ્લામાં આંગણવાડીઓનું સંચાલન સ્વેચ્છીક સંસ્થાઓને સોંપવા બાબત**

૧૫૪૦૬**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલી આંગણવાડીઓનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવામાં આવેલ છે, અને

(૨) આ સંસ્થાઓ કઈ કઈ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં એક પણ આંગણવાડીનું સંચાલન કોઇપણ સ્વૈચ્છિક સંસ્થાને સોંપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**માંડવી તાલુકાના ખરોલીથી હરિપુરના રસ્તા ઉપર કોઝવેનું બાંધકામ**

૧૫૫૭૫**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકાના નરેણ, ખરોલીથી હરિપુરા વરેહ ખાડી પર કોઝ-વેનું બાંધકામ ક્યારે હાથ ધરવામાં આવનાર છે, અને

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) અને (૨) : હાલ આયોજન નથી.

------------

**વડોદરા જિલ્લામાં પોર-કાયાવરોહણ, સાંધલી રસ્તાને પહોળો અને મજબુતીકરણ કરવા અંગે**

૧૫૪૫૬**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના પોર-કાયાવરોહણ-સાંધલી રસ્તાને સરકાર પહોળો તથા મજબુતીકરણ કરવા માંગે છે કે કેમ,

(૨) જો હા, તો આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૩) તેના ખર્ચનો અંદાજ શું છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ટેન્ડર પ્રક્રિયામાં.

(૩) અંદાજે રૂા. ૧૨૦૦.૦૦ લાખમાં.

**આણંદ જિલ્લાની પ્રાથમિક શાળોઓમાં સુવિધા**

૧૫૦૨૮**શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં કેટલા શોચાલયો અને પીવાના પાણીની સુવિધા તાલુકાવાર બનાવવાનું આયોજન હતું,

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં શોચાલયો અને પીવાના પાણીની સુવિધા માટે તાલુકાવાર આયોજન નીચે મુજબ હતું.

| અ.નં. | તાલુકાનું નામ | શાળાની કુલ સંખ્યા | સને ૨૦૦૭-૦૮ | | સને ૨૦૦૮-૦૯ | |
|---|---|---|---|---|---|---|
| | | | શોચાલયો | પીવાનું પાણી | શોચાલયો | પીવાનું પાણી |
| ૧ | આણંદ | ૧૯૪ | ૦૦ | ૨૮ | ૪૪ | ૦૦ |
| ૨ | ઉમરેઠ | ૧૧૧ | ૦૪ | ૧૪ | ૪૮ | ૦૦ |
| ૩ | બોરસદ | ૨૦૯ | ૦૦ | ૪૧ | ૭૭ | ૦૦ |
| ૪ | આંકલાવ | ૯૫ | ૦૦ | ૦૮ | ૩૦ | ૦૦ |
| ૫ | પેટલાદ | ૧૬૦ | ૧૨ | ૧૯ | ૨૪ | ૦૦ |
| ૬ | સોજીત્રા | ૫૮ | ૦૦ | ૦૩ | ૧૮ | ૦૦ |
| ૭ | ખંભાત | ૧૫૫ | ૦૭ | ૧૬ | ૩૪ | ૦૦ |
| ૮ | તારાપુર | ૫૨ | ૦૧ | ૦૫ | ૦૬ | ૦૦ |

| અ.નં. | તાલુકાનું નામ | શાળાની કુલ સંખ્યા | સને ૨૦૦૭-૦૮ | | સને ૨૦૦૮-૦૯ | |
|---|---|---|---|---|---|---|
| | | | શોચાલયો | પીવાનું પાણી | શોચાલયો | પીવાનું પાણી |
| | કુલ : | ૧૦૩૪ | ૨૪ | ૧૩૪ | ૨૮૧ | ૦૦ |

(૨) તે પેકી કેટલા શોચાલયો અને કેટલી પાણીની પરબો બનાવવામાં આવી, અને

(૨) શોચાલયો અને પાણીની સુવિધાનું કામ પૂર્ણ થયેલ છે.

(૩) બાકી કામો કેટલા સમયમાં પૂર્ણ થશે ?

(૩) જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં શોચાલય અને પાણીની સુવિધા પૂર્ણ કરવામાં આવેલ છે.

------------

## બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શોચાલયની સુવિધા

૧૪૦૭૩**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં કેટલા શોચાલયો બનાવવામાં આવ્યા, અને

(૨) કેટલી શાળાઓ શોચાલય વગરની રહે છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ તાલુકાવાર શોચાલયો બનાવવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | શોચાલયની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૩ |
| ૨ | ભાભર | ૨ |
| ૩ | દાંતા | ૪ |
| ૪ | દાંતીવાડા | ૩ |
| ૫ | ડીસા | ૧૪ |
| ૬ | દીયોદર | ૦ |
| ૭ | ધાનેરા | ૯ |
| ૮ | કાંકરેજ | ૨ |
| ૯ | પાલનપુર | ૪ |
| ૧૦ | થરાદ | ૯ |
| ૧૧ | વડગામ | ૫ |
| ૧૨ | વાવ | ૨ |
| | કુલ : | ૫૭ |

(૨) ૧૬૫ શાળાઓ.

## આણંદ જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા અંગે

૧૫૨૬૬**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ખેડૂતો નોંધાયેલ છે,

(૨) તે પેકી તાલુકાવાર કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થકાર્ડ આપવામાં આવ્યા, અને

(૩) કેટલા ખેડૂતો સોઈલ હેલ્થ કાર્ડ મેળવવાથી તાલુકાવાર વંચિત રહેલા છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કુલ ૧૫૯૩૬૯ ખેડૂતો નોંધાયેલ છે. જેની તાલુકાવાર માહિતી **પત્રક-૧** મુજબ છે.

(૨) તે પેકી તાલુકાવાર ૪૩૫૩૬ ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે. જેની તાલુકાવાર માહિતી **પત્રક-૨** મુજબ છે.

(૩) કુલ ૧૧૫૮૩૩ ખેડૂતો સોઇલ હેલ્થ કાર્ડ મેળવવાથી વંચિત રહેલા છે. જેની તાલુકાવાર માહિતી **પત્રક-૩** મુજબ છે.

### પત્રક - ૧

| ક્રમ નં. | તાલુકો | ખાતેદાર ખેડૂતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૨૩૨૧૩ |
| ૨ | ઉમરેઠ | ૨૧૪૦૬ |
| ૩ | બોરસદ | ૨૯૩૪૮ |
| ૪ | આંકલાવ | ૧૮૨૨૦ |
| ૫ | પેટલાદ | ૨૪૫૦૨ |
| ૬ | સોજીત્રા | ૧૩૩૦૮ |
| ૭ | ખંભાત | ૨૦૧૯૯ |
| ૮ | તારાપુર | ૯૧૭૩ |
| | કુલ : | ૧૫૯૩૬૯ |

### પત્રક - ૨

| ક્રમ નં. | તાલુકો | કુલ અપાયેલ સોઇલ હેલ્થ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૫૪૩૬ |
| ૨ | ઉમરેઠ | ૪૫૨૨ |
| ૩ | બોરસદ | ૭૯૩૫ |

| | | |
|---|---|---|
| ૪ | આંક્લાવ | ૩૮૦૮ |
| ૫ | પેટલાદ | ૭૦૮૩ |
| ૬ | સોજીત્રા | ૨૮૫૬ |
| ૭ | ખંભાત | ૭૬૭૭ |
| ૮ | તારાપુર | ૪૨૧૯ |
| | કુલ : | **૪૩૫૩૬** |

**પત્રક - ૩**

| ક્રમ નં. | તાલુકો | બાકી સોઇલ હેલ્થ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૭૭૭૭ |
| ૨ | ઉમરેઠ | ૧૬૮૮૪ |
| ૩ | બોરસદ | ૨૧૪૧૩ |
| ૪ | આંક્લાવ | ૧૪૪૧૨ |
| ૫ | પેટલાદ | ૧૭૪૧૯ |
| ૬ | સોજીત્રા | ૧૦૪૫૨ |
| ૭ | ખંભાત | ૧૨૫૨૨ |
| ૮ | તારાપુર | ૪૯૫૪ |
| | કુલ : | **૧૧૫૮૩૩** |

------------

**વલસાડ જિલ્લામાં મહિલા સંમેલન કરવામાં થયેલ ખર્ચ**

૧૫૬૬૬**શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં મહિલા બાળ વિકાસના કેટલા સંમેલનો કરવામાં આવ્યા,

(૨) તે પૈકી સંમેલનોમાં લાવવા લઈ જવા-વેતન ભથ્થું અને બેઠક વ્યવસ્થા સાથેનો ખર્ચ કેટલો થયો, અને

(૩) આવા સંમેલનોથી ક્યા પ્રકારના ફાયદાઓ થયા ?

**જવાબ**

(૧) એક મહિલા સંમેલન યોજાયેલ છે.

(૨) મહિલા સંમેલનમાં કુલ રૂ. ૨૧,૧૬,૩૪૪/- નો ખર્ચ થયેલ છે.

(૩) મહિલાઓને વિવિધ કલ્યાણકારી અને કાયદાકીય જોગવાઇઓથી અવગત કરાય છે.

-----------

**ખેડા જિલ્લામાં વિધવા બહેનોને સહાય માટેની અરજીઓ**

૧૪૬૪૪**શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી વિધવા બહેનોને સહાય મેળવવા માટેની અરજીઓ આવી,

**જવાબ**

(૧) તાલુકાવાર ૩૧૫૯ વિધવા બહેનોને સહાયની અરજીઓ આવી છે, જે નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૧-૦૨-૦૮ થી ૩૧-૦૧-૦૯ સુધી | ૧-૦૨-૦૯ થી ૩૧-૦૧-૧૦ સુધી | બે વર્ષની કુલ એકંદર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૪૭૪ | ૪૦૪ | ૮૭૮ |
| ૨ | બાલાસિનોર | ૧૫૪ | ૮૩ | ૨૩૭ |
| ૩ | કઠલાલ | ૧૬૧ | ૧૮૭ | ૩૪૮ |
| ૪ | કપડવંજ | ૨૨૫ | ૧૯૧ | ૪૧૬ |
| ૫ | ઠાસરા | ૨૪૯ | ૨૬૫ | ૫૧૪ |
| ૬ | વીરપુર | ૬૦ | ૪૬ | ૧૦૬ |
| ૭ | ખેડા | ૮૩ | ૬૪ | ૧૪૭ |
| ૮ | માતર | ૪૨ | ૪૮ | ૯૦ |
| ૯ | મહેમદાવાદ | ૧૫૨ | ૧૫૨ | ૩૦૪ |
| ૧૦ | મહુધા | ૬૨ | ૫૭ | ૧૧૯ |
| | કુલ : | **૧૬૬૨** | **૧૪૯૭** | **૩૧૫૯** |

(૨) આવેલ અરજીઓ અન્વયે કેટલી મંજૂર કરી સહાય આપવામાં આવી, અને

(૨) ૧૬૪૩ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| સમયગાળો | મંજૂર કરેલ અરજીઓ |
|---|---|
| તા. ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ સુધી | ૭૯૪ |
| તા. ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ સુધી | ૮૪૯ |
| કુલ : | ૧૬૪૩ |

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) બાકી રહેલ ૭૨ અરજીઓ પેકી ૫૮ અરજીઓનો નિકાલ કરેલ છે, જ્યારે ૧૪ અરજીનો સત્વરે નિકાલ કરી પાત્રતા ધરાવનારને લાભ અપાશે.

**સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં આંગણવાડીઓના મકાનો**

૧૫૪૧૦**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં કેટલી આંગણવાડી મંજૂર થયેલ છે,

(૨) એમાંથી કેટલી આંગણવાડીઓના મકાન બાંધવાના બાકી છે,

(૩) ઉક્ત સ્થિતિએ મકાન વગરના આંગણવાડીઓના બાળકો ક્યાં બેસે છે,

(૪) આંગણવાડીઓના મકાનો ન બાંધવા પાછળના કારણો શા છે, અને

(૫) ક્યાં સુધીમાં આ મકાનો બાંધવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ૪૫૦.

(૨) ૨૦૭.

(૩)

| | |
|---|---|
| ભાડાના મકાનમાં | ૧૯૫ |
| આંગણવાડી કાર્યકર/ તેડાગરના મકાનમાં | ૪ |
| સરકારી મકાનમાં | ૮ |

(૪) ભિલોડા તાલુકામાં ૩૬ મકાનોના બાંધકામ માટે જમીન ઉપલબ્ધ થયેલ નથી.

(૫) ચાલુ વર્ષે - ૪૯ મકાનો બનાવવાનું આયોજન છે. બાકીના ૧૫૮ મકાનો તબક્કાવાર બનાવવામાં આવશે.

**દાહોદ જિલ્લામાં નવી નોન ગ્રાન્ટેડ, કન્યા માધ્યમિક શાળાઓની માંગણીઓ**

૧૫૩૪૬ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઝાલોદ તાલુકામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કુલ કેટલી નવીન નોન ગ્રાન્ટેડ કન્યા માધ્યમિક શાળાની માંગણીઓ આવેલ છે, અને

(૨) આ પેકી કેટલી કન્યા માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ | આવેલ કન્યા શાળાની માંગણીઓ |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૦૦ |
| ૨૦૦૮-૦૯ | ૦૨ |
| ૨૦૦૯-૧૦ | ૧૧ |

(૨)

| વર્ષ | મંજૂર કરેલ કન્યા શાળાઓ |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૦૦ |
| ૨૦૦૮-૦૯ | ૦૨ |
| ૨૦૦૯-૧૦ | ૦૧ |

**લુણાવાડા તાલુકાના હાડોડ, ડેરચ, દાણીયા અને ચાંપેલી રોડને રી-કાર્પેટ કરવા બાબત**

૧૪૬૭૦**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાનો હાડોડ, ડેરચ, દાણીયા અને ચાંપેલી રોડ ઘણા સમયથી બિસ્માર હાલતમાં છે, એ સરકારની જાણમાં છે, અને

(૨) જો હા, તો આ રસ્તાને રીપેરીંગ કરી રી-કાર્પેટ કરવાની કામગીરી ક્યારે હાથ ધરવામાં આવશે ?

**જવાબ**

(૧) રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે.

(૨) રસ્તાને રી-કાર્પેટ કરવાની કામગીરી વર્ષ ૨૦૧૦-૧૧ના આયોજનમાં વિચારવામાં આવશે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં નાબાર્ડ યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તાઓ

૧૪૪૦૩ **શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાબાર્ડ યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તાઓ તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) નાબાર્ડ યોજના હેઠળ નીચે મુજબના રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા.

| **તાલુકો** | **મંજૂર રસ્તાઓ** |
|---|---|
| ધ્રાંગધ્રા | ૬ |
| લખતર | ૧૨ |
| હળવદ | ૮ |
| મુળી | ૧૨ |
| ચોટીલા | ૩૨ |
| **તાલુકો** | **મંજૂર રસ્તાઓ** |
| સાયલા | ૧૯ |
| લીંબડી | ૧૩ |
| ચુડા | ૭ |
| પાટડી | ૧૧ |
| **કુલઃ** | **૧૨૦** |

(૨) આ મંજૂર થયેલ રસ્તાઓ બાંધવા માટે કઈ કઈ એજન્સીઓ નક્કી કરવામાં આવી,

(૨)

| | | | |
|---|---|---|---|
| ૧. | પરફેક્ટ કન્સ્ટ્ર. કં. મહેસાણા | ૭. | ક્લાસીક નેટવર્ક પ્રા.લી. રાજકોટ |
| ૨. | શ્રીજી કન્સ્ટ્ર. કં. સુરેન્દ્રનગર | ૮. | સરસ્વતી કન્સ્ટ્ર. કં. અમદાવાદ |
| ૩. | સનરાઇઝ કન્સ્ટ્ર. કં. ચોટીલા | ૯. | કૃણાલ સ્ટ્રક્ચર (ઇ) પ્રા.લી. રાજકોટ |
| ૪. | સુરેશચંદ્ર એન્ડ કં. બાસ્પા | ૧૦. | ગુજરાત કન્સ્ટ્ર. કં. સુરેન્દ્રનગર |
| ૫. | સોલંકી કન્સ્ટ્ર. કં. સુરેન્દ્રનગર | ૧૧. | વરૂણ કન્સ્ટ્ર. કં. મહેસાણા |
| ૬. | શ્રીજી કન્સ્ટ્ર. કં. રાજકોટ | | |

(૩) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા કામો બાકી છે, અને

(૩) ૨૭ કામો પૂર્ણ, ૯૩ કામો બાકી છે.

(૪) પૂર્ણ કામોમાં કેટલું ખર્ચ કરવામાં આવેલ છે, બાકી કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) પૂર્ણ કામોમાં રૂા. ૧૭.૭૩ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. પ્રગતિ હેઠળના કામો નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## ખેડા જિલ્લામાં જંતુનાશક દવાઓ અને બિયારણની ગુણવત્તા જાળવવા સેમ્પલોની ચકાસણી

૧૪૦૦૪**ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં કૃષિયક જંતુનાશક દવાઓ અને બિયારણની ગુણવત્તા જાળવવા તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સેમ્પલો ચકાસવામાં આવ્યા,

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં કૃષિયક જંતુનાશક દવાઓ અને બિયારણની ગુણવત્તા જાળવવા તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે જણાવ્યા મુજબ ના સેમ્પલો ચકાસવામાં આવ્યા.

| ઇનપુટનું નામ | વર્ષ | |
|---|---|---|
| | ૨૦૦૮ | ૨૦૦૯ |
| જંતુનાશક દવા | ૯૨ | ૯૭ |
| બિયારણ | ૧૫૫ | ૧૩૪ |
| **કુલ** | **૨૪૭** | **૨૩૧** |

(૨) સરકાર દરમ્યાન આવ્યા સેમ્પલોમાં કઈ કઈ ક્ષતિઓ માલુમ પડી, અને

(૨) ચકાસણી દરમ્યાન બિન પ્રમાણિત થયેલ સેમ્પલોમાં નીચે મુજબની ક્ષતિઓ માલુમ પડી.
૧. જંતુનાશક દવાઓની નિયત કરેલ માત્રા કરતાં ઘટ માલુમ પડી
૨. બિયારણની જનીનિક શુધ્ધતામાં નિયત કરેલ માત્રા કરતાં ઘટ માલુમ પડી.

(૩) સરકાર દ્વારા જુન, જુલાઈ અને ઓગસ્ટ માસમાં ખેતી વિષયક કામગીરી વધુ થતી હોઈ આ માસમાં ચકાસણી ઝુંબેશ વ્યાપક બનાવવા માગે છે કે કેમ ?

(૩) હા.

**જામનગર જિલ્લામાં કોસ્ટલ હાઈવે નંબર-૬ ઉપર ભાદરા પાટીયાથી જોડીયા વચ્ચે પુલ ઊંચો બનાવવા બાબત**

૧૪૦૭૬ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર જિલ્લાના કોસ્ટલ હાઈવે નંબર-૬ ઉપર ભાદરા પાટીયાથી જોડીયા વચ્ચે આવેલ બેઠો પુલ (કોઝવે)ને બદલે ઉંચો પુલ બનાવવા માટે કોઈ વિચારણા થઈ છે કે કેમ, અને

(૨) આ કામ કેટલા સમયમાં મંજૂર કરી શરૂ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) વિચારણા થયેલ છે. હાલ હાથ પર લેવાનું આયોજન નથી.

------------

# શોકદર્શક ઉલ્લેખો

## ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી ડો. કેશવભાઈ રતનજી પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી ડો. કેશવભાઈ રતનજી પટેલનું તારીખ ૧૫મી માર્ચ, ૨૦૧૦ના રોજ ૮૯ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ ડો. પટેલનો જન્મ ૨૬મી જાન્યુઆરી, ૧૯૨૧ ના રોજ વલસાડ તાલુકાના ઓવાડા મુકામે થયો હતો. તેઓશ્રીએ અર્થશાસ્ત્રના વિષય સાથે એમ.એ., પી.એચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો હતો.

સ્વર્ગસ્થ ડો. પટેલે " હિંદ છોડો" ની ચળવળમાં ભાગ લઈ જેલવાસ ભોગવ્યો હતો. તેઓશ્રીએ વલસાડ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિમિટેડના મુખ્ય સ્થાપક તરીકે અને ગામડાંઓમાં માધ્યમિક શાળા, આશ્રમ શાળા તથા છાત્રાલયો ચલાવવામાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીએ વલસાડ તાલુકાના નીરા તાડ-ગોળ સહકારી મંડળી, ભાગલ- માલવણ વિભાગ સામુદાયિક સહકારી ખેતી મંડળી, વાંસ કામદાર સહકારી મંડળી, વલસાડ તથા હળપતિ સેવા સંઘની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહયા હતા. તેઓશ્રીએ ગુજરાત રાજય વહાણવટુ અને મચ્છીમાર સંઘની સ્થાપનામાં અગત્યનો ફાળો આપ્યો હતો. તેઓશ્રીએ આદિવાસી પ્રજાના શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિકાસ માટે તેમજ શ્રમજીવી સંગઠનોને મજબુત બનાવવા સઘન પ્રયત્નો કર્યા હતા.

સ્વર્ગસ્થ ડો. પટેલ ત્રીજી, ચોથી અને પાંચમી ગુજરાત વિધાનસભામાં વલસાડ મત વિસ્તારમાંથી ચુંટાઈને આવ્યા હતા. તેઓશ્રીએ તા.૧૯/૬/૧૯૭૫ થી તા. ૧૨/૩/૧૯૭૬ સુધી અને તા.૯/૮/૧૯૭૭ થી તા.૧૭/૨/૧૯૮૦ સુધી મહેસુલ, દુષ્કાળરાહત, રાહત અને પુન: વસન વિભાગના મંત્રી તરીકે મહત્વપૂર્ણ ફરજો બજાવી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક લોકસેવાના ભેખધારી, સહકારી ક્ષેત્ર અને સામાજીક કાર્યો સાથે સંકળાયેલ કાર્યકર ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહના પૂર્વ સભ્યશ્રી અને પૂર્વ મંત્રીશ્રી ડો. કેશવભાઈ રતનજી પટેલના દુ:ખદ અવસાન નિમિત્તે માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે તેમાં હું મારો સુર પૂરાવું છું. એ સમયમાં ઉચ્ચ શિક્ષણ ડોકટરેટ સુધીનું પ્રાપ્ત કરીને માત્ર પોતે જ શિક્ષિત થયા એટલું જ નહીં શિક્ષાની દીક્ષા પણ એમણે પછાત વિસ્તારમાં, આદિવાસી વિસ્તારમાં આપવા માટે આશ્રમ શાળાઓથી માંડીને અનેક શૈક્ષણિક સંસ્થાઓ સાથે ઓતપ્રોત થઈને જાહેર જીવનના સાચા સેવક તરીકે સ્વર્ગસ્થ ડો. કેશવભાઈએ સમાજ સેવા કરી હતી. દેશની આઝાદીમાં "હિંદ છોડો" ચળવળમાં પણ એક સ્વાતંત્ર્ય સેનાની તરીકે સ્વર્ગસ્થે જે દેશની આઝાદીમાં યોગદાન આપ્યું હતું એ ચિરંજીવી રહેશે. સહકારી સંસ્થાઓ અને સહકારી પ્રવૃત્તિઓમાં પણ સ્વર્ગસ્થનું યોગદાન એ હંમેશા યાદગાર રહેવાનું છે. હું તેમના અવસાનથી એમના પરિવારજનો ઉપર આવી પડેલા દુ:ખમાં અમારા સૌના વતી, આપણા સૌના વતી સહભાગીના, સહાનુભુતિના શબ્દો અર્પણ કરું છું. એમને સ્મરણાંજલી અર્પણ કરું છું અને એમના જીવનમાંથી આપણને સૌને સમાજ સેવાની પ્રેરણા મળતી રહે એ જ ઈશ્વરને પ્રાર્થના સાથે વિરમુ છું.

**શ્રી દોલતરાય ના. દેસાઈ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ડો. કેશવભાઈના અવસાન નિમિત્તે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શોકદર્શક ઉલ્લેખ કર્યો છે અને જેને વિરોધ પક્ષના નેતા શ્રી શકિતસિંહભાઈએ ટેકો આપ્યો છે તેને હું અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું.માનનીય કેશવભાઈ મોરારજીભાઈ દેસાઈના ખૂબ ગાઢ સાથી હતા અને ગાઢ સાથીના નાતે મોરારજીભાઈના આશીર્વાદ લઈને જ એમણે લઈને રાજકારણમાં ઝંપલાવ્યું હતું. વલસાડ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ એમણે ૩ ટર્મ સુધી કર્યુ હતું. માનનીય નરેન્દ્રભાઈએ બહુ સાચો ઉલ્લેખ કર્યો છે કે એમણે જે જે વિભાગો સમાજને જે રીતે સ્પર્શે તે રીતે વહાણવટુ સંઘ કહો કે પછી ખાર લેન્ડને નવસાધ્ય કરવા માટે ખારલેન્ડ મંડળી કહો કે મીઠા ઉત્પાદક સહકારી મંડળી કહો, કે નીરા તાડ-ગોળ સહકારી મંડળી કહો, જે બધી મંડળીઓના આદ્યસ્થાપક હતા, એટલે જે રીતે આર્થિક રીતે જેઓ પગભર નહોતા, એને આર્થિક રીતે પગભર કરવામાં મહામૂલો ફાળો આપ્યો છે. ખેડૂતોને સંલગ્ન વલસાડ સુગર ફૅક્ટરીના આદ્ય સ્થાપક હતા, વર્ષો સુધી એમણે ચેરમનપણું નિભાવી ખેડૂતોને પગભર બનાવવામાં મહામૂલો ફાળો જો કોઈએ આપ્યો હોય તો કેશવભાઈએ આપ્યો છે. આવાં અનેક કામો છે એમાં એવા કામ પણ છે કે તેઓ રચનાત્મક અભિગમથી કામ કરતાં આવેલ છે અને સમાજના નીચલા સ્તરના આર્થિક રીતે જેઓ પછાત હતા, એમને આર્થિક રીતે કઈ રીતે સફળ બનાવવા તે હંમેશા વિચારતા હતા. છેલ્લામાં છેલ્લે કોઈ કારણોસર બંને આંખો ગુમાવી અને છેલ્લા બે વર્ષથી એમના ધર્મપત્ની હંસાબેન સેવા કરતા હતા. તેમને સંતાન નહોતાં. આજે પણ હંસાબેન આજે એમના જે કઈ કામો છે, તેને સબળરીતે એનું નેતૃત્વ પૂરું પાડી રહ્યા છે. શિક્ષણ ક્ષેત્રે કહો તો શિક્ષણ ક્ષેત્રે બલવારામાં માધ્યમિક શાળા જે ૧૫૦૦ વિદ્યાર્થીઓની છે, એની ગુણવત્તા પણ

ઘણી ઊંચી છે. બીજી બે માધ્યમિક શાળાઓ ચાલે છે. નિવાસી આદિવાસી છાત્રાલય ચલાવે છે. નિવાસી શાળામાં એમનું રહેઠાણ અને અંગત દેખરેખથી વિદ્યાર્થીઓના ઉત્થાન માટે ભાગ લેતા હતા. આવી રીતે અનેક સમાજલક્ષી કામ કર્યાં છે. તેને વલસાડ તાલુકો હંમેશા યાદ રાખશે. જે રીતે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય શક્તિસિંહે શ્રદ્ધાંજલિ આપી છે, તેમને હું પણ શ્રદ્ધાંજલિ આપું છું. તેમની આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તે સાથે હું વિરમું છું.

**શ્રીમતી ઉષાબેન ગી. પટેલ(ભા.જ.પ.)** :માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને વિરોધ પક્ષના નેતાશ્રીએ અનુમોદન આપ્યું છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

વલસાડ જિલ્લાના ઓવાડા મુકામે જન્મીને એગ્રીકલ્ચર ઈકોનૉમિકમાં પી.એચ.ડી. નું શિક્ષણ મેળવીને મારા વલસાડ જિલ્લામાં એમણે શિક્ષણ દ્વારા એમણે સંદેશો આપી દીધો કે જેમને શિક્ષણની ભૂખ હોય તેમને કયારેય અવરોધ નડતો નથી. ખેડૂત શિબિરોમાં જવાનું થતું હતું, ત્યારે જ્યારે કોઈપણ સહકારી મંડળીની વાત થતી, તેમાં ઘણા વડીલો ઉલ્લેખ કરીને કહેતા આજે અમારા વલસાડ જિલ્લાની સહકારી મંડળી છે, એમાં સન્માનનીય સ્વ. કેશવભાઈનું ખૂબ મોટું યોગદાન રહ્યું છે. જ્યારે મંડળીની સ્થાપના કરીને ઘરેઘરે જઈને શેરફાળો ઉઘરાવીને આજે આવી મંડળીઓ ઊભી કરી છે. મારા વલસાડ જિલ્લો ટ્રાયબલ વિસ્તાર છે. ટ્રાયલબ જિલ્લામાં આજે સૌથી સારું સ્થાન, આગવું સ્થાન ધરાવતા હોય તો મારો વલસાડ જિલ્લો છે. એ રીતે એમને ચોક્કસ કહી શકું કે આજે કેશવદાદાએ યોગદાન આપ્યું છે એના અમે આભારી છીએ. મારો વલસાડ જિલ્લો સદાને માટે એમનો ઋણી રહેશે. વારસદારમાં નિ:સંતાન છે. એમના ધર્મપત્ની હંસાબેન એમની ઉપર જે આફત આવી છે, તે માટે પ્રભુ તેમને શક્તિ આર્પે. નજીકના વારસામાં બે બહેનો છે. એક બહેન ઓવાડા ખાતે રહે છે અને એક બહેન અબ્રાહામા ખાતે રહે છે. ભગવાન શક્તિ અર્પે એ સાથે સ્વ.કેશવદાદાને મારા શ્રદ્ધા સુમન અર્પણ કરું છું.

**અધ્યક્ષશ્રી** : સ્વ.ડો.કેશવજીભાઈના અવસાન અંગે માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લાવ્યા અને વિરોધપક્ષના નેતાએ સમર્થન કર્યું, દોલતભાઈ અને ઉષાબેને પોતાના વિચારો વ્યકત કર્યા તેમાં મારો સૂર પૂરાવું છું.

અધ્યક્ષપદ સંભાળ્યા પછી હું જે જિલ્લામાં જાઉં છું ત્યાં વરિષ્ઠ પ્રતિનિધિઓ હોય તેમને મળું છું. છએક મહિના પહેલાં હું જયારે વલસાડની મુલાકાતે ગયો ત્યારે પોતાના જીવનનો છેલ્લો દાયકો હોય અને એટલા આનંદથી તે બાળકોની વચ્ચે વિતાવતા હતા. તેઓશ્રી ગરીબ બાળકો, આદિવાસીના બાળકોની વચ્ચે રહેતા હતા. તેમનું અને હંસાબેનનું યુગલ હતું. તે જોઈ શકતા ન હતા. કેટલીક શારીરિક ખામીઓ અને થોડીક સાંભળવાની શકિતમાં ઉણપ ઉંમરને કારણે આવી હતી. ડો.કેશવજીભાઈ સાથે હું વિધાનસભામાં પહેલાં ચૂંટાઈને આવ્યો ત્યારે તે બાબુભાઈની સરકારમાં મહેસૂલ મંત્રી હતા. આઝાદી મળ્યા પહેલાં સ્વતંત્રતા માટે લડયા અને આઝાદી મળ્યા પછી આ દેશની અંદર લોક કલ્યાણના જે યજ્ઞો, લોક કલ્યાણના જે પ્રયોગો થયા તે મોટા ભાગના પ્રયોગો ગુજરાતમાં થયા અને તેવો એક વલસાડ જિલ્લામાં લોક કલ્યાણ અને વિશેષ કરીને વનબંધુ કલ્યાણ માટેના જે પ્રયોગો થયા તેના તે પ્રેરક પુરૂષ હતા. આપણે સૌએ અને આ સભાગૃહે એક વરિષ્ઠ સ્વજન ગુમાવ્યા છે. તેમને અંજલિ આપીએ છીએ. તેમના કુટુંબીજનોને અંજલિ ગૃહ વતી મોકલી આપીશ. આપણે સૌ બે મિનિટ મૌન પાળીને શ્રદ્ધાંજલિ અર્પીત કરીશું.

**બે મિનિટ મૌન બાદ**

**ઓમ શાંતિ, શાંતિ,** સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદગતના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### ઝેરી મધમાખીઓના ઉપદ્રવ અંગે

**શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય વન મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

" તાજેતરમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઝેરી મધમાખીઓનો ઉપદ્રવ વધી ગયો છે. અનેક માનવીઓ ઝેરી મધમાખીઓ કરડવાના કારણે તેના ભોગ બન્યા છે. જખ્મી બન્યા છે. તેમાં ખાસ ખેતી કામે જતા ખેડૂતો અને ખેતમજૂરો ભારે પરેશાની ભોગવી રહયા છે. મધમાખીઓ કરડવાથી મોત થવાના કેસો પણ નોંધાતા જાય છે, વધતા જાય છે. આ સંજોગોમાં ખેડૂતો અને ખેતમજૂરોમાં ફેલાયેલ ભય અને ગભરાટની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : ભારતમાં મધમાખીની ચાર જાતો જોવા મળે છે. જેમાં રોકણી(Giant Rock Bee ) નામની મધમાખી ભારતભરમાં ફેલાયેલ એક કુદરતી જીવ છે. જેને ઝેરી જાત કહેવી અયોગ્ય છે. આ મધમાખી કયારેય સામેથી કારણ વગર માણસ કે ઢોર ઉપર હુમલો કરતી નથી. જયારે કોઈપણ કારણે તેને

છેડછાડ કે ખતરો મહેસુસ થાય ત્યારે તેના મધપુડાના રક્ષણ માટે હુમલો કરે છે, જે કુદરતી નિયમ છે. રોકણી મધમાખી તથા મધમાખીની તમામ જાતો ખેતીપાક તથા ફળના બગીચાઓમાં પરાગનયનની પ્રક્રિયામાં મદદરૂપ થતી હોવાના કારણે પાકની ઉત્પાદકતા વધારે છે, જે એક પરોક્ષ ફાયદો છે. જેના કારણે તે મધમાખી તો ખેડૂતોની મિત્ર ગણાય છે.

ઝેરી મધમાખી વન્યજીવ સંરક્ષણ ધારા-૧૯૭૨ અન્વયે રક્ષિત વન્ય પ્રાણીઓની અનુસૂચિમાં સામેલ નથી. સામાન્ય રીતે મધમાખીની જાત Rock Bee (Apis dorsata) છે. જેનો કિટક વિભાગમાં સમાવેશ થાય છે.

ઝેરી મધમાખીના મધપુડાને અકસ્માતે અથવા જાણી જોઈને છંછેડવાથી આ માખી હુમલો કરે છે. ઝેરી મધમાખી કરડવાથી અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના પીયાવા ગામમાં તા.૨૨-૯-૨૦૦૯ના રોજ એક વ્યકિતનું મૃત્યુ નોંધાયેલ છે.

આ મધમાખીના મધપુડા દૂર કરવા લોકોને તથા અન્ય વિભાગને જરૂર પડે ત્યારે વન વિભાગ દ્વારા મધમાખીના મધપુડા દુર કરના લોકો સાથે સંપર્ક કરાવી મધપુડા દૂર કરાવવામાં મદદરૂપ થવામાં આવે છે. અમરેલી, જુનાગઢ અને ભાવનગર જિલ્લામાં તાજેતરમાં ઝેરી મધમાખીના ઉપદ્રવ માટે મદદરૂપ થઈ શકાય તે માટે ખેતીવાડી ખાતુ, રેવન્યુ ખાતુ, પોલીસ, આરોગ્ય વિભાગ અને વન વિભાગના અધિકારી/કર્મચારી દ્વારા ટીમ બનાવી જરૂરિયાત પ્રમાણે મદદરૂપ થવા માટે કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ ઉપરાંત લોકો જાતે મધમાખીને દુર કરી શકે તે માટેના ઉપાયો સુચવતી જનજાગૃતિ માટે પ્રેસનોટ પણ વન વિભાગ અમરેલી અને ભાવનગર દ્વારા છાપામાં આપવામાં આવેલ છે. (પ્રસેનોટ સામેલ છે)

**મધમાખીનો ઉપદ્રવ દૂર કરવા બાબત**

**ઉપદ્રવી મધમાખીની જાત :- Giant Rock Bee (Apis dorsata)**

મધમાખીઓ બાબતમાં અમુક જાણવા જેવી માહિતી:-

Giant Rock Bee મધમાખી ભારતભરમાં ફેલાયેલ સૌથી મોટી જાત છે. આ મધમાખી કયારેય સામેથી કારણ વગર માણસ કે ઢોર ઉપર હુમલો કરતી નથી. જયારે કોઈપણ કારણે તેને છેડછાડ કે ખતરો મહેસુસ થાય ત્યારે તેના મધપુડાના રક્ષણ માટે તે હુમલો કરે છે, જે કુદરતી નિયમ છે. આ મધમાખી તથા મધમાખીની જાતો ખેતી તથા ફળના બગીચાઓમાં પરાગનયનની પ્રક્રિયામાં મદદરૂપ થતી હોવાના કારણે ઉત્પાદકતા વધારે છે. જે એક ફાયદો છે. જેના કારણે ખરેખર મધમાખી ખેડુતોની મિત્ર ગણાય છે.

**નિયંત્રણના ઉપાય:**

(૧) આ મધમાખીને છંછેડવી નહીં અન્યથા તે કરડશે.

(૨) જે જગ્યા મધમાખીના કારણે રાબેતા મુજબના કામોમાં અડચણરૂપ થતી હોય અને બીજો કોઈ વિકલ્પ ન હોય તો નીચે મુજબના પગલા ભરવા હિતાવહ છે.

- ❖ આખા ગામમાં જયાં જયાં તીવ્ર અડચણરૂપ હોય તેવા આ મધપુડાના સ્થળ ઓળખી કાઢવા.
- ❖ આવા સ્થળ પર જતી વખતે સુગંધિત પદાર્થો જેવા કે સુગંધિત તેલ, અતર વગેરેનો ઉપયોગ ટાળવો.
- ❖ ટ્રેકટર પર લગાવેલા દવા છાંટવાના મોટરવાળા પંપ અથવા પેડલ સ્પ્રેયર (પગથી ચાલનાર દવા છાંટવાના પમ્પ) અથવા રોકર સ્પ્રેયર (હાથથી ચાલનાર દવા છાંટવાના પમ્પ) એકઠા કરવા.
- ❖ નિયંત્રણના કામમાં રોકાયેલ માણસ પોતાના રક્ષણ માટે સંપૂર્ણ ફાયરશુટ અથવા અલંગશુટ અથવા જાડા કપડા સંપૂર્ણ શરીરને ઢાંકીને પહેરવા તથા હાથમાં હાથમોજા અને બાઈકમાં વપરાતી સંપૂર્ણ વાઈઝરવાળી હેલ્મેટ પહેરવું.
- ❖ કેરોસીનની વાસથી મધમાખીઓને નજીક આવતી અટકાવી શકાય છે.
- ❖ ગામમાં નિયંત્રણ કરતાં પહેલાં લોકોને ચેતવણી આપવી અને લોકોના ટોળા એકત્રિત ન થાય તે માટે સખ્ત કાળજી લેવી.

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના નિવેદનમાં થોડીક ચિંતા વ્યકત કરી છે અને સાથે સાથે એવું કહયું છે કે આની છેડછાડ કરવામાં આવે અને આ તો કુદરતી છે. જંગલ વિસ્તાર અને ખેતી સાથે સંકળાયેલ છે. એટલા માટે તેની છેડછાડ કરવામાં આવે તો. માનનીય મંત્રીશ્રીને મારે પૂછવાનું કે ખેતમજૂરને કયાં મધમાખીનો પૂડો છે, કઈ જગ્યાએ છે. રજકો વાઢવો કે કેમ? મકાઈ વાઢવી કે કેમ? તેની ખબર નથી હોતી. છતાં વાઢવું પડે ત્યારે મધમાખી હુમલો કરે અને તે વખતે ઘણા ખેડૂતોને નુકસાન થયું છે. મારે મંત્રીશ્રી પાસે જાણવું છે કે આ મધમાખી ફકત ખેડૂતોના ખેતરોમાં અને જંગલોમાં થાય છે એવું નથી. ગાંધીનગરમાં આપણા સર્કિટ હાઉસમાં મોટો પાંચ કિલોનો પુડો છે. મેં આજે જોયો. મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે મધમાખી કરડવાથી, આ ઝેરી મધમાખી છે. બહું મોટી મધમાખી છે અને આના કરડવાથી ઘણા કેસોની અંદર ઘ ણા કિસ્સાઓમાં માણસ મૃત્યુ પણ પામ્યો છે. ત્યારે અમારે એટલી જ વાત કહેવાની છે કે..નિશાળ, પ્રાથમિક શાળામાં મધમાખીનો પુડો હોય, કોઈના ખેતરમાં હોય, મશીનની રૂમમાં હોય પણ એને છેડ્યા વગર જયારે કોઈ અધિકારીને જાણ કરવામાં આવે અને અમારી એક પ્રાથમિક શાળામાં દશ કિલોનો મધપૂડો હતો, ત્યારે મેં દરેક

જગ્યાએ ફોન કર્યા છતાં પણ કોઈ જવાબદારી લેવા માગતા નથી, એટલે મારે એટલી જ વાત કહેવાની છે કે, આ મધમાખીનો ઉછેર કરો એમાં અમને વાંધો નથી પણ જે મધમાખી કરડવાથી લોકોના જાનનું જોખમ ઉભું થાય છે ત્યારે કોઈપણ એક વિભાગને, વન વિભાગને કે મહેસૂલ વિભાગને અગર તો કોઈ ખેતીવાડી વિભાગને આની જવાબદારી આ સરકાર સોંપવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મધમાખીને ખેડૂતનો મિત્ર તરીકે પણ ગણેલ છે, મધમાખી કૃષિ પાકોમાં પરાગનયન માટે ખૂબ જ ઉપયોગી છે, કપાસ, રાયડો, વળીયારી, ધાણા, જીરૂ, અજમા, સુર્યમુખી, ઈબસગુલ, ખરસાણી, જુવાર, બાજરી, તેમજ બાગાયતી તેમજ રોકડિયા પાકોમાં ફૂલમાં પરાગરજ અને મધુરસ હોવાથી મધમાખી ખૂબ જ અનુકુળ આવે છે અને ફૂલોવાળા પાકોમાં મધમાખીની પરાગનયનની પ્રક્રિયાથી ૩૦ ટકા જેટલો પાક વધારે ઉત્પન્ન થાય છે એવું પણ એક તારણ છે, એમણે કહી એ વાત સાચી છે કે, એ ખેતરોમાં પણ હોય છે, મકાનોમાં પણ હોય છે પણ આ જે માખી છે એ જુદી જ પ્રકારની એક માખી છે, જે ઝેરી છે અને જિલ્લા લેવલે પણ અમે ફોરેસ્ટની, રેવન્યુ, પોલીસ ખાતુ આમ કરીને એક કમિટી બનાવી છે, અને આવી જયારે પણ જાણ થતી હોય ત્યારે તે વખતે આ ટીમ ત્યાં પહોંચે છે અને જે કંઈ મધપૂડા છે એ માખી લોકોને નુકસાન ન કરે એ રીતે એના મધપૂડા છે એને પણ ત્યાંથી અમે હઠાવીએ છીએ. આ બાબતે ચોકકસ વન વિભાગ કે રેવન્યુ કે પોલીસ ખાતુ કે કૃષિ વિભાગ સંલગ્ન રાખીને આવી મધમાખીથી કોઈને નુકસાન ન થાય તે અંગેનાં તકેદારીનાં પૂરા પગલાં લેવામાં આવે છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** :માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, મંત્રીશ્રીએ જે કહયું કે, મધમાખી ખેડૂતનો મિત્ર છે, એ મીઠી મધમાખી હોય છે અને ખરા અર્થમાં હમણાં દશ દિવસ પહેલાં મારા મત વિસ્તારના મોરબી તાલુકાના ઝિકીયારી ગામમાં એક ખેતરની અંદર એક ખેડૂત પુત્ર હતો અને એના પિતાજી હતા અને એક આદિવાસી બાઈ હતી આ જયારે ખેતરમાં કામ કરી રહયા હતા ત્યારે આ ઝેરી મધમાખીના ઝુંડે એમના ઉપર જબરજસ્ત હુમલો કર્યો એના કારણે એ ખેડૂતનું મૃત્યુ થયું, અને બાઈ અને પેલા ખેડૂતના પુત્રને હોસ્પિટલમાં અઠવાડિયા સુધી દાખલ કરવા પડયા હતા અને ત્યાર બછી બીજા દિવસે એ જ ગામમાં બીજા ખેતરમાં હુમલો કરવાને કારણે એક ખેડૂતને ગંભીર ઈજા મધમાખીઓએ પહોંચાડી હતી એને પણ હોસ્પિટલમાં દાખલ કરવા પડયા હતા, ત્યારે મારે એટલું જ જાણવું છે કે જયારે રાજય સરકારે ખેડૂતો માટે વીમા યોજના દાખલ કરી છે, તો આ પણ એક અકસ્માત-વીમો ગણાય કારણ કે આ ખેડૂત ખેતરમાં કામ કરતો હતો એના કારણે આ ઈજા થઈ અને મૃત્યુ પામ્યો છે , તો આને ખેડૂત વીમાનો લાભ મળે કે નહીં?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૨૨-૯-૨૦૦૦ના દિવસે એક અશોકભાઈ કરીને આ મધમાખી કરડવાથી મૃત્યુ પામ્યા છે, અને કૃષિ વિભાગનો મારી પાસે એક પત્ર છે, મધમાખીના કરડવાથી ઝેર ચડવાથી ખાતેદાર ખેડૂતનું મૃત્યુ થાય તો આકસ્મિક મૃત્યુ ગણીને એને ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના નીચે લાભ મળવાની વાત વિચારણા હેઠળ છે એટલે એમણે એમાં અરજી કરવી જોઈએ, (અંતરાય) અને કૃષિ મંત્રીશ્રી એમ પણ કહે છે કે આમાંથી આપવામાં આવશે, એટલે માનનીય મોહનભાઈ કહે છે એ અરજી કરે તો એમને આ અકસ્માત વીમાનો લાભ મળશે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપની મારફત હુ જાણવા માગું છું કે, તાજેતરમાં ઘણા વિસ્તારોની અંદર આ ઝેરી મધમાખીઓનો ઉપદ્રવ વધી ગયો છે, મારા તાલુકાની અંદર એક પ્રેમગઢ ગામ છે ત્યાં આગળ મધમાખીઓએ બે ત્રણ ખેડૂતો પર હુમલો કર્યો હતો અને ખેડૂતોએ મને ફોન કર્યો એટલે મેં તાત્કાલિક કલેકટરશ્રીને ફોન કરી અને જે કાર્યવાહી થતી હતી એ કરાવડાવી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ મધમાખીના કારણે ખેડૂતોમાં ખૂબ ભય ફેલાય જાય છે તો આ મધમાખી કરડ્યા પછી એની કઈ કાળજી લેવામાં આવે છે? અને બીજું આ મધમાખી છે એ વન્ય સંરક્ષણ ધારા નીચે રક્ષિત છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ મધમાખી છે એ કિટકમાં આવે છે એટલે જીવજંતુમાં આવે છે. આના માટે એક પ્રેસનોટ આપીને પણ જાહેરાત કરેલી છે કે શું કાળજી લેવી જેથી લોકોમાં એની અવેરનેસ આવે અને એવા એક પ્રયત્ન અમે તાલુકા લેવલે કરીએ છીએ કે જે ગામમાં આવા કોઈ મધમાખીના મધપૂડા હોય તો ત્યાં તાલુકા વિકાસ અધિકારી, તલાટી, ગ્રામ સેવક, શિક્ષક આ બધાને ભેગા કરીને ગામમાં મિટિંગ કરીને એને માટે જે પગલાં લેવાના છે એ પગલાં લેવા માટેની જાહેરાત કરીએ છીએ અને એની સાથે ગ્રામ સેવક કે તલાટી પાસે દવા પણ રાખીએ છીએ કે જેથી આવી રીતે અચાનક કોઈ જગ્યાએ કોઈને મધમાખી કરડી હોય તો એને દવા આપીને તુરત કાબૂ લાવી શકાય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે બે બાબત પુછવું છે. પહેલી વાત તો એ કે આ જાયન્ટ રોક બી છે. ઝેરી મધમાખી છે એને એવરેજ મધમાખીની વ્યાખ્યામાં નહીં મૂકતા ખેડૂત મિત્ર છેને એ બધી વાતો બીજી મધમાખી માટે રાખીએ. અહીંયા બંને પક્ષના સભ્યશ્રીઓએ ચિંતા વ્યકત કરી એજ રીતે ભાવનગર તાલુકામાં એક ભેંસ, એક બાળક, ચાર કૂતરાઓના મૃત્યુ આ મધમાખી કરડવાના કારણે થયા. ફોરેસ્ટ વિભાગ, ખેતીવાડી વિભાગને સતત સરપંચોએ ફોન કર્યા કોઈ મદદે ન આવ્યું, ગામના લોકોએ જોખમ લઈને આ મધપૂડાનો નિકાલ કર્યો આ સંજોગોમાં આના માટેની એક્સપર્ટ કમિટી રાખીને કે જે ટીમ જ્યાંથી આવી ફરિયાદ આવે ત્યાં

મધપૂડાનો નિકાલ કરવા જાય એવી વ્યવસ્થા કરવા માગીએ છીએ કે કેમ? બીજું માનનીય મંત્રીશ્રીએ એક સારી વાત કરી કારણ કે, આપના નિર્ણયો પણ છે અને ભૂતકાળમાં ministry has a collective responsibility એમણે પહેલા કહ્યું વિચારણા નીચે છે અને પછી મોહનભાઈને કહ્યું કે, અરજી કરો એને લાભ મળી જશે એનો અર્થ એ થયો કે સરકારે અત્યારે નિર્ણય જાહેર કરી દીધો કે, મધમાખી કરડશે એને પૂરેપૂરી વળતરની રકમ અકસ્માત મૃત્ય ગણીને આપવામાં આવશે. એ આપની જાહેરાત છે એનો અર્થ એ કે વિચારણા પૂરી થઈ ગઈ આપે જાહેરાત કરી એટલે પણ હવે એનું અમલીકરણ જે તે વિભાગમાંથી તાત્કાલીક થાય એવું આપ કરવા માગો છો કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અકસ્માત વીમા યોજનામાં એમણે અરજી કરવી પડે અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે એમાં વીમાનો લાભ આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી એમણે વાત કરી કે આને માટે કોઈ વ્યવસ્થા છે કે કેમ? મેં એમને એમ પણ કહ્યું છે કે, જિલ્લાની સમિતિ બની છે, તાલુકાની સમિતિ પણ બની છે અને મધપૂડા ઉડાડવા માટેની ચોક્કસ ટીમ આવે છે દેવીપૂજક ભાઈઓની અને સુરેન્દ્રનગરની એક ટીમ આજે પણ અમરેલીમાં છે અને ત્યાં આજે જ ઓપરેશન કરી રહી છે એટલે આને માટે સરકાર ચોક્કસ ગંભીર છે અને જે તે જગ્યાએ આવા મધમાખીના ઝૂંડ હશે તેને હટાવવા માટે પૂરેપૂરી કાળજી લેવામાં આવશે.

**અધ્યક્ષશ્રી :** માનનીય કૃષિમંતીશ્રી, આપ કોઈ જાહેરાત કરવા માગો છો?

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મધમાખીના કારણે કોઈ ખેડૂતનું મૃત્યુ થાય તો એ વીમાથી રક્ષિત છે કે કેમ? એ એક સવાલ છે. કોઈ પણ ખેડૂતનું મૃત્યુ થાય ત્યારે એ આકસ્મીક મૃત્યુની વ્યખ્યામાં આવતું હોય કોઈ એક્સીડન્ટથી, કોઈ સર્પદંશથી, મધમાખીના દંશથી કે કોઈ કૂવામાં પડી જવાથી, ઈલેકિટ્રક શોકથી એમ કોઈ આકસ્મીક મૃત્યુની વ્યાખ્યામાં આવે એ તમામ ખેડૂતોને આખા દેશમાં માત્ર આપણા રાજ્યમાં આપણી સરકારનું એક લાખ રૂપિયાનું વીમા કવચ છે

# માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ)

## શિક્ષણ વિભાગ

### માગણી ક્રમાંક ૮

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગની સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૭,૪૭,૮૫,૦૦૦/-ની માગણી ક્રમાંક ૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી**

કાપ દરખાસ્ત ક્રમાંક ૧, માનનીય સભ્યશ્રી ગેરહાજર

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરું છુ.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છુ.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રભુભાઈ વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છુ.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિહ મો. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છુ.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છુ.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરંજ્યાદિત્યસિંહજી પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છુ.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ વહીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છુ.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

### માગણી ક્રમાંક-૯

## શિક્ષણ વિભાગ

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૯૧,૧૫,૧૧,૮૬,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂા.૨,૯૮,૧૫,૯૮,૦૦૦/- ની માગણી ક્રમાંક-૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૯ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ : માનનીય સભ્યશ્રી ગેરહાજર**

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧ : માનનીય સભ્યશ્રી ગેરહાજર**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી દીતાભાઈ ભી. મછાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૬ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭ : માનનીય સભ્યશ્રી ગેરહાજર**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૦ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૪ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૪૩**

**ગૃહ વિભાગ**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧૮,૫૬,૧૦,૮૯,૦૦૦/- ની માગણી ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી સુરેશકુમાર ચ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૪ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૫ : માનનીય સભ્યશ્રી ગેરહાજર**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૬ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૭ : માનનીય સભ્યશ્રી ગેરહાજર**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૮ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૪૪**

**ગૃહ વિભાગ**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જેલ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૪૫,૮૩,૯૬,૦૦૦/- ની માગણી ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૪૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૭૪**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

**શ્રી અમિત શાહ ( પરિવહન મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવહન સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૬,૩૪,૨૪,૭૫,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા.૨,૭૪,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૭૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૭૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૯ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૫૦ : માનનીય સભ્યશ્રી ગેરહાજર**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫૭ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૮ રજૂ કરું છું.

# સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરૂવાર, તા ૧૮-૩-૨૦૧૦ (છઠ્ઠા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **શિક્ષણ વિભાગ<br>માગણી નં. ૮** | | |
| ૧. * | ૨૨૫૧ સચિવાલય...સેવાઓ<br>૦૯૦ સચિવાલય<br>૦૧ શિક્ષણ વિભાગ<br>રૂા.૫,૯૭,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૪, પા.નં.૧૩૦-૧૩૧ | ૧૦૦ | ગુજરાતના યુવાનો ફાંકડુ અંગ્રેજી બોલી શકે તે માટે શરૂ કરવામાં આવેલા " સ્કોપ" ના મોટા ભાગના સેન્ટરો બંધ હાલતમાં છે તેને પુનઃ શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨. | -- " -- | ૧૦૦ | જિલ્લા શિક્ષણધિકારીઓને ખાનગી શાળાઓના સંચાલકો ગાંઠતા નથી તે પરિસ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરસિંહ બારડ |
| ૩. | -- " -- | ૧૦૦ | શાળાઓમાં ધો.૧૧ અને ૧૨ના અભ્યાસક્રમો સમયસર પૂરા થતા નથી અને વાર્ષિક પરીક્ષા પહેલાં જ શાળાઓમાં વિદ્યાર્થીઓના વિદાય સભારંભ યોજાતા હોય છે તે પરિસ્થિતિ નિવારી પૂરતી હાજરી રહે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૪. | -- " -- | ૧૦૦ | ફીકસ પગારને બદલે પૂરા પગારથી શિક્ષકો-વિદ્યાસહાયકોની ભરતી કરી શિક્ષણનું સ્તર ઉંચુ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રભુભાઈ વસાવા |
| ૫. | -- " -- | ૧૦૦ | શાળાઓની મંજૂરી આપવામાં ચાલતી વ્યાપક ગેરરીતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રામસિંહ પરમાર |
| ૬. | -- " -- | ૧૦૦ | ખાનગી કોલેજો / શાળાઓમાં ફીના ધોરણો જળવાતા નથી અને મનફાવે તેમ વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલાય છે તે અટકાવવામાં તંત્રની ઘોર નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| ૭. | -- " -- | ૧૦૦ | ખાનગી શાળા-કોલેજોની ઉંચી ફી ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને પરવડતી નથી ત્યારે વધુ સરકારી શાળા-કોલેજો ખોલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરંજયાદિત્યસિંહજી પરમાર |
| ૮. | -- " -- | ૧૦૦ | એન્જિનિયરીંગ કોલેજોમાં પ્રિન્સિપાલ- પ્રોફેસરો અને આસી.પ્રોફેસરોની મોટા પાયે ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| | | **માગણી નં. ૯** | | |
| ૯. | ૨૨૦૨ સામાન્ય શિક્ષણ<br>૦૧ પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા.૪,૬૫,૫૨,૦૦૦<br>અં.પ્ર.નં.૪, પા.નં.૧૮ થી ૨૨ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની અનિયમિત હાજરી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બાબુભાઈ શાહ |
| ૧૦.* | ૨૨૦૨ સામાન્ય શિક્ષણ<br>૦૧ પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા.૪,૬૫,૫૨,૦૦૦<br>અં.પ્ર.નં.૪, પા.નં.૧૮ થી ૨૨ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં જરૂરિયાત મુજબના વર્ગો-ઓરડાઓ બાંધવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૧.* | -- " -- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓને નિયમ વિરુધ્ધ મંજૂરીઓ અપાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૨. | -- " -- | ૧૦૦ | ખાનગી પ્રાથમિક શાળાઓમાં ફીના ધોરણો ઉંચા છે તેને અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પરેશભાઈ વસાવા |
| ૧૩ | ૨૨૦૨ સામાન્ય શિક્ષણ<br>૦૧ પ્રારંભિક શિક્ષણ<br>૧૦૮ પાઠય પુસ્તકો<br>રૂા. ૩૪,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪, પા.નં. ૩૦ | ૧૦૦ | પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પૂરા પાડવાના પુસ્તકો ખુલ્લેઆમ બજારમાં વેચાતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મણીભાઈ પટેલ |
| ૧૪. | ૨૨૦૨ સામાન્ય શિક્ષણ<br>૦૨ માધ્યમિક શિક્ષણ<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા. ૬,૦૩,૭૪,૦૦૦<br>અં.પ્ર.નં.૪, પા.નં. ૩૪ થી ૩૮ | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડના કર્મચારીઓને સુપ્રિમ કોર્ટના આદેશ પછી પણ લાંબા સમય સુધી એક યા બીજા બહાને કાયમી કરવાના લાભો આપવામાં થતા વ્યાપક વિલંબ સામે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૫. | -- " -- | ૧૦૦ | ધો. ૧૦-૧૨ ની પરીક્ષામાં વિદ્યાર્થીઓની જવાબવાહીઓ બિનતાલીમી શિક્ષકોના બદલે તાલીમી શિક્ષકો ારા ચકાસાય તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હીરાભાઈ પટેલ |
| ૧૬. | -- " -- | ૧૦૦ | ધો. ૧૦-૧૨ ની પરીક્ષામાં સ્કવોર્ડ ારા વિદ્યાર્થી માનસ ઉપર ભયનુ વાતાવરણ ઉભુ કરાય છે તે નિવારવામાં તંત્રની | શ્રી દિતાભાઈ મછાર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા. | |
| ૧૭. * | ૨૨૦૨ સામાન્ય શિક્ષણ<br>૦૨ માધ્યમિક શિક્ષણ<br>૧૦૯ સરકારી .......શાળાઓ<br>રૂા. ૨,૩૮,૫૧,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૪, પા.નં. ૪૨ થી ૪૭ | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓના કથળેલા વહીવટ, અપૂરતો સ્ટાફ, નબળા પરિણામો સામે શાળાઓની ગુણવત્તા સુધારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૮. | ૨૨૦૨ સામાન્ય શિક્ષણ<br>૦૩ યુનિવર્સિટી.......શિક્ષણ<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા.૭૫,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪, પા.નં. ૫૪ થી ૫૬ | ૧૦૦ | કોલેજોમાં રેગીંગ કરતા વિદ્યાર્થીઓ સામે સખત પગલાં લઈ કાયમી ધોરણે એડમીશનો રદ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૧૯. * | -- " -- | ૧૦૦ | યુનિવર્સિટીઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૦. | -- " -- | ૧૦૦ | હોસ્ટેલોમાં બળાત્કાર-છેડતી અને મારામારીના બનાવો અટકાવી આવા બનાવો માટે જવાબદાર આવારા તત્વો સામે કડક પગલાંઓ લેવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલ જોષીયારા |
| ૨૧. | -- " -- | ૧૦૦ | સરકારી કોલેજોમાં વર્ષોથી એક જ જગ્યાએ ફરજ બજાવતા અધ્યાપકોને અન્ય કોલેજોમાં મુકવામાં તંત્રની ઉદાસીનતા. | ડૉ. અનિલ જોષીયારા |
| ૨૨. * | ૨૨૦૨ સામાન્ય શિક્ષણ<br>૦૩ યુનિવર્સિટી.......શિક્ષણ<br>૧૦૨ યુનિવર્સિટીઓને સહાય<br>રૂા. ૧,૭૮,૪૭,૫૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૪, પા.નં. ૫૪ થી ૬૦ | ૧૦૦ | યુનિવર્સિટિઓના નાણાકીય વહીવટનું આંતરીક ઓડિટ કરી ગેરરીતિ બહાર લાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૩. | ૨૨૩૬ પોષણ<br>૦૨ પોષણ......વિતરણ<br>૧૦૨ મધ્યાહન ભોજન....<br>( કે.યુ.યો.)<br>રૂા. ૪,૫૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪, પા.નં. ૧૨૭ થી ૧૨૮ | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનામાં હલકા પ્રકારના ભોજનના કારણે બાળકોના સ્વાસ્થ્ય ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બચુભાઈ કિશોરી |
| ૨૪. | -- " -- | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનામાં અપાયેલ પુરવઠાની કેન્દ્રના સંચાલકો દ્વારા થતી વ્યાપક ચોરીઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરણકુમાર મકવાણા |
| | | **ગૃહ વિભાગ**<br>**માગણી નં.૪૩** | | |
| ૨૫. | ૨૦૫૫-પોલીસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧ પોલીસ.....મહા નિરીક્ષક<br>૧૦,૨૮,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨, પા.નં.૨૮ થી ૨૯ | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં ડી સ્ટાફ દ્વારા થતા ઉઘરાણા અટકાવવા તથા ડી સ્ટાફનુ વિસર્જન કરી તેમને અન્ય જવાબદારી સોંપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| ૨૬. | -- " -- | ૧૦૦ | ગાંધીનગરના વાવોલ ખાતે પોલીસ ચોકી શરુ કરવાની લાંબા સમયની આમજનતાની માંગણી સત્વરે પૂરી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુરેશ પટેલ |
| ૨૭. | -- " -- | ૧૦૦ | પોલીસ ઈન્સ્પેકટરોની નબળી કામગીરી સામે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨૮. * | -- " -- | ૧૦૦ | પોલીસ તંત્રની કામગીરીમાં થતી રાજકીય દખલગીરી બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૯. | -- " -- | ૧૦૦ | બાહોશ અને અનુભવી અધિકારીઓને યોગ્ય જગ્યાએ નિમણૂક આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રાઘવજીભાઈ પટેલ |
| ૩૦. * | -- " -- | ૧૦૦ | પોલીસ સબ ઇન્સ્પેકટરોની ભરતી વખતે થતી ગેરરીતિ રોકવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૧. | -- " -- | ૧૦૦ | કોન્સ્ટેબલોની જિલ્લા ફેર માગણીઓ પ્રત્યે સહાનુભૂતિપૂર્વક નિર્ણય લેવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૩૨. | -- " -- | ૧૦૦ | રાજયમાં પોલીસ સબ ઈન્સ્પેકટરો - તેમજ પોલીસ કર્મચારીઓની મોટી ઘટ સત્વરે પૂરી કરી કાયદો વ્યવસ્થાની જાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હરીલાલ પટેલ |
| ૩૩. | ૨૦૫૫-પોલીસ | ૧૦૦ | અસામાજીક તત્વોના ત્રાસ બાબતે | શ્રી ઈકબાલ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૯-જિલ્લા પોલીસ<br>૦૧ ૦ભ.-૬ જિલ્લા......ખુદ<br>રૂા. ૮,૮૪,૯૮,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨, પા.નં. ૪૨-૪૩ | | આમજનતા ફરિયાદ કરે છે ત્યારે પોલીસ તેમની રજૂઆત સાંભળતી નથી અને આમજનતા આંદોલન કરે છે ત્યારે તેમની ઉપર લાઠીચાર્જ કરી ઈજાઓ પહોંચાડાય છે તેવા બનાવોમાં જવાબદાર પોલીસો સામે કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૪. | -- " -- | ૧૦૦ | ગુનેગારો હાઈટેક સાધનો વાપરે છે ત્યારે પોલીસ પાસે પૂરતા સાધનો ન હોવાથી ગુન્હેગારોને પકડી શકાતા નથી આવી વિષમ પરિસ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમરસિંહ વસાવા |
| ૩૫. * | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯-જિલ્લા પોલીસ<br>૦૧ ૦ભ.-૬ જિલ્લા......ખુદ<br>રૂા. ૮,૮૪,૯૮,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨, પા.નં. ૪૨-૪૩ | ૧૦૦ | પોલીસ કર્મચારીઓને અપાતા સાયકલ ભથ્થા અને ધોલાઈ ભથ્થામાં લાંબા સમયથી વધારો કરાયો નથી તે વધારો કરી અસંતોષ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૬. | -- " -- | ૧૦૦ | બુટલેગરોને પોલીસ રક્ષણ મળે છે જયારે આમજનતા ઉપર પોલીસ અત્યાચાર કરે છે તેવી પરિસ્થિતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૩૭. * | -- " -- | ૧૦૦ | દારુ જુગારના અણુાવાળા સાથે પોલીસની સાંઠગાઠ ને કારણે આવા અણુાઓ બંધ થતા નથી તે પરિસ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૮. | -- " -- | ૧૦૦ | પોલીસ કર્મચારીઓ હપ્તા આપી ઘેરબેઠા હાજરી પુરાવી નોકરી પર નહી જતા હોવા છતાં હાજરી પૂરાય છે તેવા કિસ્સાઓમાં સખતાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૩૯. * | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯-જિલ્લા પોલીસ<br>૦૬ ૦ભ.-૧૪<br>અમદાવાદ....પોલીસ<br>રૂા.૧,૮૩,૫૪,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨, પા.નં. ૫૧ થી ૫૨ | ૧૦૦ | નિયત મુદત બાદ હિન્દી પરીક્ષા મોડી પાસ કરતા કર્મચારીઓને જે તે સમયે નિયત ચુકવણી થયા પછી ઈજાફાની રકમની રીકવરી કરવાના હુકમો થયેલ છે તેની સામે સહાનુભૂતિપુર્વક વિચારણા કરી યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૦. * | -- " -- | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં કોર્ટ સમન્સોનો મોટો ભરાવો થયેલ છે, તેની બજવણીમાં થતા વિલંબને કારણે પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૪૧. * | -- " -- | ૧૦૦ | શહેરમાં ચોરી-ધાડ-લૂંટના બનાવોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે ત્યારે જરૂરી પેટ્રોલીંગ વધારી ગુનેગારોને નશ્યત કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| | | **માગણી નં. ૪૪** | | |
| ૪૨. | ૨૦૫૬-જેલ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧ ૦ભ.-૨૨ જેલ મહા નિરીક્ષક<br>રૂા.૭,૬૬,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨,પા.નં.૭૪ થી ૭૫ | ૧૦૦ | જેલોમાંથી કોર્ટમાં લઈ જવાતા કેદીઓ પોલીસ તંત્રને ચકમો આપી ફરાર થઈ જાય છે તે સામે જરૂરી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૪૩. | -- " -- | ૧૦૦ | જેલોના કથળેલા વહીવટી તંત્રને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બચુભાઈ કિશોરી |
| ૪૪. * | -- " -- | ૧૦૦ | જેલોમાં પ્રતિબંધિત વસ્તુઓ કેદીઓ પાસે કેવી રીતે પહોંચી જાય છે અને તેમાં કોણ સંડોવાયેલ છે તેની યોગ્ય ચકાસણી કરી જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૫. | -- " -- | ૧૦૦ | જેલોમાં માથાભારે તત્વોને અપાતી ગેરકાનૂની સુવિધાઓ આપનાર સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઈ પણદા |
| | | **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**<br>**માગણી નં.૭૪** | | |
| ૪૬. | ૨૦૪૧-વાહનો પર કર<br>૧૦૨-મોટર ....... નિરીક્ષણ<br>રુા.૧,૩૨,૫૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦, પા.નં.૭-૮ | ૧૦૦ | આર.ટી.ઓ કચેરીઓમાં આમજનતાના કામો એજન્ટ કે ઓળખાણ વગર થાય તેવુ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોધાજી ઠાકોર |
| ૪૭. | ૨૦૪૧-વાહનો પર કર | ૧૦૦ | આર.ટી.ઓ કચેરીના કથળેલા વહીવટને | શ્રી ધીરૂભાઈ ભીલ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૨-મોટર ....... નિરીક્ષણ<br>રુા.૧,૩૨,૫૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦, પા.નં.૭-૮ | | સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૮. | -- " -- | ૧૦૦ | ખાનગી બસ ચાલકના માલિકો દ્વારા થતી વાહન કરચોરીઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૪૯. | -- " -- | ૧૦૦ | ખાનગી બસોના ભાડાના નિયંત્રણ માટે યોગ્ય વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| ૫૦. * | ૩૦૫૫-માર્ગ પરિવહન<br>૧૯૦- જાહેર.....સહાય<br>રૂા.૫,૦૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦, પા.નં.૧૨ | ૧૦૦ | અમદાવાદ થી ધોળકા તાલુકાના ઉતેળીયા ગામે રાત્રિ રોકાણ કરે તેવી બસ ફાળવવાની માગણી સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૧. | -- " -- | ૧૦૦ | એસ.ટી.તંત્રના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૫૨. * | -- " -- | ૧૦૦ | ધોળકા અને બાવળા એસ.ટી. ડેપોમાંથી ઉપડતી બસોના સમયપત્રકની માહિતી મુસાફરોને પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૩. | -- " -- | ૧૦૦ | સરકારી - રાજકીય કાર્યક્રમો અને ધાર્મિક મહોત્સવોમાં નિયમો વિરુધ્ધ એસ.ટી.ના અનેક રુટો રદ કરી, બસો ફાળવાતાં આમજનતા, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને પડતી પારાવાર મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ શાહ |
| ૫૪. | -- " -- | ૧૦૦ | એસ.ટી.ના કર્મચારીઓના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અશ્વિન કોટવાલ |
| ૫૫. | -- " -- | ૧૦૦ | અમદાવાદ-ગાંધીનગર વચ્ચે દોડતી સચિવાલય પોઈન્ટની બસોના રુટો વારંવાર કાપી નાખવાથી સરકારી કર્મચારીઓ કચેરીમાં મોડા પડે છે તે ગંભીર બાબતે પગલાં લેવામાં અને આ રુટો નહી કાપવાની સૂચના આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૫૬. | ૩૦૫૫-માર્ગ પરિવહન<br>૧૯૦- જાહેર.....સહાય<br>રૂા.૫,૦૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦, પા.નં.૧૨ | ૧૦૦ | ગાંધીનગર શહેરના ટ્રાફીકને પહોંચી વળવા ખાનગી કંપનીને જવાબદારી સોંપ્યા પછી આ ખાનગી કંપનીના અમુક રૂટ બંધ કરાવવા અને અન્ય ખાનગી વાહન ચાલકોને આર્થિક લાભ થાય તે માટે એસ.ટી.ના અધિકારી/ કર્મચારીઓએ અચાનક હડતાલ પાડી, અમદાવાદ-ગાંધીનગર શહેરની બસ સેવાઓ બાનમાં લેવાય છે ત્યારે તેવા અધિકારીઓ સામે શિસ્તનો દાખલો બેસાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૫૭. | -- " -- | ૧૦૦ | સરકારી કાર્યક્રમોમાં એસ.ટી.ની બસો ભાડે અપાયા પછી સરકાર પાસેથી ભાડા સત્વરે વસૂલ નહી કરાતાંશ્ એસ.ટી.તંત્રને થતું આર્થિક નુકશાન રોકવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પરેશભાઈ વસાવા |
| ૫૮. | -- " -- | ૧૦૦ | કરકસર અને આર્થિક ખોટના બહાના હેઠળ ગ્રામીણ એસ.ટી. રૂટો બંધ કરી દેવાતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નથી.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ જે માગણી લઈને આવ્યા છે, તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ વિભાગ માણસના જીવન સાથે સંકળાયેલો વિભાગ છે. એક જમાનો તો એવો હતો કે ન્યાય એટલે માત્ર સુરક્ષાની વાત હતી. પ્રજા સુરક્ષિતતાનો જો અનુભવ કરે તો એ રાજય સૌથી શ્રેષ્ઠ રાજય ગણાતું. એટલા માટે ભૂતકાળની અંદર જ્યારે મોગલોનું રાજ આવ્યું ત્યારે પણ એમ કહેવાય છે કે, જહાંગીરનો ન્યાય ખૂબ વખણાતો. અંગ્રેજોનું રાજય આવ્યું ત્યારે પણ એવા દાખલાઓ આપણે જોયા છે કે પોલીસ અધિકારીઓએ સ્વાતંત્ર્ય સેનાનીઓને નમન કરીને પકડ્યા હોય એવા પણ દાખલાઓ  છે, એવા ચુકાદાઓ છે કે મહાત્મા ગાંધીની ધરપકડ કર્યા પછી તેને સજા આપતી વખતે આ સજાના ચુકાદાનો લગભગ પોણા ભાગનો જે જગ્યા છે તે મહાત્મા ગાંધીના વખાણ કરવામાં વપરાયેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે પણ મહાત્મા ગાંધીને મદદ કરનારા પરિબળો અનેક હતા આ દેશની અંદર. દેશનું મહાજન હતું કે જે સ્વાતંત્ર્ય ચળવળની અંદર તેમને મદદ કરતું. સૌથી વધારે પરિવારો તો અમદાવાદના હતા. અને એ પરિવારો સ્વમાન સાથે તેમને મદદ કરતા હતા. તે કસ્તૂરભાઈ લાલભાઈ ફૅમિલી હોય, સારાભાઈ ફૅમિલી હોય, કે જમનાલાલ બજાજ હોય તે આઝાદી સંગ્રામની અંદર ખભે ખભા મિલાવી અને મદદ કરતા હતા છતાં તે સ્વમાનથી તે પોતાનો વ્યવસાય કરી શકતા હતા. આજે પરિસ્થિતિ બદલાઈ છે આજે મુખ્યમંત્રીને શું ગમે છે તે જ ન્યાય ગણાય ? મુખ્યમંત્રીશ્રીનું કોઈ જગ્યાએ બાવલું બાળવામાં આવે તો એના ઉપર કેસ થાય, થવો જોઈએ તેમાં ના નહીં. મોંઘવારીના નામે આખા રાજયની અંદર સોનિયા ગાંધી અને ડો.મનમોહનસિંઘના બાવલાઓ બળાય. તેમાં એમ કહે તેમાં કેસ કોઈએ કરવાનો નહીં. અંગ્રેજોના શાસનની અંદર જેના ઉપર કેસ નહોતા થયા તે કેસ માત્ર મુખ્યમંત્રીને ન ગમતાં લોકો હતા એટલા માટે કરવામાં આવ્યાં.

માનનીય અધ્યક્ષશ્રી, સારાભાઈ ફૅમિલી આ રાજયનું રિસ્પેકટેબલ ફૅમિલી. ઉદ્યોગ ગૃહોની અંદર પણ રિસ્પેકટેબલ ફૅમિલી અને પછી વિક્રમ સારાભાઈ આખા વિશ્વની અંદર, દેશની અંદર એક રિસ્પેકટેબલ સાયન્ટીસ્ટ. તેની પુત્રી મલ્લિકા સારાભાઈ માત્ર મુખ્યમંત્રીને ગમે નહીં એટલા માટે એમ કહેવાય કે તેમના ઉપર કેસ કરો અને તેમને જેલમાં નાંખી દો.  કેસ થયો તેમના ઉપર. કેસ થયા પછી અધિકારીને તપાસ સોંપાય. અને અધિકારીએ કહ્યું કે તેની અંદર પુરાવાઓ નથી. આ અધિકારીએ માત્ર પાંચ લાઈન જે એફિડેવિટમાં કહી છે તે હું આપને માત્ર વાંચી સંભળાવું છું. The CID took over.....

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### સબજયુડિસ મેટર અંગે ચર્ચા કરવા અંગે

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જે મુદ્દો કેટ સામે વિચારણામાં છે તે મુદ્દાની એફિડેવિટના પેરેગ્રાફ માનનીય અર્જુનભાઈ વાંચી રહ્યાં છે.

**અધ્યક્ષશ્રી :** સબજયુડિસ મેટર છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા:** માનનીય અધ્યક્ષશ્રી, હું તેનો ઉલ્લેખ નહીં કરું. માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા એ માગતો હતો કે, આ મલ્લિકા સારાભાઈની સામે `કેસ કરો અને જેલમાં પૂરી દો` કહ્યું કે પુરાવાઓ નથી, તો કહે પુરાવાઓ ન હોય તો પણ પૂરી શકાય તે કોર્ટ નક્કી કરશે. આ સૂચના બીજા કોઈએ નહીં આ રાજયના મુખ્યમંત્રી અને આ રાજયના ગૃહમંત્રીએ આપી છે. આવા એક મુદ્દાઓ નથી. હું ઉલ્લેખ નથી કરવા માગતો પરંતુ એકથી દસ મુદ્દો જે અધિકારીઓ તપાસ કરતા હતા તે અધિકારીઓએ એફિડેવિટ ઉપર કહ્યું છે કે અમને માનનીય મુખ્યમત્રીશ્રી આને પકડવાની આને છોડી દેવાની સૂચનાઓ મળતી હતી. જે અંગ્રેજોના સમયની જે મહાજનો ઉપર હાથ નાંખવાની હિંમત નહોતી કરી તે આજના કાળા અંગ્રેજોએ એ હિંમત કરી છે. મારે શરમ સાથે કહેવું પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, તેનાથી આગળ જઈને કહું છું(અંતરાય) મેં કોઈનું નામ દીધું નથી અને છતાં બંધ બેસતી પાઘડી પહેરી લેવી હોય તો છૂટ છે.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે સમયની ખૂબ મર્યાદા છે.

**અધ્યક્ષશ્રી** : સમય ખૂબ જ મર્યાદિત છે.

**શ્રી અમિત શાહ**: છતાંયે સાહેબ ચલાવવું તો નિયમ પ્રમાણે જ પડે.

**અધ્યક્ષશ્રી** : નિયમ પ્રમાણે જ હું ચલાવીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : નિયમ પ્રમાણે જ ચાલે છે. (સતત અંતરાય)

**શ્રી અમિત શાહ**: સાહેબ, મને સાંભળો તો ખરા. માનનીય અધ્યક્ષશ્રી, 'કાળા અંગ્રેજો' નો ઉલ્લેખ એમણે કર્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપ જવાબ આપજો આપો ત્યારે. આપનો પોઈન્ટ ઓર્ડર હોય તો કહો મને. આપ જવાબ આપજો.

**શ્રી અમિત શાહ**: માનનીય અધ્યક્ષશ્રી, મારે એક જ (અંતરાય) મારી વાત તો સાંભળો, માનનીય અર્જુનભાઈ.

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ સાંભળી લેવા દો એમને. એટલે સમય ન જાય.

**શ્રી અમિત શાહ**: માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર નથી, પણ એમણે જે 'કાળા અંગ્રેજો', 'આજના કાળા અંગ્રેજો' શબ્દનો ઉલ્લેખ કર્યો છે એ કોઈ રીતે આ સભાગૃહની અંદર વપરાતી ભાષા માટે ઉચિત શબ્દ નથી (અંતરાય) અને કોઈને કોઈ શબ્દ પહેલીવાર તો અસંસદીય જાહેર થયો જ હોય. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ શબ્દ જે અસંસદીય શબ્દોની યાદીમાં હોય એ શબ્દ પહેલીવાર તો બોલાયો જ હશે. અને માનનીય અધ્યક્ષશ્રીએ એને અસંસદીય જાહેર કર્યો જ હોય. આ શબ્દો જે વાપર્યા છે, 'કાળા અંગ્રેજો' એ મને લાગે છે કે આ ગૃહની ગરીમાને યોગ્ય શબ્દ નથી.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ. ચાલો.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) (ક્રમશ:)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ પ્રકારે શાસન વ્યવસ્થા ચાલતી હોય, તો ન્યાયની અપેક્ષા પ્રજા રાખી શકે નહીં. એકપણ જગ્યાએ ખોટું થયું હોય ત્યારે, તો અંગ્રેજોના શાસનમાં પણ સજા થઈ છે. જયારે આપણે ત્યાં ૨૦૦૦ લોકોની હત્યા થઈ, તો ગૌરવ યાત્રાઓ નીકળી છે. (અંતરાય) હું કોસ્ટલ સિકયોરીટીની વાત એક જ મિનિટમાં કરીશ.

**અધ્યક્ષશ્રી** : મારી મુશ્કેલી છે કે આપને..(અંતરાય) હા. વાકય પૂરું કરી દો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા**: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર કોસ્ટલ સિકયોરિટીના નામે વારંવાર રાજનીતિ થઈ. કેન્દ્ર સરકારે દસ પોલીસ સ્ટેશનો મંજૂર કર્યા. ૪૫ પોલીસ ચોકીઓ મંજૂર કરી. અને છતાં મારે દુ:ખ સાથે કહેવું છે કે આ ૧૦ પોલીસ સ્ટેશન અને ૪૫ પોલીસ ચોકીઓની અંદર આજે તાળાં દીધેલાં છે. જે સોમનાથ મંદિરના નામે રાજનીતિ થઈ એ સોમનાથ મંદિર સંપૂર્ણ અસુરક્ષિત છે. માત્ર સુરક્ષિત હોય તો રાજયના મુખ્યમંત્રી પોતે છે. એમની જવાબદારી એ છે કે પ્રજાને, મંદિરોને અને સૌને સુરક્ષિત બનાવે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગની જે માગણી લઈને આવ્યા છે, એના સમર્થનમાં હું મારા વિચારો મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતની અંદર આવી એ પહેલા ગુજરાત સંગઠિત ગેંગોના ત્રાસને કારણે અંદરથી ફફડતુ હતું. ગુજરાતના અમદાવાદ જેવા શહેરની અંદર વારંવારનો કરફયુ અને એના કારણે ગુજરાતની પ્રગતિ અટકી ગઈ હતી. મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ પોરબંદર એ મહાત્મા ગાંધીજીના નામે ઓળખાતી નહોતી. કોઈ ગેંગો હતી, એ ગેંગોના નામે ઓળખાતી હતી. એ પ્રમાણેની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ત્યારે પોરબંદરની હતી. આવા વાતાવરણ પછી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને આજે પ્રજા ચારે બાજુથી સુરક્ષાનો ભાવ મહેસૂસ કરે છે. ગુજરાતમાં કરફયુની વાત હોય એ જાણે ભૂતકાળ બની ગઈ છે. સંગઠિત ગેંગો, કોઈ લતીફની ગેંગ હોય, વહાબની ગેંગ હોય. આ ગેંગો નામનું નામ ગુજરાતની અંદર આજે કંઈ સંભળાતું નથી. આ માટે રાજયના મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઈન્ટરનલ સિકયોરીટીની બાબત હોય તો એની અંદર, દેશની અંદર એ પ્રમાણેની સ્થિતિ ઉભી થઈ છે, કે રાજયની અંદર ઉદ્યોગ ધંધા અને ઉત્સવો સહજ બન્યા છે. પ્રજાને લાગે કે અહીંયા સૌથી વધારે સલામતિ છે. નવરાત્રિની અંદર રાતના ૧૨ વાગ્યે પણ ગુજરાતની બહેન દીકરી ગરબા રમવા જતી હોય તો એને કોઈપણ પ્રકારનો ભય કે ડર રહેતો નથી. અને આવું દિલ્હીમાં શકય નથી. ઉત્તરપ્રદેશમા શકય નથી. આ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની જે સ્થિતિ છે એના કારણે આ કામ થઈ રહ્યું છે. બહુ અઘરું કામ છે. કાયદો અને વ્યવસ્થા જાળવવાનું. એમાં ગુજરાત એ તો સરહદી રાજય છે. દુશ્મન દેશની સરહદ ગુજરાતને અડીને આવેલી છે, ત્યારે વૈશ્વિક સમસ્યા છે, એનો સૌથી વધારે ખતરો ગુજરાતને હોય. અને છતાંયે ગુજરાત અત્યારે સલામતિનો અહેસાસ કરે છે, એનું કારણ જો કોઈ હોય તો રાજયની સૌને ન્યાય, કોઈની ખુશામત નહીં. આ પ્રમાણેની નીતિ રાજયના મુખ્યમંત્રીશ્રીની રહી છે જેના કારણે ગુજરાત સલામતી અનુભવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પોલીસની બાબા આદમના વખતની અગાઉની જે વ્યવસ્થા હતી એમાંથી નવો ટચ આપીને નવી યંગ ફોઝ ઉભી થઈ રહી છે અને એને આધુનિકમાં આધુનિક તાલીમનાં ઉપકરણો ઉભાં કરીને હવે તો ગુનેગારો જે પ્રમાણે આઈ.ટી.નો ઉપયોગ કરીને ગુનો કરતા હોય છે અથવા તો ટેકનોલોજીનો ઉપયોગ કરીને ગુનેગારી કરતા હોય તો પોલીસ તંત્ર પણ એમાં કોઈપણ પ્રકારે પાછળ ના રહી જાય એ માટે એને પણ આ પ્રકારની આધુનિક તાલીમ આપવામાં આવે છે અને એને પણ આઈ.ટી. અને સાઈબરના માધ્યમથી આ ગુનાઓ થતા રોકવા અને શોધવા માટેની તાલીમ આપવામાં આવે છે અને સાધનો અપાય છે. આ માટે હવે ૬૮૦ જેટલા નવા પી.એસ.આઈ., ૧૪૩ જેટલા હથિયારી પી.એસ.આઈ., ૮૭૩૪ જેટલા એસ.આર.પી. અને ૪૨૬૪

જેટલા લોકરક્ષકની ભરતી થશે અને એક નવી યંગ ફોઝ તૈયાર થશે કે જે ગુજરાતના તમામે તમામ લોકોને સલામતીની ભાવનાનો અહેસાસ કરાવશે. આ ભરતી માટે સૌથી પહેલાં ડાઈવિંગ લાઈસન્સ અને એ પ્રમાણે કોમ્પ્યુટરની જાણકારી હોય એમની ભરતી કરાશે. હવે માત્ર પોલીસ એ.કે.૩૫ લઈને નીકળે એ પ્રમાણેનું નહીં રહે, હવે ઈન્ટરર્નલ સિકયુરિટીનો વિષય એવો હોઈ શકે કે સાઈબરના માધ્યમથી અને ટેકનોલોજીના માધ્યમથી ગુનેગારોને સહજતાથી પકડી શકાય, ગુનેગારો ઉપર ધાક બેસાડાય કે હું કોઈપણ પકારની ગુનાખોરી કરવા જઈશ તો હુ પકડાઈ જઈશ એવી એને ધાક રહે. તો એ પ્રમાણેની આપણી ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના માધ્યમથી પણ કેટલુંક સિલેબસ તૈયાર થયું છે અને એમાં ગુજરાતની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી એ પણ આજે આખા દેશમાં એક અલગ નામના મેળવી છે. (સમયસૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું અને આજે ગુજરાત સલામતીની ભાવના અનુભવી રહયું છે એ બદલ તેમને હું મારા અભિનંદન આપીને વિરમું છું.

**શ્રી નિરંજન પટેલ(પેટલાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ માટે મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે જોઈએ તો નશાબંધી ખાતુ જે ચાલે છે એ નશાબંધી ખાતું જ આજે નશાવાળું થઈ ગયું છે. એ જ રીતે એન્ટી કરપ્શન ખાતામાં જ આજે ખૂબ કરપ્શન ચાલે છે. આજે મોટી મોટી વાતો થશે, આપણે પાટલીઓ થબથબાવીને ગુજરાતના ૫૦ વર્ષની ઉજવણી કરીએ છીએ. હું બહુ સામાન્ય વાત કરવા માટે ઉભો થયો છું કે આપણે કાયદાઓ બનાવીએ છીએ, આપણે કાયદાઓ ઘડીએ છીએ, પણ એના અમલીકરણનું શું છે? આપણે આજે શહેરોમાં ફરીએ છીએ અને અહીં આવીએ છીએ તો રસ્તામાં આપણે કોઈને સેફટી બેલ્ટ બાંધેલો જોઈએ છીએ ખરા? હેલમેટનો કાયદો આપણે બનાવ્યો છે તો કોઈ આજે હેલમેટ પહેરે છે ખરું? કોઈના ખીસ્સામાં ડ્રાઈવિંગ લાઈસન્સ હોય છે ખરું? આવી નાની નાની વસ્તુઓની વાત કરું તો કોઈ બેક લાઈટ રાખે છે ખરું? સરકારની એસ.ટી.ની જ સાઈડ લાઈટ જ હોતી નથી અને એકસીડન્ટ થવાનું કારણ શું છે? આપણે રોડ પહોળા કર્યા, મોટા કર્યા, પરંતુ બાજુમાં ખૂમચામાં પાણી પૂરીવાળા અને લારીઓવાળા ઉભા રહે છે અને ચાર ચોકડી ઉપર પાણીપુરીવાળા ઉભા હોય છે એમની પાસેથી પોલીસ મફતમાં પાણી પૂરી ખાય છે, શાકભાજીવાળા ઉભા રહે છે એમની પાસેથી મફતમાં શાકભાજી લઈ જાય છે, કોઈ પતંગ વેચતું હોય તો એની પાસેથી પતંગો લઈ જાય છે તો આ રીતે ચાલી રહ્યું છે અને આપણે મોટી મોટી વાતો કરીએ છીએ. પોલીસની મોટી મોટી વાતો થાય છે, સિધ્ધિઓની મોટી મોટી વાતો થાય છે, પરંતુ પ્રજાને રોજે રોજ નડતી વસ્તુઓ છે, આપણે પાંચ મિનિટ પ્રવાસમાં બહાર નીકળીએ અને કોઈ હાઈસ્પીડનું સ્કૂટર લઈને. સાઈડમાંથી ખોટી સાઈડે નીકળી જાય છે, લાલ લીલી લાઈટ હોય, એ ક્રોસ કરનારને આજે કોઈ કહેવાવાળું છે ખરું? પહેલાં એક જમાનો હતો કે ગામમાં એક પોલીસ ઉભો રહે અને આખું ગામ નિરાંતથી સૂતું હોય તો આજે તો ચાર રસ્તે ૧૦-૧૦ પોલીસ ઉભી હોય તો પણ ટ્રાફિકનું નિયમન થતું નથી, થતું નથી અને થતું નથી. નાની નાની વાતોમાં પણ આપણે ડોકીયું કરીશું તો એમાં આગળ વધવાની જરૂર છે. આપણે નંબર પ્લેટમાં ૧૭૮૬ લખેલ હોય તો એમાં એકડો નાનો લખે અને ૮૬ મોટા અક્ષરે લખે, કયાંક નંબર પ્લેટ ઉપર નામ લખેલ હોય છે, તો આના માટેકાયદાની જોગવાઈ નથી, આપણે કશું જ કરી શકતા નથી, પ્રજાને રોજબરોજની નડતી વસ્તુઓ અને આજે તો આપણે ટ્રાફિક સેન્સ પણ ગુમાવી દીધી છે આજના યુવાનોમાં ટ્રાફિક સેન્સ જેવું જ કશું નથી. કોઈક જે પણ ખોટી સાઈડમાંથી એકદમ સ્પીડે નીકળી જાય છે, આપણે રસ્તામાંથી પસાર થતા હોય, કોઈ વૃધ્ધ કે કોઈ સ્ત્રી કે બાળકો પસાર થતાં હોય તો આજે કોઈ પોતાનું વાહન ઉભું રાખે છે ખરું? તો આ બધી બાબતોમાંથી આપણે બહાર આવીશું ત્યારે આપણે ગુજરાતની સિધ્ધિઓની ગુણગાથા ગાઈ શકીશું અને પાટલીઓ થબથબાવી શકીશું, બાકી મોટી સિધ્ધિ જેવું નથી. પહેલાં નાની નાની સિધ્ધિઓ ઉપર ધ્યાન આપો. ૫૦ વર્ષની જો ઉજવણી કરવી હોય તો પ્રજાને આ વસ્તુઓ નડે છે એ પહેલાં દૂર કરો. આજે તો ડી.એસ.પી. સાહેબ ગાડી લઈને જતા હોય તો એની તરફ પણ લોકો ધ્યાન આપતા નથી અને સાઈડો કાપતા હોય છે. (સમયસૂચક ઘંટડી) બસ સાહેબ, આટલો જ સમય આપવાનો? આજે તો મોટા મોટા ત્રણ વિભાગો છે અને એનું ૫૦ ટકા જેટલું બજેટ છે.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ બાજુ હવે દસ મિનિટ બાકી છે અને ૩ વકતાઓ બાકી છે એટલે ત્રણેને બે બે મિનિટ કાપી છે. માનનીય ભૂપેન્દ્રભાઈ લાખાવાલા.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૮ અને ૯ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારી વાત કરવા માટે ઉપસ્થિત થયો છું. પ્રાથમિક શિક્ષણને રાજય સરકારે અગ્રીમતા આપી છે. ૧૦૦ ટકા નામાંકન, સો ટકા સ્થાયીકરણ રાજય સરકારનો મુખ્ય ધ્યેય રહ્યો છે. રાજય સરકાર શિક્ષણનું સાર્વત્રીકરણ કરવા માટે ૨૦૧૦-૧૧માં ૪૬૪ કરોડનું આયોજન કરેલ છે. પ્રાથમિક શિક્ષણમાં વિદ્યા સહાયકોની નિમણૂકો થઈ છે. અત્યાર સુધીમાં ૧,૦૫,૦૬૪ વિદ્યા સહાયકોની નિમૂણક થઈ છે અને એમાંથી ૮૫૧૯૪ વિદ્યા સહાયકોને કાયમી નિમણૂક આપવામાં આવી છે. ૬૫૦૦ જેટલી વિદ્યા સહાયકોની નિમણક પ્રોસેસમાં છે. ચાલુ વર્ષે રાજય સરકારે નકકી કર્યુ છે કે જે કંઈ નવી નિમણૂક વિદ્યા સહાયકોની થાય

એમાં ૫૦ ટકા વિદ્યા સહાયકો વિજ્ઞાન પ્રવાહના વિદ્યા સહાયકોની નિમણૂક થાય તેવો રાજય સરકારનો ધ્યેય છે. ગુણોત્સવ કાર્યક્રમ ૨૦૦૯-૧૦માં શરૂ થયો છે અને તે કાર્યક્રમ હેઠળ માનનીય મુખ્ય મંત્રીશ્રી અને મંત્રી મંડળ અને સરકારના અધિકારીઓ આ ગુણોત્સવ સાથે જોડાયા હતા. આ ગુણોત્સવ કાર્યક્રમ પાછળનો આશય એ છે કે શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં શિક્ષણની સજજતા અને ક્ષમતા ચકાસવી. અને આ ચકાસમાં માટેનો આ ઉત્સવ હતો. અને એમાં જે અધિકારીઓ જોડાયા હતા એમણે જે કંઈ મુલ્યાંકન કર્યુ, ભૌતિક સુવિધાઓનું મુલ્યાંકન કર્યુ છે અને તેના દ્વારા જે વિદ્યાર્થીઓ નબળા હતા એમને જાન્યુઆરી ૨૦૧૦ થી માર્ચ ૨૦૧૦ સુધી શિક્ષણ આપવાનું રાજય સરકારે નકકી કર્યુ છે. ધોરણ ૫, ૬ અને ૭ ના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું શિક્ષણ મળી રહે તે માટે રાજય સરકારે આયોજન કરેલ છે. ૨૧૫૦૦ શાળાઓમાં કોમ્પ્યુટરનું શિક્ષણ મળી રહે તે માટે રાજય સરકારે ૧૨૪.૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરેલ છે. વીજળીકરણમાં પણ ૩૨૭૭૨ પ્રાથમિક શાળાઓમાંથી ૩૨૦૨૮ શાળાઓમાં વીજળી કરણ પૂરું કરી દીધું છે. અને બાકીની ૭૪, શાળાઓમાં વીજળીકરણ ટૂંક સમયમાં પૂરું થશે. પ્રાથમિક શાળાઓના ટોટલ બિલ રાજય સરકાર ભરે છે. આમ ચાલુ વર્ષમાં રાજય સરકારે ધોરણ ૧ થી ૭ માં જે રીતે પ્રાઈમરી એજયુકેશનમાં ધોરણ ૮ નો ઉમેરો થયો અને તેના કારણે ૧૦ હજાર નવા શિક્ષકોની નિમણૂક કરવાનું નકકી કર્યુ છે. પાંચ હજાર ઓરડાઓ બાંધવાનું નકકી કર્યુ છે. રાજય સરકાર ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પણ ચલાવે છે એમાં સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને વાણીજય પ્રવાહના વિષયો છે. ૩૭૩૮ શાળાઓમાં ૧૮૪૪૭૪૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ખાસ કરીને વનબંધુ યોજનામાં ૧૧ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને સાગર ખેડૂ યોજના હેઠળ ૧૬ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે. ડીગ્રી એન્જીનિયરીંગ માટે પણ યુવાનોને આજે એન્જિનિયરીંગ અભ્યાસ ક્રમમાં જોડાવાની લાલસા જાગી છે અને ૨૦૦૯-૧૦માં ૩૫૬૪૯ બેઠકો અને ડીપ્લોમાં એન્જિનિયરીંગમાં ૪૪૪૩૭ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છૈ. આમ ટેકનિકલ શિક્ષણમાં ખાસ કરીને ઈજનેરી અને ફાર્મસી અભ્યાસક્રમો માટે ઓન લાઈન પ્રવેશ પધ્ધતિ દાખલ કરવામાં આવી છે અને એમાં ૧,૩૮,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

**શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપી શકતો નથી.

આ સરકારે શિક્ષણમાં સૌથી મોટી સિદ્ધિ કરી છે કે દેશના નકશામાં ગુજરાતને તેરમાં ક્રમે લઈ ગયા છે. થોડા વખત પહેલા એક એવો પરિપત્ર પાઠવવામાં આવ્યો હતો કે પાઠ્યપુસ્તકો સાથે ધોરણ દસ અને બારના વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે. આ કેવો પરિપત્ર હતો, પરિપક્વ વિચારણાને અંતે આ કર્યો હતો કે કેમ, આને સરકારે તાત્કાલિક પાછો ખેંચી લીધો હતો. તો આ નિર્ણય મંત્રીશ્રીનો હતો કે અન્યનો હતો એ હું જાણવા માગું છું.

આજકાલ શિક્ષણનું વેપારીકરણ થઈ ગયું છે. સેલ્ફ ફાઈનાન્સ કૉલેજોને આડેધડ મંજૂરીઓ આપવામાં આવે છે. એમાં બેઠકો વધે છે એના પ્રમાણમાં રેપ્યુટેડ ટીચરો જોઈએ એ નથી જેના લીધે એની કવોલિટી પણ સચવાતી નથી. જેના લીધે આપણે શિક્ષણની અંદર પાછળના ક્રમે જઈ રહ્યા છીએ.

રાજયમાં પી.ટી.સી. અને બી.એડ કૉલેજોની સંખ્યા ખૂબ જ વધી રહી છે, એનું કોઈ નિયંત્રણ જ નથી તેના લીધે આજે એ કૉલેજો બંધ કરવાની પરિસ્થિતિ ઊભી થઈ છે. ગુજરાતમાં આઈ.આઈ.એમ. અને જી.સેટ વગેરેની પરીક્ષાઓ લેવાય છે. એ પરીક્ષાઓ ઑન લાઈન લેવાની વ્યવસ્થા કરી છે. પરંતુ આ ઑન લાઈન વારંવાર ખોટકાઈ જાય છે એના લીધે વાલીઓ અને વિદ્યાર્થીઓને આ પરીક્ષા લેવાની પદ્ધતિમાં શંકા જાય છે, આ રીતે વિદ્યાર્થીઓના ભાવી સાથે ચેંડા થઈ રહ્યા છે તેથી મારું માનનીય મંત્રીશ્રીને સૂચન છે કે આવી પરીક્ષા સમયસર લેવાવી જોઈએ અને પરીક્ષા લેવાની પદ્ધતિ ખોટકાઈ ન જાય એ જોવું જરૂરી છે.

કૉલેજોમાં સિનિયર વિદ્યાર્થીઓ જુનિયર વિદ્યાર્થીઓ ઉપર રેગીંગ કરી છે. જેના લીધે રેગીંગનો ભોગ બનેલ વિદ્યાર્થીઓ છે એમાંના કેટલાક આત્મહત્યા કરી લે છે જ્યારે કેટલાક શાળા છોડીને જતા રહે છે, તેઓ આવી માનસિક યાતનાનો ભોગ બને છે. આપણે રેગીંગનો કાયદો બનાવ્યો હોવા છતાં એનું અમલીકરણ બરાબર થતું નથી.

મારે મારા વિસ્તારનો એક પ્રશ્ન રજૂ કરવો છે. મારો કરજણ ડેપો વડોદરા જિલ્લામાં સૌથી વધારે આવક આપતો ડેપો છે. નેશનલ હાઈવે નંબર આઠ ઉપર આવેલો આ ડેપો છે તેથી અનેક બસો આ ડેપો ઉપરથી પસાર થાય છે. કેટલાક સમયથી કરકસરના પગલાંરૂપે આ ડેપોને બંધ કરવાનું ચાલી રહ્યું છે. સંકલનમાં પણ રજૂઆત કરી છે. કરજણના નાગરિકો અને વિદ્યાર્થીઓએ રેલી કાઢીને મામલતદારશ્રીને રજૂઆત કરી છે. તેથી આ ડેપો બંધ ન થાય તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

આપણે કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાની વાત કરીએ છીએ. વિદ્યા લક્ષ્મી બૉન્ડ આપણે આપીએ છીએ, વડોદરા જિલ્લામાં હજી એની જાહેરાત થઈ છે પરંતુ વિદ્યાર્થિનીઓને વિદ્યા લક્ષ્મી બૉન્ડ મળ્યા નથી. તો તાત્કાલિક મળે તેવી મંત્રીશ્રીને વિનંતી છે.

અનુસૂચિત જાતિ અને જનજાતિના શિક્ષકો ખૂબ ઊંડાણના ભાગોમાં સેવા બજાવતા હોય છે. એ લોકોને કોઈ ઘર પણ ભાડે આપતા નથી. એટલા માટે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે ક્વાર્ટરની સુવિધા ઊભી કરે. આપે જોગવાઈ કરી છે પરંતુ એ જોગવાઈ ખૂબ જ ઓછી છે.

ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા સ્કવોર્ડની રચના કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ જ્યારે પરીક્ષા આપવા જાય છે ત્યારે ફૂલ કે ચૉકલેટથી તમે એનું સ્વાગત કરો છો તેથી એ ખૂબ ખુશ થાય છે. પણ પરીક્ષામાં બેઠા પછી જે હોંશિયાર વિદ્યાર્થીઓ લખતા હોય છે ત્યારે અચાનક સ્કવોર્ડ ત્રાટકે છે અને તેના લીધે ભયનું વાતાવરણ પેદા થાય છે તેથી ભયમુક્ત વાતાવરણ પેદા કરવા મારુ સૂચન છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના શિક્ષણ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારું મંતવ્ય રજૂ કરું છું.

ગુજરાત રાજયમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે આ રાજયના શિક્ષણ મંત્રી શ્રીમતી આનંદીબેન હતા ત્યારે કૉમ્પ્યુટરની તાલીમ માટે ચેરિટેબલ ટ્રસ્ટ લોસંમ વડોદરાને કોન્ટ્રાકટ આપવામાં આવેલો. ગુજરાતના યુવાન પાસે ૫૨ હજાર રૂપિયાની ઉઘરાણી કરવામાં આવેલી. તેમને નોકરી આપવાની વાત હતી. પરંતુ આજે કરોડો રૂપિયાનો હિસાબે આ ચેરીટેબલ ટ્રસ્ટ પાસે આપણે માગી શકતા નથી. એ મોટામાં મોટા દુ:ખની વાત છે. આપણી શિક્ષણની ગુણવત્તાની વાત કરીએ, પ્રાથમિક શાળાના પુસ્તકો છે એ પુસ્તકો આપણે પ્રાથમિકશાળામાં આપવાના બદલે કાળાબજારથી બજારોમાં વેચાય છે અને આજે ગુજરાત રાજયમાં મોટા ભાગની જિલ્લા પંચાયતોમાં અને શિક્ષણ વિભાગના જે શિક્ષણાધિકારીઓ છે તે શિક્ષણાધિકારીઓની કચેરીમાં આપણે જિલ્લા શિક્ષણાધિકારીનીન પોસ્ટ પણ ભરી શકયા નથી. જેમાં વડોદરા, ગાંધીનગર પણ બાકાત નથી. અમદાવાદ શહેર પણ બાકાત નથી. આવા મોટા મોટા શહેરોમાં પણ જગ્યાઓ બાકી છે. એ તાત્કાલિક ભરવી જોઈએ. આ ગુજરાત રાજયમાં જે એન્જિનિયરીંગ કોલેજ છે તેના પિન્સીપાલ અને પ્રોફેસરો છે તેની જગ્યાઓ પણ આપણે ભરી શકતા નથી. જે જગ્યાઓ ભરવામાં આવે છે તે ૧૧ માસના કરાર ઉપર ભરવામાં આવે છે. તેનાથી શિક્ષણની કોઈ ગુણવત્તા સુધરતી નથી. રાજયમાં પ્રાથમિક શાળાઓ ચાલે છે તેમાં બાળકોને સાંસ્કૃતિક ડ્રેસ આપવો જોઈએ. રમતગમતના સાધનો આપવા જોઈએ. એ સગવડતાઓ આપણે ઉપલબ્ધ કરી શકતા નથી. મોટા ભાગે જિલ્લા પંચાયતોમાં જે બીટ નિરીક્ષકોની જગ્યાઓ છે એ જગ્યાઓ પણ આજે વર્ષોથી ખાલી છે એ ભરી શકતા નથી અને એક બાજુ આપણે વિદ્યાર્થીઓને ખરા ભણવાના ટાઈમે ગરીબ મેળાઓના ટાઈમે બસમાં બેસાડીને લઈ જવામાં આવે. વિદ્યાર્થીઓનો પરીક્ષાનો સમયગાળો વેડફી નાખવામાં આવે એ પ્રકારનું આયોજન રાજય સરકાર કરી રહી છે. તેમાં તાત્કાલિક સુધારણા થવી જોઈએ. માધ્યમિક શાળાઓમાં રોસ્ટર પોઈન્ટ છે. ૧થી ૭ના વર્ગની શાળાઓમાં અમારા આદિવાસી, એસ.સી. અને એસ.ટી. શિક્ષકોની કયારેય નિમણૂંક થઈ શકતી નથી. કારણ કે એક,બે અને ત્રીજો બિન અનામત રોસ્ટર પોઈન્ટ છે. ચોથો બક્ષી પંચનો છે અને છ, સાત, આઠ ફરી પાછો બિન અનામતનો આવે છે. એટલે આદિવાસી ઉમેદવારોની ભરતી થઈ શકતી નથી. તેમાં શિક્ષણ મંત્રીશ્રી વિચારણા કરે એવો મારો અનુરોધ છે.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે ૧૪ મિનિટ છે. બન્ને મંત્રીશ્રીઓને ૧૪-૧૪ મિનિટ મળશે.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦-૧૧ના રૂ.૧૯૦૦/- કરોડનું બજૅટ છે. જેમાં ૧૮.૭૫ ટકા વધારો થયો છે. ૨૦૦૨ની સરખામણી ૫૪૬.૯૨ કરોડની સરખામણીએ આ વર્ષના બજૅટમાં રૂ.૪૨૫.૧૩ ટકાનો વધારો છે. કન્યા કેળવણી રથયાત્રાના માધ્યમથી ૧૦૦ ટકા નામાંકન અને ડ્રોપ આઉટમાં ઘટાડો થયો છે ત્યારે આગામી દિવસોમાં ભૌતિક સુવિધાઓ આપવા માટે રાજય સરકાર સ્વર્ણિમ વર્ષ ઉજવી રહી છે ત્યારે સ્વર્ણિમ વર્ષ નિમિત્તે પ્રાથમિક શાળાઓમાં ૧૦૦ ટકા કમ્પાઉન્ડ વૉલની સુવિધા, પીવાના પાણીની સુવિધા, વીજળીકરણની સુવિધા અને સેનીટેશનની સુવિધા આ એક જ વર્ષમાં રાજય સરકાર પૂરી કરવા માગે છે. ૬૪૨૪૩ વર્ગખંડો હતા, આ વર્ષે ૧૭૧૧ અને ધોરણ આઠને પ્રાથમિક શિક્ષણમાં લઈ જવાતાં બીજા ૫૦૦૦ ઓરડાઓ મળી ૬૭૧૧ ઓરડાઓ બનાવવાની રાજય સરકારની નેમ છે. સ્ટાફ ક્વાર્ટર ૭૫૮ હતા એમાં આ વર્ષે ૨૫૫ નવા બાંધીને શિક્ષકોને સુવિધા આપવાનો પ્રયાસ કર્યો છે. સેનિટેશન માટે અત્યાર સુધીમાં માત્ર ૨૪૦૦ રૂપિયા આપવામાં આવતા હતા. હવે દરેક શાળા દીઠ રૂ.૪૮૦૦/- આપવામાં આવશે. જેના કારણે સેનિટેશન માટે ખંડ સમયના માણસો રોકીને સફાઈ કરવામાં આવશે. મધ્યાહન ભોજન યોજનામાં વધારે ફાળવણી થાય, વધુ શિક્ષકો મળે અને એ માટે અંતરિયાળ પછાત વિસ્તારોમાં કામ કરતા શિક્ષકો માટે રૂ.૨૭/- કરોડની જોગવાઈ સાથે બાયો મૅટ્રિક સિસ્ટમ ઊભી કરવામાં આવશે. જ્યારે એકવીસમી સદીમાં જઈ રહ્યા છીએ ત્યારે ૨૦૧૦-૧૧ના વર્ષમાં બીજી ૮૦૦૦ શાળાઓને કમ્પ્યુટરરાઈઝેશન કરવાની સરકારની નેમ છે. આ રાજય સરકારે ૧,૦૦,૫૬૪ વિદ્યા સહાયકોની ભરતી કરી છે. એમાં ૮૫,૧૯૪ વિદ્યા સહાયકોને કાયમી કરવામાં આવશે. આ વર્ષે ૬૨૦૦ વધારે વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવશે. જેમાં ૫૦ ટકા વિદ્યા સહાયકો વિજ્ઞાન પ્રવાહના લેવામાં આવશે. સૌથી પહેલી વખત રાજય સરકાર કેન્દ્રીયકૃત ભરતી કરવા જઈ રહી છે. જ્યારે વિધાનસભાએ એનું બિલ પસાર કર્યું છે ત્યારે ધોરણ આઠને પ્રાથમિક શિક્ષણમાં લઈ જવામાં આવ્યું છે. અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાનના ૧૦૦૦૦ તાલીમી શિક્ષકોની ભરતી કરવામાં આવશે. સ્વાધ્યાયપોથી, નકશા પોથી અને પાઠ્યપુસ્તકો

રાજય સરકાર આપે છે. એની પાછળ ૭૦ લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓને એનો લાભ મળે છે અને રાજય સરકાર એની પાછળ રૂ.૬૦/- કરોડની રકમ ખર્ચે છે. મારે આ તબક્કે કહેવું જોઈએ કે, આખા દેશમાં એક માત્ર ગુજરાત રાજય એવું છે કે, ધોરણ એકથી સાતમાં પાઠ્ય પુસ્તકો માટે ગ્રાન્ટ આપતું એક માત્ર ગુજરાત રાજય છે. એમાં એકપણ પૈસાની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર આપતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુણોત્સવના માધ્યમથી માત્ર શિક્ષણ નહી, ગુણવત્તાસભર શિક્ષણ મળે એના માટેનો રાજય સરકારનો પ્રયાસ છે. સંકલિત શિક્ષણ યોજના અન્વયે આ સંપૂર્ણ ૧૦૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત યોજના હતી. તા.૩૧-૩-૨૦૦૯ના દિવસે કેન્દ્ર સરકારે આ યોજના બંધ કરી. જેના કારણે ૧૨૪૮ પ્રવાસી શિક્ષકો અને ૫૦ જેટલા અપંગ, દ્રષ્ટિહિન, મંદ બુદ્ધિના બાળકો અને શિક્ષકો ઉપર સીધી અસર પડી છે. ત્યારે કેન્દ્ર સરકારમાં અનેક રજૂઆતો કરવા છતાં જ્યારે પરિણામ શૂન્ય આવ્યું છે ત્યારે રાજય સરકાર બિન તાલીમી શિક્ષકો માટે રૂ.૬,૦૦૦/- અને તાલીમ પામેલા શિક્ષકોને માટે રૂ.૯,૦૦૦/-ની જોગવાઈ કરી છે. પ્રાથમિક શિક્ષણમાં વધારે વિદ્યાર્થીઓ આવી રહ્યા છે ત્યારે માધ્યમિક શાળાઓની જરૂર પડશે અને એટલા માટે ૩૧૭ શાળાઓ હતી એમાં ૨૦૦૯-૧૦ના વર્ષમાં ૨૪૦ શાળાઓ નવી શરૂ કરી છે. ૪૦ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ શરૂ કરી છે. હવે રાજયમાં એકપણ તાલુકો બાકી નથી કે જ્યાં વિજ્ઞાન પ્રવાહની શાળા ન હોય. અત્યાર સુધીમાં શહેરી વિસ્તારમાં, જિલ્લાના મથકે અને તાલુકાના મથકે શાળાઓ શરૂ કરવામાં આવી રહી છે. રાજય સરકારે એક નવી યોજના લઈને આવી રહી છે. ત્રણ વર્ષ પછી ગ્રાન્ટેડ શાળાઓ કરવા માટેની રાજય સરકારે વિચારણા કરી છે. રાજયના અંતરિયાળ વિસ્તારોમાં જ્યાં સંસ્થાઓ શાળાઓ શરૂ કરવા માગે છે એમાં બાયસેકના માધ્યમથી મેપીંગ કરીને એની જાહેરાત આપીને સ્પષ્ટ ગામ, તાલુકો અને જિલ્લો બતાવવામાં આવશે.

જે પણ સંસ્થાઓની આ જગ્યાએ શાળા શરૂ કરવામાં આવશે એમાં ત્રીજા વર્ષે એનું પરિણામ ૫૦ ટકા હશે તો ૫૦ ટકા ગ્રાન્ટ, ચોથા વર્ષે ૫૫ ટકા પરિણામ આવે તો ૭૫ ટકા ગ્રાન્ટ અને પાંચમા વર્ષે આ પરિણામની ટકાવારી જળવાય રહે તો ૧૦૦ ટકા ગ્રાન્ટ સાથે અંતરિયાળ અને પછાત વિસ્તારની અંદર રાજય સરકાર આ નવતર અભિગમ કરવા માગે છે. જ્યારે સ્વર્ણિમ વર્ષ ઉજવી રહ્યા છીએ ત્યારે રાજય સરકાર, સરકારી અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૧૬૮ જેટલા નવા મકાનો, ૫ જેટલી નવી ગર્લ્સ હોસ્ટેલો, જે વિજ્ઞાન પ્રવાહની ૪૦ શાળાઓ મંજૂર થઈ છે, પ્રત્યેક શાળામાં સાડા ચાર લાખ રૂપિયાના વિજ્ઞાનના સાધનો ૯૯૦ જેટલો વર્ગ વધારો અને આગામી વર્ષે નૉન ગ્રાન્ટેડમાંથી ગ્રાન્ટેડ કરવા માટે ૨૦૦ માધ્યમિક શાળાઓ અને ૧૦૦ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સાથે ૩૦૦ શાળાઓને ગ્રાન્ટેડ કરવામાં આવશે. આ રાજય સરકારે વાંચે ગુજરાત અભિયાન શરૂ કર્યુ છે. ગયા વર્ષે ૬ કરોડ, આ વર્ષે સાડા ચાર કરોડ રૂપિયા ખર્ચીને ૨૪૦૦ જેટલી શાળાઓમાં ૨૦હજારની ગ્રાન્ટ આપવામાં આવશે. આની પાછળનો હેતુ બાળકો વાંચવા માટે પ્રેરાય, વાંચવાની અભિરુચિ કેળવાય અને વાંચનની ટેવ પડે એના માટે રાજય સરકાર વાંચે ગુજરાત અભિયાન શરૂ કરી રહી છે. સરસ્વતી સાધના પ્રોજૅકટ, સાક્ષર ભારતને કેંદ્ર સરકારે ૫૦ ટકાથી ઓછી સાક્ષરતાવાળા વિસ્તારોની અંદર ૧૩ જિલ્લાઓની અંદર જ્યારે શાળાઓ શરૂ કરવા જઈ રહી છે ત્યારે રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સીધા માર્ગદર્શન નીચે સરસ્વતી યાત્રા પ્રોજૅકટ શરૂ કરવામાં આવ્યો છે. બાકી રહેલા ૧૩ જિલ્લાઓમાં આ રાજય સરકાર પોતાના ભંડોળમાંથી આ કરશે અને એની પાછળ ૧૦૦ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મધ્યાહન ભોજન યોજના, ૭૫ ટકા કેન્દ્ર સરકાર, ૨૫ ટકા રાજય સરકાર એ ઉપરાંત રાજય સરકાર ફોર્ટીફાઈડ આટો, મધ્યાહન ભોજન યોજના માટે ગેસની સુવિધા, જમવાના વાસણો, એરટાઈટ પ્લાસ્ટિક કન્ટેનર, સ્ટીલ રેક, સંચાલક, રસોયા અને સ્ટાફને પહેલી વખત તાલીમ આપવામાં આવશે. આ બધાની પાછળ રાજય સરકાર ૨૧૭.૪ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવા માગે છે. અત્યાર સુધીમાં સંચાલકોનો પગાર માત્ર ૫૦૦ રૂપિયા હતો. રાજય સરકાર ૨૫ થી વધારે વિદ્યાર્થીઓ હોય એ જગ્યાએ સંચાલકોના જે માનદ્ વેતન છે એમાં ૫૦૦ થી વધારીને ૧૦૦૦ રૂપિયા, કૂક -કમ-હેલ્પરના ૨૫૦ થી વધારીને ૧૦૦૦ રૂપિયા અને હેલ્પરને ૧૭૫ થી વધારીને ૪૦૦ રૂપિયા કરવા માગે છે. ૧૦૦ થી વધારે વિદ્યાર્થીઓની સંખ્યા હોય તો ૫૦૦ના ૧હજાર ૨૫૦ના ૧હજાર અને ૨ હેલ્પર સાથે ૧૭૫ની જગ્યાએ ૧હજાર રૂપિયા આપવામાં આવશે. આની પાછળ રાજય સરકાર ૭૬૨.૧૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ જે તેલ આપવામાં આવતુ હતું એ માત્ર ૫ ગ્રામ કરવામાં આવ્યું છે. હવે પહેલી ડિસેમ્બરના અમલથી હવેથી આ મધ્યાહન ભોજનને ૭.૫ ગ્રામ તેલ આપશે. રાજય સરકારની અપેક્ષા છે કે આમાં પણ વધારો કરવા ઈચ્છી રહી છે. જ્યારે આપણે બિલ પસાર કર્યુ ત્યારે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં આચાર્યોની ભરતી, શિક્ષકોની ભરતીમાં અનેક ફરિયાદો હતો એ પારદર્શક કરવા માટે કેન્દ્રીયકૃત ભરતી કરવાની દિશામાં રાજય સરકાર આગળ વધી રહી છે. આ માટે જે સંચાલકો છે, એ સંચાલકો સાથે બેઠક કરવામાં આવશે. વિચાર વિમર્શ કરવામાં આવશે, પરામર્શ કરીને કેન્દ્રીયકૃત ભરતી કરવામાં આવશે તો આગામી દિવસોમાં ૩ વર્ષમાં ૪૫હજાર શિક્ષકોની ભરતી કરવામાં આવશે. ટેકનિકલ શિક્ષણની અંદર ૨૦૦૧માં ડીપ્લોમા, ડીગ્રી ઈજનેરી, ડીગ્રી ફાર્મસી, એમ.ટેક., એમ. એ., એમ.બી.એ., એમ.સી.એ., ૨૦૦૧માં ૨૬૩૩૫ બેઠકો હતી , ૨૦૦૯ના વર્ષમાં ૯૮,૯૩૫ બેઠકો વધારીને ૭૨,૬૦૦ બેઠકોનો વધારો કર્યો છે. અને આગામી દિવસોમાં કેન્દ્ર સરકાર જો ડબલ શીપને મંજૂરી આપશે તો આ રાજય સરકાર ૧ લાખ ૨૫હજાર

ટેકનિકલ શિક્ષકોની બેઠકો કરવા જઈ રહી છે. આટલું પૂરતું નથી. ૨૦૦૮-૦૯ના વર્ષમાં સેલ્ફ ફાઈનાન્સની અંદર ૭૫ ટકા રાજય સરકાર ભરશે જેમાં મેરીટના આધારે, જેમાં અનામત પ્રથાનો લાભ મળશે, માત્ર એમને એડમીશન નહીં પરંતુ જે ગરીબ વિદ્યાર્થી, મહિલા છે, વિકલાંગ છે, ઓછી આવકવાળા વિદ્યાર્થીઓ છે, એને પણ ફી માફી સાથે આ રાજ્ય સરકાર કામ કરી રહી છે. આ વર્ષે ૭૧૩૯ જેટલા વિદ્યાર્થીઓ ફી માફી યોજના હેઠળ ભણી રહ્યા છે. જો ડબલ શીફ્ટ કરવામાં આવશે તો આગામી દિવસોમાં આંકડો સાથ હજારથી વધીને ૧૪ હજારને ફી માફી સાથે અમે ભણાવવા માગીએ છીએ. આગામી દિવસોમાં ૧૨ ડિગ્રી કોલેજો અને ૯ પોલિટેકનિક કોલેજો રાજ્ય સરકાર કરવા જઈ રહી છે જેની પાછળ ૮૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરી રહી છે. જ્યારે સ્વર્ણિમ વર્ષ ઉજવી રહ્યા છીએ ત્યારે ૪ ડિગ્રી ઈજનેરી કોલેજો અને બે પોલિટેકનિક, ૬ નવા ઓડિટોરિયમ શરૂ કરવા જઈ રહ્યા છીએ. ૬ નવી હોસ્ટેલો શરૂ કરવા જઈ રહ્યા છીએ. ૧૬ હયાત હોસ્ટેલો છે એના રીનોવેશન માટે અમે આગળ વધી રહ્યા છીએ. હાઉસ કીપિંગ, સંશોધન પ્રવૃત્તિ, બેઠકોનો વધારો અને આ બધા પાછળ ઘણી મોટી જોગવાઈઓ આ રાજ્ય સરકારે કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન પ્રમાણે ગુજરાત નોલેજ સોસાયટીના માધ્યમથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ઘણા બધા કોર્સોમાં મફત શિક્ષણ મળે એ માટે વ્યવસ્થાઓ આ રાજ્ય સરકારે કરી છે. ઉચ્ચ શિક્ષણમાં રાજ્ય સરકારે નવી ૧૨ કોલેજો શરૂ કરવા નિર્ણય કરેલ છે. એની પાછળ ૪૨.૨૫ કરોડની જોગવાઈ કરી છે. આદિજાતિ વિસ્તારમાં નસવાડી, ઝાલોદ અને વાલોડ ખાતે કમ્પાઉન્ડ વોલ, ઓડિટોરિયમ, હોસ્ટેલ વિગેરે માટે ૬.૮૮ કરોડની જોગવાઈ કરી છે. આગામી વર્ષથી જ્યાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ઓછો છે ત્યાં રાજ્ય સરકાર ૨૦ નવી કોલેજો શરૂ કરવા જઈ રહી છે. પહેલી વખત ગુજરાતમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ૭ મહાનગરોમાં હોસ્ટેલની સુવિધા માટે ૩૫ કરોડની જોગવાઈ આ રાજ્ય સરકારે કરી છે. એ સાથે આર્કિયોલોજી વિભાગનો નવો અભ્યાસક્રમ આ રાજ્ય સરકાર કરવા જઈ રહી છે. ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશનનું બિલ આ સરકારે પસાર કર્યું છે. આગામી દિવસોમાં વિશ્વ સ્તરના ઉત્તમ શિક્ષકો મળે એ પ્રકારનો રાજ્ય સરકારનો અભિગમ છે. આગામી દિવસોમાં યુ.જી.સી. અને નોલેજ કમિશનની ભલામણ મુજબ રાજ્ય સરકાર ચોઈસ બેઝ ટ્રેનિંગ સિસ્ટમ સી.બી.એસ.ઈ. આગામી વર્ષ ૨૦૧૦-૧૧ના વર્ષથી શરૂ કરવા જઈ રહી છે. ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાસભર શિક્ષણ મળે એના માટે સપ્તધારા કાર્યક્રમ, નોકરી મળવાની તકો વધે એના માટે બાયસેગના માધ્યમથી ઉચ્ચ શિક્ષણ વધુ ગુણવત્તાસભર બને એના માટેનું આયોજન છે. સ્ટુડન્ટ ઈન્ટર્નશીપ યોજના અંતર્ગત દરેક વિદ્યાર્થીને એક માસનો સમય આપવામાં આવે એની પાછળ ૧૫૦૦ રૂપિયાનું વળતર એના બેંક ખાતામાં જમા કરાવવામાં આવશે અને એ સિવાય ગુજરાત નોલેજ સોસાયટીના માધ્યમથી કોઈ એક વિદ્યાર્થી એક કોર્સ પસંદ કરે અને એની પાછળ થનાર ૧૫૦૦ રૂપિયાનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. સ્કોપ આ રાજ્ય સરકારની લોકપ્રિય યોજના બની છે ત્યારે માત્ર ૧૨૦૦ રૂપિયાના નજીવા ફેરફાર સાથે આજે ૭૫ હજાર કરતા વધારે વિદ્યાર્થીઓએ આનો લાભ લઈને પ્રમાણપત્ર મેળવીને અંગ્રેજીનો લાભ લીધેલ છે. ટુ વે વિડિયો સિસ્ટમ દ્વારા ૧૩૦૦ કરતા વધારે શિક્ષણ શાસ્ત્રીઓ દ્વારા એજ્યુકેશન થ્રુ સેટેલાઈટની યોજના અન્વયે આ રાજ્ય સરકાર કામ કરે છે. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણમાં ૯૪ પુસ્તકો નવા પ્રકાશિત કરેલ છે. વિદ્યાર્થીઓના ડેટા મેળવીને જોબ ફેર કરીને આ વિદ્યાર્થીઓને વધારે લાભ મળે એવો રાજ્ય સરકારનો અભિગમ છે. (અંતરાય) સર્વ શિક્ષા અભિયાન એ કેન્દ્ર સરકારનો વિષય છે. આખા દેશમાં ગુજરાત એક માત્ર રાજ્ય છે કે જેને સૌથી ઓછી ફાળવણી રૂપિયા ૫૫૪ કરી છે. ઉત્તરપ્રદેશમાં ૩૮૭૦ કરોડ, બિહારમાં ૪૨૯૨ કરોડ, મધ્યપ્રદેશ ૨૨૨૨ કરોડ અને ગુજરાતને માત્ર ૫૫૪ કરોડ આપ્યા છે. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, મારી માગણીઓ સર્વાનુમતે મંજૂર થાય એવી વિનંતી છે.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગ, જેલ અને વાહન વ્યવહાર વિભાગની માગણીઓ લઈને આવ્યો હતો તેના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી ગૃહ વિભાગનો સવાલ છે ત્યાં સુધી અર્જુનભાઈ ઊભા થયા હતા ત્યારે મને એમ હતું કે પરિસ્થિતિ બગડી છે, ગુનાઓ વધ્યા છે, એવી કોઈ માહિતી હશે પ્રજામાંથી આવેલી તો ફ્લોર ઉપર મૂકશે. પરંતુ એમણે એમનો જે કાંઈ સમય મળ્યો એ સમય એમણે અમારા અસંતુષ્ટ અધિકારીઓની રજૂઆત કરવામાં વાપર્યો. એમણે પ્રજાની રજૂઆત કરી હોત તો કદાચ પ્રજા એમણે સાંભળત, પ્રજા એમને શરાહત. કદાચ આવતી વખતે ક્યાંક કોઈક જગ્યાએ નંબર પણ લાગત, પણ એમણે અધિકારીઓના આંતરિક રાજકારણને ફ્લોર પર મૂકવાનો પ્રયત્ન કર્યો. મારે એનો જવાબ નથી આપવો. મારે પ્રજાના હિતમાં જે વાત થઈ છે એનો જવાબ આપવા માટે હું ઊભો થયો છું. આ ગૃહની અંદર આ વિભાગનો જવાબ આપતી વખતે હું એટલું ચોક્કસ કહેવા માગું છું કે મુખ્યમંત્રીશ્રીની રાજકીય દ્રષ્ટિ ઈચ્છાશકિતના લીધે ગુજરાતના ડાયરેકટર જનરલ ઓફ પોલીસથી માંડીને અદનામાં અદના કોન્સ્ટેબલના લીધે ગયા વખતની સરખામણીમાં આ વર્ષે ગુનામાં ૮ ટકાનો ઘટાડો નોંધાયો છે. વસ્તી વધી છે, સમૃદ્ધિ વધી છે, નાણાકીય વ્યવહારો વધ્યા છે અને ગુનાઓની અંદર ઘટાડો થયો છે આવી ઊંધી ગંગા સમગ્ર દેશ સિવાય બીજે કયાંય વહેતી નથી અને એટલા માટે ગુજરાત સુરક્ષિત છે. ગુજરાતને જે મારા વિરોધપક્ષના મિત્રો કહેતા હતા એમને મારે કહેવું છે કે તમારા શાસનની અંદર જે વસ્તી હતી એના કરતા

ગુજરાતની વસ્તી અત્યારે ૩૭ ટકા વધી છે અને હું ગુજરાતના આંકડાઓ કહું છું, ગુનાઓની સંખ્યા કહું છું, ૫ર લાખ નથી કહેતો. ખૂનના ગુનાની અંદર કોંગ્રેસના શાસન કરતા ૨૪ ટકાનો ઘટાડો થયો છે. ખૂનની કોશિશના ગુનાઓની અંદર ૪૦ ટકાનો ઘટાડો થયો છે. ધાડની અંદર ૨૬ ટકાનો વધારો થયો છે. ઘરફોડીની અંદર ૧૮ ટકાનો ઘટાડો થયો છે. વસ્તી વધી, સમૃદ્ધિ વધી, વ્યાપાર વધ્યો, પ્રોપર્ટી વધી અને ગુનાઓની અંદર ઘટાડો થયો છે. ખાલી જૂના કોંગ્રેસના શાસન જોડે નહિ. અત્યારે દેશની સાંપ્રત પરિસ્થિતિની અંદર પણ નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરો આંકડા બહાર પાડે છે એ આંકડાની અંદર ગુજરાતના ખૂનના ગુનાની અંદર ૫ર લાખ રેટ ૨૯ મો છે. ખૂનની કલમની અંદર ૩૩મો છે, આપણી આગળ બધા રાજ્યો આવી જાય છે. ઘરફોડ ચોરીઓની અંદર ૨૧મો છે અને બળાત્કારની અંદર સૌથી છેલ્લા ક્રમે ગુજરાત છે. દેશની અંદર સૌથી ઓછા બળાત્કાર ગુજરાતની અંદર થાય છે. કોંગ્રેસના શાસનની વાત કરીએ તો શિડ્યુલ કાસ્ટના ભાઈઓ પર જે સામાન્ય રીતે એની પરથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કેવી છે એ જોવું હોય તો પિડિત સમાજોને જોવા પડે. પછાત સમાજોને જોવા પડે, મહિલા વર્ગ પર થતા અત્યાચારોને જોવા પડે. કોંગ્રેસની સરખામણીમાં એસ.ટી. ઉપરના ગુનાની અંદર ૨૯ ટકાનો ઘટાડો થયો છે. આદિવાસી પરના ગુનાઓની અંદર ૩૯ ટકાનો ઘટાડો થયો છે અને મહિલા પરના ગુનાની અંદર ૧૮ ટકા કરતા વધુ ગુનાનો ઘટાડો થયો છે. આ એમને એમ નથી થતું પોલીસના તંત્રને કાયદા પ્રમાણે ચાલવા દઈએ તો જ થાય, એની અંદર રાજકીય દખલગીરી ના હોય તો જ થાય. એની અંદર દ્રઢ રાજકીય ઈચ્છા શકિત હોય ગુનેગારોને અને ગુનેગારોની ટોળીઓને ડામી દેવાની તોજ આ શક્ય બને અને નરેન્દ્ર મોદીના શાસનની અંદર આ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનેક સુધારાઓ કર્યા છે, જેનાથી આ દ્રઢ રાજકીય ઈચ્છાશકિતથી સ્વતંત્ર રીતે કામ કરતી પોલીસને બળ મળે. ભરતીની અંદર નિયમોમાં સુધારા કર્યા. સારી કવોલીટીના યુવાનો પોલીસને મળે એના માટે ડ્રાઈવિંગ લાઈસન્સ, કોમ્પ્યુટર, એન.સી.સી.ની પરીક્ષાઓ, રમત-ગમતની યોગ્યતાઓ આ બધાને ક્રાઈટેરિઆ બનાવીને આપણે ભરતી નિયમોની અંદર સુધારી. શિક્ષણની વ્યવસ્થાને વધુ ઉપર લઈ ગયા અને એના લીધે ભરતીની અંદર સારા યુવાનો મળતા થયા છે. ભરતી પારદર્શક થઈ છે અને જુદા જુદા પોલીસના કામો હતા એમાં જ્યારે પોલીસના કર્મચારીને મૂકવામાં આવે ત્યારે મન થોડું ઉદાસીન થાય. કોઈની પણ ઈચ્છા હોય કોર એકટીવીટીની અંદર કામ કરવાની, કોઈને ડોગ સ્કવોડ મૂકીએ, કોઈને ઘોડેસ્વાર પોલીસમાં મૂકીએ, કોઈને બેન્ડમાં મૂકીએ, કોઈને આઈ.બી.માં મૂકીએ. આ બધાની ભરતી અમે જુદી કરી છે. ક્રમ પ્રમાણે ભરતી થવાની અને જે આઈ.બી.માં ભરતી થશે એને આખું જીવન આઈ.બી.માં કામ કરવાનું છે અને એમાં પ્રમોશન જોઈતું હોય તો આ વિભાગની અંદર સારું કામ કરવું પડે એવું એને પ્રલોભન રહેવાનું છે અને કામની પ્રેરણા મળવાની છે. એના કારણે ખૂબ મોટો સુધારો આવનારા દિવસોમાં કામમાં થવાનો છે. ભરતીના આંકડા કહું તો છેલ્લા ચાર વર્ષમાં જુદા જુદા સંવર્ગોની ૧૩૧૪૯ લોકોની ભરતી પૂરી થઈ ગઈ છે અને નવું બ્લડ આજે પોલીસમાં કામ કરતું થઈ ગયું છે. અને બીજી મંજૂરી મળેલી હોય એવી ભરતીની પ્રક્રિયા ચાલુ હોય એવા ૧૪૦૦૦ યુવાનોની પસંદગીની પ્રક્રિયા ચાલુ કરી દીધી છે આમાં ચાલ જ વર્ષમાં ૨૭૦૦૦ યુવાનોને ગુજરાત પોલીસમાં કામ કરવાની તક આ રાજયની નરેન્દ્ર મોદી સરકારે આપી છે. ખાલી ભરતી કરી, એની ગુણવત્તા સુધારી, કામનું ભારણ ઘટાડ્યું એટલું જ નહિં પણ એમના વેલ્ફરની પણ ચિંતા કરી છે. પહેલી વાર નરેન્દ્રભાઈ મોદીની સરકાર, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી પહેલી વાર પોલીસના દરેક કર્મચારીની અને દરેક પરિવારના સદસ્યની આરોગ્ય ચકાસણીની જવાબદારી આ રાજય સરકારે ઉપાડી છે અને છેલ્લા ત્રણ વર્ષથી પોલીસનો સમગ્ર પરિવાર આરોગ્ય ચકાસણીની ચિંતાથી મૂકત છે. પરેડ નિયમિત કરી છે એમાં યોગને સ્થાન આપ્યું છે એનો માનસિક તનાવ ઘટાડવા માટેની પણ ચિંતા આ સરકારે કરી છે અને વર્ષોથી જે પોલીસની કોઈ સરકારે એડેર્સ ના કરી હોય, કોઈ સરકારે એને ઉકેલી ના હોય, કોઈ સરકારે એના પ્રત્યે સંવેદના ના બતાવી હોય, એ પ્રકારની સમસ્યા એના રહેઠાણની હતી. અને રહેઠાણની સમસ્યાનો ગુજરાતે લગભગ સંપૂર્ણપણે ઉકેલ લાવી દીધો છે. આજે ૮૪ ટકા પોલીસના કર્મચારીઓ પાકા રહેવાના મકાનની અંદર સરકારી મકાનમાં રહે છે. અને સમગ્ર દેશની અંદર પોલીસ હાઉસીંગની દ્રષ્ટિએ આવું સારું વાતાવરણ સમગ્ર દેશમાં કયાંય નથી. આધુનિકરણની અંદર પણ કોમ્પ્યુટરાઈઝેશન, વાહનો, હથિયારો અને કોમ્યુનિકેશનના સાધનો આ બધાનો જ ઉપયોગ કરીને ખૂબ સુંદર રીતે વૈજ્ઞાનિક આયોજન કરીને અમે પોલીસની તાકાત વધારવા માટે, પોલીસની ક્ષમતા વધારવા માટે ખૂબ ડિટેઈલ મથામણ કરી છે. દરેક પોલીસ સ્ટેશનો કોમ્પ્યુટરાઈઝ થયા છે એની અંદર ફેકસ છે, એની અંદર ટેલિફોન છે, એની અંદર ઝેરોક્ષ મશીન છે, એ દરેક પોલીસ સ્ટેશન એક બીજા સાથે જોડાઈ ગયા છે. પોલીસ સ્ટેશનનોને એમના ઉપરી અધિકારીઓ સાથે જોડ્યા છે, ઉપરી અધિકારીઓને એના ડી.જી.પી. ની ઑફિસ સાથે જોડ્યા છે અને આ કનેકટીવીટીનું કામ પૂરું થયા પછી અમે એક કૉમન સોફટ વેર બનાવી રહ્યા છીએ. જેથી દરેક નાગરિક માટે આ સોફટ વેર ઉપરની દરેક માહિતી ઉપલબ્ધ થશે. આ સોફટ વેરથી રાજયની બધી જ જેલો, સબ જેલો, રાજયની બધી કોર્ટો, રાજયની હાઈ કોર્ટ અને એફ.એસ.એલ. આ બધાને જ જોડવાનું આયોજન છે. એટલે સંપૂર્ણ રક્ષણ આપતી બધી જ એજન્સીઓ એક જ સોફટ વેર પર કામ કરતી થશે અને એ સોફટ વેર જ્યાં સુધી માહિતીનો સવાલ છે ત્યાં સુધી સામાન્યમાં સામાન્ય માનવી માટે એકસેસેબલ રહેશે, સામાન્યમાં સામાન્ય માનવી

એનો ઉપયોગ કરી શકશે, પોતાના સૂચનો કરી શકશે, પોતાની ફરિયાદો મોકલી શકશે. અને પોતાને કયાંય અન્યાય થયો હશે તો ઉપરીમાં ઉપરી અધિકારીને રજૂઆત કરી શકશે. આ કામ પૂરું થયા પછી ભારતમાં એક માત્ર રાજય એવું થશે કે જેણે આવું સંપૂર્ણ સોફટ વેર વિકાસ કરી લીધું હશે અને હમણાં જ ભારત સરકારે પણ આપણા સોફટ વેરનો સોર્સ કોડ આપવા માટે આપણને વિનંતી કરી છે અને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ હા પણ પાડી છે. હું માનું છું કે, સમગ્ર દેશના પોલીસ પરિવાર માટે આ ગુજરાતનું બહું મોટું કોન્ટ્રીબ્યુશન થશે. માનનીય અધ્યક્ષશ્રી, સમય મર્યાદા છે છતાં પણ હું એફ.એસ.એલ.ની વાત કર્યા વગર રહી નથી શકતો. એફ.એસ.એલ.માં એવા અનેક પ્રકારના પરીક્ષણો છે જે ફક્ત ગુજરાતની અંદર થાય છે. એવા અનેક પ્રકારના પરીક્ષણો છે જે એક અથવા બે રાજયની અંદર થાય છે. એકેય એવું પરીક્ષણ નથી જે દેશની બીજી કોઈ એફ.એસ.એલ.માં થતું હોય અને ગુજરાતમાં ના થતું હોય આપણી ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરીએ ખૂબ પ્રગતિ કરી છે . હું વધારે ડિટેઈલમાં વાત નથી કરતો, ત્રણ યુનિવર્સિટીઓ મારા ત્રણેય પાસાઓ માટે, એફ.એસ.એલ. યુનિવર્સિટી, લો યુનિવર્સિટી અને રક્ષા યુનિવર્સિટી બનાવી છે. રક્ષા યુનિવર્સિટી બનવાના લીધે જે લોકો વરદીવાળી સેવાઓને ડિસીપ્લીન ફૉર્સને કૅરિયર બનાવવા માગે છે એ યુવાનો એની તજજ્ઞતા મેળવી શકે, એ દિશામાં જ પોતાની કારકિર્દી ઘડી શકે એ માટે નવી તક મળવાની છે. એફ.એસ.એલ. યુનિવર્સિટી પણ ભારતમાં કયાંય નથી, રક્ષા શકિત યુનિવર્સિટી પણ ભારતમાં કયાંય નથી. એફ.એસ.એલ. યુનિવર્સિટીએ ઊભા કરેલા આપણા વૈજ્ઞાનિકો સમગ્ર દેશની પોલીસની મદદમાં જવાના છે.એનું મને ગૌરવ છે અને આ યુનિવર્સિટી પણ કામ કરતી થઈ ગઈ છે. આતંકવાદને ડામવાનો જયાં સુધી સવાલ છે ત્યાં સુધી આપણો એસ.એસ.જી.નો કન્સેપ્ટ હતો એ ભારત સરકારે સ્વીકારીને એને સમગ્ર દેશ માટે પરિપત્રિત કર્યો છે. SOG, BOT અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડનો આપણો કન્સેપ્ટ જે ૨૦૦૪ની અંદર ગુજરાત પોલીસે કર્યો હતો એ સમગ્ર ભારતની અંદર આતંકવાદની સામે લડવા માટે સ્વીકાર્યો છે અને હું ગૌરવપૂર્વક કહી શકું છું કે ગુજરાતની પોલીસે ખૂબ સારી રીતે કામગીરી કરી છે એટલે છેલ્લા આઠ વર્ષની અંદર એક જ ઘટના બની છે અને એ ઘટનાને પણ એના મુળ સહિત શોધી કાઢીને સાબરમતી જેલમાં મુકવાનું કામ ગુજરાતની પોલીસે કર્યું છે અને એના પરિણામે સમગ્ર દેશની અંદર સવાસો કરતા વધુ આતંકવાદીઓ પકડાયા છે. કેન્દ્રની વાત કરી. હું ચોકકસ કહું છું. હું કોઈ રાજકીય અવલોકન કરવા માગતો નથી પરંતુ દરિયાઈ સુરક્ષાની યોજના માટેની વાત માનનીય અર્જુનભાઈએ ઉપાડી. એની અંદર ઘણું કરવાનું બાકી છે. જે નાણા બાકી છે એ તાત્કાલીક રીલીઝ થવા જોઈએ. ગઢોલી-સાતલપુર રોડ જે પેટ્રોલીંગ અને લશ્કરને રસ્તેથી પહોંચાડવા માટે અત્યંત જરૂર છે એ તાત્કાલિક મંજૂર કરવો પડે. એમ.પી.એફ.ની અંદર સરહદી રાજયોના પૈસા વધારવા જોઈએ. ઘટાડવાનો તો પ્રશ્ન જ નથી. પૈસા ઘટતા જાય છે. સરહદી રાજયોને સ્પેશ્યલ ગ્રાન્ટ એમ.પી.એફ. માટે આપવી જોઈએ અને સૌથી અગત્યનો મામલો આ ત્રણ ત્રણ વાર આ ગૃહે પોતાની લાગણી કેન્દ્ર સરકારને ગુજકોકના માધ્યમથી મોકલાવી હતી એ ગુજકોક મંજૂર થયો નહીં. જો ગુજકોક મંજૂર થાય તો ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ખૂબ ફાયદો થાય તેવો છે. જયાં સુધી જેલનો સવાલ છે ઓવરક્રાઉડીંગની સમસ્યા સમગ્ર દેશની અંદર છે. ગુજરાતની અંદર પણ છે. એને નિવારવા માટે અમે એક પ્લાન બનાવ્યો છે. ત્રણ વર્ષની અંદર લગભગ ૪૦ટકા સમસ્યાનું નિવારણ થઈ જશે. અને સૌથી વિશેષ (અંતરાય) અર્જુનભાઈ,

**અધ્યક્ષશ્રી** : નહીં, હવે આપ સીધો જવાબ આપો. અર્જુનભાઈ, આપ ન બોલો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, દેશ વિરોધી આતંકવાદીઓ અને દેશ વિરોધી કામ કરતા લોકોને અલગ પાડી શકાય અને સામાન્ય ગુનેગાર જોડે એમની કોઈ સાંઠગાંઠ ઉભી ન થાય એના માટે એક અલગ જેલ બનાવવાનું પણ આ બજેટની અંદર અમે આયોજન કર્યું છે અને એની કાર્યવાહી પણ ટુંક સમયમાં થવાની છે. વાહન વ્યવહાર વિભાગની વાત કરું તો છેલ્લા છ વર્ષની અંદર નાણા વિભાગે આપેલો બધો જ લક્ષ્યાંક વાહન વ્યવહાર વિભાગે પૂરો કર્યો છે. અત્યારે સરેરાશ ઈન્સ્પેકટર દીઠ આવક સમગ્ર ભારતની અંદર સૌથી વધારે કોઈ રાજયની અંદર હોય તો એ ગુજરાતની અંદર છે. ઈન્સ્પેકટરદીઠ આવક આપણી ૧૧કરોડ રૂપિયા છે. મધ્યપ્રદેશની ચાર કરોડ, રાજસ્થાનની બે કરોડ, મહારાષ્ટ્રની ચાર કરોડ એની સામે ગુજરાતની ૧૧કરોડ છે. નવી ૬૪૬૦ બસો લોકોની સેવાની અંદર પાંચ વર્ષ માટે મુકી છે. મારે અંતમાં એટલું જ કહેવું છે છેલ્લા સાત વર્ષની અંદર ગુજરાતની અંદર એક પણ હુલ્લડ નથી થયું. એક પણ હડતાલ નથી પડી. આતંકવાદ કન્ટ્રોલમાં છે. દેશ વિરોધી એક પણ કેસ પેન્ડીંગ નથી. આતંકવાદને લગતો એક પણ કેસ પેન્ડીંગ નથી. ચર્ચાસ્પદ થયેલા બધા જ કેસોની અંદર, ધૃણિત પ્રકારના બધા જ કેસોની અંદર સમયસર સજા કરવામાં ગુજરાત પોલીસે સફળતા મેળવી છે. મહિલાઓ સલામત છે. દલિતો સલામત છે. આદિવાસીઓ સલામત છે એટલે ગુજરાતની પ્રજા સલામત છે. જો કોઈ સલામત ન હોય તો એ કોંગ્રેસનું રાજકીય ભવિષ્ય સલામત નથી અને એનો ઉકેલ મારી જોડે નથી એમની જોડે છે. મારી આપ સૌને વિનંતી છે કે પોલીસના વિભાગને લગતી આ માગણી છે. આપ સૌ મહેરબાની કરીને આ માગણીને સર્વાનુમતે પસાર કરો એવી વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતના કેટલાય માબાપો પોતાના બાળકો માટે ખૂબ ચિંતિત છે. હું માત્ર એટલો જ પ્રશ્ન પૂછવા માગું છું કે જે પોલીસ સ્ટેશનના

વિસ્તારમાંથી દસ હજારથી વધારેનો દારૂ પકડાય તો એ પોલીસ સ્ટેશનના જે તે જવાબદાર અધિકારીને સસ્પેન્ડ કરવા માટે તમારો જે પરિપત્ર છે એનો કડકમાં કડક અમલ કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એમને બરોબર, રાજકીય પક્ષાપક્ષીથી ઉપર થઈને આશ્વાસન આપવા માગું છું. આ પરિપત્ર ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જ થયો છે અને એનો અમલ પણ કડક થશે અને જે કોઈ જગ્યાએ એની કાર્યવાહી ચાલુ હશે એ ઝડપી કરાય એનો તુરત અમલ થાય એના માટે અમે કટિબદ્ધ છીએ.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૮, ૪૨, ૪૩, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૧,૫૩,૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક : ૮, ૯, ૪૩, ૪૪, ૭૪ મત માટે મુકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી** : હવે વિરામનો સમય થયો છે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**સભાપતિશ્રી દોલતરાય ન.દેસાઈ અધ્યક્ષસ્થાને**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

**સભાપતિશ્રી:** મારે એક જાહેરાત કરવાની છે કે, આજે સભાગૃહનું કામકાજ પૂરું થયા પછી વિધાનસભા સચિવાલયના ચોથા માળે આવેલ શાસકપક્ષના હોલમાં સાંજના ૫.૩૦ વાગ્યે બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલય, નવી દિલ્હીના મુખ્ય પ્રવકતા બ્રહ્મકુમારીઝ શિવાની બહેન પ્રસ્તુત " આંતરિક શકિતઓ અને સુરક્ષાની અનુભૂતિ " વિષય પર એક પરિસંવાદનું આયોજન કરેલ છે. તો સૌ સભ્યશ્રીઓને આ પરિસંવાદમાં ઉપસ્થિત રહેવા મારું ભાવભર્યું નિમંત્રણ છે. આશા છે કે, બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર કેન્દ્ર દ્વારા આયોજિત આ આધ્યાત્મિક પરિસંવાદનો સૌ સભ્યશ્રીઓ લાભ લેશો.

## બિન સરકારી વિધેયકો

**દાખલ કરવા માટેના બિન-સરકારી વિધેયકો**

**સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક**

**ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક,૨૦૧૦**

**ધોરી માર્ગો ઉપર થતા અકસ્માતોના નિવારણ માટે અને તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઈઓ કરતું વિધેયક**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦નું ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી:** સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૦નું ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક દાખલ કરું છું.

**સભાપતિશ્રી:** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક**

**ગુજરાત બિન-નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક,૨૦૧૦**

**ગુજરાત રાજયમાં જાહેર ગટરો, રસ્તા અને લોકોને જોવા માટેના જાહેર સ્થળોમાં બિન-નાશવંત કચરો ફેંકાતો અથવા એકઠો થતો અટકાવવા અને તેની સાથે સંકળાયેલ અથવા તેને આનુષાંગિક બાબતો માટેનું વિધેયક**

**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજુ કરું છું કે સન ૨૦૧૦નું ગુજરાત બિન-નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી:** સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૦નું ગુજરાત બિન-નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક દાખલ કરું છું.

**સભાપતિશ્રી:** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન-સરકારી વિધેયકો**
**સન ૨૦૦૯નું વિધેયકક્રમાંક: ૬**
**ગુજરાત રાજય સફાઈ કર્મચારી આયોગ વિધેયક, ૨૦૦૮**
**સફાઈ કર્મચારીઓ માટે રાજય સ્તરીય આયોગ રચવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષાંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજુ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક:૬* સન ૨૦૦૮નું ગુજરાત રાજય સફાઈ કર્મચારી આયોગ વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય સફાઈ કર્મચારી આયોગ વિધેયક, ૨૦૦૮ એવા હેતુસર લાવવામાં આવ્યું છે કે, ભારતની સંસ્કૃત્તિ, ભારતને મળેલો વારસો અને ભારતીય સંસ્કૃત્તિના ઉચ્ચતમ મૂલ્યો એ દૂનિયામાં અનપેરેલલ છે એની સરખામણી થઈ શકે એમ નથી પણ આપણે એ વાતનો પણ સ્વીકાર કરવો જોઈએ કે ભારતની અંદર જે જાતિ આધારિત વ્યવસ્થાઓ હતી અને જે ચોકકસ વર્ણ વ્યવસ્થા હતી એને કારણે ચોકકસ જાતિઓ, ચોકકસ સમાજના લોકોને સૈકાઓ સુધી સહન કરવાનો વારો આવ્યો, દુનિયાની અંદર કયાંય એવી વ્યવસ્થા નહીં હોય કે ચોકકસ જાતિઓ પાસે ચોકકસ અસ્વચ્છ વ્યવસાય અનામત હોય અને આ સમાજને અનટચેબલ ગણવામાં આવતો હોય અને કમનસીબે ભારતમાં એ વારસો હતો અને આ જે કમનસીબ વારસો છે એને ઉલટાવવા માટેનું પણ અનેક લોકોએ કામ કર્યા અને સંઘર્ષ પણ કર્યા. અમુક જે પ્રગતિશીલ રાજાઓ હતા ગાયકવાડ હોય કે પછી શિવાજી મહારાજ હોય કે ગોંડલના રાજા હોય એમણે એના માટે થઈ અને વ્યવસ્થા સુધારવા માટેના પ્રયાસો પણ કર્યા પરંતુ કમનસીબે એ વ્યવસ્થા વર્ષો સુધી ચાલુ રહી. આ દેશની નહીં પણ વિશ્વની બે મહાન વિભૂતિઓ થઈ, મહાત્મા ગાંધી અને ડો. બાબા સાહેબ આંબેડકર એમણે પણ આ જે વ્યવસ્થા હતી એને ઉલટાવવા માટે જાનના જોખમે અને સમાજમાં અપ્રિય થવાનો ભય હોવા છતાં એ લડત લડયા ત્યાં સુધી એટલું જ નહીં પણ બંધારણની અંદર અનેક સુધારાઓ કર્યા, અને એ વ્યવસ્થાના પરિપાકરૂપે જે અસ્પૃશ્યતા હતી એને ગુનો તો ગણવામાં આવ્યો પણ સાથે સાથે જે અસ્વચ્છ વ્યવસાયોમાં જે લોકો રોકાયેલા હતા એમના માટે પણ ખાસ વ્યવસ્થાઓ થઈ અને એને કારણે જે ૧૯૯૨ અને ૯૩ની અંદર જે માથે મેલુ ઉપાડનારા લોકો હતા એ લોકોને પુનઃવસવાટ કરવા માટેના પણ કાનુનો, નિયમો અને વ્યવસ્થા અમલમાં આવી છતાં પણ આજે આટલા વર્ષો પછી પણ આપણા દેશની અંદર અને એમાંય ખાસ કરીને ગુજરાત જેવું જે પ્રગતિશીલ રાજય છે એમાં આ વ્યવસાય સાથે જે સંકળાયેલા લોકો છે એમને આજે પણ આ વ્યવસ્થા કોઈને કોઈ રીતે ચાલુ છે. માથે મેલુ ઉપાડવા માટેનો પ્રતિબંધ હોવા છતાં આજે પણ આપણે આ વ્યવસ્થા કોઈ જગ્યાએ જોઈએ છીએ અને એટલા માટે હવે જે નવી ગટરો અને નવા મેનહોલ આવ્યા અને એમાં સફાઈ કામદારને તે મેનહોલમાં ઉતારવામાં આવે અને એને કારણે ગુંગળાઈને મરી જાય એવી ઘટનાઓ આ રાજયની અંદર અનેક જગ્યાએ થઈ. જે પ્રકારે આ જોખમો છે એ જોખમો સામે અનેક પ્રકારના ઉપાયો બીજા વ્યવસાયોમાં લઈએ. કોઈ ડ્રાયવર હોય ડૂબકી મારો અને દરિયામાં ઉતારીએ તો એને બધી વ્યવસ્થા સાથે ઉતારીએ, પણ આપણો સફાઈ કામદાર મેનહોલમાં ઉતરે જેથી એ સ્વસ્થ રહે એના માટેની કોઈ વ્યવસ્થા થાય અને એટલા માટે ૨૦૦૪માં પ્રવિણભાઈ રાષ્ટ્રપાલ જે દલિતોના મહત્વના આગેવાન છે એ હાઈકોર્ટમાં ગયા અને એમણે એ વખતે રજૂઆત કરી કે માત્ર ત્રણ વર્ષના ગાળાની અંદર ૫૬ જેટલા લોકો છે એ આ મેનહોલમાં ઉતરવાથી મૃત્યુ પામ્યા હતા. એ વખતે જે ચર્ચા થઈ આ કેસની, હાઈકોર્ટની અંદર અને જે રજૂઆતો થઈ એમાં આર્ટીકલ ૨૧ જે બંધારણનો છે એમાં સ્પષ્ટ જોગવાઈ છે કે નોકરીની શરત એવી નહીં હોવી જોઈએ કે જેમાં માણસનું જીવન જોખમમાં મૂકાય, બંધારણની અંદર એવી ચોકકસ જોગવાઈઓ કરી હતી કારણ કે ભવિષ્યની પેઢીઓ કંઈ ભૂલ કરે તો એને કેવી રીતે એનો સામનો કરી શકાય એના માટે બંધારણની અંદર આર્ટીકલ ૨૩ જે deprived classes કલાસ છે, બેગિંગ પ્રોસ્ટિટ્યુશન એના માટેની વ્યવસ્થા હતી. આર્ટિકલ ૪૧ અને ૪૩માં શોષણ રહીત સમાજની પણ વાત કરી હતી એટલા માટે આ બંધારણની કલમ મુજબ આપણા રાજ્યમાં ક્યાંક ક્યાંક આવા બનાવો બને છે, રાજ્ય સરકારની ઈચ્છા ન હોય સ્વાભાવિક છે કે આવું ચાલે. હમણા થોડા દિવસ પહેલા જ અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનમાં ૧૭-૧૧-૦૯ના રોજ વેજલપુર પાસે આવો જ એક ફરી પાછો બનાવ બન્યો, હવે મેઈન હોલમાં લોકોને ઉતારી શકાતા નથી છતાં માણસને ઉતારવામાં આવ્યો અને એ માણસ મૃત્યુ પામ્યો. બે દિવસ પહેલા એક સફાઈ કામદારને ૯માં માળે કામ કરવા માટે મોકલવામાં આવ્યો ત્યાંથી પડ્યો અને તે પણ મરી ગયો. આપણી તમામ નગરપાલિકા અને મ્યુનિસિપલ કોરપોરેશનમાં આના માટેની વ્યવસ્થા હોવી જોઈએ છતાં થતી નથી. સૌથી મોટી વાત એ હતી કે, અસ્વચ્છ વ્યવસાય છે એમાં વારંવાર કોર્ટે ઓબ્ઝર્વેશન કર્યું છે કે અસ્વચ્છ વ્યવસાયનો કોન્ટ્રેક્ટ આપી શકાય નહીં અને છતાં અત્યારે સફાઈ કામદારોની નવી ભરતી કરવાના બદલે આ સફાઈ કામદારોની જગ્યાએ નવા લોકો આવે અને જ્યા નવા એરિયા ઉમેરાય ત્યાં પણ જે નવા લોકો આવે એના માટે

---

* વિધેયક ૨૬મી ફેબ્રુઆરી ૨૦૦૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કોન્ટ્રેકટ અપાઈ છે અને એમાં કામદારોનું શોષણ થાય છે. આ આપણા આરોગ્યની સૌથી વધારે સંભાળ રાખનાર લોકો છે જો એની સુરક્ષા માટે આપણે વિચારીશું નહીં, એની સુરક્ષા માટે અને એની નોકરીની શરતો માટે આપણે વિચારીશું નહીં તો અવનારા દિવસોમાં શોષણ વિહિન સમાજની રચના કરવા માગીએ છીએ એની પૂર્તિ થઈ શકશે નહીં માટે આ જે બિલ લઈને હું આવ્યો છું એમાં સમર્થન આપવા મારા બધા મિત્રોને વિનંતી કરુ છું.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ગુજરાત રાજ્ય સફાઈ કર્મચારી આયોગ સન ૨૦૦૮-૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક-૬ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપી શક્તો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એમની જે કાંઈ લાગણીઓ છે એ લાગણીઓ આપણે સૌ સમજી શકીએ છીએ પણ રાજ્ય સરકારે સફાઈ કામદારો માટે જુદું નિગમ બનાવ્યું છે. પહેલા સફાઈ કામદાર વિકાસ બોર્ડ હતું અને એ બોર્ડનું નિગમમાં રૂપાંતર થયું છે. પાંચ કરોડના મૂડી રોકાણ સાથે આ નિગમની શરૂઆત થઈ છે, આ નિગમનો આશય સફાઈ કામદારોનું આર્થિક પુનઃસ્થાપન, વ્યવસાયમાં સુરક્ષા, આવાસનો લાભ મળતો હોય, સફાઈ કામદારોને તાલિમી યોજના પણ આપવાનો આ નિગમનો ધ્યેય છે અને છેવટે એક જ આશય રહ્યો છે કે, સફાઈ કામદારોનો આર્થિક ઉત્કર્ષ થાય અને સફાઈ કામદારોના આશ્રિતો છે એને પણ એનો લાભ મળે એનું પણ આમાં આયોજન કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં મેલું ઉપાડવાની પ્રથા સદંતર બંધ છે અને એમાં પણ ખાસકરીને કદાચ કોઈ સફાઈ કામદાર અંશતઃ મેલું ઉપાડવાની કામગીરી કરતો હોય તો આવા કામદારને પણ રાજ્ય સરકાર પ્રોટેક્ટ કરે છે અને નિગમ દ્વારા આર્થિક સહાય વધુમાં વધુ મળે, પ્રાયોરિટી મળે એ માટેના પ્રયાસો કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સફાઈ કામદાર સહકારી મંડળીને નિગમ ધિરાણ કરે છે. સફાઈ કામદર સહકારી મંડળી છે એમાં દસ સભ્યોની મંડળી હોય, ૨૫ સભ્યોની મંડળી હોય આ મંડળીને પણ નિગમ ધિરાણ કરે છે.ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રના આ કામદાર છે, એમને પણ નિગમ દ્વારા ધિરાણ કરવામાં આવે છે, ૨૦૦૯-૧૦ સુધીમાં ૧૪,૧૪૦ લાભાર્થીઓને ૬૬૪૪ લાખ રૂપિયાનું ધિરાણ કરવામાં આવેલું છે, આ ધિરાણ પાછળનો મુખ્ય આશય એકજ રહેલો છે કે સફાઈ કામદાર, એમના આશ્રિતો પછી એમાં પણ જો વિધવા બહેન હોય, અપંગ હોય, અશક્ત હોય, એવા ભાઈઓને પણ નાનો મોટો રોજગાર એ લોકો મેળવી શકે, એ માટે વિવિધ પ્રકારના ઉદ્યોગો છે, ખાસ કરીને મંડપ ડેકોરેશન, કોમ્પ્યુટર, ઝેરોક્ષ, એસ.ટી.ડી.ની સેવાઓ, ડેરી ઉદ્યોગ, આ બધામાં આ સફાઈ કામદારોની લાગણી અને એમની માગણીને ધ્યાનમાં રાખીને એમને મદદ કરવામાં આવે છે, રાષ્ટ્રીયકૃત બેન્કો પણ ૨૫,૦૦૦ રૂપિયા સુધીનું ધિરાણ કરે છે અને એ ધિરાણમાં પણ સબસીડી આપવામાં આવે છે, આમ રાજય સરકાર સફાઈ કામદારના જે ભાઈઓ છે, બહેનો છે એમને પ્રોટેક કરે છે. આમ જોવા જોઈએ તો સફાઈ કામદારો પોતે સમાજ માટે પોતાના આરોગ્યને જોખમમાં મૂકીને સમાજની સેવા કરે છે એ હકીકત છે. વરસો સુધી સેવા કરતા હોય છે. એમને અનેક રોગોનો સામનો પણ કરવો પડતો હોય છે તેમ છતાંય આ સફાઈ કામદારો સમાજની સેવા કરતા હોય છે ત્યારે હું કહીશ કે માનનીય સભ્યશ્રી આયોગની રચના કરવાની જે વાત કરે છે એની આવશ્યકતા જણાતી નથી અને તેથી એમની વાત સાથે હું સંમત થઈ શકતો નથી.

**શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ(બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈ જે સફાઈ કામદાર આયોગનું બિલ લઈને આવ્યાં છે એમાં હું મારું સમર્થન આપી શકતો નથી, કારણકે સફાઈ કામદારનો વર્ગ છે એ લોકો અનુસૂચિત જાતિના જે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની જે આખી યોજનાઓ છે એ યોજનાઓમાં આવી જતા હોય છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી. અનુસૂચિત જાતિમાં પણ જે કચડાયેલો વર્ગ છે એવા વર્ગને ઉપર લાવવા માટેની આખી જુદી યોજનાઓ બનાવવામાં આવી છે, અનુસૂચિત જાતિના જે વાલ્મિકી સમાજના લોકો છે ખાસ કરીને આ સફાઈ કામદાર તરીકેનું કામ કરે છે એવા લોકોના ઉત્કર્ષ માટે થઈને, એમનો શૈક્ષણિક ઉત્કર્ષ થાય, આર્થિક ઉત્કર્ષ થાય અને એમનો સામાજિક દરજ્જો ઉંચો આવે એના માટે સફાઈ કામદાર બોર્ડની રચના કરવામાં આવી, ૯૪-૯૫માં બોર્ડની રચના કરી પછી ૧-૧૧-૨૦૦૧ના રોજ સફાઈ કામદાર બોર્ડમાંથી નિગમની રચના કરવામાં આવી અને નિગમ દ્વારા જુદી જુદી યોજનાઓ દ્વારા એમને સીધો અને આડકતરો લાભ આપવાની સરકારે યોજના કરી છે ત્યારે સફાઈ કામદારોના જૂથ વીમા યોજનાઓ ઉતારવામાં આવ્યાં છે અને એમાં એમને લાભ આપવામાં આવે છે, સફાઈ કામદારોના બાળકોને શિક્ષણમાં પણ ધોરણ ૧ થી ૭માં ભણતા વિદ્યાર્થીઓને ૪૫૦ રૂપિયા લેખે કુમારને અને ૬૦૦ રૂપિયા લેખે કન્યાને વિશેષ સ્કોલરશીપ આપવામાં આવે છે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ ૧૪-૭-૨૦૦૦ના ઠરાવથી પંડિત દિનદયાળ ઉપાધ્યાય અત્યંતોદય સ્વચ્છતા બજાર  યોજના સેનેટરી માર્ટ એની એક આખી યોજના ઉભી કરવામાં આવી, ટૂકડા નહિ પણ ૧૮ થી ૫૫ વર્ષ સુધીના જે લોકો હોય અને ધોરણ ૭ પાસ હોય ૧૦ સભ્યો અને ૨૫ સભ્યો સુધી એ સેનેટરી માર્ટનું એક રજિસ્ટ્રેશન કરાવે તો તેને ૫ લાખ રૂપિયા સુધીનું ધિરાણ આપવામાં આવે છે. આ ધિરાણથી એમનો આર્થિક ઉત્કર્ષ કરી શકે અને એ પોતાનું વેચાણ કરી શ કે અને સેનેટરી માર્ટની અંદર એ જુદા જુદા સાધનોનું વેચાણ કરી શકે છે. સીધા ધીરાણમાં ૧૪૧૪૦ લાભાર્થીઓને ૬૬ કરોડ ૪૪ લાખનું સીધું ધીરાણ આપવામાં આવ્યું છે અને તેનો વ્યાજનો દર તે ૬ ટકા જેટલો નોમીનલ રાખવામાં આવ્યો છે. ૧૦

હજારથી ૭૫ હજાર સુધીની તેની અંદર સબસીડી પણ આપવામાં આવે છે. પુ.ઠક્કરબાપા પુનઃસ્થાપન યોજના હેઠળ રાજય સરકાર તરફથી યુનિટ કોસ્ટની મર્યાદામાં દસ હજારથી વધુમાં વધુ ૭૫ હજાર સુધીની સબસીડી આમાં આપવામાં આવે છે.

**સભાપતિશ્રી** : એક મિનિટ બાકી છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : ૮ થી ૧૦ ધોરણમાં અભ્યાસ કરતાં જે છોકરાઓ છે તેમને પણ ૪૦૦ રૂપિયા અને ૩૦૦ રૂપિયા કન્યાઓને એમ સ્કૉલરશિપ આપવામાં આવે છે. અને ૬ કરોડ અને ૪૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. તેમાં પણ વધારો કરીને ૨૦૧૦-૧૧માં ૬ કરોડ ૭૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આ જે બિલ લઈને આવ્યા છે તેમાં નિગમ દ્વારા ૧૯૨૨૩ લાભાર્થીઓને ૧૨ કરોડ અને ૩૫ લાખ સુધીની સબસીડી આપવામાં આવી છે. અને આ રીતે આ જે સફાઈ કામદારો છે તેમનો માનનીય મુખ્યમંત્રીશ્રીએ હમણાં જ એવો નિર્ણય કર્યો કે માનનીય અર્જુનભાઈ કહેતા હતા કે સફાઈ કામદારો જે ગટરમાં કે પાણીમાં ઉતરે છે અને તેમના મૃત્યુ થાય છે. તો એવા મૃત્યુ થતાં લોકોને એક લાખ રૂપિયાના વીમા કવચથી સાંકળી અને તેમને બે લાખ રૂપિયાની સહાય મળે તે માટેની આખી યોજના કોઈએ નહોતી કરી તે યોજના આ સરકારમાં કરી છે ત્યારે આ બિલની જરૂરિયાત દેખાતી નથી.

**શ્રી શૈલેષ મ. પરમાર(શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈ ગુજરાત રાજય સફાઈ કર્મચારી આયોગ વિધેયક ૨૦૦૮ લઈને આવ્યાં છે તેના સમર્થનમાં ઉભો થયો છું. ડો.બાબા સાહેબ આંબેડકરની જે ચિંતા અને મહાત્મા ગાંધીજીની જે ચિંતા કે છેવાડાના માનવીને તેનો ન્યાય મળી રહે અને આ દેશના રાષ્ટ્રપતિ તરીકે જ્યારે છેવાડાનો માનવી બેસે તો સાચી આઝાદી મળી હશે એવું કહેવાશે એ વાત કરનાર મહાત્મા ગાંધી ડો.બાબા સાહેબ આંબેડકર. ૧૫મી ઓગસ્ટ, ૧૯૯૨-૯૩ની અંદર સ્વર્ગીય વડાપ્રધાન પી.વી.નરસિંહરાવ દ્વારા રાષ્ટ્રીય સફાઈ કામદાર આયોગની આ સ્થાપના કરવામાં આવી. અને સ્થાપના કર્યા બાદ દરેક રાજયોને એમ કહેવામાં આવ્યું કે દરેક રાજય પોત પોતાની રીતે પોતાના રાજયોની અંદર આયોગની સ્થાપના કરો. ૧૭-૧૭ વર્ષ થયા બાદ પણ આજે આ આયોગની કોઈ સંજોગોમાં સ્થાપના કરવામાં આવી નથી. દલિત સમાજ સાથે જોડાયેલો સફાઈ કામદાર કર્મચારી જેનું આયોગ બને, હું કલ્પના કરું છું કે સફાઈ કામદારને પોતાના હક્ક લેવા માટે અને માગણી કરવા માટે રૅલી કાઢવી પડે કે બીજી બધી વસ્તુઓ કરવી પડે. હું હમણાં નવસારીમાં એક શિબિરમાં ગયો હતો ત્યારે મેં કહ્યું હતું કે કોઈ પણ પાર્ટીની સરકાર હોય અને તે પાર્ટીની સરકારની અંદર તમે માગણી કરો અને તે માગણી મળતી નથી આપણને પણ આ સફાઈ કામદાર છો ત્યારે તમારા મનથી તમે એવું નક્કી કરો કે અમારે સાત દિવસ સુધી આ શહેરની સફાઈ કરવી નથી. ગમે તેવી સરકાર હશે સાતમા દિવસે ઝૂકીને તમારી જે માગણીઓ છે તે માગણીઓ લેવા માટે સામેથી આવશે. આમાં અપંગ છે, નાના માણસ છે. તેનો અધ્યક્ષ બનશે એક વાલ્મિકી સમાજનો માણસ આ ગુજરાત રાજયનો કૅબિનૅટ મિનિસ્ટર કક્ષાનો દરજજો ધરાવતો અધ્યક્ષ બને અત્યારે સ્વર્ણિમ ગુજરાતની અંદર આવતીકાલે જાહેરાત કરી કે આઈ.કે.જાડેજા સાહેબને કૅબિનૅટ કક્ષાનો દરજજો મળીને આ કમિટીની રચના કરવામાં આવી. એક વાલ્મિકીના દીકરાને કેમ નહીં ? તેના ઉપાધ્યક્ષ પદ તેને મળશે, તેના પાંચ સભ્યો મળશે. માનનીય ફકીરભાઈ આપ છો મંત્રીશ્રી, આપે સમાજ માટેના આંબેડકર આવાસ યોજના હોય, ઈંદિરા આવાસ યોજના હોય હું કોઈ રાજકીય વાત કરવા નથી આવ્યો. હું રાજકીય વાત કરવા આ ફલક ઉપર નથી આવ્યો. હું સમાજની લાગણી સાથે આપણે સૌ જોડાયેલાં છીએ અને આ સમાજમાં બેઠેલાં તેરે તેર ધારાસભ્યો તેમની પોતાની હક્ક અને ફરજમાં આવે છે કે જે સમાજની દ્રષ્ટિએ ડો.બાબા સાહેબ આંબેડકરે આપણને જે બંધારણ આપ્યું છે, તે સભ્યોને જે સત્તા આપી છે તે સત્તાની રૂએ સમાજમાં કોઈ પણ રાજકીય પાર્ટીમાં આપણે હોઈએ પણ એ રાજકીય પાર્ટીથી દૂર રહીને આપે આ સમાજ માટે ટેકો જાહેર કરવો જોઈએ. હું અહીં બેઠેલા મારા તમામ સભ્યોને કહું છું કે આમાં આપ ટેકો આપો. જે રીતે સફાઈ કામદાર નિગમની વાત કરી છે, તો છેલ્લા કેટલાક વખતથી કામગીરી થઈ રહી છે, પણ એ કામગીરીની અંદર જે રીતે અધ્યક્ષ બનવો જોઈએ, ઉપાધ્યક્ષ બનવો જોઈએ, ડિરેકટરો બનવા જોઈએ. વાલ્મિકી સમાજનો એક છેવાડાનો માનવી ગુજરાત સરકાર દ્વારા આપેલી સવલતોનો લાભ લેશે, એના માટે પૂરા પ્રયત્નો આપણે કરવા જોઈએ. સરકારી અધિકારી દ્વારા સત્તા આપવામાં આવે, એના કરતા રાજકીય વ્યકિતને આપવામાં આવે એ મારી માગણી છે.

બીજું કે જે ગુજરાત રાજય સફાઈ કામદાર નિગમ છે, એમાં આજની તારીખે પણ મેપ હોવા છતાં પણ કર્મચારીની સંખ્યા જે ભરતી થઈ શકતી નથી. જેના લીધે આ દેશનો ગુજરાત રાજયનો છેવાડાનો માનવી છે, તેને સવલત મળતી નથી, ત્યારે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે આ મેપના આધારે ખાલી જગ્યાઓ એમાં જે છે એ પણ ભરે. મંત્રીશ્રી વાલ્મિકી સમાજની ખૂબ સારી વાત કરશે. લખીને ખૂબ લાવ્યા છે. છેવાડાના માનવીની વાત કરશે. હું આપને વિનંતી કરું છું કે રાજકીય સ્થિતિમાંથી પરિત થઈને આ આયોગ અંગેના વિધેયકમાં હા પાડે. વિધેયક સર્વાનુમતે મંજૂર થાય એવી હું તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા જે ગુજરાત રાજય સફાઈ કર્મચારી આયોગ અંગેનું વિધેયક લઈને આવ્યા છે, તે મારા મત મુજબ યોગ્ય નથી. કારણ કે અત્યારે વર્તમાન યુગ એ ટેકનોલોજીનો યુગ છે. આધુનિક યંત્રોથી સફાઈ થાય છે. અને દરેક વ્યકિતમાં

અવેરનેસ એટલે કે જાગૃતિ આવી છે. એટલે મારા ખ્યાલ પ્રમાણે આ વર્ષો પહેલાની વાત એટલે કે માથે મેલું ઉપાડવું, એ યાદ કરવાનો કોઈ જ અર્થ નથી. વળી ગુજરાત રાજય જે રોકેટ ગતિથી અને યંત્રની ગતિથી વિકાસ કરી રહ્યું છે અને જેના સૂત્રધાર અને વિકાસ રથના સારથી અને અને મહારથી એવા આપણા માનનીય મોદી સાહેબ હોય અને આ વિભાગના મંત્રીશ્રી માનનીય ફકીરભાઈ વાઘેલા સાહેબ હોય, તો આવા સંજોગોમાં સફાઈ કર્મચારીને અન્યાય થાય અથવા કોઈના ગૌરવને હાનિ પહોંચે, કોઈનું સ્વમાન ઘવાય એ કોઈ વાતમાં તથ્ય નથી. આવા સંજોગોમાં આવા વિધેયકો દ્વારા • (xxxxx)

**સભાપતિશ્રી:** એવું નહીં બોલાય. એ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું. આવું ન બોલાય બહેન.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માથે મેલું ઉપાડવું, કે સફાઈ કામદાર શબ્દ હવે ભૂતકાળ બની ગયો છે. નવી જનરેશનને આવા શબ્દોનો કોઈ જ ખ્યાલ નથી. સમગ્ર દેશમાં મોડેલ સ્ટેટ ગણાતા ગુજરાત કે જેના મુખ્યમંત્રી ન ભૂતો, ન ભવિષ્યતિ: હોય ત્યારે આ પ્રકારનું વિધેયક લાવવું તે સોનાની થાળીમાં લોઢાની મેખ સમાન છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો પહેલા માનનીય ધારાસભ્ય શ્રી દોલતભાઈ પરમાર સાહેબ પણ આ પ્રકારનું વિધેયક લાવેલા અને તેમણે પાછું ખેંચેલું. ગરીબોના તારણહાર અને ભારતીય જનતા પાર્ટીની સરકારે દરેક પોળો અને સોસાયટીઓમાં તેમજ રોડની સાઈડોમાં કન્ટેઈનર મૂકેલા છે. સફાઈ કર્મચારીને આરોગ્ય રક્ષક ડ્રેસ આપેલા છે, હોલબૂટ આપેલા છે. હાથના મોજાં અને સાયકલ આપવામાં આવેલી છે. આવા કન્ટેઈનરો, ટ્રેકટરો તથા સાયકલો જેવા સાધનોની મદદથી અગાઉ નકકી કરેલ ચોકકસ સોલિડ વેસ્ટ સાઈટ ઉપર ડમ્પીંગ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સફાઈ કર્મચારીના ઉત્કર્ષ માટે અને ઉદ્ધાર માટે આપણી સરકાર કટિબદ્ધ છે. ગુજરાત સફાઈ કામદાર નિગમનું રૂપાંતર કરેલ છે અને ૫ કરોડ જેટલી માતબર રકમ ફાળવી છે. અને આ કર્મચારીઓના આવાસ આરોગ્ય અને સુરક્ષા માટે અને આર્થિક, સામાજીક કલ્યાણ માટે આ સરકાર જાગૃત છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારના અધિકારીઓ પણ આ બાબતે યોગ્ય મોનિટરીંગ કરી રહ્યાં છે અને સાથે રાજય સરકાર પણ તેમને સહયોગ આપતી હોય છે. અત્યારે શૈક્ષણિક રીતે જોવા જઈએ તો આપણી સરકાર એ લોકોનું ખૂબ જ ધ્યાન રાખે છે. સફાઈ કર્મચારીના બાળકો હવે તો ભણવા લાગ્યા છે. તેઓ પોતે પણ પોતાના આરોગ્યની કાળજી રાખે છે.

**સભાપતિશ્રી:** આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મંત્રીશ્રી.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી,માનનીય પૂર્વ વિરોધપક્ષના નેતાશ્રી અને ધારાસભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા બિન-સરકારી વિધેયક લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા અને સરકારની નીતિ રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી ઈચ્છા રાજકીય આક્ષેપો કરવાની નહોતી, પણ માનનીય શૈલેશભાઈએ એની શરૂઆત કરી છે એટલે મારે તેમને જવાબ આપવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જો વાલ્મિકી સમાજની વાત કરતા હોય તો આ ભારતીય જનતા પાર્ટીએ સાત મહાનગરપાલિકાઓમાંથી બે નગરપાલિકાઆમાં મેયરશ્રી તરીકે વાલ્મિકી સમાજના વ્યકિતને મૂકયા છે અને એમાં રિઝર્વેશન નથી કે વાલ્મિકી સમાજના જ મૂકવા, તો વગર રિઝર્વેશને, તેમને મૂકવા એવું નહોતું છતાં પણ આ ભારતીય જનતા પાર્ટીએ મૂકયા છે. એ જ રીતે આપણી રાજયસભા છે અને તેના સભ્ય છે તેમાં પણ કોઈ રિઝર્વેશન હોતું નથી. હું બહુ ગૌરવપૂર્વક આ ગૃહને કહીશ કે ભારતીય જનતા પાર્ટીએ રાજસ્થાનમાંથી અમારા વાલ્મિકી કાર્યકર્તાને ત્યાં રાજય સભામાં મેમ્બર ઓફ પાર્લામેન્ટ તરીકે મોકલ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે માનનીય અર્જુનભાઈએ બિલને રજૂ કર્યુ છે અને એમાં પહેલા પ્રકરણમાં જે વ્યાખ્યા મૂકી છે એ અરૂચિકર અને થોડી વાંધાજનક વાત રજૂ કરી છે. આજે ગુજરાતમાં જયારે માથે મેલું ઉપાડવાની પ્રથા સદંતર નાબૂદ થઈ હોય એ વખતે સફાઈ કામદારને માથે મેલું ઉપાડનાર કામદાર કહેવો એ હું સમજું છું કે તેમનું અપમાન છે અને એટલા માટે આ જે કર્મયોગી આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી છે ત્યારે કર્ણાવતી મહાનગરપાલિકાનોં, અમદાવાદ મહાનગરપાલિકાનો જે કાર્યક્રમ અને એમાં તેમણે સફાઈ કામદારોનું બહુમાન કર્યુ અને એ સફાઈ કામદારોના બહુમાન વખતે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દૂભાઈ મોદીએ આ સફાઈ કામદારોને મંદિરના પૂજારી છે એમ કહીને તેમને બહુમાન આપ્યું છે એ મારે આપસૌના ધ્યાન ઉપર મૂકવું છે. તેમનું વિધેયક છે એમાં જ બાબતો તેમણે સૂચવી છે કામગીરી અંગેની એ તો જયારથી આઝાદી મળી ત્યારથી તથા અત્યારસુધીમાં ગુજરાત રાજયમાં એના વિભાગ દ્વારા એનો અમલ કરવામાં આવી રહ્યો છે. આપણે પણ ૧૯૯૪ માં સફાઈ કામદારો માટેનું સફાઈ કામદાર વિકાસ બોર્ડ બનાવ્યું છે. આ ગુજરાતની ગાદી ઉપર જયારે ૨૦૦૧ માં માનનીય નરેન્દ્રભાઈ આવ્યા ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે વાલ્મિકી જયંતીના પવિત્ર

• (xxxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

દિવસે ૨૦૦૧ માં હજારો સફાઈ કામદારો, મારા વાલ્મિકી કામદારોની હાજરીમાં મહર્ષિ વાલ્મિકી વિકાસ નિગમની તેમણે સ્થાપના કરી હતી. આજે લગભગ ૧૦ વર્ષથી આ નિગમ કાર્ય કરી રહ્યું છે. ૫ કરોડ રૂપિયાની શેર મૂડી સાથે કામ કરી રહયું છે અને મારે કહેવું છે કે આ પ્રકારનું નિગમ સમગ્ર ભારતમાં બીજે કયાંય નથી,શ્રી શૈલેશભાઈ, ફકત ગુજરાત એક જ રાજયમાં આ પ્રકારનું નિગમ છે. હું જયારે આયોગમાં દિલ્હીમાં હતો અને ત્રણ વર્ષ ત્યાં રહયો ત્યારે મેં ૨૩ રાજયોની મુલાકાત લીધી હતી અને દરેક જગ્યાએ હું પૂછતો તો મને જવાબ મળતો કે આવું સફાઈ કામદારો માટેનું સફાઈ કામદાર વિકાસ બોર્ડ કોઈ રાજયમાં આજે નથી એ વાત પણ મારે આપશ્રીની સમક્ષ મૂકવી છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે સાવચેતી માટેની વાત કરી છે, એમની લાગણી સાચી છે કે કોઈ વાલ્મીકી સમાજના કામદાર મેન હોલમાં ઉતરે અને મૃત્યુ પામે તો એ પછી ગમે તે પક્ષની સરકાર હોય તે યોગ્ય નથી. હું તેને નીંદુ છું. કડકમાં કડક ટીકા કરું છુ. અને તેના માટે સરકારે કડક પરિપત્ર કર્યો છે, ઈતિહાસમાં કયારેય નહીં બનયું હોય તેવું, વડોદરામાં એક સફાઈ કામદાર આ રીતે મેન હોલમાં પડીને ગુજરી ગયો, ત્યારે મારા સૂચનથી, સરકારના સૂચનથી જે અધિકારીએ તેને આવી સૂચના આપી હતી તેની સામે પોલીસ કેસ દાખલ કર્યો છે અને આજે તે અધિકારી સસ્પેન્ડ છે. આ વાત મારે આ સભાગૃહ સમક્ષ મુકવી છે. એમને જે વીમા કવચ એક લાખ રૂપિયા આપવાના હતા તે સરકાર તરફથી અને કોરપોરેશન તરફથી બીજા ૩ લાખ રૂપિયા એમ કુલ ૪ લાખ રૂપિયા એમને આપવામાં આવ્યા અને સાથે સાથે આનું પુનરાવર્તન ન થાય તેના માટે વડોદરાના કમિશનરને સૂચના આપવામાં આવી છે કે જો આ ફરીથી રીપીટ થશે તો એક પણ અધિકારી આમાંથી બચી શકશે નહીં. સાથે સાથે મૃતકના વારસદાર હતા તેને વડોદરા મહાનગરપાલિકામાં કાયમી નોકરી આપવામાં આવી છે અને પેન્સન, ગ્રેચ્યુઈટી ઉપરાંત વધારાના ૩ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે તેનો ઉલ્લેખ કરું છું.

**સભાપતિશ્રી** : માનનીય મંત્રીશ્રી, એક મિનિટમાં પૂરું કરજો.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત તો મુકવી પડશે ને. હું એક બે વાત ઉતાવળે મુકી દઉં, કે જે આર્થિક અને સામાજિક સફાઈ કામદારો માટેનું આયોજન છે તેમાં ગયા વર્ષે ૨૦૦૯-૧૦માં અનુસૂચિત જાતિ માટે ૨૪૨ કરોડ હતું તેમાંથી ૨૬ કરોડની જોગવાઈ આ સમાજ માટેની હતી. આપણે ત્યાં રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગ છે તે અવારનવાર રાજયમાં આવે છે તેના એક સદસ્ય ગુજરાતના છે. એટલે તેઓ પણ મિટીંગ કરાવી અને સમીક્ષા કરતા હોય છે, આખું તંત્ર એમની સાથે જોડાયેલું હોય છે. અને એમના તરફથી જે સૂચનો આવે છે તેનો સ્વીકાર કરી રાજય સરકાર જયારે આ રીતે આખા સ્પીરીટને ઉપાડી લઈ હોય ત્યારે મારે છેલ્લી વાત વાલ્મીકી સમાજના આવાસો માટે મુકવી છે કે અમદાવાદ, જે લોકો જોતા હશે તેમને ખ્યાલ હશે કે સ્લમ કવાર્ટસ એટલા ગંદા હતા, આખા શહેરને સ્વચ્છ રાખતા હોય તેઓ પોતે ગંદકીમાં ઉછરતા હતા એવા ૧૫૦૦ મકાનોને રિપેરીંગ માટે ૩ કરોડ ૯૭ લાખ રૂપિયા રાજયસરકારે સહાય આપી છે. લોન નહીં, પણ સહાય આપી છે. બે હજાર કર્મચારીઓને આવાસો બનાવવા માટે ૨૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. ૧૫ કરોડ ૧૨ લાખ આપી દીધા છે અને બીજા ૫૦૦ આવાસો માટે પાંચ કરોડ રૂપિયા કોરપોરેશન હજુ આપવાનું છે. વડોદરામાં ૪૭ લાખ અને ૧૮ લાખની બીન વ્યાજની લોન આપી છે. સુરતમાં ૪૧૨ સફાઈ કામદારોને મકાન બાંધવા માટે ૧ કરોડ ૬૫ લાખ અને બે કરોડ ૨૮ લાખની લોન વ્યાજ વીનાની આપી છે. ૨૦૦૭ માં ૩૩૯ જે સફાઈ કામદારો હતા એમને માનનીય મુખ્ય મંત્રીશ્રીના વરદ હસ્તે ૩ કરોડ ૩૯ લાખનો ચેક મહાનગરપિલીકાને અર્ણથ કરવામાં આવ્યો છે. રાજય સરકાર આ વર્ગ માટે જયારે કામગીરી કરી જ રહી છે ત્યારે હું માનનીય સભ્યશ્રીને વિનંતી કરું છું કે એમની જે ભાવના હતી તે ભાવનાનો અમલ જયારે રાજય સરકારે કર્યો છે ત્યારે આ બિલ તેઓ પાછું ખેંચી લેશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર માનનીય ભૂપેન્દ્રભાઈ, કાંતિભાઈ તડવી, માનનીય શૈલેષભાઈ પરમાર, માનનીય જશોદાબેન અને માનનીય મંત્રીશ્રી ફકીરભાઈએ પોતાના વિચારો રજૂ કર્યા છે. હું એમનો આભાર માનું છું. આ બિલ લાવવાનો મારો હેતુ જે સમાજની અંદર આજે પણ દુ:ખ લોકો છે તેના માટે એક ફોરમ આપવાનો અને તેના માટે આયોગની રચના થાય તેવો હતો. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત વિનંતી કરું છું કે જયારે આવું બિન સરકારી વિધેયક આવતું હોય ત્યારે સભ્યશ્રીઓએ એની ભાવના સાથે સંમત થવાની એક પરંપરા આપણે ત્યાં છે. મને દુ:ખ એ વાતનું થયું કે સરકારની વાત જરૂર કરે પરંતુ ભાવનાની સાથે અસંમત થાય એ બરોબર નથી. અહીંયા એમ કહ્યું કે માથે મેલું ઉપાડવાની પ્રથાને યાદ નહિ કરવી જોઈએ. આજે અંશતઃ મેલું ઉપાડાય છે તો એનું આમ કરીએ છીએ. આ વાત યાદ એટલા માટે રાખવી જોઈએ કે ભવિષ્યની પેઢી આપણે કેવા પાપ કરેલા હતા એ યાદ રાખે. ભવિષ્યમાં ન થાય એ ખૂબ જરૂરી છે. આજે પણ આ વ્યવસ્થા ખૂણે ખાંચરે અમલમાં છે અને એનો આપણી પાસે કોઈ ઉપાય નથી. એટલા માટે આ બિલ જરૂરી છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે મુખ્યમંત્રીશ્રીએ એમને મંદિરના પૂજારી કહ્યા એકાદ સરકારી મંદિરમાં આપ એને પૂજારી તો બનાવી જુઓ, આપણે સફાઈ કરાવીએ છીએ, પરંતુ એકાદ મંદિરમાં હિંમત કરાવી જૂઓ. આપણે ત્યાં એ નહિ થઈ શકે, કારણ કે હજી વ્યવસ્થા એટલી મજબૂત છે કે એને જડમાંથી ઉખેડવા માટે આ બિલ જરૂરી છે. હું બિલ પાછુ ખેંચું પણ એની પહેલા એક મારી શરત છે જો માનનીય મંત્રીશ્રી સંમત થતા હોય તો મને કોઈ વાંધો નથી. જે સફાઈ કામદારો અત્યારે છે એની જગ્યાએ

અત્યારે કૉન્ટ્રૅક્ટ પદ્ધતિથી સફાઈ કરાવાનું આપવામાં આવે છે અને જે કામદારો અત્યારે છે એની સંખ્યામાં શહેરીકરણ થવા છતાં સંખ્યા વધતી નથી. માનનીય મંત્રીશ્રી એ ખાતરી આપી શકવાની ક્ષમતા એનામાં હોય કે ભવિષ્યની અંદર કોઈ મ્યુનિસિપલ કોરપોરેશન કે કોઈ મ્યુનિસિપાલિટીઓમાં કાયમી સફાઈ કામદારો છે એની પાસેથી જ કામ લેવામાં આવશે કૉન્ટ્રૅક્ટ આપવામાં નહિ આવે અને કોન્ટ્રેક પદ્ધતિ કામદારોમાં છે એ દૂર કરવામાં આવશે એવી ફ્લોર ઉપર ખાતરી આપતા હોય, મારો ઇરાદો એ હતો કે એ આપી શકતા હોય તો બિલ પાછું ખેંચી શકવાની મારી તૈયારી છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : એ મારા કાર્યક્ષેત્રમાં નથી આવતું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું આ બિલ પાછુ ખેંચતો નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : વિધેયક નામંજૂર કરવામાં આવે છે.

## સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક *૭

## ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક, ૨૦૦૮

### ગુજરાત રાજયમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ અટકાવવા અને તેની સાથે સંકળાયેલી બાબતો બાબત વિધેયક

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૦૮નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં બિલ રજૂ કર્યુ એ ભારતની જે પરંપરા છે એને એક રોગ છે એ રોગ સામે આપણે અત્યારે લડી રહ્યા છીએ. આ રેગીંગનો રોગ છે એ આપણા દેશનો નથી, એ આયાત થયેલો રોગ છે, એ આયાત થયેલા રોગને આપણે ગમે તે પ્રકારે ભવિષ્યની પેઢીને બચાવવી હશે તો એની સામે લડીને એને રોકવો રહ્યો. સદ્નસીબે ગુજરાત ઘણા વરસો સુધી આ રોગમાંથી બચી શક્યું. હું એન્જિનિયરીંગ કૉલેજમાં ભણતો હતો ત્યારે રેગીંગ શબ્દ સાંભળેલો પરંતુ રેગીંગ કેવું હોય એનો અનુભવ નહોતો થયો કારણ કે ગુજરાત એમાંથી બાકાત હતું. જે મેટ્રોપોલિટન શહેરો છે. દા.ત. મુંબઇ, બેંગ્લોર, દિલ્હી વગેરે જગ્યાએ આ પ્રકારના રેગીંગના બનાવો બને છે એવું સાંભળવા મળતું. પણ હમણાં છેલ્લા વર્ષોમાં મેં કહ્યું તેમ આ જે આયાત થયેલો રોગ છે એ આપણી ઈન્સ્ટીટયૂશન સુધી પહોંચી શક્યો છે અને ખાસ કરીને જે રેગીંગની ઘટનાઓ છે એ સામાન્ય પ્રકારની આર્ટસ, કૉમર્સ કે એવી સંસ્થાઓ કરતા જે પ્રોફેશનલ કૉલેજો, મૅડિકલ કૉલેજો, એન્જિનિયરીંગ કૉલેજો છે કે ખાસ પ્રકારની સંસ્થાઓ છે તેમાં ખૂબ વધ્યો છે. કારણ કે આવી સંસ્થાઓમાં, પ્રોફેશનલ કૉલેજોમાં વિદ્યાર્થીઓ છે, ગામડાંમાંથી દૂર દૂરથી આવતા હોય, મા-બાપની સાથે રહ્યા હોય અને પહેલી વખત છૂટા પડતા હોય અને એ વખતે જ્યારે આ વિદ્યાર્થીઓને સહાનુભૂતિની જરૂર હોય, આપણાં દીકરા-દીકરીઓ હોય તેને સહાનુભૂતિની જરૂર હોય તે વખતે તેને માનસિક અને શારીરિક ત્રાસ આપવા માટેનું એક ઓર્ગેનાઈઝ ક્રાઈમની જેમ તેના ઉપર દિવસો સુધી ત્રાસ ગુજારવામાં આવે છે. એટલો બધો શારીરિક, માનસિક ત્રાસ ગુજારવામાં આવે છે કે ઘણાં બાળકોએ આપઘાત કરવો પડે છે, શાળાઓ છોડી દેવી પડે છે. હમણાં અમદાવાદ ડેન્ટલ કૉલેજમાં બે વિદ્યાર્થીઓ બરોડાના હતા. અન્ડર ગ્રૅજ્યુએટમાં. તેના ઉપર રેગીંગ કરવામાં આવ્યું. અત્યંત જુલમ કરવામાં આવ્યો અને રાજય સરકારે તેની એક કમિટી બનાવી. એ કમિટીનો શું અહેવાલ આવ્યો કે શું પગલાં લેવાયા, કોઈ કોમ્પ્રીહેન્સીવ નિર્ણય થયા કે નહીં તેની આ ગૃહને માહિતી નથી. તેના પહેલાં એમ.પી. શાહ મૅડિકલ કૉલેજમાં પોસ્ટ ગ્રૅજ્યુએટનો વિદ્યાર્થી, અમદાવાદનો વિદ્યાર્થી હતો. તેના ઉપર પણ આ પ્રકારનો ત્રાસ આપવામાં આવ્યો. તેને કારણે આ વિદ્યાર્થીએ એમ.પી. શાહ મૅડિકલ કૉલેજ છોડી દેવી પડી. આ તો એકાદ-બે છૂટક દાખલા આપ્યા. અનેક દાખલાઓ જે રિપૉર્ટ થયા વગરના છે તે એ પ્રકારના છે કે આપણે તેની વાત સાંભળીએ તો પણ અરેરાટી થઈ જાય. એ પ્રકારની ઘટનાઓની શરૂઆત મોટા પાયે હોસ્ટેલ અને રેસીડેન્શીયલ પ્રકારની સ્કૂલો, કૉલેજો છે, ત્યાં આ પ્રકારની ઘટનાઓ બની રહી છે. આપણે સમયસર જાગીશું નહીં, તો મને એમ લાગે છે કે આવનારી પેઢીમાં આ દૂષણ આપણાં બાળકો માટે ભયજનક હદ સુધી પહોંચી જાય એ સ્થિતિ આવી શકવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬ અને ૨૦૦૮ આ બન્ને વખતે જુદા જુદા જે બનાવો બન્યા હતા એમાં સુપ્રીમ કોર્ટે ડાયરેકટીઝ આપ્યા છે રેગીંગના વિરોધ માટે, રેગીંગનો સામનો કરવા માટે, જે દૂષણ છે તેનો સામનો કરવા માટે ખાસ કાયદાઓ પણ બનાવવામાં આવે અને તેના માટેની સ્ટેન્ડીંગ કમિટીઓ દરેક જગ્યાએ બનાવવી જોઈએ. તેના કારણે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન છે એમણે પણ દરેક કૉલેજોમાં એન્ટી રેગીંગ કમિટી અને એન્ટી રેગીંગ સ્કવોર્ડ બનાવવાના પણ ડાયરેકટીઝ બધાને આપ્યા છે અને છતાં આ ઘટનાઓ બધી જગ્યાએ છૂટક-ફૂટક બનતી

---

* વિધેયક ર૬મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ છે.

રહી છે. આ સુપ્રીમ કોર્ટે જે ડાયરેકટીવ્ઝ આપ્યા તેના પછી મહારાષ્ટ્ર, કેરાલા, કર્ણાટક આ બધા રાજયો એવા છે કે એમણે આવા કાનૂનો બનાવ્યા છે અને બનાવીને તેના માટેની એક સુચારૂ વ્યવસ્થા પણ આપી છે. માત્ર કોઈ પોલીસ પગલાં લેવાથી આ દૂષણ અટકી જાય એવું નથી. કારણ કે આ સામાજીક દૂષણ પણ છે. જેમ ગુનો બને છે તેની સાથે સામાજીક દૂષણ છે. તને મૂળમાંથી ડામી દેવું જોઈએ. જે વિદ્યાર્થીઓ આવે, પહેલા દિવસે દાખલ થાય એ દિવસથી જ એને કાઉન્સેલીંગ કરીને તેનામાં આત્મવિશ્વાસનો સંચાર કરવો જોઈએ અને આ પ્રકારના દૂષણનો કોઈ ભોગ બને તો ફરિયાદ કરી શકે એવું વાતાવરણ પણ ઉભું કરવું જોઈએ. જે સિનિયર વિદ્યાર્થીઓ છે એમને પણ આ પ્રકારના રેગીંગથી ઉભી થનારી જે પરિસ્થિતિ છે એમાં એના ઉપર પણ કેટલી તકલીફો પડવાની છે એનું પણ જ્યારે શરૂઆતના એડમિશનના તબક્કા હોય ત્યારે આ પ્રકારે કરવું જોઈએ અને હું માનું છું કે જો રેગીંગ માટેનો કાનૂન બનાવી અને એક વ્યવસ્થા અને ચોક્કસ જવાબદારી એ ઈન્સ્ટીટયૂશનના તંત્રને, રાજયના જુદા જુદા વિભાગોને આપવામાં આવે તો આને અટકાવી શકાશે અને આ અટકાવવાના ઈરાદાથી જ હું આ બિલ લઈને આવ્યો છું. મને શ્રદ્ધા છે કે બધા જ સભ્યશ્રીઓ આને ટેકો આપશે.

**પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક- ૭ સન ૨૦૦૮નું ગુજરાત રેગીંગ અટકાવવા બિનસરકારી વિધેયક આદરણીય શ્રી અર્જુનભાઈ લઈને આવ્યા છે. એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. પરંતુ એમની વાત સાથે એટલા માટે સહમત થતી નથી કે, મને એ સમજાતું નથી કે, આ વિષય ગૃહમાં લાવવાની આવશ્કયતા શા માટે પડી? ગુજરાતમાં આ પ્રશ્ન એટલા માટે ઉપસ્થિત થતો નથી. કારણ કે, આદરણીય સભ્યશ્રીએ વાત કરી એના આયોજનના ભાગરૂપે આગોતરા પગલાં રાજય સરકારે લઈ લીધાં છે. શૈક્ષણિક સંસ્થાઓમાં માનવ અધિકારોનો ભંગ કરતી આ એક ગુનાહિત પ્રવૃત્તિ છે. આપણે સૌ જાણીએ છીએ કે, ગુજરાત રાજયની બહારના રાજયોમાં ઉચ્ચ શિક્ષણ આપનાર સંસ્થાઓ, મોટા શહેરો, તેની હોસ્ટેલોમાં રેગીંગના પ્રશ્નો થાય છે. નવા આવેલા વિદ્યાર્થીઓ ગામડાના હોય, બીજા રાજયના હોય, વિકસિત કે અર્ધ વિકસિત શહેરના હોય અને તેમનામાં હોમ સીકનેશ હોય અને ત્યાં સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા આ વિદ્યાર્થીઓને માનસિક ત્રાસ આપવાનું ધ્યાન ઉપર આવ્યું છે. પણ ગુજરાતની પરિસ્થિતિ એવી છે કે, આ પ્રવૃત્તિ ગુજરાતની બહારના રાજયોમાં થતી હોવાથી અને ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ ઊભી થઈ હોવાથી છેલ્લા થોડા વર્ષોથી વાલીઓ પોતાના બાળકોને ગુજરાતમાં રાખવાનું પસંદ કરતા થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું રાજય સરકારને અભિનંદન આપું છું. હું અભિનંદન એટલા માટે આપું છું કે, રેગીંગના અન્ય રાજયોના દૂષણને ધ્યાનમાં રાખીને રાજય સરકારે આયોજન કર્યું છે એની વાત કરવા માગું છું. નવા વિદ્યાર્થીઓને જે તે સંસ્થાઓની અંદર આવકારવા માટેના કાર્યક્રમો આચાર્યો અને સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા કરાવવામાં આવે છે અને જે નવી સંસ્થાઓ છે, એની શિસ્તના નિયમો, એના નીતિ નિયમો એનાથી તેઓને માહિતગાર કરે અને સંસ્થાના આદરણીય પદાધિકારીઓ હોય, આચાર્ય હોય અને સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા માર્ગદર્શનનું આયોજન કરવામાં આવે છે. આપણે સૌએ એ વાત સમજવી જોઈએ કે, શિક્ષણનો પાયાનો સિદ્ધાંત એ છે કે, કશું જ શીખવી શકાતું નથી, બધું જ શીખવું પડે છે, બધું જ શીખવાનું છે. રાજય સરકારે સર્વ પ્રકારના શિક્ષણની ચિંતા કરી આમૂલ પરિવર્તન કરવાનો પ્રયાસ તો છેલ્લા વર્ષોમાં ગુજરાત જેવો કોઈએ નથી કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક સંસ્થાની અંદર હેડ ઑફ ધ ડિપાર્ટમૅન્ટ છું અને પ્રોફૅસર છું. કૉલેજોની અંદર ચર્ચાઓ, પરિસંવાદો, પ્રોજૅકટ પદ્ધતિ, કોર્ય શિક્ષણની પદ્ધતિઓ સરકારે શિક્ષણમાં ઓલરેડી દાખલ કરી દીધી છે અને જેના કારણે વિદ્યાર્થીઓની સક્રિયતા લોક સેવાના કાર્યોમાં એવા વિદ્યાર્થીઓની ભાગીદારી વધી છે. આવી પદ્ધતિઓના કારણે દરેક વિદ્યાર્થીમાં સ્વ શિક્ષણના સંસ્કાર આવતા થયા હોય એવું જણાય છે. મૃત્યુ પર્યંત શીખો, જીવનભર શીખો આ માટેની આવશ્યક એવી માનસિકતા આજના વિદ્યાર્થીઓમાં થઈ ગઈ છે. સરકારનો એ પ્રયત્ન છે કે, શિક્ષણના ક્ષેત્રમાંથી પ્રેમપૂર્ણ જ્ઞાનાત્મક વ્યવહાર આચરતો વિશ્વ મનુષ્ય ગુજરાતમાં બને, વૈશ્વિક માનવ ગુજરાતમાં બને એ પ્રકારની તમામ પદ્ધતિઓ રાજય સરકારે પોતાની ભૂમિકામાં લાવી દીધી છે. હમણાં જ કૉલેજોના કાર્યક્રમોની અંદર ટૅલિવિઝન દ્વારા સપ્ત સિંધુ અને સપ્ત ધારા દ્વારા એક માર્ગદર્શન આપવામાં આવતું હતું. વિદ્યાર્થીઓની સુષુપ્ત શકિતઓ અને એનામાં રહેલી રાષ્ટ્ર ભાવના અને સમાજ સેવાને ઉજાગર કરવા માટે વિદ્યાર્થીઓને મોટીવેશન અને માર્ગદર્શન આપવામાં આવતું હતું. હમણાં રાજયના મુખ્યમંત્રીશ્રીએ સમય પોર્ટલ નામનો એક કાર્યક્રમ આપ્યો છે. ગુજરાતના તમામ નાગરિકો જોડાય તો જોડાય પણ મારો અનુભવ એ છે કે, મોટાભાગના યુવાનો પોતાના આખા વર્ષ દરમિયાનના ૯૯ કલાક સમાજ સેવાના કાર્યક્રમની અંદર આપે એ માટે સંકલ્પબદ્ધ કરતા થયા છે. આજના વિદ્યાર્થીઓ જેને પછાત વસ્તીમાં જવાનો છોછ હતો આજે એ જ વિદ્યાર્થીઓ અમને કહેવા આવે છે કે, પછાત વિસ્તારોમાં સફાઈ કરવા જવું છે, વૃક્ષારોપણના કાર્યક્રમો કરવા જવું છે, ત્યાં જઈને અશિક્ષિત નાના બાળકોને ગાયત્રી મંત્ર શીખવવાની વાત કરવા આવે છે. એ જ કૉલેજની અંદર સ્પર્ધાઓ, વાર્તાલાપ, પરિસંવાદ જેવા ચિંતનાત્મક કાર્યક્રમો કૉલેજના કેમ્પસની અંદર શરૂ થઈ ગયા છે. સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત દરેક કૉલેજોમાં આવા કાર્યક્રમો ફરજિયાત કરવાના રાજય સરકારના આદેશો મળ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈ વાત કરતા હતા, એક કમિટીની રચના કરવાની, તો ઓલરેડી ગુજરાતની અંદર આવી કમિટીઓ કરેલી પણ છે. સંસ્થાકીય સ્તરે, જિલ્લાના સ્તરે, રાજય કક્ષાએ, યુનિવર્સિટી કક્ષાએ અને સંસ્થાના

કક્ષાએ પણ આ પ્રકારની સમિતિઓની રચના થઈ ગઈ છે. અને આવા પ્રવૃત્તિઓ જે લોકો કરે છે એની સામે સખતમાં સખત સજાઓ કરવી, કૉલેજોમાંથી કાઢી નાખવા વગેરેના પગલા પણ ભરવામાં આવી રહ્યા છે. મને એમ લાગે છે કે આ બધું તો ખરું જ પણ આવી વાતોને કાયદામાં શું કામ બાંધવી જોઈએ, આપણે સરકાર ઉપર જ બધી વાતોનો આધાર રાખવો પડે? આપણી કોઈ ફરજ નથી, આવો પ્રશ્ન ઊભો મનમાં થયા કરે છે. સાંસ્કૃતિક પ્રદૂષણ વધ્યું છે, પશ્ચિમની અસર આપણા સમાજ ઉપર પડી છે. એક ટી.વી. કલ્ચર વિદ્યાર્થીઓમાં ઊભું થતું ગયું છે. આખી સમાજની રચના તૂટી ગઈ છે.

**સભાપતિશ્રી** : વસુબેન એક મિનિટમાં પૂરું કરો.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ. ઓછી મહેનતે મની પાવરથી, મસલ્સ પાવરથી બધું જ પ્રાપ્ત થઈ શકે આ માનસિકતા વિદ્યાર્થીઓની બની ગઈ છે. ચિંતાનો વિષય એ છે કે આઝાદીના આટલા વર્ષો પછી મેકોલોની જે શિક્ષણ પદ્ધતિ આપણે ત્યાં આવી એમાંથી આપણે બધા પણ શું શીખ્યા, આપણે સમાજના બૌદ્ધિકો તરીકે આપણે શું શીખ્યા, શાસ્ત્રો ભણવાની જરૂર નથી, ભણવા માટે મહેનત કરવાની જરૂર નથી. શું ભણવું, કેવું ભણવું, કેટલું ભણાવવાનું એ પણ આપણે નક્કી નહીં કરવાનું પેલી મેકોલોની શિક્ષણ પદ્ધતિ પ્રમાણે ભણવાનું. અત્યાર સુધી આ બધું ચાલ્યું છે એના પરિણામો આ રેગીંગ જેવી બાબતોને કારણે આપણે ભોગવી રહ્યા છીએ. મારે એક જ વાત કરવી છે. સમાજના તમામ વર્ગો, તમામ પ્રતિનિધિઓ, સરકારના ચૂંટાયેલા પદાધિકારીઓ, અને પ્રતિનિધિઓએ સૌએ સરકાર આ કાયદાનું સ્વરૂપ આપે કે ના આપે પરંતુ આપણે કઈ રીતે મદદરૂપ થવું એની ચિંતા કરવાનો સમય આવી ગયો છે. કાયદા તો આવે,

**સભાપતિશ્રી** : વસુબેન પૂરું કરો.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : કાયદાઓની ચર્ચા આપણે આ ગૃહની અંદર કરી છે અને જો આ કાયદો આ ગૃહમાં આવે એમાં આપણા જ સગાવહાલા કે પરિવારના કોઈ સભ્યો આવે તો આ કાયદા ખોટા છે એનું બિલ આ ગૃહમાં આવતા વાર નહીં લાગે અને અત્યાર સુધી આ જ થઈ રહ્યું છે. પદ, પદવી અને પ્રતિષ્ઠાની દોડમાં શિક્ષણની હરાજીના આપણે સૌ ભાગીદાર થતાજ ગયા છીએ. દરેક વિષયોની પાછળ આપણે દોડીએ છીએ. દરેક વિષયોની પાછળ આપણે દોડ મૂકીએ છીએ, પણ દોડીને કયાં જઈએ છીએ? આ શિક્ષણને કયાં લઈ જવું છે એની આપણને ખબર નથી એનું કારણ શું? એનું કારણ એટલું જ કે આપણી આસપાસના જે લોકો દોડે છે એની સાથે આપણે સૌ દોડવા માંડીએ છીએ. સરકાર ગમે તે પક્ષની હોય, સરકાર કોંગ્રેસની હોય કે ભા.જ.પ.ની હોય, ગમે તે પક્ષની હોય પરંતુ નરેન્દ્રભાઈ મોદી રાજયના મુખ્યમંત્રી છે ત્યારે એક કર્મયોગી રાજયપુરષ માત્ર અને માત્ર રાજયના સર્વાંગી, શૈક્ષણિક અને વિકાસનો સંકલ્પ લઈને બેઠા છે ત્યારે વિપક્ષની અપેક્ષા વધે તો વધે પ્રજાની પણ અપેક્ષા વધી છે અને હું એટલા માટે માનું છું કે આવી વસ્તુઓને કાયદામાં લાવીને એક મોટો વિષય રેગીંગ જેવા કાયદાના વિષયની અહીં ચર્ચા કરીને આ વિષયને મોટો ના બનાવવો જોઈએ પણ ગુજરાતના એક નાગરિક તરીકે આપણી સંસ્થાઓ કે જેના આપણે પ્રતિનિધિઓ છીએ

**સભાપતિશ્રી** : બેન તમને બેસાડી દેવું એ ઠીક નહીં કહેવાય, બે મિનિટ વધારે થઈ ગઈ છે. શ્રી આત્મારામભાઈ.. ..

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ બિલ સાથે સંમત નથી થઈ શકતી.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના અમારા સાથી ધારાસભ્ય ભાઈશ્રી અર્જુનભાઈ જે વિધેયક લઈને આવ્યા છે, એ અંગે મારા વિચારો વ્યક્ત કરુ છું. એમની જે ભાવના છે એ ભાવના સાથે કોઈ વિરોધ હોઈ શકે નહીં. પણ મારે અર્જુનભાઈ શિક્ષણના જીવ છે, શિક્ષણ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ત્યારે એની આ ચિંતા છે એ પણ સ્વાભાવિક છે. પણ મારે જે વાત કરવી છે એ છે કે કેટલાક વિષયો એવા હોય છે કે જે સત્તાપક્ષના હોતા નથી, વિપક્ષના હોતા નથી. મારા પ્રશ્નો હોતા નથી. તમારા પ્રશ્નો હોતા નથી, કેટલાક પ્રશ્નો એવા હોય છે કે જે મજિયારા હોય છે, સહિયારા હોય છે એવા પ્રશ્નો પૈકીનો આ એક પ્રશ્ન છે.

જે બધાને નડે છે, બધા એને સ્વીકારીને ચાલે છે. સર્વનો આ પ્રશ્ન છે ત્યારે એના ઉકેલ માટેના પ્રયત્નો પણ સહિયારા હોવા જોઈએ અને બધાએ સાથે મળીને એના ઉકેલના પ્રયત્નો કરવા જોઈએ. જ્યારે ગુજરાત વિધાનસભામાં બિલ સ્વર્ણિમ જયંતી વર્ષમાં આવ્યું છે, દાખલ એક વર્ષ પહેલા એમણે કર્યું છે ત્યારે મારે એ વાત કરવી છે કે ગુજરાતની એક અનોખી અસ્મિતા છે. ગુજરાતના લોહીમાં, સંસ્કારમાં ક્યાંય રેગીંગ નથી. ગુજરાતના લોહીમાં પર પીડન વૃત્તિ પણ નથી અને રેગીંગ એમાંથી પેદા થાય છે. મારે એ વાત કરવી છે કે આપણી એ સંસ્કારિતા છે કે કોઈ એક ગાલે તમાચો મારે તો બીજો ગાલ ધરી દેવો એ મહાત્મા ગાંધીજીની અહિંસક સંસ્કારિતા છે. એ પણ પોરબંદરના છે એટલે વિશેષ કહેવું નથી. પણ એ સંસ્કારિતા જ્યાંથી પાંગરી છે ત્યાંની આપે હવા લીધી છે, ઉછેર થયો છે ત્યારે રેગીંગ જેવો વિષય તમારા મગજમાં આવવો ન જોઈએ. પણ જમાનાની અસર થઈ છે એટલે મારે કંઈ કહેવું નથી. આ ગુજરાતની સંસ્કૃતિનો ઈતિહાસ સાક્ષી છે કે ઈરાન છોડીને પારસીઓ આવ્યા

ત્યારે હિન્દુસ્તાનમાં કોઈ બીજી જગ્યાએ નહીં પણ ગુજરાતના સંજાણ બંદરે ઊતર્યા અને ગુજરાતની પ્રજાની સાથે દૂધમાં સાકર ભળે એમ ભળી ગયા. એ બતાવે છે કે ગુજરાતમાં એવી કોઈ પર પીડન વૃત્તિ ન હતી એનો આ દાખલો છે. ઈતિહાસમાં એની નોંધ છે અને ઈતિહાસમાં નોંધાયેલ હકીકત છે કે આજે ગુજરાતમાં પારસીઓ એકાકાર થઈને રહ્યા છે. આ રેગીંગ જેવું તો અહીંયા બે-પાંચ વર્ષમાં જોયું. ૧૮ વર્ષ સુધી મેં અભ્યાસ કર્યો છે અને એમ.એ., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો ત્યાં સુધીમાં હું ૧૪ વર્ષ હોસ્ટેલમાં રહ્યો છું પણ મને ક્યાંય ગુજરાતમાં સુરત, બારડોલી, કોસંબા અલગ અલગ જગ્યાએ અલગ અલગ વિસ્તારમાં રહીને ભણ્યો છું પણ મને ક્યાંય રેગીંગનો અનુભવ નથી થયો એ ગુજરાતની સંસ્કારિતા બતાવ છે. મારે ગુજરાતની સંસ્કારિતાની વાત કરવી છે. વિધાનસભામાં આવીને મને ખ્યાલ આવ્યો કે આ રેગીંગ જેવી વસ્તુ છે. બીજી વાત એ કરવી છે કે જે રીતે રેગીંગનો વિષય લઈને આવ્યા છે, એમણે જે વિષય મૂક્યો છે એ વિષય આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતના નહીં પણ સમગ્ર રાષ્ટ્રના શિક્ષણ જગત માટે કલંકરૂપ આ બનાવો છે. હું માનું છું કે It's a seasonal disease કેટલાક રોગો એવા હોય છે કે ચેપી રોગથી ફેલાય, કેટલાક રોગો એવા હોય છે કે જે વાયરસથી ફેલાય, પણ આ સીઝનલ રોગ છે. એ ક્યારે થાય? શૈક્ષણિક સત્રની શરૂઆત થાય એટલે આ રોગની શરૂઆત થાય. મારી વાત સાચી છે ને અર્જુનભાઈ? એટલા માટે કે હું શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલો છું. આ It's a man made, માનવ સર્જિત સમસ્યા છે. made in campus only, in hostel of college or university એનું પ્રોડક્શનનું સ્થળ અને સમય નક્કી છે પણ જે હોય એ, એ વિકૃત માનસની નિશાની છે એ હકીકત છે. એટલા માટે it is a psycho and socio problem also. એટલા માટે આ વિષયને લઈને આપણે સૌએ સાથે રહીને સહિયારી લડત આપવી જોઈએ. ખાસ કરીને બોસીઝમની માનસિકતા વાળા વિદ્યાર્થીઓ અને સુપીરિયારિટી કોમ્પ્લેક્ષથી પીડાતા લોકો હોય છે, માનસિક વિકૃતિવાળા વિદ્યાર્થીઓ હોય છે. એનો ભોગ કોણ ભણે છે? ૧૫ થી ૨૦ વર્ષના નવલોહિયા યુવાન વિદ્યાર્થી કે જે આંખમાં સ્વપ્નો આંજીને કૉલેજમાં આવ્યા હોય એવા યુવાનોને આ રેગીંગના અપશુકનથી બચાવવાની જરૂર છે. એમાં કોઈ શંકાને સ્થાન નથી ત્યારે આ કામ આપણે સાથે કરવું પડશે. કારણ કે આ સમસ્યા આપણા દીકરા-દીકરીઓને ઊભી કરેલ સમસ્યા છે. બહારથી કોઈ નથી આવતું. રેગીંગનો પ્રશ્ન બીજે ક્યાંયથી નથી આવતો. મારા તમારા જેવાના જ દીકરા દીકરીઓ જે કૉલેજ કેમ્પસમાં રહીને ભણે છે. એમનાથી જ ઊભી થયેલી આ ઉપાધિમાંથી આપણે એમને બચાવવા માટેનો પુરૂષાર્થ કરવાનો છે ત્યારે એ વાત સાચી છે કે prevention is better than cure. આ રેગિંગને ઉગતો જ ડામવો છે અને સરકારે પણ અનેક પગલાં લીધાં છે. રાજ્ય કક્ષાએ મોનિટરીંગ સેલ બનાવ્યું છે. યુનિવર્સિટી કક્ષાએ કૉલેજો, હોસ્ટેલો અને યુનિવર્સિટીમાં પણ સમિતિઓ બનાવી છે. જિલ્લા કક્ષાએ એન્ટીરેગિંગ સમિતિ બની છે, હોસ્ટેલમાં પણ એન્ટી રેગિંગસ્કવોડ છે અને એ રીતે રેગિંગ અટકાવવાના તમામ પગલાં સરકારી કક્ષાએ લેવાયા છે ત્યારે ગુજરાતમાં પણ વધેલી બેઠકો છે એના લીધે પણ ગુજરાતના વિદ્યાર્થીઓ બહાર જતા હતા એમાં રેગિંગનું પ્રમાણ ઘટ્યું છે ત્યારે ગુજરાતના વિદ્યાર્થીઓને ગુજરાતમાં જ ભયમુક્ત શિક્ષણની સુવિધા પુરી પાડી છે ત્યારે હું એમ માનું છું કે આવા બિલની જરૂર નથી. આમ, સરકારી કક્ષાએથી તુરત મોનિટરિંગ થાય છે.. વિવિધ સમિતિઓ રાજ્ય કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને કૉલેજ કક્ષાએ બની છે ત્યારે આ વિધેયકની કોઈ જરૂર દેખાતી નથી. જેથી આ વિધેયકની સાથે અસંમતિનો સૂર વ્યક્ત કરું છું.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીયશ્રી અર્જુનભાઈ જે વિધેયક લઈને આવ્યા છે. એમની ચિંતા સકારણ છે. સ્વાભાવિકપણે ઉચ્ચ શિક્ષણમાં અને એમાંય વિશેષ કરીને એન્જિનિયરીંગની અંદર, યુનિવર્સિટીઓની અંદર, ક્યાંક કૉલેજોની અંદર પણ આવી પ્રવૃત્તિઓ ચાલવાની જ્યારે શરૂઆત થતી હોય ત્યારે એને પહેલીજ બંધ કરી દેવી જોઈએ. ગુજરાતનું એક આગવું અસ્તીત્વ છે એટલા માટે અનેક સભ્યોએ તેમની વાતચીતમાં કહ્યું છે તેમ આપણે ત્યાં કૉલેજમાં વિદ્યાર્થી જતો હોય ત્યારથી એના આચાર્યો અને પ્રાધ્યાપકો આ નવા આંગતુક વિદ્યાર્થીઓની ખૂબ સારી સરભરા કરતા હોય છે. પરંતુ આપણે જ્યારે આંતરરાષ્ટ્રીય ફલક ઉપર જોતા હોઈએ છીએ ત્યારે ગુજરાતમાં શિક્ષણનો વ્યાપ જે રીતે વધી રહ્યો છે તે પ્રમાણે અન્ય રાજ્યના વિદ્યાર્થીઓ પણ અહીંયા આવતા હોય છે અને એટલા માટે આ બધા સંજોગોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે અનેકવિધ પગલાં લીધાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના પગલાં લેવા પાછળના કારણો પણ છે માનનીય અર્જુનભાઈએ પણ એનો ઉલ્લેખ કર્યો છે. University of Kerala vs Council એના તા.૮-૫-૨૦૦૯ ના ચુકાદામાં તમામ હોદ્દેદારો કમિટી ઑફ રેગિંગ, સેન્ટ્રલ ગવર્નમેન્ટ, બધાજ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો સુપ્રીમકોર્ટની ગાઈડ લાઈન છે અને સુપ્રીમકોર્ટની આ ગાઈડ લાઈન મુજબ રાજ્ય સરકારે તા.૧૪-૭-૨૦૦૯ ના દિવસે આ અંગેનો પરિપત્ર કર્યો છે. તમામ સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ જે પ્રમાણે સુપ્રીમકોર્ટે આદેશો આપેલો છે એ આદેશોનું અક્ષરશ: પાલન કરીને, પ્રોએકટીવ રૂલ કરીને આવો કોઈપણ બનાવ ગુજરાતમાં ના બને એની રાજ્ય સરકાર જ્યારે બિલકુલ કાળજી લઈ રહી છે ત્યારે અનેક સભ્યોએ આ બાબતની ચિંતાઓ વ્યક્ત કરી છે એની અંદર શું કામગીરી કરવાની છે એની પણ સુપ્રીમકોર્ટની ગાઈડ લાઈન છે. જિલ્લા કક્ષાએ, યુનિવર્સિટી કક્ષાએ જે તે સંસ્થાઓમાં અલગ અલગ પ્રકારની સમિતિઓ બનાવી છે અને આવું કોઈપણ કૃત્ય કરનારની સામે

તરત કાર્યવાહી કરવાના પ્રોવિઝન થયેલા છે. આ બધું હોવાના કારણે શિક્ષણ વિભાગ આ બાબતને બિલકુલ હળવાશથી લેવા માગતી નથી. આ એક ગંભીર વિષય છે એટલા માટે આવી કોઈપણ ઘટના બને તો આ ઘટના બનતા પહેલા એને ડામી દેવા માટે અથવા આગામી દિવસોમાં ના ઉદ્‌ભવે એના માટેના જ્યારે સક્રિય પ્રયાસો કરી રહી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય અર્જુનભાઈને વિનંતી કરું કે, તમારી જે ચિંતા છે એ રાજય સરકારની ચિંતા છે અને એ ચિંતામાં કયારેય પણ કયાંય આવી અગવડ ન ઊભી થાય એના માટે અમે કામો કર્યા છે, પ્રોવિઝનો કર્યા છે અને એ દિશામાં અમે આગળ વધવા જઈ રહ્યા છીએ ત્યારે એમનું આ બીલ અમને પાછું ખેંચવા માટેની વિનંતી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા આ બીલ ઉપર આદરણીય વસુબેન, આદરણીય આત્મારામભાઈ અને માનનીય મંત્રીશ્રી રમણભાઈએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. હું તમામનો આભાર માનું છું અને મેં શરૂઆતમાં જ વાત કરી હતી કે, આ રોગ આપણો નથી, આ રોગ આયાતી થયેલો છે અને એમાં આપણે સદ્‌નસીબ છીએ કે એમાં આપણે કોઈના રેગીંગનો ભોગ બનવું પડ્યું નથી. હું પણ ભણ્યો છું, આત્મારામભાઈ જેટલું કે વનેચંદ જેટલું નથી ભણ્યો લાંબુ પણ જરૂરથી ભણેલો છું ખરો, તમારા જ ગામમાં ભણ્યો છું એટલે એ વખતે અનુભવો નહતા થતા, અત્યારે અનુભવો થવા માંડ્યા છે. મેં એટલા માટે થોડાંક દાખલાઓ પણ આપ્યા કે આ જગ્યાએ છે. એ વાત સાચી છે કે, આ દૂષણને અટકાવવું હોય તો કાયદા જેટલું જ મહત્ત્વ આપણા પોતાના વીલ પાવરનું પણ છે. એક વિદ્યાર્થી આ પ્રકારની જે પ્રવૃત્તિ કરતા હોય એની સાથે એક પ્રકારની કાઉન્સિલિંગની અને બીજી પ્રકારની વ્યવસ્થા શરૂઆતના એડમિશન વખતે જ અપાય અને એના નોટિસ બોર્ડ સહિતની બધી જ વ્યવસ્થા થાય કે આ રેગીંગ થશે તો તમને આટલા આટલા પ્રકારની સજાઓ આ શાળામાં થવાની છે. ખાસ કરીને જે આ પ્રકારની તકલીફો છે એ જે કહેવાયું એ પ્રમાણે જે પ્રોફેશનલ કૉલેજો છે, જ્યાં રેસીડેન્શીયલ વ્યવસ્થા છે ત્યાં વધારે છે એટલે એમાં આ પ્રકારની સૂચનાઓ આપવી ખૂબ જરૂરી છે. માનનીય મંત્રીશ્રીએ વાત કરી એ પ્રમાણે આ બધાનો આપણી સામૂહિક જવાબદારી છે, સામૂહિક રીતે બધાએ સામનો કરવાનો છે એટલે મેં શરૂઆતથી જ આ ભાષણમાં મેં કોઈ રાજકીય ઓબ્જર્વેશન કર્યુ નહતું. માનનીય મુખ્ય મંત્રીશ્રી વાત લઈ આવ્યા, મેકોલોની વાત લઈ આવ્યા, આ બધું લઈ આવ્યા તો મેકોલેને દૂર કરતા કોણ રોકતું હતું ? એટલે મારે ખોટા અત્યારે વાતાવરણ બગડે એવા ઉલ્લેખો પણ કરવા નથી એટલે સિદ્ધપુરમાં આ બન્યું હતું કે પાટણમાં આ બન્યું હતું કે બીજી જગ્યાએ આ બન્યું હતું. હું એટલું જ કહું છું કે, બહું સાચી વાત છે કે, એનો સામનો આપણે બરોબર રીતે કરવો જોઈએ અને એમાં મારા થોડાંક સૂચનો માનનીય મંત્રીશ્રીને કરું છું કે, એક તો, જ્યારે એડમિશનની શરૂઆત થાય ત્યારે આને અટકાવવા માટે શિક્ષણ વિભાગમાં ખાસ કરીને ટૅક્નીકલ, મૅડિકલ અને હાયર એજ્યુકેશન વિભાગમાં એક ખાસ અધિકારીને એની જવાબદારી સોંપવામાં આવે અને દરેક સંસ્થાઓને રેગીંગ થશે તો શું શું પગલાં લેવામાં આવશે એ પ્રકારનું બધાને દેખાય એ રીતે નોટિસ બોર્ડ મૂકવામાં આવે અને એમાં ખાસ ચેતવણી આપવામાં આવે કે, રેગીંગની ઘટના બનશે તો વિદ્યાર્થીએ એનું એડમિશન જે આ સંસ્થામાં છે એનું રદ થશે અથવા તો જે સજા નક્કી કરેલી છે, હું એ નથી કહેતો કે, કઈ છે, કઈ છે જે સજા નક્કી કરેલી છે એ સજાનો અમલ ચોક્કસપણે કરીશું અને એના માટેની કોઈ ફરિયાદ હોય તો આ પરર્ટિકયુલર કૉલેજમાં આ અધિકારીનો સંપર્ક કરવાનો અને રાજય કક્ષાએ અથવા યુનિવર્સિટી કક્ષાએ એના આ અધિકારીઓ છે, એના મોબાઈલ નંબર આ છે અને એનું નામ ખાનગી રાખવામાં આવશે, આ પ્રકારની જો થોડીક વ્યવસ્થા આપણે પ્રોએકટીવલી ગોઠવીએ તો હું માનું છું ત્યાં સુધી રેગીંગને આપણે નિયંત્રણમાં રાખી શકીશું. હજુ આપણે જે પ્રકારે બીજી જગ્યાએ દૂષણો આવ્યા છે એ આપણે ત્યાં આવ્યા નથી એટલે આપણે અટકાવી શકીશું. માનનીય મંત્રીશ્રી જો આટલી ખાતરી આપતા હોય તો હું માનું છું કે કાંઈ બહું મોટી નથી તો હું આ બીલ બધા સંમત થતા હોય તો પાછું ખેંચી લેવાની મારી તૈયારી છે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અર્જુનભાઈએ જે વાત કરી છે, એ તમામ કાર્યવાહી રાજય સરકાર કરી જ રહી છે એ ઉપરાંત એક વાત એમના ધ્યાન ઉપર વધારાની મૂકું કે જેમ યુનિવર્સિટી અથવા કૉલેજો અથવા અન્ય સંસ્થાઓમાં જેમ કામગીરી ચાલે છે એમાં રાજય કક્ષાએ પણ આના માટે એક મોનીટરીંગ સેલ છે. એની અંદર બધા જ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરો છે. હેલ્થ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ, એડીશનલ ડી.જી.પી. ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન આ બધા જ લોકોની કમિટી છે અને આ સીધેસીધો રિપોર્ટ દર માસે આવ્યા પછી કમિશ્નર ઓફ હાયર એજયુકેશન એના ચેરમેન છે. કુલાધિપતિને આ વિષયોથી વાકેફ પણ કરવામાં આવે છે. આ બધી વ્યવસ્થા હોવાછતાંપણ એમની ચિંતા એ છે કે એ લોકો સુધી, વિદ્યાર્થીઓ સુધી, એની ગંભીરતા સુધી પહોંચે તો રાજય સરકાર એ કરી રહી છે એમાં ઘનિષ્ઠપણે કામગીરી જરૂરથી કરશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન -૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૭ પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૭ પાછુ ખેંચી લઉં છું.

**સભાપતિશ્રી** : વિધેયક પાછું ખેંચી લેવામાં આવે છે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

**સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક •ક્રમાંક: ૨૦**
**ગુજરાત જાહેર ખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) વિધેયક, ૨૦૦૯**
**ગુજરાત રાજયમાં માલ અથવા વસ્તુના વેચાણને પ્રોત્સાહન આપવા ખોટી અને ગેરમાર્ગે દોરનારી જાહેરખબરો પર પ્રતિબંધ ફરમાવવા માટેનું વિધેયક.**

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૨૦ સન ૨૦૦૯ના ગુજરાત જાહેર ખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક અગાઉ પણ આ વિધાનસભા ગૃહની અંદર ચર્ચાઈ ગયું છે. એનું હાર્દ એ છે કે ગ્રાહક છેતરાય નહીં અને જો ગ્રાહકને ખોટી રીતે છેતરવામાં આવે તો તેના માટે દંડનીય સજાની જોગવાઈ છે. કોઈપણ ઉત્પાદક પોતાની ઉત્પાદકતાને માર્કેટમાં વધુ વેચવા માટે અને વધુ નફો કરવા માટે જેવી વસ્તુ હોય નહીં, જેની જેવી ઉપયોગીતા ન હોય એ પ્રમાણેની જાહેરખબરો આપી અને પ્રજાને ગેરમાર્ગે દોરે એ પ્રમાણેની જાહેરાતો જો આપે તો એ અટકાવવા માટેનો મુળ ઉદ્દેશ છે. એની અંદર કલમ-૪ના કલમ-૩માં આ પ્રમાણેનો કોઈ ગુનો બને તો એ પોલીસ અધિકાર પ્રમાણેનો ગુનો બને એ પ્રમાણેની જોગવાઈ કરવામાં આવી છે અને આ પ્રમાણેનું કોઈ કૃત્ય કરે તો છ માસ સુધીની એને જેલની સજા પણ થાય એ પ્રમાણેની આ બીલની અંદર જોગવાઈઓ છે. બને છે શું? સમાજ જીવન ઉપર આ જાહેરાતોને કારણે ખરેખર એવું હોતું નથી અને એ પ્રમાણે જાહેરાત વારંવાર કરવાને કારણે જનમાનસ ઉપર પણ બહુ ખોટી અસરો થતી હોય છે. હમણાં કેટલાક જયોતિષ ગુરૂઓ ટી.વી.ની અંદર જાહેરાત આપતા હોય છે અને એમની જાહેરાત એવી હોય છે કે આ નજરીયું તમે ગળામાં લગાડવાને કારણે તમારું બાળક કયારેય બીમાર નહીં પડે. કયારેક એ પ્રમાણે હોય છે કે આ ધોડાની નાળ પગની એ તમારા ઘરના દરવાજાની બહાર લગાડો તો તમારા ઘરની અંદર કયારેય કોઈ આફત આવશે નહીં. આ ધોડાની નાળને કારણે કે આ નજરીયાને કારણે કોઈ ફાયદો થતો નથી હોતો. લોકો છેતરાય છે તો આને અટકાવી શકાય. બીજું કેટલીક કંપનીઓ જે પોતાની એડવર્ટાઈઝ આપતા હોય છે એ પોતે વ્યકિતને તો નુકસાનકર્તા હોય છે પરંતુ આ દેશની ધરોહર છે એવી સંસ્કૃતિને પણ નુકસાન કરે છે.એક ટૂથપેસ્ટની કંપની છે.એ પ્રમાણેની જાહેરાત આપે છે કે પતિ બીજી કોઈ ટૂથપેસ્ટના કારણે ટૂથબ્રશ સાથે દાંત સાફ કરે તો પત્ની એનાથી દૂર જતી રહે છે અને પછી ફરી પાછી એ કંપનીના ટૂથબ્રશ અને ટૂથપેસ્ટ લગાડે તો પત્ની નજીક આવી જાય છે. શું આ ભારતીય સંસ્કૃતિ આ પ્રમાણેની છે. પતિનું મોઢું ગંધાય એના માટે કરીને પત્ની દૂર જતી રહે અને ફરી પાછું મોઢું ગંધાવવાનું બંધ થાય એટલે ફરી પત્ની પાછી આવી જાય. શું આ કુટુંબ પ્રથા હતી? આ વ્યવસ્થા છે? માત્ર એક વસ્તુ પોતાની વેચે છે, એટલું જ નહિ, પરંતુ આખી આપણી સંસ્કૃતિ છે, આપણી ધરોહર છે, એના ઉપર પણ આ કઠોરાઘાત છે. કેવી જાહેરાતો આપે છે એક બાળકને એવી વાત કરે છે તું આ સાબુથી ન્હાય તો તારી તંદુરસ્તી જળવાઈ જશે. તંદુરસ્તીકી રક્ષા કરતા હે લાઈફબોય. તંદુરસ્તીની રક્ષા કોઈ સાબુથી ન થાય. તંદુરસ્તી માટે તો એણે એક્સરસાઈઝ કરવી જોઈએ. એક્સરસાઈઝથી બોડી હેલ્ધી અને સ્ટ્રોંગ થાય. બાકી એના ફુડ એ પ્રમાણેના હોવા જોઈએ, પરંતુ આવી ગેરમાર્ગે દોરનારી જાહેરાત આવે. સાબુ લગાવો તમારી તદુરસ્તી સરસ થઈ જશે અને તમે હેલ્ધી બની જશો. આને રોકવું જોઈએ. કેટલીક જાહેરાતો એવી હોય. એનો ચહેરાનો આ પ્રમાણેની તમે પેસ્ટ લગાડશો, ક્રિમ લગાડશો તો તમારો ચહેરો છે એ બિલકુલ સુંદર થઈ જશે. પેલો વેચાવા માટે પેલા બહેનો અને ભાઈઓ ત્યાં આગળ માર્કેટમાં જાય. ઢગલાબંધ આવી ક્રિમો લાવે, ચહેરા ઉપર લગાડે, પણ કઈ ફરક પડે નહીં. આટલા પૂરતું નથી, પરંતુ ગંભીર બાબતો એવી છે કે કેટલીક મેડિસીનો હોય, કેટલીક દવાઓ છે

• આ વિધેયક સન ૨૦૦૯ના જુલાઈ મહિનાની ૧૬મી તારીખના ગુજરાત રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

એની અંદર પણ એ પ્રમાણેના રેપર, લેબર એ પ્રમાણેના પૅકિંગ બતાવે કે જેના કારણે દર્દીને એવી અસર થાય કે આ દવા લેવાના કારણે હું સાજો થઈ જઈશ. હકીકતે એવું થતું નથી. એટલે કોઈ પોતાની એડવર્ટાઈઝ દ્વારા અથવા તો કોઈ પોતાના લેબર યા પૅકિંગ યા રેપરના કારણે ગ્રાહકને છેતરે નહિ, એ માટેનો આની અંદર જોગવાઈઓ છે. આના કારણે અસરો કેવી થઈ છે? ગામડાની અંદર કિશોરવસ્થાની અંદર યુવાનને એની માતા દૂધ, ઘી યા દહી ખવડાવે. હવે અત્યારે બાળક શું માગતો થઈ ગયો, કોકાકોલા, પેપ્સીકોલા અને આ કિશોરવસ્થાની અંદર પોતાનું શરીર, પોતાનું હેલ્ધ સારું જાળવી શકે આજે જે ખોરાક ઘરની અંદર, રસોડાની અંદર બનેલા તાજા ખોરાક ખાવા જોઈએ, તેની જગ્યાએ જંકફુડ ખાતો, મેગી માગતો બાળક થઈ ગયો. આડઅસરો આવનારી પેઢી માટે બહું મોટું નુકસાન કરશે. મારી વિનંતી હતી આ વિધાનસભા ગૃહને કે આવી જાહેરાતો અટકાવવા માટે આ કાયદાનો ઉપયોગ થાય. બીજું અલગ અલગ પ્રકારની હમણા એક એડવર્ટાઈઝ અમે એવી જોઈ કે એક બહેન નદીકિનારે ફરવા જાય છે અને ત્યાં આગળ એક ચૉકલેટ બનેલી હોય છે એ પીપરમેન્ટ નાખે છે અને મગર ખાય છે અને એ મગર પછી બહેન ઘરે પહોંચે તો ઘેર એના બેડરૂમમાં પહોંચી જાય છે. અને એ મગર કહે છે કે મને ચૉકલેટ આપો. એટલે આ ગેરમાર્ગે દોરનારી જાહેરાતો છે અને આ ગેરમાર્ગે દોરનારી જાહેરાતને કારણે પ્રજાને ખૂબ નુકસાન થતું હોય છે. પોતાની તૈયાર કરેલી વસ્તુ હકીકતમાં એવી ન હોય, પરંતુ કોઈપણ ઉત્પાદક એ વસ્તુ આ પ્રમાણેની છે, એવું દર્શાવી જ્યારે ગ્રાહકને છેતરવામાં આવે છે અને એક વખત ગ્રાહક છેતરાઈ જાય પછી એને ખબર પડે છે કે હું છેતરાઈ ગયો છું. તો આ વિધેયકના માધ્યમથી ગ્રાહક છેતરાઈ નહિ તે પ્રમાણેનો મારો ઉદ્દેશ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી ગુજરાત જાહેર ખબર ( ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ ) વિધેયક લઈને આવ્યા છે. એને હું આવકારું છું. ખૂબ આવકાર દાયક વિધેયક છે અને હું માનું છું કે આપણે બધાએ વિના વિરોધે પાસ કરી દઈએ તે પ્રકારનું આવકાર્ય વિધેયક છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શંકરભાઈએ બહુ સાચી વાત કરી કે હમણાં રાત્રે બાર વાગ્યા પછી આપણે ટી.વી. ચાલુ કરીએ તો મોટાભાગની ચેનલોમાં એટલે બાબાઓ અને તાંત્રિકો અને જુદી જુદી પ્રોડકટ વેચવાવાળાની જાહેરાતો આવે છે. આ તમે ખાઓ એટલે તમારું વજન આટલું વધી જાય, બહુ વધારે વજન હોય તો આટલું ઓછું થઈ જાય અને તમને યાદ ન રહેતું હોય તો બધુ યાદ રહેવા માંડે. એનાથી શરૂ કરીને અનેક પ્રકારની જે ગેરરસ્તે દોરતી જાહેરાતો છે તે ખૂબ મોટાપાયે રાજય અને દેશમાં ફૂલીફાલી છે. તે ઉપરાંત અંધશ્રદ્ધા લોકોમાં વધારે છે અને તેના કારણે તે અંધશ્રદ્ધા એટલી વધારે છે કે તેની અંદર માણસો મૃત્યુ પણ પામે છે. આપણે સૌએ કોઈકને કોઈક તબક્કે જીવનમાં આનો અનુભવ કર્યો હશે કે જે દર્દ છે તે સારવારથી સારું થઈ શકે તેવું હોય અને છતાં ડૉકટર પાસે જાય નહીં, તંત્ર મંત્ર જે લોકો કરતા હોય તેની પાસે પહોંચી જાય અને તેના કારણે જીવલેણ બિમારી છે તે દર્દીનો ભોગ લેતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે આ પ્રકારની જે જાહેરાતો ખોટી અને ગેરમાર્ગે દોરનારી છે. અમુક જાહેરાતો એવી છે કે અતિરેક કરનારી છે. જે હમણાં શંકરભાઈએ વાત કરી કે આ ટૂથપેસ્ટ વાપરીએ તો પત્ની દૂર જાય. મોઢું ગંધાય તો પત્ની બાજુમાં આવે નહીં તે વાત સાચી છે. પણ તેમાં તે વાપરીએ અને બીજી વાપરીએ તો બહુ ફરક પડતો નથી. છતાં આવી જાહેરાતો ચાલે છે. તે પ્રકારની અનેક જાહેરાતો આવે છે. જે લોકો પ્રોડકટમાં પૈસા નથી વાપરતા એટલા પૈસા જાહેરાતોમાં વાપરે છે અને જાહેરાતો આધારિત ધંધાઓ ચાલે છે. તેના ઉપર નિયમન ખૂબ જરૂરી છે. હું માનું છું કે આ જે બિલને આપણે પસાર કરીએ તો આ જાહેરાતો છે તે એક નિયમન તંત્રની હેઠળ આવે અને તેના કારણે જે એક તો ખોટી જાહેરાતો છે તેના ઉપર નિયંત્રણ આવશે અને જે લોકો જાહેરાતની અંદર અતિરેક કરે છે અને ફક્ત માર્કેટીંગની અંદર અઢળક પૈસા વાપરી, પ્રોડકટ કરતાં અનેકગણા પૈસા જાહેરાતોમાં વાપરે અને પ્રોડકટને લોકો સુધી પહોંચાડી જે લોકો પૈસા બનાવે છે તેના ઉપર નિયંત્રણ આવશે. એટલે હું શંકરભાઈનો આભાર માનીશ કે આ પ્રકારનું બિલ લઈ આવ્યા અને હું માનું છું કે રાજયના હિતમાં છે. રાજયને કોઈ નુકસાન જવાનું નથી. એટલે આપણે આ બિલને સર્વાનુમતે પસાર કરીએ.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શંકરભાઈ જે વિધેયક લઈને આવ્યા છે તે વિધેયક સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંકઃ ૨૦ ગુજરાત જાહેર ખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) વિધેયક લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શંકરભાઈ ખૂબ સંવેદનશીલ છે એટલે કયાંય સમાજની અંદર અન્યાય થાય, ખોટું થાય તો તેમનું દિલ દ્રવી જાય છે અને એટલા માટે સમાજની અંદર એમણે જોયું કે આજની તારીખે વેપારની અંદર જે સ્પર્ધાઓ થાય છે તેમાં ખેંચાખેચ વધારે થાય છે. એટલે પોતાનો માલ, પોતાનું ઉત્પાદન અને પોતાનો વેપાર વધારે સારો ચાલે અને વધારે કમાય એટલે આવી જાહેરાતો અપાય છે અને તેના જ કારણે લોકો ગેરમાર્ગે દોરાય છે. તે વાત સાથે સંમત થઈએ છીએ અને તેમણે ઘણી સારી રજૂઆત કરી છે. પણ હું એક-બે દાખલા આપું

છું. અમારા વિસ્તારમાં શુદ્ધ ઘીના નામે જાહેરાતો આવે છે. પણ તેમાં બટાટાનું ઘી બનાવીને તેની અંદર ઘીનું એસેન્સ નાંખીને શુદ્ધ ઘીના રૂપમાં વેચાણ માટેની કાર્યવાહી ચાલે છે. એ જ રીતે કેટલાક વિસ્તારોમાં ચરબીનું ઘી જેને મટનટેલો કહેવાય છે તેની શુદ્ધ ઘીના રૂપમાં જાહેરાત થાય છે અને લોકોને ગેરમાર્ગે દોરવામાં આવે છે અને તેના દ્વારા લોકોની ઠગાઈ થાય છે. અને લોકોની ઠગાઈ પણ થાય છે. આ ઉપરાંત જાતજાતના એવા વેપારો ચાલે છે જેનાથી ગ્રાહકો દુઃખી થાય છે, ગ્રાહકોનું શોષણ થાય છે, ગ્રાહકો ગેરમાર્ગે દોરાય છે અને એને નુકસાન થાય છે, એટલા માટે એ બધા આશયો સાથે લઈને માનનીય શંકરભાઈએ વિધેયક રજૂ કર્યુ છે પણ મારે એ કહેવું છે કે, આ જ રીતે ગુજરાતમાં ગુજરાતની સરકારે પણ ગુજરાતની પ્રજા કોઈ કક્ષાએ છેતરાય નહીં, એને નુકસાન થાય નહીં એટલા માટે એની પણ વ્યવસ્થા કરી છે અને એને માટે ગુજરાતની અંદર ૧૯૮૬નો ગ્રાહક સુરક્ષા ધારો છે એ પણ મહત્વનો ધારો છે એ ધારા દ્વારા બે બાબતો લીધી છે, એક એ ધારા દ્વારા કોઈપણ ગ્રાહકને અન્યાય થાય, એની સાથે છેતરપિંડી થાય, એને ગેરમાર્ગે દોરવામાં આવે અને નુકસાન થાય તો એને માટેનો કાયદો જે છે એ કાયદાને અનુલક્ષીને ત્યાં પણ વ્યવસ્થા કરી છે, જિલ્લા કક્ષાએ ફોરમ ચાલે, રાજય કક્ષાએ કમિશન ચાલે અને રાષ્ટ્રીય કક્ષાએ ચાલે, એ તમામ કક્ષાએ પોતાને થયેલો અન્યાય, ગેરમાર્ગે દોરાયા હોય કે ઠગાઈ જે કંઈ હોય એની ફરિયાદ દાખલ કરીને ઓછામાં ઓછા સમયમાં, ઓછામાં ઓછા ખર્ચે એ ત્યાંથી ન્યાય મેળવી શકે છે, એના ઉપરાંત આની સાથે ગ્રાહક સુરક્ષા ધારામાં એવી વ્યવસ્થા પણ કરી છે કે જેની અંદર એ ગ્રાહક સુરક્ષા સાથે એમણે કેટલાક જિલ્લા કક્ષાએ ગ્રાહક મંડળો ઉભા કર્યા છે, દરેક તાલુકા દીઠ, જિલ્લા દીઠ એક ગ્રાહક સુરક્ષા મંડળ ઉભું થાય અને એ રીતે લગભગ ૫૭ જેટલા ગ્રાહક સુરક્ષા મંડળો છે આ મંડળના તમામ કાર્યકરો અને સભ્યો સમાજમાં વિવિધ પ્રકારે એ પોસ્ટર હોય કે પત્રિકા હોય, સિનેમામાં કે ટીવીમાં ઠેરઠેર એનો પ્રચાર કરીને, એનું નિદર્શન કરીને, એના અંગેના પ્રદર્શન કરીને ગ્રાહકોમાં જાગૃત્તિ આવે, ગ્રાહક કોઈ આવી કોઈ જાહેરાતોથી છેતરાય નહીં, એના માટેનાં નિદર્શન કરવામાં આવે છે અને એ બે રીતે અને એ ઉપરાંત ગુજરાતમાં ભારતીય ફોજદારી ધારો તો છે જ, એટલે માનનીય શંકરભાઈના જે વિધેયકમાં જે બે, ત્રણ અને ચારની અંદર જે જોગવાઈ છે એ જોગવાઈના અનુસંધાને ફોજદારી ધારામાં અને આપણા ગ્રાહક સુરક્ષા ધારામાં બંનેમાં એવી જોગવાઈ છે કે જેને કારણે એમાંથી આપણે ગ્રાહકને સુરક્ષા પ્રદાન કરી શકીએ અને એક ધારો જયારે અમલમાં હોય, આજે ફોજદારી ધારો પણ અમલમાં છે, ગ્રાહક સુરક્ષા ધારો અમલમાં છે અને વળી પાછા પોલીસ કેસમાં પોલીસ તંત્રને ફરીથી આવો ધારાને બેવડાવીએ તો મને લાગે છે કે કયાંકને કયાંક ગેરસમજો ઉભી થવાને પણ કારણ છે એટલા માટે આમ તો આજે જે વ્યવસ્થા છે એ મને લાગે છે કે સમાજમાં ગ્રાહકોને એની સુરક્ષા થાય એ જાતની સંપૂર્ણ વ્યવસ્થા આ જે કરવામાં આવેલી છે અને એ મને લાગે કે પર્યાપ્ત છે એમ માનીને હું મારા વિચારો પૂરા કરું છું.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી(સુરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહના સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી ગુજરાત જાહેર ખબર ( ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) વિધેયક, ૨૦૦૯ લઈને આવ્યા છે એ બાબતમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે અહીં ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શંકરભાઈ જે બિલ લઈને આવ્યા છે એના હાર્દ અને વાત સાથે હું સહમત થાઉં છું. અત્યારની આપણી જે બજાર આધારિત અર્થ વ્યવસ્થા, હરિફાઈની પ્રબળતા, પોતાની પ્રોડકટની કવોલિટી હોય કે ન હોય પણ માત્રને માત્ર જાહેર ખબરના જોર દ્વારાગ્રાહકોના માનસની અંદર એને ઉતારી દેવાની જે પ્રક્રિયાઓ ચાલે છે એમાં કાંઈક રોક આવવી જોઈએ એવી ચિંતા માનનીય શ્રી શંકરભાઈની છે. આજે

હમણાં જ માનનીય અર્જુનભાઈએ કહ્યું કે તમે ટેલિવિઝન ચાલુ કરો, છાપાઓ જુઓ તો એમાં જે જાહેર ખબરો હોય છે એમાં સત્ય કરતા અસત્યનું તત્ત્વ ઘણું વધારે હોય છે. ગઈ કાલના પેપરમાં મેં એક જાહેરાત વાંચી એક જ્યોતિષને લગતી એમાં એમણે ૧૫૧ ટકા સફળતાની ખાતરી આપી છે અને જેટલા દુ:ખો અને દર્દો આ જગતની અંદર છે એ બધા દુ:ખો અને દર્દોના નિવારણ માટે એમણે ૧૫૧ ટકા ખાતરી આપીને જાહેરાત આપી છે. માનનીય શંકરભાઈ જે વિધેયક લઈને આવ્યા છે એમાં એમના ઉદ્દેશો અને કારણો જો આપણે વાંચીએ તો સ્વયંસ્પષ્ટ છે કે, માગ અથવા વસ્તુઓના વેચાણને વધારવા માટે ખોટી અને ગેરમાર્ગે દોરનારી ખબરોના ઘણાં કિસ્સા બન્યા છે. આપણે રોજ છાપાઓની અંદર આ પ્રકારની જાહેરાતના કિસ્સાઓ વાંચીએ છીએ ત્યારે આપણને સ્વાભાવિક એવું લાગે કે આમાં ક્યાંક રૂકાવટ આવવી જ જોઈએ કારણ કે, લોકો જો છેતરાતા રહેશે અને એને જો કાયદાનું કોઈ રક્ષણ નહીં મળે તો આ પ્રકારની માનસીકતાવાળા છે, લોકોને ભ્રમિત કરી અને પોતાના માલનું વેચાણ કરવાવાળા લોકો છે એની તાકાતમાં વધારો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી સંસ્કૃતિમાં ગ્રાહકને ભગવાનનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે, સમજવામાં આવ્યું છે. એટલે જ ઘણાં દુકાનદાર વેપારીઓ એની દુકાનની પાસે એક બોર્ડ મારે છે કે 'ગ્રાહક મારો ભગવાન છે' અને જ્યારે આ ભગવાનને છેતરવાની વાત આવતી હોય ત્યારે માનનીય શંકરભાઈની ચિંતા એકદમ વાજબી ચિંતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધી જ બાબતો સાચી હોવા છતાં અત્યારે આપણા કાયદાઓની અંદર એક નવું વાતાવરણ ઉભું થઈ રહ્યું છે કે, એકને એક બાબતના નિવારણ માટે અલગ અલગ કાયદાઓની અંદર જોગવાઈઓ હોય છે ત્યારે અલગ અલગ કાયદાઓના કારણે લોકોને પણ એની મુશ્કેલી પડતી હોય છે એટલે જ અલગ અલગ કાયદાઓની અંદર જે જોગવાઈઓ હોય અને એકજ જગ્યાએ જો એનું નિવારણ થઈ શક્તું હોય તો એક જ કાયદાની અંદર એ જોગવાઈઓ પ્લાન્ટ કરવાનો અત્યારે અભિગમ ચાલે છે. આપણા સિનિયર માનનીય સભ્યશ્રી લીલાધરભાઈએ જે વાત કરી કે અત્યારે જે ગ્રાહકોને છેતરે છે ખોટી જાહેરાતોના માધ્યમ દ્વારા એનું નિવારણ શું? તો એનું નિવારણ આ પ્રકારનું એક વિધેયક લાવીએ તો હોય શકે? અથવા વર્તમાનમાં આ પ્રકારના કાયદાઓ જે હોય એનો આપણે કડકમાં કડક રીતે અમલ કરાવી શકીએ તો ગ્રાહકોને અને લોકોને આપણે છેતરાતા બચાવી શકીએ. વર્તમાનમાં જે કાયદોઓ છે ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ એનો અમલ ત્રિસ્તરીય રીતે થાય છે. એક તો કેન્દ્રિય ગ્રાહક તકરાર નિવારણ કમિશન, રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન અને જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ. આપણા ઈન્ડિયન પિનલ કોડમાં પણ વિવિધ કલમોની અંદર આ પ્રકારની જોગવાઈ છે કે, આ પ્રકારે છેતરવાનું કોઈ કૃત્ય કરે તો એમાં સજાની જોગવાઈ છે. ઈન્ડિયન પિનલ કોડની કલમ ૪૧૫ થી ૪૨૦, ૪૮૧ થી ૪૮૪ અને ૪૮૬ અને ૪૮૭ એ આ બધા કાયદાઓ છે ત્યારે માનનીય શ્રી શંકરભાઈના વિધેયકના હાર્દ સાથે હું સંમત હોવા છતાં અત્યારના જે કાયદાઓ છે એ પુરતા છે એમ મને લાગે છે ત્યારે હું આ ગૃહ મારફત માનનીય શ્રી શંકરભાઈને વિનંતી કરું છું કે, આ વિધેયક પાછું ખેંચી લે.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર(મોડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક ૨૦, સન ૨૦૦૯નું ગુજરાત જાહેર ખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) વિધેયક લાવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

થોડાક સમયથી ટી.વી. ઉપર એક મોબાઈલ કંપનીની જાહેરાત આવે છે, આ મોબાઈલ કંપની એમ કહે છે કે, વોક વ્હેન યુ ટોક અથવા બીજા શબ્દોમાં કહીએ તો ટોક વ્હેન યુ વોક, મોબાઈલ ઉપર વાત કરતા કરતા તમે ચાલો અથવા તો એમ કહે છે કે ચાલતા ચાલતા તમે મોબાઈલ ઉપર વાત કરો, આ મોબાઈલની જે શોધ થઈ એ આપણા ફાયદા માટે છે કે આપણને નુકશાન કરવા માટે છે એ કોઈ સુવિધા છે કે કોઈ તકલીફ આપવા માટેનું સાધન છે, એ ખબર પડતી નથી, જે વ્યકિત આપણને મોબાઈલ કરે છે એ જોતાં જ નથી કે આ મોબાઈલ રિસિવ

કરનાર કઈ પરિસ્થિતિમાં છે. થોડાક વર્ષો પહેલાં હું સચિવાલયમાં મારું કામ પતાવતા પગથિયા ઉતરી રહ્યો હતો, મારા મોબાઈલ પર કોઈની રીંગ વાગી, મેં મોબાઈલ પર વાત કરવાનું શરૂ કર્યુ, એક બે પગથિયા ચૂકી ગયો, મારા પગે ફ્રેક્ચર થયું, એના લીધે મને માનસિક, આર્થિક અને શારીરિક તકલીફ સહન કરવી પડી છે, હમણાં એકાદ બે મહિના પહેલાં આપણા સરકારના એક મુખ્ય ઈજનેરશ્રીને પણ આ જ રીતે એ મોબાઈલ પર વાત કરતા હતા અને પગથિયા ઉપર ઉતરતા હતા એમને પણ ફ્રેકચર થયેલું. આ જે જાહેરાતો આવે છે એ જાહેરાતના લીધે, એમાંથી આપણને ફાયદો થવાના બદલે નુકશાન થવાની ઘણી બધી શકયતાઓ રહે છે તો આવી ગેરમાર્ગે દોરતી ફરિયાદો સામે કોઈ પગલાં લેવાય તે માટે માનનીય સભ્યશ્રી જે વિધેયક લાવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્ય શ્રી શંકરભાઈ ચૌધરી ગુજરાત જાહેર ખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) નુ બિલ લાવ્યા છે, ૨૦૦૯નું એમાં જે વિધેયક લઈને આવ્યા છે, એ વિધેયકની ચર્ચામાં ઘણા મિત્રોએ પોતાના વિચારો રજૂ કર્યા, સરકારના મંત્રી તરીકે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શંકરભાઈએ જે આ બિલ રજૂ કર્યુ છે એ બહુ સારું બિલ છે એમાં કોઈ વાંધાજનક વિચારો નથી, આ પ્રોહિબિશન ઓફ ફોલ્સ અને મીસ રિપ્રેન્ઝેન્ટેશન બિલ એ બાબતમાં એક નવા વિચારો દાખલ કરવા એમણે પ્રયત્ન કર્યો છે. મારે સન્માનનીય ગૃહને ધ્યાન દોરવું છે કે ભારત સરકારના ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬માં ગ્રાહકોની રક્ષણ માટેની પૂરેપૂરી જોગવાઈ કરેલી છે અને એમાં ખોટી અને ગેરમાર્ગે દોરનારી જે જાહેરાતો છે એ ગેરવાજબી વેપાર નીતિ તરીકે એનો સમાવેશ કરેલો છે. કલમ-૨(૧) આર (૧)(૨) એ ગેરવાજબી વેપાર નીતિની કલમ છે. ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ એ ભારત સરકાર દ્વારા ગ્રાહક સુરક્ષા અધિનિયમોનો જે ગ્રાહકોના  રક્ષણ માટેની જોગવાઈ કરેલી છે અને તેમાં ખોટી અને ગેરમાર્ગે દોરનારી જાહેર ખબર બાબતોમાં અનફેર ટ્રેડ પ્રેકટીસ તરીકે એનો જે સમાવેશ થયેલો છે એમાં પ્રકરણ ૧ ના સેકશન - સી માં ફરિયાદની ખૂબ વિસ્તૃત વ્યાખ્યા પણ કરવામાં આવેલી છે, જેમાં અનફેર ટ્રેડ અંગે ફરિયાદ કરવાની જોગવાઈ પણ છે, આ બધી જે ફરિયાદો આવે છે અને જે સૂચનો મિત્રોએ કર્યા એના માટે રાજયમાં ૫૭ જેટલા ગ્રાહક સુરક્ષા મંડળો પણ રચેલા છે કે જે આ બધા ઉપર નજર રાખે છે, જિલ્લામાં પંદર માહિતી કેન્દ્રો બનાવ્યા છે, ૨૫૦ કન્ઝયુમર ક્લબોની રચના કરવામાં આવેલી છે, આ બધી જ કામગીરી કર્યા પછી જે અનફેર ટ્રેડ પ્રેકટીસની અંદર જે કોઈ પકડાય છે એના માટે જિલ્લા કક્ષાએ ગ્રાહક તકરાર ફોરમની પણ રચના છે, એવી ૩૧ ફોરમોની રચના કરેલી છે, રાજય સરકારે ગ્રાહક તકરાર નિવારણ કમિશનની રચના કરેલી છે. રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ કમિશન રાષ્ટ્ર કક્ષાએ પણ છે. આવી મોટી ખોટી જાહેરાતો દ્વારા છેતરાય કે કોઈ શોષાય તો ખોટી જાહેરાતો આપનારા માટે કાનૂની ઝડપી ન્યાય માટે અરજી અને દાદ માગી શકાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આના માટે પ્રોવિઝનો છે કોઈને પણ આવનારા જે કેન્દ્રો બનાવ્યાં છે અથવા તો અમારા જે શેટઅપ ગોઠવ્યાં છે તેમાં પકડાય અગર તો ઘણાં બધાં ગ્રાહકોની અને ગ્રાહકો ન હોય એવા નાગરિકોની મદદ લઈને અમે તેના માટેનું આયોજન કરેલું છે. તેના માટે જે જોગવાઈ છે કમિશન છે, રાજય કમિશન તે ૨૦ લાખ રૂપિયાથી એક કરોડ રૂપિયાનું તેનું નુકસાન થતું હોય તો તેનો ઉકેલ કરવા માટે competent authority છે. જિલ્લા તકરાર કમિશન છે એ ૨૦ લાખ રૂપિયા સુધીની ગ્રાહકની ફરિયાદ હોય, અને તેનું નુકસાન કર્યુ હોય તો તેનો ઉકેલ કરવા માટે સક્ષમ છે. કલમ ૧૪ હેઠળ કેસ ચલાવવાની સત્તા તેમની પાસે છે. અને કલમ-૧૩ હેઠળ તેને સત્તા છે એના ઉપર હુકમો કરવાની. માનનીય અધ્યક્ષશ્રી, ખરી બાબત ત્યાં છે કે આ જે કમિશનના જે હુકમો છે અગર ફોરમના જે હુકમો છે તે હુકમનું જો કોઈ પાલન ના કરે તો કસૂરદાર જે કોઈ હોય, કોઈ પણ કસૂરદાર હોય જેને અમારા ભાઈશ્રી શંકરભાઈએ અને અન્ય મિત્રોએ વર્ણન કર્યુ તેમાં એ કસૂરદાર ઠરે તો એક મહિના કરતાં ઓછી નહીં અને ત્રણ

વર્ષ સુધીની કેદની સજા અમારા આ ગ્રાહક સુરક્ષા ધારામાં છે એટલે તેનું પ્રોવિઝન તેમણે જે ચિંતા વ્યક્ત કરી છે તેનો સમાવેશ પણ ગ્રાહક સુરક્ષા અધિનિયમમાં આવી જાય છે. એને બે હજારથી ઓછો દંડ નહીં અને દસ હજાર રૂપિયા સુધીનો દંડ પણ તેની સાથે કરી શકાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ગ્રાહક સુરક્ષાની પ્રવૃત્તિને વેગ મળે તે માટે વ્યવસ્થિત તંત્ર તો ગોઠવી રાખેલું છે. સાથે સાથે ઘણાં બધા જે છેતરપિંડી કરનારા લોકો છે તેના માટે નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહક બાબતોની કચેરી પણ અમે ચલાવીએ છીએ. જિલ્લા કક્ષાએ જિલ્લા પુરવઠા અધિકારીને ગ્રાહક જિલ્લા ગ્રાહક સુરક્ષા અધિકારી તરીકે તેને અધિકાર આપ્યા છે. તાલુકા કક્ષાએ મામલતદાર અને પુરવઠા નિરીક્ષક ગ્રાહક સુરક્ષા અધિકારી તરીકે તેને સત્તા આપી છે. જેના દ્વારા ગ્રાહકોના હિતો સચવાય એવા સુરક્ષાના કામો કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય ફોજદારી ધારાની વિવિધ કલમોમાં ઠગાઈ અંગેની પણ વિવિધ જોગવાઈ કરીને ગ્રાહકને થતી છેતરપિંડી નિવારવા ગ્રાહકની સુરક્ષાને લગતી અસરકારક જોગવાઈઓ પણ છે. હમણાં મારા મિત્ર કહેતા હતા ૪૧૫ અને ૪૧૬ કલમ છે. કોઈ પણ વ્યકિત અન્ય વ્યકિતને છેતરીને તેને કોઈ મિલકત આપી દેવા અથવા કોઈ મિલકત કોઈની પાસે રહેવા દેવાની સંમતિ આપવા કપટપૂર્વક અથવા અપ્રમાણિક પણે લલચાવીને છેતરવાનો પ્રયત્ન કરે તો તેને ઠગાઈ કહેવાય. જાણી બૂઝીને એક વ્યકિતના નામે બીજી વ્યકિતને મૂકીને અથવા પોતે અથવા બીજી વ્યકિતને ખરેખર હોય તે કરતાં જુદી વ્યકિત છે તેવી રજૂઆત કરીને તે વ્યકિતને ઠગાઈ કરે તો તેને પણ ઠગાઈ કહેવામાં આવે છે. કલમ ૪૧૭માં આ માટે એક વર્ષ સુધીની કેદ કે દંડ અથવા તે બન્ને કરવાની જોગવાઈ પણ છે. માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૪૧૮માં પણ પ્રોવિઝન એવું છે કે આવી ઠગાઈ જાણી બુઝીને કરવામાં આવે તો ત્રણ વર્ષના કેદની સજા પણ કરવામાં આવે છે. કલમ ૪૮૧માં ખોટું સંપત્તિચિન્હ્ વાપરતાં હોય અને હમણાં જે કહ્યું ચેનલો ઉપર અગર તો અન્ય જગ્યાએ જે જાહેરાતો કરે છે તેમાં ખોખા કે પૅકીંગ ઉપર ખોટા ચિહ્ન વાપરતો હોય તો તેને પણ દંડની જોગવાઈ છે. રાજય દ્વારા ગ્રાહક સુરક્ષાના મંડળોની રચના છે, કન્ઝયુમર ક્લબોની રચના છે, કન્ઝયુમર હેલ્થ લાઈનો છે જેના થકી ગ્રાહકોને પૂરેપૂરું માર્ગદર્શન આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શંકરભાઈ જે કેટલાક અંશે તેમની વાતો યોગ્ય છે. ગ્રાહક સુરક્ષામાં ભારતીય ફોજદારી ધારો ૧૯૬૦માં ગ્રાહક સુરક્ષાને ગ્રાહકોને થતી છેતરપિંડી રોકવા અંગે ફરજિયાત તેમજ અસરકારક કાયદાકીય જોગવાઈઓ અમલમાં છે. કાયદાકીય રીતે પૂરતી અસરકારક જોગવાઈઓ અમલમાં હોય ત્યારે તેને સમાંતર બીજું સૂચિત વિધેયક લાવવાથી રાજયને કેન્દ્રના સુસંગત અન્ય કાયદાની જોગવાઈઓ તથા તેના અમલ સામે વિરોધાભાસ ઉભો થઈ શકે. તે વાત સાચી છે કે ગ્રાહકોનું હિત સચવાય તે ખૂબ જરૂરી છે. જેથી તેની કાયદાની અમલ વારી કડક હાથે કામ લેવું જોઈએ અને અમે તેમને ખાતરી આપીએ છીએ કે તેમણે જે ચિંતાઓ વ્યક્ત કરી છે તેમાં જે કંઈ સુધારા વધારા કરવાના જરૂરી છે તેમાં અમે મોડીફીકેશન કરીશું. અને કેવી રીતે એનું વહીવટી તંત્ર સુદ્રઢ બનાવવું એ અમારું લક્ષ્ય રહેશે. એટલા માટે શ્રી શંકરભાઈ જે સૂચિત બિન સરકારી વિધેયક લાવ્યા છે, જયારે આપણી પાસે ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ છે, ત્યારે અને જયારે આ બન્ને વિચારો મળતા આવે છે અને આ ધારો એને અનુકૂળ છે અને વધારે સુસંગત કરવા માટેના સંશોધનો કરવામાં આવશે અને વહીવટી તંત્રનો સુધારો જયાં જરૂરી હશે ત્યાં મોડિફિકેશન કરીશું અને એટલા માટે માનનીય શંકરભાઈને હું વિનંતી કરું છું, કે જયારે ગ્રાહક સુરક્ષા ધારો અમલમાં છે અને આના માટે સરકાર કટિબદ્ધ છે ત્યારે આ વિધેયકને પાછું ખેંચવા માટે મારી વિનંતી છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિધેયક પર આ વિધાનસભા ગૃહના સન્માનનીય સભ્ય માનનીય શ્રી અર્જુનભાઈ, માનનીય શ્રી લીલાધરભાઈ, માનનીય શ્રી નાનુભાઈ વાનાણી, માનનીય શ્રી દિલીપસિંહજી. એમણે આ બિલના હાર્દ સાથે પોતાની સંવેદના વ્યકત કરી અને સહમત થયા. એમનો હદયપૂવર્ક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પણ આ બિલને અને એની વાતને પોઝિટિવ લઈને આ સમસ્યાનો ઉકેલ કરવા માટે એમણે કહ્યું કે જરૂર પડયે જયાં સુધારા વધારા કરવા હોય સંશોધન કરવું હોય તો પણ અમે કરીશું એ પ્રમાણેની જયારે વિધાનસભા ગૃહમાં ખાતરી આપી છે, હું એમનો પણ આભારી છું. સાથે સાથે મારે એક વાત માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર મૂકવી હતી. આ અપેક્ષા હતી મારી, કે વ્યકિત, માણસ માટે તો કરીએ છીએ, પણ પશુ માટે, પશુનુ જે દાણ બનતું હોય છે, એ રાજયની અંદર બહુ મોટા પ્રમાણમાં એની ફેકટરીઓ હોય છે. એ કેટલીક પ્રાઈવેટ પણ છે, કેટલીક સહકારી ધોરણે પણ ચાલે છે. એ દાણ બનાવવાની અંદર દાણમાં કેટલું કન્ટેઈન છે, કઈ કઈ વસ્તુ છે, એ એના તૈયાર કરેલા પેકીંગ ઉપર લગાવવામાં કેટલીક જગ્યાએ નથી આવતું. નંબર બે. જો લગાવવામાં આવેલું છે, તો એ પ્રમાણેનો જથ્થો અંદર છે કે કેમ, એની લેબોરેટરી જે જોઈએ એ સરકારી લેબોરેટરી હોય એને માન્યતા આપવામાં આપવી જોઈએ, નહીંતર જે પ્રોડકશન બનાવે છે, એ જ ફેકટરીની જો લેબોરેટરી હોય તો જોઈએ છે એ પ્રમાણે એની યોગ્યતા જળવાઈ શકે નહીં. માનનીય મંત્રીશ્રીને મારી આ એક વિનંતી હતી અને એક અપેક્ષા હતી કે રાજય સરકારની કોઈ લેબોરેટરીના માધ્યમથી ગ્રાહક પોતે એને ચેક કરી શકે કે આ યોગ્ય ગુણવત્તાવાળી વસ્તુ છે કે નહીં. આ અપેક્ષા સાથે માનનીય મંત્રીશ્રીની વાત અને આ સરકારની જે સંવેદના છે. આ સંવેદનશીલ સરકાર ઉપર વિશ્વાસ રાખીને આ બિલને પરત ખેંચવા માટે હું મંજૂરી માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૨૦, સન ૨૦૦૯નું ગુજરાત જાહેર ખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) વિધેયકને પાછું ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક પાછું ખેંચી લેવામાં આવે છે. સભાગૃહ પૂરું થયા પછી સાડા પાંચ વાગે જે પ્રોગ્રામ હતો તેમાં થોડોક ફેરફાર છે. જે તરત જ શરૂ થશે. **"આંતરિક શકિતઓ અને સુરક્ષાની અનુભૂતિ"** એ વિષય ઉપર આદરણીય શિવાનીબેનનું પ્રવચન છે, આપણા શાસક પક્ષના ખંડમાં રાખેલ છે, જેમાં સૌ ધારાસભ્યશ્રીઓને હાજર રહેવા વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૦૯ કલાકે પૂરું થતા સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૧૯મી માર્ચ, ૨૦૧૦ના રોજ સવારના ૮-૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૦**
**ફાલ્ગુન ૨૮, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## સાબરકાંઠા જિલ્લાના સરકારી દવાખાનામાં મહેકમ

***૧૫૮૬૬ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના સરકારી દવાખાનાઓમાં વર્ગ.૧ અને વર્ગ.૨ના કેટલા ડોકટરોની જગ્યાઓ તાલુકાવાર મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ તાલુકાવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૪) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી**

પ્રશ્ન પેટા ખંડ-(૧), પેટા ખંડ-(૨) અને પેટા ખંડ-(૩) ની માહિતી પત્રક-અ માં સામેલ છે

**પત્રક-અ**

| અ.નં. | તાલુકાનું નામ | સ્થળનું નામ | | વર્ગ-૧ | | | | તબીબી અધિકારી વર્ગ-૨ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર | ભરેલી | ખાલી | તારીખ | મંજૂર | ભરેલી | ખાલી | તારીખ |
| | | | | | | | | | | | |
| ૧ | | જનરલ હોસ્પિટલ | હિંમતનગર | ૧૫ | ૧૧ | ૪ | ૩૧-૧૦-૦૫<br>૩૧-૦૬-૦૬<br>૦૧-૦૫-૯૯<br>૨૦-૦૨-૦૯ | ૧૬ | ૧૬ | ૦ | |
| ૨ | | સા.આ.કે. | રૂપાલ | ૦ | ૦ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| ૩ | | સા.આ.કે. | ગાંભોઈ | ૧ | ૦ | ૧ | ૯-૧૯-૨૦૦૮ | ૨ | ૨ | ૦ | |
| ૪ | | પ્રા.આ.કે. | હડીયોલ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૫ | | પ્રા.આ.કે. | વિરાવાડા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૬ | **હિંમતનગર** | પ્રા.આ.કે. | દેસાસણ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૭ | | પ્રા.આ.કે. | ચાંદરણી | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| | | | **કુલ-૧** | **૧૬** | **૧૧** | **૫** | | **૨૪** | **૨૪** | **૦** | |
| | | **પાના નં. ૧ નુ કુલ** | | **૧૬** | **૧૧** | **૫** | | **૨૪** | **૨૪** | **૦** | |
| ૮ | | પ્રા.આ.કે. | ઈલોલ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૯ | | પ્રા.આ.કે. | જામળા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૦ | | આયુવેદીક દવાખાના | ખેડ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૧ | **હિંમતનગર** | આયુવેદીક દવાખાના | રાયગઢ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૨ | | આયુવેદીક દવાખાના | બાખોર | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૩ | | આયુવેદીક દવાખાના | સાચોદર | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૪ | | આયુવેદીક દવાખાના | કાણીયોલ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૫ | | આયુવેદીક દવાખાના | ખેડાવાડા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૬ | | સા.આ.કે. | મેઢાસણ | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| ૧૭ | | પ્રા.આ.કે. | મોડાસા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૮ | | પ્રા.આ.કે. | લીંભોઈ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૯ | | પ્રા.આ.કે. | શીણાવાડ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૨૦ | | પ્રા.આ.કે. | સરડોઈ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૨૧ | **મોડાસા** | પ્રા.આ.કે. | ટીંટોઈ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૨૨ | | સ.દવાખાનુ | મહાદેવગ્રામ | ૦ | ૦ | ૦ | | ૧ | ૦ | ૧ | ૬-૨૯-૨૦૦૯ |
| ૨૩ | | સ.દવાખાનુ | બાયલઢોખરોલ | ૦ | ૦ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧-૨૨-૨૦૧૦ |
| ૨૪ | | આયુવેદીક દવાખાના | બોલુન્દ્રા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૨૫ | | આયુવેદીક દવાખાના | ગઢા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૨૬ | | સા.આ.કે. | ધનસુરા | ૧ | ૧ | ૦ | | ૩ | ૩ | ૦ | |
| ૨૭ | | પ્રા.આ.કે. | વડાગામ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૨૮ | | પ્રા.આ.કે. | આકરૂન્દ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૨૯ | **ધનસુરા** | સ.દવાખાનુ | શીકા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૩૦ | | આયુવેદીક દવાખાના | દલપુર | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૩૧ | | આયુવેદીક દવાખાના | બારનોલી | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૩૨ | | આયુવેદીક દવાખાના | કેનપુરકંપા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |

| અ.નં. | તાલુકાનું નામ | સ્થળનું નામ | | વર્ગ-૧ | | | | તબીબી અધિકારી વર્ગ-૨ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર | ભરેલી | ખાલી | તારીખ | મંજૂર | ભરેલી | ખાલી | તારીખ |
| ૩૩ | | સા.આ.કે. | આમોદરા | ૦ | ૦ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| ૩૪ | | સા.આ.કે. | જીતપુર | ૧ | ૦ | ૧ | ૬-૮-૨૦૦૯ | ૩ | ૩ | ૦ | |
| ૩૫ | | સા.આ.કે. | બાયડ | ૦ | ૦ | ૦ | | ૩ | ૩ | ૦ | |
| ૩૬ | | પ્રા.આ.કે. | આંબલીયારા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૩૭ | | પ્રા.આ.કે. | ગાબટ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૩૮ | બાયડ | પ્રા.આ.કે. | ચોઈલા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૩૯ | | પ્રા.આ.કે. | સાઠંબા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૪૦ | | પ્રા.આ.કે. | ડેમાઈ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૪૧ | | આયુવેદીક દવાખાના | દેરોલી | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૪૨ | | આયુવેદીક દવાખાના | ઉટરળા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૪૩ | | સા.આ.કે. | તખતગઢ | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| ૪૪ | | સા.આ.કે. | પ્રાંતિજ | ૧ | ૦ | ૧ | ૧૦-૩૧-૨૦૦૯ | ૩ | ૩ | ૦ | |
| ૪૫ | | પ્રા.આ.કે. | મોયદ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૪૬ | | પ્રા.આ.કે. | મજરા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૪૭ | પ્રાંતિજ | પ્રા.આ.કે. | પોગલુ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૪૮ | | સ.દવાખાનુ | ફતેપુર | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૪૯ | | આયુવેદીક દવાખાના | સોનાસણ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૫૦ | | આયુવેદીક દવાખાના | ક્રોલ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૫૧ | | આયુવેદીક દવાખાના | બોભા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| | | | **કુલ-૨** | **૨૧** | **૧૪** | **૭** | | **૭૯** | **૭૭** | **૨** | |
| | | | **પાના નં. ૨ નુ કુલ** | **૨૧** | **૧૪** | **૭** | | **૭૯** | **૭૭** | **૨** | |
| ૫૨ | | સા.આ.કે. | મેઘરજ | ૧ | ૦ | ૧ | ૨-૧૫-૨૦૦૨ | ૨ | ૨ | ૦ | |
| ૫૩ | | પ્રા.આ.કે. | રામગઢી | ૦ | ૦ | ૦ | | ૧ | ૦ | ૧ | ૮-૧-૨૦૦૮ |
| ૫૪ | | પ્રા.આ.કે. | ઈસરી | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૫૫ | | પ્રા.આ.કે. | શણગાલ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૫૬ | | પ્રા.આ.કે. | પટેલ ઢુંઢા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૫૭ | મેઘરજ | પ્રા.આ.કે. | ક્સાણા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૫૮ | | આયુવેદીક દવાખાના | કાલીયાકુવા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૫૯ | | આયુવેદીક દવાખાના | લીબોદરા | ૦ | ૦ | ૦ | | ૧ | ૦ | ૧ | ૫-૧૨-૨૦૦૯ |
| ૬૦ | | આયુવેદીક દવાખાના | પીપલોડા | ૦ | ૦ | ૦ | | ૧ | ૦ | ૧ | ૭-૧-૨૦૦૮ |
| ૬૧ | | આયુવેદીક દવાખાના | પંચાલ | ૦ | ૦ | ૦ | | ૧ | ૦ | ૧ | ૫-૧-૨૦૦૯ |
| ૬૨ | | સા.આ.કે. | ખેડબ્રહ્મા | ૩ | ૧ | ૨ | ૧૭-૪-૦૭<br>૩-૧૦-૯૮ | ૩ | ૩ | ૦ | |
| ૬૩ | | સા.આ.કે. | પોશીના | ૧ | ૦ | ૧ | ૧૧-૧૨-૨૦૦૧ | ૨ | ૨ | ૦ | |
| ૬૪ | | પ્રા.આ.કે. | દેરોલ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૬૫ | | પ્રા.આ.કે. | મટોડા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૬૬ | | પ્રા.આ.કે. | ઉંચી ધનાલ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૬૭ | ખેડબ્રહ્મા | પ્રા.આ.કે. | દંત્રાલ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૬૮ | | પ્રા.આ.કે. | ખેરોજ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૬૯ | | પ્રા.આ.કે. | લાંબડીયા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૭૦ | | પ્રા.આ.કે. | દેલવાડા | ૦ | ૦ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧૨-૩૧-૨૦૦૯ |
| ૭૧ | | આયુવેદીક દવાખાના | આગીયા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૭૨ | | આયુવેદીક દવાખાના | સેબલીયા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૭૩ | | સા.આ.કે. | શામળાજી | ૩ | ૦ | ૩ | **ટ્રસ્ટમાં** | ૩ | ૩ | ૦ | |
| ૭૪ | | સા.આ.કે. | ભિલોડા | ૫ | ૩ | ૨ | ૧૬-૧-૦૯<br>૨-૪-૯૯ | ૪ | ૪ | ૦ | |
| ૭૫ | | પ્રા.આ.કે. | ખેરાડી | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૭૬ | | પ્રા.આ.કે. | મુનાઈ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૭૭ | | પ્રા.આ.કે. | લુસડીયા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૭૮ | | પ્રા.આ.કે. | ટોરડા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૭૯ | | પ્રા.આ.કે. | બામણા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૮૦ | ભિલોડા | પ્રા.આ.કે. | વાંકાનેર | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૮૧ | | પ્રા.આ.કે. | કીશનગઢ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૮૨ | | પ્રા.આ.કે. | જાબચીતરીયા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૮૩ | | પ્રા.આ.કે. | ચોરીમાલા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૮૪ | | આયુવેદીક દવાખાના | પાલા | ૦ | ૦ | ૦ | | ૧ | ૦ | ૧ | ૨-૨૮-૨૦૧૦ |
| ૮૫ | | આયુવેદીક દવાખાના | રંગપુર | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૮૬ | | આયુવેદીક દવાખાના | રામનગર | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૮૭ | | આયુવેદીક દવાખાના | ટાંકાટુકા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૮૮ | | આયુવેદીક દવાખાના | જેસીંગપુર | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |

| અ.નં. | તાલુકાનું નામ | સ્થળનું નામ | | વર્ગ-૧ | | | | તબીબી અધિકારી વર્ગ-૨ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર | ભરેલી | ખાલી | તારીખ | મંજૂર | ભરેલી | ખાલી | તારીખ |
| ૮૯ | વિજયનગર | સા.આ.કે. | વિજયનગર | ૧ | ૦ | ૧ | ૩-૧-૨૦૦૬ | ૨ | ૨ | ૦ | |
| ૯૦ | | પ્રા.આ.કે. | કોડીયાવાડા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૯૧ | | પ્રા.આ.કે. | સરસવ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૯૨ | | પ્રા.આ.કે. | આંતરસુંબા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૯૩ | | પ્રા.આ.કે. | ચિઠોડા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૯૪ | | આયુવેદીક દવાખાના | કણાદર | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૯૫ | | આયુવેદીક દવાખાના | પાલ | ૦ | ૦ | ૦ | | ૧ | ૦ | ૧ | ૫-૧૨-૨૦૦૯ |
| | | | કુલ-૩ | ૩૫ | ૧૮ | ૧૭ | | ૧૩૩ | ૧૨૪ | ૯ | |
| | | પાના નં. ૩ નુ કુલ | | ૩૫ | ૧૮ | ૧૭ | | ૧૩૩ | ૧૨૪ | ૯ | |
| ૯૬ | તલોદ | સા.આ.કે. | તલોદ | ૨ | ૨ | ૦ | | ૩ | ૨ | ૧ | ૨-૨૦-૨૦૧૦ |
| ૯૭ | | પ્રા.આ.કે. | પુંસરી | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૯૮ | | પ્રા.આ.કે. | આંત્રોલી | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૯૯ | | પ્રા.આ.કે. | ખેરોલ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૦૦ | | પ્રા.આ.કે. | અણીયોડ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૦૧ | | આયુવેદીક દવાખાના | સલાટપુર | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૦૨ | | આયુવેદીક દવાખાના | વલીયમપુરા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૦૩ | | આયુવેદીક દવાખાના | સાતપુર | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૦૪ | | આયુવેદીક દવાખાના | મોહનપુર | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૦૫ | ઈડર | સા.આ.કે. | ઈડર | ૫ | ૨ | ૩ | ૧-૮-૦૪ થી બે જગ્યા ખાલી છે. અને તા.૧-૧૧-૦૮ થી ૧ જગ્યા ખાલી છે. | ૩ | ૨ | ૧ | ૧૨-૩૧-૨૦૦૯ |
| ૧૦૬ | | સા.આ.કે. | ચોરીવાડ | ૧ | ૦ | ૧ | ૫-૨-૧૯૯૨ | ૨ | ૨ | ૦ | |
| ૧૦૭ | | પ્રા.આ.કે. | જસવંતગઢ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૦૮ | | પ્રા.આ.કે. | દાવડ | ૦ | ૦ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧-૪-૨૦૧૦ |
| ૧૦૯ | | પ્રા.આ.કે. | કડીયાદરા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૧૦ | | પ્રા.આ.કે. | નવા રેવાસ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૧૧ | | પ્રા.આ.કે. | મુડેટી | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૧૨ | | પ્રા.આ.કે. | ચિત્રોડી | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૧૩ | | પ્રા.આ.કે. | વેરાબર | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૧૪ | | સ.દવાખાનુ | બડોલી | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૧૫ | | સ.દવાખાનુ | વિરપુર | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૧૬ | | આયુવેદીક દવાખાના | મણીયોર | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૧૭ | | આયુવેદીક દવાખાના | ચાંડક | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૧૮ | | આયુવેદીક દવાખાના | પ્રાતપપુરા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૧૯ | | આયુવેદીક દવાખાના | મોટાકોટડા | ૦ | ૦ | ૦ | | ૧ | ૦ | ૧ | ૮-૧-૨૦૦૯ |
| ૧૨૦ | | આયુવેદીક દવાખાના | પોશીના | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૨૧ | | આયુવેદીક દવાખાના | ઉમેદગઢ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૨૨ | | આયુવેદીક દવાખાના | ગોરલ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૨૩ | વડાલી | સા.આ.કે. | વડાલી | ૧ | ૦ | ૧ | ૨-૫-૨૦૦૯ | ૩ | ૩ | ૦ | |
| ૧૨૪ | | પ્રા.આ.કે. | થેરાસણા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૨૫ | | પ્રા.આ.કે. | ડોભાડા | ૦ | ૦ | ૦ | | ૧ | ૦ | ૧ | ૬-૨૨-૨૦૦૪ |
| ૧૨૬ | | આયુવેદીક દવાખાના | વડાલી | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૨૭ | | આયુવેદીક દવાખાના | વાઠોળ | ૦ | ૦ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧-૨૮-૨૦૧૦ |
| ૧૨૮ | માલપુર | સા.આ.કે. | માલપુર | ૧ | ૧ | ૦ | | ૩ | ૩ | ૦ | |
| ૧૨૯ | | પ્રા.આ.કે. | જીતપુર | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૩૦ | | પ્રા.આ.કે. | સાતરડા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૩૧ | | આયુવેદીક દવાખાના | ઉભરાણ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૩૨ | | આયુવેદીક દવાખાના | કનેરા | ૦ | ૦ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૩૩ | | આયુવેદીક દવાખાના | રંભોડા | ૦ | ૦ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧૦-૧૯-૨૦૦૬ |
| | | | કુલ સરવાળો : | ૪૫ | ૨૩ | ૨૨ | | ૧૮૦ | ૧૬૪ | ૧૬ | |

(૪) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પ્રશ્ન પૂછયો છે તે મારા મત વિસ્તારનો પ્રશ્ન પૂછયો છે. હું એ કહેવા માગુ છું કે, સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા તાલુકામાં પોશીનામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે. ત્યાં છેલ્લાં ઘણાં વર્ષથી વર્ગ-૧ની ખાલી જગ્યા છે અને વર્ગ-૨ની જે જગ્યાઓ છે તે છેલ્લા બે મહિનાથી

પૂરવામાં આવી છે. આ સામૂહિક આરોગ્ય કેન્દ્ર હોય કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોય તેની અંદર ગરીબ માણસો તેનો લાભ લેતાં હોય છે. અને પોશીના, ૧૦૮ની સેવા હોય તે ખેડબ્રહ્મા ખાતે ૧૦૮ની સેવા હોય આ પોશીના ખેડબ્રહ્માથી ૫૦ કિલોમીટર દૂર આવેલું છે ત્યારે આ જગ્યાઓ ખાલી રાખવાનું કારણ શું છે ?

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન એ છે કે, દેલવાડા કરીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે. ત્યાં તો ડોકટર એમ.બી.બી.એસ.ની જગ્યાઓ કયારેય પૂરવામાં આવી જ નથી. તો આ જગ્યાઓ નહીં ભરવાનું કારણ શું ? આ જે જગ્યાઓ બતાવવામાં આવી છે તે ખેડબ્રહ્માની અંદર બતાવવામાં આવી છે તે દેરોલ, મટોડા, દંત્રાલ તે એમ.બી.બી.એસ. ડોકટરોથી ભરવામાં આવી છે કે આયુર્વેદિક ડોકટરથી ભરવામાં આવી છે તે માનનીય મંત્રીશ્રી જણાવે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની પોતાના જિલ્લા માટેની ચિંતા સકારણ છે. તબીબી નિષ્ણાતોની તંગી તે ગુજરાત માટે ઐતિહાસિક પ્રશ્ન હતો અને મને આ સન્માનનીય ગૃહને જણાવતાં આનંદ થાય છે કે અમે તે પ્રશ્નને શકય તેટલા અગ્રતાથી ઉકેલવાનો પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને હું આપના થકી કહેવા માગું છું કે, સાબરકાંઠા જિલ્લામાં વર્ગ-૧ અને વર્ગ-૨ની થઈને ૨૨૫ જગ્યાઓ છે. અને તે ૨૨૫ જગ્યાઓમાંથી વર્ગ-૧ની ૨૩ અને વર્ગ.૨ની ૧૬૪ તેમ મળીને ૧૮૭ જગ્યાઓ એટલે ૮૦ ટકા જગ્યાઓ ભરાયેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીને એ પણ કહેવું છે કે, છેલ્લાં બે વર્ષમાં વર્ગ-૨ની ૬૩ અને આયુષ.ની ૫૯ માનનીય સભ્યશ્રીની ચિંતા એમ.બી.બી.એસ.ડોકટર અને આયુર્વેદિક ડોકટર માટેની છે. હું પોતે આયુર્વેદનો પ્રશંસક અને સમર્થક છું. આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિ એ કોઈ રીતે ઉતરતી ચિકિત્સા પદ્ધતિ છે એવું આપણે ન કહી શકીએ. આમ છતાં વર્ગ-૨માં આયુષ. ડોકટરની ૫૯ જગ્યા અને ૬૩ જગ્યા એમ.બી.બી.એસ. એમ કરીને છેલ્લાં બે વર્ષમાં ૧૨૨ જગ્યા અને વર્ગ-૧ની ૬ જગ્યા એમ કરીને ૧૨૮ જગ્યાઓ ૨૨૫માંથી ૧૨૮ જગ્યાઓ એટલે લગભગ ૫૫ ટકા જગ્યાઓ તો છેલ્લાં બે વર્ષમાં ભરી છે. આ અમારા વિભાગની સાબરકાંઠા અને સમગ્ર ગુજરાત માટે જે કંઈ જગ્યાઓ ડોકટરોની ખાલી છે.

**અધ્યક્ષશ્રી** : સમગ્ર ગુજરાતમાં એન્ટર ના થતાં.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાબરકાંઠા જિલ્લાને લક્ષમાં લઈને કહું છું. એ માટેની અમારી પ્રતિબધ્ધતા દર્શાવે છે. માનનીય સભ્યશ્રીની એ ચિંતા પણ સકારણ છે કે પૂરતા નિષ્ણાત ડોકટરો મળતા નથી ત્યારે અમે સાબરકાંઠા જિલ્લામાં ચિરંજીવી યોજના અંતર્ગત ૪૮ ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાતોની સેવા લઈએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, સરખામણીની બાબત એ છે કે, કુલ વર્ગ-૧ની ૪૫ જગ્યા છે. જ્યારે ૪૮ સ્ત્રી રોગ નિષ્ણાતની અમે સેવા લઈએ છીએ, ૧૪ પિડિયાટ્રીશ્યનની સેવા લઈએ છીએ અને ૪૭ અન્ય પ્રકારની તજજ્ઞ સેવાઓ એટલે ૮ આંખના નિષ્ણાત, ૫ બાળરોગ નિષ્ણાત, ૧૫ સ્ત્રી રોગ નિષ્ણાત, ૧૦ ઓર્થોપેડિક અને ૯ સર્જન એટલે સાહેબ ૪૭ અને ૧૪, ૬૧ વત્તા ૪૮ એટલે ૧૦૯ જગ્યાઓ ૪૫ જગ્યાઓની સામે અન્ય નિષ્ણાતોની બહારથી સેવા લઈને એ કામગીરી કરીએ છીએ. એટલે જે તબીબી સેવાઓ છે, એના ઉપર કોઈ અવળી અસર થાય તેવી શકયતા નથી. એમ છતાંયે અમારા પ્રયત્નો રહેશે કે ડોકટરો ઉપલબ્ધ થયેથી, કેમ કે પૂરતા મેડિકલ ઈન્સ્ટિટયૂટ આપણે ત્યાં નહોતા, એટલે ડોકટરોની મુશ્કેલીનો મોટો પ્રશ્ન છે. પોસ્ટ ગ્રેજયુએટમાં ૫૦ ટકા ભારત સરકાર લઈ જાય છે, કવોટામાં, એટલે આ પ્રશ્ન મોટો છે. એમ છતાં વહેલામાં વહેલી તકે આ જગ્યાઓ ભરાય એવા પ્રયત્નો અમે કરીએ છીએ. છેલ્લો પ્રશ્ન એમનો ૧૦૮નો છે. ૧૦૮નું કોઈપણ ચોકકસ લોકેશન નથી. એનું લોકેશન એ રીતે નકકી કરવામાં આવે છે કે નિર્ધારિત સરેરાશ ૧૨ મિનિટના સમયમાં જયાંથી ૧૦૮ને એનો કોલ મળે, ત્યાંથી પહોંચી શકે, એ રીતે એનું નેટવર્ક અને ગ્રીડ ઉભી કરીને ૧૦૮ મૂકવામાં આવે છે. એટલે ખેડબ્રહ્મામાં મૂકવામાં આવે છે અને અન્યત્ર મૂકવામાં આવતા નથી એટલા માટે ૧૦૮ની સેવાઓને અસર પહોંચે છે એમ કહેવું એ મને લાગે છે કે હકીકતોનું સમર્થન એને પ્રાપ્ત નથી.

**ડૉ. અનિલ જોષીયારા** : ભીલોડા તાલુકાની તાલુકા મથકની હોસ્પિટલ છે, એમાં ૯૫ બેડની હોસ્પિટલ છે. છતાં પણ છેલ્લા ઘણા સમયથી ત્યાં મેડિકલ ઓફિસરની જગ્યા વધારવા માટે પ્રયત્નો ચાલુ છે, છતાં એમાં વધારો થતો નથી. મુશ્કેલી ત્યારે થાય છે, જયારે પોસ્ટમોર્ટમ અને ઈમરજન્સી હોય છે. એવા સમયે ડોકટરો ઉપલબ્ધ રહેતા નથી, કેમ કે એ તો પોતાની ૮ કલાકની ડયૂટી કરીને જતા રહે, એટલે ડોકટર અવેલેબલ હોતા નથી. આટલી મોટી હોસ્પિટલમાં ૫૦૦ જેટલી ઓ.પી.ડી. રહે છે અને ઈન્ડોરની વ્યવસ્થા હોવા છતાં અને આટલા બધા દર્દીઓ હોવા છતાં વર્ગ-૧ના ડોકટર ન મળી શકે તે સમજી શકાય તેમ છે, પણ વર્ગ-૨ના ડોકટરની જગ્યા મંજૂર કેમ કરવામાં આવતી નથી અને કયારે મંજૂર કરવા માગો છો?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય સભ્યશ્રી પોતે એક નિષ્ણાત ડોકટર છે. વર્ગ-૨ની જગ્યા પણ ભરવામાં આવતી નથી એવું નથી. મંજૂર કરવામાં વધારાની જગ્યા વિચારણામાં રહે છે, પહેલા જે જગ્યાઓ છે તે નથી ભરાતી એ પ્રશ્ન છે. અને ગુણવત્તા અનુસાર એ માટે પણ અમારું મન ખુલ્લું છે. પણ મૂળ વાત અત્યારે એ છે કે જે જગ્યાઓ છે, એ અત્યારે ભરાતી નથી. અને વર્ગ-૨ની જગ્યાઓ માટે અમે ૨૦૦૮માં ૬૫ નિમણૂક આપી અને હાજર થયા માત્ર ૧૮. ૨૦૦૯માં સુધારો થયો. ૨૦૦૯માં ૯૦ નિમણૂક આપી અને હાજર થયા ૪૫. બે જ વર્ષમાં

૬૩ એમ.બી.બી.એસ. ડોકટરની વધારાની ભરતી સાબરકાંઠા માટે કરી છે અને અમને જેમ જેમ ડોકટરોની ઉપલબ્ધિ થતી જશે એમ એમ જગ્યાઓ ભર્યા બાદ માનનીય સભ્યશ્રીની લાગણી છે એ પણ લક્ષમાં લઈને આગળની કાર્યવાહી અંગે વિચારણા કરવામાં આવશે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે, એમાં વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ ખાલી છે. લિસ્ટ જોઈએ તો વર્ગ-૧ની વધારે પડતી જગ્યાઓ ખાલી છે. વર્ગ-૧ની કુલ ૪૫ જગ્યાઓમાંથી ૨૩ જગ્યાઓ જ ભરાયેલી છે અને વર્ગ-૧ની ૨૨ ખાલી જગ્યાઓ છે. તાલુકા વાઈઝ લિસ્ટ જોઈએ તો ખેડબ્રહ્મા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ૩ મંજૂર થયેલ જગ્યાઓ સામે ૨ જગ્યા ખાલી છે. ભીલોડા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ૫ મંજૂર થયેલ જગ્યાઓ પૈકી એમાં ૨ ખાલી છે. એટલે ૩માંથી ૨ ખાલી હોય તો એવા સંજોગોમાં આ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં બહુ ગંભીર પરિસ્થિતિ ઉભી થાય એ સ્વાભાવિક રીતે સમજી શકાય તેમ છે. ૨૦૦૮માં કે ૨૦૦૯માં ખાલી પડેલ જગ્યા ખાલી રહી હોય તો કદાચ અમે સમજી શકીએ, કે ડયુ કોર્સમાં ખાલી પડેલી છે અને ખાલી છે. પરંતુ લિસ્ટમાં જે તારીખ આપવામાં આવી છે, કેટલીક જગ્યા તો ૧૯૯૮થી ખાલી છે. કેટલીક ૧૯૯૯થી ખાલી છે. કેટલીક જગ્યા ૨૦૦૦ની સાલથી ખાલી છે. ૧૦ વર્ષ કરતા વધારે સમયથી ખાલી છે, એ જગ્યાઓ તાત્કાલિક ભરવા માટે માનનીય મંત્રીશ્રી શું કરવા માગે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : તાત્કાલિક તો પોસ્ટ ગ્રેજયુએટ ડોકટરો, માનનીય સિદ્ધાર્થભાઈને આપના થકી હું ચોકકસ કહીશ કે જગ્યાઓ ખાલી છે એ વાત સાચી છે. લાંબા સમયથી ખાલી છે, એ વાત પણ સાચી છે. પોસ્ટ ગ્રેજયુએટ ડોકટરોની ઉપલબ્ધિ અત્યંત મર્યાદિત હતી, છતાં છેલ્લા એક વર્ષમાં અમે ૧૦૦ ટકા જેટલી સીટો વધારી છે. જેમ જેમ એ ફાલ આવતો જશે, એમ ડોકટરોની ઉપલબ્ધિ વધતી જશે.માનનીય અધ્યક્ષશ્રી, આ જગ્યાઓ ખાલી છે એના કારણે તબીબી સેવાઓને અસર થાય નહીં એટલા માટે અમે આ જે ૪૫ જગ્યાઓ ખાલી છે એમાંથી ૨૩ ભરાયેલ છે એટલે માનનીય સિધ્ધાર્થભાઈની એ વાત પણ સાચી છે કે રેગ્યુલર નિમણૂકમાં ૫૦ ટકા જગ્યા ખાલી છે અને એ જગ્યા ભરવા માટે અમે પ્રયત્નશીલ છીએ, પરંતુ છેલ્લા ૨ વર્ષમાં વર્ગ-૧ ની જગ્યા માટે ૬ ને નિમણૂક આપી છે એમાંથી ૩ જ હાજર થયા છે અને ૨૦૦૯ માં ૭ ને નિમણૂક આપી અને એમાંથી ૩ હાજર થયા છે. એટલે નિમણૂક આપીએ છીએ એમાંથી હાજર થવાનો રેશિયો ૫૦ ટકાનો જ છે. એટલે આ રીતે જગ્યા ભરાવાનો રેશિયો અત્યારસુધીમાં ૫૦ ટકા રહ્યો છે. અમારો પ્રયત્ન છે કે આ જગ્યાઓ જલદીથી ભરાય, પરંતુ ના ભરાય ત્યાંસુધી આ ૪૫ જગ્યાઓ સામે ૧૦૦ કરતાં વધારે અન્ય નિષ્ણાતોની વ્યવસ્થા ગોઠવીને આ ખોટ પૂરી કરવા માટેનો પ્રયત્ન કર્યો છે. હું એવું નથી કહેવા માગતો કે આ જગ્યાઓ ભરી નથી એની અવેજીમાં કામ ચલાવવાનું છે. We are very keen to fill up these posts as and when availability of P.G. Doctors becomes easy. અત્યારે પોસ્ટ ગ્રેજયુએટ ડોકટરોની ઉપલબ્ધિ સરળ નથી એના કારણે અમે અન્ય વ્યવસ્થાઓ થકી ૧૦૦ કરતાં વધારે નિષ્ણાત ડોકટરોની સેવાઓ સાબરકાંઠા જિલ્લામાં લઈએ છીએ.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે આ વર્ગ-૧ અને વર્ગ-૨ ના ડોકટરોની સમસ્યા એ સ્વાભાવિક છે કે આ ડોકટરો મળતા નથી, પરંતુ સી.એચ.સી. છે ત્યાં જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ રોગી કલ્યાણ સમિતિઓ છે અને આ રોગી કલ્યાણ સમિતિઓને સરકાર તરફથી ફંડ મળે છે. તો આ ફંડની જરૂરિયાતમંદ દર્દીઓને ખાનગી ડોકટરોની સેવા મળી રહે એ માટે આ ખાનગી ડોકટરોને આ રોગી કલ્યાણ સમિતિના ફંડમાંથી મહેનનતાણું ચૂકવવા માટે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી એ માટે અમારો અભિગમ હંમેશાં લિબરલ અને હકારાત્મક રહયો છે, પરંતુ હું કહીશ કે સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થય વીમા યોજના હેઠળ ૪૭ પ્રકારની તજજ્ઞોની સેવાઓનો લાભ પૂરો પાડવામાં આવે છે. એટલે જે સમાજનો નબળો વર્ગ છે એની ચિંતા સૌથી પહેલાં કરી છે. સક્ષમ વર્ગ તો ગમે ત્યાંથી સેવાઓ મેળવી લે છે, પરંતુ સમાજના નબળા વર્ગોને શોષાવું ના પડે એટલા માટે ચિરંજીવી અને બાલસખા યોજના હેઠળ બીજા ૬૨ તજજ્ઞ ડોકટરોની વ્યવસ્થા કરી છે. એટલા માટે રોગી કલ્યાણ સમિતિ થકી જ આ વ્યવસ્થા થઈ શકે. એટલા પૂરતી મર્યાદિત વાત ન રાખતાં આ વ્યવસ્થાનો પણ વધારેમાં વધારે લાભ લેવાય એ સૌ માનનીય સભ્યોને મારી પણ વિનંતી છે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ ૧૦૮ ની સેવા ૧૫ મિનિટમાં મળી જતી હોય છે, પરંતુ હું માનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે મારા ખેડબ્રહ્મા અને પોશીના વચ્ચે ૫૦ કિલોમિટરનું અંતર છે. તો ૫૦ કિલોમિટરના વચ્ચેના અંતરમાં ૧૫ મિનિટમાં આ ૧૦૮ ની સેવા મળી શકે તેમ નથી. તો પોશીના ખાતે આ ૧૦૮ ની સેવા શરૂ કરવા માગે છે કે કેમ?

મારો બીજો પ્રશ્ન એ છે કે દેલવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એકપણ ડોકટર નથી, દવાખાનું બંધ છે તો ત્યાં ડોકટર તાત્કાલિક મૂકવા માગે છે કે કેમ? અને ત્રીજો મારો પ્રશ્ન એ છે કે ટ્રાયબલ વિસ્તારમાં જે ડોકટરો સેવા કરવા માગે છે તેમને અમુક સમય ટ્રાયબલ વિસ્તારમાં જ સેવા કરે એ માટે કાયદામાં કોઈ જોગવાઈ કરીને કે એવી રીતે મૂકવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક વ્યકિતને પોતાનો અંગત અધિકાર પણ હોય છે અને એ રીતે કોઈને કોઈ ચોકકસ જગ્યાએ સેવા કરવા માટે ફરજ પાડી શકાતી નથી. એટલે સ્વાભાવિક રીતે જ એની

મર્યાદામાં રહીને જે કાંઈ થાય એ કરવા માટેનો પ્રયત્ન કરીશું.. જયાંસુધી આ ૧૦૮ ની સેવાનો સવાલ છે ત્યાં સુધી આ સન્માનનીય સભાગૃહમાં મેં અગાઉ પણ મારા વિભાગની માગણી વખતે કહયું છે કે ૫૦ વધારાની ૧૦૮ ની સેવાઓ ટ્રાયબલ વિસ્તારમાં અને જયાં પાંખી વસતિ છે, જયાં વસતિના ધોરણ પ્રમાણે અન્યારે ૧ાા લાખની વસતિએ એક ૧૦૮ ની સેવાનો લાભ મળે છે અને માનનીય સભ્યશ્રીએ કહયું એવા લાંબા અંતરના કિસ્સા હોય, સાંતલપુર કે કચ્છનો વિસ્તાર હોય કે સાબરકાંઠા જિલ્લાનો પોશીના જેવો વિસ્તાર હોય ત્યાં આ પ્રકારના પ્રશ્નો ઉદ્‌ભવે છે ત્યારે આ નવી ૧૦૮ ની સેવાઓની ફાળવણી ગુણવત્તાના આધારે. ચોકકસ ચકાસણી કરીશું અને આપના સૂચનને ધ્યાનમાં રાખીને જે કાંઈ મુશ્કેલી પડતી હશે એ આ નવી વ્યવસ્થામાં મુશ્કેલી દૂર થાય એ માટેનો સંગીન પ્રયત્ન કરીશું.

## ભાવનગર જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી

***૧૫૭૮૭ શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી,

(૨) આ માટે રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૩) તે માટે કેટલો ખર્ચ કર્યો?

**પ્રવાસન મંત્રીશ્રી:**

(૧) (૧) ભાવનગર જિલ્લામાં ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

**વર્ષ ૨૦૦૭-૦૮**

(૧) **ગોપનાથ :** પ્રવાસીઓને શુધ્ધ પીવાના પાણી માટેનો આરોપ્લાન, સોલાર લાઈટ નંગ-૧૦, પ્રવાસી નિવાસ સુવિધામાં વધારો, દરિયાકિનારે બેઠક વ્યવસ્થા, બાંકડાઓ, પેવીંગની કામગીરી.

(૨) **કતપર ભવાની બીચ :** ભવાની મંદિરથી મહુવા શહેરને જોડતા રસ્તાની કામગીરી, પ્રવાસી સુવિધા માટે વિસામા કુટીરની કામગીરી.

(૩) **હાથી બંગલો :** પ્રવાસી સુવિધાની આધુનિકરણ, સોલાર લાઈટ, પીવાના પાણી માટે આરોપ્લાન તથા ટોયલેટની કામગીરી.

(૪) **વિકટોરીયા પાર્ક ભાવનગર :** પાર્ક ખાતે ટ્રેકર્સ, વોકર્સ, નેચર કલબના બાળકો માટે પીવાનું પાણી, ટોયલેટ, બેઠક વ્યવસ્થાની કામગીરી.

(૫) **કાળીયાર રાષ્ટ્રીય ઉધાન :** વેરાવદર ખાતે સોલાર લાઈટ નંગ-૧૦, કાળીયાર માટે રેઈઝ પ્લેટફોર્મની કામગીરી.

(૬) **તખતેશ્વર મંદિર ભાવનગર :** ગ્રીલ, વનીકરણ, પત્થર, લાઈનીંગ, કલર કામની કામગીરી, મંદિર ખાતે સુશોભન માટે પ્રકાશ વ્યવસ્થા.

(૭) **પાલીતાણા :** શહેરમાં સાઈનેજીસની કામગીરી.

**વર્ષ ૨૦૦૮-૦૯**

**કુડા-કોડીયાક-હાથબ :** મોબાઈલ ટોયલેટ, બેરીકેટીંગ અને દોરડાઓ, મોબાઈલ વોચ ટાવર તથા હાઈમાસ્ટ ટાવરની કામગીરી.

**વર્ષ ૨૦૦૯-૧૦**

(૧) **કુડા-કોડીયાક-હાથબ :** કુડા-કોડીયાક-હાથબ ને વનકેડી, ગ્રીન ઝુંપડી, ગ્રીન હટમાં બેઠક, કાંટાની વાડ, સીટીંગ પ્લેસીસ નંગ-૧૦૦, હાઈમાસ્ટર, મોબાઈલ જનરેટર સેટ તથા માઈક સેટ, પાર્કીંગ સ્પોટ, દરિયાકિનારાનો એપ્રોચ રોડ, પાણી માટે સંપ, સબમર્શીબલ પંપ, ઓવરહેડ ટાંકી, પાણીની પરબો, પાણીની પાઈપલાઈન તથા કચરા પેટીની કામગીરી.

(૨) **બુધ્ધ ગુફાઓ તળાજા :** ગુફા ખાતે આવતા પ્રવાસીઓ માટે આંતરમાળખાકીય અને પ્રવાસી સુવિધાની કામગીરી. આ ઉપરાંત પ્રવાસન નિગમ દ્વારા પાલીતાણા તથા વેરાવદર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે સેપ્ટ સંસ્થા મારફતે કાર્યયોજના આધારીત અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. જે અનુસારની કામગીરી વિચારણા હેઠળ છે.

(૨) આ માટે રાજય સરકારે રૂા.૬૧૭.૨૦ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે.

(૩) તે માટે રૂપિયા ૬૫,૮૫,૪૧૦,૦૦ નો ખર્ચ થયેલ છે.

**શ્રીમતી ભાવનાબેન ૨ા. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૦૯-૧૦ની કામગીરી માટે રાજય સરકારે કેટલી રકમ ફાળવી છે અને કેટલો ખર્ચ થયો છે. બીજો પ્રશ્ન મારો એ છે કે વેળાવદરની યોજના હેઠળ કઈ કઈ બાબતોનો વિકાસ કરવાનું આયોજન છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : ૨૦૦૯-૧૦ને લાગે વળગે છે ત્યાં સુધી રાજય સરકારે વિવિધ કામો માટે જે રકમ ફાળવી છે એમાં નીચે મુજબના કામોનો સમાવેશ થાય છે. કુડા-કોડીયા-કાથક ને જોડતી વન કેડી, ગ્રીન ઝૂંપડી, ગ્રીન હટમાં બેઠક, કાંટાની વાડ, સીટીંગ પ્લેસીસ, વગેરે કામગીરી, પછી તળાજાની બુધ્ધ ગુફાઓમાં આંતરમાળખાકીય અને પંવાસન સુવિધારો પૂરી પાડવા માટેની કામગીરી જેના માટેનું આયોજન કરવામાં આવ્યું છે. અને આંતરમાળખાકીય સેવાઓ થકી આ બુધ્ધ ગુફાઓમાં બુધ્ધ સાઈટ તરીકે વિકાસાવવા અને તેને અપગ્રેડેશન કરવા માટેનું આયોજન છે. આ સમગ્ર કામગીરી માટે જે રકમ ફાળવવામાં આવી છે એમાંથી અત્યાર સુધી કોઈ ખર્ચ થયો નથી, કારણ કે ગ્રાન્ટની ફાળવણી તાજેતરમાં જ એટલે જાન્યુઆરી મહિનામાં કરવામાં આવી છે અને તેને કારણે ખર્ચ થયો નથી. વેળાવદરને લાગે વળગે છે ત્યાં સુધી ત્યાં આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાઓના વિકાસ માટે સેપ્ટ સંસ્થાએ ડિસેમ્બર ૨૦૦૮માં જે અહેવાલ તૈયાર કર્યો હતો તેના આધારે કાર્ય યોજના અમે બનાવી છે અને જેનો અંદાજીત ખર્ચ ૭૨૮.૪૭ લાખ આકારવામાં આવ્યો છે. અને તે કાગીરીમાં એપ્રોચ રુટનો વિકાસ, પ્રવાસન સુવિધા સાથે વિલેજ ચોકનો વિકાસ, હાલના મ્યુઝીયમમાં સુધારણા અને સામાન્ય પ્રવાસનની સુવિધા, કુદરતી સાધનો સાથે કાળીયારને જોવા માટેના પોઈન્ટનો વિકાસ, વન વિસ્તારના હાલના કેમ્પસમાં સુધારા વધારા, હયાત ટીકીટ કાઉન્ટરમાં સુધારા વધારા, હાલની પગદંડી સાથે યોગ્ય સાઈનેઝીશ, બારે માસ પાણી માટેની સુવિધા, વન વિસ્તારમાં હરવા ફરવા માટે બેટરીથી ચાલતા વાહનો અને બાહય વીજળીકરણ, પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થા વગેરેનું આયોજન કરવામમાં આવશે. આ ઉપરાંત ભાવનગર જિલ્લામાં આવેલ વન વિસ્તારમાં પ્રવાસન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે વન વિભાગ દ્વારા વેળાવદર ખાતે ૫૦ લાખના ખર્ચે કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે ભાવનગર જિલ્લામાં ૨૦૦૮-૦૯ના વર્ષમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું શું કામગીરી હાથ ધરવામાં આવી? અને મારો બીજો પ્રશ્ન એ છે કે મારા મત વિસ્તારમાં ત્રણ મહત્વના ધાર્મિક પ્રવાસન સ્થળો આવેલા છે, એક ગઢપુર કે જયાં સ્વામિનારાયણ ભગવાને એમની જિંદગીના મહત્વના વર્ષો ગાળેલા અને એમ કહયું હતું કે હું ગઢડાનો અને ગઢડું મારું, બીજું રાંદલમાના દડવા અને ત્રીજો ગંગા સતિ અને પાનબાઈનું સમઢીયાળા, આ ત્રણે સ્થળો મારા વિસ્તારમાં આવેલા છે તેનો પ્રવાસન સ્થળમાં સમાવેશ કરવા માટે મેં અગાઉ પણ રજૂઆત કરેલી છે તો તેને પ્રવાસન સ્થળોમાં સમાવેશ કરીને એ માટેની કોઈ યોજના હાથ ધરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯ માટેનો માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો તેના જવાબમાં જણાવવાનું કે કુડા-કોડીયા-કાથક ત્યાં મોબાઈલ ટોઈલેટ, બેરીગેડીંગ અને દોરડાઓ, મોબાઈલ વોચ ટાવર તથા હાઈ માસની કામગીરી અત્યારે હાલ પ્રગતિમાં છે. માનનીય સભ્યશ્રીને આપના થકી મારે જણાવવું છે કે પ્રવાસન ધામ તરીકે અથવા યાત્રા ધામના વિકાસ માટે જે કોઈ સ્થાનનો સમાવેશ કરવાનો હોય તેમાં અગાઉ એવી પરિસ્થિતિ હતી કે એક બ્લોક ગ્રાન્ટ જિલ્લા કલેકટરને ફાળવી આપવામાં આવતી હતી હવે એમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અને જિલ્લા કલેકટર દ્વારા કોઈ ચોકકસ સ્થાન માટે આ પૈસા વપરાય અને બીજા બધા વિભાગોની કામગીરી પણ તેને અનુલક્ષીને થાય તે માટે પ્રોજેકટ પ્રોફાઈલ તૈયાર કરી એ પ્રોજેકટ રિપોર્ટ સબમિટ કરે તેના ઉપરથી તેના માટે મંજૂરી આપવામાં આવે છે. એટલે જો કોઈ પણ સ્થાન અંગેની દરખાસ્ત જિલ્લામાંથી પ્રોજેકટ રિપોર્ટ સાથે મૂકવામાં આવશે તો તેને ચોકકસ ગણતરીમાં લેવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ત્રણ વર્ષમાં ૬૧૭.૨૦ લાખની ફાળવણી કરવામાં આવી છે. એની સામે ખર્ચ માત્ર ૬૫,૮૫૪૧૦ રૂપિયાનો જ થયો છે. ૬૧૭ લાખની સામે ફક્ત ૬૫ લાખનો જ ખર્ચ થયો છે. છેલ્લા ત્રણ વર્ષમાં ટકાવારીની દ્રષ્ટિએ પણ ખર્ચ ઘણો ઓછો છે એના કારણો શું છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે એમાં મુખ્ય કારણ એ છે કે પ્રવાસનને મેં અગાઉ કહ્યું તે પ્રમાણે એક ફોકસ પ્રપોઝ તરીકે ચોક્કસ પ્રોજૅકટ પ્રોફાઈલ અને પ્રોજૅકટને સેંકશન કરવાની નીતિ ગયા વર્ષથી અમલમાં મૂકવામાં આવી છે. ૬૧૭.૨૦ લાખની ફાળવણી બતાવવામાં આવી છે એમાં સાહેબ ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૦માં બુદ્ધ ગુફા માટે ૧૨૩.૨૦ લાખ અને કુડા-કોડિયાક-હાથબ માટે ૩૨૪ લાખ રૂપિયા ફાળવણી ૨૯-૧-૨૦૧૦ના રોજ કરવામાં આવી છે. એટલે ૪૪૭.૨૦ લાખની ફાળવણી ડિસૅમ્બર, જાન્યુઆરી, મહિનામાં કરવામાં આવી છે એના કારણે એનો ખર્ચ હવે પછીના વર્ષમાં થશે. એટલે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ચિંતા વ્યક્ત કરી એ સકારણ છે. ફાળવણી ડિસૅમ્બર, જાન્યુઆરી મહિનામાં થઈ છે એનો ખર્ચ આગામી વર્ષમાં કરવામાં આવશે.

**નર્મદાનું પીવાનું પાણી સુરેન્દ્રનગર જિલ્લાના શહેરો અને ગામોને પૂરું પાડવા બાબત**

***૧૪૭૬૫ શ્રીમતી વર્ષાબેન ન. દોશી (વઢવાણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના કેટલા શહેરો અને ગામોને નર્મદાનું પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૨) આ જિલ્લામાં બાકીના શહેરો અને ગામોને નર્મદાનું પીવાનું પાણી પહોંચાડવાની કોઈ યોજના વિચારણામાં છે કે કેમ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી:**

(૧) ૮ શહેરો અને ૩૧૨ ગામો.

(૨) હા, જી. સુરેન્દ્રનગર સંકલિત પાણી પુરવઠા યોજનાના ૨૫૯.૨૬ કરોડની અંદાજીત રકમની યોજનાના કામો પ્રગતિ હેઠળ છે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ થયેલ છે અને કેટલી પ્રગતિમાં છે? મારો બીજો પ્રશ્ન એ છે, માનનીય મંત્રીશ્રીએ નર્મદાનું પાણી પીવા માટે ૩૧૨ ગામોને પૂરું પાડ્યું છે તો બાકીના ગામોને ક્યારે લાભ મળશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સુરેન્દ્રનગર જિલ્લાના કુલ ૬૪૮ ગામો છે એ ૬૪૮ ગામો અને ૯ શહેરોમાં કુલ ત્રણ જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પાણી આપવાનું આયોજન કર્યુ છે. સુજલામ સુફલામ એસ-૧ અને સુજલામ સુફલામ એસ-૨. અને ત્રીજી સુરેન્દ્રનગર સંકલિત પાણી પુરવઠા યોજના. આ ત્રણ યોજનામાંથી બે યોજનાની અમલવારી થઈ ચૂકી છે. સુજલામ સુફલામ એસ-૧ અને એસ-૨ દ્વારા અત્યારે પાણી આપવામાં આવી રહ્યું છે. સુરેન્દ્રનગર જિલ્લા સંકલિત જૂથ પાણી પુરવઠા યોજનાની કામગીરી પ્રગતિમાં છે અને એના દ્વારા આ વર્ષના આખર સુધીમાં પાણી આપવાનું સંપૂર્ણ આયોજન છે. આ આયોજન પૂર્ણ થશે એટલે આખા સુરેન્દ્રનગર જિલ્લાના ૬૪૮ ગામોને પૂરેપૂરુ પાણી મળતું થઈ જશે. માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન કર્યો એમાં એસ-૧ યોજના છે એ પણ નર્મદા યોજના આધારિત છે. એમાં હળવદ, મૂળી, ધ્રાંગધ્રા, દસાડા અને લખતર તાલુકાના ૨૪૧ ગામો અને હળવદ, ધ્રાંગધ્રા અને પાટડી શહેરને પણ એસ-૧ યોજનામાંથી નર્મદાનું પાણી ૨૦૦૭ થી આપવાનું ચાલુ કરેલ છે. એસ-૨ યોજના છે એમાં ૧૮૩ ગામો અને એક શહેરનો સમાવેશ થાય છે. આ યોજના ૩૧-૫-૨૦૦૮ના રોજ પૂર્ણ થઈ છે અને એના દ્વારા લીંબડી તાલુકાના ૫૮ ગામો, લખતર તાલુકાના ૧૯ ગામો, ધ્રાંગધ્રા તાલુકાના ૧૬ ગામો, પાટડી તાલુકાના ૩૮ ગામો, ચૂડા તાલુકાના ૩૮ ગામો અને સાયલા તાલુકાના ૧૪ ગામોને પાણી આપવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય શંભુપ્રસાદજી...

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**ગિરનાર પર્વત ઉપર રોપ-વે બનાવવાનું કામકાજ**

***૧૫૭૮૩ શ્રી કનુભાઈ મે. ભાલાળા (વિસાવદર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તાજેતરમાં જુનાગઢ ખાતે આવેલ ગિરનાર પર્વત ઉપર રોપ-વે બનાવવાનું કામ કેટલા ખર્ચે અને ક્યારે મંજૂર કરવામાં આવ્યું,

(૨) ઉક્ત કામની એજન્સી નક્કી થઈ ગઈ છે તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો ક્યારે અને કઈ એજન્સીને આ કામ આપવામાં આવ્યું છે,

(૪) રોપ-વેનું કામ શરૂ કરવામાં આવેલ છે કે કેમ,

(૫) જો હા, તો કેટલા સમયમાં પૂરું કરવામાં આવશે, અને

(૬) જો ના, તો રોપ-વેનું કામ શરૂ ન થવાનાં કારણો કયાં છે?

**પ્રવાસન મંત્રીશ્રી:**

(૧) તાજેતરમાં જુનાગઢ ખાતે આવેલ ગિરનાર પર્વત ઉપર રોપ-વે બનાવવાનું કામ તા. ૧૭-૧-૯૬ના રોજ મંજૂર કરવામાં આવ્યું અને તે માટે રૂપિયા ૮૯.૩૧ કરોડનો અંદાજીત ખર્ચ મેસર્સ ઉષાબ્રેકો કંપની કરનાર છે.

(૨) હા, જી.

(૩) આ કામગીરી તા. ૧૬-૭-૯૪ના રોજ કરારથી મેસર્સ ઉષાબ્રેકો લિમિટેડને આપવામાં આવેલ છે.

(૪) રોપ-વેનું કામ હજુ શરૂ કરવામાં આવેલ નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૬) વન અને પર્યાવરણ વિભાગ ભારત સરકારની પર્યાવરણ અને વાઈલ્ડ લાઈફ કલીયરન્સની મંજૂરી રાહમાં હોઈ રોપ-વેની કામગીરી શરૂ કરી શકાયેલ નથી.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે પ્રશ્ન છે, રોપવે બાબતનો પ્રશ્ન છે. ગીરનાર પર્વત અને દામા કુંડ અને જુનાગઢ એ જગ વિખ્યાત ભક્ત કવિ નરસિંહ મહેતાની કર્મભૂમિ છે. જુનાગઢની યાત્રાએ દર વર્ષે ૪૫ લાખ જેટલા પ્રવાસીઓ આવે છે. શાસ્ત્રોમાં પણ ગીરનાર પર્વતનો ઉલ્લેખ છે કે પર્વતરાજ હિમાલયના દાદા જે ગીરનાર કહેવાય છે. તા. ૪-૭-૨૦૦૯ના રોજ સ્ટેટ વાઈલ્ડ લાઈફ બોર્ડની જ્યારે મિટિંગ મળી ત્યારે તેના અધ્યક્ષ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે સાત હેકટર અને ત્રણ પૉઈન્ટ જમીન આ રોપવે માટે ફાળવી આપી છે. તે બદલ હું નરેન્દ્રભાઈને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને બીજું, આ રોપવે થવાથી વૃદ્ધ લોકો ગુરુ દત્તાત્રેય, અંબાજી તથા જૈન દેરાસરો ત્યાં આવેલા છે તેના દર્શન કરી શકશે. આ રોપવે થવાથી પ્લાસ્ટિક તથા અન્ય કચરો જે ગીરનારની અંદર વેરાય છે અને જેનાથી પ્રદૂષણ ફેલાય છે તો આ કચરો પણ ઓછો વેરાશે અને પ્લાસ્ટિક પણ ઓછું વેરાશે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો તમે. પ્રશ્ન શું છે એ કહો.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : મારો પ્રશ્ન છે, આની પૂર્વભૂમિકા બાંધવી જરૂરી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પૂર્વ ભૂમિકા નહીં, સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : પ્રશ્ન ઉપર આવું છું..

**અધ્યક્ષશ્રી** : કારણ કે મારી પાસે સમયની મર્યાદા છે. તમે ટૂંકો પ્રશ્ન પૂછશો તો જ જવાબ મળશે. પાછળના પ્રશ્નો છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : મારો પ્રશ્ન એ છે કે વન અને પર્યાવરણ વિભાગ ગાંધીનગરે ક્યારથી આ રોપવેની જગ્યા ગીરનાર વન્ય જીવન અભયારણ્ય તરીકે ઘોષિત કરી છે અને મારો બીજો પ્રશ્ન છે કે વન અને પર્યાવરણ વિભાગ ગાંધીનગર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે કેન્દ્ર સરકારમાં ક્યારે દરખાસ્ત કરી છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી સાચી છે. ગીરનાર માટે એવું કહેવાય છે કે " ઉંચો ગઢ ગીરનાર, વાદળથી વાતું કરે." એટલે તેના માટે આ કામગીરી ઝડપથી થાય તે માટેનો અમારો પ્રયત્ન છે. વન અને પર્યાવરણ વિભાગ ગાંધીનગરે તા. ૩૧-૫-૦૮ના જાહેરનામાથી રોપવેની જગ્યા ગીરનાર વન્ય જીવન અભયારણ્ય તરીકે ઘોષિત કરી છે. જ્યાં સુધી આગળની કાર્યવાહીને લાગે વળગે છે ત્યાં સુધી અત્યારે આ સમગ્ર પ્રક્રિયા તા. ૬-૬-૨૦૦૯ના રોજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે કેન્દ્ર સરકારને પબ્લિક હીયરીંગ પ્રોસીડીંગ સાથે રિપૉર્ટ મોકલાવેલ છે અને ૮ જુલાઈ-૨૦૦૯ના રોજ વન અને પર્યાવરણ વિભાગ ગાંધીનગરે નેશનલ બોર્ડ ઑફ વાઈલ્ડ લાઈફ સ્ટેન્ડીંગ કમિટીને ભલામણ મોકલી છે. નેશનલ બોર્ડ ઑફ વાઈલ્ડ લાઈફ સ્ટેન્ડીંગ કમિટીએ સાઈટ નિરીક્ષણ કરીને પછીથી બોર્ડ મિટિંગમાં આ લેવાનું નક્કી કરેલ છે. એટલે આ બન્ને બાબત હાલ કેન્દ્ર સરકારના લેવલે પડતર છે અને કામ આ કારણસર શરૂ થઈ શકેલ નથી.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૯૯૬થી આ પ્રશ્ન અદ્ધરતાલે છે. તો સરકાર દ્વારા આમાં કોઈ કમિટીની રચના કરીને કેન્દ્ર સરકારમાં મંજૂરી માટે રજૂઆત કરવા જવા માગો છો કે કેમ? અને આ રોપવે બનવાથી પ્રવાસન નિગમને કોઈ આર્થિક ફાયદો થાય છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, આ રોપવે અદ્ધર ગતિ કરવાનો છે એટલે અદ્ધરતાલ ચાલ્યા કરે છે પણ હવે ૨૦૧૧ સુધીમાં તેનો નિવેડો આવે એ પ્રકારના ચિહ્નો દેખાય છે અને એ ઝડપથી થાય તે માટે અમે કેન્દ્ર સરકારની મંજૂરીની રાહ જોઈ રહ્યા છીએ. માનનીય સભ્યશ્રીએ પ્રવાસન નિગમને ફાયદો થાય છે કે કેમ તે પૂછયું છે. તો માનનીય સભ્યશ્રીને આપના થકી કહેવાનું કે આ સંપૂર્ણ પ્રોજૅકટનો ખર્ચ ઉષાબ્રેકો કંપની કરવાની છે. રાજય સરકારે એક પૈસો પણ ખર્ચ ભોગવવાનો નથી અને રૉયલ્ટી જે નક્કી થઈ છે તે પ્રથમ પાંચ વર્ષ સુધી વાર્ષિક રૂપિયા ૫ લાખ પ્રતિવર્ષ, ૬ થી ૧૫ વર્ષ ૧૦ લાખ અથવા વાર્ષિક આવકનો દોઢ ટકો, ૧૬ થી ૨૫ વર્ષ ૧૫ લાખ અથવા વાર્ષિક આવકના દોઢ ટકા એ બે માંથી જે વધારે હોય તે, ૨૬થી ૪૦ વર્ષ વાર્ષિક ૨૫ લાખ અથવા વાર્ષિક આવકના દોઢ ટકા એ બે માંથી જે વધારે હોય, ૪૧થી ૬૫ વર્ષ વાર્ષિક ૪૦ લાખ અથવા વાર્ષિક આવકના ૨ ટકા એ બે માંથી જે વધારે હોય અને ૬૬થી ૯૮ વર્ષ વાર્ષિક ૬૦ લાખ અથવા તો વાર્ષિક આવકના અઢી ટકા એ બેમાંથી જે વધારે હોય તે રકમ પ્રવાસન નિગમને રૉયલ્ટી પેટે મળશે.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ખૂબ મહત્ત્વનો છે અને જુનાગઢના આર્થિક વિકાસ માટે પણ આ રોપવેનું મહત્ત્વ ઘણું વધારે છે. અનેક સંસ્થાઓ, ચેમ્બર ઑફ કૉમર્સ અને લોકો બધાએ ભેગા થઈને આનો ઝડપથી નિવેડો થાય એની માગણી કરી છે. ગુજરાતના વિકાસનો સવાલ હોય ત્યાં સુધી એમાં કોઈ પક્ષાપક્ષીની વાત હોઈ શકે નહીં અને ટ્રેઝરી બૅન્ચ દ્વારા પણ અગાઉના દિવસોમાં ગુજરાતના વિકાસને અનુલક્ષીને જ્યાં જરૂરિયાત હોય ત્યાં રજૂઆત કરવા માટેનું આહ્વાન અમને વિરોધપક્ષને કરવામાં આવેલું છે. હું અને વિરોધપક્ષના નેતા શ્રી શકિતસિંહે કેન્દ્રીય પર્યાવરણ મંત્રીને આ સંદર્ભમાં મળ્યા હતા અને એમની પાસે રજૂઆત પણ કરી છે અને એમણે સાનુકૂળ પ્રતિભાવ આપ્યો છે. આ પ્રશ્નનો ઝડપથી નિકાલ થાય તે માટેનું દબાણ પણ કર્યું હતું.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રોપ-વેમાં કેટલી કેપેસીટી રાખવાનું આયોજન છે અને રોપ-વે બાંધકામની સમય મર્યાદા કઈ તારીખ સુધી રાજય સરકારે લંબાવી આપેલ છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૦-૯-૨૦૧૧ સુધી સમય મર્યાદા લંબાવી આપેલ છે. રોપ-વેની કેપેસીટી બાબતમાં સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો. તો પ્રતિ કલાકે ૧૦૦૦ મુસાફરોની કેપેસીટી રાખવાનું કંપનીએ વિચારેલ છે અને આ કેપેસીટીમાં કુલ ૩૮ કૅબિન હશે અને એક કૅબિનની ક્ષમતા ૮ મુસાફરોની રહેશે એવું આયોજન કરવામાં આવેલ છે.

**નર્મદા અને ભરૂચ જિલ્લાની નગરપાલિકાઓને બાજપાઈ નગર વિકાસ યોજના અંતર્ગત ફાળવણી**

***૧૪૧૦૦ શ્રી અમરસિંહ રા. વસાવા (દેડીયાપાડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં નર્મદા અને ભરૂચ જિલ્લામાં બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ નગરપાલિકાઓને કેટલી રકમ ફાળવી, અને

(૨) આ યોજના હેઠળ કયા કયા કારો હાથ ધરવામાં આવ્યા અને કેટ કેટલો ખર્ચ થયો?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ફાળવેલ રકમ

| નગરપાલિકાનું નામ | ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં ફાળવેલ રકમ (રૂ.લાખમાં |
|---|---|
| ભરૂચ | ૪૮.૮૪ |
| અંકલેશ્વર | ૪૦.૦૦ |
| જંબુસર | ૫૨.૦૬ |
| આમોદ | ૫૬.૫૬ |
| રાજપીપળા | ૬૨.૪૪ |
| **કુલ :** | ૨૫૯.૯૦ |

(૨) આ યોજના હેઠળ પાણી પુરવઠા યોજના અને ગટર યોજનાના ૮૧ કામો હાથ ધરવામાં આવ્યા અને કુલ રૂ.૧૪૬.૬૬ લાખનો ખર્ચ થયો.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ ૫ નગરપાલિકાઓને રૂ.૨૫૯.૯૦ લાખ ફાળવ્યા છે. એમાં ૮૧ કામો પત્યા. એમાંથી પાણી પુરવઠાના કેટલા છે અને ગટર યોજનાના કેટલા છે? આ કામ પૂર્ણ કરેલ છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ એ સમય ગાળા દરમિયાન કુલ રૂ.૨૫૯.૯૦ લાખની ગ્રાન્ટ અને લોન આ પાંચ નગરપાલિકાઓને આપવામાં આવી છે. આ પ્રશ્નના સમય ગાળા દરમિયાન અને તુર્તજના સમય ગાળામાં જે રકમ આપવામાં આવી છે એની વિગતો આપું જેથી આખા પ્રશ્નની અંદર કેટલી રકમના કામો થયા અને કેટલા પૂર્ણ થયા અને કેટલા બાકી છે એનો ખ્યાલ આપી શકાય. અંકલેશ્વર નગરપાલિકાને બાજપાઈ નગર વિકાસ યોજના ભાગ-૨ હેઠળ રૂ.૨૨૦/- લાખની રકમ ફાળવવામાં આવી. પ્રશ્નના સમય ગાળા દરમિયાન રૂ.૪૦/- લાખ આપવામાં આવ્યા. જંબુસર નગરપાલિકાને બાજપાઈ નગર વિકાસ યોજના ભાગ-૨ હેઠળ રૂ.૧૬૫/- લાખની રકમ ફાળવવામાં આવી. પ્રશ્નના સમય ગાળા દરમિયાન રૂ.૫૨.૫૬/- લાખ આપવામાં આવ્યા.આમોદ નગરપાલિકાને બાજપાઈ નગર વિકાસ યોજના ભાગ-૨ હેઠળ રૂ.૧૫૦/- લાખની રકમ ફાળવવામાં આવી. પ્રશ્નના સમય ગાળા દરમિયાન રૂ.૫૬.૫૬/- લાખ આપવામાં આવ્યા. રાજપીપળા નગરપાલિકાને બાજપાઈ નગર વિકાસ યોજના ભાગ-૨ હેઠળ રૂ.૧૬૫/- લાખની રકમ ફાળવવામાં આવી. પ્રશ્નના સમય ગાળા દરમિયાન રૂ.૬૨.૪૪/- લાખ આપવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ બીજો પ્રશ્ન કર્યો કે, આમાંથી કઈ નગરપાલિકાએ પાણી પુરવઠાના કેટલા કેટલા કામો હાથ પર લીધા? ભરૂચ નગરપાલિકાએ ૧૧ કામો, અંકલેશ્વર નગરપાલિકાએ ૩, જંબુસર નગરપાલિકાએ ૧૬, આમોદ નગરપાલિકાએ પીવાના પાણીનું કોઈ કામ લીધું નથી અને રાજપીપળા નગરપાલિકાએ ૩ કામ લીધા છે. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો હતો કે, કેટલા કામો પૂર્ણ થયા? તો એની માહિતી આપું તો ભરૂચ નગરપાલિકાએ કુલ ૧૯ કામો લીધા હતા.એમાંથી ૬ કામ પૂર્ણ કર્યા છે. અંકલેશ્વર નગરપાલિકાએ ૨૨ કામ લીધા હતા એમાંથી ૨૧ કામ પૂર્ણ કર્યા છે. જંબુસરનગરપાલિકાએ ૪૪ કામ લીધા હતા એમાંથી ૨૪ કામ પૂર્ણ કર્યા છે. આમોદ નગરપાલિકાએ ૪ કામ લીધા હતા, ચારે ચાર કામ પૂર્ણ થયા છે. કુલ ૧૨૩ કામો હતા, એમાંથી ૧૨૧ કામો પૂર્ણ થયા છે. ૨ કામ કામફેર કરવા માટે નગરપાલિકાએ દરખાસ્ત કરેલી છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં ૩૧-૧૨-૦૯ની

સ્થિતિએ જંબુસર તાલુકામાં ૫૨ લાખ ૬ હજાર રૂપિયા આપણે ફાળવ્યા છે. એમાં કેટલો ખર્ચ થયો, જે ખર્ચ થયો એમાં કયા કયા વિસ્તારમાં અને કયા કયા કામો હાથ ધરવામાં આવ્યા છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારું કામ સરકાર તરફથી નગરપાલિકાઓના કામો ફાળવવાનું છે. એમાં કયા વિસ્તારમાં કામ લેવું, કયું કામ લેવું એ નગરપાલિકાના અધિકારમાં આવે છે એટલે આ પ્રમાણે કયા વિસ્તારમાં કામ લીધું એની માહિતી અત્રે ઉપલબ્ધ નથી પણ જે કામો લીધા છે એમાં જે પાણી પુરવઠાના અને વરસાદી પાણીના નિકાલ માટેના આ પ્રકારના કામો લીધા છે.

**ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે ભરૂચ નગરપાલિકાની પીવાના પાણીની યોજના અંતર્ગત કુલ કેટલો ખર્ચ અંદાજ કરેલો છે, આ પૈકી આપે ૨ વર્ષમાં ૪૮લાખ રૂપિયા આપેલા છે. આ યોજનાનું ક્ષાતમુહૂર્ત માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે થયેલું છે. આ યોજનાને લાંબો સમય થયો છે અને હજી યોજના પૂર્ણ થઈ નથી તો આ યોજના પૂર્ણ કરવા માટે વાજપાઈ નગર વિકાસ યોજના અંતર્ગત આપે પૈસા ફાળવ્યા છે પણ આ યોજનાને પૂર્ણ કરવા માટે આપ શું આયોજન કરવા માગો છો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ ભરૂચ નગરપાલિકાએ જે કામો લીધા એ એમણે નાના નાના પ્રકારના વિસ્તારના કામો લીધા છે. માનનીય સભ્યશ્રી ઈકબાલભાઈએ જે પ્રશ્ન કર્યો એ તો ૧૨ કરોડ રૂપિયા ઉપરનું ભરૂચ નગરપાલિકાનું કામ છે અને રાજય સરકારે ભરૂચને અત્યાર સુધી નર્મદાના કિનારે હોવા છતાં ખારું પાણી લેવું પડતું હતું. જી.એન.એફ.સી.માંથી પાણી લેવું પડતું હતું, એની ચૂકવણી વગેરે બાબતમાં લાઈટના બીલો વગેરે બાબતમાં ગંભીર પ્રશ્નો ઉદ્દભવતા હતા એ બધાનું સંપૂર્ણ રીતે યોગ્ય નિરાકરણ કરવા માટે ૧૨ કરોડ રૂપિયા કરતા વધુ કિંમતની ભરૂચ શહેરને નર્મદાનું મીઠું પાણી પૂરું પાડવાની યોજના માનનીય ઈકબાલભાઈ ટૂંક સમયમાં પૂર્ણતાના આરે છે અને જે રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એનું ક્ષાતમુહૂર્ત કર્યુ હતું એ જ પ્રમાણે અમે એનું ઉદ્‌ઘાટન પણ કરીશું.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

## નર્મદા જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે થયેલ કામગીરી

***૧૫૭૬૭ શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી,

(૨) આ માટે તા:૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજય સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવેલ છે, અને

(૩) તે અંતર્ગત કેટલો ખર્ચ કર્યો

**પ્રવાસન મંત્રીશ્રી :**

(૧) નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન જિલ્લા પ્રવાસન સ્થળના વિકાસ માટે કલેકટરશ્રી દ્વારા નીચે મુજબની કામગીરી લેવામાં આવી.

૧. ગરુડેશ્વર

એસ.ટી. બસ સ્ટેન્ડથી દત્તમંદિર તરફ જતા રોડ ઉપર આર.સી.સી.ની કામગીરી.

૨ રાજપીપળા

(૧) છોટુભાઈ પુરાણી હાઈસ્કુલના કૅમ્પમાં ઉપલબ્ધ સગવડોની તાત્કાલિક પુનઃ:સ્થાપના.

(૨) રેસ્ટહાઉસ ખાતે ૩ ફુવારા બનાવવાની કામગીરી તેમજ ૪ સર્કલની કામગીરી તથા હેલીપેડ સર્કલ

(૩) નગરપાલિકા વિસ્તારમાં જુદી જુદી ઐતિહાસિક તથા પૌરાણિક ઇમારતોના રીપેરીંગ તથા કલરકામ.

(૪) વાડીયા સર્કલ ત્રણ રસ્તા પાસે આઈલેન્ડની તથા કાસ્ટીંગ ગ્રીલની કામગીરી.

(૫) શીતળામાતા મંદિર ખાતે મરામત તથા કલરકામ

(૬) કરજણ ઓવારા ખાતે કલરકામ, બાંકડા, ઝાડને ફરતે ઓટલા બનાવવાની કામગીરી.

(૨) આ માટે તા:૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જિલ્લા કલેકટરશ્રીને રૂપિયા ૯૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે.

(૪) તે અંતર્ગત કલેકટરશ્રી નર્મદા દ્વારા રૂપિયા ૨૨.૪૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સવાલના જવાબમાં એમ જણાવવામાં આવેલ છે કે ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ૯૦ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે. નર્મદા જિલ્લામાં અને એમાંથી ખર્ચ થયો છે ૨૭.૪૭ લાખનો તો મારું સૂચન છે કે જે વર્ષમાં જે કંઈ રકમ ફાળવવામાં આવી હોય એટલી રકમ પૂરેપૂરી ખર્ચાઇ જાય એટલી ઝડપે કામ થાય એ જોવા માટે મારી વિનંતી છે. બીજો મારો પ્રશ્ન છે કે નર્મદા જિલ્લામાં ૨૦૦૯-૧૦ના વર્ષમાં રાજય સરકારે કેટલી ગ્રાન્ટ વધારાની ફાળવી અને તેમાંથી કેટલો ખર્ચ થયો, એ સિવાય પણ

મારે ખાસ કહેવું છે કે નર્મદા જિલ્લા અને વડોદરા જિલ્લામાંથી વહેતા આ નર્મદાના નીરને બંને કાંઠા ઉપર જે પવિત્ર યાત્રાધામો આવ્યા છે એનો વડોદરા, ભરૂચ, સુરત અને અમદાવાદના સિનિયર સીટીઝન મંડળો ખૂબ વિશેષ પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યા છે ત્યારે આ બધા સ્થાનો ઉપર સિનિયર સિટીઝન માટે વધારાની કોઈ સુવિધા આપવા માટેનું કોઈ પ્રયોજન કરવા માગો છો કે કેમ? એમને બસ પ્રવાસમાં કોઈ રાહત મળે તે માટે કોઈ વિચારણા કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : પ્રશ્ન ૨૦૦૮-૦૯ના વર્ષના ખર્ચ પૂરતો મર્યાદિત છે એટલે ૨૦૦૮-૦૯નો ખર્ચ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ હજી બે મહિનાથી થોડો વધારે સમય ગયો છે એના કારણે વિવિધ કામગીરી જે પ્રગતિમાં હોય એમાં ખર્ચ સ્વભાવિક રીતે ઓછો દેખાય એ સમજી શકાય એવું છે. ૨૦૦૮-૦૯માં જે વિકાસ કામો લીધા છે એ ગરૂડેશ્વર એસ.ટી. બસ સ્ટૅન્ડથી દત્ત મંદિર તરફ જતા રોડ ઉપર આર.સી.સી.ની કામગીરી, રાજપીપળા ખાતે છોટુભાઈ પુરાણી હાઈસ્કૂલના કેમ્પમાં ઉપલબ્ધ સગવડોની તાત્કાલિક પુનઃ સ્થાપના, રેસ્ટ હાઉસ ખાતે ત્રણ ફુવારા બનાવવાની કામગીરી તેમજ ૪ સર્કલની કામગીરી તથા હેલીપેડ સર્કલ, નગરપાલિકા વિસ્તારમાં જુદી જુદી ઐતિહાસિક તથા પૌરાણિક ઈમારતોના રીપેરીંગ તથા કલરકામ, વાડિયા સર્કલ ત્રણ રસ્તા પાસે આઈલેન્ડની તથા કાસ્ટીંગ ગ્રીલની કામગીરી, શીતળા માતા મંદિર ખાતે મરામત તથા કલરકામ, માનનીય સભ્યશ્રીએ ઓવારા બાબતે ચિંતા વ્યક્ત કરી, કરજણ ઓવારા ખાતે કલરકામ, બાંકડા, ઝાડને ફરતે ઓટલા બનાવવાની કામગીરી, એમ બધું મળીને અત્યાર સુધી જે કામગીરી પ્રગતિમાં છે એમાં ૨૭.૪૭ લાખનો ખર્ચ થયો છે. બાકીના કામો ચાલું વર્ષ દરમિયાન થાય તે માટેની વ્યવસ્થા કરી છે. સિનિયર સિટીઝન માટેની જે વ્યવસ્થાની માનનીય સભ્યશ્રીએ વાત કરી એમાં એસ.ટી. બસને લાગે વળગે છે ત્યાં સુધી મારા વિભાગને લગતી બાબત નથી એટલે હું એમાં નહીં પડું. પણ જ્યાં જ્યાં અમે પ્રવાસન ધામો અમે વિકસાવીએ છીએ ત્યાં અમે ફિઝીકલી ઈમ્પાયર્ડ હોય કે કોઈપણ પ્રકારની શારીરિક ક્ષમતાની મર્યાદા હોય ત્યારે એમને ફ્રેન્ડલી હોય તે પ્રકારના ઢોળાવો બનાવી વૃદ્ધોને તકલીફ ન પડે તે રીતની કામગીરી કરીને તેઓ સરળતાથી જઈ શકે તે પ્રકારની કામગીરી અમે કરીએ છીએ.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નર્મદા જિલ્લામાં તીલકવાડા અને રાજપીપળા વચ્ચે નર્મદાના મુખ્ય કાંઠા ઉપર જૂના પુરાણા મંદિરો આવેલા છે એ મંદિરોનું રીપેરિંગ કરવા માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ? બીજું કે નર્મદા કિનારા ઉપર કુબેર ભંડારજીનું મંદિર આવેલ છે એને વિકસાવવા માટે કોઈ આયોજન કરવા માગો છો કે કેમ અને તીલકવાડા તાલુકામાં રામજી મંદિર સરકારના રેકર્ડ ઉપર નોંધાયેલ છે કે કેમ અને આ મંદિર નર્મદાજીના કિનારા ઉપર આવેલ છે અને મંદિર તુટી જવાના આરે આવેલ છે તો એની કોઈ દરખાસ્ત બનાવીને મોકલવામાં આવે તો ગ્રાન્ટ ફાળવવા માટે કોઈ આયોજન કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : આ પ્રશ્ન હું ફરી એકવાર કહું કે ૨૦૦૮-૦૯ના વર્ષના ખર્ચ પૂરતો મર્યાદિત છે અને એને લગતી માહિતી મેં આપી છે. આમ છતાં માનનીય સભ્યશ્રીની લાગણી છે ત્યારે એ મર્યાદાની થોડો બહાર જઈને એમને ચોક્કસ કહેવા માગું છું કે રાજપીપળા શહેરનું પ્રસિદ્ધ હરસિદ્ધ માતાજીનું મંદિર અને તેની આજુબાજુના ગાયત્રી મંદિર, તળાવ વગેરે માટે ૩ કરોડ રૂપિયા, રાજપીપળા શહેરના હૅરીટેજ વિસ્તારના વિકાસ માટે ૧ કરોડ રૂપિયા, કરજણ ડૅમ ખાતે અદ્યતન ગાર્ડન બનાવવા માટે ૧ કરોડ રૂપિયા, કરજણ ડેમ ખાતે પ્રવાસીઓને રહેવા માટેની વ્યવસ્થા માટે ૧ કરોડ અને બોટીંગ માટે ૫૦ લાખ એમ કરીને ૬.૫ કરોડ રૂપિયાનો અમે એક અહેવાલ તૈયાર કર્યો છે અને આપણે ચોક્કસ મંદિર અને ઘાટ અંગેની માગણી હશે તો અગાઉ પણ મેં કહ્યું છે છતાં માનનીય સભ્યશ્રીને કહેવા માગું છું કે જિલ્લા કલેકટરશ્રી તકે કોઈ ચોક્કસ પ્રોજૅકટ તૈયાર કરીને જે તે પ્રવાસન માટેની માગણી મૂકવામાં આવશે તો એ ચોક્કસ વિચારણામાં લઈશું.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૨૭.૪૭ લાખનો ખર્ચ થયો એમાં ફાળવણી ૯૦ લાખની હતી. આપના જવાબમાં જે પ્રમાણે બતાવ્યું છે એ મુજબ કલરકામ, આર.સી.સી. રસ્તા છે. મંદિરોને રંગ-રોગાન છે કોઈ હવે એવી કઈ કામગીરી બાકી રહે છે? કારણ કે, ૧/૩ ફાળવણી હતી તે પૈકી એટલી કામગીરી થઈ છે તો હવે આ ૯૦ લાખની ફાળવણી સામે હવે કયું કામ કરવાનું બાકી રહે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના વર્ષોમાં આજ મુશ્કેલી હતી પ્રવાસન વિકાસ માટે બ્લોક ગ્રાન્ટ ફાળવવાની પ્રથા હતી અને બ્લોક ગ્રાન્ટ કલેકટરશ્રીને ફાળવવામાં આવે ત્યારે એમને યોગ્ય લાગે તે પ્રકારનો પ્રવાસનનો વિકાસ થાય અથવા તો પ્રવાસનની ખૂટતી કડી જોડાય તે પ્રકારના કામો પ્રથા જિલ્લા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવતા હતા. હવે આ સમગ્ર પ્રથામાં ફેર કર્યો છે અને ચોક્કસ પ્રોજેકટ માટે જ માગણી કરવાની અને એના માટેનો જરૂરી પ્રોજેકટ રિપોર્ટ અને પ્રોજેકટ પ્રોફાઈલ તૈયાર કરીને મૂકવાનું નક્કી કરવામાં આવ્યું છે. એટલે હવે પછીની કામગીરી જે છે તે આ પ્રકારે કોઈ ચોક્કસ નિર્ધારીત કામ માટે નક્કી કરવામાં આવશે.

**બાજપાઈ નગર વિકાસ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ગ્રાન્ટ**

***૧૫૭૫૧શ્રી કાન્તિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં બાજપાઈ નગર વિકાસ યોજનાના બીજા તબક્કામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૨) આ સમયગાળા દરમ્યાન કેટલા કામોને મંજૂરી આપવામાં આવી?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં બાજપાઈ નગર વિકાસ યોજનાના બીજા તબક્કામાં કુલ રૂા.૨,૭૨,૨૨,૬૭૪/- ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

(૨) આ સમયગાળા દરમ્યાન ૨૭ કામોને મંજૂરી આપવામાં આવી.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાની નગરપાલિકાઓની સ્થિતિ આપણે બધાએ જોયેલ છે કે પગાર કરવાના પૈસા ન હોય (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી કાંતિભાઈ આપ પ્રશ્ન ઉપર આવો.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, બાવળા અને ધોળકા નગરપાલિકાના ૨૫ વર્ષ પહેલા ગટરો બનાવવામાં આવી હતી એ આજ દિન સુધી ચાલુ થઈ નથી અને કરોડોનો ખર્ચ થયો છે એ નગરપાલિકાએ ભોગવવો પડે છે અને સરકાર આપતી ગ્રાન્ટમાંથી એના પૈસા કપાય છે. એ જ પ્રમાણે પાંચ કરોડ, છ કરોડ લાઈટના બિલો જૂના બાકી છે અને એ આ આપેલી ગ્રાન્ટમાંથી કાપવામાં આવે છે એટલે નગરપાલિકાઓને જે જૂનું દેવું ભરવાનું થાય છે. એટલે આ સરકારે જે બાજપાઈ નગર વિકાસ યોજના કરી છે એમાં બીજા તબક્કા હેઠળ અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓને તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન ફાળવેલ ગ્રાન્ટ જે હતી તેમાંથી કેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે થોડા અવલોકન કર્યા એના વિષે થોડું પહેલા એમને કહેવું છે. શહેરી વિકાસ વિભાગ દ્વારા અનેક પ્રકારની ગ્રાન્ટો નગરપાલિકાઓને અને મહાનગરપાલિકાઓને આપવામાં આવે છે. જુદા જુદા હેડ નીચેની અને જુદા જુદા નામવાળી આ યોજના જુદા જુદા હેતુ માટે ફાળવવામાં આવે છે. કોઈ પીવાના પાણી માટેની વ્યવસ્થા માટે, કોઈ રસ્તા માટેની વ્યવસ્થા માટે, કોઈ તળાવોના બ્યુટિફિકેશન માટેની, કોઈ શૌચાલયો બનાવવા માટેની અને કોઈ ગંદા વિસ્તારને સાફસૂફ કરીને વ્યવસ્થિત બનાવવા માટેની હોય છે આમ જુદા જુદા પ્રકારની યોજનાઓ અમે મંજૂર કરીને કરોડો રૂપિયાની ગ્રાન્ટ નગરપાલિકાઓને જે રીતે માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે અમે ફાળવીએ છીએ. બાજપાઈ નગર વિકાસ યોજનાએ અલગ પ્રકારની યોજના છે કે જેમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ પણ આપે છે અને એની સાથે સાથે નગરપાલિકાઓને લોન પણ આપે છે. મેચિંગ ગ્રાન્ટ તરીકે એ લોન અમે રાજ્ય સરકારના અમારાં મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડમાંથી જ અમે ઉપલબ્ધ કરાવીએ છીએ. ગ્રાન્ટ અને લોન બંનેના કામ ભેગા થઈ નગરપાલિકાઓ આ યોજના નીચે શહેરના નાના મોટા જરૂરિયાતના વિવિધ પ્રકારના કામો પૂર્ણ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બાવળા નગરપાલિકાને અત્યાર સુધીમાં એટલે આ બીજા તબક્કામાં અમે ૧૬૫ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે, ધંધુકા નગરપાલિકાને ૧૬૫ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે, બારેજા નગરપાલિકાને ૧૫૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે, ધોળકા નગરપાલિકાને ૧૬૫ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે, બરવાળા નગરપાલિકાને ૧૫૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે, વિરમગામ નગરપાલિકાને ૨૨૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે, સાણંદ નગરપાલિકાને ૧૬૫ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે, આમ અમદાવાદ જિલ્લાની ૭ નગરપાલિકાઓને અમે ૧૧૮૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે એમના વિસ્તારની બાવળા નગરપાલિકાનો પ્રશ્ન કર્યો કે એમને જે ફાળવેલ ગ્રાન્ટમાંથી કેટલા કામો પૂર્ણ કર્યા? તો બાવળા નગરપાલિકાએ રસ્તાના ૧૯ કામો મંજૂર કર્યા હતા એમાંથી ૧૬ પૂર્ણ થયા છે, નાની ગટરોના ૧૦ કામો મંજૂર કર્યા હતા એમાંથી ૭ પૂર્ણ થયા છે, પાણીની વ્યવસ્થાનું એક કામ મંજૂર કર્યુ હતું એ પૂર્ણ થયું છે, અન્ય ૩ કામો મંજૂર કર્યા હતા એ ૩ પૂર્ણ થયા છે એમ બાવળામાં કુલ ૩૩ કામ મંજૂર કર્યા હતા એમાંથી ૨૭ના કામ પૂર્ણ કર્યા છે અને માનનીય સભ્યશ્રીએ મોટો પ્રશ્ન કર્યો કે ભૂગર્ભ ગટર કામ.તો આ વર્ષે સ્વર્ણિમ ગુજરાત નિમિત્તે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સાત હજાર કરોડની જે યોજના મંજૂર કરી છે એમાં રાજયની પચાસ નગરપાલિકાઓને ભૂર્ગભ ગટર દ્વારા આવરી લેવાનું જે મોટું કામ મંજૂર કર્યુ છે એમાં બાવળાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, બાજપાઈ નગર વિકાસ યોજના નીચે ધોળકાને જે ગ્રાન્ટ ફાળવી છે પહેલા અને બીજા તબક્કા નીચે તેમાં કયા કામો મંજૂર કર્યા છે અને કયા કામો પૂર્ણ કરેલા છે, તે ઉપરાંત બરવાળા તાલુકો છે એ પછાત તાલુકામાં જાહેર કરેલો તાલુકો છે અને બરવાળા નગરપાલિકાને એ ગ્રાન્ટ ફાળવવામાં ઘણો વિલંબ થયો છે તો એના કારણો શું છે અને કયા કામો માટે એ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, તે આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ધોળકા નગરપાલિકાને જે ગ્રાન્ટ ફાળવી છે એનો ઉપયોગ એ લોકોએ રસ્તા અને ગટરના કામ માટે કર્યો છે. બરવાળા નગરપાલિકાને જે ગ્રાન્ટ ફાળવી છે એનો

રસ્તાના કામ માટે એ લોકોએ ઉપયોગ કર્યો છે. અમારું કામ ગ્રાન્ટ મંજૂર કરવાનું હોય છે. ત્યાર પછી એ ગ્રાન્ટ કયા કયા કામો માટે વાપરવાની એ નગરપાલિકાની સામાન્ય સભામાં બોર્ડમાં ઠરાવ કરી એના અંદાજો વગેરે બનાવી, તાંત્રિક રિપૉર્ટ બનાવી રાજય સરકારમાં મોકલવાનું હોય છે. જે નગરપાલિકા ઝડપથી આ કામગીરી પૂર્ણ કરે એના પ્રોજૅકટો ઝડપથી મંજૂર થાય, કોઈ નગરપાલિકામાં ઝડપથી કામગીરી ન થતી હોય તો જુદા જુદા કારણોસર, ઠરાવ ન કરી શકતા હોય, કામો નક્કી ન કરી શકતા હોય અને સરકારમાં દરખાસ્ત મોડી આવે તો એમાં મોડુ થઈ શકે છે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર અભિનંદન તો સામાવાળાઓને આપવા જોઈએ નગરના, એમને નગર એટલે શું ?(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી બાબુભાઈ અભિનંદનમાં ન પડો, સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : (અંતરાય) ન, એટલે નળ. ગ, એટલે ગટર અને ર, એટલે રસ્તા. એની ચિંતા આ સરકારે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, બાજપાઈ નગર વિકાસ યોજનામાં અમદાવાદ જિલ્લામાં કેટલી રકમ ચૂકવવામાં આવી અને નગરપાલિકા વાઈઝ કેટલી ચૂકવવામાં આવી ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ આંકડા આપ્યા કે કુલ સાત નગરપાલિકાઓને ૧૧૮૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું એ પહેલા મારી નગરપાલિકાની અંદર, વિરમગામમાં ૨૨૦ લાખ રૂપિયા બાજપાઈ નગર વિકાસ યોજનામાં આપ્યા તે બદલ માનનીય મુખ્ય મંત્રીશ્રી અને શહેરી વિકાસ મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું અને બાજપાઈ નગર વિકાસ યોજના, બીજા તબક્કા અંતર્ગત અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓના કુલ કેટલા કામોની મંજૂરી આપવામાં આવેલ છે તે જણાવવા કૃપા કરશો? (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ( આ તકે કોઈ સભ્યશ્રીએ બેઠા બેઠા કાંઈક બોલતાં ) ભાઈ આપ્યું છે એટલે આભાર માને છે, તમે કંઈ આપતા જ નહતા, (ઘંટડી) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી નીતિનભાઈ આપના વક્તવ્યને વળગી રહો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : નહીં, એમણે કીધું એટલે મારે...

**અધ્યક્ષશ્રી** : નહીં, પણ શું કરવા ? મેં તમને પણ કીધું છે કે, બેઠા બેઠા બોલ્યા એને ધ્યાન ન આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાના ૧૩૨ કામો મંજૂર કરવામાં આવ્યાં છે અને એમાં ૯૬ કામો પૂર્ણ થયાં છે.

**ભરૂચ જિલ્લામાં ટ્રાયબલ એરિયા સબ-પ્લાન હેઠળ મંજૂર મીની પાણી પુરવઠા યોજના**

***૧૫૭૫૭ શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ (ભરૂચ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં ટ્રાયબલ એરિયા સબ પ્લાન હેઠળ કેટલી મીની પાણી પુરવઠા યોજના મંજૂર કરવામાં આવી,

(૨) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ કેટલી પાણી પુરવઠા યોજના પૂર્ણ કરવામાં આવી, અને

(૩) બાકી રહેતી મીની પાણી પુરવઠા યોજનાઓ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) ૫૬ મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી.

(૨) મંજૂર થયેલ તમામ ૫૬ મીની પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ભરૂચ જિલ્લામાં કેટલી મીની પાઈપ પુરવઠા યોજના કરવાની છે, મીની પાઈપ પુરવઠા યોજનામાં કયા કયા કોમ્પોનન્ટસ્ હોય છે અને ભરૂચ જિલ્લામાં કેટલા હેન્ડ પંપો કાર્યરત છે ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈની સરકારે જે અનેકવિધ નવા નવા આયોજનોથી રાજયની પ્રજાને મદદરૂપ થવાનું કામ કર્યુ છે એમાં આ એક અગત્યની યોજના છે. અત્યાર સુધી આદિવાસી વિસ્તારોમાં ફક્ત હેન્ડ પંપો મૂકવામાં આવતા હતા, મેન્યુઅલી હેન્ડ પંપો, જ્યારે કોઈને પાણી ભરવું હોય ત્યારે ડંકી, હેન્ડ પંપ ચલાવવો પડે અને પછી એને પાણી મળે, કોઈ કોઈ વાર કોઈ એક જ વ્યકિત હોય અને પાણી લેવું હોય તો ખૂબ તકલીફ પડતી, બે જણા હોય તો જ હેન્ડ પંપનો ઉપયોગ કરી શકાય એટલે અમે એક સુંદર, નવું આયોજન કર્યુ, અમલમાં પણ મૂક્યું છે.કે ટ્રાયબલ વિસ્તારમાં જયાં હેન્ડપંપ છે ત્યાં અર્ધાથી પોણા હોર્સ પાવરની સિંગલ ફેસની મોટર અમે હેન્ડપંપમાં ઉતારીએ છીએ અને એને ઈલેકટ્રીક કનેકશન લઈ બાજુમાં એક ઉંચા ઓટલા જેવું બનાવી એના ઉપર બે થી ત્રણ હજાર લીટરની મોટું ગામ હોય તો પાંચ હજાર લીટરની પણ અમે ટાંકી મૂકી આપીએ છીએ. એ ટાંકીમાંથી અમે સ્ટેન્ડ પોસ્ટ બનાવી આપીએ છીએ અને નાના ફળીયાવાળું નાનું ગામ હોય તો ફળીયા સુધી પણ આ મીની પાઈપલાઈન યોજના હેઠળ અમે પાઈપો

મહોલ્લા, મહોલ્લામાં નાખી આપીએ છીએ. એક વાર આખી ટાંકી ભરી દે તો સ્ટેન્ડ પોસ્ટ ઉપર આખો દિવસ નાગરિકોને પીવાનું પાણી મળી રહે, ફળીયામાં પણ મળી રહે એ પ્રકારની આ મીની પાઈપલાઈન યોજનાની મુખ્ય કાર્યપદ્ધતિ છે. અમે શરૂઆત કરી છે ટ્રાયબલ વિસ્તારથી. જયાં આંતરિયાળ ગામો છે. જુથ પાણી પુરવઠા યોજના પહોંચી શકતી નથી. નાના નાના ગામો છે ત્યાં અંકલેશ્વર તાલુકામાં ચાર કરી છે, ઝઘડીયા તાલુકામાં ૯૯ કરી છે. વાલીયા તાલુકામાં ૫૬ કરી છે. આમ ભરૂચ જિલ્લામાં ૧૫૯ ટ્રાયબલ વિસ્તારમાં અને નોન ટ્રાયબલ વિસ્તારમાં કુલ ભરૂચમાં ચાર, વાગરામાં એક, જંબુસરમાં બે એમ કુલ સાત કરી છે અને ભરૂચ જિલ્લામાં કુલ ૧૬૬ આ મીની પાઈપલાઈન યોજના મંજૂર કરી છે અને એને ખૂબ સારો આવકાર એ વિસ્તારના નાગરિકો અને પ્રજાજનો તરફથી મળ્યો છે. વધુ ને વધુ હેન્ડપંપો અને ફળીયાઓને આ રીતે મીની પાઈપલાઈન યોજનાથી આવરી લેવાની માગણી આવે જાય છે અને અમારો પણ પ્રયત્ન છે કે શકય હોય તેટલા વધુ વિસ્તારોને આ મીની પાઈપલાઈન યોજનાથી આપણે પ્રજાને પીવાના પાણીની સુવિધા આપીએ. બીજો હેન્ડપંપ વિશેનો એમણે પ્રશ્ન કર્યો કે ભરૂચ જિલ્લામાં જુથ પાણી પુરવઠા યોજનાઓ તો છે પણ જે આંતરિયાળ અને ગરીબ વિસ્તાર છે, પર્વતાળ વિસ્તાર છે એવા ૪૮૪ ગામમાં ૪૩૯૦ હેન્ડપંપ અત્યારે કાર્યરત છે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભરૂચ જિલ્લામાં ૨૦૦૮-૦૯માં મીની પાણી પુરવઠા યોજનાઓ જે બનાવવામાં આવી એ પ્રમાણેની અંતર્ગત ૨૦૦૯-૧૦ના વર્ષમાં આવી કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, આ યોજના હાલમાં કયા તબકકે છે અને આ યોજનાઓ પાછળ કેટલો ખર્ચ થનાર છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં આગળના જવાબમાં જ કહયું કે અમે વધુ ને વધુ શકય હોય તેટલું ફીઝીકલ હોય એ પ્રમાણે બજેટની જોગવાઈઓનો આમાં કોઈ પ્રશ્ન નથી કારણકે જિલ્લા આયોજન, આદિજાતિ સબ પ્લાનની રકમો અને પાણી પુરવઠાના જનરલ બજેટ બધામાંથી જયાં જયાં જરૂર હશે ત્યાં આપણે કરી આપીશું.

## રાજયમાં સરકારી મેડીકલ કોલેજોને સોસાયટીમાં રૂપાંતરિત કરવા બાબત

***૧૪૭૨૭ શ્રી જયંતભાઈ ર. પટેલ (સારસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

રાજયમાં આવેલ સરકારી મેડીકલ કોલેજો ચલાવવામાં આવી રહેલ છે તેને મેડીકલ સોસાયટીમાં રૂપાંતરિત કરવાથી મેડીકલનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખાનગી ધોરણે ફી ભરવાની આવશે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

રાજયમાં આવેલ સરકારી મેડીકલ કોલેજો મેડીકલ સોસાયટીમાં રૂપાંતરિત કરવા બાબતનો નીતિ વિષયક નિર્ણય હજી લેવાયેલ નથી તેથી મેડીકલનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખાનગી ધોરણે ફી ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જયંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં એવું આપ્યું છે કે નીતિ વિષયક નિર્ણય લીધો નથી. હું આપને માનનીય અધ્યક્ષશ્રીના માધ્યમથી વિનંતી કરું છું કે જયારે નીતિ વિષયક નિર્ણય લો ત્યારે ગુજરાતના મેડીકલ સ્ટુડન્ટને ધ્યાનમાં લઈને જે અત્યારે એક દહેશત ફેલાઈ રહી છે કે મેડીકલ સ્ટુડન્ટની ફી વધવાની છે. અઢીથી છ લાખ ફી થવાની છે. મેડીકલના સ્ટુડન્ટોને કોલેજોમાં, ઈવન હોસ્ટેલમાં જે પહેલા ફી ખૂબ ઓછી હતી એ અત્યારે વધારી દેવામાં આવી છે તો આપના માધ્યમથી મંત્રીશ્રી કંઈ જણાવશે ખરા?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, એક જાણીબુજીને ઉભી કરવામાં આવેલી ગેરસમજ આજકાલ એવી ચાલે છે કે આ સેલ્ફ ફાઈનાન્સ કોલેજો થઈ જવાની છે. સરકાર ખાનગીની માફક ફી વધારી દેવાની છે. જે જે આવી ચિંતા કરે છે અને આવો ભ્રમ ફેલાવે છે એને મારે આપના માધ્યમ થકી ખાતરી આપવી છે કે સરકાર ગુજરાતના વિદ્યાર્થીઓનું અને ગુજરાતના ગરીબમાં ગરીબ વિદ્યાર્થીઓ ટયુશનનું ટોર્ચર વેઠયા વગર ડોકટર બને એ માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. અત્યાર સુધી બીજા રાજયમાં ગુજરાતના વિદ્યાર્થીઓ જતા હતા. બીજા રાજયમાં એમ.બી.બી.એસ.માં એડમીશન લેવું હોય તો ચાલીસ- ચાલસ, પિસ્તાલીસ લાખ કેપીટેશન ફી આપવી પડતી હતી. રોકડા પૈસા આપવા પડતા હતા. રેડીયોલોજીમાં એડમીશન લેવું હોય તો એક કરોડ અને વીસ લાખ રૂપિયા રોકડા આપવા પડતા હતા. કોના હિતની ચિંતા કરીએ છીએ આપણે? કર્ણાટક અને મહારાષ્ટ્રમાં કોલેજોમાં આપણે ૧૨૦૦કરોડ રૂપિયા દર વર્ષે મોકલતા હતા અહીંથી અને અત્યારે ગરીબ વિદ્યાર્થીઓના હામી થવાને નાતે, ગરીબ વિદ્યાર્થીઓની ચિંતા કરવાને નાતે ગુજરાતનો કોઈપણ ગરીબ વિદ્યાર્થી મેડીકલમાં એડમીશન પૈસા વગર ભણ્યા વગર નહીં રહે એની માટે ખાતરી આપું છું.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**દેત્રોજ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ મંજૂર કામો**

૧૫૭૪૩**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના દેત્રોજ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૨૧ યોજનાઓના કામો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા ? | (૨) ૧૪ યોજનાઓના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. |

**મહી નદીમાં કાંસ બનાવવા માગણીઓ**

૧૫૨૭૬**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં ચોમાસા દરમિયાન ગામોમાં વરસાદના પાણી ભરાઈ જાય છે, તેના નિકાલ માટે મહી નદીમાં નવીન કાંસ બનાવવા સરકારમાં કોઈ માગણી આવી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત માગણી અન્વયે સરકારે કોઈ કાર્યવાહી કરી છે કે કેમ, અને | (૨) તાંત્રિક તેમજ આર્થિક પાસાઓની ચકાસણી હેઠળ છે. |
| (૩) જો ના, તો સરકાર હવે ક્યારે કાર્યવાહી કરવા માંગે છે ? | (૩) અભ્યાસ પૂર્ણ થયે નક્કી થઇ શકે. |

**બનાસકાંઠા જિલ્લામાં બનાવટી દેશી ઘીના ઉત્પાદન બાબત**

૧૪૪૧૦**શ્રી મફતલાલ મો.પુરોહિત(ધાનેરા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં મોટા પ્રમાણમાં બનાવટી દેશી ઘીનું ઉત્પાદન થઈ રહેલ છે તેવું સરકારના ધ્યાનમાં આવેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) આવી બનાવટી દેશી ઘીના ઉત્પાદનની પ્રવૃત્તિ ડામવા સરકારે શા પગલાં લીધા છે, અને | (૨) બનાવટી દેશી ઘીના ઉત્પાદનની પ્રવૃત્તિ ડામવા રાજ્યના ખોરાક અને ઓષધ નિયમન તંત્ર દ્વારા સમગ્ર રાજ્યમાં ઘીના ઉત્પાદન અને વેચાણ ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહેલ છે. જ્યાં પણ શંકા જણાય ત્યાં વ્યાપક પ્રમાણમાં નમુના લઇ અને તેનું પૃથ્થકરણ કરાવવામાં આવે છે. |
| (૩) કેટલા ઈસમો સામે કાયદા અનુસાર કેસ કરવામાં આવ્યા ? | (૩) બનાવટી દેશી ઘીનું ઉત્પાદન કરવા બાબત સરકારશ્રીના ધ્યાનમાં આવેલ નથી, પરંતુ તંત્રના ખાદ્યનિરીક્ષકો દ્વારા ફરજના ભાગ રૂપે લેવામાં આવેલ ઘ ીના નમુનાઓ પૈકી ૦૧ નમૂનો ભેળસેળ વાળો જાહેર થતાં ૦૨ ઇસમો સામે કાયદા અનુસાર કેસ કરવામાં આવે છે. |

**ખેડા જિલ્લામાં આગામી ઉનાળામાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવા બાબત**

૧૪૦૯૪**શ્રી રામસિંહ પરમાર(ઠાસરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં આગામી ઉનાળામાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હાલ કોઇ આયોજન નથી. |

અને

(૨) તે અન્વયે તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કોઈ પ્લાન બનાવેલ છે કે કેમ ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**નર્મદાનું પાણી રાજકોટ જિલ્લાના શહેરો અને ગામોને પૂરું પાડવા બાબત**

૧૪૭૭૮ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના કેટલા શહેરો અને ગામોને નર્મદાનું પીવાનું પાણી પુરું પાડવામાં આવે છે, અને | (૧) ૨૧૯ ગામો અને ૨ શહેરોને. |
| (૨) આ જિલ્લામાં બાકીના શહેરો અને ગામોને નર્મદાનું પીવાનું પાણી પહોંચાડવાની કોઈ યોજના વિચારણામાં છે કે કેમ ? | (૨) હા, જી.<br>બાકી રહેતા ૩૮૨ ગામો પૈકી ૧૭૬ ગામોના યોજનાકિય કામો પ્રગતિમાં છે જે માહે ૧૨/૨૦૧૧ સુધીમાં ક્રમશઃ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. ૨૦૬ ગામોનું તાંત્રિક સર્વેક્ષણ કરી પ્રથમ તબક્કે બલ્ક લાઇનનું કામ વહેલી તકે હાથ પર લેવાનું આયોજન છે. ત્યારબાદ ડીસ્ટ્રીબ્યુશન ગૃપના કામો હાથ પર લેવાનું આયોજન છે. |

------------

**ગાંધી સરકીટ તરીકે પ્રવાસન વિકાસની યોજના**

૧૫૭૯૩**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં રાજ્ય સરકાર ધ્વારા ગાંધી સરકીટ તરીકે પ્રવાસન વિકાસ માટેની કોઈ યોજના અમલમાં મૂકવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત રાજ્ય સરકારે તા. ૩૧-૧-૧૦ સુધીમાં કઈ કઈ કામગીરી હાથ ધરી છે, અને | (૨) રાજ્ય સરકારે તા.૩૧-૧-૧૦ સુધીમાં નીચે મુજબની કામગીરી હાથ ધરી છે.<br>**૧. પોરબંદર** - પોરબંદર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે ચોપાટીનો વિકાસ, સુદામા મંદિરના સભામંડપનું સુધારા વધારાનું કામ, ભારત મંદિરથી હાઈવે સુધીના રોડનું કામ, પક્ષી અભિયારણ સાથે રોપવેનું કામ, માછલીઘર રીનોવેશનનું કામ, એસ.ટી. પાસેના રીલાયન્સ ફુવારાથી જગદીશ વિલા ક્રિકેટ ગ્રાઉન્ડની આજુબાજુ ફુટપાથ બનાવવાનું કામ, બાલભવન અને રીલાયન્સ સામેના બગીચાઓ ફરતે ફુટપાથ બનાવવાનું કામ ચોપાટી વિસ્તાર તથા આજુબાજુની જ્ગ્યા પર રોડની સાઈડમાં ફુટપાથ બનાવવાની કામગીરી અને આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે કાર્યયોજના આધારીત સેપ્ટ સંસ્થા પાસેથી અહેવાલ તેયાર કરાવવામાં આવેલ છે.<br>**૨. રાજકોટ** - એમ.જી. વિધાલય રાજકોટ ખાતે આંતર-માળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે કાર્યયોજના આધારીત સેપ્ટ સંસ્થા પાસેથી અહેવાલ તેયાર કરાવવામાં આવેલ છે.<br>**૩. સાબરમતી આશ્રમ** - અમદાવાદ માટે આંતર-માળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે કાર્યયોજના આધારીત સેપ્ટ સંસ્થા પાસેથી અહેવાલ |

તેયાર કરાવવામાં આવેલ છે. તા.૨૯-૭-૨૦૦૯ ના પત્રથી કેન્દ્ર સરકારશ્રીને રૂપિયા ૩૫૦-૦૦ કરોડનો પ્રોજેકટ યોગ્ય સહાય માટે મોકલાવેલ છે.

**૪. દાંડી હેરીટેઈઝ કોરીડોર** - પૂજ્ય મહાત્મા ગાંધીજીએ સાબરમતી આશ્રમ અમદાવાદથી દાંડી સુધી કરેલ દાંડીકુચ દરમ્યાન જે જે ૨૧ સ્થળોએ રાત્રિ રોકાણ કરેલ હતું તે બધી જગ્યાએ જુદા જુદા પ્રકારની પ્રવાસન સુવિધાઓની કામગીરી હાથ ઉપર છે. જેમાં દિશા સુચક અને માહિતી દર્શાવતા બોર્ડ, મેમોરીયલની સફાઈ, સ્મારકોનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન કમ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવેનીયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, ગેસ્ટરૂમ, પીવાના પાણીની સગવડતા, મ્યુઝીયમ, ઓડીયોવીઝયુઅલ રૂમ, કાફેટેરીયા, પબ્લીક ટોયલેટ, પાર્કીંગ તથા કેમ્પીંગ સાઈટ જેવી સુવિધાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત દાંડી સ્થળના વિકાસ માટે પબ્લીક એમીનીટી બિલ્ડીંગ, ગાંધી ઈન્સ્ટીટયુટ વીથ વર્કશોપ, લેન્ડ સ્કેપીંગ, રેઈન વોટરહારવેસ્ટીંગ સીસ્ટમ, રોડ કામ, ટ્રી પ્લાન્ટેશન, ગામ તળાવની સુધારણા અને વિકાસની કામગીરી, બેઠક વ્યવસ્થા, ફુડ પ્લાઝા, ગાંધી યાત્રિકોનું સ્મારક, માહિતી કેન્દ્ર અને મેળા ગ્રાઉન્ડનો વિકાસ હાથ પર લેવામાં આવેલ છે.

(૩) તા. ૩૧-૧-૧૦ સુધીમાં તે અંતર્ગત શું પ્રગતિ થઈ છે ?

(૩) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પોરબંદર ખાતે વર્ષ ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ સુધી ફાળવેલ ગ્રાન્ટ અન્વયેની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. અને વર્ષ ૨૦૦૯-૧૦ અન્વયેની કામગીરી હાથ પર લેવામાં આવેલ છે. વધુમાં રાજકોટ અને સાબરમતી આશ્રમ અમદાવાદની કામગીરી વિચારણા હેઠળ છે. જ્યારે દાંડી હેરીટેઈઝ કોરીડોર અને દાંડી સ્થળના વિકાસ માટે આર્કીટેક, પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અને કોન્ટ્રાકટરોની પસંદગી કરી વર્કઓર્ડર આપવામાં આવેલ છે. કોન્ટ્રાકટરો દ્વારા કામગીરી પ્રગતિમાં છે.

**છોટા ઉદેપુર તાલુકા માટે પીવાનું પાણી પૂરું પાડવા યોજના**

૧૫૬૩૦ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા(છોટાઉદેપુર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના છોટા ઉદેપુર તાલુકા માટે પીવાનું પાણી પૂરું પાડવા માટે કોઈ યોજના મંજૂર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાંથી કેટલા ગામોને લાભ થનાર છે, અને | (૨) ૧૨૪ ગામોને લાભ થનાર છે. |
| (૩) આ યોજના ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) કુલ ૧૩૫ યોજનાઓ મંજૂર થયેલ છે. તે પેકી ૬૯ યોજનાઓના કામો પૂર્ણ થયેલ છે અને ૬૬ યોજનાઓના કામો પ્રગતિમાં છે. |

------------

**અમદાવાદ શહેરના વિકાસ માટે કેન્દ્ર સરકારની ગ્રાન્ટ**

૧૫૦૩૬**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| અમદાવાદ શહેરના વિકાસ માટે તા. ૩૧-૧-૧૦ની | અમદાવાદ શહેરના વિકાસ માટે તા.૩૧-૧-૧૦ ની |

સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રૂ.૯૮.૨૩ કરોડ અને રાજ્ય સરકાર તરફથી રૂ.૪૨.૨૫ કરોડની એમ કુલ રૂ.૧૪૦.૪૮ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

------------

**રાજકોટ જિલ્લાને બાજપાઈનગર વિકાસ યોજના અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ**

૧૫૬૩૯ **શ્રી કાંતિભાઈ અમૃતિયા(મોરબી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૯-૨૦૧૦ના વર્ષમાં તા. ૩૧-૧-૧૦ સુધીમાં રાજકોટ જિલ્લામાં બાજપાઈનગર વિકાસ યોજનાના બીજા તબક્કામાં કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) બીજા તબક્કામાં કેટલા કામોને મંજૂરી આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૧-૧-૨૦૦૯ થી તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓને બાજપાઈનગર વિકાસ યોજના હેઠળ કુલ રૂ.૬૪૨.૫૮ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે.

(૨) બીજા તબક્કામાં કુલ ૨૧૫ કામોને મંજૂરી આપવામાં આવેલ છે.

------------

**જામનગર જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી**

૧૫૭૭૯ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

૧. પીરોટન ટાપુ : પ્લેટફોર્મ, આવાસ માટે પ્લાસ્ટીક ડોમ, એન્ટ્રરપ્રીટેશન કમ પ્રોજેકટ રૂમ, ઓડીયોવીઝયુઅલ સાધનો, જનરેટર સેટ, ફાઈબર ગ્લાસના મુવેબલ શેડ, પોર્ટેબલ ટોયલેટ, ટેલિસ્કોપ, ફર્નીચર સાથે રહેવા માટે કોટેજ, સોલાર લાઈટ, મુવેબલ બેન્ચીસ, બોટીંગ જેટી, સાઈનબોર્ડ, પ્રોટેક્શન વોલ અને મીઠા પાણીના સ્ટોરેજ માટેની ટાંકીની કામગીરી હાથ પર લેવામાં આવેલ છે.

૨. ભારત સરકાર દ્વારા નાગેશ્વર ખાતે હાર્ડવેર, કોમ્પોનન્ટ અન્વયે હટ, દુકાનો, સ્ટેજ, રેસ્ટોરન્ટ, ડોરમેટરી, સેનેટરી રૂમ, વીન્ડમીલ, સોલાર સીસ્ટમ, પાર્કીંગ, મુખ્ય દરવાજો, લેન્ડસ્કેપ સોફટવેર કોમ્પોનન્ટ અન્વયે પ્રમોશન અને માર્કેટીંગ વર્ક, વર્કશોપ અને ઈવેન્ટ, ટ્રેનીંગ અને કેપેસીટી બિલ્ડીંગ, વહીવટી સર્પોટ, અને પ્રવાસન સાહિત્યની કામગીરીનો સમાવેશ થાય છે.

૩. ખાસ અંગભુત યોજના અંતર્ગત જોડીયા તાલુકાના આમરણ ગામે સંતશ્રી ભીમસાહેબની જગ્યા ખાતે મુખ્ય પ્રવેશ દ્વાર, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ બ્લોક, કંપાઉન્ડ વોલ, બાગબગીચા, બેઠક વ્યવસ્થા, પેવરબ્લોકનું પેવીંગ, યાત્રાળુઓ માટે શેડ, પાર્કીંગ, સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ અને સાઈનેજીસની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

૪. દ્વારકા,નાગેશ્વર, બેટ દ્વારકા ટુરીસ્ટ સર્કીટ અન્વયે સંકલિત વિકાસ માટે સેપ્ટ મારફતે કાર્યયોજના આધારીત અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં દ્વારકામાં પરિક્મા પથનો વિકાસ, રાવલા તળાવનો વિકાસ, મંદિરચોક અને બલભદ્ર શેરીનો વિકાસ, સનસેટ પોઈન્ટ અને ભડકેશ્વર મંદિરનું જોડાણ, ગોમતી નદીના ઘાટનું

રીપેરીંગ, તહેવાર દરમ્યાન સર્વિસ એરિયા તથા શેરીનો વિકાસ, સમુદ્રનારાયણ મંદિરની નજીકના દરિયાકાંઠાનો વિકાસ, નાગેશ્વર ખાતે તળાવ પ્રવાસન પથ અને ગ્રામ્ય હાટનો વિકાસ, સમરાસર (ગોપીતળાવ) ખાતે વોકવે, તળાવ, અને ગામચોકનો વિકાસ, ઓખામઢીનો વિક એન્ડ ડેસ્ટીનેશન તરીકે વિકાસ, શીવરાજપુર ખાતે કેમ્પીંગ સાઈટનો વિકાસ, પોશીત્રા ખાતે ઈકો ટુરીઝમ માટે કેમ્પીંગ સાઈટનો વિકાસ, ચરખલા મેઈનરોડ ઉપર સાઈનેજીસ, બેટદ્વારકા ખાતે પદમેશ્વર મહાદેવની મંદિરની પિ?મ સાઈડના દરિયાકાંઠાનો, રણછોડ તળાવનો વિકાસ.

૫. જામનગર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન વિકાસ માટે સેપ્ટ સંસ્થા મારફતે કાર્યયોજના આધારીત અહેવાલ તેયાર કરવામાં આવેલ છે. જેમાં સાડી માર્કેટ અને બાંધણીશેરીમાં સુધારા વધારા, વેલીન્ગટન ડેમથી ગ્રેન માર્કેટ સુધીની ફુટપાથ, હેરીટેજ એરિયાના પ્રમોશન માટે સાઈનેજીસ, પાર્કીંગ, વેલીન્ગટન ડેમના સુધારા-વધારા, રણજીત સાગર ડેમની આજુબાજુનો વિકાસ જેવી કામગીરીનો સમાવેશ થાય છે. જે માટે વર્તમાનપત્રમાં જાહેરાત આપી આર્કીટેકની પસંદગી કરવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

| | |
|---|---|
| (૨) આ માટે રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવેલ છે, અને | (૨) આ માટે રાજ્ય સરકારે રૂપિયા ૩,૦૮,૭૪,૫૪૮-૦૦ ગ્રાન્ટ ફાળવેલ છે. |
| (૩) તે પેકી કેટલો ખર્ચ કર્યો ? | (૩) તે પેકી રૂપિયા ૩૬,૬૭,૭૮૭-૦૦ નો ખર્ચ કરેલ છે. |

------------

## ઉમરેઠ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત કામો

૧૫૬૨૮**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં ઉમરેઠ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) સ્વજલધારા કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ કોઈ કામ મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) તે પેકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ઉકાઈ અને કાકરાપાર સિંચાઈ યોજનાના કમાન્ડ વિસ્તારમાં સિંચાઈ

૧૫૭૪૭**શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ઉકાઈ અને કાકરાપાર સિંચાઈ યોજનાના કમાન્ડ વિસ્તારમાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ખરીફ ઋતુ દરમ્યાન કેટલા વિસ્તારમાં સિંચાઈ થયેલ છે ? | ૧,૨૬,૬૭૪ હેકટર વિસ્તારમાં સિંચાઈ થયેલ છે. |

## જૂનાગઢ જિલ્લામાં પાકા જળ સંગ્રાહક સ્ટ્રકચર બનાવવા બાબત

૧૫૬૦૦**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા(માંગરોળ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા પાકા જળ સંગ્રાહક સ્ટ્રકચર બનાવવામાં આવ્યા, | (૧) ૨૧૭. |

(૨) જળ સંગ્રાહક બાંધવામાં કેટલો ખર્ચ થયો, અને — (૨) રૂ.૮૫૦.૦૮ લાખ.

(૩) કુલ કેટલા વિસ્તારમાં પૂરક પિયત કરવામાં આવી ? — (૩) આશરે ૩૨૦૦ હેકટર વિસ્તાર ઉદવહન સિંચાઈ હેઠળ આવરેલ છે.

**સાણંદ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ મંજૂર પાણી પુરવઠાના કામો**

૧૫૭૪૫**શ્રી કમાભાઈ ગ.રાઠોડ(વિરમગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાનાં સાણંદ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યાં, અને | (૧) ૧૮ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. |
| (૨) તે પૈકી કુલ કેટલાં કામો પૂર્ણ કરવામાં આવ્યા ? | (૨) ૦૭ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે. |

**માંડવી અને બારડોલી તાલુકામાં પાણી પુરવઠાના કામોમાં ફરિયાદો**

૧૫૮૦૩**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાનાં માંડવી અને બારડોલી તાલુકાનાં ગામોમાં પાણી પુરવઠા યોજનામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં ભ્રષ્ટાચાર અને નબળા બાંધકામ અંગે કેટલી ફરિયાદો મળી છે, | (૧) કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) તે પૈકી કેટલી ફરિયાદોમાં તથ્ય જણાયું, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તથ્ય જણાયેલ ફરિયાદો બાબતે જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યાં ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમરેલી જિલ્લામાં સુજલામ-સુફલામ યોજના અંતર્ગત મંજૂર કામો**

૧૫૦૫૦**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં સુજલામ-સુફલામ યોજના નીચે તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલા કામો મંજૂર કરાયેલ છે, અને | (૧) ૭૦૧ ચેકડેમના કામો મંજૂર કર્યા. |
| (૨) મંજૂર કરાયેલ કામો પૈકીના ક્યા ક્યા કામો પૂર્ણ કરવામાં આવેલ છે ? | (૨) *પત્રક મુજબ ૪૭૧ ચેકડેમના કામો પૂર્ણ થયેલ છે. |

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**સાબરકાંઠા જિલ્લાના વાત્રક, માઝુમ અને મેશ્વો જળાશયો નર્મદાના પાણીથી ભરવા બાબત**

૧૪૪૪૨**શ્રી દિલિપસિંહજી પરમાર(મોડાસા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાની વાત્રક, માઝુમ અને મેશ્વો જળાશયોમાં નર્મદાનાં પાણી ભરવા માટેની કોઈ યોજના તૈયાર કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અન્વયે આ કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે, અને | (૨) અને (૩) શક્ય તેટલું વહેલું. |
| (૩) તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | |

**ઓખા મંડળ વિસ્તારમાં સેકટર રીફોર્મ યોજના અંતર્ગત મંજૂર કામો**

૧૫૭૪૧**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી(જામનગર (રુરલ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ઓખા મંડળ વિસ્તારમાં | (૧) સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ ૧૦ |

સેકટર રીફોર્મ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યાં, અને

ગામોના કામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી કુલ કેટલાં કામો પૂર્ણ કરવામાં આવ્યાં ?

(૨) ૪ ગામોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

------------

## આણંદ જિલ્લામાં કાંસ/નહેરો ધ્વારા વરસાદી પાણીનો નિકાલ

૧૪૦૯૨**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં દર વર્ષે વરસાદી પાણીથી ખેડૂતોને ભારે નુકસાન થાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) ભારે વરસાદ હોય ત્યારે જ કેટલાક વિસ્તારના ખેડૂતોને અસર થાય છે. |
| (૨) જો હા, તો કાંસ/નહેર વિભાગ ધ્વારા તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કાયમી ધોરણે આ નુકસાન અટકાવવા કઈ કઈ કામગીરીઓ હાથ ધરવામાં આવી ? | (૨) કાંસની મરામત, કાંસ પરના નાળાની મરામત, નવા નાળાનું બાંધકામ વિગેરે કામગીરી હાથ ધરી તેમજ વરસાદી પાણીના નિકાલ માટે સર્વગ્રાહી અભ્યાસ હાથ ધરેલ છે. |

------------

## પાટણ જિલ્લામાં સરસ્વતી બેરેજ યોજના અંતર્ગત સિંચાઈ

૧૫૬૪૮**શ્રી રજનીકાન્ત સો.પટેલ(ચાણસ્મા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં સરસ્વતી બેરેજ યોજના અંતર્ગત કુલ કેટલા હેકટર જમીનમાં સિંચાઈ કરવામાં આવેલ છે, અને, | (૧) ૧૪૭૫ હેકટર |
| (૨) ચાલુ વર્ષે રવિ સિઝનમાં કેટલા હેકટરમાં પિયતનું આયોજન કરેલ છે ? | (૨) ૧૦૦૦ હેકટર |

## જે.એન.યુ.આર.એમ. હેઠળ રાજ્યકક્ષાએ મળેલ ગ્રાન્ટ

૧૪૫૧૦**ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ રાજ્ય કક્ષાએ કેટલા કરોડની ગ્રાન્ટની મંજૂરી મળેલ છે ? | તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ રૂ.૨૦૧૮.૭૫ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરેલ છે. જેમાં ભારત સરકારનો હિસ્સો રૂ.૧૪૭૭.૭૮ કરોડ તથા ગુજરાત સરકારનો હિસ્સો રૂ.૫૪૦.૯૭ કરોડનો છે. |

------------

## લાઠી તાલુકામાં સેકટર રીફોર્મ યોજના હેઠળ મંજૂર કામો

: ૧૫૭૪૪ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા(ધારી) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં સેકટર રીફોર્મ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ ૧૨ ગામોની યોજનાઓના કામો મંજૂર કરવામાં આવ્યા છે. |

(૨) તે પૈકી કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા ?

(૨) ૪ ગામોની યોજનાઓના કામો પૂર્ણ કરવામાં આવ્યા.

**સ્વજલધારા યોજનામાં કેન્દ્ર ફાળવેલ ગ્રાન્ટ**

૧૫૭૩૨**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા સ્વજલધારા યોજના અંતર્ગત કેટલી ગ્રાન્ટ ફાળવેલ છે, અને

(૨) સદર યોજના કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો કેટલો ?

**જવાબ**

(૧) રૂા. ૧૬૧૨૬.૫૦ લાખ.

(૨) સ્વજલધારા યોજના કેન્દ્ર પુરુસ્કૃત છે. જેનો અમલ ૧૪ જિલ્લામાં થાય છે. બાકીના ૧૨ જિલ્લામાં રાજ્ય પુરુસ્કૃત સેકટર રીફોર્મ યોજના અમલીકરણ હેઠળ છે.

**સાબરકાંઠા જિલ્લામાં તળાવો ઊંડા કરવા અંગે**

૧૫૫૦૬**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા તળાવો ઊંડા કરવા માટે મંજૂરી આપવામાં આવી અને એનું આયોજન કેટલા રૂપિયાનું હતું,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા અને એની પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) બાકીના મંજૂર થયેલ તળાવો ઊંડા ન કરવાનાં કારણો શાં છે ?

**જવાબ**

(૧) સામેલ પત્રક-૧ મુજબ ૨૯૯ તળાવ મંજૂર કર્યા. આયોજિત ખર્ચ રૂ. ૨૦.૫૪ કરોડ.

(૨) સામેલ પત્રક-૨ મુજબ.
૨૧૧ તળાવ ઊંડા કર્યા. રૂ.૫.૮૬ કરોડનો ખર્ચ થયો.

(૩) બાકીના મંજૂર થયેલ તળાવો પૈકી ૨૯ તળાવ તાજેતરમાં મંજૂર કરેલ હોવાથી, ૧ તળાવ રદ કરેલ હોવાથી અને ૫૮ તળાવોમાં લોકફાળો ન મળવાથી તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ઊંડા કરવાના બાકી છે.

**પત્રક-૧**

| અ.ન. | તાલુકાનું નામ | તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં | |
|---|---|---|---|
(૨) આ યોજનાનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) : પાયામાં નબળા પ્રકારનાં પથ્થર મળતા હોવાથી યોજનાના વિકલ્પે સીરીઝ ઓફ ચેકડેમ કરવાની બાબત વિચારણા હેઠળ છે.

## સુજલામ સુફલામ યોજનામાં સમાવિષ્ટ ડીસા તાલુકાના ગામો

૧૪૦૮૫ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુજલામ સુફલામ યોજના હેઠળ ડીસા તાલુકાના ક્યા ગામોને આવરી લેવામાં આવ્યા છે, અને

(૨) તે અંગેની કામગીરી અત્યારે ક્યાં તબક્કે છે?

**જવાબ**

(૧) ૪૮ ગામો આવરી લેવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| ધાનપુરા | રાણપુર ઉ.વાસ | વાસણા (વાતમ) | રામસણ |
| ભડથ | સણથ | લાખણી | રમુણ |
| બુરાલ | સમો મોટા | ભાદરા | ભાકડીયાળ |
| તાલેપુરા | સોડાપુર | જુના નેસડા | ધાણા |
| આગડોલ | કણાજરા | લક્ષ્મીપુરા | જસરા |
| ધાડા | કોઠા | નાના કાપરા | માણકી |
| વડાવલ | લુણપુર | નવા નેસડા | રાણપુર આ.વાસ |
| વાહરા | દશાનાવાસ | સાવિયાણા | મોટી આખોલ |
| ડાવસ | ભદ્રામલી | આસેડા | બાઇવાડા |
| મેડા | સદરપુર | ચોરા | વિઠોદર |
| વડલીફાર્મ | છત્રાલા | ધરપડા | ટેટોડા |
| મહાદેવીયા | મુડેઠા | ખરડોસણ | કંસારી |

(૨) ૪૬ ગામોમાં કામગીરી પૂર્ણ કરેલ છે અને બે ગામોમાં કામગીરી પ્રગતિમાં છે.

**સુજલામ-સુફલામ યોજના માટે કડાણા યોજનામાંથી ફળવાતું પાણી**

૧૫૦૩૪**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧૫-૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુજલામ-સુફલામ યોજનાને કડાણા યોજનામાંથી કેટલું પાણી આપવામાં આવેલ છે, અને | (૧) ૧૮૫.૫૪ મીલીયન ઘનમીટર. |
| (૨) કડાણા યોજનામાંથી દર વર્ષે કેટલું પાણી ફાળવવાનું આયોજન છે? | (૨) ચોમાસામાં જળાશયમાંથી પૂરના વહી જતા વધારાના પાણીની ઉપલબ્ધિ મુજબ. |

------------

**ખેડા જિલ્લામાં તળાવો નર્મદા યોજનાની પાઈપ લાઈનથી ભરવા બાબત**

૧૪૪૫૧**શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા આધારીત પાઈપ લાઈનોથી ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં ખેડા જિલ્લામાં કેટલા તળાવો ભરવામાં આવ્યા, અને<br>(૨) આ તળાવો મારફતે કેટલા હેકટર જમીનને સિંચાઈનો લાભ મળેલ છે? | (૧) અને (૨) : ખેડા જિલ્લામાં નર્મદા કેનાલ આધારિત કોઇ પાઇપલાઇન નથી. પરંતુ ચાલુ વર્ષે નર્મદા ડેમ ઓવરફલો થતાં નર્મદા કેનાલની નજીકમાં આવેલા ૭૭ તળાવો ખેડા જિલ્લામાં ભરવામાં આવેલ છે. આ પાણીથી સિંચાઇમાં સીધો અને આડકતરો લાભ ખેડૂતોને મળેલ છે. |

------------

**ભાવનગર જિલ્લાની માલણ બંધારા યોજના**

૧૪૦૮૮ **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના માલણ બંધારા યોજના તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) કામ પ્રગતિ હેઠળ છે. |
| (૨) તેને પૂર્ણ કરવા સરકારનું શું આયોજને છે? | (૨) બાકી રહેતું કામ વર્ષ ૨૦૧૦ ના ચોમાસા પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ વલસાડ જિલ્લામાં બનેલ ચેકડેમો**

૧૫૬૪૬ **શ્રી રમણલાલ ના.પાટકર(ઉમરગામ):માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ વલસાડ જિલ્લામાં કેટલા ચેકડેમો બનાવવામાં આવેલ છે? | ૧૨૮૬ ચેકડેમો બનાવવામાં આવેલ છે. |

**અમદાવાદ શહેરમાં ગરીબીરેખા નીચે જીવતા કુટુંબો**

૧૨૮૩૬**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં ગરીબીરેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા કેટલી છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં ગરીબીરેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા બી.પી.એલ. યાદી મુજબ ૧૬૭૮૦૫ છે. |
| (૨) ઉક્ત સમયગાળા દરમ્યાન કેટલાં કુટુંબોનાં નામો યાદીમાંથી રદ કરવામાં આવ્યા? | (૨) ઉક્ત સમયગાળા દરમ્યાન કોઇ જ કુટુંબોના નામો યાદીમાંથી રદ કરવામાં આવેલ નથી. |

------------

**કલ્યાણપુર તાલુકામાં સેક્ટર રીફોર્મ યોજના અંતર્ગત મંજૂર કામો**

૧૫૭૭૪**પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જામનગર જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં સેક્ટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યાં, અને | (૧) ૨૨ ગામોની યોજનાઓના કામો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે પેકી કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા? | (૨) ૧૧ ગામોની યોજનાઓના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. |

**બનાસકાંઠા જિલ્લામાં યાત્રાધામ તરીકે પસંદ કરવામાં આવેલ સ્થળો**

૧૫૫૦૧**શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા ક્યા અને કેટલા ધાર્મિક સ્થળો યાત્રાધામ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવેલ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં દાંતા તાલુકામાં અંબાજીનો ધાર્મિક સ્થળ યાત્રાધામ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવેલ છે. |
| (૨) તે પેકી દિયોદર તાલુકાના સણાદર ગામે અંબાજી માતાના મંદિરનો યાત્રાધામ તરીકે વિકાસ કરવામાં આવશે કે કેમ? | (૨) દિયોદર તાલુકાના સણાદર ગામે અંબાજી માતાજી મંદિરનો સરકાર હસ્તકના દેવસ્થાનમાં સમાવેશ થયેલ નથી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ડાંગ જિલ્લામાં બનેલ ચેકડેમો**

૧૫૬૪૭**શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠલ ડાંગ જિલ્લામાં કેટલા ચેકડેમો બનાવવામાં આવેલ છે? | ૧૧૦ ચેકડેમો બનાવવામાં આવેલ છે. |

------------

**કોડીનાર નગરપાલિકાએ યાત્રિકોનું મકાન ખાનગી ટ્રસ્ટને સોંપવા બાબત**

૧૪૦૯૬**શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જુનાગઢ જિલ્લાની કોડીનાર નગરપાલિકાએ ૨૦૦૭-૦૮ના વર્ષમાં કેન્દ્ર સરકારની આઈ.ડી.એસ. એમ.ટી. યોજના નીચે બનાવેલ યાત્રિકોનું મકાન ખાનગી ટ્રસ્ટને ઠરાવ કરી ફાળવી દીધેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. રાજ્ય સરકારની પરવાનગી મેળવવાની શરતે ઠરાવ કરેલ. |
| (૨) જો હા, તો સરકારની પૂર્વમંજૂરી મેળવેલ છે કે કેમ, જે ટ્રસ્ટને યાત્રિકોનું મકાન ફાળવેલ છે તે ટ્રસ્ટના સંચાલકો અને નગરપાલિકાના હોદ્દેદારો એક જ હોવાથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની જોગવાઈ નીચે કાર્યવાહી કરવાની થાય છે કે કેમ, અને | (૨) સરકારની પૂર્વમંજૂરી મેળવેલ ન હોવાથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની જોગવાઇઓ હેઠળ કાર્યવાહી કરવાની થાય છે. |
| (૩) એક વર્ષથી ક્લેક્ટર, જૂનાગઢને ફરિયાદ કરેલ છે તેમાં શી કાર્યવાહી થયેલ છે અને ફરિયાદનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે? | (૩) ક્લેક્ટરશ્રી જુનાગઢ કોડીનાર નગરપાલિકાએ ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની જોગવાઇઓ વિરુધ્ધ કરેલ ઠરાવ પ્રતિષેધ કરતાં હુકમ કરેલ છે. |

**જાફરાબાદથી જૂનાગઢ જિલ્લાના સુત્રાપાડા અને વેરાવળ તાલુકાને નર્મદાનું પાણી**

૧૪૪૩૪ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જાફરાબાદથી જૂનાગઢ જિલ્લાના સુત્રાપાડા અને વેરાવળ તાલુકાને નર્મદાનું પાણી આપવાની યોજના મંજૂર | (૧) હા, જી. |

કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કાર્યવાહી ક્યા તબક્કે છે?

(૨) યોજનાના બલ્ક લાઇનના ટેન્ડરો મંજૂર થયેલ છે અને તેના કામો હાલ પ્રગિતમાં છે. ૧૨૭ ગામોની ડીસ્ટ્રીબ્યુશન યોજના માટેના ટેન્ડરો માંગવામાં આવેલ છે અને ૩૬ ગામોની ડીસ્ટ્રીબ્યુશન યોજના માટેના ટેન્ડરો માંગવાની પ્રક્રિયા હેઠળ છે.

------------

**સફાઈ વેરા પ્રોત્સાહક તરીકે નગરપાલિકાઓને ફાળવેલ રકમ**

૧૫૭૩૭ડો. **ભરતભાઈ બોઘરા(જસદણ): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કેટલી રકમ સફાઈ વેરા પ્રોત્સાહક ગ્રાન્ટ તરીકે નગરપાલિકાઓને ચૂકવેલ છે ?

**જવાબ**

તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કુલ રૂા.૫,૪૮,૧૦,૨૦૫/- સફાઇવેરા પ્રોત્સાહક ગ્રાન્ટ તરીકે ૫૭(સત્તાવન) નગરપાલિકાઓને ચૂકવેલ છે.

**અમરેલી જિલ્લા પંચાયતમાં કાર્યપાલક ઈજનેરની ખાલી જગ્યા**

૧૨૪૮૭**શ્રી બાવકુભાઈ ઉંઘાડ(બાબરા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧૫-૧-૨૦૧૦ની સ્થિતિએ અમરેલી જિલ્લા પંચાયતમાં સિંચાઈ વિભાગમાં કાર્યપાલક ઈજનેરની જગ્યા કઈ તારીખથી ખાલી છે,

(૨) આ જગ્યા ન ભરવાના કારણો શાં છે, અને

(૩) આ ખાલી જગ્યા કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લા પંચાયતમાં સિંચાઇ વિભાગમાં કાર્યપાલક ઇજનેરની જગ્યા રદ થઇ હોવાથી તે ખાલી હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ખેડબ્રહ્મા નગરપાલિકાને અમૃતધારા યોજના હેઠળ ગ્રાન્ટ**

૧૫૭૫૨**શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાની ખેડબ્રહ્મા નગરપાલિકાને તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમૃતધારા યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવેલ છે, અને

(૨) તે અંતર્ગત કેટલા કામોને મંજૂરી આપવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમૃતધારા યોજના હેઠળ કોઇ ગ્રાન્ટ ફાળવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**મોટી વડાળ ગામે આરોગ્ય વિષયક સુવિધા**

૧૪૮૫૦**શ્રી આર.સી. પટેલ (જલાલપોર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મોટી વડાળ ગામમાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે પેટા કેન્દ્ર જેવી આરોગ્ય અંગે કોઈ સુવિધા નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ગામમાં કોઈપણ પ્રકારની આરોગ્ય સુવિધા ન હોવાના શાં કારણો છે, અને

(૩) સન ૨૦૦૯-૨૦૧૦માં મોટી વડાળ ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે પેટા-આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા અંગે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મોટી વડાળ ગામને આરોગ્ય સેવાઓ માટે નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટા આસરાણા અને પેટા કેન્દ્ર સરેરા હેઠળ આવરી લેવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સતલાસણા તાલુકામાં સેકટર રીફોર્મ યોજના અંતર્ગત મંજૂર કામો**

૧૫૭૭૮ : **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકામાં સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલાં કામો

**જવાબ**

(૧) ૨૬ ગામોની યોજનાઓના કામો મંજૂર કરવામાં આવેલ છે.

મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પેકી કુલ કેટલાં કામો પૂર્ણ કરવામાં આવ્યાં ?

(૨) ૧૩ ગામોની યોજનાઓના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

------------

**જિલ્લા પંચાયત ગોધરા હસ્તકના દામાવાવ તળાવ કામોમાં ગેરરીતિની ફરિયાદ**

૧૪૭૨૪**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા પંચાયત ગોધરા હસ્તકના નાની સિંચાઈના દામાવાવ તળાવના કામોમાં નાણાંકીય ગેરરીતિ થવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) ગેરરીતિ કરનારાઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા, અને

(૩) કેટલા રૂપિયાની ગેરરીતિ થયાનું સરકારના ધ્યાન ઉપર આવેલ છે ?

**જવાબ**

(૧) ૩ (ત્રણ) ફરિયાદ મળેલ છે.

(૨) અને (૩) : અત્યારે તપાસ ચાલી રહી છે તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં હેન્ડ પંપો**

૧૫૬૯૧ **શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા હેન્ડ પંપો બનાવવા કેટલી નાણાંકીય જોગવાઈ કરેલ છે, અને

(૨) તે અન્વયે કેટલા નવા હેન્ડ પંપો કાર્યરત થયા ?

**જવાબ**

(૧) અને (૨) : મંજુર કરેલ હેન્ડપંપો અને કરેલ નાણાંકીય જોગવાઇ અને કાર્યરત થયેલ હેન્ડપંપની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

**જિલ્લો : ભરૂચ**

| અ.નં. | તાલુકો | બનાવવાના થતા હેન્ડપંપ | કરેલ નાણાંકીય જોગવાઇ રૂપિયા (લાખમાં) | કરેલ બોર | કાર્યરત થયેલ હેન્ડપંપ |
|---|---|---|---|---|---|
| ૧ | ઝઘડીયા | ૧૮૯ | ૯૪.૫૦ | ૧૦૯ | ૮૧ |
| ૨ | વાલીયા | ૧૧૧ | ૫૫.૫૦ | ૭૩ | ૫૪ |
| ૩ | અંક્લેશ્વર | ૨૫ | ૧૨.૫૦ | ૨૦ | ૮ |
| ૪ | ભરૂચ | ૧૨ | ૬.૦૦ | ૦ | ૦ |
| ૫ | જંબુસર | ૭ | ૩.૫૦ | ૦ | ૦ |
| ૬ | આમોદ | ૬ | ૩.૦૦ | ૦ | ૦ |
| ૭ | વાગરા | ૦ | ૦.૦૦ | ૦ | ૦ |
| ૮ | હાંસોટ | ૦ | ૦.૦૦ | ૦ | ૦ |
| | **કુલ :** | **૩૫૦** | **૧૭૫.૦૦** | **૨૦૨** | **૧૪૩** |

**જિલ્લો : નર્મદા**

| અ.નં. | તાલુકો | બનાવવાના થતા હેન્ડપંપ | કરેલ નાણાંકીય જોગવાઇ રૂપિયા (લાખમાં) | કરેલ બોર | કાર્યરત થયેલ હેન્ડપંપ |
|---|---|---|---|---|---|
| ૧ | નાંદોદ | ૧૭૫ | ૮૭.૫૦ | ૧૦૫ | ૬૭ |
| ૨ | તિલક્વાડા | ૨૫ | ૧૨.૫૦ | ૦ | ૦ |
| ૩ | સાગબારા | ૫૦ | ૨૫.૦૦ | ૪૮ | ૩૫ |
| ૪ | ડેડીયાપાડા | ૧૦૦ | ૫૦.૦૦ | ૮૬ | ૫૩ |
| | **કુલ :** | **૩૫૦** | **૧૭૫.૦૦** | **૨૩૯** | **૧૫૫** |

------------

**વડોદરા જિલ્લાના પ્રવાસન સ્થળો તરીકે વિક્સાવવામાં આવનાર સ્થળો**

૧૫૮૦૧**શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ અને વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં વડોદરા જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં નીચે મુજબના સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવેલ છે.

(૨)
**વર્ષ ૨૦૦૮-૦૯**
(૧) ડભોઇ
(૨) વઢવાણ બર્ડ સેન્ચ્યુરી
(૩) ચાણોદ તા. ડભોઇ
**વર્ષ ૨૦૦૯-૧૦**
(૧) વડોદરા દર્શન બસ સેવા
(૨) વડોદરા શહેરમાં આવેલ પુરાતત્વ વિભાગ હસ્તક્ના બિલ્ડીંગો, સાઉન્ડ એન્ડ લાઇટ શો અને સીટી મ્યુઝીયમ
(૩) ખાસ અંગભુત યોજના અંતર્ગત કરજણ તાલુકાના હરસુંડા ખાતે આવેલ સંતશ્રી કબીરમંદિર.

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે,

(૨) પસંદ કરવામાં આવેલ સ્થળોએ નીચે મુજબની સુવિધા પુરી પાડવાની યોજના છે.
(૧) વઢવાણા બર્ડ સેન્ચ્યુરી ખાતે પ્રવાસીઓ માટે પાર્કીંગ, ટોઇલેટ તથા વિવિધ સુવિધાઓ અને ચાણોદ ખાતે યાત્રાળુઓ માટે પ્રવાસન આવાસની સુવિધા.
(૨) વડોદરા દર્શન માટે બસની સેવા, શહેરમાં આવેલ પુરાતત્વ વિભાગ, મકાનો ખાતે ઇલ્યુમિનેશન, વન અને પ્રકાશ શો તથા સીટી મ્યુઝીયમ ખાતે સુધારા-વધારા.
(૩) ખાસ અંગભુત યોજના અંતર્ગત કરજણ તાલુકાના હરસુંડા ખાતે આવેલ સંતશ્રી કબીરમંદિર ખાતે રોડ વર્ક, યાત્રાળુઓ માટે શેડ તથા હાટ, તળાવનો વિકાસ, ટોયલેટ બ્લોક, પીવાના પાણી માટે રૂમની કામગીરી કરવામાં આવનાર છે.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૩) વડોદરાને પસંદ કરાયેલ સ્થળ માટે વર્ષ વાર નીચે મુજબના નાણાં ફાળવવામાં આવેલ છે.
નાણાં ફાળવવામાં આવ્યા, અને
વર્ષ ૨૦૦૮-૦૯ : રૂપિયા ૩૨૮.૩૩ લાખ.
વર્ષ ૨૦૦૯-૧૦ : રૂપિયા ૧૦૦.૦૦૦ લાખ.

(૪) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) તેની સામે ખર્ચ રૂપિયા ૧૬૫.૯૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

## અમદાવાદ જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી

૧૫૭૮૬**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮ અને ૨૦૦૮-૨૦૦૯ દરમિયાન તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ અને વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જિલ્લાના પ્રવાસન સ્થળોએ નીચે મુજબની કમગીરી હાથ ધરવામાં આવી.
**વર્ષ ૨૦૦૭-૦૮**
(૧) ઘોડાસર : ઘોડાસર તળાવ ખાતે વોક-વે ફુટપાથની કામગીરી
(૨) બુટભવાની મંદિર અરણેજ : એપ્રોચ રોડના મજબુતીકરણની કામગીરી.

(૩) સારંગપુરઃ સારંગપુર એપ્રોચ રોડ તથા અંડરગ્રાઉન્ડ ગટરની કામગીરી.
(૪) કેસરડી : જોધલપીર મંદિરની આગળના ચોગાનમાં બેસવા તથા ફરવા માટે પત્થર પેવીંગની કામગીરી.
(૫) ઝાંઝરકા : ઝાંઝરકા ખાતે કોમ્યુનીટી હોલની કામગીરી.
(૬) ભડીયાદ : ભડીયાદ એપ્રોચ રોડની કામગીરી
(૭) વિરમગામ : વિરાંજલી વન બનાવવાની કામગીરી
વર્ષ ૨૦૦૮-૦૯
(૧) લોથલ : લોથલ, ગણેશપુરા તથા અરણેજ મંદિર સ્થળ, અંતર દર્શાવતા જુદા જુદા બોર્ડની કામગીરી લોથલ તળાવને ઉંડુ કરવાની કામગીરી, એપ્રોચ રોડ, ગટર વ્યવસ્થા તથા વોકવે અને પાર્કીંગની કામગીરી
વર્ષ ૨૦૦૯-૧૦
(૧) લપકાંમણ : તળાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે આનુસાંગિક કામગીરી.
પ્રવાસન નિગમ દ્વારા અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ હાથ ધરવામાં આવેલ કામગીરી.
(૧) કેસરડી : સંતશ્રી જોધલપીરની જગ્યાએ પીવાના પાણીનો રૂમ, ટોયલેટ બ્લોક, યાત્રાળુઓ માટે શેડ, હાટ, બાગ બગીચો, પેવર બ્લોક્નું પેવીંગ, પાથવે, સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ, સાઈનેજીસ, પાર્કીંગ તથા મુખ્ય પ્રવેશદ્વારની કામગીરી.
(૨) ઝાંઝરકા : સંતશ્રી સવગુણ સમાધી સ્થાન ખાતે મુખ્ય પ્રવેશ દ્વાર, કંપાઉન્ડ વોલ, પાથવે, ટોયલેટ, પીવાની પાણી માટેનો રૂમ, બાગ-બગીચા તથા રોડની કામગીરી.

આ ઉપરાંત ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા જિલ્લામાં આવેલ લોથલ, વિરમગામ, સાબરમતી આશ્રમ અમદાવાદ અને સરખેજ રોજા ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે સેપ્ટ સંસ્થા મારફત કાર્ય યોજના આધારિત અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. જે અન્વયેની કામગીરી વિચારણા હેઠળ છે.

(૨) આ માટે રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૨) આ માટે કુલ રૂપિયા ૨૯૩.૫૦ લાખ ગ્રાન્ટ ફાળવી. તદઉપરાંત અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા માટે રૂપિયા ૧૫૨.૮૯ લાખની કામગીરી પ્રવાસન નિગમ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

(૩) તે અંતર્ગત કેટલો ખર્ચ કર્યો ?

(૩) રૂપિયા ૧૦૯.૯૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા રૂપિયા ૧૦૮.૨૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

## ભરૂચ જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી

૧૫૭૬૯**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ અને વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ અને વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.

(૧) કબીરવડ ખાતે આંતરમાળખાકીય સુવિધા પુરી પાડવા શુક્લતીર્થ-મંગલેશ્વર-મઢી ગામથી કબીરવડ સુધી રોપવેની સુવિધા

(૨) આદીજાતિ વિસ્તાર વિકાસ યોજના અંતર્ગત ઝઘડીયા તાલુકાના કડીયા ડુંગર ખાતે યાત્રાળુઓ માટે શેડ, બાગબગીચા, બેઠક વ્યવસ્થા, ટોયલેટ, વાયરફેન્સીંગ, સ્થળોનું મહત્વ દર્શાવતુ બોર્ડ, પેવર બ્લોક પાથવે, હોડીંગ અને સાઈનેજીસ, ડુંગર પર ચઢવાના પગથીયા, પીવાના પાણીની કામગીરી.

(૩) પુજ્ય ગાંધીજીએ સાબરમતી આશ્રમથી દાંડી સુધી કરેલ દાંડી યાત્રામાં જે જે જગ્યાએ રાત્રી રોકાણ કરેલ હતુ તે પૈકી ભરૂચ જીલ્લામાં આવેલા નીચેના સ્થાળોનો પ્રવાસન વિકાસ અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ છે.

**૧. કારેલી :** સાઈનેજીસ, સ્મારકની સફાઈ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન કમ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવિનિયર શોપ, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા ટોયલેટ, પાર્કીંગ, કોમ્પીંગ સાઈટ, મ્યુઝીયમ, ઓડીયો વીઝયુલ, ફુડ કાફેટેરીયા

**૨. અણખી :** સાઈનેજીસ, સ્મારકની સફાઈ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન કમ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવિનિયર શોપ, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા ટોયલેટ, પાર્કીંગ, કોમ્પીંગ સાઈટ, મ્યુઝીયમ.

**૩ આમોદ :** સાઈનેજીસ, સ્મારકની સફાઈ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન કમ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવિનિયર શોપ, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા ટોયલેટ, પાર્કીંગ, કોમ્પીંગ સાઈટ, મ્યુઝીયમ.

**૪ સમની :** સાઈનેજીસ, સ્મારકની સફાઈ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન કમ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવિનિયર શોપ, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા ટોયલેટ, પાર્કીંગ, કોમ્પીંગ સાઈટ, મ્યુઝીયમ.

**૫ ડેરોલ :** સાઈનેજીસ, સ્મારકની સફાઈ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ.

**૬ અંકલેશ્વર :** સાઈનેજીસ, સ્મારકની સફાઈ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ.

**૭ માંગરોળ :** સાઈનેજીસ, સ્મારકની સફાઈ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન કમ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવિનિયર શોપ, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા ટોયલેટ, પાર્કીંગ, કોમ્પીંગ સાઈટ.

(૨) ઉપરોક્ત સ્થિતિએ રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી છે, અને ?

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારે રૂપિયા ૫૮૮.૩૬ લાખની ગ્રાન્ટ આપી છે.

(૩) તે માટે કેટલો ખર્ચ કર્યો ?

(૩) હાલ કોઈ ખર્ચ થયેલ નથી.

**આણંદ અને ખેડા જિલ્લામાં યાત્રાધામ તરીકે વિકાસ પામનારા સ્થળો**

૧૫૨૭૭**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં ક્યા ક્યા સ્થળોને યાત્રાધામ વિકાસ હેઠળ આવરી લેવામાં આવ્યા છે,

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં જે તે સ્થળના વિકાસ માટે કેટ કેટલા નાણાં ખર્ચ કરવાનું આયોજન હતું, અને

(૩) તેની સામે તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં જે તે સ્થળના વિકાસ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ સ્થળોને યાત્રાધામ વિકાસ હેઠળ આવરી લેવામાં આવ્યા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**બનાસકાંઠા જિલ્લાના પી.એચ.સી., સી.એચ.સી. અને દવાખાનાઓની જિલ્લા આરોગ્ય અધિકારીઓએ લીધેલ મુલાકાતો**

૧૪૪૧૨**શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં આવેલ તાલુકાવાર ક્યા ક્યા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સામુહિક આરોગ્ય કેન્દ્ર, જિલ્લા પંચાયત સંચાલિત દવાખાના તેમજ અન્ય આરોગ્ય કેન્દ્રની જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓએ કેટલીવાર અને ક્યારે ક્યારે મુલાકાત લીધી,

(૨) આ મુલાકાત દરમ્યાન ઉક્ત કેન્દ્રોમાં શું ખામીઓ જણાઈ, અને

(૩) આ માંગણીઓ અને ખામીઓ અંગે સરકારશ્રી દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં આવેલ તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર, અને અન્ય આરોગ્ય કેન્દ્રો (પેટા કેન્દ્રો)ની જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓએ મુલાકાત લીધેલ તેની વિગત દર્શાવતું *પત્રક-૧, *પત્રક-૨ અને *પત્રક-૩ સામેલ છે.

(૨) અને (૩) : આ મુલાકાત દરમ્યાન ઉક્ત કેન્દ્રોમાં ધ્યાને આવેલ ખામીઓ અને તે ખામીઓ અંગે કરેલ કાર્યવાહીની વિગત દર્શાવતું *પત્રક-૪ સામેલ છે. જ્યારે કોઇ માંગણીઓ આવેલ ન હોઇ કોઇ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**સેવાલીયા ગામે પાણી પુરવઠા યોજના માટે પાણી આપવા બાબત**

૧૪૦૯૫**શ્રી રામસિંહ પરમાર(ઠાસરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં સેવાલીયા ગામે પાણી પુરવઠા યોજના માટે પાણી આપવાનું નક્કી થયેલ છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ યોજના ક્યારે મંજૂર કરવામાં આવી, અને

(૩) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ તે ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૦૫-૦૫-૨૦૦૪ એ મંજૂર કરવામાં આવી.

(૩) ઉક્ત યોજના અન્વયે મહી નદીને કાંઠે પંપીગ મશીનરી ગોઠવી સેવાલીયા ગામના મુખ્ય વિસ્તારમાં પાણી અપાય છે. અન્ય પરા વિસ્તારમાં તેઓની સ્વતંત્ર યોજના મારફતે પાણી મેળવે છે.

**અમદાવાદ શહેરમાં સ્વાઈન ફ્લૂથી થયેલ મૃત્યુ**

૧૫૦૩૮ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં સ્વાઈન ફ્લૂની બીમારીથી કેટલા લોકોના મૃત્યુ થયાં છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં સ્વાઇન ફ્લૂની બીમારીથી કુલ-૪૧ લોકોના મૃત્યુ થયા છે.

(૨) સ્વાઈન ફ્લૂ અટકાવવા માટે સરકારે શાં અસરકારક પગલાં લીધેલ છે ?

(૨) તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ રાજ્યમાં સ્વાઇન ફ્લૂનો ફેલાવો અટકાવવા સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ કામગીરી નીચે મુજબ છે.

– સ્વાઇન ફ્લૂ અટકાયત માટે ગુજરાત રાજ્યમાં સાતત્યપૂર્ણ કામગીરી થઇ રહેલ છે. માન.મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી સ્વાઇન ફ્લૂની અટકાયત અંગેની કામગીરી જેવી કે દવાઓ, સાધન સામગ્રી, લેબ. કીટ તથા અન્ય નાણાંકીય જરૂરીયાતને પહોંચી વળવા માટે રૂા. ૧૫.૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે.

– આ મહામારીને નાથવા માટે મહામારીની શરૂઆતથી જ રાજ્ય સરકાર દ્વારા તબક્કાવાર અસરકારક પગલાં લેવામાં આવેલ છે.

– અધિક મુખ્ય સચિવશ્રી, (સામાન્ય વહીવટ વિભાગ) ના અધ્યક્ષ સ્થાને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી સાથે રહી પરિસ્થિતિનો રીવ્યુ કરવા માટે ટાસ્ક ફોર્સ કમિટીની રચના કરવામાં આવી. જે નિયમિત પણે આ અંગે રીવ્યુ કરી જરૂરી પગલાં હાથ ધરે છે.

– આઇ.એમ.એ., આઇ.એ.પી., એ.પી.આઇ. અને એન.એમ.ઓ. ના ખાનગી તબીબોને સ્વાઇન ફ્લૂ અંગે માર્ગદર્શન આપવા માટે અને તેઓને મહામારીને અંકુશમાં લેવા માટે હકારાત્મક ભાગીદારી લેવા રાજ્યમાં તમામ સ્તરે સેમીનાર આયોજીત કરવામાં આવ્યા.

– તા. ૧૮-૮-૦૯ ના રોજ ગુજરાત સરકાર દ્વારા એપીડેમીક એક્ટ-૧૮૯૭ હેઠળ ઇન્ફ્લુએન્ઝા-એ (એચ૧એન૧) અંગે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું અને આ બાબતે પગલાં લેવા તમામ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓને સત્તાઓ સુપ્રત કરવામાં આવી.

– રાજ્યમાં તમામ તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા કુલ-૬૯૭ પથારીને વિવિધ હોસ્પિટલોમાં આ રોગના દર્દીઓની સારવાર માટે અનામત રાખવામાં આવી છે. અને જરૂર જણાય તો હજુ વધુ સુવિધાઓ નિયત કરેલ છે.

– એચ૧એન૧ પરિક્ષણ માટે અદ્યતન લેબોરેટરીની વ્યવસ્થા બી.જે.મેડીકલ કોલેજ અમદાવાદ ખાતે કરવામાં આવી. ઉપરાંત કેસોની સંખ્યા વધવાની સંભાવનાને ધ્યાનમાં લઇ અમદાવાદ ખાતેની લેબોરેટરીનું ભારણ ઓછું કરવા તેમજ રાજ્ય સરકાર દ્વારા સુરત ખાતે માઇક્રોબાયોલોજી વિભાગ ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ સુરત ખાતે અદ્યતન લેબોરેટરી ચાલુ કરવામાં આવી અને ""સ્ટેપ અપ"" નામની ખાનગી લેબોરેટરીને સઘન ચકાસણી બાદ લેબોરેટરી ટેસ્ટીંગની માન્યતા આપવામાં આવી. ઉપરાંત હાલમાં સોરાષ્ટ્ર વિસ્તારમાં વધતા કેસોને

ધ્યાને લઇ મેડીકલ કોલેજ રાજકોટ ખાતે એચ૧એન૧ નું પરિક્ષણ થઇ શકે તેવી લેબોરેટરીની વ્યવસ્થા ઉભી કરવામાં આવી.

– શિયાળાની ચાલુ સીઝનમાં શરદી, ખાંસી વગેરે સામાન્ય ઇન્ફ્લ્યુએન્ઝાના દર્દીઓ પણ વિશેષ પ્રમાણમાં મળતાં હોવાથી લોકોમાં ભયની લાગણી ન પ્રસરે એ રીતે જાહેર ખબર અને પ્રેસ વિજ્ઞપ્તિ દ્વારા સવિશેષ સતર્કતા દાખવવા જનજાગૃતિના જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

– સ્વાઇન ફ્લૂ જેવી મહામારીને નિયંત્રીત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા જે પગલાં લેવામાં આવ્યા છે તે પુરવાર કરે છે કે આ મહામારીને પહોંચી વળવા પુરતી તબીબી સારવારની સુવિધા ઉપલબ્ધ છે. એન્ટીવાઇરલ દવાઓનો જથ્થો પુરતા પ્રમાણમાં છે. સતત મોનીટરીંગ કરવામાં આવી ર?ું છે તેમજ કેસ અને મરણના આંકડા રોજેરોજ પુરી પારદર્શકતાથી મીડિયાના મિત્રો મારફતે પ્રજામાં જાહેર કરવામાં આવે છે જેથી જનસમુદાયમાં પણ આ મહામારીને સ્વાભાવિક સ્વરૂપમાં લઇ કોઇ ગભરાટનું વાતાવરણ જોવા મળતું નથી જે પ્રજાની સ્વસ્થતાનું લક્ષણ છે.

## જૂનાગઢ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના

૧૫૭૭૨**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી, | (૧) પાંચ જૂથ પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) આ પેકી કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી, અને | (૨) એક જૂથ પાણી પુરવઠા યોજના. |
| (૩) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા ગામો અને વસ્તીને ઉક્ત જૂથ પાણી પુરવઠા યોજનાનો લાભ મળે છે ? | (૩) પાંચ ગામોની ૧૧૫૩૦ વ્યક્તિને લાભ મળે છે. |

## સ્વજલધારા કાર્યક્રમ હેઠળ વિરમગામ તાલુકામાં મંજૂર કામો

૧૫૭૭૬**શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાનાં વિરમગામ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૩૬ ગામોની યોજના મંજૂર કરવામાં આવી. |
| (૨) તે પેકી કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા? | (૨) ૨૧ ગામોની યોજના પૂર્ણ કરવામાં આવી. |

## સાબરકાંઠા જિલ્લામાં મંજૂર મીની પાણી પુરવઠા યોજના

૧૫૭૫૮**શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મીની પાણી પુરવઠા | (૧) ૨૮૬ મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી. |

યોજનાઓ મંજૂર કરવામાં આવી,

(૨) આ યોજનાઓ પૈકી કેટલી યોજના પૂર્ણ કરવામાં આવી, અને

(૨) ૨૨ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી.

(૩) આ કામગીરી પેટે કેટલો ખર્ચ થયો?

(૩) રૂ.૧૬૪.૯૬ લાખ.

------------

## રાજ્યમાં સ્વાઈન ફ્લૂથી થયેલ મૃત્યુ

૧૪૦૯૩ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર સ્વાઈન ફ્લૂથી કેટલા ઈસમોના મૃત્યુ થયા, અને

(૨) સ્વાઈન ફ્લૂ સામે રક્ષણ આપવા સરકારે ક્યા ક્યા પ્રકારનું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) તા.૩૦-૧-૧૦ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં સ્વાઈન ફ્લૂથી કુલ-૨૩૪ ઈસમોના મૃત્યુ થયેલ છે. જેની જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | થયેલ કુલ મરણ |
|---|---|
| અમદાવાદ | ૫૪ |
| અમરેલી | ૬ |
| બનાસકાંઠા | ૧૪ |
| ભરૂચ | ૨ |
| ભાવનગર | ૮ |
| ગાંધીનગર | ૯ |
| **જિલ્લાનું નામ** | **થયેલ કુલ મરણ** |
| જામનગર | ૧૩ |
| જૂનાગઢ | ૧૦ |
| કચ્છ-ભૂજ | ૧૨ |
| ખેડા | ૪ |
| મહેસાણા | ૨ |
| પંચમહાલ | ૧ |
| પાટણ | ૩ |
| રાજકોટ | ૪૫ |
| સાબરકાંઠા | ૩ |
| સુરત | ૨૧ |
| સુરેન્દ્રનગર | ૪ |
| વડોદરા | ૨૦ |
| વલસાડ | ૧ |
| પોરબંદર | ૨ |
| કુલ.. | ૨૩૪ |

(૨) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્યમાં સ્વાઈન ફ્લૂ સામે રક્ષણ આપવા સરકારશ્રી દ્વારા કરેલ આયોજનની વિગત નીચે મુજબ છે.

- સ્વાઈન ફ્લૂ અટકાયત માટે ગુજરાત રાજ્યમાં સાતત્યપૂર્ણ કામગીરી થઈ રહેલ છે. માન.મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી સ્વાઈન ફ્લૂની અટકાયત અંગેની કામગીરી જેવી કે દવાઓ, સાધન સામગ્રી, લેબ.કીટ તથા અન્ય નાણાકીય જરૂરીયાતને પહોંચી વળવા માટે રૂ.૧૫.૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે.

- આ મહામારીને નાથવા માટે મહામારીની શરૂઆતથી જ રાજ્ય સરકાર દ્વારા તબક્કાવાર અસરકારક પગલાં લેવામાં આવેલ છે.

- અધિક મુખ્ય સચિવશ્રી (સામાન્ય વહીવટ વિભાગ) ના અધ્યક્ષ સ્થાને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી સાથે રહી પરિસ્થિતિનો રીવ્યુ કરવા માટે ટાસ્કફોર્સ કમિટીની રચના કરવામાં આવી. જે નિયમિત પણે આ અંગે રીવ્યુ કરી જરૂરી પગલા હાથ ધરે છે.

- આઈ.એમ.એ., આઈ.એ.પી., એ.પી.આઈ. અને એન.એમ.ઓ.ના ખાનગી તબીબોને સ્વાઈન ફ્લૂ અંગે માર્ગદર્શન આપવા માટે અને તેઓને મહામારીને અંકુશમાં લેવા માટે હકારાત્મક ભાગીદારી લેવા રાજ્યમાં તમામ સ્તરે સેમીનાર આયોજીત કરવામાં આવ્યા.

- તા.૧૮-૮-૦૯ના રોજ ગુજરાત સરકાર દ્વારા એપીડેમીક એક્ટ-૧૮૯૭ હેઠળ ઈન્ફ્લુએન્ઝા-એ (એચ૧એન૧) અને જાહેરનામું બહાર પાડવામાં આવ્યું અને આ બાબતે પગલાં લેવા તમામ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓને સત્તાઓ સુપ્રત કરવામાં

આવી.

- રાજ્યમાં તમામ તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા કુલ-૬૯૭ પથારીને વિવિધ હોસ્પિટલોમાં આ રોગના દર્દીઓની સારવાર માટે અનામત રાખવામાં આવી છે. અને જરૂર જણાય તો હજુ વધુ સુવિધાઓને નિયત કરેલ છે.

- એચ૧એન૧ પરીક્ષણ માટે અદ્યતન લેબોરેટરીની વ્યવસ્થા બી.જે.મેડીક્લ કોલેજ અમદાવાદ ખાતે કરવામાં આવી. ઉપરાંત કેસોની સંખ્યા વધવાની સંભાવનાને ધ્યાનમાં લઈ અમદાવાદ ખાતેની લેબોરેટરીનું ભારણ ઓછું કરવા તેમજ રાજ્ય સરકાર દ્વારા સુરત ખાતે માઈક્રોબાયોલોજી વિભાગ ગવર્નમેન્ટ મેડીક્લ કોલેજ સુરત ખાતે અદ્યતન લેબોરેટરી ચાલુ કરવામાં આવી. અને ""સ્ટેપ અપ"" નામની ખાનગી લેબોરેટરીને સઘન ચકાસણી બાદ લેબોરેટરી ટેસ્ટીંગની માન્યતા આપવામાં આવી. ઉપરાંત હાલમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં વધતાં કેસોને ધ્યાને લઈ મેડીક્લ કોલેજ રાજકોટ ખાતે એચ૧એન૧ નું પરીક્ષણ થઈ શકે તેવી લેબોરેટરીની વ્યવસ્થા ઉભી કરવામાં આવી.

- શિયાળાની ચાલુ સીઝનમાં શરદી, ખાંસી વગેરે સામાન્ય ઈન્ફ્લુએન્ઝાના દર્દીઓ પણ વિશેષ પ્રમાણમાં મળતાં હોવાથી લોકોમાં ભયની લાગણી ન પ્રસરે તે રીતે જાહેર ખબર અને પ્રેસ વિજ્ઞપ્તિ દ્વારા સવિશેષ સતર્કતા દાખવવા જનજાગૃતિના જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

- સ્વાઈન ફ્લૂ જેવી મહામારીને નિયંત્રિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા જે પગલાં લેવામાં આવ્યા છે તે પુરવાર કરે છે કે આ મહામારીને પહોંચી વળવા પુરતી તબીબી સારવારની સુવિધા ઉપલબ્ધ છે. એન્ટીવાઈરલ દવાઓની જથ્થો પુરતા પ્રમાણમાં છે. સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે તેમજ કેસ અને મરણના આંકડા રોજેરોજ પુરી પારદર્શકતાથી મીડીયાના મિત્રો મારફતે પ્રજામાં જાહેર કરવામાં આવે છે. જેથી જનસમુદાયમાં પણ આ મહામારીને સ્વાભાવિક સ્વરૂપમાં લઈ ગભરાટનું વાતાવરણ જોવા મળતું નથી જે પ્રજાની સ્વસ્થતાનું સારૂં લક્ષણ છે.

## પાટણ જિલ્લાના પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ થયેલ સ્થળો

૧૫૭૬૬ **શ્રી રજનીકાન્ત સો.પટેલ(ચાણસ્મા) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જીલ્લાના નીચેના સ્થળોને પ્રવાસન તરીકે પસંદ કરવામાં આવ્યા.

૧. આલુવાસ તાલુકો સાંતલપુર
૨. કોડધા તા.સમી
૩. વરાણા તા. સમી
૪. લોટેશ્વર તા. સમી
૫. ખોખલા તા. ચાણસ્મા
૬. પંચાસર તા. ચાણસ્મા

૭. શંખેશ્વર તા. સમી
૮. વટેશ્વર મહાદેવ દેથલી
૯. સીધ્ધેશ્વરી મંદિર ગામ : મંડલોપ તા.ચાણસ્મા
૧૦. પાટણ ખાતે વીર મેઘમાયા સ્મારક
૧૧. સિધ્ધપુર ખાતે આવેલ રાવત રામજી મંદિર
૧૨. પાટણ શહેરના ગાંધી ગાર્ડન, કાલકા ગાર્ડન, ખાન સરોવર, સિદ્ધિ સરોવર, બારોટ વાવ, ક્ણસલા ગેટ, સહસ્ત્રલીંગ તળાવ.
૧૩. સિધ્ધપુર શહેરમાં આવેલ બીંદુ સરોવર.

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધાઓ પૂરી પાડવાની સરકારની યોજના છે,

(૨) પસંદ કરેલ સ્થળોએ નીચે મુજબની સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે.

૧. આલુવાસ તાલુકો સાંતલપુર ખાતે ચંદેશ્વર મહાદેવ નજીક પ્રવાસન સ્થળ ખાતે કપીલા નદી સ્નાન ઘ ાટની સુવિધા.
૨. કોડધા તા.સમી વાડીલાલ સરોવરના વન વિભાગમાં આવતા રસ્તાઓનું કામ, પ્રાવસી ટેન્ટ ખાતે રસોડાની સુવિધા, વાડીલાલ ડેમના ડબલ્યુબીએમ એપ્રોચ રોડ નાળાનું કામ.
૩. વરાણા તા.સમી ખોડીયાર માતાના મંદિર તરફથી એક મીટર રોડ વાઇડનીંગનું કામ.
૪. લોટેશ્વર મહાદેવ મંદિર (તા.સમી)ની બહાર પે એન્ડ યુઝ શોચાલયની સુવિધા.
૫. ખોખલા તા. ચાણસ્મા મહાદેવજીના મંદિરના એપ્રોચ રોડનું કામ.
૬. પંચાસર તા.ચાણસ્મા વિશ્વેશ્વર મહાદેવમાં હોલના મકાનનું કામ.
૭. રાષ્ટ્રીય/રાજ્યધોરી માર્ગ ઉપર જુદા જુદા સ્થળોએ પ્રવાસન સ્થળોને લગતા સાઇનેજીસ બનાવી મુકવાની કામગીરી.
૮. શંખેશ્વર તા.સમી ખંડીયા રોડ તથા પાડલા રોડ ઉપર પે એન્ડ યુઝ શોચાલય, શંખેશ્વર પાડલા રોડથી શંખેશ્વર કુવારદ રોડને જોડતો સી.સી. રોડ, શંખેશ્વર ગામે મંદિરથી ગ્રામ્ય પંચાયત ઓફીસ સુધીના સી.સી. રોડનું કામ અને સ્ટેટ હાઇવેથી મંદિર સુધીના સી.સી. રોડની કામગીરી, જાહેર રસ્તાઓ ઉપર વનીકરણ, રીંગરોડ, ટ્રીગાર્ડ સાથેનું કામ, હાલારી ધર્મશાળાથી પાડલા રોડને જોડતો સી.સી. રોડ, ગ્રામ પંચાયતની બાજુમાં કોમ્યુનીટી હોલ.
૯. પાટણ ખાતે આવેલ વીર મેઘમાયા સ્મારક પાસે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા જેવી કે યાત્રાળુઓ માટે શેડ, હાટ, સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ, દિશા સૂચક બોર્ડ, પ્રવેશ દ્વાર, કંપાઉન્ડવોલ, ટોયલેટ બ્લોક, ઇલેકટ્રીક કામ, બાગ બગીચા, પાણીની વ્યવસ્થા, પેવર બ્લોક ફ્લોરીંગવાળા પાથવેની કામગીરી.
૧૦. સિધ્ધપુર ખાતે આવેલ રાવત રામજી મંદિર માટે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા જેવી કે યાત્રાળુઓ માટે શેડ, હાટ, સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ, દિશા સૂચક બોર્ડ, પ્રવેશ દ્વાર,

કંપાઉન્ડવોલ, ટોયલેટ બ્લોક, ઇલેક્ટ્રીક કામ, બાગ બગીચા, પાણીની વ્યવસ્થા, પેવર બ્લોક ફ્લોરીંગવાળા પાથવેની કામગીરી.

૧૧. વટેશ્વર મહાદેવ (દેથલી) - સિધ્ધપુર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા પુરી પાડવાની યોજના.

૧૨. સિધ્ધેશ્વરી મંદિર (મંડલોપ ગામ) ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા પુરી પાડવાની યોજના.

૧૩. પાટણ ખાતે આવેલ ગાંધી અને કાલકા ગાર્ડનનો વિકાસ, માનસરોવરથી સિધ્ધિ સરોવરનો રોડ, ત્રિકમ બારોટ વાવનું રીનોવેશન, સિધ્ધિ સરોવરનો વિકાસ, કનસણા ગેટથી સહસ્ત્રલીંગ તળાવના રોડની કામગીરી.

૧૪. સિધ્ધપુર શહેરમાં આવેલ બીંદુ સરોવર ખાતે એમીનીટી સેન્ટર, પીંડભવન, પાર્કીંગ, ટોયલેટ બ્લોક, કંપાઉન્ડવોલ, સીક્યોરીટી કેબીન, ઇલેક્ટ્રીક રૂમ અને આંતરીક રસ્તાઓની કામગીરી.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે ફાળવવામાં આવેલ નાણાંની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| **વર્ષ ૨૦૦૭-૦૮** | |
| આલુવાસ | રૂપિયા ૪.૭૯ લાખ |
| કોડધા | રૂપિયા ૧૨.૯૮ લાખ |
| વરાણા | રૂપિયા ૨.૮૫ લાખ |
| પંચાસર | રૂપિયા ૭.૦૦ લાખ |
| ખોખલા | રૂપિયા ૩.૦૦ લાખ |
| લોટેશ્વર | રૂપિયા ૬.૧૬ લાખ |
| જિલ્લામાં જુદી જુદી જગ્યાએ સાઇનેજીસ | રૂપિયા ૧૦.૦૦ લાખ |
| **વર્ષ ૨૦૦૮-૦૯** | |
| **શંખેશ્વર** | રૂપિયા ૭૩.૫૦ લાખ |
| વીર મેઘમાયા સ્મારક માટે | રૂપિયા ૧૩૦.૮૦ લાખ |
| સિધ્ધપુર ખાતે આવેલ રાવત રામજી મંદિર માટે | રૂપિયા ૬૩.૮૫ લાખ |
| **વર્ષ ૨૦૦૯-૧૦** | |
| પાટણ શહેર માટે | રૂપિયા ૬૯૧.૦૦ લાખ |
| સિધ્ધપુર શહેર માટે | રૂપિયા ૧૦૬૦.૩૬ લાખ |

(૪) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) તેની સામે રૂપિયા ૧૫૭.૨૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

## ખેડા જિલ્લામાં ડાર્કઝોન તાલુકા

૧૪૫૧૧**ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ક્યા ક્યા તાલુકાને ડાર્કઝોન જાહેર થયેલ છે, અને,

(૨) ઉક્ત ડાર્કઝોન ઉઠાવવા રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) સરકારશ્રીના તા.૧૬-૧૨-૨૦૦૩ના ભૂગર્ભ જળ ખેંચાણ પરના નિયંત્રણ અંગેના ઠરાવ મુજબ ખેડા જિલ્લાના કપડવંજ, કઠલાલ તથા મહેમદાવાદ તાલુકામાં ડાર્કઝોન અમલમાં છે.

(૨) જે વિસ્તારમાં ભૂગર્ભ જળ સિંચાઈના પ્રમાણમાં ખેંચાણ વધારે હોય અને ડાર્કઝોન અમલી બનતો હોય ત્યાં ભૂગર્ભ જળ રીચાર્જ માટે ચેકડેમ, તળાવો ઉંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઉંડા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે.

આવા વિસ્તારોમાં જ્યારે સાતત્યપૂર્ણ રીતે ભૂગર્ભ

જળના ખેંચાણના પ્રમાણમાં સુધારો નોંધાય ત્યારે ભારત સરકારે આપેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર વર્ગીકરણની કાર્યવાહી કરવામાં આવે છે.

### અંબાજી અને ડાકોર યાત્રાધામની આવક

૧૫૭૩૩**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની અંબાજી અને ડાકોર યાત્રાધામોને કેટલી આવક મળી, અને

(૨) તેમાંથી સદર યાત્રાધામોના વિકાસ માટે કેટલી રકમ ખર્ચ કરવામાં આવી?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની અંબાજી અને ડાકોર યાત્રાધામોને રૂપિયા ૫૭,૯૫,૫૫,૮૨૪-૭૭ની આવક મળી છે.

(૨) તેમાંથી સદર યાત્રાધામોના વિકાસ માટે રૂપિયા ૪૧,૯૦,૧૬,૪૪૫-૦૪નો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

### કાર્યપાલક ઈજનેર (સિંચાઈ) દ્વારા પૂર્ણ કરેલ સિંચાઈના કામો

૧૫૫૦૫**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં કાર્યપાલક ઈજનેર સિંચાઈ-જિલ્લા પંચાયત દ્વારા સિંચાઈના કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) એમાં ક્યા ક્યા અને કેટલા કામો મંજૂર થયેલ હતા,

(૩) કેટલા રૂપિયાનું આયોજન હતું, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં કાર્યપાલક ઈજનેર, સાબરકાંઠા પંચાયત સિંચાઈ વિભાગ દ્વારા સિંચાઈના મંજૂર થયેલ ૩૪ કામો પૈકી ૧ કામ પૂર્ણ કરવામાં આવેલ છે. બાકીના ૩૩ કામો હાલ પ્રગતિમાં છે.

(૨) અને (૩) : કુલ-૩૪ કામો માટે રૂ.૧૪૯.૯૪ લાખનું આયોજન કરવામાં આવેલ છે. જેની યાદી આ સાથે સામેલ પત્રક-૧ મુજબ છે.

**પત્રક-૧**

| અ.નં. | કામનું નામ | અંદાજીત કિંમત રૂ. લાખમાં | કામની સ્થિતિ | પૂર્ણ કરવાની સંભવિત તારીખ |
|---|---|---|---|---|
| ૧ | સ્ટ્રેન્ધનીંગ જનાલી તળાવ | ૭.૧૪ | પ્રગતિ | ૩૦-૬-૧૦ |
| ૨ | કલ્યાણપુર તળાવ | ૧.૦૦ | પ્રગતિ | ૩૧-૩-૧૦ |
| ૩ | સીલાસણ તળાવ | ૧.૦૦ | પ્રગતિ | ૩૧-૩-૧૦ |
| ૪ | રામનગર તળાવ | ૧.૦૦ | પ્રગતિ | ૩૧-૩-૧૦ |
| ૫ | ખાપરેટા તળાવ | ૫.૫૦ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૬ | ભુતાવડ તળાવ | ૫.૫૦ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૭ | ચુનાખણ તળાવ | ૬.૯૭ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૮ | ધંધાસણ તળાવ | ૬.૫૬ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૯ | ફલડ ડેમેજ રીપેરીંગ સજાપુર તળાવ | ૧.૦૦ | પ્રગતિ | ૩૧-૩-૧૦ |
| ૧૦ | ફલડ ડેમેજ રીપેરીંગ ગોઢકુશકી તળાવ | ૦.૯૮ | પ્રગતિ | ૩૧-૩-૧૦ |
| ૧૧ | ભાણમેર એમ.આઈ.લાઈનીંગ | ૩.૦૦ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૧૨ | ઈમ્પ્રુવમેન્ટ દહેગામડા એમ.આઈ. | ૫.૦૦ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૧૩ | ઈમ્પ્રુવમેન્ટ કુંડોલ એમ.આઈ. | ૫.૦૦ | પ્રગતિ | ૩૧-૩-૧૦ |
| ૧૪ | વણજર પુર નિયંત્રણ યોજના | ૫.૦૫ | પ્રગતિ | ૩૧-૩-૧૦ |
| ૧૫ | કુશ્કી પુર નિયંત્રણ યોજના | ૫.૦૦ | પ્રગતિ | ૩૧-૩-૧૦ |
| ૧૬ | આડા-હાથરોલ પુર નિયંત્રણ યોજના | ૬.૧૪ | પ્રગતિ | ૧૫-૩-૧૦ |
| ૧૭ | પુનાસણ પુર નિયંત્રણ યોજના | ૪.૦૧ | પ્રગતિ | ૩૧-૩-૧૦ |
| ૧૮ | લીલછા પુર નિયંત્રણ યોજના | ૨.૦૧ | પ્રગતિ | ૩૧-૩-૧૦ |
| ૧૯ | વાંદીયોલ પુર નિયંત્રણ યોજના | ૩.૯૯ | પ્રગતિ | ૩૧-૩-૧૦ |
| ૨૦ | વેણપુર તળાવ | ૬.૦૦ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૨૧ | નારાયણપુર તળાવ | ૫.૦૦ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૨૨ | નાની બેબર તળાવ | ૬.૭૯ | પૂર્ણ | પૂર્ણ |
| ૨૩ | વસાઈ તળાવ | ૪.૦૦ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૨૪ | ઝીંઝુડી તળાવ | ૭.૦૦ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૨૫ | કલ્યાણપુર તળાવ | ૫.૪૯ | પ્રગતિ | ૩૧-૩-૧૦ |
| ૨૬ | જામલા તળાવ | ૪.૨૦ | પ્રગતિ | ૩૧-૩-૧૦ |
| ૨૭ | રીંટોડા તળાવ | ૫.૦૬ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૨૮ | વાંકાનેર તળાવ | ૪.૦૦ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૨૯ | જાલીયા પુર નિયંત્રણ યોજના | ૨.૦૦ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૩૦ | ખાપરેટા પુર નિયંત્રણ યોજના | ૬.૦૦ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૩૧ | પાટીયા પુર નિયંત્રણ યોજના | ૭.૦૦ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૩૨ | શોભાયડા પુર નિયંત્રણ યોજના | ૨.૬૦ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૩૩ | ટાકાટુકા પુર નિયંત્રણ યોજના | ૪.૦૦ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| ૩૪ | વેજપુર પુર નિયંત્રણ યોજના | ૪.૯૫ | પ્રગતિ | ૩૦-૪-૧૦ |
| | કુલ.. | **૧૪૯.૯૪** | | |

(૪) ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૪) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ એકજ કામ પૂર્ણ થયેલ છે. બાકીના કામો પ્રગતિમાં છે. જેથી ખર્ચ થયેલ નથી.

### દાહોદ જિલ્લામાં ૮૦:૨૦ યોજના હેઠળ મંજૂર ચેકડેમો

૧૫૩૫૩**શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર ૮૦ : ૨૦ ની યોજના હેઠળ કુલ કેટલા ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ પૈકી કેટલા ચેકડેમો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) આ ચેકડેમોમાંથી કેટલી જમીનને સિંચાઈનો લાભ મળે છે?

**જવાબ**

(૧) કુલ ૧૫૨૯ ચેકડેમ સામેલ પત્રક મુજબ મંજૂર કર્યા.

**પ ત્ર ક**

| ક્રમ | તાલુકો | છેલ્લા ત્રણ વર્ષમાં મંજૂર થયેલ ચેકડેમ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ |
| ૧ | દાહોદ | ૧૦૪ | ૪૧ | ૪૦ |
| ૨ | ગરબાડા | ૧૦૦ | ૫૨ | ૪૫ |
| ૩ | ધાનપુર | ૧૨૧ | ૬૧ | ૪૨ |
| ૪ | દેવગઢબારીયા | ૧ | ૫૧ | ૪૪ |
| ૫ | લીમખેડા | ૧૩૭ | ૬૪ | ૫૧ |
| ૬ | ઝાલોદ | ૨૬૪ | ૬૬ | ૨૬ |
| ૭ | ફતેપુરા | ૧૪૯ | ૪૦ | ૩૦ |
| | **કુલ..** | **૮૭૬** | **૩૭૫** | **૨૭૮** |
| **એકંદરે કુલ..** | | **૧૫૨૯** | | |

(૨) ૧૨૩૪.

(૩) ૩૯૯૬ હેક્ટર.

------------

### ધરમપુર તાલુકાના પી.એચ.સી. અને પેટા કેન્દ્રોની રહેવા લાયક સ્થિતી અંગે

૧૪૭૫૬**શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં આવેલ પી.એચ.સી. તથા પેટા કેન્દ્રો પૈકી કેટલા મકાનો રહેવા લાયક છે, અને

(૨) કેટલા બિસ્માર પેટા કેન્દ્રો છે જે રહેવા લાયક નથી અને તેના રીપેરીંગ માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં આવેલ પી.એચ.સી. તથા પેટા કેન્દ્રોના તમામ મકાનો રહેવા લાયક છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ભાવનગર જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સારવાર લીધેલ દર્દીઓ

૧૪૮૮૪**શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૧-૧-૨૦૦૯થી તા. ૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલા દર્દીઓએ સારવાર લીધી, તેમાં બહારના કેટલા અને અંદરના કેટલા દર્દીઓ હતા, અને

(૨) ઉક્ત સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૧-૧-૨૦૧૦ સુધીમાં દવાઓ માટે કેટલી ગ્રાન્ટ આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તા.૧-૧-૨૦૦૯ થી તા.૧-૧-૨૦૧૦ સુધીમાં કુલ-૫,૭૫,૨૧૯ દર્દીઓએ સારવાર લીધી તેમાં બહારના ૫,૨૫,૪૧૦ અને અંદરના ૪૯,૮૦૯ દર્દીઓ હતા.

(૨) ભાવનગર જિલ્લામાં આવેલ ૧૪ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તા.૧-૧-૨૦૦૯ થી તા.૧-૧-૨૦૧૦ સુધી કુલ રૂ.૩૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બત્રીસ લાખ પુરા) ની દવાની ગ્રાન્ટ આપવામાં આવેલ છે.

### બનાસકાંઠા જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોકજૂથો ધ્વારા બનેલ ચેકડેમો

૧૪૧૮૬**શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે

વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ સ્વૈચ્છિક સંસ્થા અને લોકજૂથો ધ્વારા કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા અને તે પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૧)

| તાલુકો | ચેકડેમની સંખ્યા | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| પાલનપુર | ૧૯૫ | ૬૪૩.૪૭ |
| દાંતીવાડા | ૧૭૪ | ૫૦૨.૦૦ |
| વડગામ | ૦૨૬ | ૧૦૬.૪૩ |
| અમીરગઢ | ૧૯૨ | ૬૫૧.૦૦ |
| દાંતા | ૨૩૫ | ૬૪૫.૬૧ |
| ડીસા | ૧૪૯ | ૩૯૦.૦૦ |
| દીયોદર | ૦૩૩ | ૦૭૯.૦૦ |
| ભાભર | ૧૩૯ | ૩૦૯.૦૦ |
| કાંકરેજ | ૨૦૨ | ૪૮૭.૦૦ |
| ધાનેરા | ૧૭૪ | ૪૭૦.૦૦ |
| થરાદ | ૦૬૪ | ૧૬૯.૦૦ |
| વાવ | ૧૨૨ | ૨૮૨.૦૦ |

(૨) કેટલી સંસ્થા અને લોકજૂથોની દરખાસ્તો પડતર છે, તે ક્યા ક્યા તબક્કે છે અને દરખાસ્તોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

(૨) કુલ ૧૫૧ સંસ્થાઓની દરખાસ્તો વિવિધ સ્તરે મંજૂરી અર્થે ચકાસણી હેઠળ છે, ત્યારબાદ ઉચિત કાર્યવાહી કરીને નિકાલ કરવામાં આવશે.

------------

**રાજકોટ જિલ્લાને પાણી પુરવઠા માટે ફાળવેલ રકમ**

૧૪૮૭૬**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાણી પુરવઠા યોજના માટે રાજકોટ જિલ્લાને કેટલી રકમ ક્યા ક્યા કામ માટે ફાળવવામાં આવી છે,

(૨) તે પૈકી કેટલા પૂર્ણ થયા અને કેટલા બાકી છે, અને

(૩) ઉક્ત બાકી કામો ક્યારે પૂર્ણ થશે?

**જવાબ**

(૧) અને (૨) : કામવાર વિગતો સામેલ પત્રક મુજબ

(૩) ક્રમશઃ માર્ચ, ૨૦૧૦થી સપ્ટેમ્બર, ૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**પત્રક**

| ક્રમ | કામ | તા.૧-૪-૦૮થી તા.૩૧-૩-૦૯ | | | તા.૧-૪-૦૯થી તા.૩૧-૧૨-૦૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ફાળવેલ રકમ રૂ.લાખમાં | પૂર્ણ કરેલ કામની સંખ્યા | બાકી રહેલ કામની સંખ્યા | ફાળવેલ રકમ રૂ.લાખમાં | પૂર્ણ કરેલ કામની સંખ્યા | બાકી રહેલ કામની સંખ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | એનસીપીસી ઓન ગોઇંગ એઆરપી જુથ | ૫૫૧.૦૦ | ૦ | ૩ | ૩૦૩.૦૦ | ૦ | ૩ |
| ૨ | એનસીપીસી ઓન ગોઇંગ એમ.એનપી જુથ | ૧૫.૦૦ | ૦ | ૧ | ૨૦.૦૦ | ૦ | ૧ |
| ૩ | અનુ.જાતી પેટા યોજના | ૮૭.૦૦ | ૪૨ | ૦ | ૧૩૩.૦૦ | ૭૦ | ૨૧ |
| ૪ | ખાસ મરામત | ૫૦૦.૦૦ | ૦ | ૧૮ | ૧૫૪૫.૦૦ | ૧ | ૧૭ |
| ૫ | ડી.ડી.પી. | ૪૦.૦૦ | ૨ | ૦ | ૫૦.૦૦ | ૨ | ૦ |
| ૬ | પ્રા. શાળાઓ | ૫૧.૦૦ | ૧૯૧ | ૦ | ૬૫.૦૦ | ૧૦૨ | ૪૩ |
| ૭ | ક્વોલીટી પ્રોબ્લેમ | ૮૦.૦૦ | ૧૭ | ૦ | ૨૬૩.૦૦ | -- | -- |
| ૮ | સ્ટાફ ક્વાર્ટસ/ઓફીસ બીલ્ડીંગ | ૧૦.૦૦ | ૦ | ૧ | ૧૩.૦૦ | ૦ | ૩ |
| ૯ | એ.યુ.ડબલ્યુ.એસ.પી. | ૧૩.૦૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | હેન્ડ પંપ એમ. એન્ડ આર. | ૮૫.૦૦ | -- | -- | ૭૦ | -- | -- |
| ૧૧ | સોલ્ટસેસ | ૨૦.૦૦ | ૧ | ૦ | ૩૮.૦૦ | ૦ | ૨ |
| ૧૨ | એમ.એન્ડ આર ઓફીસ બીલ્ડીંગ, ઇન્સ બંગલો | ૨૫.૦૦ | -- | -- | ૨૦.૦૦ | -- | -- |
| ૧૩ | એમ. એન્ડ આર ગ્રામ્ય | ૧૨૯૯.૦૦ | -- | -- | ૧૭૬૦.૦૦ | -- | -- |
| ૧૪ | સરદાર સરોવર આધારીત યોજનાઓ | ૧૦૯૬.૦૦ | ૦ | ૭ | ૫૧૪૫.૦૦ | ૪ | ૩ |
| ૧૫ | રીજુવીનેશન | ૭૦.૦૦ | ૫૩ | ૦ | ૧૬૮.૦૦ | ૪૨ | ૪૩ |
| ૧૬ | સ્વજલધારા (વાસ્મો) | ૧૮૧૪.૦૦ | ૩૦ | ૯૨ | ૭૪૭.૦૦ | ૩૭ | ૧૧૬ |
| | **કુલ :** | **૫૭૫૬.૦૦** | **૩૩૭** | **૧૨૨** | **૧૦૩૪૦.૦૦** | **૨૫૮** | **૨૫૨** |

**નોંધ :** અનુક્રમ નં. ૧૦, ૧૨ અને ૧૩ મરામતની કામગીરી હોઇ કામની સંખ્યામાં સમાવેશ કરેલ નથી.

**દાહોદ સિવીલ હોસ્પીટલમાં બંધ હાલતમાં રહેલ એક્સ-રે મશીન બાબત**

૧૪૧૦૪ **શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ સિવીલ હોસ્પીટલમાં એક્સ-રે મશીન છેલ્લા ઘણા

**જવાબ**

(૧) ના, જી.
એક્સ-રે મશીન કાર્યરત છે.

વર્ષોથી બંધ હાલતમાં છે તે હકિક્ત સાચી છે, અને

(૨) જો તે હકીક્ત સાચી હોય તો એક્સ-રે મશીન શરૂ થાય તે માટે શું વ્યવસ્થા વિચારેલ છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વર્ષ ૨૦૦૯ના રણોત્સવ અંગે**

૧૫૭૭૦**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા):માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯માં રણોત્સવ ક્યા સ્થળે અને ક્યારે યોજવામાં આવ્યો હતો,

(૨) આ ઉત્સવમાં કેટલા વિદેશી મહાનુભાવો ઉપસ્થિત ર?ા હતા, અને

(૩) ઉત્સવ પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) વર્ષ-૨૦૦૯માં રણોત્સવ ક્ચ્છ જિલ્લાના ભુજ તાલુકાના ધોરડો મુકામે તા.૧-૧૨-૨૦૦૯થી તા.૩-૧૨-૨૦૦૯ સુધી યોજવામાં આવ્યો હતો.

(૨) આ ઉત્સવમાં ૧૮ વિદેશી મહાનુભાવો હાજર ર?ા હતા.

(૩) આ ઉત્સવ પાછળ રૂપિયા ૫,૭૧,૨૭,૮૪૩-૦૦નો ખર્ચ થયેલ છે. આ જ સવલતનો ઉપયોગ તા.૪-૧૨-૨૦૦૯ થી તા.૭-૧૨-૨૦૦૯ સુધી ચિંતન શીબીર અને તા.૮-૧૨-૨૦૦૯ થી તા.૧૨-૧૨-૨૦૦૯ સુધી સોરાષ્ટ્ર યુનિવર્સિટીના એન.એસ.એસ. વિદ્યાર્થીઓ માટે પણ કરવામાં આવેલ છે.

**ઉમરપાડા તાલુકામાં પી.એચ.સી. અને સી.એચ.સી. મંજૂર કરવા બાબત**

૧૪૬૪૯**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાનાં ઉમરપાડા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને જો હા, તો કેટલા સમયમાં ઉક્ત કેન્દ્ર શરૂ થવાની શક્યતા છે,

(૨) ઉમરપાડા તાલુકામાં આવેલ ઉકાઈ વિસ્થાપિત ગામોમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ, અને જો હા, તો ઉક્ત કેન્દ્ર કેટલા સમયમાં શરૂ થશે, અને

(૩) જો પી.એચ.સી. અને સી.એચ.સી. મંજૂર કરેલ ન હોય તો આગામી સમયમાં મંજૂર કરવાનું કોઈ આયોજન છે કે કેમ?

**જવાબ**

(૧) હા, જી. આ કેન્દ્ર તા.૦૫-૦૨-૨૦૦૯થી કાર્યરત છે.

(૨) ઉમરપાડા તાલુકામાં આવેલ ઉકાઇ વિસ્થાપિત ગામોને આરોગ્ય સેવાઓ માટે અત્યારે વડપાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ આવરી લેવામાં આવેલ છે. જે ૧૯૮૭થી કાર્યરત છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**બાજપાઈનગર વિકાસ યોજના અંતર્ગત વડોદરા જિલ્લામાં ફાળવેલ ગ્રાન્ટ**

૧૫૭૩૬**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં બાજપાઈનગર વિકાસ યોજનાના બીજા તબક્કામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં વાજપાઇ નગર વિકાસ યોજનાના બીજા તબક્કા હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | ન.પા.નું નામ | ફાળવેલ રકમ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | ડભોઇ | ૯૯.૪૭ |
| ૨ | પાદરા | ૬૩.૦૮ |
| ૩ | કરજણ | ૪૬.૭૪ |
| ૪ | છોટાઉદેપુર | ૧૩.૬૧ |
| ૫ | સાવલી | ૫૬.૫૬ |
| | કુલ : | ૨૭૯.૪૬ |

(૨) તે અંતર્ગત કેટલા કામોને મંજૂરી આપવામાં આવી?

(૨) તે અંતર્ગત રસ્તા, ગટર, પાણી પુરવઠા વિગેરે જેવા કુલ ૪૩ કામોને મંજૂરી આપવામાં આવેલ છે.

------------

**ભરૂચ જિલ્લામાં સી.એ.ડી.પી. અંતર્ગત યોજનાઓ**

૧૫૩૪૯ **શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં સી.એ.ડી.પી. (કોસ્ટલ એરીયા ડેવલપમેન્ટ પોગ્રામ) અંતર્ગત કેટલી યોજનાઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી,

(૨) તે અન્વયે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) વાગરા તાલુકામાં ૭ હાંસોટ તાલુકામાં ૭ અને આમોદ તાલુકામાં ૩ મળી કુલ ૧૭ યોજનાઓ મંજૂર કરવામાં આવી.

(૨) વાગરા તાલુકાની પ્રગતિ હેઠળની ૭ યોજના માટે રૂા. ૨૦.૨૦ લાખ.

(૩) પ્રગતિ હેઠળની ૭ યોજના ૯/૨૦૧૦ સુધીમાં અને બાકીની ૧૦ યોજનાઓ લોકફાળો ભરવામાં આવ્યેથી ૧૨/૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**ગાંધીનગર જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે થયેલ કામગીરી**

૧૫૭૬૪**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં સન ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં સને ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં ૩૧-૧૨-૦૯ સુધીમાં જિલ્લા કલેકટરશ્રી દ્વારા જિલ્લાના પ્રવાસન સ્થળો માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.

**વર્ષ ૨૦૦૭-૦૮**

૧) ગાંધીનગર જિલ્લામાં આવેલ અંબાપુર, ઉવારસદ, સાંપા અને હાલીસ વાવની સફાઇ અને જળસંગ્રહના હેતુસર વાવમાં ખોદાણ અને સફાઇની કામગીરી.

૨) વરદાયી માતા મંદિર રૂપાલમાં કંપાઉન્ડ વોલ, પ્રવેશ પેસેજનું રીનોવેશન તથા હાઇમાસ્ક લાઇટની કામગીરી.

૩) સાંપા વાવનો વિકાસ.

૪) ઉવારસદ વાવની આસપાસની જમીનમાં કંપાઉન્ડ વોલ તથા બગીચાની કામગીરી.

૫) કેસરેશ્વર મહાદેવ મંદીર માણસા ખાતે હાઇમાસ્ક લાઇટની કામગીરી.

૬) કંથારપુરા વર્ડ ખાતે પ્રવાસીઓ માટે બાંકડા તથા જુદી જુદી જગ્યાએ દિશા નિર્દેશન માટે સાઇનબોર્ડ મુકવા.

**વર્ષ ૨૦૦૮-૦૯**

૧) સાદરા ગામના મુખ્ય રસ્તાથી જક્ષણી માતાના મંદિર સુધી એપ્રોચ રોડનું આર.સી.સી.કામ તથા સંરક્ષણ દિવાલની કામગીરી, ઐતિહાસિક ટાવરના રીનોવેશનની કામગીરી, વાહનો માટે પાર્કીંગ, હાઇમાસ્ક લાઇટીંગ તથા ટોયલેટ બ્લોક બનાવવાની કામગીરી, રામજી મંદિર ટેકરીથી ગામ સુધીના કાચા રસ્તાની સુધારણા તથા

રેલીંગની કામગીરી.

**વર્ષ ૨૦૦૯-૧૦**

૧) અડાલજ ખાતે થીમ પાર્કનો વિકાસ : સાઇટ ક્લીનીંગ, રેસ્ટોરન્ટ, કીયોસ્ક નંગ-૩, દુકાનો નંગ-૩, તળાવનો વિકાસ, પાર્કીંગ, ગાર્ડન, બોટીંગ વ્યવસ્થા, ટુરીસ્ટ રીસેપ્શન સેન્ટરની સાથે, વાવના એતિહાસિક વિગતો પ્રદર્શિત કરી છે. વોટર હટ નંગ-૩, મેઇનગેટ, પાણીની વ્યવસ્થા પધ્ધતિ, કંપાઉન્ડ વોલ, આર.સી.સી. પીલર સાથે બોરવેલ, અંડરગ્રાઉન્ડ ટાંકી, કોબરસ્ટોનથી ઇન્ટર રોડનો વિકાસ, એરીયા લાઇટીંગ, એન્ટ્રસપ્લાઝા, હવેલી સ્ટ્રક્ચર જેવી કામગીરી કરવામાં આવેલ છે.

૨) ખાસ અંગભુત યોજના અંતર્ગત પ્રવાસન નિગમ દ્વારા સંત ગેબી મંદિર કલોલ ખાતે ટોયલેટ બ્લોક, શેડ, પીવાના પાણીની વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, સ્થળોનુમહત્વ દર્શાવતુ બોર્ડ, સાઇનેજીસ, પેવરબ્લોકનું પેવીંગ તથા બાગ-બગીચાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૨) રાજ્ય સરકારે કેટલી રકમ ફાળવેલ છે, અને

(૨) રાજ્ય સરકારે રૂપિયા ૧૧૩૩.૮૪ લાખ આ કામગીરી માટે ફાળવેલ છે.

(૩) તે અંતર્ગત કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

(૨) વલસાડ જિલ્લાના પારડી તાલુકાના કોલક ઉદવાડા ખાતે દરિયાઈ ધોવાણ અટકાવવાના રૂ.૧૦૦૯.૭૮ લાખના કામને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. અને તાંત્રિક મંજૂરી આપવાની બાબત ચકાસણી હેઠળ છે.

------------

## પ્રવાસન વિકાસ માટે બ્રાન્ડ એમ્બેસેડરની પસંદગી

૧૪૩૨૪**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં રાજ્ય સરકારે પ્રવાસન વિકાસ માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોને પસંદ કરવામાં આવ્યા, અને

(૨) આ બ્રાન્ડ એમ્બેસેડરની મંજૂરી પછી પ્રવાસન ઉદ્યોગને રાજ્યમાં કેટલો ફાયદો થશે ?

**જવાબ**

(૧) તાજેતરમાં રાજ્ય સરકારે પ્રવાસન વિકાસ માટે અમિતાભ બચ્ચનને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પસંદ કરવામાં આવેલ છે.

(૨) આ બ્રાન્ડ એમ્બેસેડરની મંજૂરી પછી પ્રવાસન ઉદ્યોગને રાજ્યમાં સારો ફાયદો થશે.

------------

## વર્ષ ૨૦૦૭ ની ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં પ્રવાસન ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.

૧૫૭૮૦**પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૭ માં ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં કેટલી કંપનીઓ પ્રવાસન ક્ષેત્રે એમ.ઓ.યુ. કર્યા,

(૨) આ અંતર્ગત કેટલું મૂડી રોકાણ થયું,

(૩) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી કંપનીઓ કાર્યરત છે, અને

(૪) એમ.ઓ.યુ. કર્યા પછી કેટલી કંપનીઓએ એમ.ઓ.યુ. રદ કર્યા ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭માં ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં ૩૩ કંપનીઓ તરફથી પ્રવાસન ક્ષેત્રે એમ.ઓ.યુ. કર્યા.

(૨) આ અંતર્ગત રૂપિયા ૨૪૧.૦૦ કરોડનું મૂડી રોકાણ થયેલ છે.

(૩) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ એક કંપની કાર્યરત છે. જ્યારે ૨૩ કંપનીઓના ૩૫ પ્રોજેક્ટ વિવિધ સ્તરે પ્રગતિમાં છે.

(૪) એમ.ઓ.યુ. કર્યા પછી ૯ કંપનીએ એમ.ઓ.યુ. રદ કર્યા.

------------

## બનાસકાંઠા જિલ્લામાં સ્વાઈન ફ્લૂના કેસો

૧૫૫૦૩ **શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વાઈન ફ્લૂના કેટલા કેસો નોંધાયેલ છે,

(૨) તાલુકાવાર કેટલા કેસ છે,

(૩) બનાસકાંઠા જિલ્લામાં સ્વાઈન ફ્લૂથી મૃત્યુ આંક કેટલો છે, અને

(૪) સ્વાઈન ફ્લૂની સારવાર બનાસકાંઠામાં ક્યાં ક્યાં આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વાઈન ફ્લૂના કુલ-૨૯ કેસ નોંધાયેલ છે.

(૨) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સ્વાઈન ફ્લૂના કુલ-૨૯ કેસ નોંધાયેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ કેસની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૦ |
| ૨ | દાંતા | ૨ |
| ૩ | પાલનપુર | ૧૪ |
| ૪ | વડગામ | ૧ |
| ૫ | ડીસા | ૧૦ |
| ૬ | ધાનેરા | ૨ |
| ૭ | દાંતીવાડા | ૦ |
| ૮ | કાંકરેજ | ૦ |
| ૯ | દિયોદર | ૦ |
| ૧૦ | ભાભર | ૦ |
| ૧૧ | વાવ | ૦ |
| ૧૨ | થરાદ | ૦ |
| | **કુલ કેસ** | ૨૯ |

(૩) બનાસકાંઠા જિલ્લામાં સ્વાઈન ફ્લૂથી કુલ મૃત્યુઆંક ૬ છે.

(૪) સ્વાઈન ફ્લૂની સારવાર બનાસકાંઠા જિલ્લામાં સીવીલ હોસ્પિટલ, પાલનપુર તેમજ તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે આપવામાં આવે છે.

------------

## ખાંભા તાલુકામાં હયાત હેન્ડ પંપો

૧૪૦૯૭**શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ક્યા ક્યા ગામોમાં હયાત હેન્ડ પંપો ચાલુ છે અને ક્યા ક્યા ગામોમાં હયાત હેન્ડ પંપો બંધ છે,

**જવાબ**

(૧) હેન્ડપંપોની ગામવાર વિગતો દર્શાવતું પત્રક-૧ સામેલ છે.

**પત્રક-૧**

| ક્રમ | ગામનું નામ | પીવાના પાણીનાં હેન્ડપંપની હાલની પરિસ્થિતિ | | |
|---|---|---|---|---|
| | | કુલ હેન્ડપંપ | ચાલુ હેન્ડપંપ | કાયમી બંધ હેન્ડપંપ |
| ૧ | રૂગનાથપુર | ૬ | ૪ | ૨ |
| ૨ | હનુમાનપુર | ૯ | ૯ | ૦ |
| ૩ | જીક્યાળી | ૯ | ૬ | ૩ |
| ૪ | ભાડ | ૪ | ૪ | ૦ |
| ૫ | ઈંગોરાળા(ભાડ) | ૧૦ | ૯ | ૧ |
| ક્રમ | ગામનું નામ | પીવાના પાણીનાં હેન્ડપંપની હાલની પરિસ્થિતિ | | |
| | | કુલ હેન્ડપંપ | ચાલુ હેન્ડપંપ | કાયમી બંધ હેન્ડપંપ |
| ૬ | નાની ધારી | ૫ | ૩ | ૨ |
| ૭ | લાસા | ૯ | ૯ | ૦ |
| ૮ | ગોરાણા | ૬ | ૫ | ૧ |
| ૯ | સરાકડીયામોટા | ૬ | ૫ | ૧ |
| ૧૦ | રાયડી | ૮ | ૭ | ૧ |
| ૧૧ | મોટાસમઢીયાળા | ૬ | ૪ | ૨ |
| ૧૨ | કોટડા | ૨ | ૧ | ૧ |
| ૧૩ | કાતરપરા | ૩ | ૨ | ૧ |
| ૧૪ | સમઢીયાળા-૨ | ૭ | ૫ | ૨ |
| ૧૫ | નેસડી-૨ | ૭ | ૫ | ૨ |
| ૧૬ | પાટી | ૫ | ૪ | ૧ |
| ૧૭ | ડેડાણ | ૧૨ | ૯ | ૩ |
| ૧૮ | રાણીંગપરા | ૭ | ૬ | ૧ |
| ૧૯ | ભાવરડા-૧ | ૭ | ૬ | ૧ |
| ૨૦ | ભાવરડી-૨ (ચતુરીપરા) | ૭ | ૭ | ૦ |
| ૨૧ | દાઢીયાળી | ૭ | ૬ | ૧ |
| ૨૨ | સરાકડીયાદીવાન | ૭ | ૬ | ૧ |
| ૨૩ | જીવાપર | ૪ | ૪ | ૦ |
| ૨૪ | મુંજીયાસર | ૫ | ૫ | ૦ |
| ૨૫ | મોટાબારમણ | ૭ | ૫ | ૨ |
| ૨૬ | ગીદરડી | ૫ | ૪ | ૧ |
| ૨૭ | નાનુડી | ૭ | ૭ | ૦ |
| ૨૮ | ખડાધાર | ૧૪ | ૧૨ | ૨ |
| ૨૯ | આંબલીયાળા | ૭ | ૬ | ૧ |
| ૩૦ | નાનાવિસાવદર | ૫ | ૫ | ૦ |
| ૩૧ | વાંકીયા | ૯ | ૬ | ૩ |
| ૩૨ | અનીડા | ૫ | ૩ | ૨ |
| ૩૩ | બાબરપરા | ૫ | ૪ | ૧ |
| ૩૪ | ચક્રાવા-૧ | ૬ | ૫ | ૧ |
| ૩૫ | ચક્રાવા-૨ | ૭ | ૫ | ૨ |
| ૩૬ | કંટાળા | ૬ | ૪ | ૨ |
| ૩૭ | ધુંધવાણા | ૭ | ૫ | ૨ |
| ૩૮ | પચપચીયા | ૮ | ૬ | ૨ |
| ૩૯ | રબારીકા | ૮ | ૭ | ૧ |
| ૪૦ | સાળવા | ૫ | ૫ | ૦ |
| ક્રમ | ગામનું નામ | પીવાના પાણીનાં હેન્ડપંપની હાલની પરિસ્થિતિ | | |
| | | કુલ હેન્ડપંપ | ચાલુ હેન્ડપંપ | કાયમી બંધ હેન્ડપંપ |
| ૪૧ | ખાંભા | ૨૮ | ૨૪ | ૪ |
| ૪૨ | પીપરીયા | ૮ | ૫ | ૩ |
| ૪૩ | દડલી | ૬ | ૫ | ૧ |
| ૪૪ | તાલડા | ૬ | ૬ | ૦ |
| ૪૫ | માલક્નેશ નવા | ૮ | ૮ | ૦ |
| ૪૬ | માલક્નેશ જુના | ૯ | ૯ | ૦ |
| ૪૭ | નાના બારમણ | ૭ | ૬ | ૧ |
| ૪૮ | ત્રાકુડા | ૫ | ૩ | ૨ |
| ૪૯ | વાંગધ્રા | ૫ | ૪ | ૧ |
| ૫૦ | જામકા | ૫ | ૪ | ૧ |
| ૫૧ | ઉમરીયા | ૬ | ૬ | ૦ |
| ૫૨ | તાતણીયા | ૬ | ૪ | ૨ |
| ૫૩ | પીપળવા | ૯ | ૮ | ૧ |
| ૫૪ | ભાણીયા | ૬ | ૬ | ૦ |
| ૫૫ | ધાવડીયા | ૭ | ૬ | ૧ |
| ૫૬ | કોદીયા | ૪ | ૩ | ૧ |
| ૫૭ | ભુંડણી | ૬ | ૬ | ૦ |
| ૫૮ | નિગાળા | ૫ | ૫ | ૦ |
| ૫૯ | બોરાળા | ૭ | ૭ | ૦ |
| **નોંધઃ** આશરે વીસ વર્ષ જુના હે.પં. બહાર કાઢી લીધેલ હોય તેમજ અમુક જ્યાએ નવું ગ્રામ્ય માળખુ બનવાથી હે.પં.નું અસ્તીત્વ નથી તેવા હે.પં.ની સંખ્યા. | | ૪૧૨ | ૩૪૫ | ૬૭ |
| | | ૪૮ | ૦ | ૪૮ |
| | | ૪૬૦ | ૩૪૫ | ૧૧૫ |

(૨) ઉક્ત સ્થિતિએ બંધ હેન્ડ પંપો શરૂ કરવા માગો છો કે કેમ,

(૨) ખંડ-૧ ના જવાબમાં સામેલ પત્રક-૧ માં જે બંધ હેન્ડપંપો દર્શાવેલ તે હવે શરૂ થઈ શકે તેમ ન હોઈ કાયમી ધોરણે બંધ છે.

(૩) જો હા, તો કેટલાં સમયમાં શરૂ કરવા માંગો છો અને તે માટે કેટલો ખર્ચ થાય તેમ છે,

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત સ્થિતિએ જે ગામોમાં હેન્ડપંપો બંધ છે તેવા ગામોને હાલમાં કઈ યોજના નીચે પીવાનું પાણી પૂરૂં પાડવામાં આવે છે, અને

(૪) જે ગામમાં કાયમી ધોરણે હેન્ડપંપો બંધ છે ત્યાં જરૂરીયાત અનુસાર સામેલ પત્રક-૨ માં દર્શાવેલ યોજનાઓ નીચે પીવાનું પાણી પુરૂં પાડવામાં આવે છે.

**પત્રક - ૨**

| ક્રમ | ગામનું નામ | કાયમી બંધ હેન્ડપંપ | હેન્ડપંપ સિવાયની અન્ય વ્યવસ્થાની વિગતો કુવા/ઉંડા બોર (મશીનરી સાથે) આધારીત યોજનાં |
|---|---|---|---|
| ૧ | રૂગનાથપુર | ૨ | ૧-કુવો |
| ૨ | જીક્યાળી | ૩ | ૧-બોર |
| ૩ | ઈંગોરાળા (ભાડ) | ૧ | ૧-બોર |
| ૪ | નાની ધારી | ૨ | ૧-કુવો તથા ૨-બોર |
| ૫ | ગોરાણા | ૧ | ૨-બોર |
| ૬ | સરાકડીયામોટા | ૧ | ૪-બોર |
| ૭ | રાયડી | ૧ | ૨-બોર ચાલુ છે. તથા જરૂરીયાત મુજબ એક નવો બોર પંપીગ મશીનરી સાથે આયોજન છે. |
| ૮ | મોટાસમઢીયાળા | ૨ | ૧-કુવો |
| ૯ | કોટડા | ૧ | ૧-કુવો |
| ૧૦ | કાતરપરા | ૧ | ૨-બોર |
| ૧૧ | સમઢીયાળા-૨ | ૨ | ૨-બોર સીંગલ ફેઝ પંપ સાથે આયોજન છે. |
| ૧૨ | નેસડી-૨ | ૨ | ૩-બોર |
| ૧૩ | પાટી | ૧ | હાલમાં હે.પંપમાંથી પુરતુ પાણી છે. |
| ૧૪ | ડેડાણ | ૩ | ૨-કુવા તથા ૧-બોર |
| ૧૫ | રાણીંગપરા | ૧ | ૧-કુવો તથા ૧-બોર |
| ૧૬ | ભાવરડી-૧ | ૧ | ૧ નવો બોર પંપીગ મશીનરી સાથે આયોજન છે. |
| ૧૭ | દાઢીયાળી | ૧ | ૧-બોર |
| ૧૮ | સરાકડીયાદીવાન | ૧ | ૧-બોર |
| ૧૯ | મોટાબારમણ | ૨ | ૨-બોર |
| ૨૦ | ગીદરડી | ૧ | ૧-કુવો તથા ૧-બોર |
| ૨૧ | ખડાધાર | ૨ | ૧-કુવો તથા ૫-બોર |
| ૨૨ | આંબલીયાળા | ૧ | ૧-બોર |
| ૨૩ | વાંકીયા | ૩ | ૧-કુવો તથા ૨-બોર |
| ૨૪ | અનીડા | ૨ | ૧-બોર |
| ૨૫ | બાબરપરા | ૧ | ૧-બોર ચાલુ છે. તથા જરૂરીયાત મુજબ એક નવો હે.પંપ સાથે આયોજન છે. |
| ૨૬ | ચક્રાવા-૧ | ૧ | બે નવા બોર પંપીગ મશીનરી સાથે આયોજન છે. |
| ૨૭ | ચક્રાવા-૨ | ૨ | |
| ૨૮ | કંટાળા | ૨ | હાલમાં હે.પંપમાંથી પુરતુ પાણી છે. |
| ૨૯ | ધુંધવાણા | ૨ | ૧-કુવો |
| ૩૦ | પચપચીયા | ૨ | ૧-કુવો તથા ૧-બોર |
| ૩૧ | રબારીકા | ૧ | ૧-કુવો |
| ૩૨ | ખાંભા | ૪ | ૧-કુવો તથા ૨-બોર |
| ૩૩ | પીપરીયા | ૩ | ૧-કુવો તથા ૪ બોર |
| ૩૪ | દડલી | ૧ | ૧-કુવો |
| ૩૫ | નાના બારમણ | ૧ | ૧-બોર |
| ૩૬ | ત્રાકુડા | ૨ | ૨-બોર |
| ૩૭ | વાંગધ્રા | ૧ | ૧-કુવો તથા ૩-બોર |
| ૩૮ | જામકા | ૧ | ૧-કુવો |
| ૩૯ | તાતણીયા | ૨ | ૩-બોર |
| ૪૦ | પીપળવા | ૧ | ૧-કુવો તથા ૩-બોર |
| ૪૧ | ધાવડીયા | ૧ | ૧-કુવો |
| ૪૨ | કોદીયા | ૧ | ૧-બોર |

(૫) તે નિયમિત અને પૂરતું મળે છે કે કેમ ?

(૫) હા, જી.

------------

## તબીબી સારવારના હેતુ માટે મામલતદારનો દાખલો માન્ય રાખવા બાબત

૧૪૬૮૫ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સીવીલ હોસ્પિટલો અને સરકારી હોસ્પિટલોમાં ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારના કોઈ સભ્યની માંદગીના પ્રસંગે દર્દીની સારવાર માટે જે તે દર્દીનું બી.પી.એલ. યાદીમાં નામ ન હોય કે બી.પી.એલ. રેશનકાર્ડ ન હોય તેવા દર્દી દ્વારા રજૂ કરાતો મામલતદારનો પ્રવર્તમાન આર્થિક સ્થિતિની ખરાઈનો દાખલો માન્ય રાખવામાં આવતો નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેનાં કારણો શાં છે ?

**જવાબ**

(૧) તમામ આરોગ્ય કેન્દ્રો, સીવીલ હોસ્પિટલોમાં દર્દી પાસેથી સહાય આપવા બાબતે બી.પી.એલ. રેશનકાર્ડ રજુ કરવાનો આગ્રહ નહી રાખતાં તેની જ્ગ્યાએ નિયામકશ્રી ગ્રામ વિકાસ એજન્સી અને તાલુકા પંચાયતમાં ઉપલબ્ધ હોય તેવા બી.પી.એલ. લાભાર્થીના દાખલાઓ માન્ય રાખવાની સૂચનાઓ આપેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સાબરકાંઠા જિલ્લાના પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવામાં આવનાર સ્થળો

૧૫૭૮૪ **શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં નીચેના સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવેલ છે.

(૧) શામળાજી, વિષ્ણુ મંદિર અને આસપાસનો વિસ્તાર

(૨) શામળાજી ખાતે બુધ્ધિસ્ટ સાઇટ દેવનીમોરી

(૩) શામળાજી, ઇડર અને વિજયનગરની પોળોને જોડતી પ્રવાસન સર્કીટ માટે કાર્યયોજના આધારીત અહેવાલ સેપ્ટ સંસ્થા મારફતે તૈયાર કરાવવામાં આવેલ છે.

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધાઓ પૂરી પાડવાની સરકારની યોજના છે,

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધાઓ પુરી પાડવાની સરકારની યોજના છે.

(૧) શામળાજી વિષ્ણુ મંદિર અને આસપાસના વિસ્તાર ખાતે લેક, પાથવેનો વિકાસ, ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ, કંપાઉન્ડ વોલ તથા ધજા સ્થળના વિકાસની કામગીરી.

(૨) શામળાજી વિષ્ણુ મંદિર અને આસપાસના વિસ્તાર ખાતે બોટીંગ, ગ્રામહાટ, એમ્ફી થીયેટર, પંપરૂમ સાથેનો બોર, ઓવરહેડ ટેન્ક, બગીચો, માઉન્ટેનીયર તાલીમ સંસ્થા, માહિતી ગેલેરી, હોસ્ટેલ, ટ્રાયબલ મ્યુઝીયમ માટે હાઇવે સમાંતર પુરાણ અને પ્રોટેક્શન વોલ, રેસ્ટોરન્ટ, સેનેટરી અને લાઇટની સુવિધા, મેળાના સ્થળે (નાગધરા) ટોયલેટ, ચેન્જરૂમ અને આરોપ્લાન્ટ, રસ્તાનું આધુનિકરણ, પ્રવેશ દ્વાર, સાઇનેજીસ, હાઇમાસ્ટ ઇલ્યુમીનેશન.

(૩) દેવની મોરી બુધ્ધિસ્ટ સાઇટ ખાતે રસ્તાની સુધારણા, પુરૂષ તથા સ્ત્રીના ટોયલેટ, બોરરૂમ, મોટરરૂમ, લેન્ડસ્કેપીંગ, વોચીંગ ટાવર, મુખ્ય પ્રવેશ દ્વાર, સાઇનેજીસ, ઇમારતની જાળવણી, પ્રવાસી માહિતી કેન્દ્રની કામગીરી.

(૪) શામળાજી : ટુરીસ્ટ રીસેપ્શન અને ઇન્ટરપ્રીટેશન સેન્ટર, મંદીર વિસ્તારની સુધારણા, અને નવીનીકરણ, ગામના અંદરના વિસ્તારની સુધારણા વાવ શીવમંદિર ખાતે પ્રકાશ વ્યવસ્થા.

(૫) ઇડર : તળેટીનો વિકાસ, કુંડનું રીપેરીંગ, ધાણી તળાવ કિનારાનો વિકાસ, રાજ્યંદ્ર વિહાર તરફના એપ્રોચ રોડની સુધારણા અને વિકાસ, આંતરીક રસ્તા અને વિસ્તારનો વિકાસ, દિશા સુચક તથા માહિતી દર્શાવતા બોર્ડ.

(૬) વિજયનગર પોળો : જુદી જુદી સાઇટને સાંકળતા મુળભુત રસ્તાનો વિકાસ, સ્મારકની આસપાસ આંતરમાળખાકીય સવલતનો વિકાસ, હરણા ડેમનો વિકાસ, ટ્રાયબલ મ્યુઝીયમનો વિકાસ, સાહસપૂર્ણ રમતગમતનો વિકાસ, ગ્રીનરૂમ અને ઓડીયોવીઝયુલની વ્યવસ્થા સાથેનું એમ. પી. થીયેટર, ગ્રામ્ય પ્રવાસન અંતર્ગત સ્થાનિક લોકોને પગભર થવા ટ્રેનીંગ પ્રોજેક્ટ.

(૭) દેવની મોરી (બુધ્ધિસ્ટ સાઇટ) ખાતે આંતરમાળખાકીય અને પ્રાવસન સુવિધા વિકસાવવા કેન્દ્રને દરખાસ્ત મોકલવામાં આવેલ હતી. જે કેન્દ્ર સરકારે મંજૂર કરેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે નીચે મુજબ નાણાં ફાળવવામાં આવેલ છે.

| | |
|---|---|
| વર્ષ ૨૦૦૮-૦૯ | |
| (૧) શામળાજી વિષ્ણુ મંદિર અને આસપાસના વિસ્તારના વિકાસ માટે રૂપિયા ૯૫.૦૦ લાખ | |
| વર્ષ ૨૦૦૯-૧૦ | |
| (૧) શામળાજી વિષ્ણુ મંદિર અને આસપાસના વિસ્તારના વિકાસ માટે રૂપિયા ૪૬૫.૧૨ લાખ<br>(૨) બુધિસ્ટ સાઇટ-દેવની મોરી માટે રૂપિયા ૨૮૭.૦૪ લાખ | |

(૪) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) તેની સામે હાલમાં ઉપરોક્ત કામગીરી પ્રગતિમાં હોઇ કોઇ ખર્ચ થયેલ નથી.

------------

## વડોદરા જિલ્લામાં હેન્ડ પંપો

૧૪૭૩૬**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા હેન્ડપંપો તાલુકાવાર બનાવવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં કુલ ૧૧૨૭ હેન્ડપંપો બનાવવામાં આવ્યા. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | હેન્ડપંપની સંખ્યા |
|---|---|---|
| ૧ | જેતપુર પાવી | ૪૭૧ |
| ૨ | છોટાઉદેપુર | ૫૪૮ |
| ૩ | ક્વાંટ | ૬૭૨ |
| ૪ | નસવાડી | ૨૫૬ |
| ૫ | સંખેડા | ૧૧૫ |
| ૬ | ડભોઈ | ૨૪ |
| ૭ | શીનોર | ૦ |
| ૮ | વડોદરા | ૨૨ |
| ૯ | પાદરા | ૧૦૬ |
| ૧૦ | કરજણ | ૪ |
| ૧૧ | વાઘોડીયા | ૩૧ |
| ૧૨ | સાવલી | ૧૩૨ |
| | કુલ : | ૨૩૮૧ |

એચબી(૨)૦૭૮-તે૬ પેકી ઈન્ડીયા માર્ક-II (IS-0301) પ્રકારના કેટલા હેન્ડપંપો બેસાડવામાં આવ્યા, અને

(૨) આઈ.એસ.૦૩૦૧ ઈન્ડીયા માર્ક-૨ હેન્ડપંપ માટે નથી. પરંતુ ઉપરોક્ત ૧૨ તાલુકાઓમાં બોર્ડ દ્વારા ૧૧૨૭ હેન્ડપંપો આઈ.એસ.૧૫૫૦૦ ના ઈન્ડીયા માર્ક-૨ પ્રકારના બેસાડવામાં આવેલ છે. આઈ.એસ. ૧૫૫૦૦ વર્ષ ૨૦૦૪ થી હેન્ડપંપ માટે રીવાઈઝ થયેલ છે. જ્યારે પંચાયત દ્વારા ૧૨૫૪ હેન્ડપંપો ઈન્ડીયા માર્ક-૨ આઈ.એસ. ૯૩૦૧ પ્રકારના બેસાડવામાં આવેલ છે.

(૩) સરકારની સૂચના હોવા છતાં પણ અન્ય પ્રકારના હેન્ડપંપો ક્યા કારણસર બેસાડવામાં આવ્યાં હતા ?

(૩) ઈન્ડીયા માર્ક-૨ (આઈ.એસ. ૧૫૫૦૦ તથા આઈ.એસ. ૯૩૦૧) પ્રકારનાંજ હેન્ડપંપો બેસાડવામાં આવતા હોવાથી અન્ય હેન્ડપંપો બેસાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## આણંદ જિલ્લામાં આર.ઓ. પ્લાન્ટની માગણી

૧૫૨૭૮ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો દ્વારા પીવાના પાણીની શુદ્ધતા માટે આર.ઓ. પ્લાન્ટની માગણી કરવામાં આવી,

**જવાબ**

(૧) તાલુકાવાર નીચેની વિગતે

| ક | તાલુકો | આર.ઓ.પ્લાન્ટની માંગણી કરેલ ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | બોરસદ | ૨ |
| ૨ | પેટલાદ | ૭ |
| ૩ | સોજીત્રા | ૧ |
| ૪ | ખંભાત | ૮ |
| ૫ | તારાપુર | ૩ |
| | કુલ : | ૨૧ |

(૨) ઉક્ત માગણી અન્વયે કેટલા ગામોને આર.ઓ. પ્લાન્ટ આપવાની માગણી મંજૂર કરવામાં આવી,

(૨) ૧૨ ગામોની આર.ઓ.પ્લાન્ટની માગણી મંજૂર કરવામાં આવી.

(૩) હાલ કેટલા ગામોમાં આર.ઓ. પ્લાન્ટથી શુદ્ધ કરેલ પાણી આપવામાં આવે છે, અને

(૩) ૫ ગામોની આર.ઓ.પ્લાન્ટની યોજના પૂર્ણ કરી શુધ્ધ પાણી આપવામાં આવે છે.

(૪) કેટલા ગામોની અરજીઓ પડતર છે ?

(૪) બુટ બેઝીઝ આર.ઓ. પ્લાન્ટ યોજના અન્વયે ૭ ગામોમાં એજન્સી દ્વારા પાણી સમિતિ સાથે કરાર કરવાની કાર્યવાહી હાથ પર છે જ્યારે બે ગામોની માગણીની અરજી ચકાસણી હેઠળ છે.

------------

**ઠાસરા તાલુકાના કોણી ગામના પેટાપરા ટેકરા વિભાગને પીવાનું પાણી આપવા સર્વે**

૧૪૧૦૧ **શ્રી રામસિંહ પરમાર(ઠાસરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના કોણી ગામે તેના પેટાપરા ટેકરા વિભાગમાં પીવાના પાણી માટે પાણી પુરવઠા વિભાગે છેલ્લે સર્વે ક્યારે હાથ ધરેલ, અને | (૧) ઓકટોબર - ૨૦૦૯ માં. |
| (૨) તે અન્વયે તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને કેટલા સમયમાં પીવાનું પાણી આપવામાં આવશે ? | (૨) તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ યોજના મંજૂરીની પ્રક્રિયા હેઠળ હતી. આ યોજના તા.૨૬-૨-૨૦૧૦ થી મંજૂર થયેલ છે અને તા.૩૦-૦૬-૨૦૧૦ સુધીમાં પીવાનું પાણી આપવાનું આયોજન છે. |

------------

**સરખેજના રોજાને પવિત્ર યાત્રાધામ તરીકે જાહેર કરવા અંગે**

૧૫૦૩૭**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ સરખેજના રોજાને પવિત્ર યાત્રાધામ તરીકે જાહેર કરવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૧) તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ સરખેજના રોજાને પવિત્ર યાત્રાધામ તરીકે જાહેર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ નથી. |
| (૨) આ કાર્યવાહી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સ્વજલધારા કાર્યક્રમ હેઠળ સિધ્ધપુર તાલુકામાં મંજૂર કામો**

૧૫૭૭૭ **શ્રી રજનીકાન્ત સો.પટેલ(ચાણસ્મા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલાં કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૧૭ યોજનાના કામો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કુલ કેટલાં કામો પૂર્ણ કરવામાં આવ્યા? | (૨) ૧૨ યોજનાના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. |

------------

**સ્વાઈન ફ્લૂનો ફેલાવો અટકાવવા આપત્તિ વ્યવસ્થાપન પ્લાન**

૧૪૫૧૨**ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સ્વાઈન ફ્લૂનો ફેલાવો અટકાવવા સરકાર દ્વારા આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અમલમાં મૂકેલ છે, તે હકીક્ત સાચી છે, | (૧) હા, રાજ્યમાં સ્વાઇન ફ્લૂનો ફેલાવો અટકાવવા સરકાર દ્વારા આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અમલમાં મૂકેલ છે તે હકીક્ત સાચી છે. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા કેસોનું સ્ક્રીનીંગ કર્યુ, અને | (૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કુલ-૧૪૫૯૨ કેસોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું. |
| (૩) તે પૈકી કેટલા શંકાસ્પદ કેસ મળી આવ્યા ? | (૩) તે પૈકી કુલ-૨૭૩૧ શંકાસ્પદ કેસ મળી આવેલ છે. |

------------

### મહી સિંચાઈ નેટવર્કની નહેરો

૧૫૭૩૪**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ મહી સિંચાઈ નેટવર્ક અંતર્ગત કેટલી લંબાઈની નહેરો છે, | (૧) ૩૦૭૭.૧૯ કિ.મી. |
| (૨) તે પૈકી કેટલી લંબાઈની નહેરો પાકી છે, | (૨) ૧૦૬૯.૯૮ કિ.મી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સદર નહેરોની મરામત, સુધારણા, નવીનીકરણ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૩) રૂા. ૧૯.૮૬. કરોડ. |
| (૪) કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને | (૪) રૂા. ૧૬.૬૫. કરોડ. |
| (૫) તમામ નહેરોને પાકી બનાવવામાં કોઈ આયોજન છે કે કેમ ? | (૫) ફંડ ઉપલબ્ધિ અનુસાર વિચારણા કરવામાં આવશે. |

------------

### દાહોદ જિલ્લામાં તળાવો ઉંડા કરવા અંગે

૧૫૩૫૪**શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર કુલ કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) કુલ ૨૧૭ તળાવ ઊંડા કરવામાં આવ્યા. સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| ક | તાલુકો | તળાવોની સંખ્યા |
|---|---|---|
| વર્ષ : ૨૦૦૭ | | |
| ૧ | દાહોદ | ૧૫ |
| ૨ | ગરબાડા | ૧૩ |
| **અ.નં.** | **તાલુકો** | **તળાવોની સંખ્યા** |
| ૩ | ધાનપુર | ૨૦ |
| ૪ | દેવગઢબારીયા | ૧૬ |
| ૫ | લીમખેડા | ૧૬ |
| ૬ | ઝાલોદ | ૧૫ |
| ૭ | ફતેપુરા | ૧૪ |
| | **કુલ :** | **૧૦૯** |
| વર્ષ : ૨૦૦૮ | | |
| ૧ | દાહોદ | ૧૧ |
| ૨ | ગરબાડા | ૧૧ |
| ૩ | ધાનપુર | ૧૧ |
| ૪ | દેવગઢબારીયા | ૧૦ |
| ૫ | લીમખેડા | ૧૧ |
| ૬ | ઝાલોદ | ૧૧ |
| ૭ | ફતેપુરા | ૧૦ |
| | **કુલ :** | **૭૫** |
| વર્ષ : ૨૦૦૯ | | |
| ૧ | દાહોદ | ૭ |
| ૨ | ગરબાડા | ૫ |
| ૩ | ધાનપુર | ૫ |
| ૪ | દેવગઢબારીયા | ૬ |
| ૬ | ઝાલોદ | ૫ |
| ૭ | ફતેપુરા | ૫ |
| | **કુલ :** | ૩૩ |
| **કુલ : ૧૦૯ + ૭૫ + ૩૩ = ૨૧૭** | | |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) આ તળાવો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂા. ૬૧૭.૦૮ લાખ. |

### ધરમપુર તાલુકામાં પીવાના પાણીની વ્યવસ્થા કરવા અંગે

૧૪૭૫૭ **શ્રી છનાભાઈ ચૌધરી(ધરમપુર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ૨૦૦૯-૧૦ના વર્ષે ઓછા વરસાદના કારણે અંતરીયાળ વિસ્તારમાં પીવાના પાણીની અછત પડે છે તેવા સંજોગોમાં સરકારે પીવાના પાણી માટે શું આયોજન કરેલ છે ? | હાલ પીવાના પાણીની અછત નથી. જરૂરીયાત ઊભી થયે જરૂરી વ્યવસ્થા કામગીરી કરવામાં આવશે. |

------------

## કાંકરેજ અને ડીસા તાલુકામાં ગામ અને સીમ તળાવો ઉંડા કરવા બાબત

૧૪૧૮૫**શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ અને ડીસા તાલુકાના છેલ્લા બે વર્ષમાં કટેલા ગામોના ગામ અને સીમ તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામ તળાવો ઊંડા કરવાની દરખાસ્તો પડતર છે, તેના કારણો શાં છે, અને

(૩) આ ગામોના તળાવો કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ અને ડીસા તાલુકામાં નીચે મુજબ ગામ અને સીમ તળાવો ઊંડા કરવામાં આવેલ છે.

| વર્ષ | ગામ અને સીમ તળાવ | |
|---|---|---|
| | સંખ્યા | ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૦૮ | ૨૪ | ૮૮ |
| ૨૦૦૯ | ૦૬ | ૨૮ |

(૨) દરખાસ્ત પડતર નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## રાજકોટ જિલ્લામાં આયુર્વેદિક દવાખાનામાં ડૉક્ટરોની ખાલી જ્ગ્યા બાબત

૧૪૮૭૫**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા આયુર્વેદિક દવાખાના કાર્યરત છે,

(૨) આ પેકી કેટલા અને ક્યા ક્યા દવાખાનામાં આયુર્વેદિક ડૉક્ટરોની જ્ગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત જ્ગ્યાઓનો ચાર્જ ક્યા ડૉક્ટરોને ક્યારથી આપવામાં આવેલ છે, અને

(૪) ઉક્ત જ્ગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કુલ-૨૩ આયુર્વેદિક દવાખાના કાર્યરત છે.

| ક્રમ | તાલુકો | ક્રમ | દવાખાનું |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૧ | પદમકુંવરબા હોસ્પિટલ |
| | રાજકોટ | ૨ | ખેરડી |
| | રાજકોટ | ૩ | સીવીલ હોસ્પિટલ |
| ૨ | જેતપુર | ૪ | જુની સાંકળી |
| | જેતપુર | ૫ | પાંચપીપળા |
| | જેતપુર | ૬ | ખજૂરી ગુંદાળા |
| ૩ | ગોંડલ | ૭ | સીવીલ હોસ્પિટલ, ગોંડલ |
| | ગોંડલ | ૮ | ચરખડી |
| | ગોંડલ | ૯ | વાંસાવડ |
| ૪ | લોધિકા | ૧૦ | ચાંદલી |
| | લોધિકા | ૧૧ | ખાંભા |
| ક્રમ | તાલુકો | ક્રમ | દવાખાનું |
| ૫ | મોરબી | ૧૨ | લખધીરનગર |
| | મોરબી | ૧૩ | માણેક્વાડા |
| ૬ | ઉપલેટા | ૧૪ | કોટેજ હો. (ઉપલેટા) |
| | ઉપલેટા | ૧૫ | કોલકી |
| | ઉપલેટા | ૧૬ | વડાલી |
| | ઉપલેટા | ૧૭ | ગણોદ |
| | ઉપલેટા | ૧૮ | ખાખીજાળીયા |
| ૭ | માળયામીંયાણા | ૧૯ | ભાવપર |
| | માળયામીંયાણા | ૨૦ | મોટા દહીસરા |
| ૮ | વાંકાનેર | ૨૧ | પીપળીયા (રાજ) |
| ૯ | જસદણ | ૨૨ | ક્નેસરા |
| ૧૦ | ધોરાજી | ૨૩ | ધોરાજી |

(૨) આ પેકી કોઈ પણ દવાખાનામાં આયુર્વેદિક ડૉક્ટરોની જ્ગ્યા ખાલી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## દાહોદ જિલ્લામાં પી.એચ.સી.માં સંવર્ગવાર મંજૂર અને ખાલી જ્ગ્યા

૧૪૧૦૫**શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલ છે, અને

(૨) તે પેકી કેટલી ખાલી છે ?

**જવાબ**

(૧) અને (૨) : તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ તથા ખાલી જ્ગ્યાઓ નીચે મુજબ છે.

| | મંજૂર થયેલ જ્ગ્યાઓ | ખાલી જ્ગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૨ | ૬૧ | ૧૦ |
| વર્ગ-૩ | ૧૮૩ | ૬૬ |
| **કુલ..** | ૨૪૪ | ૭૬ |

**કચ્છ જિલ્લામાં નર્મદા યોજનામાંથી પીવાનું પાણી પુરું પાડવા અંગે**

૧૫૮૬૩**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં નર્મદા યોજના દ્વારા કેટલી પાઇપ લાઇનો દ્વારા પીવાનું પાણી પુરૂં પાડવામાં આવે છે, | (૧) છેલ્લા બે વર્ષમાં અલગ-અલગ સાઈઝ અને પ્રકારની કુલ ૫૬૦.૬૫ ક્લિોમીટર પાઈપલાઈન દ્વારા પીવાનું પાણી પુરું પાડવામાં આવે છે. |
| (૨) કેટલા વિસ્તારમાં આ યોજના દ્વારા પાણી પુરૂં પાડવામાં આવનાર છે, અને | (૨) ભૂજ, માંડવી, અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાના ૩૮૩ ગામોને આ યોજના દ્વારા પીવાનું પાણી પુરું પાડવામાં આવનાર છે. |
| (૩) આ પેટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ.૪૨.૮૩ કરોડ. |

-------------

**માંગરોળ અને ઉમરપાડા તાલુકાના ખેડૂતોને ઉકાઇ જમણા કાંઠા કેનાલ દ્વારા સિંચાઇ માટે પાણી**

૧૪૬૫૦**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લાના માંગરોળ તથા ઉમરપાડા તાલુકાના ખેડૂતોને સિંચાઇના પાણી માટે ઉકાઇ જમણા કાંઠા કેનાલ દ્વારા તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પાણી આપવાની કોઇ યોજના મુકેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ પાણી કેટલા સમયમાં આપવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**મધ્યબારા જૂથ પાણી પુરવઠા યોજનાની પાઇપલાઇનો નવી નાંખવા બાબત**

૧૫૩૫૦**શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં મધ્યબારા જૂથ પાણી પુરવઠા યોજનાની મુખ્ય વિતરણ પાઇપ લાઇનો જુની હોવાથી નવિન પાઇપ લાઇન નાંખવાની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) મધ્યબારા પાણી પુરવઠા યોજનાની અંદાજે ૮૩.૬૬ કિ.મી. બદલવાની થતી પાઈપ લાઈન પૈકી ૬૨.૬૭ કિ.મી. નવીન પાઈપ લાઈન નાંખવાનું કામ પૂર્ણ કરેલ છે. અને ૨૦.૯૯ કિ.મી. પાઈપ લાઈન બદલવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) તે કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) માહે ૬/૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) આ યોજના અંતર્ગત આવેલા ગામોને પૂરતા પ્રમાણમાં પાણી પહોંચતું નથી તે અંગે સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) યોજનામાં સમાવિષ્ટ ગામોને પુરતા પ્રમાણમાં પાણી પહોંચે તે માટે વધુ ૯૭.૪૩ ક્લિોમીટર પાઈપ લાઈન બદલવાના અને તેના આનુસાંગિક કામો હાથ ધરી તબક્કાવાર પૂર્ણ કરવાનું આયોજન છે. |

**માણસા તાલુકામાં સેકટર રીફોર્મ યોજના(રાજ્ય) અંતર્ગત મંજૂર કામો**

૧૫૭૭૩**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યાં, અને | (૧) ૧૦ ગામોની યોજનાઓના કામો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા ? | (૨) ૬ ગામોની યોજનાઓના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. |

**વડોદરા શહેરમાં રેનબસેરા**

૧૪૧૦૯**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વડોદરા શહેરમાં બહારથી આવતા શ્રમિકો માટે કેટલા રેનબસેરા હયાત છે, અને | (૧) વડોદરા મહાનગર સેવા સદન પાસે ૧ (એક) રેન બસેરા છે. |
| (૨) રેનબસેરામાં કઇ કઇ સુવિધાઓ છે ? | (૨) રેન બસેરાવાળી મિલ્કતમાં ૨૪ મોટા હોલ ટાઈપ રૂમો છે. પાણી તેમજ ટોઈલેટની અલાયદી વ્યવસ્થા છે. |

-----------

**શહેરા અને ગોધરા તાલુકાના ગામોને પાનમ જૂથ યોજના દ્વારા પાણી**

૧૪૮૭૩**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પાનમ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ શહેરા અને ગોધરા તાલુકાના કેટલા ગામોમાં પાણી આપવામાં આવે છે, | (૧) શહેરા તાલુકાના ૩૭ અને ગોધરા તાલુકાના ૧૫ ગામોમાં પીવાનું પાણી આપવામાં આવે છે. |
| (૨) આ યોજના ક્યારે શરૂ કરેલ અને ક્યારે પૂર્ણ કરેલ છે, | (૨) યોજના તા.૧૪-૧૧-૨૦૦૩ થી શરૂ કરેલ અને તા.૩૧-૧૨-૨૦૦૭ માં પૂર્ણ કરેલ છે. |
| (૩) તેના દ્વારા કેટલા ગામોને પાણી આપવામાં આવે છે, અને | (૩) ૫૨ ગામોને પાણી આપવામાં આવે છે. |
| (૪) પૂર્ણ થયેલ નથી તો ક્યારે આંતરીક પેટા ફળિયાને કેટલા ચોક્કસ સમયમાં પાણી આપવા માંગો છો ? | (૪) મંજૂર થયેલ યોજના મુજબ કામો પૂર્ણ થયેલ છે. આંતરીક બાકી રહેતા ૮૩ ફળીયાઓને ક્રમશઃ માહે મે-૨૦૧૦ સુધીમાં પાણી આપવાનું આયોજન છે. |

------------

**સુજલામ્ સુફ્લામ્ યોજનામાં આવરી લીધેલ પંચમહાલ જિલ્લાના ગામો**

૧૪૬૭૯**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સુજલામ્ સુફ્લામ્ યોજના હેઠળ પંચમહાલ જિલ્લાના કેટલા ગામોને આવરી લીધા છે, અને | (૧) ૭૩૬ ગામને આવરી લીધેલ છે. |
| (૨) આ અંગેની કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) ( ૫૫૯૪ નાના અને ૧૨ મોટા ચેકડેમો પૂર્ણ કર્યા.<br>( ૩૨૮ નાના અને ૮ મોટા ચેકડેમો પ્રગતિ હેઠળ છે.<br>( સુજલામ્ સુફ્લામ્ નહેર અને સંતરોડ વીયરનું કામ પૂર્ણ કરેલ છે.<br>( પાનમ ઉચ્ચસ્તરીય નહેર યોજના અને કડાણા ડાબા કાંઠા ઉચ્ચસ્તરીય નહેર યોજનાના કામો પ્રગતિ હેઠળ છે.<br>( ૨૭૭ તળાવો ઊંડા કર્યા. |

------------

**આણંદ જિલ્લામાં સિંચાઇ યોજના હેઠળ નવા બનાવેલ તળાવો અને ઊંડા કરેલ તળાવો**

૧૫૦૪૧ **શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં સિંચાઇ યોજના હેઠળ કેટલા તળાવો નવા બનાવવામાં | (૧) નવા તળાવો બનાવેલ નથી પરંતુ ૧૨૯ હયાત તળાવો ઊંડા કરવામાં આવેલ છે. |

આવ્યા, અને

(૨) ક્યા ક્યા તળાવો ઊંડા કરવામાં આવ્યા અને તળાવ દીઠ કેટલો ખર્ચ થયો ?

(૨) સામેલ પત્રક ૧ અને ૨

**પત્રક - ૧**

| અ.નં. | તાલુકો | ગામનું નામ | તળાવનું નામ | થયેલ ખર્ચ (રૂા.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ઉમરેઠ | સૂંદલપુરા | શિરોહી તળાવ | ૨.૧૬ |
| ૨ | | ધુળેટા-૧ | ચારણ તળાવ | ૧.૫૯ |
| ૩ | | ધુળેટા-૨ | વિંઝોલ તળાવ | ૨.૫૧ |
| ૪ | | ખાંખણપુર | ગામ તળાવ | ૨.૧૨ |
| ૫ | | ભરોડા | મોટુ તળાવ | ૩.૫૩ |
| ૬ | | અહીમા | બાસી તળાવ | ૨.૧૩ |
| ૭ | | શીલી | પાલા તળાવ | ૨.૦૮ |
| ૮ | | ખોરવાડ | ટીંબલીયાપુરા તળાવ | ૧.૩૧ |
| ૯ | | વાડીનાથપુરા | મહાદેવ તળાવ | ૩.૦૪ |
| ૧૦ | ઉમરેઠ | દાગજીપુરા | વાળંદી તળાવ | ૨.૬૮ |
| ૧૧ | | ઉંટખરી | ગામ તળાવ | ૦.૭૯ |
| ૧૨ | | ક્ણભઈપુરા | રગડી તળાવ | ૧.૫૦ |
| ૧૩ | | સુંદરપુરા | ગામ તળાવ | ૧.૯૭ |
| ૧૪ | | ઓડ | મલાવ તળાવ | ૨.૧૦ |
| ૧૫ | આણંદ | જોળ-૧ | જાગા તળાવ | ૨.૨૩ |
| ૧૬ | | જોળ-૨ | ગેબનશાપીર દરગાહ | ૧.૩૦ |
| ૧૭ | | નાપાડ-૧ (તળપદ) | ગામ તળાવ (મોટુ) | ૩.૨૬ |
| ૧૮ | | નાપાડ-૨ (તળપદ) | જોસણ તળાવ | ૩.૩૨ |
| ૧૯ | | ખાંધલી | રંગાઈ તળાવ | ૨.૧૪ |
| ૨૦ | | મોગર-૧ | વાણીયા તળાવ | ૧.૩૯ |
| ૨૧ | | મોગર-૨ | સુથારી તલાવડી | ૧.૫૫ |
| ૨૨ | | વહેરાખાડી | ગોરીયુ તળાવ | ૩.૪૩ |
| ૨૩ | | ગામડી | મોટુ તળાવ (ખ્રિસ્તિ, મુસ્લિમ) | ૧.૮૧ |
| ૨૪ | | ગોપાલપુરા | માંડણ તળાવ | ૨.૯૪ |
| ૨૫ | | જીંટોડીયા-૧ | નાંદીયા તળાવ | ૧.૯૨ |
| ૨૬ | | જીંટોડીયા-૨ | ભોજણ તળાવ | ૨.૩૪ |
| ૨૭ | | વડોદ | મોટુ તળાવ (ગામ તળાવ) | ૩.૦૪ |
| ૨૮ | બોરસદ | ભાદરણ-૨ | ધરણા તળાવ | ૩.૫ |
| ૨૯ | | નિશરાયા | ગામ તળાવ | ૩.૬ |
| ૩૦ | | દહેવાણ-૧ | ઝાંખરીયા તળાવ | ૩.૩૨ |
| ૩૧ | | દહેવાણ-૨ | નાગોજી તળાવ | ૨.૫૫ |
| ૩૨ | | બનેજડા | ગામ તળાવ | ૩.૫ |
| ૩૩ | | કાવીઠા | ગામ તળાવ | ૩.૫ |
| ૩૪ | | ધોરીકુઈ | બજાધૂણ તળાવ | ૩.૫ |
| ૩૫ | | વીંછીયેલ | ગામ તળાવ | ૩.૫૫ |
| ૩૬ | | ચૂવા | ગામ તળાવ | ૨.૨૫ |
| ૩૭ | આંક્લાવ | દાવોલ | ભાગોડીયુ | ૩.૨૫ |
| ૩૮ | | હરખાપુરા | ગામ તળાવ | ૨.૮૩ |
| ૩૯ | | અંબાલી | ગામ તળાવ | ૨.૭૯ |
| ૪૦ | | કોસીન્દ્રા | ચોગણીયુ તળાવ | ૧.૨૬ |
| ૪૧ | | ગંભીરા | ગામ તળાવ | ૧.૪૫ |
| ૪૨ | | માનપુરા | ગામ તળાવ | ૨.૮ |
| ૪૩ | | હઠીપુરા | ગામ તળાવ | ૧.૬૮ |
| ૪૪ | | કહાનવાડી | લોલપુરી તળાવડી | ૦.૯૮ |
| ૪૫ | પેટલાદ | સુંદરણા | ગામ તળાવ | ૩.૦૪ |
| ૪૬ | | ભુરાકુઈ | એરજી તળાવ | ૧.૩૮ |
| ૪૭ | | દંતેલી | ગામ તળાવ | ૩.૨૧ |
| ૪૮ | સોજીત્રા | ઈસણાવ | હરમાનપુરા | ૨.૭૮ |
| ૪૯ | સોજીત્રા | પલોલ | હડમતીયા | ૨.૬૧ |
| ૫૦ | | ગાડા | કોઠીવડી તળાવ | ૨.૯૩ |
| ૫૧ | તારાપુર | આમલીયારા | ગામ તળાવ | ૧.૯૧ |
| ૫૨ | | આદરુજ | કાળી તલાવડી | ૧.૪૬ |
| ૫૩ | | માલપુર | ચાંદણી તલાવડી | ૧.૦૬ |
| ૫૪ | | મોરજ | ગામડી તળાવ | ૩.૨૪ |
| ૫૫ | | ચીખલીયા | જાદવ તળાવ | ૦.૬ |
| ૫૬ | | મહીયારી | બદરખા અને ધની તળાવ | ૧.૮૬ |
| ૫૭ | | વાંક | વાંક તળાવ | ૧.૬૫ |
| ૫૮ | | ખાનપુર | ગામ તળાવ | ૧.૫૩ |
| ૫૯ | | જલ્લા | જુઠલા તળાવ | ૧.૭૯ |
| ૬૦ | | ખડા-૧ | મલેક તળાવ | ૧.૦૯ |
| ૬૧ | | ખડા-૨ | માધીયા તળાવ | ૧.૮૭ |
| ૬૨ | | દુગારી | ભીમામસી તળાવ | ૧.૭ |
| ૬૩ | | વસ્સડા | વસ્સડી તળાવ | ૧.૩૬ |
| ૬૪ | ખંભાત | ટીંબા | મહાકાળી તળાવ | ૧.૧૪ |
| ૬૫ | | રાલજ | રાજપુર તળાવ | ૧.૪૧ |
| ૬૬ | | ઉંદેલ | સમડાચાર તળાવ | ૦.૮૩ |
| ૬૭ | | ભાલેજપુરા | ગામ તળાવ | ૧.૩૫ |
| ૬૮ | | કાણીસા | ગામ તળાવ | ૧.૫૩ |
| ૬૯ | | પીંપળોઈ-૧ | બળીયાદેવ તળાવ | ૦.૯૯ |
| ૭૦ | | પીંપળોઈ-૨ | મોરભાઈ તળાવ | ૧.૪૨ |
| ૭૧ | | પાલડી | ગામ તળાવ | ૨.૭ |
| ૭૨ | | લુણેજ | ગંગેશ્વર તળાવ | ૨.૨૨ |
| ૭૩ | | તામસા | ગામ તળાવ | ૨.૨૬ |
| ૭૪ | | મેતપુર | વડવા તળાવ | ૨.૧૯ |
| ૭૫ | | તરકપુર | ચાંગા તળાવ | ૨.૦૫ |

| અ.નં. | તાલુકો | ગામનું નામ | તળાવનું નામ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૭૬ | | છતરડી | બનેજડીયુ તળાવ | ૪.૧ |
| ૭૭ | | કાળી તલાવડી | લવારકુઈ | ૦.૭૬ |
| | | **આણંદ જિલ્લાનું કુલ :** | | **૧૬૮.૫૧** |

## પત્રક - ૨

| અ.નં. | તાલુકો | ગામનું નામ | તળાવનું નામ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ઉમરેઠ | શીલી (દેવરામપુરા) | શેતા તળાવ | ૨.૨૫ |
| ૨ | | શીલી (રઘાપુરા) | રોકડ તળાવ | ૧.૨૭ |
| ૩ | | શીલી (રઘાપુરા) | વાટીયા તળાવ | ૧.૬૯ |
| ૪ | | દાગજીપુરા | સુખી તળાવ | ૦.૮૫ |
| ૫ | | ક્ણભઈ પુરા | બોબરી તળાવ | ૧.૭૪ |
| ૬ | | ક્ણભઈ પુરા | જેલા તળાવ | ૦.૮ |
| ૭ | | ઉંટખરી | વાણવા તળાવ | ૨.૭૭ |
| ૮ | | સુરેલી-૧ | ગામ તળાવ | ૨.૫૮ |
| ૯ | | સુરેલી-૨ | લાલા તળાવ | ૧.૬૯ |
| ૧૦ | ઉમરેઠ | જાખલા | કંસારી તળાવ | ૧.૭૨ |
| ૧૧ | | ધૂળેટા | ગાજણા તળાવ | ૦.૭૪ |
| ૧૨ | આણંદ | વડોદ | ધમસેર | ૨.૫૯ |
| ૧૩ | | અડાસ | ભોજા તળાવ | ૨.૮૪ |
| ૧૪ | | સુંદણ | રેલીયા તળાવ | ૧.૯૭ |
| ૧૫ | | સારસા | મુવાડુ તળાવ | ૨.૫૩ |
| ૧૬ | | ખાંધલી | રંગઈ તળાવ | ૧.૯૯ |
| ૧૭ | | રાસનોલ | વીરણ તળાવ | ૨.૨૭ |
| ૧૮ | | ચિખોદરા | ઠંડી તળાવ | ૧.૯૨ |
| ૧૯ | | નાપાડ તળપદ | ગામો તળાવ | ૨.૮૯ |
| ૨૦ | | નાપાડ વાંટા | દામ તળાવ | ૨.૯ |
| ૨૧ | | ખંભોળજ | રાજેલાવ | ૨.૮૯ |
| ૨૨ | બોરસદ | ડાલી | ડાડ તળાવ | ૨.૫૯ |
| ૨૩ | | કંકાપુરા | ચાંદા તળાવ | ૨.૬૧ |
| ૨૪ | | દહેવાણ | ઉંડ તળાવ | ૧.૧૯ |
| ૨૫ | | સીસવા | અરસી તળાવ | ૧.૯૬ |
| ૨૬ | | ધનાવસી | ગામ તળાવ | ૧.૪૩ |
| ૨૭ | | અલારસા | ગામ તળાવ | ૨.૫૫ |
| ૨૮ | | કઠોડ | કાબકા તળાવ | ૧.૦૯ |
| ૨૯ | | ખેડાસા | ગામ તળાવ | ૧.૯૪ |
| ૩૦ | | નાપાવાંટા | વિંગોલ તળાવ | ૦.૯૭ |
| ૩૧ | | વિરસદ | ગામ તળાવ | ૨.૬૭ |
| ૩૨ | | દહેમી | ગામ તળાવ | ૨.૫ |
| ૩૩ | | સીંગલાવ | ગામ તળાવ | ૧.૯૭ |
| ૩૪ | | કાંધરોટી | ગામ તળાવ | ૨.૬૯ |
| ૩૫ | આંકલાવ | ક્હાનવાડી | વડીયા વિસ્તાર | ૨.૮૯ |
| ૩૬ | | અંબાલી (પ્રતાપપુરા) | ગામ તળાવ | ૦.૭ |
| ૩૭ | | ભેટાસી (માંડવાપુરા) | ગામ તળાવ | ૧.૦૪ |
| ૩૮ | | આમરોલ | ભાઠા વિસ્તાર | ૧.૨ |
| ૩૯ | | બામણગામ | ડોઢિયુ તળાવ | ૨.૬૧ |
| ૪૦ | પેટલાદ | ધર્મજ | વલીયારી તળાવ | ૩.૭૨ |
| ૪૧ | | ધર્મજ | વારૂ તળાવ | ૨.૦૨ |
| ૪૨ | | ધર્મજ | વડેક તળાવ | ૩.૪૩ |
| ૪૩ | | ધર્મજ | ખડીયારી તળાવ | ૨.૭૭ |
| ૪૪ | સોજીત્રા | પીપળાવ | ગામ તળાવ | ૨.૩૪ |
| ૪૫ | | દેવા વાંટા | અંધારીયા તળાવ | ૪. |
| ૪૬ | | દેવા વાંટા | કુંભારીયા તળાવ | ૩.૬૧ |
| ૪૭ | તારાપુર | જીચકા | વડ તળાવ | ૧.૦૨ |
| ૪૮ | ખંભાત | મેતપુર | ફાટી તળાવ | ૨.૦૪ |
| ૪૯ | ખંભાત | ભીમ તળાવ | ગામ તળાવ | ૪.૩૫ |
| ૫૦ | | ગોલાણા | કાછીગરૂ તળાવ | ૨.૮૩ |
| ૫૧ | | દહેડા | પટેલ તલાવડી | ૨.૪૫ |
| ૫૨ | | માલુ | પીપરવાળું તળાવ | ૨.૧ |
| | | **આણંદ જિલ્લાનું કુલ :** | | **૧૧૪.૧૭** |

------------

## અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં મંજૂર મહેકમ

૧૪૩૨૨**શ્રી ગ્યાસુદીન શેખ(શાહપુર ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) સિવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૦૬ |
| વર્ગ-૨ | ૪૯ |
| વર્ગ-૩ (ક્લેરીકલ) | ૯૨ |
| વર્ગ-૩ (પેરામેડીકલ) | ૧૭૫ |
| વર્ગ-૩ (નર્સિંગ) | ૧૦૫૫ |
| વર્ગ-૪ | ૭૬૩ |
| કુલ : | ૨૧૪૦ |

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) સામેલ પત્રક મુજબ

**પત્રક**

| અ.નં. | સંવર્ગ | ખાલી જ્યા | કઈ તારીખથી ખાલી છે ? |
|---|---|---|---|
| | **વર્ગ-૨** | | |
| ૦૧ | મેટ્રન (પ. ધો. ૮૦૦૦-૧૩૫૦૦) | ૦૨ | તા. ૦૮-૧૧-૦૫ |
| ૦૨ | મેટ્રન (પ. ધો. ૬૫૦૦-૧૦૫૦૦) | ૦૫ | ૦૧. ૩૦-૦૪-૨૦૦૭<br>૦૨. ૩૧-૦૩-૨૦૦૮<br>૦૩. ૩૦-૦૯-૨૦૦૫<br>૦૪. ૩૧-૦૮-૨૦૦૫<br>૦૫. ૩૧-૦૮-૨૦૦૫ |
| ૦૩ | બાયો કેમિસ્ટ | ૦૨ | ૦૧. ૩૧-૦૮-૧૯૯૮<br>૦૨. ૨૮-૦૨-૨૦૦૨ |
| ૦૪ | જનસંપર્ક અધિકારી | ૦૧ | ૧૫-૧૨-૨૦૦૮ |
| ૦૫ | મેડિકલ રેકર્ડ અધિકારી | ૦૧ | ૩૦-૦૬-૨૦૦૪ |
| ૦૬ | ઓડિયોલોજી અને સ્પીચ થેરાપીસ્ટ | ૦૧ | ૧૯-૦૧-૧૯૯૬ |
| | **વર્ગ-૩ (પેરામેડિકલ)** | | |
| ૦૩ | ઓક્યુપેશનલ થેરાપિસ્ટ | ૦૧ | ૧૦-૦૧-૨૦૦૦ |
| ૦૪ | આસીસ્ટન્ટ ફીઝીયોથેરાપિસ્ટ | ૦૧ | ૩૧-૦૭-૯૮ |
| ૦૫ | સીનીયર લિનન ક્પિર | ૦૧ | ૩૧-૦૫-૯૮ |
| ૦૬ | જુનિયર લિનન ક્પિર | ૦૨ | તા.૨૮-૦૨-૨૦૦૬, તા.૩૧-૦૩-૨૦૦૭ |
| ૦૭ | ડાયટીશીયન | ૦૧ | તા. ૦૮-૦૪-૯૧ |
| ૦૮ | સેનેટરી અધિક્ષક | ૦૧ | ૨૮-૦૨-૨૦૦૧ |
| ૦૯ | થીયેટર આસિસ્ટન્ટ | ૦૮ | તા.૩૦-૦૬-૮૬ થી તા.૩૧-૦૭-૯૩ |
| ૧૦ | મેડીકલ સોસીયલ વર્કર | ૦૧ | ૩૧-૧૨-૨૦૦૩ |
| ૧૧ | સુથાર | ૦૧ | ૩૧-૦૭-૨૦૦૩ |
| ૧૨ | ટેકનિકલ આસિસ્ટન્ટ (ઈલે.) | ૦૧ | ૩૧-૦૭-૯૩ |
| ૧૩ | ટેકનિકલ આસિસ્ટન્ટ (રેફ્રી.) | ૦૧ | ૩૧-૧૦-૯૨ |
| ૧૪ | ઈલેક્ટ્રીશિયન | ૦૧ | ૩૧-૦૫-૨૦૦૧ |
| ૧૫ | રેફ્રીજરેટર મીકેનિક | ૦૧ | ૩૧-૦૫-૨૦૦૮ |
| ૧૬ | લીફ્ટ મીકેનીક | ૦૧ | ૩૦-૦૪-૨૦૦૩ |
| ૧૭ | વાયરમેન | ૦૩ | તા.૧૭-૦૫-૨૦૦૦, તા.૩૧-૦૩-૯૧, તા.૩૦-૧૦-૯૬ |
| ૧૮ | પંપ એટેન્ડન્ટ | ૦૨ | ૩૧-૫-૦૫ અને ૧૩-૧૨-૮૩ ખાલી છે. |
| ૧૯ | પ્લાન્ટ ઓપરેટર | ૦૫ | તા.૯-૧૨-૮૮, ૩૦-૬-૦૧, ૨૧-૧૦-૦૧,<br>૨૮-૦૨-૦૩, ૩૧-૧૦-૦૮. |
| ૨૦ | પ્લેરૂમ વર્કર | ૦૧ | તા.૩૧-૧૨-૨૦૦૯ |
| ૨૧ | ઓડીયોમેટ્રીટેક્નિશિયન | ૦૧ | ૨૭-૦૯-૯૧ થી બઢતી થતા ખાલી છે. |
| ૨૨ | સોશિયલ વર્કર | ૦૧ | તા.૨૮-૦૨-૭૦ |
| ૨૩ | વર્કશોપ ફોરમેન | ૦૧ | તા.૨૯-૦૯-૭૦ |
| ૨૪ | બોયલર એટેન્ડન્ટ | ૦૧ | તા.૨૯-૦૯-૭૦ |
| | **વર્ગ-૩ (નર્સિંગ)** | | |
| ૦૧ | મેટ્રન વર્ગ-૩ ગ્રેડ-૨ | ૦૯ | તા.૩૧-૦૮-૨૦૦૯ - ૦૧<br>તા.૩૦-૦૯-૨૦૦૯ - ૦૪<br>તા.૩૧-૧૦-૨૦૦૯ - ૦૩<br>તા.૩૧-૧૨-૨૦૦૯ - ૦૧ |
| ૦૨ | હેડ નર્સ | ૧૦ | તા.૩૧-૦૫-૨૦૦૯ - ૦૧<br>તા.૩૦-૦૬-૨૦૦૯ - ૦૨<br>તા.૩૧-૦૮-૨૦૦૯ - ૦૨<br>તા.૩૦-૦૯-૨૦૦૯ - ૦૨<br>તા.૩૧-૧૦-૨૦૦૯ - ૦૨<br>તા.૩૦-૧૧-૨૦૦૯ - ૦૧ |
| ૦૩ | સ્ટાફ નર્સ | ૦૨૨ | બઢતી - ૦૬, તા.૨૬-૧૨-૦૮, ૩૦-૧૨-૦૮, ૩૦-૧૨-૦૮, ૩૧-૧૨-૦૮, ૦૧-૦૧-૦૯, ૦૧-૦૧-૦૯,<br>વય નિવૃતી-૦૪, તા.૩૧-૦૧-૦૯, ૩૧-૦૭-૦૯, ૩૧-૦૭-૦૯, ૩૦-૦૯-૦૯<br>બદલીથી-૧૦, તા.૨૫-૦૨-૦૯, ૧૮-૦૫-૦૯,<br>૧૮-૦૫-૦૯, ૩૧-૦૫-૦૯, ૩૧-૦૭-૦૯,<br>૩૧-૦૭-૦૯, ૩૧-૦૮-૦૯, ૧૪-૦૯-૦૯,<br>૦૬-૦૩-૦૯, ૨૬-૦૩-૦૯<br>રાજીનામુ-૨, તા.૦૧-૦૪-૦૯, ૩૦-૦૯-૦૯ |
| ૦૪ | સ્ટાફ નર્સ (ફીક્સ) | ૨૨ | સેવા સમાપ્તી-૧૧, તા.૨૬-૧૧-૦૯, ૦૬-૧૨-૦૮, ૩૦-૦૯-૦૮, ૦૫-૦૩-૦૯, ૦૫-૦૩-૦૯,<br>૦૫-૦૩-૦૯, ૧૭-૦૩-૦૯, ૨૩-૦૩-૦૯,<br>૧૮-૦૬-૦૯, ૩૦-૦૯-૦૯, ૩૦-૦૯-૦૯<br>બદલીથી-૧૧, તા.૩૧-૧૨-૦૮, ૨૪-૧૦-૦૮,<br>૧૨-૦૧-૦૯, ૦૬-૦૩-૦૯, ૦૨-૦૩-૦૯,<br>૦૨-૦૩-૦૯, ૧૭-૦૭-૦૯, ૨૪-૦૭-૦૯,<br>૧૨-૦૯-૦૯, ૧૭-૦૮-૦૯, ૦૨-૦૩-૦૯ |
| ૦૫ | પી.એમ.એસ.એસ.વાય. અંતર્ગત મંજૂર થયેલ જ્યા (હેડ નર્સ) | ૧૨ | તા. ૦૯-૦૪-૦૭ |

(૩) આ ખાલી જ્યા કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જ્યાઓ ભરવામાં આવશે.

------------

## અમૃતધારા અને બારમાં નાણાપંચ અંતર્ગત નગરપાલિકાઓને પીવાના પાણી માટે ફાળવેલ ગ્રાન્ટ

૧૫૭૩૯**શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકાર તરફથી નગરપાલિકાઓને અમૃતધારા યોજના અને બારમા નાણાપંચની યોજના હેઠળ પીવાના પાણીના હેતુ માટે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ફાળવણી કરેલ છે ?

**જવાબ**

બારમાં નાણાંપચની યોજના હેઠળ પીવાના પાણીના હેતુ માટે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૪૮ નગરપાલિકાઓને રૂ. ૬૧૬૧ લાખની ફાળવણી કરવામાં આવેલ છે. છેલ્લા ૧ વર્ષમાં અમૃતધારા યોજના હેઠળ ગ્રાન્ટ ફાળવેલ નથી.

------------

## બનાસકાંઠા જિલ્લામાં સિંચાઇ માટે પાણી રિચાર્જ કરવા અંગેની યોજનાઓ

૧૪૦૮૭**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સિંચાઇ માટે પાણી રીચાર્જ કરવા કઇ કઇ યોજનાઓ બનાવવામાં આવી, અને

**જવાબ**

(૧) પાણી રીચાર્જ ના હેતુસર સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતગર્ત નીચે મુજબની કામગીરી કરવામાં આવી.

(૧) ૧૭૦૫-ચેકડેમો બનાવવામાં આવ્યા.
(૨) ૧૪૭-તળાવો ઉંડા કરવામાં આવ્યા.

(૨) આ યોજનાઓને કારણે સરકારને કેટલો ખર્ચ થયો ?

(૨) રૂા. ૫૨૫૯.૫૧ લાખ.

**રાજુલા તાલુકાના સમઢીયાળા બંધારા બાબત**

૧૪૫૪૭**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા):માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાનો સમઢીયાળો બંધારો ક્યારે બનાવવામાં આવ્યો, અને

(૨) આ બંધારા આધારિત ગામદીઠ કેટલા હેક્ટરમાં ખેતીને પિયતનું પાણી મળે છે ?

**જવાબ**

(૧) વર્ષ-૨૦૦૦ માં બનાવવામાં આવ્યો.

(૨) રાજુલા તાલુકાનાં પટવા ગામમાં ૩૦-૫૩-૦૨ હેક્ટર, સમઢીયાળા ગામમાં ૪૩-૫૯-૩૪ હેક્ટર, અને મહુવા તાલુકાનાં ડોળીયા ગામમાં ૧૮-૯૧-૦૧ હેક્ટર, મળી કુલ ૯૩-૦૩-૩૭ હેક્ટરમાં મહત્તમ સિંચાઇ લીફ્ટ ઇરીગેશનથી થયેલ છે.

------------

**કોસંબા ખાતે દરિયાઈ ધોવાણ અટકાવવા યોજના**

: ૧૫૭૫૪ **શ્રી રમણલાલ ના.પાટકર(ઉમરગામ):માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લાના કોસંબા ખાતે દરિયાઈ ધોવાણ અટકાવવા કોઈ યોજના બનાવવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હાલ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કોસંબા ખાતે દરિયાઇ ધોવાણ અટકાવવા માટે અંદાજીત રૂા. ૫૮૫.૫૫ લાખની સંરક્ષણ દિવાલનું કામ તા. ૧૧-૧-૨૦૧૦ થી પ્રગતિમાં છે.

------------

**રાજ્યમાં સ્વાઈન ફ્લુથી થયેલ મૃત્યુ**

૧૪૩૨૫**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સ્વાઈન ફ્લુના કારણે કેટલા દર્દીઓના મૃત્યુ, અને

(૨) રાજ્યમાં સ્વાઈન ફ્લુને અસરકારક રીતે અટકાવવા સરકારે શાં પ્રયાસો કર્યા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સ્વાઇન ફ્લૂને કારણે કુલ-૨૩૬ દર્દીઓના મૃત્યુ થયા છે. જેની જિલ્લાવાર મૃત્યુની માહિતી નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | થયેલ કુલ મરણ |
|---|---|
| અમદાવાદ | ૫૪ |
| અમરેલી | ૬ |
| બનાસકાંઠા | ૧૪ |
| ભરૂચ | ૨ |
| **જિલ્લાનું નામ** | **થયેલ કુલ મરણ** |
| ભાવનગર | ૮ |
| ગાંધીનગર | ૯ |
| જામનગર | ૧૩ |
| જુનાગઢ | ૧૦ |
| કચ્છ-ભુજ | ૧૨ |
| ખેડા | ૪ |
| મહેસાણા | ૨ |
| પંચમહાલ | ૧ |
| પાટણ | ૩ |
| રાજકોટ | ૪૫ |
| સાબરકાંઠા | ૩ |
| સુરત | ૨૧ |
| સુરેન્દ્રનગર | ૬ |
| વડોદરા | ૨૦ |
| વલસાડ | ૧ |
| પોરબંદર | ૨ |
| કુલ : | ૨૩૬ |

(૨) તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ રાજ્યમાં સ્વાઇન ફ્લૂનો ફેલાવો અટકાવવા સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ કામગીરી નીચે મુજબ છે.

- સ્વાઈન ફ્લૂ અટકાયત માટે ગુજરાત રાજ્યમાં સાતત્યપૂર્ણ કામગીરી થઈ રહેલ છે. માન.મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી સ્વાઈન ફ્લૂની અટકાયત અંગેની કામગીરી જેવી કે દવાઓ, સાધન સામગ્રી, લેબ.કીટ તથા અન્ય નાણાકીય જરૂરીયાતને પહોંચી વળવા માટે રૂ.૧૫.૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે.

- આ મહામારીને નાથવા માટે મહામારીની શરૂઆતથી જ રાજ્ય સરકાર દ્વારા તબક્કાવાર અસરકારક પગલાં લેવામાં આવેલ છે.

- અધિક મુખ્ય સચિવશ્રી (સામાન્ય વહીવટ વિભાગ) ના અધ્યક્ષ સ્થાને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી સાથે રહી પરિસ્થિતિનો રીવ્યુ કરવા માટે ટાસ્કફોર્સ કમિટીની રચના કરવામાં આવી. જે નિયમિત પણે આ અંગે રીવ્યુ કરી જરૂરી પગલા હાથ ધરે છે.

- આઈ.એમ.એ., આઈ.એ.પી., એ.પી.આઈ. અને એન.એમ.ઓ.ના ખાનગી તબીબોને સ્વાઈન ફ્લૂ અંગે માર્ગદર્શન આપવા માટે અને તેઓને મહામારીને અંકુશમાં લેવા માટે હકારાત્મક ભાગીદારી લેવા રાજ્યમાં તમામ સ્તરે સેમીનાર આયોજીત કરવામાં આવ્યા.

- તા.૧૮-૮-૦૯ના રોજ ગુજરાત સરકાર દ્વારા એપીડેમીક એકટ-૧૮૯૭ હેઠળ ઈન્ફલુએન્ઝા-એ (એચ૧એન૧) અને જાહેરનામું બહાર પાડવામાં આવ્યું અને આ બાબતે પગલાં લેવા તમામ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓને સત્તાઓ સુપ્રત કરવામાં આવી.

- રાજ્યમાં તમામ તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા કુલ-૬૯૭ પથારીને વિવિધ હોસ્પિટલોમાં આ રોગના દર્દીઓની સારવાર માટે અનામત રાખવામાં આવી છે. અને જરૂર જણાય તો હજુ વધુ સુવિધાઓને નિયત કરેલ છે.

- એચ૧એન૧ પરીક્ષણ માટે અદ્યતન લેબોરેટરીની વ્યવસ્થા બી.જે.મેડીક્લ કોલેજ અમદાવાદ ખાતે કરવામાં આવી. ઉપરાંત કેસોની સંખ્યા વધવાની સંભાવનાને ધ્યાનમાં લઈ અમદાવાદ ખાતેની લેબોરેટરીનું ભારણ ઓછું કરવા તેમજ રાજ્ય સરકાર દ્વારા સુરત ખાતે માઈક્રોબાયોલોજી વિભાગ ગવર્નમેન્ટ મેડીક્લ કોલેજ સુરત ખાતે અદ્યતન લેબોરેટરી ચાલુ કરવામાં આવી. અને ""સ્ટેપ અપ"" નામની ખાનગી લેબોરેટરીને સઘન ચકાસણી બાદ લેબોરેટરી ટેસ્ટીંગની માન્યતા આપવામાં આવી. ઉપરાંત હાલમાં સોરાષ્ટ્ર વિસ્તારમાં વધતાં કેસોને ધ્યાને લઈ મેડીક્લ કોલેજ રાજકોટ ખાતે એચ૧એન૧ નું પરીક્ષણ થઈ શકે તેવી લેબોરેટરીની વ્યવસ્થા ઉભી કરવામાં આવી.

- શિયાળાની ચાલુ સીઝનમાં શરદી, ખાંસી વગેરે સામાન્ય ઈન્ફલુએન્ઝાના દર્દીઓ પણ વિશેષ પ્રમાણમાં મળતાં હોવાથી લોકોમાં ભયની લાગણી ન પ્રસરે એ રીતે જાહેર ખબર અને પ્રેસ વિજ્ઞપ્તિ દ્વારા સવિશેષ સતર્કતા દાખવવા જનજાગૃતિના જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

– સ્વાઈન ફ્લૂ જેવી મહામારીને નિયંત્રિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા જે પગલાં લેવામાં આવ્યા છે તે પુરવાર કરે છે કે આ મહામારીને પહોંચી વળવા પુરતી તબીબી સારવારની સુવિધા ઉપલબ્ધ છે. એન્ટીવાઈરલ દવાઓનો જથ્થો પુરતા પ્રમાણમાં છે. સતત મોનીટરીંગ કરવામાં આવી ર?ું છે તેમજ કેસ અને મરણના આંકડા રોજેરોજ પુરી પારદર્શક્તાથી મીડીયાના મિત્રો મારફ્તે પ્રજામાં જાહેર કરવામાં આવે છે. જેથી જનસમુદાયમાં પણ આ મહામારીને સ્વાભાવિક સ્વરૂપમાં લઈ ગભરાટનું વાતાવરણ જોવા મળતું નથી જે પ્રજાની સ્વસ્થતાનું સારૂં લક્ષણ છે.

------------

**આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૧૦ માં સામેલ દેશ-વિદેશના પતંગબાજો**

૧૫૮૦૦ **શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૧૦માં યોજાયેલ આંતર-રાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં દેશ-વિદેશના કેટલા પતંગબાજોએ ભાગ લીધો, અને | (૧) જાન્યઆરી-૨૦૧૦માં યોજાયેલ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં દેશ-વિદેશના ૧૦૫ પતંગબાજોએ ભાગ લીધો હતો. |
| (૨) આ ઉત્સવ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) આ ઉત્સવ પાછળ ગુજરાત પ્રવાસન નિગમ લિ. ગાંધીનગર દ્વારા રૂપિયા ૩,૩૭,૩૧,૧૫૨-૦૦ (રૂપિયા ત્રણ કરોડ સાડત્રીસ લાખ એક્ત્રીસ હજાર એક્સો બાવન પૂરા)નો ખર્ચ કરવામાં આવ્યો છે. |

------------

**કોડીનાર નગરપાલિકાને રાજ્ય અને કેન્દ્રની ગ્રાન્ટ**

૧૪૦૯૮**શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢ જિલ્લાની કોડીનાર નગરપાલિકાને રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી વિકાસના કામો માટે કેટલી અને ક્યા ક્યા હેતુઓ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) કોડીનાર નગરપાલિકાને તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રસ્તા, પાણી, વિજળી, પે એન્ડ યુઝ ટોયલેટ, ફાયર સ્ટેશન, એમ્બ્યુલન્સ જેવા વિકાસના કામો માટે રૂ.૨૮૫.૯૬ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલાં કામ પૂર્ણ થયા અને કેટલી ગ્રાન્ટનો વપરાશ થયો, | (૨) જે પૈકી ૧૪ કામો પૂર્ણ થયેલ છે, અને રૂ.૧૦૦.૯૭ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) કેટલાં કામ અધૂરા છે અને કેટલાં કામ બાકી છે, અને | (૩) ૧૬ કામો પ્રગતિમાં છે. જ્યારે રૂ.૮૨.૨૯ લાખના કામોની દરખાસ્ત મળેલ નથી. |
| (૪) જો પૂરેપૂરી ગ્રાન્ટ વપરાઈ ન હોય તો તેના શાં કારણો છે ? | (૪) નગરપાલિકા તરફથી વહિવટી મંજૂરી મેળવવાની બાકી હોવાથી. |

------------

**રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના અંતર્ગત વડોદરા જિલ્લાને ફાળવેલ ગ્રાન્ટ**

૧૪૭૩૮**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના અન્વયે સરકારે વડોદરા જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવી, | (૧) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનામાં વડોદરા જિલ્લાનો સમાવેશ થયેલ નથી જેથી છેલ્લા બે વર્ષમાં ગ્રાન્ટ ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત યોજના અંતર્ગત તાલુકાવાર કેટલા કુટુંબોને રક્ષાક્વચ હેઠળ આવરી લીધા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સમયગાળા દરમ્યાન કઈ વીમા કંપનીને કેટલી રકમ સરકારે ક્યારે આપી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન મંત્રીશ્રીઓ દ્વારા પ્રશ્નના લાંબા જવાબો આપવા અંગે

**શ્રી રામસિંહ પ્ર. પરમાર (ઠાસરા)** : માનનીય અધયક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. પ્રશ્નોત્તરીની બાબતમાં મારો એક પ્રશ્ન છે. આજની પ્રશ્નોત્તરીમાં ૧૭૧ પ્રશ્નો પૂછ્યા છે. દરેક સભ્યશ્રી પોતપોતાના વિસ્તારોની અંદર એ પ્રશ્નનો નિકાલ ન થાય એ માટે પ્રશ્ન પૂછીને એનું કામ થાય, એટલા માટે પ્રશ્નો પૂછતા હોય છે. મેં આજના દિવસે જોયું કેટલાક સભ્યો લાંબો પ્રશ્ન પૂછે છે અને એનો મંત્રીશ્રી ખૂબ લાંબો જવાબ આપીને પોતાના * (xxxxx) કરતા હોય એવું મને લાગે છે.

**અધ્યક્ષશ્રી** : * (xxxxx) શબ્દ કાઢી નાખું છું. આપ પ્રશ્ન ઉપર આવો.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : એક સૂચન છે કે મંત્રીશ્રીઓ ટૂંકો જવાબ આપીને વધારે પ્રશ્નો કવર થાય તેવી સૂચના આપવા માટે હું વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રામસિંહભાઈએ તદ્દન વ્યાજબી મુદ્દો ઉઠાવ્યો છે, ત્યારે વિધાનસભાએ આપેલા પુસ્તક અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો પાના ૨૧૫ ઉપર પૂરક પ્રશ્નો ચોક્કસ માહિતી માગી હોય, ત્યારે તે અંગેની માહિતી આપવી જોઈએ. ૩૨૭ પાના ૨૧૪. અહી તકલીફ અમારી ક્યાં વધે છે? પ્રશ્ન ચોક્કસ પૂછાયો હોય છે. લાંબો જવાબ હોય, હું ગૃહનો સમય બચાવવા માટે એ ટાંકતો નથી. આ વિધાનસભા ગૃહના પૂર્વ અધ્યક્ષશ્રીઓએ કહ્યું છે કે મંત્રીશ્રીને લાગે કે મારા પ્રશ્નનો જવાબ લાંબો થવાનો છે. એમણે સામેથી કહેવું જોઈએ કે લાંબી માહિતી છે હું ટેબલ ઉપર મૂકીશ. આપ ટકોર કરો તેમ છતાં કહે કે ટૂંકી છે અને એ પછી ત્રણ-ત્રણ, ચાર-ચાર મિનિટો સુધી એ જવાબો ચાલે. આ વ્યથા છે. આપ ઓબ્ઝર્વ કરો છો. આપના આવેલ નિર્ણય પછી અમે પાલન ન કરીએ એ ગૃહનું અવમાન છે. અભિનંદનો, અવતરણ આપે નિર્ણય મૌખિક નહિ, અમારા ખાનામાં પણ અને પૂર્વ માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો સ્પષ્ટ હતા આપે એને અનુસરીને નિર્ણય આપ્યો છે. માનનીય સભ્યશ્રી ૩ સભ્યશ્રીઓ સત્તાધારી પક્ષના અને એથી તકલીફ વાળું એ રહ્યું કે માનનીય મંત્રીશ્રી પણ અમે કરીએ છીએ, એટલે અભિનંદન અપાય. તમે નહોતા કરતા. ધીસ ઈઝ નોટ ફેર. આપના આપેલા લેખિત અને મૌખિક નિર્ણય પછી જો એની પરંપરા ચાલુ રહે આ ગૃહનું અવમાન છે. આ ત્રણેય સંદર્ભમાં આ દુરોગામી અસરો રહે તેવો આપનો અસરકારક નિર્ણય આવે જેથી પ્રશ્નના કાળનો મહત્તમ લાભ લઈ શકે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બહુ સ્પષ્ટ નિર્ણયો વારંવાર માનનીય અધ્યક્ષશ્રીઓએ આપ્યા છે કે પ્રશ્નના જવાબો ટૂંકા હોવા જોઈએ અને પ્રશ્નમાં વિભાગનો કોઈ નીતિ વિષયક બાબત હોય એની ચર્ચાનો અહીયા અવકાશ રહેતો નથી, છતા પણ મોટા ભાગે માનનીય મંત્રીશ્રીઓ એ એના વિભાગની અંદર જે માગણીઓના સંદર્ભમાં જવાબ આપવાનો હોય એ જવાબ પ્રશ્નોત્તરીના સંદર્ભમાં આપી દેવાય છે, એના કારણે મૂળ પ્રશ્ન છે એનો જવાબ મળતો નથી અને રામસિંહભાઈએ વાત કરી તે પ્રમાણે બીજા વધારાના પ્રશ્નો ચર્ચામાં લાવી શકાય તેમ હોય તે લાવી શકાતા નથી. અત્યાર સુધી મોટા ભાગે આપણે ૧૫ થી ૨૦ પ્રશ્નો ચર્ચામાં પરંપરા એવી રહી છે કે ત્યાં સુધી પહોંચી શકતા હતા. ક્યારેક તેનાથી વધુ પૂછી શકાતા હતા. હવે પરિસ્થિતિ ઊભી થઈ છે કે આપણે ૧૦ પ્રશ્નોથી આગળ વધી શકતા નથી. એમાં મોટા ભાગે પુનરાવર્તનમાં જાય છે એ નીવારવું જોઈએ અને બહું સાચી વાત કરી કે પ્રશ્નોની અંદર અભિનંદન આપવા હોય એક વખત નહિ ૫૦ વખત આપી શકાય, પણ એ માગણીઓ વખતે અભિનંદન આપે. અહીયા અભિનંદન આપવા માટેનું મારે તો આક્ષેપો કરવા માગતો નથી, પરંતુ અગાઉથી નક્કી થયું તેમ ચોક્કસ પ્રશ્નમાં ચોક્કસ અભિનંદન અપાયે જાય એ પ્રકારની મનોવૃત્તિ ચાલી છે. અને બને ત્યાં સુધી આપણે ક્રિટિસિઝમ વક્રોક્તિ નિવારીએ છીએ.તે જ રીતે આ બાબત પણ નિવારાય તે બાબતે અમે તો વક્રોક્તિ નથી કરતા. છતાં પણ આપે સૂચના આપી છે અને આપે વારંવાર સૂચના આપ્યા પછી આ ચાલુ રહે છે. તે માટે આપ ફરી સૂચના આપો અને ગૃહ ઑર્ડરમાં ચાલે તે માટે સૂચના આપવા વિનંતી.

**અધ્યક્ષશ્રી** :પ્રશ્નોત્તરીનો સમય પ્રજાકાળના પ્રશ્નો પૂછવા અને લોકશાહી માટે સૌથી અગત્યનો સમય છે તે સંસદીય પ્રણાલિકાઓમાં સ્વીકારેલી સત્ય હકીકત છે. શ્રી રામસિંહભાઈએ પૉઈન્ટ ઑફ ઑર્ડર દ્વારા પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે અને તેને માનનીય શકિતસિંહજી અને શ્રી અર્જુનભાઈએ અનુમોદન કર્યુ છે. તો મારે આની ઉપર એટલું જ કહેવાનું છે કે જે પ્રશ્નો પૂછીએ છીએ તેમાં આપણે આપણી સ્વયં સમજનો ઉપયોગ કરીને પ્રશ્નકર્તા એક સાથે ત્રણ પ્રશ્નો પૂછે છે. કેટલીકવાર ચાર પ્રશ્નો પૂછે છે. હું ચોક્કસ માનું છું કે જે પ્રશ્નનો પ્રભારી સભ્ય હોય તેને હું બીજીવાર તક પણ આપું છું. જો પ્રશ્નકર્તા પહેલો પ્રશ્ન ટૂંકો અને પોતાની ખૂટતી માહિતી માટેનો પૂછે તો એ પ્રશ્નનો ખૂબ સરસ રીતે જવાબ આવે. તે વાત પણ સાચી છે કે પ્રશ્નનો જવાબ આપતી વખતે મંત્રીશ્રીઓ પર પોતાની અભિવ્યકિતનું એક દબાણ હોય છે એટલે વિગતો જે છાપેલી આપી હોય છે તેની પણ પુનરોકિત કેટલીક

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

વાર કરતા હોય છે. મેં આટલા વર્ષોના અનુભવ પ્રમાણે જોયું છે કે અગાઉના મંત્રીમંડળના મંત્રીશ્રીઓ "હાજી " અને "નાજી" માં પ્રશ્નનો જવાબ આપતા હતા. તે એક પદ્ધતિ હતી જો તે મુજબ થશે તો આવું નહીં થાય.. "હાજી" અને "નાજી" અને તેમાંથી જો સ્વ.બાબુભાઈ પટેલની પ્રશ્નનો જવાબ આપવાની પદ્ધતિનો ઉલ્લેખ કરું તો એટલા સરળ રીતે અને ટૂંકા પ્રશ્નના જવાબ આપતા હતા તે પણ એક અનુસરવા જેવી પદ્ધતિ છે કે જેના કારણે..(અંતરાય) નહીં તો શું થાય કે મારી મુશ્કેલી એ છે, શ્રી અર્જુનભાઈ મારી મુશ્કેલી એ છે અને આપ મને મદદરૂપ થાઓ કે હું જ્યારે ઓરલ રૂલિંગ આપતો હોઉં, આઈ રીકવેસ્ટ યુ, આઈ રીકવેસ્ટ યુ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આદરપૂર્વક સાંભળું છું, તેમણે પણ આદરપૂર્વક સાંભળવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : તમે મને આદરપૂર્વક સાંભળો છો તેનો સ્વીકાર કરું છું. તમે આદરપૂર્વક નીતિનભાઈને કઈ કહેવું હોય તો મારું રૂલિંગ પતી જાય એટલે કહેજો. મને ડિસ્ટર્બ થાય છે. કારણકે આખા રૂલિંગની લિંક તૂટે છે. શ્રી નીતિનભાઈ આઈ રીકવેસ્ટ યુ વન્સ અગેઈન. નીતિનભાઈ આપણે રીકવેસ્ટ કરું છું કે હું રૂલિંગ આપતો હોઉં ત્યારે આપ વચ્ચે ન બોલો તો વધારે સારું છે. હવે મારે રૂલિંગ બંધ રાખવું અને પછીથી આપવું એવું કરું? મારા માટે પરિસ્થિતિ એ પેદા થઈ છે કે હું રૂલિંગ બંધ રાખું? હું જે વાત કહેતો હતો તે આ હતી કે પ્રશ્નકર્તા જે છે તે જો ટૂંકો પ્રશ્ન પૂછે અથવા તો અગત્યનું હોય એ જ પૂછે. પ્રશ્નનો જવાબ આપનારને તેની અભિવ્યક્તિનો અધિકાર છે. પરંતુ કેટલીકવાર છાપેલી હકીકતો જે છે તેની પણ પુનરોક્તિ થાય તે યોગ્ય નથી કે જેથી કરીને પ્રશ્નમાં વધારે સમય જાય. મારા માટે ૮૯ના નિયમને વળગી રહું તો ૮૯ના નિયમમાં પાંચ મિનિટ એક પ્રશ્ન માટે આપવાનું નિર્ધારીત છે. પરંતુ જે પ્રશ્નની અંદર સાત થી આઠ સભ્યો પૂરક પ્રશ્ન પૂછવા માગતા હોય જે તે જિલ્લાના અને તે પ્રશ્ન ઉપર હું પાંચ મિનિટ થઈ ગઈ છે માટે બંધ કરો. એમ પણ કરવું ઉચિત નથી. આજે એવું જ થયું કે વારંવાર બીજા સભ્યો પ્રશ્નો પૂછ્ ઉભા થયા એટલે મહેન્દ્રસિંહજી સાબરકાંઠા જિલ્લાના પ્રશ્ન ઉપર પૂછવા માગતા હતા. તે જિલ્લાના હોવા છતાં હું તેમને સમય ન આપી શકયો. તેનું મને દુ:ખ થયું. એટલે મારી વિનંતી છે કે આપણે સૌ સહયોગી વાતાવરણને આગળ લઈ જઈશું તો પ્રશ્નોત્તરીના સમયનો સદ્‌પયોગ ઉપયોગ થશે. મેં અગાઉ વિશેષણ અને વક્રોક્તિ માટે જે રૂલિંગ આપ્યું છે તેની હું પુનરોક્તિ કરતો નથી. પરંતુ આખરે આપણે જે દિશા અપનાવી છે એ દિશા આ વિધાનસભાની અંદર સહયોગી દિશા છે, શ્રી રામસિંહભાઈની ચિંતા એ છે કે પ્રશ્નોત્તરીમાં વધુ પ્રશ્નો ચર્ચાય, અને વધુ પૂરક પ્રશ્નોના જવાબ મળે, એટલા માટે ટૂંકો પ્રશ્ન, ટૂંકો જવાબ, પૂરક પ્રશ્ન એમાં વધુ સભ્યો લાભ લઈ શકે એટલા માટે પૂર્વભૂમિકા નહીં, પરંતુ કેટલીકવાર એવી પરિસ્થિતિ સર્જાય છે કે એમણે આહવાહ્‌ન કર્યુ આજે મંત્રીશ્રીએ તો વિરોધપક્ષને તો વિરોધપક્ષના નેતા તરીકે શ્રી સિધ્ધાર્થભાઈનો અધિકાર હતો કે અમે તૈયાર છીએ. એ કોઈ પ્રશ્ન પૂછવા ઉભા થયા નહોતા થયા પણ એમણે પોતાની અભિવ્યક્તિ રજૂ કરી, અને એ એક સંવાદની ભૂમિકા છે. હું એમ માનું છું કે એ સંવાદની ભૂમિકા, એ સંવાદની ભૂમિકા પ્રશ્નોત્તરી અને સમગ્ર સંસદીય કાર્યવાહીની અંદર દેખાય એ માટે ટૂંકો પ્રશ્ન, ટૂંકો જવાબ, પૂરક પ્રશ્નમાં વધુ સભ્યો લાભ લઈ શકે એ અગત્યનું છે અને એટલા માટે અગાઉના મારા રૂલિંગની સાથે રહીને અને મારા અગાઉના અધ્યક્ષશ્રીઓને પણ જે રૂલિંગો આપ્યા છે જે પ્રશ્નોત્તરી માટે એ બધાનો હેતુ એ ટાઈમ મેનેજમેન્ટનો હતો, વધારે પ્રશ્ન ચર્ચાય, વધારે લોકોના પ્રશ્નોને વધારે સભ્યો દ્વારા આપણે લાભ આપી શકીએ અને અવાજ રજૂ કરી શકીએ એ હતો. એટલે જ શ્રી રામસિંહભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એનો એક જ લિટીમાં કહીએ તો ટૂંકો પૂરક પ્રશ્ન હોય અને એનો ટૂંકો જવાબ આવે પૂર્વભૂમિકા વિનાનો પ્રશ્ન હોય અને પૂર્વભૂમિકા વિનાનો જવાબ હોય અને જો કદાચ વધારે માહિતી હોય તો એ ટેબલ ઉપર પોતે જ મૂકવાની સ્વયં સમજ અપનાવશે તો મને લાગે છે કે આપણે વધુ પ્રશ્નોને ન્યાય આપી શકીશું.

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### સુગર ફેકટરીના કામદારો તેમનો હકક-હિસ્સો મેળવવા ઉપવાસ ઉપર ઉતરતાં કર્મચારી આલમમાં ફેલાયેલ રોષની લાગણી

**શ્રી ધીરસિંહ ક. બારડ (કોડીનાર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

" તાજેતરમાં જૂનાગઢ જિલ્લાના ઉના મૂકામે આવેલી સુગર ફેકટરીના કામદારો તેમનો હકક-હિસ્સો મેળવવા ઉપવાસ ઉપર ઉતરતાં અને બે કામદારોની તબિયત લથડતાં આમજનતા અને કર્મચારી આલમમાં ફેલાયેલ રોષની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં "

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યશ્રી, શ્રી ઉના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. મુ. ઉના, તા. ઉના, જિ. જુનાગઢની નોંધણી તા. ૧૬-૯-૧૯૬૩થી ગુજરાત સહકારી

મંડળી અધિનિયમ- ૧૯૬૧ અન્વયે થયેલ છે. આ ખાંડ સહકારી મંડળી ૧૯૬૮થી કાર્યરત થયેલ છે. (અનુકૂળતા ખાતર આ ખાંડ સહકારી મંડળીને હવે પછી ઉના સુગર તરીકે આ નિવેદનમાં ઉલ્લેખેલ છે.) શ્રી ઉના સુગર વર્ષ ૨૦૦૧ થી સદંતર બંધ હાલતમાં છે, તે બંધ થવાના કારણો નીચે મુજબ છે.

૧. અપૂરતા વરસાદના કારણે શેરડીના ઉત્પાદનમાં ઘટાડો થવાથી.
૨. આ સંસ્થાની પીલાણ ક્ષમતા મુજબની શેરડી નહીં મળવાના કારણે ઉત્પાદન પડતર ઉંચી આવવાથી.
૩. સંસ્થાની આર્થિક પરિસ્થિતિ ઉત્તરોત્તર નબળી પડવાથી ખેડૂતોને તેમની શેરડીનું ચૂકવણું નહીં કરી શકવાના કારણે.

આ સંસ્થામાં સરકારશ્રીએ રૂા. ૧૯૦ લાખનો શેર ફાળો આપેલ છે. આ સંસ્થાને ચાલુ કરવા માટે જીટકો મારફતે પ્રોજકટ અહેવાલ તૈયાર કરીને રજૂ કરેલ રૂા. ૨૧.૬૬ કરોડની સોફટ લોન માટેની શ્રી ઉના સુગરની દરખાસ્ત અર્થક્ષમ નહીં જણાતાં તે મંજૂર કરેલ નથી. તા. ૩૧-૩-૨૦૦૯ અંતિત આ સંસ્થાની એકત્રિત ખોટ રૂા. ૩૨.૬૬ કરોડ છે. આ સંજોગોમાં સંસ્થા પુનઃજીવીત થઈ શકે તેમ નથી.

આ સંસ્થા સ્થગિત હોવાથી કર્મચારીઓના પી.એફ.ની રકમ રૂા. ૮૬ લાખ બાબતે પી.એફ. કમિશનર, રાજકોટ દ્વારા નામદાર હાઈકોર્ટમાં સ્પે. સીવીલ એપ્લીકેશન નં. ૨૪૫૨/૨૦૦૬ દાખલ કરવામાં આવેલ. જેનો ચુકાદો પી. એફ. કમિશનરશ્રીની તરફેણમાં આવતાં સંસ્થાની મિલકતો તથા બેંક ખાતાઓ કમિશનરશ્રીએ ટાંચમાં લીધેલ છે. સંસ્થાના નિવૃત્ત થયેલા કર્મચારીઓની ગ્રેજયુઈટીની રકમ નહીં ચૂકવાતાં તેઓ લેબર કોર્ટમાં ગયેલ. જેનો નિવેડો કર્મચારીઓની તરફેણમાં આવતાં સંસ્થાની જમીન/ મિલકતો વેચાણ કરી રકમ ચુકવવાનો હુકમ થયેલ. વધુમાં સંસ્થાના ૧૫ કર્મચારીઓએ નામદાર હાઈકોર્ટમાં સ્પે. સીવીલ એપ્લીકેશન નંબરઃ ૬૦૬૪/૨૦૦૮ કરતાં નામદાર હાઈકોર્ટે જમીન/ મિલકતો વેચાણની કાર્યવાહી કરી વ્યાજ સાથે રકમ ચુકવી આપવા હુકમ કરેલ છે. આ બાબતે નામદાર હાઈકોર્ટે કલેકટરશ્રી, જુનાગઢને અધિકૃત કરેલ છે. સંસ્થાની જમીન નવી શરતની જમીન હોઈ, જમીન વેચાણ માટે સરકારશ્રીની મંજૂરી જરૂરી હોઈ, આ અંગે કલેકટરશ્રી દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે અને આ દરખાસ્ત સરકારશ્રીમાં સંબંધિત કક્ષાએ વિચારણા હેઠળ છે.

સંસ્થા પાસે પ્રવાહી મિલકત નથી. આથી કામદારોની લેણી રકમ ચુકવી શકાયેલ નથી. આ અંગે જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા રૂબરૂ સંપર્ક કરી સમજ પણ આપેલ છે. પ્રાપ્ત માહિતી મુજબ છેલ્લે ઉપવાસ ઉપર ઉતરેલ બે કામદારોની તબિયત બગડતાં હોસ્પિટલમાં સારવાર બાદ હવે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે.

આમ, આ સંસ્થાના કામદારોનો હકક-હિસ્સો ચુકવી આપવાની કાર્યવાહી ગતિમાં છે. જયારે આ સંસ્થા પુનઃજીવીત થઈ શકે તેમ ન હોઈ, તેને પુનઃ ચાલુ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

**શ્રી ધીરસિંહ ક. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, કોડિનારથી નજીક અને અમારા પડોશી તાલુકા તરીકે અને મારા કર્મચારી બંધુ તરીકે અને મેં પણ નોકરી કરી છે એટલે કહું છું કે, આ ફેકટરી છેલ્લા ઘ ણા વર્ષોથી બંધ છે, અને ૨૦૦૨માં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ ફેકટરી ચાલુ કરવાની બાંયધરી પણ આપેલી, આજ સુધી આ ફેકટરીના ખેડૂતો તો રઝળ્યા જ છે, પણ કામદારોની પણ પરિસ્થિતિ બે ત્રણ વખત સમાધાન થયા છે, નિયામકશ્રીએ પણ ૨૦૦૬માં એમણે નાણાં ચૂકવી આપવાની પણ ખાતરી આપી છે, આજ દિવસ સુધી આ કર્મચારીઓને કોઈપણ પ્રકારની રકમ ચૂકવવામાં આવી નથી, હાઈકોટનો આદેશ હોય કોઈપણ કોર્ટનો આદેશ હોય તો પણ, માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન ઉપર આવુ છું, કે એમઓયુ દ્વારા ગુજરાતના જે કોઈ સરકાર તરફથી ઉદ્યોગોને રાહત આપવામાં આવે છે એમ આ એક ખેડૂતોનો ઉદ્યોગ છે એમને આવી રાહતો ઉના ફેકટરીને સરકાર આપવા માગે છે કે કેમ,અને આ કર્મચારીઓને આજે છેલ્લા ચાર પાંચ વર્ષ થયા એમ છતાં એમણે ગ્રેજયુઈટી, પ્રોવિડન્ટ ફંડ કે પગાર કશું જ મળ્યું નથી તો એ વહેલીતકે આપવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પ્રશ્નમાં ના, જી. બીજામાં હા,જી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સુગર ફેકટરીના ખેડૂતોના ૪૬૩ લાખ બાકી છે જે કર્મચારી નિવૃત્ત થઈ ગયા, ગ્રેજયુઈટી તો એના હકકની છે એના ૧૫૦ લાખ છે ચાલુ કર્મચારીઓના ૧૯૬ લાખ છે. ટોટલ કરીએ તો મોટી એમાઉન્ટ નથી થતી. રાજ્ય સરકાર શરત ફેર કરવાનો નિર્ણય કરતી નથી એના કારણે વિલંબ થયો છે જમીન વેચાણમાં, કાં તો આપે એને ચાલુ કરવાની પ્રોસિઝર જો સરકાર કરવા માગતી હોય તો એ નિર્ણય કરી લેવો જોઈએ કે મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી છે અમારે ચાલુ કરવી છે એના માટે અમે પ્રોસિઝર કંઈ કરીએ છીએ ત્યાં સુધીમાં જેના હકના પૈસા છે આટલા મોટા રાજ્ય સરકારના બજેટમાંથી આ રકમ એક ખજુરાના નાના પગ જેટલી પણ નથી તો આ જે એમના અધિકારના પૈસા છે એ એમને આપી દઈએ શરૂ કરીએ ત્યારે એના ભારણ રૂપે લઈને અથવા શરૂ ન કરવા માગતા હોઈએ અને જમીન વેચવાની છે એની મંજૂરીમાં વાર લાગે છે તો એની મંજૂરી આપણે ઝડપથી આપીને જયારે પૂરું કરીએ પણ કમસેકમ કર્મચારી આમરણાંત ઉપવાસ

પર ઉતરે છે અને એને હોસ્પિટલમાં દાખલ થવું પડે છે ત્યારે મારે એ પૂછવું છે કે કેટલા સમયમાં આપ આનો નિર્ણય કરવા માગો છો?

**શ્રી દિલીપ સંઘાણી :** માનનીય અધ્યક્ષશ્રી, બને એટલો જલદીથી આનો નિર્ણય કરવામાં આવશે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયલા કાગળો

### ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો વાર્ષિક અહેવાલ

**શ્રી વજુભાઈ વાળા ( શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના સન ૨૦૦૬-૨૦૦૭ અને સન ૨૦૦૭-૨૦૦૮ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

### નવસારી કૃષિ યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ

**શ્રી દિલીપભાઈ સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક ઓડિટ અહેવાલ, તેના પર લેવાયેલ પગલાનું નિવેદન, વાર્ષિક હિસાબો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

### ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( જળસંપતિમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છુ.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

### પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો વાર્ષિક અહેવાલ

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( જળસંપતિમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૦૮-૨૦૦૯ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહન મેજ ઉપર મૂકવામાં આવ્યા**

### ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોરપોરેશનનો વાર્ષિક અહેવાલ

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોરપોરેશનનો સન ૨૦૦૮-૨૦૦૯ના વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહન મેજ ઉપર મૂકવામાં આવ્યો**

### ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશનનો વાર્ષિક અહેવાલ

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશનના સન ૨૦૦૬-૨૦૦૭ અને સન ૨૦૦૭-૨૦૦૮ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલો તથા નિવેદન સભાગૃહન મેજ ઉપર મૂકવામાં આવ્યા**

### ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોરપોરશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પેટ્રોલિયમ કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોરપોરેશનની કમગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

### ગુજરાત પાવર કોરપોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા ખાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાવર કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોરપોરેશનની કમગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

## ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચનાઓ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૨૦૦૯ના ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ અન્વયેની

(૧) તા.૩-૨-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૦૯-૪૫-એસઆઈઆર-૧૧૨૦૦૯-૧૦૯૮૮૨-આઈ

(૨) તા.૧૬-૨-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૧૦-૦૭-એસઆઈઆર-૧૧૨૦૧૦-૮૧૪૫૦-આઈ

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

## માર્ગ અને મકાન વિભાગ

### માગણી ક્રમાંક-૮૫

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું રહેણાંકના મકાનોની સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧,૨૦,૫૮,૯૦,૦૦૦/- ની તથા મૂડી ખર્ચ માટેની રૂા.૩૧,૫૭,૯૭,૦૦૦/- ની માગણી ક્રમાંક-૮૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૮૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.**

### માગણી ક્રમાંક-૮૬

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગો અને પુલો અંગેની સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧૭,૫૪,૫૧,૭૪,૦૦૦/- ની તથા મૂડી ખર્ચ માટેની રૂા.૧૩,૧૧,૭૮,૦૦૦/- ની માગણી ક્રમાંક-૮૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૮૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૮૭**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાટનગર બાંધકામ યોજનાની સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧૦,૦૦,૪૩,૦૦૦/- ની તથા મૂડી ખર્ચ માટેની રૂા.૯૬,૯૫,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક-૮૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૮૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી સુરેશકુમાર ચ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક-૧૦૫**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ વિકાસ સેવાને લગતી મહિલા અને બાળ કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧,૭૦,૪૬,૦૦૦/- ની માગણી ક્રમાંક-૧૦૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૦૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.**

## સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા ૧૯-૩-૨૦૧૦ (સાતમા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **માર્ગ અને મકાન વિભાગ**<br>**માગણી નં.૮૫** | | |
| ૧. | ૨૨૧૬ આવાસન<br>૦૧ સરકારી મકાનો<br>૧૦૬ સામાન્ય...... સમુચ્ચય<br>રૂા. ૨,૪૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨, (ભાગ-૧) પા.નં. ૪૩ | ૧૦૦ | સરકારી મકાનોની મરામત કામગીરીમાં પૂરતો અને સારો માલસામાન સમયસર ફાળવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨. | -- " -- | ૧૦૦ | સરકારી કર્મચારીઓને ફાળવેલ મકાનોના ધાબામાંથી દર વરસે ચોમાસા દરમ્યાન પાણી ટપકે છે તે બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાનજીભાઈ તળપદા |
| ૩. | -- " -- | ૧૦૦ | બંધ રહેલા સરકારી આવાસોના બારી બારણા તેમજ અન્ય વસ્તુઓ તૂટેલ હાલતમાં છે તેની મરામત કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બાબુભાઈ શાહ |
| ૪. | -- " -- | ૧૦૦ | સરકારી મકાનોની જાળવણીમાં થતો વ્યાપક વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અશ્વિન કોટવાલ |
| | | **માગણી નં. ૮૬** | | |
| ૫.* | ૩૦૫૪ માર્ગ અને પુલ<br>૦૪ જિલ્લા ......માગોર્<br>૩૩૭ માર્ગ કામો<br>૧૧ માર્ગ અને પુલ<br>રૂા. ૩,૦૬,૬૨,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨, પા.નં. ૬૭ (ભાગ-૧)અને પા.નં. ૨૬થી ૫૧ (ભાગ-૨), | ૧૦૦ | જિલ્લા માર્ગોની મરામત કામગીરીમાં ડામર કપચીનો હોટ મીકસનો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૬. | -- " -- | ૧૦૦ | ચોમાસા દરમ્યાન ગ્રામ્ય માર્ગો તૂટી જાય છે ત્યારે તેનુ મરામત કામ સત્વરે હાથ ધરવામાં થતો વિલંબ અટકાવવામાં સરકારની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૭. | -- " -- | ૧૦૦ | ગ્રામ્ય માર્ગોના કામો મેટલ ડામર સપાટી સુધીના પૂરા કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરસિંહ બારડ |
| ૮. | -- " -- | ૧૦૦ | તાલુકા મથક સાથે જોડતા ગ્રામ્ય માર્ગો સત્વરે પૂર્ણ કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ધીરસિંહ બારડ |
| ૯. | -- " -- | ૧૦૦ | ગ્રામ્ય માર્ગો લાંબો સમય ટકી રહે તેવા ગુણવત્તાવાળા બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૦. | ૩૦૫૪ માર્ગ અને પુલ<br>૦૪ જિલ્લા ......માગોર્<br>૩૩૭ માર્ગ કામો<br>૧૧ માર્ગ અને પુલ<br>રૂા. ૩,૦૬,૬૨,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨, પા.નં. ૬૭ (ભાગ-૧)<br>પા.નં. ૨૬થી ૫૧ (ભાગ-૨), | ૧૦૦ | રસ્તાઓના કામો સમયસર પૂર્ણ કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કાનજીભાઈ તળપદા |
| ૧૧. * | -- " -- | ૧૦૦ | જૂનાગઢ જિલ્લામાં ટેન્ડરોમાં દર્શાવેલ ગ્રામ્ય માર્ગોમાં ડામર સપાટીવાળા કામો હોટમીક્ષથી કરવાના બદલે કપચી પાથરીને થાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૨. | -- " -- | ૧૦૦ | દરેક ગ્રામ્ય માર્ગને પાકા ડામર સપાટીવાળા કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બુચભાઈ કિશોરી |
| ૧૩. | ૫૦૫૪ માર્ગ..... જોગવાઈ<br>૦૩ રાજય......માર્ગ<br>૧૦૧ પુલો<br>રૂા. ૭૮,૬૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ પા.નં. ૩૬૧ થી ૩૮૫ ( ભાગ-૧) | ૧૦૦ | સંસદ સભ્યો અને ધારાસભ્યોએ પુલો બનાવવાની કરેલ રજૂઆતો પ્રત્યે પૂરતુ ધ્યાન આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જોધાજી ઠાકોર |
| ૧૪. | -- " -- | ૧૦૦ | જૂના અને નબળા થઈ ગયેલા હયાત પુલોને નવા બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કિરણકુમાર મકવાણા |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫. | -- " -- | ૧૦૦ | જૂના અને નબળા થઈ ગયેલા હયાત પુલો ઉપરથી વાહનવ્યવહાર સત્વરે અટકાવી અકસ્માતો થતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હરીલાલ પટેલ |
| ૧૬. | -- " -- | ૧૦૦ | પુલોના અધૂરા કામો ઝડપથી પૂરા કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૧૭. | ૫૦૫૪ માર્ગ..... જોગવાઈ<br>૦૩ રાજય......માર્ગ<br>૧૯૦ જાહેર .....રોકાણ<br>રૂા.૯,૫૩,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ ,<br>પા.નં. ૩૮૬ થી ૩૮૮ ( ભાગ-૧) | ૧૦૦ | ટોલટેક્સ કેટલા સમય સુધી લેવામાં આવશે તેની ચોકકસ માર્ગદર્શિકા જાહેર જનતાને પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૧૮. | -- " -- | ૧૦૦ | ટોલટેક્સ લેવાતા માર્ગો ઉપરથી પસાર થતી એસ.ટી. બસોને મુકિત આપવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલ જોષીયારા |
| ૧૯. | -- " -- | ૧૦૦ | ટોલટેક્સ લેવાતા હોય તેવા રાજય ધોરી માર્ગોની બાજુમાં સર્વિસ રોડ તૈયાર કરાવવામાં અને હયાત સર્વિસ રોડની મરામત અને જાળવણીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હીરાભાઈ પટેલ |
| | | **માગણી નં. ૮૭** | | |
| ૨૦. | ૨૨૧૭ શહેરી વિકાસ<br>૦૧ રાજય ......વિકાસ<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા.૧૦,૦૦,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ ,<br>પા.નં. ૫૫ થી ૬૦ ( ભાગ-૧) | ૧૦૦ | ગાંધીનગરમાં વાવોલ અને ક-રોડને જોડતા કોલવડા રોડ ઉપર શાલન-૧ પાસે સર્કલ બનાવવાની આમજનતાની માંગણી સત્વરે મંજૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી સુરેશ પટેલ |
| ૨૧. | ૨૨૧૭ શહેરી વિકાસ<br>૦૧ રાજય ......વિકાસ<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા.૧૦,૦૦,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ ,<br>પા.નં. ૫૫ થી ૬૦ ( ભાગ-૧) | ૧૦૦ | ગાંધીનગર શહેરના વિકાસના પડતર કામોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહંમદ ફારૂક શેખ |
| ૨૨. | -- " -- | ૧૦૦ | જાહેર માર્ગો પરની મેઈન ગટરોના ઢાંકણા ખુલ્લા હોવાથી થતાં અકસ્માતો રોકવામાં અને આવી ગટરોના કારણે પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| ૨૩. * | -- " -- | ૧૦૦ | ગાંધીનગરના આંતરિક માર્ગોના કામો પૂર્ણ કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૪. | -- " -- | ૧૦૦ | રાજયના પાટનગરના વિકાસના કામો સત્વરે પૂર્ણ કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈકબાલ પટેલ |
| ૨૫. | ૪૨૧૭ શહેરી.....જોગવાઈ<br>૦૧ રાજય..... વિકાસ<br>૦૫૧ બાંધકામ<br>૦૧ રહેણાંક ના મકાન<br>રૂા. ૧૯,૨૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ ( ભાગ-૧) ,<br>પા.નં. ૨૭૮-૨૭૯ | ૧૦૦ | ગાંધીનગર ખાતે આવેલ સરકારી મકાનો પેટા ભાડે આપી કરવામાં આવેલ વ્યાપક ગેરરીતિઓ અન્વયે જવાબદારો સામે પગલા લઈ કાર્યવાહી કરાવવામાં થતો વ્યાપક વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૨૬. | ૪૨૧૭ શહેરી.....જોગવાઈ<br>૦૧ રાજય..... વિકાસ<br>૮૦૦ અન્ય ખર્ચ<br>રૂા. ૩૯,૨૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ ( ભાગ-૧) ,<br>પા.નં. ૨૮૯થી ૨૯૮ | ૧૦૦ | ગાંધીનગર શહેરમાં વારંવાર પાણી પુરવઠો ખોરવાય છે તે માટે જરૂરી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| ૨૭. | -- " -- | ૧૦૦ | ગાંધીનગર શહેરને પૂરતા પ્રેસરથી પાણી મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અમરસિંહ વસાવા |
| | | **મહિલા અને બાળ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૧૦૫** | | |
| ૨૮. | ૨૨૫૧-સચિવાલય.....સેવાઓ<br>૦૯૦-સચિવાલય,<br>૦૧-મહિલા.........વિભાગ<br>રૂા. ૧,૬૫,૪૬,૦૦૦ | ૧૦૦ | મહિલા અને બાળ વિકાસ વિભાગની કામગીરી માટે તાકીદે વધારાનુ મહેકમ મંજૂર કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હરીલાલ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૨૭<br>પા.નં.૩૦ -૩૧ | | | |
| ૨૯. | --"-- | ૧૦૦ | આંગણવાડીઓમાં સેવા બજાવતા વર્કરોના પગારમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૩૦. | --"-- | ૧૦૦ | વિધવા-ત્યકતા બહેનોને સમયસર પેન્શન મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૩૧. | ૨૨૫૧-સચિવાલય.....સેવાઓ<br>૦૯૦-સચિવાલય,<br>૦૧-મહિલા.........વિભાગ<br>રૂા. ૧,૬૫,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૭<br>પા.નં.૩૦ -૩૧ | ૧૦૦ | મહિલા અને બાળ વિકાસના કામો માટે બજેટમાં વધુ રકમ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૩૨. | --"-- | ૧૦૦ | મહિલાઓ ઉપર થતા અત્યાચારના બનાવોમાં તાકીદે કાર્યવાહી કરવામાં મહિલા બાળ વિકાસ વિભાગની નિષ્ફળ ભૂમિકા. | શ્રી પરેશભાઈ વસાવા |
| ૩૩. | --"-- | ૧૦૦ | મહિલા અને બાળ વિકાસ માટે એક અલગ વિભાગ ઉભો કરેલ હોવા છતાં બાળકોને લગતી તેમજ તે વિભાગની અન્ય કામગીરી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં થાય છે તે પરત લઈ બન્ને વિભાગો વચ્ચે થતી વિસંગતતા દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બ્રિજરાજસિંહ જાડેજા |
| ૩૪. | --"-- | ૧૦૦ | આદિવાસી વિસ્તારોમાં કન્યાઓના થતા વિક્રયના બનાવો અટકાવવા અને જરૂરી સંમેલનો કરી તે અંગે પ્રજાને પૂરતી જાણકારી આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બચુભાઈ કિશોરી |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નથી.

**અધ્યક્ષશ્રી :** હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી સી.કે. રાઉલજી (ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંકઃ૮૫,૮૬,૮૭ અને મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી ક્રમાંકઃ૧૦૫ જે લઈને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગમાં પંચાયત, સ્ટેટ, પાટનગર આવા મુખ્ય વિભાગો આવેલાં છે. ભૂતકાળમાં આ જ ભાજપની સરકારમાં એક ખાતું હોવા છતાં ત્રણ ત્રણ મંત્રીઓ હતા. પંચાયતની વિભાગનો એક અલગ મંત્રી, પાટનગર અને નેશનલ હાઈવે માટેનો એક મંત્રી અને સ્ટેટ હાઈવે માટે પણ એક અલગ મંત્રી. માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રણ વિભાગોના ત્રણ મંત્રીના આજે આ ત્રણેય વિભાગો માનનીય એક મંત્રીશ્રી ચલાવે છે ત્યારે અને ગુજરાત વિકાસના માર્ગે જઈ રહ્યું છે એવી વાતો મોટી મોટી થાય છે ત્યારે હું એક જ વાત કહેવા માગું છું કે, ૧૯૯૭-૯૮માં જે તે વખતે સરકારમાં જોબ નંબર આપવામાં આવ્યા હતા તેનું આજ દિન સુધી કામ અને તેમાંય મોટા ભાગે વિરોધપક્ષના ધારાસભ્યો હોય ત્યારે તેવો જે તે વિભાગમાંથી પંચાયતનો રોડ હોય, સ્ટેટનો રોડ હોય તો નાણાંકીય ઉપલબ્ધતા થયા પછી તમારું કામ લેવામાં આવશે. તો આજે ૧૪-૧૪ વર્ષના વહાણાં વહી ગયા છતાં હું એક જ દાખલો આપવા માગું છું કે, આજે અમારો ગોધરાનો બાય પાસ ૧૯૯૭-૯૮માં અમારી સરકારમાં જોબ નંબર અપાયો હતો. આજે ફક્ત ૧૩ કિલોમીટરનો એક ફેઝ નંબર અને બીજો ૧૧ કિલોમીટરનો ફેઝ નંબર તેમાં મારે દુઃખ સાથે કહેવું પડશે કે ૨૬મી જાન્યુઆરીએ માનનીય મુખ્યમંત્રી અમારા ગોધરા મુકામે આવ્યાં. લોકોને સારું લગાડવા માટે એમ કહે કે બાયપાસનું ઉદ્ઘાટન. મારે આ ગૃહને જણાવવું પડશે કે આ ભાજપની સરકાર ઉદ્ઘાટનો, ઉત્સવ લક્ષી અને અમારા ગોધરા શહેરમાં વર્ષે ઓછામાં ઓછાં ૮ થી ૧૦ અકસ્માતો થાય છે. આજે જે બાયપાસનું ઉદ્ઘાટન કર્યુ તેમાં એ ૧૩ કિલોમીટરના વિસ્તારની અંદર આજે પુલ પણ બની શક્યો નથી. અને એ બાય પાસનું ડાયવર્ઝન આપીને ઉદ્ઘાટન કર્યુ હજુ ૧૧ કિલોમીટરના રોડનું માટીકામ નથી થયું. આ બાય પાસ કોને કહેવાય? ડાયવર્ઝનને બાય પાસ કહેવાય? ઉદ્ઘાટન થઈ ગયું આજે પણ ૧૧ કિલોમીટરનો રોડ આજે પણ બાકી છે. મારે દુઃખ સાથે કહેવું પડશે કે મોટાભાગના જોબ નંબરો, આ જોબ નંબર એટલે જે તે વિભાગની પેટા કચેરી તેના કુલ કેટલા કિલોમીટર થાય છે, માટીકામ કેટલું હોય, મેટલ કામ કેટલું હોય, ડામર કામ કેટલું હોય. સાહેબ, એક જોબ નંબર બનાવવા માટે છેક નીચલી કચેરીથી છેક મુખ્ય અધિક્ષકની કચેરી સુધી કેટલો સમય વેડફાય છે. એવા ભૂતકાળના ૬૦૦ થી ૭૦૦ જોબ નંબરો કેન્સલ કરવામાં

આવ્યાં. મારે દુ:ખ સાથે કહેવું પડશે કે પહેલાં જા, બા, ખા પણ હું માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે વિનંતી કરવા માગું છું કે, આ ખાતાને જા, બા, જા, એવું કરવા માગે છે કે કેમ? કારણ કે પુલ થશે, રોડ થશે, રસ્તા થશે તો ભાજપનો કાર્યકર જવાનો છે અને કોંગ્રેસનો કાર્યકર જવાનો છે. પક્ષા પક્ષીથી દૂર રહી અને જે જોબ નંબરો કેન્સલ કર્યા છે અને જે કામો બાકી છે આજે સાહેબ મારે કહેવું પડશે કે હું પંચાયત વિભાગની પહેલી ચર્ચા કરવા માગું છું કે, પંચાયત વિભાગમાં આદિજાતિ વિભાગ આ માર્ગ મકાનને લગતો હોય છે. આજે પણ છેલ્લાં આઝાદી પછી આજે પણ મારા મત વિસ્તારની અંદર ચારથી પાંચ ગામોમાં જવાનો રસ્તો નથી. આને આપણે કહીએ છીએ કે ગુજરાત વિકાસના પંથે છે. આજે પણ ત્યાં જવાનો રસ્તો નથી. જંગલ વિસ્તારમાંથી લોકો આજે પાંચ પાંચ, સાત સાત કિલોમીટર ચાલે છે. સારું છે કે પ્રધાન મંત્રી સડક યોજના હેઠળ આજે થોડો ઘણો વિકાસ થયો છે. આ પંચાયત વિભાગની મરામત માટે વાત કરવા માગું છું આજે પંચાયત વિભાગમાં અ.મ.ઈ. છે તેની કોઈ બીજા જિલ્લામાં બદલી થતી નથી. આજે પણ મોટા ભાગના ગામડાંના પંચાયતના રસ્તાની કોઈ મરામત થતી નથી. અને મરામત થતી નથી તેના કારણે ઘણી બધી મુશ્કેલીઓ થતી હોય છે. તેના કારણે આજે સ્થાનિક અ.મ.ઈ જે સુપરવાઈઝરો હોય છે તેની સ્થાનિક કોન્ટ્રાકટરો સાથે સાંઠ ગાંઠ હોવાને કારણે પ્રધાન મંત્રી સડક યોજનાના રસ્તા હોય, કે બીજા મરામતના રસ્તાના ટેન્ડરો હોય ત્યારે પણ તે કામમાં તેની ગુણવત્તા જળવાતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ સુપરવાઈઝરો સ્થાનિક લેવલે જે તે જિલ્લામાં છે, એને બીજા જિલ્લામાં જો બદલી કરવામાં આવે અને બીજા જિલ્લામાં હોય એને બીજા અન્ય જિલ્લામાં મૂકવામાં આવે તો ગ્રામ પંચાયતોના રસ્તાનું મેન્ટેનન્સ, મરામત અને નવા કામો સારા થાય એવું મારું માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતોની વાત કરી, સ્ટેટ હાઈવેની વાત કરું. સારી વાત છે કે ટોલ ટેકસ એટલે વાયેબિલિટી ગેપ્સ સ્કિમ, બી.ઓ.ટી. પદ્ધતિ હેઠળ મારે આજે કહેવું પડશે કે અમે ધારાસભ્યો છીએ. ટોલ ટેકસ અમારે ભરવાનો આવતો નથી. સામાન્ય વ્યકિતને પોતાનું વાહન લઈને બોમ્બે સુધી જવાનું હોય તો ૭૦૦થી ૮૦૦ રૂપિયા ટોલટેકસ ભરવો પડે છે. ટોલટેકસમાં અમે ધારાસભ્યો હોવા છતાં અને અમારું કાર્ડ બતાવીએ, તો કહે કે ગાડીની અંદર હાજર છે કે કેમ? આ સરકારનો વહીવટ છે. અમારે શું એમને પ્રમાણપત્ર આપવાનું કે અમે ધારાસભ્ય છીએ. અમારું કાર્ડ આપવા છતાંયે ટોલટેકસવાળા એમ કહે છે કે ગાડીમાં સાહેબ છે કે કેમ? પાછું અમારે મોં કાઢીને બતાવવાનું કે હા, સાહેબ અમે છીએ. આવી પરિસ્થિતિ આ રાજયની છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું જરૂર કહીશ કે હાલોલ-શામળાજી ૧૭૩ કિલોમીટર, અમદાવાદ-વિરમગામ ૧૮૩ કિલોમીટર, રાજકોટ-જામનગર ૧૩૧ કિલોમીટર. આ ૪૮૭ કિલોમીટર વાયેબિલિટી ગેપ્સ ટ્રેડીંગ સ્કિમ બી.ઓ.ટી. પદ્ધતિ મુજબ એલ.એન્ડ ટી.ને આ કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે. આ પ્રાઈવેટ કંપની આ ૨૦થી ૨૨ વર્ષ સુધી આ ૪૮૭ કિલોમીટરનું બાંધકામ અને એનું મેન્ટેનન્સ ૨૦થી ૨૨ અને આ સરકાર એનું પ્રીમીયમ ૬૦૨૨ કરોડ રૂપિયા લે છે. એને ૨૫૯૯ની અંદાજીત કિંમત કરવામાં આવી છે. સાહેબ, ૨૦થી ૨૨ વર્ષ આ એલ.એન્ડ ટી. આજે હું એક જ દાખલો આપીશ કે હાલોલથી બરોડાનો જે ફોરલેન્ડનો રોડ છે, એ રોડ એ કંપનીને આપ્યા પછી આજે વર્ષે દિવસે ૨૭થી ૨૮ કરોડ રૂપિયા એક વર્ષમાં ટોલટેકસ ઉઘરાવે છે. હું આપના મારફતે એ કહેવા માગું છું કે આ ટોલટેકસ પ્રાઈવેટ પાર્ટીઓવાળા કરે એના કરતા, અને આજે જે સ્ટેટ હાઈવેના રોડ એ આજે પ્રાઈવેટ પાર્ટીઓ ૨૦થી ૨૨ વર્ષ સુધી એનું મેન્ટેનન્સ કરશે. આજે એ જ વિભાગના જે તે વિભાગમાં જે વિસ્તારના કર્મચારીઓ છે, એ કર્મચારીઓ આ ૭૮૭ કિલોમીટરમાં શું કામ કરી શકશે? એ પ્રાઈવેટ કંપનીવાળા કામ કરશે. સાહેબ, સ્ટેટ હાઈવેના બી.ઓ.ટી.ના ધોરણે આપે છે એ વાતની સાથે હું પણ સંમત છું, પણ જે ટેકસ, જે ટોલટેકસ છે, એ ટોલટેકસ માટે મારે કહેવું પડશે કે વાહનવેરો સરકાર આજીવન ટેકસ લે છે, આજીવન ટેકસ. અને તેમ છતાં ટોલટેકસ. પ્રજાના માથે કેટલું ભારણ છે, આખા વર્ષનો હિસાબ કરીએ તો કરોડો રૂપિયા થાય છે. અને એના હિસાબે આજે જે ૪૮૭ કિલોમીટર, હું એટલું કહીશ કે તમે ૪૮૭ કિલોમીટર બીજી કંપનીને ૨૨ વર્ષ માટે આપો છો, તો આ જે રકમ જે ૬૦૨૨ કરોડ આ જે પ્રીમીયમની રકમ એ પંચાયતોના વિભાગમાં, મારે દુ:ખ સાથે કહેવું પડશે કે ૨૦૦૮ અને ૨૦૦૯ કરતા આ વર્ષે પંચાયતોને સહાયક અનુદાનનો ૩૬ ટકાનો ઘટાડો કર્યો છે. એટલે કેટલી રકમ? લગભગ ૧૭૫ કરોડ અને ૪૨ લાખ રૂપિયા જેટલો ઘટાડો પંચાયતોને અનુદાનમાં કરવામાં આવ્યો છે. આ ગ્રામ્ય વિસ્તાર કે જે આજે ભલે પાટનગર યોજનામાં કે આજે સ્ટેટ હાઈવેમાં જાહોજલાલી લાગતી હોય, પણ આજે ગુજરાતની મોટા ભાગની પ્રજા ગામડામાં રહે છે. ગામડામાં જવાના રોડ નથી. નોન પ્લાનની વાત કરીએ. પ્લાન અને નોન પ્લાન. નોન પ્લાનમાં પણ આજે મોટા ભાગના રસ્તાઓ થતા નથી. ચાહે એ આદિવાસી વિસ્તાર હોય કે સમૃદ્ધ વિસ્તાર હોય. આજે પણ નોન પ્લાનમાં એનું કામ થતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની પ્રજા છેવાડાના ગામડામાં જે રહે છે, એને શું તકલીફ છે અને એ જયારે સ્ટેટ હાઈવે પર આવે છે ત્યારે આ ટોલટેકસ માતબર રકમ એણે ભોગવવો પડે છે. બીજી વાત એ કહીશ કે આ જે ટોલટેકસની બાબતમાં જે રોડ બને છે. હું આ એલ.એન્ડ ટી.ની વાત કરું. લાર્સન એન્ડ ટુબ્રો. કે સાહેબ, આજે પણ છે તે સરકારના માલિકીના જે તળાવો હોય અગર સરકારી પડતર જમીનો હોય, એનું માટીકામમાં માટી લઈને રોડ પર પાથરવામાં આવે છે. લાખોની રોયલ્ટી ચોરી આ એલ.એન્ડ ટી. કંપની કરે છે. એ વાતની અમે રજૂઆત કરી હતી કે સરકારના નાણાનો આ દુરુપયોગ થાય છે. અને સરકારની આ જે માટી રોયલ્ટીના

ભાગરુપે એ એલ.એન્ડ ટી. કંપની કમાય છે. સરકારના ભાગે કશી જ રોયલ્ટી આવતી નથી અને કલેકટરશ્રીએ ગઈ વખતે ૬૦ થી ૮૦ લાખ રૂપિયાનો દંડ કર્યો છે. એટલે આ રીતે આવી છાનીછપની કેટલાય રૂપિયાની એ રોયલ્ટી એ રોયલ્ટીના બેઈઝ ઉપર નહીં ભરતા હોય એ પણ જોવા જેવું છે. આજે આ એલ.એન્ડ ટી. કંપનીની ગાડીઓ ૩૫ થી ૪૦ ટન માટી કે કપચી લઈને જાય તો એને દંડ ના થાય, એ ડિટેઈન ના થાય ,પરંતુ સામાન્ય માણસ ૧૫ થી ૨૦ ટન માલ ભરીને જાય તો અને ડિટેઈન કરવામાં આવે અને એની પાસેથી પેનલ્ટી લેવામાં આવે છે. તો આ એટલા માટે એને ડિટેઈન કરતા નથી કારણ કે આ એલ.એન્ડ ટી. કંપની એ એક મોટી કંપની છે અને આ એલ.એન્ડ ટી. કંપનીના માણસો માલદાર હોવાને કારણે આ એમના માટે કરવામાં આવતું નથી. આ એલ.એન્ડ કંપની એ રોડનું કામ કરે છે અને એનાં વાહનો મોટાં હોવાને કારણે અને એમાં કપચી, ગ્રીટ કે મેટલ ભરીને જવાના કારણે અમારા ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ આજ`પણ મરામત થઈ શકે એવી પરિસ્થિતિમાં નથી. રસ્તાઓ ઉપર એક એક ફૂટ અને બે-બે ફૂટના ખાડાઓ પડી ગયા છે અને એના ભાગરૂપે અમે જયારે રજૂઆત કરીએ છીએ ત્યારે અમને એમ કહેવામાં આવે કે અમારી પાસે આ રિપેરિંગ માટેની ગ્રાન્ટ નથી. આ એલ.એન્ડ ટી. કંપનીને કમાઈ આપવા માટે અમારી રજૂઆતો સંભળાય નહીં કારણ કે આ મોટી કંપની છે. ૨૦ થી ૨૨ વર્ષથી એટલા માટે છે કે આ જે ૪૮૭ કિલોમિટરનો સ્ટેટ હાઈવે છે એ નિભાવણીનો ખર્ચ કરે છે એ નિભાવણી ખર્ચના ભાગરૂપે એ કેટલા રૂપિયા કમાય છે. આ રાજય સરકાર પોતે જ રોડ બનાવીને ટોલ ટેકસની જગ્યાએ કર નાંખીને આ થતું નુકસાન અટકાવે એવું આ પ્રસંગે મારું સૂચન છે.

ધારાસભ્યોને જે મરામત ગ્રાન્ટ અપાય છે એના માટે આજે મારે કહેવું પડે છે કે ૧૯૯૦ માં એક કિલોમિટરનો રોડ બનાવવો હોય તો ૨ લાખ રૂપિયા ખર્ચ થતો હતો અને આજે ૨૦૧૦ માં એક કિલોમિટરનું માટીકામ હોય, મેટલ કામ હોય અને ડામર કામ હોય એનો ખર્ચ ૧૫ થી ૧૮ લાખ રૂપિયા થાય છે. અમને ૫૦ લાખ રૂપિયાની પંચાયત કે સ્ટેટ એસ.આર. આપવામાં આવે છે એ આજના દિવસોમાં બજાર કિંમતે ખૂબજ નજીવી છે. જો અમને અમારા વિસ્તારમાં ૨ કરોડ રૂપિયા ફાળવવામાં આવે તો નાના મોટા ૨-૪ કિલોમિટરના રોડ કે જે જયાં લોકોને જવા આવવાની તકલીફ છે એ અમે આવાં કામ કરીને દૂર કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગની બાબતમાં હું એટલા માટે કહું છું કે ભૂતકાળમાં આ વિભાગમાં ત્રણ ત્રણ મંત્રીશ્રી હતા અને આ વિભાગમાં આજે આ ત્રણ વિભાગ હોવા છતાં એક જ મંત્રીશ્રી એને નિભાવી રહ્યા છે અને પાછું મહેસૂલ ખાતું છોગામાં છે એટલે મેં વાત કરી એ ત્રણ ખાતાના વિભાગ્નો ભાર અને ઉપરાંત મહેસૂલ ખાતું. પહેલાં ત્રણ મંત્રીશ્રી આ માર્ગ અને મકાન વિભાગમાં હતા તો ત્રણ તો *(xxxxx) હતા અને આજે એક જ ધારાસભ્યશ્રી *(પોષાય) છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માનનીય સભ્યશ્રી, આપે જે (xxxxx) શબ્દપ્રયોગ કર્યો છે એ અરૂચિકર છે અને એ હું કાર્યવાહીમાંથી કાઢી નાંખું છું.

**શ્રી સી.કે. રાઉલજી** : હા, બરાબર છે, સાહેબ એ કાઢી નાંખો, પરંતુ હું એમાં બહુ પડવા માગતો નથી, પરંતુ

ઘણી વખત એવું થાય છે કે અમારા આત્મારામભાઈની હું બહુ ચિંતા કરું છું. કારણકે એમણે કહયું કે અમે દુ:ખી છીએ તો આ ત્રણમાંથી એક ખાતું તમે લઈ લો તો તમે સુખી થઈ જશો. મારો કહેવાનો મતલબ એ છે કે વ્યકિત છે, માણસ છે એને કામનું ભારણ હોય તો એ અકળાય એસ્વાભાવિક છે. કામકાજ દરમ્યાન કે વાટાઘાટો દરમ્યાન ભારણને લીધે એ અકળાય, પરંતુ કામનું ભારણ વધારે હોય અને એ અકળાય નહીં અને પ્રજાનાં ઉપયોગી કામ લઈને જઈએ અને વિધાનસભામાં કહીએ તો અમારો જવાબ અમને શાંતિપૂર્વક આપે એવું આપશ્રી મારફત હું કહેવા માગું છું કારણ કે ઘણી વખત અમે જે કામ લઈને જતા હોઈએ, પરંતુ (અંતરાય) હું મંત્રીશ્રીની કોઈ અંગત વાતમાં પડવા માગતો નથી, પરંતુ કામના ભારણને કારણે એ અકળાય એ સ્વાભાવિક છે, પરંતુ અમારા વિસ્તારના રસ્તાઓના જે જોબ નંબર આપ્યા છે એ બધા એ મંજૂર કરે. અમારા વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસના પણ કાર્યકરો છે, પરંતુ વસ્તુ સવાલ એ છે કે મેં કહયું કે જાબાખા નહીં, પરંતુ જાબાજા, ગમે તે પક્ષનો હોય એ રોડ ઉપર જશે, પુલ ઉપર જશે, કોઝવે ઉપર જશે. તો આ રીતે જો કરે તો ગુજરાત શાંતપ્રિય રીતે આગળ વધશે એમાં કોઈ બેમત નથી અને છેલ્લે છેલ્લે કહું છું કે અગાઉ જે ધારાસભ્યોને રાહત દરના પ્લોટ આપવામાં આવતા હતા એમાં ધારાસભ્યના ગુજરી જવાના કારણે એમનો પુત્ર કે પુત્રી ધારાસભ્ય થાય તો અગાઉના ધારાસભ્યોના પુત્ર કે પુત્રીને રાહત દરના પ્લોટ મળ્યા છે, પરંતુ હજુપણ કોઈ કારણોસર હવે આ રીતે રાહતદરના પ્લોટ આપવામાં આવતા નથી તો એ આપવામાં આવે અને અમે પણ પક્ષાપક્ષીથી પર રહીને ભૂતકાળમાં જે રીતના આ રાહત દરના પ્લોટ આપવામાં આવ્યા હોય એ જ રીતે ફાળવણી થાય એવી મારી વિનંતી છે અને મારી આટલી વાત સાથેમારી વાત પૂરી કરું છું.

**શ્રી તુષારસિંહ ક. મહારાઉલ (દેવગઢબારીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાનની માગણીઓ ઉપર ચર્ચા કરવા માટે માનનીય મંત્રીશ્રીએ જે માગણી રજૂ કરી છે, તેમાં મારા વિચારો વ્યકત કરવા

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો છે.

ઉભો થયો છું. માનનીય ધારાસભ્ય શ્રી સી. કે. રાઉલજી સાહેબે બધા મુદ્દાઓ મૂકી દીધા છે, એમાં ફકત એક મુદ્દો રહી ગયો છે તે હું કહેવા માગું છું.

પંચમહાલ અને દાહોદમાં અને કદાચ ગુજરાતમાં અનેક જિલ્લાઓમાં આ તકલીફ હશે, અમારા વિસ્તારના અનેક ગામડાંઓ જે જંગલની વચ્ચે આવેલા છે, અને એ ગામડાં સુધી પહોંચવા માટે નાના નાના જંગલના વિસ્તારો વચ્ચે આવતા હોય છે. મારા બારિયા તાલુકામાં આવા પાંચ થી છ ગામો છે. જે હજુ સુધી રોડથી વંચિત રહી ગયેલા છે. તેથી હું વિનંતી કરવા માગું છું કે ફોરેસ્ટમાંથી પરમિશન લેવા માટ જે વિધિ કરવાની છે એમાં ભોપાલથી પરમિશન આવે છે, તે આખી પ્રક્રિયા ખૂબ લાંબી હોય છે. અને એક વર્ષ નહીં પણ કયારેક બે ત્રણ વર્ષ પણ નીકળી જાય છે. હવે આ બન્ને મંત્રાલય સરકારી જ છે. તો આ બે મંત્રાલય વચ્ચે આ મુદ્દો ચાલ્યા કરે છે. આ ગામડાંમાં રોડની કોઈ પણ જાતની સુવિધા નથી, અને ફરજિયાત જંગલના વિસ્તારમાંથી રસ્તો કાઢવો પડે છે. ઘણાં એવા ગામડાં છે જેણે પોતાની જમીન ફોરેસ્ટને સોંપી દીધી છે છતાં હજુ સુધી ફોરેસ્ટની પરમિશન આવેલ નથી. આ ગામડાંઓ માટે રસ્તાઓ પ્લાનિંગમાં છે પણ હજુ સુધી તેનું આયોજન થયેલ નથી અને ફોરેસ્ટના લીધે કામ અટકી જાય છે તો તે કામ તાત્કાલિક શરૂ કરવામાં આવે અને એ કામમાં ઝડપ આવે તેવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી લઈને આવ્યા છે તેને મારું અનુમોદન આપવા માટે હું ઉભી થઈ છું. હું મારી વાત કરું તે પહેલા હમણાં અમારા ભાઈ શ્રી રાઉલજીભાઈને હું સાંભળતી હતી, મારે એટલું જ કહેવું છે કે રાજયમાં એક શકિતશાળી મહિલા આનંદીબેન પટેલ મળ્યા છે, અને મહિલા પ્રતિનિધિ તરીકે ૩ વિભાગ સંભાળે કે દસ વિભાગ સંભાળે એની ચર્ચા નહીં પણ એ વિભાગોની કામગીરીની ચર્ચા થવી જોઈતી હતી. આપના પક્ષના મહિલા વડાપ્રધાન રહી ચૂકયા છે, આપના પક્ષના વડા અને પ્રમુખ પણ મહિલા છે. એટલે શકિતશાળી બહેનોની કદર કરવાને બદલે ત્રણ વિભાગ માટે આનંદી બેનની ચર્ચા થાય તો તે મને લાગે છે કે ઉચિત નથી. આપે એક બહેનને ઉભા રાખ્યા છે અમે તો ૧૫ બહેનો છીએ. આ મહિલાઓનું અપમાન કર્યુ હોય તેવું મને લાગે છે, ત્રણ વિભાગની ચર્ચા કરી અને મહિલાઓની શકિતઓનું અપમાન કર્યુ હોય તેવું મને લાગે છે., આવું ન બોલ્યા હોત તો સારું હતું. હું માનનીય મંત્રીશ્રી આનંદીબહેન પટેલને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે કંઈ બોલ્યો મારા પ્રવચન દરમિયાન એમાં મહિલાઓનું અપમાન થાય એવું બોલ્યો જ નથી. મેં એવું કહયું કે પહેલા ૩ વિભાગો અલગ અલગ મંત્રીઓ પાસે હતા આજે એક જ મંત્રી ત્રણ વિભાગો સંભાળે છે. ઉલટાની પ્રસંશાનો સવાલ છે. અપમાનનો કોઈ સવાલ નથી.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી રાઉલજીભાઈને હું એમ કહેવા માગું છું કે મહિલાઓની શકિતને આહવાન કરો ભાઈ. હું તો એમ કહું છું કે ૩ નહીં હજુ વધારે ખાતા આપો. આપણે દેવીની પૂજા કરીએ છીએ તેમાં સરસ્વતી માતા, લક્ષ્મી માતા, એમ શકિત માટે જે પૂજા કરીએ છીએ તે દેવીઓની જ પૂજા કરીએ છીએ. આ ત્રણ ખાતા આનંદી બેન પાસે છે એમાં શું મોટી વાત છે?

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું મારી વાત ઉપર આવું છું. સાચા અર્થમાં કહું તો હું મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રીશ્રી આનંદીબેન પટેલને અભિનંદન આપું છું. મહિલા સશકિતકરણનું કામ જે ગુજરાતમાં થયું છે, તે મહિલાઓની શકિતને ઉજાગર કરનારું થયું છે. રાષ્ટ્રીય જીવનમાં અને સમાજ જીવનમાં કુંટુંબમાં બહેનોનું કામ કઈ રીતે વધે બહેનો સમયનો અને એની શકિતનો કઈ રીતે સદુપયોગ કરે એના માટે એની વિટબંણા સમજીને એના માટે રસ્તાઓ કરીને એના માટેની સુવિધા ઊભી કરીને નારી જીવનની ગરિમા જળવાય એવા રસ્તા આ વિભાગ દ્વારા થયા છે. પુરુષ પ્રધાન સમાજ છે, આ સમાજની અંદર માતૃશકિતના સાનિધ્યમાં રહીને વિશ્વનું કલ્યાણ કરનારા માનવો ઊભા થયા છે એમાંથી મહાપુરુષોએ પ્રેરણા લીધે પરંતુ આપણે સૌ જાણીએ છીએ એની ચર્ચા હું નથી કરવા માગતી માતૃત્વ, નેતૃત્વ અને કતૃત્વની શકિતના આદર્શ વારસદારો આ બહેનો છે પરંતુ નારી મહિલાઓની અનેક ગાથાઓ આજે વિસરાઈ ગઈ હોય તેવું લાગે છે. આપણને સ્વતંત્રતા પ્રાપ્ત થઈ એ પહેલા બહેનોને પૂજ્ય ગણવામાં આવતી હતી. વેદકાલીન, મધ્યકાલીન આ બધા યુગોની વાત કરવા માટે સમય નથી. પરંતુ સ્વતંત્રતા પછીથી આપણા બહેનોને વૈધાનિક અધિકારો મળ્યા. મારે એ કહેવું છે કે વૈધાનિક અધિકારો મળ્યા પરંતુ એવી કેટલીય સ્ત્રીઓ છે કે જે આ વૈધાનિક અધિકારોનું સુખ પ્રાપ્ત કરી શકી. હું રાજય સરકારને પણ અભિનંદન આપું છું કે વગર વૈધાનિક શરતોએ અધિકારોએ આ ગૃહની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અમારી આટલી બહેનો વગર વૈધાનિક અધિકારે આ ગૃહમાં કામ કરી રહી છે.

મારે આ વિભાગની આંગણવાડીઓની વાત કરવી છે. મહિલા અને બાળ કલ્યાણ વિભાગ માટે આ બજૅટની અંદર ૮૯૬.૨૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત આંગણવાડીના ૩૩૩૩

ઘરોનું નિર્માણ કરવાનો સંકલ્પ આ રાજય સરકારે કર્યો છે. આંગણવાડીમાં ભણતા બાળકો, નાના નાના ભૂલકાઓ, સગર્ભા માતાઓ કિશોરીઓના સ્વાસ્થ્યની અને પોષક આહાર માટે ૬૯૫ કરોડની જોગવાઈ આ બજૅટમાં કરવામાં આવી છે. એક કલ્યાણકારી કામ માટે હું માનનીય આનંદીબહેનને અભિનંદન આપું છું. એવા અંતરિયાળ વિસ્તારોમાં ઝૂંપડપટ્ટી હોય, મકાનનું બાંધકામ કરનાર મજૂરોના બાળકો હોય, મહિલાઓ હોય,

ખેતીમાં સખત પરિશ્રમ કરતા શ્રમિકો એના બાળકો હોય, ઈંટોના ભઠ્ઠા ઉપર કામ કરતા બાળકો હોય મારો વિસ્તાર તો અગરિયામાં આવે છે. અગરિયા વિસ્તારના બાળકો ત્યાં આગળ આંગણવાડીની સગવડતા ન હોવાથી ભણતા નથી, પરંતુ એક નવતર પ્રયોગ ૨૦૦૮-૦૯થી મોબાઈલ વાન આંગણવાડી કેન્દ્રનો કરવામાં આવ્યો. અમદાવાદ, રાજકોટ, સુરત, વલસાડ વડોદરા અને નવસારીમાં આવા આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. આ મોબાઈલ આંગણવાડી કેન્દ્રની સફળતા અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈને ૨૦૧૦-૧૧માં ૨૬ જિલ્લાની અંદર આવા આંગણવાડીના કેન્દ્રો કરવાનો નિર્ણય રાજય સરકારે કર્યો છે અને એના માટે ૧ કરોડ ૭૧ લાખ ૬૦ હજારના ખર્ચે ૨૬ મોબાઈલ વાન ખરીદવાનો નિર્ણય રાજય સરકારે કર્યો છે. હું સરકારનો આભાર માનું છું એટલા માટે કે હમણાં રાજકોટમાં ગરીબ કલ્યાણ મેળામાં જામનગર શહેરને એક મોબાઈલવાન પ્રાપ્ત થઈ છે અને આંગણવાડીના બહેનો એનો ખૂબ સારો સદપયોગ કરશે એવી મને આશા અને વિશ્વાસ છે

મારા વિભાગની અંદર આંગણવાડીના બે ઘટકો ચાલે છે. આ ઘટકોની અંદર બહેનોને યશોદા એવોર્ડ મળેલા છે. આ એવોર્ડ જ્યારે મળ્યો હતો, ગરીબ એવોર્ડ અને યશોદા મા એવોર્ડ મળ્યો એની ભાવના જ્યારે મારા ધ્યાનમાં આવી ત્યારે ખૂબ આનંદની લાગણી થઈ. ભગવાન કૃષ્ણને જન્મ આપનારી મા દેવકી છે પરંતુ જગતગુરૂ કૃષ્ણનું નિર્માણ તો મા યશોદાએ કર્યુ અને પૂરા ગુજરાતના અસહાય બાળકોના યશોદા મા બનવાનું જે બહેનોને સદ્ભાગ્ય સાંપડયું છે અને જેમણે ખૂબ સારુ કામ કર્યુ છે એવી આંગણવાડીની આદર્શ બહેનોને રાજય સરકાર દ્વારા એવોર્ડ આપવાનું કામ થઈ રહ્યું છે. કુલ ૮૦૦ આંગણવાડીના કાર્યકર અને હેલ્પર બહેનોને ૧ કરોડ ૩૫ લાખ ૧૦ હજારના એવોર્ડ આ રાજય સરકાર દ્વારા અપાયા છે. મને જાણીને આનંદ થયો છે કે આ આંગણવાડીના મકાનોમાં બાળકો બેસે છે એ મકાનોનું નામ "નંદઘર" આપવામાં આવ્યું છે. એવી ઉદાત્ત ભાવના આની પાછળ રહેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ નિર્ણયને હું આવકારું છું. આ નંદ ઘરની જાહેરાત રાજય સરકારે કરી. માત્ર મકાનો બનાવવા એવું નહીં, તેમાં લાઈટ, પાણી અને બાથરૂમની વ્યવસ્થા પણ કરવાનું વિચાર્યું છે. આ વાત જ્યારે સમાજના લોકોના ધ્યાનમાં આવી ત્યારે આંગણવાડીઓના મકાનોમાં રમકડાં આપવાનું, માતાનું સ્વાસ્થ્ય, બાળકોનું સ્વાસ્થ્ય, બાળકોના આહાર વગેરેના પોસ્ટરો આપવાનું અને ટેબલ-ખુરશી જેના ઉપર બેસીને બાળકોના સ્વાસ્થ્યની ચકાસણી થઈ શકે, તેને રસી આપવાનું કામ થઈ શકે એવી અનેક જરૂરિયાત આપવાનું લોકોએ સ્વેચ્છાએ નક્કી કર્યું છે. આ મકાનોના મરામતની ચિંતા પણ રાજય સરકારે કરી છે. ૧૦ કરોડ જેટલા ખર્ચની જોગવાઈ આ રીપૅરીંગ માટે કરી અને સર્વ શિક્ષા અભિયાનને આ રીપૅરીંગ કામ કરવાની જવાબદારી સોંપી છે. આંગણવાડીની બહેનોને કોઈ ઓળખતું ન હતું. આ રાજય સરકારે એમને બે સાડી, બે બ્લાઉઝ એક વર્ષ દરમ્યાન આપી અને તેમની એક અલગ ઓળખ ઉભી કરી છે. કોઈ કૉર્પોરેટ ક્ષેત્રનો ડ્રેસ કોડ હોય અને એને લોકો તેની કંપનીથી ઓળખે એવી રીતે આંગણવાડીના બહેનો જ્યાં પણ જાય, ત્યાં તેમના ડ્રેસ કોડથી ઓળખે અને સારા ભાવની નજરથી સમાજના લોકો તેમને જોતા થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી પણ એક વાત કરવી છે આ વિભાગની. દહેજ પ્રતિબંધક અધિનિયમ ૧૯૬૧ની. આખા દેશમાં સામાજીક સુધારણાના કાયદામાં આ કાયદો ખૂબ મહત્ત્વનો છે. ગુજરાતમાં આ ધારાના અસરકારક અમલીકરણ માટેની અલગ અલગ વ્યવસ્થાઓ કરાઈ છે. દુનિયાભરના અત્યાચારો કરનારો પુરુષ, જ્યારે તેને પણ કંઈ ધર્મ કાર્ય કે દાનનું કાર્ય કરવાનું હોય ત્યારે તેની પત્નીની જરૂર પડે છે. આજે આપણે જોઈએ છીએ કે સમાજમાં સ્ત્રીઓની હાલત શું છે. દહેજના અનેક વિષયો રોજબરોજ આપણી સામે આવે છે. ક્યાંક જીવતા સળગવાના પ્રશ્નો ઉભા થાય છે. ક્યાંક ગળે ફાંસો ખાઈને મરવાના પ્રશ્નો ઉભા થાય છે. ક્યાંક ઘરમાંથી કાઢી મૂકીને અંતરિયાળ કયાં જીવવું, કૂવા-હવાડા પૂરવાના પ્રશ્નો ઉભા થાય છે. મહિલાઓની વાત જ્યારે સામે આવે છે ત્યારે અત્યંત દુઃખ થાય છે. કાયદાઓ તો છે પણ અમલવારીના અભાવે આ કાયદાઓનું પાલન ન થાય અને બહેનોની શું દશા થાય છે. આ રાજય સરકારે મહિલા આયોગ કર્યું છે. મહિલા આયોગમાં જ્યારે ક્યારેક સાંભળીએ છીએ કે બહેનોના અનેક પ્રકારના પ્રશ્નો અહીંયા આવે છે. તેનું અમલવારી કરવાનું કામ, એના કાયદાનું પાલન કરાવવાનું કામ આ વિભાગ દ્વારા થાય છે. આ કાયદાની જે જોગવાઈઓ છે તેમાં દહેજ લેનાર, દેનારને દંડની જોગવાઈઓ છે. લગ્ન જીવનના સાત વર્ષ દરમ્યાન જ્યારે સ્ત્રીનું અકુદરતી મૃત્યુ થાય ત્યારે દહેજનું જ મૃત્યુ છે એમ સાબિત કરીને તેની સામે કલમોમાં ૧૯૮૫ના સુધારા મુજબના એકશનો લેવાની પણ યોજનાઓ છે. મારે અંતે એ કહેવું છે કે ૨૦૦૮-૦૯ની અંદર લગભગ ૯૩ જેટલા કેસો અને ૨૦૦૯-૧૦માં ૬૦ અરજીઓ આવી હતી અને તેની કાર્યવાહી આ રાજય સરકાર દ્વારા થઈ છે. લોક જાગરણના કાર્યક્રમો કરીને આ દહેજનું મૂળ છે તેને નાબૂદ કરવાના કાર્યક્રમો પણ સરકાર દ્વારા થઈ રહ્યા છે. હું મહિલા અને બાળ વિભાગના મંત્રીશ્રીને અભિનંદન આપું છું. મારી લાગણી વ્યક્ત કરું છું ગૃહના સૌ સભ્યોને કે આપણે સૌ સાથે મળીને મહિલા બાળ કલ્યાણ વિભાગની જે માગણીઓ છે એ માગણીઓને સમર્થન કરીએ અને મહિલાઓના કલ્યાણની વાત કરનાર તો " પર નારિષુ માતૃવત્ " જગતનું કલ્યાણ કરનારી આ માં છે. બીજાંના દુઃખે દુઃખી અને બીજાંના સુખે સુખી થનારી માતાનો જેટલો પણ વિકાસ કરીએ એટલો ઓછો છે અને રાજય સરકાર જ્યારે આ દિશામાં જઈ રહી છે ત્યારે સૌ સામુહિક સમર્થન કરીએ એવી મારી લાગણી વ્યક્ત કરું છું.

**શ્રી હરીલાલ મો. પટેલ (ધ્રાંગધ્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગમાં અમારે વીરમગામ-માલવડ-ધ્રાંગધ્રા રોડનું કામ સાવ ધીમી ગતિએ ચાલી રહ્યું છે અને રોજ ચારથી પાંચ અકસ્માત થાય છે અને રોજ બે-પાંચ માણસોના મૃત્યુ થાય છે. તેના માટે કોઈ ઉકેલ કરવાની જરૂર છે. રાજયના અંતરિયાળ ગામોને તાલુકા મથકે જોડતા રસ્તા નૉન પ્લાનમાં હોવાને લીધે માર્ગ સુવિધા સાંપડતી નથી. જેના લીધે અનેક ગામડાં એવા છે કે જેને લાંબુ અંતર કાપીને તાલુકા મથકે જવું પડે છે જેથી શ્રમ, શકિત અને નાણું બધું વેડફાય છે. તેથી આવા નૉન પ્લાનના રસ્તાને તાકીદે પ્લાનમાં જાહેર કરવા વિભાગ નિર્ણય લે અને વર્ષો જૂની હાડમારીનો ઉકેલ આવે તે દિશામાં ધ્યાન કેન્દ્રિત કરે તે જરૂરી છે.રાજયમાં અનેક જગ્યાએ સ્ટેટ વખતના હેરીટેજ ગણાતી મિલકતો માર્ગ અને મકાન વિભાગ હસ્તક થયેલ છે. તેની સમયાંતરે યોગ્ય માવજત થતી નથી. આવી કીમતી મિલકતો ધૂળ ખાય છે અને ખરાબ થઈ રહી છે. એને બચાવવા મારું સૂચન છે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ (હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આનંદીબેન પટેલ માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંક- ૮૫, ૮૬ અને ૮૭ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ માર્ગ અને મકાન સંદર્ભમાં એક બહુ સાચી વાત કરી છે. સાચી એટલા માટે છે કે, રસ્તાઓ એ વિકાસનો સાચો રસ્તો બતાવી રહ્યા છે. એટલું જ નહીં પણ પ્રગતિ અને સમૃદ્ધિના પ્રવેશ દ્વાર છે. મારે આજે ડંકાની ચોટ પર વાત કરવી છે. ગુજરાતના વિકાસની ગતિ પૂરપાટ ગતિથી, સડસડાટ વેગથી જે ગતિથી આગળ વધતી જાય છે. આ વિકાસની ગતિ સાથે સ્પર્ધા કરવાની કોઈ હિંમત પણ કરી શકે તેમ નથી. એટલું જ નહીં એનું અનુસરણ કરવાનું એટલું જ મુશ્કેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના કુશળ માર્ગદર્શન હેઠળ જે દિશા અને રાહ કંડાર્યો છે અને તેના કારણે ગુજરાતે વૈશ્વિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ છે. ગુજરાતની ૫.૫ કરોડની જનતાના રાહબર બની રહેલા લોક લાડીલા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કયારેય ગુજરાતના વિકાસને માત્ર પ્રાદેશિક સીમાડા સુધી સીમિત નથી કર્યો અને એટલા માટે ગુજરાત એકવીસમી સદીનું પ્રથમ દશકાનું ગ્રોથ એન્જિન બની ગયું છે. વાત ઉદ્યોગોના વિકાસની હોય કે કૃષિના વિકાસની હોય, બંદરોના વિકાસની હોય, બંદરો પરથી ભારત ભરના અને વિશ્વ વ્યાપારની હોય, બંદરો પરથી વિદેશમાં માલના પરિવહનની વાત હોય, ગ્રામીણ અને શહેરી વિકાસની વાત હોય, ગુજરાતનો માર્ગ એ વિકાસ અદ્‌ભુત વિકાસ છે. એને અવરોધનાર પરિબળો કયાંય પાછળ રહી ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ વિકાસના રોડ મેપની એક ઝલક આપવી છે અને એના કેટલા દૃષ્ટાંત આપવા છે. આ અંગે પ્રગતિ પથ- ઉત્તરથી દક્ષિણ, અંબાજીથી ઉમરગામ વર્ટિકલ હાઈસ્પીડ કોરીડોર, અને એ જ પ્રમાણે દરિયાકાંઠાથી વનવાસી ક્ષેત્રને જોડતો હોરીઝોન્ટલ હાઈસ્પીડ કોરીડોર હોય. એમાં નવ જેટલા હાઈ સ્પીડ કોરીડોરોનું જે આયોજન કર્યું છે અને આ આયોજનમાં ૩૭૦૦ કિ.મી.ના રસ્તાઓનું આયોજન કરીને ગુજરાતના નાગરિકોને શ્રેષ્ઠ રસ્તાઓની સુવિધા મળે એ માટેની કલ્પનાને સાકાર કરી લગભગ ૮૩ ટકા જેટલું કામ આ પ્રગતિપથમાં પૂર્ણ કરેલ છે. બાકી રહેલા કામ છે એના માટે લગભગ રૂ.૩૭૦૦/- કરોડની જોગવાઈ ચાલુ વર્ષે કરીને આ કામો પણ હાથ ધરવામાં આવેલ છે. મારે એક વાત ચોક્કસ કહેવી છે કે, મને ભૂતકાળનું સ્મરણ છે, ગુજરાતના એક ખૂણેથી બીજા ખૂણે જવાની વાત આવે ત્યારે કદાચ ચોક્કસ એમ કહે કે, દિવસ અને રાત ભેગા કરવા પડે ત્યારે ગુજરાતના એક ખૂણેથી બીજા ખૂણે જઈ શકાતું હતું. આજે એમ ચોક્કસ કહી શકાય કે, બેકી સંખ્યાના કલાકો પણ પૂરા કરવાની જરૂર પડતી નથી. ગુજરાતના કોઈપણ ખૂણે જવું હોય તો બેકી કલાકોની પણ આવશ્કયતા નથી. આ કામગીરી માટે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, આ વિભાગના આદરણીય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની રાહબરી હેઠળ ખૂબ સુંદર કામગીરી કરી રહ્યા છે એ બદલ એમને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસ પથની વાત કરીએ તો આ રાજયની ૧૩૧ નગરપાલિકા ક્ષેત્રોમાંથી રાજયના રસ્તાઓ પસાર થતા હતા. એના આધુનિકીકરણ માટે, શ્રેષ્ઠ સુવિધા આપવા માટે લગભગ આયોજન થઈ ચૂક્યું છે અને એ દિશામાં કામગીરી પ્રગતિમાં છે અને કેટલાક કામો પૂર્ણ થઈ ગયા છે. પણ જે ૫૫ તાલુકા ક્ષેત્રમાં નગરપાલિકાઓ નથી, આ તાલુકા ક્ષેત્રની અંદર આવનાર દિવસોની અંદર શ્રેષ્ઠ સુવિધા મળે, રૂરલ રોડની યોજનાની કોઈએ કલ્પના નથી કરી ટુ લેન, ફૉર લેનનો સંકલ્પ છે. આ રસ્તાના આયોજન માટે ચાલુ વર્ષે રૂ.૧૫૦/- કરોડની જોગવાઈ આ વિકાસપથમાં હાથ ધરવામાં આવેલ છે. કિસાન પથ, પ્રવાસી પથનું સુંદર આયોજન કરી રાજયમાં પ્રવાસનનો વિકાસ થાય અને ગુજરાતના સામાન્ય કિસાને સુવિધા મળે.

**સભાપતિશ્રી** : વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન ચાલુ રહે છે.

**વિરામ સવારના ૧૦.૩૦થી ૧૧.૦૦**

**સભાપતિશ્રી ડૉ. નીમાબેન બી. આચાર્ય અધ્યક્ષસ્થાને**

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** :ક્રમશઃ: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના બજેટમાં માર્ગ અને મકાન વિભાગએ માનનીય આનંદીબેન પટેલના સીધા સુકાનમાં કાર્યરત રહ્યો છે. તેણે ગુજરાતના વિકાસ અને સરકારી વહીવટને પ્રજાલક્ષી અને પારદર્શક મોડ આપ્યો છે. આખો વિભાગ જ રાજયના વિકાસ અને વહીવટની નવી રોનકનો

પર્યાય બની ગયો છે. આજથી ૨૦ વર્ષ પહેલા કોઈએ કલ્પના પણ નહોતી કરી, કોઈ આવું વિચારી પણ નહોતું શકતું કે રાજય સરકારની સેવા આપતી જે કચેરીઓ છે એ કચેરીઓની હાલત જોઈને દયા આવે એવી જે સ્થિતિ હતી એ સ્થિતિ આજે બદલાઈ ગઈ છે. આજે એનું સ્વરૂપ જે બદલાયું છે એ જાણી અને બહારથી જે વિદેશથી અને પરદેશથી જે લોકો આવે છે એ પણ એની સરાહના કરે છે, એની નોંધ લે છે કે રાજયના માર્ગ અને મકાન વિભાગે મકાનોના સંદર્ભમાં પણ એક અદ્દભુત પ્રગતિ અને વિકાસ કર્યો છે. છેલ્લા એક જ વર્ષમાં આ વિભાગના બજૅટમાં જે વધારો થયો છે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ પૂરવાર કર્યુ છે કે ગુજરાતના વિકાસમાં આ વિભાગ ગ્રોથ ડ્રાઈવર તરીકેની ભૂમિકા ભજવી રહ્યું છે. અને એટલે જ ગયા વર્ષમાં જે બજૅટ જોગવાઈઓ હતી ૨૦૭૫ કરોડની એની સામે ચાલુ વર્ષે લગભગ ૨૯૨૭ કરોડ રૂપિયા જેટલી માતબર જોગવાઈઓ કરવામાં આવી અને ૪૧ ટકાના જંગી વધારા સાથે માનનીય મંત્રીશ્રીએ માર્ગ અને મકાન વિભાગનું બજૅટ રજૂ કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ વિભાગના માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવા છે, આ વિભાગના સૌ સરકારી અધિકારીશ્રી અને સૌ કર્મચારી મિત્રોને જેમણે ગત વર્ષે ૨૦૭૫ કરોડના નાણાકીય લક્ષ્યાંક સામે લગભગ ૨૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને લગભગ ૧૨૩ ટકાની જે નાણાકીય સિદ્ધિ હાંસલ કરી છે, સાથે સાથે ૧૦હજાર કિલોમીટરના રસ્તાની સુધારણાની જે જોગવાઈઓ હતી એની સામે ૧૧હજાર કિલોમીટરની લંબાઈના જે રસ્તાની સુધારણાનું કામ કરીને લગભગ ૧૧૧ ટકા સિદ્ધિ પ્રાપ્ત કરી છે, ભૂતકાળમાં કયારેય આવી સ્થિતિનું નિર્માણ નથી થયું. આ સ્થિતિનું નિર્માણ કરવા માટે રાજયના માર્ગ અને મકાન મંત્રીશ્રી અને આદરણીય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપુ છું. આ વાત કરી છે ત્યારે મારા મતવિસ્તારની પણ વાત કરું, મારા મત વિસ્તારનો ૭૦ ટકા જે હિસ્સો છે, જે ૭૦ ટકા લોકો જે રસ્તાઓનો વિશેષ ઉપયોગ કરતા હોય છે એવા વિશેષ કરીને હિંમતનગરથી ઈડર, હિંમતનગરથી વિજાપુર, ગાભોઈથી ભામણા, ગાભોઈથી હરસોલ, હિંમતનગરથી ઈલોલ-દાવણ આ મહત્વના રસ્તાઓ મંજૂર કર્યા અને હિંમતનગર તાલુકાના મારા મતક્ષેત્ર માટે આનંદીબેને ખૂબ લાગણી પ્રદર્શિત કરી છે એ બદલ એમનો હ્રદયપૂર્વક આભાર માનુ છું. માનનીય અધ્યક્ષશ્રી, મારે વર્તમાન સમય અને આવનાર દિવસોની જે સ્થિતિ છે આ રાજયના દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રીએ લાંબા ભવિષ્યનો પણ વિચાર કર્યો છે અને એટલા માટે આવનાર દિવસોમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થઈ શકે રોડ રસ્તાના કામમાં એટલે geotextilesની વાત હોય કે જે રસ્તા સિમેન્ટ કૉંક્રેટના રસ્તાઓ છે એના ઉપર ડામર કરવામાં આવતો હોય ત્યારે એની ક્રેક ઉપર સુધી ન આવે એટલા માટે geotextiles નવી ટૅક્નૉલૉજીનું એડોપ્શન કરવાની વાત છે. એ જ પ્રકારે જ્યાં મૂવમેન્ટ ઓછી હોય અથવા ધીમી મૂવમેન્ટ હોય એવા કેટલાક સ્પૉર્ટસ છે, દા.ત. પાર્કિંગ હોય, બસ સ્ટૅન્ડ હોય આવી જગ્યા ઉપર stonemetric asphalt ની વાત હોય, આવનાર દિવસોમાં zycosoil water proofing materialની વાત હોય આ તમામ ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરી અને આધુનિક રસ્તા બને એ દિશામાં રાજયના અધિકારીઓ અને માર્ગ અને મકાન મંત્રીશ્રી ખૂબ નિષ્ઠાપૂર્વક આ દિશામાં પ્રયોગાત્મક રીતે પરીક્ષણો કરી રહ્યા છે એમને પણ અભિનંદન આપુ છું. મારે એક નાનકડી વાત કરવી છે. હિન્દુસ્તાનના કુલ પોપ્લયુલેશના સાપેક્ષમાં ગુજરાતનું પોપ્યુલેશન ૫ ટકા છે જ્યારે વિસ્તાર ૬ ટકા છે. એની સામે ૧૦ ટકા કરતા વધુ જ્યારે વાહનો ગુજરાતમાં છે ત્યારે આવનારા દિવસોમાં આ ફેકટરનો પણ વિચાર કરવામાં આવે એવી વિનંતી છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ચૈત્ર મહિનાની નવરાત્રિ ચાલી રહી છે અને આ નવરાત્રિમાં સ્ત્રીઓને શક્તિના સ્વરૂપે ગણી અને શક્તિનું પૂજન કરવામાં આવે છે. એવી જ રીતે આપણે બાળકોને પણ ભગવાનનું સ્વરૂપ માનીએ છીએ ત્યારે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીએ જે આ ગુજરાત રાજ્યની મહિલાઓ અને બાળકોની ચિંતા કરીને ૨૦૦૧માં મહિલા અને બાળક કલ્યાણના અલગ વિભાગની રચના કરી છે. કોઈને ખબર ન હતી કે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ કાર્યરત છે અને આવા સમયે હમણાં જે બજૅટ રજૂ થયું એમાં અનેક જોગવાઈઓ સાથે રૂપિયા ૮૯૬.૨૨ કરોડની જોગવાઈઓ કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય સ્વર્ણિમ જયંતી મનાવી રહ્યું છે અને આ સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત આંગણવાડીના નવા મકાનો એટલે કે નંદઘર બનાવવાનું આયોજન કર્યું છે અને ૩૩૦૦ આવા નવા મકાનો બનાવવાના છે ત્યારે આ મકાનોની અંદર જે આંગણવાડી કેન્દ્રો ગામડામાં ચાલે છે એમાં નાના નાના ભૂલકાઓ આવે છે ત્યારે એમના સ્વાસ્થ્યની ચિંતા પણ કરી છે. સગર્ભા માતા અને કિશોરીઓની ચિંતા કરી છે. આ બાળકો માટે તૈયાર સુખડી, શીરો, ઉપમા અને બાળ ભોગ પોષક આહારનું વિતરણ કરવાનું આયોજન છે. આ રાજ્યમાં કુલ ૪૪ હજાર ઉપરાંત આંગણવાડીઓ આવેલી છે અને આ આંગણવાડીઓમાં જે ત્રણ વર્ષથી નાના ઉમરના નાના નાના બાળકો આવે છે એ બાળકોનું પોષણ સ્તર ઊંચું લાવવા માટે ૨૦૦૭માં એમના કુપોષણને દૂર કરવા માટે બાળ ભોગ નામની યોજના શરૂ કરવામાં આવી અને એ અંતર્ગત રેડી ટુ ફોર્ટીફાઈડ બ્લેન્ડેડ ફુડની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યારે આંગણવાડી કેન્દ્રોમાં બાળકો આવે છે એને આ આહાર નાસ્તાના સ્વરૂપે આપવામાં આવે છે. જે ત્રણ વર્ષથી નાની ઉમરના બાળકો છે એમની માતાઓને બોલાવી અને એને સમજાવવામાં આવે છે અને એમને માસિક ૫૦૦ ગ્રામના ચાર પૅકૅટ આપવામાં આવે છે. પ્રત્યેક બાળકને રોજના ૮૦ ગ્રામ ફોર્ટીફાઈડ બ્લેન્ડેડ ફુડ આપવામાં આવે છે. આવા

લાભાર્થી બાળકોને આ આંગણવાડી કેન્દ્રોમાં બોલાવી એમને જે આ ફોર્ટીફાઈડ બ્લેન્ડેડ ફુડ આપવામાં આવે છે એમાં પ્રોટીન, કેલેરી ઉપરાંત સૂક્ષ્મ તત્ત્વો ઉમેરવામાં આવે છે. દરેક આંગણવાડીમાં મમતા દિવસ ઉજવણી થાય છે અને તેમનું સ્વાસ્થ્ય પરીક્ષણ થાય છે, બાળકોમાં બાળ તંદુરસ્તી હરીફાઇ યોજીને બાળકોના સ્વાસ્થ્ય ઉપર ધ્યાન આપવામાં આવે છે. નિયમિત વજન કરવામાં આવે છે. આંગણવાડીમાં આવતા બાળકને સાચવવાનું કામ આંગણવાડી કાર્યકર બહેન, તેડાગર બહેન કરે છે ત્યારે આવી બહેનોને પ્રોત્સાહિત કરવા માટે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ખૂબ સારો વિચાર કરીને માતા યશોદા એવોર્ડ આપવાનું શરૂ કર્યું છે. આનાથી આવી બહેનોને ખૂબ જ આનંદ થાય છે કે એમની આ રાજ્ય સરકાર દ્વારા કિંમત કરવામાં આવી છે. જેણે સારી કામગીરી કરેલ હોય એને બિરદાવવામાં આવે છે અને આ રાજ્યમાં જે સર્વશ્રેષ્ઠ આંગણવાડી કાર્યકર્તા આવે છે એને ૩૧ હજારનો પુરસ્કાર, જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ આવે એને ૨૧ હજાર અને તાલુકા કક્ષાની બહેનને ૧૧ હજારનો પુરસ્કાર આપવામાં આવે છે. હમણાંજ આ રાજ્યની અંદર મહિલા સંમલનો કરવામાં આવ્યા. એ સંમેલનોની અંદર કુલ ૮૦૦ આંગણવાડી કાર્યકર્તા બહેનો અને હેલ્પર બહેનોને માતા યશોદા એવોર્ડથી જ્યારે સન્માનિત કરવામાં આવ્યાં ત્યારે એની પાછળ આ રાજ્ય સરકારે ૧.૩૫ કરોડની રકમના એવોર્ડ એનાયત કરેલા છે. આંગણવાડી બહેનો સમાજની અંદર એક માનભેર સ્થાન પ્રાપ્ત કરે, લોકો એમને માનભેર બોલાવે એ હેતુથી બહેનો માટે થઈને યુનિફોર્મ રૂપે બે જોડી સાડી-બ્લાઉઝ આ બહેનોને આપવમાં આવ્યાં છે એના કારણે આંગણવાડી બહેનો અને તેડાગર બહેનોનો ખૂબ ઉત્સાહ વધ્યો છે. એમને પણ એવું થયું છે કે સમાજ આજે એમને સન્માનથી જુએ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એથી વિશેષ માતા યશોદા ગૌરવ નિધિ વીમા યોજના નીચે એમને આવરીને આ સમગ્ર આંગણવાડી કાર્યકર્તા બહેનો અને તડાગર બહેનોને વીમાનું કવચ પુરું પાડવામાં કદાચ જે મારા ખ્યાલ પ્રમાણે સમગ્ર દેશની અંદર ગુજરાત રાજ્ય એવું પ્રથમ રાજ્ય હશે કે બહેનોને વીમાનું કવચ પૂરું પાડવામાં આવે છે. હમણાંજ રાજકોટની અંદર મહિલા સંમેલન હતું ત્યારે કોઈ આંગણવાડી કાર્યકર્તા બહેનનું અવસાન થયું હશે તો એમના વારસદારને ત્યાં બોલાવીને એમનું વીમાનું કવચ હતું, એમને વીમો મળવાનો હતો એ વીમો ત્યાં એમના વારસદારને આપવામાં આવેલા હતા. આ વીમો જ્યારે વીમાધારક છે એ મૃત્યુ પામે તો ૫૦૦૦૦ ની સહાય આપવામાં આવે છે અને જો એમણે બચત કરી હોય તો એ બચત એમને વ્યાજ સહિતની રકમ એમને પરત કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે મહિલા સશકિતકરણ માટે અને આર્થિક ઉન્નતિ માટે પણ આ રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૭ની અંદર સખી મંડળોની રચના કરીને સખી મંડળો દ્વારા પણ આજે ગામડે ગામડે અને તાલુકા કક્ષાએ એટલા બધા સખી મંડળો બન્યાં છે. એ સખી મંડળોની અંદર પણ આજે બહેનો પોતાની બચત કરી શકે છે અને નવા મંડળો બનાવી શકે છે તો આવા નવા મંડળો જે આંગણવાડી બહેનો બનાવે છે એમને ૧૫૦૦ રૂપિયાનું અનુદાન આપવામાં આવે છે. છેલ્લા દોઢ વર્ષની અંદર રાજ્યની અંદર કુલ ૧૨૯૧૯૫ સખી મંડળો બનાવવામાં આવ્યાં છે અને એમાં બચત એમણે ૧૬,૬૫,૦૦,૩૨૫/- અને ૧૬૬૫૩૨૫ સભ્યો આ સખી મંડળોની અંદર છે તો આ બહેનો માટેની જે આ રાજ્ય સરકાર દ્વારા જુદી જુદી યોજનાઓ દ્વારા બહેનો અને બાળકો જે ખૂબ લાભ મેળવી રહ્યાં છે, બહેનો પણ આગળ વધી રહી છે તો મારી માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમને હું સમર્થન આપું છું.

**શ્રી જોધાજી ગુ. ઠાકોર (વાગડોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે હું પ્રથમવાર બોલવા ઊભો થયો છું ત્યારે આપણા સન્માનનીય સભાગૃહના તમામે તમામ સભ્યોને પ્રણામ કરું છે અને આવકારું છું. સાથે સાથે કહેવા માગું છું કે જ્યારે આપણાં જે બાંધકામખાતાના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે તો પ્રથમવાર એટલું જ કહેવું છે કે જ્યારે રોડ, રસ્તા ઘણાં બધા થઈ ગયા એના માટે ખુશી આનંદ છે પણ મારા વિસ્તારની અંદર મારા પોતાના વાગડોદ વિસ્તારની અંદર જે કામો અધૂરાં પડ્યા છે તે કામો કોઈ કરવામાં આવેલા નથી ત્યારે આ ગામથી પેલા ગામ જોડતા રોડ છે એ દરેક ગામમાં થઈ ગયા પણ મારા મત વિસ્તારમાં હજુ આ રોડ થયા નથી. કેમ, જ્યારે જ્યારે ચોમાસાનો સમય આવે ત્યારે પણ આપણી બહેન-દીકરીઓને પ્રસૂતિ કરાવવા માટે પાટણ કે બીજા કોઈ શહેરમાં દવાખાને જવું પડે એવા સમયની અંદર કેવી રીતે જવું એ બહેનો માટે થોડો વિચાર કરવાની વાત છે. અમને તો બહુ આનંદ છે કે અમારા મત-વિસ્તારના પાટણ તાલુકાના અમારા પ્રભારી મંત્રી હોય અને અમારા ગુજરાત રાજ્યના બાંધકામ મંત્રી હોય એટલા માટે તો અમને બહુ આનંદ હોય ત્યારે "મોસાળમાં વિવાહ હોય અને મા પીરસનાર હોય" એમાં કોઈ ખામી હોઈ શકે નહિ પણ અમારાં જે રોડ બાકી પડ્યા છે એ બરાબર નથી કેમ? જ્યારે પાટણ-વાગડોદ મત વિસ્તારની અંદર જે જે ગામને જોડા રોડ છે પ્રધાનમંત્રી સડક યોજના હોય.નાબાર્ડના હોય કે જિલ્લા પંચાયતના હોય પણ એમાં રોડો કોઈ કરવામાં આવેલા નથી. મારે એટલું જ કહેવું છે કે, અમારો કૂબા થી વળાવી રોડ, એ વર્ષોથી એમ કે, બાર કે બે વર્ષથી મંજૂર કરવામાં આવેલો, એ ડીપ મંજૂર કરવામાં આવેલો પણ તે ડીપ હજી બની શકતો નથી. મારા વાગડોદ મત વિસ્તારમાં જ્યારે રોદ્રા ગામ છે એમાં બનાસ નદી બાજુમાંથી નીકળે છે એટલે એમાંથી ધોવાણ જે થાય છે એનો ડીપ એક બનાવવાનો હતો એ પણ આજ દિન સુધી બનાવવામાં આવ્યો નથી. જ્યારે સરવે કરી

ગયા છે પણ હજી બાર-બાર, બે વર્ષ થયા એટલે એવો જ અમારો લોધપુરનો એક રોડો છે એ રોડ પણ વર્ષોથી બજેટમાં લેવાયો કે ન લેવાયો એ કાંઈ સમજાતું નથી, પણ માગણી ઘણા વર્ષોથી છે એ પણ હજી કરવામાં આવેલો નથી. જ્યારે આમૈયા થી દેગડી સુધીનો, લોધપુર સુધીનો એક રોડ છે એની વચ્ચે સરસ્વતી નદી ચાલે છે, એની ડીપની માગણી વર્ષોથી અમે કરીએ છીએ પણ હજી આ ડીપ બનાવવામાં આવતો નથી. જ્યારે અમારા અંતરિયાળ વિસ્તારની અંદર આવા રોડો ઘણાં મોટા પ્રમાણમાં બાકી છે, જ્યારે આવા રોડો બનાવવામાં આવે તો અમને ઉત્સાહ અને આનંદ થાય. અમારે એટલું જ કહેવું છે કે, જ્યારે જ્યારે બજારમાં જવું હોય કે ઉનાળાના સમયે તો ચાલે પણ જ્યારે ચોમાસાનો સમય આવે ત્યારે આ ચોમાસાના સમયની અંદર કોઈ જવાનો અમારો રસ્તો નથી (સમયસૂચક ઘંટડી) એટલે જેમ બને તેમ અમારા વિસ્તારમાં વહેલી તકે જે રોડો એમ કે, આ ગામથી પેલા ગામને જોડતા રોડો થઈ જાય એવી અમારી આ માગણી છે. સાથોસાથ અમારા પરા વિસ્તારોમાં પણ કોઈ રોડો બનાવવામાં આવેલા નથી. પરા વિસ્તારોમાં પણ હજી મોટા પ્રમાણમાં બાકી પડ્યા છે. અત્યારે, હાલના સંજોગોમાં જ્યારે આટલો બધો ઉત્સવ અને આનંદ અને જ્યારે આટલા બધા મોટા મોટા રોડો બનતા હોય અને અમારા અંતરિયાળ વિસ્તારમાં કોઈ રોડ બનાવવામાં ન આવે તો એ બરાબર નથી. કેમ કે તમારી પાસે તો બધી સત્તાઓ છે. જેના પાસે સત્તા હોય અને એ કોઈ કામ ન કરી એવું બની શકે નહીં. આ તો અમને તમારો હુકમ ચાલે છે, તમારે તો ખાલી હુકમ જ કરવાની જરૂર છે. એ વાતનો એક દાખલો દીધો છે કે, અમને તમારો હુકમ સાલે, એ અમને તમારો હુકમ સાલે, તમે સૌને આપો છો ડાટો, ધરમના જુથને થકવાડશો તો દુનિયામાં જાશો તો પણ ઊગરવાનો નહીં મળે આરો. જ્યારે આવા મારા અંતરિયાળ વિસ્તારમાં આવા જ્યારે અન્યાયો થતા હોય એ વાજબી નથી. તમારો સમય છે, સમયને માન આપવું પડે. એ ખડ ગયા ધેન વહુટી, એ ખડ ગયા ને ધેન વહુટી, વહાલા જાતા રહ્યા વિદેશ, એ અવસર જાતો રહ્યો મેહુલા પછી હાડકા પર વરસીને શું કરીશ.

**અધ્યક્ષશ્રી** : (સમય સૂચક ઘંટડી) શ્રી ફતેસિંહ ચૌહાણ.

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : એટલે જ્યારે સમય જતો રહે અને પછી આપણે ગમે એટલો વિચાર કરીએ એમાં કોઈ આપણને પેલું રહેતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે એક ચોક્કસ કહેવું છે કે, અમારા અંતરિયાળ વિસ્તારમાં જ્યારે આવા બધા કામો ન થાય તો અમને આનંદ નથી. કેમ કે, જ્યારે અમે બહાર જઈએ અને મોટા મોટા રોડો જોઈએ, રસ્તાઓ જોઈએ અને મોટા મોટા ડીપો જોઈએ અને અમારા વિસ્તારમાં મારું પોતાનું ગામમાં મેં એક ડીપ, પુલ માંગેલો હતો, મારા ગામની ભાગોળે,

**અધ્યક્ષશ્રી** : (સમય સૂચક ઘંટડી) શ્રી ફતેસિંહ ચૌહાણ.

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : બે વર્ષથી મેં માગણી કરેલી પણ આજસુધી એ ડીપ બનાવવામાં આવેલ નથી

**અધ્યક્ષશ્રી** : શ્રી શંભુજી ઠાકોર.

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : તો એ પુલ વહેલામાં વહેલી તકે બને એવી મારી માગણી છે. સાથોસાથ હું કહેવા માગુ છું કે, ડુંગરા દૂરથી રળિયામણા.

**અધ્યક્ષશ્રી** : શ્રી શંભુજી ઠાકોર.

**શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ, મકાન અને પાટનગર યોજના વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નંબર : ૮૭ લઈને આવ્યા છે તેને સમર્થન કરવા અને મારા વિચારો રજૂ કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા પાટનગર ગાંધીનગરની સ્થાપના ૨જી ઑગસ્ટ, ૧૯૬૫ના દિવસે જી.ઈ.બી.ના ગેસ્ટ હાઉસમાં પ્રથમ ઈંટ મૂકી કરવામાં આવી હતી. ૩૦-૩૫ વર્ષના ગાળામાં આ પાટનગર યોજનાનો જે વિકાસ થવો જોઈતો હતો અને એના માટે જે બજેટ ફાળવવું જોઈતું હતું એ બજેટ ફાળવવામાં આવતું નહતું, અને જે વિકાસ થવો જોઈએ એ થયો નહીં. માનનીય અધ્યક્ષશ્રી, તા. ૧૪-૨-૧૯૭૮ના દિવસે જ્યારે ગાંધીનગરમાં રહેણાંકના મકાનમાં પછી સ્થાપના કરવામાં આવી ત્યારે, જ્યારે અમે આ કોર્ટમાં પ્રૅક્ટિસ શરૂ કરી ત્યારે સાહેબ, વૈશાખના વાયરા વાય અને એક આંધી ચડે તો અમે બહાર બેસી શકતા નહતા અને બારીઓ બંધ કરી દેતા હતા ત્યારે ગાંધીનગરની પ્રજા કહેતી હતી કે, આ ગાંધીનગર છે કે, આંધીનગર ? માનનીય મુખ્ય મંત્રીશ્રીના આવ્યા પછી ગાંધીનગરનો જે વિકાસ થયો છે, આ ગાંધીનગરનો વિકાસ એ રૉકેટ ગતિએ થયો છે. એ વખતે જયારે અમે ચોમાસાના સમયમાં કોર્ટમાં બેઠા હોઈએ અને વરસાદ આવે ત્યારે રસ્તા ઉપર અમે સ્કુટર લઈને જઈ શકતા નહોતા કારણકે બધા રસ્તાઓ ઉપર પાણી ભરાઈ થતું હતું. જયારે ૧૯૯૫ પછી ભા.જ.પા. સરકાર આવી અને આ સરકારે જે વિકાસ કર્યો છે અને એમાં ખાસ કરીને આ પાટનગર યોજના વિભાગનો હવાલો માનનીય મંત્રીશ્રી આનંદીબહેન પાસે આવ્યો છે ત્યારે ગાંધીનગરનો વિકાસ ખૂબ ઝડપથી થયો છે. આજે જે વિકાસ થયો છે ત્યાં થઈને પસાર થઈએ તો ઉડીને આંખે વળગે તેવો વિકાસ થયો છે. અત્યાર સુધી ગાંધીનગરના રસ્તા બે માર્ગી હતા અત્યારે બધા જ મુખ્ય રસ્તાઓ ચાર માર્ગીય થયા છે. જ-રોડ છ માર્ગીય થવાનું કામ શરૂ થયું છે. આ રસ્તાની જુદી જુદી ઓળખ થાય એ માટે જુદા જુદા રસ્તાઓ ઉપર જુદાજુદા ફુલ ઉગાડી અને રસ્તાઓની જુદી ઓળખ ઉભી થાય એવું આયોજન કરવામાં આવ્યું છે કે દીર્ઘદ્રષ્ટા માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમની વિકાસશીલ દ્રષ્ટિથી આ ગાંધીનગરને સચિવાલય સામેથી છેક રેલવે સ્ટેશન સુધી સેન્ટ્રલ વિસ્તાર વિકાસ કામ હાથ પર લેવાના

છે. એની સાથેસાથે સચિવાલયથી પૂર્વ દિશાએ નદી સુધી સેન્ટ્રલ વિસ્તારનું કામ શરૂ કરવામાં આવનાર છે. ઘ-૫ પાસે ફુડ કોર્ટનું કામ પૂરું થયું છે અને ઓપન એર થિયેટરનું કામ પ્રગતિમાં છે. સેકટર-૭, ૨૩ અને ૨૮ની લગ્નવાડી સુધારવાનું કામ પૂરું થઈ ગયું છે. પથિકાશ્રમની પાછળની વાડીનું કામ ચાલે છે. સેકટર-૨૩ અને ૮ના રંગમંચને અદ્યતન બનાવવામાં આવ્યો છે. દરેક જગ્યાએ સૂચક બોર્ડ મૂકવાનું આયોજન છે. ગાંધીનગરમાં પીવાનું પાણી ફોર્સથી આપવામાં આવે એને માટે ગાંધીનગરનું ચાર ભાગમાં વિભાજન કરીને જુદા જુદા સ્થળે ટાંકી બનાવવાનું આયોજન છે અને સેકટર-૫માં ૧૫કરોડના ખર્ચે પાણીની ટાંકી બનાવીને પાઈપલાઈનથી પાણી પહોંચાડવાનું આયોજન છે. એની સાથેસાથે ચરેડી વોટર વર્કસના પમ્પીંગ સ્ટેશનના મશીનો બદલવાનું કામ પણ પણ હાથ પર લેવામાં આવ્યું છે. ગાંધીનગરના જે મુખ્ય રસ્તાઓ હતા એ રસ્તાઓ ઉપર ચોમાસામાં પાણી ભરાઈ જતું હતું અને વાહનો ત્યાંથી પસાર થતા હતા એના માટે મુખ્ય રસ્તાઓનું કામ, ગટરલાઈનોનું કામ પૂરું થયેલું છે અને પ્રથમ સાત સેકટરોના પાણીના નિકાલનું કામ પ્રગતિમાં છે. રાજયના પાટનગરના કર્મચારીઓ, અધિકારીઓની કાર્યક્ષમતા વધે એના માટે આ કચેરીઓના રીનોવેશનનું કામ, અદ્યતન બનાવવાનું, સુધારણાનું કામ પણ હાથ પર છે અને જયાં સરકારી મકાનો છે ત્યાં સાઈઠ કરોડના ખર્ચે ગેસની પાઈપલાઈન નાખવાનું કામ ચાલુ છે. ગાંધીનગરની સ્થાપના થઈ અને ગાંધીનગરના જે અસરગ્રસ્ત અમારા ગામો હતા. ૪૦-૪૨ વર્ષ સુધી કોઈએ એમને શહેરના જેવી સુવિધા ન આપી. ત્યારે ગાંધીનગરના અસરગ્રસ્ત ગામોને પીવાના પાણીની સુવિધા માટે ૮૦ લાખની રકમ ફાળવવામાં આવી અને ગાંધીનગરના અસરગ્રસ્ત ગામોને ગટરલાઈન માટે ૧૨કરોડ૯૦લાખ ના ખર્ચે આ કામ હાથ પર લીધેલું છે ત્યારે આ વિભાગનો જે હવાલો ધરાવે છે માનનીય આનંદીબહેનને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગટરલાઈન ગુડા વિસ્તારના પાણીના નિકાલ માટે જે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ એ જાસપુરથી હાજીપુર સુધીનું પાણી શુદ્ધ કરીને પહોંચાડવાનું કામ પૂરું થયું છે. અને આ વખતના બજેટમાં મંત્રીશ્રીએ ૬૦ કરોડની રકમ ફાળવવામાં આવી છે, ત્યારે હું આજના તબક્કે માનનીય મંત્રીશ્રી આનંદીબેન અને મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને જે માગણી લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી આનંદીબેન પટેલ ૧૦૫ નંબરની જે માગણીઓ લઈને આવ્યા છે, તેમાં હું મારો સૂર પૂરાવું છું અને સમર્થન આપું છું. આજે મારે એક વાત કરવી છે એ વાત એવી છે કે જે આ મહિલા અને બાળ વિકાસ વિભાગ ગુજરાતની અંદર થઈ રહ્યો છે. મહિલાઓ જ્યારે વર્ષોથી ગુજરાતમાં વૅસ્ટર્ન રિજિયનની અંદર ભાવનગર જિલ્લાની અંદર આવેલ રેલ્વે સ્ટેશન પર જ્યાં ૨૫ કુલી હોય અને આ ૨૫ કુલીની અંદર આપણી ૨૨ બહેનો કુલી તરીકેનું કામ કરી રહી છે અને ફક્ત ત્રણ જ ભાઈઓ કુલી તરીકેનું કામ કરી રહ્યા છે. આ બહેનોને આજે મળવાનો પ્રસંગ મળ્યો. રિસેસમાં હું બહાર ફ્લોર ઉપર હતી, ત્યારે આ બહેનોને મળી ત્યારે બહેનોએ એમ કહ્યું કે અમે આટલાં વર્ષોથી આ કુલી તરીકેનું કામ કરી રહ્યા છીએ, પણ અમને જ્યારે મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીએ જે મહિલા માટેનો એક અલગ વિભાગની ઓળખ ઊભી કરી અને મહિલાઓને જે યોજના દ્વારા સહાય પૂરી પાડે છે એ માટે અમે આજે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીનો ખરો હ્રદયપૂર્વક આભાર માનવા માટે આવ્યા છીએ અને આપણી ગુજરાતની શક્તિ છે. જે કામ ભાઈઓ કરે છે, તે કામ વર્ષોથી આપણે ત્યાં બહેનો કામ કરી રહી છે. મારે એક વાત કરવાની છે નિરાધાર વિધવા બહેનોના પુનસ્થાપનની. આ વિધવા બહેનો જ્યારે પોતાનું છત્ર ખોરવાઈ જાય અને આ બહેનો જ્યારે નિરાધાર બને છે, ત્યારે નિરાધાર બહેનો અસહાય બની જાય છે અને આ અસહાય બનેલ નિરાધાર બહેનોને આપણી આ યોજના દ્વારા ૫૦૦ રૂપિયા અને એમને જો બાળકો હોય તો ૮૦ રૂપિયા આપવામાં આવે છે અને આ ૮૦ રૂપિયા દ્વારા એ નિરાધાર બહેનોને આપવાથી એમના બાળકોને ભણાવવાનું અને શિક્ષણ આપવાનું કામ કરે છે. આવી બહેનોને પણ સરકારે એક યોજના ચાલુ કરી અને આ યોજના દ્વારા આ બહેનોને તાલીમ આપવામાં આવે છે અને આ તાલીમમાં બહેનો સફળતાપૂર્વક તાલીમ લઈ લે, પછી એમણે પોતાનો જો કોઈ આગળ ઉદ્યોગ કરવો હોય, પોતાને કોઈ કામ કરવું હોય તો તેના માટે પણ આપણે ત્યાંથી માનવ ગરિમા યોજના નીચે આવી તાલીમાર્થી બહેનોને ૫,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે અને જો કોઈ બહેનો સ્વ-રોજગારીનો લાભ લેવા માગતી હોય તો આવી બહેનોને આપણે ત્યાંથી ૫,૦૦૦ ની માર્જિન મની સહાય આપવામાં આવે છે. આ યોજના દ્વારા સરકારી જુથની પણ એક વીમા યોજનાનું આયોજન છે અને આ યોજના દ્વારા આપણે ત્યાં જો બહેનો એક્સિડટમાં મૃત્યુ પામે તો પણ તેને ૧ લાખ રૂપિયાનું વીમા કવચ પૂરું પાડવામાં આવે છે. મારે વાત કરવાની છે કે સંકલિત બાળ વિકાસ યોજના જેમાં આ યોજના દ્વારા બાળકોની તંદુરસ્તી જળવાઈ રહે, તેમનામાં પોષણનો અભાવ ન રહે અને તંદુરસ્ત બાળક બને અને ભવિષ્યનું ભારત સમર્થ બને તેની ચિંતા આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ યોજના દ્વારા કરી છે. સંકલિત બાળ વિકાસ યોજના દ્વારા ૨૦૦૯-૧૦ માં ૩૬ લાખ લાભાર્થીઓએ આનો લાભ લેવાનું આપણું લક્ષ્યાંક હતું, પણ આ લક્ષ્યાંકને આપણે ૨૦૧૦ જાન્યુઆરી માં ૩૫.૧૭ લાખ બાળકોને આ યોજનાનો લાભ આપી ચૂક્યા છીએ અને આનાથી વિશેષ લાભ મળે એના માટે આવનારા બજેટમાં માનનીય અધ્યક્ષશ્રી, આપણે ૪૦ લાખ બાળકોને આ યોજનાનો લાભ મળે તેના માટેની આપણે જોગવાઈ કરી છે. સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ આંગણવાડી

કેન્દ્રો ખાતેથી ૩ થી ૬ વર્ષના બાળકો, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓને ફોર્ટીફાઈડ આટામાંથી બનાવેલ પૂરતા પ્રમાણની કેલેરી અને પ્રોટીનયુકત આહાર આપવામાં આવે છે. તેમાંથી વિવિધ વાનગીઓ બનાવીને તેમને પીરસવામાં આવે છે. ૬ માસથી ૩ વર્ષ સુધીના બાળકોને બલભોગ ટેક હોમ રૅશન તરીકે આપવામાં આવે છે. પૂરક પોષણ આહારના સુધારેલા માપદંડ અને માર્ગદર્શક સૂચનાઓનો અમલ કરી ટેક હોમ એનર્જી ડેન્સ એકસટ્રુડેટ ફોર્ટીફાઈડ બ્લેન્ડેડ બાલભોગ સુખડી, શીળો, ઉપમા પ્રીમીક્ષનું ટૂંક સમયમાં આપવાનું શરૂ કરવામાં આવનાર છે. સરકારે આવી યોજનાઓ તો શરૂ કરી છે પણ તેમાં નવા તરંગો સાથેના વિચારોનો પણ અમલ આપણી રાજય સરકારે, માનનીય મુખ્યમત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીએ બાળકો પ્રત્યેના પ્રેમ અને આવનારા ભારતનું ભવિષ્ય છે તેવા આંગણવાડી કેન્દ્રોના ૩ થી ૬ વર્ષના બાળકોને અઠવાડિયામાં બે દિવસ માતૃમંડળ દ્વારા તાજા ફળ આપવાનું ચાલુ કર્યુ છે. આપણે આપણા બાળકોને આપણા ઘરમાં તાજા ફળ ખવડાવતા હોઈએ તો આપણા ત્યાં આંગણવાડી કેન્દ્રોમાં આવનાર ગરીબ બાળકોને તાજા ફળ મળે તેના માટેની યોજના અમલમાં મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી એક વાત કરવા માગું છું. આપણો દેશ આધ્યાત્મિક દેશ છે. આપણા દેશની સંસ્કૃતિ સમગ્ર વિશ્વને માર્ગદર્શન કરનારી છે. ભગવાનની પૂજા અર્ચના, આરાધનામાં દૂધનો ઉપયોગ થાય તો ગુજરાતના ગરીબ બાળકો માટે કેમ નહીં? આના માટે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક આહવાન કર્યુ અને તેના દ્વારા લોક ભાગીદારી અને જન જાગૃતિથી એક અભિયાન ચલાવી ડેરી ઉદ્યોગમાં જ્યારે લોકો પોતાના ઘરેથી દૂધ ભરાવવા જાય ત્યારે ડેરીની બહાર ભગવાનનો ભાગ એવું નામ લખેલ પાત્ર મૂકવામાં આવે છે. ત્યાં દૂધ ભરાવવા આવતા લોકો સ્વેચ્છાએ પોતે દૂધ ભરાવે તે પહેલાં તે પાત્રની અંદર યથાશકિત દૂધ રેડે છે. આ જન ભાગીદારીથી ભેગુ થયેલ દૂધ તે ત્યાંના વિસ્તારના માતૃ મંડળ દ્વારા આંગણવાડીની અંદર આવતા બાળકોને પૂરક આહાર માટે આપવામાં આવે છે. આ આપણી પરંપરા છે. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી એક મિનિટ માત્ર સરકારી યોજનાઓનું અમલીકરણ નહીં પરંતુ સમાજ માટેની નિષ્ઠા કરવામાં ક્યાંક કચાશ નહીં.

**સભાપતિશ્રી :** માનનીય ધીરસિંહભાઈ બારડ

**શ્રી ધીરસિંહ ક. બારડ (કોડીનાર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંકઃ ૮૫, ૮૬, ૮૭ અને ૧૦૫ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા અગિયાર વર્ષથી આ ગૃહમાં અમારા વિસ્તારના ઘણા બધા પ્રશ્નો અટવાયેલા પણ રજૂ થયા નથી. એટલે ખ્યાલ નથી કે કોડીનાર મત વિસ્તાર કયાં આવ્યો અને કઈ જગ્યાએ આવેલ છે? હું એ કહેવા માગું છું કે કોડીનાર તાલુકામાં હાલના તબક્કે ચાલતા પંચાયત, જિલ્લા પંચાયત કે સરકારના રસ્તાઓ ફક્ત એક જ પાર્ટીને દાસા કન્સ્ટ્રકશનને આપવામાં આવ્યા છે. તેના માટેની ફરિયાદ કરી છે કે આ કામ નબળા થાય છે. આ ફરિયાદ ધ્યાને લેવાતી નથી અને અધિકારીને જયારે મળીએ ત્યારે એવું કહે છે કે અમારી મજબૂરી છે તમે સમજો. અમે મજબૂર છીએ. અમે કઈ કરી શકીએ તેવી સ્થિતિમાં નથી. ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ અધિકારીને કઈ મજબૂરી છે? જે કામ લોકોપયોગી થવાના હોય, લોકો માટે આપણે કરી રહ્યા હોય અને આ પૈસા લોકો માટે વાપરીએ છીએ ત્યારે આ અધિકારી શું કામ આવી મજબૂરી અનુભવે છે. માનનીય અધ્યક્ષશ્રી, દેવલપુર ગામનો ૫૦૦ મીટરનો, ખાલી ૫૦૦ મીટરનો એક ટૂકડો બનાવવાનો છે અને આ ટૂકડો બે બાજુ સાઈડ થઈ ગઈ છે. સંપાદન કરવાની કાર્યવાહી પૂરી થઈ છે અને મને માનનીય મંત્રીશ્રીએ જવાબ એવો આપ્યો કે ખેડૂતોની અંદરોઅંદરની તકરારને કારણે છે તો મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન એ બાબતે દોરવું છે કે, ખેડૂતોની કોઈ તકરાર નથી, ખેડૂતોની અંદરોઅંદર જમીનની સામસામેની જમીન છે ત્યારે એમની કોઈ તકરાર નથી પણ ત્યાંના સ્થાનિક મિલીભગતના કારણે આ દાસા કન્ટ્રકશનનું બિલ પણ ચૂકવી દેવામાં આવ્યું છે, આ ૫૦૦ મીટરનો ટૂકડો આજની તારીખે પણ બનાવવામાં આવ્યો નથી. આ દાસા કન્સ્ટ્રકશન કે એણે કામગીરી નબળી કરી છે એમ છતાં મોરવાડ શેઢાયા ગામની ગૌચરની માટી, મારા પહેલાં સભ્યશ્રી સી.કે.રાઉલજીએ કહયું આવી રોયલ્ટીની ચોરી, ચોરી તો અમારા તાલુકામાં તો કાયમી થાય છે અને એમાં એની ફરિયાદ પંચાયતના સરપંચ કરે અને સરપંચ એમ કહે કે રોયલ્ટીની ચોરી થાય છે, આ અહીંયાંથી કરોડો રૂપિયાનો માલ લઈ જાય છે એમ છતાં એના ઉપર કોઈ અધિકારી પગલાં લઈ શકતો નથી અને એમાં પણ ત્યારે એ એમ કહે કે, અમારી મજબૂરી છે, અમારી મજબૂરીને સમજો.

માનનીય અધ્યક્ષશ્રી, હું ખાંભા તાલુકાનો એક પુલ બાબતમાં માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, ખાંભા તાલુકાનું એક કોટડા ગામ છે, હું ૯૦ થી ૯૫માં ધારાસભ્ય હતો એ વખતે આ પુલ ચેકડેમ કમ કોઝવેની યોજનામાં બનેલો હતો. આ પુલ એકવાર તૂટયો, આ પુલ બીજીવાર તૂટયો અને બે વખત તૂટયો છતાં આજે ફરી પણ હું એ જ ગામમાં ગયો તો ત્યારે મારે નદીમાંથી જવું પડયું હતું. પ્રચાર કરતી વખતે પણ નદીમાંથી જવું પડયું હતું. આ ગામની વેદના એટલી છે કે એ ગામનાં ૪૦ બાળકોને શાળાએ જવા માટે ચોમાસામાં બીજે કયાંયથી રસ્તો નથી અને આ રસ્તાનું સરવે થાય છે પણ કાયમી ઉકેલ લાવે અને આ પુલ બનાવે એવી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બોયલી ખાણ ગામ એક એવું છે કે જે ચર્ચાને ચકડોળે દશ વર્ષથી ચડયું છે આ ગામને અંબુજા સિમેન્ટ કનવેયર બેલ્ટ કાઢે છે અને આ ગામે એનો વિરોધ એટલા માટે કર્યો કે એના અસ્તિત્વનો સવાલ હતો ત્યારે એનો રસ્તો બનાવવામાં આવ્યો એને છ મહિના થયા આજે એ રસ્તો તૂટેલો છે પણ એક કરોડ રૂપિયાની માટીની ચોરી અંગે પંચાયતે ફરિયાદ કરી અને સરવે કરવા માટે કલેકટરશ્રીએ આદેશ કર્યો પણ આજ દિવસ સુધી એનો સરવે થયો નથી અને એના ઉપર કોઈ એકશન લેવાયાં નથી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે અહીયાં હાજર છે એમને મારી એટલી વિનંતી છે કે કોડિનાર તાલુકાને અધિકારી કે જે તાલુકા પંચાયતના હોય કે જિલ્લા પંચાયતના હોય આ અધિકારીઓની મજબૂરી દૂર કરવા માટે પણ માનનીય મંત્રીશ્રીઓને વિનંતી કરું છું કે અધિકારીઓની મજબૂરી દૂર કરે અને લોકોપયોગી કામ કરવામાં આ બધા જ મદદરૂપ થાય એવી પણ હાલના તબકકે વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે છેલ્લે એક વાત કરવી છે કે, મંત્રીશ્રીને આપે છે એટલે હું અદેખાઈ કરું છુ એવું નથી. મંત્રીશ્રીને પોતાના બંગલાની અંદર ફ્રીજ અને ટીવીની સગવડ છે પણ પાટનગર યોજનાનો આમાં સમાવેશ છે એટલે માનનીય મંત્રીશ્રીને એટલી વિનંતી કરું કે, રિનોવેશન કામ ચાલુ છે તો આ રિનોવેશનમાં સભ્યશ્રીઓને ફ્રીજ, ટીવી અને એસી આપે એવી પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૮૫, ૮૬ અને ૮૭ લઈને સભાગૃહ સમક્ષ આવ્યા છે એમાં મારું અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માર્ગોની વાત કરીએ તો ગુજરાતના માર્ગો થકી હું ચોકકસ માનું છું કે આખા દેશની અંદર એક અલગ ઓળખ ઉભી થઈ છે. આખા દેશની અંદર અને સ્વાભાવિક રીતે જયારે આપણે બીજા રાજયની અંદર જઈએ છીએ ત્યારે એની સીધી અસર કદાચ મારા જેવા કે કોઈપણ પ્રવાસી બીજા રાજયની અંદર જતા હોય.બીજા સ્ટેટમાં જતો હોય તો સામાન્ય રીતે એને કદાચ એ કારમાં આરામ કરતો હોય, સૂતો હોય અને બીજા રાજ્યમાં આપણી એન્ટ્રી થાય અને આપણી ગાડી બીજા સ્ટેટના રોડ ઉપર પસાર થવા માંડે એટલે આપણે તુરત ડ્રાઈવરને પૂછવું પડે છે કે, આ ક્યાં આવ્યા? તો મારો કહેવાનો ભાવાર્થ એ છે કે, ગુજરાતની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ જ્યારથી આ રાજ્યની ધૂરા સંભાળી છે ત્યારથી હું ચોક્કસ માનુ છું કે, ગ્રામ્ય વિસ્તારની અંદરના કિશાન પથ હોય, શહેરી વિસ્તારની અંદર શહેરી વિકાસ પથ હોય કે પ્રવાસી પથ હોય, પ્રગત્તિ પથ હોય આ બધા રસ્તાઓ પાછળ અનેક જોગવાઈઓ કરીને એ રસ્તાઓ જે રીતે બની રહ્યા છે, રસ્તાઓનું મજબૂતીકરણ હોય, પુલોનું નવીનીકરણ હોય એમ અનેક રીતે આપણા રાજ્યમાં કામગીરી થઈ રહી છે એ ચોક્કસ બીજા સ્ટેટના લોકો પણ પ્રસંશા કરે છે પણ મને ખબર નથી પડતી કે અમારા સામેના મિત્રો કેમ પ્રસંશા નથી કરતા? સ્વાભાવિક રીતે તમારું ૩૫ વર્ષનું શાસન અને અમારું ૧૫ વર્ષનું શાસન અને એમાંય પણ છેલ્લા સાત-આઠ વર્ષથી માનનીય નરેન્દ્રભાઈએ રાજ્યની ધૂરા સંભાળી છે ત્યારથી હું સામેના મિત્રોને પ્રશ્ન કરું છું કે, કમસેકમ સમીક્ષા કરો, એની તુલના કરો. આ તુલના કર્યા પછી આપને ચોક્કસ ખ્યાલ આવશે કે માર્ગો જે રીતે ગુજરાતની અંદર થઈ રહ્યા છે એ પૂરા દેશની અંદર ગુજરાત નવી ઓળખ ઉભી કરે છે ત્યારે મારી સામેના મિત્રોને વિનંતી છે. કેટલાક મિત્રોએ ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓની ચિંતા કરી છે. ચિંતા આપણે વર્ષોથી કરતા આવ્યા છીએ, વ્યથાની સામે વ્યવસ્થા કરવી પડે. સામેના મિત્રોને મારી વિનંતી છે કે આજે બે બે વર્ષથી JNGSYની અંદર આપણો ૫૦૦ કરોડ રૂપિયાનો અપગ્રેડનો પ્રોજેકટ કેન્દ્રની અંદર પડ્યો છે અને જ્યારે કન્દ્રે ચારેક મહિના પહેલા કેન્દ્રે એક અલગ માહિતી માગી અને કહ્યું કે ટ્રાઈબલ વિસ્તારની એક અલગ માહિતી આપો એ ટ્રાઈબલ વિસ્તારની ૩૩૩ કરોડ રૂપિયાની અલગ માહિતી બે મહિના પહેલા મોકલી આપેલ છે અને ત્યાં પડી છે ત્યારે આપને મારી વિનતી છે કે ગ્રામ્ય વિસ્તાર અને ટ્રાઈબલ વિસ્તાર પર તમને ખૂબ લાગણી છે તો આ જે આપણો પ્રોજેકટ ત્યાં પડ્યો છે એને વહેલીતકે મંજૂર કરાવીને જો કદાચ આપણે લાવીએ તો ગ્રામ્ય વિસ્તારના અનેક રસ્તાસઓ આપણે બનાવી શકીએ એમ છીએ. ખાસ કરીને જ્યારે માર્ગ મકાન વિભાગની કામગીરી માટે સામેના મિત્રો બોલતા હોય છે ત્યારે સ્વભાવિક અમને દુ:ખ થાય છે. છેલ્લા સાતેક વર્ષથી એટલી સારી કામગીરી થાય છે અને નવસારી જેવા ટ્રાઈબલ વિસ્તારમાંથી હું આવું છું ત્યારે મારે કહેવું છે કે, જે રીતે ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં આજ સુધીની જે જોગવાઈ કરીને જે રીતે આપણે કામગીરી કરી રહ્યા છીએ એ આ સભાગૃહના ધ્યાન ઉપર હું લાવવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય વિભાગના જે રસ્તાઓ છે એ મારા વિસ્તારમાં નવસારી જિલ્લાની અંદર ૨૦૧ કિલોમિટરના રસ્તા છે એની પાછળ ૧૮૪ કરોડ રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે અને એજ રીતે પંચાયત વિભાગના રસ્તા ૨૪૫ કિલોમિટર એની સામે ૪૯૪૦ લાખ રૂપિયાનો ખર્ચ કરીને એ રસ્તાઓ અત્યારે પૂર્ણતાની આરે છે. જ્યારે આ રસ્તા અમારા ટ્રાઈબલ વિસ્તારની અંદર વાંસદા જેવા વિસ્તારના રસ્તાની વાત કરું તો અમારા સામેના પક્ષના માનનીય સભ્યશ્રી છનાભાઈ મારા મિત્ર છે અને આજે એ ટ્રાઈબલ વિસ્તારના કોંગ્રેસના ધારાસભ્ય છે તેમ છતાં એમના વિસ્તારને કોઈ અન્યાય નહીં, કોઈ પણ અન્યાય નહીં. આજે સૌથી વધારે ૩૪ રસ્તા એમાં એક પણ રસ્તો ૨૫ લાખથી નીચેનો નથી એવા ૩૪ રસ્તા વાંસદા વિસ્તારમાં થઈ રહ્યા છે ત્યારે સામેના મિત્રો બોલો ત્યારે થોડીક કદર પણ કરો, પ્રસંશા ન કરો તો એની તુલના કરો. આ સરકાર જ્યારે

આગળ વધી રહી છે એની દુનિયા અને દેશની જનતા પ્રસંશા કરતી હોય ત્યારે સ્વાભાવિક આપણી પણ ફરજ બને.

માનનીય અધ્યક્ષશ્રી, પુલોની વાત કરવી છે. જ્યારે મરૂન વિલેજની અંદર બારમાસી રસ્તો મળી રહે, ગ્રામ્ય વિસ્તારમાંથી આવીએ છીએ દસ-દસ અને પંદર-પંદર દિવસ સુધી ગામડાઓ ઘેરાઈ જતા હતા એને કેવી રીતે તાલુકા મથકે જવું, કોઈ કદાચ બિમાર પડે તો હોસ્પિટલમાં કેવી રીતે જવું, જે વિદ્યાર્થી ભણતા હોય એ વિચાર કરે કે મારે કોલેજ જવું હોય કે કોઈ માધ્યમિક શાળાએ જવું હોય તો એને ચિંતા કરવી પડતી હતી, અઠવાડિયા દસ દિવસ સુધી શાળા કોલેજ જવા માટે એ વિસ્તારમાં એને મુશ્કેલી પડતી હતી. મરૂન વિલેજમાં આજે આપણે એટલી સારી કામગીરી કરી રહ્યા છીએ કે બારમાસી રસ્તો મળવાના કારણે આજે એ સુવિધા ઉપલબ્ધ થઈ છે. ખાસ કરીને નરેન્દ્રભાઈ અને માનનીય મંત્રીશ્રી આનંદીબેનને મારે અભિનંદન આપવાં છે કે મારે ત્યાં ચીખલીમાં મારા મત વિસ્તારની અંદર વરસો પહેલાંની ખરેરા નદી છે એ નદી કંઈ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી નવી નથી બની, એ વર્ષો પહેલાંની નદી છે, એ એટલી મોટી નદી છે અમારા કાનજીભાઈની લગભગ ઉંમર પૂરી થઈ ગઈ છે રાજકીય જીવનમાં જ્યારે એ નદી ઉપર પુલની એટલી જરુરિયાત હતી પંદર પંદર દિવસ સુધી ૨૦ થી ૨૫ ગામડાંઓ ઘેરાઈ જતા હતા એ માટે ઉચ્ચક જોગવાઈની અંદર ૮ કરોડ રૂપિયાના પુલની આ વર્ષે ખાતમૂર્હુત વિધિ કરીને શરૂ કરી રહ્યા છે ત્યારે મારે મંત્રીશ્રીએ અભિનંદન આપવા છે અને મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે ત્યારે મારું અનુમોદન આપીને મારી વાત અહીંયા પૂરી કરું છું.

**શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગની માગણીઓ લઈને આવ્યાં છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે અને એ માગણીઓને સમર્થન આપવા માટે ઉભો થયો છું, એક ગામડાને બીજા ગામડા સાથે તથા ગામડાને જિલ્લા સાથે ટૂંકા અંતરથી તેમજ નદીના સામસામેના કાંઠાને ગામડાઓને સીધા અંતરથી જોડવા માટે પુલોની જરૂરિયાત હોય છે અને એ પુલો બનાવવા માટે ભારતીય જનતા પાર્ટીની અને આદરણીય નરેન્દ્રભાઈ મોદીની સરકાર જ્યારે આવી ત્યારથી પુલો બનાવવામાં જંગી વધારો થયેલો છે અને પુલો બધે બની રહ્યા છે, કોંગ્રેસના શાસનની અંદર અમારે પુલ જોઈતો હોય તો અમારા ધારાસભ્યને અમારે પગે લાગવું પડે કે અમારે અહીંયા પુલ બનાવડાવવો છે પણ એનું અહીં ઉપજે તોને, કોંગ્રેસની સરકારમાં એમનું અહીં ઉપજતું જ નહોતું અને એના પુલો પણ મંજૂર નહોતા થતાં, ત્યારે મારે કહેવું છે કે સરકારે ૨૦૦૯-૧૦માં ૩૧ કરોડના ખર્ચે ૧૭ પુલોના કામો પૂર્ણ કર્યા છે, ખેડા જિલ્લામાં કપડવંજ પાસે વાત્રક નદીનો પુલ, વડોદરા જિલ્લામાં સંખેડા ભાગપુર પર ઉચ્છ નદીનો પુલ, એના માટે ૪ કરોડ રૂપિયા મંજૂર થયાં અને સમય મર્યાદામાં ૧૬ મહિનાની અંદર એ કોન્ટ્રાકટરે કામ પૂરું કર્યુ છે, અમારા આનંદીબેન પટેલે એનું ઉદ્દઘાટન પણ કરી દીધું છે, એટલે આ સરકાર કામ કરતી સરકાર છે અને ધારેલું કામ કરે છે એના આ પુરાવા છે ૩૪ પુલોના કામ પ્રગતિ હેઠળ છે, બીજા ૨૦૧૧માં પુલોના કામ હાથ પર લેવાના છે એના માટે ૨૧૭ કરોડ રૂપિયાનો ખર્ચો કરવાનો છે, એમાં અમરેલી જિલ્લામાં ધાતર નદી ઉપર ૧૦ કરોડ રૂપિયાનો પુલ, દાહોદ જિલ્લામાં સોઢી નદી ઉપર ૧૨ કરોડ રૂપિયાનો પુલ, સુરેન્દ્રનગર જિલ્લામાં ભોગાવો નદી ઉપર ૧૪ કરોડ રૂપિયાનો પુલ, પાટણ જિલ્લામાં બનાસ નદી ઉપર ૧૩ કરોડ રૂપિયાનો પુલ, મકાનો વિભાગની વાત કરીએ તો પૂર્ણ કરેલા મહત્વના કામોમાં ડેડીયાપાડા મામલતદાર કચેરીનું કામ, ઝાલોદ મામલતદાર કચેરીનું કામ, દેવગઢબારીયા પ્રાંત કચેરીનું કામ, વાઘોડિયા મામલતદાર કચેરીનું કામ, ઓલપાડ, જાંબુઘોડા ખાતે કોર્ટના મકાનો અને સંખેડા ખાતે બે કરોડ રૂપિયાના ખર્ચે કોર્ટનું મકાન અમારું તૈયાર થયું છે. બીજી એક વાત હું એ કહેવા માગું છું કે, અમારા જિલ્લામાંથી પૂર્વ મુખ્યમંત્રી પણ થયાં છે અને બે મંત્રીઓ પણ થયાં છે, ૧૯૮૦ની સાલથી હેરણ નદી ઉપર સંખેડા અને નસવાડીને જોડતા જે પુલની માગણી હતી તે માગણી ચાર કરોડ પાંસઠ લાખના ખર્ચે મંજૂર કરી છે માટે મુખ્યમંત્રી અને માનનીય મંત્રીશ્રી આનંદીબેનને હું સંખેડાની પ્રજા વતી લાખ લાખ અભિનંદન આપું છું બીજો એક એવો પુલ હતો અમારે ત્યાંના બાબરભાઈ કોંગ્રેસની સરકારમાં મંત્રી હતા, પંદર વર્ષ ધારાસભ્ય રહ્યા.પણ તેમણે કશું • (xxxxx) નહીં ત્યારે મારે કહેવું છે બહેન જ્યારે સંખેડા પધાર્યા હતા ત્યારે તેમને લોકોએ રજૂઆત કરી કે આ ડભોઈ અને કરનેજનો પુલ ઘેરવ કછાજાનો પુલ વર્ષોથી માગણી હતી, (અંતરાય) તેમની વેદનાની વાત છે ત્યારે બહેને એવું કહ્યું હતું ...આ બજેટમાં કામો થાય ..

**શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા અંગે**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, *(xxxxx) એ શબ્દો અસંસદીય છે.

**સભાપતિશ્રી** : *(xxxxx) શબ્દ હું કાઢી નાંખુ છું.

**શ્રી અભેસિંહ મો. તડવી** : ભલે, કાઢી નાંખો સાહેબ. બીજું, (અંતરાય) ભાઈ, સાંભળવું પડે. સી.કે. સાહેબ તમે પણ માર્ગ અને મકાન મંત્રી હતા અને તમે જ્યારે બોલતા હતા ત્યારે હું સાંભળતો હતો. એટલે તમને કહેવા માગું છું કે અમારી સરકાર અમારા બહેન છે. તે ગામડે ગામડે જાય છે અને ધારાસભ્યો અને લોકોની વાતો

• (xxxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સાંભળે છે અને તેનું આ પરિણામ છે. આ ૫૨ વર્ષની અંદર, અત્યાર સુધી ૫૦ વર્ષ આ કોંગ્રેસની સરકારે રાજ કર્યુ અમારા તાલુકાની અંદર પણ અત્યાર સુધીમાં ૧૪ પુલો મંજૂર થયા સાહેબ. ૧૪ પુલો અને ૪૬ કરોડના રસ્તા તો મારા તાલુકામાં થયા છે એટલે હું માર્ગ અને મકાન મંત્રીશ્રીને અભિનંદન આપું છું અને બીજી મારી માગણી છે હું જિલ્લા પંચાયતનો સભ્ય પણ છું અને આ બાપુના વિસ્તારમાં, બાપુ અમારા ધારાસભ્ય છે ઉપેન્દ્રસિંહ ગોહિલ. જ્યારે મારેછા અને ખલીપુર વચ્ચે વિશ્વામૈત્રી નદી આવે છે અને નોકરિયાત લોકો જ્યારે અપ-ડાઉન કરે તેની અંદર કાચો પુલ છે અને તેમાં ઘણી વખત મગરો લોકોનું ભક્ષણ કરે છે. ખાઈ જાય છે. તો એવા સમયે બહેનને અમે પણ રજૂઆત કરેલી છે તો આ ખલીપુર અને મારેછા વચ્ચેનો પુલ મંજૂર કરવામાં આવે. તેમજ ૨૫ ગામ અને ખારાકુવા વચ્ચેનો પુલ પણ મંજૂર કરવામાં આવે ડારોલી અને પાટણપોર વચ્ચે જ્યારે પાણી આવે (સમય-સૂચક ઘંટડી) ત્યારે ગામો વંચિત થઈ જાય છે તેને પણ મંજૂર કરવામાં આવે એવી મારી લાગણી છે અને ફરીથી આનંદીબહેનને ખૂબ ખૂબ અભિનંદન.

**શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન, મહિલા અને બાળ કલ્યાણ વિભાગની જે માગણીઓ લઈને આવ્યાં છે અને આ માગણીઓ ઉપર જ્યારે ચર્ચા થઈ રહી છે ત્યારે માનનીય મંત્રીશ્રીએ જે માગણીઓ રજૂ કરેલી છે તેમાં માર્ગ અને મકાનને લાગે વળગે છે ત્યાં સુધી હમણાં શાસક પક્ષના માનનીય ધારાસભ્યશ્રીઓ પાટલી થપથપાવી રહેલા હતા. કયુ કામ ઉકાળેલું છે કયું કામ નથી ઉકાળેલું તેવા અસંસદીય શબ્દ પ્રયોગો પણ કરવામાં આવ્યાં.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી માર્ગ અને મકાન વિભાગને લાગે વળગે છે ત્યાં સુધી આજે આપણે અત્યારે જોઈ રહેલાં છીએ આ ઝલક જોઈ રહેલાં છીએ પ્રગતિની અને એ પ્રગતિની ઝલકની અંદર કેન્દ્રની યુ.પી.એ. સરકારનો ખૂબ મોટો ફાળો છે. અત્યારે જે તે બ્રિટનમાં ફરતાં હો કે અમૅરિકામાં ફરતા હો એવા જે નેશનલ હાઈવે જોઈ રહેલાં છો, તેના ઉપરની લાઈટો જોઈ રહેલાં છો, બ્રિજ જોઈ રહેલાં છો, ઓવર બ્રિજ જે જોઈ રહેલાં છો આપણે જે અને તેના ઉપર જે વિદેશમાં ફરતાં હો તે રીતની જે સગવડો આપવામાં આવેલી છે તે સગવડો કેન્દ્ર સરકારને આભારી છે, યુ.પી.એ.સરકારને આભારી છે. ગુજરાતમાં તમે જે રસ્તેથી પસાર થઈ રહેલાં છો તે રસ્તાઓ ઉપેન્દ્રસિંહ ભાઈ આપણે પોતે જોયેલાં છે અને તે રસ્તાઓ ઉપર આપણે ૧૨૦ની ઝડપે આપણે જઈ રહેલાં છીએ તેમાં કેન્દ્રનો ફાળો નાનો સૂનો નથી. એટલું જ નહીં પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના જેવી મહત્વકાંક્ષી યોજના જેને કહેવાય વાજપાઈજીએ શરૂ કરેલી અને ડો.મનમોહનસિંઘે તેમની બીજી ટર્મમાં પણ ચાલુ રાખી અને તે યોજનાથી દૂર દરાંજના વિસ્તારો જે છે તે વિસ્તારોને રસ્તાઓથી, પાકા રસ્તાઓથી જોડી દીધા. એટલું જ નહીં તેને ગુણવત્તા સભર રસ્તાઓ બનાવી, કવોલીટીવાળા રસ્તાઓ બનાવી અને જે આ રસ્તાઓ જોડાયેલા છે તેમાં પણ કેન્દ્રના ફંડનું ખૂબ મોટું યોગદાન છે. માનનીય અધ્યક્ષશ્રી, સાથોસાથ ઘણીબધી ચર્ચાઓ થઈ..

**અધ્યક્ષશ્રી** : આપનો અવાજ આવે છે. મારે નામ સાથે નહોતું કહેવું, પણ સુંદરસિંહજી, તમને ટેવ પડી ગઈ છે. (અંતરાય) આપ હવે બોલવાનું બંધ કરો.

**શ્રી ઈકબાલ પટેલ**:એટલું જ નહીં, રાષ્ટ્રીય ધોરી માર્ગોના વિકાસ માટે સુંદર કહી શકાય એવા સંખ્યાબંધ કિલોમીટરના રસ્તા કેન્દ્રએ આપણને ગુજરાતને આપેલા છે. આપણી સિદ્ધિના સોપાનમાં એ યશકલગી સમાન છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાનના અન્ય પ્રશ્નો હોય, આ સંવેદનશીલ વિભાગ છે. સામાન્ય રીતે ધારાસભ્યોને ખૂબ સારી રીતે સાંભળીને ખૂબ સારી રીતે પ્રશ્નોનો નિકાલ કરવામાં આવે છે, એટલે એમાં વિશેષ ટીપ્પણીને અવકાશ નથી. પરંતુ મારે એટલું જ કહેવાનું છે કે માર્ગ અને મકાન વિભાગમાં ગાંધીનગરમાં અખબારોને કાર્યાલયો ફાળવવામાં આવે છે. ખાસ કરીને છેલ્લા ૫ વર્ષની અંદર જે કાર્યાલયો માટે માગણી રજીસ્ટર્ડ અખબારોએ કરેલી છે, જે લોકોની માગણી નિયમોમાં આવે છે, એવી વિભાગમાં દરખાસ્તો પેન્ડિંગ છે, એનો પણ નિકાલ કરવો જરૂરી હોઈ અને અમારી સમક્ષ આવી ઘણી બધી રજૂઆતો છે, તો એના સંદર્ભમાં એ ઉકેલ થશે એવી આશા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીઓના પ્રશ્ન મહિલા અને બાળ વિકાસ વિભાગ ઉપર જે ચર્ચા થઈ, એમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ એટલે કે pre primary education એમાં બાળકોને ફિઝિકલી અને મેન્ટલી મજબૂત બનાવવાનું કામ આ આંગણવાડીઓનો વિભાગ કરી રહ્યો છે. કેન્દ્રની મહત્વકાંક્ષી ICDS Scheme એટલે કે Integrated Child Development Scheme. હેઠળ આ પ્રોગ્રામ ગુજરાતમાં ચાલે છે. આ મહત્વકાંક્ષી કાર્યક્રમમાં અત્યારે આપણે જોઈએ તો ગુજરાતના ૩૫ લાખ બાળકોને પોષણક્ષમ બનાવવા માટે અને એમને સાયકોલોજીકલ ટ્રીટમેન્ટ આપવા માટે આંગણવાડીઓનું નેટવર્ક કામ કરી રહ્યું છે. અત્યારે ૪૮૬૧૭ આંગણવાડીઓ આપણે ત્યાં છે. એ પૈકી ૪૪,૦૩૯ આંગણવાડીઓનું નેટવર્ક ગુજરાતભરમાં ૧૮૦૦૦ ગામડાઓમાં છે. બાળકોને પોષણ આપવાનો આ કેન્દ્ર સરકારનો મહત્વકાંક્ષી કાર્યક્રમ ગુજરાત સરકાર દ્વારા અમલમાં છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આપણી પાસે માત્ર ૨૪૦૩૫ મકાનો છે. આટલા વર્ષોથી આ કાર્યક્રમ ચાલે છે. આપણે વિકાસની વાત કરીએ છીએ. લક્ષ્યાંકો નકકી કરીએ છીએ. આજે પણ ૨૦,૦૦૦ આંગણવાડી એવી છે કે જેને

પોતાનું મકાન નથી. ૨૦૦૦૦ આંગણવાડીઓમાં જે બાળકો અભ્યાસ કરે છે એ કાં તો ભાડાના મકાનમાં બેસે છે અથવા તો પૂરતી સગવડ વગર અભ્યાસ કરે છે. ૨૬,૦૦૦ જેટલા શૌચાલયો બનાવવાના બાકી છે. બાળક આંગણવાડીમાં આવે, એ બાળકને યુરીનલ માટે જવું હોય, બાળકની તંદુરસ્તી માટેના જે નોર્મ્સ આપેલા હોય, ૨૬,૦૦૦ આંગણવાડી શૌચાલય વગરની છે. એટલું જ નહીં, પણ ૪,૬૦૦ આંગણવાડી એવી છે કે જે માત્ર રેકર્ડ ઉપર છે. ત્યાં આગળ વાસ્તવિક રીતે એ આંગણવાડીઓ ચાલતી નથી. અત્યારે મોબાઈલ આંગણવાડીનું પ્રોવિઝન સરકારે કરેલું છે, પરંતુ જે રીતે પ્રોવિઝન છે, એ જોતાં આટલા મહત્વાકાંક્ષી કાર્યક્રમમાં એ ખૂબ ઓછું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી વર્કર પાસેથી આપણે કયું કામ લઈએ છીએ? આંગણવાડી વર્કર અને તેડાગરોનો આટલો મોટો સ્ટાફ હોવા છતાં એ લોકોને આપણે કોઈ સલામતિ આપી શકતા નથી. ૫૮ વર્ષે નિવૃત્ત થવાનો પરિપત્ર કરેલો છે. એને કામ કરી શકે ત્યાં સુધી નિવૃત્તિને બદલે એની વય મર્યાદા વધારવાની જરૂર છે. આપણા પડોશી રાજય મહારાષ્ટ્રમાં એમની નિવૃત્તિ વય મર્યાદા ૬૫ વર્ષની છે. આંગણવાડી વર્કરો અને હેલ્પરોને મુખ્યમંત્રીશ્રીએ એમના પ્રવચનમાં કહ્યું, જાહેરસભાઓમાં કહ્યું કે તમે નિવૃત્ત થશો ત્યારે ૧,૭૫,૦૦૦ રૂપિયા તમારા એકાઉન્ટમાં બેલેન્સ થાય અને તમે સ્વમાનભેર નિવૃત્ત થાઓ એ માટેની વાત કરેલી. આજે રેકર્ડ ઉપર એ યોજનાનો કોઈ પત્તો નથી. અને આ યોજના કેવી રીતે બનાવવા માગો છો, આજે પણ એની જાહેરાત કરવામાં આવી નથી. એટલું જ નહીં, વર્કરોમાંથી સુપરવાઈઝર બનાવવામાં આવે છે એમને માત્ર ૨,૫૦૦ રૂપિયા પગાર આપવામાં આવે છે. રેગ્યુલર સુપરવાઈઝરને ૧૫,૦૦૦ પગાર આપવામાં આવે છે અને બીજી બાજુ આ સુપરવાઈઝરને ફીકસ વેતન માત્ર ૨,૫૦૦ રૂપિયાનું વેતન આપવામાં આવે. આ કઈ જાતની વિસંગતતા કહેવાય? એટલું જ હીં, પરંતુ આ મોંઘવારી વધ્યા પછી જે ગોળ, મરી કે મસાલામાં જે રીતે એનું કિંમતનું ધોરણ વધવું જોઈએ એ પણ આજસુધી વધારેલ નથી અને ફરજીયાત રીતે બાળકદીઠ માત્ર ૩૫ પૈસા આપવામાં આવે છે. ૨ વર્ષ પહેલાંના ભાવો આજે પણ ચૂકવાય છે. કેન્દ્ર સરકારે પગાર વધારી દીધા, પરંતુ એની સાથે સાથે જે ગ્રાન્ટ જિલ્લા પંચાયતોને અપાય છે અને પછી જિલ્લા પંચાયત તાલુકા પંચાયતને આપે છે અને તાલુકા પંચાયત આંગણવાડીઓના વર્કરોને પગાર પેટે આપે છે તેમાં પણ ઘણો જ વિલંબ થાય છે. જે રીતે અન્ય સરકારી કર્મચારીઓના પૈસા ઓન લાઈન તેમના એકાઉન્ટમાં જમા થઈ જાય છે એ જ રીતે આ પૈસા જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયતનું સ્ટેપ કાઢી નાંખીને વહીવટી ઝડપ લાવવા માટે પહેલી તારીખે જ એમને આ પૈસા મળી જાય અને માયનસ ગ્રાન્ટનો કોઈ પ્રશ્ન ના રહે અને કોઈપણ જાતના પ્રશ્ન વિના એમના હાથમાં પહેલી તારીખે પૈસા મળી જાય એવી વ્યવસ્થા થાય એ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે સરકારનો એવો ઠરાવ છે કે અપરણિત મહિલાઓને આ આંગણવાડી કાર્યકરમાં નોકરીએ ના લેવા. તો આ તો એક સિક્યુરિટીવાળી જોબ છે અને જો અપરણિત મહિલાઓને નોકરી ઉપર રાખવામાં આવશે તો આ તો તેમના ભવિષ્યમાં પ્લસ પોઈન્ટ થશે. તો એટલા માટે આ અપરણિત મહિલાઓને આંગણવાડી કાર્યકર તરીકે નોકરી ઉપર ન લેવી એના જે ઠરાવ છે એ ઠરાવમાં પણ સુધારો જે કક્ષાએ કરવો જરૂરી હોય એ કક્ષાએ એ સુધારો પણ કરવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આટલા બધા વ્યાપક પ્રોગ્રામ પછી અત્યારે ફોર્ટિફાઈટ આટો આપવામાં આવે છે. ફોર્ટિફાઈડ આટો પહેલાં જે વિસ્તારમાં જે ખોરાક પ્રચલિત હોય ત્યાં એ વસ્તુ આપવી જોઈએ. દા. ત. જયાં ઘઉં ચાલતા હોય ત્યાં ઘઉં આપવા જોઈએ, ચોખા ચાલતા હોય ત્યાં ચોખા આપવા જોઈએ.આ ફોર્ટિફાઈડ આટો આપવાને કારણે અત્યારે એનો ઉપયોગ થતો નથી અને બાળકોની જગ્યાએ એ આટો ઢોરોને આપવામાં આવે છે અને એટલા માટે કેન્દ્રસરકાર અને રાજય સરકારની ખૂબ મોટી રકમનો જે ઉપયોગ થવો જોઈએ એના બદલે એ રકમ બાળકો સુધી પહોંચતી નથી અને એટલા માટે આ આઈ.સી.ડી.એસ.નો પ્રોગ્રામ છે અને એમાં દર અઠવાડિયે જેમાં સોમવાર અને ગુરુવાર એમ બે દિવસોએ બાળકોને ફ્રૂટ આપવામાં આવે છે અને આ ફ્રૂટનું કિંમતનું ધોરણ એક મહિનામાં ૧૦ રૂપિયા ફકત બાળકદીઠ આપવામાં આવેછે. તો આ મહિનામાં ૧૦ રૂપિયામાંથી કયું ફ્રૂટ બાળકો માટે બજારમાંથી મળી શકશે? એટલે આ યોજનામાં પણ જરૂર જણાય તો રાજય સરકારે પોતાના ફંડમાંથી પણ ઉમેરો કરીને વધારે પૈસા આપવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં, હજુ પણ સખી મંડળો બનાવવામાં આવે. છે એ સખી મંડળોને ફરજ પાડવામાં આવે છે કે તમે વધુ સખી મંડળો બનાવો. આવા સખી મંડળોમાં એવરેજ ૩૦ બહેનોનો સમાવેશ થાય છે. આ સખી મંડળો બનાવો એની સામે વાંધો નથી, પરંતુ એ કોની મારફત બનાવવામાં આવે છે કે આ આંગણવાડીઓ વર્કર અને તેડાગર બહેનોની મારફતે બનાવવામાં આવે છે અને એનો ઉપયોગ માનનીય મુખ્યમંત્રીશ્રીના મેળાવડા હોય એમાં આ સખી મંડળોને લાવવા માટેનું કહેવામાં આવે. હમણાં જ બહેને સારી વાત કરી હતી, પરંતુ આ ૧ લાખ ૨૯ હજાર સખી મંડળોનો આપણે કયો ઉપયોગ કરવા માગીએ છીએ? તેમને રોજગારી આપવા માગીએ છીએ, તેમને એમ્પ્લોયમેન્ટ આપવા માગીએ છીએ કે મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમો ભરચક બને એ માટે એમનો ઉપયોગ કરવા માગીએ છીએ? આ સખી મંડળોને લાવીને ભીડ એકત્ર કરવા માટે તેમનો ઉપયોગ કરવામાં આવે છે અને આ રીતે રાજકીય પ્લેટફોર્મ તરીકે એનો ઉપયોગ થાય એ આપણા હિતમાં નથી, બાળકોના હિતમાં નથી. કેન્દ્ર સરકારનો આટલો મોટો આઈ.સી.ડી.એસ. પ્રોગ્રામ એના હિતમાં આ નથી. સમગ્ર

દેશમાં એક માત્ર ગુજરાત જ એવું છે કે આ સખી મંડળોનો ઉપયોગ રાજકીય પ્લેટફોર્મ તરીકે કરવામાં આવે છે અને એના કારણે પોષણ ઉપર શું અસર થવાની છે તો એના માટેના રિપોર્ટમાં એમ કહેવામાં આવ્યું છે કે કુલ બાળકોમાંથી ૫૭ ટકા બાળકો એવાં છે કે કુ-પોષણનો સામનો કરી રહ્યાં છે. એની અંદર એમનું પૂરતું પોષણ થતું નથી, પૂરતી કાળજી રાખવામાં આવતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં, પરંતુ વિધવા મહિલાઓ માટે પૈસા આપવામાં આવે છે, એમને પેન્શન આપવામાં આવે છે એ પણ એમને નિયમિત રીતે મળતું નથી. ૧ લી તારીખથી ૧૦ તારીખ સુધીમાં એમને પેન્શનના પૈસા મળવા જોઈએ એના બદલે કેટલું બધું મોડું થાય છે કે આ ૫૦૦ રૂપિયા એમને ચૂકવવા જોઈએ એ ૪-૪ મહિના સુધી મળતા નથી, સમયસર મળતા નથી. આ કારણે વિધવાઓને એમના જીવન નિર્વાહમાં ઘણી બધી મુશ્કેલી ઉભી થાય છે. તો આ મુશ્કેલીના નિવારણ માટે સરકારે વહેલીતકે કકાંઈક પગલાં લેવાં જોઈએ. આ સાથે હું મારું વકતવ્ય પૂરું કરું છું.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર (જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે અને તે વિષે બોલવાની મને તક આપી દે તે બદલ હું એમનો આભાર માનું છું. God could not be everywhere, there for thogh made mother, એટલે કે, ભગવાન દરેક જગ્યાએ પહોંચી ન શકે તેથી ભગવાને મહિલા-માતા બનાવી છે. The hand that rocks the craddle, rules the world. એટલે કે જે હાથ જુલાવે પારણું, તે જગત પર શાસન કરે. આજે આવી મહિલાઓ વિષે મારે વાત કરવી છે. ભારત દેશ સાધુ, સંતો અને મહંતો તથા દેવોનો દેશ છે, આ આર્ય દેશમાં મહિલાને માતાનું સ્થાન પ્રાપ્ત થયું છે. ઉચા આસને બિરાજમાન, પર્વતની ટોચ પર વસનાર દેવી શકિત પણ માતા-મહિલા છે, પુરાણકાળથી મા પાર્વતી, માતા સીતા, અને માં લક્ષ્મીજી તથા અહલ્યાદેવીથી આપણે સૌ પરિચિત છીએ. ભગવાન પણ દેવીઓના નામથી ઓળખાય છે, જેમ કે "રાધેશ્યામ", "સીતારામ", "શંકર પાર્વતી". અને એટલે જ "નારી તું નારાયણી" અને "યત્ર નાર્યસ્તું પુજયંતે, તત્ર રમતો દેવતા". એમ કહેવાયું છે. આવી શકિતશાળી મહિલાઓ માટે રાજયના સૌરાષ્ટ્રની ધીંગી ધરાના માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ મહિલા અને બાળ વિકાસના ઉત્કર્ષ અને સર્વાંગી વિકાસ માટે ૮૯૬. ૨૨ કરોડ જેવી માતબર રકમની જોગવાઈ કરેલ છે તેનું પૂણ્ય ભાજપા સરકાર અને મંત્રીશ્રીઓ કમાઈ રહ્યા છે. સ્વર્ણીમ ગુજરાત અંતર્ગત આંગણવાડીના ૩૩૦૦ નંદઘરનું નિમાૃણ કર્યુ છે. અને આંગણવાડીના ભુલકાં, સગર્ભા માતાઓ અને કિશોરીઓના આરોગ્ય માટે રૂા. ૬૯૫.૯૫ કરોડની જોગવાઈ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આ માગણીઓને અનુમોદન આપું છું.

**શ્રી હીરાભાઈ હ. પટેલ (લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગની તથા મહિલા અને બાળ કલ્યાણ વિભાગની માગણી ક્રમાંક ૮૫, ૮૬, ૮૭ અને ૧૦૫ લઈને આવ્યા છે તે અંગે હું મારા મંતવ્યો રજૂ કરવા માટે ઉભો થયો છું. હું જે વિસ્તારમાંથી આવું છું તે વિસ્તારમાં ૧૪ જેટલા રસ્તાઓ આવેલા છે કે જે રસ્તાઓ ઉપર વત્તા ઓછા પ્રમાણમાં જંગલની જમીન આવેલી છે. એમાં કેટલાક રસ્તાઓ એવા છે કે જેનો નિકાલ જિલ્લા કક્ષાએ થઈ શકે એમ છે. કેટલાક રસ્તાઓનો નિકાલ સ્ટેટ લેવલે થઈ શકે એમ છે. કેટલાક રસ્તાઓ એવા છે કે જેનો નિકાલ કેન્દ્ર અને રાજય બન્નેની સંમંતિથી થઈ શકે તેમ છે. વર્ષો સુધી આ રસ્તાઓ નહીં થવાને કારણે અનેક મુશ્કેલીઓ પડે છે. બજેટમાં તેની જોગવાઈ પણ કરવામાં આવે છે. છતાં આ પ્રશ્ન ન ઉકેલાવાને કારણે રસ્તાઓ થઈ શકતા નથી. તેના માટે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આનો સવેળા નિકાલ લાવે. બીજી વાત મારે એ કહેવી છે કે દાહોદ જિલ્લો અને અમારે આવવા માટેનો ઈન્દોરથી ગાંધીનગરનો રસ્તો બે સ્ટેટ વચ્ચેનો ટૂંકામાં ટૂંકો રસ્તો લુણાવાડા, ધોરી ડુંગરી, બાયડ અને દહેગામ થઈને ગાંધીનગર આવે છે. એમાં વચ્ચે માત્ર દસ-બાર કિલોમિટરનો રસ્તો જિલ્લા પંચાયત હસ્તક છે. અને આ વખતે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ઠરાવ કરીને સ્ટેટમાં આ રસ્તો લેવા માટે ઠરાવ મોકલ્યો છે, તે રસ્તો જો સ્ટેટમાં લઈ લેવામાં આવે તો બે રાજયોની રાજધાનીને જોડતો ટૂંકામાં ટૂંકો રસ્તો બને એમ છે. જિલ્લા પંચાયત હસ્તક હોવાને કારણે તે મેન્ટેન થતો નથી એટલા માટે અમે અગાઉ પણ આ અંગેની રજૂઆત કરેલી છે.

બીજી પ્લાન અને નોન પ્લાન અંગે મારે વાત કરવાની છે. પ્લાનમાં મોટા ભાગના રસ્તાઓ થાય છે તે મેજર એમ.ડી.આર. અને એવા રસ્તાઓ થાય છે. વિલેજ એપ્રોચ રોડ છે તે નોન પ્લાનમાં થાય છે. તેની ગ્રાન્ટ વધારવામાં આવે તો તે રસ્તાઓ દ્વારા ગ્રામ્ય લોકોને આવવા જવા માટે અને ગામ થી મુખ્ય સ્થળે જવા આવવા માટે વધુ અનુકળતા થઈ શકે એમ છે. ત્યારે ભૂતકાળની અંદર જે ફાળવણી અથવા તો જોગવાઈ કરવામાં આવી હતી એની સરખામણીમાં આ વખતે ફાળવણી ઓછી કરવામાં આવી છે અને એના લીધે બજેટનું પ્રમાણ ઘટ્યું છે, તો એ પ્રમાણ ન ઘટે તેવી મારી વિનંતી છે.

બીજી એક ખાસ વિનંતી એ છે કે જે રસ્તાઓ અત્યારે કરવામાં આવે છે એમાં વિકાસ પથ છે, નાબાર્ડના છે, વડાપ્રધાન સડક યોજના છે આ બધા રસ્તાઓના કામ જુદી જુદી એજન્સીઓ દ્વારા કરાવવામાં આવે છે એના કારણે એ ગુણવત્તા સભર થતાં નથી. એના બદલે આ રસ્તાઓ પણ માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) તથા માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા જ થાય તો એની ગુણવત્તા થોડી ઘણી પણ સચવાશે એવો મારો જાત અનુભવ છે. આ બાબતમાં માનનીય મંત્રીશ્રી વિચારે તેવી મારી વિનંતી છે.

અમારે ત્યાં છેલ્લા દસ વર્ષથી કાર્પેટીંગ કરવું જોઈએ એ થયું નથી એવા કુલ ૨૧ જેટલા રસ્તાઓ છે જે બિલકુલ ખરાબ હાલતમાં છે. આ અંગે વિભાગનું ધ્યાન દોરવામાં આવ્યું છે એ અંગે માનનીય મંત્રીશ્રી વિચારે તેવી મારી વિનંતી છે.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા (ખંભાળીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માર્ગ અને મકાન વિભાગના મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ માગણી નંબર ૮૫, ૮૬, ૮૭ અને ૧૦૫ લઈને આવ્યા છે એને સમર્થન આપુ છું અને આ માગણીઓ ઉપર મારા કેટલાક વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

આ વિભાગની અંદર ગયા વર્ષની સરખામણીમાં જે આયોજન કરવામાં આવ્યું છે એમાં લગભગ ૪૩.૬ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ રીતે માર્ગ અને મકાન વિભાગનું આ વરસે ૨૯૨૭ કરોડ રૂપિયાનું બજૅટ કરવામાં આવ્યું છે. ત્યારે આ વિભાગને મારા અભિનંદન પાઠવું છું. એ એટલા માટે કે ગયા વરસનું ૨૦૦૯-૧૦નું બજૅટ ૨૦૭૫ કરોડ રૂપિયાનું હતું એની સામે આ વરસે ૨૫૦૦ કરોડ રૂપિયાનું આયોજન કરીને લગભગ ૧૨૦ ટકા સિદ્ધિ આ વિભાગે હાંસલ કરી છે. આ નાણાકીય સિદ્ધિ હાંસલ કરવા બદલ હું વિભાગને અભિનંદન આપું છું.

ગયા વરસે જે ભૈતિક સિદ્ધિઓ હાંસલ કરી છે એ જોઈએ તો દસ હજાર કિલોમીટરના રસ્તાની સામે આપણે ૧૦૮૭૩ કિલોમીટરના જોગવાઈ કરીને એ રસ્તાના કામો પૂર્ણ કર્યા છે એ બદલ હું અભિનંદન આપું છું કારણ કે આમાં પણ ૧૦૮ ટકા સિદ્ધિ હાંસલ કરી છે.

હું જે જિલ્લામાંથી આવું છું એ જામનગર જિલ્લો ગુજરાતનો મોટો જિલ્લો છે તથા દરિયાઈ પટ્ટીનો સરહદી જિલ્લો આવેલો છે. આ જામનગર જિલ્લાની અંદર બંદરો તથા આપણું આસ્થાનું સ્થાન એવું દ્વારકાધીશનું મંદિર આવેલું છે. જામનગર જિલ્લાની અંદર ૬૪ કિલોમીટરના રાષ્ટ્રીય ધોરી માર્ગો આવેલા છે. ૧૦૯૮ કિલોમીટરના રાજય ધોરી માર્ગો આવેલા છે. ૩૬૪૧.૮૨ કિલોમીટરની લંબાઈના પાકા રસ્તાઓ આવેલા છે. જામનગર જિલ્લાની અંદર માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ તથા પંચાયત બંનેમાં ગયા વરસે ૨૦૦૯-૧૦માં જે સિદ્ધિ હાંસલ કરી એમાં ૧૮૯ કામો પૂર્ણ થયેલા છે એમાં ૩૦૯ કિલોમીટરના પાકા રસ્તાઓ આવેલા છે અને ત્રણ મોટા પુલોના કામો પૂર્ણ થયા છે સાથે સાથે બે મોટા મકાનોના કામો થયેલ છે. એટલે લગભગ ૬૩૯૭ લાખના ખર્ચે આ બધા કામો પૂર્ણ થયેલ છે. જામનગર જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ હસ્તક હાલમાં જે રસ્તાઓ પ્રગતિમાં છે એમાં ૫૯ કામો પ્રગતિ હેઠળ છે જેમાં ૧૬૦.૫૨ કિલોમીટરના રસ્તાઓ પ્રગતિ હેઠળ છે. ચાર મોટા પુલના કામો પ્રગતિ હેઠળ છે. પાંચ મકાનોના કામ પ્રગતિ હેઠળ છે. તેમ કુલ ૭,૪૭૧ લાખના કામો પ્રગતિ હેઠળ છે. હું જે વિસ્તારમાંથી ચૂંટાઈને આવું છું તે વિસ્તારમાં જે નદીઓ છે તેના ઉપર પુલ બાંધવા માટે ઘ ણાં વર્ષોથી રજૂઆત હતી. એક સિદ્ધપુર ગામ છે તેને સ્ટેટ હાઈવેને જોડવા માટેના પુલની ઘણાં વર્ષોથી માગણી હતી. ચાલુ વર્ષમાં એ પુલ ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂર થયો, એટલું જ નહીં પૂર્ણ પણ થઈ ગયો છે. એટલે આ માગણીઓ લઈને જ્યારે માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી જવાબ આપે એ પહેલાં બન્ને પક્ષના દંડકશ્રીઓને ફરી કહું કે જે સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો છે અને હાજર નથી રહેતા એવા અભેસિંહભાઈ, પ્રફુલ્લભાઈ, સી.કે. રાઉલજી, હરિભાઈ અને જોધાજીભાઈ આ પાંચેય સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો. આપણો એક આદેશ છે, અધ્યક્ષશ્રીનો કે જેમણે ચર્ચામાં ભાગ લીધો હોય (અંતરાય) અભેસિંહભાઈ હમણાં આવ્યા. હું જ્યારે બોલ્યો ત્યારે નહોતા અને પછીથી આવ્યા એ તમને ખબર નહોતી, મારે મહત્ત્વ એટલું જ છે. આવ્યા તે બદલ સારું છે. પણ જે સૌજન્ય દાખવવાનું છે એ બન્ને પક્ષના દંડકશ્રીઓને કહું છું કે ચર્ચાનો જવાબ શરૂ થાય તે પહેલાં એમણે હાજર રહેવું જોઈએ અને એ એક પ્રથા પાડીશું તે આપણાં સૌના માટે સારી છે. માનનીય મંત્રીશ્રી.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાનમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ-મકાન, મહિલા બાળ કલ્યાણ અને પાટનગર યોજનામાં લગભગ ૧૫ જેટલા ધારાસભ્યશ્રીઓએ પોતાના વકતવ્યો અહીં રજૂ કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, સી.કે. રાઉલજી અહીં નથી. એ પણ એક સમયે માર્ગ અને મકાન વિભાગના મંત્રી હતા.

**અધ્યક્ષશ્રી** : આમ તો રિવાજ એવો છે કે જે બોલીને જતા રહે તેણે ઉભા કરેલા પ્રશ્નોનો જવાબ પણ ન અપાય. પ્રણાલિકા એવી છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : નહીં સાહેબ, પણ બીજાને તો ખબર પડે ને, સાહેબ, આક્ષેપો કર્યા હોય તો મારે કહેવું જ પડે છે.

**અધ્યક્ષશ્રી** : આપ જવાબ આપો એ આપનું સૌજન્ય છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : વાત સાચી છે. આ રાજયમાં ૨૦ જેટલા ટોલ પ્લાઝા છે. તેના ઉપર કેન્દ્ર સરકાર ટોલ ટેક્સ ઉઘરાવે છે અને ૧૬૫ રૂપિયા સુધીનો ટોલ ટેક્સ ઉઘરાવે છે. એ જે રોડ બાંધ્યો હોય તેનો ખર્ચ પૂરો થઈ જાય એટલે ખરેખર ટેક્સ લેવાનું બંધ કરવું જોઈએ. પણ તેમણે ચાલુ રાખ્યો છે કેન્દ્ર સરકારે, એટલે મારી તો પહેલી એ વિનંતી છે કે કેન્દ્ર સરકાર જ્યારે આવક આવી જાય ત્યાર પછી ટોલ ટેક્સ લેવાનો બંધ કરવો જોઈએ. એ રીતે રાજય સરકાર માત્ર આઠ જેટલા ટોલ પ્લાઝા ઉપર ટેક્સ ઉઘરાવે છે અને એ પણ માત્ર જ્યાં બ્રિજ બાંધ્યા હશે, ઓવરબ્રિજ કર્યા છે તેના ઉપર જ ઉઘરાવે છે અને ૧૦ રૂપિયાથી વધારે ટેક્સ આપણે લેતા

નથી અને આવક પૂરી થાય એટલે આપણે ટોલ ટેક્સ લેવાનું બંધ કરી દઈએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં બાયપાસની વાત કરતા હતા ગોધરામાં, મેશ્રી નદી પરનો પુલ ટૂંક સમયમાં, એકાદ મહિનાની અંદર એ કામ પૂર્ણ થશે. ભારત સરકાર દ્વારા જે કામ કરવાનું બાકી છે, બાયપાસનું એ આપનું કામ બાકી છે. એટલે ઉઘરાણી ત્યાં કરીએ તો વધારે સારું રહેશે એવું છે. ઈકબાલભાઈએ હમણાં કહ્યું કેન્દ્ર સરકાર, નેશનલ હાઈવે સુંદર મજાના.. સાહેબ, આભાર કેન્દ્ર સરકારનો. પણ પ્રજા ઉપર પેટ્રોલ અને ડિઝલ ઉપર ટોલ ટેક્સ નાખો છો તમે અને તેમાંથી સેસ ઉઘરાવો છો એ સેસમાંથી આ રસ્તાઓ બનાવવામાં આવે છે અને એટલા માટે કેન્દ્ર સરકાર કંઈ પોતાના ખિસ્સામાંથી કાઢીને આપણને આપતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન. ૧લી મે- ૧૯૬૦માં જ્યારે ગુજરાત રાજયની સ્થાપના થઈ, એ સમયે માર્ગ અને મકાન વિભાગ અલગ હતો જ નહીં, પી.ડબલ્યુ.ડી.માં માર્ગ અને મકાન વિભાગ ચાલતો હતો ત્યારે સૌ ધારાસભ્યશ્રીઓના ધ્યાને હું મૂકું કે ત્યારે માર્ગ અને મકાનનું બજૅટ હતું ૧ કરોડ અને ૯૧ લાખ રૂપિયાનું બજૅટ ૧૯૬૦માં માર્ગ અને મકાન વિભાગને આપ્યું હતું. ૧૯૭૮-૭૯માં માર્ગ અને મકાન વિભાગ અલગ પડ્યો. તે વખતે ૧ કરોડ ૯૧ લાખમાંથી બજૅટ વધતું વધતું ૧૮ વર્ષના અંતે ૧૭ કરોડ થયું જોષીયારાજી સાહેબ. અને ત્યાર પછી..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ મને જ કહો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ૧૯૭૮-૭૯ પછી,૧૯૯૧-૯૨નું બજૅટ જોઈએ તો રૂ.૮૭/- કરોડ, ૧૯૯૨-૯૩ના બજૅટમાં રૂ.૯૫/- કરોડ આમ સો કરોડ રૂપિયાનો આંકડો ઓળંગ્યો નથી. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ૧૯૯૮-૯૯માં રૂ.૩૯૧/- કરોડનું બજૅટ થયું.૧૯૯૯-૨૦૦૦માં રૂ.૪૬૨/- કરોડ શ્રી સી.કે. રાઉલજી જ્યારે માર્ગ અને મકાન મંત્રી હતા, મને બેઠાં બેઠાં વિચાર આવ્યો ત્યારે એ સમયના આંકડા જોયા. (અંતરાય) આપને ચૂંટણી જીતાડવા ૧૫ દિવસ ગોધરામાં રોકાયા હતા અને પછી માર્ગ અને મકાન મંત્રી બનવાનો વારો આવ્યો હતો. આપના સમયમાં ૧૯૯૭-૯૮માં રૂ.૧૮૭ કરોડનું બજૅટ હતું. આપ કહો છો કે મારા વિસ્તારમાં રોડ નથી થયા તો આપ માર્ગ અને મકાન મંત્રી થયા હતા એ જ વખતે કરી દીધા હોત તો આજે તકલીફ ન થઈ હોત. ૧૯૮૫-૮૬માં રૂ.૩૯/- કરોડ, ૧૯૮૬-૮૭માં રૂ.૪૦/- કરોડ, ૧૯૮૭-૮૮માં રૂ.૪૧/- કરોડ, ૧૯૮૮-૮૯માં રૂ.૪૪/- કરોડનું બજૅટ. આ બજૅટમાં કેટલા કામો થઈ શકે તે આપ સૌ વિચાર કરી શકો છો. ૧૯૯૧-૯૨થી ૧૯૯૯-૨૦૦૦ સુધીના ટોટલ નવ વર્ષના બજૅટના આંકડા લીધા તો એમાં નવ વર્ષમાં કુલ રૂ.૧૫૬૪/- કરોડનું બજૅટ હતું. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને શ્રી નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી બન્યા પછી ૨૦૦૨-૦૩થી ૨૦૧૦-૨૦૧૧ના નવ વર્ષના બજૅટની સરખામણી કરવા સરવાળો કર્યો. તો બજૅટ થયું રૂ.૧૩૮૦૬/- કરોડનું. છેલ્લા નવ વર્ષમાં ગુજરાત રાજયના રસ્તાઓ સારા, સુદ્રઢ, પહોળા અને દસ મીટરની લંબાઈના, બ્રિજ વગેરે બને એટલા માટે રાજય સરકારે પ્રયાસ કર્યો છે અને એના પરિણામ આપ સૌ જોઈ રહ્યા છો.

માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષે આ સભાગૃહની અંદર રૂ.૨૦૭૫/- કરોડની માગણીઓ લઈને આવી હતી. મને આનંદ થાય છે કે, ફાળવેલ બધી જ રકમનો ઉપયોગ રાજય સરકારે કરી દીધો છે અને ઉપરથી વધારાના રૂ.૪૫૦/- કરોડની માગણી આ સભાગૃહ સમક્ષ લાવી છું અને રૂ.૪૫૦/- કરોડની વધારાની માગણી મળશે અને એમ કરીને રાજય સરકારે માર્ગ અને મકાન વિભાગમાં ૧૨૦ ટકા જેટલી સિદ્ધિ હાંસલ કરી છે.એના માટે માર્ગ અને મકાન વિભાગના સૌ અધિકારીઓને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. વર્ષ ૨૦૧૦-૧૧ના માર્ગ અને મકાન વિભાગના બજૅટમાં રૂ.૨૯૨૭/- કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. ગત વર્ષનું બજૅટ છે એમાં રૂ.૮૫૨/- કરોડ જેટલો વધારો આ બજૅટની અંદર મૂકવામાં આવ્યો છે અને રૂ.૨૭૪૭/- કરોડનું આયોજન માર્ગોના વિકાસની અંદર આપણે કર્યું છે. જે ગત વર્ષે રૂ.૧૯૧૮/- કરોડનું કર્યું હતું. એમાં રૂ.૮૨૯/- કરોડનો વધારો થયો છે. એટલે કે, ૪૩ ટકા બજૅટમાં વધારો કરવા બદલ માનનીય નાણા મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સર્વાંગી વિકાસ માટે ઉત્તમ, અદ્યતન રસ્તાઓનું નૅટવર્ક હોવું જોઈએ. જિલ્લા-જિલ્લાને જોડતા માર્ગો હોવા જોઈએ, જિલ્લા અને તાલુકાને જોડતા માર્ગો હોવા જોઈએ, બંદરોને જોડતા માર્ગો હોવા જોઈએ, ગામડાઓને જોડતા માર્ગો હોવા જોઈએ. એ ઉપરાંત મહાનગરપાલિકાઓને જોડતા રસ્તાઓ, નગરપાલિકાઓમાંથી પસાર થતા રસ્તાઓ છે એ પણ સારા સુદ્રઢ બનાવવા જોઈએ અને એ બધાને ધ્યાનમાં રાખીને રાજય સરકારે આટલું મોટું બજૅટ આપણને આપ્યું છે. જ્યારે ૨૦૧૦-૧૧માં આપણા ગુજરાતની પચાસમી વર્ષ ગાંઠ ઉજવી રહ્યા છીએ ત્યારે ગુજરાતના માર્ગો સારા બને, સુદ્રઢ બને, મજબૂત બને, પહોળા બને એના માટેનો વિચાર કરી રહ્યા છીએ અને એના માટે આટલું જંગી બજૅટ ફાળવવામાં આવ્યું છે. બધાજ વર્ગના લોકોને એનો લાભ મળે એ માટે રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગે આયોજન કર્યું છે. વન બંધુ યોજના માટે રૂ.૪૯૮/- કરોડ ફાળવવામાં આવ્યા છે, અનુસૂચિત જાતિ ધરાવતા વિસ્તારના કામો માટે રૂ.૧૭૯/- કરોડ, સાગર ખેડુ માટે રૂ.૧૧૦/- કરોડ, ગ્રામ્ય રસ્તાઓ માટે રૂ.૯૮૦/- કરોડ, ગ્રામ્ય હાઈવે માટે રૂ.૮૫૩/- કરોડ, શહેરી વિસ્તારના રસ્તાઓ માટે રૂ.૫૦૦/- કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ અને પશ્ચિમ ઉત્તર અને દક્ષિણના રસ્તાઓનો પણ સર્વાંગી વિકાસ થાય એના માટે પણ આપણે પ્રયત્ન કર્યો છે અને એના માટે

થોડાક હું રસ્તાની વાત કરી લઈશ. કચ્છ જિલ્લામાં ૧૯૫ કરોડ, તો ડાંગ જિલ્લાની અંદર ૧૧૦ કરોડ, જામનગર જિલ્લામાં ૧૭૧ કરોડ, તો પંચમહાલ જિલ્લાની અંદર ૧૪૧ કરોડ, સાબરકાંઠા જિલ્લામાં ૨૧૮ કરોડ, તો ભાવનગર જિલ્લાની અંદર ૧૮૩ કરોડ, બનાસકાંઠા જિલ્લામાં ૧૩૩ કરોડ તો સુરત જિલ્લામાં ૧૪૫ કરોડ આમ બધા જ જિલ્લાઓ ધ્યાનમાં રાખીને આ બજેટનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્ય યોજનામાં આપણી પ્રગતિપથ છે, વિકાસપથ છે અને કિસાનપથ છે. પ્રગતિપથની અંદર ૮૯ ટકાની કામગીરી આપણે પૂર્ણ કરી છે અને ૨૧૬ કિલોમીટરની કામગીરી પ્રગતિ હેઠળ છે. અને ૨૯૭ કિલોમીટરની કામગીરી ટૂંકમાં શરૂ થનાર છે જે આપણે ૨૦૧૧ની અંદર પૂર્ણ કરી દઈશું. વિકાસપથ યોજના હેઠળ ૧૩૧ નગરોની અંદરથી પસાર થતા રસ્તાઓ જેમની લંબાઈ ૫૫૫ કિલોમીટર છે એમને ચાર માર્ગીય કરીએ છીએ, ફૂટપાથ, સ્ટ્રીટ લાઈટ, પાર્કિંગ ડ્રેનેજ વ્યવસ્થા વગેરે ઉત્તમ સગવડો પણ એની સાથે જોડાયેલી છે. ૪૬ કિલોમીટર લંબાઈના પ્રગતિ હેઠળના કામો અને ૮૪ કિલોમીટરની લંબાઈના ટૂંકમાં શરૂ થનાર કામો જે પૂર્ણ થયેથી નગરોના અન્ય રસ્તાઓને પણ આ પ્રકારની સુવિધાઓ પ્રાપ્ત થશે. આ વર્ષના બજેટની અંદર એક નવું કામ પણ આપણે ઉમેરી રહ્યા છીએ, સામાન્ય રીતે આપણે જે વિકાસપથ યોજના છે એ નગરપાલિકાઓની વચ્ચેથી પસાર થતા રસ્તાઓને આપી છે. જ્યારે જિલ્લાનું, તાલુકાનું સ્થળ હોય, તાલુકાપ્લેસ પરંતુ નગરપાલિકા નથી એવા ૮૨ તાલુકાઓ છે એ ૮૨ તાલુકાઓની અંદરથી ૫૩ તાલુકાઓને આ વર્ષે પસંદ કર્યા છે અને એમને પણ વિકાસપથ જેવી સુવિધાઓ આપવા માટે ૨૦૧૦-૧૧ના બજેટની અંદર ૧૫૦ કરોડની જંગી જોગવાઈ કરી છે જેથી આવા જે તાલુકાઓ છે એ તાલુકાઓને પણ સારા રસ્તાઓ, ફૂટપાથ વગેરે પણ એમને મળશે. કિસાનપથ યોજના એ ગામડાઓની સાથે રસ્તાઓ જોડાય એના માટેની છે. ૩૧૭૮ ગામોને લાભ આપતી ૮૫૩૧ કિલોમીટરની લંબાઈની સુધારણાના કામો મંજૂર કર્યા, જેમાંથી ૪૮૮૨ કિલોમીટર લંબાઈના કામો આપણે પૂર્ણ કર્યા છે અને એનો લાભ ૧૮૩૨ ગામોને મળ્યો છે. ચાલુ વર્ષે ૧૪૪૩ ગામોને ૨૯૫૪ કિલોમીટરની લંબાઈની સુધારણા માટે ૫૩૪ કરોડના કામો આપણે મંજૂર કર્યા છે. જેમ જેમ વિકાસ વધતો જાય છે, ઇન્ડસ્ટ્રીઝ આવતી જાય છે એમ માર્ગ અને મકાનની વ્યવસ્થાઓ પણ આપણે ઉભી કરવી જ પડે. અને એટલા માટે ખાનગીકરણ પણ આની અંદર આપણે લઈએ છીએ. પહેલા અમદાવાદ-વિરમગામ- માળીયા ૧૮૦ કિલોમીટર , રાજકોટ- જામનગર -વાડીનાર ૧૩૧ કિલોમીટર અને હાલોલ-ગોધરા-શામળાજી ૧૭૩ કિલોમીટર માર્ગોને ચાર માર્ગીકરણની કામગીરી પૂરજોશની અંદર અત્યારે હાલ ચાલુ છે અને લગભગ દોઢ વર્ષના ગાળાની અંદર આ ત્રણેય માર્ગો આપણે પૂર્ણ કરી દઈશું. ૪૮૪ કિલોમીટર જેટલા વધારાના ચાર માર્ગીય રસ્તા ઉપલબ્ધ થતા ૧૫૫૩ કિલોમીટર લંબાઈના ચાર માર્ગીય રસ્તાઓ આપણે મેળવી શકીશું. એ જ રીતે ૧૦ મીટર પહોળા રસ્તાઓ કરવાની કામગીરી પણ આપણે લેતા હોઈએ છીએ અને એમાં ડીસા-પાથાવાડા-ગુનરી ૪૪ કિલોમીટરનો રોડ આપણે લઈએ છીએ. ૧૦ મીટર પહોળો કરવાના છીએ અને એનો ખર્ચ થશે ૪૮ કરોડ રૂપિયાનો ખર્ચ થશે અને કામની શરૂઆત આપણે કરી છે. એ ઉપરાંત ભુજ-ભચાઉ ૭૭ કિલોમીટર ૨૫૭ કરોડ રૂપિયાથી ૧૦ મીટર પહોળો કરવા જઈ રહ્યા છીએ. નખત્રાણા-ધડુલી-પાનેન્ધ્રો ૭૯ કિલોમીટર એનો ખર્ચ થશે ૨૦૩ કરોડ ૧૦ મીટર પહોળો કરવાના છીએ. બગોદરા-વટામણ-તારાપુર-વાંસદ ૧૦૧ કિલોમીટર રસ્તાને ૮૮૪ કરોડના રોકાણથી છ માર્ગીય કરવાનું આપણે આયોજન કર્યુ છે. ગ્રામ્ય માર્ગોને પણ આપણે એટલું જ પ્રાધાન્ય આપ્યું છે. ગ્રામ પણ હવે તો ઉત્પાદનના કેન્દ્રો બનવા જઈ રહ્યા છે. એટલા માટે એમના રસ્તાઓ પણ જિલ્લા અને તાલુકા સુધી જોડાયેલા હોવા જોઈએ અને એમનું જીવન પણ સારું બને એના માટેના પ્રયાસો રાજ્ય સરકાર કરે છે. સમાજ સમરસ બને, અર્થતંત્ર સુયોજિત બને અને એ પણ વિકાસની નવી ક્ષિતિજો આંબી શકે એના માટે કાર્ય આરંભ્યું છે. જે રીતે સરકારે ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી ગામડાને આપી છે, પીવાના પાણીની સુવિધા ગામડે ગામડે પહોંચાડી છે એમ ગામડાના રસ્તાઓ પણ એક બીજા સાથે જોડાય એના માટે ૨૦૦૯-૧૦માં ૧૪૦૦ કરોડના ગ્રામ્ય માર્ગોના કામો આપણે લીધા હતા. હવે મુખ્ય જિલ્લા માર્ગોની પાછળ કિસાન પથ યોજના, ખાસ અંગભૂત યોજના, નવીન રસ્તા બનાવવા અને ૨૫૦ ઓછી વસ્તીવાળા આદિજાતિ વિસ્તારના ગામોને પહેલીવાર જોડાણ આપવા માગીએ છીએ. ગ્રામીણ રસ્તાઓની સુધારણા ૨૦૦૯-૧૦માં ૭૨૦૯ કિલોમીટરની કામગીરી આપણે ૧૩૬૭ કરોડના ખર્ચે પૂર્ણ કરી દીધી છે અને ૪૭૩ ગામોને પહેલીવાર ડામર સપાટીવાળા રસ્તાઓ આપ્યા છે. ૫૮૬૮ કિલોમીટરની કામગીરી ૯૧૫ કરોડના ખર્ચે અત્યારે પ્રગતિ હેઠળ છે. શહેરીકરણ વધી રહ્યું છે અને રાજ્યમાં ૪૦ ટકા વસ્તી શહેરોમાં વસે છે. વર્ષ ૨૦૧૧-૧૨ સુધીમાં ૫૦ ટકા સુધી શહેરોમાં વસ્તી વધે એવી આપણી ધારણા છે. એટલા માટે અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, ભાવનગર, વડોદરા અને જુનાગઢ જેવા મહાનગરોને જોડતા રસ્તાઓને પહોળા બનાવવાનું આયોજન રાજ્ય સરકારે કર્યું છે. એના માટે અમદાવાદ-ભાવનગર વાયા ધોલેરા-ધોળકા ૧૦ મીટર પહોળો રસ્તો કરવા માટે ૨૨૨ કરોડ રૂપિયા આપણે ખર્ચવા જઈ રહ્યા છીએ. જહાંગીરપુરા-વરીયા-નવી પારડી, સુરતનો રસ્તો ચાર માર્ગીય કરવા માટે ૪૨ કરોડનું આયોજન કર્યું છે. આંબલી-બોપા-ઘુમા-સાણંદ ૧૦ મીટર અને ચાર માર્ગીય ૧૫ કરોડનો ખર્ચ થવા જઈ રહ્યો છે. થલતેજ-શીલજ-રાંચરડા ૧૦ મીટર ચાર માર્ગીય બનાવવા માટે ૧૫ કરોડની જોગવાઈ કરી છે. એ ઉપરાંત રાજકોટ-જામનગર, બગોદરા-ભાવનગરને ચાર માર્ગીય કરવાની કામગીરી ખાનગીકરણના ધોરણે કરવાનું આપણે આયોજન કર્યું છે. ગુજરાત સૌથી લાંબામાં લાંબો દરિયાકિનારો ધરાવે છે અને ૧૬૦૦ કિલોમીટરનો

દરિયા કિનારો આપણે ત્યાં છે અને વ્યૂહાત્મક દ્રષ્ટિએ પણ પણ એ મહત્ત્વનો છે. એટલા માટે માર્ગોની આંતર માળખાકીય સગવડો આ બાજુએ પણ હોવી જોઈએ. બંદરો સુધી માલ પહોંચાડવાના વાહન-વ્યવહારમાં સતત વધારો પણ થઈ રહ્યો છે. એટલા માટે ૫૫૯ કરોડના ૧૫ રસ્તા આપણે મંજૂર કર્યા છે અને એમાં જે રસ્તાઓ આપણે મંજૂર કરીશું એ બે વર્ષમાં પૂર્ણ કરીશું. એમાં જે ૧૫ રસ્તાઓ આપણે મંજૂર કરવાના છીએ એમાં ભરૂચ-દહેજ ૨૦૦ કરોડ, મોરબી-બાયપાસ-નવલખી ૭૫ કરોડ, દ્વારકા-મીઠાપુર-ઓખા ૪૫ કરોડ, નલીયા-જખૌ ૩૭ કરોડ, ઘોઘા બંદરથી તણસા ૩૪ કરોડ, સીરાછા-મુંદ્રા ૨૪ કરોડ, રોરો પૉઈન્ટથી નેશનલ હાઈવે ૨૪ કરોડ, સુત્રાપાડાથી નેશનલ હાઈવે ૨૨ કરોડ, સંજાણ-નારગોલ ૨૦ કરોડ, રાજુલા-જાફરાબાદ ૨૦ કરોડ, મુંદ્રા-લુડી-વડાલા ૧૭ કરોડ, છારા બંદર નેશનલ હાઈવે ૧૫ કરોડ, બીલીમોરા નગરપાલિકાથી ધોલાઈ બંદર ૧૦ કરોડ, જૂના દહેજથી દહેજ ૯ કરોડ, સિક્કા પાટિયાથી સિક્કા ૭ કરોડ, ભાવનગર અલંગ માર્ગને ખાનગીકરણ ધોરણે ચાર માર્ગીય કરવાની દરખાસ્ત ભારત સરકારને વિચારણા કરવા માટે મોકલી આપી છે. હું ઈચ્છું કે ભારત સરકાર તાત્કાલિક મંજૂરી આપે. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં જ્યારે કરોડો રૂપિયાના જંગી મૂડી રોકાણો ગુજરાતમાં આવ્યા છે, એના લીધે ટ્રાફિક પણ વધશે. એ ઉપરાંત એસ.આઈ.આર, એસ.ઈ.ઝેડ, ઔદ્યોગિક વિસ્તારોના વિકાસ માટે રસ્તાઓની આંતર માળખાકીય સુવિધાઓ આપણે ઊભી કરવી જ પડશે. એટલા માટે ૪૧૧ કરોડની રકમના ૨૦ રસ્તાના કામોને આપણે મંજૂર કર્યા છે. જે પૈકી ૧૬૭ કરોડની રકમથી ૯ રસ્તાના કામો આપણે પૂર્ણ કરી દીધા છે. ૧૬૮ કરોડની રકમના ૧૧ રસ્તાના કામો પ્રગતિ હેઠળ છે. એ ઉપરાંત દેરોલ-દયાપરા-નબીપુર રસ્તો ૯૫ કરોડ, ભુજ-લખપત રસ્તો ૧૭ કરોડનો પણ એમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૫૦ કરોડની રકમના ૬ રસ્તાઓ જે હાથ ઉપર આપણે લેવા ભાગીએ છીએ એમાં સાવલી-હાલોલ ૪૦ કરોડ, તારાપુર ચોકડીથી ખંભાત ૪૦ કરોડ, પ્રાગપર-ધ્રૂપ ૨૬ કરોડ, નેશનલ હાઈવે કલગામ-મરોલી ૨૪ કરોડ, રાજ્ય ધોરીમાર્ગથી ધોલેરા ૧૨ કરોડ, વાડીનાર એપ્રોચ ૮ કરોડ . માનનીય અધ્યક્ષશ્રી, હમણાં પૂલોની વાત થતી હતી. નદી આવે, નાળાઓ આવે, વરસાદ પડે ૮-૧૦ દિવસ સુધી નદીની અંદરથી પસાર ના થઈ શકાય અને નદીની અંદરથી વચ્ચે થઈને પણ અનેક લોકોને પસાર થવું પડે એવી પરિસ્થિતિ ગુજરાતની અંદર હતી અને એટલા જ માટે પુલોને પણ આપણે અગ્રીમતા આપીને એમાં ૨૦૦૯-૧૦ ની અંદર આપણે ૧૭ પુલોનું કામ ૩૧ કરોડના ખર્ચે આપણે પૂર્ણ કર્યા છે અને હવે જે આપણે લેવા જઈ રહ્યાં છીએ એમાં ખેડા જિલ્લામાં કપડવંજ-ઉત્કંઠેશ્વર માર્ગ પર વારણસી નદી પર પુલ એમાં ૫ કરોડ રૂપિયા. વડોદરા જિલ્લામાં બહાદુરપુર-સંખેડા-ભાટપુર માર્ગ ઉચ્છ નદી પર ૪ કરોડ. બનાસકાંઠા જિલ્લામાં કપાસીયા-ખરોતરા માર્ગ પર બનાસ નદી પરનો પુલ ૩ કરોડ અને સાબરકાંઠા જિલ્લામાં બ્રમ્હપુરી-ચિત્રોડા માર્ગ ઉપર બેસતા નદી પર બે કરોડનો પુલ આપણે આયોજનમાં લીધો છે. એ ઉપરાંત ૩૪ પૂલોના કામો અત્યારે હાલ પ્રગતિ હેઠળ છે તે ટૂંક સમયની અંદર પૂર્ણ થશે. જેમાં ૨૧૨ કરોડ રૂપિયાનો આપણે સમાવેશ કર્યો છે અને હવે જે આપણે નવા પૂલ લેવાના છીએ એમાં વલસાડ જિલ્લામાં નારગોલખાડી-કોઠારખાડી અને વાલોળ નદી ઉપરનો પૂલ ૫૨ કરોડ રૂપિયાના ખર્ચે આપણે બાંધવાના છીએ. આ આઝાદીના આટલા વર્ષો પછી પહેલીવાર આ ખાડીની અંદર આ પૂલ બની રહ્યાં છે મિત્રો, પોરબંદર જિલ્લામાં પોરબંદર-મિયાંણી રોડ પરનો જ્યુબીલી પૂલ ૧૪ કરોડના ખર્ચે બંધાશે. પંચમહાલ જિલ્લામાં ગોધરા-પાનમ-મૂડેત માર્ગ પર પાનમ નદી ઉપરનો પૂલ ૧૩ કરોડના ખર્ચે, વડોદરા જિલ્લામાં વણાંત-ઉમચ રોડ પર ઢાંઢર નદી પરનો પૂલ ૯ કરોડના ખર્ચે આપણે કરવા જઈ રહ્યાં છીએ. ૨૦૧૦-૧૧માં ૩૩ પૂલો આપણે લેવાના છીએ. ૨૧૮ કરોડના કામો એની ઉપર મોટા પૂલો થવાના છે અને એ મોટા પૂલોનો જે ખર્ચ છે એમાં અમરેલી જિલ્લામાં ગાગડીયો, શેત્રુંજી-ધાંતરવાડી-ખારો-સાંતળી તથા વડી-ઠેબી નદી પરનો પૂલ ૫૫ કરોડ રૂપિયા, સુરેન્દ્રનગર જિલ્લામાં ભોગાવો નદી ઉપર ૩ પૂલ અને બ્રાહ્મણી નદી પર એક પૂલ કુલ રકમ ૨૩ કરોડ. દાહોદ જિલ્લામાં સુખી અને પાનમ નદી ઉપરનો પૂલ ૧૭ કરોડ રૂપિયા, પાટણ જિલ્લામાં બનાસનદી પર ૧૩ કરોડનો પૂલ. સાબરકાંઠામાં માજુમ-મેશ્વો નદી પર ૧૨ કરોડના ખર્ચે પૂલ બંધાશે.

માનનીય અધ્યક્ષશ્રી, એ ઉપરાંત ૫૪ પૂલોનો સરવે અને નકશા-અંદાજો બનાવવવાની કામગીરી પણ અમે છેલ્લા ૩ વર્ષથી કરતા હતા એ પણ અમે પૂર્ણ કરી દીધી છે અને એમાંથી ૨૪ પૂલોના કામના નકશા-અંદાજ જૂન-૨૦૧૦ સુધીમાં પૂર્ણ થનાર છે અને એમાંથી ૨૦૧૦-૧૧ માં ૩૫ પૂલો પૈકી કેટલાક પૂલોનો આપણે સમાવેશ કરીશું. સુરત જિલ્લામાં તાપી, ઓલણ અને પૂર્ણા નદી પર બે પૂલ ૪૪ કરોડના ખર્ચે અને પંચમહાલ જિલ્લામાં પાનમ તથા ગોમા નદી ઉપર પૂલ જેની પાછળ ૨૦ કરોડ રૂપિયાના ખર્ચે થશે.

માનનીય અધ્યક્ષશ્રી, બધા પૂલોના નામ અહીંયા બોલતી નથી પણ મોટા મોટા પૂલો છે એની વાત મેં સભાગૃહ સમક્ષ કરી છે. ભાવનગર પાસે લાકડીયો પૂલ છે. ગુજરાતનો પહેલો ટેબલ સ્ટેન્ડ પૂલ થશે અને એ ૨૮ કરોડ રૂપિયાના ખર્ચથી આપણે કરશું. આજ સુધીમાં આવો ટેબલ સ્ટેન્ડ પૂલ કયાંય બન્યો નથી, પહેલીવાર આપણે બનાવી રહ્યાં છીએ. માર્ચ-૨૦૧૧ સુધીમાં આ પૂલનું કામ પણ આપણે પૂર્ણ કરીશું અને આ રાજ્ય સરકાર જે બોલે છે એ કરીને બતાવે છે. અમે ખાતમુર્હુત કરીએ તો ઉદ્‌ઘાટન પણ અમે જ કરીએ છીએ એ રાજ્ય સરકારનો સિધ્ધાંત છે અને એના આધારે હું આ બધું બોલી રહી છું કે સમય મર્યાદાની અંદર આ બધુજ કામ અમે પૂર્ણ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનો મોટાભાગનો વાહન-વ્યવહાર એ રાજ્ય ધોરીમાર્ગો ઉપરથી પસાર થાય છે અને એ પણ ધોરીનસ સમાન કામગીરી કરે છે અને એટલા જ માટે માર્ગોની અસરકારકતા અને સલામતી વધારવાની સાથોસાથ આવા માર્ગોને રાજ્ય ધોરીમાર્ગોની કામગીરી પણ આપણે હાથ ઉપર લીધી છે એમાં પાટણ-ઉંઝા-વીસનગર ૪૨ કિલોમિટર, અંકલેશ્વર-રાજપીપળા ૬૨ કિલોમિટર, ભૂજ-દેશલપર નલીયા ૬૫ કિલોમિટર, ઉચ્છલ-નિર્ઝર ૭૫ કિલોમિટરનો સમાવેશ એ ઉપરાંત ૨૦૦૯-૧૦માં ૭૭ કિલોમિટરના માર્ગોને ચારમાર્ગીય કરવા ૨૦૭ કરોડના કામો આપણે મંજૂર કર્યા હતા એમાંથી ૪૦ કિલોમિટરની કામગીરી પ્રગતિ હેઠળ છે અને ૩૭ કિલોમિટરની કામગીરી શરૂ થવામાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ ઉપરાંત ૨૦૦૯-૧૦માં ૫૫૦ કિલોમિટરની લંબાઈને દ્વિમાર્ગીય કરવા માટે ૩૨૭ કરોડના કામો આપણે મંજૂર કર્યા હતા. એમાં ૧૮૬ કિલોમિટરની કામગીરી આપણે પૂર્ણ કરી દીધી છે. ૩૯૪ કિલોમિટરની કામગીરી અત્યારે પ્રગતિ હેઠળ છે અને ૪૩૩ કિલોમિટરની કામગીરી શરૂ થવામાં છે. જે રાજ્ય ધોરીમાર્ગ ઉપર જે વાહન પસાર થતાં હશે એમને વધારે સારી સગવડો પ્રાપ્ત થશે. :માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાને જિલ્લા સાથે એક રસ્તો કમ સે કમ જોડાય એવું  એક સ્વપ્ન રાજયના મુખ્ય મંત્રીશ્રીનું છે અને એવા રસ્તાઓને દસ મીટર પહોળા કરવા માટે પણ આ વખતના બજૅટની અંદર આપણે જોગવાઈ કરી છે અને એના માટે સો કરોડની જોગવાઈ કરી છે. ૨૦૦૯-૧૦માં ૧૪૪ કરોડના ૧૮ રસ્તાઓના કામો આપણે પૂર્ણ કરી દીધા અને ૨૪૭ કરોડના ૩૬ રસ્તાઓના કામો પ્રગતિ હેઠળ છે અને હવે નવા બજૅટની અંદર હિંમતનગર-ઈડર-ખેડબ્રહ્મા, ૩૭ કરોડ રૂપિયા,  સાણંદ- બાવળા, ૨૨ કરોડ રૂપિયા અને ૨૦૧૦-૧૧માં ૭૧૭ કરોડના ખર્ચે, ૩૯ રસ્તાઓના કામો આપણે લઈશું, એમાંથી મોટાભાગે મહેસાણા-રાધનપુર ૬૮ કરોડ , અંકલેશ્વર-રાજપીપળા ૪૪ કરોડ, વલભીપુર-ઉમરાળા-રંધોળા ૪૨ કરોડ,  પાટણ-ઉંઝા-વિસનગર ૪૨ કરોડ, ગાંધીનગર-મહુડી ૨૬ કરોડ અને એ ઉપરાંત બીજા રસ્તાઓનો પણ સમાવેશ આમાં થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં વરસાદ પડે, નદીઓમાં પૂર આવે અને એને કારણે ગામોને સ્થળાંતર કરવું પડે અને સાથે સાથે રસ્તાઓ તૂટી જાય, નાળાઓ તૂટી જાય, ગામના લોકોને બહાર નીકળવું મુશ્કેલ બને, ચાર-પાંચ દિવસ સુધી બહાર ન જઈ શકે એવી સ્થિતિમાં પણ હતા, કોઈ બહેનને ડિલિવરી આવવાની હોય તોપણ એને હોસ્પિટલમાં ન લઈ જઈ શકાય અને ઈશ્વર ભરોસે છોડી દેવાની અનેક ઘટનાઓ તમે અને મેં બધાએ જોઈ છે અને એટલે રાજયના મુખ્ય મંત્રીશ્રીએ માર્ગ અને મકાન વિભાગને સૂચના આપી કે, જે ગામો છૂટા પડી જાય છે એવા ગામોનો સરવે કરવામાં આવે અને એ ગામને કમ સે કમ એક રસ્તો એવો આપવામાં આવે કે એ બારમાસી હોય, ગમે તેટલું પાણી પડે તો પણ એ ગામનો સંપર્ક આપણે કરી શકીએ. એ પ્રમાણેનો સરવે કરવામાં આવ્યો અને એ સરવેમાં ૧૬૩ ગામો આપણને મળ્યા. માનનીય અધ્યક્ષશ્રી, એમાં ૫૧૨ કરોડના, ૨૨૩ રસ્તાઓના કામોને આપણે મંજૂરી આપી એમાંથી ૩૨ કરોડના ૨૨ રસ્તાઓના કામો આપણે પૂર્ણ કરી દીધા અને ૧૩૨ રસ્તાના કામો અત્યારે પ્રગતિ હેઠળ છે અને બાકીના કામો પણ આપણે આ વર્ષે આપણે પૂરા કરવા ધારીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એક નવું કામ ૨૦૧૦ની અંદર આપણે લીધું રાજયનો પ્રથમ એક્સપ્રૅસ-વે. નેશનલ હાઈવે, એક્સપ્રૅસ હાઈ-વે તો હોય પરંતુ ગુજરાત રાજયનો પ્રથમ એક્સપ્રૅસ વે બનાવવા માટે પણ આપણે જઈ રહ્યા છીએ. આપણે જ્યારે આપણા રાજયને એશિયાના વિકસિત દેશો સાથે સરખામણી કરતા હોઈએ ત્યારે રાજયની અંદર પણ એક્સપ્રૅસ -વે હોવો જરૂરી છે એટલે અમદાવાદથી ભાવનગર વાયા સરખેજ-પીપળી-ધોલેરા આશરે ૧૧૦ કિલોમીટરની લંબાઈના માર્ગને પહેલો એક્સપ્રૅસ -વે તરીકે હાથ ધરવાનું આયોજન રાજય સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ બૅન્ક સહાયિત યોજના, વિશ્વ બૅન્ક તરફથી પણ રાજયના માર્ગો કરવા માટે આપણને મળતા હોય છે, સહાય કરતા હોય છે. એમાં ૧૮૦૦ કરોડના ખર્ચથી ૧૮૫૬ કિલોમીટરના લંબાઈના રસ્તાની સુધારણા આપણે પૂર્ણ કરી છે પરંતુ અહીં ફરિયાદો થતી એ સ્વભાવિક છે, પણ વિશ્વ બૅન્કના તજજ્ઞો જે અહીંયા આવી અને એ જે ગ્રાન્ટ હતી એ ગ્રાન્ટમાંથી આપણે રોડો બનાવ્યા અને એમણે જે રેટિંગ આપ્યું એની વાત મારે આ સભાગૃહ સમક્ષ મૂકવી છે.    વિશ્વ બૅન્કે જૂન-૨૦૦૮ના ઈમ્પ્લીમેન્ટેશન, કમ્પ્લીશન રિપૉર્ટમાં આ યોજનાને ખૂબ જ સંતોષકારક રેટિંગ આપ્યું છે. વિશ્વ બૅન્કે આ યોજના અંદાજીત રકમ કરતાં ઓછી રકમથી, વધુ ગુણવત્તા સાથે સફળતાપૂર્વક પૂર્ણ કરવા પાછળ રાજય સરકારનો સતત સહકાર અને માર્ગદર્શનને કારણભૂત ગણાવેલ છે. ગુજરાત રાજયની આ યોજનાની સફળતાને લક્ષમાં રાખી વિશ્વ બૅન્ક દ્વારા !!ઈન્સ્ટિટયૂશનલ સ્ટ્રેન્ધનીંગ એન્ડ ગુડ ગર્વનન્સ ઈન હાઈ-વે સૅકટર, લર્નીંગ ફૉર્મ ગુજરાત!! અંગેનો અભ્યાસ બે તજજ્ઞો દ્વારા નવૅમ્બર, ડિસૅમ્બર-૨૦૧૦માં હાથ ધરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ બૅન્ક સહાયિત ૨૧૦૦ કરોડની નવી યોજના વિશ્વ બૅન્ક સ્તરે મંજૂરી માટે આપણે મોકલી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય ધોરી માર્ગ- ૩૨૩૩ કિલોમીટરમાંથી ૧૨૯૯ કિલોમીટર નેશનલ હાઈ-વે બન્યા, જ્યારે ૧૯૩૪ કિલોમીટરની કામગીરી રાજય સરકાર દ્વારા સડક પરિવહન અને રાજય માર્ગ મંત્રાલય વતીથી કરવામાં આવી. નેશનલ હાઈ-વે માટે ચાર કે છ માર્ગીય રસ્તાઓ માટે રાજય સરકાર દ્વારા જમીન સંપાદન, ફૉરૅસ્ટ કલીયરન્સ અને યુટિલીટી શીફટીંગની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. અને મને આશા છે કે, હવે આ કામગીરી જ્યારે પૂર્ણ થઈ છે ત્યારે આ કેન્દ્ર સરકાર આ હાઈ-વેને મંજૂર કરે. માનનીય અધ્યક્ષશ્રી,

ગઈ કાલે જ્યારે જમીન સંપાદનનો વિષય આવ્યો..ત્યારે એમ કહેવામાં આવતું હતું કે રાજય સરકાર શું કામ આમાં પડે છે? મારે શકિતસિંહભાઈને એટલું જ પૂછવું છે કે જયારે રાષ્ટ્રીય ધોરી માર્ગો બની રહયા છે અને જમીન સંપાદન કરવાની છે ત્યારે હવે રાજય સરકાર જમીન સંપાદન કરે કે પછી નેશનલ હાઈવે ઓથોરીટી આવીને જમીન સંપાદન કરશે? આ પ્રશ્ન આપણા સૌના માટે છે અને એટલા માટે કોઈપણ કેન્દ્ર સરકારની યોજના બનવાની હોય કે રાજય સરકારનું સાહસ હોય તો એના માટે જે જમીન સંપાદન કરવાની હોય છે એ રાજય સરકાર જ કરતી હોય છે. રાજય સરકારે જે કામગીરી હાથ ઉપર લેવાની છે એમાં પોરબંદર ખાતે ૪૯.૫૭કરોડના ખર્ચે ચાર માર્ગીય ફલાયઓવર કમ રેલ્વે ઓવરબ્રીજ, સનાથલથી ચાંગોદર વચ્ચેની આઠ કિલોમીટર લંબાઈનો ૪૨.૫૧કરોડના ખર્ચે સર્વીસ રોડ છમાર્ગીયકરણ સહિત, ઈસ્કોન ખાતે ૨૨કરોડના ખર્ચે ફલાય ઓવર અને સરખેજ-ગાંધીનગર રસ્તાના ૧૩ કિલોમીટર લંબાઈનો ૨૨.૧૩કરોડના ખર્ચે છમાર્ગીકરણ આપણે રાજય સરકાર દ્વારા આ નેશનલ હાઈવે બનશે. દાંડીમાર્ગ ૨૦૦૫ની અંદર દેશના વડાપ્રધાન..

**અધ્યક્ષશ્રી** : હવે આપની પાસે ૧૦ મિનિટ બાકી છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : સાહેબ, હું સમયસર પૂરું કરીશ પરંતુ ૨૬૮ કિલોમીટરની સુધારના ૧૬૭કરોડની રકમના ડામર કામ મંજૂર થયા હતા. માત્ર દોઢ વર્ષના ટૂંકા ગાળાની અંદર ૧૬૭કરોડના કામો લગભગ આપણે પૂર્ણ કરી દીધા છે અને હવે બીજા તબકકાના દાંડી માર્ગને દસ મીટર પહોળો કરવા પદયાત્રીઓની સગવડતા અને સુરક્ષા માટે બે મીટર પહોળાઈનો વોક વે વાત્રક, મહી, નર્મદા, ખીમ અને મીંઢોળા મોટી એવી નદીઓ ઉપરના પુલ આ બધાની કામગીરી કરવા માટે ૧૭૦૦કરોડની યોજના બનાવીને સપ્ટેમ્બર-૨૦૦૯માં કેન્દ્ર સરકારને મોકલી આપી છે. હું આશા વ્યકત કરું છું કે કેન્દ્ર સરકાર ઝડપથી આ કામ મંજૂર કરે જેને કારણે રાજય સરકાર આ બધા જ કામો પૂર્ણ કરી દે. એ જ રીતે પ્રધાન મંત્રી સડક યોજના એનો તબકકો-૯ એની અંદર ૬૮૨કરોડની રકમના ૮૬૦ રસ્તાના ૨૨૦૨ કિલોમીટર રસ્તાઓની દરખાસ્ત તા.૨૫-૬-૨૦૦૮ કેન્દ્ર સરકારને રજૂ કરી છે જે હજુ સુધી કેન્દ્ર સરકારની અંદર પડતર છે અને અહીં આપણે ગ્રામ્ય માર્ગોની સુધારણાની વાતો કરીએ છીએ. રાજય સરકાર અને માર્ગ અને મકાન વિભાગે મકાનો બનાવવા માટે પણ સગવડતા કરી છે એમાં સુરત ખાતેનું ૨૮કરોડના ખર્ચે પુરુ કર્યું. લીમડી, ધાંગધ્રા તાલુકા સેવા સદન ૧૫કરોડના ખર્ચે પૂરું કર્યું છે. એ ઉપરાંત આ વર્ષના બજેટની અંદર આપણે ૧૪ સેવા સદન બનાવવાના છીએ જેની પાછળ ૧૩૯કરોડનો આપણે ખર્ચ કરવાના છીએ અને રાજયના ૯ સ્થળોએ કેન્દ્રીય કચેરીઓનું આધુનિકરણ કરવા માટે ૨૩કરોડ રૂપિયાનો આપણે ખર્ચ કરીશું. આમ માર્ગ અને મકાન પાછળ જે કરોડો રૂપિયાનો ખર્ચ આપણે કરવા જઈ રહયા છીએ એની કાપ દરખાસ્તો પાછી ખેંચી અને આપણને મંજૂરી આપે. મારે એ ધ્યાન ઉપર મુકવું છે કે કેન્દ્ર સરકાર રાજય સરકારને કેટલો અન્યાય કરી રહી છે? રાષ્ટ્રીય ધોરી માર્ગોના કામમાં ગુજરાત સરકારને ૧૨૫ કરોડ રૂપિયા ૨૦૦૯-૧૦માં આપ્યા. ઉત્તર પ્રદેશને ૨૫૦કરોડ, મહારાષ્ટ્રને ૨૦૮કરોડ, ઓરીસ્સાને ૨૦૦કરોડ અને કર્ણાટકને ૧૯૬કરોડ, રાજસ્થાનને ૧૬૪કરોડ, આંધ્રપ્રદેશને ૧૬૫કરોડ રૂપિયા જયારે ગુજરાતને માત્ર ૧૨૫કરોડ (અંતરાય) આમ મોં ના બગાડો. જે સત્ય છે એ સત્ય છે અને આમના ધ્યાન ઉપર હોવું જ જોઈએ. મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, મારે આ સભાગૃહને જણાવવું છે જે રાજયની અંદર ૫૦ટકા મહિલાઓ હોય, ૨૫ટકા બાળકો હોય. ગુજરાત સરકાર જયારે બની ૧૯૬૦ની અંદર ત્યારે સૌથી પહેલો વિભાગ બનાવવો જોઈતો હતો. એ વખતે મહેસૂલ વિભાગ બનાવ્યો. માર્ગ અને મકાન તો ૧૯૭૮ની અંદર બનાવ્યો પણ જેમ જેમ વિભાગો બનતા ગયા એમાં ૨૦૦૦ની સાલ સુધીમાં મહિલા અને બાળ કલ્યાણ વિભાગ અલગ બન્યો જ નહીં. હતો જ નહીં. જયારે ૨૦૦૧માં આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવ્યા અને અમે માગણી કરી કે આની અંદર મહિલા અને બાળ કલ્યાણ વિભાગ નથી ત્યારે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ બનાવ્યો. એના મંત્રી આવ્યા, એના સચિવ આવ્યા અને એનું બજેટ આવ્યું અને મહિલા અને બાળ કલ્યાણની વાતો કરીએ છીએ. આઈ.સી.ડી.એસ. યુનિટ મને યાદ છે ૧૯૯૮ની અંદર હું પહેલી વખત ચુંટણી જીતીને અહીંયા આવી. ત્યારથી માંડીને પાંચ વર્ષ સુધી મહિલા બાળ કલ્યાણ ઉપર અથવા તો આંગણવાડી વિશે એક પણ પ્રશ્ન પુછાતો નહોતો કારણકે કોઈને ખબર જ નહોતી કે આઈ.સી.ડી.એસ. યુનીટ કયાં ચાલે છે.૧૯૭૫ ની અંદર આઈ.સી.ડી.એસ. યુનિટ શરૂ થયું. ૨૦૦૦ ની સાલ સુધીમાં કોઈને ખબર નહોતી આ રાજ્યની અંદર આંગણવાડી જેવું અસ્તિત્વ છે, જેની અંદર ૨૫ લાખ બાળકો આવતા હોય, સગર્ભા માતાઓ આવતી હોય, ધાત્રી માતાઓ આવતી હોય, એવી આંગણવાડીમાં કામગીરી કેવા પ્રકારની ચાલી રહી છે, એના માટે શું કરવું જોઈએ, એનું કોઈ કામ ન થયું. આરોગ્ય વિભાગ સાથે આ કામ ચાલતું હતું. ૨૦૦૧ ની અંદર આઈ.સી.ડી.એસ. યુનિટ એ મહિલા બાળ કલ્યાણ વિભાગમાં મૂકવામાં આવ્યું. હમણા ઈકબાલભાઈ કહેતા હતા કે મકાનની વાત. તો હું તેમને એટલું જ કહેવાની છું કે આ મકાન અને આંગણવાડીઓ કયાં ચાલતી હતી? આંગણવાડી વર્કરના ઘરમાં ચાલતી હતી, હેલ્પરના ઘરમાં ચાલતી હતી અને મંદિરના ઓટલા ઉપર ચાલતી હતી અને ક્યાંક ગામના સારા સરપંચ હોય તો નાનો ઓટલો આપતા હતા, એની અંદર આંગણવાડીઓ ચાલતી હતી. આ રાજ્ય સરકારે આંગણવાડીઓનાં મકાન બાંધવા માટે પહેલા ૫૦ કરોડ, ગયા વર્ષે ૧૦૦ કરોડ અને આ વખતે ૧૦૦ કરોડ રૂપિયા એમ કરીને ૨૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. એ ઉપરાંત ૨૦૧૨-૨૦૧૩ સુધીમાં રાજ્યની ૪૪,૦૦૦ આંગણવાડીઓને સંપૂર્ણ સુવિધા સાથેનાં

મકાન પ્રાપ્ત થાય એના માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. અત્યાર સુધીમાં ૨૭,૦૦૦ મકાનો રાજ્ય સરકારે બાંધી દીધા છે. બાકીના મકાનો બાંધવા જઈ રહ્યાં છીએ. આંગણવાડી એટલે નાના બાળકોનું સ્થાન, એને રમવાનું સ્થાન એના માટે રમકડા જોઈએ, રમકડા માટે કોઈ વ્યવસ્થા નહોતી. આપણે પ્રજાને કહ્યું કે તમે રમકડા આપો એવી રીતે જનભાગીદારી એની અંદર થાય. અને બાળકોને રમકડા મળ્યા. ટોઈલેટમાં જવા માટેની વ્યવસ્થા નહિ, પીવાના પાણીની વ્યવસ્થા નહિ, રસોઇ કરવા માટેનાં સાધનોની વ્યવસ્થા નહિ, નાનું સરખું કિચન ન હોય, આ પ્રકારની આંગણવાડીઓ વર્ષોથી વર્ષો સુધી ચલાવતા હતા. હવે ધીરે ધીરે કરીને નાનું ટોઈલેટ, પીવાના પાણીની સુવિધા, બાળકોને રમવા માટેનાં સાધનો આ બધુ રાજ્ય સરકાર આપી રહી છે. રસોઇ કરવા માટે લાકડા વપરાય, છાણા વપરાય, કેરોસીન વપરાય અને આ એ જ રૂમમાં આ બધુ થાય. ત્યારે બાળકોના આંખ ઉપર અસર થાય, રસોઇ કરવાવાળા બહેનોના આંખ ઉપર અસર થાય, એટલા માટે રાજય સરકારે આ વર્ષે બજેટમાં ૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે અને અમે દરેક આંગણવાડીઓને આવતા ૩ થી ૪ મહિનામાં એમને એક કૂકર, ગેસની એક સગડી, ગેસનું સિલિન્ડર પૂરા પાડવાના છીએ, જેના કારણે સારી રસોઇ બનાવી શકાય અને ટૂંક સમયમાં સત્વરે સારી રસોઇ બનાવી અને ધુમાડા વગર આ રસોઇ થઈ શકે એના માટેનો આ રાજય સરકારે પ્રયાસ શરૂ કર્યો છે. ખેતીની અંદર મજૂરો કામ કરે, શેરડીના ખેતરમાં કામ કરે, જ્યાં મકાનો બંધાય ત્યાં પણ કામ થતું હોય છે. આવા ઈન્ટીરિયર એરિયાની અંદર માતાઓની સાથે જે બાળકો આવે છે, એમના માટે કોઈ વ્યવસ્થા નથી હોતી અને એટલા માટે એમના માટે આપણે ફરતી મોબાઈલ વાન આપણે શરૂ કરી અને ૧૦ મોબાઈલ વાન આપણે શરૂ કરી છે. અમદાવાદ, રાજકોટ, વડોદરાની અંદર આ મોબાઈલ વાન આવા વિસ્તારોમાં ફરી રહી છે અને ખૂબ સારાં પરિણામો આવ્યાં છે અને એટલા માટે આ વર્ષના બજેટમાં જોગવાઈ કરી છે. છવ્વીસે છવ્વીસ જિલ્લાની અંદર આવી મોબાઈલ આંગણવાડી આપણે આપીએ કે જેને કારણે જ્યાં આવા બાળકો હોય, માતાઓ હોય, ત્યાં એમને ખોરાક પૂરો પાડે. ત્યાં એમને દવા વિગેરે આપે, ત્યાં એ બાળકોને થોડું ભણાવવાનું કામ થાય, જેથી એ બાળકો સમાજના બીજા વર્ગોની સાથે કદમ મીલાવી શકે. આંગણવાડીની બહેનોને કોણ યાદ કરતું હતું? કયાં બહેનો છે? કયાં કામ કરે છે? શું કામ કરે છે, એનું પણ ધ્યાન રાખવામાં નહોતું આવતું એટલા માટે એમની આગવી ઓળખ ઊભી થાય, ગામની અંદર એમનું ગૌરવ વધે અને લોકો પણ એમની ઈજ્જત કરતા થાય કે અમે અમારા ઘરની અંદર એક બાળકને સાચવી નથી શકતા ત્યારે આ આંગણવાડીની બહેનો ૨૫-૩૦ બાળકોને સાચવે છે, ભણાવે છે, ખવડાવે છે અને આરોગ્યની ચિંતા કરે છે. અને એટલા માટે જ તેવી બહેનોની ઓળખ ઊભી થાય, એના માટે વર્ષે બે સાડી બ્લાઉઝ સાથે આપવાની યોજના બની અને ગયા વર્ષે આપી, ચાલુ વર્ષે આપણે એનો પ્રબંધ કરી રહ્યા છીએ. માતા યશોદા એવોર્ડની વાત મારી બહેનોએ કરી છે અને પહેલો નંબર આખા રાજયની અંદર આવે એને ૫૧,૦૦૦ રૂપિયાનું ઇનામ આ રાજય સરકાર આપી રહી છે. કલેકટરો અને ડી.ડી.ઓ. સારું કામ કરે તો એમને ત્રીસ, એકત્રીસ કે પાત્રીસ હજાર રૂપિયાનો એવોર્ડ આપવામાં આવે. ત્યારે અમારી એક નાની ગામડાની અંદર કામ કરતી મહિલા સારું કામ કરે એના માટે રાજય કક્ષાનો ૫૧,૦૦૦ રૂપિયાનો એવોર્ડ આપનારી આ રાજય સરકાર છે અને ધીરે ધીરે કરીને કામ આપણે આગળ વધારવાના છીએ. કિશોરીઓની વાત કરી લઉં. કેન્દ્ર સરકારે કિશોરીઓ માટેની કોઈ યોજના નથી બનાવી.માનનીય અધ્યક્ષશ્રી, પણ રાજય સરકારે દરેક આંગણવાડી કેન્દ્રોની અંદર દસ કિશોરીઓને પૂરક પોષણ આપવાનો નિર્ણય કર્યો આ વર્ષે ૨૦ બહેનોને આપણે તેની અંદર આવરી લેવાના છીએ અને તેનો તમામ ખર્ચ રાજય સરકાર ભોગવી રહી છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ તથા પાટનગર યોજના વિભાગનું બજેટ લઈને હું આવી છું તેને સર્વાનુમતે આ ગૃહ પસાર કરે અને સ્વીકારે તેવી વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં દર વર્ષે હજાર કિલોમીટરથી લઈ વધારે મોટા ભાગે રસ્તાઓનો રાજયના કુલ રસ્તાઓમાં વધારો થતો હતો. ૨૦૦૧-૦૨માં રાજયના કુલ રસ્તાઓ ૭૪૦૧૮ કિલોમીટરના હતા અને પાંચ વર્ષ આપે આ બધો વહીવટ કર્યા પછી ૨૦૦૫-૦૬માં કુલ રસ્તાઓ રાજયના જે હતા ૭૪૦૧૮ કિ.મી.માંથી ૭૪૦૩૮ કિ.મી. થયા એટલે કે ૨૦ કિલોમીટરનો વધારો થયો. મારા સભ્યશ્રીઓની ચિંતા હતી તે પ્રમાણે મારો પ્રશ્ન એ છે કે નૉન પ્લાનના રસ્તાઓ માટે પહેલાં ધારાસભ્યશ્રી કહેતા હતા તો જોબ નંબર મળતો હતો અને ખર્ચ પડતો હતો. નૉન પ્લાનના રસ્તાનો પ્લાનમાં સમાવેશ થતો હતો. આ પ્રકારની પ્રક્રિયા કરીને આપ આંકડાઓ તો બહુ બતાવ્યા પણ રાજયના કુલ રસ્તાઓ પાંચ વર્ષના અંતે માત્ર ૨૦ કિલોમીટર વધ્યા છે તે નૉન પ્લાન અને પ્લાનની અંદર કોઈ ફેરફાર કરવા માગો છો કે કેમ? ધારાસભ્ય કહે કે આ પ્લાન હોય કે નૉન પ્લાન હોય, હી ઈઝ ધી બેસ્ટ જજ, આ પાર્ટીનો હોય કે તે પાર્ટીનો હોય તેને રસ્તાઓમાં સમાવવા માગો છો કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે આંગણવાડીની બહેનો માટે આપણે સુવાળા શબ્દો તો ઘણા વાપર્યા. તેમના સંગઠનો આપણા પાસે સમય માગીને તેમના મહત્વના પ્રશ્નો છે, તેની યાદી વારંવાર આપણી પાસે રજૂઆત થઈ છે. અમને પણ વારંવાર નકલો મળી છે. તે આંગણવાડીની કાર્યકર બહેનોની જે વ્યથાઓ છે તેને રુબરૂ સાંભળીને તેની પતાવટ કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદી બેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું આંગણવાડી બહેનો સાથે કેટલી ચર્ચાઓ કરું છું શું કરું છું તેની તમને ખબર નહીં હોય. દરેક જિલ્લાઓમાં શકિતસિંહભાઈ ૨૬ જિલ્લામાં ૫૨ વાર બે-બે વાર

જઈ સી.ડી.પી.ઓ. પ્રોગ્રામ ઑફિસરો અને આંગણવાડી બહેનો સાથે બેસીને તેમના પ્રશ્નોનું સોલ્યુશન લાવવા માટેનો પ્રયાસ કર્યો છે. બાકીનું તેમનું સૂચન છે.

**શ્રી સી.કે. રાઉલજી :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે સ્ટેટ હાઈવે ઉપર જતા ક્રોસિંગ, રેલવે ક્રોસિંગ તેના ઓવરબ્રીજ ૩૮ જેટલા છે તેમાં ફક્ત ૫ ઓવરબ્રીજની મંજૂરી મળી છે. તો બાકીના ૩૩ માટે શું કાર્યવાહી કરી છે. આ પાંચ જે મંજૂર થયા છે તે ક્યારે પૂરા થશે. આદિજાતિ વિસ્તારમાં જે રોડ પંચમહાલ, બનાસકાંઠા, સાબરકાંઠામાં બાકી છે ફોરેસ્ટના કારણે તે રોડ કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદી બેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, પાંચ ઓવરબ્રીજ ન્દ્ર સરકારે મંજૂરી કરીને આપ્યા અને બાકીની દરખાસ્તો ત્યાં પડી છે. એટલે આપને કહ્યું કે આપ કરાવો ત્યાં આપણે કરી દઈશું. તે સમય મર્યાદામાં પૂરા થશે.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી**

**માગણી ક્રમાંકઃ ૮૫, ૮૬, ૮૭ અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧.૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૨૨મી માર્ચ ૨૦૧૦ ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું**

| વિષય | પાના નંબર |
|---|---|
| **અનિલ જોષીયારા** | |
| આદર્શ નિવાસી શાળામાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોની ખાલી જગ્યાઓ | ૧૮૯ |
| કાર્યપાલક ઈજનેર (સિંચાઈ) દ્વારા પૂર્ણ કરેલ સિંચાઈના કામો | ૩૯૪ |
| ભિલોડા તાલુકામાં નીલગાય અને ભૂંડ જેવા પ્રાણીઓથી ખેતીના પાકને નુકસાન | ૧૬૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૧૩ |
| વેચાણવેરાની આવક તથા પચીસ ટકા ટેક્ષની ચીજવસ્તુઓ | ૨૧ |
| સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાના લાભાર્થીઓ | ૩૭ |
| સાબરકાંઠા જિલ્લામાં તળાવો ઊંડા કરવા અંગે | ૩૬૩ |
| સાબરકાંઠા જિલ્લામાં પંચાયત ઘર-કમ- તલાટી મંત્રી આવાસ મંજૂર કરવા બાબત | ૧૯૮ |
| સાબરકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રસ્તાઓની કામગીરી પાછળ ખર્ચ | ૨૬૬ |
| સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં આંગણવાડીઓના મકાનો | ૩૦૦ |
| સાબરકાંઠા જિલ્લામાં માપણી માટે મળેલ અરજીઓ | ૨૮૯ |
| **અનિલકુમાર અ. માળી** | |
| આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૧૦ માં સામેલ દેશ-વિદેશના પતંગબાજો | ૪૩૨ |
| બનાસકાંઠા જિલ્લામાં ગામતળ મંજૂર કરવા અંગે | ૨૮૦ |
| બનાસકાંઠા જિલ્લાના દિયોદર, ભાભર અને થરાદ તાલુકામાં બક્ષીપંચની નવી આશ્રમશાળાઓની મંજૂરી અંગે | ૩૩ |
| બનાસકાંઠા જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વૃક્ષોનું વાવેતર કરવા બાબત | ૧૭૦ |
| બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના | ૧૯૦ |
| બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓ અને શિક્ષકોની ઘટ | ૨૪૬ |
| બનાસકાંઠા જિલ્લામાં યાત્રાધામ તરીકે પસંદ કરવામાં આવેલ સ્થળો | ૩૮૧ |
| બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનામાં રોજગારી આપવા બાબત | ૧૯૯ |
| બનાસકાંઠા જિલ્લામાં સ્વાઈન ફ્લૂના કેસો | ૪૧૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૦૬ |
| રાજ્યમાં તિજોરી અને પેટા તિજોરી કચેરીની નાણાકીય કામગીરી અંગે | ૧૩ |
| રાજ્યમાં બનાવેલ ડૉ. આંબેડકર ભવનો | ૪૨ |
| **અનિલકુમાર ત્રિ. પટેલ** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૩૩ |
| મહેસાણા જિલ્લામાં ઈન્દિરા આવાસો મંજૂર કરવા બાબત | ૧૩૭ |
| **અભેસિંહ મો. તડવી** | |
| બાજપાઈનગર વિકાસ યોજના અંતર્ગત વડોદરા જિલ્લામાં ફાળવેલ ગ્રાન્ટ | ૩૯૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૪૫૩ |
| વડોદરા જિલ્લા પંચાયતમાં ખાલી જગ્યાઓ | ૧૬૨ |
| વડોદરા જિલ્લામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ નીચે શોચાલયો મંજૂર કરવા બાબત | ૧૮૪ |
| વડોદરા જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી.નું ખાલી મહેકમ | ૩૭૦ |
| વડોદરા જિલ્લામાં પોર- કાયાવરોહણ, સાંધલી રસ્તાને પહોળો અને મજબુતીકરણ કરવા અંગે | ૨૯૭ |
| વડોદરા જિલ્લામાં ડો.આંબેડકર આવાસ યોજનાની મળેલ અરજીઓ | ૯ |
| સંખેડા તાલુકામાં ઝરવણ અને કછાટા વચ્ચે ઉચ્છ નદી ઉપર પુલ બનાવવા મંજૂરી | ૨૫૯ |
| સંખેડા તાલુકામાં મંજૂર થયેલ રસ્તા | ૨૮૬ |
| **અમરસિંહ રા. વસાવા** | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અમરસિંહ રા. વસાવા** | |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં વનાધિકાર માટે દાવા સ્વીકારવા બાબત | ૧૫૦ |
| નર્મદા અને ભરૂચ જિલ્લાની નગરપાલિકાઓને બાજપાઈ નગર વિકાસ યોજના અંતર્ગત ફાળવણી | ૩૫૦ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં હેન્ડ પંપો | ૩૮૩ |
| ભરૂચ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે કરેલ ખર્ચ | ૨૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૯૪ |
| **અમિત શાહ** | |
| માગ ણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) | ૩૨૦ |
| માગ ણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) | ૩૦૮ |
| માગ ણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) | ૩૦૯ |
| માગ ણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) | ૩૦૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ) | ૭૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ) | ૪૫ |
| સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ | ૨૦૫ |
| સબ ાયુડિસ મેટર અંગે ચર્ચા કરવા અંગે | ૩૧૪ |
| **અમિતકુમાર અ. ચાવડા** | |
| અંબાજી અને ડાકોર યાત્રાધામની આવક | ૩૯૪ |
| આણ ંદ અને ખેડા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ | ૨૭૩ |
| આણંદ જિલ્લાના ગામોમાં નીલગાયો દ્વારા ખેતીના પાકને નુકસાન | ૧૯૪ |
| આણંદ જિલ્લામાં સાતફેરા સમુહ લગ્ન યોજનાની મળેલ અરજીઓ | ૧૫ |
| કેન્દ્ર સરકાર તરફથી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં મળેલ ગ્રાન્ટ | ૧૮૧ |
| પંચાયત વિભાગના વર્ગ-૨ અને વર્ગ- ૩ના કર્મચારીઓની ખાતાકીય પરીક્ષા અંગે | ૧૫૯ |
| મહી સિંચાઈ નેટવર્કની નહેરો | ૪૨૩ |
| સ્વજલધારા યોજનામાં કેન્દ્રે ફાળવેલ ગ્રાન્ટ | ૩૬૩ |
| **અરવિંદસિંહ દા. રાઠોડ** | |
| પંચમહાલ જિલ્લા રોજગાર વિનિમય ક્ચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો | ૨૨ |
| પંચમહાલ જિલ્લામાં સરદાર આવાસ યોજના | ૧૫૭ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | |
| અમદાવાદની અખંડાનંદ આયુર્વેદ મહાવિદ્યાલયને અન્યત્ર ફેરવવા અંગે | ૩૭૧ |
| કામદાર કલ્યાણ નિધિ પાછળ થયેલ ખર્ચ | ૩૧ |
| ગુજ રાત જાહેર ખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) વિધેયક, ૨૦૦૯ | ૩૩૫ |
| ગુજ રાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક,૨૦૧૦ | ૩૨૩ |
| ગુજ રાત રાજય સફાઈ કર્મચારી આયોગ વિધેયક, ૨૦૦૮ | ૩૨૪ |
| ગુજ રાત રાજય સફાઈ કર્મચારી આયોગ વિધેયક, ૨૦૦૮ | ૩૨૮ |
| ગુજ રાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક, ૨૦૦૮ | ૩૨૯ |
| જામનગર જિલ્લાના મરીન ફોરેસ્ટ એરિયામાં જેટી બાંધવાની મંજૂરી | ૧૫૬ |
| માગ ણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) | ૩૧૩ |
| માગ ણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) | ૩૧૫ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | |
| માગ ણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) | ૩૧૫ |
| સબ ।યુડિસ મેટર અંગે ચર્ચા કરવા અંગે | ૩૧૪ |
| સસ્તા અનાજની દુકાનેથી અપાતા અનાજમાં કેન્દ્ર સરકારની સબસીડી | ૧૭૯ |
| સુરત જિલ્લામાં મહેસૂલી કાયદા અન્વયે બીન આદિવાસીઓને જમીન વેચાણની મંજૂરી | ૨૪૯ |
| **અશ્વિન કોટવાલ** | |
| સાબરકાંઠા જિલ્લાના સરકારી દવાખાનામાં મહેકમ | ૩૪૧ |
| સાબરકાંઠા જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટની અરજીઓ | ૧૮૪ |
| સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સહાય | ૧૬૩ |
| સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ | ૩૮ |
| સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને દેવા માફ કરવા બાબત | ૨૫૪ |
| સાબરકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૨૪ |
| સાબરકાંઠા જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત | ૧૯૭ |
| સાબ ।રકાંઠા જિલ્લામાં બાલીકા સમૃધ્ધિ યોજના હેઠળ કન્યાઓને સહાય | ૨૯૭ |
| સાબ ।રકાંઠા જિલ્લામાં માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને નોન ગ્રાન્ટેડમાંથી ગ્રાન્ટેડ કરવા દરખાસ્તો | ૨૮૩ |
| **આત્મારામ મ. પરમાર** | |
| અમૃતધારા અને બારમાં નાણાપંચ અંતર્ગત નગરપાલિકાઓને પીવાના પાણી માટે ફાળવેલ ગ્રાન્ટ | ૪૨૯ |
| ગુજ રાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક, ૨૦૦૮ | ૩૩૧ |
| પાયલોટની ટ્રેનિંગ માટે સહાય | ૧૭૯ |
| ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસ મંજૂર કરવા બાબત | ૧૫૪ |
| ભાવનગર જિલ્લામાં ઓદ્યોગિક હેતુ માટે ફાળવેલ જમીન | ૨૫૮ |
| ભાવનગર જિલ્લામાં શ્રમિક સુરક્ષા સહાયની મળેલ અરજીઓ | ૨૪ |
| ભાવનગર જિલ્લામાં સ્વજલધારા યોજના માટે આવેલ અરજીઓ | ૩૭૯ |
| ભાવ ।નગર જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય યોજના | ૨૮૬ |
| સુરત, વલસાડ અને નવસારી જિલ્લામાં સિકલસેલ રોગની નાબૂદી માટે પગલાં | ૪૧૧ |
| **આનંદીબેન મ. પટેલ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૪૩૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૪૩૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૪૩૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૪૩૮ |
| શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા અંગે | ૪૫૭ |
| **આર.સી. પટેલ** | |
| ગાંધીનગર રેલ્વે સ્ટેશન ખાતેથી મુંબઈ, દિલ્હી અને અન્ય શહેરોમાં ટ્રેનો શરૂ કરવા અને લંબાવવા થયેલ રજૂઆતો | ૨૬૪ |
| મોટી વડાળ ગામે આરોગ્ય વિષયક સુવિધા | ૩૮૨ |
| સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેનો સ્વતંત્ર વિભાગ કરવા બાબત | ૨૩ |
| **ઈકબાલ પટેલ** | |
| ભરૂચ જિલ્લાના પી.એચ.સી. અને સી.એચ.સી.માં એમ.બી.બી.એસ. અને હોમિઓપેથિક ડોકટરો | ૩૭૧ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ઈકબાલ પટેલ** | |
| ભરૂચ જિલ્લામાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓ | ૨૪૬ |
| ભરૂચ જિલ્લામાં સી.એ.ડી.પી. અંતર્ગત યોજનાઓ | ૩૯૮ |
| મધ્યબારા જૂથ પાણી પુરવઠા યોજનાની પાઇપલાઇનો નવી નાંખવા બાબત | ૪૨૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૦૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૨૦ |
| શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા અંગે | ૪૫૪ |
| **ઈશ્વરભાઈ ન. વહીઆ** | |
| ગાંધીનગર જિલ્લામાં આઈ.આઈ.ટી.નું સંકુલ બનાવવા જમીનની ફાળવણી | ૨૩૩ |
| **ઉદેસિંહ પું. ઝાલા** | |
| ખેડબ્રહ્મા નગરપાલિકાને અમૃતધારા યોજના હેઠળ ગ્રાન્ટ | ૩૮૨ |
| બનાસકાંઠા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ આપવા બાબત | ૧૮૨ |
| રાજ્યમાં રાષ્ટ્રીય કક્ષાએ રમતગમત ક્ષેત્રે મળેલ ચંદ્રકો | ૧૩ |
| સાબરકાંઠા જિલ્લાના પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવામાં આવનાર સ્થળો | ૪૧૯ |
| સાબરકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના | ૧૬૦ |
| સાબરકાંઠા જિલ્લામાં પાવર થ્રેશરના લાભો | ૨૬૨ |
| **ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** | |
| વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ જોબકાર્ડ | ૧૫૧ |
| વડોદરા જિલ્લામાં માધ્યમિક શાળાઓ શરૂ કરવા અંગે | ૨૭૧ |
| **ઉષાબેન ગી. પટેલ** | |
| ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી ડો. કેશવભાઈ રતનજી પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ | ૩૦૩ |
| **ઋષિકેશ ગ. પટેલ** | |
| મહેસાણા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસ મંજૂર કરવા બાબત | ૧૭૦ |
| મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની સુવિધા | ૨૫૮ |
| સતલાસણા તાલુકામાં સેકટર રીફોર્મ યોજના અંતર્ગત મંજૂર કામો | ૩૮૩ |
| **કનુભાઈ મે. ભાલાળા** | |
| જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળામાં વિદ્યા સહાયકોની નિમણૂંક | ૨૬૬ |
| જૂનાગઢ જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ | ૨૭ |
| **કનુભાઈ મે.ભાલાળા** | |
| ગિરનાર પર્વત ઉપર રોપ-વે બનાવવાનું કામકાજ | ૩૪૮ |
| **કનુભાઈ વા. કળસરીયા** | |
| ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાની માધ્યમિક શાળાના મકાનની મંજૂરી | ૨૪૭ |
| ભાવનગર જિલ્લાની માલણ બંધારા યોજના | ૩૮૦ |
| ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ-બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવા બાબત | ૧૫૦ |
| ભાવનગર જિલ્લામાં ડાર્કઝોન તાલુકા | ૪૧૬ |
| ભાવનગર જિલ્લામાં નવા છાત્રાલયો બનાવવા કરેલ આયોજન | ૨૦ |
| ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ભેસલા હનુમાન- તેરડી રોડને ડામર કરવા બાબત | ૨૮૧ |
| ભાવનગર જિલ્લાની પ્રાથમિક શાળાની જમીન ઉદ્યોગના હેતુ માટે ફાળવવા બાબત | ૨૯૫ |
| મહુવા તાલુકામાં ગ્રામ પંચાયતોને પોતાના મકાનો ન હોવા બાબત | ૧૭૭ |
| રાજુલા તાલુકાના સમઢીયાળા બંધારા બાબત | ૪૩૦ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કમાભાઈ ગ. રાઠોડ** | |
| અમદ ાવાદ જિલ્લામાં હક્કપત્રકની બાકી નોંધ | ૨૭૫ |
| અમદાવાદ જિલ્લામાં મંજૂર કરેલ છાત્રાલયો | ૧૬ |
| અમદાવાદ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૧૫૧ |
| સાણંદ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ મંજૂર પાણી પુરવઠાના કામો | ૩૬૧ |
| સ્વજલધારા કાર્યક્રમ હેઠળ વિરમગામ તાલુકામાં મંજૂર કામો | ૩૮૯ |
| **કલ્યાણસિંહ દે. ચૌહાણ** | |
| અભિલેખાગાર કચેરી દ્વારા પ્રદર્શન પાછળ કરેલ ખર્ચ | ૩૨ |
| ગાંધીનગર જિલ્લામાં મંજૂર કરેલ છાત્રાલયો | ૧ |
| ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળામાં વીજળીકરણની સુવિધા | ૨૩૮ |
| **કાંતિભાઈ રા. પટેલ** | |
| અમદ ાવાદ જિલ્લામાં સરકારી માધ્યમિક શાળા શરૂ કરવા બાબત | ૨૬૯ |
| મહે સાણા જિલ્લામાં કન્યા કેળવણી નિધિમાં કન્યાઓને સહાય | ૨૮૫ |
| મહેસાણા જિલ્લામાં વિદ્યાદીપ વીમા યોજના પેટે અરજીઓ | ૨૫૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ) | ૬૫ |
| **કાંતિલાલ શી. અમૃતિયા** | |
| રાજકોટ જિલ્લાને બાજપાઈનગર વિકાસ યોજના અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ | ૩૫૯ |
| **કાનજીભાઈ  રા. તળપદા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ) | ૬૫ |
| **કાન્તિલાલ રા. લકુમ** | |
| અમદાવાદ જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી | ૩૮૫ |
| અમદાવાદ જિલ્લામાં મહિલા જૂથોની રચના | ૧૪૭ |
| ગુજ રાત રાજય સફાઈ કર્મચારી આયોગ વિધેયક, ૨૦૦૮ | ૩૨૫ |
| બાજપાઈ નગર વિકાસ યોજના અંર્તગત અમદાવાદ જિલ્લામાં ગ્રાન્ટ | ૩૫૩ |
| રાજક ોટ જિલ્લાના મોરબી તાલુકામાં કિસાન કલ્પવૃક્ષ યોજના | ૨૭૦ |
| **કાળુભાઈ વીરાણી** | |
| અમરેલી જિલ્લામાં રમતગમત ક્ષેત્રે આપેલ પુરસ્કાર | ૨૫ |
| અમરેલી જિલ્લામાં નિર્મળ ગામ બનાવવા બાબત | ૧૫૪ |
| બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો અહેવાલ | ૨૦૪ |
| બિનસરકારી સભ્યોના કામકાજ માટેના સમિતિનો દસમો અહેવાલ | ૨૦૫ |
| સાવરકુંડલા તાલુકાની સેવા સહકારી મંડળીઓનું જોડાણ | ૨૫૮ |
| **કિરણકુમાર એલ. મકવાણા** | |
| ગ્રામ વિકાસ એજન્સીઓના પ્રશ્નોની ચર્ચા સંકલન સમિતિમાં ન થવા બાબત | ૧૪૫ |
| ભરૂચ જિલ્લામાં ક્રિકેટનું મેદાન બનાવવા કરેલ આયોજન | ૧૮ |
| ભરૂચ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે કરેલ ખર્ચ | ૩૬ |
| **કિરીટભાઈ ગં. પટેલ** | |
| તાપી જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી | ૪૦૬ |
| દાંડી ખાતે દરિયાથી થતું ધોવાણ અટકાવવા યોજના | ૩૭૪ |
| વાણિજિયક વેરા ખાતામાં વેટ કાયદાના તાલીમાર્થીઓ | ૬ |
| **કિશોર વાંકાવાલા** | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કિશોર વાંકાવાલા** | |
| તાપી જિલ્લામાં ટેરેસ તલાવડી યોજના | ૧૬૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૯૬ |
| સુરત જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ રસ્તાના કામો | ૨૩૯ |
| **કુંવરજીભાઈ ન. હળપતિ** | |
| નાણા વિભાગ હસ્તકની વર્ગ-૩ સેલ્સ ટેક્ષ ઈન્સ્પેકટરની સીધી ભરતીની જગાઓ | ૨૬ |
| બારડોલી તાલુકાના અનુસૂચિત જાતિના લોકોને ક્સિાન નર્સરીનો લાભ આપવા બાબત | ૧૬૨ |
| માં ડવી તાલુકાના ખરોલીથી હરિપુરના રસ્તા ઉપર કોઝવેનું બાંધકામ | ૨૯૭ |
| માંડવી અને બારડોલી તાલુકામાં પાણી પુરવઠાના કામોમાં ફરિયાદો | ૩૬૧ |
| માગ ણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) | ૩૧૭ |
| શ્રમ અને રોજગાર વિભાગ હસ્તકના વર્ગ-૩ ના સંવર્ગની સીધી ભરતીની જગાઓ | ૪૦ |
| સુર ત જિલ્લાના માંડવી તાલુકામાં પ્રાથમિક શિક્ષકોને જી.પી.એફ. ખાતામાં જમા રકમ | ૨૮૬ |
| સુરત અને તાપી જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં નાણાં ચૂકવવા બાબત | ૧૮૪ |
| સુરત અને તાપી જિલ્લામાં નિરાધાર વિધવા બહેનોને સહાય | ૨૫૭ |
| **કેશુભાઈ હી. નાકરાણી** | |
| ભાવનગર જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સારવાર લીધેલ દર્દીઓ | ૩૯૬ |
| ભાવનગર જિલ્લામાં સી.એચ.સી. માં સંવર્ગવાર મંજૂર સેટ-અપ | ૩૬૫ |
| સોનગઢ થી ભાવનગર રસ્તાને પહોળો અને મજબૂતીકરણ કરવા અંગે | ૨૫૦ |
| **ખુમાનસિંહ રા. ચૌહાણ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૯૮ |
| વડોદરા જિલ્લામાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓ | ૨૫૯ |
| વડોદરા જિલ્લામાં સ્થાનિક ભંડોળની ગ્રાન્ટ વ્યક્તિગત પ્રસિધ્ધિમાં વાપરવા બાબત | ૧૬૫ |
| સાવલી તાલુકામાં ડીઝલ-કેરોસીનમાં ભેળસેળના કેસ | ૧૮૬ |
| **ગણપતભાઈ વે. વસાવા** | |
| ઉમરપાડા તાલુકામાં પી.એચ.સી. અને સી.એચ.સી. મંજૂર કરવા બાબત | ૩૯૭ |
| તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને એલ.પી.જી. ગેસ ક્નેકશન આપવા બાબત | ૧૯૨ |
| માંગરોળ અને ઉમરપાડા તાલુકાના ખેડૂતોને ઉકાઇ જમણા કાંઠા કેનાલ દ્વારા સિંચાઇ માટે પાણી | ૪૨૫ |
| માંગરોળ અને ઉમરપાડા તાલુકામાં ચિરંજીવી યોજનાનો લાભ | ૩૭૦ |
